ॐ

जयतु भगवान् श्रीस्वामिनारायणः ।

श्रीमद्भगवद्गीताभाष्यम्–

परमपूज्यपाद–परम सद्गुरु–

श्रीगोपालानन्दमुनिप्रणीतम् ।

पूज्यपाद–सद्गुरु—

श्रीशुकानन्दमुनिविरचित–टीकासंवलितम्,

कृष्णस्वरूपदासकृत–गुर्जरानुवादसमन्वितं च ।

सनातनधर्मधुरन्धराचार्यवर्य श्री–१०८

आनन्दप्रसादजिमहाराजश्रीनी आज्ञाथी

छपावी प्रसिद्ध करनार वडताल–मन्दिरना मुख्य कोठारी—

सद्गुरु पुराणी श्रीधर्मस्वरूपदासजि. ।

श्रीसयाजिविजय प्रेस–वडोदरा.

संवत–१९९७ श्रीहरिजयन्ती. सन–१९४१

कींमत रु– ४–८–०

धर्मज्ञानप्रसेकैरमृतरससमयैः साधुगोष्ठीप्रवृत्तैः
सत्सङ्गोद्यानलक्ष्मीं फलकुसुमभरैस्सम्भृतां पालयन्तः ।



श्रीमच्छ्रीस्वामिनारायणसमधिकृताचार्यपीठेऽभिषिक्ताः
सन्त्वानन्दप्रसादाभिधगुरुचरणाः श्रेयसे भूयसे नः ॥ १ ॥

परमपूज्यपाद–सनातन–धर्मधुरन्धर–आचार्य श्री–१०८ आनन्दप्रसादजि महाराज.

वडताल.

श्रीसयाजीविजय प्रेस—वडोदरा

जयतु भगवान् श्रीस्वामिनारायणः ।

प्रस्तावना–

अस्तु नः श्रेयसे श्रीमानरविन्दविलोचनः ।
नेता यः सर्वलोकस्य धनञ्जयरथस्य च ॥ १ ॥

यदुनन्दनवदनाम्बुजमकरन्दममन्दमाधुर्यम् ।
आस्वादयितुमहो मे भाग्यं वृत्त्यापि मन्दभाग्यस्य ॥ २ ॥

इह जगति को न स्पृहयति गीतामृतास्वादाय ? । को वा व्याख्यानकुशलो नोत्कण्ठते गीताव्याख्यानाय ? ।

ये च तत्त्वदर्शिनः पूर्वाचार्याः, औपनिषदं तत्त्वं भगवता बादरायणेन मीमांसितं व्याचक्षाणाः, गीतयोपबृंहयन्तो भाष्यमस्या व्यरचयन् । यदेव प्रस्थानत्रयेष्वन्यतमं प्रथते । व्याख्याता चेयं बहुभिर्बहुधा प्राचीनैरर्वाचीनैश्च स्वस्वसमयानुसारेण ।

कति न पुनरविमृशन्तः सूत्रपथमविचारयन्तश्चौपनिषदं मतं ताभ्यामैककण्ठ्यमस्या अनालक्षयन्तो यथास्वमतिवैभवं व्याचख्युः, व्याचक्षते च । त एते प्रथन्ते विमर्शकाः ।

किम्बहुना ? श्रेयस्कामाः सर्व एव समुपसेवन्ते गीतामृतम् । व्यवहारपथे वर्तमानैरपि गीतामृतमास्वादयद्भिः क्रियमाणमखिलं कर्म अकर्मतामापाद्यते । अधुना पुनः कस्य वा करतलं नालङ्करोति गीता ? । कस्य वा वदनारविन्दं न सुरभयति ? । कस्य वा कर्मपथं न पवित्रयति ? ।

सर्वोपसेव्यं सुगमं सर्वसन्तापशामकम् ।
गीतामृतमिदं दिव्यं सेवते श्रेयसे न कः ? ॥

वयमिदानीमाशयं गीतायाः प्रकाशयन्तो न पारयामः प्राचां व्याख्यानमतिलङ्घितुम् । यद्यपि-तैस्तैराचार्यैः समासतो व्यासतश्चास्या

भागाग: प्रकाशितो नाम। अथापि गीतामृतबिन्दुभिर्वाचमात्मनः सफलयितुमेष यत्नः।

धर्मसंस्थापनार्थायावतीर्णेन भगवता विभ्रष्टधर्माधर्मविवेकं पार्थं स्वधर्मे योजयितुं गीतेयमवतारिता नाम। विवेकविभ्रंशे तु निमित्तं स्नेहकारुण्यशोकोद्रेकः।

"अस्थानस्नेहकारुण्यधर्माधर्मधियाकुलम्।
पार्थं प्रपन्नमुद्दिश्य शास्त्रावतरणं कृतम्"॥ इति चाचार्याः।

जानतोऽपि क्षात्रं धर्मं, पश्यतः सेनयोरुभयोरसंख्यातान् योधान्, बन्धून्, गुरून्, आचार्यान्, सपदि समुदभवत् पापांशभूयस्ताभिनिवेशःप्रबलोऽस्य धर्म्येऽपि युद्धे। पापभूयस्तां विचारयतोऽस्य विचारदृष्टौ राज्यं तृणादपि लघु न्यपतत्। विधिबलात्समुन्नीयमानं पुण्यं तु लेशतोऽपि नैव प्राविशत् मतिमार्गे। बहवो हि धर्ममात्रे मिश्रतां पश्यन्तः पापांशतो भीताः सांख्ये रमन्ते विधिमतिलंघ्यापि। अनया दृष्ट्या विचारयतां युद्धे भवेदेव समधिकः समुद्वेगः पापाधिक्यसम्भावनया। विशेषतस्तु बन्धून् गुरूंश्च पश्यतोऽस्य। अत एवायं धर्ममात्रात् समुद्विग्नः सांख्यनिष्ठासमुचितं देहयात्रानिर्वाहे भैक्षं वरममन्यत। तदेवं धर्मतो विमुखं पार्थं युद्धे प्रवर्तयितुमेतावाननुपदेशविस्तरो भगवता समाहृतः। "क्षात्रोऽयं धर्मः युद्ध्यस्व" इत्येतावता न प्रशाम्येदस्य मोहः।

किम्बहुना–"न त्वेवाहम्" इत्यारभ्य, "सर्वकर्माण्यपि सदा कुर्वाणो मद्व्यपाश्रयः। मत्प्रसादादवाप्नोति शाश्वतं पदमव्ययम्"॥ "स्वभावजेन कौन्तेय! निबद्धः स्वेन कर्मणा। कर्तुं नेच्छसि यन्मोहात् करिष्यस्यवशोऽपि तत्"॥ "विमृश्यैतदशेषेण यथेच्छसि तथा कुरु!"। इत्यन्तं प्रतिबोधितस्यापि लेशतोऽनुवर्तमानं धर्मसंशयमालक्ष्यान्ते– "सर्वधर्मान् परित्यज्य मामेकं शरणं व्रज!। अहं त्वा सर्वपापेभ्यो मोक्षयिष्यामि माशुचः"॥ इति रहस्यतमं प्रपत्तिमार्गं यदोपादिशद्भगवान्, तदैवास्य संशयः समपगतः। आह च तदा––

"नष्टो मोहः स्मृतिर्लब्धा त्वत्प्रसादान्मयाच्युत!।
स्थितोऽस्मि गतसन्देहः करिष्ये वचनं तव" इति।

अथास्या विषयं निरूपयामः—

कर्मयोगो ज्ञानयोगो भक्तियोग इति त्रयम् ।
क्रमान्निःश्रेयसद्वारं शास्त्रेऽस्मिन् प्रतिपाद्यते ॥

ननु—न पार्थो निःश्रेयसार्थी, किमिति भगवान् निःश्रेयसद्वारमुपदिशति तस्मै ?। सत्यम्, पापाद्भीतभीतो नाम पार्थः, यदेवमाह—

"पापमेवाश्रयेदस्मान् हत्वैतानाततायिनः"।
"अहो बत ? महत्पापं कर्तुं व्यवसिता वयम्"।
"तस्मान्नार्हा वयं हन्तुं धार्तराष्ट्रान् स्वबान्धवान्"। इति।

तमेवं विभ्रान्तं युद्धे प्रवर्तयितुं भगवता समाहृतः कर्मयोगोपदेशः। इतरथा नोपशाम्येत् भीतिः पापात्। अतिशङ्कयापि स्यादेव भीतिः। क्षात्रधर्मतया प्राप्तमपि युद्धं पापशङ्कास्थानं नाम। विधिसाम्राज्यवादिनो युद्धस्यापापतामेव मन्यन्ते। विधिनिषेधोभयसंस्पर्शात् पुण्यपापोभयाभावकतां परे बहवः। अस्ति हि "न हिंस्यात्" इति निषेधस्याप्यन्वयो युद्धे। कथं वा दयार्द्रहृदयस्य प्रत्यक्षतो दृश्यमाने प्राणिवधे विधिसाम्राज्यवादः पदमादधीत हृदि ?। तत् पापभीतिः प्रबला नापेयात् स्वधर्मतावबोधनमात्रेण। तत् यस्मिन् पथि न पापं तं पन्थानमनुयाहीत्युपदिशति भगवान्—कामनयैव हि लिप्यते पुरुषः, पुण्येन चेत् लिप्येत, तदा पापेनापि। अहमिदं करोमि; ममानेन पुण्यं भविष्यतीति कामनाभिमानवेगादेव भवति पुण्यपापान्वयः।

"त्यक्त्वा कर्मफलासङ्गं नित्यतृप्तो निराश्रयः।
कर्मण्यभिप्रवृत्तोऽपि नैव किञ्चित् करोति सः"॥

फलेष्वासङ्गश्च भवत्यज्ञानात्। आत्मानं यथावदजानतां हि भवति फलकामना।

"त एते पुष्पितां वाचं प्रवदन्त्यविपश्चितः।
कामात्मानः स्वर्गपरा जन्मकर्मफलप्रदाम्"॥

जानतां त्वात्मानं ज्ञानैकघनं कस्मिन् कामना ? कस्मिन् वा प्रद्वेषः ?। गुणमयकरणकलेवरसंसर्गप्राप्ते क्षात्रे ब्राह्मे वा स्वे स्वे कर्मणि प्रवृत्तोऽपि गुणा गुणेषु वर्तन्ते इति धारयन्, लाभालाभयोः सुखःदुःखयोश्च समो भवति। अनेन बुद्धियोगेन युक्तस्य स्वभावप्राप्तं कर्म कुर्वतो न पुण्यस्य न पापस्य वा प्रसङ्गः।

"योगस्थः कुरु कर्माणि सङ्गं त्यक्त्वा धनञ्जय ! ।
सिद्ध्यसिद्ध्योः समो भूत्वा समत्वं योग उच्यते ॥
दूरेण ह्यवरं कर्म बुद्धियोगाद्धनञ्जय ! ।
बुद्धौ शरणमन्विच्छ ! कृपणाः फलहेतवः ॥
बुद्धियुक्तो जहातीह उभे सुकृतदुष्कृते ।
तस्माद्योगाय युज्यस्व योगः कर्मसु कौशलम् ॥
सुखदुःखे समे कृत्वा लाभालाभौ जयाजयौ ।
ततो युद्धाय युज्यस्व नैवं पापमवाप्स्यसि" ॥ इति ।

तदेवं पापं स्वधर्मेऽप्यतिशङ्कमानस्य पापाद्भयमपनोदयितुमुपदिष्टोऽयं कर्मयोगो भवति निःश्रेयसद्वारम्, अत एव निःश्रेयसार्थिनो ज्ञानयोगसिद्धये समाददते कर्मयोगम् ।

अथ ज्ञानयोगस्योपदेशोऽप्यर्जुनं प्रति कर्मयोगशेषतयोपपद्यते नाम । पुण्यपापयोरलेपमाकाङ्क्षमाणेन कर्म कुर्वताप्यकुर्वतेव हि स्थेयम् । सा च स्थितिर्विना ज्ञानं कथं घटेत ? ।

"कर्मणो ह्यपि बोद्धव्यं बोद्धव्यं च विकर्मणः ।
अकर्मणश्च बोद्धव्यं गहना कर्मणो गतिः ॥
कर्मण्यकर्म यः पश्येदकर्मणि च कर्म यः ।
स बुद्धिमान् मनुष्येषु स युक्तः कृत्स्नकर्मकृत् ॥
यस्य सर्वे समारम्भाः कामसङ्कल्पवर्जिताः ।
ज्ञानाग्निदग्धकर्माणं तमाहुः पण्डितं बुधाः" ॥

कामसङ्कल्पापगमश्च आत्मानं यथावद्विजानतामेव भवेत् । अहं करोमि, ममेदमिति विपरीतभावनयैव तु कामसङ्कल्पौ–"अहङ्कारविमूढात्मा कर्ताहमिति मन्यते" । नाहं करोमि, न मम किञ्चित्, इति भावयतां न कामो न च सङ्कल्पः । अहमिदमखिलं ब्रह्मैवेति भावयतां क विपरीतभावनाप्रसङ्गः ? "ब्रह्मार्पणं ब्रह्म हविर्ब्रह्माग्नौ ब्रह्मणा हुतम्" इति ब्रह्मकर्मसमाधिनिष्ठैव तु समुदेति । तद्युक्तोऽयं पापभयापनोदनाय कर्मयोगशेषतया ज्ञानयोगोपदेशोऽपि । मुमुक्षवस्तु–यथाधिकारं ज्ञानयोगं, तच्छेषतया च कर्मयोगमुपाददते ।

अथ भक्तियोगोपदेशोऽपि कर्मयोगशेषतयोपपद्यते। कर्मयोगमाचरता हि कर्मस्वकर्तृत्वमनुसन्धेयम्, तदनुसन्धानप्रकारश्च भवति द्वेधा—

गुणवैचित्र्यायत्तं तत्तत्क्रियाकर्तृत्वम्, न त्वात्मनो नैसर्गिकम्।

"न कर्तृत्वं न कर्माणि लोकस्य सृजति प्रभुः।
न कर्मफलसंयोगं स्वभावस्तु प्रवर्तते॥
नादत्ते कस्यचित् पापं न चैव सुकृतं विभुः।
नैव किञ्चित्करोमीति युक्तो मन्येत तत्त्ववित्॥
पश्यन् शृण्वन् स्पृशञ्जिघ्रन्नश्नन् गच्छन्स्वपन्श्वसन्।
प्रलपन्विसृजन् गृह्णन्नुन्मिषन्निमिषन्नपि॥
इन्द्रियाणीन्द्रियार्थेषु वर्तन्त इति धारयन्।
ब्रह्मण्याधाय कर्माणि सङ्गं त्यक्त्वा करोति यः॥
लिप्यते न स पापेन पद्मपत्रमिवाम्भसा।
गुणा गुणेषु वर्तन्ते इति मत्वा न सज्जते"॥ इति।

अयमेकः प्रकारः।

अपरश्च—सर्वेश्वरे सर्वान्तर्यामिणि सर्वतनौ कर्तृत्वं प्राधान्येन समारोप्य "नाहं करोमि, स हि नियन्ता ममाप्यात्मा स एव कारयति" इति दृष्ट्या भवति। तथा सङ्कल्पोपशमोऽपि सर्वकर्मसमाराध्यः सर्वेश्वर इति सर्वकर्मणामीश्वरार्पणबुद्ध्या भवति। तदुक्तम्—

"मयि सर्वाणि कर्माणि सन्न्यस्याध्यात्मचेतसा।
निराशीर्निर्ममो भूत्वा युद्ध्यस्व विगतज्वरः"॥ इति।

यो ह्यन्नमयं प्राणमयं मनोमयं विज्ञानमयं वात्मानं वेत्ति, नायं तत्त्वत आत्मवित्। अन्यो ह्यात्मा तेभ्योऽप्यान्तरः, योऽयमानन्दमयः, यस्माद्वा एतस्मादात्मन आकाशः सम्भूतः आकाशाद्वायुः वायोरग्निः अग्नेरापः अद्भ्यः पृथिवी, तं मां सर्वस्यान्तरमात्मानं यो वेत्ति, तस्य चेतो भवत्यध्यात्मम्, तदा त्वपगच्छत्येवाहं कर्तेति स्वातन्त्र्यभ्रमः। सर्वकर्माणि मयि सन्न्यस्य निर्ममो भूत्वा युध्यस्व! नैवं पापमवाप्स्यसि।

"अहं हि सर्वयज्ञानां भोक्ता च प्रभुरेव च"।

"यत्करोषि यदश्नासि यज्जुहोषि ददासि यत्।

यत्तपस्यसि कौन्तेय ! तत्कुरुष्व ! मदर्पणम् ” ।

“ शुभाशुभफलैरेवं मोक्ष्यसे कर्मबन्धनैः ” ॥ इति ।

तदत्र प्रथमः प्रकारः गुणपुरुषविवेकाद्भवति । द्वितीयश्चायं सर्वेश्वरे भक्त्या भवति। तत् कर्मयोगोपदेशप्रसङ्गेन पार्थं प्रति भक्तियोगोपदेशोऽपि सुसङ्गतो नाम। मुमुक्षवस्तु प्राधान्येन भक्तियोगं तच्छेषतया च कर्मयोगज्ञानयोगावुपाददते । अन्ये च ते ते विषयाः प्रासङ्गिकाः ।

आपाततः शङ्कमानानधिकृत्येदमीरितम् ।
पार्थप्रोत्साहनव्याजात् प्रवृत्ते शास्त्रविस्तरे ॥
यथाधिकारं संसेव्ये सर्वैर्निःश्रेयसार्थिभिः ।
का शङ्का ? किं समाधानं ? आपातमधुरं त्विदम् ॥

भगवान् व्यासः सर्वजनसंसेव्यमितिहासविशेषं विरचयन् कृष्णार्जुनसंवादमुखेन निःश्रेयसार्थिनां हिततमं सुगममुपायं सर्वान् समवबोधयन् शास्त्रमिदं महाभारतमध्ये ग्रथयन् औपनिषदं सारतमं सर्वान् समवबोधितवानिति सुसङ्गता नाम शास्त्रस्यास्य प्रवृत्तिः ।

अथास्या गीतायाः क्व तात्पर्यमिति विचारयन्तः केचन कर्मणि तात्पर्यं मन्यन्ते । कर्मणि प्रवर्तनाय ह्युपदेशारम्भ इति पार्थं कर्मणि प्रवर्तयितुं भगवान् प्रावर्ततेति तु सत्यम् , परं सा प्रवृत्तिर्यदुपदेशनार्थवती, तस्मिन् पथि न तात्पर्यमिति को नाम ब्रूयात् ? उपादिष्टस्तु कर्मयोगो ज्ञानयोगो भक्तियोगः प्रपदनं चेति क्रमात् श्रेयःपथः । पार्थः स्वाधिकारानुगुणं कर्मणि प्रावर्तत । भगवत उपदेशप्रवृत्तौ निमित्तं निष्पन्नं नाम तेन । तावता गीताशास्त्रस्य अवबोध्यमानेषु श्रेयःसाधनेषु न तात्पर्यमिति कः प्रतिरोधकः ? ।

ननु–पार्थं कर्मणि प्रवर्तयन्त एव ज्ञानभक्तिप्रपदनोपदेशा विश्राम्यन्ति । सत्यम् , तं प्रति विश्राम्यन्ति, अनधिकारात् । यथा-पल्लवकुसुमफलसम्भृतं कमपि सहकारवृक्षं छायार्थमारोपितं पश्यन् कश्चित् छायामात्रम्, कश्चित पल्लवम्, कश्चित् कुसुमम्, कश्चित् फलं सेवते, स सहकारतरुः तत्तदिष्टेन तं तं न किं तर्पयति ? । उक्तं च प्राक्–ज्ञानयोगाद्युपदेशारम्भो भगवतः पार्थं प्रति कर्मशेषतया संघटते । निःश्रेयसार्थिनस्तु यथाधिकारमेष्वन्यतममाददत इति ।

इदमप्युक्तम्—" आपाततः शङ्कमानान् " इत्यादि ।

सामान्यतः पापभयापनोदने तात्पर्यमिति तु सुवचम् । पापभयव्याकुलं पार्थं प्रति ह्युपदेशारम्भः । "सर्वपापेभ्यो मोक्षयिष्यामि माशुच" इति च चरमः श्लोकः । पापं वा पुण्यं वा येन न लेपाय प्रभवति, सोऽभ्युपायः कर्म ज्ञानं भक्तिश्चेत्युपदिश्यते । एते च त्रयो योगा ऐकरस्यं प्राप्य श्रेयसे प्रभवन्ति । श्रेयश्चापाप्मता, पापं च दुःखावहं सर्वमेव । पुण्यं सुखाधायकमपि दुःखेनाविनाभूतमेव । अन्ततो जरामरणलक्षणं दुःखं त्ववर्जनीयमेव भवपथे भ्रमताम् । सुखदुःखे हि द्वन्द्वम्, तच्च मात्रास्पर्शसमुद्भवम् । गुणमयदेहयोगं यावदवर्जनीयम्, तदाधायकं पुण्यं वा पापं वा कर्म गुणवैषम्यमूलकं गुणमयदेहयोगवता कथं परिहर्तुं शक्येत ? पापतश्चेद्भीतिः, पुण्यतः कुतो न ? तत् योऽभ्युपायः पुण्याश्लेषस्य स एव पापाश्लेषस्य च । स च बुद्धियोगसुसंस्कृतं कर्म, तेन कर्मयोगेन सुनिरूढमूलो ज्ञानयोगश्च, तदुभयनिर्व्यूढो भक्तियोगश्चेति । कर्मोपमर्दके ज्ञाने गीतायास्तात्पर्यं तु दुर्निरूपम् । एवं पुण्यपापापनोदकेष्वभ्युपायेषु प्रदर्शितेषु यः स्वधर्मादपि पापभयमाशङ्कमानस्ततो निवृत्तः स कर्मयोगमात्रेण निष्पन्नमनोरथो निवर्तते । यस्तु भवपथसम्भवपापमात्राद्भीतः स तु भक्तियोगान्तं सेवते । यस्तु पापेभ्यो भीतो विहितोपायानुष्ठानेऽप्यशक्तोऽत्याकुलः, स चरमश्लोकोपवर्णितं प्रपत्तिमार्गमुपसेवते ।

विशेषतश्चेद्विचार्येत शास्त्रस्यास्य परमतात्पर्यं परमपुरुषार्थे, तत्साधने च । परमपुरुषार्थश्च परम्ब्रह्म आनन्दमयम्, स च सर्वेश्वरः सर्वान्तरात्मा । परस्य ब्रह्मणः परमपुरुषार्थता आनन्दमयतयेत्येतद्व्यक्तमानन्दवल्ल्याम् । तस्यैव सर्वेश्वरता च । " सत्यं ज्ञानमनन्तं ब्रह्म " " तस्माद्वा एतस्मादात्मन आकाशः सम्भूतः " " तस्माद्वा एतस्माद्विज्ञानमयादन्योऽन्तर आत्मा आनन्दमयः " " असन्नेव स भवति असद्ब्रह्मेति वेद चेत् । अस्ति ब्रह्मेति चेद्वेद सन्तमेनं ततो विदुः" "रसो वै सः रसं ह्येवायं लब्ध्वानन्दी भवति को ह्येवान्यात् कः प्राण्यात् यदेष आकाश आनन्दो न स्यात् " " भीषास्माद्वातः पवते भीषोदेति सूर्यः " " आनन्दं ब्रह्मणो विद्वान्न बिभेति कुतश्चन" "आनन्दं ब्रह्मेति व्यजानात् आनन्दाद्ध्येव खल्विमानि भूतानि जायन्ते" इति ।

तथा चात्रापीमे श्लोकाः- "परं ब्रह्म परं धाम पवित्रं परमं भवान्" "त्वमादिदेवः पुरुषः पुराणः" "वेत्तासि वेद्यं च परं च धाम त्वया ततं विश्वमनन्तरूप !" "अहमात्मा गुडाकेश ! सर्वभूताशयस्थितः" "अहमादिश्च मध्यं च भूतानामन्त एव च" "यो मामजमनादिं च वेत्ति लोकमहेश्वरम्। असम्मूढः स मर्त्येषु सर्वपापैः प्रमुच्यते" "विष्टभ्याहमिदं कृत्स्नमेकांशेन स्थितो जगत्" "अहं कृत्स्नस्य जगतः प्रभवः प्रलयस्तथा" "मत्तः परतरं नान्यत् किञ्चिदस्ति धनञ्जय ! । मयि सर्वमिदं प्रोतं सूत्रे मणिगणा इव" "सततं कीर्तयन्तो मां यतन्तश्च दृढव्रताः । नमस्यन्तश्च मां भक्त्या नित्ययुक्ता उपासते" "ज्ञानयज्ञेन चाप्यन्ये यजन्तो मामुपासते" "मन्मना भव मद्भक्तो मद्याजी मां नमस्कुरु ! । मामेवैष्यसि युक्त्वैवमात्मानं मत्परायणः" "यो मामेवमसम्मूढो जानाति पुरुषोत्तमम् । स सर्वविद्भजति मां सर्वभावेन भारत!" "भक्त्या त्वनन्यया शक्य अहमेवंविधोऽर्जुन ! । ज्ञातुं द्रष्टुं च तत्त्वेन प्रवेष्टुं च परन्तप !" "ब्रह्मभूतः प्रसन्नात्मा न शोचति न काङ्क्षति। समः सर्वेषु भूतेषु मद्भक्तिं लभते पराम्" । "भक्त्या मामभिजानाति यावान् यश्चास्मि यादृशः । ततो मां तत्त्वतो ज्ञात्वा विशते तदनन्तरम्" "चेतसा सर्वकर्माणि मयि सन्न्यस्य मत्परः । बुद्धियोगमुपाश्रित्य मच्चित्तः सततं भव !" "मन्मना भव मद्भक्तो मद्याजी मां नमस्कुरु ! । मामेवैष्यसि सत्यं ते प्रतिजाने प्रियोऽसि मे" इति ।

प्राहुश्चेदं परमाचार्याः- "स्वधर्मज्ञानवैराग्यसाध्यभक्त्येकगोचरः । नारायणः परम्ब्रह्म गीताशास्त्रे समीरितः" इति। नारायण इति योगरूढं पदम्, अन्तर्बहिर्व्याप्तिर्गम्यते योगशक्त्या, "अन्तर्बहिश्च तत्सर्वं व्याप्य नारायणः स्थितः" इति वचनं च। देवताविशेषावधारणं च रूढ्या । सामान्यविशेषन्यायासिद्धमौपनिषदमर्थं हृदि निधायायं निर्देशो- "नारायणः परम्ब्रह्म" इति । "यस्य पृथिवी शरीरम्" "यस्यात्मा शरीरम्" एष सर्वभूतान्तरात्मापहतपाप्मा दिव्यो देव एको नारायणः" इति च श्रौतो निर्देशः। ब्रह्मप्राप्तौ साधनतया विहितं वेदनं भक्तिरूपापन्नमिति सामान्यविशेषन्यायासिद्धमर्थमभिप्रेत्य "भक्त्येकगोचरः" इत्युक्तम्। सा च भक्तिः कर्मज्ञान-

वैराग्यसाध्येत्यर्थः। अत्र मन्यन्ते नित्यविज्ञानवादिनः–"अविद्यानिवृत्तिरेव नैःश्रेयसम्, अविद्या च विद्यया निवर्तते, विद्या च अद्वितीयनिर्विशेषज्ञप्तिमात्रात्मसाक्षात्कारलक्षणा, सा च समुदेति उपासनया, सोऽहमस्मीत्येव ह्युपासीत, तया चापनीयते भेदवासना, भक्तिश्चेश्वरे आरादुपकरोत्युपासननिष्पत्तौ। कर्म च व्यपेतकामनाकलङ्कं चित्तं विशोधयति। तदेवं निःश्रेयसद्वारभूतं कर्म पार्थाय धर्माधर्मव्याकुलाय भगवानुपदिशति। निष्पन्ने ज्ञाने न प्राप्यम्, न प्राप्ता, न चेशो न चेशितव्यम्, गन्धर्वनगरेऽस्मिन् किं प्राप्यम्? किं प्रापकम्? कश्च प्राप्ता?" इति।

अत्र ब्रूमः—अभिनन्दामो वयं निःश्रेयसद्वारं कर्मोपदिशति पार्थायाधर्मभयमपनुदन् भगवान्, इतीममंशम्।

ज्ञातृज्ञेयोपास्योपासकादिसकलभेदोपमर्दकं ज्ञानमुपदिशति भगवानिति तु स्वोत्प्रेक्षामात्रम्। पुरुषभेदमेव हि भगवानुपदिशति–

"द्वाविमौ पुरुषौ लोके क्षरश्चाक्षर एव च।
क्षरः सर्वाणि भूतानि कूटस्थोऽक्षर उच्यते॥
उत्तमः पुरुषस्त्वन्यः परमात्मेत्युदाहृतः।
यो लोकत्रयमाविश्य बिभर्त्यव्यय ईश्वरः॥
यस्मात् क्षरमतीतोऽहमक्षरादपि चोत्तमः।
अतोऽस्मि लोके वेदे च प्रथितः पुरुषोत्तमः" इति।

न च व्यावहारिकं पन्थानमनुसरन्नुपदिशत्येवमिति वक्तुं युक्तम्। इतः कोऽन्यः पारमार्थिकतत्त्वोपदेश इह विद्यते? येनेममुपदेशं केवलं व्यवहारपथमात्रे विश्रान्तं तर्कयेम।

इदं चावधेयम्–"ज्ञानं तेऽहं सविज्ञानमिदं वक्ष्याम्यशेषतः। यज्ज्ञात्वा नेह भूयोऽन्यज्ज्ञातव्यमवशिष्यते" इति प्रथमं प्रतिज्ञायेदमाह भगवान्–अस्य प्रपञ्चस्य "भूमिरापोऽनलो वायुः खं मनो बुद्धिरेव च। अहङ्कार इतीयं मे भिन्ना प्रकृतिरष्टधा॥ अपरेयमितस्त्वन्यां प्रकृतिं विद्धि मे पराम्। जीवभूतां महाबाहो! ययेदं धार्यते जगत्"॥ इति द्वे प्रकृती, तत्र—पृथिव्यादिभूतपञ्चकरूपेण, मनःप्रभृतीन्द्रियवर्गरूपेण, महदहङ्काररूपेण चाष्टधा परिणता प्रकृतिरेका, इयं च

अपरा। इतस्त्वन्या परा प्रकृतिः, या जीवभूता, ययेदं जगत्-जडं धार्यते। एते द्वे अपि प्रकृती मे इति विद्धि! इति। अत्र मे इत्याह, न त्वहमेवेति। प्रक्रियते यत इदं चराचरलक्षणं भूतजातं सा प्रकृतिः, ते चैते न स्वतन्त्रे, अपि तु मदीये—मदधीने, इत्येतद्विद्धीति विशेषतोऽवबोधयति भगवान्। सांख्याभिमतप्राधान्यवादो निरस्तो भवत्यनेन। मे इति षष्ठ्या स्वस्वामिभावलक्षणः सम्बन्धोऽवगम्यते। स्वरसतश्चायमेव सम्बन्धः षष्ठ्यावबोध्यते तत्र तत्र। अयं च स्वस्वामिभावः—अन्तः प्रविश्य नियन्तृत्वधारयितृत्वादिलक्षणः। व्यक्तमेतदवगम्यते-"मयि सर्वमिदं प्रोतं सूत्रे मणिगणा इव" इत्यनेन समनन्तरवचनेन। निदर्शनं हि सूत्रे मणिगणा इवेति। न तु तन्तुषु पट इवेति। येन तादात्म्यमवगम्येत। न च-"मय्यध्यस्तमिदं सर्वं शुक्त्यादौ रजतादिवत्" इति निदर्शनमभ्यधायि। द्वे चैते यस्मान्मदीये, तदेषां भूतानां सर्वेषामहमेव प्रभवः प्रलयश्चेत्याह—"अहं कृत्स्नस्य जगतः प्रभवः प्रलयस्तथा" इत्यनेन। प्रतिषिध्यते च मत्तोऽन्यत् परतरं नास्तीति। न तु मत्तोऽन्यदेव नास्तीति। यस्मात् सूत्रे मणिगणा इव मयि सर्वान्तरात्मनि सर्वमिदं प्रोतम्, तस्मादबादयो ये भावाः, एवं एवैते मदेकायत्तस्थितयो मदात्मकाः, तेषु ये विशेषा रसादयस्तेऽपि ममैव पृथक्स्थित्यनर्हाः प्रकारा इति तत्तत्प्रकारोऽहमेवावस्थितः, तदप्सु रसोऽहमेव, पृथिव्यां पुण्यो गन्धोऽप्यहमेव, प्रभावतां प्रभाप्यहमेवेति सामानाधिकरण्यनिर्देशैनैश्वर्यविशेषमात्मनोऽवबोधयति-"रसोऽह" मित्यादिना। ये ये लोके विशेषा दृश्यन्ते, तैः सर्वैर्विशेषैरवस्थितोऽहमिति सविशेषतैव ज्ञाप्यते। एतदेव व्यक्तमवगमयन्नाह-

"ये चैव सात्त्विका भावा राजसास्तामसाश्च ये।
मत्त एवेति तान् विद्धि! न त्वहं तेषु ते मयि"॥ इति।

किम्बहुना?-सर्व एव भावा मदेकप्रभवाः, मदेकायत्तस्थितयः, इति तु तदाशयः। "मयि सर्वमिदं प्रोतं सूत्रे मणिगणा इवे" ति प्रथमं यदुपक्रान्तं तदेव पुनरुपसंह्रियते-"ये चैवे" ति। न त्वहं तेषु-न मणिषु सूत्रम्, ते मयि-सूत्रे मणयः, इति च पूर्वनिदर्शनानुरोधेन गम्यते।

तन्न भेदोपमर्दकतास्योपदेशस्य। जडाजडयोश्च न तादात्म्यं घटेत। बाधार्थे सामानाधिकरण्यमिति पूर्वापरवचनप्रवृत्तितो विरुद्धम्।

अथास्मिन्नध्यायेऽनुक्तं ज्ञानं किमवशिष्यते?। आह च प्रथमम्-

"ज्ञानं तेऽहं सविज्ञानमिदं वक्ष्याम्यशेषतः।

यज्ज्ञात्वा नेह भूयोऽन्यज्ज्ञातव्यमवशिष्यते" इति।

तथा अष्टमेऽध्याये-"अव्यक्ताद्व्यक्तयः सर्वाः प्रभवन्त्यहरागमे। रात्र्यागमे प्रलीयन्ते तत्रैवाव्यक्तसंज्ञके" इत्यादिना प्रकृतिपरिणतिलक्षणाचेतनजातमभिधाय, "परस्तस्मात्तु भावोऽन्योऽव्यक्तोऽव्यक्तात्सनातनः। यः स सर्वेषु भूतेषु नश्यत्सु न विनश्यति" इति जीवात्मवर्गमभिधाय, ततोऽप्यतिरिक्तः परमात्मा निरूप्यते-

"पुरुषः स परः पार्थ! भक्त्या लभ्यस्त्वनन्यया।

यस्यान्तःस्थानि भूतानि येन सर्वमिदं ततम्" इति।

अव्यक्तप्रधानपरिणतिलक्षणात् भूतग्रामेषु नश्यत्स्वपि यो न विनश्यति तत्संसृष्टोऽपि देहात्मना परिणतभूतग्रामवत् न क्षरति अत एवायमक्षरः प्रोक्तः, तच्च मम परमं धाम-अन्तः प्रविश्य नियन्तुर्मम परमम्—अचेतनप्रपञ्चात्प्रकृष्टं निवासस्थानम्, इति परमात्मनो भेदो व्यक्तमवबोध्यते।

नवमे-" इदं तु ते गुह्यतमं प्रवक्ष्याम्यनसूयवे।

ज्ञानं विज्ञानसहितं यज्ज्ञात्वा मोक्ष्यसेऽशुभात्"

इत्युपक्रम्य तज्ज्ञानमुपदिश्यते। न तदवगाहते जगतोऽविद्याकल्पितत्त्वम्, न चापि निर्विशेषाद्वितीयात्मस्वरूपं वा। किन्तु-स्वप्रकृतिभूतप्रधानद्वारा जगतः स्वस्मादुद्भवं स्वस्मिन् विलयं भक्तियोगस्यैव च निःश्रेयससाधनतां चावगाहते।

क्षेत्रक्षेत्रज्ञविभागश्च त्रयोदशाध्याये प्रतिपाद्यते। न तत्र क्षेत्रस्य क्षेत्रारम्भकाणां महाभूतानां तदारम्भकप्रधानस्य वा आविद्यकत्वमुच्यते, येनापारमार्थिकतावधार्येत। यच्च-"क्षेत्रज्ञं चापि मां विद्धी" ति। तत्तु स्वतन्त्रात्मभ्रमव्युदासाय ब्रह्मात्मकत्वमवगमयितुं प्रवृत्तम्, न तु ब्रह्मानतिरिक्ततामवगमयितुम्।

अहं कर्ता अहं भोक्तेति स्वातन्त्र्यभ्रमो हि देहातिरिक्तात्मवा-

दिनामपि दुरपह्नवः । कणादप्रभृतयो महर्षयोऽप्यत्र हस्तावलम्बं प्रयच्छन्ति । तदवश्यं स भ्रमोऽपनोदयितव्य इत्यभिप्रेत्याह भगवान्-सोऽपि मदात्मक एव न स्वतंत्र इति। अनन्यता चेद्विवक्षिता स्यात्, क्षेत्रेऽपि सा कुतो नोच्यते?। जडाजडयोरनन्यता न घटेतेति चेत्, तर्हि ब्रह्मणोऽन्यत् जडं तथ्यमिष्यताम्। यदि न, तदिदं क्षेत्रं क्षेत्रारम्भकाणि यानि च सर्वाण्येतान्यध्यस्तानीत्येतद्वक्तव्यम्। क्षेत्र-क्षेत्रज्ञयाथात्म्यनिरूपणे हि क्षेत्रज्ञस्वरूपविशोधनमिव क्षेत्रस्वरूप-विशोधनमप्यावश्यकं हि ।

ज्ञानाद्भक्तेरेव निःश्रेयससाधनत्वे गरीयस्त्वं तत्र तत्र निरूप्यते-

"अनन्याश्चिन्तयन्तो मां ये जनाः पर्युपासते ।
तेषां नित्याभियुक्तानां योगक्षेमं वहाम्यहम् ॥
पत्रं पुष्पं फलं तोयं यो मे भक्त्या प्रयच्छति ।
तदहं भक्त्युपहृतमश्नामि प्रयतात्मनः ॥
ये भजन्ति तु मां भक्त्या मयि ते तेषु चाप्यहम् ।
अपि चेत्सुदुराचारो भजते मामनन्यभाक् ॥
साधुरेव स मन्तव्यः सम्यग्व्यवसितो हि सः ।
मन्मना भव मद्भक्तो मद्याजी मां नमस्कुरु !॥
भक्त्या त्वनन्यया शक्य अहमेवंविधोऽर्जुन ! ।
ज्ञातुं द्रष्टुं च तत्त्वेन प्रवेष्टुं च परन्तप ! ॥
मत्कर्मकृन्मत्परमो मद्भक्तः सङ्गवर्जितः ।
निर्वैरः सर्वभूतेषु यः स मामेति पाण्डव ! ॥
ये त्वक्षरमनिर्देश्यमव्यक्तं पर्युपासते ।
सर्वत्रगमचिन्त्यं च कूटस्थमचलं ध्रुवम् ॥
सन्नियम्येन्द्रियग्रामं सर्वत्र समबुद्धयः ।
ते प्राप्नुवन्ति मामेव सर्वभूतहिते रताः ॥
क्लेशोऽधिकतरस्तेषामव्यक्तासक्तचेतसाम् ।
अव्यक्ता हि गतिर्दुःखं देहवद्भिरवाप्यते ॥
ये तु सर्वाणि कर्माणि मयि सन्न्यस्य मत्पराः ।
अनन्येनैव योगेन मां ध्यायन्त उपासते ॥

तेषामहं समुद्धर्ता मृत्युसंसारसागरात् ।
ये तु धर्म्यामृतमिदं यथोक्तं पर्युपासते ॥
श्रद्दधाना मत्परमा भक्तास्तेऽतीव मे प्रियाः ।
मां च योऽव्यभिचारेण भक्तियोगेन सेवते ॥
स गुणान् समतीत्यैतान् ब्रह्मभूयाय कल्पते ।
भक्त्या मामभिजानाति यावान् यश्चास्मि यादृशः ॥
ततो मां तत्त्वतो ज्ञात्वा विशते तदनन्तरम् ।
मन्मना भव मद्भक्तो मद्याजी मां नमस्कुरु ! ॥
मामेवैष्यसि सत्यं ते प्रतिजाने प्रियोऽसि मे " इति ।
आह च भगवान् निवृत्ताविद्यानां प्राप्यं पदम्–
" द्वन्द्वैर्विमुक्ताः सुखदुःखसंज्ञैर्गच्छन्त्यमूढाः पदमव्ययं तत् " ।
" न तद्भासयते सूर्यो न शशाङ्को न पावकः ।
यद्गत्वा न निवर्तन्ते तद्धाम परमं मम " इति ।

एतेन–"अविद्यानिवृत्तिरेव मुक्तिः, न तदानीं प्राप्यं प्राप्ता चे" ति वादः परास्तः ।

अथ अध्यायार्थान् सारतः सङ्गृह्य निरूपयामः—

सेयं गीतामृतलहरी त्रिपथगेव त्रेधा प्रवहति षट्कभेदेन–तत्राद्यषट्के कर्मयोगो ज्ञानयोगश्चात्मसाक्षात्कारफलकः प्रतिपाद्यते ।

मध्यमे च तदुभयसाध्यो भक्तियोगः प्रतिपाद्यते ।

तृतीये तु तयोरेव पुनर्विशोधनं तदुभयशेषतया परमेश्वरतद्विभूत्यादिनिरूपणं क्षेत्रक्षेत्रज्ञविवेचनादि च प्रतिपाद्यते ।

तत्रादौ–"धर्मक्षेत्रे कुरुक्षेत्रे" इत्यादिना, "तमुवाच हृषीकेशः प्रहसन्निव भारत ! । सेनयोरुभयोर्मध्ये विषीदन्तमिदं वचः" इत्यन्तेन च शास्त्रमवतार्यते ।

अथ द्वितीयेऽध्याये–अस्थानस्नेहकारुण्यतन्मूलकविषादापनोदनायात्मनो याथात्म्यं स्वधर्मेऽप्यधर्मताभ्रमापनोदनाय कर्तव्ये कर्मणि बुद्धिविशेषयोगः, येन बुद्धियोगेन कर्मणां पुण्यपापानाधायकता, निरूपितात्मयाथात्म्यज्ञानगर्भस्य कर्मयोगस्य क्रमशः स्थिरप्रज्ञतासाधनता चोक्ता ।

तृतीये—कर्मयोगानुष्ठानप्रकारमुपपादयता कामनात्यागस्यैव कर्तृत्वाभिमानत्यागस्याप्यावश्यकता, तदर्थं गुणेषु सर्वेश्वरे वा कर्तृत्वानुसन्धानस्य कर्तव्यता, ज्ञानयोगाधिकारिणोऽपि लोकसङ्ग्रहार्थं कर्मयोगस्य कर्तव्यता चोच्यते ।

चतुर्थे-कर्मयोगस्य विवस्वन्मनुप्रभृतिभिः पूर्वपुरुषैराचरिततयानिदम्प्रथमता, एतत्प्रसङ्गेनावतारयाथात्म्यम्, कर्मयोगस्यान्तर्गतज्ञानाकारता, ज्ञानांशस्य प्राशस्त्यम्, कर्मणां प्रभेदाश्चोच्यन्ते। अस्मिन्नध्याये अवतारयाथात्म्यनिरूपणांशो विशेषतो दृष्टिर्देया। अवतरतो भगवतोऽवतरणं नेन्द्रजालवन्मिथ्या, न चास्यावतरणं सर्वज्ञत्वादिस्वभावप्रच्यावकम्, न चावतरणे निमित्तं कर्म, अपि तु धर्मपरित्राणम्, अवतरतो दिव्यविग्रहश्च न गुणमयः, तदत्रावतरतो भगवतोऽक्षरे धाम्नि वर्तमानस्य च स्वरूपस्वभावादिषु न लेशतोऽपि वैषम्यम्।

पञ्चमे—ज्ञानयोगेन साध्यस्य कर्मयोगेनापि साध्यता, ज्ञाननिष्ठापेक्षया कर्मयोगस्य फलाधायकतायां शैघ्र्यं कर्मयोगस्य सुकरत्वं कर्मणि क्रियमाणेऽप्यकर्तृत्वानुसन्धानप्रकारः, आत्मज्ञानपरिपाकभेदश्चोच्यते ।

षष्ठे—आत्मस्वरूपं दिदृक्षोर्मुमुक्षोरारुरुक्षोः शमादिसम्पत्तेः प्राक् कर्मयोगस्यैव साधनत्वम्, तत्सम्पत्तौ ज्ञाननिष्ठापर्वणि योगाभ्यासेऽधिकारः, चतुष्प्रकारा योगपरिपाकदशा, योगसाधनमभ्यासवैराग्यादिकम्, योगभ्रष्टस्य कालेन योगफलसिद्धिः, परमात्मयोगस्य पारम्यं चोच्यते ।

सप्तमे-परमपुरुषस्योपास्यत्वं, उपास्यस्य तस्य परस्य ब्रह्मणः सकलचिदचिद्वस्तुशेषित्वं, सर्वकारणत्वं, सर्वाधारत्वं, सर्वशरीरितया सर्वप्रकारत्वेन सर्वशब्दवाच्यत्वं, सर्वनियन्तृत्वं, सर्वकल्याणगुणपूर्त्या सर्वतः परतरत्वं, गुणमयैर्भावैर्भगवन्मायालक्षणैस्तस्य तिरोहितत्वं, तच्छरणागत्या तन्निवर्तनं, सुकृततारतम्याधीनप्रतिपत्तिवैचित्र्याद्भक्तानामार्तादिभेदेन चातुर्विध्यम्, तत्र भगवत्प्राप्तिकामस्य भगवदेकान्तभक्तस्य ज्ञानिनः श्रैष्ठ्यं चोच्यते ।

अष्टमे-ऐश्वर्यार्थिनामक्षरयाथात्म्यनिष्ठानां भगवन्निष्ठानां च ज्ञातव्योपादेयभेदा ये सप्तमाध्यान्ते प्रस्तुतास्तेषामेव विस्तरः प्रतिपाद्यते।

नवमे—भक्तियोगस्य प्रकर्षः, भजनीयस्य भगवतस्सर्वव्याप- कत्वसर्वाधारत्वसर्वान्तर्यामित्वसर्वकारणत्वादिलक्षणो महिमा, भगवतः सर्वेश्वरस्य तदा तदा अवतरतो मानुषादिसजातीयताख्याप- नेन सौलभ्यविशेषलक्षणः परो भावः, भगवदेकभक्तानां ज्ञानिनां विशेषतो भक्तियोगः सपरिकरो विशदतरमुच्यते।

दशमे—उक्त एव भगवतः कल्याणगुणयोगो भूयो व्याख्यायते, उक्तस्य भक्तियोगस्योत्पत्तये उत्पन्नस्य विवृद्धये च तत्र बुद्ध्यादीनां सर्वेषामेव भावानां भगवत एवोत्पत्तिः, भृग्वादीनां सप्तानां महर्षीणां ब्रह्मसावर्णिप्रभृतीनां चतुर्णां मनूनां च भगवत एवोत्पत्तिः, भगवतो विभूतिविशेषाश्च विस्तरेणोच्यन्ते।

एकादशे—भगवदनुग्रहेण लब्धदिव्यचक्षुषार्जुनेन समधिगतो भगवदैश्वरस्वरूपसाक्षात्कारप्रकारः, तत्त्वतो भगवत्स्वरूपवेदनतत्साक्षात्कारतत्प्राप्तिषु भगवदेकान्तभक्तेः साधनत्वं च निरूपितम्।

द्वादशे—अक्षरोपासनभगवदुपासनयोर्मध्ये भक्तिरूपस्य भगवदुपासनस्य श्रैष्ठ्यम्, अक्षरोपासनस्य क्लेशबहुलत्वम्, निरतिशय- प्रीतिगर्भे परानुरागलक्षणे भगवद्ध्यानेऽसमर्थस्य भगवत्कल्याणगु- णानुस्मरणपूर्वकतदभ्यासः, तत्राप्यसमर्थस्य प्रीतिपूर्वकभगवदेकान्त- कर्मपरता, तत्राप्यसमर्थस्य स्वात्मावलोकनसाधनभूतशुद्धात्मस्वरूप- ध्यानाभ्यासः, तत्राप्यसमर्थस्यात्मयाथात्म्यज्ञानगर्भफलत्यागपूर्वक- कर्माचरणलक्षणकर्मयोगनिष्ठता चोच्यते।

त्रयोदशे—क्षेत्रक्षेत्रज्ञविभागः, क्षेत्रस्वरूपविवेचनम्, क्षेत्रज्ञ- स्यापि भगवदात्मकता, बन्धविमोचनाय ज्ञातव्यस्य ज्ञानज्ञेयविभा- गस्य विस्तरशो विवेचनम्, प्रकृतिपुरुषयोरनादिता, तयोः संसर्गे हेतुः, तद्विवेकानुसन्धानप्रकारश्चोक्तः।

चतुर्दशे—देवमनुष्यादिविविधभूतात्मना विवर्तमाने गुणमये प्रधाने भगवत एव यथाकर्म जीवलक्षणबीजसंयोजकता, यथास्वकर्म प्रकृतिसंसृष्टानां जीवानां गुणसङ्गस्य बन्धकताप्रकारः, मरणसमये गुणोद्भवाभिभवभेदेन गतिभेदः, गुणातीतलक्षणं चोच्यते।

पञ्चदशे-बन्धकस्य गुणमयस्य सुनिरूढमूलस्याश्वत्थवदधश्चोर्ध्ववितितस्यास्य संसारतरोरसङ्गशस्त्रेण छेद्यता, अपुनरावृत्तिलक्षणस्य पदविशेषस्यान्वेषणीयता, तस्य स्वरूपम्, क्षराक्षरलक्षणपुरुषाभ्यां भगवतोऽत्यन्तविलक्षणतया पुरुषोत्तमत्वं चोच्यते ।

षोडशे-दैवासुरसम्पद्विभागः, दैव्याः सम्पदो बन्धविमोचकता, आसुर्या अधोगतिहेतुता चोच्यते ।

सप्तदशे-सत्त्वादिगुणभेदेन श्रद्धायज्ञतपोदानानां त्रैविध्यम्, तथा आहारस्य त्रैविध्यम्, वैदिकस्य कर्मणो निर्देशतस्त्रैविध्यं चोच्यते ।

अष्टादशे-निःश्रेयससाधनतया तत्र तत्रोक्तस्य त्यागस्य स्वरूपम्, तस्य निःश्रेयससाधनतयोक्तात्सन्न्यासादनर्थान्तरता, सर्वकर्मसिद्धि-साधनतया प्रोक्तेष्वधिष्ठानादिषु दैवशब्दाभिलप्यस्य परमात्मनः प्राधान्यं, क्रियमाणेषु कर्मसु परमात्मनि कर्तृत्त्वाभिसन्धिज्ञानस्य, कर्मणः, कर्तुश्च गुणभेदतस्त्रैविध्यम्, तथा बुद्धेर्धृतेश्च त्रैविध्यम्, वर्णानां नियतगुणभेदानुगुणः स्वभावभेदानुरूपः कर्मभेदः, स्वकर्मभिरीश्वर-माराधयतां फलसिद्धिः, सत्त्वस्योपादेयता, ततो ज्ञाननिष्ठासिद्धिः, भक्तियोगस्य भगवत्प्राप्तिसाधनता, सर्वशास्त्रसारभूता शरणाग-तिश्चोच्यते ।

विभाव्य पूर्वाचार्याणां मतं त्रय्यन्तसम्मतम् ।
सोऽयमध्यायसारार्थः सङ्क्षिप्येत्थं निदर्शितः ॥

एम्बार-कृष्णमाचार्यः ।
प्रधानपण्डितः- वडताल-संस्कृतपाठशाळा. ।

भूयो वयमिहेदमनुब्रूमः—परब्रह्मप्राप्तिलक्षणमोक्षे या विद्या साधनतयोपनिषदि श्रुता सा भक्तिरेवेति हार्दं गीतायाः ।

तथा हि–अक्षरप्राप्तौ साक्षात्साधनभूता परा विद्येति "अथ परा यया तदक्षरमधिगम्यते" इति श्रावयति श्रुतिः। अक्षरं च परम्ब्रह्म, "यद्भूत-योनिं परिपश्यन्ति धीराः" इति तद्वाक्यशेषः। भूतयोनित्वं च परस्य ब्रह्मणो लक्षणम्। सा च विद्या का? इति तु विचार्यम्।

"भिद्यते हृदयग्रन्थिश्छिद्यन्ते सर्वसंशयाः।
क्षीयन्ते चास्य कर्माणि तस्मिन् दृष्टे परावरे"॥

इति श्रूयमाणा सर्वकर्मप्रक्षयाधायिका साक्षात्कारलक्षणा। साक्षात्कारश्चायं मुक्तेः प्राग्भावी, विना कर्मप्रक्षयं मुक्त्यनुदयात्। प्रक्षीणे च कर्मणि न विलम्बो ब्रह्मप्राप्तौ। साक्षात्कारश्चायं ध्यानस्यैव परिपाकविशेषः। विदधाति च श्रुतिः–"द्रष्टव्यः श्रोतव्यो मन्तव्यो निदिध्यासितव्यः" इति। अत्र द्रष्टव्य इति ध्यानपरिपाकविशेष-लक्षणं साक्षात्कारं विदधाति। तत्र साक्षात्कारे पूर्वपूर्वसाधनपरम्परो-च्यते–ध्यानं मननं श्रवणं चेति। ध्यानं च प्रेमगर्भमेव। प्रेमरसवि-हीने च ध्याने ध्येयस्य तस्य न यथावत् प्रकाशः। स हि परमात्मा यमेव वृणुते तस्मा एव स्वस्वरूपं सम्यक् प्रकाशयति। वरणं च प्रियतमस्यैव। प्रीत्यतिशयश्चोपासकप्रीत्यतिशयसापेक्ष एव। तथा च श्रुतिः–"यमेवैष वृणुते तेन लभ्यस्तस्यैष आत्मा विवृणुते तनूं स्वाम्" इति। तदेवं परमप्रेमगर्भानुध्यानमहरहः क्रियमाणं परिपाकप्रकर्षेण साक्षात्कारावस्थां प्राप्तं सत् हृदयग्रन्थिं भिनत्ति, भिन्ने च हृदयग्रन्थौ सर्वकर्मप्रक्षयः। तत्प्रक्षये च स्वात्मस्वरूपाविर्भावपूर्वकपरब्रह्मप्राप्ति-लक्षणो मोक्षः। इदमेव च गीतायां व्याख्यायते–

"भक्त्या मामभिजानाति यावान् यश्चास्मि यादृशः।
ततो मां तत्त्वतो ज्ञात्वा विशते तदनन्तरम्"॥ इति।

अयमर्थः–परानुरागो भक्तिः, तया मां तत्त्वतो जानाति, यस्य न मयि परा भक्तिः, न तस्य तत्त्वतो मत्स्वरूपविज्ञानम्। नाहं तस्मै तत्त्वतो मत्स्वरूपं प्रकाशयामि। "तस्यैष आत्मा विवृणुते तनूं स्वाम्" इति श्रुतिरुपबृंहिता भवत्यनेन।

भक्तिहीनानां स्वरूपे स्वभावे चान्यथा प्रतिपत्तिः स्यात्। भक्त्या तु-योऽस्मि, यादृशोऽस्मि, यावानस्मि, मयि ज्ञातव्यं सर्वमेतदभिजानाति।

योऽस्मि-स्वरूपावबोधोऽयम्, "सत्यं ज्ञानमनन्तं ब्रह्म" "आनन्दो ब्रह्म" इत्युक्तप्रकारेण सत्यज्ञानानन्दस्वरूपोऽस्मि।

यादृशः—यत्प्रकारः, "परास्य शक्तिर्विविधैव श्रूयते स्वाभाविकी ज्ञानबलक्रिया च" इत्याद्युक्तरीत्या ज्ञानशक्तिबलैश्वर्यवीर्यतेजोलक्षणषड्गुणप्रकारः।

यावानस्मि-कालतो देशतो वस्तुतश्च यावानस्मि, न कालतो देशतो वस्तुतो वा परिच्छेदः, त्रिविधपरिच्छेदरहितोऽस्मि।

निर्विशेषब्रह्मवादस्य तु नौपनिषदि पथे लेशतोऽपि प्रवेशः।

योऽस्मि-"द्वाविमौ पुरुषौ लोके क्षरश्चाक्षर एव च।
उत्तमः पुरुषस्त्वन्यः परमात्मेत्युदाहृतः।
यो लोकत्रयमाविश्य बिभर्त्यव्यय ईश्वरः।
यस्मात्क्षरमतीतोऽहमक्षरादपि चोत्तमः।
अतोऽस्मि लोके वेदे च प्रथितः पुरुषोत्तमः"॥ सोऽस्मि।

यादृशः-यत्प्रकारः-सर्वशरीरितया सर्वधर्मप्रकारः-
"रसोऽहमप्सु कौन्तेय! प्रभास्मि शशिसूर्ययोः।
प्रणवः सर्ववेदेषु शब्दः खे पौरुषं नृषु॥
पुण्यो गन्धः पृथिव्यां च तेजश्चास्मि विभावसौ।
जीवनं सर्वभूतेषु तपश्चास्मि तपस्विषु॥
बीजं मां सर्वभूतानां विद्धि पार्थ! सनातनम्।
बुद्धिर्बुद्धिमतामस्मि तेजस्तेजस्विनामहम्॥
बलं बलवतां चाहं कामरागविवर्जितम्।
ये चैव सात्त्विका भावा राजसास्तामसाश्च ये॥
मत्त एवेति तान् विद्धि न त्वहं तेषु ते मयि"। तदहं सर्वप्रकारः।

यावानस्मि-विभूतितो यावानस्मि।
"नान्तोऽस्ति मम दिव्यानां विभूतीनां परन्तप!।
एष तूद्देशतः प्रोक्तो विभूतेर्विस्तरो मया"॥

"हन्त ते कथयिष्यामि दिव्या ह्यात्मविभूतयः ।
प्राधान्यतः कुरुश्रेष्ठ ! नास्त्यन्तो विस्तरस्य मे ॥
अहमात्मा गुडाकेश ! सर्वभूताशयस्थितः ।
अहमादिश्च मध्यं च भूतानामन्त एव च ॥
आदित्यानामहं विष्णुर्ज्योतिषां रविरंशुमान् ।
मरीचिर्मरुतामस्मि नक्षत्राणामहं शशी ॥
वेदानां सामवेदोऽस्मि देवानामस्मि वासवः ।
इन्द्रियाणां मनश्चास्मि भूतानामस्मि चेतना ॥
रुद्राणां शङ्करश्चास्मि वित्तेशो यक्षरक्षसाम् ।++
+न तदस्ति विना यत्स्यान्मया भूतं चराचरम् ।
यद्यद्विभूतिमत्सत्त्वं श्रीमदूर्जितमेव वा ।
तत्तदेवावगच्छ ! त्वं मम तेजोंऽशसम्भवम् ।
अथवा बहुनैतेन किं ज्ञातेन तवार्जुन ! ।
विष्टभ्याहमिदं कृत्स्नमेकांशेन स्थितो जगत् ॥"

एवं मां सविभूतिकं स्वेतरसमस्ताचिदचिद्वस्तुप्रकारतया सर्वधर्मप्रकारं शास्त्रोपदेशादिभिरभिज्ञाय ततो मां ध्यानबलेन तत्त्वतो ज्ञात्वा–साक्षात्कृत्य । यथावन्मत्स्वरूपप्रकाशो हि मत्प्रसादायत्तः, प्रकाशश्च साक्षात्काररूपः, तदनन्तरं मां विशते–मां प्राप्नोति ।

" भक्त्या त्वनन्यया शक्य अहमेवंविधोऽर्जुन !।
ज्ञातुं द्रष्टुं च तत्त्वेन प्रवेष्टुं च परन्तप!" ॥

इत्यनेन–"तस्मिन् दृष्टे परावरे " इत्येतदुपबृंह्यते ।

तदेवं गीतोपनिषदोरैककण्ठ्यं विचारयतां भक्तिरेव निःश्रेयससाधनमित्येतदौपनिषदं मतमिति सुव्यक्तं विज्ञायते ।

अस्या गीताया भाष्यमिदमौद्धवसम्प्रदायानुसारि श्रीगोपालानन्दस्वामिना प्रकटपुरुषोत्तमश्रीस्वामिनारायणचरणकमलसेवापरायणेन विरचितं श्रीशुकानन्दमुनिविरचितगीतागूढार्थदीपिकाख्यव्याख्यासमेतं सनातनधर्मधुरन्धराणाम्-श्री-१०८ श्रीमदानन्दप्रसादमहाराजानामादेशेनास्माभिः संशोधितम् ।

अनूदितं च गुर्जरभाषया सकलजनसुगमया सरलया शैल्या श्रीकृष्णस्वरूपदासैः समधिगतत्रय्यन्तविज्ञानैः संमुद्रणसंस्करणादिना च सुसंस्कृतं सकलजनसमाह्लादकं विराजते।

अयं च गुर्जरभाषानुवादो भाष्यस्यास्य हृदयं टीकानुसारेण सुव्यनक्तीति विशेषतो विदुषां सहृदयानां चाह्लादाय भवेदेवेति प्रत्येमः।

यश्चायमीदृशानां महनीयानां निबन्धानां प्रकाशनकर्मणि श्रीमदाचार्यवर्याणां श्रीमदानन्दप्रसादमहाराजानामादरातिशयस्तमिमं सर्वेषां सुमनसामभिनन्दनपदं को वा न श्लाघेत सुज्ञः।

या चेयं तदादेशपथे दत्तावधानानां श्रीलक्ष्मीनारायणदिव्यस्थानधूर्वहनकर्मणि प्रधानसाचिव्यमाचरतां स-पु-धर्मस्वरूपदासानां श्रद्धा कस्य वा सत्सङ्गिनः समाह्लादाय न स्यात्।

यश्चेदमीदृशानां निबन्धानां भाषानुवादसंशोधनसंस्करणादिषु समवधानं परैकार्थं तदिदं कस्य सुमनसो गुणेष्वमत्सरिणः समाह्लादकं न स्यात्।

सोऽयं समवायः सत्सङ्गिजनश्रेयःसमृद्ध्यै श्रीलक्ष्मीनारायणकृपया निरन्तरं भूयादिति च वयमाशास्महे।

गम्बार्—श्री कृष्णमाचार्यः, श्रीरङ्गम्।
वृत्तालयसंस्कृतपाठशाला-प्रधानपण्डितः।

ॐ

जयतु भगवान् श्रीस्वामिनारायणः ।

प्रस्तावना—

युद्धे सम्यक्प्रवृत्ते गुरुजनसहितं बन्धुवर्गं तु दृष्ट्वा
पापाद्भीतं प्रपन्नं पुरुनरकरुणास्नेहसंविग्नचित्तम् ।
पार्थं त्रय्यन्तदोहां निजरतिपरमां प्राह गीतां पुरा यः
सर्वाविर्भावहेतुं प्रकटहरिमहं धर्मपुत्रं तमीडे ॥

स्वधर्माद्यङ्गसंसाध्यभक्त्यैकगोचरोऽस्म्यहम् ।
गीतायां यः स्वयम्प्राह तस्मिन् प्रेमास्तु मे दृढम् ॥

गीताभाष्यं कृतं येन भगवद्भावबोधकम् ।
गोपालानन्दमुनये तस्मै सद्गुरवे नमः ॥

પરસ્પરના યુદ્ધસૂચક શંખનાદો થવા લાગ્યા અને યુદ્ધ પ્રવર્તવાની પૂર્ણ તૈયારી થઇ ત્યારે ભીષ્માદિક ગુરૂ—જનોએ સહિત દુર્યોધનાદિક બન્ધુવર્ગને જોઇને જ પાપ થકી અતિ ભય પામેલો અને "**शिष्यस्तेऽहं शाधि मां त्वां प्रपन्नम्**" હું તમારો શિષ્ય છું. અને તમારો પ્રપન્ન-શરણાગત છું માટે મને હિતનું શિક્ષણ કહો!" એમ ભગવાનને સર્વથા પ્રપન્ન થયેલો અને વડીલો તેમજ બન્ધુઓ તરફની અતિશય કરૂણા અને સ્નેહ-લાગણીને લીધે અતિ ઉદ્વિગ્ન ચિત્તવાળો એવા પૃથાપુત્ર નિજસખા અર્જુનને વેદ-ત્રયીના સારસન્દોહરૂપ અને પોતાની ભક્તિ એજ પ્રધાન પ્રતિપાદ્ય વિષય જેમાં છે. એવી આ સ્વયંપ્રોક્ત ગીતા જે ભગવાન શ્રીકૃષ્ણે પૂર્વે કહી હતી અને તેજ આ લોકમાં ધર્મદેવના પુત્રરૂપે પ્રગટ થયેલા અને સર્વ આવિર્ભાવ—અવતારોના કારણભૂત અવતારી એવા મારા ઇષ્ટદેવ પ્રત્યક્ષ શ્રીહરિને હું વન્દન કરૂં છું. ॥

સ્વધર્મ, જ્ઞાન અને વૈરાગ્ય એ આદિક અંગોથી સર્વ પ્રકારે સુસાધ્ય એવી અને ભગવાનના માહાત્મ્યજ્ઞાનપૂર્વક કરવામાં આવતી એવી એક પરા-પ્રેમલક્ષણા ભક્તિથીજ હું ગોચર-સાક્ષાત્ થાઉં છું. એમ જે ભગવાન શ્રીકૃષ્ણે પૂર્વે ગીતામાં સ્વયં-સ્વમુખેજ કહ્યું હતું, તે આ પ્રગટ શ્રીહરિકૃષ્ણ નામે પ્રસિદ્ધ અવતારી પર-માત્મસ્વરૂપમાં મારે અતિ દૃઢ-અવિચળ પ્રેમ થાઓ ! એમ મારી નમ્ર પ્રાર્થના છે.

આવા ભકતવત્સલ પરમ ગુરૂ ભગવાન શ્રીકૃષ્ણના અભિપ્રાયને જણાવનારૂં ગીતા-શાસ્ત્રનું ભાષ્ય જેમણે રચ્યું છે એવા તે પરમ સદ્ગુરૂ શ્રી ગોપાળાનન્દમુનિને મારા નમસ્કાર છે. ॥

श्रीमद्भगवद्गीता–

શ્રીમદ્ભગવદ્ગીતા એ ભગવાન શ્રીકૃષ્ણ પરબ્રહ્મની સાક્ષાત્ અલૌકિક જ્ઞાનામૃતપૂર્ણ રસને વહેવરાવનારી દિવ્ય વાણી છે. અને તે વાણી પરમભક્તાગ્રેસર અને એ જ્ઞાન–રસના પૂર્ણ અધિકારી જીજ્ઞાસુ–પાત્રભૂત અર્જુનની સમક્ષ પરમ આપ્તભાવે પ્રકાશ કરેલી છે. અને તે પણ સામાન્યપણે સુખ–શાન્તિના સમયમાં કાળનિર્ગમન કરવા માટે કરવામાં આવતી ગોષ્ટી જેવી આ જ્ઞાનગોષ્ટી નથી.

પરન્તુ–જ્યારે પાંડવ–કૌરવોની સેનાઓ બન્ને બાજુએ પોત–પોતાનાં તીક્ષ્ણ આયુધોનો ખડ–ખડાટ કરતી એક–બીજાનો સંહારજ કરી નાખવાના દૃઢ નિશ્ચયપર આવીને તૈયાર થઇ ગઇ હતી. અને યુદ્ધના સૂચક પરસ્પર ભયંકર શંખનાદો પણ થઇ રહ્યા હતા. અને પરસ્પર બાણ છુટવાનીજ તૈયારી હતી આવા કટો–કટીના સમયમાં અર્જુનના મનમાં એમ થઇ આવ્યું કે–આ યુદ્ધમાં દુર્યોધનની સહાયમાં કોણ કોણ આવ્યા છે. તે મારે જોવા તો ખરા ! એમ ધારીને " **सेनयोरुभयोर्मध्ये रथं स्थापय मेऽच्युत !** " એમ કહીને ભગવાન પાસે પોતાનો રથ બન્ને સેનાઓના મધ્યે આગળ કરાવ્યો. અને ત્યા ભીષ્મ––પિતા દ્રોણ–ગુરૂ વિગેરે પોતાના પૂજ્ય વડીલોને, તેમજ બીજા પણ અનેક સ્વજનોને, યુદ્ધમા મરવાને માટેજ તૈયાર થયેલા જોઇને તે બન્ધુઓ અને વડીલો તરફના સ્નેહ અને પૂજ્યભાવને લીધે અર્જુનનું હૈયું એકદમ ભરાઇ આવ્યું. અને યુદ્ધમાં થનારો ભયંકર વિનાશ તેને આબેહુબ દેખાવા લાગ્યો, આ બધું અર્જુનના સ્મૃતિ––પટમાં ચિતરાઇ ગયું. અને તેથીજ તે તો એકદમ ગભરાઇજ ગયો. અને મૂર્છા જેવી અવસ્થા થઇ ગઇ. અને બધો વાત વિચાર કરીને છેવટે ભગવાનને સંભળાવી દીધું કે—" **न योत्स्य इति गोविन्दमुक्त्वा तूष्णीं बभूव ह** " આ યુદ્ધમાં આપણે લડનારા નથી. આ બધો સંહાર કરીને મારે શું કરવું છે ? એમ કહીને ધનુષ—બાણ તુરતજ હેઠાં મુકી દઇને સ્તબ્ધ જેવો નિઃશબ્દ થઇ ગયો. તે સંજયે ધૃતરાષ્ટ્રને કહી બતાવ્યું કે–"**एवमुक्त्वार्जुनः सङ्ख्ये रथोपस्थ उपाविशत् । विसृज्य सशरं चापं शोकसंविग्नमानसः**" ॥ "હે રાજન્ ! યુદ્ધ વખતેજ અર્જુન આ પ્રમાણે કહીને શોકથી ઉદ્વિગ્ન ચિત્તવાળો થઇને બાણે સહિત ધનુષ નીચે મુકી દઇને રથના ઉપળામાં બેસી ગયો. "

જ્યારે આ પ્રમાણે અર્જુન સર્વથા હીંમત હારી ગયો. અને રડુ—રડુ થઇ ગયો. ત્યારે ભગવાને આવો કવખતનો તેનો મોહ જોઇને અર્જુન જેવા ભડ વીરને આમ નપુંસકતા દાખવવી એ તો રાજકુળને કલંક સમાન છે. એટલુંજ નહિ પણ પરલોકના સુખ–માર્ગમાં પણ કંટક સમાન છે. અને આ લોકમાં પણ અપકીર્તિનોજ ટગલો માથે વ્હોરવા સમાન છે. એમ ભગવાને— " **कुतस्त्वा कश्मलमिदं विषमे समुपस्थितम् ? । अनार्यजुष्टमस्वर्ग्यमकीर्तिकरमर्जुन !** " " અલ્યા હે અર્જુન ! તને આવા વિષમ-કટો કટીના વખતે આ મૂર્ખાઇ ભરેલું ખરાબ કર્મ ક્યાંથી સુઝી આવ્યું ? આવું કામ તો અનાર્ય માણસોએ કરવા જેવું છે. સ્વર્ગ પ્રાપ્તિમાં પણ વિરોધી છે. અને આ લોકમાંય અપકીર્તિનેજ કરનારૂં છે. " આ શ્લોકથી તેને સમઝાવવાનો આરંભ કરીને પોતાની દિવ્ય વાણીનો પ્રવાહ પ્રસરાવ્યો.

પૂર્વના યામુનાચાર્ય પણ આ ગીતાની ઉત્પત્તિ–સ્થિતિ આ પ્રમાણે બતાવે છે.–"**अस्थानस्नेहकारुण्यधर्माधर्मधियाकुलम् । पार्थं प्रपन्नमुद्दिश्य शास्त्रावतरणं कृतम्** " " સમય વિનાના કવખતે થઇ આવેલા સ્નેહ અને કારૂણ્યને લીધે પોતાના ખરા ક્ષાત્ર ધર્મમાંજ અધર્મબુદ્ધિ થવાથી આકુળ–વ્યાકુળ બની જઇને ભગવાનને–"**शिष्यस्तेऽहं शाधि ! मां त्वां प्रपन्नम्** " "હું આપનો શિષ્ય છું. અને તમારો પ્રપન્ન–શરણાગત છુ. માટે મને આપ ખરી વાત સમઝાવો ? " આમ પ્રપન્ન થયેલા અર્જુનને ઉદ્દેશીને–નિમિત્ત કરીને આ ગીતાશાસ્ત્રનું અવતરણ કરેલું છે. "

ગીતા—મહિમા—

ગીતાનો મહિમા અતિ અપાર--અપરિમિત છે. એ મહિમા કેવો અને કેટલો છે તેને યથાર્થ વર્ણન કરવાને કોણ શકિતમાન છે? શેષ શારદા અને બ્રહ્માદિક દેવો પણ એ ગીતાના મહિમાનો પાર પામી શકે એમ નથી. તો પછી અતિ અલ્પ બુદ્ધિવાળા મનુષ્યો તો પાર પામી શકેજ કેમ? અનેક પુરાણોમાં ખુદ **વ્યાસમુનિએ** તેમજ બીજાઓએ પણ અનેક પ્રકારે ગીતાનો મહિમા ગાયો છે. અને એ ગીતાનો મહિમા કહેતાં કહેતાં તેને માટે—" **सर्ववेदमयी गीता** " " **सर्वशास्त्रमयी गीता** " " **सच्छास्त्रसाररूपेयम्** " " **सच्छास्त्रसारसन्दोहा** " " **सद्यो मुक्तिप्रदायिनी** " " સર્વ વેદના રહસ્યાર્થ રૂપ રસથી ભરેલી આ ગીતા છે. " સર્વ શાસ્ત્રનો સાર સાર ગ્રહણ કરીને આ ગીતા રચેલી છે. " " સઘળાં સચ્છાસ્ત્રોનો પરમ રહસ્યપૂર્ણ રસ–રસમાત્રજ આ ગીતામાં સંગ્રહેલો છે. " " સકળ સચ્છાસ્ત્રોનો સાર સન્દોહ કરીને આ ગીતા ભગવાને અર્જુનને પાન કરાવેલી છે." "આ ગીતા તુરતજ–શ્રવણમાત્રથીજ મુકિત આપનારી છે. ' આવાં આવાં અનેક સત્યાર્થપૂર્ણ વચનો આગળના મહાપુરૂષોએ ઉચ્ચારેલાં છે. માટે નિ:સન્દેહ આ ગીતાનો મહિમા અતિ અપાર અને અલૌકિક છે.

વળી—વરાહપુરાણમાં રહેલા–ગીતામાહાત્મ્યમાં પોતાનું–વરાહ—ભગવાનનુંજ વચન છે કે–**गीताश्रयेऽहं तिष्ठामि गीता मे चोत्तमं गृहम्** " " **गीता मे परमा विद्या ब्रह्मरूपा न संशयः** " " હે ધરાદેવી ! હું ગીતાના આશ્રયે–જ્યાં ગીતાનો વાસ થાય ત્યાં રહું છું. કેમકે–ગીતા એ મારૂં પરમ–**સર્વોત્કૃષ્ટ ઘર**–નિવાસસ્થાન છે." "આ ગીતા તો મારી–મને પ્રાપ્ત કરવામાં ઉપકારક પરમ–સર્વશ્રેષ્ઠ **બ્રહ્મવિદ્યા** છે. અને મને–બ્રહ્મને પ્રાપ્ત કરાવનારી છે. માટે એ પણ બ્રહ્મરૂપજ છે. એમાં કશો સન્દેહ નથી." આવો આવો ગીતાનો મોટો--મહિમા ભગવાને પોતેજ પોતાને મુખે ગાયો છે.

વળી--ભગવાન સ્વયં વેદવ્યાસે પણ કહ્યું છે. —" **गीता सुगीता कर्तव्या किमन्यैः शास्त्रसंग्रहैः। या स्वयं पद्मनाभस्य मुखपद्माद्विनिःसृता** "॥ "આ ગીતાનેજ સારી રીતે ગાવી જોઇએ. પછી અન્ય શાસ્ત્રોના સંગ્રહની કે વિસ્તારની જરૂરજ શી છે? કેમ કે—જે આ ગીતા પોતે પદ્મનાભ ભગવાન શ્રીહરિના મુખ–કમળથી નીસરેલી છે." આ શ્લોકમાં અન્ય શાસ્ત્રોની નિરપેક્ષતા બતાવવાપૂર્વક આ ગીતાશાસ્ત્રની એકનીજ સાપેક્ષતા અને સર્વાર્થપૂર્ણતા બતાવી છે. અને બીજાં શાસ્ત્રો બીજા ઋષિ-મુનિઓનાં પોત–પોતાના અનુભવ પ્રમાણે બનાવેલાં છે. અને આ ગીતા તો સ્વયં ભગવાન શ્રીહરિનાજ મુખ–કમળ થકી નીસરેલી છે. એટલે કે–ભગવાને પોતે નિજ–ભકતના વાત્સલ્યવિવશપણાને લીધે પરમ પ્રેમપૂર્વક સકળ શાસ્ત્રાર્થના પરમ સારરૂપ પરમ હિતબુદ્ધિથી અને તે પણ તેના–"**शिष्यस्तेऽहं शाधि ! मां त्वां प्रपन्नम्** " "હું તમારો શિષ્ય–શિક્ષાનો પાત્ર છું. અને અનન્યગતિક થઇને તમનેજ શરણ પામેલો છું. માટે મને ખરી વાત સમઝાવો!" એવા સર્વથા પ્રપન્ન ભાવને જોઇને ખરા અર્થરૂપે ઉપદેશ કરીને સમઝાવેલી છે. માટે સકળ વેદાદિક સચ્છાસ્ત્રના પરમ સારરૂપ આ ભગવદ્ગીતા છે. તેથી આ શાસ્ત્રનો જેટલો મહિમા આપણે ન સમજીએ અને ન ગાઇએ તેટલો ઓછોજ છે.

હવે આ જગતમાં આવા સર્વશ્રેષ્ઠ ગીતારૂપ અમૃતના આસ્વાદનને માટે કોણ એવો નિર્ભાગ્યો હોય ? કે જેને સ્પૃહા ન થાય ? અર્થાત્–સહુ કોઇ જ્ઞાનરસિક સજ્જન તો આ ગીતારસમાં જરૂર લોભાયજ.

વળી–જેને કાંઇક શ્રીહરિદત્ત બુદ્ધિના પ્રભાવથી વ્યાખ્યાન કરવાની કુશળતા હોય તો તે પણ જરૂર આ ગીતા–શાસ્ત્રનું વ્યાખ્યાન કરવા પોતાનું બુદ્ધિબળ અજમાવેજ.અને યથામતિ ગીતાના અર્થને તેમજ રહસ્યને પણ પ્રકાશમાં લાવવા પોતાનો ઉત્સાહ પૂરો કરે.

પૂર્વે થયેલા મોટા મોટા તત્ત્વદર્શી આચાર્યો, કે જેમણે આ ભૂમંડળમાં પોત-પોતાની સમય–શક્તિ પ્રમાણે અને મતિ–માન્યતા પ્રમાણે તેમના તેમના નામે સમ્પ્રદાયો પ્રવર્તાવ્યા છે. અને ભગવાન્

બાદરાયણ મુનિએ ઉપનિષદોનો તત્ત્વાર્થ સમ્પૂર્ણ વિચારીને બ્રહ્મસૂત્ર રચીને તે ઉપનિષદોનાજ અર્થનો પ્રકાશ કરેલો છે. તે **બ્રહ્મસૂત્ર** અને **ઉપનિષદો** તથા આ **ભગવદ્ગીતા** એમ એ ત્રણેયને **પ્રસ્થાનત્રયી** એવા નામે પ્રસિદ્ધ કહેવામાં અને માનવામાં આવે છે. આ પ્રસ્થાનત્રયીના મજબુત ટેકાઓ પોત-પોતાના સમ્પ્રદાયોને અનુકૂળ અર્થ કરી બતાવીને તે તે આચાર્યોએ ગોઠવેલા છે. અને પ્રસ્થાનત્રયીમાં પ્રતિપાદ્ય અર્થ અમારાજ મતને સર્વાંશે અનુકૂળ છે. એમ સાબીત કરવા એ ત્રણેયના ઉપર મોટાં મોટાં ભાષ્યો અને ટીકાઓ પણ રચ્યાં-રચાવ્યાં છે.

આ પ્રસ્થાનત્રયીની ગોઠવણી એવી છે કે-વેદના સાર-શિરોભૂત ઉપનિષદોમાં બ્રહ્મવિચાર કરેલો હોવાથી એ ઉપનિષદોના મહત્ત્વપૂર્ણ અર્થને સમ્પૂર્ણ વિચારીને એ અર્થને સંક્ષેપમાં બતાવવા માટે વ્યાસમુનિએ બ્રહ્મસૂત્રની રચના કરી છે અને તેમાં ઉપનિષદોનાજ ગૂઢાર્થના ઉકેલ અનુક્રમે બતાવ્યા છે. માટે ઉપનિષદોનુંજ બીજું સ્વરૂપ એ **બ્રહ્મસૂત્ર** છે. આ બ્રહ્મસૂત્રો બ્રહ્મને—પરબ્રહ્મ પરમાત્માને પ્રતિપાદન કરનારાં હોવાથી **બ્રહ્મસૂત્રો** એમ કહેવાય છે. અને જડ-ચેતનાત્મક સઘળું જગત્ પરમાત્માનું શરીર છે. અને પરમાત્મા એના શરીરી છે. માટે શરીરી એવા પરમાત્માને પ્રતિપાદન કરે છે માટે એ **શારીરક સૂત્ર** એમ કહેવાય છે. અને એના રચનારા સ્વયં વ્યાસમુનિ છે માટે **વ્યાસસૂત્ર** એમ પણ કહેવાય છે.

અને આ **ભગવદ્ગીતા** તો ઉપનિષદોનોજ સાર છે. એમ સ્વયં **વ્યાસ-મુનિજ** કહેછે- "**सर्वोपनिषदो गावो दोग्धा गोपालनन्दनः । पार्थो वत्सः सुधीर्भोक्ता दुग्धं गीतामृतं महत्** " "સઘળાં ઉપનિષદો એ ગાયો છે. અને સ્વયં ગોપાળનન્દન-દોહન કરવામાં સહજ-સિદ્ધ ગુણસમ્પન્ન એવા ભગવાન શ્રીકૃષ્ણ તો દોહન કરનારા છે. અને પૃથાપુત્ર અર્જુન તો વત્સને સ્થાને પ્રથમ રસ ગ્રહણ કરનારા ભગવદ્વાત્સલ્યના પરમ પાત્રભૂત છે. અને તે પછીના સારી નિપુણ બુદ્ધિવાળા જનો એ ગીતામૃતના ભોક્તા-રસાસ્વાદન કરનારા છે. અને આ ગીતારૂપ અમૃત તો એ ઉપનિષદ્રૂપ ગાયોનું દુધ છે. અને તે મહા—અમૃત બીજા અમૃતની પેઠે ક્ષણિક આનન્દ અને તૃપ્તિ કરનારૂં નહિ, પણ આત્યન્તિકી મુક્તિરૂપ શાશ્વત શાન્તિને આપનારૂં પરમ અમૃત છે." એમ આ ગીતા પણ ઉપનિષદોનુંજ સારભૂત દોહન હોવાથી એનું બીજું સ્વરૂપજ છે. અને તેથીજ એ ગીતાના અધ્યાયની સમાપ્તિમાં-"**इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायाम्**"એમ **ઉપનિષદ્** અને **બ્રહ્મવિદ્યા** એવાં બે વિશેષણો જોડીને ગીતાનું ઉપનિષદ્ અને બ્રહ્મવિદ્યાની સાથે એકતારૂપ સમાનપણું સિદ્ધ કરી આપે છે.

આ પ્રમાણે **ઉપનિષદ્**, **બ્રહ્મસૂત્ર** અને **ભગવદ્ગીતા**, એ ત્રણેયને **પ્રસ્થાન**-તત્ત્વનિર્ણય કરવાનું પ્રકૃષ્ટ સ્થાન એમ માનવામાં આવે છે. અને પૂર્વે થયેલા ઘણા-ખરા મોટા મોટા આચાર્યોએ આ પ્રસ્થાનત્રયી ઉપર ભાષ્યો રચેલાં છે. અને વળી—આ ગીતા ઉપર તો પ્રાચીન અને અર્વાચીન તેમજ પૌર્વાત્ય અને પાશ્ચાત્ય એવા ઘણા વિદ્વાનોએ અનેક વ્યાખ્યાઓ પોત—પોતાની સમય-શક્તિ પ્રમાણે અને મતિ-માન્યતા પ્રમાણે રચી છે. અને તે જગત્માં અનેક મત—મતાન્તરોમાં અને દેશ-દેશાન્તરોમાં પણ પ્રસિદ્ધ જોવા-જાણવામાં આવે છે.

તેમાં કેટલાક આધુનિક લેખકોએ તો--વ્યાસમુનિ વિરચિત બ્રહ્મસૂત્રના માર્ગનો પણ વિચાર નહિ કરતાં, તેમજ--ઉપનિષદોના માર્ગને કે સિદ્ધાન્તને પણ નહિજ વિચારતાં અને વળી પૂર્વના મોટા મોટા આચાર્યોએ એ બ્રહ્મસૂત્ર અને ઉપનિષદોની સાથે આ ગીતાની કરેલી એકવાક્યતાને કે એકાર્થતાને પણ લક્ષ્યમાં નહિ લેતાં, કેવળ પોતાનીજ મતિ--માન્યતા પ્રમાણે આ ગીતાનું વ્યાખ્યાન કરેલું છે. અને હાલમાં કેટલાય કરે છે. અને આવા બધા સ્વતંત્ર વિચારથી લખનારાઓ હાલમાં મોટા વિચારકો પણ મનાય છે.

પરન્તુ— જ્યાં સુધી એ લેખકો કે વિચારકો બ્રહ્મસૂત્ર અને ઉપનિષદોનો સમ્પૂર્ણ વિચાર કરીને તેના અર્થનો નિર્ણય કર્યા સિવાય એકલી ગીતા ઉપર ગમે તેટલા તરંગી વિચારો દોડાવે તોય તે પ્રસ્થાનત્રયીના સમ્પૂર્ણ વિચારકો તો નજ કહેવાય. અને પૂર્વાચાર્યોની પદ્ધતિ પ્રમાણે એ પ્રસ્થાનત્રયીના પરસ્પરના મેળ વિનાનો કેવળ સ્વમતિકલ્પિત નિર્ણય સર્વમાન્ય પણ નજ ગણાય. માટે એ નવા આધુનિક લેખકોએ ગીતાનો અર્થ વિચારવાના સમયે બ્રહ્મસૂત્ર અને ઉપનિષદોને પોતાની દૃષ્ટિ આગળ ખડાં રાખવાંજ જોઇએ. અને તોજ એ ખરા વિમર્શક કહેવાય.

આ બાબતમાં અધિક કહેવાથી શો વિશેષ છે? કેમકે–જેને જેને પોતાના શ્રેયઃસાધનની ઇચ્છા હોય તેવા સહુ–કોઇ આ પરમ પાવન ગીતામૃતનું સેવન કરેજ એ સ્વાભાવિક અને સમઝાય તેવું છે વ્યવહાર માર્ગમાં રહેલા પ્રવૃત્તિ માર્ગને અનુસરનારા વ્યવહાર કાર્યમાં કુશળ પુરૂષો પણ આ ગીતામૃતનો આસ્વાદ લેતાં લેતાં પોતાના કર્મયોગને અકર્મતારૂપે પરિણમવા પ્રયત્ન કરે છે. અને તેથીજ હાલના જમાનામાં કર્મમાર્ગમાં પડેલા ઘણાય સજ્જનો ગીતા–પુસ્તકને **"पुस्तकं हस्तभूषणम्"** એમ શોભારૂપ માનીને પણ અખંડ હાથમાં રાખતા જોવામાં આવે છે. અને ગીતાના અખંડ અભ્યાસથી કેટલાક તો મોંઢે પણ ગીતાના શ્લોક બોલીને પોતાના જ્ઞાનનો પરિચય કરાવે છે. અને એમ ગીતાભ્યાસ કરતાં કરતાં એમનો કર્મમાર્ગ જ્ઞાનરૂપતાને પામીને અન્તે અકર્મતામાં પરિણમે તો તેમાં આપણાથી ના પણ કેમ કહી શકાય? આ ગીતામૃતજ એવું છે કે–સહુ–કોઇ એનું સેવન કરી શકે. અને અર્થની અતિ ગંભીરતા હોવા છતાં ભાષા અને શૈલી સરલ અને સરસ હોવાથી સહુ–કોઇને સુગમ પણ છેજ. અને ગીતામૃતના પ્રવાહના વહનમાત્રથીજ વાચકવર્ગને અત્યુત્તમ જ્ઞાનમય આનન્દને આપનારૂ હોવાથી સર્વ સન્તાપ માત્રને સર્વથા શમાવનારૂં પણ છે. તો આવા સહજ આનન્દને પમાડનારા ગીતારૂપ અમૃતને પોતાના શ્રેયની ઇચ્છાવાળો કયો પુરૂષ ન સેવે? સહુ–કોઇ સેવેજ.

પરન્તુ–આવી અતિ ગહન ગીતાના આશયને પ્રકાશમાં લાવવા પ્રયત્ન કરનારાઓ ગમે તેટલા બુદ્ધિમાન અને ચતુર હોય તો પણ પ્રાચીન આચાર્યોએ જે જે અતિ પ્રૌઢ વિચારોથી ભરપૂર વ્યાખ્યાનો લખેલાં છે. તેનું ઉલ્લંઘન કરીને તેથી વધારે સારો અર્થ બતાવી શકાય એમ છેજ નહિ. એટલુંજ નહિ બલ્કે–તેમના જેવો પણ અર્થ વ્યવસ્થિત રીતે બતાવી શકાય એમ પણ નથીજ.

જો કે—વસ્તુસ્થિતિ આ પ્રમાણેજ છે. અને તે તે આચાર્યોએ પોત--પોતાના મત–માન્યતા પ્રમાણે સઘળો અર્થ બતાવ્યો છે. છતાં પણ આ ગીતામૃતનો સ્વાદજ એવો છે, કે–તે સ્વાદને અનુભવીને પોતાની વાણીને સફળ કરવા કયો સજ્જન ન આકર્ષાય? માટે અમારો પણ આ અલ્પ પ્રયાસ પ્રાંશુપ્રાપ્ય ફળપ્રાપ્તિને માટે વામનપ્રવૃત્તિ જેવો હાસ્યાસ્પદ હોવા છતાં એ ગીતામૃતના આસ્વાદન માટે વાણી તેમાં આપો–આપજ પ્રવૃત્ત થાય છે. અને તે બુદ્ધિના અંકુશથી રોકવા છતાં પણ પોતાની ચપળતા પ્રકાશ કરે છે. એ ગીતામૃતનોજ મહિમા છે.

આ ભૂમંડળમાં ધર્મના સંસ્થાપન માટે અવતરેલા ભગવાન શ્રીકૃષ્ણે ધર્મ–અધર્મના વિવેકને ચૂકીને વિચાર-વમળમાં ગોથાં ખાતા અર્જુનને તેનો ખરો ધર્મ સમઝાવવા માટે આ ગીતાનો સ્વમુખથી આવિર્ભાવ કરેલો છે. અર્જુનને વિવેક ચૂકવામાં મોટા હેતુ તો સ્વજનો તરફનો અને ભીષ્માદિક વડીલો તરફનો ઉભરાતો પૂજ્યભાવ ભરેલો સ્નેહ અને કારૂણ્ય એ બન્નેના સંયોગથી થઇ આવેલો શોકાતિશયજ છે. અને એજ મુખ્ય હેતુ ગીતાના આવિર્ભાવમાં પૂર્વના યામુનાચાર્ય વિગેરેએ જણાવેલોછે–

હવે–આ ગીતામાં ભગવાને ઉપદેશેલા અર્થનો વિમર્શ કરતાં એમ જણાય છે કે–**"कर्मयोगो ज्ञानयोगो भक्तियोग इति त्रयम्। क्रमान्निःश्रेयसद्वारं शास्त्रेऽस्मिन् प्रतिपाद्यते"** ॥

કર્મયોગ, જ્ઞાનયોગ અને **ભક્તિયોગ** એમ એ ત્રણ અનુક્રમે આત્યન્તિક મોક્ષના દ્વારભૂત કહો કે હેતુભૂત કહો પણ એ ત્રણેય આ શાસ્ત્રમાં પ્રતિપાદન કરવામા આવ્યા છે.

અહીંઆં કોઇને એમ શંકા થાય ખરી કે--અર્જુન આ વખતે ક્યાં મોક્ષાર્થી થઇને ઉભો હતો ? કે જેથી ભગવાને તેને મોક્ષના દ્વારભૂત આ ત્રણેય યોગનો ઉપદેશ કર્યો છે.

પરન્તુ--ખરી રીતે જોતાં અર્જુન પાપથી તો ખરે-ખરી રીતે ભય પામીજ ગયો હતો. અને તેથીજ તો એણે એમ કહ્યું કે—

" पापमेवाश्रयेदस्मान् हत्वैतानाततायिनः ।
अहो बत ! महत्पापं कर्तुं व्यवसिता वयम् ॥
तस्मान्नार्हा वयं हन्तुं धार्तराष्ट्रान् स्वबान्धवान् "॥

" આ આતતાયીઓને મારીને તો અમને પાપજ લાગે, અરેરે અમે આવું મોટું પાપ કરવાના નિશ્ચય ઉપર આવી ગયા. માટે અમારા બાન્ધવો ધૃતરાષ્ટ્રના છોકરાઓને અમે હણવાને યોગ્ય નથીજ. અર્થાત્ અમે નહિજ મારીએ." આમ કવખતે ભમી ગયેલા અર્જુનને ઠેકાણે લાવીને યુદ્ધમાં પ્રવર્તાવવાજ ભગવાને કર્મયોગનો ઉપદેશ કરવાનો આદર કરી દીધો. નહિ તો એને પાપથી થઇ આવેલો ભય શમે એમ હતુંજ નહિ. પાપની અતિ શંકાથી પણ ભય તો લાગેજ. કદાચ એમ માનો કે ક્ષત્રિયોને યુદ્ધ કરવું એ ધર્મ છે. તો પણ ધર્મને બ્હાનેય યુદ્ધ કરવું અને સામાને મારવું એ પાપનું શંકાસ્થાન તો છેજ. ક્ષત્રિયોને યુદ્ધ કરવાની આજ્ઞા છે. માટે આજ્ઞા હોવાથી પાપ નથી એમ માને, તો આજ્ઞાવચન તો બન્ને પ્રકારનાં છે. માટે પુણ્ય-પાપ એ બન્નેય સરખો રીતેજ લાગે. અને વળી જેનું હૃદય દયાથી દ્રવતું હોય તો તેને **વેદાજ્ઞાથી** પણ પ્રત્યક્ષ દેખાતા માનવસંહારમાં પ્રવર્તવાનું હૃદયમાં કબુલજ કેમ થાય ? એમ ધારીને ભગવાને જે માર્ગમાં પાપ નથી તેવો કર્મયોગરૂપ માર્ગ અનુસરવાનું સમઝાવ્યું. કે માણસ-માત્ર દરેક કર્મના ફળમાં કામનાથીજ ફસાય છે. અને " આનો કર્તા હું છું " " મને આ કામ કરવાથી પુણ્ય થશે, કે—આનાથી પાપ થશે." એવી એવી કામનાઓના અભિમાનથી તે તે કર્મથી પુણ્ય-પાપ લાગે છે. માટે—

" त्यक्त्वा कर्मफलासङ्गं नित्यतृप्तो निराश्रयः ।
कर्मण्यभिप्रवृत्तोऽपि नैव किञ्चित् करोति सः ॥"

" કર્મના ફળમાં આસક્તિ અને કર્મના કર્તાપણાનું અભિમાન છોડી દઇને નિત્ય તૃપ્ત અને નિરાશ્રય થઇને કર્મમાં પૂરેપૂરો પ્રવર્તેલો જણાતો હોય તો પણ તે કાંઇજ કરતો નથી. "

હવે—કર્મમાં અને કર્મના ફળમાં આસક્તિ પણ સ્વસ્વરૂપના અજ્ઞાનથીજ થાય છે. આત્મસ્વરૂપને યથાવસ્થિત નહિ સમઝનારાઓનેજ ફળકામના છુટતી નથી. અને એવા અવિદ્વાનો--અજ્ઞાનીઓજ ઇચ્છાઓથી ભરપૂર અને સ્વર્ગાદિકનેજ મુખ્ય ફળરૂપે માનનારા જન્મ, કર્મ અને અનેક પ્રકારનાં ફળ ભોગવાવનારી અને ઉપરથી વર્ણન કરતી વખતે બહુજ સુન્દર નવા ખીલેલાં પુષ્પ સમાન આપાતરમ્ય લાગતી ભાષાઓ બોલે છે. અને જે જ્ઞાનસ્વરૂપ આત્મતત્ત્વને જાણે છે. તેઓને તો કામનાયે શામાં હોય ? અને કોઇ ઉપર દ્વેષ પણ શેનો હોય ? એ તો ગુણમય શરીરના સંસર્ગથી પ્રારબ્ધયોગે પ્રાપ્ત થયેલા ક્ષત્રિયના કે બ્રાહ્મણના પોત-પોતાના કર્મમાં પ્રવર્તવા છતાં પણ "ગુણોજ ગુણોમાં વર્તીને ગુણનાં કાર્ય કર્યા કરે છે." એમ ધારતાં ધારતાં લાભ-અલાભમાં અને સુખ-દુઃખમાં પણ સમાન વર્તનારો થઇ જાય છે.

આવા જ્ઞાનપ્રધાન બુદ્ધિયોગ પામેલા પુરૂષને પોત-પોતાનાં સ્વભાવપ્રાપ્ત કર્મ કરતાં છતાં પણ પુણ્યનો કે પાપનો પ્રસંગજ રહેતો નથી. અર્થાત્ એવાને કર્મ લાગતુંજ નથી આ સઘળો અર્થ ભગવાને નીચેના શ્લોકથી બતાવ્યો છે—

" योगस्थः कुरु कर्माणि सङ्गं त्यक्त्वा धनञ्जय ! ।
सिद्ध्यसिद्ध्योः समो भूत्वा समत्वं योग उच्यते ॥
दूरेण ह्यवरं कर्म बुद्धियोगाद्धनञ्जय ! ।
बुद्धौ शरणमन्विच्छ ! कृपणाः फलहेतवः ॥
बुद्धियुक्तो जहातीह उभे सुकृतदुष्कृते ।
तस्माद्योगाय युज्यस्व ! योगः कर्मसु कौशलम् ॥
सुखदुःखे समे कृत्वा लाभालाभौ जयाजयौ ।
ततो युद्धाय युज्यस्व ! नैवं पापमवाप्स्यसि " ॥

" સિદ્ધિ–અસિદ્ધિમાં સમત્વરૂપ યોગમાં રહીને હે ધનંજય ! સંગ–આસક્તિ છોડી દઈને સ્વભાવ પ્રાપ્ત કર્મ કર ! અને સિદ્ધિ—અસિદ્ધિમાં સમ ભાવ રાખવો એજ યોગ કહેવાય છે. હે ધનંજય ! બુદ્ધિયોગ કરતાં કર્મ તો ઘણુંજ અવર–કનિષ્ઠ ઉતરતું છે. માટે તું બુદ્ધિમાં શરણ–સ્થિરતા રાખ ! ફળમાં હેતુભૂત કર્મ તો કૃપણ–અતિ દીન–હીન છે. આ લોકમાં બુદ્ધિયોગ પામેલો જન સુકૃત—દુષ્કૃત એ બન્નેનો ત્યાગ—નિવારણ કરી શકે છે. માટે તુ બુદ્ધિયોગને માટેજ પ્રયત્ન કર ! બુદ્ધિયોગ એજ કર્મમાં કુશળતા છે. સુખ–દુઃખ એ બન્નેને સમાન કરીને–ગણીને, તેમજ લાભ–અલાભ અને જય—પરાજય એ સર્વને સરખાંજ સમઝીને પછી તું યુદ્ધને માટે તૈયાર થા ! અને એમ કરવાથી તને પાપ લાગશેજ નહિ. '

તો આ રીતે સ્વધર્મભૂત યુદ્ધમાં પણ પાપની અતિશંકા લાવીને ભય પામનારા અર્જુનને એ પાપ થકી ભય નિવારણ કરવા માટે ઉપદેશેલો આ કર્મયોગ ખરે–ખર મોક્ષના દ્વારભૂત થાય છેજ.અને એ કારણથીજ મોક્ષાર્થી–મુમુક્ષુ જનો જ્ઞાનયોગની સિદ્ધિ માટે કર્મયોગનેજ પ્રથમ સ્વીકારે છે. અને કર્મયોગદ્વારા જ્ઞાનયોગ અને તે દ્વારા પરંપરાએ ભક્તિયોગ અને તેનાથી આત્યન્તિક મોક્ષને પામે છે. એમ સર્વમાં મૂળભૂત–પ્રધાન કારણભૂત કર્મયોગજ છે. માટે પ્રથમ કર્મયોગનોજ ઉપદેશ કરેલો છે.

અને જ્ઞાનયોગનો ઉપદેશ ભગવાને અર્જુનને કર્યો છે. તે પણ કર્મયોગના શેષપણેજ બંધ બેસતો આવે છે. કેમકે–પુણ્ય—પાપનો સંબંધ પોતાને ન લાગે એમ ઇચ્છનારાએ કર્મ કરવા છતાં પણ ન કરનારની માફકજ રહેવું જોઇએ, ત્યારે એવી નિર્બન્ધ સ્થિતિ જ્ઞાનયોગ સિવાય કેવી રીતે હોઈ શકે ? અને ગીતા તો સ્પષ્ટ કહે છે—

कर्मणो ह्यपि बोद्धव्यं बोद्धव्यं च विकर्मणः ।
अकर्मणश्च बोद्धव्यं गहना कर्मणो गतिः ॥
कर्मण्यकर्म यः पश्येदकर्मणि च कर्म यः ।
स बुद्धिमान् मनुष्येषु स युक्तः कृत्स्नकर्मकृत् ।
यस्य सर्वे समारम्भाः कामसङ्कल्पवर्जिताः ।
ज्ञानाग्निदग्धकर्माणं तमाहुः पण्डितं बुधाः " ॥

કર્મના સંબંધમાં પણ ઘણું જાણવા જેવું છે. તેમજ વિકર્મના સંબંધમાં પણ ઘણું સમઝવાનું છે. અને અકર્મ–વ્યાપારશૂન્યતાના સમ્બન્ધમાં પણ ઘણુંજ જાણવાનું છે. કેમ કે–કર્મની ગતિ અતિ ગહન–દુર્જ્ઞેય અને વિચિત્રતા ભરેલી છે. અને વળી કર્મમાં અકર્મ–જ્ઞાનને જે જુએ છે–જાણે

છે. અને અકર્મમાં–કર્મશૂન્યતામા જે કર્મ જુએ છે–જાણે છે. એ માણસજ સર્વ મનુષ્યોમાં બુદ્ધિમાન છે. અને એજ યોગ્ય–મોક્ષને યોગ્ય ખરો સમજુ છે. અને સઘળાં કર્મ કરનારો પણ એજ છે. જેને સર્વ સમારંભો ઇચ્છાપૂર્વકના સંકલ્પ સિવાયજ હોય છે. અને જ્ઞાનાગ્નિથી–બુદ્ધિયોગથી સર્વકર્મોને જે બાળી દે છે–નિષ્ફળ કરે છે. એનેજ ડાહ્યા–સમજુ માણસો પંડિત કહે છે."

આ કામ–સંકલ્પનો સર્વથા વિરામ થવો એ તો આત્મતત્ત્વને યથાર્થ જાણનારા જ્ઞાની–જનોનેજ થાય છે. "આ હું કરૂં છું." "આ મારૂં છે." આવી આવી વિપરીત ભાવનાઓથીજ કામ–સંકલ્પની પરમ્પરાઓ અવિરતપણે ચાલ્યાજ કરે છે. અને તેથીજ—"**अहङ्कारविमूढात्मा कर्ताहमिति मन्यते**" દેહાત્મભાવની દૃઢતારૂપ અહંપણાને લીધે અતિ મૂઢ મતિવાળો માણસ '**હુંજ કર્તા છું.**' એમ માને છે. અને એવા મૂઢ અજ્ઞ જનોને કામ–સંકલ્પનો વિરામ થવાનો સંભવ પણ હોતો નથી. અને જે "**હું કાંઇ કરનારો નથી.**" "**અને મારૂં કાંઈ છે પણ નહિ.**" આવી જ્ઞાનપ્રધાન નિર્મમત્ત્વ ભાવના રાખનારને કોઇ ઇચ્છાય રહેતી નથી. અને કોઇ સંકલ્પ પણ ઉઠતો નથી. કારણ કે–" હું અને આ સઘળુંય વિશ્વ બ્રહ્માત્મકજ છે." એવી બ્રહ્મ–ભાવના અખંડ રાખનારને વિપરીત ભાવનાનો પ્રસંગજ ક્યાંથી હોઈ શકે? એવાને તો–"**ब्रह्मार्पणं ब्रह्म हविर्ब्रह्माग्नौ ब्रह्मणा हुतम्**" એમ આખરે સર્વ કર્મ બ્રહ્માત્મકજ–બ્રહ્મસમર્પણરૂપજ થઇ જાય છે. અને એજ ખરી રીતે કર્મયોગનું ફળ છે. માટે અર્જુનનો ભય ટાળવા માટે કર્મયોગના ફળરૂપે જે આ જ્ઞાનયોગનો ઉપદેશ કરેલો છે. તે સર્વથા યુક્તજ છે. અને મુમુક્ષુ—સમજુ જનો તો પોત—પોતાના અધિકાર પ્રમાણે જ્ઞાનયોગ અને તેમાં ઉપયોગી કર્મયોગને યથા યોગ્ય ગ્રહણ કરીને તેનું બરોબર અનુષ્ઠાન કરે છે. અને એમ **કર્મયોગ, જ્ઞાનયોગ** અને એ બન્નેના ફળરૂપ **ભક્તિયોગને** આખરે સિદ્ધ કરીને ભગવત્પદને પામે છે.

અને આ પ્રમાણે વસ્તુસ્થિતિ હોવાથી આ ગીતામાં ભગવાને કરેલો ભક્તિયોગનો સદુપદેશ પણ કર્મયોગના ફળરૂપે બરોબર બંધ—બેસતો આવે છે.

કેવી રીતે આ બધુંય બંધ-બેસતું આવે છે તે હવે વિગતવાર કહી સમઝાવવા પ્રયત્ન કરાય છે—

કર્મયોગનું આચરણ કરનાર કર્મયોગી પુરૂષે પ્રથમ તો જે જે સાહજિક કર્મ કરવામાં આવે તેમાં પણ અકર્તાપણાની ભાવનાનું અનુસન્ધાન રાખવું જોઈએ. તે અનુસન્ધાનમાં બે પ્રકાર આ ગીતામાં ભગવાને ઉપદેશેલા જોવામાં આવે છે.

તેમાં એક તો એ કે—

"**न कर्तृत्वं न कर्माणि लोकस्य सृजति प्रभुः ।**
न कर्मफलसंयोगं स्वभावस्तु प्रवर्तते" ॥
"**प्रकृतेः क्रियमाणानि गुणैः कर्माणि सर्वशः ।**
अहङ्कारविमूढात्मा कर्ताहमिति मन्यते" ॥
"**इन्द्रियाणीन्द्रियार्थेषु वर्तन्त इति धारयन् ।**
नैव किञ्चित् करोमीति युक्तो मन्येत तत्त्ववित्" ॥
"**गुणा गुणेषु वर्तन्ते इति मत्वा न सज्जते**" ।
प्रकृत्यैव च कर्माणि क्रियमाणानि सर्वशः ।
यः पश्यति तथात्मानकर्तारं स पश्यति "॥

"સર્વનિયન્તા પ્રભુ શ્રીહરિ આ સઘળા લોકનાં કર્મ અને તે કર્મનું કર્તૃત્વ તેને પોતે સર્જતા નથી. તેમ કર્મફળના સંયોગને પણ નથીજ જોડી આપતા, ત્યારે આ સઘળું બને છે કેમ? તો

કે એ કર્મનો સ્વભાવજ એવો છે, કે-કર્મ થયા પછી આગળ ફળરૂપે પરિણમવા ભગવત્સંકલ્પના બળથીજ પ્રવર્ત્યા કરે છે. પ્રકૃતિના ગુણોથી કરાયેલાં સઘળાં કર્મને અહંકારથી વિમૂઢ બુદ્ધિનો માણસ "હું જ કર્તા છું." એમ માની બેસે છે. પ્રકૃતિનાં સર્જ્યાં અને પ્રકૃતિએ પ્રેરાયેલાં ઇન્દ્રિયોજ ઇન્દ્રિયોના અર્થોમાં-વિષયોમાં પ્રવર્તે છે. એમ ધારતાં ધારતાં તત્ત્વવેત્તા યુક્ત-જ્ઞાની જન "હું કાંઈ કરતો નથી." એમજ માને છે. ગુણો-ગુણોનાં કાર્યભૂત ઇન્દ્રિયો, ગુણોમાં-ગુણોના કાર્યભૂત વિષયોમાં પ્રવર્તે છે. એમ પોતે માનીને તેમાં આસક્ત થતો નથી.

આ પ્રમાણે સહજ પ્રવર્તતાં કર્મમાં અકર્તૃત્વનું અનુસન્ધાન રાખીને કર્મ કરવા છતાં પણ તે કર્મના કર્તૃત્વનું અને તેના ફળનું અનુસન્ધાન નહિ રાખીને તેના અભિમાનનો ત્યાગ કરીને તટસ્થ વૃત્તિનો અભ્યાસ કરવો. એમ કરતાં કરતાં "આ સઘળું ગુણવૈચિત્ર્યનુંજ પરિણામ છે. અને હું તો એ સર્વથી ન્યારો નિર્લેપ છું" એવી દશા પ્રાપ્ત થાય અને ઉત્તરોત્તર શ્રેયઃસાધનમાં પ્રવર્તે.

બીજો પ્રકાર એવો છે કે—

"मयि सर्वाणि कर्माणि सन्न्यस्याध्यात्मचेतसा।
निराशीर्निर्ममो भूत्वा युद्धयस्व ! विगतज्वरः" ॥
"यत्करोषि यदश्नासि यज्जुहोषि ददासि यत्।
यत्तपस्यसि कौन्तेय ! तत्कुरुष्व ! मदर्पणम्" ॥
"ब्रह्मण्याधाय कर्माणि सङ्गं त्यक्त्वा करोति यः।
लिप्यते न स पापेन पद्मपत्रमिवाम्भसा" ॥
तस्मात्सर्वेषु कालेषु मामनुस्मर ! युद्धय ! च" ॥
"मन्मना भव ! मद्भक्तो मद्याजी मां नमस्कुरु !।
मामेवैष्यसि युक्त्वैवमात्मानं मत्परायणः" ॥
"मच्चित्ता मद्गतप्राणा बोधयन्तः परस्परम्।
कथयन्तश्च मां नित्यं तुष्यन्ति च रमन्ति च" ॥
"मत्कर्मकृन्मत्परमो मद्भक्तः सङ्गवर्जितः !
निर्वैरः सर्वभूतेषु यः स मामेति पाण्डव !" ॥
"ये तु सर्वाणि कर्माणि मयि सन्न्यस्य मत्पराः"।
"मय्येव मन आधत्स्व ! मयि बुद्धिं निवेशय !"
"अभ्यासेऽप्यसमर्थोऽसि मत्कर्मपरमो भव ! ॥
मदर्थमपि कर्माणि कुर्वन् सिद्धिमवाप्स्यसि"।
"मय्यर्पितमनोबुद्धिर्यो मद्भक्तः स मे प्रियः" ॥

"આત્મસ્વરૂપમાં એકાગ્ર કરેલા ચિત્તથી સઘળાં કર્મ મારામાંજ સમર્પણ કરી દઇને કોઈ ફળમાં પણ આશા નહિ રાખતાં નિર્મમત્વ થઇને શોક-મોહનો ત્યાગ કરીને યુદ્ધ કરવામાં જોડાઇ જા!" "તું જે કાંઈ કરે છે. જે કાંઇ ખાવાનો વ્યાપાર કરે છે. જે હોમે છે. દાન કરે છે. અને હે કૌન્તેય ! જે તપ આદિક કરે છે. તે સઘળુંય મારામાં અર્પણ બુદ્ધિ રાખીનેજ કર !" "જે પુરૂષ સઘળાં કર્મ બ્રહ્મમાં-પરમેશ્વરમાંજ અર્પણ કરીને કર્તૃત્વ-ભોક્તૃત્વ વિગેરે સંગ-આસક્તિ છોડી દઇનેજ કરે છે. તો તે પુરૂષ કમળનું પત્ર જેમ જળમાં રહેવા છતાં જળથી લેપાતું-ડૂબતું નથી તેમ પાપથી લેપાતોજ નથી." "માટેજ સર્વ કાળમાં મારૂં અવિરત સ્મરણ કર્યા કર ! અને યુદ્ધ પણ કર !" "મારામાંજ મન રાખનારો થા ! મારોજ ભક્ત-ઉપાસક થા ! મારૂંજ પૂજન કરનારો થા ! મનેજ નમસ્કાર કર !

અને આ પ્રમાણે તારા મનને મારામાંજ જોડીને–એકાગ્ર કરીને મત્પરાયણ થઇને અન્તે મનેજ પામીશ." " મારા ભક્તો મારામાંજ ચિત્તવાળા થઇને મારામાંજ જેમણે પ્રાણ સુદ્ધાં અર્પણ કર્યા છે. અને પરસ્પર મારા સ્વરૂપનોજ બોધ કરતા કરતા અને નિત્ય–નિરન્તર મારૂંજ કથન–કીર્તન કરતા કરતા રાજી રહે છે. અને આનંદ કરે છે. " "મારા સમ્બન્ધવાળાજ કર્મ કરનારો, હુંજ જેને સર્વ ક્રિયામાં પ્રધાન છું, સર્વમાં સંગ–આસક્તિએ વર્જીત અને સર્વ ભૂત–પ્રાણી માત્રમાં નિર્વૈર–અજાતશત્રુ એવો જે મારો ભક્ત તે હે પાણ્ડવ ! મનેજ પામે છે. " " જે જનો તો સર્વ કર્મ મારામાંજ સમર્પણ કરીને મત્પરાયણ વર્તનારા છે. " " મારામાંજ મન એકાગ્ર કરીને સ્થિર રાખ ! અને બુદ્ધિને પણ મારામાંજ પરોવી દે ! " "આવો અભ્યાસ કરવામાં પણ જો તું અસમર્થ હોય તો મારા સમ્બન્ધવાળાંજ કર્મ કરવામાં પરોવાઇ જા ! કેમકે–સર્વ કર્મ મારે માટેજ કરતાં કરતાં પણ તું સિદ્ધિને પામી જઇશ. " " મારામાંજ મન અને બુદ્ધિ આદિકને એકાગ્ર રાખનારો જે મારો ભક્ત તેજ મને પ્રિય છે. "

આવાં આવાં ઘણાંક વાક્યો પ્રમાણે સર્વેશ્વર, સર્વનિયન્તા, સર્વના અન્તર્યામી અને સર્વના શરીરી—ધારક સ્વામી એવા ભગવાન્ શ્રીહરિમાંજ મુખ્યત્વે કર્તૃત્વને અર્પણ કરીને " **હું તો કાંઇ કરતોજ નથી તે ભગવાનજ મારા નિયન્તા—સ્વામી છે. અને મારા આત્મા પણ એજ છે. માટે એજ સઘળું કરાવે છે.** " એમ ભગવાનમાંજ કર્તૃત્વ ધારીને કર્મ કરવું. અને આ પ્રમાણે જ્યારે કર્તૃત્વનો ભાર છોડી દે છે. ત્યારે " **સર્વ કર્મથી સમારાધ્ય તો એક ભગવાનજ છે.** " એમ સર્વ કર્મની ઇશ્વરાર્પણ બુદ્ધિથીજ ફળાસક્તિ આદિકનો સંકલ્પ પણ સર્વથા શમી જાય છે. અને જ્યારે ભગવાનને સર્વનિયન્તા અને સર્વના અન્તર્યામી આત્મા જાણે છે. ત્યારે " મારા આત્મા અને અન્તર્યામી અને મારા શરીરી—સ્વામી પણ એજ છે " એમ દઢ નિશ્ચય થવાથી પોતાના આત્મામાં સ્વતંત્રતાની ભ્રમણા દૂર થઇ જાય છે. અને સર્વથા સ્વતંત્ર તો એક ભગવાનજ છે. એમ દઢ પ્રતીતિ થવાથી કર્તૃત્વ—ભોક્તૃત્વની પણ આપો–આપ નિવૃત્તિ થઈ જાય છે. અને–" **शुभाशुभफलैरेवं मोक्ष्यसे कर्मबन्धनैः** " આવી ભગવાનની પ્રતિજ્ઞા પ્રમાણે સારાં–નરસાં ફળ આપનારાં સઘળાં કર્મબન્ધનોથી છૂટીજ જાય છે.

હવે–આ જે બીજો પ્રકાર કહ્યો તે પરમેશ્વર શ્રીહરિમાં જેને દઢ ભક્તિ હોય છે. તેનેજ પ્રાપ્ત થાય છે. માટે આ ગીતામાં કર્મયોગના ઉપદેશ પ્રસંગે પોતાના અનન્ય એકાન્તિક ભક્તવર્ય પૃથાપુત્ર અર્જુનના પ્રત્યે જે ભક્તિયોગનો ઉપદેશ કર્યો છે. તે યથાર્થ બન્ધ બેસતોજ છે. પણ–" કર્મયોગના પ્રસંગે ભક્તિયોગની શી જરૂર હતી ? કે અહીંઆં તેનો ઉપદેશ ભગવાને કર્યો છે." એવી શંકાનો લેશ પણ અવકાશ નથી. અને વળી આ જગત્માં જે મુમુક્ષુ—મોક્ષાર્થી ડાહ્યા જનો છે તે તો આ ગીતામાં ભક્તિયોગનેજ પ્રધાનપણે ઉપદેશેલો દેખે છે. અને માને છે. અને કર્મયોગ તેમજ જ્ઞાનયોગને તો તે ભક્તિયોગના શેષરૂપે અંગ તરીકે ઉપકારક માને છે. માટે આ ગીતામાં ભગવાને મુખ્યત્વે ભક્તિયોગનોજ ઉપદેશ કર્યો છે. અને તેમાં ઉપકારક હોવાથી તેના અંગરૂપે કર્મયોગ અને જ્ઞાનયોગનો ઉપદેશ કરવામાં આવ્યો છે. એમ કોઇ માને તો તે સર્વથા યુક્તજ છે. પણ એમાં લવ–લેશ શંકાનો અવકાશજ નથી.

વળી—વસ્તુતાએ આ સઘળાનો તાત્વિક દષ્ટિએ વિચાર કરીએ તો આ સઘળું શંકા–સમાધાન ઉપલક દષ્ટિએ જોનારને માટેજ છે. કેમકે–આ જગત્માં પ્રવર્તેલાં સઘળાં શાસ્ત્રો કોઇ એક વ્યક્તિને માટેજ છે. એમ તો છેજ નહિ. જુદા—જુદા સમયે ભિન્ન ભિન્ન અધિકારીઓને ઉદ્દેશીને અનેક પ્રકારના દાખલા—દલીલો અને તાત્વિક—કાલ્પનિક ઐતિહાસિક કથાપ્રસંગોથી પણ પ્રાચીન મહર્ષિ વ્યાસાદિકોએ આ સંસારના બદ્ધ પ્રાણીઓને સંસૃતિ–ચક્રમાંથી છૂટવાને માટે સઘળાં શાસ્ત્રોની રચના કરી છે. અને આ સંસારમાં રહેલા મનુષ્યો પ્રાચીન કર્મના વશપણાને લીધે અનેક પ્રકારના

અધિકારિવર્ગમાં વહેચાઇ ગયેલા છે. કે જેનું વર્ગીકરણ કરવું પણ અતિ કઠિન છે. માટે "**त्रैगुण्यविषया वेदाः**" એમ ત્રિગુણ—પ્રકૃતિના વશમાં પડેલા સઘળા પ્રાણીઓને સરખા અધિકાર નહિ હોવાથી કોઇ પણ શાસ્ત્ર કે વ્યવહાર માર્ગ એકજ વિષયનું કે વસ્તુનું પ્રતિપાદન કરે તો તે સઘળાને માટે તો અધુરૂંજ નીવડે. માટે વેદો પણ અનેક પ્રકારની વાતો અધિકાર-ભેદથી કહે છે. એમ તેની વિવિધતા અને વિષમતાનું શમન કરવા માટે કહેવામાં આવે છે.

એજ પ્રમાણે પરમ કારૂણિક ભગવાન શ્રીકૃષ્ણે લડાઇના મેદાનમાં આવીને ભીષ્માદિક વડીલોને સામા જોઇને અને વળી સામા-સામી યુદ્ધના સૂચક શંખનાદો થઇ રહ્યા હતા તે વખતે કેવળ દયાના અને સ્નેહના વશપણાને લીધેજ યુદ્ધથી તેમજ સઘળા રાજ્યાદિકથી પણ સર્વથા નિવૃત્તિ પામેલા ધર્મભીરૂ અર્જુનને પ્રોત્સાહન આપવાના નિમિત્ત આ અમૂલ્ય સર્વશ્રેષ્ઠ શાસ્ત્રનો વિસ્તાર કર્યો છે. કે જે શાસ્ત્ર આ દુનીઆંમાં જે કોઇ પોતાનું શ્રેય ઇચ્છતો હોય તે સઘળાઓએ પોત-પોતાના અધિકારાનુસાર સર્વથા સંસેવન કરવા યોગ્ય છે. આવા સર્વસેવ્ય સર્વશ્રેષ્ઠ શાસ્ત્રમાં જેને જે જે વસ્તુઓ જોઇતી હોય તે સઘળી મળી આવે એમ છે. માટે અધિકારપરત્વે વિચાર કરતાં આ ગીતાશાસ્ત્રમાં **કર્મયોગ, જ્ઞાનયોગ, ભક્તિયોગ** અને સર્વશ્રેષ્ઠ અને સર્વસુલભ એવો **પ્રપત્તિયોગ** પણ ભગવાને નિરૂપણ કર્યો છે. આ દૃષ્ટિએ જોતાં આ ગીતાશાસ્ત્રના સમ્બન્ધમાં શંકાય શી ? અને સમાધાનેય શું ? એ બધુંય વિચારની પદ્ધતિએ બુદ્ધિવાદ કરનારાઓને આપાતમધુર લાગે એવું છે. માટે જેને જે રીતે આ શાસ્ત્ર વિચારવું હોય તે રીતે વિચારીને સ્વાભિમતાર્થ બતાવી શકે છે.

ભગવાન વેદવ્યાસ-મુનિએ આ દુનીઆંમાં જેનો જોટો ન મળે એવો અદ્ભુત અર્થથી ભરેલો **ભારત** નામે પ્રસિદ્ધ ઇતિહાસરૂપ એક મહાગ્રન્થ રચ્યો છે. અને ધર્મ, અર્થ, કામ અને મોક્ષ, એ ચારેય પુરૂષાર્થથી ભરેલો હોવાથી મુક્ત, મુમુક્ષુ, વિષયી અને પામર, એવા હરેક માણસે સંસેવન કરવા યોગ્ય સર્વોપયોગી એ ગ્રન્થ છે. આ ગ્રન્થની રચનામાં ભારતી લડાઇનું વર્ણન કરવાના પ્રસંગે ભગવાન શ્રીકૃષ્ણ અને ભક્ત અર્જુન એ એના સંવાદની રચના ગોઠવીને તે દ્વારા મોક્ષાર્થી મુમુક્ષુ જનોને પરમ હિત કરનારો સુગમ મોક્ષમાર્ગ સઘળા મનુષ્યોને સમઝાવવાના અભિપ્રાયથી આ મહાભારતમાં આ મહામૂલા ગ્રન્થની રચના કરીને આત્યન્તિકી મુક્તિમાં હેતુભૂત અનેક બ્રહ્મોપાસનની વિદ્યાઓથી ભરેલા ઉપનિષદોના પરમ સારસન્દોહરૂપ અર્થ સમઝાવ્યો છે. અને આ મોક્ષમાર્ગ બતાવવાના પ્રયોજનરૂપ અર્થની સિદ્ધિ આ ગ્રન્થને માટે માનવામાં આવે છે. માટે આ ગ્રન્થ રચવામાં ગ્રન્થકારની પ્રવૃત્તિ શા માટે અને એમનો અભિપ્રાય શો છે. એ બધું સ્પષ્ટજ છે.

વળી—આ ગીતાનું ખરૂ તાત્પર્ય શેમાં હશે એમ વિચારનારા કેટલાક વિચારકોનું એમ માનવું થાય છે કે-કર્મયોગમાંજ આ ગીતાનું ખરૂ રહસ્ય છે. કારણ કે—"**कर्मणैव हि संसिद्धिमास्थिता जनकादयः**" "**कर्मण्येवाधिकारस्ते**" "**न कर्मणामनारम्भान्नैष्कर्म्यं पुरुषोऽश्नुते**" "**नियतं कुरु कर्म त्वं कर्म ज्यायो ह्यकर्मणः । शरीरयात्रापि च ते न प्रसिद्ध्येदकर्मणः** " ॥ **सहजं कर्म कौन्तेय ! सदोषमपि न त्यजेत्** "। "પૂર્વના જનકાદિક રાજાઓ કર્મ કરવાથીજ સંસિદ્ધિને પામી ગયેલા છે." "કર્મમાંજ તારો અધિકાર છે." "કર્મનો આરંભ નહિ કરવાથી નૈષ્કર્મ્ય-જ્ઞાનસિદ્ધિને પણ પુરૂષ નથી પામતો" "તને અવશ્ય લાગેલાં કર્મ તો કર્યાજ કર !અકર્મ-કર્મ છોડી દઇને આળસુ રહેવા કરતાં કર્મ કરવું એ ઘણુંજ સારૂં છે. અને એમ મુદ્દલ કર્મજ છોડી દેવાથી તો તારે શરીરનિર્વાહ પણ નહિ સિદ્ધ થાય." "હે કૌન્તેય ! સહજ—સ્વભાવપ્રાપ્ત કર્મ તો સદ્દોષ—ન્યૂન ગુણવાળું હોય તોય તેને તજવું ન જોઇએ."

આવાં આવાં વચન પ્રમાણે જોતાં કર્મની કેટલી અવશ્ય જરૂર છે. એ સમઝાય એવું છે. આ ઉપરથી આ ગીતાનું તાત્પર્ય કર્મ–માર્ગમાંજ છે. અને આખી ગીતા કહીને પણ આખરે અર્જુનને યુદ્ધ કરવારૂપ કર્મમાંજ જોડયો. માટે એ વાત બરોબર એમજ છે, એમ તેઓ કહી શકે પણ ખરા. અને યુદ્ધ-કર્મથી નિવૃત્તિ પામેલા અર્જુનને કર્મ–માર્ગમાં પ્રવર્તાવવા તો ભગવાને ઉપદેશનો આરંભ કર્યો. માટે ભગવાન શ્રીકૃષ્ણ પોતે પૃથાપુત્ર અર્જુનને કર્મમાં પ્રવર્તાવવા માટેજ આ સઘળો ઉપદેશ કરવા પ્રવર્ત્યા હતા. આ હકીકત ઉપલક દૃષ્ટિએ જોનારને તો સત્યજ લાગે, પરન્તુ–ભગવાને અહીંઆં કરેલી કર્મ–માર્ગના ઉપદેશની પ્રવૃત્તિ જે જ્ઞાનયોગ વિગેરેના ઉપદેશથીજ સફળ થાય છે. તે જ્ઞાનયોગના માર્ગમાં આ ગીતાનું તાત્પર્ય નથી એમ કોણ કહી શકે એમ છે ? અને ઉપદેશ તો આ ગીતામાં એકલા કર્મયોગનોજ કર્યો છે. અને બીજાનો નથી કર્યો. એમ તો છેજ નહિ. પણ કર્મયોગ, જ્ઞાનયોગ, ભક્તિયોગ અને ભગવત્પ્રપત્તિયોગ આ સર્વનો અનુક્રમે કલ્યાણના માર્ગરૂપે ઉપદેશ કરેલો છે. પણ અર્જુન કર્મયોગમાંજ અધિકારવાળો હતો. અને–" **कर्मण्येवाधिकारस्ते** " એમ ભગવાને કહ્યું પણ હતુ, તેથી પોતાના અધિકાર પ્રમાણે અર્જુન કર્મયોગમાંજ પ્રવર્ત્યો. અને તેથી ભગવાનને ઉપદેશ કરવાનો હેતુ પણ સફળ થયો. માટે એ ઉપરથી આ ગીતાશાસ્ત્રમાં ઉપદેશેલા મોક્ષના સિદ્ધા અને સહેલા સાધનભૂત ભક્તિયોગ અને પ્રપત્તિયોગ વિગેરેમાં તાત્પર્ય નથી એમ કોણ ગીતાના તાત્પર્યને અટકાવે એમ છે. ગીતામાં તો મોક્ષનેજ આપનારા સઘળા વિષયો અનુક્રમે ઉપદેશેલા છે. તેમાં જેનો જેમાં અધિકાર તે તેને ગ્રહણ કરે.

અહીંઆં એક શંકા સહજ થાય એમ છે કે–પૃથાના પુત્ર અર્જુન જેવા અનેક ગુણોના ભંડાર-સમાને ભગવાને આવા આવા જ્ઞાન, ભક્તિ અને પ્રપત્તિ, જેવા પરમ રહસ્યરૂપ અને કેવળ મોક્ષનેજ આપનારા ઉપદેશો કર્યા તોય અર્જુનને કેવળ કર્મમાર્ગમાંજ પ્રવર્તાવવા સમર્થ થયા. પણ મોક્ષમાર્ગે કેમ ન લઇ ગયા ? અને ભક્તિમાર્ગમાં પ્રવર્તાવીને તેને માળા ફેરવતો કેમ ન કર્યો ?

આના સમાધાનમાં તો તેનો અધિકાર જ્ઞાનયોગાદિકમાં નહોતો માટે તે તેમાં ન પ્રવર્ત્યો. જેમ એકજ વૃક્ષનું સેવન કોઇક છાયામાત્રને માટેજ કરે છે. કોઇક તેના પલ્લવોનો ઉપયોગ કરે છે. કોઇક તેનું પુષ્પ ઉપયોગ કરે છે. કોઇક તેનું ફળ અનુભવે છે. તો શું એકજ વૃક્ષ ભિન્ન ભિન્ન ફળોથી એોને તેના તેના અધિકાર અને ઉપયોગ પ્રમાણે તે સઘળાને નથી તૃપ્ત કરતું ? કરેજ છે. અને વળી પ્રથમ એ કહેવાઈ પણ ગયું છે કે-જ્ઞાનયોગ વિગેરેનો ઉપદેશ ભગવાને અર્જુનના પ્રત્યે કર્મયોગના શેષપણે-ફળરૂપે કરેલો છે. એ વાત બરોબર બંધબેસતી લાગે છે. અને જે મોક્ષાર્થીઓ છે તે તો પોત–પોતાના અધિકાર પ્રમાણે જ્ઞાનયોગ–ભક્તિયોગ અને પ્રપત્તિયોગ એમાંથી ગમે તે એકનું અનુષ્ઠાન કરે છે. અને એમાંજ ગીતાનું સઘળું તાત્પર્ય સમજે છે.

કદાચ વિવાદની શાન્તિ ખાતર ઉપરની ચર્ચા જવા દઇએ તો પણ સામાન્ય રીતે આ ગીતાનું તાત્પર્ય પાપથી લાગતા ભયની લાગણી નિવારણ કરવામાં છે. એ તો સ્પષ્ટ કહી શકાય એવુંજ છે. અને છે પણ એમજ કે–બન્ધુહનનના પાપથી થઇ આવેલા ભયને લીધે વ્યાકુળ બની ગયેલા અર્જુનના પ્રત્યે એ પાપ–ભય ટાળવા માટે આ ઉપદેશનો આરંભ ભગવાને કરેલો છે. અને છેવટમાં કહ્યું પણ એજ કે-" **अहं त्वां सर्वपापेभ्यो मोक्षयिष्यामि माशुचः** " "હું તને સર્વ પાપ થકી મુકાવીશ. તું શોક ન કરીશ-ગભરાઇશ નહિ." માટે આ ગીતામાં પાપ કે પુણ્ય જે ઉપાય આચરવાથી બંધન કરવા સમર્થ ન થાય તેવો ઉપાય કર્મ, જ્ઞાન અને ભક્તિ, એ બધોય કેવી રીતે આચરવો એ આ ગીતામાં બતાવેલું છે. અને એ બધાય ઉપાયો આચરવામાં જે બુદ્ધિનો ઉપયોગ કરવાનો છે, એનું નામ

યોગ છે. અને તે કર્મ કરવામાંય બુદ્ધિની જરૂર છે. જ્ઞાનમાં પણ બુદ્ધિની સહાયની જરૂર છે. ભક્તિમાં પણ બુદ્ધિ અતિ ઉપયોગી વસ્તુ છે. માટે એ બધાને **કર્મયોગ, જ્ઞાનયોગ** અને **ભક્તિયોગ** એવાં નામ આપેલાં છે. કર્મતો પ્રાણીમાત્ર કરેછે. જ્ઞાન પણ માણસમાત્રનામાં હોય છે. અને ભક્તિ પણ અધિકાર પ્રમાણે સહુ કરે છેજ. પરન્તુ–તે કર્મ કેવી રીતે કરવું અને કેમ કરીએ તોજ એ કર્મ આપણને ઉત્તમ ફળ આપીને આખરે નિર્બન્ધ સ્થિતિને આપનારૂં થાય. એજ પ્રમાણે જ્ઞાન પણ માણસનામાં એવું હોવું જોઇએ કે જે જ્ઞાન આખરે સર્વ કર્મનાં બન્ધનથી છૂટા કરીને સર્વોચ્ચ સ્થિતિને પમાડનારૂં થાય. તેમજ ભક્તિ પણ એવી કરવી જોઇએ કે જેમાં જ્ઞાન–બુદ્ધિની પૂર્ણ મદદ હોય અને આખરે આત્યન્તિકી મુક્તિનેજ આપનારી થાય. એવી નિર્મળ નિષ્કામ ભક્તિ કરવી જોઇએ. એમ આ કર્માદિકમાં જે બુદ્ધિપૂર્વકની યુક્તિ ગ્રહણ કરાય છે, એનુંજ નામ યોગ છે. અને તેથીજ કર્માદિક દરેકનું નામ પણ **કર્મયોગ, જ્ઞાનયોગ, ભક્તિયોગ** અને **પ્રપત્તિયોગ** એમ યોગ શબ્દ સાથેનુંજ સર્વ સ્થળે કહેવામાં આવ્યું છે. અને આ કર્મયોગાદિક બધાય એકજ રસ્તાને પામીને આત્યન્તિક મોક્ષને આપનારા થાય છે. અને એતો ખરૂંજ કે—કર્મયોગને આશરેલો માણસ પછી જ્ઞાનયોગને પામે છે. અને જ્ઞાનયોગ પામેલોજ ભક્તિ–યોગમાં અધિકારી થાય છે. અને એજ આખરે–" **सर्वधर्मान् परित्यज्य मामेकं शरणं व्रज !** " " **मामेव ये प्रपद्यन्ते मायामेतां तरन्ति ते** " આ ભગવદ્વાક્ય પ્રમાણે સર્વ કર્મ–ધર્મ છોડી દઇને અર્થાત્–ધર્મ–કર્મના બળને છોડી દઇને એક ભગવાનના આશ્રયેજ વળગી રહે છે. અને એવા અનન્ય ભક્તોજ એ દુસ્તર માયાને સહજે તરી જાય છે. આ વાર્તાને ભગવાને અહીંઆંજ કહી છે એટલુંજ નહિ, પરન્તુ–ભાગવતમાં પણ પોતાના પરમ પ્રેમપાત્ર અનન્ય ભક્તરાજ ઉદ્ધવજીને પણ કહી છે–"**आज्ञायैवं गुणान् दोषान् मयादिष्टानपि स्वकान् । धर्मान् सन्त्यज्य यः सर्वान् मां भजेत स सत्तमः ॥ ज्ञात्वाज्ञात्वाथ ये वै मां यावान् यश्चास्मि यादृशः । भजन्त्यनन्यभावेन ते मे भक्ततमा मताः** " ॥ "મેં આ ઉપદેશેલા ગુણ–દોષરૂપ એવાય પણ પોતાના સઘળા ધર્મોને સર્વથા ત્યાગ કરીને જે મારો અનન્ય આશ્રિત થઇને મનેજ ભજે છે. તે પુરૂષ સર્વ સાધુ–ભક્તોમાં અતિ ઉત્તમ એકાન્તિક ભક્ત છે. તેમજ વળી જે મનુષ્યો મને હું જેવડો–વિભુસ્વરૂપ છું. સર્વથી પર નિયન્તા જે હું છું. અને હું જેવા ગુણ વિભૂતિ ઐશ્વર્યવાળો છું. એમ જાણીને—સમઝીને અનન્ય ભાવ–ભક્તિથી મને ભજે છે, તે પુરૂષોજ મારા ભક્તોમાં અતિ ઉત્તમ ભક્તો મેં માનેલા છે." આ પ્રમાણે જોતાં તો કર્મયોગ, જ્ઞાનયોગ અને ભક્તિયોગ એ સર્વનું પરિણામ અને ફળ તો એક ભગવત્પ્રપન્ન થવું અને સર્વ કર્મ–ધર્મ વિગેરે બધુંય ભગવાનનેજ અનન્ય ભાવથી સમર્પણ કરી દેવું એમજ નિશ્ચિત થાય છે.

વળી–આ બધા ઉપરાંત વિશેષપણે કરીને જો ખાસ આ ગીતાશાસ્ત્રનું તાત્પર્ય વિચારવામાં આવે, તો–પરમ પુરૂષાર્થનેજ સિદ્ધ કરવામાં અને તેના સાધનભૂત પ્રપત્તિ માર્ગમાંજ છે. અને તે પરમ પુરૂષાર્થ તે બીજો નહિ પણ સાક્ષાત્ પરબ્રહ્મ આનન્દમયમૂર્તિ ભગવાન શ્રીહરિજ છે. કારણકે–એજ સર્વેશ્વર છે. અને એજ સર્વાન્તરાત્મા છે. અને સર્વના અન્તર્યામી અને સર્વના સ્વામી શ્રીનારાયણ સહજ–આનન્દમયમૂર્તિ શ્રી સહજાનન્દસ્વરૂપ છે.

હવે—ભગવાન પરબ્રહ્મની પરમપુરૂષાર્થતા અને આનન્દમયતા એ સઘળું આનન્દવલ્લી આદિક ઉપનિષદોમાં સ્પષ્ટપણે કહેલું છે. અને એજ સર્વેશ્વર અને સર્વના સ્વામી શ્રીનારાયણ છે. એમ કહેલું છે–"**सत्यं ज्ञानमनन्तं ब्रह्म** " ' **तस्माद्वा एतस्माद्विज्ञानमयादन्योऽन्तर आत्मा आनन्दमयः**" "**रसो वै सः**" "**आनन्दं ब्रह्मणो विद्वान्न बिभेति कदाचन**" "**आनन्दाद्ध्येव खल्विमानि भूतानि जायन्ते**" ઇત્યાદિક ઘણાંક વચનો છે. તેમજ આ ગીતામાં તો—"**परं ब्रह्म परं धाम** " " **त्वमादिदेवः पुरुषः पुराणः**" "**अहमात्मा गुडाकेश ! सर्वभूताशयस्थितः**"

"अहं कृत्स्नस्य जगतः प्रभवः प्रलयस्तथा" "यो मामेवमसम्मूढो जानाति पुरुषोत्तमम्" " अहं सर्वस्य प्रभवो मत्तः सर्वं प्रवर्तते " " ब्रह्मभूतः प्रसन्नात्मा × × × × × मद्भक्तिं लभते पराम् " " भक्त्या मामभिजानाति यावान् यश्चास्मि यादृशः " ઇત્યાદિક વચનોથી પરબ્રહ્મ ભગવાન શ્રીકૃષ્ણે પોતેજ પોતાને મુખે પોતાનું પરબ્રહ્મપણું કહ્યું છે, અને આદિ દેવ અને પુરાણ પુરૂષ પોતેજ છે. પ્રાણીમાત્રના હૃદયપ્રદેશમાં રહેલા સર્વનિયામક અન્તર્યામી પરમ આત્મા પોતેજ છે. સકળ જગતના કારણ અને પ્રલયસ્થાન પોતેજ છે. જે અસમ્મૂઢ-જ્ઞાની પુરૂષ મને આ પ્રમાણે પરાત્પર પુરૂષોત્તમ જાણે છે. હુંજ સર્વનો કારણ છું. અને આ સઘળું વિશ્વ મારા થકીજ પ્રવર્તે છે. બ્રહ્મભૂત પ્રસન્નચિત્તવાળો પરમ જ્ઞાનીજ મારી પરા ભક્તિનો અધિકારી છે. હું **જેવડો** જે અને **જેવો** છું તેવા તો મને મારામાં ભક્તિ હોય તોજ જાણી શકાય છે. આવુ આવું અનેક વચનોથી પ્રતિપાદન કરે છે.

હવે-ગીતાર્થસંગ્રહમાં યામુનાચાર્યનું વચન છે કે—**"स्वधर्मज्ञानवैराग्यसाध्यभक्त्येकगोचरः । नारायणः परब्रह्म गीताशास्त्रे समीरितः "** "સ્વધર્મ, જ્ઞાન અને વૈરાગ્યાદિક સાધનોથી સાધ્ય એવી પરા-પ્રેમલક્ષણા ભક્તિથીજ એક ગોચર-ઉપાસનાદ્વારા સાક્ષાત્-અનુભવમાં આવનારા એવા શ્રીનારાયણ પરંબ્રહ્મ ભગવાન પુરૂષોત્તમ આ ગીતાશાસ્ત્રમાં પ્રતિપાદન કરવામાં આવ્યા છે." આ શ્લોકમાં સ્વધર્મ વિગેરે સાધનોથી **સાધ્ય ભક્તિ** જે કહી છે તે ભક્તિ ઉપનિષદોમાં— **" ब्रह्मविदाप्नोति परम् " " तमेव विदित्वातिमृत्युमेति " "सत्यं ज्ञानमनन्तं ब्रह्म यो वेद " " ओमित्येवात्मानं ध्यायथ " "निचाय्य तं मृत्युमुखात्प्रमुच्यते" " आत्मानमेव लोकमुपासीत" "आत्मा वारे द्रष्टव्यः श्रोतव्यो मन्तव्यो निदिध्यासितव्यः" "सोऽन्वेष्टव्यः स विजिज्ञासितव्यः"** । "બ્રહ્મ-પરબ્રહ્મ પરમાત્માને જે જાણેછે. તેજ પર-પરમાત્માને પામે છે." "તે પરમાત્માનેજ જાણીનેજ-ઉપાસના કરીનેજ મૃત્યુરૂપ સંસારને તરી જઇને તેથી પાર રહેલા તે પરમાત્માને પામે છે." " સત્યસ્વરૂપ, જ્ઞાનરૂપ અને સ્વરૂપ, ગુણ અને વિભૂત્યાદિકથી અન્તવર્જીત એવા બ્રહ્મ-પરબ્રહ્મને જે જાણે છે-ઉપાસે છે." " ૐ એ મંત્રથી આત્માનું-પરમાત્માનું ધ્યાન-ઉપાસન કરો. " " તે પરમાત્માનેજ અખંડ ચિન્તવવાથી મૃત્યુના મુખરૂપ સંસારથી મુકાય છે. " " પ્રકાશમય તે પરમાત્માનેજ ઉપાસના કરો. ! " " આત્મા-પરમાત્માજ નિશ્ચે દેખવા યોગ્ય-સાક્ષાત્ કરવા યોગ્ય છે. તેમાં શ્રવણ, મનન અને નિદિધ્યાસ-સતત અનુસ્મરણનો અભ્યાસ, એ સાધનો મુખ્યત્વે હેતુભૂત છે. માટે કહે છે-શ્રવણ કરવા, મનન કરવા અને અખંડ સંભારવા" "તે પરમાત્માજ ધ્યાન-ઉપાસનદ્વારા શોધી કાઢવા યોગ્ય છે. અને એજ વિશેષપણે જાણવા યોગ્ય છે. " ઇત્યાદિક વચનોથી **વેદન, ઉપાસન** અને નિદિધ્યાસરૂપ **અખંડ સ્મરણ** એવા એવા શબ્દોથી પ્રતિપાદન કરવામાં આવી છે. અને બ્રહ્મસૂત્ર ઉપર ભાષ્યકાર રામાનુજાચાર્ય કરતાંય અતિપ્રાચીન વૃત્તિકાર **બોધાયન મુનિએ** પણ-**"वेदनमुपासनं स्यात्तद्विषये श्रवणात्'** ". ઉપનિષદોમાં જ્યાં જ્યાં મોક્ષના સાધનપણે -**" ब्रह्म वेद ब्रह्मैव भवति "** ઇત્યાદિક વચનોથી કહેલું જે **વેદન** તે ઉપાસનજ છે એમ જાણવું, કેમ કે પરમાત્માની ઉપાસનાના વિષયમાંજ **વેદન** આદિક શબ્દોનું શ્રવણ સ્પષ્ટપણે થાય છે માટે " અને આ **વેદન** આદિક શબ્દોથી ઉપનિષદોમાં શ્રવણ થતું **ઉપાસન** તે—**"ध्रुवानुस्मृतिः, स्मृतिलम्भे सर्वग्रन्थीनां विप्रमोक्षः "** ઇત્યાદિક વચનોથી કહેલી પરમાત્માના સ્વરૂપની તૈલધારાવદવિચ્છિન્ન સ્મૃતિપરમ્પરારૂપ જે અચળ-અખંડ સ્મૃતિ એજ જાણવુ. તે પ્રમાણેજ જોવામાં આવે છે. અને બીજાં અનેક વચનો પણ એજ અર્થને કહેનારાં નક્કી કરેલાં છે માટે. આ સઘળો અર્થ-**उपासनं स्यात् ध्रुवानुस्मृतिर्दर्शनान्निर्वचनाच्च "** આ સૂત્રવૃત્તિથી બોધાયનમુનિએ સ્પષ્ટતાથી કહેલો છે. અને સ્વયં ભગવાન પણ આ ગીતામાં કહે છે—**तेषां सततयुक्तानां भजतां प्रीतिपू-**

र्वकम् । ददामि बुद्धियोगं तं येन मामुपयान्ति ते" "મારામાં સતત-અખંડ જોડાઇ રહેલા અને પ્રીતિપૂર્વક મનેજ ભજનારા આવા મારા ભક્તોને હું તેવા બુદ્ધિયોગ આપું છું કે જેનાથી તેઓ મનેજ પામે છે." આ શ્લોકમાં ભગવાને પોતાની પ્રાપ્તિમાં પોતાનું સતત સ્મરણ અને પ્રીતિપૂર્વક પોતાનું ભજન એજ મુખ્ય કારણ છે. અને તેઓના ઉપરજ ભગવાન બુદ્ધિયોગ આપવારૂપ અનુગ્રહ કરીને ઠેઠ પોતાને પામવા સુધીનો માર્ગ સરલ કરી આપે છે. એમ પ્રતિપાદન કરવામાં આવ્યું છે.

અને વળી-" **श्रोतव्यो मन्तव्यो निदिध्यासितव्यः** એ આદિક વાક્યોથી કહેવામાં આવેલું શ્રવણાદિક સાધન તે પણ કેવળ-નીરસ નહિ, પરન્તુ ભગવત્સ્વરૂપમાં પરમ પ્રેમપૂર્વક અને પ્રેમરૂપ કહીએ તો પણ ચાલે એવું કેવળ પ્રેમપ્રધાન એ શ્રવણાદિક હોવું જોઇએ. અને '**प्रेमपूर्वमनुध्यानं भक्तिरित्युच्यते बुधैः**" "પ્રેમપૂર્વક અનુ-અખંડ ધ્યાન--સ્મરણ એજ ડાહ્યા માણસોએ **ભક્તિ** એવા નામથી કહેલી છે." એમ આ શ્લોકમાં પણ પ્રેમપૂર્વક અનુધ્યાનનેજ **ભક્તિ** એવા નામે કહેલી છે. અને તેથીજ શ્રુતિ પોતેજ એ કેવળ શ્રવણાદિકનો નિષેધ કરીને પરમ પ્રેમરૂપજ એ શ્રવણાદિક હોવું જોઇએ એમ વિધાન કરે છે—

" नायमात्मा प्रवचनेन लभ्यो
न मेधया न बहुना श्रुतेन ।
यमेवैष वृणुते तेन लभ्य-
स्तस्यैष आत्मा विवृणुते तनुं स्वाम् " ॥

" આ આત્મા—સર્વાન્તરાત્મા પરમાત્મા કેવળ પ્રવચન કરવાથીજ નથી મળતા, તેમ કેવળ બુદ્ધિથી કે બહુ શાસ્ત્રશ્રવણ કરવાથી પણ નથીજ મળતા. પરન્તુ-એ પરમાત્માજ પોતે જેને વરે છે, તેનાથીજ એ પરમાત્મા પ્રાપ્ત કરી શકાય છે. અને એનેજ એ પરમાત્મા પોતાની તનુ-મૂર્તિ આપેછે-પ્રકાશે છે. સાક્ષાત્ અનુભવ કરાવે છે." આમાં મુદ્દો એકજ સમઝવાનો છે કે-પરમાત્મા ઇચ્છે કોને ? તો કે જે તેના ઉપર પરમ પ્રેમ કરે તેનેજ. માટે ભગવાન ઉપર પરમ પ્રેમવાળો ઉપાસક ભક્તજ શ્રવણાદિક સાધનો પ્રેમપૂર્વક કરે છે.અને એવો જ્ઞાની-સમઝુ પ્રેમી ભક્તજ ભગવાનને વ્હાલો છે અને ભગવાન પણ એવા જ્ઞાની ભક્તનેજ અત્યન્ત વ્હાલા હોય છે. તે સ્વયં ભગવાનજ કહે છે-"**प्रियो हि ज्ञानिनोऽत्यर्थमहं स च मम प्रियः**" માટે ઉપનિષદોમાં **વેદન, ધ્યાન, ઉપાસન** અને પ્રેમપૂર્વક શ્રવણાદિક કરવું એવા એવા શબ્દોથી પરમાત્મસ્વરૂપમાં **ભક્તિ** એજ આત્યન્તિક શ્રેયઃપ્રાપ્તિમાં મુખ્ય **ઉપાય** અગર **સાધન** છે એમ પ્રતિપાદન કરેલું છે. અને "**भक्त्या मामभिजानाति** " "**भक्त्या त्वनन्यया शक्यः**" " **नमस्यन्तश्च मां भक्त्या नित्ययुक्ता उपासते** " " **ज्ञानयज्ञेन चाप्यन्ये यजन्तो मामुपासते**" "**मन्मना भव मद्भक्तो मद्याजी मां नमस्कुरु!**" "**स सर्वविद्भजति मां सर्वभावेन भारत !**" "**ब्रह्मभूतः++++ मद्भक्तिं लभते पराम्** " ઇત્યાદિક અનેક વચનોથી આ ગીતામાં તો નરી ભક્તિજ ભરી છે. અને ભક્તિ એજ આખરનું પરમ નિઃશ્રેયસનુ સાધન છે એમ પ્રતિપાદન કરીને સ્વયં ભગવાન શ્રીકૃષ્ણેજ સ્વમુખે અર્જુનને સમઝાવ્યું છે. અને બ્રહ્મસૂત્ર પણ ઉપનિષદોનોજ સાર સમઝાવવા માટે સ્વયં વ્યાસમુનિએ રચેલાં છે. તો ઉપનષત્પ્રતિપાદ્ય જે ઉપાસન-વેદન વિગેરે શબ્દોથી કહેવાની ભક્તિ એજ બ્રહ્મસૂત્રોનો પણ મુખ્ય પ્રતિપાદ્ય વિષય છે. માટે બ્રહ્મસૂત્ર પણ પરમાત્મભક્તિનેજ મુખ્યત્વે પ્રતિપાદન કરે છે.

માટે આ પ્રમાણે પ્રસ્થાનત્રયીમાં જુદાં જુદાં અનેક સાધનો અધિકારિભેદથી બતાવ્યાં હોય તો પણ આખરે સર્વ સાધનનું પર્યવસાન અને ફળ તે પરમાત્મસ્વરૂપમાં પરા ભક્તિ એજ છે. એમ એ ત્રણેય પ્રસ્થાનત્રયી મહાપ્રબન્ધોમાં ભગવાન વ્યાસમુનિએ પોતેજ પ્રતિપાદન કર્યું છે.

હવે–આ મુક્તિના સ્વરૂપ સંબંધી નિર્ણયમાં તેમજ મુક્તિના સાધન, નિરૂપણની બાબતમાં પણ નિત્યવિજ્ઞાનવાદી કેવળાદ્વૈત મતના શ્રી શંકરાચાર્યના અનુયાયીઓ વિગેરે પોતાનું કાંઇક જુદુંજ મન્તવ્ય રજુ કરે છે. તેઓ એમ માને છે કે–

" જીવાત્માઓને અવિદ્યાની નિવૃત્તિ થાય એજ આત્યન્તિકી મુક્તિ છે. અને એ અવિદ્યાની નિવૃત્તિ " **अहं ब्रह्मास्मि** " વિગેરે વાક્યશ્રવણથી ઉદય પામતી વિદ્યારૂપ–વિજ્ઞાનથી થાય છે. આ વિદ્યા એટલે નિત્ય-શુદ્ધ-બુદ્ધ મુક્તસ્વભાવ એવા અદ્વિતીય નિર્વિશેષ જ્ઞપ્તિમાત્ર બ્રહ્માત્મસ્વરૂપનો સાક્ષાત્કાર થાય એજ છે. અને એવી આત્મસાક્ષાત્કારરૂપ વિદ્યા આત્મસ્વરૂપના ઉપાસનથીજ ઉદય પામે છે. અને તે ઉપાસન પણ–"**त्वं वै अहमस्मि भगवो देवते ! अहं वै त्वमसि भगवो देवते !**" "હે સમર્થ દેવતા તુ તે હુંજ છું. હે સમર્થ દેવતા હું તે તુજ છે." આવું અભેદ–ભાવનાપ્રધાન "**सोऽहमस्मि**" "તે બ્રહ્મ હું છું." એ પ્રકારેજ કરવું જોઇએ. અને એમ અભેદ–ભાવનાથી આત્મબ્રહ્મોપાસન કરતાં કરતાં ચિરકાળથી અનુસ્યૂત વર્તતી ભેદવાસનારૂપ અવિદ્યાની નિવૃત્તિ થઇ જાય છે. અને એ અવિદ્યાની નિવૃત્તિપૂર્વક સર્વસંકલ્પશૂન્યતારૂપ નિર્વિશેષ બ્રહ્મ–સ્થિતિ એજ મુક્તિ છે.

અને ભક્તિ જે ઇશ્વરને વિષે કરવામાં આવે છે. તે ઇશ્વર તો સગુણ હોવાથી નિર્ગુણ બ્રહ્મની ઉપાસના કરવામાં અને ઉપાસનાની વહેલી સિદ્ધિ થવામાં ઉપકારકમાત્ર છે. પણ અન્તિમ ધ્યેય કે પ્રાપ્ય એ નથી. અને કર્મ છે તે પણ ગીતાના કહેવા પ્રમાણે કામના-ફલંક સિવાયનું અને કર્તૃત્વ ભોક્તૃત્વ વિગેરે છોડી દઇને નિષ્કામ ભાવે કરવામાં આવે તો ચિત્તશુદ્ધિદ્વારા આત્મોપાસન કરાવીને બ્રહ્માનુભવરૂપ સાક્ષાત્ કૈવલ્યમુક્તિ અનુભવવામાં ઉપકારક થાય છે. તો આ રીતે આત્યન્તિક શ્રેયનું સાધનભૂત કર્મ પૃથાપુત્ર અર્જુન કે જે ધર્મમાં અધર્મની બુદ્ધિ થઇ આવવાથી ખરી વસ્તુસ્થિતિને ભૂલી જઇને વ્યાકુળ બની ગયેલો હતો તેને ભગવાન ઉપદેશ કરે છે.અને જ્યારે જ્ઞાનની પરમ સિદ્ધિ થઇ જાય ત્યારે તો એ મુક્તિ અવસ્થામાં કોઇને કાંઇ પ્રાપ્ય પણ નથી તેમ પ્રાપ્ય થકી જુદો પ્રાપ્તા પણ નથી. કોઇ ઇશ્વરેય નથી અને ઇશ્વર–બ્રહ્મ સિવાય કોઈ પૃથક્ તત્ત્વ નથી.તેથી કોઇ ઇશિતવ્ય–નિયમમાં રાખવા યોગ્ય અગર નિયમમાં રહેનાર પણ કોઈ નથી. અને આ ગન્ધર્વ નગરમાં ખરી રીતે જોઇએ તો પ્રાપ્યેય કોણ છે? અને પ્રાપ્ત કરાવનાર સાધન પણ કોણ છે ? અને પ્રાપ્તા પણ કોણ છે ? "

આવી એ કેવલાદ્વૈતી બ્રહ્મવાદીઓની માન્યતા છે. અને ખરી રીતે એ અદ્વૈતવાદીઓને બ્રહ્મ સિવાય બીજી કોઇ વસ્તુજ માન્ય નહિ હોવાથી અને બ્રહ્મ સિવાય બધુંજ મિથ્યા હોવાથી એમને તો **પ્રાપ્ય, પ્રાપક** અને **પ્રાપ્તા** એ બધુંજ મિથ્યાજ છે. અને આ મિથ્યા જગત્માં રહીને એમનું આવું બોલવું તે પણ મિથ્યાજ છે. એટલે તત્ત્વનિર્ણયને માટે બોલવાનું તો એમને સંભવતુંજ નથી. કારણ કે–અવસ્તુભૂત ગન્ધર્વનગર સમાન મિથ્યા જગત્માં રહીને મિથ્યાભૂત બોલનારાઓના મિથ્યાભૂત વચનોથી નિશ્ચિત થતા મિથ્યાભૂત નિર્ણયથી કયો ડાહ્યો બુદ્ધિમાન માણસ સત્યસ્વરૂપ પરમાત્મનિર્ણયને અંગીકાર કરવા પ્રવર્તે ?

હવે-ઉપરના વિષયમાં આપણે એટલું તો અભિનન્દન સાથે માની શકીએ કે–નિઃશ્રેયસના પ્રથમ સોપાનભૂત અગર દ્વારભૂત કર્મનો ઉપદેશ પૃથાપુત્ર અર્જુનને ધર્મમાં અધર્મબુદ્ધિથવાથી થઇ આવેલો ભય ટાળતાં ભગવાને કરેલો છે. પરન્તુ જ્ઞાતૃ–જ્ઞેય અને ઉપાસ્ય–ઉપાસક એ વિગેરે સઘળા ભેદમાત્રને નિષેધ કરનારા કેવળ જ્ઞાનનોજ ઉપદેશ ભગવાને કર્યો છે. એમ જે કહેવું તે તો એ મિથ્યાવાદીઓની મિથ્યા કલ્પનામાત્રજ છે. પણ ભગવાન શ્રીકૃષ્ણનો એ અભિપ્રાય નથી. એ દીવા જેવું સ્વયંપ્રકાશ છે.

* ૧—આ અદ્વૈતીઓની નિર્વિશેષ સ્થિતિરૂપ મુક્તિ અને નૈયાયિકોએ માનેલી પાષાણકલ્પ સ્થિતિરૂપ મુક્તિ એ બેમાં કશો અન્તર નથી એમ કહીએ તો તે ખોટું તો નથીજ. પણ અદ્વૈતીઓ એને જ્ઞાનરૂપ કહે છે. એટલોજ વિશેષ છે. પરન્તુ—નૈયાયિકો આત્મભેદ માને છે. એ સર્વ કરતાં ઘણુંજ સારૂં અને યુક્ત છે.

કેમકે ભગવાને તો આ ગીતામાં આત્મા-પરમાત્માનો ભેદજ ચોકખા શબ્દોથી ઉપદેશેલો છે-જુઓ ?

" द्वाविमौ पुरुषौ लोके क्षरश्चाक्षर एव च ।
क्षरः सर्वाणि भूतानि कूटस्थोऽक्षर उच्यते ॥
उत्तमः पुरुषस्त्वन्यः परमात्मेत्युदाहृतः ।
यो लोकत्रयमाविश्य बिभर्त्यव्यय ईश्वरः ॥
यस्मात् क्षरमतीतोऽहमक्षरादपि चोत्तमः ।
अतोऽस्मि लोके वेदे च प्रथितः पुरुषोत्तमः ॥"

" લોકમાં પ્રસિદ્ધ આ બે પુરૂષ છે. એક તો ક્ષર-પુરૂષ અને બીજો અક્ષર-પુરૂષ, તેમાં **ક્ષર** શબ્દથી સંસૃતિમાં કર્મબન્ધનથી સપડાયેલા જીવાત્મવર્ગરૂપ સર્વ પ્રાણીઓ કહેલા છે. અને જે કૂટસ્થ-કર્મબન્ધનથી રહિત-ગુણાતીત સ્થિતિને પામેલો મુક્તસમૂહ છે તે **અક્ષર** શબ્દથી કહેવાય છે. અને એ બન્નેથી સ્વરૂપ, સ્વભાવ, વિભૂતિ અને ગુણ-ઐશ્વર્ય આદિકથી સર્વોત્કૃષ્ટ ઉત્તમ પુરૂષ તો જુદોજ છે. અને તે **પરમાત્મા** એવા શબ્દથી કહેવામાં આવે છે. અને જે સઘળા વિશ્વમાં અન્તર્યામિ-પણે પ્રવેશ કરીને સર્વના નિયન્તા અને નિર્વિકાર થકા એ વિશ્વને ધારણ કરે છે. આ પ્રમાણે જે કારણથી હું ક્ષરપુરૂષને અતિક્રમણ કરીને રહેલો છું અને "**अक्षरात्परतः परः**" એમ અક્ષર થકી પણ હું સર્વોત્તમ છું. માટેજ સર્વ શાસ્ત્રોમાં અને વેદોમાં પણ હું મારા અસાધારણ **પુરૂષોત્તમ** નામથી પ્રસિદ્ધ છું."

હવે—આવા સ્પષ્ટ ભેદને પણ અદ્વૈતવાદીઓ "વ્યાવહારિક દશાને અનુસરીને આ કહેલું છે. પણ પારમાર્થિક દશામાં તો કાંઇજ જુદું નથી." એમ કદાચ કહેવાની હીંમત કરે, પણ આ ગીતામાં જોઇએ તો આથી બીજો કયો એવો પારમાર્થિક તત્ત્વોપદેશ ભગવાને કરેલો છે ? કે-જેની અપેક્ષાએ આ ઉપદેશને કેવળ વ્યવહાર માર્ગને અનુસરીને કરેલો છે. એમ માનવાને આપણને કારણ મળે. માટે આ ભગવાને કહેલો આત્મભેદ અને આત્મવર્ગથી પરમાત્મભેદ તે સત્યજ છે.

અને આ ગીતામાં તો ભગવાને સ્વમુખેજ એવા દૃઢ નિશ્ચયાત્મક શબ્દો ઉચ્ચાર્યા છે કે જેમાં શંકાનો લેશ પણ કોઇને નજ રહે.

" ज्ञानं तेऽहं सविज्ञानमिदं वक्ष्याम्यशेषतः ।
यज्ज्ञात्वा नेह भूयोऽन्यज्ज्ञातव्यमवशिष्यते " ॥
" इदं तु ते गुह्यतमं प्रवक्ष्याम्यनसूयवे ।
ज्ञानं विज्ञानसहितं यज्ज्ञात्वा मोक्ष्यसेऽशुभात् " ॥
" पुरुषः स परः पार्थ ! भक्त्या लभ्यस्त्वनन्यया ।
यस्यान्तःस्थानि भूतानि येन सर्वमिदं ततम् " ॥

આવાં આવાં દૃઢ નિશ્ચયાત્મક વચનો કહીને તે જ્ઞાન-વિજ્ઞાનના નિરૂપણમાં પોતે સ્પષ્ટ કહે છે કે-આ જડ-ચેતનરૂપ બન્ને મારીજ પરા—અપરા પ્રકૃતિ છે. અને એ સર્વનો ધારક, નિયામક, ઉત્પાદક, પોષક અને સર્વનો નિયન્તા સ્વામી-શેષી હુંજ છું. અને એ સઘળું જગત્ મારેજ આધીન છે. વળી એ સઘળું વિશ્વ મારે આધારે છે, પણ હું એના આધારે નથી. એમ પોતાની અલૌકિક શક્તિ કહીને પોતાનુંજ નિરૂપાધિક સર્વેશ્વરપણું અને પુરૂષોત્તમપણું પ્રતિપાદન કર્યું છે. પણ કોઇ સ્થળે આ સઘળા વિશ્વનું મિથ્યાત્વ, કે જીવ—બ્રહ્મનું એકત્વ એવું કશું કહેવામાં આવ્યુંજ નથી. વળી ધાર્ય-ધારક ભાવમાં દૃષ્ટાન્ત દીધું તે પણ સૂત્રમાં મણિઓની પેઠે આ બધું મારામાં છે. પણ નહિ કે તન્તુઓમાં પટની માફક તાદાત્મ્યરૂપથી છે. તેમ એવું પણ દૃષ્ટાન્ત નથી દીધું કે—"**मत्स्थ-**

ध्वस्तमिदं सर्वं शुक्त्यादौ रजतादिवत् " માટે એ જગન્મિથ્યાત્વવાદ માનનાર અદ્વૈતીઓની સમઝણુ આ ગીતાની સાથે તો સમ્મત નથીજ થતી.

અને આ ગીતાનાં ઉપર બતાવ્યાં એ વિગેરે વાક્યો જોતાં તો જે જ્ઞાન ભગવાને ઉપદેશ્યું છે. તેમાં પણ ક્યાંઇ જગત્‌નું અવિદ્યાથી કલ્પિતપણું તેમ મિથ્યાપણું પણ જણાતું નથી. તેમ નિર્વિશેષ અદ્વિતીય આત્મસ્વરૂપનું પ્રતિપાદન પણ જણાતું નથી.

પણ આ ગીતામાં તો સર્વત્ર દૃષ્ટિ ફેરવતાં એજ અર્થ ખૂલ્લો જણાય છે કે--પોતાની પ્રકૃતિભૂત માયાદ્વારાજ જગતનો પોતા થકી સમુદ્‌ભવ, પ્રલય વખતે પોતાનામાંજ વિલય-ભાવ અને આ સંસૃતિના બન્ધનથી છૂટીને પરમ પદ પામવારૂપ પરમ નિઃશ્રેયસનું મુખ્ય સાધન પણ ભગવાનનો ભક્તિયોગજ છે. અને બીજાં બધાં સાધનો ગૌણ છે. અને પરા ભક્તિમાં ઉપકારક છે. અને ધર્માદિક સઘળાં સાધન મોક્ષમાં સદ્દારક કારણભૂત છે. અને ભક્તિ તો સાક્ષાત્ સાધનભૂત છે. અને આખરે સાધ્ય પણ એજ છે.

વળી તેરમા અધ્યાયમાં ક્ષેત્ર-ક્ષેત્રજ્ઞનો નિર્ણય અને વિભાગ પ્રતિપાદન કરવામાં આવ્યો છે. ત્યાં પણ આ પાંચભૌતિક દેહરૂપ ક્ષેત્રનું અને એ ક્ષેત્રનાં આરંભક પૃથિવ્યાદિક પંચ મહાભૂત અને એનું કારણભૂત પ્રધાન આ સર્વનું અવિદ્યાથીજ કેવળ ભાસમાન થવાપણું, તેમજ કાલ્પનિકપણું પણ કહેવામાં આવ્યું નથી. કે જેથી આપણે એ સઘળા જગતને મિથ્યા અગર અપારમાર્થિક માનીએ. અને આ વર્ણનમાં "**क्षेत्रज्ञं चापि मां विद्धि !**" એ વાક્યથી પણ ક્ષેત્રજ્ઞ-જીવાત્માનું બ્રહ્મની સાથે તાદાત્મ્ય-ઐક્ય નથી કહ્યું પણ જેમ જડ-ક્ષેત્ર મારા શરીરભૂત હોઇને મારેજ આધીન વર્તનારૂં છે. એજ પ્રમાણે ક્ષેત્રજ્ઞ-જીવાત્મા પણ મારેજ આધીન વર્તનારો અને જેની સ્થિતિ-સત્તા પણ મારેજ આધીન છે. એવો મારા શરીરભૂત હોઇને મારો શેષભૂત છે. એમ સઘળા જડ-ચેતનાત્મક વિશ્વનું બ્રહ્માત્મકપણુંજ જણાવે છે. અને લોકમાં જે-" હું કર્તા છું." " હું ભોક્તા છું." એમ જે સ્વતંત્ર આત્મભાવની ભ્રમણા જીવને થાય છે. તે ટાળવા માટે આ પ્રમાણે કહેલું છે. અને **माम्-मदात्मकम्** એવો અર્થ ભાષ્યકાર-રામાનુજાચાર્યે અને આ પ્રસ્તુત ભાષ્યકાર-ગોપાળાનંદ સ્વામીએ પણ કરેલો છે.

અને આત્મા સ્વતંત્ર છે. એવો ભ્રમ તો દેહથી આત્માને જુદો માનનારા જ્ઞાની-ડાહ્યા માણસોને પણ હોય છે. અને કણાદ વિગેરે મહર્ષિઓ પણ આ માન્યતામાં સાથ આપે છે. માટે આવી ભ્રમણા અવશ્ય ટાળવીજ જોઇએ એવા અભિપ્રાયથી ભગવાન કહે છે કે-"એ ક્ષેત્રજ્ઞ-જીવાત્મા પણ મદાત્મકજ છે. પણ સ્વતંત્ર નથી."

હવે ભગવાનને જો જીવ-બ્રહ્મની અનન્યતાજ કહેવાની ઇચ્છા હોય તો જેમ જીવાત્માની સાથે અનન્યતા કહી તેમ જડ-ક્ષેત્રની સાથે પણ કેમ ન કહે ? અને જો જડ-અજડની અનન્યતા ન ઘટે એમ કહો તો શું બ્રહ્મથી જુદું જડ-વસ્તુ સત્યભૂત છે ? કે જે જડ ક્ષેત્રની સાથે અજડ-બ્રહ્મની અનન્યતા -એકતા ન ઘટે એમ કહો છો.

હવે-આ ગીતામાં કર્મયોગથી સિદ્ધ થતો જ્ઞાનયોગ અને તેથી સિદ્ધ થતો ભક્તિયોગ એનુંજ આત્યન્તિકી મુક્તિમાં સર્વોત્કૃષ્ટ સાક્ષાત્ સાધનપણું તે તે પ્રસંગે ભગવાને ચોકખા શબ્દોથીજ નિરૂપણ કર્યું છે—

" अनन्याश्चिन्तयन्तो मां ये जनाः पर्युपासते ।
तेषां नित्याभियुक्तानां योगक्षेमं वहाम्यहम् ॥
पत्रं पुष्पं फलं तोयं यो मे भक्त्या प्रयच्छति ।
तदहं भक्त्युपहृतमश्नामि प्रयतात्मनः ॥

ये भजन्ति तु मां भक्त्या मयि ते तेषु चाप्यहम् ।
अपि चेत्सुदुराचारो भजते मामनन्यभाक् ॥
साधुरेव स मन्तव्यः सम्यग्व्यवसितो हि सः ।
मन्मना भव ! मद्भक्तो मद्याजी मां नमस्कुरु ! ॥
भक्त्या त्वनन्यया शक्य अहमेवंविधोऽर्जुन ! ।
ज्ञातुं द्रष्टुं च तत्त्वेन प्रवेष्टुं च परन्तप ! ॥
मत्कर्मकृन्मत्परमो मद्भक्तः सङ्गवर्जितः ।
निर्वैरः सर्वभूतेषु यः स मामेति पाण्डव ! ॥
ये तु सर्वाणि कर्माणि मयि सन्न्यस्य मत्पराः ।
अनन्येनैव योगेन मां ध्यायन्त उपासते ॥
तेषामहं समुद्धर्ता मृत्युसंसारसागरात् ।
ये तु धर्म्यामृतमिदं यथोक्तं पर्युपासते ॥
श्रद्दधाना मत्परमा भक्तास्तेऽतीव मे प्रियाः ।
मां च योऽव्यभिचारेण भक्तियोगेन सेवते ॥
स गुणान् समतीत्यैतान् ब्रह्मभूयाय कल्पते ।
भक्त्या मामभिजानाति यावान् यश्चास्मि यादृशः ॥
ततो मां तत्त्वतो ज्ञात्वा विशते तदनन्तरम् ।
मन्मना भव ! मद्भक्तो मद्याजी मां नमस्कुरु ? ॥
मामेवैष्यसि सत्यं ते प्रतिजाने प्रियोऽसि मे । ”

“ જે જનો મારા અનન્ય આશ્રિત થઇને મારૂંજ ચિન્તવન કરતા કરતા મારી ઉપાસના કરે છે. તો તેવા નિત્ય–નિરન્તર મારામાંજ સર્વથા જોડાઇ ગયેલા મત્પરાયણ જનોનું યોગ–ક્ષેમ બન્નેને હુંજ વહન કરૂં છું–ઉપાડી લઉં છું. જે મનુષ્ય મને પત્ર, પુષ્પ, ફળ કે જળમાત્ર પણ ભકિતથી—સ્નેહપૂર્વક અર્પણ કરે છે. તો તેવા મારામાં સાવધાનપણે અવિચ્છિન્ન ચિત્ત રાખનારા તે ભકતનું ભકિતથી આપેલું પત્રાદિક હું અંગીકાર કરૂં છું. જે મારા ભકતો મને ભકિતથી–સ્નેહપૂર્વક ભજે છે તો તે ભકતો મારામાંજ અખંડ રહે છે. અને હું પણ તે ભકતોમાંજ અખંડ રહું છું. મર ગમે તેવો અતિ દુરાચારી હોય પણ જો મને અનન્ય ભાવવાળો થઇને ભજે છે. તો તે ખરો સાધુજ--પોતાનું મોક્ષ—કાર્ય સાધનારો અને ઘણોજ સારો છે એમ માનવો. કારણ કે—તે હવેથી ઘણાજ સારા–ઉત્કૃષ્ટ નિશ્ચય ઉપર આવી ગયેલો છે માટે. મારામાંજ મન રાખનારો થા ! મારો ભકત થા ! મારૂંજ પૂજન કરનારો થા ! અને મનેજ નમસ્કાર કર ! હે અર્જુન ! હું આવી રીતે તો અનન્ય ભકિતથીજ જાણવાને, જોવાને અને મારામાં તત્ત્વથી પ્રવેશ કરવાને માટે પણ શકય થાઉં છું. હે પાણ્ડુપુત્ર અર્જુન ! મારા સમ્બન્ધવાળાં કર્મ કરનારો, દરેક કાર્યોમાં મનેજ પરમ—મુખ્ય માનનારો, મારામાંજ ભકિતવાળો, સંગ--આસકિત વિનાનો અને સર્વ ભૂત–પ્રાણીમાત્રમાં નિર્વૈર—વૈરશૂન્ય થયેલો, આવો જે હોય તેજ મને પામે છે. જે જનો તો સર્વ કર્મને મારામાંજ સમર્પણ કરી દઇને મત્પરાયણ થઇને અનન્ય–એકાન્તિક યોગથી મારૂંજ ધ્યાન કરતાં મને ઉપાસે છે. તો તેવા જનોનો મૃત્યુની પરમ્પરારૂપ સંસાર સાગર થકી હુંજ સમુદ્ધાર કરૂં છું. જે જનો તો ધર્મથી પૂર્ણ ભરેલા આ મેં કહેલા અમૃતરૂપ વચન પ્રમાણે મારૂં ઉપાસન કરે છે. અને મારામાં શ્રદ્ધાવાળા મત્પરાયણ વર્તનારા એવા જે મારા ભકતો છે. તે મને અત્યન્ત વ્હાલામાં વ્હાલા છે. જે માણસ મને અવ્યભિચાર–

એકાન્તિક ભકિતયોગથી સેવે છે–ઉપાસે છે. તે માણસજ આ સત્ત્વાદિક ત્રણ ગુણોને સર્વથા ઉલ્લંઘન કરી જઈને બ્રહ્મરૂપ થવાને માટે યોગ્ય થાય છે. હું જેવડો, જે અને જેવા પ્રકારનો છું, તેવા તો મને એક ભકિતથીજ જાણે છે. અને ભકિતથીજ મને તત્ત્વથી–યથાર્થ જાણીને તે પછી મારામાં પ્રવેશ કરે છે. અર્થાત્ મને સાક્ષાત્ પામે છે. મારામાંજ મન રાખનારો થા? મારોજ ભકત થા? મારૂંજ યજન-પૂજન કરનારો થા! અને મનેજ નમસ્કાર કર! અને એમ કરવાથી તું મનેજ પામીશ, એમ તારી આગળ હું સત્ય પ્રતિજ્ઞા કરીને કહું છું. કેમ કે–તું મને અતિ પ્રિય–મિત્ર છું માટે !"

આ વચનોમાં ભકિતજ મુખ્ય સાધન બતાવ્યું છે. અને ભગવાન ભકિતથીજ વશ્ય થાય છે. અને પ્રાપ્ય પણ એજ છે. અને તે પણ એકલી ભકિતથીજ થાય છે. અને એ ભકિત સિવાયનાં બીજાં ધર્મ, જ્ઞાન અને વૈરાગ્યાદિક સાધનો ભકિતમાં ઉપકારક હોવાથી તે ગૌણ–અંગભૂત છે. અને ભકિતજ સર્વ સાધનોમાં મુખ્ય–અંગી છે. એમ સ્પષ્ટ કહેલું છે.

વળી–જેઓને અવિદ્યા અને અવિદ્યાનું કાર્ય સંસૃતિ તે નિવૃત્તિ પામી ગયેલી છે. તેવા મુકતાત્માઓને પ્રાપ્ય એવું સ્થાનવિશેષ પણ એક છે. એમ ભગવાન કહેછે–" **द्वन्द्वैर्विमुक्ताः सुखदुःखसंज्ञैर्गच्छन्त्यमूढाः पदमव्ययं तत्**" સુખ–દુઃખ, શોક–મોહ, એવાં એવાં નામવાળાં દ્વન્દ્વોથી તેમજ સર્વ વિકારોથી જેઓ સર્વથા મુકત થઇ ગયેલા હોય છે. એવા એ **અમૂઢ**–જ્ઞાની મુકતોજ તે અવ્યય–અવિનાશી ધામને પામે છે. વળી એ ધામ પણ " **न तद्भासयते सूर्यो न शशाङ्को न पावकः । यद्गत्वा न निवर्तन्ते तद्धाम परमं मम** "॥ "એ ધામને સૂર્ય નથી પ્રકાશ કરી શકતો, કે નથી ચન્દ્રમા પ્રકાશ કરી શકતો કે પાવક–અગ્નિ પણ પ્રકાશ નથીજ કરી શકતો. અને વળી જે ધામને પામીને-પામ્યા પછી કોઇ વખતે પાછું સંસૃતિમંડળમાં આવવાનું હોતુંજ નથી. એવું તે મારૂં અલૌકિક અપ્રાકૃત અખંડ અવિનાશી ધામ છે." આવું સર્વોત્કૃષ્ટ છે. એમ ભગવાને પોતેજ કહેલું છે.

આ ઉપરથી આપણને એ તો સ્પષ્ટ સમઝાય છે કે-**અદ્વૈતીઓ** માને છે તે પ્રમાણે "બ્રહ્મનેજ, અવિદ્યાના સંસર્ગથી જીવ–ભાવ આવે છે, અને એજ સંસારી બની જાયછે. અને જ્યારે એને આત્મસ્વરૂપનું જ્ઞાન–ભાન થાયછે ત્યારે અવિદ્યાની નિવૃત્તિ થાય છે. અને એ અવિદ્યારૂપ આવરણની નિવૃત્તિ થવાથી એને "**अहं ब्रह्मास्मि**" એવો અનુભવ થાય છે. અને એ બ્રહ્માનુભવ એજ મુકિત છે. આ મુકિતદશામાં બ્રહ્મ એજ એક સત્ય હોવાથી તે સમયમાં કોઇ પ્રાપ્ય નથી તેમ પ્રાપક કે પ્રાપ્તા એવા વિભાગ પણ નથી." આવો વાદ કે આવા સિદ્ધાન્ત ગીતાને તો માન્ય નથીજ. અને ખરી રીતે જોઇએ તો **અદ્વૈત**–વાદનો ગન્ધ પણ ગીતામા નથીજ. અને જો હોય તો ભગવાન શ્રીકૃષ્ણ કે જે સાક્ષાત્ સર્વજ્ઞ પરબ્રહ્મ છે તે પોતેજ ઉપદેષ્ટા છે. અને પરમ ભકતરાજ નરાવતાર અર્જુન જેવા તો એ ઉપદેશનો શ્રોતા છે. આ બેના સંવાદમાં એ વાત છાની રહેજ કેમ ? ભગવાન ચોકખાળાને ના કહી દે કે—" **मय्यध्यस्तमिदं सर्वं शुक्त्यादौ रजतादिवत्**" "હે અર્જુન ! આ સઘળુ જગત્ મિથ્યા છે. અને મારામાં કેવળ અધ્યાસરૂપેજ છે. જેમ છીપોલી આદિકમાં રૂપું આદિક જણાય છે. પણ તે સત્ય નથી. મિથ્યાજ–અભાસમાત્રજ છે. તેમ" પણ એમ તો કહેતા નથી. અને સૂત્ર–મણિગણનુ દ્રષ્ટાન્ત ઘટાવે છે. આવું આવું ઘણું કહી શકાય એમ છે. પણ વિસ્તાર ભયથી અને પિષ્ટપેષણ જેવુ થયા કરે તેથી આ બાબત આટલેથીજ પતાવવામાં આવે એ વધારે ઈષ્ટ છે.

હવે-આ ગીતાના અઢારેય અધ્યાયોના સારાર્થને સંગ્રહ–સંક્ષેપ કરીને નિરૂપણ કરવામાં આ પ્રમાણે વ્યવસ્થા કરવામાં આવે છે. જેમ ભગવાનના ચરણ–કમળમાંથી નીસરેલી ભગવતી ગંગા-લહરી સ્વર્ગ, મૃત્યુ. અને પાતાળ, એ ત્રણ લોકમાં ત્રણ પ્રવાહરૂપે જેમ વહે છે, તેજ પ્રમાણે ભગવાન–

શ્રીકૃષ્ણચન્દ્રના મુખ-કમળમાંથી નીસરેલી સાક્ષાત્ આ ભગવતી ગીતારૂપ અમૃત-લહરી પણ આ લોકમાં ત્રણ ષટ્કના ભેદથી ત્રણ વિભાગથી માનવામાં આવે છે.

તેમાં પ્રથમ ષટ્કમાં-" **कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन** " " **कर्मणैव हि संसिद्धिमास्थिता जनकादयः** " ઇત્યાદિક વચનોથી **કર્મયોગ** અને " **बहवो ज्ञानतपसा पूता मद्भावमागताः** " " **सर्वं कर्माखिलं पार्थ ! ज्ञाने परिसमाप्यते** " **यज्ज्ञात्वा न पुनर्मोहमेवं यास्यसि पाण्डव !** " " **सर्वं ज्ञानप्लवेनैव वृजिनं सन्तरिष्यसि** " " **न हि ज्ञानेन सदृशं पवित्रमिह विद्यते** " **ज्ञानं लब्ध्वा परां शान्तिमचिरेणाधिगच्छति** " ઇત્યાદિક વચનોથી **જ્ઞાનયોગ** પ્રતિપાદન કર્યો છે. કે જે એ બન્ને યોગનું ફળ આત્મસાક્ષાત્કાર થાય છે, એમ પ્રતિપાદન કરવામાં અને માનવામાં આવે છે.

અને મધ્યમ ષટ્કમાં તે **કર્મયોગ** અને **જ્ઞાનયોગ** એ બન્નેથી સિદ્ધ થતો **ભક્તિયોગ** કે જે એ બન્ને યોગના ફળરૂપે માનેલો છે. તે પ્રતિપાદન કરવામાં આવ્યો છે.

અને ત્રીજા ષટ્કમાં તો-તે **કર્મયોગ** અને **જ્ઞાનયોગ** એ બન્નેયનુંજ ફરીથી વિશોધન-વિશુદ્ધિ દર્શાવવાપૂર્વક વિવેચન કરવામાં આવ્યું છે. અને એ બન્ને યોગના શેષપણે—અંગરૂપે પરમેશ્વરનું સ્વરૂપ-સ્વભાવાદિક અને તે પરમેશ્વરની વિભૂતિ આદિકનું નિરૂપણ કર્યું છે તેમજ-**ક્ષેત્ર-ક્ષેત્રજ્ઞરૂપ** જીવાત્મા-પરમાત્માનું વિવેચનાદિક વિગતવાર કહી સમઝાવ્યું છે. આમ ત્રણ ષટ્કનો વિભાગ સમઝવો.

હવે-અધ્યાયવાર સારાર્થનો સંગ્રહ કહી બતાવે છે—

તેમાં પ્રથમ-"**धर्मक्षेत्रे कुरुक्षेत्रे**" એ શ્લોકથી આરંભ કરીને "**तमुवाच हृषीकेशः प्रहसन्निव भारत !**" એ શ્લોક સુધીના વાક્યસંદર્ભથી ગીતા-શાસ્ત્રનું અવતરણ-આ લોકમાં તેનું પ્રકાશ કરવું તે કહેલું છે. આમાં પ્રથમાધ્યાયનો સંક્ષેપ કહેવાઇ જાય છે.

બીજા અધ્યાયમાં—અર્જુનને ભીષ્મ—દ્રોણાદિકને સામા યુદ્ધમાં આવેલા જોઇને સમય વિનાના ઉભરાઇ આવેલા સ્નેહને લીધે અને અતિ કારૂણ્યને લીધે થઇ આવેલા વિષાદને ટાળવા માટે અને મોહની નિવૃત્તિ કરવા માટે અર્જુનને ભગવાને પ્રથમ " **न त्वेवाहं जातु नासं न त्वं नेमे जनाधिपाः** " એ શ્લોકથી આરંભીને " **देही नित्यमवध्योऽयं देहे सर्वस्य भारत !** " એ શ્લોક સુધીના ગ્રંથથી આત્મસ્વરૂપનું યથાર્થ જ્ઞાન સમઝાવ્યું છે. અને અર્જુનને ક્ષત્રિય જાતિનો યુદ્ધ કરવું એ સહજ—સ્વાભાવિક સ્વધર્મ હોવા છતાં પણ તેમાં તેને અધર્મબુદ્ધિ ઉત્પન્ન થઇ આવી તે અધર્મ બુદ્ધિરૂપ ભ્રમને ટાળવા પોતાના ખરા સ્વધર્મરૂપ કર્તવ્ય કર્મમાં અભિમાનનો ત્યાગ અને ફળાનુસન્ધાનનો ત્યાગ રાખવો એ રૂપ બુદ્ધિ—યોગને " **स्वधर्ममपि चावेक्ष्य न विकम्पितुमर्हसि** " એ શ્લોકથી આરંભીને " **सुखदुःखे समे कृत्वा लाभालाभौ जयाजयौ । ततो युद्धाय युज्यस्व नैवं पापमवाप्स्यसि** " ॥ એ શ્લોક સુધીના ગ્રન્થસન્દર્ભથી સમઝાવીને ખરો કર્મયોગ સમઝાવ્યો છે. જે બુદ્ધિ-યોગ સમઝાયાથી કર્મની પુણ્ય—પાપરૂપતા નિવૃત્ત થઇ જાય છે. અને એ કર્મજ જ્ઞાનરૂપ થઇને તે દ્વારા ભગવત્પ્રસન્નતામાં હેતુભૂત બની જાય છે.અને એજ કર્મયોગ આત્મસ્વરૂપના જ્ઞાનથી ભરપૂર હોવાથી અનુક્રમે ભગવત્સ્વરૂપમાં સ્થિરપ્રજ્ઞતારૂપ અવિચળ ભક્તિ-યોગને સાધનારો થઇ રહે છે. એમ સમઝાવ્યું છે.

ત્રીજા અધ્યાયમાં-" **ज्यायसी चेत्कर्मणस्ते मता बुद्धिर्जनार्दन !** । + + + + **तदेकं वद निश्चित्य येन श्रेयोऽहमाप्नुयाम्** " ॥ આ બે શ્લોકથી-"કર્મ કરતાં બુદ્ધિ-જ્ઞાન ચઢીયાતું હોય તો મને આવા યુદ્ધ જેવા મહાઘોર કર્મમાં શા માટે નાખો છો ? તમારા ભેળ—સેળીઆ જેવા

વચનથી મારી બુદ્ધિમાં આપ મોહ ઉપજાવવા જેવી સ્થિતિ કરો છો, માટે આપ મને જેનાથી મારૂં શ્રેય થાય એવું એક નિશ્ચિત કરીને કહો !" આવા અર્જુનનો પ્રશ્ન ઉદ્ભાવીને કર્મ સારૂં ? કે જ્ઞાન સારૂં ? એવા વિકલ્પરૂપ શંકાનો ઉઠાવ કરીને તેના ઉત્તરમા ભગવાને કર્મયોગનું અનુષ્ઠાન કેવી રીતે કરવું તેનો પ્રકાર ઉપપાદન કરતાં કહ્યુંછે કે–કર્મ કરવામાં જેમ કામનાઓનો–ફળેચ્છાઓનો ત્યાગ કરવો જરૂરી છે. તેજ પ્રમાણે કર્મના કર્તાપણાનો પણ ત્યાગ કરવાની અતિ આવશ્યકતા છે. અને કેવળ કર્મમાં આવો જે બુદ્ધિયોગ મેળવવો એનું જ નામ કર્મયોગ છે. એજ કર્મયોગ ગમે તો સત્ત્વાદિક ગુણોમાં કર્તૃત્વાનુસન્ધાન રાખીને કરો, અથવા સર્વેશ્વર પરમાત્મામા રાખીને કરો. પણ એ બે માંથી એકમાં અનુસન્ધાન રાખવું એનું જ નામ કર્મયોગ છે. અને વળી તેમાંય ગુણમાં અનુસંધાન રાખવા કરતાં સર્વનિયન્તા પરમેશ્વરમાં સર્વ કર્મ અર્પણ કરવાનું અનુસન્ધાન રાખવું એ સર્વોત્કૃષ્ટ સાધન છે. અને " **सर्वं कर्माखिलं पार्थ ! ज्ञाने परिसमाप्यते** ' એમ જે કહ્યું છે. તે પણ આવું પરમાત્મસ્વરૂપમાં કર્મ અર્પણ કરવું એમજ સમઝવાનું છે અને એજ ભક્તિ છે. અને "**सर्वधर्मान् परित्यज्य मामेकं शरणं व्रज !** " આ શ્લોકથી સર્વ ધર્મ–કર્મના પરિત્યાગપૂર્વક એટલે કે ભગવદર્પણ કરવા પૂર્વક ભગવાનનેજ સર્વથા અનુસરી જવું એનું જ નામ ખરો પ્રપન્ન ભાવછે. અને એવી જે પ્રપત્તિ–શરણાગતિ એજ આ ગીતાનું અન્તિમ ધ્યેય અને સર્વ શાસ્ત્રનું પરમ રહસ્ય છે. એમ કહ્યું છે. અને પોતે જ્ઞાનયોગમા પ્રવર્તવાને માટે પૂરેપૂરો અધિકારી હોય તો પણ તેણે લોકસંગ્રહને માટે પણ યથાર્થપણે કર્મયોગનું અનુષ્ઠાન કરવું જ જોઇએ. એમ ભગવાને પોતે પોતાના દૃષ્ટાન્તથી વિગતવાર કહી બતાવ્યું છે. અને જો હું કર્મમાર્ગમાં બરોબર ન પ્રવર્તું, તો મારૂં જોઇને આ સઘળો લોકસમૂહ પણ મારેજ માર્ગે ચાલીને અન્તે ખરાબ થઇ જાય. માટે જે જે વર્ગમાં જે મોટેરો હોય તેના આચરણ પ્રમાણેજ બીજા માણસો આચરણ કરે છે. તેથી તે મોટેરાઓએ સર્વ ધર્મ—કર્મનું અનુષ્ઠાન યથાર્થ રીતે આચરવુંજ જોઇએ, કર્મના ફળની ઇચ્છાવાળાને તો કર્મ લાગેલુંજ છે. પણ ફળની ઇચ્છા ન હોય તો પણ લોકસંગ્રહને માટે પણ કર્મ તો કરવું જ જોઇએ. પૂર્વે જનકાદિક જ્ઞાનીઓએ પણ કર્મ છોડયું નથીજ. એટલું જ નહિ. પણ તે બધાય કર્મથીજ સંસિદ્ધિ પામ્યા છે. એમ ગીતાનું તો કહેવું છે. અને છેવટની અર્જુનની એક શંકા એવી છે કે જ્યારે જ્ઞાનીને ફળની ઇચ્છા નથી તેવાને અગર તો કંટાળીને પણ જે કર્મ કરવા નથી ઇચ્છતો તેવાને પણ બળાત્કારથીજ જેમ એમ કર્મ કરવા કોણ પ્રેરે છે? તેના ઉત્તરમાં ભગવાને સર્વથી બળવાન રજોગુણમાંથી થયેલા કામ ક્રોધનેજ કર્મમાં નાખનાર વેરી કહ્યા છે. અને જ્ઞાનીના જ્ઞાનને પણ એ ઘેરો ઘાલનાર છે. અને જ્ઞાન–વિજ્ઞાનનો નાશક અતિ બળવત્તર વિરોધી શત્રુ છે. અને ઇન્દ્રિયોથી પર અને બળવાન મન છે. મનથી પર અને બળવાન બુદ્ધિ છે. અને કામ તો બુદ્ધિને પણ દબાવનારો મહાબળિષ્ઠ છે. એમ સર્વથી બળવાન એ કામને કહીને અન્તે પ્રથમ કહેવા પ્રમાણે નિષ્કામ ભાવે અને ભગવદર્પણ બુદ્ધિથી કરેલાં કર્મથી અતિ શુદ્ધ નિર્વિકાર બનેલા પોતાના આત્મથી એટલે બુદ્ધિથી મનને વશમાં કરીને એ મનમાથી થયેલા કામને હે મહાબાહો ! તું નાશ કરી નાખ ! એમ કહ્યું છે.

ચોથા અધ્યાયમાં–ભગવાને આ ગીતામાં કહેલા કર્મયોગનું વિવસ્વાન અને મનુ વિગેરે પૂર્વે થયેલા ઘણાક પુરાતન પુરૂષોએ આચરણ કરેલું હોવાથી આ ગીતામાં પ્રથમજ કહેવામાં આવ્યો છે એમ નથી. પણ એ તો ઘણોજ પ્રાચીન માર્ગ છે. એમ કહ્યું છે. અને આ પ્રસંગેજ અર્જુનને પ્રશ્ન ઉઠવાથી પોતાના વખતો–વખત અવતાર ધારવાના હેતુને અને અવતાર ધારવાના પ્રકારને અને અવતાર ધારણ કરતી વખતે પણ પોતાની દિવ્યતા જાણનારને પણ અપુનરાવૃત્તિ કહેવાપૂર્વક પોતાના પરસ્વરૂપની પ્રાપ્તિ કહી છે. પછી કર્મયોગની અંદર જ્ઞાન રહેલું છે. માટે કર્મયોગ ઉપરથી બીજાં સકામ કર્મ

જેવોજ જણાય છે તો પણ તે જ્ઞાનરૂપજ છે. એમ કહ્યું છે. અને તેમાં પણ જ્ઞાનાંશનું શ્રેષ્ઠપણું બતાવ્યું છે. અને તે પછી કર્મના અવાન્તર ઘણાક ભેદો પણ કહેવામાં આવ્યા છે.

આ અધ્યાયમાં–ભગવાનના પૃથ્વી ઉપર થતા અવતારોનું વાસ્તવિકપણે યથાર્થ નિરૂપણ કરવામાં આવ્યું છે. તે તરફ વિશેષપણે ખાસ દૃષ્ટિ આપવી. પોતાના દિવ્ય અક્ષર ધામમાંથી ભગવાન આ ભૂમંડળમાં અવતાર ધારણ કરે છે. તે કાંઇ ઇન્દ્રજાળની ક્રિયા જેવું મિથ્યા કે ખોટું નથી, પરન્તુ–"**जन्म कर्म च मे दिव्यमेवं यो वेत्ति तत्त्वतः । त्यक्त्वा देहं पुनर्जन्म नैति मामेति सोऽर्जुन !**" ॥ "મારાં જન્મ અને કર્મ તેને દિવ્ય–અલૌકિક છે. એમ જે તાત્વિક–ખરી રીતે જાણે છે–સમજે છે. તો તે પણ દેહનો ત્યાગ કરીને પુર્નજન્મને નથી પામતો એટલુંજ નહિ પણ હે અર્જુન ! તેવો જ્ઞાની તો મનેજ પામે છે." એમ સર્વથા દિવ્ય અને બાજાઓના–અભક્તોના સમજવામાં ન આવે એવું અલૌકિક અને સત્ય છે અને અવતાર ધારીને રહેલા હોય ત્યારે તેમાં પણ સર્વજ્ઞત્વાદિક અનન્ત કલ્યાણ ગુણોથી ભરપૂર હોય છે. પણ એ ગુણોથી રહિત નથી હોતા. એ ગુણોનો પ્રકાશ કરવો અગર ન કરવો, અગર ક્યાં ક્યારે કેવી રીતે કોની આગળ શા માટે કરવો? એ સઘળું ભગવાનની પોતાનીજ ઇચ્છા ઉપર અવલંબીને રહે છે અને વળી ભગવાનને અવતાર ધારવામાં નિમિત્ત પણ મુખ્યત્વે સ્વેચ્છાજ હોય છે. પણ બદ્ધ જીવાત્માઓની પેઠે **કર્મ** નિમિત્ત નથી. તેમાંય વળી–સાધુપરિત્રાણ અસુરવિનાશન અને એકાન્તિક ધર્મનું સંસ્થાપન એજ નિમિત્ત મુખ્યત્વે કરીને હોય છે. અને અવાન્તર–"**एककार्यार्थमागत्य कोटि कार्यं करोति वै**" એક કાર્યને માટે આવીને પણ બીજાં કરોડો કામ ભગવાન કરે છેજ. વળી ભગવાન અવતાર ધારે છે. ત્યારે તે ધારેલો દેહ પણ પંચભૂતાત્મક ગુણમય નથી હોતો, પણ દિવ્ય—અપ્રાકૃતજ હોય છે. માટે અહીંઆં અવતાર ધારીને રહેલા ભગવાનની મૂર્તિ અને અક્ષર ધામમાં રહેલી ભગવાનની મૂર્તિ એ બેમાં ભેદજ નથી. સ્વરૂપ, સ્વભાવ, ગુણ વિભૂતિ અને ઐશ્વર્ય વિગેરેમાં એક લેશ પણ વૈષમ્ય–ન્યૂનાધિક ભાવ અગર ભિન્નતા નથીજ. આ બાબત ભગવાન શ્રી હરિએ સત્સંગિજીવનમાં "**स्वरूपाद्वैत**" નામના પ્ર. ૩. અ. ૨૯ મામાં મુનિવર મુક્તાનંદ મહામુનિને ઘણીજ વિગતવાર સ્પષ્ટતાથી કહી છે.

પાંચમા અધ્યાયમાં–જ્ઞાનયોગથી જે સાધ્ય છે તે કર્મયોગથી પણ સાધ્યજ છે. એમ "**यत्सांख्यैः प्राप्यते स्थानं तद्योगैरपि गम्यते । एकं सांख्यं च योगं च यः पश्यति स पश्यति**" "જે સ્થાન–પ્રાપ્તિ સાંખ્યનિષ્ઠાવાળા જ્ઞાનયોગનું આચરણ કરનારાઓએ પમાય છે. તે કર્મયોગ કરનારાઓએ પણ મેળવાય છેજ. એમ સાંખ્ય અને કર્મયોગ એ બન્નેને જે એકજ—એક સરખુંજ ફળ આપનારા એમ જે જુએ છે–જાણે છે. તેજ ખરૂં જુએ છે—જાણે છે." એ વિગેરે શ્લોકોથી કહેલું છે. વળી જ્ઞાનયોગમાં નિષ્ઠા રાખનારની અપેક્ષાએ કર્મયોગમાં નિષ્ઠા રાખનારને ફળ પ્રાપ્તિમાં શીઘ્રતા રહેલી છે. તેમ કર્મયોગ સુખેથી સાધી શકાય એવો સુગમ માર્ગ છે. અને તે ઉપરાંત કર્મ કરવામાં આવતું હોય તો પણ તેમાં અભિમાન ત્યાગથી અકર્તાપણાનું અનુસન્ધાન કેવી રીતે રાખવું તે પણ "**ब्रह्मण्याधाय कर्माणि सङ्गं त्यक्त्वा करोति यः**" "કર્મમાત્ર ભગવાનને વિષે અર્પણ કરીને ફળાસક્તિ છોડી દઇને જે કર્મ કર્યા કરે છે. તે પાપથી લેપાતો નથી." એ વિગેરે શ્લોકથી કહેલું છે. અને આત્મજ્ઞાન દૃઢ થયા પછી તેમાં સ્થિતિભેદથી પડતા અવાન્તર ભેદો પણ કહ્યા છે.

છઠ્ઠા અધ્યાયમાં–આત્મસ્વરૂપને જોવા—અનુભવવા ઇચ્છતો મુમુક્ષુ કે જે પરમાત્મદર્શનને પગથીએ અનુક્રમે ચઢવા ઇચ્છે છે તેવા સાધકને શમદમાદિક સાધનસમ્પત્તિ સિદ્ધ કરતા પહેલાં તેમાં સહાય કરનાર કર્મયોગનુંજ સાધનપણું કહેલું છે. અને કર્મયોગની સમ્પત્તિ સિદ્ધ થયા પછીજ જ્ઞાનનિષ્ઠાની પરા કાષ્ઠાએ પહોંચવાના અવાન્તર માર્ગરૂપ યોગાભ્યાસમાં અધિકાર પ્રાપ્ત થાય છે એમ

કહ્યું છે. તે પછી ચાર પ્રકારની યોગપરિપાકની અવસ્થાઓ બતાવી છે. અને તેમાં સાધનભૂત અભ્યાસ અને વૈરાગ્યાદિક અવાન્તર સાધનો બતાવ્યાં છે. યોગમાર્ગથી ભ્રષ્ટ થયેલાને કાળે કરીને જન્માન્તરે પણ યોગફળની સિદ્ધિ બતાવી છે. અને સર્વ યોગ કરતાં પરમાત્મસ્વરૂપમાં ભક્તિયોગનું સર્વશ્રેષ્ઠપણું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. અને એવા ભક્તિયોગમાંજ ગીતાનું તાત્પર્ય છે. એમ પણ સમઝાવ્યું છે.

સાતમા અધ્યાયમાં—પ્રથમ જ્ઞાન–વિજ્ઞાન એ બન્નેને યથાર્થ કહેવાની પ્રતિજ્ઞા કરીને અને એ ઉપરાંત બીજું કાંઇ જાણવા યોગ્ય બાકીજ રહેતું નથી એમ કહીને પરમ પુરૂષ પરમાત્માની ઉપાસ્યતા કહી છે. ઉપાસના કરવા યોગ્ય તે પરબ્રહ્મનું સઘળા ચિત્–અચિત્ પદાર્થ–માત્રનું શેષિત્વ—સ્વામિત્વ, સર્વ જગત્નું કારણત્વ, સર્વાધારતા, પરમાત્મા સર્વના શરીરી હોવાથી સર્વ વસ્તુમાત્ર તેનાજ પ્રકારભૂત અપૃથક્સિદ્ધ ધર્મરૂપે છે. માટે એ ધર્મભૂત પદાર્થના વાચક સર્વ શબ્દોથી એ પરમાત્માજ વાચ્ય છે. પરમાત્માનુંજ સર્વનિયન્તાપણું, સર્વ કલ્યાણ ગુણગણોથી ભરપૂર હોવાથી સર્વ થકી સર્વોત્કૃષ્ટપણું, ભગવાનની અસાધારણ શક્તિરૂપ માયાના સત્ત્વાદિક ગુણમય ભાવોથીજ તે પરમાત્મ સ્વરૂપનું તિરોહિત-પણું–બીજાઓને યથાવસ્થિત ઓળખવા સમઝવામાં ન આવવાપણું અને એ ભગવાનનીજ એક–અનન્ય શરણાગતિથી તે માયાનું નિવૃત્ત થવાપણું, પૂર્વ સુકૃતના તારતમ્ય ભાવને લીધે ભગવાનનો આશ્રય કરવામાં વિવિધ વિચિત્રતાને લીધે આર્ત, જિજ્ઞાસુ, અર્થાર્થી અને જ્ઞાની એવા ભેદથી ભક્તોમાં ચાર પ્રકારના ભેદ કહ્યા છે. અને એ ચારમાં ભગવાનની એકનીજ પ્રાપ્તિની ઇચ્છાવાળા ભગવાનના એકાન્તિક ભક્તરાજ જ્ઞાની ભક્તનું શ્રેષ્ઠપણું કહ્યું છે.

આઠમા અધ્યાયમાં–ઐશ્વર્યાર્થી ભક્તોને, અક્ષરના યથાર્થ સ્વરૂપને સમઝવામાં નિષ્ઠાવાળા અક્ષર ભક્તોને, તેમજ ભગવાનમાં નિષ્ઠાવાળા ભગવદ્ભક્તોને જાણવા યોગ્ય અને ગ્રહણ કરવા યોગ્ય ભેદો જે સાતમા અધ્યાયને અન્તે કહેવા આરંભ્યા છે, તેનોજ વિસ્તાર ઘણું કરીને પ્રતિપાદન કરવામાં આવ્યો છે. અર્થાત્ સાતમા અધ્યાયનો વિગતવાર વિસ્તારરૂપેજ આઠમો અધ્યાય છે એમ કહીએ તો પણ ચાલે.

નવમા અધ્યાયમાં—ભગવત્સાક્ષાત્કારમાં સાક્ષાત્ સાધનભૂત અને સાધનમાત્રના અન્તિમ ફળરૂપ ભક્તિયોગનો પ્રકર્ષ કહ્યો છે. ભજનીયસ્વરૂપ ભગવાનનો–સર્વમાં વ્યાપકપણું, સર્વના પરમ આધારરૂપે રહેલા હોવાથી સર્વાધારપણું, સર્વમાં અન્તર્યામિપણે રહેવાપણું અને સર્વના કારણપણે રહેવાપણું, એ વિગેરે અસાધારણ મહિમા કહ્યો છે. અને ભગવાન સર્વેશ્વર જ્યારે જ્યારે આ ભૂમંડળમાં અવતરે છે. ત્યારે ત્યારે પોતે સર્વ શક્તિમાન હોવા છતાં પણ માનુષ્યાદિક સજાતીય ભાવ–પૂરે પૂરો જણાવીને કોઇ પ્રકારનું અન્તર નહિ રાખતાં સર્વથા સર્વ સુલભપણે વર્તવારૂપ ભગવાનનો પર ભાવ કહ્યો છે. અને પછી ભગવાનના એકાન્તિક જ્ઞાની ભક્તોનો ભક્તિયોગ વિશેષપણે સાધન—સામગ્રીએ સહિત અતિ સ્પષ્ટતાપૂર્વક કહી બતાવ્યો છે. આ અધ્યાયમાં ભક્તિયોગજ પ્રધાનપણે વર્ણન કરેલો છે એમ કહીએ તો પણ ચાલે.

દશમા અધ્યાયમાં—પાછલા અધ્યાયોમાં કહેલોજ ભગવાનનો કલ્યાણગુણયોગ ફરીથી વિસ્તારથી વ્યાખ્યાન કરેલો છે. અને આ કહ્યા એવા ભક્તિયોગની ઉત્પત્તિને માટે અને ઉત્પન્ન થયેલા ભક્તિયોગની ઉત્તરોત્તર વૃદ્ધિ થવાને માટે બુદ્ધિઆદિક સઘળા ભાવ–પદાર્થોની ભગવાન થકીજ ઉત્પત્તિ થાય છે. તેમજ ભૃગુઆદિક સાત મહર્ષિઓની તથા બ્રહ્મા અને સાવર્ણિ વિગેરે ચાર–ચૌદ મનુઓની પણ ભગવાન થકીજ ઉત્પત્તિ થાય છે. એમ કહ્યું છે. એ પછી અર્જુનના પૂછવાથી ભગવાનના ગુણ ચિન્તવનની અનુકૂળતા માટે ભગવાનની મુખ્ય મુખ્ય વિભૂતિઓ વિશેષપણે કરીને વર્ણન કરવામાં આવી છે. અને તેથીજ **વિભૂતિયોગ** એવું આ અધ્યાયનું નામ છે.

અગીઆરમા અધ્યાયમાં—ભગવાનના અનુગ્રહથી પ્રાપ્ત થયેલા દિવ્ય—અમાયિક ચક્ષુથી અર્જુને અનુભવેલો ભગવાનના વિશ્વ-વિરાટ સ્વરૂપનો સાક્ષાત્કાર વિગેરેના પ્રકાર વર્ણન કર્યો છે. અને તત્ત્વ કરીને ભગવાનના સ્વરૂપનુ યથાર્થ જ્ઞાન સમ્પાદન કરવુ, તે ભગવાનનો સાક્ષાત્કાર કરવો ત્યાં સુધીની જ્ઞાનપ્રાપ્તિમાં ભગવાનની એકાન્તિકી ભક્તિનુંજ સાધનપણું—"**भक्त्या त्वनन्यया शक्य अहमेवंविधोऽर्जुन । ज्ञातुं द्रष्टुं च तत्त्वेन प्रवेष्टुं च परन्तप !**" આ શ્લોકથી યથાર્થ નિરૂપણ કર્યું છે.

બારમા અધ્યાયમાં-અક્ષરની ઉપાસના અને ભગવાનની ઉપાસના મધ્યે ભક્તિરૂપ જે ભગવદુપાસના તેનુંજ શ્રેષ્ઠપણું કહ્યું છે. અને અક્ષરની ઉપાસના કરનારાને ઘણોજ કલેશ અનુભવવો પડે છે.

કેમ કે આકાશ જેવા અવ્યક્ત અક્ષરની ઉપાસના કરવી અને આ ભતાકાશને જીભે કરીને ના ચરસ સુધી ચાટયા કરવુ એ બન્ને સરખુંજ છે. માટે અક્ષરની ઉપાસનામા કલેશ સિવાય બીજું શ હોય ? તે કહે છે કે—"**क्लेशोऽधिकतरस्तेषामव्यक्तासक्तचेतसाम्**" "અવ્યક્ત અક્ષરમાં ચિત્ત પરોવનારાઓને તો અત્યન્ત કલેશ સિવાય બીજું કશું છેજ નહિ." એમ વિગતવાર નિરૂપણ કર્યું છે.

ત પછી નિરતિશય પ્રેમપૂર્વક કરવામાં આવતુ પરાનુરાગરૂપ ભગવધ્યાન કરવામાં અસમર્થ પુરુષને ભગવાનના કલ્યાણકારી ગુણોના અખંડ સ્મરણપૂર્વક તે ધ્યાનનો અભ્યાસ કરવાનો કહ્યો છે. તે ધ્યાનાભ્યાસ કરવામાંય જે અસમર્થ હોય તેને પ્રેમપૂર્વક ભગવત્પરાયણજ સર્વ કર્મ કરવાનું કહ્યું છે. તેમાંય અસમર્થ હોય તેને ભગવત્સ્વરૂપના અવલોકનમાં સાધનભૂત શુદ્ધ આત્મસ્વરૂપના ધ્યાનનો અભ્યાસ કરવા એમ કહ્યુ છે.તેમાંય અસમર્થ હોય તેને આત્માનું યથાર્થ જ્ઞાન જેમાં રહેલું છે. અને ફળના ત્યાગ કરવા પૂર્વક કર્મનું આચરણ કરવુ તે રૂપ કર્મયોગમાં દૃઢ નિષ્ઠા રાખીને વર્તવુ એમ કહ્યું છે. અને તે ઉપરાંત પોતાના ભક્તોનાં લક્ષણો કહેવાપૂર્વક પોતાના ભક્તજ પોતાને અતિ પ્રિય છે. એમ ભગવાને વારંવાર કહ્યું છે.

તેરમા અધ્યાયમાં-ક્ષેત્ર—ક્ષેત્રજ્ઞનો વિભાગ, ક્ષેત્રના સ્વરૂપનું વિવેચન, ક્ષેત્રજ્ઞ-જીવાત્માની પણ ભગવદાત્મકતા, આ સંસારના બન્ધનથી મુકાવાને માટે જ્ઞાતવ્ય—જાણવા યોગ્ય તત્ત્વનું અને જ્ઞાન-જ્ઞેયના વિભાગનું વિસ્તારપૂર્વક વિવેચન, પ્રકૃતિ-માયા અને પુરૂષ--જીવાત્મા એ બન્નેની અનાદિતા, તે બન્નેના સંસર્ગમાં હેતુ--કારણ અને તે બન્નેના વિવેકના અનુસન્ધાનનો પ્રકાર પણ વિગતવાર કહેવામાં આવ્યો છે.

ચૌદમા અધ્યાયમાં-દેવ—મનુષ્યાદિક વિવિધ વિચિત્ર ભૂત—પ્રાણીરૂપે વિવિધ પ્રકારે વર્તતા ગુણમય પ્રધાનમાં પ્રાણીઓનાં કર્મ પ્રમાણે જીવનરૂપ બીજને યોજવામાં ભગવાનનીજ પ્રધાનતા, પોતપોતાનાં કર્મ પ્રમાણે પ્રકૃતિથી સર્જાયેલા જીવાત્માઓને સત્ત્વાદિક ગુણોના સંબન્ધથી કેવી રીતે બન્ધકતા છે. તેનો પ્રકાર-વિવેચન, મરણ સમયમાં સત્ત્વાદિક ગુણોના અનુક્રમે ઉદ્ભવ-વૃદ્ધિ અને અભિભવ-હ્રાસ તેના ભેદ પ્રમાણે જન્માન્તરમાં થનારી ગતિનો ભેદ અને એ ત્રણ ગુણથી અતીત થયેલા ગુણાતીત પુરૂષનું લક્ષણ-વર્તન તે પણ કહેવામાં આવ્યું છે.

પંદરમા અધ્યાયમાં—જીવાત્માઓને બન્ધનમાં નાખનારો, સત્ત્વાદિક ગુણમય—ગુણપ્રધાન, અતિ ઉંડાં દૃઢ ચોટેલાં મૂળવાળો અને અશ્વત્થ—પીપળાના વૃક્ષની પેઠે નીચેને ઉપર સર્વત્ર પ્રસરેલો એવા આ સંસારરૂપ વૃક્ષની અસંગ—વૈરાગ્યરૂપ તીક્ષ્ણ શસ્ત્રથી છેદવામાં શકયતા કહી છે. જ્યાં ગયા પછી અગર જેને પામ્યા પછી આ સંસૃતિમંડળમાં આવવાનું હોતું નથી એવા કોઇ પરમ-સર્વશ્રેષ્ઠ અલૌકિક પરમ પદની શોધ કરવી અને તે પરમ પદનું સ્વરૂપ-લક્ષણ માહમા વિગેરે અને ક્ષર-અક્ષર

એ બન્ને પ્રકારના પુરૂષો થકી ભગવાનની અત્યન્ત વિલક્ષણતા એટલુંજ નહિ, પરન્તુ એ બન્ને થકી અતિ ઉત્તમતા હોવાથી ભગવાનનું પુરૂષોત્તમપણું પ્રતિપાદન કર્યું છે.

સોળમા અધ્યાયમાં–દૈવી અને આસુરી એ બન્ને સમ્પદ્નો વિભાગ કર્યો છે. અને તેમાં "**दैवी सम्पद्विमोक्षाय निबन्धायासुरी मता**" એમ દૈવી સમ્પદ્ની બન્ધવિમોચકતા અને આસુરી સમ્પદ્ની અધોગતિમાં હેતુતા કહી છે.

સત્તરમા અધ્યાયમાં—સત્ત્વાદિક ગુણોના ભેદથી શ્રદ્ધા, યજ્ઞ, તપ અને દાનાદિકની સાત્વિકાદિક ભેદરૂપે ત્રિવિધતા વિગતવાર કહી છે. તેમજ આહારનું પણ ત્રિવિધપણું કહ્યું છે. અને વેદવિહિત કર્મનું પણ નિર્દેશ કરીને ત્રિવિધપણું કહ્યું છે.

અઢારમા અધ્યાયમાં–આત્યન્તિક શ્રેયના સાધનપણે તે તે ઠેકાણે કહેલા ત્યાગનું સ્વરૂપ કહેવામાં આવ્યું છે. અને તે ત્યાગની નિઃશ્રેયસના સાધનપણે કહેલા સંન્યાસની સાથે એકાર્થતા–એકરૂપતાજ કહેલા છે. અર્થાત્ એ ત્યાગ અને–સંન્યાસ બન્ને એકજ છે. સર્વ કર્મની સિદ્ધિમાં સાધનપણે કહેલાં અધિષ્ઠાનાદિક પદાર્થોમાં **દૈવ** શબ્દથી કહેવામાં આવેલા પરમાત્માનું પ્રાધાન્ય કહેવામાં આવ્યું છે. કરવામાં આવતાં કર્મોમાં પરમાત્માને વિષેજ કર્તાપણાના અનુસન્ધાનના જ્ઞાનનું,કર્મનું અને કર્તાનું ગુણ-ભેદથી ત્રિવિધપણું કહ્યું છે. તેમજ બુદ્ધિ અને ધૃતિનું પણ ત્રિવિધપણું કહ્યું છે. બ્રાહ્મણાદિક વર્ણોના નિયત કરેલા ગુણભેદ પ્રમાણે સ્વભાવભેદને અનુરૂપ શમ-દમાદિક ગુણરૂપ કર્મનો ભેદ કહેવામાં આવ્યો છે. અને પોતાના સહજ સ્વભાવથી કરાતાં કર્મોથી ઇશ્વરની આરાધના કરનારાઓને ઇચ્છિત ફળની સિદ્ધિ થાય છે.ને પછી સત્ત્વગુણની ઉપાદેયતા અને તેનાથીજ જ્ઞાન–નિષ્ઠાની સિદ્ધિ થાય છે એમ કહ્યું છે. અને છેવટમાં આ સમગ્ર ગીતાશાસ્ત્રના પરમ રહસ્યરૂપ ભક્તિયોગની ભગવત્પ્રાપ્તિમાં સાધનતા કહી છે.અને સર્વ શાસ્ત્ર માત્રના સારરૂપ ભગવચ્છરણાગતિનો–"**सर्वधर्मान् परित्यज्य मामेकं शरणं व्रज !**"આ વાકયથી ઉપદેશ કર્યો છે.અનેપ્રપત્તિ એજ ભગવાનની માયાને તરવાનો પરમ ઉપાય છે એમ તો ભગવાને પ્રથમથીજ–"**मामेव ये प्रपद्यन्ते मायामेतां तरन्ति ते**" એ વાકયથી ઉપદેશ કરેલો છે. અને એજ સર્વ શાસ્ત્રનો અને આ ગીતા શાસ્ત્રનો પણ પરમ સારભૂત ઉપદેશ માનેલો છે.

હવે–આ શરણાગતિ અગર પ્રપત્તિ શબ્દથી કહેવામાં આવતું ભગવાનની પ્રસન્નતાનું સાધન તેનું સ્વરૂપ આ પ્રમાણે છે—

આ સંસારમાં અવિરતપણે બળતા અધ્યાત્માદિક ત્રણ તાપોના આઘાતને સહન નહિ કરી શકતાં, પરમ અમૃતમય મૂર્તિ પુરાણ પુરૂષ ભગવાન શ્રીનારાયણરૂપ પરમ આનંદના મહાસાગરને જોઇને તેમાં ડૂબકી ખાવા દોડી જવા માટે ચોતરફ માર્ગની શોધા–શોધ કરતાં, દૂરથી પરમેશ્વરના સ્વરૂપમાં ચિત્તનું પ્રણિધાન કરવારૂપ, અનેક મુમુક્ષુ જનોએ સેવેલા મહામાર્ગને જોઇને, પરન્તુ–તેમાં તો કર્મયોગ, જ્ઞાનયોગ અને ભક્તિયોગના ઘુંચવણીવાળા લાંબા લાંબા મોટા મોટા વિભાગોવાળા માર્ગોના ફાંટા જોઇને અને તેમાં પણ એક–બીજાનું પૂર્વાપર સાપેક્ષ અનુસન્ધાન રાખવાનું હોવાથી અતિ ગહન મોટાં મોટાં વિઘ્નોવાળા એ માર્ગમાં પોતાનો અધિકાર નથી એમ માનીને એ માર્ગથી નિવૃત્તિ પામતાં, પછી સર્વ પ્રાણી–માત્રના હૃદયમાં અખંડ વસી રહેલા પોતાની પાસેજ જણાતા. આશ્રય કરવા માત્રની સાથેજ સર્વ સન્તાપ માત્રને એકદમ સર્વથા હરનારા, ઘાટી છાયાવાળા મહાવૃક્ષની પેઠેજ સન્નિધિમાત્રથીજ મહાશાન્તિ કરનારા, અમૃતમય પરમ પ્રાપ્યસ્વરૂપ પોતેજ હોવાથી અન્તિમ પ્રાપ્ય-રૂપ એવા પરમાત્માને જોઇ–જાણીને અને તેમની સેવા કરવી એ તો પોતાને સ્વભાવપ્રાપ્ત સહજ સિદ્ધ હોવાથી તેમાં રસિકતા પ્રાપ્ત થવાના પૂર્વ ભાગ્યવિશેષથી જેમને રૂચિ થયેલી છે અને તેથીજ

પોતાના સ્વામીની આજ્ઞાનું અનુવર્તન કરવાનાજ એક સ્વભાવવાળા હોવાથી તે ભગવાનને ગમતું ન હોય તેનાથી સર્વથા નિવૃત્ત થયેલા અને ભગવાનના ગમતામાં વર્તવાના સંકલ્પપૂર્વક પ્રવર્તેલા અને મહાવિશ્વાસપૂર્વક પોતાના સ્વામી, સર્વજ્ઞ, સર્વશકિતસમ્પન્ન, સત્યસંકલ્પ, અને વાત્સલ્યાદિક સકળ કલ્યાણ ગુણોના સમૂહથી પરિપૂર્ણ ભરેલા સાગરસમા પરમ પુરૂષ ભગવાન વાસુદેવને શરણે વર્તનારા એવા અનેક મુમુક્ષુ શરણાગતોએ સેવેલો અને પોતાને પણ અનુરૂપ–થઈ શકે એવો એ પ્રપત્તિ માર્ગ જોઈ–જાણીને, પછી પોતાના મનના માન્યા સઘળા આરંભો જેણે છોડી દીધા છે. અને બન્ને બાજુએ ભડકાબંધ સળગતા કાષ્ઠની મધ્યે આવેલા કીડાની માફક—જન્મ–મૃત્યુની મધ્યે તરફડીઆં મારતો અને અત્યન્ત ભયભીત બની ગયેલે. હોઇને મહા ઉદારમૂર્તિ પોતાના સ્વામી શ્રીમન્નારાયણ ભગવાનના વાત્સલ્યાદિક મહાગુણોને સંભારતો થકો વત્સ જેમ પોતાની માતાના તરફ નિઃશંકપણેદોડી જાયછે એમ એ શરણાગત—મુમુક્ષુ પણ ભગવાનને શરણે દોડી જાય છે. તેવા શરણાગતને મુકિતને માટે જે આ પ્રસિદ્ધ માર્ગ છે. તેને શાસ્ત્રમાં તે તે ઠેકાણે **પ્રપત્તિ** એવા નામથી પ્રતિપાદન કરવામાં આવે છે.

આ **પ્રપત્તિનો** ખરો અર્થ એ છે કે–" આ સંસૃતિમંડળમાં પોતાની રક્ષા કરે એવી કોઇ પણ ગતિને નહિ મેળવનાર માણસ વાત્સલ્યાદિક મહાગુણગણોના મહાસાગરસમા અતિ ઉદાર સ્વભાવના પુરૂષોત્તમ ભગવાનની સમીપમાં જઇને— " **त्वमेवोपायभूतो मे भव !** " " તમેજ મને ઉપાય રૂપ થાઓ ! " આવી જે દીનતાપૂર્વક ગદ્ગદ થઇને પ્રાર્થના કરવી એનુંજ નામ **પ્રપત્તિ** છે. અને એજ **શરણાગતિ** એવા શબ્દથી પણ કહેવાય છે. આ અર્થને કહેનારૂં આ પ્રમાણે પ્રમાણ–વચન છે–

" अनन्यसाध्ये स्वाभीष्टे महाविश्वासपूर्वकम् ।
तदेकोपायतायाञ्चा प्रपत्तिः शरणागतिः " ॥

એક બીજું વચન પણ આજ અર્થને કહેનારૂં આ પ્રમાણેનું છે—

" अहमस्म्यपराधानामालयोऽकिञ्चनोऽगतिः ।
त्वमेवोपायभूतो मे भवेति प्रार्थनामतिः ॥
शरणागतिरित्युक्ता सा देवेऽस्मिन् प्रयुज्यताम् "

અભિપ્રાય એ છે કે–અમુક પ્રકારની અન્તઃકરણના ભાવપૂર્વકની પ્રાર્થના એજ પ્રપત્તિ છે. આવી પ્રાર્થના એટલે–" હું સમર્થ છું, તે આ મારૂં કાર્ય હું મારા સામર્થ્યથીજ સિદ્ધ કરીશ. એવા સ્વતંત્રપણાના અભિમાનથી પોતાને માથે આરોપેલા ભારને પોતાનું અકિંચનપણું અનુસંધાન કરીને " **તમેજ મારે ઉપાયભૂત થાઓ !** " એવી પ્રાર્થના કરવાપૂર્વક " **तदयं तव पादपद्मयोरहमद्यैव मया समर्पितः** " " આ શરીરાદિકમાં ભિન્ન ભિન્ન ભાવના પ્રમાણે મનાતો જે કોઈ આત્મા પદાર્થ છે. તે આપના ચરણ કમળમાં મેં સમર્પણ કરી દીધો છે. " આવી રીતે પરસ્વરૂપ પરમાત્માને વિષે અર્પણ કરવો. અને આ પ્રમાણેજ વસ્તુસ્થિતિ હોવાથી શરણાગતિનું સ્વરૂપ નિરૂપણ કરવા પ્રવર્તેલાં વચનોમાં **આત્મનિક્ષેપ** પણ ગણનામાં લીધેલો છે. અને મુખ્યત્વે એ **આત્મનિક્ષેપ** એજ **શરણાગતિ** છે. અને એ આત્મનિક્ષેપ તે અંગી છે. અને તેનાં અવાન્તર બીજાં પાંચ અંગ વર્ણન કરેલાં છે. આ પાંચ અંગ સાથે છઠ્ઠો અંગી–**આત્મનિક્ષેપ** એજ મુખ્ય શરણાગતિ છે. જુઓ આ વચન એમજ કહે છે— " **आत्मात्मीयभरन्यासो ह्यात्मनिक्षेप उच्यते** " ।

આ શ્લોકમાં આત્મા અને આત્મીય વસ્તુમાત્રના ભારનો ન્યાસ ભગવાનને વિષેજ કરી દેવો. એ આત્મનિક્ષેપ કહેવાય છે. અને એ આત્મનિક્ષેપ પર્યાય વાચક શબ્દ જેનો છે. એવો **ન્યાસ** એ પાંચ અંગે સંયુક્ત છે. માટે તે પોતાના પાંચ અંગોથી આવૃત–યુક્ત એવી **પ્રપત્તિ** ભગવાનને વિષે કરવી. તે કહેછે—

" निक्षेपापरपर्यायो न्यासः पञ्चाङ्गसंयुतः ।
प्रपत्तिं तां प्रयुञ्जीत स्वाङ्गैः पञ्चभिरावृताम् " ॥

આ વચનથી એ **આત્મનિક્ષેપ** રૂપ પ્રપત્તિને બીજાં પાંચ અવાન્તર અંગનો સંબંધ—વિભાગ જણાય છે. એ પાંચ અંગ તે આ પ્રમાણે છે—**"आनुकूल्यस्य सङ्कल्पः प्रातिकूल्यस्य वर्जनम् । रक्षिष्यतीति विश्वासो गोप्तृत्ववरणं तथा ॥ आत्मनिक्षेपकार्पण्ये षड्विधा शरणागतिः "** ભગવાનને ઉપાયપણેજ જ્યારે આશર્યો ત્યારે તો પોતાને બીજી ગતિજ નહિ હોવાથી પોતાના શરણ્ય ભગવાનને અનુકૂળ વર્તવું તેથી બીજું અનુકૂળ એને હોયજ નહિ. જેને શરણે રહ્યો તેની સેવામાં સર્વથા પ્રીતિમાન અને અનુકૂળ રહેવુંજ જોઇએ. એ શરણાગતનું મુખ્ય લક્ષણ છે. માટે અનુકૂળ વર્તવાનો દૃઢ સંકલ્પ એ એક અંગ છે.

બીજું અંગ-પ્રતિકૂળ વર્તવાનું છોડી દેવું. એટલે કે-ભગવાનને જે ગમતું ન હોય તેનાથી નિવૃત્તિ પામવું. ભગવાનને શરણ પામનારા શરણાગત જનોએ ભગવાનની આજ્ઞારૂપ શાસ્ત્રમાં નિષેધ કરેલા નિયમો પ્રમાણે તેનાથી નિવૃત્ત થવું જોઇએ. અને વિહિત ધર્મોમાં યથાયોગ્ય કૈંકર્ય-વૃત્તિએ યુક્ત વર્તવું જોઇએ. નહિ તો આજ્ઞા-અનુવૃત્તિમાં ફેર પડવાથી પ્રપત્તિનોજ ભંગ થઇ જાય. અર્થાત્-એ પ્રપન્નજ ન કહેવાય. માટે **પ્રાતિકૂલ્યનું વર્જન** એ બીજું અંગ છે.

ત્રીજું અંગ એ ભગવાન મારી રક્ષા કરશેજ એવો **મહાવિશ્વાસ** છે. એક તરફ પોતાનું અતિશય પાપ જોતા અને બીજી તરફ પોતાને ઇચ્છિત પરમ પુરૂષાર્થનું ગૌરવ જોતાં સ્વાભાવિકજ એમ શંકા થાય કે "એ ભગવાન મારા જેવા પાપના પહાડ જેવા અપરાધીની રક્ષા કેમ કરે ?" અને આવી અતિ શંકા રાખે તો ઉપાયથી ચલાયમાન થઇ જાય. માટે ભગવાનનો મહાવિશ્વાસ અવશ્ય જોઇએ કે-"આ મારા સમર્થ સ્વામી પરમ વત્સલ પરમ ઉદાર પરમેશ્વર મારી રક્ષા કરશેજ." આવો પરમેશ્વરનો જે **મહાવિશ્વાસ** એ પ્રપત્તિમાં અત્યંત જરૂરી હોવાથી એનું ત્રીજું અંગ માનેલું છે.

ચોથું અંગ-ગોપ્તૃત્વવરણ છે. જે "તમેજ મારે ઉપાયભૂત થાઓ !" આવી પ્રાર્થના કરવી એ છે. ભગવાન પરમ પુરૂષ પરમાત્મા પોતે પરમ ઉદાર છે. અને ઘણું જ આપનારે એવા છે. તો પણ જો આ શરણાગત ચેતન ભગવાનની પ્રાર્થના ન કરે તો એ પરમેશ્વર ન્યાયમય કેવી રીતે ઉપાયભૂત થઇને પરમ પુરૂષાર્થ આપે ? અને ભગવાનનો તો એવો સંકલ્પ છે કે—જે જે માણસ સાક્ષાત્ અથવા પરંપરાએ પણ જે જે વસ્તુની માગણી કરે, તે તે આપવાને માટે પોતે તૈયારજ છે. અને દાતાનો સ્વભાવ પણ એવો હોય એ સમુચિત છે. કે-યાચક જે માગે તેજ આપવું જોઇએ. કેમકે વગડામાં રહેનારી જંગલી બાલડી-સ્ત્રી ગુંજાની માળાઓથી જેવી ખુશી થાય, તેવી મહામૂલ્યવાળાં રાજા-મહારાજાઓને ધારણ કરવા યોગ્ય રત્નોથી પણ નહિજ થાય. માટે જેને જે ઇચ્છિત અને યોગ્ય હોય એજ આપવું જોઇએ. એમ દાતાઓનો સ્વભાવ છે. અને જો એમ ન કરે તો દાતાની અનભિજ્ઞતા ગણાય. માટે ભગવાનની આગળ સ્વરક્ષાની પ્રાર્થના કરવીજ જોઇએ. અને નહિ તો લોકમર્યાદાનો પણ ભંગ થાય. માટેજ-"**रक्षापेक्षां प्रतीक्षते** " ભગવાન રક્ષાની અપેક્ષા હોવાની પણ વાટ જુએ છે. માટે ગોપ્તૃત્વવરણ-રક્ષા કરવાની પ્રાર્થના કરવી એ ચોથું અંગ છે.

પાંચમું અંગ-આત્મનિક્ષેપ છે. એનું વિવેચન પ્રથમ થઇ ગયું છે.

હવે-છઠ્ઠું અંગ **કાર્પણ્ય-દૈન્ય** છે. જેને **અકિંચનતા** કહે છે. એટલે કે જ્યાં-સુધી ભગવાન સિવાય બીજા ઉપાયોમાં એને ઉપાય બુદ્ધિ રહે છે, ત્યાં સુધી એને ભગવાનરૂપ ઉપાયની સિદ્ધિજ થતી નથી.

આ **પ્રપત્તિ** માર્ગ તો અકિંચનોનોજ છે. માટે એમા પોતાનું સર્વસ્વ બળ સર્વથા હારી જઇને એક ભગવાનનુંજ બળ રાખે તેજ એ ખરો **પ્રપન્ન** કહેવાય. અને એને તો–**"वासुदेवः सर्वमिति"** **"त्वमेव सर्वं मम देवदेव !"** આ વચનો પ્રમાણે સર્વ કંઇ ભગવાનજ હોયછે.

હવે–અહીંઆં– **" षड्विधा शरणागतिः "** એમ શબ્દ હોવાથી શરણાગતિ છ પ્રકારની છે. એમ નથી સમઝવાનું પણ આનુકૂલ્યસંકલ્પ વિગેરે પાંચ અંગે યુકત **આત્મનિક્ષેપ** રૂપ એકજ શરણાગતિ છે. અને તેથીજ આ પ્રમાણેનું વચન પણ છે—

" कृतानुकूल्यसंकल्पः प्रातिकूल्यं विवर्जयन् ।
विश्वासशाली कृपणः प्रार्थयन् रक्षणं प्रति ॥
आत्मानं निक्षिपति यत् विप्रदेवस्य पादयोः, सा प्रपत्तिः" ॥

ભગવાનને સર્વથા અનુકૂળ વર્તવાનો દૃઢ સંકલ્પ જેણે કરેલો છે. ભગવાનને પ્રતિકૂળ જણાતી દરેક કોઇ પ્રકારની સ્થિતિ, સ્વભાવ કે વસ્તુ એ સર્વનો પરિત્યાગ કરતો, ભગવાનમાં દૃઢ મહાવિશ્વાસ પામેલો, કૃપણ–સર્વથા દીન આધીન ગરીબ થઇને ભગવાનને વશ વર્તનારો, અને સ્વરક્ષણ માટે ભગવાનનીજ પ્રાર્થના કરનારો, આ પ્રમાણે વર્તતો થકો પોતાના આત્માને—આત્મા—આત્મીય આદિક સર્વસ્વને વિપ્રદેવ ભગવાનના પાદારવિન્દમા જે સર્વથા **અર્પણ** કરી દેવું. એનું નામ **પ્રપત્તિ** છે એમ જાણવું. આ વચનમાં ' **एवम्भूतः सन्नात्मानं निक्षिपति यत् सा प्रपत्तिः** " આવો નિર્દેશ હોવાથી અંગ અંગીભાવ સ્પષ્ટ જણાય છે. આ સર્વનો અર્થ યામુનાચાર્ય વિરચિત–સ્તોત્રમાં એકજ શ્લોકથી આપણને સ્પષ્ટ સમજાય એમ વર્ણન કરેલો છે–

" वपुरादिषु योऽपि कोऽपि वा गुणतोऽसानि यथातथाविधः ।
तदयं तव पादपद्मयोरहमद्यैव मया समर्पितः" ॥

કેટલાક આ જગતમા તો શરીરનેજ આત્મા માને છે. કેટલાક ઇન્દ્રિયોનેજ આત્મા માને છે. કેટલાક બુદ્ધિને આત્મા માને છે. ત્યારે કેટલાક ચેતન–જીવાત્માને આત્મા માને છે, અસ્તુ. આ ઉપર કહેવા પ્રમાણે આ શરીર આદિકમા જે કોઇ આત્મા–વસ્તુ હોય, અને વળી ગુણે કરીને–ગુણથી પણ હું **જેવો-તેવો** પાપી, અધમ, કે અવગુણ–અપરાધનો ભંડાર હોઉં, તે આ અહમ્—અર્થથી કહેવાતો મારો આત્મા **આપના** ચરણકમળમાં મે હમણાંજ સર્વથા **સમર્પણ** કરી દીધો છે. અર્થાત્ આપનોજ કિંકર—આધીન વર્તનારો છે. પણ એમા હું કે **મારૂં** કાંઇ છેજ નહિ. "

આ **પ્રપત્તિના** સમ્બન્ધમાં શાસ્ત્રમા અનેક પ્રકારે અનેક સ્થળે બહુ–બહુ વિસ્તારથી પૂર્વના ભક્તિમાર્ગના પ્રવર્તક આચાર્યો–તેમજ પરમ ભક્ત મહાપુરૂષોએ વિવેચન કરેલું છે. તેમાંથી આતો મહાસાગરમાં ચકલીના ચંચુપ્રવેશની માફક સહજસિદ્ધ અતિઅલ્પ માનવમતિના મહા પ્રયાસથી અત્યલ્પ કહેવા પ્રયત્ન કરેલો છે. માટે આ પ્રપત્તિ માર્ગનું સ્વરૂપ વિસ્તારથી યથાવસ્થિત જાણવાની ઇચ્છાવાળા સુજ્ઞ જનોએ શિક્ષાપત્રીભાષ્યમાં આચાર્યવર્ય શ્રી રઘુવીરજી મહારાજે તથા ભક્તિસૂત્રભાષ્યની ટીકામાં સદ્ગુરૂ સ્વામી શ્રી કૃષ્ણજીવનદાસજીએ વિસ્તારથી વિવેચન કરેલું છે. તો તે ગ્રન્થોમાંથી જાણી લેવું.

હવે–આ ગીતાનું આ ભાષ્ય પરમપૂજ્ય સદ્ગુરૂવર્ય શ્રી ગોપાળાનંદસ્વામીએ સ્વાભિમત વિશિષ્ટાદ્વૈત સિદ્ધાન્તાનુસારે–આ સમ્પ્રદાયમાં શ્રીજીએ અતિ પ્રમાણભૂત માનેલા વેદાદિક આઠ ગ્રન્થો પૈકીનો એક અતિ મહત્વનો ગ્રન્થ હોવાથી ભાષ્ય રચેલું છે. આ ભાષ્યમાં સ્વામીએ શ્રી મદ્રામાનુજાચાર્યજીએ જેવી રીતે વિશિષ્ટાદ્વૈત વાદને સિદ્ધ કરવા તદનુસારે ભાષ્ય રચ્યુ છે. તેજ પ્રમાણે આ ભાષ્ય પણ એજ પદ્ધતિએ રચવામાં આવ્યુ છે. તેમાં ભાષ્યકર્તા સ્વામીએ કયાંઇક કયાંઇક સ્વાભિમત અર્થ પ્રકાશ

કરવા કેટલાક અર્થોમાં ફેરફાર અથવા પ્રકારાન્તરે ભાવ-વર્ણન કર્યો હોય તો તે વાચકોએ યથાયોગ્ય સમઝી લેવો. પણ એવા વર્ણનભેદથી સિદ્ધાન્તમાં તો લવ-લેશ ભેદ છેજ નહિ.એ નિશ્ચિતપણે જાણવું અને તેથીજ આ ભાષ્ય અને ટીકા વડતાલ સંસ્કૃત પાઠશાળાના પ્રધાન પંડિત વિદ્વત્શિરોમણિ એમ્બાર-શ્રી કૃષ્ણમાચાર્યજી પાસે શોધાવી-સુધરાવીનેજ યથાયોગ્ય ભાષાન્તર સાથે છપાવવામાં આવ્યું છે. અને આ ભાષાન્તર કરતી વખતે પણ એમની વખતો વખત સલાહ-સૂચના પ્રમાણેજ સુધારો વધારો કરવામાં સમ્પૂર્ણ સાવધાનતા રાખીને કાળજીપૂર્વક આ ભાષાન્તર કરેલું છે. ભાષાન્તરની ભાષાની સરળતા અને સુગમતા પણ અનેક સુજ્ઞ સંત-ભક્તોની સૂચનાને માન આપીને સહુ-કોઇને સહેલાઈથી સમઝી શકાય એવું સાદી ભાષામાં કરવા ખાસ ધ્યાન રાખ્યું છે. અને તે અમારો અલ્પમતિનો પ્રયાસ કેટલે અંશે સફળ થયો છે. તે તો વાચકોની વાચન શક્તિને આભારી છે. એટલે વાચકોના સંતોષથીજ એની સફળતાનું પ્રમાણ કલ્પી શકાય.

આ ગીતાભાષ્યની " **गीतागूढार्थदीपिका** " નામે, સંસ્કૃત ટીકા સદ્ગુરૂ **શ્રીશુકાનંદ સ્વામીએ** પોતેજ સ્વામીના અભિપ્રાયને યથાર્થ સાંભળવા અને સમઝવા પ્રમાણે રચેલી છે અને તેમનો અનુભવ પણ તેમણે વર્ણન કરેલો છે.અને તેના નામ પ્રમાણે ગીતાના ગૂઢ અર્થને યથાર્થ ઉકેલવામાં અને પ્રકાશ કરવામાં દીપિકાને તુલ્ય સર્વથા સમર્થ છેજ. અને તે કેવી ગંભીરાર્થપૂર્ણ અને સરસ સરલ ભાષામાં છે. તે તો સંસ્કૃત ભાષાના અભિજ્ઞ જનોનેજ યથાર્થ સમઝાય એવું છે. એટલે તેને માટે વાગ્વ્યાપાર વિસ્તારવો તે અસ્થાને છે, તે તો સ્વાનુભવથીજ સ્વાનુભૂત થશે

આ ગીતા પુસ્તક શ્રી સયાજીવિજય પ્રેસમાં પ્રથમનાં બે પુસ્તકોના પેઠેજ ઉત્તમોત્તમ ચોપન રતલી કાગળ ઉપરજ છાપવામાં આવ્યું છે. અને છાપવાના કામમાં પણ પ્રેસના વ્યવસ્થાપકોએ તેમજ અમોએ પણ સમય સમય પ્રમાણે પાસે રહીને જેમ બને તેમ સારૂં કામ થાય તેને માટે પૂરતી કાળજી કરી છે. આ પુસ્તકના કાગળો અને છાપકામ કેટલું સુન્દર અને સરસ છે તે તો સુપ્રેક્ષકોને સ્વપ્રેક્ષાથીજ પ્રત્યક્ષ થશે.

આ ગ્રન્થ છાપવાનો આરંભ કર્યે લગભગ આજે સાડા ચાર વર્ષ જેટલો મોટો સમય થઇ ગયો છે. આ પુસ્તકના છાપકામ દરમીયાન પ્રેસમાં ઘણા અગત્યનાં કાર્યો આવી પડવાથી કેટલાક વખત પ્રેસ તરફથી ઢીલ થઇ છે, તેમજ કયારેક અમારે પણ એવાંજ અણધાર્યાં કાર્યોનો પ્રસંગ આવી પડવાથી અમારા તરફથી પણ ઢીલ થયેલી છે. તે અમારે કબુલ કરવુંજ જોઇએ. પરન્તુ આખરે ભગવાન શ્રીહરિની ઇચ્છા પ્રમાણે આ પુસ્તક તૈયાર કરીને અમો સત્સંગને ચરણે સમર્પણ કરવા ભાગ્યશાળી થયા છીએ. એ આનંદની વાત છે.

આ કાર્યમાં થયેલી ઢીલને માટે સત્સંગના નેતાઓ તેમજ સુજ્ઞ સંત-સત્સંગીઓ વિગેરે પણ અમને ક્ષમા આપશે એમ અમો અન્તઃકરણથી ઇચ્છીએ છીએ.

આ પુસ્તકમાં ભાષ્યપ્રબન્ધના પ્રણેતા સમર્થ સદ્ગુરૂ શ્રીગોપાળાનંદસ્વામીનો ફોટો એક ગીતાભાષ્ય શ્રીહરિને સમર્પણ કરતો શ્રીહરિ સાથેનો તથા બીજો સ્વામી એકલાનો એમ બે ફોટા મુકયા છે. તથા સત્સંગના વિદ્યમાનધુરન્ધર નેતા સનાતનધર્મધુરન્ધર આચાર્ય શ્રી ૧૦૮ આનંદપ્રસાદજી મહારાજશ્રીનો ફોટો મુકયો છે. અને એક અર્જુનને ગીતોપદેશ કરતા શ્રીકૃષ્ણ રથમાં બેઠેલાનો ફોટો મુકયો છે.

અમારે દીલગીરી સાથે જાહેર કરવું પડેછે કે—અમોએ આ પુસ્તકમાં મુકવા માટે ગોરખપુર ગીતાપ્રેસમાં છાપેલા ફોટા મંગાવ્યા,પણ તેઓ અમને એ છાપેલા ફોટા તૈયાર આપી શકયા નહિ,તેથી અમો આ પુસ્તકમાં બીજા વધારે ફોટા મુકી શકયા નથી.

આ પુસ્તક છપાવવાના કાર્યમાં હરહંમેશ અમારી સાથે રહીને અમને સલાહ-સૂચના આપીને તન-મનથી અમૂલ્ય સહાય કરનારા અમારા પરમ સ્નેહી **પુરાણી શ્રી હરિકૃષ્ણદાસજીનો** અમો હૃદયથી તેમનો સદાને માટે ઉપકાર સાથે આભાર માનીએ છીએ.

તે ઉપરાંત આ પુસ્તકના કાર્યમાં અમને જેમણે જેમણે જેટલા જેટલા અંશમાં સહાય સલાહ આપી હોય તે સર્વનો ઉપકાર માનીને તેમના તરફ આભારની લાગણી જાહેર કરીએ છીએ

શુદ્ધિપત્રક—

આ મહાપ્રબન્ધ ભાષાન્તર સાથે છપાવેલો હોવાથી તેમાં ભૂલો અને અશુદ્ધિ વિગેરે હોય એ સ્વાભાવિક છે. તેમાં કેટલીક અણધારી અશુદ્ધિ પ્રેસ દોષથી પણ થઇ જાય છે. અને કેટલીક તો આપણી માનવમતિની સહજસિદ્ધ પરિમિતતાને લીધેજ ક્યારેક લેખક-શોધક અને મુદ્રક વિગેરેના દૃષ્ટિ-દોષથી પણ રહી જાય છે. આ સઘળી અશુદ્ધિની પઙ્ક્તિથી શુદ્ધિ કરવી એ પણ એક અશુદ્ધિનું પ્રદર્શન કરવા જેવું થાય છે.

વળી-સામાન્ય રીતે વાચકોમાંના ઘણા ખરા તો તેમાં ધ્યાન આપે એવા પણ હોતા નથી. જેથી શુદ્ધિકરણ ન કર્યું હોય તો પણ ચાલી શકે. અને સાક્ષર સમજુ વિદ્વાનો તો સઘળું સમજે એવાજ હોય છે. માટે ગ્રન્થનું શુદ્ધિપત્રક કરવાનું અમોએ યોગ્ય ધાર્યું નથી, તો સમજુ-સાક્ષર પણ્ડિત-જનો તે બાબત અમને યોગ્ય ક્ષમા આપશેજ એવી અભિલાષા રાખીએ છીએ.

આટલો અવશ્ય જ્ઞાપનીય અર્થ જણાવીને અન્તમાં શિષ્ટાચાર પ્રાપ્ત—

गच्छतः स्खलनं क्वापि भवेदेव प्रमादतः ।
हसन्ति दुर्जनास्तत्र समाधत्ते तु सज्जनः ॥

આ સૂક્તિમુક્તાનો સદુપયોગ કરવાના પ્રાચીન રિવાજને માન આપીને ઇષ્ટદેવ શ્રીહરિના સ્મરણ-વન્દન સાથે વિરામ પામતો—

સત્સંગનો સેવક—

સાધુ-કૃષ્ણસ્વરૂપદાસ. મુ.-વડતાલ.

जयतु भगवान् श्रीस्वामिनारायणः ।

गीताभाष्यप्रणेता परमसद्गुरु श्रीगोपालानन्दस्वामीनुं

जीवन-चरित्र-

अत्यन्ताद्येकवेद्यं परमखनिलयं नैककोट्यण्डनाथम्
हृत्पद्मे योगशुद्धे भजति हि सततं स्वामिनारायणं यः ।
गीताभाष्यप्रणेता सकलशुभगुणः सर्वसद्वृन्दवन्द्यो
गोपालानन्दनामा स जयति सहजानन्दशिष्याग्रगण्यः ॥१॥
भगवत्सहजानन्दपादपद्माश्रितं सदा ।
गोपालानन्दनामानं योगिराजमहं श्रये ॥२॥

વેદત્રયીના શિરોમણિસમાન સારભૂત બ્રહ્મવિદ્યા આદિક શાસ્ત્રોથીજ જે એક જાણુવા- સમજવા યોગ્ય છે. પરમ આકાશ—અક્ષર બ્રહ્મ ધામમાં જે અખંડ વિરાજમાન રહેછે. અને જે અનેક કોટિ બ્રહ્માંડોના નાથ--સ્વામી છે. આવા પોતાના ઇષ્ટદેવ શ્રીસ્વામિનારાયણ ભગવાનને યોગસિદ્ધિથી સર્વથા શુદ્ધ થયેલા પોતાના હૃદય કમળમાં જે અખંડ ભજે છે. જે પોતે આ ભગવદ્ગીતાના ભાષ્યના પ્રણેતા—રચનારા છે. સાધુતા આદિક તેમજ જ્ઞાન—વૈરાગ્યાદિક સઘળા શુભ ગુણો જેમાં અખંડ વાસ કરી રહેલા છે. સકળ સાધુ જનોનાં વૃન્દોએ જે નિરન્તર વન્દન—પૂજન અને સેવન કરવા યોગ્ય છે. અને શ્રીસહજાનન્દસ્વામી ભગવાનના સકળ શિષ્યોમાં જે અગ્રગણ્ય—સર્વશ્રેષ્ઠ અને સર્વમાન્ય છે. આવા તે **શ્રીગોપાળાનન્દસ્વામી** નામે પ્રસિદ્ધ મુનિરાજ આ લોકમાં જયકારી વર્તે છે. ॥૧॥

સર્વાવતારી ભગવાન **શ્રી** સહજાનન્દસ્વામીના ચરણ-કમળને અખંડ આશરેલા એવા **શ્રીગોપાળાનન્દસ્વામી** નામે પ્રસિદ્ધ યોગિરાજને હું સદાય આશરૂં છું- અનુસરૂં છું. ॥ ૨ ॥

જન્મસ્થાન—માતા—પિતા—

આ ભારત ભૂમિના મધ્ય પ્રદેશમાં ઇડર--રાજ્ય પ્રદેશમાં એક **ટોલડા** નામે પ્રસિદ્ધ ગામ છે. તે ગામ ઇડરના ગઢથી પૂર્વ દિશામાં આશરે પંદરેક ગાઉ દૂર આવેલું છે. જે ગામમાં અદ્યાપિ આ ચરિત્રમાં વર્ણવેલા યોગિરાજના આવિર્ભાવથી પવિત્રતા અને ખ્યાતિને પામેલું બ્રાહ્મણકુળ દિવસે દિવસે વૃદ્ધિનેજ પામતું રહેછે. અને વળી જે ગામ

योऽसावष्टाङ्गयोगे जनिसमसमयं पूर्वसंस्कारभुक्त्या ।
सिद्धिं प्राप्तो, भवाब्धिं प्रभवति मनुजो यस्य तर्तुं प्रसादात् ॥



सद्गुरु, श्री गोपालानन्द स्वामी. मु. वडताल.

यस्त्वत्यन्तप्रसिद्धं भजति हि सततं श्रीहरेः पादपद्मम् ।
गोपालानन्दनामा स जयतु सहजानन्दशिष्याग्रगण्यः ॥ १ ॥

श्री सयाजीविजय प्रेस-वडोदरा.

પણ આ યોગિરાજના આવિર્ભાવથી પવિત્રતાને પામીને પ્રસિદ્ધ થયેલું છે.આ યોગિરાજના પિતા માધ્યન્દિની શાખાના અને ઔદિચ્ય કુળને દીપાવનારા-મુક્તાહારના અલંકારસમાન અન્વર્થ **મોતીરામ**નામે પ્રસિદ્ધ હતા.અને **કુશળાદેવી** નામે પ્રસિદ્ધ એમનાં માતા હતાં.

જન્મસમય અને નામકરણ-

સંવત્ ૧૯૩૭ના માઘ માસની શુક્લા અષ્ટમીએ સકળ વિશ્વને પ્રકાશ આપનારા ભગવાન ભાસ્વાન્ ઉદય પામ્યે સતે સકળ આશ્રિત જનોના આન્તર તમને હરનારા અને જ્ઞાન-પ્રકાશને આપનારા અપર ભાનુજ હોયને શું ? એમ પોતે પ્રગટ થયા હતા. આ મહાપુરૂષનું નામ સકળ પુરૂષાર્થને સાધવામાં અને પ્રગટ ભગવાનને પ્રસન્ન કરવામાં કુશળતાને સૂચવનારૂં અન્વર્થ નામ **કુશળ ભટ્ટ** (ખુશાલ ભટ્ટ)એવું હતું.

વિદ્યાભ્યાસ—

જન્મથી આરંભીને આઠમે વર્ષે પિતાએ યજ્ઞોપવીત સંસ્કાર કર્યા પછી વેદાદિક સચ્છાસ્ત્રોને ભણાવતાં ચાર વર્ષપર્યન્ત પોતાને ઘેરજ રહીને પોતાના પિતા પાસેજ વેદનો અભ્યાસ કરતા થકા રહ્યા હતા.ત્યારપછી સઘળાં વેદનાં અંગભૂત શિક્ષા—વ્યાકરણાદિક શાસ્ત્રોને ગુરૂ થકી ભણવાને માટે પંદરેક ગાઉ ઉપર આવેલા ગામમાં વસતા અને વેદ વેદાંગ વિગેરે સકળ શાસ્ત્રમાં નિપુણ એવા કોઇક વિદ્વાન્ બ્રાહ્મણની પાસે જઇને શબ્દાનુશાસન વિગેરે શાસ્ત્રોને ભણવાનો આરંભ કરીને અલ્પ સમયમાંજ પૂર્વ સંસ્કારથી જન્મસિદ્ધ અપ્રતિમ પ્રતિભાને લીધે સકળ શાસ્ત્રમાં સમ્પૂર્ણ જ્ઞાન પામી ગયા હતા. આ મહાનુભાવ મહાપુરૂષને ગુરૂ થકી વિદ્યાભ્યાસ કરવો એ તો નિમિત્તમાત્રજ હતું. કેમકે—આ તો પોતે પૂર્વના સંસ્કારથીજ જન્મથી આરંભીને યોગૈશ્વર્ય સમ્પન્ન હતા. અને ભગવાન પરબ્રહ્મને વિષે અપૂર્વ પરા ભક્તિ તો એમને જન્મસિદ્ધજ હતી. અને શમ--દમાદિક સકળ બ્રાહ્મણગુણો પણ જન્મસિદ્ધજ હતા.

ભગવદ્ભક્તિનો વિકાસ-

આ પ્રમાણે વિદ્યા સમ્પાદન કરીને પોતાના ઘર પ્રત્યે આવીને પછી વિદ્યાર્થીઓને વિદ્યાદાન આપતાં સર્વથા ચિત્તવૃત્તિ શાન્ત રાખીને ભગવદ્ભક્તિરૂપ અમૃત એજ એક જીવન જેમને છે. એવા થકા કેટલોક સમય આ પ્રમાણે રહ્યા. પછી બાલ્યાવસ્થામાંજ પ્રાપ્ત થયેલા સત્સંગને લીધે પ્રગટ ભગવાન શ્રી સહજાનન્દ સ્વામીને વિષે ઉદય પામેલી ભક્તિ તે દિવસ દિવસ પ્રત્યે વૃદ્ધિ પામવા લાગી. અને પછી તો આ સંસારના અધ્યાત્માદિક ત્રણેય તાપોથી અતિ ઉદ્વેગ પામ્યા હોયને શું ? એમ અખંડ ભગવદ્ભજનમાંજ પરમ આનન્દને માનતા થકા હૃદય કમળમાં અખંડ રહેલા ભગવાન શ્રીસ્વામિનારાયણ-પુરૂષોત્તમના અખંડ-અવિરત ધ્યાનમાંજ એક અવિચળ દૃઢ નિષ્ઠાવાળા થઇને આ પૃથ્વી ઉપર એક મોટા **યોગીન્દ્ર** તરીકે પ્રસિદ્ધિ પામ્યા હતા. અને આ મહાપુરૂષે પછી અનેક પ્રસંગે અનેક પ્રકારે પોતાના યોગૈશ્વર્યથી અનેક જનોને અલૈકિક સામર્થ્યનો અનુભવ કરાવ્યો હતો. કોઇ એક વખતે અનાવૃષ્ટિને લીધે અત્યન્ત પીડા પામતી પ્રજાઓએ પ્રાર્થના કરવાથી તે પ્રજાઓનું કષ્ટ જોઇ—જાણીને અતિ દયાથી એમનું હૃદય ઉભરાઇ

આવ્યું.અને એક ક્ષણ-વાર અન્તર્દૃષ્ટિ કરીને હૃદયારવિન્દમાં આવિર્ભાવ પામેલા ભગવાન શ્રીસ્વામિનારાયણની પ્રાર્થના કરીને તેમના સંકલ્પથી પોતે ગાજ—વીજના કડાકા-ભડાકા સાથે અવિરત ત્રણ દિવસ લાગટ વૃષ્ટિ કરીને કષ્ટ પામતી પ્રજાઓને શાન્ત કરી હતી. આ પ્રમાણે સુખી થયેલી પ્રજાઓએ તેમના પાદકમળમાં વારંવાર નમસ્કાર કરી-કરીને એમનાં અતિશયજ વખાણ કરવાપૂર્વક એમનો અતિ મહિમા જાણ્યો હતો. અને અતિ આનંદ પામીને સર્વ પ્રજાઓ પોત-પોતાને ઘેર ગઇ હતી.

વિદ્યાદાન—ભજનપ્રવૃત્તિ—

હવે—આ યોગિરાજ પોતાની પાસે જુદી જુદી વિદ્યાઓ ભણવા માટે આવતા વિદ્યાર્થીઓને પણ પોતાના સદ્ઉપદેશથી આ અસાર સંસાર ઉપરથી પ્રીતિ તજાવીને પ્રગટ ભગવાન શ્રીસ્વામિનારાયણનું ભજન કરાવતા. અને પોતે પણ તે વિદ્યાથીઓની સાથે ભગવાનને વિષે પ્રેમવશ થઇને કયારેક કયારેક ભગવાનના ભજનની ધુન્ય મચાવતા. વળી કયારેક અષ્ટાંગ યોગની અનેક કળાઓ સાધતાં તે દ્વારા ભગવાનના સ્વરૂપમાં તલ્લીન બની જઇને કોઇ અલૌકિક આનન્દનો અનુભવ કરતા કરાવતા હતા.

સંસારત્યાગ

વળી-કોઇક વખતે વાડાશીનોરના વિપ્ર કાશીરામ અને મુરલીધર નામે બે ગૃહસ્થ સત્સંગીઓ પાસેથી શ્રી સ્વામિનારાયણ ભગવાન આ ભૂતળમાં પ્રગટ થયા છે. એવી વાત સાંભળીને આ મહાપુરૂષનું ચિત્ત પ્રગટ પ્રભુને મળવા માટે અતિ આતુર બની ગયું હતું. અને પછી તો એજ ઘટના રાત્રિ-દિવસ અન્તરમાં સ્ફુર્યા કરતી હતી કે-"આ ગૃહ-સંસારનો ત્યાગ કરીને કયારે એ પ્રગટ પ્રભુ શ્રીસ્વામિનારાયણનાં સાક્ષાત્ દર્શન કરૂં. અને આ જીવન એમને ચરણે અર્પણ કરી દઉં" આવા સમયમાંજ અચાનક એક વિપ્ર તેમની પાસે આવ્યો. અને તેની સાથે વાર્તાલાપ કરતાં તેનો પરિચય થયો. અને તે આવેલા વિપ્રે કાઠીઆવાડ તરફ જવાની ઇચ્છા વ્યકત કરી.આ મહાપુરૂષને પણ એજ ઇચ્છા હતી તેથી તેનો સારો સંઘાત જાણીને પ્રગટ પ્રભુનાં દર્શનની અનિવાર્ય આતુરતાથી સઘળા ગૃહ-સંસારનો અને કુટુંબ પરિવારનો પણ ત્યાગ કરી દઇને એવિપ્રની સાથેજ એકદમ ચાલીજ નીસર્યા. માર્ગમાં પેલા સાથેના બ્રાહ્મણે એ ખુશાલ ભટ્ટની બહુજ સંભાળ રાખીને સારી રીતે સેવા-ચાકરી કરતાં કરતાં જેતલપુરના સીમાડા સૂધી રાયણનાં વૃક્ષો નજીક પહોંચાડીને એ સાથેનો વિપ્ર અદૃશ્ય થઇ ગયો. આ બનાવ જોઇને ખુશાલ ભટ્ટ અતિશય આશ્ચર્ય પામ્યા. અને પછી ત્યાંથી ચાલીને ગામમાં આવતાંજ ખબર પડી કે-શ્રીસ્વામિનારાયણ મહાપ્રભુ તો અહીંજ વિરાજે છે. એમ ખબર પડતાંજ આ ખુશાલ ભટ્ટના આનંદનો પારજ ન રહ્યો. અને "ભગવાનજ મારી ઉપર મહાકૃપા કરીને મને અહીં પહોંચાડવા આવ્યા હતા." એમ માનીને એકદમ પ્રગટ પ્રભુ શ્રીસ્વામિનારાયણ ભગવાનના ચરણ-કમળ સમીપેજ પહોંચી જઇને પોતાના દેહને દંડની માફક ભગવાનના ચરણ-કમળમાં અર્પણ કરી દઇને સાષ્ટાંગ પ્રણામ કરીને મહા આનન્દના સાગરમાં ડુબકાં ખાતા અને જેમના અન્તરમાં ભક્ત-રસ ઉભરાઇ આવ્યો છે. એવા થકા ભગવા

નનાં ચરણ કમળને પોતાને મસ્તકે ધારીને પોતાના આત્માને કૃતકૃત્ય માનતા થકા પોતાનો ઘણા વખતનો મનોરથ આજે સફળ થયો એમ માનીને નિરવધિક આનંદને પામ્યા.

પ્રગટ ભગવાનનો મેળાપ—

ભગવાન શ્રીહરિએ પણ પોતાની પાસે આવેલા પોતાના સહજ સિદ્ધ ભક્તિવાળા આ ખુશાલભટ્ટને જોઇને "આ તો અમારા પરમ એકાન્તિક સેવક અપાર મહિમાવાળા મહામુક્ત યોગિરાજ છે." એમ અતિ વખાણ કરીને પૂછ્યું કે કેમ આવવું થયું ? ત્યારે યોગિરાજ ખુશાલભટ્ટ કહેવા લાગ્યા કે–હે ભગવન્ ! આ લોકમાં આપનાં દર્શન સિવાય બીજું શું પ્રયોજન મારા જેવા ભક્તોને હોય ? મારે તો આપનાં દર્શન એજ પરમ પ્રયોજન અત્રે આવવાનું છે. અને એ સિવાય મારે બીજા પદાર્થમાં તો લવ–લેશ પણ સ્પૃહા કે ઇચ્છા નથીજ.અને પરબ્રહ્મની પ્રાપ્તિમાં પરમ ઉપાયભૂત અને પરમ ઉપકારક પરા બ્રહ્મવિદ્યા તે તો આપની પાસેજ છે. અને મારૂં મન અખંડ એ બ્રહ્મવિદ્યાને પ્રાપ્ત કરવા આતુર વર્તે છે. તો આપનાં સાક્ષાત્ દર્શન અને એ સાક્ષાત્ દર્શનમાં ઉપકારક એવી પરા વિદ્યા સમ્પાદન કરવી એજ મારે મોટામાં મોટું પરમ પ્રયોજન છે. તે આપનાં સાક્ષાત્ દર્શન મને આજે થયાં તેથી મારા આનંદનો પાર નથી. અને હવે હું આપની પાસેજ અખંડ આપની સેવામાં રહેવા ઇચ્છું છું, તો આપ મારા ઉપર અનુગ્રહ કરીને મને આપની સેવામાં રાખો એ મારી પ્રાર્થના છે.માટે કૃપા કરીને આપ એ મારી પ્રાર્થના સ્વીકારીને મારો મનોરથ આજે પૂર્ણ કરો ! આવાં આવાં વિનયપૂર્ણ એ ખુશાલ ભટ્ટનાં વચનો સાંભળીને અતિ પ્રસન્ન થયેલા શ્રીહરિ ભગવાને તેમને પોતાની પાસે પોતાની અખંડ સેવામાં રાખ્યા.

વડોદરામાં ચમત્કારદર્શન—

એમ કરતાં કોઇક વખતે ભગવાન શ્રીહરિની આજ્ઞાથી ખુશાલભટ્ટ વડોદરા પુર પ્રત્યે ગયા. ત્યાં ઘણાક સત્સંગી જનો ભગવત્પરાયણ વર્તનારા અને પરમ એકાંતિકભાવે પ્રગટ ભગવાન શ્રીહરિને ભજનારા રહેતા હતા. તે વડોદરામાં વાસ કરી રહેલા સદાશિવ નામે એક બ્રાહ્મણ ભક્તરાજ હતા. તેમણે એ યોગિરાજ ખુશાલભટ્ટને પ્રાર્થના કરીને કહ્યું કે—"આપ જ્યાં સૂધી આ નગરમાં વાસ કરો ત્યાં સૂધી મારે ઘેર દરરોજ આવીને મેં યથાશક્તિ આપેલું ભોજન અંગીકાર કરવા મારા ઉપર અનુગ્રહ કરો !" આવી તે વિપ્રની પ્રાર્થના સાંભળીને એક માસ પર્યન્ત ત્યાં રહ્યા ત્યાં સૂધી દરરોજ એ વિપ્રને ઘેરજ ભોજન કરતા. ત્યાં એક આશ્ચર્ય બન્યું કે—જ્યારે જ્યારે એ યોગિરાજ એ સદાશિવને ઘેર જમવા માટે પધારે ત્યારે ત્યારે ભગવાન શ્રીહરિ પણ સાથેજ જમવા પધારતા એ સદાશિવના જોવામાં આવતા. અને હમેશાં એ ખુશાલભટ્ટની સાથેજ એ શ્રીહરિ પણ પ્રત્યક્ષપણે જમતા જોવામાં આવતા. અને એ ભગવાનને અર્પણ કરેલું ભક્ષ્ય-ભોજ્યાદિક ભોજન ઓછું થતું પ્રત્યક્ષપણે એ બ્રાહ્મણના જોવામાં આવતું. આ પ્રમાણે ભગવાન શ્રીહરિએ યોગિરાજના પ્રેમને વશ થઇને અખંડ એમની સાથેજ પોતે વર્તતા હતા. અને નિજભક્તોના મનોરથો વખતો વખત પૂર્ણ કરતા હતા.

ભાગવતી દીક્ષાગ્રહણ—

આ પ્રમાણે ભગવદેકપરાયણ વર્તતા એવા એ યોગિરાજની પરમ એકાન્તિક સ્થિતિ જોઇને અને સકળ સાધુ ગુણોના ભંડારસમા એ મહાપુરૂષને જાણીને ભગવાન શ્રીસ્વામિનારાયણે એમને પોતે ભાગવતી દીક્ષા આપીને **ગોપાળાનન્દસ્વામી** એવું નામ ધારણ કરાવ્યું. એ પછી એ યોગિરાજની મહત્તા અને ખ્યાતિ **ગોપાળાનન્દસ્વામી** એ નામથીજ સર્વત્ર વૃદ્ધિ પામવા લાગી. અને ભગવાને એમને પોતાના સંતમંડળમાં સદ્ગુરૂપદે સ્થાપ્યા.

સત્સંગપ્રચાર—

અને એ ગોપાળાનન્દ-મહામુનિ પછી પોતાના ઘણાક શિષ્યોથી વીંટાયા થકા ભગવાન શ્રીહરિની આજ્ઞાથી ઘણા દેશોમાં સદુપદેશ કરવા વિચરવા લાગ્યા. અને ત્યાં ત્યાં અનેક મુમુક્ષુ જનોને પોતાના ઉપદેશથી ભગવત્સન્મુખ કરતા થકા પ્રગટ ભગવાન શ્રીસ્વામિનારાયણનો સર્વોપરિ મહિમા સર્વત્ર પ્રસારવા લાગ્યા. અને આ ભારત-ભૂમિમાં પરમ એકાન્તિક ભાગવત ધર્મની પ્રવૃત્તિ કરવા અવિરત પ્રયાસ કરતા કટિબદ્ધ થઇને પોતાના સાધુમંડળે સહિત સર્વત્ર વિચરવા લાગ્યા. એમ કરતાં એક વખત ગોપાળાનન્દ સ્વામી પોતાના સઘળા શિષ્યમંડળે સહિત એકાન્તિક ભાગવત ધર્મનો પ્રચાર કરવા અને પ્રગટ ભગવાનનો અપાર મહિમા વિસ્તારવા વડોદરા પુર પ્રત્યે પધાર્યા સ્વામી પધાર્યાની વાત સાંભળીને સઘળા હરિભક્તો એકદમ સ્વામીનાં દર્શન અને સેવન-પૂજન કરવા દોડી આવ્યા. સ્વામી પધાર્યાને બીજે દિવસેજ ભગવાનનો જન્માષ્ટમીનો મહોત્સવ હતો. સઘળા હરિભક્તોએ પ્રાર્થના કરેલા સ્વામીએ એ જન્માષ્ટમીનો મહોત્સવ અતિ આદરપૂર્વક વિશેષપણે કરીને સહુ-કોઇ જોનારને પરમ આશ્ચર્ય ઉપજાવે એવો કરવાનો સંકલ્પ કરીને સુંદર હીંદોળો બંધાવીને તેમાં ભગવાન શ્રીહરિની અર્ચા મૂર્તિ સ્થાપન કરીને પોતાના હૃદય કમળમાં સદા સન્નિધિ પામેલા પોતાના અન્તર્યામી ઇષ્ટ દેવ ભગવાન શ્રી સ્વામિનારાયણને સ્મરણ કરીને પરમ ભક્તિપૂર્વક હીંદોળામાં હીંદોળવા પોતેજ સ્વામી ઉભા રહ્યા, ત્યારે તેજ સમયે ભગવાન પોતાના દિવ્ય સ્વરૂપ આવીને સર્વ જનને નયનગોચર થાય એમ સ્વામીએ કરેલા દોળોચ્છવને અંગીકાર કરીને પોતાનો પ્રગટ ભાવ જણાવીને સર્વ મનુષ્યોને અતિ આશ્ચર્ય ઉપજાવ્યું. એમ ભગવાન શ્રીહરિએ સ્વામીની ભક્તિને વશ થઇને પોતાનો પ્રગટ ભાવ જણાવીને સર્વને મહા આશ્ચર્ય ઉપજાવ્યું હતું.

ચમત્કાર દર્શન—

વળી-એક વખત આ દેશમાં અનાવૃષ્ટિને લીધે સર્વ લોકો બહુ પીડા પામવા લાગ્યા, ત્યારે સર્વ ભક્ત લોકોએ આ મહાપુરૂષની પ્રાર્થના કરવાથી પોતાના યોગ સામર્થ્યથી ત્રણ દિવસ સુધી અવિચ્છિન્ન વૃષ્ટિ વરસાવીને સર્વ લોકોને અતિ આનંદ પમાડ્યો હતો.

ભાવનગરથી પુસ્તક લાવ્યા—

વળી-કોઇક વખતે ભગવાન શ્રીહરિએ ભાવનગરમાં ભારતનું પુસ્તક એક બ્રાહ્મણને

ઘેર હતું તે લેવા માટે આ ગોપાળાનન્દસ્વામીને મોકલ્યા. સ્વામી પણ ભગવાન શ્રીહરિની આજ્ઞા મસ્તકે ચઢાવીને તુરતજ ભાવનગર ગયા. ત્યાં જઇને તે વિપ્રને ઘેર જઇને તે બ્રાહ્મણની પાસે ભારતના પુસ્તકની માગણી કરી. તે અજાણ્યા બ્રાહ્મણે આ યોગિરાજનો મહિમા નહિ જાણતાં તિરસ્કાર વચનો બોલીને ઘણોજ અનાદર કર્યો. માન—અપમાન જેમને સમાનજ છે. એવા આ મહાપુરૂષ તો તે બ્રાહ્મણે તિરસ્કાર કર્યો તો પણ તેને વારંવાર વિનયથી સાન્ત્વનાનાં વચન કહીને પછી તે પુસ્તકને માટે "તારે જે કાંઇ ધનાદિક વસ્તુ જોઇતી હોય તે તું અમારી પાસેથી સુખેથી માગી લે! અને તેનું મૂલ્ય લઇને તે પુસ્તક તું અમને આપ" એમ ઘણોક સમઝાવ્યો. પણ એ મહાનુભાવનો અનુભાવ નહિ જાણનાર અજ્ઞાની બ્રાહ્મણે "આ કોઇ સાધારણ માણસ હશે" એમ માનીને તે સ્વામીનું વચન નહિ ગણકારીને પોતે દરરોજ કરતો હતો એમ પોતાની દેવ—પ્રતિમાની પૂજા કરવા લાગ્યો. આ પ્રમાણે થવાથી સ્વામીએ મનમાં વિચાર્યું કે આ કોઇ ઉપાયથી માને એમ નથી. આને તો ચમત્કારથીજ નમસ્કાર કરાવવો જોઇએ. એમ ધારીને સ્વામી પોતે પોતાના હૃદય કમળમાં અખંડ વિરાજી રહેલા ભગવાનનું ધ્યાન કરવા લાગ્યા. સ્વામી જ્યાં મૂર્તિમાં એકાગ્ર થયા કે તુરતજ એ બ્રાહ્મણે પૂજા કરવા આગળ સ્થાપેલી બાળકૃષ્ણની પ્રતિમા તે બ્રાહ્મણથી અવળી થઇને સ્વામીને સન્મુખ મુખ રાખીને બેઠેલી જોવામાં આવી. આમ થવાથી ગભરાઇ ગયેલા બ્રાહ્મણે કેમ આ મૂર્તિ આમ મારાથી વિમુખ-અવળી થઇને બેઠી. કદાચ મેં ગભરાટમાં આમ અવળે મુખે બેસારી તો નહિ હોય? એમ શંકા પામીને તે પ્રતિમાને ફેરવીને પોતાને સન્મુખ બેસારી. ત્યારે પાછી તુરતજ એ મૂર્તિ પ્રથમની પેઠે સ્વામીને સન્મુખ થઇ ગઇ, આમ બે ત્રણ વખત કર્યું તો પણ સ્વામીને સન્મુખ મૂર્તિ ફરી જતી જોઇને ગભરાઇ ગયેલો તે બ્રાહ્મણ એકદમ પૂજાના આસનથી ઉઠીને સમર્થ સદ્ગુરૂ શ્રીગોપાળાનન્દસ્વામીનાં ચરણ-કમળને પકડીને "હે સમર્થ મુને! મારી ઉપર આપ પ્રસન્ન થાઓ! મેં આપનો અપાર મહિમા નહિ જાણતાં આપનો બહુજ અપરાધ કર્યો છે. હું હવે આપનો દાસ છું. આ ભારતનું પુસ્તક તો શું? પણ મારૂં જે કાંઇ સર્વસ્વ છે, તે આપનુંજ છે. આપને જે ઇચ્છિત હોય તે ગ્રહણ કરો. અને આપ મારા ઉપર પ્રસન્ન થાઓ!" એમ કહીને તુરતજ ભારતનું પુસ્તક સ્વામીને અર્પણ કર્યું. સ્વામી પણ તે બ્રાહ્મણના ઉપર બહુજ પ્રસન્ન થઇને તેણે આપેલું મહાભારતનું પુસ્તક લઇને ભગવાન શ્રીહરિની પાસે દુર્ગપુરમાં આવ્યા. અને સભામાં શ્રીહરિને એ પુસ્તક ભાવનગરમાં બનેલી સવિસ્તર હકીકત કહીને અર્પણ કર્યું. આ પ્રમાણે એ પુસ્તક બીજા કોઇથી લાવી શકાય એમ હતુંજ નહિ. તે પુસ્તક લાવીને સ્વામીએ શ્રીજીને અર્પણ કર્યું તે જોઇને શ્રીહરિ ભગવાને અતિશય પ્રસન્ન થઇને સ્વામીને મસ્તકે પોતાનો અનુગ્રહપૂર્ણ દેવદુર્લભ હસ્ત મુકયો અને ખૂબ પ્રેમથી ભેટયા.

સત્સંગમાં પર્યટન—

તે પછી સદ્ગુરૂ શ્રીગોપાળાનન્દસ્વામી પોતાના શિષ્યમંડળે સહિત અનેક ગામ અને પુરમાં વિચરીને સત્સંગના મહિમાની વાર્તાઓ કરીને અનેક મુમુક્ષુ જનોને પ્રગટ

ભગવાનની ભક્તિ કરાવીને સાક્ષાત્ અક્ષર ધામના અધિકારી કર્યા હતા. કેટલાક યોગના જીજ્ઞાસુ જનોને યોગાભ્યાસ કરાવીને યોગસિદ્ધિવાળા કરી મુકયા હતા.કેટલાકને સમાધિનિષ્ઠ પણ કર્યા હતા.અને કેટલાકને પરમ એકાન્તિક કરીને પર-સ્થિતિવાળા પણ કર્યા હતા.

વડોદરામાં સત્સંગપ્રચાર—

ગોપાળાનન્દસ્વામી વડોદરા શહેરમાં ઘણી વખત જતા અને રહેતા, ત્યારે ત્યાં અનેક પ્રસંગે પોતાનું ઘણુંક ઐશ્વર્ય જણાવેલું. અનાવૃષ્ટિના કષ્ટ ભરેલા સમયમાં ઘણા દીન જનોની પ્રાર્થના સાંભળીને સ્વામીએ ઇષ્ટદેવ શ્રીહરિનું ભજન-ધુન્ય કરાવીને વૃષ્ટિ કરેલી. વળી કોઇ વખતે મરકી આદિક રોગના ઉપદ્રવની પણ શાન્તિ કરીને લોકોને પરમ સુખી કર્યા હતા. વળી કોઇ પ્રસંગે વિષ્ણુયાગમાં સ્વામીએ પોતે આહૂતિ આપીને ઇષ્ટદેવ પ્રગટ ભગવાન શ્રીસ્વામિનારાયણની પૂર્ણ કૃપાથી સર્વ જનને શ્રીયજ્ઞ નારાયણનાં દર્શન કરાવ્યાં હતાં. એવો ઘણોક ચમત્કાર બતાવેલો અને તે દ્વારા હજારો મુમુક્ષુ જનોને પ્રગટ ભગવાનને આશ્રયે કરેલા.

બન્ને દેશના મધ્યસ્થ સ્થાપ્યા—

વડતાલમાં ભગવાન શ્રીસ્વામિનારાયણે પોતાના બન્ને ભત્રીજાઓ—પાંડે શ્રી રઘુવીરજીને તથા પાંડે શ્રી અયોધ્યાપ્રસાદજીને પોતાના સકળ આશ્રિત જનોના ધર્મરક્ષણાર્થે વડતાલની અને અમદાવાદની શ્રીલક્ષ્મીનારાયણ દેવની અને શ્રીનરનારાયણ દેવની એમ અનુક્રમે બે ગાદીઓ ઉપર જ્યારે સ્થાપન કર્યા. ત્યારે વડતાલમાં શ્રીરઘુવીરજી મહારાજની પાસે સદ્ગુરૂ શ્રીનિત્યાનન્દસ્વામીને સર્વ સન્તમંડળમાં પ્રમુખ સ્થાપ્યા હતા. અને અમદાવાદમાં શ્રીઅયોધ્યાપ્રસાદજી મહારાજની પાસે સદ્ગુરૂ શ્રી બ્રહ્માનંદસ્વામીને સર્વ સન્તમંડળમાં પ્રમુખ સ્થાપ્યા હતા.અને બન્ને દેશના આચાર્યના મધ્યસ્થ તરીકે સત્સગમાં બન્ને દેશમાં રહેવા ફરવાની આજ્ઞા સદ્ગુરૂ શ્રીગોપાળાનંદ સ્વામીને કરી હતી. અને બન્ને દેશમાં રહીને બન્ને આચાર્યની સમ્મતિ પ્રમાણે આખા સત્સંગની સંભાળ રાખવાની ભલામણ કરી હતી. અને તે પ્રમાણેજ સ્વામીએ પણ પોતાના જીવિત પર્યન્ત શ્રીજીસ્થાપિત સમ્પ્રદાયનું યથાર્થ હિત સાચવીને સમ્પ્રદાયનું ગૌરવ વધારવામાં અને શ્રીહરિ અભિમત શ્રીમદુદ્ધવસમ્પ્રદાયમાં મનાતા તત્ત્વપ્રતિપાદક ગ્રન્થો રચવા-રચાવવા વિગેરેનો સતત ઉદ્યોગ કરીને અને પોતાના સહવાસ-સમાગમથી અનેક સંત-હરિજનોને પારમૈકાન્તિક ધર્મ-નિયમમાં સુદૃઢ સ્થાપન કરી-કરાવીને આ સમ્પ્રદાયની સર્વાંગ વિવિધ સેવાઓ કરવામાંજ સતત ઉત્સુક રહીને સત્સંગને સર્વોત્કૃષ્ટ સ્થિતિએ પહોંચાડયો હતો. અને આ સમ્પ્રદાયનો સર્વત્ર વિજય પ્રસરાવ્યો હતો.

વચનામૃતોનો સંગ્રહ—

શ્રીજીનાં વચનામૃતોનો સંગ્રહ કરનાર ચાર સદ્ગુરૂઓમાં શ્રીગોપાળાનંદસ્વામી પણ એક અગ્રેસર સદ્ગુરૂ હતા. વચનામૃતોનો સંગ્રહ કરનાર મુખ્ય સદ્ગુરૂ શ્રીનિત્યાનંદસ્વામી હતા. તેથી તેનું સંશોધન કરતી વખતે શુકાનંદસ્વામી વખતો-વખત જેમ નિત્યાનંદ

સ્વામીને પૂછીનેજ કરતા. તેમ ગોપાળાનંદસ્વામીને પણ વખતો વખત અભિપ્રાય પૂછીનેજ લખતા. અને શ્રીજી સ્વધામ પધાર્યા પછી બન્ને સદ્ગુરૂઓ ઘણું ખરૂં વડતાલમાંજ રહેતા ત્યારે શુકસ્વામી વડતાલમાં ગોપાળાનંદ સ્વામીની પાસે રહેતા. તેથી વચનામૃત વિગેરે ગ્રન્થો લખતી શોધતી વખતે બન્ને સદ્ગુરૂઓને વખતો વખત અભિપ્રાય પૂછીનેજ લખતા અને વચનામૃતોના માર્મિક શબ્દોના અભિપ્રાય સ્વામી વખતો વખત શુકમુનિને સમજાવતા. ત્યારે શુકમુનિના મનમાં પણ એમજ થતું કે આ શબ્દો તો આજેજ સમજાયા.

હનુમત્પ્રતિષ્ઠા—

કાઠીઆવાડમાં સારંગપુર નામે પ્રસિદ્ધ પુર છે. ત્યાં જીવાખાચરના પુત્ર વાઘા ખાચરની પ્રાર્થનાથી અને બીજા પણ ઘણાક ભકતજનોની પ્રાર્થનાથી શ્રીરામભકત ભકતરક્ષક હનુમાનજીની મૂર્તિ સ્થાપવાનો સંકલ્પ કરીને શુભ લગ્ન- મુહૂર્ત જોઇને મંદિરનો આરંભ કરાવીને મંદિર તૈયાર થયે હનુમાનજીની પ્રતિમા વિધિપૂર્વક સ્થાપન કરીને તે પ્રતિમા સામી સ્થિરદૃષ્ટિ કરીને સ્વામીએ પોતાના યોગૈશ્વર્યથી તેમાં હનુમાનજીનું સાક્ષાત્ આવાહન કર્યું અને તેજ ક્ષણે વાયુપુત્ર હનુમાનજી પોતે આવીને તે પોતાની પ્રતિમામાં પ્રવેશ કરીને અટ્ટહાસ કરીને પોતાનો સાક્ષાત્ નિવાસ છે. એમ સહુને દૃઢ નિશ્ચય કરાવ્યો હતો.એ હનુમાનજીનો પ્રતાપ અદ્યાપિ પણ હજારો લોકો પોતે અનુભવે છે અને કેટલાકની તો દૂરથી પણ માનતા માનવાથી કામનાઓ પૂર્ણ કરે છે. ગમે તેવું ભૂત–પ્રેતાદિક હોય તો પણ એ હનુમાનજીના સ્મરણ—માત્રથીજ દૂર થઇ જાય છે. આવો પ્રતાપ એ મહાપુરૂષે પોતાના સંકલ્પ—માત્રથી હનુમાનજીમાં મુકયો છે.

સ્વામીનું શિષ્યમંડળ—

સ્વામીના ત્યાગી શિષ્યોમાં સ-પુરૂષાનંદસ્વામી, સમાધિવાળા કેશવદાસજી, અમદાવાદ દેશમાં સ્વામી નિર્ગુણદાસજી,વિગેરે અગ્રેસર હતા.અને ગૃહસ્થ શિષ્યોમાં નારૂપંત નાના, નાથજી ભકત, સદાશિવરામ, બોટાદના શિવલાલભાઇ અને સુન્દરીયાણાના હીમરાજ શાહ, એ વિગેરે અનેક ગામોમાં અનેક શિષ્યો હતા. અને તે શિષ્યો પણ અતિ સમર્થ ઉપદેશક અને ઐશ્વર્યવાન હતા.

સ્વામીએ રચેલા ગ્રન્થો—

ધર્મદેવપૂજાવિધિ.
ભક્તિદેવીપૂજાવિધિ.
વિષ્ણુયાગપદ્ધતિ.
વિવેકદીપ.
ભકિતસિદ્ધિ.
ભાગવત એકાદશસ્કન્ધની શ્રીકૃષ્ણાભિપ્રાયબોધિની ટીકા.
ભાગવત-દ્વિ-સ્કં-વ્યાખ્યા-શુકાભિપ્રાયબોધિની.
ભાગવત-દશમ-સ્કંધ-વ્યાખ્યા-નિગૂઢાર્થ-પ્રકાશિકા.
ભગવદ્ગીતાભાષ્યમ્.
બ્રહ્મસૂત્રદીપિકા.
હરિભકતનામરત્નાવલી.

વેદસ્તુતિવ્યાખ્યા--શ્રુત્યર્થદીપિકા. પુરાણોક્ત શ્રીકૃષ્ણપૂજા
વેદસ્તુતિ ટીકા-અન્વયાર્થપ્રકાશિકા. હનુમત્પૂજાવિધિ.

આવા આવા અનેક ગ્રંથો સ્વામીએ રચ્યા--રચાવ્યા છે.

સ્વામીનાં શારીરિક સ્મરણો—

સ્વામી શરીરે ગૌરવર્ણ હતા. અને તેમનું યોગાભ્યાસને સૂચવતું કૃશ અને ઉન્નત સ્વરૂપ જોઇનેજ મનુષ્યોને સહજ પૂજ્યભાવ ઉત્પન્ન થતો અને અણીયાળી નમણી નાસિકા પણ ઘણીજ મનોહર લાગતી. સ્વામીના ભુજદંડ પણ જાનુ પર્યન્ત પ્રલંબ હોઇને મહાભાગ્યને સૂચવનારા હતા. આમ એમનાં શારીરિક સ્મરણો પણ અલૌકિક અને મનોહર હતાં

સ્વામીનો અક્ષરવાસ—

સ્વામી એક વખત ઉમરેઠના સત્સંગીઓના આગ્રહને વશ થઇને ત્યાં પધાર્યા હતા. ત્યાં કેટલોક સમય રહ્યા પછી એક દિવસ સ્વામીને શરીરમાં સહેજ જ્વરાવેશ જણાયો સ્વામીને પરમ પાવન વડતાલમાંજ અક્ષરવાસ કરવાની ઇચ્છા હોવાથી તુરતજ બીજે દિવસે પોતાના શિષ્યમંડળે સહિત વડતાલ પધાર્યા. ત્યાં સર્વ પરમહંસો વર્ણીઓ. પાર્ષદો વિગેરે જનોએ વીંટાયા થકા સ્વામી ભગવાન શ્રીહરિના ધ્યાનપરાયણ થયા. આસપાસ બેઠેલા ભકતજનો ભગવત્સ્મરણ કરવા લાગ્યા. તેજ સમયમાં બ્રહ્મધામાધિપતિ ભગવાન શ્રીસ્વામિનારાયણ અનંત મુકતસમૂહથી વીંટાયા થકા સર્વ જનોને જોતાંજ સ્વામીને પોતાનું સાક્ષાત્ દર્શન આપીને તુરતજ પોતાની સાથે દિવ્ય વિમાનમાં બેસારીને પોતાના અક્ષર ધામ પ્રત્યે લઇ ગયા.

આ પ્રમાણે સ્વામી આ લોકમાં ૭૧ વરસ બે માસ અને ૧૭ દિવસ રહીને અનંત મુમુક્ષુ જનોને ભગવત્સન્મુખ કરતા અને આ સર્વશ્રેષ્ઠ ઉદ્ધવસમ્પ્રદાયની અવિરત સેવા કરતા થકા આ લોકમાં વિચરીને આ ક્ષણિક ભૌતિક શરીરનો પરિત્યાગ કરીને અનન્ત શકિતસમ્પન્ન ભગવાન શ્રીહરિની અખંડ સેવામાં પહોંચી ગયા.

સ્વામીશ્રીના જીવનમાં અનેક અદ્ભુત પ્રસંગો બનેલા છે. તે સર્વનું યથાર્થ વર્ણન કરવું અશકય હોવાથી સંક્ષેપમાંજ. આટલું જીવનવૃત્તાન્ત યથામતિ જણાવીને સ્વામીશ્રીના સ્મરણ-વન્દન સાથે વિરામ પામતો સત્સંગનો સેવક—

સાધુ-કૃષ્ણસ્વરૂપદાસ.
વડતાલ.

श्रीस्वामिनारायणो विजयतेतराम् ।

મહાભારતમાંથી સમુદ્ધાર કરેલો—

શ્રીમદ્ભગવદ્ગીતાનો પૂર્વકથા-પ્રસંગનો પ્રાસ્તાવિક—

કથાસમ્બન્ધ—

જે મહાપ્રતાપી રાજા ભરતના નામથી આ દેશ **ભારત વર્ષ** કહેવાય છે. તેના કુળના પહેલા પુરૂષનું નામ રાજા **યયાતિ** હતું. રાજા યયાતિના જ્યેષ્ટ પુત્રનું નામ યદુ હતું. તેના ઉપર કોઇ કારણને લીધે રાજા યયાતિ અપ્રસન્ન થયા હતા, તેથી તેમને તથા તેમના પુત્રોને તેમણે રાજ્યાધિકારી ન બનાવ્યા; જો કે-તેમના વંશમાં **ભોજ**, **વૃષ્ણિ** અને **અન્ધક**, વિગેરે વીર પુરૂષોએ જન્મ લઇને પોતાના વંશનો મહિમા વધાર્યો હતો. વળી ભગવાન શ્રીકૃષ્ણચંદ્રે પણ એજ વંશમાં અવતાર ધારણ કરીને એ વંશની કીર્તિ અને મહિમા પહેલાં કરતાં ઘણો વધાર્યો હતો.

યયાતિના સૌથી નાના પુત્રનું નામ **પુરૂ** હતું. તે હંમેશાં રાજાને પ્રસન્ન રાખતો. તેથી યયાતિએ તેને પોતાનું રાજ્ય સોંપ્યું. આ **પુરૂ** વંશમાં રાજા **ભરત** ઉત્પન્ન થયા. અને તેમના નામથી આ દેશનું નામ **ભારત વર્ષ** પડયું. **ભરત** પછી એ વંશમાં રાજા કુરૂ ઉત્પન્ન થયા જેના નામ ઉપરથી એ વંશનું નામ કૌરવ પડયું.

દ્વાપર યુગના અન્તમાં કુરૂ વંશના શિરોમણિ રાજા **શન્તનુ**નો જન્મ થયો. શન્તનુના પિતાનું નામ **પ્રતીપ** હતું. તેમણે પોતાની જીંદગીમાંજ શન્તનુને ગાદી ઉપર બેસાડયા. અને સારો ઉપદેશ આપી પોતે રાજ્ય પદ છોડી વનમાં ચાલ્યા ગયા.

એક વખત રાજા શન્તનુ શિકાર કરીને પાછા ફરતા હતા. ત્યારે રસ્તામાં ગંગા નદીના કીનારા ઉપર એક સુંદર સ્ત્રીને ઉભેલી તેમણે જોઇ, તેના ઉપર તે મોહિત થઇ ગયા. અને તેની સાથે એવી પ્રતિજ્ઞા કરીને પરણ્યા કે જો હું કોઇ પણ કાર્યમાં તને રોકું અથવા તિરસ્કાર કરૂં તો તે શન્તનુને તત્કાળ છોડીને ચાલી જાય. તે સ્ત્રીએ પોતાનું નામ ગંગા બતાવ્યું. ગંગાજીને આઠ પુત્રો થયા. પરંતુ—સાતને જન્મતાંજ તેમને ગંગા નદીના પ્રવાહમાં વહેવડાવી દીધા. જ્યારે આઠમા પુત્રને ગંગામાં નાખવા જવા લાગ્યાં ત્યારે રાજા શન્તનુએ તેમને રોકયાં અને કહ્યું-હે પુત્રઘાતિનિ ! તમે કોણ છો ? શા માટે આવું કર્મ કરો છો ? આવી નિષ્ઠુરતા કરવી યોગ્ય નથી. આ

બાળકને હું ગંગામાં નહિં નાખવા દઉં. ગંગાજીએ ઉત્તર આપ્યો હે પુત્રની ઈચ્છાવાળા રાજા ! આપના કહેવાથી હું આ પુત્રનો નાશતો નહિ કરૂં. પરન્તુ—આપની પ્રતિજ્ઞા પ્રમાણે હવે હું આપની પાસે નહિ રહું. અત્યારથીજ ચાલી જાઉં છું. અને આ પુત્રને લાલન પાલનથી મોટો કરી આપને પાછો આપી જઇશ. આ રીતે ગંગાજીના ચાલ્યા જવાથી રાજા શન્તનુને ઘણું દુઃખ થયું. પરન્તુ પુત્રના જીવવાથી અને પછીથી તે પાછો મળવાથી સંતોષ થયો. આ પુત્રનું નામ તેની માતાએ દેવવ્રત પાડયું હતું. પુત્ર પાછો આવ્યો. એટલે રાજાએ તેને પોતાનો યુવરાજ બનાવ્યો. ત્યાર પછી એક દિવસ રાજા શન્તનુ યમુના નદીને કિનારે ફરવા ગયા હતા. ત્યાં તેમણે એક સત્યવતી નામની માછીની કન્યા જોઈ. તેના અદ્ભુત રૂપ અને લાવણ્યથી રાજા એટલો મુગ્ધ થઇ ગયો કે તરતજ તેણે તેના પિતા પાસે જઇ તેની સાથે લગ્ન કરવાની પોતાની ઇચ્છા પ્રગટ કરી.

માછીએ કહ્યું–જો તમે સત્યવતીનાજ પુત્રને યુવરાજ બનાવો. અને રાજ્યનો અધિકારી બનાવો. તોજ હું સંમતિ આપી શકું. સત્યવતી ઉપર રાજા ઘણા આસકત થયા હતા, છતાં પણ આવી ભારે પ્રતિજ્ઞા સાંભળીને શોકાતુર થઇને રાજધાનીમાં પાછા આવ્યા. કારણ કે પોતાના પ્રિયપુત્ર દેવવ્રતનો અધિકાર નષ્ટ કરવાની તેમની જરા પણ ઇચ્છા નહોતી. પોતાની આવી શોકાતુર સ્થિતિ જોઇને દેવવ્રતને ચિન્તા થઇ. અને તેમણે પિતાના શોકનું કારણ પૂછ્યું. પરન્તુ–રાજાએ સાચી હકીકત ન કહેતાં વાત છુપાવી રાખી. દેવવ્રતે એક વૃદ્ધ મંત્રી પાસેથી બધી વાત સાંભળી અને તુરતજ તેઓ માછીની પાસે ગયા. અને તેની સામે પ્રતિજ્ઞા કરી કે "હું રાજ્ય ઉપરનો મારો અધિકાર છોડું છું. તમારી કન્યા સત્યવતીથી જે પુત્ર ઉત્પન્ન થશે, તેજ રાજ્યનો માલિક છે. માટે તમે ડરશો નહિ." આ સાંભળીને માછી બોલ્યો–હું જાણું છું કે તમે તો તમારી પ્રતિજ્ઞા પૂરે પૂરી પાળશો. પરન્તુ—તમારી પાછળ તમારા કોઇ વંશજ ન પાળે તો તેનું શું ? તેથી તેજ વખતે બધા ક્ષત્રિયોની સમક્ષ દેવવ્રતે પતિજ્ઞા કરીકે–"આજથી મરણ પર્યન્ત હું મનસા, વાચા, કર્મણા બ્રહ્મચારી રહીશ."

આ વચન સાંભળીને માછીએ સત્યવતીનું લગ્ન રાજા શન્તનુ સાથે કરવાનો સ્વીકાર કર્યો. અને સત્યવતીને દેવવ્રતને સુપ્રત કરી. દેવવ્રત તેને પોતાના પિતા પાસે લઇ આવ્યા. અને તેમને પ્રસન્ન કર્યા. પિતાએ પ્રસન્ન થઇને દેવવ્રતને ઇચ્છા મૃત્યુનું વરદાન આપ્યું. આ પ્રમાણે જયારે દેવવ્રતે પોતાના સ્વાર્થનો પિતાને ખાતર ત્યાગ કર્યો ત્યારે દેવતાઓએ આકાશમાંથી પુષ્પ વૃષ્ટિ કરી અને—"**भीष्मोऽयम्.**" આવી આકાશવાણી થઇ ત્યારથી તેમનું નામ ભીષ્મ પડ્યું.

સત્યવતીને ચિત્રાંગદ અને વિચિત્રવીર્ય એ બે પુત્રો થયા. ત્યાર પછી થોડે દિવસે રાજા શન્તનુનો સ્વર્ગવાસ થયો, માતાની સલાહ માનીને ભીષ્મે ચિત્રાંગદને ગાદી ઉપર બેસાર્યો. પરંતુ થોડા દિવસ પછી એક ગંધર્વ સાથે ચિત્રાંગદને લડાઇ થઇ અને તેમાં

તે માર્યો ગયો. તેથી તેના નાના ભાઇ વિચિત્રવીર્યને ગાદીએ બેસાર્યો. તે ભીષ્મની સલાહ પ્રમાણે રાજકારભાર કરવા લાગ્યો. ભીષ્મે તેને કાશીરાજાની પુત્રી અમ્બિકા—અને અંબાલિકા સાથે પરણાવ્યો. સાત વર્ષ સુધી રાજ્ય ચલાવીને તે ક્ષય રોગથી મૃત્યુ પામ્યો. ત્યારે સત્યવતી ઘણી આકુળ-વ્યાકુળ બની ગઇ અને ભીષ્મને કહેવા લાગી-મારા બન્ને પુત્રો વારસ મુકયા વગર પરલોક ગયા, હવે રાજ્યનો ભાર તથા વંશ-વૃદ્ધિ તમારા હાથમાં છે. તેથી નિયોગદ્વારા તમે આ કન્યાઓથી સંતાન ઉત્પન્ન કરો ! અથવા સ્વયં રાજ્યાધિકારી બનીને વિવાહ કરીને ભારત વંશની રક્ષા કરો ! પણ ભીષ્મે પોતાની પ્રતિજ્ઞા ભંગ ન કરી. અને સત્યવતીને કહ્યું-હે સત્યવતી ! સત્ય અને ધર્મનો આ રીતે ત્યાગ ન કરવો જોઇએ. પાંચ મહાભૂત પોતાનો શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ વિગેરે ગુણોનો ત્યાગ કરે, સૂર્ય પોતાના તેજને અને ચંદ્ર પોતાની શીતળતાને છોડી દે, તો પણ હું કદાપિ મારા સત્યવ્રતથી વિચલિત થઇશ નહિ. સાક્ષાત્ ત્રૈલોકયના રાજ્યને અથવા દેવતાઓના આધિપત્યને અથવા તેનાથી વિશેષ કંઇ પણ હોય તો તે છોડવા હું તૈયાર છું, પણ સત્ય છોડવા તૈયાર નથી. આ સાંભળી સત્યવતી બોલી—હે પુત્ર ! આજ સુધી મેં એક વાત તમારાથી છુપાવી રાખી હતી. તે આજ કહું છું-એક વાર તમારા પિતાનો વિવાહ મારી સાથે થયો, તે પહેલાં હું યમુનામાં નાવ ચલાવતી હતી. ત્યારે પરાશરમુનિ આવ્યા તેમને મેં વગર પૈસે પાર ઉતાર્યા હતા તેથી તેમણે પ્રસન્ન થઇને મને એક પુત્ર આપ્યો. અને મારા શરીરમાંથી માછલીનો દુર્ગંધ નિકળતો હતો તેને બદલે સરસ સુગંધ પણ તેમણે મને આપ્યો. આ પ્રમાણે ટાપુ ઉપર મને પુત્ર આપ્યો માટે એનું નામ દ્વૈપાયન પાડયું. તમારા એ મહાવિદ્વાન્ ભાઇને ચારે વેદના ભાગ પાડયા માટે વેદ-વ્યાસ પણ કહે છે. તેણે મારી પાસેથી જતી વખતે-મને કહ્યું હતું-હે માતા ! જો તમને કાંઇ સંકટ પડે તો મારૂં સ્મરણ કરજો ! માટે આ વિપત્તિ વખતે તેમનું સ્મરણ કરવું જોઇએ, જયારે ભીષ્મે પણ એમાં સંમતિ આપી. ત્યારે સત્યવતીએ તેમનું સ્મરણ કર્યું અને તે તરતજ તેમની સામે ખડા થયા. માતાની દુઃખની વાત સાંભળીને તેમણે વિચિત્રવીર્યની સ્ત્રીઓને પુત્ર આપવાનું કબુલ કર્યું. વ્યાસ ભગવાનનું રૂપ ભયંકર અને કાળું હતું તેથી જયારે મોટી સ્ત્રી તેની પાસે ગઇ ત્યારે ગભરાઇ ગઇ અને તેણે પોતાની આંખો બંધ કરી દીધી. તેથી તેને એક આંધળો પુત્ર ઉત્પન્ન થયો. તેનું નામ ધૃતરાષ્ટ્ર પાડયું, ત્યાર પછી બીજી સ્ત્રીને તેની સેવા માટે મોકલી તેનું મોં બીકને લીધે પીળું પડી ગયું. તેથી તેને પીળા રંગ વાળો પુત્ર ઉત્પન્ન થયો તેથી તેનું નામ પાંડુ પાડયું. એમાંથી એક પણ પુત્ર સર્વાંગ સુંદર ન હોવાને લીધે, સત્યવતીને સંતોષ થયો નહિ. તેથી તેમણે એક દાસીને સારાં કપડાં તથા આભૂષણ પહેરાવીને મોકલી તેણે વ્યાસદેવની સેવા કરી તેથી તેને સુંદર પુત્ર ઉત્પન્ન થયો. તેનું નામ વિદુર પાડયું. ધૃતરાષ્ટ્ર, પાંડુ અને વિદુર રાજભુવનમાં ભાઇઓની માફક ઉછરવા લાગ્યા. ભીષ્મપિતામહે તે ત્રણે પુત્રોને પાળી પોષીને મોટા કર્યા. જાત કર્માદિ સંસ્કાર કર્યા. યુવાન થયા ત્યારે તેમને અસ્ત્ર—શસ્ત્રાદિ

વિદ્યા ભણાવી કુશળ બનાવ્યા. ધનુર્વિદ્યામાં પાંડુ પ્રખ્યાત થયા. બળમાં ધૃતરાષ્ટ્ર પ્રથમ નંબરે આવ્યા. અને રાજનીતિમાં વિદુર ઉત્તમ નિવડયા. આ જોઈ સર્વના આનંદનો પાર રહ્યો નહિ. ત્રણે બાળકો જ્યારે મોટા થયા, ત્યારે ભીષ્મે તેમને રાજ્ય સોંપવાનો વિચાર કર્યો અને ધૃતરાષ્ટ્ર આંધળા હતા. વિદુર દાસીપુત્ર હતા. તેથી પાંડુને ગાદીએ બેસાડયા. ગન્ધાર દેશના રાજા સુબલની કન્યા ગાન્ધારી સાથે ધૃતરાષ્ટ્રનો વિવાહ થયો. એક યદુવંશી રાજા શૂરસેનની પુત્રી પૃથા અથવા કુન્તી સાથે તથા મદ્ર દેશની રાજકન્યા માદ્રી સાથે પાંડુનો અને રાજા દેવકની પરમ સુંદર કન્યા પાર્શ્વી સાથે વિદુરનો વવાહ થયો.

નાનપણમાં કુન્તીને દુર્વાસા મુનિ તરફથી એક મહા મંત્ર મળ્યો હતો. જેનું ફળ એ હતું કે-જ્યારે એ મંત્રનો ઉચ્ચાર કરી ને કોઇ પણ દેવનું સ્મરણ કરે. ત્યારે તે દેવતા તેની સામે ઉપસ્થિત થાય અને એક પુત્ર આપે. આ મંત્રનો ઉચ્ચાર અજમાયશ કરવા માટે કુન્તીએ પોતાની અવિવાહિત અવસ્થામાં કર્યો અને સૂર્ય દેવતાનું સ્મરણ કર્યું, જેથી તેમણે કવચ અને કુંડળ ધારણ કરેલો એક પુત્ર આપ્યો. તે પુત્રને નદીમાં ફેંકી દીધો. અને કુરુરાજાના સારથિ અધિરથે તેને નદીમાંથી કાઢી પાળી-પોષી મોટો કર્યો. અને તેનુ નામ વસુસેન રાખ્યું.

પાંડુ રાજાએ એક વખત મુનિકુમારને મૃગ જાણીને બાણ માર્યું અને ઘાયલ કર્યો. તે પાપનું પ્રાયશ્ચિત કરવા માટે તેઓ પોતાની રાણીઓ સાથે વનમાં તપ કરવા ગયા. ત્યાં કુન્તીએ મંત્રોચ્ચાર કરી પાંચ પુત્રો મેળવ્યા. ત્રણ પોતાના ઉદરથી અને બે માદ્રીના ઉદરથી, ધર્મરાજા પાસેથી યુધિષ્ઠિર, વાયુ પાસેથી ભીમ અને ઇંદ્ર પાસેથી અર્જુન. એમ ત્રણ પુત્રો કુન્તીએ ઉત્પન્ન કર્યા. અને અશ્વિની કુમારો પાસેથી નકુળ અને સહદેવ માદ્રીએ મેળવ્યા. આ પ્રમાણે રાજા પાંડુને પાંચ પુત્રો થયા.

એકવાર ભગવાન વેદ-વ્યાસ ફરતા ફરતા રાજધાનીમાં આવ્યા. ગાન્ધારીએ તેમની સારી સેવા કરી તેથી પ્રસન્ન થઇને તેમણે તેને "સો પુત્રો થશે" એમ વરદાન આપ્યું. તેટલામાંજ યુધિષ્ઠિરના જન્મની વાત હસ્તિનાપુર પહોંચી. તેથી ગાન્ધારીને ઘણો અફસોસ થયો, કારણ કે મોટા હોવાને લીધે તે રાજગાદીના માલિક થવાના અધિકારી બન્યા હતા. પછી ગાન્ધારીને સો પુત્ર તથા એક કન્યા ઉત્પન્ન થઇ, તે ઉપરાંત ધૃતરાષ્ટ્રને એક દાસી હતી. તેનાથી યુયુત્સુ નામનો એક પુત્ર ઉત્પન્ન થયો.

પાંડુના પાંચ પુત્રો તથા ધૃતરાષ્ટ્રના સો પુત્રો ભેગા રમવા લાગ્યા. પાંડવો વનમાં ઉછર્યા હતા. અને કૌરવો રાજમહેલમાં ઉછર્યા હતા. તેથી બધી રમત-ગમતમાં પાંડવો જીતતા હતા. બધા પાંડવોમાં ભીમસેન બળવાન હતો. તે કૌરવોને સામ-સામી અથડાવતો, પાણીમાં ડૂબાડી દેતો અને એવાં ઘણાં ઘણાં દુઃખ દેતો તેથી નાનપણથીજ કૌરવો અને પાંડવો વચ્ચે મનમાં ઇર્ષ્યા ઉત્પન્ન થવા લાગી. આખરે દુર્યોધને ભીમસેનને કોઇ રીતે મારી નાખવાનો વિચાર કર્યો. ગંગા કિનારે બધા રમવા ગયા. ત્યાં જમણમાં ભીમસેનને ઝેરના લાડુ ખવડાવ્યા, તેથી તે અચેત થઇને ગંગામાં પડયો. તેને નહિ જોવાથી તેની

તપાસ થવા લાગી, કુન્તાજીના શોકનો પાર રહ્યો નહિ, પરંતુ વિદુરજીએ બધાંને શાન્ત પાડયાં. ભીમ ગંગાજીમાં પડયો-તે સીધો પાતાળમાં પહોંચ્યો. ત્યાં નાગ–લોકોએ તેને ખૂબ દંશ કર્યા તેથી તેના શરીરનું ઝેર ઉતરી ગયું. નાગ–લોકો તેને વાસુકી પાસે લઇ ગયા, વાસુકીએ તેને ઓળખ્યો અને તેનો આદર-સત્કાર કરી તેને એક અમૃત–પૂર્ણ વાસણમાંથી દવા પાઇ જેથી તેનું શરીર બીલકુલ નિરોગી થઇ ગયું. ત્યાર પછી તે પાછો હસ્તિનાપુર આવ્યો, બધા વડિલોને પ્રણામ કર્યા અને આનંદથી રહેવા લાગ્યો.

એકવાર રાજા શન્તનુ શિકાર કરવા ગયા હતા. ત્યારે રસ્તામાં એક પુત્ર તથા પુત્રી પડેલાં જોયાં, તેમને તે પોતાને ત્યાં લઇ આવ્યા અને પાલન–પોષણ કરવા લાગ્યા. એ બન્ને મહર્ષિ શરદ્વાનનાં સન્તાન હતાં. પાછળથી તે મહાત્મા આવ્યા અને પુત્ર કૃપને ઉત્તમ રીતે વિદ્યા ભણાવી અને છેવટે તે કૃપ આચાર્ય પદવી પામ્યા. તેમની બ્હેન કૃપીનો વિવાહ દ્રોણાચાર્ય સાથે થયો હતો.

કૃપાચાર્ય પાસે પાંડવ તથા કૌરવ અસ્ત્ર શસ્ત્ર–વિદ્યા શીખ્યા હતા. ત્યાર પછી દ્રોણાચાર્ય આવ્યા. એટલે ભીષ્મપિતામહે તેમની પાસે રાજકુમારોને મુક્યા. અને વિદ્યા ભણાવવા માંડી. તેમની સાથે સારથીથી પળાયેલો વસુસેન પણ વિદ્યા ભણતો હતો તેનું નામ કર્ણ પડયું. બધા રાજકુમારોમાં અર્જુન સૌથી ઉત્તમ ધનુર્ધર થયો. ફકત કર્ણજ એની બરા–બરી કરી શકતો હતો. બાકી બધા રાજકુમારો એનાથી ઓછી યોગ્યતાવાળા હતા.

દ્રોણાચાર્યની ખ્યાતિ સાંભળીને ઘણા બહારના રાજકુમારો પણ વિદ્યા ભણવા આવવા લાગ્યા. તેમાં નિષાદના રાજાનો પુત્ર એકલવ્ય પણ હતો. પણ દ્રોણાચાર્યે તેને પોતાના શિષ્ય તરીકે સ્વીકાર્યો નહિ તેથી તે નીરાશ થઇને પાછો ગયો. પરંતુ–વનમાં જઇને તેણે દ્રોણાચાર્યની મૂર્તિ બનાવીને તેની સામે અભ્યાસ કરવા માંડયો. શ્રદ્ધા, અભ્યાસ અને મન લગાડીને વિદ્યા ભણવાથી, તે ધનુર્વિદ્યામાં પારંગત થયો. આ વાતની ખબર પડવાથી દ્રોણાચાર્ય વનમાં ગયા અને તેની પરીક્ષા કરી. તો માલમ પડયું કે– બધા રાજકુમારોથી એકલવ્ય ઉત્તમ હતો. આથી દ્રોણાચાર્યે તેની પાસે ગુરૂદક્ષિણા માગી. હે નિષાદપુત્ર ! જો તું મારો શિષ્યજ હોય, તો તારા જમણા હાથનો અંગુઠો મને ગુરૂદક્ષિણા તરીકે આપ. એકલવ્યે ઘણા આનંદથી ગુરૂદક્ષિણા આપી. આ રીતે અંગુઠો આપવા છતાં પણ એકલવ્ય ધનુર્વિદ્યામાં અર્જુન કરતાં ચઢીયાતો હતો.

ઉપર પ્રમાણે અર્જુને ધનુર્વિદ્યામાં, તેમજ ભીમ તથા દુર્યોધને ગદા ચલાવવામાં નિપુણતા મેળવી. યુધિષ્ઠિરે રથ ઉપર બેસી યુદ્ધ કરવાનો સારો અભ્યાસ કર્યો અને નકુળ અને સહદેવે તલવાર ચલાવવામાં સૌથી વધારે યોગ્યતા મેળવી.

એક દિવસ દ્રોણાચાર્યે પોતાના શિષ્યોનું પ્રાવીણ્ય દેખાડવા માટે શહેર બહાર એક રંગભૂમિ બનાવી. અને ત્યાં બધા રાજકુમારોએ પોત–પોતાની પ્રવીણતા દેખાડી. જ્યારે અર્જુન સર્વ રાજકુમારોમાંથી- શ્રેષ્ઠ નંબરે આવ્યો, ત્યારે ત્યાં ઉભેલા સઘળા

લોકોએ આનંદથી જયનીં ગર્જના કરી. તે દુર્યોધનાદિક કૌરવોથી ખમી શકાયું નહિ. તેથી દુર્યોધને કર્ણને તેના સામો મોકલ્યો. કર્ણે અર્જુનના કરેલા બધા ધનુષના દાવ કરી બતાવ્યા. આથી દુર્યોધન ઘણો પ્રસન્ન થયો. અર્જુને કર્ણને પૂછયું કે-તું વગર બોલાવ્યો કેમ આવ્યો? ત્યારે કર્ણે કહ્યું કે-"રંગભૂમિ બધા માટે સરખી છે. અને દરેક યોદ્ધાને તેમાં ભાગ લેવાનો અધિકાર છે. અને જો તારે એકલાને અધિકાર લેવો હોય તો બાણથી કે બાહુબળથી અધિકાર સાબીત કર." આ ઉપરથી બન્નેએ દ્વંદ્વ-યુદ્ધ કરવાનો નિશ્ચય કર્યો. પરંતુ કૃપાચાર્ય બોલ્યા કે-"જે જાતે રાજા નથી. અથવા જેનો જન્મ રાજકુળમાં થયો નથી. તે રાજકુમાર સાથે યુદ્ધ કરવા લાયક નથી. એવો યુદ્ધનો નિયમ છે. તેથી આ બે વચ્ચે યુદ્ધ થઇ શકે નહિ." આ સાંભળી દુર્યોધને કહ્યું કે-"રાજાઓની યોગ્યતા જન્મ, શૌર્ય, અને સેનાપતિત્વથી સમજાય છે. મારા ધારવા પ્રમાણે તો વીરની સાથે વીરને યુદ્ધ કરવાનો અધિકાર છેજ. તેમ છતાં જો રાજા સિવાય અર્જુન કર્ણ સાથે યુદ્ધ કરવા ન ઇચ્છતો હોય તો હું કર્ણને અત્યારથીજ અંગ દેશનો રાજા બનાવું છું. અને તેજ વખતે તેને રાજ્યાભિષેક કરવામાં આવ્યો." કર્ણે પણ સોગન લીધા કે-"હું દુર્યોધનનો સાથ નહિ છોડું." આ પ્રમાણે યુદ્ધ કરવાની તૈયારી ચાલતી હતી તેટલામાં કર્ણના પાલક પિતા અધિરથે કર્ણને રોકયો. અને સૂર્યાસ્ત પણ થઇ ગયો.

બધા શિષ્યોનું અધ્યયન પૂર્ણ થયું, ત્યારે દ્રોણાચાર્યે તેમની પાસેથી ગુરૂ-દક્ષિણા માગી. કે તમે બધા પાંચાલ દેશના રાજા દ્રુપદને યુદ્ધમાં હરાવીને પકડી લાવો! કારણ કે તેણે અમારૂં અપમાન કર્યું છે. આ પ્રમાણે આજ્ઞા મળવાથી પ્રથમ કૌરવો ત્યાં ગયા પણ યુદ્ધમાં તેને હરાવી શકાયો નહિ. પછી પાંડવો ગયા તેમણે તેને હરાવ્યો. અને કેદી તરીકે પકડી લાવ્યા. દ્રોણાચાર્યે તેને અર્ધું રાજ્ય પાછું આપ્યું અને વિદાય કર્યો. આ અપમાનથી રાજા દ્રુપદે દ્રોણને મારે એવો પુત્ર ઉત્પન્ન થાય તે માટે પુત્રેષ્ટિ યજ્ઞ કરવાનો નિશ્ચય કર્યો. અને તેથી તેને ધૃષ્ટદ્યુમ્ન નામનો પુત્ર તથા કૃષ્ણા નામની કન્યા થઇ તે પુત્રે દ્રોણને યુદ્ધમાં માર્યા હતા. કાશીરાજાની પુત્રી અંબાએ ભીષ્મને મારવા માટે જન્મ લીધો તેનું નામ શિખંડી પડયું.

હે સંજય ! યુદ્ધ કરવાને ઇચ્છતા, માટેજ ધર્મક્ષેત્રમાં-ધર્મનું દેવતાઓનું પૂજન કરવાનું ક્ષેત્ર-ભૂમિ, એટલે કે દેવોનું યજનસ્થાન, તેવા પ્રસિદ્ધ **કુરૂક્ષેત્રમાં**. તે બાબતમાં જાબાલશ્રુતિ-" તે પછીનું કુરૂક્ષેત્ર, કે જે દેવોનું દેવયજનરૂપ અને સર્વ ભૂતોનું બ્રહ્મસદન છે. " આ પ્રમાણે કહે છે. તેમજ શતપથની શ્રુતિ પણ-" કુરૂક્ષેત્ર દેવોનું યજનસ્થાન છે. " એમ કહે છે. ભેગા મળેલા-થયેલા, એવા **મારા પુત્રો** દુર્યોધનાદિક, સ્નેહભાવ જણાવનારો આ નિર્દેશ છે. તેમજ-પાણ્ડવો-**પાણ્ડુના પુત્રો** પણ, આ નિર્દેશ અપ્રીતિ સૂચવનારો છે. શું કરતા હવા ?-શું કર્યું ? ॥ ૧ ॥

टीका–

इति तमेनं कृपयाविष्टमश्रुपूर्णाकुलेक्षणं युद्धान्निवृत्तव्यापारं अशोच्याननुशोचन्तं प्रज्ञावादांश्च भाषमाणं कार्पण्यदोषोपहतस्वभावं धर्मसम्मूढचित्तं पार्थं धर्म्ये युद्धे प्रवर्तयन् सेनयोरुभयोर्मध्ये प्रहसन्निव भगवान् वासुदेवः पार्थसारथिर्यदुवाच वचः–"नत्वेवाह" मित्यादि, तदिदं गीताशास्त्रमखिलस्य हिततमम्, न केवलं पार्थस्य, स तु निमित्तमात्रमस्य शास्त्रस्य प्रकाशने, सकलहितायैव तु मुख्या प्रवृत्तिरस्य। धर्मसंस्थापनायैव ह्येष भगवान् वासुदेव इहावतीर्णः। अनर्थेभ्यो यन्निवर्तयति शास्त्रं तद्धितम्, श्रेयसि यत्प्रवर्तयति तत् हिततरम्, यदात्यन्तिकश्रेयासि प्रवर्तयति तत् हिततमम्। इदं च गीताशास्त्रं बन्धोच्छेदकरत्वेन परमनिःश्रेयसाधायकतया हिततमम्। कर्मणामेव ज्ञानाकारतानिरूपणपूर्वकं सुकरोपायमुखेन नैःश्रयसे पथि प्रवर्तनात् अखिलहिततमं नाम। न हि मुमुक्षुः सर्व एव ज्ञानयोगे भवत्यधिकारी। परा भक्तिश्चेह परमनैःश्रयसपथभूता निरूप्यते। यस्यां भवति सर्वेषामधिकारः। आह च भगवान्–"मां हि पार्थ! व्यपाश्रित्य येऽपि स्युः पापयोनयः। स्त्रियो वैश्यास्तथा शूद्रास्तेऽपि यान्ति परां गतिम्"॥ इति। अतश्चाखिलहिततमम्। तदेतत् गीताशास्त्रं निरुपममममृतम्। यदिदं तापत्रयप्रशमनम्। न सामुद्रेणामृतेन तापत्रयं प्रशाम्यति। अमृतभुजोऽपि नाकौकसः पीड्यन्त एव तापत्रयेण। तदेतत् त्रिविधपरितापशान्त्यै इदमेव सेव्यताम् ॥ ३ ॥

अथ प्रेक्षावतां प्रवृत्तये चिकीर्षितं प्रतिजानीते–ध्यात्वेति। कृतस्य मङ्गलस्यानुवादोऽयम्। भगवद्भावदीपिकेयं ध्यानप्रसन्नभगवत्प्रसादबलेन क्रियते इति ज्ञापनाय वा। गीताया व्याख्यानं विरचितं नाम बहुभिः। प्रायस्तेभ्योऽस्मिन् व्याख्यानेऽयं विशेषः—गीताचार्यस्य भगवत एव भावो वर्ण्यते। तदिदं ज्ञापयन्नाह–भगवद्भावदीपिकेति। औद्धवसम्प्रदायनिष्ठानां कर्तरि विश्वासाधानाय स्वनाम ख्यापयति–गोपालानन्देति। व्याख्याकरणफलमाह-सद्वृन्दतुष्टय इति। न पाण्डित्यख्यापनाय, किन्तु सतां तुष्टये। सतां तुष्टिरेव तु समाशास्या सद्भिरपि ॥ ४ ॥

अथ प्रथमं गीतातात्पर्यं सारतो ग्राहयन्नाह- कर्मयोग इत्यादिना। युज्यते अनेनेति योगः, परमात्मन्येव युज्यते येन चित्तं स योग उच्यते। इतस्ततो व्याक्षिप्यमाणं चित्तं कर्मणा, ज्ञानेन, भक्त्या च, क्रमात्ततः प्रत्याहृत्य परमात्मन्येव नियुज्यते, तेन कर्म, ज्ञानं, भक्तिश्च योगो भवति। तत्–कर्मयोगो, ज्ञानयोगो, भक्तियोग, इति भवति प्रयोगः। तथा चायं योगशब्दः योगरूढिभ्यामेषु प्रवर्तते। तत्र फलसङ्गपरित्यागपूर्वकं, कर्तृत्वाभिमानपरित्यागपूर्वकं, परमात्मन्यन्तर्यामिण्येव कर्तृत्वमनुसन्धाय सर्वत्र ब्रह्मात्मकतादृष्टिपूर्वकं च–"ब्रह्मार्पणं ब्रह्म हविर्ब्रह्माग्नौ ब्रह्मणा हुतम्" इति बुद्ध्या यत्कर्म स्ववर्णाश्रमोचितं क्रियते स कर्मयोग उच्यते। देहत्रयविलक्षणम्, अपहतपाप्मत्वादिब्राह्मगुणाष्टकविशिष्टं, परमात्मनः शेषभूतं, स्वात्मानं सम्यगध्यवस्य, तथाविधब्रह्मात्मकस्वात्मानुचिन्तनमात्मसाक्षात्कारफलकं ज्ञानयोग उच्यते। निरतिशयप्रेमपूर्वकं परमात्मनो ध्यानं (तैलधारावदविच्छिन्नस्मृतिसन्ततिलक्षणं) भक्तियोग उच्यते। त एते त्रयो निःश्रेयसस्य पन्थाः प्रकीर्तिताः। पन्था इत्येकवचनेन अङ्गाङ्गिभावेन समुदितानामेषामेकः साधनभावो, न स्वातन्त्र्येणेति गम्यते ॥ ५ ॥

टीका-

चरमश्लोकाभिप्रेतं निःश्रेयसपथान्तरं निर्दिशति—सिद्धोपायैकनिष्ठानामिति । निःश्रेयसे उपायो द्विविधः-साध्यः, सिद्धश्चेति । कर्मयोगादिः साध्यः, तैरेतैः प्रसन्नः परमात्मा सिद्धः । स हि नित्यसिद्धः । "फलमत उपपत्ते" रिति सूत्रेण भगवता बादरायणेन परमात्मन उपायत्वं समर्थितम् । तत्र साध्योपायान् दुःशकत्वादिभिः परमात्मपारतन्त्र्याध्यवसायातिशयेन च परित्यज्य तमेव साक्षादुपायभूतं परमात्मानमेव ये आश्रयन्ति तद्दास्यरसिकास्त एते सिद्धोपायैकनिष्ठाः, तेषामत्यन्तं हृदयङ्गमा-अन्यन्तं रुचिरा । तस्मादन्यत्र साधनत्वदृष्टिरेतेषामनभिमता हि, तदेकपारतन्त्र्यरासिकयात् । प्रपत्तिः-शरणवरणम्, अयं हि पन्थाः सुगमः । सेयं प्रपत्तिरन्ते-शास्त्रान्ते ॥ ६ ॥

तत्र-तेषु चतुर्षु । त्रयः-कमयोगादयः, मिथः-परस्परम्, सापेक्षाः, अङ्गाङ्गिभावात् । यद्यपि कर्मयोगः, ज्ञानयोगः, ततो भक्तियोगः, इति क्रमेण त्रयाणां निष्पत्तिः, तथापि कर्मरसिकाः केचन ज्ञानभक्ती उपसर्जनीकृत्य कर्मयोग एव विशेषतः प्रवर्त्तन्ते, यथा जनकादयः । केचन ज्ञानरसिकाः कर्मभक्ती उपसर्जनीकृत्य ब्रह्मात्मकतदेकशेषभूतस्वात्मानुसन्धानलक्षणे ज्ञानयोगे प्रवर्तन्ते, यथा वामदेवादयो महर्षयः ।

परे परमानन्दमयपरमपुरुषानुभवरसिकाः कर्मयोगज्ञानयोगावुपसर्जनीकृत्य भक्तियोगे प्रवर्तन्ते, यथा शुकदेवादयः । तदिदमभिप्रेत्याह-प्राधान्यं रुचिभेदेनेति ॥ ७ ॥

प्रपन्नानां विशेषमाह-निष्कामभक्तिनिष्ठानामिति । निष्कामा भक्तिः—मोक्षसाधनत्वबुद्ध्यापि या नाद्रियते । किन्तु-स्वप्रियतमपरमानन्दमयपरमपुरुषानुभवरूपतया (फलबुद्ध्या) सेव्यते, सेयं निष्कामा भक्तिः । एतन्निष्ठानां प्रपत्तावेव-शरणागतावेव महानादरः । नैतावता एतैः सर्वथा कर्मज्ञानादि परित्यक्तम् । तेषां कर्मादीनां फलकोटावस्त्येवान्वयः । यथा भक्तिः स्वयंप्रयोजनतया आद्रियते, तथैव कर्म स्वाम्याज्ञानुवर्तनलक्षणकैङ्कर्यतया, ज्ञानं च परमात्मशेषताध्यवसायरूपतयाद्रियते इति भावः ॥ ८ ॥

आरम्भे सारतो गीताया आशयं जिज्ञासमानान् प्रति सारसङ्ग्रहः कृतः । व्याख्यास्यामः तत्र तत्र प्रकरणे ॥ ९ ॥

श्रीमता व्यासेन विरचितस्य महाभारतस्य प्रथमप्रवर्तकं वैशम्पायनमनुसारयन्नवतारयति—कौरवेत्यादिना । धृतराष्ट्र उवाचेति । कौरवाणामात्मीयानां, पाण्डवानां च युद्धवृत्तान्तं ज्ञातुमिच्छन् धृतराष्ट्र उवाच । यद्यपि-"अशोच्यानन्वशोचस्त्वं प्रज्ञावादांश्च भाषसे । गतासूनगतासूंश्च नानुशोचन्ति पण्डिताः" ॥ इत्यारभ्यैव भवति गीताशास्त्रम्, अथापि शास्त्रावतरणत्वादस्यापि शास्त्रशरीरे प्रवेशो न्याय्यः । अत एव गीतां व्याचक्षणानामेतद्व्याख्याने प्रवृत्तिरुपपद्यते ।

कुरुक्षेत्रस्य धर्मक्षेत्रतामुपपादयति—धर्मस्येति । तत्र प्रमाणमाह—तत्रेति । भ्रातुः पाण्डोः पुत्रेष्वात्मीयत्वे सत्यपि पुत्रेषु दुर्नयेष्वपि स्नेहातिशयात् पुत्रान् मामका इति पाण्डवेभ्यः पृथक्कृत्य प्रदर्शयतीत्यभिप्रेत्याह—स्नेहव्यञ्जक इति । भ्रातृभावमवधूय पाण्डुरिति नाम्ना निर्देशोऽप्रीतिं गमयतीत्याह-अप्रीतीति । एतेन वृद्धस्य, बहुश्रुतस्य, पुत्राणां दुर्नयं जानतोऽपि अस्य, स्वपुत्रविजयाशंसा महती नाम वर्तते इति ज्ञापितं भवति । युयुत्सया समवेतानां युद्धकरणे प्रसिद्धे किमकुर्वतेत्ययं सामान्यः प्रश्नः कैः सह केषां युद्धमभूत् ? कैः के हताः ? इति विशेषजिज्ञासायां पर्यवस्यति ॥ १ ॥

भाष्यम्-

सञ्जय उवाच-

दृष्ट्वा त्विति । तु वैलक्षण्ये । पाण्डवानामनीकम्—पृतनाम् , व्यूढम्—धृष्टद्युम्नादिभिः शकटव्यूहादिरचनया रचितं, युद्धयोग्यं कृतमित्यर्थः । दृष्ट्वा-समीक्ष्य, तदा-आहवोद्योगकाले । आचार्यम्—द्रोणसंज्ञं धनुर्विद्योपदेष्टारं गुरुम् । उपसङ्गम्य-समीपं गत्वा, राजा-दुर्योधनः । इदम्—वक्ष्यमाणं वचनमब्रवीत् ॥ २ ॥

पश्यैतां पाण्डुपुत्राणामाचार्य ! महतीं चमूम् ।
व्यूढां द्रुपदपुत्रेण तव शिष्येण धीमता ॥ ३ ॥

हे आचार्य ! एताम्-समीपतरवर्त्तिनीम् । भवद्विधानपि महतस्तिरस्कृत्य निर्भयमतिनिकटप्रदेशे समवेतामिति यावत् । पाण्डुपुत्राणाम् । महतीम्—शत्रुभिर्जेतुमशक्यत्वादत्युत्कृष्टाम् । चमूम्-सेनाम् । पश्य । कथम्भूताम् ? तव शिष्येण धीमता—शकटव्यूहादिरचनायां कुशलेन द्रुपदपुत्रेण धृष्टद्युम्नेन । व्यूढाम्-विविधव्यूहरचनया स्थापिताम् ॥ ३ ॥

अत्र शूरा महेष्वासा भीमार्जुनसमा युधि ।
युयुधानो विराटश्च द्रुपदश्च महारथः ॥
धृष्टकेतुश्चेकितानः काशिराजश्च वीर्यवान् ।
पुरुजित् कुन्तिभोजश्च शैब्यश्च नरपुङ्गवः ॥
युधामन्युश्च विक्रान्त उत्तमौजाश्च वीर्यवान् ।
सौभद्रो द्रौपदेयाश्च सर्व एव महारथाः ॥ ४—६ ॥

भवता युद्धेऽवहितेन भाव्यमिति व्यञ्जयन् परेषु शूरान्नाम्ना निर्दिशति-अत्रेति । अत्र-अस्यां सेनायाम् । महेष्वासाः-महान्त इष्वासा धनूंषि येषां ते । युधि-रणे । भीमार्जुनसमाः-भीमार्जुनाभ्यां तुल्याः । शूरा भवन्ति । तानेवाभिधानैर्दर्शयति-युयुधानः-सात्यकिः, विराटः, द्रुपदश्च । महारथ इति त्रयाणां विशेषणम् ॥

શ્લોકાર્થ-

સંજય કહે છે—તે સમયમાં રાજા-દુર્યોધન વ્યૂહ-રચનાથી ગોઠવાયેલી પાણ્ડવોની સેનાને જોઈનેજ આચાર્ય-દ્રોણ ગુરૂની પાસે જઇને વચન બોલવા લાગ્યો-હે આચાર્ય! આપના બુદ્ધિમાન શિષ્ય-દ્રુપદપુત્ર ધૃષ્ટદ્યુમ્ને વ્યૂહરચનાથી ગોઠવેલી-પાણ્ડુપુત્રોની આ મોટી સેનાને આપ જુઓ? નીહાળો?? ॥ ૨-૩ ॥

આ સેનામાં મોટાં મોટાં ધનુષ ધારનારા અને રણ-સંગ્રામમાં ભીમ અને અર્જુન જેવા મહારથી **યુયુધાન-સાત્યકિ**, **વિરાટ** અને **દ્રુપદરાજા**, અને મહાસામર્થ્યવાન **ધૃષ્ટકેતુ**,**ચેકિતાન** અને **કાશિરાજ**,તેમજ-નરશ્રેષ્ઠ એવો **પુરૂજીત્**,**કુન્તિભોજ** અને **શૈબ્ય** નામે પ્રસિદ્ધ રાજા, વળી- શૂરવીર **યુધામન્યુ**, પરાક્રમી **ઉત્તમૌજા**, સુભદ્રાનો

ભાવાર્થ-

સંજય કહે છે-પાણ્ડવોનું અનીક-મોટું સૈન્ય, તે ગોઠવેલું-ધૃષ્ટદ્યુમ્નાદિક યુદ્ધનિપુણ યોદ્ધાઓએ શકટવ્યૂહાદિક વ્યૂહરચનાથી-યુદ્ધ કરી શકાય એવી રચનાથી સજ્જ કરેલું, તેને જોઇને, તે સમયે-યુદ્ધ કરવાની તૈયારીના સમયમાંજ, આચાર્યને-ધનુર્વિદ્યાના ઉપદેષ્ટા **દ્રોણ** નામે પ્રસિદ્ધ ગુરૂને, મળીને-પાસે જઇને, **રાજા**[૧] **દુર્યોધન**, આગળ કહેવા પ્રમાણે વચન બોલવા લાગ્યો. ॥ ૨ ॥

હે આચાર્ય! આ-અતિશય સમીપમાં વર્તતી, એટલે કે-તમારા જેવા અતિ બળવાન મોટા સમર્થ યોદ્ધાઓને પણ તિરસ્કાર-અનાદર કરીને નિર્ભયપણે અતિ નિકટ-પ્રદેશમાં સજ્જ થઇને ઉભેલી એવી, પાણ્ડુપુત્રોની મોટી-શત્રુઓએ જીતવાને અશકય હોવાથી અતિ ઉત્કૃષ્ટ-બળવાન, ચમૂ-સેના જુઓ? તે કેવી ગોઠવેલી છે? તો કે-તમારો શિષ્ય મહાબુદ્ધિમાન—શકટવ્યૂહાદિક રચનાઓ રચવામાં અતિ નિપુણ એવો દ્રુપદપુત્ર **ધૃષ્ટદ્યુમ્ન**, તેણે ગોઠવેલી-વિવિધ-વ્યૂહરચનાથી સજ્જ કરીને ઉભી રાખેલી છે. ॥ ૩ ॥

તમારે યુદ્ધમાં—યુદ્ધપ્રસંગે સાવધાન વર્તવું એમ જણાવતો થકો પરપક્ષમાં રહેલા મોટા શૂરવીરોને નામ દઇને કહી બતાવે છે—અત્ર—આ સેનામાં, મોટાં મોટાં ધનુષવાળા અને યુદ્ધમાં—રણસંગ્રામમાં તો **ભીમ** અને **અર્જુન** જેવા મહાયોદ્ધા એવા શૂરવીરો છે: તે શૂરવીરોને નામથી કહી બતાવે છે—યુદ્ધ કરવાના સ્વભાવવાળો **સાત્યકિ**, **વિરાટ** અને **દ્રુપદ**, આ ત્રણેય મહારથીઓ છે. ॥

૧-યુદ્ધપ્રસંગમાં સ્વપક્ષનીજ સબળતા જણાવીને પ્રોત્સાહન આપવાને બદલે સામા પક્ષની સબળતા કહીને પોતાના પક્ષને ઉત્સાહભંગ કરનારો માટે મૂર્ખ. ।

અથવા—યુદ્ધની વાતોમાંજ શૂરવીર, કપટ—છળથીજ સ્વવિજય ઇચ્છનારો અને પોતાને સમર્થ શૂરવીર માનનારો; શત્રુપક્ષની સબળતા જોઇને ગભરાવાથી પોતાના મનની નિર્બળતા પ્રકાશ કરનારો-મૂર્ખ. ।

અને તેથીજ મનમાં આવ્યું તેમ બોલી નાખ્યું, માટે "**વચન બોલ્યો**" એમ કેવળ વાણીનું ઉચ્ચારણમાત્રજ કરવાપણું હતું, તેથી અવિચારીપણું પણ જણાય છે. ।

भाष्यम्-

धृष्टकेतुरिति। धृष्टकेतुः, चेकितानः, काशिराजश्च। त्रयो राजान इमे। तेषां विशेषणम् वीर्यवानिति। पुरुजित्कुन्तिभोजशैब्यानां विशेषणम्—नरपुङ्गव इति। नरपुङ्गवः—नरश्रेष्ठः॥

युधामन्युरिति। विक्रान्तो युधामन्युर्नामैको राजा। वीर्यवांश्चोत्तमौजा द्वितीयः। अथवोक्तेषु नृपेषु सर्वाणि विशेषणानि समुच्चित्य सर्वत्र योजनीयानि। सौभद्रः-सुभद्रासुतोऽभिमन्युः। द्रौपदेयाश्च-द्रौपद्यां पाण्डवेभ्य उत्पन्नाः प्रतिविन्ध्याद्याः पञ्च पुत्राः। चकारादन्येऽपि पाण्ड्यराजादयः। सर्व एव महारथाः-सर्वेऽपि महारथा एव, नैकोऽपि न्यूनः। लक्षणं प्रोक्तं महारथादीनाम्-"एको दश सहस्राणि योधयेद्यस्तु धन्विनाम्। शस्त्रशास्त्रप्रवीणश्च महारथ इति स्मृतः॥ अमितान् योधयेद्यस्तु सम्प्रोक्तोऽतिरथस्तु सः। रथी त्वेकेन यो युद्ध्येत्तन्न्यूनोऽर्द्धरथो मतः" इति॥ ४-६॥

अस्माकं तु विशिष्टा ये तान्निबोध! द्विजोत्तम!।
नायका मम सैन्यस्य संज्ञार्थं तान् ब्रवीमि ते॥ ७॥

अस्माकं त्विति। हे द्विजोत्तम! अस्माकं ये विशिष्टा उत्कृष्टास्तान्निबोध!। ये च मम सैन्यस्य नायकाः-मुख्या नेतारः सन्ति, तान्। संज्ञार्थम्-असंख्येषु तेषु नामभिरुपलक्षयितुं ते ब्रवीमि॥७॥

उभयेषु तेषु विशिष्टनायकेषु प्रथमतः श्रेष्ठान् द्योतयति—भवानिति।

भवान् भीष्मश्च कर्णश्च कृपश्च समितिञ्जयः।
अश्वत्थामा विकर्णश्च सौमदत्तिस्तथैव च॥ ८॥

समितिञ्जय इति। इदं चतुर्णां विशेषणम्, कृपाचार्यविशेषणं वा। ततो नायकानाह—अश्वत्थामेत्यादिना। सौमदत्तिः—सोमदत्तस्यापत्यं जयद्रथः। जयद्रथ इति क्वचित्पाठः। जयद्रथः—सिन्धुराजः॥ ८॥

अन्ये च बहवः शूरा मदर्थे त्यक्तजीविताः।
नानाशस्त्रप्रहरणाः सर्वे युद्धविशारदाः॥ ९॥

શ્લોકાર્થ-

પુત્ર **અભિમન્યુ** અને દ્રૌપદીના પુત્રો **પ્રતિવિન્ધ્યાદિક** પાંચ, તેમજ-બીજા પણ **પાણ્ડય** રાજા વિગેરે ઘણાક છે. અને આ બધાય મહારથીઓજ છે. ॥ ૪-૬ ॥

હે દ્વિજોત્તમ-આચાર્ય ! હવે-આપણા સૈન્યમાં જે મુખ્ય મુખ્ય યોદ્ધાઓ છે, તેઓને આપ જાણી લ્યો ? અને તે મારી સેનાના નાયકો તમારી જાણને માટે તમોને કહી બતાવું છું. ॥ ૭ ॥

એક તો આપ-**દ્રોણગુરૂ**,બીજા-**ભીષ્મપિતા**,તથા **કર્ણ** અને યુદ્ધમાં જય મેળવનારા આ **કૃપાચાર્ય**,તથા **અશ્વત્થામા,વિકર્ણ**,તેમજ-સોમદત્તનો પુત્ર **જયદ્રથ.**

અને આ સિવાયના બીજા પણ **શલ્ય** અને **કૃતવર્માદિક** શૂરવીરો છે, કે—જેઓ મારે માટે પોતાના જીવનનો પણ ત્યાગ કરનારા છે. અને તે સઘળા અનેક શસ્ત્ર અને પ્રહાર કરવાનાં સાધનોવાળા છે, તેમજ-તે સઘળા યુદ્ધ કરવામાં અતિ નિપુણતાવાળા છે. ॥ ૮-૯ ॥

ભાવાર્થ-

ધૃષ્ટકેતુ, ચેકિતાન અને **કાશીરાજ**, આ ત્રણેય રાજાઓ છે, અને તે અતિ વીર્યવાન-પરાક્રમી છે. **પુરૂજીત્**, **કુન્તિભોજ** અને **શૈબ્ય**, એ ત્રણેય પુરૂષોમાં અતિ શ્રેષ્ઠ-સમર્થ એવા બળીઆ યોદ્ધાઓ છે.

મહાપરાક્રમી **યુધામન્યુ** નામે એક પ્રસિદ્ધ રાજા છે. મહાબળીઓ એવો બીજો **ઉત્તમૌજસ્** નામે રાજા છે. ઉપરનાં વિશેષણો દરેકને જુદાં જુદાં સમજવાં, અથવા ઉપર કહેલા સર્વ રાજાઓને સર્વ વિશેષણો ભેગાં કરીને દરેકને જોડવાં, એટલે કે દરેક યોદ્ધા સર્વ વિશેષણોથી વિશિષ્ટ છે એમ સમજવું. **સૌભદ્ર**—સુભદ્રાનો પુત્ર **અભિમન્યુ**, દ્રૌપદીના પુત્રો-દ્રૌપદીને વિષે પાણ્ડવોથી ઉત્પન્ન થયેલા **પ્રતિવિન્ધ્યાદિક** પાંચ પુત્રો. અને ચકાર છે માટે બીજા **પાણ્ડય** રાજા વિગેરે પણ જાણી લેવા. આ બધાય મહારથીઓજ છે, પરન્તુ-કોઈ એક પણ ન્યૂન ઓછો નથી.

મહારથી વિગેરેનાં લક્ષણ આ પ્રમાણે કહેવામાં આવ્યાં છે-" જે એકજ યોદ્ધો પોતે દશ હજાર ધનુર્ધારીઓની સાથે યુદ્ધ કરે અને શસ્ત્રમાં તેમજ શાસ્ત્રમાં પણ જે પોતે પ્રવીણ હોય તે **મહારથ** એ પ્રમાણે કહેલો છે.અને જે તો અસંખ્યાત ધનુર્ધારીઓની સાથે પોતે એકલો યુદ્ધ કરે તે તો **અતિરથ** એ પ્રમાણે કહેલો છે. એકનીજ સાથે જે યુદ્ધ કરી શકે તે **રથી** કહેવાય અને તેથી ન્યૂન હોય તે **અર્ધરથ** માનેલો છે." ॥૪-૬॥

(હવે—સ્વપક્ષના મુખ્ય યોદ્ધાઓ કહી બતાવે છે—)

હે દ્વિજોત્તમ !-દ્રોણગુરૂ ! હવે—આપણા પક્ષમાં જે જે વિશિષ્ટ—અતિ ઉત્કૃષ્ટ યોદ્ધાઓ છે તેઓને ધ્યાન દઈને સાંભળો ! અને વળી જે મારા સૈન્યના નાયકો-મુખ્ય મુખ્ય નેતાઓ છે, તેઓને પણ જાણવાને માટે-એટલે કે તેઓ અસંખ્યાત છે, માટે તેમાંથી નામથી ઓળખવાને માટે ધ્યાનમાં આવવા સારૂં તમને કહી બતાવું છું. ॥ ૭ ॥

भाष्यम्-

अन्य इति। अन्ये च शल्यकृतवर्माद्या बहवः शूराः सन्ति। कथम्भूताः? मदर्थे-मत्प्रयोजनाय त्यक्तजीविताः। नानाविधानि शस्त्राणि प्रहरणानि च येषां ते। सर्वे युद्धविशारदाः-युद्धकरणेऽतीव कुशलाः॥ ९॥

अपर्याप्तं तदस्माकं बलं भीष्माभिरक्षितम्।
पर्याप्तं त्विदमेतेषां बलं भीमाभिरक्षितम्॥ १०॥

अपर्याप्तमिति। तत्—पूर्वोक्तैर्विशिष्टैर्नायकैश्च सहितमपि, भीष्मेणाभिरक्षितमप्यस्मदीयं बलम्—अनीकम्। अपर्याप्तम्—तेषां सैन्येन समं युद्धं कर्तुं पर्याप्तम्—समर्थं, न भाति। एतेषाम्—मम शत्रूणाम् इदं बलं तु भीमेनाभिरक्षितं सत्, पर्याप्तम्-समर्थं भाति। पितामहस्य उभयपक्षपातित्वादस्मत्सैन्यं शत्रुसैन्यजयं प्रत्यसमर्थम्। वृकोदरस्यैकपक्षवृत्तित्वात्तद्बलं तु समर्थमिति भावः॥ १०॥

अतः परं कर्तव्यविशेषं द्योतयति—अयनेषु चेति।

अयनेषु च सर्वेषु यथाभागमवस्थिताः।
भीष्ममेवाभिरक्षन्तु भवन्तः सर्व एव हि॥ ११॥

अयनेषु-व्यूहगमनवर्त्मसु, यथाभागं विभक्ताः स्वं स्वं रणस्थानमत्यक्त्वावस्थिताः सन्तः, भवन्तः सर्वेऽपि युद्धाभिनिवेशादग्रतः पार्श्वतः पृष्ठतश्चावीक्षमाणं भीष्मं पृतनापतिमेव रक्षन्तु। सैन्यपतिभीष्मरक्षणेन सर्वेषां रक्षणं भविष्यतीत्यभिप्रायः॥ ११॥

तस्य सञ्जनयन् हर्षं कुरुवृद्धः पितामहः।
सिंहनादं विनद्योच्चैः शङ्खं दध्मौ प्रतापवान्॥ १२॥

तस्येति। तस्य-स्वस्मिन्नाशङ्कमानस्य, हर्षं सञ्जनयन्नुत्पादयन्, स्वस्मिन्सम्भाव्यमानामाशङ्कामपनुदन्नित्येतत्। कुरुवृद्धः प्रतापवान् पितामहो-भीष्मः, उच्चैः—उच्चस्वरेण, आदौ सिंहनादम्-सिंहनादसदृशं शब्दं कृत्वा, शङ्खं दध्मौ-तदनन्तरं शङ्खनादं कृतवानित्यर्थः॥१२॥

શ્લોકાર્થ—

ભીષ્મપિતાથી રક્ષા કરાયેલું આપણું સૈન્ય તો અપર્યાપ્ત-ઘણુંજ ઓછું લાગે છે. અને ભીમથી રક્ષા કરાયેલું આ એમનું-શત્રુઓનું સૈન્ય તો જય મેળવવામાં સમ્પૂર્ણ-સમર્થ જણાય છે. ॥ ૧૦ ॥

માટે તમે બધાય સર્વ વ્યૂહરચનાઓના પ્રવેશમાર્ગમાં યથાયોગ્ય-વિભાગ પ્રમાણે સાવધાન ઉભા રહીને ચોતરફથી એક ભીષ્મ-પિતાનુંજ સર્વ પ્રકારે રક્ષણ કરો ? ॥ ૧૧ ॥

તે સમયમાં મહાપ્રતાપી કુરૂવૃદ્ધ ભીષ્મ-પિતામહે તે દુર્યોધનને હર્ષ ઉપજાવતાં સિંહનાદ જેવી ઉચ્ચ-સ્વરથી ભયંકર ગર્જના કરીને પછી પોતાનો શંખ વજાડયો. ॥૧૨॥

ભાવાર્થ-

તે બન્ને પ્રકારના વિશિષ્ટ નાયકોમાં પ્રથમ શ્રેષ્ઠ યોદ્ધાઓને-" **તમો વિગેરે** " એ આદિક વચનોથી પ્રકાશ-જાહેર કરે છે. " **સમિતિંજય** " આવું જે વિશેષણ છે, એ વિશેષણ **દ્રોણાદિક** ચારેયનું છે, અથવા **કૃપાચાર્ય** એકલાનું જાણવું. તે પછી "**અશ્વત્થામા**" એ વિગેરે વાકયોથી મુખ્ય નાયકોને કહે છે. **સૌમદત્તિ**-સોમદત્તનો પુત્ર **જયદ્રથ**, "**જયદ્રથ**" એવો કોઇક-કોઇક પુસ્તકમાં પાઠ છે. **જયદ્રથ-સિન્ધુરાજ** (સિન્ધુદેશનો રાજા.) ॥ ૮ ॥

બીજાય પણ **શલ્ય** અને **કૃતવર્મા** આદિક ઘણાક શૂરવીરો છે.તે બધા કેવા છે ? તો કે મદર્થે-મારા પ્રયોજન માટે પોતાના જીવિતનો પણ ત્યાગ૧ કરનારા છે. અને નાના પ્રકારનાં શસ્ત્રો અને પ્રહરણો-મારવાનાં સાધનો જેમની પાસે છે એવા. અને તે બધાય યુદ્ધવિશારદ-યુદ્ધ કરવામાં અતિશય કુશળ-નિપુણતાવાળા છે. ॥ ૯ ॥

તે પૂર્વે કહેલા વિશિષ્ટ-દ્રોણાદિક મહાયોદ્ધાઓ અને મુખ્ય નાયકોએ પણ સહિત એવું અને ભીષ્મપિતામહે અભિરક્ષણ કરેલું એવુંય પણ આપણું બળ-સૈન્ય તે અપર્યાપ્ત છે—તેમના સૈન્ય સાથે યુદ્ધ કરવામાં પર્યાપ્ત-પહોંચી વળે એટલું સમર્થ નથી જણાતું. અને એમનું-અમારા શત્રુઓનું આ સૈન્ય તો ભીમે અભિરક્ષણ કરેલું હોવાથી પર્યાપ્ત પહોંચી વળે તેવું સમર્થ જણાય છે. દુર્યોધનને કહેવાનો અભિપ્રાય એ છે કે-પિતામહ-ભીષ્મને ઉભયપક્ષપાતિપણું હોવાથી આપણું સૈન્ય શત્રુસૈન્યને જીતવામાં અસમર્થ છે. અને વૃકોદર-ભીમને તો એક સ્વપક્ષમાંજ વર્તવાપણું હોવાથી તેમનું સૈન્ય તો સમર્થજ છે. ॥ ૧૦ ॥

૧ સત્ય અસત્યનો સાર સમઝાવીને ધર્મપરાયણ વર્તવાનો વિવેક—વિચાર નહિ બતાવતાં, તેની મૂર્ખવિચારણાને પણ આધીન થઇને તેને માટે પોતે મરવા—સુધીની તૈયારી બતાવનારા, એટલે કે-તેને માટે પોતે કેવળ મરી જાણનારા પણ તેનું હિત કે શ્રેય નહિ કરનારા એ અભિપ્રાય છે.

भाष्यम्--

पृतनापतेः शान्तनवस्य आहवोत्साहं ज्ञात्वा सर्वत्र सङ्ग्रामोत्सव उत्पन्न इति वदति-ततः शङ्खा इति ।

ततः शङ्खाश्च भेर्यश्च पणवानकगोमुखाः ।
सहसैवाभ्यहन्यन्त स शब्दस्तुमुलोऽभवत् ॥ १३ ॥

ततो-गाङ्गेयस्य बलपतेः प्रवृत्त्यनन्तरम् । पणवाः, आनकाः, गोमुखाश्च-वाद्यविशेषाः । सहसा-तत्कालमेव । अभ्यहन्यन्त-वादितवन्तः । कर्मकर्त्तरि लङ्प्रयोगः । ततः स शब्दः-भेर्यादिवाद्यशब्दः । तुमुलो-महान्, अभवत् ॥ १३ ॥

अथ पाण्डवबले सम्प्रवृत्तं सङ्ग्रामोत्साहं प्रकाशयति—तत इत्यादिश्लोकपञ्चकेन ।

ततः श्वेतैर्हयैर्युक्ते महति स्यन्दने स्थितौ ।
माधवः पाण्डवश्चैव दिव्यौ शङ्खौ प्रदध्मतुः ॥
पाञ्चजन्यं हृषीकेशो देवदत्तं धनञ्जयः ।
पौण्ड्रं दध्मौ महाशङ्खं भीमकर्मा वृकोदरः ॥
अनन्तविजयं राजा कुन्तीपुत्रो युधिष्ठिरः ।
नकुलः सहदेवश्च सुघोषमणिपुष्पकौ ॥१४—१६॥

ततः श्वेतैर्हयैरश्वैर्युक्ते महति स्यन्दने रथे स्थितौ, माधवपाण्डवौ-वासुदेवार्जुनौ । दिव्यौ शङ्खौ प्रदध्मतुः । तत्र कृष्णार्जुनयोः शङ्खौ नाम्ना निर्दिशन्नाह—पाञ्चजन्यमिति । प्रदध्मतुरिति पूर्वेणान्वयः । भीमं भयानकं कर्म यस्य सः, वृकनामाग्निरुदरे जठरे यस्य, तादृशः प्रसिद्धो भीमः, पौण्ड्रम्-एतन्नामानं स्वीयमहाशङ्खं दध्मौ । कुन्तीपुत्रो राजा युधिष्ठिर अनन्तविजयं शङ्खम्, प्रदध्माविति पूर्वेणान्वयः । नकुलः सुघोषम्, सहदेवो मणिपुष्पकम् । इषवः शरा अस्यन्ते—क्षिप्यन्तेऽनेनेति इष्वासः—धनुः, परम उत्कृष्ट इष्वासो यस्य स परमेष्वासः । काश्यः-काशिराजः, महारथः शिखण्डी च । अपराजितः—केनापि पराजयविषयीकर्तुमशक्यत्वात् ।

यद्वा—चापराजितः—चापेन धनुषा राजितः—प्रदीप्त इति चापराजित इति समस्तं पदम् ॥ १४—१६ ॥

टीका-

वैलक्षण्ये इति। वैलक्षण्यमर्जुनात्। तच्च भीत्युद्विग्नता, अपर्याप्तमित्यादिनोत्तरत्र व्यज्यते हि सा। अर्जुनस्य क्षात्रस्वभावसमुचितं धैर्यम्-" सेनयोरुभयोर्मध्ये रथं स्थापय मेऽच्युत ! " इत्यादिना व्यज्यते ॥ २ ॥

एतामित्यनेन विवक्षितमाह-भवदिति । विवक्षितं महत्त्वमाह-शत्रुभिरिति । मूले—शिष्येणेति। तथैव शिष्यस्त्वामभियोद्धुं समुपस्थित इति व्यज्यते । द्रुपदपुत्रेणेत्यनेन यस्त्वयि बद्धवैरस्तस्यायं तनय इति गम्यते। भाष्ये धीमत्त्वं विवक्षितमाह-- शकटव्यूहेति ॥ ३ ॥

मूले-नैकोऽप्यत्राशूर इति ज्ञापयन् शौर्यख्यापनपूर्वकमारभते-अत्र शूरा इति । भीमार्जुनौ त्रैलोक्यप्रथितवीर्यौ, ताभ्यां तुल्या युद्धे । प्रहरणमप्येषां महदित्याह-महेष्वासा इति । धनुषि महत्त्वं परैरप्रकम्प्यत्वम् ॥ ४-६ ॥

भीष्मादिविशिष्टकोटावश्वत्थामादीनां परिगणनं न समुचितमित्यभिप्रेत्य ये विशिष्टा ये च सैन्यस्य नायकास्तांश्च ब्रवीमीति वर्गद्वयपरतया व्याचष्टे-अस्माकं ये विशिष्टा ये च मम सैन्यस्य नायका इति । मूले-अस्माकमिति निर्धारणे षष्ठी, अस्माकं मध्ये-अस्मत्पक्षमध्ये ये विशिष्टाः। एतेनास्य भीमार्जुनाभ्यामपि प्रकृष्टत्वमेषामनेन शङ्कितमिति गम्यते। अथवा शेषे षष्ठी, ये अस्मदीया अस्मत्पक्षस्था विशिष्टाः । भाष्ये-नायकानामनेकत्वादाह-मुख्या नेतार इति ॥ ७ ॥

अव्यवहितमात्रे अन्वयभ्रमं व्यावर्तयन्नाह-इदं च चतुर्णामिति । तथैवेति स्थाने पाठान्तरमाह-जयद्रथ इति ॥ ८ ॥

मदर्थे त्यक्तजीविता इति। अनादृतजीविताः-जीवितं त्यक्तुमपि सन्नद्धा इति यावत्। नानाविधानीति। विविधैः शस्त्रैः प्रहर्तुं समर्था इति यावत् ॥ ९ ॥

अथ महाशङ्कास्थानं ज्ञापयन्नाह—अपर्याप्तमिति ॥ १०-११ ॥

सञ्जनयन्निति हेतुगर्भं विशेषणम्। हर्षः प्रयोजनं-निमित्तं सिंहनादादेः ॥१२-१३॥

पाण्डवेयबले प्रवृत्तमिति। परपक्षीयभेर्यादितुमुलशब्दश्रवणेन सपदि प्रवृत्तमित्यर्थः। महतीति। अत्र रथस्य महत्ता खाण्डववनदहनतृप्तेनाग्निना दत्तता। अत एव सकलविजयोपकरणता च विवक्षिता। दिव्याविति इतरशङ्खेभ्यो व्यावृत्तिः ॥१४-१७॥

तावकानामिति। त्वमात्मीयस्नेहात् येषां विजयमाकाङ्क्षसे तेषां हृदयानि व्यदारयत्। तैः प्रथमं कृतः शङ्खभेर्यादिध्वनिः व्याप्य वियदन्तरं केवलं तुमुलोऽभवदिति गम्यते ॥ १८-२१ ॥

तावत्प्रदेश इति-मध्यशब्देन निरीक्षणयोग्यं स्थानं लक्ष्यते इति भावः। मध्यदेशे स्थापनस्य किं प्रयोजनम्? इत्यत्राह-यावदेतानित्यप्यवतरणमिह समुचितम्। प्रवृत्तिरियमस्थाने इत्यभिप्रेत्यावतारयति-ननु इति। इदमा विवक्षितमर्थमाह-सम्बन्धिनामेवेति।

कैः सहेति। ननु-केयं विशेषजिज्ञासा? ये युद्धाय सन्नद्धा भवन्ति तैः सह योद्धव्यम्। नैवम्, तुल्यबलैरधिकबलैर्वा सह योद्धव्यम्, न तु न्यूनबलैः। तत्, मम सदृशाः के? के? इति तु ज्ञातव्यमिति भावः ॥ २२ ॥

શ્લોકાર્થ–

તે પછી તુરતજ બીજા યોદ્ધાઓએ પોતપોતાના શંખ, ભેરીઓ, મૃદંગ, નગારાં, તેમજ રણશીંગાં વિગેરે એકદમ વજાડયાં અને તે શબ્દ અતિશય મહાન્ ભયંકર થયો. ॥ ૧૩ ॥

તે પછી શ્વેત અશ્વોથી જોડેલા પોતાના મોટા રથમાં બેઠેલા લક્ષ્મીપતિ ભગવાન શ્રીકૃષ્ણે અને પાણ્ડુપુત્ર અર્જુને પોતાના દિવ્ય શંખ વજાડયા. ॥ ૧૪ ॥

તેમાં હૃષીકેશ–ભગવાને પાંચજન્ય શંખ વજાડયો, ધનંજય–અર્જુને દેવદત્ત શંખ વજાડયો, ભયંકર કર્મ કરનારા વૃકોદરે પોતાનો પૌંડ્ર નામનો મહાશંખ વજાડયો, કુન્તી-પુત્ર યુધિષ્ઠિર રાજાએ અનન્તવિજય નામનો શંખ વજાડયો અને નકુલ અને સહદેવે પણ સુઘોષ અને મણિપુષ્પક નામના પોતપોતાના શંખ વજાડયા. ॥ ૧૫–૧૬ ॥

ભાવાર્થ–

હવે પછી શું કરવું તે—ખાસ કર્તવ્ય જણાવે છે—

અયનોમાં—સૈન્યવ્યૂહોને ફરવાના માર્ગોમાં, યોગ્ય વિભાગમાં વહેંચાયલા અને પોત–પોતાના યુદ્ધસ્થળને નહિ છોડતાં સાવધાનપણે રહ્યા થકા તમે બધાય, યુદ્ધમાં અભિનિવેશને લીધે આગળ, અડખે–પડખે કે પાછળ પણ નહિ જોતા એવા ભીષ્મપિતા–સેનાપતિનુંજ રક્ષણ કરો–રક્ષણ કરવામાંજ તત્પર રહો, સેનાપતિ–ભીષ્મપિતાના રક્ષણથીજ આપણું સર્વનું રક્ષણ થશે એમ અભિપ્રાય છે. ॥ ૧૧ ॥

તે પછી પોતાને વિષે આશંકા પામતા દુર્યોધનને હર્ષ ઉપજાવતા થકા, એટલે કે–પોતામાં સમ્ભાવના કરાતી આશંકાને ટાળતા થકા, એ અભિપ્રાય છે. । કુરૂવૃદ્ધ મહાપ્રતાપી ભીષ્મ–પિતામહે, ઉચ્ચ સ્વરથી પ્રથમ સિંહનાદ–સિંહનાદ જેવો મહાભયંકર શબ્દ—ગર્જના કરીને, તે પછી શંખનાદ કર્યો એમ અર્થ છે. ॥ ૧૨ ॥

હવે—સેનાપતિ શન્તનુના પુત્ર ભીષ્મપિતાનો આ પ્રમાણે યુદ્ધમાં ઉત્સાહ જાણીને સર્વત્ર સૈન્યમાં સંગ્રામોત્સાહ ઉત્પન્ન થયો એમ "**तत शङ्खाः**" એ વિગેરે વાકયથી કહે છે—

તે પછી—ગંગાપુત્ર સેનાપતિ ભીષ્મપિતાની પ્રવૃત્તિ થયા પછી, પણવ, આનક, તેમજ ગોમુખ વિગેરે વાજીંત્રો, સહસા—એકદમજ વાગવા લાગ્યાં અને તેથીજ તે ભેરી આદિકનો શબ્દ—ગર્જના અતિશય તુમુલ—મહાભયંકર થયો. ॥ ૧૩ ॥

તે પછી શ્વેત અશ્વોએ યુક્ત મોટા રથમાં બેઠેલા માધવ—વાસુદેવ અને પાણ્ડુપુત્ર–અર્જુન એ બન્નેએ પોત–પોતાના દિવ્ય–અલૌકિક શંખ વજાડ્યા, તેમાં કૃષ્ણ અને અર્જુનના શંખોને પાંચજન્ય અને દેવદત્ત એમ નામથી નિર્દેશ કરીને કહે છે—

"વજાડ્યા" એમ પૂર્વ–શ્લોકમાં રહેલા પદની સાથે અન્વય જાણવો. । ભીમ–ભયાનક કર્મ–આચરણ જેનુ છે અને વૃક નામનો પ્રસિદ્ધ અગ્નિ જેના ઉદરમાં–જઠ-

भाष्यम्-

काश्यश्च परमेष्वासः शिखण्डी च महारथः ।
धृष्टद्युम्नो विराटश्च सात्यकिश्चापराजितः ॥ १७ ॥

द्रुपदो द्रौपदेयाश्च सर्वशः पृथिवीपते ! ।
सौभद्रश्च महाबाहुः शङ्खान्दध्मुः पृथक्पृथक् ॥ १८ ॥

द्रौपदेयाः—द्रौपदीपुत्राः प्रतिविन्ध्यादयः पञ्च । सौभद्रः—सुभद्राया अपत्यं पुमान् सौभद्रोऽभिमन्युः, त एते पृथक् पृथक् शङ्खान् दध्मुः ॥ १८ ॥

तैः कृतः शङ्खनादो दुर्योधनसैन्ये भयजनकोऽभूदित्याह-स इति ।

स घोषो धार्त्तराष्ट्राणां हृदयानि व्यदारयत् ।
नभश्च पृथिवीं चैव तुमुलो व्यनुनादयन् ॥ १९ ॥

स घोषो धार्त्तराष्ट्राणाम्-तावकानाम् । हृदयानि—मनांसि । व्यदारयत्—मनःक्षोभजनकोऽभूदिति भावः । किं कुर्वन् ? नभश्च पृथिवीं च व्यनुनादयन्—प्रतिशब्दैः व्याप्नुवन् ॥ १९ ॥

तदनन्तरमर्जुनस्य युद्धोद्योगमाह—अथेत्यादिभिः ।

अथ व्यवस्थितान् दृष्ट्वा धार्त्तराष्ट्रान् कपिध्वजः ।
प्रवृत्ते शस्त्रसम्पाते धनुरुद्यम्य पाण्डवः ॥ २० ॥

हृषीकेशं तदा वाक्यमिदमाह महीपते ! ।
सेनयोरुभयोर्मध्ये रथं स्थापय मेऽच्युत ! ॥ २१ ॥

अथ-शङ्खनादकरणानन्तरम्, कपिध्वजः-कपिर्ध्वजे यस्य सोऽयं पाण्डुपुत्रोऽर्जुनः । योद्धुं व्यवस्थितान् धार्त्तराष्ट्रान्—तावकान्, दृष्ट्वा शस्त्रसम्पाते प्रवृत्ते सति धनुरुद्यम्य । हे महीपते ! तदा हृषीकेशं प्रति । इदम्—वक्ष्यमाणं वाक्यमाह—हे अच्युत ! उभयोः सन्निहितयोः सेनयोर्मध्ये मे रथं स्थापय ? ॥ २०-२१ ॥

શ્લોકાર્થ-

મોટા ધનુષને ધારનારો કાશીરાજા, મહારથી શિખણ્ડી રાજા, દ્રુપદનો પુત્ર ધૃષ્ટદ્યુમ્ન, વિરાટ-રાજા, કોઇથી પરાજય ન કરાય એવો સાત્યકિ, હે પૃથિવીપતિ-ધૃતરાષ્ટ્ર રાજન્! દ્રુપદ-રાજા, દ્રૌપદીના પુત્રો-પ્રતિવિન્ધ્યાદિક પાંચ અને સુભદ્રાનો પુત્ર મહાબાહુ અભિમન્યુ, એ સર્વે ચોતરફથી પોત-પોતાના જુદા જુદા શંખોને વજાડવા લાગ્યા. ॥ ૧૭-૧૮ ॥

એ સર્વ શંખોનો તે-મહા ભયંકર શબ્દ-ગર્જના આકાશ અને પૃથ્વીને અતિશય ગજાવી મુકતો ધૃતરાષ્ટ્રના-તમારા પુત્રોનાં હૃદયને વિદારી નાખવા લાગ્યો. ॥ ૧૯ ॥

તે પછી યુદ્ધ કરવા માટે વ્યવસ્થાથી ગોઠવાઇને સજ્જ થયેલા ધૃતરાષ્ટ્રના-તમારા પુત્રોને જોઇને પરસ્પર શસ્ત્રસમ્પાત થવા લાગ્યો તે સમયમાં કપિ-હનુમાનજી જેના ધ્વજમાં બેઠેલા છે એવા પાણ્ડુપુત્ર અર્જુન પોતાનું ધનુષ ઉગામીને હે મહીપતિ-ધૃતરાષ્ટ્ર! તે સમયમાં હૃષીકેશ ભગવાનના પ્રત્યે આ પ્રમાણે વાક્ય કહેવા લાગ્યો:-

અર્જુન કહે છે-હે અચ્યુત ! બન્ને સેનાઓના મધ્યે મારો રથ લઇ જઇને ઉભો રાખો ! કે જ્યાંથી યુદ્ધ કરવાની ઇચ્છાથી સજ્જ થઇને ઉભા રહેલા એ દુર્યોધ-

---

ભાવાર્થ-

રમાં રહેલો છે, તેવા પરાક્રમી પ્રસિદ્ધ ભીમે, પૌણ્ડ્ર—નામે પ્રસિદ્ધ પોતાનો મહાશંખ વજાડયો. । કુન્તીપુત્ર રાજા યુધિષ્ઠિરે અનન્તવિજય નામનો શંખ, વજાડયો એમ પૂર્વ શ્લોકના પદની સાથે અન્વય જાણવો. । નકુલે સુઘોષ નામનો શંખ અને સહદેવે મણિપુષ્પક નામનો શંખ વજાડયો. । ઇષુઓ જેનાથી ફેંકી શકાય છે તે ઇષ્વાસ-ધનુષ કહેવાય, પરમ-અતિ ઉત્કૃષ્ટ ધનુષ જેની પાસે છે એવા પરમેષ્વાસ કાશિરાજા અને મહારથી શિખંડી રાજા, અપરાજીત-કોઇથી પણ પરાજય પમાડવાને માટે અશક્ય હોવાથી. । અથવા-ચાપરાજીત એમ ભેગું-સમસ્ત પદ રાખીને, ચાપથી-ધનુષથી રાજીત-પ્રદીપ્ત અતિ બળિષ્ઠ જણાતા એવો અર્થ કરવો. ॥ ૧૪-૧૭ ॥

દ્રૌપદેયો-દ્રૌપદીના પુત્રો પ્રતિવિન્ધ્યાદિક પાંચ, સૌભદ્ર-સુભદ્રાનો પુત્ર અભિમન્યુ, એ બધાઓએ જુદા જુદા શંખ વજાડ્યા. ॥ ૧૮ ॥

હવે-તે કૃષ્ણ અને અર્જુન વિગેરેએ કરેલો શંખનાદ દુર્યોધનના સૈન્યમાં સૈન્યમાં રહેલા યોદ્ધાઓને ભય ઉપજાવનારો થયો એમ કહે છે-

તે શંખઘોષ ધૃતરાષ્ટ્રના પુત્ર દુર્યોધનાદિક જે સર્વ તમારા પક્ષના છે, તેમનાં હૃદયને વિદારનારો થયો, એટલે કે-આપણો નિશ્ચે પરાભવ થશે એમ મનને ક્ષોભ ઉત્પન્ન કરનારો થયો એ ભાવાર્થ છે. । વળી તે શબ્દ કેવો થયો ? અને કેમ કરતાં ભય ઉપજાવનારો થયો ? તે કહે છે-તે શબ્દ આકાશ અને પૃથ્વીને ગજાવી મુકતો-પ્રતિશબ્દથી (પ્રચ્છન્દાના શબ્દથી) આકાશમાં અને ભૂમંડળમાં સર્વત્ર વ્યાપી જતો સતો ભય ઉપજાવનારો થયો. ॥ ૧૯ ॥

भाष्यम्-

कुत्र रथस्थापनं करोमि ? मध्यभागबहुलत्वादित्याशङ्कायामाह—यावदिति।

यावदेतान्निरीक्षेऽहं योद्धुकामानवस्थितान्।
कैर्मया सह योद्धव्यमस्मिन् रणसमुद्यमे ॥ २२ ॥

योद्धुं कामो येषां तान्, अवस्थितान्—रणे स्थिरीभूतानेतान् भीष्मादीन् यावद्गत्वाहं निरीक्षे—निरीक्षितुं क्षमः स्याम्, तावत्प्रदेशे रथं स्थापयेत्यर्थः।

ननु—भवान् युद्धकर्त्ता, न तु सङ्ग्रामप्रेक्षकः, अतस्तवैषां प्रेक्षणेन किमित्यत्राह—कैरिति।

अस्मिन् रणसमुद्यमे-सम्बन्धिनामेवान्योऽन्यसङ्ग्रामोद्योगे, मया कैः ? सह योद्धव्यं युद्धं कर्त्तव्यमिति ज्ञानमेव रथस्थापनप्रयोजनम्, न तु युद्धप्रेक्षणमिति भावः ॥ २२ ॥

योत्स्यमानानवेक्षेऽहं य एतेऽत्र समागताः।
धार्त्तराष्ट्रस्य दुर्बुद्धेर्युद्धे प्रियचिकीर्षवः ॥ २३ ॥

योत्स्यमानानिति। दुर्बुद्धेः धार्त्तराष्ट्रस्य दुर्योधनस्य युद्धे प्रियचिकीर्षवः—युद्ध एव प्रियं कर्त्तुमिच्छन्तो, न तु दुर्बुद्ध्यपनयनादौ। य एते राजानोऽत्र समागताः, तान् योत्स्यमानानहमवेक्षे—उपलभे, न तु सन्धिकामान्। अतः सङ्ग्रामाय तेषामवलोकनमुचितमेवेति भावः ॥ २३ ॥

तदनन्तरं धृतराष्ट्रं प्रति सञ्जय उवाच-एवमिति—

सञ्जय उवाच-

एवमुक्तो हृषीकेशो गुडाकेशेन भारत !।
सेनयोरुभयोर्मध्ये स्थापयित्वा रथोत्तमम् ॥ २४ ॥

भीष्मद्रोणप्रमुखतः सर्वेषां च महीक्षिताम्।
उवाच पार्थ ! पश्यैतान् समवेतान् कुरूनिति ॥ २५ ॥

શ્લોકાર્થ–

નાદિકને હું જોઉં–જોઈ શકું. । અને વળી–આ રણસંગ્રામમાં મારે કોની કોની સાથે યુદ્ધ કરવાનું છે, તેવા સઘળા યુદ્ધ કરવા ઇચ્છનારાઓને પણ હું જોઉં, કે–જેઓ દુર્બુદ્ધિ ધૃતરાષ્ટ્રના પુત્ર દુર્યોધનનું યુદ્ધમાંજ પ્રિય કરવાને ઇચ્છતા થકા અહીંઆં–રણભૂમિમાં આવેલા છે. ॥ ૨૦–૨૩ ॥

સંજય કહે છે–હે ભારત !–ભરતકુલોત્પન્ન ધૃતરાષ્ટ્ર ! ગુડાકેશ–નિદ્રાને જીતનારા અર્જુને આ પ્રમાણે કહેલા હૃષીકેશ ભગવાને અર્જુનના ઉત્તમ રથને બન્ને સેનાઓના મધ્યે ભીષ્મ–દ્રોણાદિક તેમજ સર્વ રાજાઓની સમક્ષમાં ઉભો રાખીને હે પાર્થ ! યુદ્ધ કરવા ભેગા થયેલા આ કૌરવોને તેમજ તેના પક્ષનાઓને પણ જો ? એમ કહ્યું. ॥ ૨૪–૨૫ ॥

ભાવાર્થ–

હવે–તે પછી અર્જુનનો યુદ્ધોદ્યોગ **અથ** ઇત્યાદિક શ્લોકથી કહે છે—

અથ–શંખનાદ કર્યા પછી, કપિધ્વજ—કપિ—હનુમાનજી જેની ધ્વજામાં બેઠેલા છે એવા પાણ્ડુપુત્ર અર્જુન, યુદ્ધ કરવાને માટે વ્યવસ્થાપૂર્વક ગોઠવાઇ ગયેલા ધૃતરાષ્ટ્રના પક્ષનાને જોઇને, શસ્ત્રસમ્પાત થવા લાગ્યો ત્યારે પોતાનું ગાંડીવ ધનુષ ઉગામીને, હે રાજન્—ધૃતરાષ્ટ્ર ! તે સમયમાં હૃષીકેશ ભગવાનના પ્રત્યે આગળ કહેવા પ્રમાણે વચન કહેવા લાગ્યો–હે અચ્યુત ! સજ્જ થઇને ગોઠવાયેલી બન્ને સેનાઓના મધ્યે મારો રથ ઉભો રાખો ? ॥ ૨૦—૨૧ ॥

રથ ક્યાં ઉભો રાખું ? કેમ કે–મધ્યભાગ તો ઘણો છે, એમ ભગવાનના પૂછવાથી અર્જુન કહે છે—

યુદ્ધ કરવાની ઇચ્છા જેમને છે અને તેથીજ રણભૂમિમાં સ્થિર થઇને દ્રઢતાથી ઉભા રહેલા એ ભીષ્માદિકને જે પ્રદેશમાં જઇને હું જોવાને શક્તિમાન થાઉં, તે પ્રદેશમાં રથ ઉભો રાખો એ અર્થ છે.

તું તો યુદ્ધ કરનારો છે, પણ નહિ કે યુદ્ધ જોવા આવેલો છે, માટે તારે એ ભીષ્માદિકને જોવામાત્રથી શો વિશેષ છે ? એમ ભગવાનની આશંકા સમઝીને કહે છે–

આ રણસમુદ્યમમાં મારે કોની કોની સાથે યુદ્ધ કરવાનું છે ? એ જાણવું એજ રથ-સ્થાપનનું પ્રયોજન છે, પરંતુ–નહિ કે યુદ્ધ જોવું એ પ્રયોજન છે. એ અભિપ્રાય છે. ॥૨૨॥

દુર્બુદ્ધિ ધૃતરાષ્ટ્રના પુત્ર દુર્યોધનનું યુદ્ધમાં પ્રિય કરવાની ઇચ્છાવાળા–એટલે કે–યુદ્ધમાંજ પ્રિય કરવાને ઇચ્છતા, પરન્તુ–નહિ કે દુર્યોધનની દુર્બુદ્ધિ ટાળવા વિગેરેમાં ઇચ્છાવાળા, માટે જે એ રાજાઓ અહીંઆં ભેગા થયેલા છે, તે યુદ્ધ કરવા ઇચ્છેછે, તો તેમને હું જોઉં, કારણ કે—તેઓ કાંઈ સન્ધિ કરવા નથી ઇચ્છતા, માટે યુદ્ધ કરવા સારૂ તેમને જોઈ લેવા એજ સર્વથા સમુચિત છે એ અભિપ્રાય છે. ॥ ૨૩ ॥

भाष्यम्–

हे भारत!—भरतवंशोत्पन्न धृतराष्ट्र! गुडाकेशेन--जितनिद्रेण अर्जुनेनैवमुक्तः, हृषीकेशः--हृषीकाणां सर्वजनेन्द्रियाणामीशः--नियन्ता श्रीकृष्णः। उभयोः सेनयोर्मध्ये, भीष्मद्रोणप्रमुखतः--तयोः सन्मुखे, सर्वेषां महीक्षितां राज्ञां च सन्मुखे। रथोत्तमम्--अग्निना प्रदत्तं सर्वोत्तमं रथं स्थापयित्वा। हे पार्थ! समवेतान्--सङ्गतान्, एतान् कुरून् पश्येत्युवाच ॥ २४--२५ ॥

तत्रापश्यत् स्थितान् पार्थः पितॄनथ पितामहान्।
आचार्यान् मातुलान्भ्रातॄन् पुत्रान्पौत्रान् सखींस्तथा ॥२६॥

तत्रेति। तत्र--उभयोरपि सेनयोः, स्थितान् पार्थोऽपश्यदित्यन्वयः। तेषु योत्स्यमानान् परसैनीयान् दर्शयति-पितॄन्-पितृव्यान्-भूरिश्रवःप्रभृतीन्। पितामहान्--भीष्मसोमदत्तादीन्। आचार्यान्--द्रोणकृपादीन्। मातुलान्–शल्यशकुनिप्रभृतीन्। भ्रातॄन्--दुर्योधनादीन्। पुत्रान्--लक्ष्मणप्रभृतीन्। पौत्रान्–तदादीनां सुतान्। सखीन्–अश्वत्थामजयद्रथादीन् सवयस्कान् ॥ २६ ॥

श्वशुरान् सुहृदश्चैव सेनयोरुभयोरपि।
तान् समीक्ष्य स कौन्तेयः सर्वान्बन्धूनवस्थितान्।
कृपया परयाविष्टो विषीदन्निदमब्रवीत् ॥ २७ ॥

श्वशुरानिति। सुहृदो मित्राणि--कृतवर्मभगदत्तादीन्। सुहृद इत्यनेन यावन्त उपकारकर्त्तारश्च ते ज्ञातव्याः। एवं स्वसैन्येऽप्युपलक्षणीयम्। सः—कौन्तेयः परस्परं योद्धुमवस्थितांस्तान्सर्वान्बन्धून् समीक्ष्य परया कृपया आविष्टो व्याप्तः सन्, इदं वाक्यमब्रवीत्॥२७॥

तदेवाह—"दृष्ट्वेम"मित्यारभ्य "यदिमा"मित्यन्तैः श्लोकैः।

अर्जुन उवाच–

दृष्ट्वेमं स्वजनं कृष्ण! युयुत्सुं समुपस्थितम्।
सीदन्ति मम गात्राणि मुखं च परिशुष्यति ॥ २८ ॥

શ્લોકાર્થ-

પૃથાના પુત્ર અર્જુને તે રણભૂમિમાં આવીને બન્ને સેનાઓમાં ઉભા રહેલા પિતાઓને-કાકાઓને, પિતામહોને-દાદાઓને, આચાર્યોને, મામાઓને, ભાઇઓને, પૌત્રોને-પુત્રોના પુત્રોને, સખાઓને, તેમજ શ્વશુરોને તથા સર્વ સુહૃદોને પણ જોયા. । કુન્તીનો પુત્ર અર્જુન યુદ્ધ માટે તૈયાર થઇને ઉભા રહેલા તે સઘળા સગા-સમ્બન્ધીઓને ચોતરફથી જોઇને અતિશય કૃપાથી આવિષ્ટ થઇને ખેદ પામતો પામતો આ પ્રમાણે કહેવા લાગ્યો. ॥ ૨૬-૨૭ ॥

અર્જુન કહે છે—હે કૃષ્ણ ! યુદ્ધ કરવા ઇચ્છતા આ સમીપમાં ઉભા રહેલા મારા સ્વજનોને જોઇને મારાં ગાત્ર-અવયવો શિથિલ થઇ જાય છે. અને મારૂં મુખ પણ સુકાઇ જાય છે. મારા શરીરમાં કમ્પારો થઇ આવે છે. અને રોમહર્ષ-રૂંવાડાં ઉભાં થઇ

ભાવાર્થ-

તે પછી ધૃતરાષ્ટ્રના પ્રત્યે સંજય કહેવા લાગ્યો-

હે ભારત !-ભરતવંશોત્પન્ન ધૃતરાષ્ટ્ર ! નિદ્રાને સર્વથા જીતેલા અર્જુને આ પ્રમાણે કહેલા-હૃષીકેશ-સર્વ જનનાં ઇન્દ્રિયોના ઈશ નિયન્તા શ્રીકૃષ્ણ ભગવાને, બન્ને સેનાઓના મધ્યે ભીષ્મ-દ્રોણની સન્મુખ, તેમજ-સર્વ મહીપાળ-રાજાઓની સન્મુખ, ઉત્તમ રથ-અગ્નિએ આપેલો સર્વોત્તમ રથ સ્થાપન કરીને, હે પાર્થ !-પૃથાના પુત્ર અર્જુન ! યુદ્ધ માટે ભેગા થયેલા આ સર્વ કુરૂઓને-કુરૂકુળનાને તેમજ તેના પક્ષમાં આવેલા સઘળાઓને જો ? એમ કહ્યું. ॥ ૨૪—૨૫ ॥

તેમાં-બન્નેય સેનાઓમાં રહેલાઓને પૃથાના પુત્ર અર્જુને જોયા એમ અન્વય છે. ।

હવે-તેમાંથી યુદ્ધ કરવા તૈયાર થયેલા પરસૈનિકોને કહી બતાવે છે-

અર્જુને ભૂરિશ્રવા વિગેરે કાકાઓને જોયા, ભીષ્મ અને સોમદત્ત વિગેરે પિતામહોને-દાદાઓને જોયા, દ્રોણાચાર્ય અને કૃપાચાર્ય વિગેરે આચાર્યોને જોયા, શલ્ય અને શકુનિ વિગેરે મામાઓને જોયા, દુર્યોધનાદિક ભાઇઓને જોયા, લક્ષ્મણ વિગેરે પુત્રોને જોયા, પૌત્રોને-લક્ષ્મણ વિગેરેના પુત્રોને જોયા, અશ્વત્થામા અને જયદ્રથાદિક સરખી અવસ્થાના પોતાના સખાઓને પણ જોયા. ॥ ૨૬ ॥

સુહૃદો-કૃતવર્મા અને ભગદત્તાદિક મિત્રોને જોયા, સુહૃદો એટલે જેટલા પોતાને ઉપકાર કરનારા તે સર્વે જાણવા. એજ પ્રમાણે પોતાના સૈન્યમાં પણ જાણી લેવું. ।

આ પ્રમાણે જોઇને કુન્તીપુત્ર અર્જુન પરસ્પર યુદ્ધ કરવા સજ્જ થઇને ઉભા રહેલા પોતાના સઘળા બન્ધુઓને ચોતરફથી જોઇને પરમ-અતિશય કૃપાથી સર્વથા આવિષ્ટ-વ્યાપ્ત થઇને આ પ્રમાણે વાકય કહેવા લાગ્યો. ॥ ૨૭ ॥

टीका-

मूले दुर्बुद्धेरिति। अर्थकामलुब्धः, अतिलङ्घितधर्मपथः, अस्मद्द्रोहायैवाबाल्यात्प्रवृत्तः सोऽयं दुर्बुद्धिः, तस्यास्य ये प्रियचिकीर्षवः, ते तु दुर्बुद्धय एव। न केवलमन्यत्र, युद्धेऽपि-युद्धे प्रोत्साहका एव न तु निवारका इति। इममाशयमाह-न त्विति भाष्ये ॥ २३ ॥

भीष्मद्रोणप्रमुखत इत्यत्र प्रमुखपदस्य सम्मुखार्थकतामभिप्रेत्य व्याचष्टे-तयोः सन्मुखे इति। योगविभागेन प्रमुखत इत्यस्य महीक्षितामित्यनेनापि सम्बन्धमभिप्रेत्य व्याचष्टे-राज्ञां च सन्मुखे इति। रथस्योत्तमत्वे हेतुमाह-अग्निना प्रदत्तमिति। भीष्मद्रोणप्रभृतिषु महारथेषु पश्यत्सु तेषां सम्मुख एव रथं स्थापयामासाप्रतिहतगतिः सारथिरयं हृषीकेशो हि, । अश्वेभ्योऽप्यधिकवेगानां दुर्नियाम्यानां हृषीकाणामपीशोऽश्वानां नियन्तात्र । तदनेन नोद्यमानानामश्वानां गतिप्रतिरोधकः को वा भवेत? एतदायत्तेन्द्रियगतयश्च सर्वे ॥ २४ ॥

तत्र-सङ्ग्रामाङ्गणे। सेनयोरुभयोरपीत्यस्यान्वयं प्रदर्शयति-उभयोः सेनयोरपि स्थितानिति। मध्ये रथस्थापनं हि स्वपरसेनासमवलोकनानुकूलम् ॥ २५ ॥

सर्वान् बन्धून् समीक्ष्य कृपया परयाविष्ट इति। आविवेश शूरमप्येनं कृपा। अनेन-कृपयाभिभूतमस्य विवेकधैर्यादीति गम्यते। क्षात्रं धैर्यशौर्यादि कथं कृपाभिभवेत? सा हि परा समभवत्। उन्मर्यादेति यावत्। उन्मर्यादत्वे निमित्तं बन्धुजनावलोकनम। कृपाभिभूततया च विषादः ॥ २६-२७ ॥

ननु-क्षत्रियाणामाजौ विजयो हि स्वतः पुरुषार्थः, स कथं त्यज्यते? इत्यत्राह-न काङ्क्षे विजयमिति। सत्यम्, विजयः क्षत्रियाणामभिलषितो नाम, अहं तु ईदृशे स्वजनवधैकसाध्ये विजयं न काङ्क्षे इति भावः। ननु-विजयं विना न राज्यलाभः, तत्राह-न च राज्यमिति। ननु-असति राज्ये सुखं नैव सिद्ध्येत्, इत्यत्राह-न सुखानि चेति। तदिदं सारम अभिप्रेत्यावतारयति-न किमपि काङ्क्षे इति। यदन्ततः फलं सुखं तदपि नेत्यर्थः।

अतिमात्रस्य विषादस्य कार्याण्याह-भ्रमतीव च मे मन इत्यन्तेन। बन्धुजनक्षयसूचकानि विपरीतानि निमित्तान्याह-निमित्तानीति। ननु-विपरीतान्येतानि निमित्तानि स्वजनक्षयमात्रसूचकानि, तव तु विजयकाङ्क्षिणो नाश्रेयःसूचकानि इत्यत्राह-न च श्रेयोऽनुपश्यामीत्यादिना ॥ २८-३० ॥

राज्यलाभो हि श्रेय इत्यत्राह-किं नो राज्येनेति। प्राणांस्त्यक्त्वा धनानि चेति। प्राणधनान्यप्यनादृत्येति यावत्। एतदभिप्रायेण व्याचष्टे-जीवितेच्छामिति। स्वजनापेक्षया प्रकर्षमभिप्रेत्य प्रथमं निर्देश आचार्या इति। आचार्यवत् पूज्यतामभिप्रेत्य स्वजनेषु प्रथमं पितॄणां निर्देशः। स्वजनेष्वपि निकटसंबन्धिनः स्नेहपात्रभूतानाह-पुत्रा इत्यादिना। सम्बन्धिन इत्यनेन ईषद्व्यवहितसम्बन्धिनो विवक्षिताः।

तर्हि ते त्वामिति। युद्धाय सन्नद्धाः सङ्ग्राममुखे समुपस्थितं त्वाम्। अस्मान् घातयतोऽपि-अप्रतियुद्ध्यतोऽप्यस्मान् घातयतोऽपि ॥ ३१-३४ ॥

भाष्यम्–

हे कृष्ण! युयुत्सुम्—युद्धं चिकीर्षन्तम्। समुपस्थितम्—समीपस्थम्। इमं स्वजनम्–स्वकीयसम्बन्धिजनसमूहम्। दृष्ट्वा, मम गात्राणि--मदीयाङ्गानि। सीदन्ति--शिथिलीभवन्ति। मुखं च परिशुष्यति ॥ २८ ॥

वेपथुश्च शरीरे मे रोमहर्षश्च जायते।
गाण्डीवं स्रंसते हस्तात्त्वक्चैव परिदह्यते।
न च शक्नोम्यवस्थातुं भ्रमतीव च मे मनः ॥ २९ ॥

वेपथुरिति। मे शरीरे वेपथुश्च कम्पो जायते, रोमहर्षो-रोमोद्गमः पुलकितत्त्वं च जायते। हस्ताद्गाण्डीवं स्रंसते-अधः पतति। त्वक् च--त्वगिन्द्रियं च, परिदह्यते--परितस्तप्यत एव। अहं च न शक्नोम्यवस्थातुम्, मे मनश्च भ्रमतीव--इतस्ततश्चलितमिव अस्थिरमेव प्रतिभाति ॥ २९ ॥

निमित्तानि च पश्यामि विपरीतानि केशव!।
न च श्रेयोऽनुपश्यामि हत्वा स्वजनमाहवे ॥ ३० ॥

किञ्च--निमित्तानि-शकुनानि, विपरीतानि-विपरीतसूचकान्येव पश्यामि। हे केशव! आहवे-युद्धे, स्वजनं हत्वा, अनु--पश्चात्, श्रेयः-इहामुत्र च शुभम्--क्षेमं न पश्यामि-न प्रेक्षे ॥ ३० ॥

न काङ्क्षे विजयं कृष्ण! न च राज्यं सुखानि च।
किं नो राज्येन? गोविन्द! किं भोगैर्जीवितेन वा? ॥ ३१ ॥

हे कृष्ण!-त्रैलोक्याकर्षणक्षम! विजयम्-पराभिभवनलक्षणं विजयम्, तन्निमित्तं राज्यं, सुखानि च-सुखान्यपि न काङ्क्षे। हे गोविन्द! नः राज्येन-अखिलबन्धुजनविहीनेन राज्येन किम्? भोगैः किम्? भोगो हि बन्धुभिः सह सुखानुभवः, तेषु मृतेषु को भोगः? इति भावः। वा--अपि जीवितेनापि किम्?।

ननु-जीवतां वः स्यादेव सुखम्, इति चेत्तत्राह-बन्धुविहीनेन मृतप्रायेण जीवितेनापि किमिति भावः ॥ ३१ ॥

શ્લોકાર્થ-

આવે છે. આ મારૂં ગાણ્ડીવ ધનુષ હાથમાંથી પડી જાય છે અને મારી ચામડી પણ બળું બળું થાય છે. અને હું ઉભો રહેવાને પણ શક્તિમાન નથી અને મારૂં મન તો જાણે ભમતું હોયને શું ? એમ જણાય છે. ।

હે કેશવ ! શકુનો પણ હું વિપરીતજ દેખું છું અને આ મારા સમ્બન્ધી-જનોને યુદ્ધમાં મારી નાખીને પછીથી પણ હું મારૂં શ્રેય નથી જોતો. ॥ ૨૯-૩૦ ॥

હે કૃષ્ણ ! હું આ યુદ્ધ કરીને વિજય નથી ઇચ્છતો, તેમજ-રાજ્ય કે રાજ્યનાં સુખોને પણ નથીજ ઇચ્છતો. । હે ગોવિન્દ ! અમને રાજ્ય મળે તોય શું ? અથવા ભોગ-વિલાસોથી કે જીવનથી પણ શું ? કારણ કે-જેમને માટે અમારે રાજ્ય, રાજ્યના ભોગો તથા રાજ્યનાં સુખો ઇચ્છિત છે, તે આ સઘળા તો પોતાના પ્રાણ અને ધન-સર્વસ્વનો ત્યાગ કરીને યુદ્ધમાં સામા આવીને ઉભા છે. ॥ ૩૧-૩૨ ॥

ભાવાર્થ-

તે અર્જુનવાકયજ-" **दृष्ट्वेमम** " એ વાકયથી આરંભીને " **यदि माम** " એ વાકય સૂધીના શ્લોકોથી કહે છે—

હે કૃષ્ણ ! યુદ્ધ કરવાને ઇચ્છતા એવા સમીપમાં ઉભા રહેલા આ મારા સ્વજ-નોને-મારા સંબંધી જનસમૂહને જોઇને મારાં ગાત્ર-શરીરના અવયવો, શિથિલભાવને પામી જાય છે અને મારૂં મુખ પણ સુકાઈ જાયછે. ॥ ૨૮ ॥

મારા શરીરમાં થરથરાટ છુટે છે અને રોમહર્ષ-રોમાંચ થઇ આવે છે, તેમજ-પુલકિતાંગતા પણ થઈ જાય છે. ગાંડીવ ધનુષ હાથમાંથી નીચે પડી જાય છે, મારી ત્વચા પણ સર્વથા બળવાજ લાગી છે, તેમજ મારાથી હવે સ્થિર રહી શકાતું નથી. અને મારૂં મન તો જાણે કે ભમેજ છે-સર્વથા ચળાયમાન થઈ ગયું હોય તેવું અસ્થિર જણાય છે. ॥ ૨૯ ॥

વળી-નિમિત્ત-શકુન પણ વિપરીત-વિપરીત પરિણામનેજ સૂચવનારાં દેખવામાં આવે છે, હે કેશવ ! યુદ્ધમાં સ્વજનોને મારીને પછી શ્રેય-આ લોકમાં તેમજ પરલોકમાં પણ ક્ષેમ થાય તેમ મને દેખાતું નથી. ॥ ૩૦ ॥

હે કૃષ્ણ !-ત્રૈલોકયનું સમાકર્ષણ કરવામાં પણ સમર્થ પ્રભુ ! વિજય-શત્રુ-ઓનો પરાજય કરવા રૂપ વિજય અને તેમાંથી મળતું રાજ્ય કે સુખ તે પણ હું નથી ઇચ્છતો. । હે ગોવિન્દ ! અમારે રાજયથી-સઘળા બન્ધુજનો સિવાયનું રાજ્ય મળવાથી પણ શું ? તેમજ-સઘળા વૈભવોથી પણ શું ? કેમ કે-ભોગ એટલે તો બન્ધુ-જનોની સાથે રહીને સુખાનુભવ કરવો એજ છે, તો પછી તે બન્ધુઓજ મરી ગયા પછી શો ભોગ ? એ અભિપ્રાય છે. । વળી-જીવવાથી પણ શો વિશેષ છે ? એટલે કે-જીવનારાઓને તમને તો સુખ થાય ને ? તો કે-બન્ધુઓ સિવાયના મૃતપ્રાય અમારા જીવનથી પણ શું ? એ અભિપ્રાય છે. ॥ ૩૧ ॥

भाष्यम्–

पूर्वोक्तमेव विस्तारयति–"येषा"मिति सार्द्धद्वयेन।

येषामर्थे काङ्क्षितं नो राज्यं भोगाः सुखानि च।
त इमेऽवस्थिता युद्धे प्राणांस्त्यक्त्वा धनानि च ॥३२॥

येषामर्थे नोऽस्माभिः राज्यं काङ्क्षितं, भोगाः सुखानि च काङ्क्षितानि। त इमे प्राणान्, जीवितेच्छां धनानि च, त्यक्त्वा। युद्धेऽवस्थिताः–स्थिरीभूताः। अतोऽस्माकं राज्यसुखादिभिः किं? प्रयोजनमित्यभिप्रायः ॥ ३२ ॥

आचार्याः पितरः पुत्रास्तथैव च पितामहाः।
मातुलाः श्वशुराः पौत्राः श्यालाः सम्बन्धिनस्तथा ॥३३॥

प्रतियोद्धृनाह–आचार्या इति। आचार्यपितृपुत्रादयः सुस्पष्टाः ॥३३॥

ननु—यद्येतान् त्वं न हन्ता, तर्हि ते त्वां राज्यलोभेन हनिष्यन्त्येव। अतस्त्वं तान् हत्वा राज्यं कुरु! तत्राह—एतान्नेति।

एतान्न हन्तुमिच्छामि घ्नतोऽपि मधुसूदन!।
अपि त्रैलोक्यराज्यस्य हेतोः किन्नु महीकृते? ॥ ३४ ॥

हे मधुसूदन! घ्नतोऽपि–अस्मान्घातयतोऽपि। एतान्–दुर्योधनादीन्, त्रैलोक्यराज्यस्यापि हेतोः—त्रिलोकीराज्यप्राप्त्यर्थमपि। अहं हन्तुं नेच्छामि। नु—वितर्के, महीकृते किं पुनः? केवलं पृथ्व्यर्थं किं तान् हन्याम्? न हन्यामित्यर्थः ॥ ३४ ॥

निहत्य धार्त्तराष्ट्रान्नः का प्रीतिः? स्याज्जनार्दन!।
पापमेवाश्रयेदस्मान् हत्वैतानाततायिनः ॥ ३५ ॥

किञ्च—निहत्येति। धार्त्तराष्ट्रान्—धृतराष्ट्रपक्षीयान्, भीष्मदुर्योधनादीन् स्वासन्नसम्बन्धिनः, निहत्य स्थितानां नोऽस्माकं का प्रीतिः? स्यात्, न कापीत्यर्थः। हे जनार्दन! आततायिन एतान् दुर्योधनादीन् भ्रातृन् हत्वा अस्मान् पापमेवाश्रयेत्—प्रसज्जेत। न त्वन्यत्किञ्चिदित्यर्थः। आततायिनश्चोक्ताः स्मृतौ—

"अग्निदो गरदश्चैव शस्त्रपाणिर्धनापहः।
क्षेत्रदारापहारी च षडेते आततायिनः" इति ॥ ३५ ॥

શ્લોકાર્થ-

આચાર્યો, પિતાઓ-કાકાઓ, પુત્રો, તથા પિતામહો-દાદાઓ, મામાઓ, શ્વશુરો-સસરાઓ, પૌત્રો-પુત્રોના પુત્રો, શ્યાલકો તથા બીજા પણ સઘળા સમ્બન્ધીઓ, એ સઘળા ઉભેલા છે. ॥ ૩૩ ॥

હે મધુસૂદન ! તેઓ મને મારે તો પણ હું એમને મારવા નથી ઇચ્છતો, ત્રિલોકીના રાજ્ય માટેય નહિ, તો પછી પૃથ્વી માટે તો હું મારૂંજ કેમ ? ॥ ૩૪ ॥

વળી-ધૃતરાષ્ટ્રના છોકરાઓને મારી નાખીને અમને શું પ્રીતિ થવાની હતી ? માટે હે જનાર્દન ! આતતાયી એવાય પણ એ કૌરવોને મારીને અમને કેવળ પાપજ લાગે. ॥ ૩૫ ॥

ભાવાર્થ-

"**येषामर्थे**" એ દોઢ શ્લોકથી કહેલો અર્થજ વિસ્તારથી કહે છે-

જેમને માટે અમારે રાજ્યની આકાંક્ષા છે, તેમજ-ભોગ અને સુખ પણ જેમને માટે અમો ઇચ્છીએ છીએ તેજ આ સઘળા પોતાના પ્રાણ, જીવવાની ઇચ્છા, તેમજ ધનાદિક પણ તજી દઈને યુદ્ધમાં આવીને ઉભા છે, માટે અમારે રાજ્ય અને સુખ-સમ્પત્તિ વિગેરેથી શું પ્રયોજન છે ? એ અભિપ્રાય છે. ॥ ૩૨ ॥

સામા પક્ષના યોદ્ધાઓને કહી બતાવે છે- આચાર્યો, પિતાઓ અને પુત્રાદિક સુસ્પષ્ટ-દેખીતાજ પ્રસિદ્ધ છે. ॥ ૩૩ ॥

નનુ—શંકા, જો એમને તું નહિ મારે, તો તેઓ તો તને રાજ્યના લોભે કરીને મારશેજ, માટે તુંજ તેમને મારીને રાજ્ય કરને ? તો તેના સમાધાનમાં કહે છે—

હે મધુસૂદન ! અમને મારનારા એવાય એ દુર્યોધનાદિકને, ત્રિલોકીના રાજ્યની પ્રાપ્તિ માટે પણ હું મારવાને નથી ઇચ્છતો, તો પછી પૃથ્વી માટે તો કહેવુંજ શું ? એટલે કે—કેવળ પૃથ્વીના રાજ્યની પ્રાપ્તિ માટે શું હું તેમને મારૂં ? ન જ મારૂં એ અર્થ છે. ॥ ૩૪ ॥

અને—વળી ધૃતરાષ્ટ્ર-પક્ષમાં રહેલા ભીષ્મ-દુર્યોધનાદિક અમારા સમીપ-સમ્બન્ધીઓને મારી નાખીને જીવનારા અમને શો આનન્દ થાય ? કોઇ પ્રકારે શાન્તિ નજ થાય એ અર્થ છે. । હે જનાર્દન ! આતતાયી એવાય પણ આ દુર્યોધનાદિક અમારા ભાઇઓને મારીને અમને કેવળ પાપજ લાગે, પરંતુ-તે પાપ સિવાય બીજું કાંઇ પણ ફળ નજ થાય એ અર્થ છે. ।

આતતાયીઓ સ્મૃતિમાં-ધર્મશાસ્ત્રમાં કહેલા છે-" અગ્નિ મુકનારો, ઝેર આપનારો, શસ્ત્ર હાથમાં લઇને મારવા આવેલો, સર્વસ્વ લઇ લેનારો, ક્ષેત્ર લઇ લેનારો અને સ્ત્રીનું અપહરણ કરનારો, આ છ પ્રકારના માણસો **આતતાયી** કહેલા છે. " ॥ ૩૫ ॥

भाष्यम्-

तस्मान्नार्हा वयं हन्तुं धार्त्तराष्ट्रान् स्वबान्धवान् ।
स्वजनं हि कथं हत्वा सुखिनः स्याम ? माधव ! ॥ ३६ ॥

तस्मादिति । तस्मात्-धर्मशास्त्रोक्तस्य सम्बन्धिवधपापस्य प्रसङ्गाद्धेतोः । स्वबान्धवान् धार्त्तराष्ट्रान् हन्तुं वयं नार्हाः—न योग्याः । हे माधव ! स्वजनं हत्वा वयं कथं सुखिनः स्याम ? इति निश्चितं नैव भवेमेत्यर्थः ॥ ३६ ॥

उभयेषां मध्ये प्रतिपक्षिणां बन्धुवधे दोषादर्शित्वमात्मनस्तद्वधदोषदर्शित्वं चेति वैलक्षण्यं दर्शयन्नाह—यदीति द्वाभ्याम् ।

यद्यप्येते न पश्यन्ति लोभोपहतचेतसः ।
कुलक्षयकृतं दोषं मित्रद्रोहे च पातकम् ॥ ३७ ॥
कथं न ज्ञेयमस्माभिः ? पापादस्मान्निवर्त्तितुम् ।
कुलक्षयकृतं दोषं प्रपश्यद्भिर्जनार्दन ! ॥ ३८ ॥

लोभोपहतचेतसः-राज्यलोभेन भ्रष्टविवेकचेतसः । एते-सपिण्डाः । यद्यपि-कुलक्षयकृतं दोषम्-पापम्, मित्रद्रोहे पातकं च न पश्यन्ति । तथापि कुलक्षयकृतं दोषं प्रपश्यद्भिः—सम्यग्ज्ञातृभिरस्माभिरस्मात्पापान्निवर्त्तितुं कथं न ज्ञेयम् ? । ज्ञात्वा पापनिवृत्तावेव मनः कर्त्तव्यमिति भावः ॥ ३७-३८ ॥

तदेव पापं प्रपञ्चयति—कुलेति ।

कुलक्षये प्रणश्यन्ति कुलधर्माः सनातनाः ।
धर्मे नष्टे कुलं कृत्स्नमधर्मोऽभिभवत्युत ॥ ३९ ॥

कुलक्षये सति सनातनाः-प्राक्तनाः, कुलधर्माः-क्षत्रियकुलपरम्पराप्राप्ता धर्माः । प्रणश्यन्ति-नाशं प्राप्नुवन्ति । धर्मे नष्टे-धर्मेषु नष्टेषु सत्सु, कृत्स्नं कुलम्-अवशिष्टं समग्रं सपिण्डकुलम्, नष्टप्रायं भवतीति भावः । उत इति खेदे, अधर्मोऽभिभवति-पराभवति आवृणोतीति यावत् ॥ ३९ ॥

अधर्माभिभवात्कृष्ण ! प्रदुष्यन्ति कुलस्त्रियः ।
स्त्रीषु दुष्टासु वार्ष्णेय ! जायते वर्णसङ्करः ॥ ४० ॥

શ્લોકાર્થ-

માટે અમારા બાન્ધવો એવા ધૃતરાષ્ટ્રના છોકરાઓને કે પક્ષનાઓને પણ મારવાને માટે અમે યોગ્ય નથી, કેમ કે-હે માધવ ! સ્વજનોને મારીને અમે કેમ સુખીયા થઇએ ? (ન જ થઇએ.) ॥ ૩૬ ॥

જો કે-લોભથી ભ્રષ્ટચિત્ત થઇ ગયેલા એ કૌરવો કુળના ક્ષયથી થતો દોષ-પાપ, તેમજ-મિત્રદ્રોહમાં રહેલું પાપ નથી દેખતા, તો પણ હે જનાર્દન ! કુળક્ષયકૃત દોષને જોનારા અમોએ આ પાપથી નિવૃત્તિ પામવા માટે કેમ ન સમઝવું જોઇએ ? સમઝવુંજ જોઇએ. ॥ ૩૭-૩૮ ॥

કુળનો ક્ષય થવાથી સનાતન-પરમ્પરાગત શાશ્વત ધર્મો નાશ પામી જાય છે. અને ધર્મ નષ્ટ થવાથી સમગ્ર કુળ નાશ પામી જાય છે. અને વળી-અધર્મ સર્વ પ્રકારે પરાભવ પમાડે છે. ॥ ૩૯ ॥

હે કૃષ્ણ ! અધર્મથી પરાભવ થવાથી કુળવતી સ્ત્રીઓ દૂષિત બની જાય છે. અને હે વૃષ્ણિકુળનન્દન ! સ્ત્રીઓ દૂષિત-ભ્રષ્ટ થવાથી પ્રજા વર્ણસંકર થાય છે. ॥ ૪૦ ॥

ભાવાર્થ -

આ પ્રમાણે ધર્મશાસ્ત્રમાં કહેલા-સમ્બન્ધીઓનો વધ કરવાથી થતા પાપના પ્રસંગરૂપ હેતુને લીધે અમારા બાન્ધવો એવા ધૃતરાષ્ટ્રના છોકરાઓને હણવાને અમે યોગ્ય નથીજ. કેમ કે-હે માધવ ! સ્વજનોને મારીને અમે કેમ સુખીઆ થઇએ ? નિશ્ચે નજ થઇએ એ અર્થ છે. ॥ ૩૬ ॥

બન્ને પક્ષોના મધ્યે-પ્રતિપક્ષીઓને બન્ધુવધમાં થતા દોષને નહિ દેખવાપણું અને પોતાને તે બન્ધુવધમાં થતા દોષને દેખવાપણું, એમ પરસ્પરનું વૈલક્ષણ્ય બતાવતાં અર્જુન કહે છે—

હે જનાર્દન પ્રભુ ! રાજ્યલોભે કરીને વિવેકહીન ભ્રષ્ટચિત્ત બની ગયેલા આ અમારા સમીપ-સમ્બન્ધીઓ, જો કે-કુળક્ષયકૃત દોષને, તેમજ મિત્રદ્રોહથી થતા પાતકને પણ નથી દેખતા; તો પણ કુળક્ષયકૃત દોષને સમ્યક્-પ્રકારે જાણનારા અમોએ તો આ પાપ થકી નિવૃત્ત થવાને કેમ ન જાણવું જોઇએ ? અર્થાત્-જાણીને પાપનિવૃત્તિમાંજ મન કરવું-જોડવું જોઇએ. એ અભિપ્રાય છે. ॥ ૩૭-૩૮ ॥

એજ પાપ વિસ્તારથી કહી સમઝાવે છે—

કુળનો ક્ષય થવાથી સનાતન-પ્રાચીન પરમ્પરાગત, કુળધર્મો-ક્ષત્રિયકુળમાં પરમ્પરાથી પ્રાપ્ત થતા ધર્મો નાશજ પામી જાય છે. અને ધર્મોનો નાશ થવાથી બાકીનું સમગ્ર-સપિણ્ડકુળ નષ્ટપ્રાય થઇ જાય છે. એ અભિપ્રાય છે. એટલુંજ નહિ પણ ખેદની વાત તો એ છે કે-અધર્મ એ લોકોનો પરાભવ કરીને ચોતરફથી સર્વથા આવરી-ઘેરી લે છે, એજ એનો ખરો અર્થ છે. ॥ ૩૯ ॥

टीका-

बन्धुवधेनानेन नार्थः, किं चानर्थश्चेत्याह—निहत्येति । का प्रीतिः स्यात् ?–किं सुखं स्यात् ? । न कोऽप्यर्थ इति यावत् । अथानर्थमाह—हे जनार्दनेति । अततायिन इति । अततायिनोऽपीति यावत् । आततायिवधाभ्यनुज्ञा लोभोपहृचेतसो मन्दानधिकृत्य गुरुजनाद्यतिरिक्तविषयेत्यर्जुनस्याशयः ॥ ३५ ॥

धर्माधर्मविवेकसम्पन्नत्वलक्षणं गौरवमभिप्रेत्य वयमिति बहुवचननिर्देशः । सुखिन इति । इहामुत्र चेति यावत् ॥ ३६ ॥

भ्रष्टविवेकचेतस इति । भ्रष्टो धर्माधर्मविवेको येषां तथाभूतानि चेतांसि येषां ते । एते–धार्तराष्ट्राः । अस्माभिः–पाण्डवैः । न हि सापिण्ड्यमात्रेण तत्समानशीलैरस्माभिर्भाव्यम् । निवृत्तावेवेति । शास्त्रतो दोषं पश्यन्तोऽपि वयं यदि पापं कर्म कुर्मः, द्विगुणं पापं स्यात्, अपरिहार्यं च निष्कृतिशतैरपि, इति भावः ॥ ३७—३८ ॥

धर्मे इति । जात्येकवचनमित्यभिप्रेत्य व्याचष्टे–धर्मेष्विति । एतेन–धर्माः प्रणश्यन्तीत्यस्य पूर्वनिर्देशस्यानुगुण्यं सम्पादितं भवति । अधर्मोऽभिभवतीति । तेजसि प्रणष्टे सहसैव तम इवाधर्म आवृणोति । धर्मप्रचारस्तु प्रयत्नसाध्यः । अधर्मस्तु स्वतःसिद्धप्रसर इत्याशयेनाह—पराभवति, आवृणोतीति यावदिति । अधर्मे मूलं रागद्वेषौ, तौ चेन्द्रियार्थेषु व्यवस्थितौ, तत्–गुणमयप्रकृतिसहजतया सपदि व्याप्नोत्यधर्म इति भावः । कुलस्त्रियः प्रदुष्यन्तीति । याः–पुरुषरत्नस्याकरभूताः कुलस्त्रियः, ताः कामदूषितचेतसो भवन्ति । अधर्मस्य ह्येष स्वभावः, यद्धर्मस्य प्रधानमूलं तद् दूषयति । मूलं च वर्णभेदः, स च स्त्रीपातिव्रत्याधीनः, स्त्रीणां चेतः कामेन कलुषयत्यधर्मः, ततश्च दोषाद्वर्णसङ्कर इति भावः ॥ ३९–४० ॥

लोभः सर्वपापमूलमित्याशयेन व्याचष्टे–राज्यलोभादिति । चकारेण सूच्यमानमर्थमाह–न केवलमिति । एषामिति । कुलघ्नानां कुलस्य चेत्यर्थः ॥ ४१–४३ ॥

उद्योगे खिद्यमान इति । पापाचरणे इव पापाचरणाध्यवसायेऽपि पापताशङ्कया खिद्यमानो वदतीति भावः । पापाध्यवसायमात्मन आलक्ष्य खेदः प्रकाश्यते–अहो ! बतेत्यनेन ॥ ४४ ॥

बन्धुवधादिति । सङ्कल्प्यमानाद्बन्धुवधादित्यर्थः । आचार्यपुत्रपौत्रादिवधाध्यवसायलक्षणात् क्षात्रस्वभावमूलात् पापाचरणात् मरणमेव वरमित्याशयेनाहेति यावत् । अतिशयक्षेमकरं भवेदिति । यदि जीवेयम्, क्षात्रस्वभाव ईदृशपापाचरणाध्यवसाये जातु योजयेत् । तत्–इदानीमशस्त्रं शस्त्रपाणयो हन्युस्तन्मेऽतिशयितक्षेमकरं भवेदित्याशयः ॥४५–४६॥

इति श्रीपरभक्तिसमाराध्यभगवत्सहजानन्दस्वामिपरमोपासक–सद्गुरुवर्य श्रीशुकानन्दमुनिविरचितायां श्रीमद्भगवद्गीता-भाष्यटीकायां गीतागूढार्थदीपिकायां प्रथमोऽध्यायः ॥१॥

भाष्यम्-

अथ च अधर्मेति। हे कृष्ण! अधर्माभिभवात्, कुले इति शेषः, अधर्मकृतपराभवात्। कुलस्त्रियः प्रदुष्यन्ति। हे वार्ष्णेय!-वृष्णिकुलनन्दन! स्त्रीषु दुष्टासु, वर्णसाङ्कर्यं वर्णवैपरीत्यमिति यावत्। जायते—उत्पद्यते॥

तदनन्तरं किं भवेदित्यत्राह-सङ्कर इति।

सङ्करो नरकायैव कुलघ्नानां कुलस्य च।
पतन्ति पितरो ह्येषां लुप्तपिण्डोदकक्रियाः॥ ४१॥

वर्णसङ्करः, कुलघ्नानाम्-राज्यलोभात् कुलं ये हतवन्तस्तेषाम्, हननादवशिष्टस्य कुलस्य च, नरकायैव, नरकपातार्थमित्यर्थः। न केवलं कुलघ्नानां कुलस्यैव वा नरकपतनम्, किन्तु अन्येषामपि भवतीत्याह-हि यस्मात्। लुप्तपिण्डोदकक्रियाः-लुप्ताः पिण्डोदकक्रिया येषां ते। एषां पितरोऽपि पतन्ति। श्राद्धादिक्रियाकर्तॄणां सुपुत्राणामभावात्, पितृपितामहादीनां नरके पतनं स्वर्गादधः पतनं वा भवतीत्यर्थः॥४१॥

पूर्वोक्तं दोषं-दृढीकुर्वन्नाह-दोषैरिति द्वाभ्याम्—

दोषैरेतैः कुलघ्नानां वर्णसङ्करकारकैः।
उत्साद्यन्ते जातिधर्माः कुलधर्माश्च शाश्वताः॥ ४२॥

वर्णसङ्करकारकैः-कुलघ्नानामेतैरुक्तैर्दोषैः, शाश्वताः-सनातनाः, जातिधर्माः-क्षत्रियादिवर्णधर्माः,कुलधर्माः-कुलपरम्परया समागताः स्वासाधारणा धर्माश्च, उत्साद्यन्ते-उत्सन्नाः क्रियन्ते, विनाश्यन्त इति यावत्॥ ४२॥

उत्सन्नकुलधर्माणां मनुष्याणां जनार्दन!।
नरके नियतं वासो भवतीत्यनुशुश्रुम॥ ४३॥

उत्सन्नेति। हे जनार्दन! उत्सन्नकुलधर्माणाम्—उत्सन्नाः कुलादिधर्मा येषां तेषां मनुष्याणाम्। प्रेतत्त्वनिवृत्तिकरणक्रियाकर्त्रभावात्। नरके नियतं निरन्तरं वासो भवत्येवेति वयमनुशुश्रुम-आचार्यमुखात्स्मृतिवचनं श्रुतवन्तः, न तु स्वतर्केण कल्पयामः। तथा च स्मृतिः—"प्रायश्चित्तमकुर्वाणाः पापेषु निरता नराः। अपश्चात्तापिनः कष्टान्निरयान् यान्ति दारुणान्" इति॥ ४३॥

શ્લોકાર્થ–

વર્ણસંકર પ્રજા કુળનો નાશ કરનારાઓને તેમજ બાકીના સમગ્ર કુળને પણ નરકમાંજ નાખનારી થાય છે. અને એમના મરીને ગયેલા પિતૃઓ પણ પાછળથી પિણ્ડદાન અને તર્પણાદિક ક્રિયાઓ લુપ્ત થવાથી અધોગતિનેજ પામે છે. ॥ ૪૧ ॥

વર્ણસંકરતાને પમાડનારા કુળઘાતી પુરૂષોના એ મહાદોષથી શાશ્વત–સનાતન જાતિધર્મો અને પરમ્પરાગત કુળધર્મો પણ સઘળા નાશ કરી નખાય છે. ॥ ૪૨ ॥

હે જનાર્દન ! ઉત્સન્ન થઇ ગયા છે કુળધર્મ જેમના એવા મનુષ્યોનો નરકમાં નિયત-અખંડ વાસ થાય છે એમ અમે આચાર્યોના મુખથી સાંભળ્યું છે. ॥ ૪૩ ॥

ભાવાર્થ–

વળી–હે કૃષ્ણ ! કુળમાં અધર્મને લીધે થયેલા પરાભવથી કુળવતી સ્ત્રીઓ અતિ દૂષિત બની જાય છે. અને હે વૃષ્ણિકુળનન્દન ! સ્ત્રીઓ દૂષિત--દુષ્ટ થવાથી વર્ણસંકરભાવ-વર્ણમાં વિપરીતપણું થઇ જાય છે. ॥ ૪૦ ॥

તે પછી શુ થાય ? એ બાબત કહી બતાવે છે—

વર્ણસંકર પ્રજાઓ કુળને હણનારાઓને–રાજ્યના લોભથી કુળને જે હણનારા છે તેમને, તેમજ--હણતાં બાકી રહેલા સમગ્ર કુળને પણ નરકને માટેજ, એટલે કે--નરકમાં પાડવાને માટેજ થાય છે. વળી–કેવળ કુળ હણનારાઓને અથવા તો સમગ્ર કુળનેજ નરકમાં પડવાનું થાય છે એમ નહિ, પણ–બીજાઓને પણ થાય છે એમ કહે છે· લુપ્ત થઇ ગઇ છે પિણ્ડોદક–ક્રિયાઓ જેમની, એવા એમના પિતૃઓ પણ પડે છે, એટલે કે–શ્રાદ્ધાદિક ક્રિયાઓ કરનારા સુપુત્રોનો અભાવ હોવાથી મરીને ગયેલા પિતૃપિતામહાદિકને નરકમાં પડવાનું થાય છે, અથવા તો સ્વર્ગ થકી પતન થાય છે, એ અર્થ છે. ॥ ૪૧ ॥

પૂર્વોક્ત દોષને દૃઢ કરતા થકા બે શ્લોકથી કહે છે—

વર્ણસંકરતા કરનારા--કુળઘ્ન પુરૂષોના આ કહ્યા એ મહાદોષોથી શાશ્વત--સનાતન, જાતિધર્મો–ક્ષત્રિયાદિક વર્ણના ધર્મો, તેમજ–કુળધર્મો–કુળપરમ્પરાથી ચાલતા આવેલા પોતાના અસાધારણ ધર્મો, એ સઘળા નાશ કરી નખાય છે. ॥ ૪૨ ॥

હે જનાર્દન ! નાશ પામી ગયા છે કુળ-જાતિના ધર્મો જેમના એવા મનુષ્યોનો પ્રેતભાવને નિવૃત્તિ પમાડનારી ક્રિયાઓ કરનારાઓના અભાવથી નરકમાં નિરન્તર--અખંડ વાસ થાય છેજ એમ અમે સાંભળ્યું છે, એટલે કે–આચાર્યોના મુખથી સ્મૃતિવચન સાંભળ્યું છે, પરન્તુ–નહિ કે અમારા તર્કથી કલ્પીએ છીએ. । જુઓ !–સ્મૃતિવચન–“ પ્રાયશ્ચિત્ત નહિ કરનારા અને કેવળ પાપમાંજ પ્રવર્તનારા, તેમજ પાપનો પશ્ચાત્તાપ પણ નહિ કરનારા એવા માણસો કષ્ટમય અતિ ભયંકર નરકોને પામે છે. ” ॥ ૪૩ ॥

भाष्यम्-

धर्मशास्त्रोक्तदोषभयेन, दयया, बन्धुस्नेहेन च बन्धुहननोद्योगे खिद्यमानो वदति-अहो बतेति।

अहो ? बत ? महत्पापं कर्त्तुं व्यवसिता वयम्।
यद्राज्यसुखलोभेन हन्तुं स्वजनमुद्यताः ॥ ४४ ॥

राज्यसुखलोभेन स्वजनम्-स्वसम्बन्धिजनसमूहम्, हन्तुमुद्यता इति यत्, तदेतन्महत्पापं वयं कर्त्तुं व्यवसिताः-व्यवसायं कृतवन्तः। अहो ? बत ?-बहु दुःखमित्यर्थः ॥ ४४ ॥

बन्धुवधापेक्षया स्वमरणमेव श्रेय इति कथयन्नाह-यदीति।

यदि मामप्रतीकारमशस्त्रं शस्त्रपाणयः।
धार्तराष्ट्रा रणे हन्युस्तन्मे क्षेमतरं भवेत् ॥ ४५ ॥

शस्त्रपाणयः-मद्वधाय शस्त्रहस्ताः धार्त्तराष्ट्राः, अशस्त्रम्-शस्त्ररहितम्, अत एव अकृतप्रतीकारम्-अकृतशस्त्रप्रतिघातम्। माम्, यदि रणे हन्युः-हनिष्यन्ति। तद्धननमेव मम क्षेमतरम्-अतिशयक्षेमकरं भवेत् ॥ ४५ ॥

इत्यर्जुनविषादं वर्णयित्वा पुनः सञ्जय उवाच-एवमुक्त्वेति।

सञ्जय उवाच—

एवमुक्त्वार्जुनः सङ्ख्ये रथोपस्थ उपाविशत्।
विसृज्य सशरं चापं शोकसंविग्नमानसः ॥ ४६ ॥

इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे
श्रीकृष्णार्जुनसंवादे अर्जुनविषादयोगो नाम
प्रथमोऽध्यायः ॥ १ ॥

शोकसंविग्नमानसः-शोकेन-धर्माधर्मधियाकुलत्वरूपेण, संविग्नम्-अत्युद्विग्नं सुदुःखितं मानसं यस्य सोऽर्जुनः, सङ्ख्ये-युद्धे, एवमुक्त्वा, सशरम्-बाणसहितम्, चापम्-धनुः, विसृज्य-त्यक्त्वा, रथोपस्थे-रथस्योपरि एकस्मिन् भागे, उपाविशत्-निषण्णोऽभवत् ॥ ४६ ॥

इति श्रीपराविद्यैकगोचरपरभक्तिसमाराध्यभगवत्सहजानन्दस्वामिशिष्याग्रगण्य-सद्गुरुवर्य-श्रीगोपालानन्दमुनिविरचिते
श्रीमद्भगवद्गीताभाष्ये प्रथमोऽध्यायः ॥ १ ॥

શ્લોકાર્થ-

અહો—ખેદની વાત છે, કે—અરેરે અમે આવું મોટું પાપ કરવાના નિશ્ચય ઉપર આવી ગયા, કે જે—રાજ્યસુખના લોભે કરીને સ્વજનોને હણવાને માટે તૈયાર થઈ ગયા. ॥ ૪૪ ॥

માટે શસ્ત્ર હાથમાં લઇને તૈયાર થયેલા ધૃતરાષ્ટ્રના છોકરાઓ શસ્ત્રરહિત અને પોતાનો બચાવ પણ નહિ કરતો એવો મને રણમાં જો મારી નાખે, તો તે મારૂં અતિશય કલ્યાણ થાય. ॥ ૪૫ ॥

સંજય કહે છે—શોકથી અતિ ઉદ્વિગ્ન ચિત્તવાળો અર્જુન યુદ્ધ સમયમાંજ આ પ્રમાણે કહીને બાણ સહિત ધનુષ છોડી દઇને રથના એક ભાગમાં બેસી ગયો. ॥૪૬॥

ઇતિ શ્રીમદ્ભગવદ્ગીતાસૂપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે શ્રીકૃષ્ણાર્જુનસંવાદે અર્જુનવિષાદયોગો નામ પ્રથમોઽધ્યાયઃ ॥ ૧ ॥

ભાવાર્થ-

ધર્મશાસ્ત્રમાં કહેલા દોષના ભયથી, દયાથી, તેમજ બન્ધુઓ ઉપરના સ્નેહને લીધે, બન્ધુજનના હનન માટે કરેલા ઉદ્યોગમાં ખેદ પામતો અર્જુન કહે છે—

રાજ્યસુખના લોભે કરીને પોતાના સમ્બન્ધી-જનસમૂહને હણવા અમે જે તૈયાર થયા છીએ, તે એ મોટું પાપ કરવાને માટે અમે નિશ્ચય ઉપર આવી ગયા છીએ. અહો ? એ બહુજ દુઃખરૂપ છે. એ અર્થ છે. ॥ ૪૪ ॥

બન્ધુઓનો વધ કરવા કરતાં પોતાનું મરણ થવા દેવું એજ સારૂં છે, એમ કહેતા સતો અર્જુન કહે છે—

મારો વધ કરવા સારૂં જેમણે શસ્ત્ર હાથમાં લીધેલાં છે, એવા ધૃતરાષ્ટ્રના છોકરાઓ, શસ્ત્ર રહિત થઇ ગયેલો અને તેથીજ શસ્ત્રનો પ્રતિઘાત પણ નહિ કરતો એવો મને જો રણમાં મારી નાખે, તો તે **મારૂં મરણજ** મારૂં અતિશય ક્ષેમ કરનારૂં થાય. ॥ ૪૫ ॥

આ પ્રમાણે અર્જુનનો વિષાદ વર્ણન કરીને ફરીથી સંજય કહેવા લાગ્યો—

સંજય કહે છે-શોકથી-ધર્મ-અધર્મના નિર્ણયશૂન્ય બુદ્ધિની આકુળતારૂપ શોકથી, અતિ ઉદ્વિગ્ન-અતિશય દુઃખી થયું છે મન જેનું એવો અર્જુન યુદ્ધમાં-યુદ્ધસમયમાંજ આ પ્રમાણે કહીને બાણે સહિત ધનુષને છોડી દઇને રથ ઉપર એક ભાગમાં ઉદાસ થઇને બેસી ગયો. ॥ ૪૬ ॥

ઇતિ શ્રી પરવિદ્યૈકગોચરપરભક્તિસમારાધ્યભગવત્સહજાનન્દ સ્વામિશિષ્યાગ્રગણ્ય સદ્ગુરૂવર્ય શ્રી ગોપાળાનન્દમુનિ-વિરચિતે શ્રીમદ્ભગવદ્ગીતાભાષ્યે પ્રથમોઽધ્યાયઃ ॥ ૧ ॥

द्वितीयोऽध्यायः-

भाष्यम्-

सञ्जय उवाच-

तं तथा कृपयाविष्टमश्रुपूर्णाकुलेक्षणम् ।
विषीदन्तमिदं वाक्यमुवाच मधुसूदनः ॥ १ ॥

पुनश्च सञ्जय उवाच- तमिति । कृपया आविष्टम्-व्याप्तम् । अश्रुभिः पूर्णे आकुले ईक्षणे यस्य तम् । तथा-पूर्वोक्तरीत्या विषीदन्तम् । तम्—अर्जुनं प्रति । मधुसूदनः, इदम्—वक्ष्यमाणम् वाक्यमुवाच ॥ १ ॥

श्री भगवानुवाच-

कुतस्त्वा कश्मलमिदं विषमे समुपस्थितम् ? ।
अनार्यजुष्टमस्वर्ग्यमकीर्तिकरमर्जुन ! ॥ २ ॥

कुतस्त्वेति । हे अर्जुन ! इदम्—धर्ममिषेण विषादकरम्, कश्मलम्—मोहः, विषमे समये अस्थाने, त्वा—त्वाम्, विवेकिनं प्रति कुतो हेतोः समुपस्थितम् ? —प्राप्तम् ? ।

ननु—धर्माधर्मविवेकतः प्राप्तं चेत्तत्राह—अनार्यजुष्टम्—अविद्वत्सेवितम्, अत एवेहामुत्रार्थहानिकरमित्याह—अस्वर्ग्यम्—स्वर्गप्राप्तिविरोधि । अकीर्तिकरम्—इहामुत्र च कीर्तिविरोधि ॥ २ ॥


क्लैब्यं मा स्म गमः पार्थ! नैतत्त्वय्युपपद्यते ।
क्षुद्रं हृदयदौर्बल्यं त्यक्त्वोत्तिष्ठ ? परन्तप ! ॥ ३ ॥

आक्षिपन्नाह—क्लैब्यमिति । हे पार्थ ! क्लैब्यम्—क्लीबस्य भावमधीरत्वम् । मा स्मगमः—मागाः । त्वयि—रुद्रेण सह योद्धरि । एतत्—दैन्यम् । नोपपद्यते—न घटते । हे परन्तप!—रिपुतापन ! । क्षुद्रम्-तुच्छत्वकरम्, हृदयदौर्बल्यम्-मनसो निर्बलत्वम्, त्यक्त्वा, उत्तिष्ठ? - सङ्ग्रामायोद्यमं कुर्वित्यर्थः ॥ ३ ॥

अर्जुन उवाच-

कथं भीष्ममहं सङ्ख्ये द्रोणं च मधुसूदन ! ।
इषुभिः प्रतियोत्स्यामि ? पूजार्हावरिसूदन ! ॥४॥

कुतस्त्वा कश्मलमिदं विषमे समुपस्थितम् । अनार्यजुष्टमस्वर्ग्यमकीर्तिकरमर्जुन ! ॥



ધર્મના ક્ષેત્રરૂપ કુરુક્ષેત્રમાં ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનને ગીતાનો ઉપદેશ કરે છે.

श्री सयाजीविजय प्रेस-वडोदरा.

દ્વિતીયોઽધ્યાયઃ-

શ્લોકાર્થ-

સંજય કહે છે-પૂર્વે કહેવા પ્રમાણે પરમ કૃપાથી આવિષ્ટ થયેલા, અશ્રુઓથી પૂર્ણ આકુળ-વ્યાકુળ નેત્રોવાળા અને અતિશય ખેદ કરતા તે અર્જુન પ્રત્યે મધુસૂદન ભગવાન આ પ્રમાણે વચન કહેવા લાગ્યા. ॥ ૧ ॥

શ્રી ભગવાન કહે છે—હે અર્જુન ! આર્ય પુરૂષોએ કદી નહિજ સેવેલું, સ્વર્ગ-પ્રાપ્તિમાં પણ વિરોધી અને આ લોકમાં પણ અપકીર્તિ કરનારૂં, એવું આ કશ્મળ--મનનો મોહ આવા વિષમ સમયમાં તને કયાંથી પ્રાપ્ત થયું ? થઇ આવ્યું ? ॥ ૨ ॥

હે પાર્થ !-પૃથાના પુત્ર અર્જુન ! તું આમ નપુંસકભાવને ન પામી જા ?૧ આ તારે વિષે નથી ઘટતું, માટે હે શત્રુતાપન ! ક્ષુદ્ર હૃદયદૌર્બલ્યને છોડી દઇને તું યુદ્ધ માટે ઉભો થા ?-સાવધાન થા ? ॥ ૩ ॥

અર્જુન કહે છે-હે મધુસૂદન ! ભીષ્મપિતામહને અને દ્રોણગુરૂને યુદ્ધમાં બાણોથી કેવી રીતે હું પ્રહાર કરી શકું ? કેમ કે-તેઓ તો મારે પરમ પૂજ્ય છે. ॥ ૪ ॥

ભાવાર્થ-

ફરીથી સંજય કહેવા લાગ્યો—

કૃપાથી આવિષ્ટ-વ્યાપ્ત થઇ ગયેલો, અશ્રુઓથી ભરાઇ આવેલાં આકુળ-વ્યાકુળ નેત્ર જેનાં થઇ ગયાં છે અને પૂર્વે કહેવા પ્રમાણે અતિશય ખેદ કરતો, એવા તે અર્જુન પ્રત્યે મધુસૂદન ભગવાન આગળ કહેવા પ્રમાણે વાકય બોલવા લાગ્યા ॥ ૧ ॥

હે અર્જુન! આ-ધર્મના મિષથી ખેદ કરનારૂં, કશ્મળ-મોહ, વિષમ સમયમાં અઘટિત રીતે, તને-સારાસારના વિવેક સમજનારને, શા હેતુથી પ્રાપ્ત થઇ આવ્યું ?।

નનુ-શંકા, ધર્મ-અધર્મના વિવેકથી પ્રાપ્ત થયું, તો તેના પ્રત્યુત્તરમાં કહે છે-

અનાર્ય—મૂર્ખજનોએ સેવેલું અને તેથીજ આ લોક-પરલોકમાં સઘળા અર્થની હાનિ કરનારૂં એટલે કે-સ્વર્ગપ્રાપ્તિમાં પણ વિરોધી, તેમજ-આ લોક-પરલોકમાં કીર્તિનું પણ વિરોધી એવું આ તારૂં મોહરૂપ અજ્ઞાન છે. ॥ ૨ ॥

વળી-ભગવાન આક્ષેપ કરીને સમઝાવે છે-હે પૃથાના પુત્ર ! તું આમ નપુંસકભાવને ન પામી જા ?। કેમ કે-રૂદ્ર સાથે યુદ્ધ કરનારા તારે વિષે આવું હીનપણું નથી ઘટતું. માટે હે પરન્તપ ! તુચ્છતા કરનારૂં હૃદયનું દુર્બળપણું છોડી દઇને ઉઠ ? સંગ્રામ કરવા માટે ઉદ્યમ-તૈયારી કર ? એ અર્થ છે. ॥ ૩ ॥

“ આતતાયીને આવતો જોઇને વિચાર નહિ કરતાં મારીજ નાખવો, કારણ કે-આતતાયીનો વધ કરવામાં મારનારને કોઇ દોષ લાગતોજ નથી. ” આવું અર્થશાસ્ત્રનું વચન, તેમજ-“ પોતાને ઉપદેશ કરનાર આચાર્યને, માતાને, પિતાને તથા ગુરૂને,

૧. બાયલો ન બની જા ?।

भाष्यम्-

"आततायिनमायान्तं हन्यादेवाविचारयन्। नाततायिवधे दोषो हन्तुर्भवति कश्चन" इत्यर्थशास्त्रम्। "आचार्यं च प्रवक्तारं मातरं पितरं गुरुम्। न हिंस्याद्ब्राह्मणान् गांश्च सर्वांश्चैव तपस्विनः"॥ इत्यादि धर्मशास्त्रं च। तयोर्विरोधे "अर्थशास्त्रात्तु बलवद्धर्मशास्त्रमिति स्थितिः" इत्येतद्धर्मशास्त्रस्य प्राबल्यं विचार्यार्थशास्त्रानुसारिभगवद्वाक्याद्बलवद्धर्मशास्त्रं मत्वा अर्जुन उवाच—कथमिति।

हे मधुसूदन! अहं भीष्मम्—पितामहम्, द्रोणं च गुरुम्, सङ्ख्ये-युद्धे, इषुभिः—बाणैः, कथम् प्रतियोत्स्यामि?-प्रहरिष्यामि? न कथञ्चिदपीत्यर्थः। हे अरिसूदन! यतस्तौ पूजार्हौ-पुष्पादिभिः पूजनयोग्यौ॥ ४॥

राज्यहेतुकगुर्वादिहननरूपमहापापमकृत्वा भिक्षान्नभोजनं श्रेष्ठमित्याह-गुरूनिति।

गुरूनहत्वा हि महानुभावान्
श्रेयो भोक्तुं भैक्ष्यमपीह लोके।
हत्वार्थकामांस्तु गुरूनिहैव
भुञ्जीय भोगान् रुधिरप्रदिग्धान्॥ ५॥

महानुभावान् गुरून्—द्रोणादीन्। अहत्वा—महापापरूपं कल्याणविरोधि गुरुहननमकृत्वा। इह लोके, भैक्ष्यम्—भिक्षया प्राप्तमन्नम्, तैर्हतराज्यानां नो राज्ञां निषिद्धमपि, भोक्तुं श्रेयः—प्रशस्यतरं योग्यमिति यावत्। न तु तेषां नाशेन प्राप्तमपि राज्यं श्रेय इत्यभिप्रायः। अर्थकामान्—विषयकामान् गुरून् हत्वा, रुधिरप्रदिग्धान्—तेषां रुधिरेण प्रलिप्तान्, तैर्भुक्तान् भोगान्, अहमिह—तद्भुक्तासनेषु स्थित्वा, कथमिति शेषः। भुञ्जीय?—अश्नीयाम्? न कथञ्चित्ते मया भोक्तुं योग्या इत्यर्थः॥ ५॥

पुनः श्रीकृष्णवाक्यस्यातिगौरवं ज्ञात्वा स्वकृतनिश्चये संशयं कुर्वन्नाह-नेति।

શ્લોકાર્થ-

માટે મહાનુભાવ ગુરૂઓને નહિ હણતાં આ લોકમાં ભિક્ષાથી મેળવેલું અન્ન ખાવું એજ અતિ શ્રેયસ્કર છે, કેમ કે-અર્થલુબ્ધ ગુરૂઓને મારી નાખીને તો તેમનાજ રૂધિરથી ખરડાયેલા ભોગો આ લોકમાં અમારે ભોગવવાના. ॥ ૫ ॥

ભાવાર્થ-

તેમજ બ્રાહ્મણોને, ગાયોને તથા સર્વ તપસ્વીઓને, ક્યારેય હણવા નહિ." ઇત્યાદિક ધર્મશાસ્ત્રનું વચન, આ બન્ને વચનોનો વિરોધ આવે ત્યારે-"અર્થશાસ્ત્ર કરતાં ધર્મશાસ્ત્ર બળવાન છે, એમ નિર્ણય છે." માટે એ રીતે ધર્મશાસ્ત્રનું પ્રાબલ્ય વિચારીને અર્થશાસ્ત્રને અનુસરનારા ભગવદ્વાક્ય કરતાં ધર્મશાસ્ત્રને પ્રબળ માનીને અર્જુન કહે છે—

હે મધુસૂદન ! હું ભીષ્મ-પિતામહને, તથા દ્રોણ-ગુરૂને, યુદ્ધમાં બાણોથી કેમ મારી શકીશ ? અર્થાત્-મારાથી કેમ પ્રહાર કરાય ? કોઇ રીતે પણ નજ કરાય. હે અરિસૂદન ! કારણ કે-એ બન્ને તો મારે પુષ્પાદિકથી પૂજન[૧] કરવા યોગ્ય છે. ॥ ૪ ॥

રાજ્યપ્રાપ્તિને માટે ગુરૂ આદિકનું હનનરૂપ મહાપાપ નહિ કરતાં, ભિક્ષાનું અન્ન ખાવું એ શ્રેષ્ઠ છે એમ કહે છે—

મહાનુભાવ-મહાસમર્થ એવા ગુરૂઓને-દ્રોણાદિકને નહિ મારતાં-મહાપાપરૂપ કલ્યાણમાં વિરોધી ગુરૂહનન નહિ કરતાં, આ લોકમાં ભિક્ષાથી પ્રાપ્ત થયેલું અન્ન, શત્રુઓએ હરી લીધું છે રાજ્ય જેમનું એવા અમને રાજાઓને નિષિદ્ધ છે તો પણ એ ખાવાને માટે બહુજ સારૂં-અતિશય વખાણવા લાયક સર્વથા યોગ્ય છે, એજ ખરૂં છે.

પરન્તુ-તે ગુરૂઓ વિગેરેનો નાશ કરીને પ્રાપ્ત કરેલું રાજ્ય પણ સારૂં નથી એ મારો અભિપ્રાય છે. ।

વળી-વિષયભોગની કામનાવાળા એ ગુરૂઓને મારીને તો તેમનાજ રૂધિરથી ખરડાયેલા તેમણે ભોગવેલા ભોગોને હું તેમણે ભોગવેલાં સ્થાનોમાં બેસીને કેવી રીતે ભોગવું ?-ઉપભોગ કરૂં ? કોઇ પણ રીતે તે મારાથી ભોગવવાને યોગ્ય નથીજ એ અર્થ છે. ॥ ૫ ॥

૧ અભિપ્રાય એ છે કે-અર્થશાસ્ત્ર અને ધર્મશાસ્ત્રના વિરોધમાં ધર્મશાસ્ત્રજ પ્રબળ છે, પરન્તુ-ભગવાનનું વલણ અર્થશાસ્ત્ર તરફ ઢળતું જાણીને અને સ્મૃતિકારોનું વચન એજ ધર્મશાસ્ત્ર છે, એમ બુદ્ધિમાં હોવાથી ભગવદ્વાક્ય કરતાં સ્મૃતિવાક્યને પ્રબળ માનીને અર્જુન કહે છે કે-હે અરિસૂદન ! એટલે કે-તમે તો પૃથ્વીનો ભાર ઉતારીને ધર્મસ્થાપન માટે પ્રવર્તેલા હોવાથી દુર્યોધનના પક્ષમાં રહેલા ભીષ્માદિકનો નાશ કરાવા ઇચ્છતા હો, પરન્તુ-મારે તો પરમ પૂજ્ય હોવાથી જેમની સાથે વાણીથી પણ કલહ કરવો એ મહાપાપ છે. તો પછી તેમને મારે આ રણ-સંગ્રામમાં બાણવડે વીંધવા એ કેટલું નિન્દિત કર્મ ગણાય ? માટે હે પ્રભુ ! એ મારાથી નહિ બને. ।

द्वितीयोऽध्यायः

टीका-

कृपयाविष्टमश्रुपूर्णाकुलेक्षणमित्याभ्यां बाह्याभ्यन्तरदृष्टिवैकल्यं गम्यते । तथा-विषीदन्तमित्यनेन प्रणष्टक्षात्रप्रकृतिकता गम्यते। तथेत्यस्याव्यवहितेन कृपयाविष्टमित्यनेन वान्वयः। कृपाया अतिभूमिंगतता तथेत्यनेन गम्यते। मधुसूदन इत्यनेन बाह्यशत्रुनिरसनसमर्थस्यास्य आभ्यन्तरशत्रुभूतविषादनिरसनसामर्थ्यमप्यस्तीति गम्यते ॥१॥

कुतस्त्वेत्याक्षेपमुखेन प्रवर्तमानं वचनं विषादस्यास्यात्यन्तगर्ह्यतां गमयति। कश्मलमिति निर्देशात् सपदि हेयत्वं गम्यते । त्वाम्-विवेकिनमिति । " अस्मिन् समये इदं घटते नेदम्, अस्याः प्रकृतेरिदं समुचितम् नेदम्, " इति देशकालप्रकृतिसमुचितविवेचनकुशले त्वयि कुत एवमिति भावः, कुत इति हेतोराक्षेपः। अग्नेः कुतः शैत्यमितिवत्, " सेनयोरुभयोर्मध्ये रथं स्थापय योद्धुकामानवेक्षेऽहं धार्तराष्ट्रस्य दुर्बुद्धेर्युद्धे प्रियचिकीर्षवः य एतेऽत्र समागताः " इति क्षात्रलक्षणशौर्यप्रकृत्यनुगुणं व्याहृतवतस्तव क्षणेनैवैतद्विपरीतमिदं असम्भाव्यघटनं कुत? इति भावः ।

ननु-धर्माधर्मविवेकत इति। " कथं न ज्ञेयमस्माभिः? पापादस्मान्निवर्तितुम् " इति पूर्ववचनमनुसन्धायैवमवतारितम् । अविद्वत्सेवितमिति । आत्मानं त्वं धर्मज्ञं मन्यसे। धर्मतत्त्वमजानतामविदुषामिदं कार्यमिति भावः । नञो विरोध्यर्थकतामभिप्रेत्याह-स्वर्गप्राप्तिविरोधि इति। इहापयशः, अमुत्र स्ववर्णधर्मानाचरणात् पापोपभोग एवेति भावः ॥ २ ॥

आक्षिपन्निति। प्रथितशौर्यस्य क्लैब्यमेतद्विरुद्धमित्याक्षिपन्निति भावः ॥ ३ ॥

बलवद्धर्मशास्त्रं मत्वेति। भगवतो वचनं केवलमर्थशास्त्रम्, स्मर्तुर्वचनं तदेव धर्मशास्त्रमित्यस्य मतिरिति भावः। पूजार्हौ, पूज्यपूजाव्यतिक्रमे महान् दोषः स्मर्यते, अथ पूज्यैः सह युद्धाचरणे किमु वक्तव्यम्?। इषुभिः, यैः सह वाक्कलहोऽपि महते पापाय, तैः सह इषुभिर्युद्धाचरणमिति तु महदिदं निन्द्यं कर्मेति भावः ॥ ४ ॥

ननु—तेभ्योऽप्यात्मरक्षणं तु कार्यम्, तदर्थं तत्प्रतिरोधाय तैः सह युद्धाचरणं तु नैव दोषाय, वधे हि तेषां दोषः स्मर्यते, इत्याशङ्कायामाह-गुरूनहत्वेति । एते हि भीष्मादयः यावत्प्राणधारणं युद्धान्न प्रत्यावर्तेरन्, तानहत्वा सङ्ग्रामेऽस्मिन्नात्मन आत्मीयानां च त्राणं नैव घटेत, तदेवं सति किं तैः सह युद्धे श्रेयः? न च पापभूयिष्ठाद्गुरुवधाद्राज्यलाभ इति विशेषः।देहयात्रा तु भैक्ष्यादपि सिद्ध्येदित्याशयेनाह-राज्यहेतुकर्गुर्वादीति। निषिद्धमपीति। ब्राह्मणधर्मत्वादिति यावत्। यच्चेह लोके राज्यलाभजनितं सुखमित्युच्यते, तदपि विचार्यमाणं जुगुप्स्यमित्यभिप्रेत्याह-हत्वेति ॥ ५-६ ॥

वक्तुराप्ततमत्वं सर्वेश्वरत्वं चानुस्मृत्य, तद्वचने (गौरवातिशयं) प्रामाण्यातिशयं विचिन्त्य, विचिन्त्य च धर्मवचनजालं स्वेन निश्चिते युद्धाकरणे सन्दिहान उवाचेति भावः। कार्पण्यं दोषश्चेति द्वन्द्वमभिप्रेत्य व्याचष्टे—कार्पण्यमित्यादिना । दोषः--आशङ्क्यमानो दोष इत्यर्थः। दोषाशङ्केति यावत् । अत एव धर्मसम्मूढचेताः । समित्युपसर्गस्य भावमाह--सुतरामिति । कार्पण्योपहतस्वभावतया मूढचेता नामाहम् । न स्फुरति

भाष्यम्-

न चैतद्विद्मः कतरन्नो गरीयो ?
यद्वा जयेम यदि वा नो जयेयुः ।
यानेव हत्वा न जिजीविषाम-
स्तेऽवस्थिताः प्रमुखे धार्तराष्ट्राः ॥ ६ ॥

एतत्—एतयोः समरभैक्ष्यान्नयोर्द्वयोर्मध्ये, नोऽस्माकम्, कतरत्-किं भैक्ष्यभोजनं वा युद्धम्, गरीयः--श्रेष्ठतरमस्तीति न विद्मः । यद्वा-पक्षान्तरे वयं इमान् जयेम--जेष्यामः, यदि वा—यद्वा--एते दुर्योधनादयः नोऽस्मान् जयेयुः--जेष्यन्तीति च न विद्मः । अस्माकं तज्जयोऽपि मरणमेवेत्याह--यानिति । यानेव हत्वा न जिजीविषामः--जीवनेच्छवो न भवामः, त एव धार्तराष्ट्राः योद्धुं प्रमुखे--सम्मुखे अवस्थिताः--स्थिता भवन्ति ॥ ६ ॥

कार्पण्यदोषोपहतस्वभावः
पृच्छामि त्वा धर्मसम्मूढचेताः ।
यच्छ्रेयः स्यान्निश्चितं ब्रूहि ! तन्मे
शिष्यस्तेऽहं शाधि मां त्वां प्रपन्नम् ॥ ७ ॥

कार्पण्येति । कार्पण्यदोषोपहतस्वभावः--कार्पण्यम्--दयास्नेहाभ्यां दैन्यम्, दोषः--गुर्वादिहनने पापं च, ताभ्यामुपहतः स्वभावः—युद्धोत्साहादिलक्षणो यस्य सः । धर्मसम्मूढचेताः--क्षत्रियपरमधर्मे सम्मूढम्--सुतरां मूढम् चेतोऽन्तःकरणं यस्य सः, धर्माधर्मज्ञाने सन्दिग्धान्तःकरणः सन्नित्यर्थः । अहं त्वाम्--करुणाकरं आश्रितवात्सल्यजलधिम्, पृच्छामि । अतो मे यत्--येन कृत्येन श्रेयः स्यात्, तत् कृत्यं निश्चितं यथा तथा ब्रूहि ! वा निश्चित्य ब्रूहि !।

ननु-कस्मादहं ब्रूयाम् ? इति चेत्तत्राह--ते तवाहं शिष्यः—शिक्षां कर्तुं योग्यः, ततः त्वां प्रपन्नं मां सन्दिग्धचित्तं शाधि--शिक्षय ! ॥ ७ ॥

શ્લોકાર્થ -

વળી- એ પણ અમે જાણતા નથી કે-આ બેમાંથી[1] અમારે માટે કયું શ્રેષ્ઠ છે? અથવા તો અમે એમને જીતીએ, કે તેઓ અમને જીતે. વળી-તેમ છતાં જેમનેજ મારીને અમે જીવવાની પણ ઇચ્છા નથી રાખતા, તે ધૃતરાષ્ટ્રના છોકરાઓ તો યુદ્ધમાં સામા આવીને ઉભા છે. ॥ ૬ ॥

દીનતાને લીધે મારો સ્વભાવ પલટાઇ ગયો છે, તેથી ધર્મનિર્ણયની બાબતમાં સર્વથા મૂઢચિત્ત બની ગયેલો હું તમને પૂછુંછું કે-મારૂં જે નિશ્ચિત શ્રેય હોય તે મને સમજાવો! હું તમારો શિષ્ય છું, માટે તમને શરણે આવેલો હું તે મને બોધ કરો ! ॥ ૭ ॥

ભાવાર્થ-

વળી-ફરીથી પણ શ્રીકૃષ્ણના વચનનું અતિ ગૌરવ જાણીને પોતે કરેલા નિશ્ચયમાં સંશય કરતો થકો અર્જુન કહે છે-આ બેમાં-એટલે કે-યુદ્ધ કરવું અથવા ભિક્ષાનું અન્ન માગી ખાવું. આ બેના મધ્યે અમારે માટે શું—ભૈક્ષ્યભોજન અથવા તો યુદ્ધ, એ બેમાંથી શું શ્રેષ્ઠતર-વધારે સારૂં છે એ અમે નથી જાણતા. ।

અથવા-બીજા પક્ષમાં, અમે આ દુર્યોધનાદિકને જીતીએ-જીતીશું ? કે-અથવા એ દુર્યોધનાદિક અમને જીતે-જીતશે ? એ પણ અમે નથી જાણતા. ।

વળી-અમારે તો એમને જીતીએ તો પણ મરણજ છે-એમ કહે છે-

જેઓનેજ મારીને અમે જીવવા નથી ઇચ્છતા, અર્થાત્ જીવવાની ઇચ્છાવાળાજ નથી થતા, તેજ ધૃતરાષ્ટ્રના છોકરાઓ વિગેરે યુદ્ધ કરવા માટે સામા આવીને ઉભા રહેલા છે. ॥ ૬ ॥

કાર્પણ્ય—દયા અને સ્નેહને લીધે થતો દીનભાવ, તથા દોષ-ગુરૂઓ અને દાદાઓ વિગેરેને મારવામાં થતું પાપ, આ બે વડે કરીને વિપરીત ભાવને પામ્યો છે યુદ્ધ કરવામાં ઉત્સાહ વિગેરે રૂપ સ્વભાવ જેનો અને તેથીજ ક્ષત્રિયના પરમ ધર્મમાં અતિશય-સર્વથા મૂઢ બની ગયું છે ચિત્ત-અન્તઃકરણ જેનું, એટલે કે-ધર્મ-અધર્મના જ્ઞાનમાં સન્દેહવાળું જેનું અન્તઃકરણ બની ગયું છે એવો થકો, એ અર્થ છે. । હું તમને-નિજભક્તો ઉપર કરૂણા કરનારા અને આશ્રિતોના ઉપર વાત્સલ્યના ઉભરાતા સાગર-સમા એવા તમને પૂછું છું, માટે મારૂં જે-જે કૃત્ય કરવાથી શ્રેય થાય તે કૃત્ય નિશ્ચિત જેમ હોય તેમ કહો ! અથવા નિશ્ચિત કરીને કહો ! ।

નનુ-શંકા, ભગવાન કહે છે-શાથી હું કહું ? તો કે-તમારો હું શિષ્ય-શિક્ષા કરવાને યોગ્ય છું, માટે તમને શરણે પામેલા એવા સન્દિગ્ધ ચિત્તવાળા મને ઉપદેશ-રૂપ શિક્ષા કરો ? ॥ ૭ ॥

૧-ભિક્ષા માગી ખાવી ? કે-યુદ્ધ કરવું ?

भाष्यम्-

ननु—युद्धं कुरु! तत्र मृतश्चेत्स्वर्गं प्राप्स्यसि, जयं प्राप्तः साम्राज्यं वेति चेत्तत्राह—नेति।

न हि प्रपश्यामि ममापनुद्याद्
यच्छोकमुच्छोषणमिन्द्रियाणाम्।
अवाप्य भूमावसपत्नमृद्धं
राज्यं सुराणामपि चाधिपत्यम्॥ ८॥

भूमौ—पृथिव्याम्, असपत्नम्—शत्रुवर्जितम्, ऋद्धम्—समृद्धिमत्, राज्यमवाप्य, च परं सुराणामाधिपत्यमपि-देवेन्द्रत्वमपि, अवाप्य। इन्द्रियाणामुच्छोषणम्-शोषकं मम शोकम्। यदपनुद्यात्—हन्यात्। तदहं न प्रपश्यामि, हि-निश्चितम्॥ ८॥

सञ्जय उवाच-

एवमुक्त्वा हृषीकेशं गुडाकेशः परन्तप!।
न योत्स्य इति गोविन्दमुक्त्वा तूष्णीं बभूव ह॥ ९॥

एवमिति। गुडाकेशः--अर्जुनः, हृषीकेशम्-सर्वेन्द्रियप्रवर्तकं भगवन्तम्, एवमुक्त्वा। हे परन्तप--शत्रुतापन! अहं न योत्स्ये--युद्धं न करिष्ये, इति गोविन्दमुक्त्वा तूष्णीं बभूव॥ ९॥

ततः किञ्जातमित्यत्राह--तमिति।

तमुवाच हृषीकेशः प्रहसन्निव भारत!।
सेनयोरुभयोर्मध्ये विषीदन्तमिदं वचः॥ १०॥

हे भारत!--धृतराष्ट्र! हृषीकेशः प्रहसन्निव उभयोः सेनयोर्मध्ये विषीदन्तं तमर्जुनं प्रति इदं वचः—"अशोच्यानन्वशोचस्त्वम्" इत्यारभ्य, "अहं त्वा सर्वपापेभ्यो मोक्षयिष्यामि माशुचः" इत्यन्तं वचनमुवाच॥ १०॥

कर्तव्यकर्मयोगज्ञानं मम समाहात्म्यभक्तियोगज्ञानं जीवात्मयाथार्थ्यज्ञानं चैतानि विनास्य मोहो न शाम्यतीति विचार्य आदौ कर्मयोगाद्युपयोग्यात्मज्ञानमुपदिशन् श्रीभगवानुवाच—अशोच्यानिति।

શ્લોકાર્થ-

પૃથ્વી ઉપરનું શત્રુરહિત અને સમૃદ્ધિવાળું સમગ્ર રાજ્ય પામીને, અગર તો દેવોનું સ્વામિત્વ પામીને પણ ઇન્દ્રિયોને સર્વથા શોષણ કરનારો મારો શોક નાશ કરે એવું કોઇપણ વસ્તુ અગર સાધન મારા જોવામાં નથીજ આવતું. ॥ ૮ ॥

સંજય કહે છે—આ પ્રમાણે ગુડાકેશ-અર્જુન હૃષીકેશ-ભગવાનને કહીને હે પરન્તપ ! " હું યુદ્ધ નહિજ કરૂં " એમ છેવટમાં ગોવિન્દ-ભગવાનને કહી દઇને પછી મૌનજ બની ગયો. ॥ ૯ ॥

હે ભારત !-ધૃતરાષ્ટ્ર ! બન્ને સેનાઓના મધ્યેજ આ પ્રમાણે ખેદ પામતા તે અર્જુન પ્રત્યે હૃષીકેશ-ભગવાન હસતા હસતાજ જેમ એમ કહેવા લાગ્યા. ॥ ૧૦ ॥

ભાવાર્થ-

નનુ-શંકા, તું યુદ્ધ કર ! તેમાં જો તું મરીશ તો સ્વર્ગને પામીશ, અથવા જય પામીશ તો સામ્રાજ્ય મળશે. ।

તેના પ્રત્યુત્તરમાં અર્જુન કહે છે—

પૃથ્વીને વિષે શત્રુઓથી રહિત, સમૃદ્ધિવાળું ચક્રવર્તિ રાજ્ય પામીને પણ, તેમજ-સર્વ દેવોના આધિપત્યરૂપ દેવેન્દ્રપદને પામીને પણ, મારાં સર્વ ઇન્દ્રિયોને સર્વથા શોષણ કરનારો મારો શોક જે ટાળે તે વસ્તુને હું નિશ્ચિત-ખરેખર નથીજ જોતો. ॥ ૮ ॥

ગુડાકેશ-અર્જુન, સર્વનાં-પ્રાણીમાત્રનાં ઇન્દ્રિયોના પ્રવર્તક હૃષીકેશ ભગવાન પ્રત્યે આ પ્રમાણે કહીને, હે પરન્તપ !-શત્રુતાપન ! " હું યુદ્ધ નહિજ કરૂં, " એમ ગોવિન્દ ભગવાનને કહીને પોતે મૌન થઈ ગયો. ॥ ૯ ॥

ધૃતરાષ્ટ્ર પૂછે છે-તે પછી શું થયું ? તેના પ્રત્યુત્તરમાં કહે છે—

હે ભારત !-ભરતકુલોત્પન્ન ધૃતરાષ્ટ્ર ! । હૃષીકેશ ભગવાન હસતા હસતાજ બન્ને સેનાઓના મધ્યે ખેદ કરતા અર્જુન પ્રત્યે-આગળ કહેવા પ્રમાણે-" નહિ શોક કરવા લાયકનો તું શોક કરે છે. " એ શ્લોકથી આરંભીને " હું તને સર્વ પાપથી મુકાવીશ તું શોક ન કર. " ત્યાં સુધીનું વચન કહેવા લાગ્યા. ॥ ૧૦ ॥

અવશ્ય કરવા યોગ્ય કર્મયોગનું જ્ઞાન, માહાત્મ્યજ્ઞાને સહિત મારા ભક્તિયોગનું જ્ઞાન, તેમજ-જીવાત્માના યથાર્થ સ્વરૂપનું જ્ઞાન, તે વિના આ અર્જુનનો મોહ-અજ્ઞાન નહિજ શમે એમ વિચારીને પ્રથમ કર્મયોગાદિકમાં ઉપયોગી આત્મજ્ઞાનનો ઉપદેશ કરતા થકા ભગવાન-શ્રીકૃષ્ણ કહે છે—

ક્ષાત્ર-ધર્મની અપેક્ષાએ-ક્ષાત્રધર્મને લીધે પોતે યુદ્ધમાં હણવામાં આવેલા માટેજ શોક કરવાને અયોગ્ય એવા ભીષ્મદ્રોણાદિકનો તું અનુશોક કરે છે.

भाष्यम्–

अशोच्यानन्वशोचस्त्वं प्रज्ञावादांश्च भाषसे ।
गतासूनगतासूंश्च नानुशोचन्ति पण्डिताः ॥ ११ ॥

अशोच्यान्—क्षात्रधर्मापेक्षया स्वेन हन्यमानान् शोचितुमयोग्यान् द्रोणभीष्मादीन्, अन्वशोचः—अनुशोचसि। देहाभिमानिभिरज्ञैस्तेषां शोकः कर्तव्यः, न त्वात्मज्ञानिभिः शूरक्षत्रैः, तस्मात्त्वया न ते शोच्या इति भावः। प्रज्ञावादांश्च भाषसे—देहाभिमानिनां जीवानां बुद्धिमालम्ब्य "दृष्ट्वेमं स्वजनं कृष्ण! युयुत्सुं समुपस्थितम्।" इति, "अहो? बत? महत्पापं कर्तुं व्यवसिता वयम्।" इत्यादिकान्–प्रज्ञया–बुद्ध्या कल्पितान् वादांश्च–वचनानि च वदसि। एतद्वचनं भूभारहरणरूपमदभिप्रायविदस्तव नोचितमित्यभिप्रायः। तथा हि–पण्डिताः—ज्ञानिनः, गतासून्–गतप्राणान्मृतान्स्वकीयान्, अगतासूंश्च—जीवनोऽपि प्राप्तदुःखान्स्वबन्धूंश्च, नानुशोचन्ति।

यद्वा–गतासून्–देहान्, अगतासून्–जीवात्मनश्च, पण्डिताः—सम्यग्ज्ञानवन्तः, नानुशोचन्ति। विनाशिस्वभावाद्देहो न शोच्यः, अविनाशिस्वभावान्नात्मापि शोच्यः। तस्मात्तवैतच्छोचनं वृथेति भावः॥ ११॥

तत्रादावात्मनां नित्यत्वान्न ते अनुशोच्या इत्याह—नत्वेवाहमिति।

न त्वेवाहं जातु नासं न त्वं नेमे जनाधिपाः।
न चैव न भविष्यामः सर्वे वयमतः परम् ॥ १२ ॥

अहं तु जातु—सृष्टेः प्रागपि, नेव नासम्। क्षराक्षरपतिः सर्गादीनां कर्ता नैव नासं जातु। निदर्शनार्थमेतत्। न त्वं जातु–सृष्टेः प्रागपि नासीः। नेमे जनाधिपाः जातु–सृष्टेः प्रागपि नासन्। अतः परं जातु–प्रलयेऽपि न चैव न भविष्यामः।

यथा सर्वेश्वरस्य मम साधुपरित्राणार्थेदानीं दिव्येनानेन रूपेण सकलमनुजनयनविषयतां गतस्यैतावता प्राक् जातु नासत्तासम्भावना। तथैव तव चैतेषां च दृश्यमानदेहयोगाभावेऽपि यथा-

શ્લોકાર્થ-

નહિ શોક કરવા લાયકને તું અનુશોક કરે છે. અને વળી બુદ્ધિવાદની વાતો બોલે છે. કેમ કે-પંડિતો-જ્ઞાનીજને મરેલાઓને તેમજ જીવતાઓને પણ, અથવા દેહને કે આત્માના પણ અનુશોક કરતાજ નથી. ॥ ૧૧ ॥

હું કયારેય ન હતો એમ નહિ, તું પણ કયારેય ન હતો એમ નહિ, તેમજ આ બધા રાજાએ પણ ન હતા એમ નહિ. અર્થાત્-હું, તું અને આ સઘળા પણ પૂર્વે હતાજ. ।

વળી-આપણે બધાય હવે પછીના સમયમાં પણ નહિ હોઇએ એમ તો નહિજ, અર્થાત્-હોઇશુંજ. ॥ ૧૨ ॥

ભાવાર્થ-

અભિપ્રાય એ છે કે-દેહાભિમાની અશૂરવીર જનોએ તેમનો શોક કરવો જોઇએ-ઘટે. । પરન્તુ-નહિ કે આત્મજ્ઞાની એવા શૂર ક્ષત્રિયોએ, માટે તારે તો તે કોઇ રીતે શોક કરવા લાયક છેજ નહિ. ।

વળી-પ્રજ્ઞાવાદનાં વચનો બોલે છે, એટલે કે-દેહાભિમાની જીવોની બુદ્ધિને અવલમ્બીને-" હે કૃષ્ણ ! યુદ્ધ કરવાની ઇચ્છાથી સમીપમાં ઉભેલા આ મારા સ્વજનોને જોઇને" । એ તથા "અહો ?-અરે ? બત-ખેદની વાત છે કે-આવું મોટું પાપ કરવાના નિશ્ચય ઉપર અમે આવી ગયા." । એ આદિક બુદ્ધિથી કલ્પિત વાદ-વચનોને તું બોલે છે. ।

આવું વચન પૃથ્વીના ભાર હરવારૂપ મારો અભિપ્રાય જાણનારા તને કોઇ રીતે ઉચિત નથી એ અભિપ્રાય છે. ।

ખરૂં છે કે-પણ્ડિતો-જ્ઞાનીજને ગતપ્રાણ થઇ ગયેલા સ્વજનોને, તેમજ ગતપ્રાણ નહિ થયેલા-જીવતા સ્વજનોને દુઃખ પામતા જોઇને પણ અનુશોક નથીજ કરતા. ।

અથવા-ગતપ્રાણ એટલે દેહ અને અગતપ્રાણ એટલે જીવાત્માઓ એ બન્નેનો, પણ્ડિતો-સમ્યક્ જ્ઞાનવાળા જને અનુશોક કરતાજ નથી, એટલે કે-વિનાશી-સ્વભાવ હોવાથી દેહ પણ શોક કરવા યોગ્ય નથીજ, તેમજ-અવિનાશી-સ્વભાવ હોવાથી આત્મા પણ શોક કરવા યોગ્ય નથીજ. માટે તારે એમનો શોક કરવો એ સર્વથા વૃથાજ છે. એ અભિપ્રાય છે. ॥ ૧૧ ॥

તેમાં પહેલાં જીવાત્માઓનું 'નિત્યત્વ-અવિનાશિપણું' હોવાથી તેઓ કયારેય પણ શોક કરવા લાયક નથી એમ કહી સમજાવે છે—

હું તો કયારેય-સૃષ્ટિથી પહેલાં પણ, ન હતો એમ નહિ, એટલે કે-ક્ષર-અક્ષર એ સર્વના સ્વામી અને સર્ગાદિકનો કર્તા એવો હું કયારેય ન હતો એમ તો નહિજ, અર્થાત્-હતોજ. । આ પ્રમાણે ભગવાનનું જે કહેવું તે જીવાત્માઓનું નિત્યત્વ કહેવામાં દૃષ્ટાન્ત[1] માટે છે. ।

---

૧. એટલે કે-હું જેમ નિત્ય છું, તેમ તું અને આ રાજાઓ વિગેરે પણ નિત્યજ છે. ।

भाष्यम्–

कर्म देहयोगस्य पूर्वमप्यवश्यम्भावात्। संसारप्रवाहस्यानादितया सृष्टेः प्रागपि जीवानां वास्नाधूम्रराणां प्रकृतौ विलीनानां पुनः सर्गादौ यथाकर्म संसरणात् सर्गात्प्रागपि सद्भावसिद्धेः।

यथा ममेदानीमिव साधुपरित्राणाय प्रकटीभावो भावी नाम। प्रलयादीनां कर्तुमुक्तोपसृप्यस्य ममेतः परमपि जात्वपि नासद्भावसम्भावना। एवमेव तव चैतेषां च यथाकर्म देहान्तरयोगेन संसरतां प्रलयेऽपि नासद्भावसम्भावना। संसरणमूलकर्मपङ्कानपगमात्। भाविसर्गबीजरूपतया सद्भावात्।

मुक्तावपि स्वरूपानपायात् न चैव जातु न भविष्यन्ति, अक्षरे धाम्नि स्वेन रूपेणावस्थानात्। श्रूयते च–" परं ज्योतिरुपसम्पद्य स्वेन रूपेणाभिनिष्पद्यते" इति। "स एकधा भवति त्रिधा भवती"ति च। स्मर्यते च–" इदं ज्ञानमुपाश्रित्य मम साधर्म्यमागताः। सर्गेऽपि नोपजायन्ते प्रलये न व्यथन्ति च"॥ इति। अनेन त्रिकालाबाध्यं भेदपारमार्थ्यं ज्ञापितं भवति।

अत्र विशेषः श्रीमद्रामानुजाचार्यविरचितगीताभाष्यतोऽवगन्तव्यः॥ १२॥

આ શ્લોકનું વિવરણ લખતાં તિલક–મહાશય જણાવે છે કે–" હું એટલે પરમેશ્વર અને તું અને આ રાજાઓ એટલે બીજા આત્માઓ, એ બન્ને જો કે આગળ હતા અને ભવિષ્યમાં પાછા ઉત્પન્ન થવાના છીએ, તો પરમેશ્વર અને આત્મા એ એક બીજાથી જુદા, સ્વતંત્ર અને નિત્ય છે, એવું આ શ્લોક ઉપરથી સિદ્ધ થાય છે. પણ એ અનુમાન બરાબર નથી, સામ્પ્રદાયિક આગ્રહનું છે."

તો એ બાબતમાં બીજાઓને તો એજ કહેવાનું હોય કે સામ્પ્રદાયિક મતાગ્રહ સિવાય કયા ભાષ્યકારે અને કયા ટીકાકારે ગીતા ઉપર પોતાનો બુદ્ધિવાદ અજમાવ્યો હોય એવું છે? સહુ કોઇએ મતાગ્રહ માટેજ યથાબુદ્ધિ પ્રયાસ કર્યો છે. । અને જો એવો મતાગ્રહીઓ માનીને બીજા ઉપર આક્ષેપ કરવો હોય તો તો એ આક્ષેપનું બીજારોપણ પ્રથમ શ્રી શાંકર–ગીતાભાષ્યમાંજ–" **देहभेदानुवृत्त्या वहुवचनम् नात्मभेदाभिप्रायेण** " આ પ્રમાણે કરેલું છે. માટે એ આક્ષેપ પ્રથમ ત્યાંજ આવે એવો છે.

અને શ્રીમદ્રામાનુજાચાર્ય તો એ અસ્થાને થયેલા મતાગ્રહસૂચક બીજારોપણનો ફક્ત પ્રતિકાર કરે છે કે–આ શ્લોકમાં રહેલું બહુવચનજ આત્મભેદને સિદ્ધ કરે છે, નહિ તો હું તું અને આરાજાઓ એવો નિર્દેશજ ન કરત.। ફક્ત એટલુંજ કહેત કે–"આ સર્વમાં રહેલો આત્મા નિત્ય છે અને નજરે દેખાતાં આ શરીર બધાં અનિત્ય–ખોટાં છે, તું શોક કોનો કરે છે?"

टीका-

किमपि कर्तव्यम्। धर्मे तु सुतरां मूढचित्तोऽस्मीति भावः। धर्माधर्मयाथात्म्यावधारणेऽसमर्थं मे चेत इत्याशयेन व्याचष्टे-धर्माधर्मज्ञाने सन्दिग्धान्तःकरणः सन्नित्यर्थ इति। त्वा इत्यनेन विवक्षितं विशेषमाह--करुणाकरमाश्रितवात्सल्यजलधिमिति। मूले-श्रेय इति। साधनं साध्योपचारात्, श्रेयःसाधनमित्यर्थः। इदमेवाभिप्रेत्य व्याचष्टे-येन कृत्येन श्रेयः स्यात् तत्कृत्यमिति। निश्चितमिति क्रियाविशेषणम्, यथा संशयो न पुनरुदियात् तथा ब्रूहीति भाव इत्यभिप्रेत्य व्याचष्टे-निश्चितं यथा तथा ब्रूहीति। प्रकारान्तरेण व्याचष्टे-निश्चित्येति। अतिगहनोऽयं विषयः, कर्म चेदं गुरुहननादिरूपमतिदारुणम्, तत् सम्यगवधार्य ब्रूहीति भावः।

ननु--ते इति-त्वमसि सम्मूढचेताः, स्वतन्त्र इव च धर्मं भाषसे, अयं ते धार्मिकाग्रसरत्वाभिमानः कथमपगमेत्? एवम्भूताय ते कस्मात् प्रयोजनात्, किं प्रयोजनं निमित्तीकृत्य ब्रूयाम्? व्यर्थ एव ममोपदेशो भवेदिति भावः।

तवाहं शिष्य इति। नाहं स्वतन्त्रः, किन्तु-शिक्षां कर्तुं योग्य इति भावः। पपन्नश्चास्मि त्वामधुनेति भावः॥ ७॥

अवाप्येति। वर्तमानस्येति शेषः। अवाप्य वर्तमानस्य ममेत्यन्वयः। यदिति--यदनुभूयमानमित्यर्थः। राज्यलाभे स्वाराज्यलाभे वा किमनुभूयमानं स्वजनबन्धुजनवधजनितं शोकमपनुदेत्? न किमपीति भावः। न योत्स्य इति। यावत् मां प्रपन्नं भवान्न प्रतिबोधयति तावदिति भावः॥ ८-९॥

"अशोच्या" नित्यारभ्य, "अहं त्वा सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुचः"। इत्यन्तं वचनमिति। अनेन "अशोच्या" नित्यस्यापि श्लोकस्य शास्त्रे समावेशः सूचितः। यद्यपि--"न त्वेवाहमि" त्यग्रिमः श्लोक एव तत्त्वनिरूपणारम्भः, अथापि एतदारम्भकतयास्यापि शास्त्रे समावेशः सूचितः॥ १०॥

वृत्तं शोकमनूद्य तस्यास्य शोकस्यास्थानतामुक्त्वा तस्य तामस्थानतामेव ह्युपपादयति--"न त्वेवाह" मिति। प्रज्ञया-बुद्ध्येति। स्वतन्त्रया प्रज्ञया, न तु शास्त्रवशगया गुरुवचनवशगया वा, केवलमुन्मर्यादया प्रज्ञया। अत एव ते वचनमिदं केवलं वादरूपम्, न तु विमर्शरूपमिति भावः। प्रकारान्तरेण व्याचष्टे--यद्वेत्यादिना। अयं च पक्षः श्रीमद्रामानुजाचार्यैरादृतः। अत्र--"गतासूनगतासूं"निति लाक्षणिकम्। लक्षणा च प्रकरणानुगुणेति न दोषाय, अनुपदं "न त्वेवाहं जातु नास" मित्यादिना आत्मनां शोकस्थानत्वं प्रतिक्षिप्यते। "अथ चैनं नित्यजात" मित्यादिना देहस्यापि शोकस्थानत्वं प्रतिक्षिप्यते॥ ११॥

न त्वेवाहमिति श्लोकमवतारयति-तत्रादाविति। तुशब्देन विवक्षितं स्वेतरसकलचेतनवैलक्षण्यं विशदयति-क्षराक्षरेति। सर्गादीनां कर्तेति। सर्गस्थितिसंहारकर्तुः सर्गात्प्राक् प्रलयेऽपि सत्ता गम्यते। जात्वित्यनेन विवक्षितं विशेषमाह--सर्गात्प्रागपीति।

एतेन--"भवत्वात्मनां आसर्गादाप्रलयं स्थिरता, न तावता नित्यता, जातु उत्पादविनाशयोगात्" इतीयं शङ्कापास्ता भवति। भावमाह यथेत्यादिना। यावत् प्रपञ्चस्थितिसमयं

ભાવાર્થ-

તું પણ ક્યારેય-સૃષ્ટિથી પહેલાં પણ ન હતો એમ નહિ. । તેમજ-આ સઘળા રાજાઓ પણ ક્યારેય-સૃષ્ટિથી પહેલાં પણ ન હતા એમ તો નહિજ. । વળી-આપણે બધાય આ વર્તમાનકાળ પછી ક્યારેય-પ્રલય દશામાં પણ નહિ કે આપણે નહિજ હોઇએ. ।

જેમ સર્વેશ્વર એવો જે હું તે મારા ભક્ત-સાધુઓના પરિત્રાણ-રક્ષણ માટે હાલ સમયમાં આ દિવ્ય રૂપથી સર્વ મનુષ્યોની નયનવિષયતાને પામેલાની મારી એટલા-માત્રથીજ પૂર્વે કોઇ સમયમાં પણ ન હોવાની સમ્ભાવના નથી, તેજ પ્રમાણે તારે અને આ રાજાઓ વિગેરેને પણ દૃશ્યમાન-વર્તમાન દેહયોગના અભાવસમયમાં પણ પોત-પોતાના કર્મ પ્રમાણે દેહયોગનો પૂર્વે પણ અવશ્ય-ભાવ હતોજ. ।

કેમ કે-સંસાર-પ્રવાહનું અનાદિપણું હોવાથી સૃષ્ટિથી પહેલાં પણ જીવો બધા વાસનાથી મલિનભાવવાળા અને પ્રકૃતિમાં વિલીન થયેલા તેમને સર્ગના આદિભાગમાં

ટીપણી-

અને વળી-હું, તું અને આ, એવો નિર્દેશ જો શરીરને લીધેજ હોય, તો ભૂત ભવિષ્ય અને વર્તમાન એ ત્રણેય કાળમાં એક સરખું અવિચ્છિન્ન અસ્તિત્વ શરીરનું ક્યાં છે ? કે જેથી "હું, તું અને આ, એ બધાય હતા અને હોઇશું" એમ ભગવાનનું-કહેવું વાસ્તવિક રીતે યોગ્ય ગણાય, માટે આ શ્લોકમાં રહેલા-હું, તું અને આ, એ શબ્દો ભગવાન શ્રીકૃષ્ણ અને અર્જુનાદિક ચેતન-આત્માનેજ લાગુ પડે છે, પણ નહિ કે-શરીરને. ।

માટે આ શ્લોકમાં **આત્મભેદ** છે કે નહિ એ વસ્તુ તો નિગળીજ છે, પરન્તુ-જાણ્યે-અજાણ્યે પણ કોઇક નિષેધરૂપે તો કોઇક વિધિરૂપે, તેમજ-કોઇક આત્મભેદની શંકાથી તો કોઇક નિશ્ચયથી, પણ આત્મભેદનેજ દૃઢ કરી આપે છે. ।

વળી-તિલક-મહાશય એટલેથીજ નહિ અટકતાં જે મતાગ્રહનો આક્ષેપ શ્રીમદ્રામાનુજાચાર્ય ઉપર કરે છે, તેવાજ દૃઢ મતાગ્રહમાં એ પોતે પણ તણાઇને આગળના લખાણથી જણાવે છે કે-" સર્વ પ્રાણીઓના શરીરમાં દેહધારી આત્મા હુંજ છું, મતલબ-એકજ પરમેશ્વર છે. એવો અદ્વૈત સિદ્ધાન્ત (ગી.-૮-૪. ૧૩-૩૧.) આગળ ગીતામાં સ્પષ્ટ કહેલો છે."

તો જ્યારે અમુક શ્લોકથી ગીતામાં એમને અદ્વૈત સિદ્ધાન્ત દેખાયો ત્યારે-(ગી. અ. ૧૫-શ્લો. ૧૯-૧૮. । અ. ૧૮ શ્લો. ૬૧-૬૨. । અ. ૭ શ્લો. ૪-૭. ।) આ વિગેરે શ્લોકોથી આત્મભેદ અને તત્ત્વત્રયની વિશિષ્ટતા વિગેરે સિદ્ધાન્તો કેમ ન દેખાયા ? તો એ બધુંય મતાગ્રહનુંજ પરિણામ છે એમ કેમ ન મનાય ?

અસ્તુ-આ ગીતાની ઉત્પત્તિજ યુદ્ધ-સમયમાં અને યુદ્ધ-પ્રસંગમાંથી થયેલી છે, તેથીજ કદાચ આ ગીતાના આરંભશ્લોકમાંજ આ પ્રમાણે મોટા મોટા પૂજ્યપાદ આચાર્યો પણ પોતે જાણ્યે અજાણ્યે વાગ્યુદ્ધમાં રસિક બની જતા હોય તો તે વાગ્વિલાસરૂપ વાગ્યુદ્ધ તેમનાજ ચરણે સમર્પીને એ અનિર્ણય વસ્તુના નિર્ણયમાં વાક્ચાપલ્ય બતાવવા કરતાં વિનય-વિવેકથી વિનમ્રભાવે વિરામ પામવો એજ સર્વથા સમુચિત છે. । ભા. ક.

टीका-

स्थिरतामुपपादयति-यथाकर्मेति। सर्गात्प्रागपि सद्भावमुपपादयति-संसारप्रवाहस्येति। प्रलयादीनां कर्तुर्मुक्तोपसृप्यस्येत्यतत् परमेश्वरस्य अनन्तत्वे लिङ्गम्। यथाकर्म देहयोगेन संसरतामिति। एतद्देहविनाशेऽप्यविनाशित्वमनेन गम्यते । संसरणमूलकर्मपङ्कानपगमादिति। अनेन प्रलयेऽपि अविनाशित्वं गम्यते । मुक्तावपि स्वरूपानपायादिति । एतेन जीवानां मुक्तौ जीवभेदप्रविलयवादो निरस्तः। तद्वादे हि अनित्यतासम्भावना प्रसजेत् । मुक्तावपि आत्मभेदे प्रमाणमाह—श्रूयते चेत्यादिना। गीताभाष्यतोऽवगन्तव्य इति। आत्मभेदपारमार्थ्योपपादनप्रकारः, श्लोकस्यास्य आत्मभेदपरता, अतत्परत्वे श्लोकस्यास्वारस्यमुपदेशाद्यनुपपत्तिश्चेत्यादिकं ततोऽवगन्तव्यमिति भावः ।

अयम्भावः-भाषसे त्वं धर्मवादान्, शोचसि च वन्धुमरणं भाव्यालक्ष्य, जीवतीति यो हर्षः, हन्तायं मृत इति यः शोकः, तयोः स्थानं किमिति विचारय !। सततपरिणामिनि विशरणैकस्वभावे शरीरे असुसंश्लेषे कोऽपि परिणामविशेषो वाल्ययौवनजरादिलक्षणः, तद्विश्लेषे च विलक्षणः कृम्यादिलक्षणः। तत्-अगतासुरिव गतासुरपि भूतसङ्घातोऽयं शरीराख्यो न शोकस्थानम् । जानास्येवैतत्त्वमपि। यत् निरयपातभीतो ब्रूषे "नरके नियतं वासो भवती"ति। ये चासवः सदा गतिस्वभावाः, ते तु इतो लोकादमुं लोकम्, अमुष्मादिमं लोकं यान्ति आयान्ति च । आसृष्टेराप्रलयमनुवर्तन्त एव, तत् नासवः शोकस्थानम्। प्रायस्ते शोकः एतान् प्रत्येव, य एते क्षेत्रज्ञाः अहं त्वम् इत्यादिव्यवहारगोचरीभूताः । तत् प्रथममेषां स्वरूपं विचारय ?। अहं त्वं इमे सर्वे वयं पूर्वमस्मिन् सर्गे सर्गादौ ततः प्राग्वा न नाभवाम। न चैव न भविष्यामः--प्रलये वा प्रलयात्प्रत्यग्वा। एवं कालत्रयेऽप्यनुवर्तमानेषु कः शोकावसरः ? इति।

ननु-अधर्मभयाद्युद्धादुपरतोऽयं धर्मविवोधनेन युद्धे प्रेरयितव्यः, तदत्रात्मनित्यत्वाववोधने कोऽयं संरम्भः ? सत्यम्, क्षात्रधर्मतया प्रसिद्धेऽपि युद्धे अधर्मतावुद्धौ मूलं मोहः, तत्र च मूलं शोकः, तेन चायमभिभूतः।

यदयम्-"सेनयोरुभयोर्मध्ये रथं स्थापय ? मेऽच्युत !। यावदेतान्निरीक्षेऽहं योद्धुकामानवस्थितान्॥ कैर्मया सह योद्धव्यमस्मिन् रणसमुद्यमे ?। योत्स्यमानानवेक्षेऽहं य एतेऽत्र समागताः। धार्तराष्ट्रस्य दुर्वुद्धेर्युद्धे प्रियचिकीर्षवः"॥ इति सोत्साहं वदन् क्षात्रप्रकृत्या नैसर्गिकेण शौर्येण युद्धे प्रवृत्तः-"तत्रावेक्ष्य स कौन्तेयः सर्वान् वन्धूनवस्थितान् । कृपया परयाविष्टो विषीदन्निदमब्रवीत्"॥ "दृष्ट्वेमं स्वजनं कृष्ण ! युयुत्सुं समुपस्थितम्। सीदन्ति मम गात्राणि मुखं च परिशुष्यति ॥ वेपथुश्च शरीरे मे रोमहर्षश्च जायते। गाण्डीवं स्रंसते हस्तात्त्वक्चैव परिदह्यते ॥ न च शक्नोम्यवस्थातुं भ्रमतीव च मे मनः"॥ इत्यादि । तदयं महता शोकेनाभिभूत इति स्पष्टं विज्ञायते। ततो मोहः, मोहाच्च धर्मविभ्रमः, ततश्चाधर्मभयोद्विग्नतामूलकानि वचनानि-"पापमेवाश्रयेदस्मान्" इत्यादीनि। यान्येवतानि स्वोत्प्रेक्षामूलकानि प्रज्ञावादरूपाणि। तदुपपन्नं नाम शोकमूलापनोदनाय प्रथममात्मानात्मतत्त्वविवेचनम्।

इमं श्लोकं व्याचक्षाणाः परे भेदपारमार्थ्यं न सहन्ते। देहानुवृत्त्या वहुवचनम्, आत्मस्वरूपेण नित्यतां च सङ्गमयन्ति।

टीका–

पुरुषस्य नित्यत्वं बहुत्वं च तुल्यमवगमयद्वचनं किमिति विषमगत्या नीयते ?। स्वरूपतो नित्यत्वं देहतो बहुत्वमिति विषमं हि नयनम्। तात्पर्यानुसारिणी वचनगतिरिति चेत्, सत्यम्, असति विरोधे वाच्यार्थं नातिक्रमेत तात्पर्यम्। अस्ति विरोध इति चेत्, स कः ? नित्यत्वबहुत्वयोरिति चेत्, स्वगोष्ठीनिष्ठोऽयं मनोरथः। उत्पादकविनाशकसामग्र्यसम्भवाधीनं नित्यत्वं कथमुपरुद्ध्येत बहुत्वेन ?।

ननु—देहिनो देहनाशमनु विनाशो नेत्येतावदिह विवक्षितम्। सत्यम्, किं तेन ?। ननु–देहिनां तदर्थमनुवादः। स्यादेतदंशेऽनुवादः, अनूद्यमानमारोपितमिति कथमवधारयसि ?। अनूद्यमानः सम्प्रतिपन्न इति तु विशेषः। उद्देश्यविशेषणांशे न तात्पर्यमिति केन निश्चिनोषि ?। ननु–न सर्वथा बहुत्वयोगः प्रतिक्षिप्यते। देहोपाधिद्वारा तदन्वयः स्वीक्रियते।

हन्त ? तत एव भ्रमो विषमं नयनं वाच्यमर्यादामतिक्रामतीति।

ननु–कोऽयमस्थाने तर्ककल्लोलकोलाहलः ?—देहदेहिनोर्भेदाग्रहमूलकोऽयं भ्रमः सर्वेषाम्-"अहो बहवो देहिनो जायन्ते नश्यन्ति" इति।

जनिर्विनाशो बहुत्वं चेति देहधर्मो देहिन्यध्यस्यते। तत्र शोकनिमित्तं जनिविनाशभ्रम एव। शोकं निवारयितुं प्रवृत्तेन तदंशे भ्रमो निवर्त्यते—न त्वेवाहमिति। तावता भेदपारमार्थ्यं कथमवधार्यते ?। बहुत्वं नात्मधर्मः, देहयोगादध्यस्तमिति कथमवधृतं त्वया ? तत्प्रतिक्षेपादिति चेत्, नेह प्रतिक्षिप्यते। वचनान्तरतस्तत्प्रतिक्षेपो व्यक्त इति चेत्, वचनादस्मात् स्वरसतः प्रतीयमानस्य पुरुषभेदस्यापारमार्थ्यावधारणं वचनान्तरसापेक्षमिह कथमवधारयसि ?। वचनान्तराणां विमर्शे भेदयाथार्थ्यमिहैव स्थापयिष्यामः। तदिहोपशाम्यतु भवान्॥ १२॥

ननु–भवान् सर्वेश्वरः, स्वेच्छया प्रादुर्भवतः स्वेच्छया तिरोभवतस्तव तु न जन्म न वा मरणम्, अस्माकं तु महदेतत् दुःखाधायकं मरणम्, तदस्मान् कथं भवान् "न त्वेवाहं जातु नासम्" इति भवता सह समं गणयतीत्याशङ्कायामाह–देहिनोऽस्मिन्निति। ज्ञानिनो निर्मोहित्वमिति। मरणमधिकृत्येति शेषः। ज्ञानिनां मरणं न मोहस्थानमित्याहेति यावत्। एतास्तिस्रोऽवस्था यथा स्वाभाविका भवन्ति, तथा देहान्तरप्राप्तिरिति।

अयमाशयः– भवति नाम मरणं देहिनः, स च न विनाशः, देहवियोग एव तु सः, देहवियोगोऽपि देहान्तरप्राप्तेर्नान्तरीयकः, एतद्देहवियोगपूर्वकदेहान्तरप्राप्तौ कः शोकावसरः ? क्षेत्रज्ञो हि देही, देहारम्भकं कर्मानेन बहु सञ्चितम्, यथा यथा तत् परिपच्यते, तथा तथा पूर्वं पूर्वं त्यजति परं परं गृह्णाति। अनेन कर्मणा सम्पादितश्चायं देहः—उपचयधर्मा, न सततैकरूपः, अथोपचयधर्मणः अपचयोऽपि सहजः, उपचयश्च कौमारं यौवनमिति, अपचयश्च जरा, अपचयधर्मणोऽस्य विशरणमप्यवश्यम्भावि, विशीर्णे च भोगायतने नवमपरं भोगायतनं प्रविशति, तदेवं देहे निवसतो देहिनः सततपरिणामस्वभावे कौमारादिकमिव यथाकर्म संसरणधर्मणोऽस्य विशीर्णदेहत्यागे देहान्तरयोगश्चावश्यम्भावीति धीराणां न मोहस्थानं मरणमिति॥ १३॥

શ્લોકાર્થ-

દેહી-જીવાત્માને આ દેહમાંજ જેમ કુમારાવસ્થા, યુવાવસ્થા અને વૃદ્ધાવસ્થા, અનુક્રમે બદલાયા કરે છે, તેજ પ્રમાણે આગળ બીજા-બીજા દેહની પ્રાપ્તિ પણ થાય છે. માટે એમ જાણીને ધીર પુરૂષ તેમાં મોહ નથી પામતો. ॥ ૧૩ ॥

ભાવાર્થ-

પોત-પોતાના કર્મ પ્રમાણે સંસૃતિ થતી હોવાથી સૃષ્ટિથી પહેલાં પણ તેમનો સદ્ભાવ-હોવાપણું સિદ્ધ થાય છેજ માટે. ।

જેમ—મારો હાલ-સમયમાંજ જેમ, એમ સાધુજનોના પરિત્રાણ માટે ભવિષ્યમાં પણ મારો પ્રાદુર્ભાવ થવાનોજ. અને એ રીતે પ્રલયાદિકનો કર્તા અને મુકત પુરૂષોને દિવ્ય બ્રહ્મધામમાં પ્રાપ્યસ્વરૂપે રહેલા એવા મારા, અતઃપર કોઈ પણ સમયમાં અસદ્ભાવની સમ્ભાવના છેજ નહિ. । એજ પ્રમાણે તારે અને આ રાજાઓ વિગેરેને પણ પોત-પોતાના કર્મ પ્રમાણે બીજા-નવા નવા દેહના યોગથી સંસૃતિમાં ફરનારાઓને પ્રલય-સમયમાં પણ અસદ્ભાવની સમ્ભાવના નથીજ. કારણ કે-સંસૃતિમાં કારણભૂત કર્મરૂપ મળલેપનો નાશ નહિ થયેલો માટે, તેમજ ભાવિ—સર્ગમાં પણ બીજરૂપે પણ વર્તતો હોવાથી. ।

વળી-મુકિતદશામાં પણ આત્માઓનો સ્વરૂપથી નાશ નહિ થતો હોવાથી કયારેય પણ ભવિષ્યમાં પણ નહિ હોઇએ એમ નહિજ. । કેમ કે-અક્ષર-બ્રહ્મધામમાં સ્વસ્વરૂપથીજ રહેવાનું છે માટે. । તે વાત શ્રુતિમાં સ્પષ્ટ શ્રવણ થાય છે-" પર જ્યોતિઃસ્વરૂપ પરમાત્માને પામીને સ્વસ્વરૂપથી સિદ્ધ-મુકત થઇને વર્તે છે. " । " તે મુકતાત્મા ઇચ્છા પ્રમાણે એકરૂપે થાય છે, વળી કયારેક ત્રણ પ્રકારે પણ વર્તે છે. " । સ્મૃતિમાં-ગીતામાં પણ એમજ કહે છે-" આ મેં કહેલા જ્ઞાનને સિદ્ધ કરીને મારા સાધર્મ્ય—સમાન ભાવને પામેલા મુકતાત્માઓ સર્ગ—સમયમાં ઉત્પન્નેય થતા નથી અને પ્રલય-સમયમાં કોઇ વ્યથાને પણ પામતા નથીજ. " । આમ કહેવાથી ત્રિકાળાબાધ્ય ભેદપારમાર્થ્ય પણ નક્કીજ છે એમ જણાવાય છે. ।

આ બાબતમાં વિશેષ વિચાર શ્રીમદ્રામાનુજાચાર્યવિરચિત-ગીતાભાષ્યમાંથી જાણી લેવો. ॥ ૧૨ ॥

દેહનો પરિણામી સ્વભાવ છે અને જીવાત્માઓનો કર્મ પ્રમાણે બીજા-બીજા દેહ સાથે જોડાવું એજ એક લક્ષણ જેનું છે એવો સંસૃતિ પામવારૂપ સ્વભાવ છે, એમ કહેતાં—કહેવાપૂર્વક એ બન્નેમાં જ્ઞાનીને નિર્મોહિપણું કહી બતાવે છે—

દેહધારી ક્ષેત્રજ્ઞ-જીવાત્માને આ દેહમાં-સ્વકર્માનુસારે ઇશ્વરે આપેલા સ્થૂળ શરીરમાં, જેમ-કૌમાર-બાલ્યાવસ્થા, યૌવન-યુવાવસ્થા અને જરા-વૃદ્ધાવસ્થા, એ ત્રણ અવસ્થાઓ સ્વાભાવિકપણે વર્તે છે, તેજ પ્રમાણે બીજા--બીજા દેહોની પ્રાપ્તિ

भाष्यम्-

देहस्य परिणामिस्वभावम्, जीवानां यथाकर्म देहान्तरसंश्लेषैकलक्षणं संसरणस्वभावं च कथयन् ज्ञानिनो निर्मोहित्वमाह—देहिन इति ।

देहिनोऽस्मिन् यथा देहे कौमारं यौवनं जरा ।
तथा देहान्तरप्राप्तिर्धीरस्तत्र न मुह्यति ॥ १३ ॥

देहिनो-देहभृतः क्षेत्रज्ञस्य, अस्मिन् देहे-स्वकर्मानुगुणमीश्वरदत्ते स्थूलशरीरे, यथा कौमारम्-बाल्यावस्था, यौवनम्-युवावस्था, जरा—वृद्धत्वं च, एताः तिस्रोऽवस्थाः स्वाभाविका भवन्ति, तथा देहान्तरप्राप्तिः—अन्यदेहप्राप्तिरस्ति । तत्र—अन्यदेहप्राप्तौ, धीरो न मुह्यति—आत्मज्ञानदार्ढ्येन धैर्यवान् पुरुषः अहं मरिष्यामीति मोहं न प्राप्नोति, आत्मनो मरणाभावात् । एकदेहिकथनेन सर्वेषामुपलक्षणम् ॥ १३ ॥

ननु—क्षेत्रज्ञानामविनाशित्वे सत्यपि क्षात्रियधर्मोदितयुद्धादिशास्त्रीयकर्मकरणे शस्त्रादिघातजन्यं दुःखं भविष्यत्येवेति चेत्तत्राह--मात्रेति ।

मात्रास्पर्शास्तु कौन्तेय! शीतोष्णसुखदुःखदाः ।
आगमापायिनोऽनित्यास्तांस्तितिक्षस्व ! भारत ! ॥१४॥

हे कौन्तेय !-कुन्तीपुत्र ! शीतोष्णसुखदुःखदाः-शीतोष्णादिसमीचीनासमीचीनविषयग्रहणरूपे सुखदुःखे ददति तथाभूताः । आगमापायिनः—आगमापगमस्वभावाः, अतोऽनित्याः, मात्रास्पर्शाः—मात्राणाम्—समीचीनासमीचीनशब्दादीनाम्, स्पर्शाः—इन्द्रियैः सह स्पर्शाः—संश्लेषाः । हे भारत ! तान् तितिक्षस्व-यावदनभिसंहितफलयुद्धादिशास्त्रीयकर्मसमाप्ति, तावद्धैर्येण शीतोष्णमृदुपरुषादिरूपान् तान् सहस्व ! तेषां सहनं कुर्वित्यर्थः ॥ १४ ॥

तत्सहनेन किमिति चेत्तत्राह—यमिति ।

यं हि न व्यथयन्त्येते पुरुषं पुरुषर्षभ ! ।
समदुःखसुखं धीरं सोऽमृतत्त्वाय कल्पते ॥ १५ ॥

શ્લોકાર્થ-

હે કુન્તીપુત્ર-અર્જુન ! શબ્દાદિક વિષયોના સ્પર્શો તો શીત-ઉષ્ણ, સારા-નરસા હોઇને સુખ-દુઃખને આપનારા છે. અને તેય આગમન-ગમન સ્વભાવના હોવાથી અસ્થિર—નાશવંત છે, માટે હે ભારત ! તેને તું સહન કર. ॥ ૧૪ ॥

હે પુરૂષશ્રેષ્ઠ-અર્જુન ! સુખ-દુઃખ જેને સમાન થઇ ગયાં છે, એવા જે ધીર—આત્મદર્શી પુરૂષને એ વિષયો વ્યથા-ઉદ્વેગ નથી પમાડતા તે પુરૂષ અમૃતત્વ-મુક્તિને માટે કલ્પાય છે—યોગ્ય થાય છે. ॥ ૧૫ ॥

ભાવાર્થ-

થયાજ કરે છે. તેમાં-બીજા દેહની પ્રાપ્તિમાં, ધીર પુરૂષ મોહ નથી પામતો, એટલે કે-આત્મજ્ઞાનને લીધે ધૈર્યવાન પુરૂષ "હુ **મરી જઈશ**" એવો મોહ નથીજ પામતો. કેમકે-આત્માને મરણ છેજ નહિ. ।

અહીંઆં એક દેહધારીની વાત કહેવાથી સર્વ દેહધારીઓનું એજ પ્રમાણે જાણી લેવું. ॥ ૧૩ ॥

નનુ-શંકા, ક્ષેત્રજ્ઞોનું અવિનાશિપણું હોય, તો પણ ક્ષત્રિયોના ધર્મમાં કહેલાં યુદ્ધાદિક શાસ્ત્રીય કર્મ કરવામાં-કરતી વખતે શસ્ત્રાદિકના ઘાતથી થયેલું દુઃખ તો થવાનુંજ-થાયજ.।

એ શંકાના સમાધાનમાં કહે છે—હે કુન્તીપુત્ર—અર્જુન ! શીત—ઉષ્ણરૂપ હોઇને-હોવાથી સુખ-દુઃખ આપનારા, એટલે કે-શીત-ઉષ્ણાદિક સારા નરસા વિષયોનું ગ્રહણ કરવું એરૂપ સુખ દુઃખને આપનારા, તેમજ-આવવા-જવાના સ્વભાવવાળા, માટેજ અનિત્ય-અસ્થિર એવા માત્રાસ્પર્શો-સારા નરસા શબ્દાદિક વિષયોના સ્પર્શો-ઇન્દ્રિયો સાથેના સંશ્લેષો તો છે. તેને હે ભારત ! સહન કર ? એટલે કે-ફળાનુસન્ધાન છોડી દઇને જ્યાં સુધી યુદ્ધાદિક શાસ્ત્રીય કર્મની સમાપ્તિ થાય ત્યાં સુધી ધૈર્ય રાખીને શીત-ઉષ્ણ, કોમળ-કઠોર એવા તે વિષયોને સહન કર ? એ અર્થ છે. ॥ ૧૪ ॥

તેનું સહન કરવાથી શું ફળ ? એ શંકાના સમાધાનમાં કહે છે—

હે પુરૂષશ્રેષ્ઠ ! આ વિષયના સંસર્ગો, સુખ-દુઃખ જેને સમાન થઇ ગયાં છે, એટલે કે-સ્વધર્મનું પાલન કરતાં વચ્ચે વચ્ચે આવેલા પ્રારબ્ધ-કર્મજન્ય અવર્જનીય દુઃખને પણ સુખની પેઠેજ અનુભવ કરતો અને તેથીજ ધૈર્યશાલી એવા જે પુરૂષને વ્યથા નથી ઉપજાવતા, તે ધીર પુરૂષ અમૃતત્વ-મોક્ષ પામવાને માટે લાયક થાય છે. એ અર્થ છે. ॥ ૧૫ ॥

હવે તે તિતિક્ષામાં સાધનભૂત સત્-અસત્નો વિવેક બતાવે છે—

અસત્નો—બ્રહ્માથી લઇને સ્થાવર પર્યન્તના દેહધારીઓના દેહવર્ગનો, અથવા તો સુખ-દુઃખાદિકનો, ભાવ-સદ્ભાવ-સત્યતા છેજ નહિ, કારણ કે-પરિણામિપણું છે માટે. । અને સત્નો-આત્મવર્ગનો, અભાવ-અસત્યતા નથીજ કારણ કે-પરિણામ પામવાપણું નથી માટે. । વસ્તુની યથાર્થતાને જોવાના સ્વભાવવાળા

भाष्यम्–

हे पुरुषर्षभ ! एते—मात्रास्पर्शाः, समदुःखसुखम्—समे दुःखसुखे यस्य तम् । स्वधर्मपालनान्तर्गतावर्जनीयदुःखं प्रारब्धकर्मजन्यदुःखं च सुखमिवानुभवन्तमित्यर्थः । अत एव धीरम्–धैर्यशालिनम्, यं पुरुषम् न व्यथयन्ति । स धीरपुरुषोऽमृतत्त्वाय कल्पते, अमृतत्त्वं मोक्षं प्राप्तुं योग्यो भवतीत्यर्थः ॥ १५ ॥

तितिक्षासाधनभूतं सदसद्विवेकं दर्शयति-नेति ।

नासतो विद्यते भावो नाभावो विद्यते सतः ।
उभयोरपि दृष्टोऽन्तस्त्वनयोस्तत्त्वदर्शिभिः ॥ १६ ॥

असतो—ब्रह्मादिस्थावरान्तानां देहभृतां देहसमूहस्य, वा सुखदुःखादेः, भावः—सद्भावः–सत्यत्वं न विद्यते, परिणामित्वात् । सतः—आत्मसमूहस्य, अभावः—असत्त्वम्, न विद्यते—नास्ति, अपरिणामित्त्वात् । तत्त्वदर्शिभिः–वस्तुयाथार्थ्यदर्शनशीलैः पुरुषैः अनयोरुभयोरपि–सदसतोः परिणाम्यपरिणामिवस्तुनोरपि, अन्तः–यथार्थनिर्णयः, दृष्टः—ज्ञातः ॥ १६ ॥

क्षेत्रज्ञस्य स्वरूपस्वभावं निरूपयन्नाह–नवभिः—

अविनाशि तु तद्विद्धि ! येन सर्वमिदं ततम् ।
विनाशमव्ययस्यास्य न कश्चित् कर्तुमर्हति ॥ १७ ॥

अविनाशीति । येन—चेतनवस्तुना, इदं सर्वम्— प्रत्यक्षत्वेन दृश्यमानं समग्रमचेतनम्, ततम्—व्याप्तम्, प्रतिशरीरमेकैकस्य जीवात्मनः पृथक्त्वेन व्याप्तिरस्तीति भावः । तत्तु–चेतनवस्तुजातं तु, अविनाशि—नाशवर्जितम्, विद्धि–जानीहि । तत्र कारणं वदति —विनाशमिति । अव्ययस्यास्य–अचेतनवर्गव्यापकत्वेनात्यन्तसूक्ष्मत्त्वान्नाशायोग्यस्य जीवात्मवर्गस्य । कश्चित्—कोऽपि पदार्थः, विनाशं कर्तुं नार्हति, तस्माच्छोको न कर्तव्यः ॥ १७ ॥

नित्यात्मस्वरूपनिरूपणेन देहानामन्तवत्त्वमाह–अन्तवन्त इति ।

अन्तवन्त इमे देहा नित्यस्योक्ताः शरीरिणः ।
अनाशिनोऽप्रमेयस्य तस्माद्युद्ध्यस्व ! भारत ! ॥ १८ ॥

શ્લોકાર્થ-

અસત્-પદાર્થનો સદ્ભાવ નથી અને સત્-વસ્તુનો અસદ્ભાવ નથી. આ **સત્—અસત્** એ બન્નેનો પણ ખરો સાર-નિર્ણય તો તત્ત્વદર્શી મહાત્માઓએ જાણેલો છે. ॥ ૧૬ ॥

તે સત્-વસ્તુ આત્મતત્ત્વ તો અવિનાશી છે એમ તું જાણ ? કે જેનાથી આ સઘળું વિશ્વ અથવા આ આખું શરીર વ્યાપ્ત છે. અને એ વિકારશૂન્ય આત્મતત્ત્વનો વિનાશ કરવા કોઇ પણ સમર્થ નથી. ॥ ૧૭ ॥

નિત્ય-નિરન્તર સદ્ભાવવાળો, નાશ નહિ પામનારો અને અપ્રમેય-સર્વ પ્રમાણોથી પણ નિર્ણય ન કરી શકાય એવા શરીરધારી આત્માના આ-ભૂત ભવિષ્યમાં થનારા દેહો અન્તવાળા-નાશવન્ત છે, માટે હે ભારત !-અર્જુન ! એ બધાનો શોક મુકીને તું યુદ્ધ કર. ? ॥ ૧૮ ॥

ભાવાર્થ-

તત્ત્વદર્શી મહાત્માઓએ પરિણામી અને અપરિણામી એવાં એ સત્ અને અસત્ બન્ને વસ્તુનો પણ અન્ત-યથાર્થ નિર્ણય તાત્ત્વિક દ્રષ્ટિએ જોયેલોજ છે.—જાણેલોજ છે. ॥ ૧૬ ॥

ક્ષેત્રજ્ઞ—જીવાત્માના સ્વરૂપ-સ્વભાવનું નિરૂપણ કરતાં નવ શ્લોકથી કહે છે-

જે ચેતન વસ્તુથી આ સઘળું-પ્રત્યક્ષપણે જોવામાં આવતું સમગ્ર અચેતન વ્યાપેલું છે, દરેક શરીરમાં એક એક જીવાત્માની પૃથક્પણે વ્યાપ્તિ છે, એ અભિપ્રાય છે. । તે ચેતન વસ્તુના સમૂહને તો અવિનાશી-નાશરહિત છે એમ જાણ ? ।

તેમાં કારણ કહે છે-વ્યય-વિકારશૂન્ય આ આત્માનો—અચેતનવર્ગમાં વ્યાપકપણાને લીધે અત્યન્ત સૂક્ષ્મતા હોવાથી નાશ થવાને અયોગ્ય એવા જીવાત્માનો કોઇ પણ પદાર્થ વિનાશ કરવાને યોગ્ય-સમર્થ થતોજ નથી, માટે એનો શોક ન કરવો એ અર્થ છે. ॥ ૧૭ ॥

નિત્ય—સિદ્ધ આત્મસ્વરૂપનું નિરૂપણ કરવાથી-કરીને, હવે દેહોનું સાન્તત્વ—વિનાશીપણું કહે છે-

નાશ નહિ પામનાર—એટલે કે—નાશ થવાને યોગ્યજ નહિ. અપ્રમેય—ચક્ષુ આદિક ઇન્દ્રિયોરૂપ સાધનોથી રૂપ આદિક વિષયોની પેઠે સાક્ષાત્-પ્રત્યક્ષ કરવાને-થવાને યોગ્ય નહિ, એવા નિત્યસ્વરૂપ શરીરીના-દરેક શરીરમાં ભિન્ન ભિન્ન રહેલા જીવાત્માના, આ-ચક્ષુ આદિક સાધનોથી સાક્ષાત્-પ્રત્યક્ષ કરવા યોગ્ય દેહો-શરીરો, અન્ત—વિનાશ પામવાના સ્વભાવવાળાજ કહેલા છે. । હે ભારત! તેથી—એટલે કે-દેહ અને આત્માનો વિનાશી અને અવિનાશીપણારૂપ ધર્મ-સ્વભાવજ છે માટે, તું યુદ્ધ કર ? પણ શોક તો કરીશજ નહિ. એ અભિપ્રાય છે. ॥ ૧૮ ॥

टीका-

ननु–सत्यं क्षेत्रज्ञा नित्या एव, देहस्योपचयापचयस्वभावतया विशरणमपि सहजम्, तदेवं जानतामपि शस्त्रपातादितो भवत्येव दुःखम्, तत्–दुःखमयादस्माद्युद्धादुद्विग्नोऽस्मि। सर्वस्यैव दुःखे द्वेषो न्याय्यः इत्यभिप्रायेणावतारयति–नन्वित्यादिना।

समीचीनासमीचीनेति–अनुकूलप्रतिकूलेत्यर्थः। समयभेदेनानुकूल्यं प्रातिकूल्यं च शीतोष्णयोर्दृष्टम्। ग्रहणरूपे इति। साध्ये साधनोपचारः।

अयम्भावः—सत्यम्, सुखं दुःखं चावर्जनीयं देहिनाम्, तत्रैतावद्विचार्यम्—किमिदं स्वाभाविकम्, उतागन्तुकम्? इति। न स्वाभाविकम्, किन्तु–आगन्तुकम्। मात्रास्पर्शास्तु सुखदुःखदाः, तु शब्दः स्वाभाविकत्वं व्यावर्तयति। मात्राः शीतोष्णादयो विषयाः, तेषां स्पर्शा ऐन्द्रियिकाः, शीतोष्णसुखदुःखदाः–शीतोष्णयोरनुकूलप्रतिकूलयोर्गृह्यमाणयोर्यत्सुखं दुःखं च तत्प्रदा भवन्ति, हेमन्ते शीतं गृह्यमाणं दुःखाय भवति, ग्रीष्मे तदेव सुखाय भवति। एवमुष्णं च। प्राणेन्द्रियभूतसङ्घातलक्षणे शरीरे वर्तमानस्य यावच्छरीरपातमिन्द्रियार्थसन्निकर्षलक्षणं निमित्तं तदा तदा समुपनिपतेदेव। तत्र कानिचित् प्रतिषिद्धानि, कानिचिदप्रतिषिद्धानि, तेष्वेकं परिजिहीर्षतः अपरमापतेदेव। तत्–अनिवार्योऽयं मात्रास्पर्शः, तच्च निमित्तमागमापायि–आद्यन्तवत्, क्षणेनायाति क्षणेनापयाति च, तस्मात् तेषु–आगमापायिषु तितिक्षैव समुचिता। न ह्यन्योऽस्त्यत्रोपायः, येन प्रियाप्रिये नैव स्याताम्। "सशरीरस्य ह वै न प्रियाप्रिययोरपहतिरस्ति"। त्वं चेत् दुःखभीत्या निवर्तसे युद्धात्, अन्यतो दुःखमनुधावेदेव त्वाम्, भैक्ष्यादिलक्षणां ब्राह्मीं वृत्तिमनुसरतस्ते किं मात्रास्पर्शा नैव स्युः? विचारय!। अयमात्मा ज्ञानघनः, न सुखदुःखादिघनः, इन्द्रियाणां सन्निकृष्टार्थस्पर्शः सहजः, परितो वितताश्चार्थाः, एक एवार्थो जातु अनुकूलतया भासते, जातु प्रतिकूलतया च, वासनावैचित्र्यात्, तेन च सुखदुःखादिलक्षणा बुद्धेस्तरङ्गा उद्भवन्ति। इति तत्त्वावमर्शेन स्वयमलिप्तस्तांस्त्वं तितिक्षस्व! भारत! ॥१४॥

अवतारयत्यग्रिमं श्लोकं तत्सहनेन किमिति चेत्तत्राहेति। अप्यस्ति परतः फलविशेषः? इति यावत्।

एतेन—अनारम्भान्निवृत्तिरेव फलं तितिक्षायाः, अन्यथा दुःखादुद्विग्न आरम्भमात्रात् शङ्कितः केवलमलसो भूत्वेहानर्थमाप्नुयात्। तदेवं प्रसिद्धे फले का नाम फलजिज्ञासेति निरस्तम्।

समे दुःखसुखे यस्य तमिति। आगामि सुखमालक्ष्य भवति प्रीतिः, आगामि दुःखमालक्ष्य भवत्युद्वेगः, यस्य–तितिक्षाशीलस्य ताभ्यां न तद्वैषम्यम्; आयातु नाम सुखमिव दुःखमपीत्यनुद्विग्नचेताः स्वधर्ममाचरति, सोऽयं समदुःखसुखः। सुखमिवानुभवन्तमिति। अनुद्विग्नचेतसमिति यावत्। यं पुरुषमिति। तितिक्षाशीलं स्वधर्मं कर्तव्यबुद्ध्या कुर्वन्तमित्यर्थः। मोक्षं प्राप्तुं योग्यो भवति। द्वन्द्वसहनेन विशुद्धचित्ततया प्राप्य ज्ञाननिष्ठां विमुच्यते बन्धादिति यावत्। तथा च परतः फलं तितिक्षाया अमृतत्वमित्युक्तं भवति ॥ १५ ॥

नन्वागमापायिनो नाम मात्रास्पर्शाः, तन्निमित्तकं च शीतोष्णादि दुःखमागमापाय्येव, अथाप्यौपाधिकोऽपि दुःखयोगः कथं वा सोढुं शक्येत? सत्यम्, न शक्येत

टीका-

अविवेकिनाम्, विवेकिनां तु शक्येत। विवेकश्चायमित्याशयेनावतारयति तितिक्षाहेतुभूतेति। असत्त्वं स्वभावो यस्य सोऽसन्नुच्यते, तत्स्वभावश्च देहस्तदनुबन्धि सुखदुःखादिकं चेत्याशयेन व्याचष्टे--देहसमूहस्य वा तदनुबन्धिसुखदुःखादेरिति। वाशब्दश्चार्थे। सद्भावः—सत्यत्त्वमिति—कालत्रयाबाध्यत्वमित्यर्थः।

अयमस्य भावः—शीतोष्णादय आगमापायिनस्तांस्तितिक्षस्वेत्यवबोधितोऽभ्याशङ्कसे–आगमापायिनामपि क्षणमात्रमपि सतां कथं नु सहनमिति।

अवर्जनीये आगन्तुके क्षणान्तराननुवर्तिनि सहनमेव समुचितमिति समुपदिष्टं नाम प्राक्, विवेके सति सहनं न दुःशकमित्यपि ब्रूमः। अस्ति शीतोष्णादि, अस्ति च तन्मूलं सुखं दुःखम्, अस्ति चायं देहः सुखदुःखोपाधिरित्यापाततः पामरा मन्यन्ते।

नैतत्, योऽयं परिणामशीलो देहः—सुरनरतिर्यक्स्थावरजातीयः भौतिकः सङ्घातः, यश्च—तदनुबन्धी शीतोष्णादिः, तस्य न सत्त्वं स्वभावः, स्वभावश्चेन्नापहीयेत, न हि गन्धः पृथिव्या अपैति। परिणामपरम्पराया अवर्जनीयतया पूर्वपूर्वापेक्षया नास्तीतिव्यपदेशभाजनं भवत्येव, तत्—आदावन्ते चासत्तया मध्येऽपि तस्यासत्त्वमेव स्वभाव इति सुवचम्, क्षणमात्रमनुवर्तमानाया अपि पूर्वोत्तरापेक्षया असत्त्वैव सा स्थितिर्भवति॥ अतः असतो नास्तीतिव्यपदेशार्हस्य परिणामिनो भूतभौतिकतदनुबन्धिशीतोष्णादेश्च भावः—असत्त्वप्रतिद्वन्द्विभूता सत्ता नैव विद्यते। या ह्यविचारितरमणीया मध्ये सत्ता सा हि नासत्त्वप्रतिद्वन्द्विभूता, अपि तु तत्सहनशीलैव।

यश्चायमात्मा देही स तु न कदापि नास्तीति प्रतीतिमर्हति, अविनाशित्वात्। तस्यास्य सतः--अस्तित्त्वैकस्वभावस्य, अभावः- तत्प्रतिद्वन्द्विभूत अभावः—नास्तित्त्वं नैव विद्यते। तदनयोस्तत्त्वदर्शिभिरन्तः-संशयान्तो निर्णयो दृष्टः॥ १६॥

देहयोगोपाधिकानां मात्रास्पर्शानां असत्त्वस्वभावमवधार्य तितिक्षैव तेषु समुचितेति "नाभावो विद्यते सत" इति वचनेन सत्त्वैकस्वभावतया सदिति—सामान्यशब्देन विवक्षितं यदात्मस्वरूपं तस्यासत्त्वशङ्कां वारयन् अविनाशितामुपपादयति— अविनाशीत्यादिना। क्षेत्रज्ञस्येति। क्षेत्रादन्योऽयमिति ज्ञापनाय क्षेत्रज्ञस्येति निर्देशः। चेतनवस्तुजातमिति। येन तदिति च जातावेकवचनमिति भावः।

अयमाशयः-सर्वमिदं परिदृश्यमानं स्थूलं भूतसङ्घातात्मकं शरीरमन्यद्वा भौतिकम् येनात्मतत्त्वेनान्तःप्रविष्टेन व्याप्तम्, तदिदमविनाशि विद्धि, विनाशकव्यापाराननन्वयात् व्यापकस्य भवति व्यापारो व्याप्ये, न हि व्याप्यस्य व्यापकमभि। व्याप्यं स्थूलं व्यापकश्च सूक्ष्मः, तन्न स्थूलं व्याप्यं सूक्ष्मं व्यापकं विनाशयितुं स्वात्मानं व्यापारयितुं शक्नोति। अव्ययत्वाच्चास्य विनाशं कर्तुं नार्हति। उपचयापचयशीलस्य हि विनाशोऽपि दृष्टः, तद्रहितस्यास्य कथं विनाशकप्रसङ्ग? इति॥ १७॥

देहस्यासत्त्वं विवक्षितमुपपादयन्नाह-अन्तवन्त इति।

इमे--इत्यनेन विवक्षितमर्थमाह--चक्षुरादीति। इदं च हेतुगर्भं विशेषणम्। देहा इत्यनेन यौगिकार्थो विवक्षितः। दिह उपचये, देहाः—उपचयस्वभावा इत्यर्थः।

भाष्यम्--

अनाशिनः-नाशानर्हस्य, अप्रमेयस्य-चक्षुरादिकरणैरूपादि-विषयवत्प्रमातुमयोग्यस्य, नित्यस्य, शरीरिणः--प्रतिशरीरं भिन्नस्य जीवात्मनः । इमे—चक्षुरादिकरणैः प्रमेयाः, देहाः—वपूंषि, अन्तो विनाशोऽस्ति येषां ते अन्तवन्तं उक्ताः । हे भारत! तस्मात्-देहात्मनो-र्विनाशित्वाविनाशित्वधर्माद्धेतोः, युध्यस्व !—युद्धं कुरुष्व! परं तु—शोकं मा कृथा इति भावः ॥ १८ ॥

य एनं वेत्ति हन्तारं यश्चैनं मन्यते हतम् ।
उभौ तौ न विजानीतो नायं हन्ति न हन्यते ॥ १९ ॥

अन्यच्च-य इति । यः-पुरुषः, एनम्-आत्मानम्, हन्तारम्-अन्या-त्मनां हिंसकं वेत्ति । यश्च एनं हतम्-अन्यैर्व्यापादितम्, मन्यते—जानाति । तौ-जीवात्मानं हन्तिधातोः कर्तृत्वेन कर्मत्वेन च विदन्तौ, उभौ न विजानीतः । तर्ह्यात्मा कथं ज्ञातव्यः ? तत्राह-अयमात्मा अन्यान् न हन्ति, परैरात्मभिः स न हन्यते, हननक्रियायाः कर्ता कर्म च न भवतीत्यर्थः । "न हिंस्यात् सर्वभूतानि" "ब्राह्मणो न हन्तव्यः" इत्यादिशास्त्रेषु हन्तिधातुः शरीरवियोगकरणार्थो ज्ञेयः ॥ १९ ॥

उक्तैर्हेतुभिर्विशिष्टत्वात् जन्ममरणादयो देहभावा आत्मनि न सन्तीत्याह—न जायत इति ।

न जायते म्रियते वा कदाचित्
नायं भूत्वा भविता वा न भूयः ।
अजो नित्यः शाश्वतोऽयं पुराणो
न हन्यते हन्यमाने शरीरे ॥ २० ॥

न जायते—वर्तमानकाले देहोत्पत्त्या सह आत्मा नोत्पद्यते । न म्रियते--वाशब्दौ चार्थौ, देहे हते जीवात्मा न क्षीयते--न नश्यति । इदानीं सकलैः प्राप्यमाणे जनिमृती कदाचित् क्षेत्रज्ञं न पराभवतः । नायं भूत्वा भविता वा न भूयः-अयमात्मा सृष्ट्यादौ भूत्वा-उत्पद्य,

શ્લોકાર્થ-

જે આ આત્માને હણનારો એમ જાણે છે,-તેમજ જે એને બીજાથી હણાયેલો માને છે. તે બન્ને કાંઇ સમઝતાજ નથી. કેમ કે-આ આત્મા કોઇને હણતોય નથી, તેમ બીજા કોઇથી પોતે હણાતો પણ નથી. ॥ ૧૯ ॥

આ—જીવાત્મા કદી ઉત્પન્ન થતો નથી, તેમજ-તે ક્યારેય મરતો પણ નથી। તેમ સૃષ્ટિ-સમયમાં ઉત્પન્ન થઇને પાછો પ્રલય સમયમાં નહિ હોય એમ પણ નહિ. । કેમ કે-આ આત્મા અજ, નિત્ય, સદાય એક રૂપ અને પુરાતન છે. અને તેથીજ તો શરીર હણાતાં પણ-એ હણાતો નથી. ॥ ૨૦ ॥

ભાવાર્થ-

વળી બીજું—જે પુરૂષ એ આત્માને-જીવાત્માને, હણનારો-બીજા આત્માઓનો હિંસક એ પ્રમાણે જાણે છે, તેમજ વળી-જે પુરૂષ એ આત્માને હણાયેલો -બીજાઓએ નાશ કરી નાખેલો એ પ્રમાણે માને છે, તો તે બન્ને-જીવાત્માને હન્તિ ધાતુના કર્તાપણે તેમજ-કર્મપણે જાણનારા, કંઇ[1] જાણતાજ નથી. ।

ત્યારે આત્માને કેમ-કેવા પ્રકારથી જાણવો ? તેના ઉત્તરમાં કહે છે -આ આત્મા બીજાઓને નથી તો હણતો, કે-નથી તો બીજા આત્માઓથી પોતે હણાતો. । એટલે કે-હનન ક્રિયાનો કર્તાય એ આત્મા થતો નથી અને કર્મ પણ થતો નથી એ અર્થ છે. ।

ત્યારે-" સર્વ ભૂતની હિંસા ન કરવી. " " બ્રાહ્મણને ન હણવો. " એ કેમ સમજવું ? તો કે શાસ્ત્રોમાં હન્તિ-ધાતુ શરીરનો વિયોગ કરવો એ અર્થનેજ કહેનારો છે, પણ સાક્ષાત્ આત્માનુંજ હનન થાય છે એમ કહેનારો નથી. ॥ ૧૯ ॥

પૂર્વ શ્લોકમાં કહેલા હેતુઓથી વિશિષ્ટતા હોવાથી જન્મ-મરણાદિક દેહના ભાવો-ધર્મો આત્મામાં નથીજ એમ કહે છે-

ઉત્પન્ન નથી થતો-વર્તમાન સમયમાં દેહના ઉપજવાની સાથે આત્મા ઉત્પન્ન નથી થતો, તેમજ-**નથી મરતો**-દેહનો નાશ થવાની સાથે જીવાત્માનો નાશ નથી થતો. અર્થાત્-ચાલુ પરિસ્થિતિમાં સર્વ-પ્રાણીઓએ અનુભવાતાં જન્મ-મરણાદિક ક્યારેય પણ ક્ષેત્રજ્ઞ-જીવાત્માને નથી પરાભવ કરતાં. ।

વળી—આ આત્મા સૃષ્ટિના આદિ સમયમાં જાણ્યે કે-ઉત્પન્ન થઇને પાછો ફરીથી કલ્પને અન્તે નહિ હોય, એટલે કે-મરી જશે એમ ન જાણવું. કેમ કે-કલ્પના આરંભમાં અને કલ્પના અન્તમાં પણ હિરણ્યગર્ભ વિગેરે સર્વ પ્રાણીઓએ અનુભવાતું જન્મ-મરણ આત્માને નથી પરાભવ કરતું એમ જાણવું એ અભિપ્રાયાર્થ છે. ।

આ પ્રમાણે વસ્તુસ્થિતિ હોવાથી **અજ**-જન્મરહિત, અને તેથીજ **નિત્ય**-ધ્રુવ, અર્થાત્-સર્વકાળમાં એકરૂપેજ રહેનારો, **શાશ્વત**--સદાય એવોને એવો એકરૂપેજ રહેનારો—અપરિણામી, અને એથીજ **પુરાણ**-પૂર્વે પણ નવોજ, એટલે કે-આત્મદર્શી પુરૂષોએ નિત્ય અને નિત્ય અપૂર્વની પેઠેજ સદાય નવોને નવોજ અનુભવ કરવામાં આવતો એ અર્થ છે. । માટે આ આત્મા શરીરનો નાશ થયે પણ નથી નાશ પામતો. ॥ ૨૦ ॥

૧—આત્મસ્વરૂપના વિષયમા તેઓ કંઇ પણ સમઝતાજ નથી, એ અભિપ્રાય છે. ।

भाष्यम्-

भूयः—पुनः कल्पान्ते न भविता—भविष्यतीति न ज्ञातव्यम्, किन्तु-कल्पादौ कल्पान्ते च हिरण्यगर्भादिभिरनुभूयमानं जन्ममरणं चात्मानं न पराभवतीति ज्ञातव्यमित्यर्थः। ततोऽजः—जनिरहितः। अत एव नित्यो ध्रुवः—सर्वकाले एकरूप इति यावत्। शश्वद्भवतीति शाश्वतोऽपरिणामी। अत एव पुराणः—पुरापि नवः आत्मदर्शिभि-र्नित्यश अपूर्ववदनुभवनीय इति यावत्। तस्मादयं शरीरे हन्यमाने सत्यपि न हन्यते ॥ २० ॥

पूर्वोक्तमेव द्रढयति—वेदेति।

वेदाविनाशिनं नित्यं य एनमजमव्ययम्।
कथं स पुरुषः पार्थ! कं? घातयति हन्ति कम्? ॥२१॥

हे महाबाहो ! गुणकर्मविभागयोः-गुणाः- प्रकाशप्रवृत्तिमोहविशिष्टाः सत्त्वादयः, कर्माणि-शमदमादीनि, शौर्यवीर्यादीनि च। उभयेषां विभागयोः-गुणविभागे, कर्मविभागे चेत्यर्थः । तत्त्ववित्-याथार्थ्यज्ञाना । गुणाः-प्रकाशादिधर्मविशिष्टाः सत्त्वादयः। गुणेषु—गुणकार्यभूतेषु सात्त्विकराजसतामसकर्मसु। वर्तन्ते इति मत्वा-ज्ञात्वा। न सज्जते गुणकर्मणां कर्ता अहमिति न मन्यते, गुणकृतकर्मण्यभिमानयुक्ता न भवतीत्यर्थः ॥ २८ ॥

बुधो गुणमूलकवर्णाद्यभिमानादिना कर्मसक्तान् जनान् तदनुसारेणैव मोक्षसाधने प्रवर्तयेन्न तु ततश्च्यावयेदित्याह-प्रकृतेरिति ।

प्रकृतेर्गुणसम्मूढाः सज्जन्ते गुणकर्मसु ।
तानकृत्स्नविदो मन्दान् कृत्स्नविन्न विचालयेत् ॥२९॥

प्रकृतेः गुणसम्मूढाः—मायायाः गुणैः—मलिनसत्त्वादिभिः। सम्मूढाः—यथावस्थितयोरात्मानात्मनोर्विवेके मोहं प्राप्ताः, विपरीतज्ञानं गता इति यावत्। गुणकर्मसु—नित्येषु, नैमित्तिकेषु, स्वर्गपुत्रपशुराज्यादिप्रापकेषु वा । सज्जन्ते-वर्णाद्यभिमानादिना आसक्ता भवन्ति । अकृत्स्नविदः—अल्पज्ञान्, तान् मन्दान्—अल्पफलासक्तान् । कृत्स्नवित्—कृत्स्नम्—चेतनाचेतनाविशिष्टं परमात्मतत्त्वं, कर्मरहस्यं च वेत्तीति तथाभूतः । न विचालयेत्—कर्मानुष्ठानान्न पातयेत् । किन्तु—फलसङ्गवर्जितं कर्मयोगं शिक्षयेदित्यभिप्रायः ॥ २९ ॥

एवं ज्ञान्यज्ञानिनोर्गुणकृतकर्मसु कर्तृत्वाकर्तृत्वे उक्त्वा, इदानीं सर्वकर्मणां भगवति स्वस्मिन्नर्पणेन कर्तृत्वममत्वफलत्यागं वदति—मयीति ।

मयि सर्वाणि कर्माणि सन्न्यस्याध्यात्मचेतसा ।
निराशीर्निर्ममो भूत्वा युध्यस्व विगतज्वरः ॥ ३० ॥

શ્લોકાર્થ-

અને કર્મમાં જોડાયેલા અજ્ઞાની જનોને કર્મથી પડી જાય એવો બુદ્ધિભેદ ન ઉપજાવે, પરન્તુ-પોતે સમજુ હોઇને બુદ્ધિયોગયુકત થઇને સર્વ કર્મનું સમ્યક્ રીતે આચરણ કરતો થકો સર્વ લોકોને તે કર્મમાર્ગમાં પ્રીતિ ઉપજાવે. ॥૨૬॥

ભાવાર્થ-

તે વાતનેજ દ્રઢ કરી આપતાં કહે છે—

આત્મસ્વરૂપના વિષયમાં યથાર્થ તત્ત્વને પૂરૂં નહિ જાણનારા-સમજનારા અને તેથીજ કર્મમાં **"હુંજ સ્વતન્ત્ર કર્તા છું"** એવા અભિમાનથી અભિનિવેશ-દ્રઢ આગ્રહ રાખનારા અજ્ઞાની માણસો જેમ સઘળાં કર્મ કરેછે, તેજ પ્રમાણે લોકોને શ્રેયોમાર્ગમાં દોરવાને ઇચ્છતો એવો આત્મા-પરમાત્માનું સ્વરૂપ અને તેની પ્રાપ્તિનાં સાધનોને પૂરેપૂરાં જાણનારો જ્ઞાની પુરૂષ કર્તૃત્વ, ભોકતૃત્વ, તેમજ અહં-મમ ભાવથી પણ રહિત થઇને ફળાસકિતથી પણ રહિત થયો થકો કર્મ કર્યા કરે.

ભાવાર્થ એ છે કે—શાસ્ત્રવેત્તા તરીકે અને ધર્મિષ્ઠપણે કરીને લોકમાં પ્રસિદ્ધ થયેલો અને જ્ઞાનયોગમાં અધિકારી હોવા છતાં પણ, કર્મયોગમાંજ અધિકારી અને પોતાના અધિકારને અનુરૂપ અસંગપણે કર્મયોગ આચરવાનું નહિ જાણનારા એવા સામાન્ય અજ્ઞજનોને, કર્તૃત્વ-મમત્વ અને ફળમાં આસકિત, એ સર્વથી રહિતપણે વર્તવારૂપ પોતાના આચરણથી મોક્ષના સાધનભૂત કર્મયોગનો બોધ કરતો સતો પોતે કર્મનું આચરણ કરે. ॥૨૫॥

હવે-તે લોકસંગ્રહના પ્રકારનેજ કહી બતાવે છે—

યુકત-આત્મા-પરમાત્માના સાક્ષાત્કારના સાધનમાં સાવધાન વર્તનારો, વિદ્વાન્-ઇન્દ્રિયવ્યાપારના વિરામભૂત જ્ઞાનયોગરૂપ મોક્ષસાધનના અનુષ્ઠાનપ્રકારને યથાર્થ જાણતો થકો-જાણવાપૂર્વક, નિત્ય-નૈમિત્તિકાદિક કર્મને મારી પ્રસન્નતા માટેજ સમ્યક્ પ્રકારે આચરતો થકો, મોક્ષના સાધનને નહિ જાણનારા અને તેથીજ કર્મને વિષે કર્તૃત્વ-ભોકતૃત્વ વિગેરેના અભિમાન પૂર્વક મમતાથી તેકર્મના ફળમાં આસકિત રાખનારા, અર્થાત્-અનાદિ વાસનાના વશપણાને લીધે કર્મ કરવાનાજ સ્વભાવવાળા થઇ ગયેલા, એવા જનોને. બુદ્ધિભેદ—અસંગપૂર્વક કર્માનુષ્ઠાન કરવારૂપ મોક્ષસાધન કરતાં, બીજું-ઇન્દ્રિયવ્યાપારની ઉપરતિભૂત જ્ઞાનયોગ-રૂપ સાધન મોક્ષને માટે છે, એવો બુદ્ધિભેદ ન ઉત્પન્ન કરે, પણ પોતે કર્મયોગનું આચરણ કરવાપૂર્વક તે અજ્ઞ જનોને તે કર્માનુષ્ઠાનમાં અસંગપણે વર્તવામાં પ્રીતિ ઉત્પન્ન કરે. એ અભિપ્રાયાર્થ છે. ॥૨૬॥

હવે—શાસ્ત્રીય કર્મ કરનારા જ્ઞાની-અજ્ઞાનીના કર્મ-આચરણમાં ભેદ ચાર શ્લોકથી કહી સમઝાવે છે—

भाष्यम्-

अध्यात्मचेतसा-आत्मनि—मयि परमात्मनीत्यध्यात्मम्। "अव्ययं विभक्ति" इत्यनेन विभक्त्यर्थेऽव्ययीभावः, "अनश्चे" ति टच्, "नस्तद्धिते" इत्यनेन टिलोपः। अध्यात्मं च तच्चेतो ज्ञानं च। तेन—मत्स्वरूपस्वभावगुणविभूतियथार्थज्ञानेन युक्तः सन्निति शेषः। मयि—भूतले सर्वजीवकृतसेवाङ्गीकारार्थमक्षरधाम्नः सकाशात् प्रादुर्भूते परमदयालौ भक्तजनार्पितखाद्यपेयादिदेयपदार्थतोऽसङ्ख्यगुणफलप्रदातरि। सर्वाणि कर्माणि—सकलेन्द्रियव्यापारान्। सन्न्यस्य—वचसा मन्नामगुणकीर्तनम्, चक्षुर्भ्यां मद्दर्शनम्, पादाभ्यां मद्दर्शनार्थं गमनम्, त्वचा मम स्पर्शनम्, इत्यादिप्रकारेणाम्बरीषाचरणवन्मदाराधनभूतानि कृत्वा। "स वै मनः कृष्णपदारविन्दयोर्वचांसि वैकुण्ठगुणानुवर्णने" इत्यादीनि तदाचरणानि। निराशीः-प्राकृतवस्तुषु मद्व्यतिरिक्तमोक्षसुखेषु च निष्कामः-इच्छारहितः।निर्ममः-भगवदाज्ञया सर्वाणि कर्माणि करोमि,मम तु किञ्चिदपि करणीयं नास्तीत्येवम्प्रकारेण कर्मसु ममत्वरहितः। अत एव विगतज्वरः—सन्तापहेतुत्वाच्छोक एव ज्वरशब्देनोक्तः, विशेषेण गतो ज्वरः शोको यस्य तथाभूतः, पूर्वं मदुक्तेनाकर्तृत्वानुसन्धानपूर्वकशुद्धात्मज्ञानेन विगतबन्धुहननजनितशोक इत्यर्थः। त्वमेतादृशो भूत्वा युद्ध्यस्व!—युद्धं कुरु! ॥ ३० ॥

पूर्वकथितस्य करणे महाफलं वदति-ये मे इति।

ये मे मतमिदं नित्यमनुतिष्ठन्ति मानवाः।
श्रद्धावन्तोऽनसूयन्तो मुच्यन्ते तेऽपि कर्मभिः ॥ ३१ ॥

ये मानवाः, मे—"यस्मात्क्षरमतीतोऽहमक्षरादपि चोत्तमः" "निरस्तसाम्यातिशयेन राधसा स्वधामनि ब्रह्मणि रंस्यते नमः" "न वासुदेवात्परमास्ति दैवतम्" "न तत्समश्चाभ्यधिकश्च दृश्यते" "अक्षरात्परतः परः" "पुरुषान्न परं किञ्चित्" अक्षरमन्तरो यमयति" "तमीश्वराणां परमं महेश्वरम्" इत्यादिश्रुतिस्मृतिवचनैः प्रतिपादितस्वरूपस्य मम। इदम्-"मयि सर्वाणि" इति श्लोकोक्तम्। नित्यम्-

શ્લોકાર્થ-

પ્રકૃતિના સત્ત્વાદિક ગુણોને લીધેજ સર્વ કર્મો પ્રવર્તે છે એમ નહિ સમજનારો અહંકારને લીધેજ વિમૂઢ બુદ્ધિવાળો પુરૂષ એ સર્વ કર્મનો કર્તા હુંજ છું એમ માને છે—માનીને બન્ધાય છે.।

અને હે મહાબાહો ! ગુણ–કર્મના વિભાગના તત્ત્વને જાણનારો જ્ઞાની જન તો પ્રકૃતિના ગુણો–સત્ત્વાદિક, ગુણોમાં–ગુણનાં પરિણામરૂપ કર્મોમાં પ્રવર્તે છે, એમ માનીને તેમાં અભિમાનથી બન્ધાતો નથી. ॥૨૭–૨૮॥

પ્રકૃતિના ગુણોથી સર્વથા મૂઢ બની ગયેલા માણસો ગુણથી પ્રવર્તતાં કર્મોને વિષે આસક્તિપૂર્વક જોડાય છે, તેવા–કર્મનું રહસ્ય નહિ સમજનારા, મન્દ–બુદ્ધિના માણસોને, કર્મના તત્ત્વને યથાર્થ જાણનાર જ્ઞાની જન કર્મથી ચળાયમાન ન કરે. ॥૨૯॥

માટે તું પણ સર્વ કર્મ સર્વેશ્વર એવા મારે વિષે અર્પણ કરીને આત્મસ્વરૂપમાં સ્થિરતા પામેલા ચિત્ત વડે નિરાશી અને નિર્મમત્વ થઇને, તેમજ શોક–સન્તાપથી પણ રહિત થઇને યુદ્ધ કર ! ॥૩૦॥

ભાવાર્થ-

પ્રકૃતિના ગુણો સત્ત્વાદિક તેને લીધે તે તે સત્ત્વાદિક ગુણયુક્ત બ્રાહ્મણાદિક જાતિને યોગ્ય કર્મ પોતાની અનુકૂળતા પ્રમાણે કરેલાં તેને " તે સઘળાં કર્મનો કર્તા હુંજ છું. " એમ અહંકારથી—પ્રાકૃત સત્ત્વાદિક ગુણવિશિષ્ટ બ્રાહ્મણાદિક શરીરોમાં " હું બ્રાહ્મણ છું " " હું ક્ષત્રિય છું " એવા અભિમાનથી, વિશેષતાએ કરીને મોહ પામેલો છે આત્મા–ક્ષેત્રજ્ઞ અથવા બુદ્ધિ જેની એવો મૂર્ખ જન માને છે, પણ નહિ કે–પ્રકૃતિવિયુક્ત શુદ્ધ ક્ષેત્રજ્ઞ–આત્મસ્વરૂપના અભિમાનવાળો. ॥ ૨૭ ॥

આ પ્રમાણે અજ્ઞાની જનનું કર્મમાં કર્તાપણાનું અભિમાન કહીને, હવે–જ્ઞાનીઓનું કર્મમાં કર્તાપણાના અભિમાનથી રહિતપણું કહે છે—

હે મહાબાહો ! પ્રકાશ, પ્રવૃત્તિ અને મોહ વિગેરેથી વિશિષ્ટ એવા સત્ત્વાદિક ગુણો અને શમદમાદિક તેમજ શૌર્ય–વીર્યાદિક સત્ત્વાદિક ગુણોનાં કાર્યભૂત કર્મો, એ બન્નેના વિભાગમાં. એટલે કે–ગુણવિભાગમાં અને કર્મવિભાગમાં યથાર્થપણે પૂરેપૂરૂં જાણનારો પુરૂષ, પ્રકાશાદિક ધર્મવિશિષ્ટ એવા સત્ત્વાદિક ગુણો તે તે ગુણોનાં કાર્યભૂત એવાં સાત્ત્વિક, રાજસ અને તામસ કર્મોને વિષે વર્તે છે, એમ માનીને તેમાં જોડાતો નથી–આસક્ત થતો નથી. એટલે કે–ગુણકૃત કર્મનો કર્તા હું છું એમ નથી માનતો, અર્થાત્–ગુણ પ્રમાણે પ્રવર્તતાં કર્મને વિષે તે તે કર્મના કર્તાપણાના અભિમાને યુક્ત નથી થતો. એ અર્થ છે. ॥૨૮॥

બુધ–સમજુ માણસ ગુણમૂળક બ્રાહ્મણાદિક વર્ણના અભિમાન વિગેરેને લીધે કર્મમાં જોડાયેલા જનોને તેમના તેમના અધિકારને અનુસારેજ મોક્ષસાધનમાં

શ્લોકાર્થ–

જે મનુષ્યો આ મારા મતને નિરન્તર અનુસરીને વર્તે છે. તેમજ–આ મતમાં જે શ્રદ્ધાવાળા છે અને અસૂયા નથી કરતા. તે પણ શુભ–અશુભ કર્મ-બન્ધનથી મુકાય છે. ॥૩૧॥

અને જે મનુષ્યો તો અભ્યસૂયા કરતા થકા આ મારા મતને નથી અનુસરતા, તેમને તો સર્વ જ્ઞાનમાં વિમૂઢ ભાવને પામેલા અને વિવેકશૂન્ય હોવાથી મોક્ષમાર્ગથી ભ્રષ્ટ થયેલા જાણવા. ॥૩૨॥

ભાવાર્થ–

પ્રવર્તાવે, પણ તેમાંથી કોઇ રીતે એ મન્દાધિકારી ખસી જાય એમ તો નજ કરે. એમ કહે છે—

માયાના ગુણો મલિન સત્ત્વાદિક તેણે કરીને આત્મા–અનાત્માના સ્વરૂપને યથાર્થ સમઝવારૂપ વિવેકમાં વિપરીત જ્ઞાનરૂપ મોહ પામી ગયેલા અવિવેકી પુરૂષો, માયાના સત્ત્વાદિક ગુણોને અનુસારે પ્રવર્તતાં નિત્ય–નૈમિત્તિક એવાં–સન્ધ્યા-વન્દનાદિક કર્મને વિષે તથા શ્રાદ્ધ–પ્રાયશ્ચિત્તાદિકને વિષે, અથવા–સ્વર્ગસુખ. પુત્ર, પશુ અને રાજ્યાદિક સુખ પમાડનારાં યજ્ઞાદિક કર્મને વિષે. બ્રાહ્મણાદિક વર્ણના અભિમાનથી આસક્તિપૂર્વક પ્રવર્તે છે.

તો એવા એ—કર્મનું સઘળું તત્ત્વ નહિ જાણનારા અલ્પજ્ઞ અને અતિ અલ્પ ફળરૂપ સ્વર્ગાદિકમાં આસક્ત થયેલા મન્દજનોને, કર્મના રહસ્યને પૂરેપૂરૂં જાણનારો અને સકળ ચેતન–અચેતન વસ્તુવિશિષ્ટ પરમાત્મતત્ત્વને પણ યથાર્થ જાણનારો વિવેકી જન કર્માનુષ્ઠાનથી ચળાયમાન ન કરે, પણ કર્મફળમાં આસકિત છૂટી જાય એમ કર્મયોગને ધીરે ધીરે શીખવાડે. એ અભિપ્રાય છે. ॥૨૯॥

આ પ્રમાણે જ્ઞાની–અજ્ઞાનીનું ગુણથી પ્રવર્તતાં કર્મમાં કર્તૃત્વ અને અકર્તૃત્વ કહીને, હવે–સર્વ કર્મનું ભગવાનને પોતાને વિષે અર્પણ કરવાથી કર્તૃત્વ. મમત્વ અને ફળત્યાગ. એ વિગેરે કરવાનું કહી બતાવે છે—

આત્માને વિષે–મારે પરમાત્મસ્વરૂપને વિષે વર્તે તે અધ્યાત્મ કહેવાય, અને અધ્યાત્મ એવું ચેતસ્ જે જ્ઞાન તે અધ્યાત્મચેતસ્ કહેવાય. અને અધ્યાત્મ ચેતસ્ તેણે યુક્ત, એટલે કે—મારા સ્વરૂપ, સ્વભાવ, ગુણ અને વિભૂતિના યથાર્થ જ્ઞાને યુક્ત એવો થકો, આ ભારત–ભૂભાગમાં સર્વ જીવોએ કરેલી સેવા અંગીકાર કરવા માટે મારા અક્ષર ધામ થકી પ્રાદુર્ભાવ પામેલો અને મારા ભક્ત-જનોએ મને અર્પણ કરેલા ખાદ્ય–પેયાદિક મને આપવા યોગ્ય પદાર્થ કરતાં અસંખ્ય ઘણા મહાફળનો પ્રદાતા એવો જે હું તે મારે વિષે સર્વ ઇન્દ્રિયોના વ્યાપારરૂપ સર્વ કર્મો અર્પણ કરીને. એટલે કે—વાણીથી મારાં નામ–ગુણનું કીર્તન કરવું. નેત્રોથી મારૂં દર્શન કરવું, પગ વડે મારા દર્શન અર્થે જવું, ત્વચાથી મારો સ્પર્શ કરવો, ઇત્યાદિક પ્રકારથી અમ્બરીષ-રાજાના આચરણની પેઠેજ મારા આરાધનરૂપ કરીને,

भाष्यम्—

नित्यवेदबोधितत्त्वेनानादिपरम्परागतं वा नित्यं सदा। मे मतम् मात्प्रियं वर्त्म भवतीत्यर्थः । तत्प्रत्यनुतिष्ठन्ति—एतादृशं मम मतं ज्ञात्वा सततं तस्मिन् प्रवर्तन्त इत्यर्थः । ते कर्मभिः-अनादिकालोत्पन्नैः सर्वैः कल्याणविरोधिभिः शुभाशुभैः । मुच्यन्ते । श्रद्धावन्तः-अस्मिन्मते अज्ञातानुष्ठितेऽपि ये च तज्ज्ञानानुष्ठाने विश्वासपूर्वकत्वरावन्तः । अनसूयन्तः-ये चास्मिन् विश्वासपूर्वकत्वरावार्जिता अपि दोषमनारोपयन्तः, इदं मतं समीचीनमिति गुणग्राहिण इत्यर्थः । तेऽपि-ते द्विविधा अपि। कर्मभिः मुच्यन्ते ।विश्वासपूर्वकत्वरया दोषानाविष्करणेन च ते उभये क्षीणकिल्बिषाः सन्तः शीघ्रमेतन्मतमालम्ब्य मुच्यन्त इत्यर्थः ॥३१॥

स्वोक्तमतेऽप्रवर्तमानानां श्रद्धारहितानामसूयां कुर्वतां च निन्दां करोति-ये त्विति ।

ये त्वेतदभ्यसूयन्तो नानुतिष्ठन्ति मे मतम् ।
सर्वज्ञानविमूढांस्तान् विद्धि नष्टानचेतसः ॥३२॥

ये मे—अचेतनवर्गचेतनवर्गमुक्तवृन्दप्रेरकस्य शासितुर्मम । एतदाराधनरूपं मतम् नानुतिष्ठन्ति-नानुकुर्वन्ति, एतस्मिन् मते न प्रवर्तन्ते इत्यर्थः । अभ्यसूयन्तः—ये च महागुणेऽस्मिन्मते दोषमारोपयन्तः, ये चास्मिन् श्रद्धावार्जिताः सन्तो गुणमपि न गृह्णन्ति । तान्-त्रिविधान्। सर्वज्ञानविमूढान्-सर्वेषाम्-धर्माधर्म-न्यायान्याय-कार्याकार्य-जीवेश्वरप्रकृतिपुरुषकालब्रह्मपरब्रह्मणां समग्राणां ज्ञानेषु विमूढान् विपरीतज्ञानान्, सुनरामज्ञानिति वा । अत एव अचेतसः -दुष्टचित्तान्। अत एव नष्टान्—चतुर्वर्गपातितान्—परिभ्रष्टान् इति यावत्। विद्धि ! एतादृशीं उच्चपदवीं प्राप्ता अपि कुम्भीपाकादिनरकेषु पतिता एवेति ज्ञातव्या इति भावः ॥३२॥

नन्वेवं तर्हि ज्ञानयोगभक्तियोगयोरिन्द्रियाणि सन्नियम्य सर्वे जनाः कथं ? न प्रवर्तेरन्नित्याशङ्क्याह—सदृशमिति ।

टीका-

भवति, अत्यन्तविषमयोरनयोर्मूलं द्वेषदूषितो यत्नः, प्रीतिसंस्कृतो यत्नश्चेति यत्नवैषम्यम्, तत्र च मूलं गुणवैषम्यम्। ननु-वैषम्यं गुणगतमात्मधर्मे वैषम्यं कथमापादयेत्? मनःसंयोग इव विषमगुणसम्बन्धो हेतुः स्यादेव तत्रेति ॥ २७ ॥

कर्तृत्वमुक्त्वेति। कर्तृत्वाभिमानमुक्त्वेत्यर्थः। अकर्तृत्वमिति। कर्तृत्वाभिमानाभावमित्यर्थः। शौर्यादीनि चेति। आदिशब्दात् परपीडनादि ग्राह्यम्। क्रमादेतानि सत्त्वादिकार्याणि। उभयेषां विभागयोरिति। कार्यकारणभावे विभागो बोध्यः। अस्य गुणस्य इदं कार्यम्, अस्य गुणस्येदं कार्यमिति। न सज्जते, सङ्गश्चात्र तदुपलेपः-"अहमेव कर्तास्मि" इति साभिमानं केवले स्वस्मिन्नारोपः, एवं न मन्यते, न भ्राम्यतीति यावत् ॥२८॥

गुणमूलककर्मसक्तानिति। गुणविशेषोन्मेषमूलककर्मविशेषेषु सक्तान्-रुचितः प्रवर्तमानान्, वासनावशेन प्रवर्तमानानिति वा। मालिनेति। उद्भवाभिभवमापद्यमानैर्मिश्रैः सत्त्वादिभिरित्यर्थः। गुणकर्मस्विति। गुणानुगुणेष्वेव कर्मस्वित्यर्थः। वर्णादीति। आदिशब्दादाश्रमपरिग्रहः। अभिमानादिनेति। आदिशब्दात्फलवासनायाः परिग्रहः।

अयमाशयः--स्यान्नाम जातु केषांचित् भवाध्वनि गतागते निर्वेदः, जातु प्रकृतिविलक्षणात्मचिन्तायां रुचिरपि, अथाप्याप्तोपदेशतः कश्चित् शङ्खं श्वेतं जानन्नपि अनपगते पित्तदोषे नयनपथसन्निहितं तु शङ्खं पीतमेव यथा पश्यति, तथानुपशान्ते भ्रान्तिमूले विपरीतवासनावेगे गुणत्रयातीतप्रकृतिविलक्षणज्ञानैकाकारात्ममननं नैव घटेत। अनुवर्तेत पुनःपुनर्ब्राह्मणादिबाह्याकारात्मतैव, अनुवर्तेत च फलेऽपि रुचिः, तत् तानेतान् कर्मणो न च्यावयेत्, ज्ञानपथप्रकाशनेन तान् कर्मस्वेव प्रवर्तयित्वा क्रमशः कर्मयोगद्वारा ज्ञानयोगाधिकारिणः कुर्यादिति ॥ २९ ॥

पूर्वश्लोकार्थानुवादपूर्वकमुत्तरश्लोकमवतारयति—एवमिति। कर्तृत्वाकर्तृत्वेति। कर्तृत्वभ्रमतदभावावित्यर्थः, अज्ञानां गुणकार्येष्वपि कर्मसु भवति स्वकार्यत्वदृष्टिः, ज्ञानिनां तु गुणकार्यत्वदृष्ट्या न तथा भवति भ्रम इति यावत्। अध्यात्ममित्यत्र आत्मशब्देन विवक्षितमर्थमाह—मयि परमात्मनीति। चेतःशब्दस्य ज्ञानपरत्वमभिप्रेत्याह—चेतो ज्ञानमिति। उपलक्षणे तृतीयेत्यभिप्रेत्य व्याचष्टे—युक्त इति। मयि सन्न्यस्य मदेकविषयाणि विधायेत्यभिप्रायमाश्रित्य व्याचष्टे—मयि भूतले इत्यादिना। मद्व्यतिरिक्तमोक्षसुखेषु चेति। कैवल्यलक्षणमोक्षसुखेष्वपीति यावत्। पूर्वोक्तेति। "अच्छेद्योऽयमदाह्योऽय"मित्यादिना पूर्वोक्तेनेत्यर्थः।

प्राचामाशयमनुसरन्तः श्लोकमिममेवं व्याचक्षते-कर्म न साक्षात् बन्धाय भवति पुंसाम्, किन्त्वभिमान एव, स च द्विविधः—अहं, ममेति। अयमर्थः-कर्मस्वहङ्करोमीति यदभिमन्यते सोऽयमेकोऽहङ्कारः-कर्तृत्वाभिमानमूलकः, अनहमर्थे देहे अहमयमस्मीत्यभिमानमूलकश्चापरः—स्वस्वरूपेऽहङ्कारः। अयं च "न त्वेवाह" मित्यादिना प्राङ् निरस्तः। कर्तृत्वाभिमानमूलकस्तु इदानीं निरस्यते—"अहङ्कारविमूढात्मे"त्यादिना। यः स्वतन्त्रः स कर्तोच्यते, "स्वतन्त्रः कर्ते"ति चानुशासनम्। गुणमयेऽस्मिन् भवप्रवाहे निपतितो गुणतरङ्गैश्चाल्यमानः कथमिव स्वतन्त्रः स्यात्?। न चात्मायैरेव

टीका-

करणैरेव करोतीति स्वातन्त्र्यम्। कथं नामात्मीयान्येतानि? अयमेवानात्मीये आत्मीयभ्रमः। प्रवाहतरङ्गनिदर्शनमुक्तं पर्यालोच्यताम्। न च सहचरणमात्रादिमानि पुरुषस्येति वक्तुं शक्येत। यद्येवं, पुरुषोऽयमेषामिति किं न स्यात्?। मिथः पथि मिलितयोरिवायं चेतनाचेतनयोः संश्लेषः, एवं सति कः कस्य?। न च ज्ञानेच्छायत्नानां पुरुषधर्मत्वात् कर्मसु कर्तृत्वं पुंस इत्यवधारयितुं शक्यम्। एवं चेत्प्रवाहे निपतितः प्रवाहेन नीयमानस्तरङ्गवेगानुगुणमितस्ततश्चेष्टमानः क्रियमाणेषु कर्मसु कर्ता स्यात्। तदेवं प्राप्ताप्राप्तविचारं कुर्वन् विद्वान् गुणा गुणेषु वर्तन्त इति मत्वा न सज्जते। एवमधिभूतं तत्त्वं विचारयतां कर्तृत्वाभिमानोपशम उक्तः।

अथाध्यात्मदृष्ट्या तदुपरमप्रकार उच्यते-" मयि " इत्यादिना। यानि कर्माणि लौकिकान्यलौकिकानि वा करोषि, तानि कर्माणि मयि सन्न्यस्य करोतु। नन्वेकेन कृतस्य कथमपरस्मिन् समारोपणम्?। अध्यात्मचेतसा न्यस्यताम्। नाहं ब्रवीमि स्वेन कृतमन्यत्रारोपयेति। विचारय वस्तुस्थितिम्!। त्वमसि केवलं देहलक्षणेऽस्मिन् यन्त्रे समारूढः, यन्त्रेऽस्मिन् समारूढं त्वां भ्रामयत्यन्यः, स च सर्वस्यास्येश्वरः, तेन भ्रामितस्त्वं तत्तत्कर्मसु चेष्टसे। भ्रान्ता न जानन्ति—तदेतत्। स ह्यदृष्टः सर्वमिदं भ्रामयति, स हि मायी, स्वयमनालक्षितः सर्वत्र प्रविश्य नियमयति सोऽयमन्तरात्मा, स चाहमेव सर्वेश्वरः, यस्ते हितं बोधयामि, तस्मिन् मयि तवाप्यन्तरात्मनि, "नियन्त्रानेन प्रेरितोऽहमिदं करोमि, नाहं स्वतन्त्रः कर्ता" इति अध्यात्मविचारेण मयि कर्मकर्तृत्वभारं सन्न्यस्य विगतज्वरो भूत्वा युद्ध्यस्व। निराशीरित्यनेन पूर्वोक्तः फलसङ्गत्यागः स्मार्यते पुनरपि। निराशीर्निष्कामो भूत्वा निर्ममश्च भूत्वा देहे देहानुबन्धिषु च स्वकीयताबुद्धिं च त्यक्त्वा इति॥ ३०॥

मे इत्यनेन विवक्षितान् विशेषानाह-यस्मादित्यादिना। नित्यं मतमिति विशेष्यविशेषणभावविवक्षया व्याचष्टे—नित्यवेदोदितेति। क्रियाविशेषणतामभिप्रेत्य व्याचष्टे—वेति। ये अनुतिष्ठन्ति, ये च श्रद्धावन्तः, ये चानसूयन्तः, इत्यधिकारित्रयपरतामभिप्रेत्य व्याचष्टे—श्रद्धावन्त इत्यादिना। अज्ञाताननुष्ठिते इति। अज्ञाते, अननुष्ठिते च इत्यर्थ। तज्ज्ञानानुष्ठाने इति। इदं भगवतो मतं ज्ञातव्यमनुष्ठेयं चेति श्रद्धावन्त इत्यर्थः॥३१॥

अनुष्ठान इवाननुष्ठानेऽपि त्रैविध्यमभिप्रेत्य व्याचष्टे-अभ्यसूयन्त इत्यादिना। ये नानुतिष्ठन्ति, ये चाश्रद्दधानाः, ये चाभ्यसूयन्तः, ते त्रिविधा अपीति भावः॥३२॥

समनन्तरश्लोकमवतारयति—नन्वेवमिति। कर्मणामबन्धकत्वस्य ज्ञानाधीनत्वे सतीत्यर्थः।

अयम्भावः—अनपगतकाममनपगतकर्तृत्वाभिमानमसञ्जातप्रकृतिपुरुषपरमात्मयाथात्म्यविवेकं कर्म कुर्वन् न निःश्रेयसमाप्नोति, अपगतकाममपगतकर्तृत्वाभिमानमात्मानात्मविवेकपूर्वकं यस्त्वारभते कर्म, स एव निःश्रेयसपथमधिरोहति चेत्, प्राप्तं ज्ञानस्यैवायं महिमेति, तर्हि विनिगृह्येन्द्रियगणं साक्षात् ज्ञानयोगे, तदङ्गके भक्तियोगे च, कुतो न प्रवर्तेरन् सर्वे? तत्राहेति।

ભાવાર્થ–

હવે–અમ્બરીષરાજાનું આચરણ કેવું હતું તે કહી બતાવે છે–" તે અમ્બરીષ રાજાએ પોતાનું મન કૃષ્ણ–પરમાત્માના ચરણ–કમળમાંજ રાખ્યું હતું. અને વચન–વાણીને તો વૈકુંઠ ભગવાનના ગુણાનુવાદ કરવામાંજ રાખ્યાં હતાં. " ।

નિરાશી—પ્રકૃતિજન્ય માયિક પદાર્થને વિષે, તેમજ–મારા સમ્બન્ધ સિવાયના મોક્ષસુખને વિષે પણ, ઇચ્છાએ રહિત થઇને, નિર્મમ—ભગવાનની આજ્ઞાથીજ હું સઘળાં કર્મ કરૂં છું, પરન્તુ—તે સિવાય મારે તો કોઇ કર્તવ્ય-કંઇ પણ કરવાનું બાકી છેજ નહિ, એમ સમઝીને કર્મને વિષે મમત્વે રહિત થઇને. અને તેથીજ વિગતજ્વર—સન્તાપનો હેતુ શોક હોવાથી અહીંઆં શોકજ જ્વર શબ્દથી કહેલો છે, માટે વિશેષપણે કરીને સર્વથા ટળી ગયો છે શોકરૂપ જ્વર જેનો, અર્થાત્—પહેલાં મેં કહેલા પ્રકારથી અકર્તૃત્વાનુસન્ધાનપૂર્વક શુદ્ધ આત્મસ્વરૂપના જ્ઞાનથી નાશ પામી ગયો છે બન્ધુઓના ભાવિ–હનનથી થયેલો શોક તે જેનો, એવો થઇને તું નિઃસંશય થકો યુદ્ધ કર ? ॥ ૩૦ ॥

હવે—પહેલાં કહેલું કરવામાં મહાફળ કહી બતાવે છે—

જે મનુષ્યો—" જે હેતુથી હું ક્ષરને અતિક્રમણ કરીને રહેલો અને સર્વથી પર એવા અક્ષરથી પણ હું શ્રેષ્ઠ–સર્વોપરિ છું " " જેની સાથે સામ્ય–સમભાવ અને જેનાથી અતિશય––અધિકતા સર્વથા છેજ નહિ એવા પોતાના અસાધારણ અદ્વિતીય સર્વોપરિ—સર્વશ્રેષ્ઠ ઐશ્વર્યથી સમ્પન્ન થકા પોતાના બ્રહ્મધામમાં વિહાર કરનારા તમને નમસ્કાર છે. " " વાસુદેવ ભગવાન થકી પર––શ્રેષ્ઠ દેવતા કોઇ છેજ નહિ. " " તે પરમાત્માને તુલ્યેય કોઈ જોવામાં આવતો નથી. તો પછી તેનાથી અધિક તો જોવામાં આવેજ ક્યાંથી ? " " સર્વથી પર જે અક્ષર તેથી પણ એ પરમાત્મા પર–શ્રેષ્ઠ સર્વોપરિ છે. " " એ પુરૂષ–પરમાત્મા થકી પર–શ્રેષ્ઠ કોઇ છેજ નહિ. " " અક્ષરને પણ અન્દર રહીને નિયમમાં રાખે છે. " " ઇશ્વરોના પણ તે પરમ મહેશ્વર છે. " ઈત્યાદિક શ્રુતિ–સ્મૃતિવચનથી જેનો મહિમા ગાવામાં આવે છે એવો જે હું તે મારૂં આ–"મારામાં સર્વ કર્મ સમર્પીને " એ શ્લોકથી કહેલું, તે નિત્ય સનાતન એવા વેદથી ઉપદેશ કરેલું હોવાથી, અથવા તો અનાદિ–પરમ્પરાએ આવેલું હોવાથી, સદાય મેં માનેલું–મને પ્રિય માર્ગભૂત છે. એવા એ મારા મતને–અભિપ્રાયને જાણીને નિરન્તર તેમાં પ્રવર્તે છે. તે પુરૂષો અનાદિ કાળથી ભેગાં થયેલાં સર્વ કલ્યાણવિરોધી પાપોથી મુકાઇ જાય છે. ।

વળી—આ મત જાણવામાં તેમજ અનુષ્ઠાન કરવામાં પણ ન આવ્યો હોય તો પણ જે મનુષ્યો તેને જાણવામાં અને અનુષ્ઠાન કરવામાં વિશ્વાસપૂર્વક ત્વરાવાળા થાય છે, તેમજ વળી––જેઓ આ મતમાં વિશ્વાસપૂર્વક ત્વરાએ રહિત હોય તો પણ આ મત બહુ સારો છે, એમ ગુણગ્રાહી હોઇને તેમાં દોષારોપણ ન કરતા હોય, તો એ બન્ને

શ્લોકાર્થ-

આત્મા--અનાત્માના વિવેકને પામેલો જ્ઞાની જન પણ પોતાની પ્રકૃતિને અનુરૂપજ આચરણ કરે છે, માટે ભૂત-પ્રાણીમાત્ર પોત-પોતાની-પ્રકૃતિનેજ અનુસરે છે, માટે શાસ્ત્રકૃત ૧ નિગ્રહ શું કરશે ? ॥૩૩॥

વિષયોમાં રાગ અને દ્વેષ વિભાગપૂર્વક વ્યવસ્થાથી રહેલાજ છે, માટે તે રાગદ્વેષના વશમાં ન સપડાવું, કારણકે-તે રાગ અને દ્વેષ એ બેજ આ પુરૂષના કટ્ટા વિરોધી છે. ॥૩૪॥

સારી રીતે અનુષ્ઠાન કરેલા પર ધર્મ કરતાં ન્યૂન ગુણવાળોય સ્વધર્મ શ્રેયને આપનારો છે. માટે સ્વધર્મમાં રહીને મરવું એ સારૂં છે, પણ પર ધર્મ તો આખરે ભય ઉપજાવનારોજ થાય છે. ॥ ૩૫ ॥

ભાવાર્થ-

પ્રકારના પુરૂષો—વિશ્વાસપૂર્વકની ત્વરા વડે કરીને તથા દોષનો આવિષ્કાર નહિ કરવા વડે કરીને પણ ક્ષીણ થઇ ગયાં છે પાપ જેમનાં એવા થકા તુરતજ એ મારા મતને અવલમ્બીને—આશરીને કલ્યાણવિરોધી પાપ અને વિઘ્ન થકી મુકાય છે. ॥ ૩૧ ॥

હવે—પોતે કહેલા મતમાં નહિ પ્રવર્તનારા, એ મતમાં શ્રદ્ધા વિનાના અને એમાં અસૂયા કરનારા, એ સર્વની નિન્દા કરે છે—

જે મનુષ્યો અચેતનવર્ગ, ચેતનવર્ગ અને મુકતસમૂહનો પણ પ્રેરક અને સ્વામી એવો હું તે મારા આ આરાધનરૂપ મતને નથી અનુસરતા—અર્થાત્-એ મતમાં નથી પ્રવર્તતા, વળી—મહાગુણવાળા આ મારા મતમાં દોષ આરોપણ કરીને અભ્યસૂયા કરનારા, અને વળી—આ મતમાં શ્રદ્ધાએ રહિત થકા ગુણ પણ નથી ગ્રહણ કરતા, એ ત્રણેય પ્રકારના મનુષ્યોને સર્વ-ધર્મ-અધર્મ, ન્યાય-અન્યાય, કાર્ય-અકાર્ય, જીવ, ઇશ્વર, પ્રકૃતિ, પુરૂષ, કાળ, બ્રહ્મ અને પરબ્રહ્મ, એ સર્વનાં સ્વરૂપ સમજવામાં વિમૂઢ બની ગયેલા, વિપરીત જ્ઞાન પામેલા, અથવા તો સર્વથા અજ્ઞાનીજ. અને એથીજ અચેતસ્-દુષ્ટ ચિત્તવાળા અને તેથીજ ધર્માદિક ચતુર્વર્ગથી પતિત થઇને અતિ ભ્રષ્ટ બની ગયેલા એવા જાણ !

આવી ઉચ્ચ પદવીને પામેલા હોવા છતાં પણ કુંભીપાકાદિક નરકોમાં પડેલા છે એમ એમને જાણવા. એ અભિપ્રાય છે. ॥૩૨॥

નનુ-શંકા, એમ જો હોય તો જ્ઞાનયોગમાં અને ભકિતયોગમાં ઇન્દ્રિયોને સમ્યક્ પ્રકારે નિયમમાં કરીને સર્વે જનો કેમ નથી પ્રવર્તતા ? એમ આશંકા ઉઠાવીને કહે છે—

૧ મનુષ્યમાત્ર પોતાની પ્રકૃતિનેજ અનુસરે છે માટે શાસ્ત્રકૃત નિગ્રહની અસર ચિરસ્થાયી ન થાય, માટે તું આખરે તારી ક્ષત્રિય-પ્રકૃતિને અનુસરીને યુદ્ધ કર્યા સિવાય નહિજ રહી શકું, તો મારા કહેવા પ્રમાણે કર્તૃત્વ-ભોકતૃત્વ છોડી દઇને મત્પરાયણ થઇને નિષ્કામભાવે યુદ્ધાદિક સહજ-પ્રાપ્ત કર્મ કર્યા કર ! એમાંજ તારૂં શ્રેય સમાયેલું છે. એ અભિપ્રાય છે. ।

भाष्यम्-

सदृशं चेष्टते स्वस्याः प्रकृतेर्ज्ञानवानपि ।
प्रकृतिं यान्ति भूतानि निग्रहः किं करिष्यति ?॥ ३३ ॥

यर्हि ज्ञानवानपि—सकलप्राकृतवस्तुविसजातीयसुखरूपं स्वस्वरूपम् , ततोऽप्युत्कृष्टतरमनवधिकातिशयानन्दमयं परमात्मस्वरूपम् च, जानन्नपि । स्वस्याः प्रकृतेः—प्राक्तनवासनायाः—प्राचीनकर्मजन्यधर्माधर्मज्ञानेच्छादिसंस्काररूपस्य स्वभावस्येत्यर्थः । सदृशम्-अनुगुणमनुकूलमिति यावत् । तद्यथा भवति तथा चेष्टते-कर्मसु चेष्टां करोति । भूतानि—सर्वे जनाः प्रकृतिं यान्ति—स्वस्वप्रकृत्यनुकूलं चेष्टन्ते, वर्तन्त इति यावत् । निग्रहः—शास्त्रकृतनियमः तेषु जनेषु किं करिष्यति ?-प्रकृतिवशगानां शास्त्रविहितनियमनं स्वप्रकृतिं नातिपतेदिति भावः ॥ ३३ ॥

सर्वेषां भूतानां स्वप्रकृत्यनुविधायित्वे शास्त्रकृतनिग्रहस्य उपयोगं वदति—द्वाभ्यामिन्द्रियस्येति ।

इन्द्रियस्येन्द्रियस्यार्थे रागद्वेषौ व्यवस्थितौ ।
तयोर्न वशमागच्छेत्तौ ह्यस्य परिपन्थिनौ ॥ ३४ ॥

इन्द्रियस्य —श्रोत्रादिज्ञानेन्द्रियवर्गस्य, वागादिकर्मेन्द्रियवर्गस्य च । इन्द्रियस्यार्थे—शब्दादिविषयवृन्दे, वचनादिविषयकलापे च । रागद्वेषौ-रागः-प्राक्तनकर्मसंस्कारोत्पन्ना स्वप्रियविषयेषु प्रीतिः, द्वेषः—प्राक्तनकर्मसंस्कारोत्पन्ना स्वानिष्टविषयेष्वरुचिश्च, तावेतौ रागद्वेषौ स्वाभाविकौ व्यवस्थितौ—स्थितवन्तौ । तथापि तयोर्वशं जनो नागच्छेत्—तद्वशवर्ती न भवेदित्यर्थः । हि—यस्मात् , अस्य-श्रेयसे यतमानस्य कर्मयोगनिष्ठस्य, ज्ञानयोगनिष्ठस्य च जनस्य । तौ—रागद्वेषौ । परिपन्थिनौ—दुर्जयौ शत्रू । आत्मपरमात्मज्ञानानुशीलनं नाशयत इति भावः ॥ ३४ ॥

श्रेयान् स्वधर्मो विगुणः परधर्मात्स्वनुष्ठितात् ।
स्वधर्मे निधनं श्रेयः परधर्मो भयावहः ॥ ३५ ॥

શ્લોકાર્થ-

અર્જુન પૂછે છે—

હે વૃષ્ણિકુળનન્દન ! જ્ઞાનયોગમાં પ્રવર્તેલો આ પુરૂષ કોણે પ્રેર્યો થકો ઇચ્છ-ન હોય તો પણ જેમ બળાત્કારે પ્રેરાયેલો હોય તેમ પાપ-કર્મનું આચરણ કરેછે ? ॥૩૬॥

ભાવાર્થ-

જો જ્ઞાની પણ—સકળ પ્રાકૃતવસ્તુથી વિસજાતીય અને સુખરૂપ એવા સ્વ-સ્વરૂપને, તેમજ—તે આત્મસ્વરૂપથી પણ અતિશય ઉત્કૃષ્ટસ્વરૂપ અને નિરવધિકાતિશય આનન્દમય એવા પરમાત્મસ્વરૂપને પણ જાણતો-સમજતો હોય તો પણ, પોતાની પ્રકૃતિને-પ્રાચીન કર્મજન્ય ધર્મ, અધર્મ, જ્ઞાન અને ઇચ્છાદિક સંસ્કારરૂપ સ્વભાવને, સદ્દશ-અનુસરતું-અનુકૂળ જેમ હોય તેમ, કર્મ કરવામાં ચેષ્ટા-પ્રવૃત્તિ કરેછે. આ રીતે સર્વ જનો પોત-પોતાની પ્રકૃતિને અનુકૂળ-પ્રકૃતિ પ્રમાણેજ કર્મ કરવામાં વર્તે છે, તો શાસ્ત્રવિહિત નિગ્રહ તે મનુષ્યોમાં શું કરી શકશે ? અર્થાત્-પૂર્વકર્માનુસારે પ્રાપ્ત થયેલા સ્વભાવરૂપ પ્રકૃતિના વશમાં પડી ગયેલા જનોને શાસ્ત્રવિહિત નિયમન-નિગ્રહ પોતાના સ્વભાવને નજ દબાવે એ ભાવાર્થ છે. ॥ ૩૩ ॥

આ રીતે જ્યારે સર્વ મનુષ્યોને પોત-પોતાની પ્રકૃતિને અનુસારેજ વર્તવાપણું છે, તો પછી શાસ્ત્રકૃત નિગ્રહનો ઉપયોગ કેમ કરવો ? તે બે શ્લોકોથી કહે છે—

શ્રોત્રાદિક જ્ઞાનેન્દ્રિયોના સમૂહને, તેમજ-વાગાદિક કર્મેન્દ્રિયોના સમૂહને પણ, ઇન્દ્રિયોના અર્થમાં—શબ્દાદિક વિષયવૃન્દમાં તથા વચન વિગેરે વિષયસમૂહમાં પણ, રાગ, અને દ્વેષ, એટલે કે—પ્રાકતન કર્મ-સંસ્કારથી થયેલી પોતાને પ્રિય વિષયોમાં પ્રીતિરૂપ રાગ અને પ્રાચીન કર્મ-સંસ્કારથી ઉત્પન્ન થયેલી પોતાને અનિષ્ટ-અપ્રિય વિષયોમાં અરૂચિરૂપ દ્વેષ, એ બન્ને સ્વાભાવિકજ રહેલા છે, તો પણ તે રાગ-દ્વેષના વશમાં વર્તનારો પુરૂષ કયારેય નજ થાય. કારણકે—પોતાના શ્રેયને માટે પ્રયત્ન કરનારા કર્મયોગમાં નિષ્ઠાવાળા તેમજ જ્ઞાનયોગમાં નિષ્ઠાવાળા પુરૂષને તે રાગ અને દ્વેષ એ બન્ને મોટામાં મોટા દુર્જય કટ્ટા શત્રુ છે. અને તે આત્મા—પરમાત્માના સ્વરૂપનું જ્ઞાન નાશ કરનારા-ભૂલાવી દેનારા છે. એ ભાવાર્થ છે. ॥ ૩૪ ॥

સમ્યક્—પ્રકારે અનુષ્ઠાન કરેલા પર ધર્મ કરતાં—પરના-બ્રાહ્મણના અહિંસા-પ્રધાન ધર્મ કરતાં, જો કે—અહિંસારૂપ ગુણથી રહિત છે તો પણ પોતાનો-ક્ષત્રિયનો ધર્મ અતિશય શ્રેષ્ઠ છે. અને યુદ્ધાદિક ક્ષત્રિયધર્મનું પાલન કરતાં તેમાં કદાચ મરણ થાય તો પણ તે ઘણું સારૂં-સ્વર્ગને પમાડનારૂં શ્રેષ્ઠ કર્મ છે. અને ક્ષાત્ર-સ્વભાવે યુકત ક્ષત્રિયને અહિંસાપ્રધાન બ્રાહ્મણધર્મ ઘણા પ્રયાસે કરીને પણ સમ્પાદન કરવો અશકય હોવાથી આખરે ભય ઉપજાવનારોજ થાય છે. ।

भाष्यम्--

श्रेयानिति। स्वनुष्ठितात् सम्यगनुष्ठितात्, परधर्मात्--परस्य ब्राह्मणस्य, धर्मात्-अहिंसाप्रधानात् धर्मात्। विगुणः-अहिंसारूपगुणवर्जितः। स्वधर्मः-क्षत्रियधर्मः। श्रेयान्। स्वधर्मे-युद्धादिक्षात्रियधर्मे। निधनं श्रेयः—स्वर्गप्रापकम्। परधर्मः—क्षात्रप्रकृतियुक्तस्य अहिंसारूपो ब्राह्मणधर्मः। भयावहः-दुःसम्पाद्यतया भयप्रापको भवति।

यद्वा—श्रेयानिति। स्वनुष्ठितात् सुकृतात्। प्राक्तनवासनायुक्तस्य दुष्करतया परधर्मात्—परस्य परिपूर्णज्ञानयोगनिष्ठस्य, धर्मात्--धर्मभूतात् ज्ञानयोगात् सगुणादपि। विगुणः-इन्द्रियव्यापारविरतिरूपगुणरहितः, स्वप्रकृत्यनुकूलत्वात्सुकरतया स्वधर्मः-स्वधर्मभूतः कर्मयोगः। अन्तर्गतज्ञानतया श्रेयान्--प्रशस्यतरः। स्वधर्मे—कर्मयोगे प्रवृत्तस्य अस्मिन् जन्मन्यप्राप्तफलस्यापि निधनं मरणमपि श्रेयः। विघ्नवर्जितत्त्वेन जन्मान्तरे आत्मपरमात्मावलोकनसम्भवात्। परधर्मः—प्राचीनवासनायुक्तस्येन्द्रियनियमनेऽसावधानत्वाद्दुष्करतया परधर्मभूतो ज्ञानयोगः, इन्द्रियनियमने सम्यगसावधानतया भयावहः--भयप्रापकः, दुष्कर इत्यर्थः॥ ३५॥

ज्ञानयोगे प्रवृत्तस्य पतनहेतुं प्रच्छन्नर्जुन उवाच-अथ केनेति।

अर्जुन उवाच--

अथ केन? प्रयुक्तोऽयं पापं चरति पुरुषः।
अनिच्छन्नपि वार्ष्णेय! बलादिव नियोजितः॥ ३६॥

हे वार्ष्णेय!—वृष्णिकुलोद्भव!। अयम्--ज्ञानयोगसिद्ध्यर्थमिन्द्रियनियमने सम्प्रवृत्तः, पुरुषः-मुमुक्षुजनः। अनिच्छन्नपि—विषयान् भोक्तुमकामोऽपि। बलात्-प्रसभम्, नियोजित इव-राज्ञा भृत्यवत्प्रेरित इव। केन प्रयुक्तः—प्रेरितः सन्। पापम्—पापरूपं कर्म। चरति—आचरति करोतीत्यर्थः॥ ३६॥

एतत्प्रश्नोत्तरं भगवानुवाच—काम इति।

श्रीभगवानुवाच—

काम एष क्रोध एष रजोगुणसमुद्भवः।
महाशनो महापाप्मा विद्ध्येनमिह वैरिणम्॥ ३७॥

टीका—

सर्वं इति । निःश्रेयसकामाः सर्वं एवेत्यर्थः । सुखरूपमिति । दुःखप्रत्यनीकज्ञानैकाकारमित्यर्थः । ज्ञानवानपीति । प्रमाणेभ्यः प्रमातृभ्यश्च जानन्नपीत्यर्थः । प्रकृतेरित्यस्य गुणत्रयलक्षणप्रकृतिपरत्वे तत्परिणतिलक्षणदेहपरत्वेऽपि प्रवृत्तौ तदनुगुणत्वं दुर्निरूपमिति स्वभावपरत्वमभिप्रेत्य व्याचष्टे—प्राक्तनेति । पूर्वपूर्ववासनाविशेष एव स्वभाव इति यावत् । प्राचीनकर्मजन्येति संस्कार अन्वेति । पूर्वकर्मानुगुणो य. संस्कार इत्यर्थः । कश्चित् जन्मनैव धर्मे भवति रुचिमान, कश्चिदधर्मपथे, कश्चित् ज्ञानमार्गे, कश्चित् कामनामार्गे, एवं नैसर्गिकरुचिवैलक्षण्ये निमित्तं धर्माधर्मादिस्तत्तद्विषयको वासनाविशेष एवेति भावः । इच्छात्र रागः । कुत एतत्? तत्राह—भूतानीत्यादि । प्रकृतिं यान्तीति । शास्त्रतो हितमहितं जानतोऽपि अहितान्निवर्तितव्यमिति अध्यवस्यन्तोऽपि आचरणसमये तु यान्ति स्वस्वपूर्वपूर्वसंस्कारमनु इति भावः ॥ शास्त्रकृत इति । शास्त्रतोऽवगत इति यावत् । किं? करिष्यतीत्यस्य भावमाह—प्रकृतिं नातिपतेदिति ॥ ३३ ॥

अनन्तरश्लोकमवतारयति—सर्वेषामिति । अयमाशयः—सर्वेषां भूतानां पूर्वपूर्वप्रकृत्यनुगुणप्रवृत्तिशीलत्वे विधिनिषेधशास्त्राणामुपयोग एव न स्यादित्याशङ्कामपनुदन् शास्त्रीयविधिनिषेधलक्षणनिग्रहस्य उपयोगप्रकारमुपपादयति. इति । इन्द्रियस्येति । सत्यम् , पुरुषं प्रकृतिः कर्षति । प्रकृतिर्हि वासनामयी, वासना चेन्द्रियार्थमनु रागद्वेषलक्षणा, यद्यपि रागद्वेषौ पुंसो न स्वाभाविकौ, अथापि इन्द्रियाधीनस्यास्य तत्तदर्थयोः—तत्तत्प्रकाश्ययोर्विषययो रागो द्वेषो वा विशेषेण वासनारूपेणावस्थित एव । रागद्वेषवशगो भूत्वा यथायथं चेष्टमानः पङ्के निमग्नो यथायथं चेष्टमान इव अन्ततोऽनर्थमेव प्राप्नुयात् । अथापि आप्तोपदेशेनेव शास्त्रोपदेशेन विधिनिषेधलक्षणेन रागद्वेषौत्कर्ष्यं विनिगृह्य विहितेषु इन्द्रियाणां व्यापारणेन रागद्वेषौ कथमपि वशे विधाय यतितव्यं श्रेयसे यतमानेन । इदमेव तु पुरुषस्य लक्षणम् । अत एव पशुभ्यो विशिष्यन्ते पुरुषाः । वासना तु प्राणिमात्रसाधारणा, अनुकूलप्रतिकूलविवेचनं विशेषः पुरुषस्य । अत एव पुरुषो भवति शास्त्रेऽधिकारी । श्रेयस्यपि परमे यतमानस्य इमावेव रागद्वेषौ परिपन्थिनौ । च्यावयेच्चतावेतौ ज्ञानयोगात् कर्मयोगात् वा तत्पथात् । तत् रागद्वेषौ क्रमशो विनिगृह्य यतितव्यं तेनापीति किमु वक्तव्यम् ? इति भावः । कर्मयोगनिष्ठस्य ज्ञानयोगनिष्ठस्य चेति । अत्र निष्ठाशब्दः श्रद्धातिशयपरः, कर्मयोगे यतमानस्य ज्ञानयोगे यतमानस्य चेति भावः ॥ ३४ ॥

ननु-ज्ञानयोगे यतमानेनापि धर्मोऽनुष्ठेयो निष्कामं येनेन्द्रियनिग्रहः सुकर इति । तदेतदभ्युपगम्यते । परं त्वनेन-अयमेव धर्मोऽनुष्ठेय इति कोऽयं नियमः ? यन्मां युद्धाख्ये धर्मे नियोजयसि । तत्राह-श्रेयानिति ।

परधर्मात्-प्रकृतिभेदात् धर्मो हि भिद्यते, क्षात्रप्रकृतेस्ते क्षात्रो धर्मः स्वधर्मः, यस्तु ब्राह्मणप्रकृतेः शमादिप्रधानो धर्मः स परधर्म एव । इदानीं हिंसामयमिदं युद्धं इति दोषं मत्वा गुणं च ब्राह्मणधर्मे दृष्ट्वा युद्धाद्विमुखो भूत्वा कमपि समयं यावत् परधर्ममाचरसि, अथापि कञ्चित्कालमनुष्ठितात् परधर्मात् विगुणोऽपि स्वधर्मः त्वत्प्रकृत्यनु-

टीका-

गुणः क्षात्रधर्म एव श्रेयान्। कुत एतत्? परधर्मो हि भयावहः, अत्र परत्र च भयमनिष्टमेवावहेदन्ततः—अस्थानस्नेहकारुण्यादिना क्षणमद्य समुन्मिषितेन स्वप्रकृतिविगुणेन परधर्मे जातोऽयमभिनिवेशो बुद्बुदवत् क्षणेन विलीयेत। अथ समये युद्धाननुष्ठानेन राज्यादिहानिः, स्वपक्षविनाशश्च, प्रकृतिः पश्चात् त्वां स्ववशे नयेत्, ततः प्रच्युतश्च परधर्मात् पथद्वयपरिभ्रष्टः परत्र चानर्थं प्राप्स्यसि। तत् परधर्मो भयावहः। स्वप्रकृत्यनुगुणे धर्मे क्षात्रे ते निधनं-जातु युद्धे मरणं श्रेय एव। धर्माचरणात् युद्धे मरणात् स्वर्गसिद्धेः श्रेय एव। तदिदमभिप्रेत्य व्याचष्टे-स्वनुष्ठितात् परधर्मात्। परस्य ब्राह्मणस्य धर्मादिति। वर्णभेदनिबन्धनधर्मभेदपरतया यदिदं व्याख्यानं तत्रारुच्या प्रकारान्तरेण व्याचष्टे—यद्वेति। अरुचाविदं निमित्तम्—अस्मात् पथः अयं पन्थाः श्रेयान् इति वक्तुं युक्तम्, न तु अस्मात् पथ अयमपथः श्रेयान् इति। क्षत्रियस्य ब्राह्मणधर्मस्त्वपथ एव, प्रतिषिद्धत्वादधर्म एव, तत् श्रेयानित्येष निर्देशो न घटेतेति। एकस्मै फलायैकं प्रति विहितयोर्द्वयोः पथोर्मध्ये स्वानुकूलमेकं समाश्रयते विचारयन् पुरुषः। तथा मुमुक्षुं प्रति विहितयोः कर्मयोगज्ञानयोगयोः श्रेयःसाधनयोर्मध्ये, स्वप्रकृत्यनुगुणं यत् साधनं तदेवोपादेयम्। अनादेः कालात् प्रकृतिसंसृष्टस्य अनुदिनमिन्द्रियाण्यनु वर्तमानस्य, अभ्यस्तकर्मपथस्य मुमुक्षामात्रेण सपदि ज्ञानपथे समुत्पतनं सप्रमादतयाधःपतनायैव स्यात्, तत् स्वप्रकृत्यनुगुणकर्मयोग एव श्रेयान् ज्ञानयोगात्, स हि परस्य साङ्ख्याधिकारिण उक्तः-"ज्ञानयोगेन साङ्ख्यानां कर्मयोगेन योगिनाम्" इति ॥३५॥

पतनहेतुमिति। ज्ञानयोगात्पथः पतनहेतुमित्यर्थः। उक्तमेव भयावहत्वं प्रश्नप्रतिवचनमुखेनोपपादयतीति यावत्। "इन्द्रियस्येन्द्रियस्यार्थे रागद्वेषौ व्यवस्थितौ। तयोर्न वशमागच्छेत् तौ ह्यस्य परिपन्थिनौ" इति पूर्वोक्तं प्रश्नप्रतिवचनमुखेन द्रढयतीति व्यवहितेन वा सम्बन्धः। अयं पुरुष इति सामान्यनिर्देशस्य प्रकरणाद्विवक्षितविशेषपरतामभिप्रेत्य व्याचष्टे—अथायं ज्ञानयोगार्थं इन्द्रियनियमने सम्प्रवृत्तोऽयमिति। विषयान् भोक्तुमकामोऽपीति। इदं नः श्रेयसे प्रतिकूलमिति जानन्नपीत्येतत्। पापरूपमिति। पापता चेष्टविरोधिता, श्रेयःसाधनतया समभिलषितस्य ज्ञानयोगस्य विरोधिभूतमिन्द्रियप्रवर्तनलक्षणं कर्म तच्च पुण्यं वा अन्यत् वा॥३६॥

त्रिषु गुणेषु रजसि समुद्रिक्ते भवति कामः, तत् कामं शत्रुं निरस्यता काममूलं रजः प्रथममभिभाव्यमित्युपायं ज्ञापयितुं रजोगुणसमुद्भव इति हेतुकथनमित्यभिप्रेत्याह—सत्त्वे प्रवर्धिते इति। महाशन इत्यत्र महत्पदेन अपर्याप्तत्वं विवक्षितमित्यभिप्रेत्याह—दुष्पूर इति। "न जातु कामः कामानामुपभोगेन शाम्यति"। क्रूर इति क्रोधे विशेषणम्। "क्रुद्धः पापं न कुर्यात् किं? क्रुद्धो हन्याद्गुरूनपि"। प्राक्तनवासनोत्पन्न इति। वासनावातवेगेन रजसि समभिवृद्धे भवति कामवेग इति भावः। कामस्यैव रूपान्तरं क्रोध इत्याह-प्रतिहतगतिः सन्निति। एष इत्यस्य भावमाह-जनैर्दृष्ट इति। अत्यन्तसन्निकृष्टे ह्येतच्छब्दः प्रवर्तते। सन्निकृष्टश्च भवत्यपरोक्षः। जनैः-जनिमद्भिरखिलैः। सर्वलोकविदितमहिमायं कामः,क्रोधश्चेति भावः। इहेत्यस्यार्थमाह-मोक्षसाधने इति। प्रकृतत्वात्।

भाष्यम्-

रजोगुणसमुद्भवः—रजोगुणात्समुद्भवतीति तथाभूतः। सत्त्वे वर्धिते रजःक्षयः, रजसि नष्टे कामो नश्यतीत्यभिप्रायः। महाशनः-महत्—बहुलं अशनम्—विषयरूपमद्यं यस्य सः, दुष्पूर इत्यर्थः। महापाप्मा—अतिक्रूरः। एषः—प्राक्तनवासनोत्पन्नः, कामः-शब्दादिविषयाभिलाषः, प्रतिहतगतिः सन् एष एव क्रोधः—क्रोधरूपेण परिणतो जनैर्दृष्टः। इह—मोक्षसाधने। एनम्—कामम्। वैरिणम्-शत्रुम्। विद्धि—जानीहि॥ ३७॥

वैरित्वमेव निदर्शनैर्निरूपयति—धूमेनेति।

धूमेनाव्रियते वह्निर्यथादर्शो मलेन च।
यथोल्बेनावृतो गर्भस्तथा तेनेदमावृतम्॥ ३८॥

धूमेन—सहजेन यथा वह्निराव्रियते—आच्छाद्यते, मलेन—आगन्तुकेन यथा आदर्शश्च, उल्बेन—गर्भावरणचर्मणा यथा गर्भः, आवृतः- विश्वतः संवृत्य प्रावृतः। तथा-उक्तदृष्टान्तत्रयप्रकारेणापि। तेन-कामेन। इदम्-क्षेत्रज्ञजातम्। आवृतम्-स्ववशीकृतम्. ॥३८॥

कामो हि ज्ञानावरणरूपोऽस्तीत्याह-आवृतमिति।

आवृतं ज्ञानमेतेन ज्ञानिनो नित्यवैरिणा।
कामरूपेण कौन्तेय! दुष्पूरेणानलेन च॥ ३९॥

हे कौन्तेय! दुष्पूरेण-" न जातु कामः कामानामुपभोगेन शाम्यती" त्युक्तरीत्या विषयोपभोगैः पूरयितुमशक्येन। अनलेन च-शोकसन्तापकरत्वादनलतुल्येन। कामरूपेण—भोगेच्छारूपेण। नित्यवैरिणा-मोक्षमार्गपातनहेतुत्वात् सततशत्रुणा। एतेन-कामेन। ज्ञानिनः—वेदनशीलस्य। ज्ञानम्—आत्मपरमात्मतत्प्रापकभक्तिस्मृतिरूपं ज्ञानम्। आवृतम्-आच्छादितम्॥ ३९॥

कामस्याधिष्ठानमाह-इन्द्रियाणीति।

इन्द्रियाणि मनो बुद्धिरस्याधिष्ठानमुच्यते।
एतैर्विमोहयत्येष ज्ञानमावृत्य देहिनम्॥ ४०॥

શ્લોકાર્થ-

શ્રીભગવાન કહે છે—

રજોગુણમાંથી સમુદ્ભવ જેનો છે એવો એ કામ અને એજ ક્રોધ મહાભૂખાળવો અને મહાપાપરૂપ છે, માટે એનેજ આ મોક્ષમાર્ગમાં મોટો શત્રુ જાણ ! ॥ ૩૭ ॥

ભાવાર્થ-

અથવા-સારી રીતે સિદ્ધ કરેલા કરતાં-એટલે કે-પ્રાચીન વાસનાએ યુકત મનુષ્યને અતિ દુષ્કર હોવાથી પરધર્મ-પરનો-પરિપૂર્ણ જ્ઞાનયોગમાં નિષ્ઠા-દૃઢ સ્થિતિ પામેલા પુરૂષનો ધર્મભૂત એવો જ્ઞાનયોગ જો કે શ્રેષ્ઠ ગુણે યુકત છે તો પણ તેના કરતાં, ઇન્દ્રિયવ્યાપારના વિરામરૂપ ગુણથી રહિત હોવા છતાં પણ પોતાની પ્રકૃતિને અનુકૂળ હોવાથી સુખે કરીને કરી શકાય એવો હોવાથી સ્વધર્મભૂત કર્મયોગ અન્દર જ્ઞાન રહેલું હોવાથી બહુ સારો-અતિશય વખાણવા લાયક છે.

સ્વધર્મમાં-કર્મયોગમાં પ્રવર્તેલાને આ જન્મમાં કદાચ ભલે તેનું ફળ પ્રાપ્ત ન થાય, તો પણ તેમાં રહીને મરણ થાય તોય સારૂં છે. કારણ કે-કર્મયોગ વિઘ્નથી રહિત હોવાથી તેમાં જન્માન્તરમાં આત્મા-પરમાત્માના સાક્ષાત્કારનો સંભવ છે માટે.

અને પરધર્મ-પ્રાચીન વાસનાએ યુકત મનુષ્યને ઇન્દ્રિયોનું નિયમન કરવામાં અસાવધાનતા હોવાથી અતિ દુષ્કરતાને લીધે **પરધર્મભૂત જ્ઞાનયોગ** ઇન્દ્રિયોના નિયમનમાં સમ્યક્પણે અસાવધાનતાને લીધે ભયાવહ-દુષ્કરજ થાય છે.એ રહસ્યાર્થ છે.॥૩૫॥

હવે—જ્ઞાનયોગમાં પ્રવર્તેલાને જ્ઞાનયોગથી પાડવામાં હેતુ-કારણભૂત કોણ છે ? એમ પૂછતાં અર્જુન કહેવા લાગ્યો-

અર્જુન પૂછે છે—વૃષ્ણિવંશમાં આવિર્ભાવ પામેલા હે પ્રભુ ! જ્ઞાનયોગની સિદ્ધિને માટે ઇન્દ્રિયોના નિયમનમાં સમક્પ્રકારે પ્રવૃત્ત થયેલો મુમુક્ષુ પુરૂષ, પોતે વિષયો ભોગવવાને ન ઇચ્છતો હોય તો પણ, રાજાએ પ્રેરેલા તાબેદાર નોકરની માફક બળાત્કારે જોડેલો હોય તેમ, કોના પ્રેરવાથી પાપ-રૂપ કર્મ કરવામાં આપો-આપ પ્રવર્તી જાયછે ? ॥ ૩૬ ॥

એ પ્રશ્નનો ઉત્તર ભગવાન શ્રીકૃષ્ણ કહે છે—

શ્રી ભગવાન કહે છે-રજોગુણ થકીજ ઉત્પત્તિ જેની છે, (આમ કહેવામાં હેતુ કહી સમઝાવે છે—) એટલે કે-સત્ત્વગુણની વૃદ્ધિ થવાથી રજોગુણનો ક્ષય થાય છે. અને રજોગુણ નાશ પામતાં કામ નાશ પામી જાય છે. એ અભિપ્રાય છે. અને બહુજ મોટું અશન-વિષયોપભોગરૂપ ખાદ્ય જેનું છે, અર્થાત્-જે કોઇ રીતે પૂરાય એવો નથી. અને જે અતિ ક્રૂર હોવાથી મહાપાપરૂપ છે. એવો આ પ્રાકતન-અનાદિ વાસનાથી ઉત્પન્ન થયેલો કામ-શબ્દાદિક વિષયોમાં અભિલાષ છે. અને એજ કામ તેમાં કોઇ આડે આવવાથી ક્રોધરૂપે પરિણામ પામતો લોકમાં મનુષ્યોના જોવામાં આવે છે. માટે એ કામને મોક્ષના સાધનમાં મોટામાં મોટો શત્રુ છે, એમ જાણ ? ॥ ૩૭ ॥

ભાવાર્થ-

ધૂમાડાથી જેમ અગ્નિ આવરણ પામે છે, દર્પણ જેમ મેલથી મલિનતા પામેછે. અને વળી-જેમ ઉલ્બથી ગર્ભ આવરણ પામેલો હોય છે, તેજ પ્રમાણે તે કામથી આ પ્રાણીમાત્ર આવરણ પામેલા છે. ॥ ૩૮ ॥

હે કુન્તીપુત્ર-અર્જુન ! પૂરી ન શકાય એવા અને અગ્નિ જેવા અપારભક્ષી આ કામરૂપી નિરન્તરના શત્રુએ જ્ઞાનયોગમાં પ્રવર્તેલા જ્ઞાનીનું જ્ઞાન આવરી લીધેલું છે. ॥ ૩૯ ॥

ઇન્દ્રિયો, મન અને બુદ્ધિ, એ આ કામનું અધિષ્ઠાન-આશ્રયસ્થાન છે. અને એ સાધનોથી એ કામ દેહી-જીવાત્માને જ્ઞાન આવરી લઇને મોહ પમાડે છે. ॥૪૦॥

ભાવાર્થ-

હવે-તે શત્રુભાવનેજ દૃષ્ટાન્તોથી નિરૂપણ કરી બતાવે છે—

અગ્નિની સાથેજ-સહજસિદ્ધ રહેલા ધૂમાડાથી જેમ અગ્નિ આવરણ પામેલો હોયછે-ઢંકાઇ જાયછે. વળી આગન્તુક મળથી જેમ દર્પણ અને વળી-ગર્ભના આવરણભૂત ચર્મથી જેમ ગર્ભ ચોતરફથી ઢંકાઇને આવરણ પામેલો હોયછે, આ કહ્યાં એવાં ત્રણ દ્રષ્ટાન્તો પ્રમાણેજ તે કામથી આ સમગ્ર ક્ષેત્રજ્ઞ-જીવસમૂહ આવરણ પામેલો છે. ॥ ૩૮ ॥

હવે—કામ એજ જ્ઞાનમાં આવરણભૂત છે એમ કહે છે—

હે કુન્તીપુત્ર—અર્જુન ! " કામી પુરૂષોનો કામ **ઉપભોગથી** ક્યારેય શમતોજ નથી. " એ આપ્તવાક્યમાં કહેવા પ્રમાણે વિષયોપભોગથી પૂરવાને માટે અશક્ય-પૂરી ન શકાય એવો દુષ્પૂર, અને શોક—સન્તાપ પમાડનારો હોવાથી બળતા અગ્નિ જેવો વિષયોપભોગની ઇચ્છારૂપ અને મોક્ષમાર્ગથી પાડવામાં હેતુભૂત હોવાથી અખંડ શત્રુભૂત, એવો આ કામ તેણે, જાણવું એજ શીલ-સ્વભાવ જેનો છે એવા જ્ઞાતાસ્વરૂપ જીવાત્માનું, **જ્ઞાન**-આત્મા-પરમાત્માનું સ્વરૂપ અને પરમાત્માની ભક્તિ, એ સર્વની સ્મૃતિરૂપ જ્ઞાન, તે સર્વથા આવરી લીધેલું છે. ॥ ૩૯ ॥

હવે-તે કામનું અધિષ્ઠાન-આશ્રયસ્થાન કહે છે—

આ કામનાં ઇન્દ્રિયો, મન અને બુદ્ધિ, એટલાં અધિષ્ઠાન-આશ્રયસ્થાન કહેવાય છે. એ કામ વિષયોમાં પ્રવણ-આતુર ઇન્દ્રિયોરૂપ સાધનોથી, આત્મા-પરમાત્માનું જ્ઞાન અને તે પરમાત્માનો સાક્ષાત્કાર કરાવનારી ભક્તિનીસ્મૃતિરૂપ જ્ઞાન, એને આવરી લઇને દેહધારી મુમુક્ષુ ક્ષેત્રજ્ઞ-જીવાત્માને સ્વસ્વરૂપને ભૂલાવીને વિપરીત જ્ઞાન ઉત્પન્ન કરે છે. એટલે કે—પૂર્વે કહેલું સ્વસ્વરૂપનું જ્ઞાન અને પરમાત્મસ્વરૂપનું સ્મૃતિરૂપ જ્ઞાન ભૂલાવીને વિષયોના સ્મરણરૂપ વિપરીત જ્ઞાનનેજ ઉત્પન્ન કરે છે. ॥ ૪૦ ॥

भाष्यम्-

अस्य-कामस्य। इन्द्रियाणि, मनश्च बुद्धिश्च। अधिष्ठानम्--स्थानम्, उच्यते। एषः-कामः, एतैः-करणैः, विषयप्रवणैरिन्द्रियादिभिः। ज्ञानम्--आत्मनः परमात्मनश्च तत्प्रापकभक्तेश्च स्मृतिरूपं वेदनम्। आवृत्य--आच्छाद्य। देहिनम्--देहवन्तं मुमुक्षुक्षेत्रज्ञम्। मोहयति--विपरीतं ज्ञानं जनयति। पूर्वोक्तं स्मृतिरूपं ज्ञानं भ्रंशयित्वा विषयस्मृतिमुत्पादयतीत्यर्थः ॥ ४० ॥

तस्मात्त्वमिन्द्रियाण्यादौ नियम्य भरतर्षभ ! ।
पाप्मानं प्रजहि ह्येनं ज्ञानविज्ञाननाशनम् ॥ ४१ ॥

तस्मादिति। यस्मादेवं मोहयति तस्माद्धेतोः। त्वम्--स्वकीयवर्णप्रकृतियुक्ततया तदनुकूलेन्द्रियव्यापारवांस्त्वम्। आदौ-मोक्षसाधनसमारम्भकाले। इन्द्रियाणि, इन्द्रियक्रियानुकूले कर्मयोगे। नियम्य—स्वाधीनीकृत्य। हे भरतर्षभ !—भरतवंशीयश्रेष्ठ !। ज्ञानविज्ञाननाशनम्—ज्ञानं शास्त्राचार्योपदेशजं परोक्षम्, विज्ञानं च अपरोक्षं तत्फलरूपम्, तयोर्नाशनम्। अत एव पाप्मानम्—अत्युग्रम्, एनम्—मोक्षसाधनभ्रंशकरं वैरिणं कामम्। प्रजहि !—प्रकर्षेण नाशय !। हि—निश्चितम् ॥ ४१ ॥

कामस्यातिबलवत्त्वं कथयंस्तज्जयोपायमाह—द्वाभ्याम्।

इन्द्रियाणि पराण्याहुरिन्द्रियेभ्यः परं मनः ।
मनसस्तु परा बुद्धिर्यो बुद्धेः परतस्तु सः ॥
एवं बुद्धेः परं बुद्ध्वा संस्तभ्यात्मानमात्मना ।
जहि शत्रुं महाबाहो ! कामरूपं दुरासदम् ॥४२-४३॥

इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे कर्मयोगो नाम तृतीयोऽध्यायः ॥ ३ ॥

इन्द्रियाणीति। इन्द्रियाणि—कामनिवासस्थानानि श्रोत्रादीनि, भूतसङ्घाताद्देहात्। पराणि-उत्कृष्टान्याहुः, देहस्येन्द्रियाधीनत्वात्। देहे क्षीणे सत्यपि इन्द्रियेषु कामो वर्तते। इन्द्रियेभ्यः

શ્લોકાર્થ-

માટે હે ભરતર્ષભ ! તું પ્રથમ એ ઇન્દ્રિયોને નિયમમાં-વશમાં કરીને જ્ઞાન-વિજ્ઞાનને નાશ કરનારા એ મહાપાપરૂપ કામને સમૂળગો નાશ કરી નાખ ! ॥ ૪૧ ॥

(જ્ઞાનમાં વિરોધીઓમાં પણ એજ પ્રધાન છે એમ કહી બતાવે છે-)

શરીરની અપેક્ષાએ ઇન્દ્રિયો પ્રધાન છે, ઇન્દ્રિયો કરતાં મન પ્રધાન છે. અને મન કરતાં તો બુદ્ધિ પ્રધાન છે. અને જે કામ છે તે તો સર્વથી પર જે બુદ્ધિ તે કરતાંય પર-પ્રધાન છે.

માટે હે મહાબાહો ! એ પ્રમાણે એ કામને બુદ્ધિથી પણ પર-બળવાન જાણીને પોતાના મનને બુદ્ધિરૂપી અંકુશથી દબાવીને એ કામરૂપી દુરાસદ શત્રુને સમૂળગોજ નાશ કરી નાખ ! ॥ ૪૨-૪૩ ॥

ઇતિ શ્રીમદ્ભગવદ્ગીતાસૂપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે શ્રીકૃષ્ણાર્જુન-સંવાદે કર્મયોગો નામ તૃતીયોઽધ્યાયઃ ॥ ૩ ॥

ભાવાર્થ-

આ રીતે મોહ પમાડે છે, માટે તું-પોતાનો વર્ણ અને પ્રકૃતિએ-સ્વભાવે યુક્ત હોવાથી તેને અનુકૂળ ઇન્દ્રિયોનો વ્યાપાર કરનારો-ઇન્દ્રિયોને ચલાવનારો તું, પ્રથમ-મોક્ષસાધનના સમારંભ કાળમાંજ, ઇન્દ્રિયોને ઇન્દ્રિયોની ક્રિયાને અનુકૂળ કર્મયોગમાં સ્વાધીનતાપૂર્વક વર્તાવીને, હે ભરતવંશીઓમાં શ્રેષ્ઠ-અર્જુન ! શાસ્ત્ર અને આચાર્યના ઉપદેશથી થયેલું પરોક્ષ જ્ઞાન અને તેના અવિરત પરિશીલનથી તેના ફળરૂપે નિષ્પન્ન થયેલું અનુભવાત્મક-અપરોક્ષ જ્ઞાન, એ બન્નેના નાશને કરનારો અને એથીજ મહાપાપરૂપ અતિ ઉગ્ર એ કામને મોક્ષસાધનને બગાડી દેનારો શત્રુરૂપ છે એમ જાણીને તેને સર્વ પ્રકારથી નિશ્ચેજ તું નાશજ કર ? ॥ ૪૧ ॥

હવે—કામનું અતિ બળવાનપણું કહેવાપૂર્વક તેના જયનો ઉપાય બે શ્લોકથી કહે છે—

કામનાં નિવાસ—સ્થાનભૂત શ્રોત્રાદિક ઇન્દ્રિયો, પૃથ્વી આદિક ભૂતસંઘાતરૂપ સ્થૂળતત્ત્વના સમુદાયરૂપ દેહ થકી પર-ઉત્કૃષ્ટ છે, કારણ કે-દેહનું ઇન્દ્રિયોને આધીનપણું છે માટે. દેહ ક્ષીણ થઇ જાય છે તો પણ ઇન્દ્રિયોમાં કામ વર્તે છે. ઇન્દ્રિયો કરતાં કામનું ઉત્કૃષ્ટ નિવાસસ્થાન મન છે, કારણ કે—ઇન્દ્રિયોનું મનને આધીનપણું છે માટે. કામ થકી ઇન્દ્રિયો નિવૃત્તિ પમાડયે સતે પણ મનમાં કામનો સંભવ છે માટે. અને મન કરતાંય ઉત્કૃષ્ટ કામનું નિવાસસ્થાન બુદ્ધિ છે, કેમકે—મનનું બુદ્ધિને આધીનપણું છે માટે. કામ થકી મનને પાછું વાળવા છતાં પણ બુદ્ધિમાં અતિ સૂક્ષ્મ રાગરૂપ કામ તો રહેલોજ હોય છે માટે. અને સર્વથી પર-ઉત્કૃષ્ટ બુદ્ધિ તેથી પણ જે પર-બુદ્ધિને પણ દબાવનારો સૂક્ષ્મપણે ઉત્કૃષ્ટ છે, તેજ કામ છે. અર્થાત્—ક્ષેત્રજ્ઞ-જીવાત્માઓમાં સૂક્ષ્મભાવે કામ વર્તે છે, કેમકે-બુદ્ધિનું કામને આધીનપણું છે માટે. અને કામજ સદ્ગુરૂ અને સચ્છાસ્ત્ર થકી પ્રાપ્ત થયેલી સદ્બુદ્ધિનું વિપરીતપણું કરે છે.

टीका-

त्रैवर्गिके नैःश्रेयसे वा सर्वत्रैव श्रेयःपथे विरोधी नामायम् । त्रैवर्गिकेऽपि प्रवर्तमानेन निवर्तितव्यं नामाधर्मात्। उन्मर्यादश्च कामः अधर्मेऽपि पातयेत्। कर्मयोगे प्रवर्तमानेनापि फलकामनातोऽपि निवर्तितव्यम् । किं पुनर्ज्ञानयोगे प्रवर्तमानेन । " नाविरतो दुश्चरितान्नाशान्तो नासमाहितः । नाशान्तमानसो वापि प्रज्ञानेनैनमाप्नुयात् " ॥३७॥

वैरित्वमेवेति । कामस्य ज्ञाने विरोधितां निदर्शनैर्निरूपयतीत्यर्थः। धूमेन सहजेन यथा वह्निरिति । धूमो हि नान्यतः समेत्य वह्निमावृणोति, यत्रेन्धने वह्निस्तत्रैव समुद्भूयावृणोति । तथा क्षेत्रज्ञोऽयं चैतन्यमयः कर्मणा यस्मिन् त्रिगुणात्मनि क्षेत्रेऽस्ति संसृष्टः, तत्रैव समुद्रिक्तरजसि समुद्भूतेन रागेणावृतोऽयं क्षेत्रज्ञोऽपि यथावन्न प्रकाशते। आगन्तुकेनेति । बाह्येनागन्तुकेन । बाह्योपाधिकेनेति यावत्। आदर्शे मलोपलेपो हि बाह्योपाधिमूलकः, तथा बाह्यविषयाभिषङ्गमूलकोऽयं भवति कामोपलेपः, । आभ्यां निदर्शनाभ्यामान्तरं रजः प्रशमयितव्यम् , बाह्यो विषयाभियोगश्च दूरीकार्य इति व्यज्यते । गर्भावरणचर्मणेति । अनेन कामस्य दुर्मोचता व्यज्यते। यथा कालेन परिपाकात् गर्भावरणचर्म शीर्यते, न सपदि बलात् मोचयितुं शक्यते, तथा कामोऽप्ययम् कालेन कषाये कर्मभिः पक्के सुमोचः, न सपदि ज्ञानाभ्यासयतनेन ॥३८॥

कामो हि ज्ञानावरणरूपोऽस्तीत्याहेति। अयम्भावः-क्षेत्रज्ञं कामः कथमावृणोति ? उच्यते-क्षेत्रज्ञस्य स्वयम्प्रकाशस्य ज्ञानमयस्य या ज्ञानप्रभा तां प्रसरन्तीमावृणोति, तेनात्मा यथावन्न प्रकाशते। तदेतदावरणप्रकारमुपपादयतीति । शोकसन्तापकरत्वादिति । विषयालाभे विषयविश्लेषे चेति शेषः। मोक्षमार्गपातनेति । मोक्षमार्गात्पातनहेतुनेत्यर्थः । वेदनशीलस्येति। स्वयम्प्रकाशस्यापीति यावत् । आत्मपरमात्मेति । यथावस्थितात्मस्वरूपज्ञानमिति यावत् ॥ ३९ ॥

कामस्याधिष्ठानमाहेति । अधितिष्ठत्येभिरित्यधिष्ठानम् , कामोऽयं यान्यवलम्ब्याधितिष्ठति तान्याह, कामप्रसरणद्वारमाहेति यावत्। अस्य कामस्य प्रसरतः इन्द्रियाणि–गोबलीवर्दनयात् बाह्यानि चक्षुरादीनि तथा मनः तथा बुद्धिश्चेत्येतत्त्रयमधिष्ठानम्-स्थानम् -अवलम्बनस्थानम् प्रसरणद्वारमिति यावत्। वासनारूपेण निगूढमन्तःस्थितोऽयं कामः शब्दादिषु काम्येषु श्रोत्रादिभिः समाहृत्य बुद्धिपथमुपनीतेषु सपदि प्रसरति। स्वप्रसरणसाधनभूतैरेतैरेव करणैरिन्द्रियमनोबुद्धिभिः ज्ञानमावृत्य विमोहयति। विषयप्रवणैरिति। कामवशगैरिति यावत् । ज्ञानशब्देन विवक्षितमर्थमाह—आत्मन इति । यथावस्थितात्मस्वरूपज्ञानं कामेनाव्रियते इति यावत् । मुमुक्षुक्षेत्रज्ञमिति । मुमुक्षुमपीति भावः । वीत्युपसर्गस्य वैपरीत्यार्थकतामभिप्रेत्याह—विपरीतज्ञानमिति ॥४०॥

यस्मादेवं विमोहयतीति।कामोऽयं महान् रिपुरन्तर्निगूढः प्राप्यावसरमिन्द्रियादिभिः प्रवृद्धबलो विमोहयति ज्ञानयोगे प्रवृत्तमपीत्यर्थः। त्वामित्यनेन विवक्षितमर्थमाह–स्वकीयेति । अनिगृहीतेन्द्रियस्त्वामिति यावत्। आदावित्यस्यार्थमाह—मोक्षसाधनारम्भकाले इति । मुमुक्षायामुत्पन्नायामिति यावत् । इन्द्रियक्रियानुकूले कर्मयोगे नियम्येति। इन्द्रियव्यापृतिसहनशीले, इन्द्रियव्यापारमात्रोपरतिनिरपेक्षे कर्मयोगे निरुद्ध्येत्यर्थः।

टीका-

कर्मयोगादन्यतो निवारणलक्षणोऽयं निरोधः। निरोधो ह्यन्यतो निवारणम्। स्वाधीनीकृत्येति। एवं निरोधनेन क्रमात् स्वाधीनीकृत्येत्यर्थः। स्वस्य ज्ञानयोगे प्रवर्तमानस्याधीनानि कृत्वेति यावत्। अन्यथा हि दुष्टाश्वा इव पातयेयुर्विषयगर्ते। अनेनोपायेन प्रवृत्तस्य ते इन्द्रियाणि वशगानि स्युः, तेषु वशगेषु कामोऽयमन्तःशत्रुरलब्धप्रसरणद्वारः सन् स्वयमेव विनश्येत्। तत्-अनेनोपायेन तं कामं शत्रुं नाशय ?। ज्ञानविज्ञानयोर्भेदमाह-ज्ञानमित्यादिना। अपरोक्षं तत्फलरूपमिति-आत्मापारोक्ष्यफलकमात्मध्यानमित्येतत्। साधने साध्योपचारः॥ ४१॥

अवतारयति समनन्तरश्लोकद्वयम्-कामस्येति। अतिबलम्-विरोधे बलाधिक्यम्। कामाधिष्ठानेषु इन्द्रियमनोबुद्धिषु त्रिषु बुद्धेर्बलाधिक्यमिति यावत्। संसरति देहयोगात् पुरुषः सः, तत्रापि इन्द्रियाणि पुरुषस्यास्य प्रातिकूल्याधाने पराणि—प्रबलानि, कामाधिष्ठानत्वे प्राधान्यात्। तदिदमभिप्रेत्याह-देहस्येन्द्रियाधीनत्वादिति। स्थूलोऽयं देहः पुरुषं बध्नाति न साक्षात्, अपि तु-इन्द्रियैरेव स्वनिष्ठैः। इन्द्रियाणि विषयाननु पतत् व्यापारयति देहम्, ततोऽस्य बन्धः, तत् पुरुषस्य बन्धकत्वे देहात् प्राबल्यमिन्द्रियस्येति भावः। इन्द्रियाणां मनोऽधीनत्वादिति। मनश्चेत् बाह्यं रूपाद्यनुधावेत्, चक्षुरादि बाह्यं यत्नेन निगृहीतमपि बलादुपधावेत् रूपादि विषयमनु। तदिन्द्रियेभ्योऽपि मनः प्रबलं कामाधिष्ठानमिति भावः। मनसो बुद्ध्यधीनत्वादिति। कथमपि मनो निवर्तितमपि बुद्धिरध्यवसायलक्षणा विषयाननुवर्ततैव, ततस्तां बुद्धिमनु मनोऽपि विषयाननुधावेत्, तत् मनसोऽपि बुद्धिः परा। परतः परत्वमुपपादयति—सूक्ष्मत्वेनोत्कृष्ट इति। स कामः क्षेत्रज्ञेषु सूक्ष्मभावेन वर्तते इति। वासनारूपस्तिष्ठतीति यावत्। प्राबल्यं तस्या उपपादयति—सद्गुरुसच्छास्त्राभ्यां प्राप्तायां बुद्धाविति। सदुपदेशेन विषयदोषानुचिन्तनेन निर्मलीकृतायामपि बुद्धौ वासनारूपेणान्तः सुनिभृतम् स्थितोऽयं कामः सपदि जातु बुद्धिमपि कलुषयति नाम, ततस्तां बुद्धिमनु मनः, तदनु इन्द्रियाणि, तदनु शारीरो व्यापार इति समुद्भवेदेव रागतरुरयम्। तदयं वासनारूपो रागः सर्वतः पर इति भावः।

प्रकारान्तरेण परत्वमुपपादयति-प्रलये इति। इदं दैनन्दिनप्रलयस्य सुषुप्तिलक्षणस्याप्युपलक्षकम्। सुषुप्तौ हि बुद्ध्यन्तं सर्वं करणजातं विलीयते नाम, विश्राम्यति व्यपेतरागद्वेषादितरङ्गं क्वापि। तदा कामादिवासनामयं सूक्ष्मं तु क्षेत्रज्ञे निगूढं निलीनमवतिष्ठति। अथ समुत्थिते ततः तदेव रागादि वासनाबीजं पुनरुद्भवति बुद्ध्यादावधिष्ठाने इति॥४२॥

तस्यास्य जयो नेन्द्रियजयमात्रेण सिद्ध्येत्, तत्रायमुपाय उच्यते—एवमिति। उत्कृष्टं रिपुमिति। प्रबलं रिपुं कामरूपं जहीति सम्बन्धः। आत्मनेति तृतीयान्तात्मशब्दस्य बुद्धिविशेषपरतामभिप्रेत्य व्याचष्टे-मन्माहात्म्येत्यादि। द्वितीयान्तात्मशब्दस्य मनःपरतामभिप्रेत्य व्याचष्टे-मन इति। संस्तभ्येत्यत्र शेषपूरणेन व्याचष्टे-मदाराधनरूपे सधर्मभक्तियोगे, कर्मयोगे वेति।

एवं वा व्याख्येयः-ज्ञानिनामपि जातु कामवासनया परतरया कलुषीक्रियते नाम बुद्धिः, बुद्धिमनु मनःप्रभृतीन्यपि, तदिन्द्रियनिग्रहो बुद्धिनिग्रहेण सम्पाद्यः। बुद्धि-

भाष्यम्-

परम्—कामस्योत्कृष्टं निवासस्थानं मनः, इन्द्रियाणां मनोऽधीनत्वात् । कामादिन्द्रियेषु निवर्तितेष्वपि मनसि कामस्य सम्भवात् । मनसस्तु परा—उत्कृष्टा कामनिवासस्थानं बुद्धिः, मनसो बुद्ध्यधीनत्वात् । कामान्मनसि निवर्तितेऽपि बुद्धौ रागरूपस्य कामस्य सत्त्वात् । यस्तु बुद्धेः परतः परः—सूक्ष्मत्वेनोत्कृष्टः स कामः, क्षेत्रज्ञेषु सूक्ष्मभावेन कामो वर्तते, बुद्धेः कामाधीनत्वात् । कामो हि सद्गुरुसच्छास्त्राभ्यां प्राप्तया बुद्धेर्वैपरीत्यं करोति ।

किञ्च-प्रलये बुद्ध्यादीनां नाशे सति क्षेत्रज्ञेषु कारणभावेन विषयवासनारूपः कामस्तिष्ठत्येव । प्रलये बुद्ध्यादिकरणरहिताः विषयवासनारूपकामसहिता जीवाः स्थिताः पुनः सृष्टौ यदा करणकलेवरसहिता जाताः, तदा तेषां बुद्ध्यादिकरणेष्वनर्जनीयः कामः स्थूलभावेनोद्भवति । अतः कामस्य बुद्धेः परत्वमुक्तम् ॥

एवमिति । एवम्—अमुना प्रकारेण । बुद्धेः परं कामं ज्ञानविज्ञाननाशकम् अत्युत्कृष्टं रिपुं बुद्ध्वा । मन्माहात्म्यज्ञानपूर्वकभक्तियुक्तेन प्राकृतवस्तुषु दोषदृष्टियुक्तेन च आत्मना—बुद्ध्या । आत्मानम्—मनः । मदाराधनरूपे सधर्मभक्तियोगे कर्मयोगे वा । संस्तभ्य-अवस्थाप्य । हे महाबाहो ! एनम्-कामरूपम् दुरासदम्—दुःखेनासादनीयम् , दुर्ज्ञेयगमनमित्यर्थः । शत्रुम् जहि–मारय ? ॥ ४२--४३ ॥

इति श्रीपराविद्यैकगोचरपरभक्तिसमाराध्यभगवत्सहजानन्दस्वामिशिष्याग्रगण्य—सद्गुरुवर्य—श्रीगोपालानन्दमुनिविरचिते श्रीमद्भगवद्गीताभाष्ये तृतीयोऽध्यायः ॥ ३ ॥

चतुर्थोऽध्यायः—

एवं तृतीयाध्यायेऽनादिकर्मवासनारूपप्रकृतियुक्तस्य मोक्षसाधने प्रवृत्तस्येन्द्रियव्यापारोपरतिरूपे ज्ञानयोगे, भगवति श्रीनारायणमुनौ सर्वेन्द्रियव्यापारसमर्पणरूपे एकान्तिकभक्तियोगे

ભાવાર્થ-

વળી-પ્રલય સમયમાં બુદ્ધિ આદિક તત્ત્વોનો નાશ થયે સતે પણ ક્ષેત્રજ્ઞ-જીવાત્માઓમાં કારણભાવે કરીને વિષયવાસનારૂપ કામ તો રહેછેજ. અને પ્રલય સમયમાં બુદ્ધિ આદિક કરણથી રહિત અને વિષયવાસનારૂપ કામે સહિત એવા જીવાત્માઓ રહેલા હોય છે, તે પાછા સૃષ્ટિ-સમયમાં જ્યારે કરણ-કલેવર પામીને ઉત્પન્ન થાય છે ત્યારે તેમને બુદ્ધિ આદિક કરણોમાં અવર્જનીય કામ સ્થૂળભાવે કરીને ઉદ્ભવ પામે છે. માટે કામનું બુદ્ધિથી પરપણું કહેલું છે.

આ પ્રકારે બુદ્ધિથી પર વર્તતા કામને જ્ઞાન-વિજ્ઞાનનો નાશક એવો અતિ ઉત્કૃષ્ટ-બળવત્તર શત્રુ જાણીને મારા સ્વરૂપના માહાત્મ્યજ્ઞાનપૂર્વક મારી ભક્તિએ યુક્ત અને પ્રાકૃત-માયિક વસ્તુઓમાં દોષદૃષ્ટિએ યુક્ત એવી **બુદ્ધિથી** પોતાના **મનને** મારી આરાધનારૂપ ધર્મે સહિત ભક્તિયોગને વિષે અથવા નિષ્કામભાવે કરાતા કર્મયોગને વિષે, સમ્યક્—ભાવથી સ્થાપન કરીને-વર્તાવીને, મોટી ભુજાવાળા હે અર્જુન ! એ કામરૂપ દુરાસદ—દુઃખે કરીને પણ જેને દબાવી શકાતો નથી અને જેની ગતિ પણ કોઇના જાણવામાં ન આવે એવો એ શત્રુરૂપ છે, તેને માર !—સમૂળગો નાશ કરી નાખ ! ॥ ૪૨-૪૩ ॥

ઇતિ શ્રી પરવિદ્યૈકગોચર-પરભક્તિસમારાધ્ય-ભગવત્સહજાનન્દસ્વામિ-શિષ્યાગ્રગણ્ય--સદ્ગુરૂવર્ય--શ્રીગોપાળાનન્દમુનિવિરચિતે શ્રીમદ્ભગવદ્ગીતાભાષ્યે તૃતીયોऽધ્યાયઃ ॥ ૩ ॥

ચતુર્થોऽધ્યાયઃ--

ભાવાર્થ-

આ પ્રમાણે ત્રીજા અધ્યાયમાં અનાદિ સંચિત કર્મજનિત વાસનારૂપ પ્રકૃતિએ યુક્ત, મોક્ષસાધનમાં પ્રવર્તેલા પુરૂષને, સઘળાં ઇન્દ્રિયોના વ્યાપારથી સર્વથા ઉપરમ પામવારૂપ જ્ઞાનયોગમાં, તેમજ—ભગવાન શ્રી નારાયણમુનિ-મહારાજને વિષે સર્વ ઇન્દ્રિયોના વ્યાપારના સમર્પણરૂપ એકાન્તિક ભક્તિયોગમાં પણ અકસ્માત્-એકદમ અધિકાર નહિ હોવાથી, જેમાં આત્મા-પરમાત્માના સ્વરૂપના જ્ઞાનનું અનુસન્ધાન અનુસ્યૂતપણે રહેલું છે એવો અને તે તે કર્મના ફળાભિસન્ધિથી રહિત એવો કર્મયોગજ કરવો જોઇએ, એમ કહ્યું.

અને વળી—જ્ઞાનયોગમાં યોગ્ય-અધિકારીને પણ કર્મના કર્તાપણાનું અનુસન્ધાન સત્ત્વાદિક ગુણોમાંજ રાખીને કર્મયોગ કરવો એજ સારામાં સારો માર્ગ છે એમ સકારણ કહી બતાવ્યું.

અને લોકમાં અગ્રેસરપણે પ્રસિદ્ધિ પામેલા પુરૂષને તો લોકસંગ્રહને માટે પણ કર્મયોગજ કરવો એ શ્રેષ્ઠ માર્ગ છે એમ પણ કહી બતાવ્યું.

भाष्यम्—

चाकस्मादनधिकारितया हेतुना अन्तर्गतात्मपरमात्मज्ञानानुसन्धानरूपः फलाभिसन्धिरहितः कर्मयोग एव करणीयः, ज्ञानयोगयोग्यस्यापि कर्मकर्तृत्त्वं गुणेष्वनुसन्धाय कर्मयोग एव समीचीन इति सकारणं निगदितम्, लोके मुख्यतया प्रसिद्धस्य तु लोकसङ्ग्रहार्थं कर्मयोग एव कर्तव्य इत्यपि निगदितम्।

अधुना चतुर्थेऽध्याये त्वर्जुनस्य स्वप्रोक्तकर्मयोगानुष्ठाने दार्ढ्यं कारयितुं मन्वाद्युपदिष्टयोगकथा, तत्प्रसङ्गप्राप्ता स्वावतारकथा, स्वजन्मकर्मज्ञानमाहात्म्यम्, कर्मालिप्तस्वस्वरूपज्ञानवतां कर्मणा निर्लेपत्वम्, कर्माकर्मविकर्मस्वरूपम्, यज्ञभेदाः, ज्ञानयज्ञश्रेष्ठत्वम्, ज्ञानग्रहणप्रकारः, ज्ञानयज्ञं कुर्वतां निर्बन्धत्वं च निगद्यते-

उक्तस्य कर्मयोगस्य कर्तव्यतां द्रढयन् श्रीभगवानुवाच इममिति त्रिभिः—

श्रीभगवानुवाच—

इमं विवस्वते योगं प्रोक्तवानहमव्ययम्।
विवस्वान् मनवे प्राह मनुरिक्ष्वाकवेऽब्रवीत् ॥१॥
एवं परम्पराप्राप्तमिमं राजर्षयो विदुः।
स कालेनेह महता योगो नष्टः परन्तप ! ॥२॥
स एवायं मया तेऽद्य योगः प्रोक्तः पुरातनः।
भक्तोऽसि मे सखा चेति रहस्यं ह्येतदुत्तमम् ॥३॥

अहम्। अव्ययम्—पुरातनम्, इमं योगम्—सर्वकर्ममदर्पणपूर्वकं कर्मयोगम्, विवस्वते—सूर्याय, प्रोक्तवान्। विवस्वान् मनवे–श्राद्धदेवाय स्वपुत्राय, प्राह। मनुः–श्राद्धदेवः, इक्ष्वाकवे—एतन्नाम्ने स्वपुत्राय अब्रवीत्॥ १ ॥

एवमिति। एवम्–उक्तरीत्या, परम्पराप्राप्तम्–पुत्रपौत्रादिसम्प्रदायपरम्परागतम्। इमं योगम्, राजर्षयः–बहवो राजानः। विदुः—जज्ञुः। तर्हि अधुनातनाः कथं न जानन्ति ? इत्यत्राह–

ચતુર્થોઽધ્યાયઃ—

શ્લોકાર્થ-

શ્રી ભગવાન કહે છે—ક્યારેય પણ ક્ષય નહિ પામનારો આ અવિનાશી કર્મ-યોગનો માર્ગ મેં પૂર્વે સૂર્યદેવને કહ્યો હતો, તે પછી સૂર્યદેવે પોતાના પુત્ર મનુને કહ્યો હતો. અને એ મનુએ સ્વપુત્ર ઇક્ષ્વાકુને કહ્યો હતો. ॥ ૧ ॥

આમ પરમ્પરાથી પ્રાપ્ત થતા આ કર્મયોગને પૂર્વેના સઘળા રજર્ષિઓ જાણતા હતા, પરન્તુ-ઘણા લાંબા કાળે કરીને તે કર્મયોગનો માર્ગ હે શત્રુતાપન ! – અર્જુન ! આ લોકમાં નષ્ટપ્રાય થઇ ગયો છે. ॥ ૨ ॥

તેજ આ પુરાતન કર્મયોગનો માર્ગ મેં તને આજ હમણાં કહી બતાવ્યો, કારણ કે--તું મારો પરમ ભક્ત અને વળી મારો પ્રિય સખા છું, માટે આ અતિ ઉત્તમ રહસ્યરૂપ કર્મયોગ મેં તને કહ્યો છે. એમ જાણ ! ॥ ૩ ॥

ભાવાર્થ-

હવે-આ ચોથા અધ્યાયમાં તો-અર્જુનને પોતે-શ્રીમુખે કહેલા કર્મયોગના અનુષ્ઠાનમાં દ્રઢતા કરાવવાને માટે, મનુ વિગેરેને ઉપદેશેલી યોગકથા, તેમજ તે પ્રસંગે પ્રાપ્ત થતી પોતાની અવતારકથા, પોતાના જન્મ-કર્માદિકને દિવ્યપણે જાણવાનું માહાત્મ્ય, સ્વસ્વરૂપને કર્મથી અલિપ્ત સમઝનારાઓને પણ કર્મથી નિર્લેપતા, કર્મ, અકર્મ અને વિકર્મનું સ્વરૂપ, યજ્ઞોના ભેદો, જ્ઞાનયજ્ઞનું શ્રેષ્ઠપણું, જ્ઞાન ગ્રહણ કરવાનો પ્રકાર અને જ્ઞાનયજ્ઞ કરનારાઓને કર્મથી નિર્બન્ધપણું, એ વિગેરે કહેવામાં આવે છે—

પૂર્વાધ્યાયમાં કહેલા કર્મયોગની કર્તવ્યતાને દ્રઢ કરતા થકા ભગવાન શ્રીકૃષ્ણ ત્રણ શ્લોકથી કહે છે—

મેં આ સર્વ કર્મ મારે વિષે અર્પણ કરવાપૂર્વક કર્મ કરવારૂપ અતિ પ્રાચીન કર્મયોગ પૂર્વે સૂર્યને કહ્યો હતો. તે પછી સૂર્યદેવે શ્રાદ્ધદેવ નામે પોતાના પુત્ર મનુને કહ્યો હતો. અને શ્રાદ્ધદેવ-મનુએ ઇક્ષ્વાકુ એ નામના પોતાના પુત્રને કહ્યો હતો.॥૧॥

આ કહ્યું એ રીતે પુત્ર-પૌત્રાદિક સમ્પ્રદાયની પરમ્પરાએ ચાલતો આવેલો આ કર્મયોગ પૂર્વે ઘણા રાજાઓ જાણતા હતા.

મધ્યે શંકા કરે છે—તો તે પછીના થયેલા રાજાઓ કેમ નથી જાણતા ? એના સમાધાનમાં કહે છે-હે શત્રુતાપન-અર્જુન ! આ લોકમાં ઘણા લાંબા કાળે કરીને તે યોગ નાશ પામી ગયો છે, એટલે કે-શ્રોતાજનોની અલ્પ બુદ્ધિને લીધે પરમ્પરા તૂટી જવાથી છિન્ન ભિન્ન થઇ ગયો છે. ॥ ૨ ॥

તેજ આ પુરાતન કર્મયોગ તને મેં હમણાં વિસ્તારથી ઉપપાદન કરીને કહી બતાવ્યો.

भाष्यम्-

हे परन्तप !-शत्रुतापन !। इह लोके महता कालेन स योगो नष्टः-श्रोतॄणामल्पबुद्धित्वाद्विच्छिन्नोऽभूत् ॥ २ ॥

स इति। स एवायं पुरातनो योगः, ते-तव, मया, अद्य—अधुना। प्रोक्तः—सविस्तरमुपपादितः। ममाग्रे योगकथने तव किं? प्रयोजनमिति चेत्तत्र ब्रवीमि—मे भक्तोऽसि—त्वं मम सेवको भवसि, मे सखा चासि—मित्रं भवसि, इति हेतोः, हि—एव, एतत्-योगरूपम्, उत्तमम्-श्रेष्ठम्, रहस्यम्-गोप्यं वेदोदितं ज्ञानं मयोक्तं मत्तोऽन्यः कोऽपि वेदितुं गदितुं वा न शक्तः ॥ ३ ॥

सूर्याय प्रोक्ते कालसङ्ख्यया बहुदूरवर्तिभगवद्वचने शङ्कयन्नर्जुनः पृच्छति—अपरमिति।

अर्जुन उवाच—

अपरं भवतो जन्म परं जन्म विवस्वतः।
कथमेतद्विजानीयाम्? त्वमादौ प्रोक्तवानिति ॥ ४ ॥

अपरमिति। भवतः—तव, जन्म-आविर्भावः, अपरम्-अदूरवर्ति मम जानिसमीपसमयं बभूव। विवस्वतः-सवितुश्च, जन्म—कश्यपाददित्यां जनुः, परम्—बहुयुगकालसङ्ख्यया दूरतरमभूत्। आदौ—पूर्वतरकाले, त्वम्—इदानीन्तनो भवान्, सूर्याय प्रोक्तवान्—निगदितवान्, इति-अप्रत्यक्षमेतद्भवद्वचनम्। अहं कथं विजानीयाम्?-केन प्रकारेण विद्याम्? ॥ ४ ॥

अर्जुनप्रश्नस्योत्तरं कुर्वन् प्रादुर्भावस्वरूपं निरूपयति भगवान्-बहूनीति।

श्रीभगवानुवाच-

बहूनि मे व्यतीतानि जन्मानि तव चार्जुन !।
तान्यहं वेद सर्वाणि न त्वं वेत्थ परन्तप ! ॥ ५ ॥

हे अर्जुन ! मे बहूनि जन्मानि व्यतीतानि, तव च-तवापि जन्मानि, बहूनि-अनेकानि गतानि। हे परन्तप! सर्वाणि तानि जन्मानि अहं वेद—वेद्मि, त्वं तु तानि-मदीयानि त्वदीयानि च जनूंषि न वेत्थ।

શ્લોકાર્થ-

અર્જુન પૂછે છે—આપનો જન્મ હમણાં વર્તમાન કાળમાં છે અને વિવસ્વાન-નો —સૂર્યદેવનો જન્મ તો પૂર્વે થયો હતો. તો એ હું કેમ સમજી શકું કે આપેજ પૂર્વે એ કર્મયોગ કહ્યો હતો. ॥ ૪ ॥

શ્રી ભગવાન કહે છે—હે અર્જુન ! મારાં અને તારાં ઘણાંક જન્મ વીતી ગયાં છે, તે સઘળાં જન્મને હું જાણું છું, પણ હે પરન્તપ ! તું નથી જાણતો. ॥ ૫ ॥

ભાવાર્થ-

આ યોગ મારી આગળ કહેવામાં તમારે શું પ્રયોજન છે ? એમ જો તને શંકા થતી હોય તો કહુંછું-તું મારો પરમ પ્રિય ભક્ત-સેવક છું, વળી-તું મારો સખા-પરમ પ્રિય મિત્ર છું, એ હેતુથીજ આ યોગરૂપ અતિ ઉત્તમ રહસ્ય—વેદમાં કહેલું જ્ઞાન તે મેં તને કહી બતાવ્યું. આ કર્મયોગરૂપ રહસ્ય મારા સિવાય બીજો કોઇ પણ જાણવાને, કે જાણીને કહેવાને માટે પણ શક્તિમાન છેજ નહિ. ॥ ૩ ॥

"મેં પ્રથમ સૂર્યને કહ્યો હતો." એમ કાળસંખ્યા જોતાં બહુજ દૂર કાળમાં વર્તતું ભગવદ્વચન અસંભવિત લાગવાથી તેમાં શંકા પામતાં અર્જુન પૂછે છે—

તમારો જન્મ—પ્રાદુર્ભાવ હમણાં-બહુ દૂર નહિ એવા મારા જન્મ-સમયની સમીપસમયમાંજ થયેલો છે. અને સૂર્યનો જન્મ-કશ્યપ થકી અદિતિને વિષે ઉત્પન્ન થવું, તે તો ઘણા યુગકાળની સંખ્યા વડે બહુ દૂર કાળમાં થયેલો હતો, તો એવા અતિ ઘણા પૂર્વ સમયમાં, હાલ-સમયમાં થયેલા તમે સૂર્યને આ યોગ કહ્યો હતો એવું પ્રત્યક્ષ પ્રમાણથી વિરૂદ્ધ તમારૂં વચન હું કેમ જાણું ? કેવા પ્રકારે મારા જાણવામાં આવે ? ॥ ૪ ॥

આ અર્જુનના પ્રશ્નનો ઉત્તર કરતાં ભગવાન શ્રીહરિ પોતાના પ્રાદુર્ભાવનું સ્વરૂપ નિરૂપણ કરી સમઝાવે છે—

હે અર્જુન ! મારાં ઘણાંક જન્મ વીતી ગયાં, તેમજ-તારાં પણ અનેક જન્મ વીતી ગયાં છે. હે પરન્તપ ! સઘળાં તે-તારાં અને મારાં જન્મ તેને હુંજ જાણું છું. પણ તું તો તે-મારાં અને તારાં જન્મને નથીજ જાણતો. ।

આ શ્લોકથી ભગવાને પોતાના અવતારોનું સત્યપણું કહ્યું. તેમજ—પોતાને વિષે અખંડ અનુભવાત્મક જ્ઞાન અબાધિત રહેલું છે એમ પણ કહ્યું. આ અર્થમાં-પ્રમાણ વચન—"જે ભગવાન આ સઘળું વિશ્વ સ્વતઃ—અન્યસહાયનિરપેક્ષ પણેજ સદાય પ્રત્યક્ષપણે એક કાળાવચ્છિન્ન જાણે છે." "જે ભગવાનનું અનુભવાત્મક જ્ઞાન કાળે કરીને, તેમજ આ વિશ્વનો લય તથા ઉત્પત્તિ આદિક થવાથી પણ તેમજ પોતાથી કે બીજાથી તેમજ-માયાના ગુણો સત્ત્વાદિકથી કે બીજા કોઇથી પણ નાશ નથી પામતું." ઇત્યાદિક ઘણાંક છે. ॥ ૫ ॥

टीका-

निग्रहश्च कामवासनायामनपगतायां न घटेत, तत्रायमभ्युपायः शृणु ?। आत्मनात्मानं संस्तभ्य स कामो निरसनीयः। आत्मानम्-बुद्धिम्, आत्मना-विषयीभूतेन, "अपहत-पाप्मा विजरो विमृत्युर्विशोको विजिघित्सोऽपिपासः सत्यकामः सत्यसङ्कल्प" इत्युक्तेन विशुद्धेनात्मस्वरूपेण, संस्तभ्य-अप्रकम्पं कृत्वा, विषयतरङ्गक्षोभरहितं विधाय तं कामं जहि इति।

ननु-ज्ञानैकसाध्योऽयं विजयप्रकारः? सत्यम्, अथापि पृथक् ज्ञानयोगसापेक्षत्व-मिहोच्यते। कर्मयोगे यदन्तर्गतं ज्ञानं तत्प्रकर्षात्परिपाकक्रमेण कामस्य विजयः सुकर इत्ययमेवाभ्युपाय इह प्रदर्श्यते। यथावस्थितात्मस्वरूपानुशीलने परमात्मस्वरूपस्याप्यस्ये-वानुप्रवेशः। आत्मनोऽपहतपाप्मत्वादिकमिव परमात्मशेषताप्यसाधारणस्वभावोहि ॥४३॥

इति श्रीपरभक्तिसमाराध्यभगवत्सहजानन्दस्वामिपरमोपासक-सद्गुरुवर्य-श्रीशुकानन्दमुनिविरचितायां श्रीमद्भगवद्गीताभाष्य-टीकायां गीतागूढार्थदीपिकायां तृतीयोऽध्यायः ॥३॥

चतुर्थोऽध्यायः—

टीका-

अध्यायसङ्गतिपूर्वकं समनन्तराध्यायमवतारयति—एवमित्यादिना वाक्यसन्द-र्भेण। दार्ढ्यं कारयितुमिति। अपूर्वोऽयं कोऽप्युपायः केवलं मां युद्धे प्रेरयितुमुपदिश्यत इति शङ्कापनोदनेन कर्मयोगे श्रद्धामुत्पादयितुमिति यावत्। चतुर्थाध्यायस्यार्थान् सङ्ग्रहेणोपपादयति-मन्वाद्युपदिष्टयोगकथेत्यादिना। योगः-कर्मयोगः, कथा-कथ्यते इति कथा। निगद्यत इत्युत्तरेण सम्बन्धः। प्रथमश्लोकार्थोऽयम्। स्वावतारेति "बहूनि मे व्यतीतानी" त्यादेरर्थः। स्वजन्मकर्मज्ञानेति "अजोऽपि सन्नि" त्यादेरर्थः। कर्मणा-लिप्तेति "चातुर्वर्ण्य" मित्यादेरर्थः। कर्माकर्मस्वरूपभेदमिति "किं कर्म? किमकर्मेती" त्यादेरर्थः। यज्ञभेदा इति "दैवमेवापरे" इत्यादेरर्थः। ज्ञानयज्ञश्रेष्ठत्वमिति "श्रेयान् द्रव्यमयादि" त्यादेरर्थः। ज्ञानयज्ञं कुर्वतां निर्बन्धत्वं चेति "योगसन्न्यस्त" त्यादेरर्थः। निर्बन्धत्वम्-व्यपेतबन्धता।

इममित्यादिश्लोकत्रयमवतारयति-उक्तस्येति। अव्ययमित्यस्य भावमाह-पुरातन-मिति। व्ययशब्दोऽत्र विच्छेदपरः, स निषिध्यते। कदाचित् केनचिदयं योगोऽनुष्ठितः, स च तेनैव सह तदानीमेव विच्छिन्न इति न, किन्तु-आचार्यशिष्यपरम्परयानुस्यूतः प्रवर्तते, तदयं पुरातन इति भावः। कः सर्गादौ प्रवर्तकः? आह-अहमिति। पुरातनोऽयं पन्थाः, अथापि राजर्षिमात्रगोचर एवासीदित्याह-"विवस्वान्मनवे मनुरिक्ष्वाकवे" इति। क्षत्रियकुलमात्रे सन्तानपरम्पराक्रमेणानुवृत्तेरिति यावत्। प्रव्रज्यायामनधिकारान्निःश्रेय-सकामैः क्षत्रियैरयमेव योगः समादृत इति भावः। क्षतात् त्राणं हि परमो धर्मः, स वर्णधर्मसतिलङ्घेत। ब्राह्मणस्य शमप्रकृतेः प्रव्रज्या वर्णधर्माविरोधिनी नाम। ज्ञानयोगे

टीका-

चेत् क्षत्रियो निष्ठां विदधीत, प्रजाः क्षतात्त्रक्षकमलभमाना आक्रन्देयुः, तत्पापमेनं प्रच्यावयेत् श्रेयसः। श्रोतृणामल्पबुद्धित्वादिति। बुद्धेरल्पता च कामक्रोधवेगाभिभूतता ॥१-२॥

स एवायमित्यस्याशयमाह—पुरातन इति। सम्प्रदायपारम्पर्यप्राप्तत्वमेव पुरातनत्वम्। प्रोक्त इत्यत्रोपसर्गेण विवक्षितमर्थमाह-सविस्तरमिति।

सम्प्रदायपरम्पराप्राप्तत्वज्ञापनेन श्रद्धामुत्पाद्य रहस्यतमत्वज्ञापनेनापि तां दृढयति-"रहस्यं ह्येतदुत्तम" मिति। यद्ययं सम्प्रदायपरम्पराप्राप्तः, प्रणिपातादिनियमनिरपेक्षं मां प्रति कथमस्मिन्नवसरे निगदितवानसि? नैतावता त्वया मन्तव्यं "सर्वेभ्यः प्रकाश्यः सरलः" इति। रहस्यं ह्येतत्। अनधिकारिष्वप्रकाश्यं रहस्यं ह्येतत्। आत्मज्ञानगर्भतया रहस्यम्। रहस्यं चैतदुत्तमम्। सुखोपसेव्यत्वादप्रमादत्वाद्गोपनीयेषु गोपनीयतममिति वा। अज्ञाः पामरा हि ज्ञानांशमन्तर्निगूढमनादृत्य प्रवृत्तिमार्ग एव चरन्तो धनार्जनादिव्यापारान् कर्मयोगे गणयन्तः पतन्तः स्वयं पातयेयुश्चान्यान्। तत् पात्र एव प्रकाश्योऽयम्। त्वमसि पात्रमित्येवेदं रहस्यमुत्तममपि तुभ्यमुपदिष्टम्। न हि भक्ततः सख्युश्चान्यत् प्रकृष्टं पात्रम्। तदाह-भक्तोऽसीति। ममाग्र इत्यादेरयमेव भावः ॥३॥

शङ्कयन्निति। शङ्कां कुर्वन्नित्यर्थः। शङ्का—संशयः, न त्वाक्षेपः। अपरम्-अदूरवर्ति, कालतः सन्निहितमित्यर्थः। दूरतरम्—अत्यन्तं व्यवहितम्। त्वमित्यनेन विवक्षितमर्थमाह--इदानीन्तनो भवानिति। केन प्रकारेणेति।

अयमाशयः—अनेनैव मया साक्षात्क्रियमाणेन रूपेण विवस्वते प्रवचनं तु व्याहृतम्। अन्येन रूपेण चेत्, किमनुस्मरति भवान् प्राक्तनं रूपम्? यद्यनुस्मरसि, तदिदमनुस्मरणं नैसर्गिकम्? किं वा योगजम्,? यदि योगजन्यम्, प्रारब्धशेषेणेदं ते जन्मेति मन्येत। यदि नैसर्गिकम्,? तर्हि त्वमसि सर्वज्ञः सर्वेश्वरः, तस्य ते तदा तदा रूपपरिग्रहः कस्मै प्रयोजनाय? स च कदा? विकल्पेष्वेषु केन प्रकारेण जानीयामिति विशेषजिज्ञासयायं प्रश्न इति भावः ॥ ४ ॥

प्रादुर्भावस्वरूपमिति। स्वस्य सर्वेश्वरस्य प्रादुर्भावस्वरूपमितरजन्मविलक्षणं निरूपयतीति यावत्। जन्मात्र नोत्पत्तिः, नित्यो ह्यात्मा, किन्तु देहयोगेन प्रादुर्भावः। तानि जन्मानि तवैव ममाप्यतीतानि बहूनि। तानि सर्वाणि वेदाहम्। न जातिस्मरणमिव योगिनो ममेदं विज्ञानम्, स ह्यात्मन एवाव्यवहितपूर्वमात्रमनुस्मरेत्। अहं तु ते, सर्वेषामेषां च, व्यतीतानि सर्वाणि जन्मानि वेद। नैसर्गिकं मे सर्वदा सर्वसाक्षात्कारकर्तृत्वमिति भावः। त्वमित्युपलक्षकम्, त्वं वा अन्यो वा। इदमेवाभिप्रेतं स्वस्मिन्नखण्डानुभूतिश्चेत्यनेन ॥ ५ ॥

जन्मकथने इति। विना देहयोगं न जन्म, विना पाञ्चभौतिकतां न देहः, विना कर्म न देहयोगः, तत्-भगवतोऽपि जन्म चेत्, कर्मपरतन्त्रतैव स्यादित्याशयः। त्वमपि सम्भवसि, अहमपि सम्भवामि। अथापि सम्भवप्रकारे भूयान् भेदः। त्वं स्वप्रकृतेः प्रच्युतः सम्भवसि, अहं तु स्वां प्रकृतिमधिष्ठायैव। "अपहतपाप्मा विजरो विमृत्युर्वि-

भाष्यम्-

अनेन श्लोकेन—स्वाविर्भावानां सत्यत्वमुक्तम्, स्वस्मिन्नखण्डानुभूतिश्चोक्ता। अत्र प्रमाणानि—"यो वेत्ति युगपत्सर्वं प्रत्यक्षेण सदा स्वतः"। "यस्यानुभूतिः कालेन लयोत्पत्त्यादिनास्य वै। स्वतोऽन्यस्माच्च गुणतो न कुतश्चिन्न रिष्यति" इत्यादीनि ॥ ५ ॥

ननु-भगवतो जन्मकथने पाञ्चभौतिकदेहवत्त्वम्, देहवत्त्वात्कर्माधीनत्वम्, तथा परतन्त्रत्वंच स्यादित्याशङ्कायामाह-अज इति।

अजोऽपि सन्नव्ययात्मा भूतानामीश्वरोऽपि सन्।
प्रकृतिं स्वामधिष्ठाय सम्भवाम्यात्ममायया ॥ ६ ॥

अज इति। अजोऽपि सन्-जन्मरहितः सन्नपि, तथा अव्ययात्मा—अनश्वरमूर्तिः सन्नपि, तथा भूतानामीश्वरोऽपि सन्—अक्षरपुरुषादीनां भूतानामीश्वरो नियन्ता स्वतन्त्रः सन्नपि, अजत्वाव्ययमूर्तित्वसर्वनियन्तृत्वस्वतन्त्रत्वसर्वव्यापकत्वाद्युत्कृष्टैश्वर्यमत्यजन्नित्यर्थः। स्वाम्—स्वकीयाम्—स्वाभाविकानवधिकातिशयज्ञानबलैश्वर्यवीर्यशक्तिधैर्यतेजोऽपारकारुण्यसौशील्यवात्सल्यौदार्यादिस्वासाधारणप्रकृतिम्-स्वभावम्, अधिष्ठाय—स्वीकृत्य, आत्ममायया—स्वेच्छया, सम्भवामि—प्रादुर्भवामि।

उक्तां स्वकीयां प्रकृतिमङ्गीकृत्य प्राकृतलेशवर्जितया क्षराक्षरनियन्त्र्या क्षराक्षरविलक्षणया दिव्यमनोहरमूर्त्या स्वसङ्कल्पेनैव हेतुना देवमनुष्यादिषु तत्तत्समानरूपेणाविर्भूतो भवामीत्यर्थः।

अनेन श्लोकेन-पुरुषोत्तमस्याविर्भावविधा, अप्राकृतविग्रहवत्त्वं, जनिकारणं चोक्तम्। अत्र मायाशब्दो ज्ञानपर्यायः, सङ्कल्पपर्यायः, इच्छापर्यायश्चेति रामानुजाचार्यचरणाः। ग्रन्थान्तरे-कृपादिपर्यायश्च।

भगवत आविर्भावविधायां प्रमाणानि—"अजायमानो बहुधाभिजायते" "तस्य धीराः परिजानन्ति योनिम्" योनिम्—जन्मप्रकारम्। "तमद्भुतं बालकमम्बुजेक्षणं चतुर्भुजम्" "पित्रोः

શ્લોકાર્થ-

કેમ કે—હું તો કર્માધીન જન્મથી રહિત, સ્વરૂપ અને સ્વભાવથી પણ વ્યયરહિત-અવિનાશીસ્વરૂપ અને ભૂત—પ્રાણીમાત્રનો નિયામક હોવા છતાં પણ મારા પરમ વાત્સલ્યાદિક અસાધારણ સ્વભાવને અનુસરીને મારી પોતાની ઇચ્છાથીજ પ્રગટ થાઉં છું. ॥ ૬ ॥

ભાવાર્થ-

નનુ—શંકા, ભગવાનને જન્મ કહેવાથી ભગવાનને વિષે પંચભૂતના પરિણામરૂપ દેહવાળાપણું, દેહવાળાપણું હોવાથી કર્માધીનપણું, તેમજ-પરાધીનતા વિગેરે દોષનો પણ સંભવ આવે. એ શંકાના સમાધાનમાં કહે છે—

કર્મવશ્ય-જન્મરહિત હોવા છતાં પણ, વિકારશૂન્ય અનશ્વર આત્મા-મૂર્તિ—સ્વરૂપ જેનું છે, તથા અક્ષર, પુરૂષ, કાળ, માયા, એ આદિક સર્વ ભૂત-પ્રાણીમાત્રનો નિયામક અને સ્વતંત્ર છું તો પણ, એટલે કે—અજત્વ, અવ્યયમૂર્તિત્વ, સર્વનિયંતૃત્વ, સ્વતંત્રત્વ, સર્વવ્યાપકત્વ, એ વિગેરે મારાં અતિ ઉત્કૃષ્ટ-સર્વશ્રેષ્ઠ ઐશ્વર્યોને નહિ તજતાંજ. મારી પોતાની પ્રકૃતિને—એટલે કે-સ્વભાવસિદ્ધ અને નિરવધિક અતિશયવાળાં-જ્ઞાન, બળ, ઐશ્વર્ય, વીર્ય, શક્તિ, ધૈર્ય અને તેજ. તેમજ-અપાર કારૂણ્ય, સૌશીલ્ય, વાત્સલ્ય અને ઔદાર્ય, એ આદિક મારી પોતાની અસાધારણ પ્રકૃતિને-સ્વભાવને અનુસરીને હું મારી ઇચ્છાથીજ પ્રાદુર્ભાવ પામુંછું.

અભિપ્રાય એ છે કે-આ કહી એવી મારી પ્રકૃતિને અંગીકાર કરીને—અનુસરીને, માયિક ભાવનો લેશ પણ જેમાં નથીજ, તેમજ ક્ષર-અક્ષરાદિક સર્વનું નિયમન કરનારી અને ક્ષર-અક્ષર સર્વથી વિલક્ષણ એવી દિવ્ય મહામનોહર મૂર્તિથી મારો પોતાનો સંકલ્પ એજ હેતુને લીધે દેવ-મનુષ્યાદિકમાં તેને તેને સમાન રૂપથી-આકૃતિથી આવિર્ભાવ પામું છું.

આ શ્લોકથી ભગવાન પુરૂષોત્તમનો આવિર્ભાવપ્રકાર કહ્યો, અપ્રાકૃત-દિવ્ય વિગ્રહે યુક્તતા કહી અને જન્મનું-આવિર્ભાવનું કારણ પણ કહ્યું. અહીંઆં માયાશબ્દ જ્ઞાનપર્યાય, સંકલ્પપર્યાય, તેમજ ઇચ્છાપર્યાયરૂપ અર્થવાળો છે એમ શ્રીમદ્રામાનુજાચાર્ય પોતે માને છે. વળી-બીજા ગ્રન્થોમાં કૃપા આદિકના પર્યાય અર્થમાં પણ માનવામાં આવે છે.

ભગવાનના આવિર્ભાવ પ્રકારમાં પ્રમાણભૂત—"કર્માધીન જન્મ નહિ છતાં બહુ પ્રકારે પ્રગટ થાય છે." "ધીર-જ્ઞાનીજનોજ તે ભગવાનના આવિર્ભાવપ્રકારને યથાર્થ જાણી-સમઝી શકે છે." "કમળ સરખાં નેત્રવાળા અને ચતુર્ભુજસ્વરૂપ એવા તે અદ્‌ભુત—આશ્ચર્યકારી બાળકને જોઇને." "માતા-પિતાને જોત-જોતામાંજ તુરતજ પ્રાકૃત-સામાન્ય બાળક જેવા થઇ ગયા." "તેજ આ પુરાતન પુરૂષ પરમાત્મા નિશ્ચેજ છે." "અનેક સાધનોથી પણ ન જાણી શકાય એવા પોતાના સ્વરૂપને જણાવવાને

ભાવાર્થ-

અર્થેજ સ્વીકારી છે નરાકૃતિ જેમણે એવા તમને." "તેજ તમે સાક્ષાત્ અધ્યાત્મ-જ્ઞાનને પ્રકાશ કરનારા વિષ્ણુ-ભગવાન છો." "કર્માધીન જન્મરહિત અજન્મા પરમાત્માનો જન્મ અધર્મ-માર્ગે ચાલનારા અધમીઓના નાશ માટે છે. અને કર્તાપણાના અભિમાને રહિત અકર્તા પરમેશ્વરને કર્મ કરવાં તે મનુષ્યોને શીખવાડવાને માટેજ છે. અને એમ જો ન હોય તો ગુણકાર્યથી પર વર્તનારા પરમાત્મા કર્મતન્ત્ર એવા દેહયોગને યોગ્ય કેમ ગણાય ? નજ ગણાય." એ આદિક શ્રુતિ, સ્મૃતિ અને પુરાણ વિગેરેનાં ઘણાંક વચનો છે.

ભગવાનના અપ્રાકૃત વિગ્રહને કહેનારાં પ્રમાણભૂત વાકયો-"હું આ વિશ્વમાં પ્રથમથીજ હતો." "સાકાર થકા વ્યાપવું એજ પુરૂષ-પરમાત્માનું પુરૂષપણું છે." "આ સઘળું વિશ્વ આગળ પુરૂષાકાર પરમાત્મારૂપેજ હતું." "માયાના તમથી પર રહેલા અને સૂર્ય સમાન સમુજ્જવળ વર્ણવાળા સર્વથી મહાન્ પુરૂષ—પરમાત્માને હું જાણું છું." "જે આ આદિત્યમંડળમાં હિરણ્મય પુરૂષ-પરમાત્મા જોવામાં આવેછે, તે હિરણ્ય સમાન સુન્દર દાઢી અને હિરણ્ય સમાન માથાના કેશવાળા અને નખથી લઇને શિખાપર્યન્ત સુવર્ણ સરખાજ અતિ સુન્દર-મહા મોહક છે." "દિવ્ય બ્રહ્મ ધામમાં એક-અદ્વિતીય પુરૂષાકાર પરમાત્મા અખંડ વિરાજમાન રહેછે, તે પુરૂષથી-પરમાત્માથી આ સઘળું વિશ્વ પૂર્ણ છે." "પરમાત્મા સત્યસંકલ્પ, આકાશની પેઠે નિર્મળસ્વરૂપ, વિશ્વની ઉત્પત્તિ આદિક સઘળાં કર્મ કરનારા, સર્વ ઇચ્છાઓથી પૂર્ણ, સર્વ ગન્ધથી પૂર્ણ અને સર્વ રસમયમૂર્તિ છે." "તે આ પુરૂષ-પરમાત્માનું રૂપ તો જેવું મહારજતમય વસ્ત્ર હોય તેવું સમુજ્જવળ શ્વેત-પ્રકાશમય છે." "આ પરમાત્માનો દેહ પૃથ્વી આદિક ભૂતસંઘાતની રચનાવાળો નથી, અર્થાત્-દિવ્ય અપ્રાકૃત છે." "સૃષ્ટિના પહેલાં એકજ અદ્વિતીયસ્વરૂપ એવા વાસુદેવ પરબ્રહ્મ ભગવાન માયાના ગુણોથી રહિત અને દિવ્ય-મૂર્તિ થકા પોતાના બૃહત્ અક્ષર ધામમાં અખંડ વિરાજમાન હતા." "આ આવીજ છે." એમ નિર્દેશ ન કરી શકાય એવી એક મૂર્તિ છે, તેને ઉપાસક જ્ઞાનીજનો તેજના સમૂહથી વ્યાપ્ત સઘળાં અંગવાળી એવી અતિ શ્વેત-તેજોમય દેખે છે." "તે સમયમાં કૃષ્ણને ગ્રીષ્મ ઋતુના કોટિ સૂર્ય સમાન તેજસ્વી, હસ્તમાં મૂરલીધારી રહેલા અને કીશોર અવસ્થાવાન્ એવા દ્વિભુજ મૂર્તિ દીઠા." "એક-સાથે ઉદય પામેલા હજારો-હજાર સૂર્ય સમાન પ્રકાશવાળા તે તેજમાં રમ્ય અને દિવ્ય એવી શ્યામ-સુન્દર આકૃતિ-વાળા વાસુદેવ ભગવાનને દીઠા." ઇત્યાદિક શ્રુતિ, સ્મૃતિ અને પુરાણવચનો વિગેરે ઘણાંક છે.

હવે-ભગવાનને જન્મ ધારવામાં હેતુમાં પ્રમાણભૂત-"હે શુભે ! હું દેવકી-જીના પુત્રપણાને પામીશ." "હું તમારો પુત્ર થયો હતો અને પ્રશ્નિગર્ભ એવા નામથી પ્રસિદ્ધ થયો હતો." "હું અંશ-કળાથી અવતાર ધારણ કરીશ." "મેં તમને હું

भाष्यम्-

सम्पश्यतोः सद्यो बभूव प्राकृतः शिशुः” “स वै किलायं पुरुषः पुरातनः” “दुरवगमात्मतत्त्वनिगमाय तवात्ततनोः” “स त्वं साक्षाद्विष्णुरध्यात्मदीपः” “अजस्य जन्मोत्पथनाशनाय कर्माण्यकर्तुर्ग्रहणाय पुंसाम्। नन्वन्यथा कोऽर्हति देहयोगं परो गुणानामपि कर्मतन्त्रम्” इत्यादिश्रुतिस्मृतिपुराणादीनि।

भगवतोऽप्राकृतविग्रहे प्रमाणानि—“पूर्वमेवाहमिहासम्” “तत्पुरुषस्य पुरुषत्वम्” “आत्मैवेदमग्र आसीत् पुरुषविधः” “पुरुषं महान्तमादित्यवर्णं तमसः परस्तात्” “हिरण्मयः पुरुषो दृश्यते हिरण्यश्मश्रुर्हिरण्यकेश आप्रणखात् सर्व एव सुवर्णः” “दिवि तिष्ठत्येकस्तेनेदं पूर्णं पुरुषेण सर्वम्” “सत्यसङ्कल्प आकाशात्मा सर्वकर्मा सर्वकामः सर्वगन्धः सर्वरसः” “तस्य हैतस्य पुरुषस्य रूपं यथा महारजतं वासः” “न भूतसङ्घसंस्थानो देहोऽस्य परमात्मनः” “वासुदेवः परम्ब्रह्म बृहत्यक्षरधामनि। आदावेकोऽद्वितीयोऽभून्निर्गुणो दिव्यविग्रहः” “एका मूर्तिरनिर्देश्या शुक्लां पश्यन्ति तां बुधाः। ज्वालामालोपरुद्धाङ्गीम्” “ददर्श कृष्णं ग्रीष्मस्य कोटिसूर्यसमप्रभम्। द्विभुजं मुरलीहस्तं किशोरम्” “सहोदितार्कायुतवद्भास्वरे तत्र तेजसि। वासुदेवं ददर्शासौ रम्यदिव्याश्रिताकृतिम्” इत्यादीनि श्रुतिस्मृतिपुराणादीनि।

जन्महेतौ प्रमाणानि—“देवक्याः पुत्रतां शुभे! प्राप्स्यामि” “अहं सुतो वामभवं प्रश्निगर्भ इति श्रुतः” “अंशकलयावतरिष्यामि” “दत्तो मयाहमिति यद्भगवान् स दत्तः” इत्यादिभागवतवचनानि। एभिर्वाक्यैर्हरिजन्मसु स्वेच्छैव कारणमित्युक्तम् ॥६॥

ननु—कदा जन्मेति चेत्तत्रोच्यते—यदेति।

यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत!।
अभ्युत्थानमधर्मस्य तदात्मानं सृजाम्यहम् ॥ ७ ॥

हे भारत! यदा यदा—यस्मिन् यस्मिन् समये। धर्मस्य—अस्तेयाहिंसादिसदाचारस्य, मदेकान्तिकधर्मस्य च। ग्लानिः-भ्रंशो

श्लोकार्थ-

અને એ રીતે જ્યારે જ્યારે મેં પ્રવર્તાવેલા એકાન્તિક ધર્મની ગ્લાનિ થાય છે અને અધર્મની ચઢતી-પ્રબળતા થાય છે, ત્યારે હું મારા સ્વરૂપને સર્જું છું--આવિર્ભાવ પામું છું. ॥ ૭ ॥

અને મારા ભક્ત એવા સાધુજનોના પરિત્રાણ માટે અને તેમના દ્રોહી દુષ્કર્મી અસુરોના વિનાશ માટે તથા એકાન્તિક ધર્મના સમ્યક્-સ્થાપન માટે હું યુગો યુગ અવતાર લઉં છું. ॥ ૮ ॥

भावार्थ-

પોતે આપ્યો માટેજ તે **દત્ત** એવા નામે પ્રસિદ્ધ ભગવાનનો અવતાર છે. ” ઇત્યાદિક ભાગવત પુરાણનાં વચનો છે. ।

આ કહ્યાં એ વચનોથી ભગવાનને જન્મ ધારવામાં પોતાની ઇચ્છા એજ મુખ્ય કારણ છે એમ કહેવામાં આવ્યું છે. ॥ ૬ ॥

નનુ-શંકા, ભગવાનનો જન્મ કયારે થાય ? એ શંકાના સમાધાનમાં કહે છે—

“હે ભારત ! જ્યારે જ્યારે-જે જે સમયમાં, ધર્મની-અસ્તેય અને અહિંસા વિગેરે સદાચારની, તેમજ મારા એકાન્તિક ધર્મની પણ, ગ્લાનિ-ભ્રંશ થઇ જાય છે. અને અધર્મની-શાસ્ત્રનિષિદ્ધ-પરદારગમન, અપેય એવા દારૂ આદિકનું પાન કરવું અને હિંસા વિગેરે પાપાચારની લોકમાં વૃદ્ધિ-ચઢતી થાય છે. ત્યારે નિશ્ચેજ હું મારા આત્માને,-સ્વરૂપને, સર્જું છું-મારી પોતાની ઇચ્છાથીજ દેવ-મનુષ્યાદિકરૂપે પ્રગટ થઇને સર્વ જનને નયનગોચરપણે વર્તું છું. ” આ કહેવાથી શ્રીહરિના આવિર્ભાવનો સમય સૂચવ્યો છે. ॥ ૭ ॥

નનુ-શંકા, શું કાર્ય કરવાને માટે ભગવાન જન્મ ધારે છે ? એના સમાધાનમાં કહે છે—

સાધુઓ, કે જે—મારા સાક્ષાત્ દર્શનની તીવ્ર ઇચ્છાવાળા છે, અને મારા વિયોગને લીધે શરીરનું ધારણ કે પોષણ વિગેરે કરવાને માટે પણ અસમર્થ બની ગયેલાં, પરન્તુ-મારાં નામનું કીર્તન અને મારાં લીલા-ચરિત્રોનું સ્મરણ કરવાથી જેમ તેમ કરીને ફક્ત પ્રાણનું ધારણ કરી રહેલા એવા મદેકપરાયણ જે સાધુ જનો છે, તેમના પરિત્રાણને માટે-મારી મૂર્તિ અને મારાં લીલા-ચરિત્રોનું દર્શનાદિક આપીને તેઓના રક્ષણને માટે. અને વળી-તે સાધુજનોથી પ્રતિકૂળ વર્તન કરનારા દુષ્ટ-અસુરજનોનો, તેમજ કામક્રોધાદિક દુષ્ટ સ્વભાવના પાપીજનોનો વિનાશ-સમૂળ સંહાર કરવા માટે. તેમજ- સચ્છાસ્ત્રપ્રતિપાદિત મારી ઉપાસનાપ્રધાન એવા એકાન્તિક ધર્મના સ્થાપન માટે-ઉપદેશ કરીને તેમજ આચરીને પણ તેનું સમ્યક્ રીતે સ્થાપન કરવા માટે. કરૂણાપૂર્ણ મૂર્તિ ધારીને યુગો-યુગ, અર્થાત્-સત્ય, ત્રેતા, દ્વાપર અને કળિ, એ સર્વ યુગોમાં હું આવિર્ભાવ પામું છું. એ અભિપ્રાય છે. ॥ ૮ ॥

भाष्यम्–

भवति। अधर्मस्य—शास्त्रनिषिद्धपरस्त्रीगमनापेयपानहिंसादिरूपस्य पापाचारस्य। अभ्युत्थानम्–वृद्धिर्भवति। लोके इति शेषः। तदा तदा हि–एवाहम्। आत्मानं सृजामि–स्वेच्छया देवमनुष्यादिरूपेण सर्वजननयनगोचरतां प्रापयामीत्यर्थः। अनेन हरेराविर्भावसमयः सूचितः॥ ७॥

ननु–किंकरणार्थं जन्मेत्यत्राह–परीति।

परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम्।
धर्मसंस्थापनार्थाय सम्भवामि युगे युगे॥ ८॥

साधूनाम्—मद्दर्शनेच्छावतां, मद्वियोगेन शरीरधारणपोषणादिकं कर्तुमसमर्थानां, मन्नामकीर्तनचेष्टितस्मरणेन कथञ्चित् प्राणान् धारयतां, मदेकपरायणजनानाम्। परित्राणाय–मन्मूर्तिमत्क मद्दर्शनादिदानेन रक्षणाय। दुष्कृताम्—तत्प्रतिकूलवर्तिनां दुष्टजनानां, कामक्रोधादिदुःस्वभावानां च। विनाशाय–संहननाय। धर्मसंस्थापनार्थाय—धर्मस्य शास्त्रीयस्य मदुपासनरूपस्य, स्थापनाय–बोधनेन, आचरणेन चावस्थापनार्थं च। करुणार्द्रया मूर्त्या। युगे युगे—प्रतियुगम्, सम्भवामि–सर्वेषु युगेष्वाविर्भूतो भवामीत्यर्थः॥ ८॥

अथ स्वजन्मकर्मणोर्ज्ञानस्य माहात्म्यं वदति–जन्मेति।

जन्म कर्म च मे दिव्यमेवं यो वेत्ति तत्त्वतः।
त्यक्त्वा देहं पुनर्जन्म नैति मामेति सोऽर्जुन!॥ ९॥

मे—कर्महेतुकहेयत्रिगुणकार्यदेहयोगलक्षणजनिराहितस्य, समग्रदिव्यगुणगणपरिपूर्णस्य च मम। सद्रक्षणाय स्वीकृतं जन्म, कर्म–चेष्टितं च। दिव्यम्–प्रकृतिजन्यगुणलेशवार्जितं श्रोतृजनमोक्षविधायकमेवेति यस्तत्त्वतो वेत्ति–जानाति। हे अर्जुन! सः–पुरुषः, देहम्–वर्तमानं शरीरम्, त्यक्त्वा पुनर्जन्म नैति, किन्तु—मामेव एति—प्राप्नोति॥ ९॥

वीतरागभयक्रोधा मन्मया मामुपाश्रिताः।
बहवो ज्ञानतपसा पूता मद्भावमागताः॥ १०॥

શ્લોકાર્થ-

આ મારાં જન્મ અને કર્મ તેને દિવ્ય છે એમ જે તાત્ત્વિક ભાવથી જાણેછે. તો તે પણ પોતાના શરીરનો ત્યાગ કરીને ફરીથી જન્મ નથી પામતો, પણ હે અર્જુન ! મનેજ પામે છે. ॥ ૯ ॥

રાગ, ભય અને ક્રોધ વિગેરે વિકારોથી રહિત થયેલા, મારામાં અનન્ય ભાવથી એકચિત્ત થયેલા અને મનેજ આશરેલા એવા ઘણાક પુરૂષો મારા સ્વરૂપના પરમ જ્ઞાનરૂપ તપથી પવિત્ર થઈને મારા સ્વરૂપને પામેલા છે. ॥ ૧૦ ॥

હે પાર્થ ! જે મનુષ્યો મને જેવા જેવા ભાવથી ભજે છે, તેઓને હું પણ તેમજ ભજું છું—ફળદાનદ્વારા અનુકૂળ થાઉં છું, અને આખરે એ સર્વ મનુષ્યો મારા માર્ગનેજ અનુસરે છે—મુક્તિમાર્ગમાં આવે છે. ॥ ૧૧ ॥

ભાવાર્થ-

હવે-પોતાનાં જન્મ અને કર્મના જ્ઞાનનું અલૌકિક માહાત્મ્ય કહી સમઝાવેછે-

મારાં—એટલે કે—કર્મ કારણ જેમાં છે અને હેયભૂત પ્રકૃતિના ત્રણ ગુણોના કાર્યભૂત એવો દેહસમ્બન્ધ એજ લક્ષણ જેનું છે, એવા જન્મરૂપ વિકારથી રહિત. અને સમગ્ર દિવ્ય—કલ્યાણકારી ગુણગણોના સમૂહોથી પરિપૂર્ણસ્વરૂપ એવો જે હું, તે મારાં-મારા એકાન્તિક સન્તોના રક્ષણ માટે સ્વીકારેલાં જન્મ, કર્મ અને ચેષ્ટિત-લીલા ચરિત્રો, તેને દિવ્ય—પ્રકૃતિજન્ય ગુણના સંસર્ગલેશથી પણ વર્જીત અને શ્રોતા જનોના મોક્ષનેજ કરનારાં છે, એમ જે તત્ત્વથી—ખરી રીતે જાણે છે, હે અર્જુન ! તે પુરૂષ પોતાના વર્તમાન શરીરનો પરિત્યાગ કરીને-કર્યા પછી ફરીથી જન્મ નથી પામતો, પણ મનેજ પામે છે. ॥ ૯ ॥

અને એ પ્રમાણે મારાં જન્મ-કર્મ દિવ્યપણે જાણવાના પ્રભાવથી ટળી ગયા છે-મારા સિવાય બીજામાં પ્રીતિરૂપ રાગ, સર્વસંહારક કાળનો ભય, તેમજ ક્રોધાદિક વિકારો જેમના, અને તેથીજ હુંજ પ્રધાન જેમને છું. અને તેથીજ મને અનન્ય ભાવથી આશરેલા. એવા ઘણાક માણસો મારા સ્વરૂપનું માહાત્મ્યજ્ઞાન અને મેં કહેલા ધર્મપાલનરૂપ તપ તેનાથી ટળી ગયા છે સમસ્ત અવિદ્યાજનિત દોષમાત્ર જેમના, એવા થકા મારો ભાવ જે અક્ષરસ્વરૂપતા વિગેરે અસાધારણ સ્વભાવરૂપ ગુણ, તેને પામી ગયા છે. તેમાં પ્રમાણભૂત શ્રુતિ છે-" ત્યારે વિદ્વાન્-જ્ઞાની ઉપાસક પુણ્ય-પાપરૂપ કર્મજાળને ટાળી નાખીને માયાના અંજનરૂપ આવરણથી રહિત પરિશુદ્ધ થઈને પરમાત્માની સાથે પરમ સામ્યને પામે છે. " ॥ ૧૦ ॥

હવે—ભકતોએ અભિલષિત પ્રાપ્ય વસ્તુના ભેદથી પોતાની ઉપાસનાનો ફળ-ભેદ કહી બતાવે છે—

જે-જ્ઞાની, જીજ્ઞાસુ, આર્ત અને અર્થાર્થી, એ સઘળા જનો. જેમ-જે પ્રકારથી, એટલે કે-નિષ્કામ ભાવથી કે સકામ ભાવથી, મને-સર્વ કર્મના ફળને પમાડનારો

टीका-

शोको विजिघत्सोऽपिपासः सत्यकामः सत्यसङ्कल्पः " इति या ते—चेतनस्य श्रूयते प्रकृतिः स्वभावः, ततः प्रच्युतस्त्वं पापजरामृत्युशोकजिघित्सापिपासादिसमुपलिप्तो देवमनुष्यादियोनौ सम्भवसि। अहं तु येयमपहतपाप्मत्वादिलक्षणा प्रकृतिः स्वभावः, अप्रच्युत एव ततः सम्भवामि। या च-"तमीश्वराणां परमं महेश्वरं तं दैवतानां परमं च दैवतम्" इत्यादिना श्रूयमाणा परमेश्वरत्वलक्षणा प्रकृतिः स्वभावः, ततोऽप्यप्रच्युत एव सम्भवामि। तदेव शृणु—अजः सन्नेव, अव्ययात्मा सन्नेव, भूतानामीश्वरः सन्नेव, सम्भवामि। अज अव्ययात्मा इत्याभ्यां जन्मजरामृत्युशोकजिघित्सापिपासाद्यनुपहतत्वं गम्यते। जायमानोऽप्यहमजायमान एव। न हि जन्ममूलेन जन्मफलेन च पुण्यपापेनोपलेपो मम। न च स्वासाधारणादैश्वरात् स्वभावात् प्रच्यव प्रादुर्भवतो मम। त्वमस्यनीशः, अहमीशः। "द्वावजावीशनीशौ"। अनीशस्त्वं कर्मणा योऽदसे देहे। ईश्वरोऽहं स्वतन्त्रः परिगृह्णामि देहं यथारुचि। तदेवं सम्भवे तव च मम च महदन्तरम्।

ननु—त्वमप्रच्युत एव स्वस्वभावात् सम्भवसि, अहं तु प्रच्युतः स्वभावादित्येतद्वैषम्यं कस्मात्?। अहमात्ममायया सम्भवामि, त्वं तु अज्ञः अनीशः परस्य मायाया वशगः। कथं तव माया?। सत्यसङ्कल्पत्वलक्षणैव सा। सत्यसङ्कल्पस्य सङ्कल्पमात्रेण तत्र तत्र लोके तत्तत्सजातीयसंस्थानयोगेन प्रादुर्भवतो मम न स्वभावप्रच्यवप्रसङ्गः।

ननु—देहः पाञ्चभौतिकः, तद्योगस्तु तन्मूलं कर्माक्षिपति। जिघित्सापिपासादिकमपि स्वनियतम्। नैतत्। ननूक्तमेव प्रकृतिं स्वामधिष्ठायेति। प्रकृतिर्हि स्वो भावः, स्वं रूपमिति तत एव दत्तोत्तरम्। नेतरवत् जडं भौतिकं रूपमधिष्ठाय सम्भवामि। अपि तु अजडं ज्ञानमयं स्वासाधारणं यत्पारमेश्वरनियतं दिव्यं रूपं तदेवाधिष्ठाय सम्भवामि। अत एवाजः सन्नेवावतरामि। त्वं नवं नवं कर्ममूलमधिष्ठाय सम्भवासि। अहं तामेव स्वां प्रकृतिं स्वं रूपमधिष्ठाय सम्भवामि।

भगवतो दिव्याकारे किं मानम्? तत्राह-"अप्राकृतविग्रह इति" ॥६॥

धर्मशब्दस्य सामान्यधर्मविशेषधर्मोभयपरत्वविवक्षया व्याचष्टे—अस्तेयेत्यादिना। अस्तेयाहिंसादिः सामान्यधर्मः, मदेकान्तिकस्येति विशेषधर्मः। सृजामीत्यस्य भावमाह--स्वेच्छयेति। अनेन—हरेराविर्भावकाल उक्त इति। कृतादियुगविशेषनियमो नेत्युक्तं भवति ॥ ७ ॥

ननु-किंकरणार्थं जन्मेति। प्रादुर्भावस्य किं प्रयोजनमित्याशयः। यद्यपि पूर्वश्लोकेन धर्मसंस्थापनं प्रयोजनमिति गम्यते। अथापि-प्रादुर्भावकालप्रतिपादनपरात् तस्मादाक्षेपतो गम्यते प्रयोजनम्, न तु शब्दतः। न केवलं धर्मसंस्थापनम् प्रयोजनम्। परमं प्रयोजनं तु साधूनां परित्राणम्। के ते साधवः? किं वा तेषां परित्राणं प्रादुर्भावसम्पाद्यम्?। तदेतद्विशदयति—महर्शनेच्छावतामित्यादिना। ये विरक्ता विषयतः, अनुरक्ताश्च परमात्मनि, त एव साधुशब्दस्य मुख्यार्थभूताः। विवक्षितश्चेह मुख्यार्थ एवेत्यभिप्रेत्याह-मद्दर्शनेच्छावतामिति। इच्छा चात्र समुत्कटा बोध्या। अत एव तद्वियोगे शरीरधारणादि कर्तुमसामर्थ्यम्। कथञ्चिदिति। प्रियतमविश्लेषे प्राणधारणं तन्नामकीर्तनादिना कथं

टीका-

कथमपि भवतीत्येतत् प्रणयरसविदेकगोचरम्। तेषां परित्राणं च विश्लेषदुःखापनय-नाम्नान्यत्। तच्च प्रादुर्भावैकसाध्यम्। तदिदं परित्राणं स्पष्टयति—मन्मूर्तिमत्कर्मेति। धर्मशब्देन विवक्षितं धर्मविशेषमाह-मदुपासनरूपस्येति। प्रतियुगमिति। कलिर्वा स्यात् कृतं वा स्यात्। कालप्रकर्षापकर्षचिन्तां विना यदा यदा धर्मग्लानिरधर्मस्य चाभ्युदय-स्तदावतरामीति यावत्॥ ८॥

मे इत्यनेन विवक्षितं हेयप्रत्यनीकत्वं कल्याणगुणयोगं चाह—कर्महेतुकेत्यादिना। पूर्वपूर्वकर्ममूलकः अत एव त्याज्यः त्रिगुणपरिणतिरूपदेहयोगः, तल्लक्षणं यज्जन्म तद्रहितस्येत्यर्थः। अजायमान इति श्रुत्यर्थः स्मारितः। अनेन हेयप्रत्यनीकत्वमुक्तं भवति। समेग्रति। अनवधिकातिशयासंख्येयकल्याणगुणाकरस्येत्यर्थः। सद्रक्षणायेति। स्वेच्छयेति शेषः। प्रकृतिजन्येति। प्रकृतिवशगानामिव न मे चेष्टितं गुणवशगमिति यावत्। एतेन—अवतारचेष्टितस्याबन्धकत्वमुक्तं भवति। न केवलमबन्धकत्वम्, अपि तु श्रोतॄणां बन्धोपमर्दकत्वमपीत्याह—श्रोतृजनमोक्षजनकमेवेति। न केवलं जन्मजरामरणराहि-त्यलक्षणकैवल्यलाभः, ततोऽपि विशिष्टस्य मद्योगस्यापि लाभो भवतीत्याह—मामेतीति॥ ९॥

अवतारयाथात्म्यवेदनफलनिरूपणं पूर्वश्लोके प्रकृतमपि प्रकरणानुगुणमस्यापि तत्परत्वमभिप्रेत्य व्याचष्टे—वीतरागेत्यादिना। बहवो ज्ञानतपसा पूताः शुद्धान्तः-करणाः, अत एव वीतरागभयक्रोधा मन्मया मामुपाश्रिता मद्भावमागता इत्यन्वयः। ज्ञानम् मत्स्वरूपमाहात्म्यज्ञानम्-मम प्रादुर्भूतस्य यत्स्वरूपं तद्याथात्म्यविज्ञानम्-"दिव्यं यो वेत्ती" त्युक्तं प्रादुर्भावयाथात्म्यविज्ञानम्, तेन। तपसा तत्संस्कृतेन धर्माचरणलक्षण-तपसा च। तदेव तप इति परे। केवलेन कृच्छ्रचान्द्रायणादिलक्षणेन तपसा रागादिमूलस्य चित्तमालिन्यस्य न स्यात् प्रक्षयः। ज्ञानयुक्तेन तु तत्प्रक्षयः। विरोधिमालिन्या-पगमात् रागभयक्रोधानां व्यपगमः। अत एव मन्मयाः-मत्प्रचुराः, मयडत्र प्राचुर्ये, प्राचुर्यं च ध्याननैरन्तर्याभिप्रायेण बोध्यम्। मय्येव निलीना इत्येतत्। मामुपाश्रिताः—मामेवोपायमुपेयं चाध्यवस्य मदेकनिष्ठां प्राप्ताः। अथ फलनिर्देशः—मद्भावमागताः—मम यो भावः—स्वभावः, अक्षरत्वम्, अपहतपाप्मत्वादिलक्षणं साधर्म्यम्, तं प्राप्ताः। न तु-स्वरूपैक्यम्। तत्र प्रमाणम्-" तदा विद्वा " निति॥ १०॥

समनन्तरश्लोकमवतारयति-भक्ताभिलषितेति। अभिलषितफलभेदेन स्वोपासन-फलभेदमिति। न्यूनाधिकफलदानं नेश्वरस्य मम वैषम्याधायकम्। अर्थिनामर्थना-तारतम्यमूलकमिति वदतीत्याशयः। " ये यथा " इत्यनेन विवक्षितमुपासनाप्रकारभेदं विशदयति—ज्ञानिन इत्यादिना। वक्ष्यति च—" चतुर्विधा भजन्ते माम् " इति। उपासनाप्रकारभेदमाह-सकामत्वेनेत्यादिना। भजामि—अनुगृह्णामीति। अर्थिनो मत्तो यथाभिलषितं फलं प्राप्नुवन्तु मा हताशा जातु परावर्तेरन्नित्यनुक्षणमनुस्मरामि। सोऽयमनुग्रह एव मया क्रियमाणं तेषां भजनमिति यावत्। मयि—सर्वस्मात् परतरे सर्वेषां नयनगोचरीभूय सन्निहितेऽपि मत्तः संसारसागरसन्तरणमप्रार्थयमानाः पूर्वपूर्ववासनादूषितचेतसो भूत्वा पुत्रपश्वन्नादिक्षुद्रफलमपेक्ष्य मां सेवन्ते, तानहं

टीका-

तावता सन्तुष्टो भूत्वा तन्मनोरथं परिपूरयन्ननुवर्तं जातु मय्येव निष्काममतिं कुर्युरिति । न केवलमेवं फलभेदकामनादूषितचेतसोऽनुगृह्णामि, किन्तु—देवताभेदवासनादूषितचेतसोऽपीत्याह—किं बहुनोक्तेनेत्यादिना । प्रायः सर्वेऽपि मम वर्त्म अनुवर्तन्ते । साक्षान्मां सर्वदेवतात्मकमजानन्तोऽपि ममैव तनुभूतं सूर्येन्द्रादिदेवताविशेषं फलदं जानन्तो देवताराधनलक्षणं मम सन्निहितं मार्गमनुवर्तन्ते । तानप्यहं तथैव भजामि—तेषां तत्तद्देवतास्वास्थ्यं सम्पादयन् अनुसरामि, न विस्मरामि फलदानविषये । नैते विपरीते वर्त्मनि प्रवर्तन्ते । किंतु ममैव वर्त्मनीति प्रीत्या इत्याशयः ।

पुनरिह विवेचयामः—साधुपरित्राणाय समवतीर्णे मयि सर्वेश्वरे केचिदासुरप्रकृतयो विप्रतीपमतयः प्रतिकूलगतयो भूत्वा शलभा इवाग्नावभिनिपतन्तः प्रणश्यन्ति । बहवो यथावन्मां ज्ञात्वा मां समाश्रित्य अवतारयाथात्म्यज्ञानतपसा पूता वीतरागादिदोषा मन्मया भूत्वा मद्भावमाप्नुवन्ति । केचन मां सर्वेश्वरं समवतीर्णं जानन्तोऽपि कामनोपहतचेतसः फलविशेषं कामयमानाः प्रपद्यन्ते, तानहं तथैव फलदानेन भजामि—स्वस्ववासनानुगुणं पुत्रोऽयं सखायं सकलकल्याणगुणपरिपूर्णः प्रियतमोऽयमिति विविधभावेन मां यथा भजन्ते तानहं तेनैव प्रकारेण भजामि । किम्बहुना ? समवतीर्णे मयि कश्चिदेव कंसादिवत् प्रतिकूलगतिरासुरप्रकृतिः । बहवो मम वर्त्मानुवर्तन्ते । न प्रतिकूलमाचरन्ति । किन्तु-सर्वशः सर्वैः समभिलषितैः प्रकारैर्मामनुवर्तन्ते । ये यथा मां प्रपद्यन्ते तांस्तथैव भजाम्यहम् । नाहं कस्यचिदानुकूल्यं प्रातिकूल्यं वा करोमि । किन्तु—कृपया साधुपरित्राणव्याजेनेह प्रकटीभवामि । यद्यप्यहमाश्रयणीयत्वे समः । अथापि मनुष्या निजानिजप्रकृतितारतम्यानुगुणं प्रतिकूलगतयोऽनुकूलगतयो वा भूत्वा फलतारतम्यं प्राप्नुवन्ति ॥ ११ ॥

तदेव दर्शयतीति । मम वर्त्म-विविधाधिकारिपरिपूर्णलोकानुग्रहाय मया प्रवर्तितं विविधविधिगर्भं श्रौतं धर्मपथमनुवर्तन्त इति यदुक्तं तदेव सनिमित्तं दर्शयति। कुतः सर्वे साक्षात्परमात्मानं नोपासते ? श्रौतं धर्मपथमनुवर्तन्ते ? तत्रेदं निमित्तमिति निरूपयतीत्येतत् । सिद्धिं काङ्क्षन्त इति ।

अयम्भावः —जातमात्रस्य देहिनो बुभुक्षा हि महती । बुद्धीन्द्रियमनःप्राणमयो ह्येषः । नैसर्गिकी नामेन्द्रियारामता । पशुभ्यो मानुषेष्वेष विशेषः-हेयोपादेयविवेचनम् । तन्मानुषा दृष्टमात्रं पशुवन्नोपधावेयुर्भोक्तुम् , अर्थानर्थविवेचने प्रवृत्ताः पुनर्भवं चात्मनः शाश्वतो विदन्त इहामुत्र च सुखविशेषं कामयमानाः शास्त्रं समाधिकुर्वन्ति । तच्च विविधविध्यर्थवादसम्पूर्णं विचारयन्तः फलसिद्धिषु प्रकृत्यास्समनुरक्ताः तत्साधनेषु विधिषु प्रवर्तमाना विधिदृष्टेन वर्त्मना कर्मणा देवता यजन्ते । ज्ञानाभ्यासात् कर्मैव देहिनां स्वप्रकृत्यनुगुणम् । तत् युज्यते नाम गुणवशगानां गुणानुगुणं फलाकाङ्क्षणं तत्साधनाचरणं च । सहसा को वा समतिलङ्घ्य कर्म, समतिलङ्घ्य च फलाकाङ्क्षां ज्ञानपथे प्रविशेत् ? । "काङ्क्षन्तः कर्मणां सिद्धिं यजन्त इह देवताः" ।

पुनर्वर्ण्यते— जातमात्रः प्राणी चेष्टते व्याकुलश्च भवत्यशिशिषापिपासाभ्याम् । तिर्यग्योनयस्ताभ्यां व्याकुलाः काङ्क्षन्तोऽन्नपाने व्यापारयन्ति करणान्यात्मीयानि

भाष्यम्-

वीतरागेति। वीतरागभयक्रोधाः—रागो मदन्यत्र प्रीतिः, भयम्—कालभीतिः, क्रोधो मन्युश्च, मज्जन्मकर्मदिव्यत्वज्ञानेन वीताः—विगता रागादयो येभ्यस्ते। अत एव मन्मयाः—अहमेव प्रधानो येषां ते। अत एव मामुपाश्रिताः-मामेव आश्रिताः। ज्ञान-तपसा—ज्ञानम्—मत्स्वरूपमाहात्म्यज्ञानम्, तपश्च—मदुक्तधर्मश्च, तयोर्द्वन्द्वे एकवद्भावः, तेन पूताः—शुद्धाः निरस्तसमस्ताविद्याजनित-दोषगन्धाः सन्तः, बहवो मद्भावमागताः—मम यो भावः-स्वभावः मद्भावः, अक्षरत्वम्, तं प्राप्ताः। तत्र श्रुतिः—"तदा विद्वान् पुण्य-पापे विधूय निरञ्जनः परमं साम्यमुपैति" इति॥ १०॥

भक्ताभिलषितप्राप्यवस्तुभेदेन स्वोपासनफलभेदं वदति—ये यथेति।

ये यथा मां प्रपद्यन्ते तांस्तथैव भजाम्यहम्।
मम वर्त्मानुवर्तन्ते मनुष्याः पार्थ! सर्वशः॥ ११॥

ये—ज्ञानिनो जिज्ञासव आर्ता अर्थार्थिनश्च जनाः, यथा-येन प्रकारेण निष्कामत्वेन सकामत्वेन च, माम्—सर्वकर्मफलप्रापकं सर्वनियन्तारम्, प्रपद्यन्ते—सेवन्ते। तान्—उक्तविधान्, अहम्, तथैव—मदुपासनेप्सितवस्तुप्रदानेनैव, भजामि—अनुगृह्णामि, अनु-ग्रहं करोमि, न वैपरीत्येनेत्यर्थः। किं बहुनोक्तेन? हे पार्थ! सर्वशः—सर्वे मनुष्याः, परमदयालोर्मम वर्त्म—जीवोपरि परमदयया यथा-धिकारं मदुदितं देवतान्तरयजनरूपं वेदमार्गम्, अनुवर्तन्ते—अनु-सरन्ति, तानपि तथैव भजामि-तत्तदपेक्षितफलं ददामीत्यर्थः॥११॥

तदेव दर्शयति—काङ्क्षन्त इति।

काङ्क्षन्तः कर्मणां सिद्धिं यजन्त इह देवताः।
क्षिप्रं हि मानुषे लोके सिद्धिर्भवति कर्मजा॥ १२॥

काङ्क्षन्त इति। कर्मणाम्-वेदोक्तानामिन्द्रादिदेवोपासनक्रि-याणाम्। सिद्धिम्-स्वर्गपुत्रपश्वन्नादिफलम्, काङ्क्षन्तः-काङ्क्षमाणाः सन्तः। इह-मानुषे लोके, देवताः-इन्द्रादिदेवान्, यजन्ते-आराधयन्ति,

શ્લોકાર્થ-

કરેલાં કર્મની ફળસિદ્ધિને ઇચ્છતા થકા આ લોકમાં જે મનુષ્યો દેવતાઓનું યજન-પૂજન કરે છે, તો તેમને આ માનુષ લોકમાં કર્મથી થનારી ફળસિદ્ધિ વહેલી પ્રાપ્ત-થાય છે. ॥ ૧૨ ॥

ભાવાર્થ—

અને સર્વનો નિયન્તા એવો હું તે મને પામે છે-સેવે છે, તે ઉપર કહ્યા એ સર્વને હું તેજ પ્રમાણે--મારી ઉપાસનામાં ઇચ્છિત-ઉપયોગી વસ્તુઓ આપીનેજ, ભજું છું-અનુગ્રહ કરૂં છું. પણ વિપરીત ભાવથી નથી ભજતો.

હે પૃથાપુત્ર અર્જુન ! બહુ કહેવાથી શું ? આ જગત્‌માં સર્વ મનુષ્યો પરમ દયાળુ એવા મારા માર્ગને, એટલે કે-સાંસારિક જીવો ઉપર પરમ દયાથી સઉ સઉના અધિકાર પ્રમાણે મેંજ કહેલા બીજા દેવતાઓના પૂજનરૂપ વેદમાર્ગને અનુસરે છે, તો તેઓને પણ હું તેજ પ્રમાણે ભજું છું. અર્થાત્-તેને તેને અપેક્ષિત ફળ આપુંછું. એમ જાણવુ. ॥ ૧૧ ॥

તે વાતનેજ કહી બતાવે છે—

વેદમાં કહેલી ઇન્દ્રાદિક દેવોની ઉપાસનારૂપ ક્રિયાઓની સિદ્ધિને-સ્વર્ગ, પુત્ર, પશુ અને અન્નાદિકની પ્રાપ્તિરૂપ ફળસિદ્ધિને, ઇચ્છતા થકા આ માનુષ લોકમાં ઇન્દ્રાદિક દેવોને જે આરાધે છે, તેમને આ લોકમાં અને પર લોકમાં પોતે કરેલાં કર્મથી પ્રાકૃત ફળરૂપ સિદ્ધિ તુરતજ મળે છે માટે ઘણું કરીને તે મારૂં સાક્ષાત્ આરાધન-પૂજન નથી કરતા.

અભિપ્રાય એ છે કે-સર્વાન્તર્યામી, સર્વનિયન્તા અને સર્વ કર્મનો ફળપ્રદાતા એવો જે હું તે મારી સર્વ વેદમાં કહેલાં કર્મથી આરાધના સિવાય તેમજ મારી એકાન્તિકી ભકિત સિવાય પણ મનુષ્ય મારા અક્ષર ધામને તેમજ મારા સ્વરૂપના આનન્દને પણ નથીજ પામતો. ॥ ૧૨ ॥

હવે-કર્મની પોતાના આરાધન માટેજ કર્તવ્યતા છે એમ દ્દઢ કરતા થકા કહે છે-

મેં, ગુણ-કર્મના વિભાગથી એટલે કે-માયાના સત્ત્વાદિક ત્રણ ગુણો, તેમજ-શમદમાદિક, શૌર્યધૈર્યાદિક, કૃષિવાણિજ્યાદિક અને પરિચર્યાદિક, જે બ્રહ્મણાદિકનાં ધર્મભૂત નિયત થયેલાં કર્મો, તે એ બન્નેના—ગુણ અને કર્મના વિભાગને અનુસરીને બ્રાહ્મણાદિક ચાર વર્ણના વિભાગની વ્યવસ્થાથી રહેલું આ સઘળું જગત્ સર્જ્યું છે. સર્જ્યું એમ કહેવાથી રક્ષણ સંહાર વિગેરે પણ જાણી લેવું. ગુણકર્મના વિભાગને લીધે ભિન્ન ભિન્ન પ્રકારે સર્જેલા આ વિચિત્ર જગત્‌નો કર્તા હોવા છતાં પણ ક્ષેત્રજ્ઞ-જીવાત્માઓનાં કર્મ પ્રમાણે સારા-નરસા ઉચ્ચ નીચ દેહાદિકનું કર્તાપણું છે, માટે—એ હેતુને લીધેજ વસ્તુતાએ અકર્તા એવોજ મને જાણ ! ।

भाष्यम्-

तेषामिहामुत्र च, कर्मजा-स्वकृतकर्मोत्पन्ना। सिद्धिः—प्राकृतफलम्, क्षिप्रम्-आशु भवति। अतः प्रायो मां न साक्षात् यजन्ते।

सर्वान्तर्यामिणः सर्वनियन्तुः सर्वफलदातुर्मम सर्वैर्वेदोदितैः कर्मभिः समाराधनमृते, एकान्तिकभक्तिं च विना, जनो मदीयाक्षरधाम, मदीयानन्दं च, न प्राप्नोतीति भावः॥ १२॥

अथ कर्मणां स्वाराधनाय कर्तव्यतां द्रढयन्नाह-चातुर्वर्ण्यमिति

चातुर्वर्ण्यं मया सृष्टं गुणकर्मविभागशः।
तस्य कर्तारमपि मां विद्ध्यकर्तारमव्ययम्॥ १३॥

मया, गुणकर्मविभागशः--गुणाः सत्त्वादयः, कर्माणि—शमदमादिशौर्यधैर्यादिकृषिवाणिज्यादिपरिचर्यादीनि ब्राह्मणादीनां धर्मभूतानि च, तेषामुभयेषां विभागेन। चातुर्वर्ण्यम्-चत्वारो वर्णाः चातुर्वर्ण्यम्, "चातुर्वर्ण्यादीनाम्" इत्यनेन स्वार्थे ष्यञ्, "तद्धितार्थे" इति तत्पुरुषः। तत्प्रभृति सर्वं जगत् सृष्टम्, सृष्टिप्रदर्शनेन रक्षणादिग्रहणम्। तस्य—गुणकर्मविभागेन सृष्टस्य विचित्रस्य जगतः। कर्तारमपि क्षेत्रज्ञकर्मानुगुणसमीचीनासमीचीनदेहादिकर्तृत्वेन हेतुना वस्तुतोऽकर्तारमेव मां विद्धि।

कथम्भूतम्? अव्ययम्—सत्त्वादिगुणविभागानुगुणं कर्मविभागमनुसृत्य विचित्रसृष्ट्यादेः कर्तृत्वेन तत्तत्कर्तृत्वाद्यभिमानजनितविकारलेशशून्यतया सर्वथा निर्विकारमविनाशिस्वरूपम्। विद्धि—जानीहीति सम्बन्धः॥ १३॥

तदेव परमेश्वरस्य कर्तृत्वमकर्तृत्वं च सोपपत्तिकं वदति-नेति।

न मां कर्माणि लिम्पन्ति न मे कर्मफले स्पृहा।
इति मां योऽभिजानाति कर्मभिर्न स बध्यते॥ १४॥

कर्माणि-विषमसृष्टिसर्गाद्या मत्क्रियाः, मां न लिम्पन्ति—न बध्नन्ति, मयि कर्तृत्वेन संलग्नानि न भवन्तीत्यर्थः। देवमनुष्यादयः समीचीनासमीचीनभावा न मया कृताः, किन्तु-जीवानां शुभा-

भाष्यम्-

शुभकर्मभेदकृता इति भावः। किञ्च-मे कर्मफले स्पृहा नास्ति। क्षेत्रज्ञानां समीचीनासमीचीनदेहभोगादिविचित्रफलभेदप्राप्तौ क्षेत्रज्ञकर्मणां प्रधानत्वम्, तेषां कर्मफलप्रदानायोत्पत्तिस्थितिप्रलयरूपाणां कर्मणां निःस्पृहे मयि तत्तत्कर्मसापेक्षमेव कर्तृत्वमस्तीति भावः। तथा च सूत्रकारः—"वैषम्यनैर्घृण्ये न, सापेक्षत्वात्. तथा हि दर्शयति" सूत्रस्यास्यायमर्थः-परमेश्वरेण कृतायां सृष्टौ क्षेत्रज्ञानां कमनीयाकमनीयदेहभोगस्थानादिप्रदाने, वैषम्यम्--असमत्वम्, क्षेत्रज्ञदुःखजनकजगत्कृतौ नैर्घृण्यम्-निर्दयत्वं च वैषम्यनैर्घृण्ये, ते द्वे परमेश्वरस्य न स्तः, सापेक्षत्वात्-विषमसृष्टौ क्षेत्रज्ञपुण्यपापानामपेक्षितत्त्वात्। तथा हि दर्शयति-तेन प्रकारेण श्रुतिः श्रावयति-" साधुकारी साधुर्भवति पापकारी पापो भवती " ति।

तथा चोक्तं पराशरेण—

" निमित्तमात्रमेवासौ सृज्यानां सर्गकर्मणि।
प्रधानकारणीभूता यतो वै सृज्यशक्तयः॥
निमित्तमात्रं मुक्त्वैकं नान्यत् किञ्चिदपेक्षते।
नीयते तपतां श्रेष्ठ! स्वशक्त्या वस्तु वस्तुताम् " इति।

अत्र श्रीमद्रामानुजाचार्यकृतः श्लोकार्थः-" सृज्यानां क्षेत्रज्ञानां सृष्टेः निमित्तकारणमात्रमेवायं परमपुरुषः, देवादिविचित्रभावस्य तु प्रधानं कारणं सृज्यभूतक्षेत्रज्ञानां प्राचीनकर्मशक्तय एव। अतो निमित्तमात्रं मुक्त्वा-सृष्टेः कर्तारं परमपुरुषं मुक्त्वा, इदम्-क्षेत्रज्ञवस्तु, देवादिविचित्रभावे नान्यदपेक्षते, स्वगतप्राचीनकर्मशक्त्यैव देवादिवस्तुभावमुपनीयत इत्यर्थः"।

इत्येवमुक्तप्रकारेणोत्पत्त्यादेः कर्तारमप्यकर्तारम्, उत्पत्त्यादिकर्मफलासक्तिवर्जितं च माम्, योऽभिजानाति। सः, कर्मभिः—मत्प्राप्तिविरोधिभिः फलासक्तिकारणैः प्राक्तनशुभाशुभैः, न बध्यते विमुच्यत इत्यर्थः॥ १४॥

एवं ज्ञात्वा कृतं कर्म पूर्वैरपि मुमुक्षुभिः।
कुरु कर्मैव तस्मात्त्वं पूर्वैः पूर्वतरं कृतम्॥१५॥

શ્લોકાર્થ-

ગુણ—કર્મના વિભાગ પ્રમાણે બ્રાહ્મણાદિક ચારેય વર્ણો મેં રચ્યા છે. માટે તેનો કર્તા પણ મને જાણ ! અને કર્તા છતાં અકર્તા અવિકારી પણ મનેજ જાણ ! ॥ ૧૩ ॥

કેમ કે—મને કર્મો લેપ-આવરણ કરી શકતાં નથી, તેમ મને કર્મના ફળમાં સ્પૃહા પણ નથી. વળી-આમ મને જે જાણે છે તે પણ કર્મથી બન્ધાતો નથી. ॥૧૪॥

ભાવાર્થ-

તમને કેવા જાણવા ? એના ઉત્તરમાં કહે છે-સત્ત્વાદિક ગુણવિભાગને અનુસારે પ્રવર્તતા કર્મવિભાગને અનુસરીને દેવ-મનુષ્યાદિક વિચિત્ર સૃષ્ટિ આદિકનું કર્તાપણું હોવાથી તેના તેના કર્તૃત્વાદિકના અભિમાનથી થતા વિકારોનો લેશ પણ નહિ હોવાથી સર્વથા નિર્વિકાર અને અવિનાશિસ્વરૂપ એવો મને જાણ ! એમ પૂર્વાપર વાક્યનો સમ્બન્ધ જાણવો. ॥ ૧૩ ॥

તેજ--પરમેશ્વરનું સૃષ્ટિકાર્યમાં કર્તૃત્વ અને અકર્તૃત્વ યુક્તિવાદપૂર્વક કહી બતાવે છે_

વિષમ સૃષ્ટિ રચવા વિગેરે મારી ક્રિયાઓ, મને લેપ-બન્ધન કરી શકતી નથી. અર્થાત્—મારે વિષે કર્તાપણાના અભિમાનરૂપે સંલગ્ન થતીજ નથી.

અભિપ્રાય એ છે કે-દેવમનુષ્યાદિક સારા-નરસા ઉચ્ચ--નીચ ભાવ મેં નથી કરેલા, પણ એ તો જીવાત્માઓનાં શુભ--અશુભ કર્મના ભેદથીજ કરેલા છે.

વળી—મારે કર્મના ફળમાં સ્પૃહા પણ નથી, એટલે કે-ક્ષેત્રજ્ઞ-જીવાત્માઓને સારા-નરસા દેહ અને ભોગાદિક વિચિત્ર જુદાં જુદાં ફળ પ્રાપ્ત થવામાં ક્ષેત્રજ્ઞ-જીવાત્માઓનાં કર્મનુંજ પ્રધાનપણું છે. માટે તે જીવાત્માઓને તેમનાં તેમનાં કર્મનાં ફળ પમાડવાને માટે જગત્‌ની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયરૂપ કર્મનું સર્વથા નિઃસ્પૃહ એવા મારે વિષે કર્તાપણું તો તેનાં તેનાં કર્મની અપેક્ષાએજ છે. એ અભિપ્રાય છે.

સૂત્રકાર બાદરાયણ મુનિ પણ તે પ્રમાણેજ કહે છે-“ પરમેશ્વરને વિષમતા તેમજ નિર્દયતા પણ નથી, કેમકે--કર્મની અપેક્ષાએ છે માટે. તેજ પ્રમાણે શ્રુતિ કહી બતાવે છે. ” આ સૂત્રનો અર્થ આ છે-પરમેશ્વરે કરેલી સૃષ્ટિમાં ક્ષેત્રજ્ઞ-જીવાત્માઓને સારા-નરસા દેહ અને ભોગ તેમજ ભોગનાં સ્થાન વિગેરે આપવામાં વૈષમ્ય--અસમાનતા, તથા ક્ષેત્રજ્ઞ—જીવાત્માઓને દુઃખ ઉત્પન્ન કરનારો આ અસાર સંસાર રચવામાં નિર્દયતા, એ બન્ને એ પરમેશ્વરને નથી, શાથી ? તો કે-એવી વિષમ સૃષ્ટિ સર્જવામાં ક્ષેત્રજ્ઞ-જીવત્માઓનાં પુણ્ય-પાપરૂપ કર્મનું અપેક્ષિતપણું હોવાથી. શ્રુતિ પણ તેજ પ્રકારે એ વાત કહી સંભળાવે છે—“ સારૂં કામ કરનારો સારો-સુખી થાય છે. અને પાપ—કર્મ કરનારો પાપી—દુઃખી થાય છે. ” પરાશરમુનિએ પણ એમજ કહ્યું છે-“તપસ્વીઓમાં શ્રેષ્ઠ એવા હે મુનિરાજ ! આ પરમાત્મા સૃજ્ય—જીવાત્માઓને સર્જવામાં નિમિત્તમાત્રજ છે. કારણ કે-તેમાં પ્રધાન કારણીભૂત તો સૃજ્ય જીવાત્માઓની

શ્લોકાર્થ--

પૂર્વે થયેલા મુમુક્ષુઓએ પણ એમ જાણી-સમઝીને કર્મ કરેલાં છે, માટે તું પણ પૂર્વ કાળના પુરૂષોએ પરા-પૂર્વથી કરેલાં કર્મજ કર્યા કર ! ॥ ૧૫ ॥

કર્મ શું ? અને અકર્મ શું ? એ બાબતમાં મોટા મોટા કવિ-જ્ઞાનીઓ પણ મોહ પામી જાય છે. તો તે કર્મ હુ તને કહી સમઝાવીશ, કે—જે જાણ્યા--સમઝયા પછી કર્મના અશુભ બન્ધનથી તું મુકાઈ જઇશ. ॥ ૧૬ ॥

ભાવાર્થ--

કર્મશક્તિઓજ છે. માટે એક નિમિત્તમાત્ર કારણભાવને મુકીને બીજા કોઇની અપેક્ષા રહેતીજ નથી. કેમ કે-જીવાત્મા વસ્તુને પોતાની કર્મરૂપ શકિતઓજ દેવ-મનુષ્યાદિક ભાવરૂપ વસ્તુતાને પમાડે છે. ”

ભગવાન શ્રીરામાનુજાચાર્ય આ શ્લોકનો અર્થ આ પ્રમાણે કરે છે-“ સૃજ્ય ક્ષેત્રજ્ઞ-જીવાત્માઓની સૃષ્ટિમાં નિમિત્ત કારણમાત્રજ આ પરમ પુરૂષ પરમાત્મા છે. અને દેવાદિક વિચિત્ર ભાવનું પ્રધાન કારણ તો સૃજ્યભૂત ક્ષેત્રજ્ઞ—જીવાત્માઓની અનાદિ સંચિત પ્રાચીન કર્મશકિતઓજ છે. માટે નિમિત્તમાત્ર કારણભાવને મુકીને, એટલે કે-સૃષ્ટિના નિમિત્તમાત્ર કર્તા પરમ પુરૂષ પરમાત્માને મુકીને આ ક્ષેત્રજ્ઞ—વસ્તુ દેવાદિક વિચિત્રભાવ પામવામાં બીજા કોઇની અપેક્ષા રાખતું નથી, પણ પોતામાં રહેલી પ્રાચીન કર્મરૂપ શકિતઓને લીધેજ દેવાદિક વસ્તુભાવને પામે છે. એ અર્થ જાણવો. ”

આ કહ્યું એ પ્રકારે સૃષ્ટિ આદિકનો કર્તા હોવા છતાં પણ અકર્તા અને જગત્‌ની ઉત્પત્તિ આદિક કર્મના ફળમાં આસકિતએ રહિત એવો મને જે પુરૂષ જાણે છે, તો તે પુરૂષ પણ મારી પ્રાપ્તિમાં વિરોધી અને ફળાસકિતમાં કારણભૂત એવાં પ્રાચીન શુભ-અશુભ કર્મથી નથી બંધાતો અર્થાત્—મુકાઇ જાય છે. ॥ ૧૪ ॥

આ પ્રમાણે કર્મલેપથી રહિત સર્વથા નિર્દોષ મારૂં સ્વરૂપ જાણીને નાશ પામી ગયાં છે પાપ જેમનાં એવા પૂર્વે થયેલા વિવસ્વત્ અને શ્રાદ્ધદેવાદિક અનેક મુમુક્ષુઓએ કર્મ કરેલાંજ છે. માટે તું પણ આવું મારૂં સ્વરૂપ જાણી-સમઝીને પૂર્વે થયેલા મુમુક્ષુઓએ કરેલું અને પૂર્વના ઘણા કાળથી ચાલતું આવેલું અને પૂર્વ કાળમાં પણ મેંજ કહેલું એવું કર્મ કર ! અર્થાત્-કર્મના ફળમાં આસકિતએ રહિત અને મારી ભકિતએ સહિત એવો કર્મયોગજ કર ! ॥ ૧૫ ॥

હવે—કહેલા કર્મનું-કર્મયોગનું સ્વરૂપ સમઝાવતાં કહે છે-

કર્મ-મુમુક્ષુજનોએ કરવા યોગ્ય કર્મ શું છે ? અને અકર્મ—જ્ઞાન એ શું છે ? ફળાસકિતએ રહિત અને પરમેશ્વરની ઉપાસનાએ સહિત એવું શાસ્ત્રીય કર્મજ અહીંઆં કર્મ-શબ્દથી જાણવું. અને કર્મનું આચરણ કરનારા જીવાત્માનું યથાર્થ જ્ઞાન, તથા તે કર્મથી ઉપાસના કરવા યોગ્ય પરમાત્મસ્વરૂપનું યથાર્થ જ્ઞાન અહીંઆં અકર્મ--શબ્દથી

टीका–

यथायथम्। ततश्चार्थमनर्थं वा प्राप्नुवन्ति। इह–मानुषे लोके तु, मनुष्या हि विशिष्टा बुद्धिमनोभ्याम्, कर्मसु यदा प्रवर्तन्ते तदा विचार्य प्रवर्तन्ते। न पशुवत् पतन्ति। सिद्धिं काङ्क्षन्ति—सिद्धिः-अनिष्टानागमेष्टागमलक्षणा, तत्र चेहैव परतश्चानिष्टान्निवृत्तिं इष्टलाभं च कर्मभिः काङ्क्षन्तः, तथाविधं कर्म शास्त्रतो देवतायजनलक्षणं विज्ञाय यजन्ते देवताः। नैसर्गिकोऽयं क्रमो गुणमये प्रवाहे प्रवहताम्। मानुषे लोके ज्ञानात् कर्मणो जायमाना सिद्धिर्हि क्षिप्रं भवति। कर्म हि सुकरं मानुषे लोके। अत इति। सिद्धिलोभादित्यर्थः। साक्षादिति। यद्यपि मम तनुभूतान् यजन्ते, न मां साक्षादिति भावः॥ १२॥

अथेति। प्रासङ्गिकमवतारनिरूपणं परिसमाप्य प्रकृतं कर्मयोगं निरूपयन् कर्मणां स्वाराधनाय कर्तव्यतां द्रढयन्नाहेति यावत्। "काङ्क्षन्तः कर्मणां सिद्धि" मित्यव्यवहितश्लोकत एव प्रकृतस्य कर्मयोगस्य निरूपणं समुपक्रान्तम्। प्रासङ्गिकं तु "ये यथा मा"मित्यस्मिन्नेव श्लोके परिसमाप्तमिति परे आचार्या व्याचक्षते।

कर्मणां स्वाराधनाय कर्तव्यतां द्रढयन्निति। चातुर्वर्ण्यसृष्टिनिरूपणमुखेन द्रढयन्। अज्ञाः कर्मणां सिद्धिं काङ्क्षन्तो यजन्ते देवताः, न तथा कर्म कर्तव्यं ज्ञानिभिः, किन्तु— यत्प्रशासनलक्षणं कर्म, तं तेन कर्मणा समर्चयन्तो न लिप्यन्ते। तदेवं ज्ञात्वा कर्म कर्तव्यमिति विशेषनिरूपणमुखेन कर्तव्यतां द्रढयतीति भावः। गुणाः सत्त्वादय इति।

अयम्भावः–एतद्गुणकस्येदं कर्म एतद्गुणकस्येदं कर्मेति नियतगुणकर्मविभागं चातुर्वर्ण्यं सर्गादौ मयैव सृष्टम्। देवमनुष्यपशुपक्ष्यादिकं निम्नोन्नतमिदं सृजता मया सर्वेश्वरेण मानुषेषु नैसर्गिकगुणवैचित्र्यमूलकवर्णभेदाः (ब्राह्मणादिवर्णभेदाः) सृष्टाः, तत्तन्नैसर्गिकगुणानुगाश्च कर्मभेदा विहिताः। वक्ष्यति च–" ब्राह्मणक्षत्रियविशां शूद्राणां च परन्तप!। कर्माणि प्रविभक्तानि स्वभावप्रभवैर्गुणैः "। शमोदमस्तपः, शौर्यं तेजो धृतिः, कृषिगोरक्ष्यवाणिज्यं, परिचर्यात्मकम्" इति। स्वभावप्रभवैरित्यनेन देशकालानुकूल्यप्रातिकूल्याद्युपाधिभेदमूलकगुणोन्मेषभेदः समयभेदेन भिद्यमानो न वर्णभेदनिमित्तम्, किन्तु—नैसर्गिकं गुणवैचित्र्यम्, इति गम्यते। कर्मविशेषाधिकारिविशेषणभूतं ब्राह्मण्यादिकं पशुपक्ष्यादाविव नावयवसंस्थानविशेषलक्षणः स्थूलः कोऽपि जातिविशेषः। किन्तु-नैसर्गिकं किमपि सत्त्वादिगुणवैचित्र्यमुद्रिक्तसत्त्वादिरूपमाजन्मतोऽनुवृत्तं सुसूक्ष्मम्। तन्नास्थाने सङ्केतमात्रेण कर्मभेदो मयायं विहितः, यत्त्वं दृश्यमानमानुषसामान्यं ब्राह्मणादविलक्षणं स्थूलं संस्थानैकरूप्यमालक्ष्य ब्राह्मणधर्मेऽप्यधिकारमात्मनो मन्यसे। तदिदं वैचित्र्यं जन्मतोऽनुवृत्तं न कोऽप्यतिवर्तेत। "न तदस्ति पृथिव्यां वा दिवि देवेषु वा पुनः। सत्त्वं प्रकृतिजैर्मुक्तं यदेभिः स्यात्त्रिभिर्गुणैः"। गुणत्रयवैचित्र्यं च सर्गनियतम्। अन्यथा गुणसाम्ये प्रतिसर्ग एव स्यात्। तदिदं गुणवैचित्र्यं स्थूलशरीरे लिङ्गशरीरेऽप्यनुवर्तते। लिङ्गशरीरतो ब्राह्मण्यादिभेदः स्थूलशरीरतो ब्राह्मण्यादिभेदश्च गुणवैचित्र्यनियतः सर्गेऽस्मिन्नियतो नाम। तत्र लिङ्गशरीरतो यद्वर्णो यः, तस्य स्थूलशरीरे तद्वर्णानुरूपो वर्णविभेद एव। जनिरपि प्रायो नियता पूर्वकर्मपरिपाकात्। श्रूयते च छान्दोग्ये–"ब्राह्मणयोनिं वा चण्डालयोनिं वा" इति।

टीका-

क्वचित् व्यभिचारश्च मृगयोन्यादाविव प्रारब्धबलपरिपाकनियतः। सामान्यतो नियतां व्यवस्थां न बाधितुं प्रभवति क्वाचित्कं वैषम्यम्। अत एवोपनयतां गुरूणां वर्णभेदाभ्यूहनं पितृभ्यां कुलविशेषानुगत्या श्रूयते। क्वचिदपरिज्ञाते वृत्ततस्तदभ्यूहनम्। स्मर्तारश्च संस्कारं विदधतः शारीरं वर्णभेदं समाश्रयन्ते। आभ्यन्तरवर्णभेदं वृत्तैकगम्यं बाल्ये समवगत्य कथं संस्काराधानं घटेत। संस्कारश्च गुणाधानम्। यश्चाभ्यन्तरेण लिङ्गशरीरेण विप्रः कोऽपि जातिस्मरस्तत्तुल्यो वा प्रारब्धपरिपाकान्नीचयोनौ समुद्भूतः, तस्य संस्कारवैकल्येन न हानिः। तद्युक्तं स्मृतॄणां स्मरणमपि। स्थूलशरीरतोऽवरवर्णानामपि प्रकृत्या आभ्यन्तरलिङ्गशरीरत उत्तमवर्णानां पूज्यभावमगवमयन्तो महर्षयो व्यासादयः स्मरन्ति—

तदेवं नैसर्गिकगुणवैचित्र्यानुगुणं प्राप्ते कर्मणि तत्कालोपनतस्नेहकारुण्यातिरेकसमुद्भूतेन शोकवेगेन प्रद्विष्यन् पतेदेव सपदि स्वधर्मात्। प्राप्तं प्रकृतिनियतं कर्मेदमिति समाचरन् न लिप्यते कर्मभिः। फलकामनयैवोपलेपः। तदेवं मया सृष्टं वर्णभेदं तन्नियतकर्मभेदं च विचार्य कर्म कुरु।

तस्य गुणकर्मविभागेनेत्यादि । अयम्भावः— सृज्यप्रतिनियतगुणवैचित्र्यमूलकवर्णभेदस्वभावमिव स्रष्टुर्ममापि स्वभावं विचिन्तय। यद्यपि-कमपि ब्राह्मणयोनौ कमपि क्षत्रयोनौ कमपि वैश्ययोनौ कमपि शूद्रयोनौ कमपि तिर्यग्योनौ सृजतो मम न कोऽपि सर्गकर्मणोपलेपः, यदहं तत्तत्कर्मपरिपाकानुगुणं सृजामि, तत् कर्ताप्यकर्तैव। इदमेव विशदयति-" न मां कर्माणि लिम्पन्ति न मे कर्मफले स्पृहा " इति। तत् ईदृशस्वभावं मां ज्ञात्वा मदीयं सर्गक्रममप्यनुचिन्त्य मदाज्ञानुवर्तनपरः कर्म केवलं कर्तव्यमिति कर्म कुरु इति ॥ १३ ॥

तदेवेति। अव्यवहितश्लोकोक्तमेवेत्यर्थः। सोपपत्तिकमिति। कर्तृत्वाकर्तृत्वयोरविरोधेनैकत्र समावेशे अनुपपत्तिशङ्कानिवारणपूर्वकमित्यर्थः। संलग्नानि न भवन्तीति। बन्धकानि न भवन्तीति यावत्। देवमनुष्यादय इति। ब्राह्मणक्षत्रियादिवर्णभेदस्याप्युपलक्षकमेतत्। समीचीनासमीचीनेति। उत्तमाधमभेदेन विभिन्ना इत्यर्थः। प्रधानत्वमिति। मुख्यकारणत्वमित्यर्थः। मुख्यहेतुत्वं क्षेत्रज्ञकर्मणामुपपादयति—तेषां कर्मफलप्रदानायेत्यादिना। तत्तत्कर्मसापेक्षमेवेति।

अयम्भावः—सृज्यानां स्रष्टा यद्यप्यहम्, सृष्टिवैषम्ये तु नाहं कर्ता, न ह्यहं देवादिवैषम्यं क्षेत्रज्ञानां सम्पादयामि, तेषां कर्मभिरेव तद्वैषम्यं समुद्भवति। तद्वैषम्यं क्षेत्रज्ञानां कर्माधीनम्। सर्गोऽपि पलये प्रकृतौ प्रलीनानां मूर्छितानामिव सतां क्षेत्रज्ञानां कारुणिकेन मया भोगायैव क्रियते। यः फलं कामयते स तत्साधनं कर्म चिकीर्षति, अथ करोति. अथ फलं भुङ्क्ते। अकामोऽहं अनहङ्कृतेन भावेन केवलं प्रसन्नः फलं वितरत् सर्गादि कर्म परार्थं कुर्वन्नप्यकर्तैवास्मीति।

विषममिदं जगत्सृजतोऽपि वैषम्यनैर्घृण्ये न स्त इत्यत्र प्रमाणयति—तथाहेति। श्रुतिं स्मृतिं च तत्र प्रमाणं समुदाहरति-तेन प्रकारेणेत्यादिना। इतीत्यस्य पर्याय एवमिति।

भाष्यम्-

एवमिति। एवं निर्लेपं मत्स्वरूपं ज्ञात्वा, नष्टाघैः पूर्वैरपि विवस्वच्छ्राद्धदेवादिभिरपि मुमुक्षुभिः कर्म कृतम्। तस्मात्त्वमपि एवं मत्स्वरूपं ज्ञात्वा पूर्वैः कृतं पूर्वतरं प्राचीनं पूर्वस्मिन् काले मयैवोक्तं कर्म कुरु! फलासक्तिरहितं मद्भक्तिसहितं च कर्मयोगमेव कुरु॥ १५॥

उक्तस्य कर्मणः स्वरूपं प्रबोधयन् वदति-किं कर्मेति।

किं कर्म? किमकर्मेति कवयोऽप्यत्र मोहिताः।
तत्ते कर्म प्रवक्ष्यामि यज्ज्ञात्वा मोक्ष्यसेऽशुभात्॥ १६॥

कर्म—मुमुक्षुभिः कर्तव्यं कर्म किम्? अकर्म-ज्ञानं च किम्? फलासक्तिरहितं परमेश्वरोपासनसहितं च शास्त्रीयं कर्म कर्मशब्देनेह बोध्यम्। कर्मानुष्ठातुरात्मनः, कर्मणोपास्यपरमात्मनश्च यथार्थज्ञानमकर्मशब्देन कथ्यते। अत्र—कर्माकर्मणोर्विषये, कवयोऽपि-विवेकिनोऽपि, मोहिताः—तत्त्वतो न विदन्ति। तत्—ज्ञानमिश्रं कर्म, ते तुभ्यम्, प्रवक्ष्यामि। यत् ज्ञात्वा। अशुभात्-बन्धनहेतुभूतादज्ञानात्, मोक्ष्यसे.॥ १६॥

कर्मतदन्तर्गतज्ञानयोर्दुर्बोधतां दर्शयति—कर्मण इति।

कर्मणो ह्यपि बोद्धव्यं बोद्धव्यं च विकर्मणः।
अकर्मणश्च बोद्धव्यं गहना कर्मणो गतिः॥ १७॥

कर्मणः—मोक्षसाधनभूतायां कर्मणः कर्तव्यतायां बोद्धव्यम्—ज्ञातव्यमस्ति। विकर्मणः-नानाविधवेदोक्तकर्मणामनेकफलतया, तत्साधनभूतवस्तुसम्पादनरूपतया च, विविधत्वं प्राप्तं कर्म विकर्मशब्देनोच्यते, तस्य विकर्मणश्च नानाविधाकारे बोद्धव्यमस्ति। अकर्मणश्च-आत्मपरमात्मज्ञानस्य स्वरूपे बोद्धव्यमस्ति। एवं कर्मणस्त्रिविधस्य गतिर्गहना, तत्त्वं दुर्ज्ञेयमित्यर्थः।

अनेकविधवेदोदितनित्यनैमित्तिकादौ, तत्साधनभूतद्रव्यसम्पादनादौ च कर्मणि, नानाविधफलविशेषकृतविविधत्वं त्यक्त्वा मोक्षप्रदभगवत्प्रसन्नतारूपैकफलत्वेन सर्वकर्मणां कर्तव्यतानुसन्धानं

શ્લોકાર્થ-

કર્મની બાબતમાં પણ જાણવા જેવું છે. અને વિકર્મની એટલે વેદોક્ત વિવિધ કર્મની બાબતમાં પણ જાણવા જેવું છે. તેમજ અકર્મની બાબતમાં પણ જાણવા જેવું છે. કેમ કે—કર્મની બાબત અતિ ગહન—વિચિત્ર ઘુંચવણોથી ભરેલી છે. ॥ ૧૭ ॥

ભાવાર્થ-

કહેવામાં આવ્યું છે. આ કર્મ-અકર્મનું સ્વરૂપ સમઝવામાં મોટા મોટા કવિઓ-વિવેકી એવા જ્ઞાનીજનો પણ મોહ પામી ગયેલા છે, અર્થાત્-ખરી રીતે નથી જાણી શકતા. તે-જ્ઞાનમિશ્ર કર્મ હું તને કહીશ-કહુંછું. કે-જેને જાણવા—સમઝવાથી તું અશુભ—બન્ધનમાં હેતુભૂત અજ્ઞાન થકી મુકાઇ જઇશ. ॥ ૧૬ ॥

હવે-કર્મ અને તે કર્મમાં અન્તર્ગત રહેલું જ્ઞાન, એ બન્નેની દુર્બોધતા કહી બતાવે છે—

મોક્ષના સાધનભૂત એવી કર્મની કર્તવ્યતામાં જાણવા યોગ્ય ઘણું છે. તેમજ-નાના પ્રકારનાં વેદોકત કર્મની અનેક ફળરૂપતા હોવાથી, તથા તેનાં સાધનભૂત વસ્તુઓ સમ્પાદન કરવાના પ્રકારપણે કરીને, વિવિધતાને પામેલું કર્મ તે વિકર્મ—શબ્દથી કહેવાય છે. તો તેવા વિકર્મના નાના પ્રકારના અધિકાર-વિષયમાં પણ જાણવાનું ઘણું છે. તેમજ-અકર્મના-આત્મા પરમાત્માના જ્ઞાનના સ્વરૂપસંબન્ધમાં પણ ઘણું જાણવા યોગ્ય તત્ત્વ સમાયેલું છે. આમ આ રીતે ત્રણેય પ્રકારના કર્મની ગતિ-સ્વરૂપ અતિ ગહન છે, એટલે કે-કર્મનું તત્ત્વ અતિ દુર્જ્ઞેય છે. એ અભિપ્રાય છે.

અનેક પ્રકારનાં વેદોકત નિત્ય-નૈમિત્તિકાદિક કર્મમાં પણ, નાના પ્રકારના અવાન્તર ફળના ભેદથી કરેલું વિવિધપણું ત્યાગ કરી દઇને મોક્ષ આપનારી ભગવત્પ્રસન્નતારૂપ એકજ ફળના અનુસન્ધાને કરીને સર્વ કર્મની કર્તવ્યતાનું અનુસન્ધાન જે રાખવું તેજ વિકર્મમાં ખાસ જાણવા-સમઝવાનું છે. એમ-"મુમુક્ષુઓએ કરવા યોગ્ય આ કર્મયોગમાં નિશ્ચયાત્મક એકજ બુદ્ધિ રાખવાની છે." એ શ્લોકમાં કહ્યું છે. ॥ ૧૭ ॥

હવે—કર્મ-અકર્મમાં જાણવા યોગ્ય રહસ્ય કહી બતાવે છે—

કર્મમાં-ભગવાનની પ્રસન્નતા એજ એક ફળની ઇચ્છાથી કરવામાં આવતા કર્મયોગમાં, અકર્મ-આત્માવલોકનમાં સાધનભૂત એવું જ્ઞાન રહેલું છે, એમ જે પુરૂષ જુએ છે. તથા અકર્મમાં-જ્ઞાનમાં કર્મ રહેલું જુએ છે. એટલે કે—આત્મસાક્ષાત્કાર કરવામાં સાધનરૂપ એવા જ્ઞાનયોગમાં જે પુરૂષ કર્મ-કર્તવ્યરૂપે, અર્થાત્-વર્ણાશ્રમના ધર્મરૂપે પ્રાપ્ત અને દેહયાત્રાનિમિત્તે પ્રાપ્ત થતું જુએ છે.

અભિપ્રાય એ છે કે-આત્માવલોકન થવાથી પરિપકવ થયેલા જ્ઞાનયોગમાં પણ ભક્તિના વિલાસરૂપ શ્રવણ-કીર્તનાદિક નવધા ભકિતરૂપ કર્મ કરવા યોગ્ય છેજ, એમ

भाष्यम्-

यत् तत् विकर्मणि बोद्धव्यमस्तीति "व्यवसायात्मिका बुद्धिरेकेह" इत्यत्रोक्तम् ॥ १७ ॥

कर्माकर्मणोर्बोद्धव्यं निगदति—कर्मणीति ।

कर्मण्यकर्म यः पश्येदकर्मणि च कर्म यः ।
स बुद्धिमान् मनुष्येषु स युक्तः कृत्स्नकर्मकृत् ॥ १८ ॥

कर्मणि—भगवत्प्रसन्नतारूपैकफलेच्छया क्रियमाणे कर्मयोगे। अकर्म-आत्मावलोकनसाधनभूतं ज्ञानं स्थितं यः पश्येत्। तथा—अकर्मणि—ज्ञाने, कर्म स्थितं पश्येत् । आत्मावलोकनसाधनरूपे ज्ञानयोगे यः कर्म कर्तव्यम्-वर्णाश्रमप्राप्तं देहयात्राप्राप्तं च पश्येत्-आत्मावलोकनतः पक्वज्ञानयोगेऽपि भक्तिवितातिरूपश्रवणकीर्तनादिरूपं कर्मास्तीति यः पश्येदित्यर्थः। मनुष्येषु सः बुद्धिमान्—समग्रश्रुतिस्मृतिसिद्धान्तवित् । सः युक्तः—ज्ञाननिष्ठः। स एव कृत्स्नकर्मकृत्- समग्रसत्कर्मकृद्भवति ॥ १८ ॥

कर्मयोगे ज्ञानांशस्य गुणं वदति—यस्येति ।

यस्य सर्वे समारम्भाः कामसङ्कल्पवर्जिताः ।
ज्ञानाग्निदग्धकर्माणं तमाहुः पण्डितं बुधाः ॥ १९ ॥

यस्य—कर्मयोगिनः, सर्वे समारम्भाः—सम्यगारभ्यन्त इति समारम्भाः—सत्कर्माणि । कामसङ्कल्पवर्जिताः-कामः-फलासक्तिः, सङ्कल्पः-देहेन सह सत्त्वादिगुणैश्च सह क्षेत्रज्ञस्यैकीभावेन ग्रहणं च, ताभ्यां कामसङ्कल्पाभ्यां वर्जिताः, प्रकृतिविलक्षणक्षेत्रज्ञस्वरूपानुसन्धानेन कामसङ्कल्परहिता इत्यर्थः। अत एव ज्ञानाग्निदग्धकर्माणम्—आत्मयाथात्म्यज्ञानरूपेणाग्निना दग्धकर्माणम्। तमेतं कर्मकर्तव्यताकुशलं कर्मयोगिनम्, बुधाः, पण्डितम्—बुद्धिमन्तमाहुः ॥१९॥

एतदेव प्रपञ्चयति—त्यक्त्वेति ।

त्यक्त्वा कर्मफलासङ्गं नित्यतृप्तो निराश्रयः ।
कर्मण्यभिप्रवृत्तोऽपि नैव किञ्चित्करोति सः ॥ २० ॥

શ્લોકાર્થ-

કર્મની બાબતમાં પણ જાણવા જેવું છે. અને વિકર્મની એટલે વેદોક્ત વિવિધ કર્મની બાબતમાં પણ જાણવા જેવું છે. તેમજ અકર્મની બાબતમાં પણ જાણવા જેવું છે. કેમ કે—કર્મની બાબત અતિ ગહન—વિચિત્ર ઘુંચવણોથી ભરેલી છે. ॥ ૧૭ ॥

ભાવાર્થ-

કહેવામાં આવ્યું છે. આ કર્મ-અકર્મનું સ્વરૂપ સમઝવામાં મોટા મોટા કવિઓ-વિવેકી એવા જ્ઞાનીજનો પણ મોહ પામી ગયેલા છે, અર્થાત્-ખરી રીતે નથી જાણી શકતા. તે-જ્ઞાનમિશ્ર કર્મ હું તને કહીશ-કહું છું. કે-જેને જાણવા—સમઝવાથી તું અશુભ—બન્ધનમાં હેતુભૂત અજ્ઞાન થકી મુકાઇ જઇશ. ॥ ૧૬ ॥

હવે-કર્મ અને તે કર્મમાં અન્તર્ગત રહેલું જ્ઞાન, એ બન્નેની દુર્બોધતા કહી બતાવે છે—

योगिनां ध्यानप्रकारमाहेति। कर्मयोगस्य फलं हि ज्ञानयोगः, प्रक्रान्तः कर्मयोग एव फलेनोपसंह्रियते। तदिह ध्यानप्रकारनिरूपणं सुसङ्गतं नाम। स्पृश्यन्ते इन्द्रियैरिति स्पर्शाः—विषयाः, तान् शब्दादीन्। ननु—ते वहिरेव सन्ति, किं तेषां वहिष्करणम्? तत्राह–समग्रं वाह्यकरणोद्यमामिति। समाहृत्य—उपसंहृत्य, तेभ्य इन्द्रियाणि प्रतिनिवर्त्यैति यावत्। नासिकाप्रान्त एव कृत्वेति। सर्वथा निमीलने निद्रा प्रसजेत्, सर्वथोन्मीलने वाह्यविषयसंश्लेषः प्रसजेदिति भ्रुवोरन्तरे इत्युक्तमिति भावः।

अनेन साधनेनेति। प्राणापानयोः समानगतिकत्वापादनेन, बाह्यानां बहिष्करणेन च। उपलक्षकमेतत्प्रत्याहारान्तानां योगसाधनानाम्। मुमुक्षोर्मोक्षेच्छा आमुक्त्यनुवर्तत एवेति आत्मव्यतिरिक्तविषयकेच्छापरतया व्याचष्टे–आत्मेति। मुनिः-मननशीलः,आत्मस्वरूपध्याननिष्ठः। मुक्त एवेति। निष्पन्नसाधनतया फलस्यावश्यम्भावित्वात्, बन्धमूलकर्मप्रक्षयात् इति यावत् "तस्य तावदेव चिरं यावन्न विमोक्ष्ये" शरीरपातमात्रं हि विलम्बः ॥२७-२८॥

परमेश्वरोपासनेनैवेति। भक्तियोगेनैवेत्यर्थः। यज्ञानां तपसां चेति। इन्द्रादिदेवप्रीणनबुद्ध्या क्रियमाणानामपि वस्तुतो भोक्तारम्। इन्द्रादयो हि परमात्मनस्तनुमात्रम्, तनावर्प्यमाणमर्हणं तनुमानेव हि स्वीकरोति। विषयानुभवसुखादभ्यधिकम्—हैरण्यगर्भावधिसुखेभ्योऽत्यन्तमधिकं कैवल्यसुखम्। ततोऽप्यधिकमक्षरब्रह्मानुभवसुखम्, ततोऽप्यधिकमानन्दमयपरमात्मप्राप्तिसुखं च, भक्तियोगेनैव लभत इति भावः

अथाध्यायस्याशयं संगृह्य निरूपयति–अनादीति। कर्मयोगः, ज्ञानयोगश्च स्वं स्वं फलं परमेश्वरे विरचितया भक्त्यैवावहति। प्राप्ततत्तत्फलानामपि भक्तियोगेनैव ततोऽभ्यधिकभगवदानन्दानुभवलाभ इति भावः ॥

टीका-

अपरे चैवं व्याचक्षते—योऽयं कर्मयोगो यश्च ज्ञानयोगः, तावुभावपि नाशान्तस्य घटेताम्। अशान्तो विषयकामनासमाकृष्टः कर्मयोगे ज्ञानयोगे च न भवत्यधिकारी, यद्यपि विषयदोषानुचिन्तनेन भवेत्तयोराधिकारः, अथापि वासना, तदनुसारिणी बुद्धिश्चैनं ततः प्रच्यावयेदेवाधिकारात्। तत् परमेश्वरप्रसादं विना न तदुपशमः। तत्र उच्यते-"मां ज्ञात्वा शान्तिमृच्छती"ति ॥ २९ ॥

इति श्रीमद्भगवद्गीताभाष्यटीकायां पञ्चमोऽध्यायः ॥ ५ ॥

षष्ठोऽध्यायः—

पूर्वाध्यायसङ्गतिमाह-पञ्चमे इति। अनन्तराध्यायमवतारयति-इदानीमिति। पूर्वाध्यायान्ते "स्पर्शान् कृत्वा वहिर्बाह्यान्" इति समुपक्रान्तो ज्ञानयोगो ह्यवसरप्राप्तः। तत् सोऽयं षष्ठे निरूप्यते इति भावः। कर्मयोगज्ञानयोगयोरैक्यमिति। ऐक्यम्-अपृथक्त्वम्, अविरोध इति यावत्। शुद्धात्मस्वरूपलक्षणमिति। लक्ष्यते साक्षात्क्रियते अनेनेति लक्षणम्। शुद्धात्मस्वरूपं साक्षात् क्रियेत येन तथाभूतमिति यावत्। उच्यते इति। इतः पूर्वमुक्तं तदिदं निगमयन् ज्ञानयोगं प्रपञ्चयतीति भावः। त्यागीति-यो नैष्ठिको वर्णी, यश्च दारान् अग्निं च पुत्रेषु विन्यस्य वनं प्रविशति, यश्च प्रव्रजति गृहमप्रविश्य अवधूय वा, त एते नैष्ठिकवानप्रस्थसन्न्यासिन इह त्यागिशब्देन विवक्षिताः। गृहस्थो वेति। गृहेषु वर्तमानः—प्रजाकामनया गृहीतधर्मदारः, आहिताग्निर्धर्मतः। तेषामेषां सर्वेषामेव सत्यां मुमुक्षायां तत्साधनानुष्ठाने भवेदेवाधिकारः। तत्र प्रथमं कर्मयोगे एव भवत्यधिकारी, अधिकुर्वंस्तत्र स्वस्वाश्रमप्राप्तं कर्म निष्कामं कुर्यात्। न ह्यात्मावलोकनसिद्धेः प्राक् कर्मणो व्युत्थातुमर्हति कोऽपि, आश्रमान्तरमनुप्रविष्ट इत्येतावता न देहदेहानुवन्धिवासना व्यपगता। यावद्वासनाविलयमनुवर्ततैव वर्णाश्रमाभिमानः। तत् सर्वैरेवाविशेषात् स्वस्वाश्रमप्राप्तं कर्म तत्तत्फलकामनां परित्यज्य कार्यमेव। तदिदं विज्ञाय यः कर्मफलं विहाय करोतीति भावः। त्रयाणामप्यभिलषिते कर्मफलभेदे प्रमाणमाह—तत्रेति। गृहस्थ इति। धर्मप्रजाकामनया गृहे वर्तमानः। ज्ञानयोगयुक्तः, कर्मयोगयुक्तश्चेति। अनुष्ठीयमाने कर्मयोगे ज्ञानांशस्य प्राधान्येनानुवर्तनादिति भावः। ज्ञानयोगे योगाभ्याससमये निश्चलमवस्थितं कर्मयोगे कर्माचरणसमये सततं संशील्यमानमनुवर्तत एवेति भावः। यस्तु निरग्निरिति। यद्यपि—लोके योऽग्नीनुद्वास्य प्रव्रजति, यो वा अगृहीत्वैवाग्निम्, अकृत्वैव क्रिया, प्रव्रजति गुरुकुलादेव, प्रविशति च केवलमाश्रमतः सन्न्यासम्, स न तत्त्वतः सन्न्यासीति भावः। पक्षान्तरेण व्याचष्टे—अत्रेति ॥

ज्ञानयोगत्वमिति। ज्ञानयोगसधर्मतामिति यावत्। यमिति। अयम्भावः—आहुः कतिचन अग्नित्यागमात्रेण आश्रमलिङ्गमात्रसन्तुष्टा लेशतस्त्यागसम्पत्त्या सन्न्यासनिष्ठोऽयमिति। सत्यम्, सङ्कल्पास्तु वासनात्मनानुवर्तमाना नापगताः, तदयं निर्देश औपचारिक केवलम्, कामना चास्ति सत्यलोके, अतो लोकेषणातो न व्युत्थितोऽयम्। अतः कर्मयोगज्ञानयोगतत्त्वविदस्तु परित्यज्य कामसङ्कल्पान्, आत्मस्वरूपं

भाष्यम्—

अनादिवासनायुक्तत्वात्कर्मयोगाधिकारिणो ज्ञानयोगानुकूलादन्तर्गतज्ञानाभ्यासरूपः कर्मयोगः श्रेष्ठ इति पूर्वमुक्त्वा, इदानीं सत्सङ्गेन, कर्मयोगरूपेण सच्छास्त्रीयकर्मणा च मृदितान्तःकरणकषायस्य ज्ञानयोग उच्यते—सर्वेति ।

सर्वकर्माणि मनसा सन्न्यस्यास्ते सुखं वशी ।
नवद्वारे पुरे देही नैव कुर्वन्न कारयन् ॥ १३ ॥

वशी—सत्सङ्गेन, निष्कामेन सच्छास्त्रीयकर्मणा च, जितेन्द्रियान्तःकरणः, मनसा—सारासारविवेकयुक्तेन हृदा, सर्वकर्माणि—व्यापृतिरूपाणि, विक्षेपकराणि, ज्ञाननिष्ठाप्रतिकूलानि च समग्राणि कर्माणि, सन्न्यस्य-सम्यक् त्यक्त्वा, परिहायेति यावत् । सुखम्—अनायासेन । नवद्वारे-नेत्रनासिकादिनवद्वारवति । पुरे-नगरसदृशे देहे । ततः पृथग्भूतः पुरस्थो जन इव तदभिमानशून्य आस्ते—ज्ञानाभ्यासं कुर्वंस्तिष्ठतीत्यर्थः । देही—ब्राह्मणादिजात्युत्पन्नदेहवानपि तदभिमानशून्यः, गृहस्थमात्रसाधारणानि कर्माणि, न कुर्वन्, अन्यैरपि नैव कारयन्नास्ते ॥ १३ ॥

ज्ञाननिष्ठस्य नैसर्गिकं निर्लेपत्वमाह—न कर्तृत्वमिति ।

न कर्तृत्वं न कर्माणि लोकस्य सृजति प्रभुः ।
न कर्मफलसंयोगं स्वभावस्तु प्रवर्तते ॥ १४ ॥

प्रभुः—सर्वेन्द्रियाणि स्वधर्मे सन्नियम्य देहाभिमानं परित्यज्य क्षेत्रज्ञभावनया वर्तमानः समर्थो योगी, लोकस्य—देवमनुष्यवृक्षादिरूपेण त्रिगुणात्मकप्रकृतिसम्बन्धेन प्रवर्तमानस्य जीवलोकस्य, कर्तृत्वं न सृजति—देवमनुष्यादिजातिजन्यं देहेन सहात्मानमेकीकृत्य प्रवृत्तं तत्तत्कर्मकर्तृभावं स्वयं नोत्पादयति, तस्य कर्माणि च देवादिजात्यभिमानात् स्वीयस्वीयममत्वेन क्रियामाणानि तत्तत्कर्माणि नोत्पादयति, निर्ममत्वेन करोतीत्यर्थः । तस्य कर्मफलसंयोगम् त्रिगुणात्मककर्मोत्पन्नं प्राकृतफलसम्बन्धं च स्वस्मिन्नोत्पादयति ।

શ્લોકાર્થ--

વશેન્દ્રિય પુરૂષ સર્વ કર્મનો મનથી સંન્યાસ-ત્યાગ કરીને નાક-કાન વિગેરે નવ દ્વારવાળા આ કાયાનગરમાં કાંઇ પણ નહિ કરતો, કે નહિ કાંઇ કારવતો-પ્રેરતો થકો આનન્દથી વર્તે છે. ॥ ૧૩ ॥

જીતેન્દ્રિય સમર્થ યોગી પુરૂષ લોકનું—દેવમનુષ્યાદિકરૂપે ઉત્પન્ન થનારા જીવલોકનું કર્તૃત્વ અને કર્મ તેને નથી સર્જતો, તેમજ--કર્મફળના સંયોગને પણ નથી સર્જતો, પણ સ્વભાવ—જે પ્રકૃતિ તેનાથીજ આ બધું પ્રવર્તે છે. ॥ ૧૪ ॥

ભાવાર્થ--

એટલે કે-પોતાને દેહથી જુદો માનીને શરીરના અભિમાનથી રહિત હોવાથી કોઇ પણ કર્મમાં કર્તાપણાનું કે કારયિતાપણાનું અભિમાન રાખતોજ નથી.એ અભિપ્રાય છે.॥૧૩॥

આવા જ્ઞાનનિષ્ઠને સ્વાભાવિકપણેજ નિર્લેપપણું હોય છે એમ કહે છે—

પ્રભુ—પોતાનાં સર્વ ઇન્દ્રિયોને સ્વધર્મરૂપ કર્માચરણમાં સર્વથા નિયમમાં રાખીને દેહાભિમાનનો પરિત્યાગ કરીને શુદ્ધ ક્ષેત્રજ્ઞભાવનાએ વર્તનારો સમર્થ યોગી પુરૂષ દેવ, મનુષ્ય અને વૃક્ષાદિકરૂપ ત્રિગુણાત્મકપ્રકૃતિના સમ્બન્ધને લીધે પ્રવર્તતા જીવલોકને કર્તૃત્વ-ભાવ નથી સર્જતો-દેવ-મનુષ્યાદિક જાતિથી ઉત્પન્ન થયેલો અને દેહની સાથે આત્માને એકરૂપ કરીને પ્રવર્તેલો એવો તે તે કર્મનો કર્તૃભાવ તેને સ્વયં પોતે નથી ઉત્પાદન કરતો અને તે પુરૂષનાં સઘળાં કર્મ દેવમનુષ્યાદિક જાતિના અભિમાનથી પોત-પોતાને વિષે રહેલા મમત્વથી કરેલાં તે તે કર્મને નથી ઉત્પાદન કરતો, અર્થાત્-સઘળાં કર્મ નિર્મમત્વભાવથીજ કરે છે. અને તે તે ત્રિગુણાત્મક કર્મથી ઉત્પન્ન થયેલો પ્રાકૃત ફળનો સમ્બન્ધ પણ પોતાને વિષે નથી ઉત્પાદન કરતો.

નનુ-શંકા, તો આ રીતે કર્તૃત્વાદિક ન હોય તો તે સિવાય દેહનિર્વાહમાં ઉપયોગી કર્મ કેવી રીતે કરે છે ? એ શંકાના સમાધાનમાં કહે છે—

સ્વભાવ--એટલે કે--પ્રાચીન કર્માનુસારે ફળરૂપે પ્રાપ્ત થયેલી દેહઇન્દ્રિયોરૂપ પ્રકૃતિ, તે પ્રારબ્ધ કર્મ પ્રમાણે પ્રવર્તે છે. અભિપ્રાય એ છે કે-પોતાને નિર્ગુણ ક્ષેત્રજ્ઞસ્વરૂપે વર્તવાપણું હોવાથી અને તે કર્તૃત્વાદિકનું ગુણમય પ્રકૃતિમાંથી ઉત્પન્ન થવાપણું હેવાથી ગુણવિષમતાને લીધે પ્રવર્તતું કર્તૃત્વાદિક તેને પોતે નથી સ્વીકાર કરતો, અર્થાત્-ગુણમૂળક કર્તૃત્વને પોતામાં નથી માનતો. તે પ્રમાણે પ્રમાણભૂત વાકય પણ છે-" મુકત પુરૂષ પણ ત્યાં સુધી સ્વદેહને ધારણ કરે, કે જ્યાં સુધી પોતાનુ પ્રારબ્ધ ભોગવવાનું હોય. પણ તે દેહના અભિમાને રહિતજ વર્તે પણ બીજા દેહની પ્રાપ્તિ થાય એમ ગુણકાર્યને પોતે પોતાનામાં ન માને. જેમ જાગ્રત્ અવસ્થામાં આવેલો માણસ સ્વપ્નાવસ્થામાં ભોગવેલા સુખ-દુઃખાદિકનું અભિમાન નથી રાખતો તેમ. " એમ ભાગવત-પંચમસ્કન્ધમાં કહેલું છે. ॥ ૧૪ ॥

भाष्यम्-

ननु—कर्तृत्वादिकं विना देहनिर्वाहोपयोगि कर्म कथं? करोतीत्यत्राह—स्वभावः—प्राचीनकर्मजन्यफलरूपदेहेन्द्रियरूपा प्रकृतिः, प्रारब्धकर्मानुगुणं प्रवर्तते, स्वस्य निर्गुणक्षेत्रज्ञत्वेन वर्तमानत्वात् तेषां कर्तृत्वादीनां गुणमयप्रकृतिजन्यत्वात् गुणवैषम्यमूलकं कर्तृत्वादिकं स न स्वीकरोतीति भावः। तथा च प्रमाणम्—

"मुक्तोऽपि तावद्बिभृयात्स्वदेहमारब्धमश्नन्नभिमानशून्यः।
यथानुभूतं प्रतियातनिद्रः किन्त्वन्यदेहाय गुणान्न वृङ्क्ते"

इति पञ्चमे ॥ १४ ॥

नादत्ते कस्यचित् पापं न चैव सुकृतं विभुः।
अज्ञानेनावृतं ज्ञानं तेन मुह्यन्ति जन्तवः ॥ १५ ॥

नादत्त इति। विभुः—प्राकृतवस्तुनि ममत्वरहितत्वादात्मलाभेन परिपूर्णः, कस्यचित्—पुत्रादेः, स्वजातेश्च, इन्द्रियैः सह स्वदेहस्य च, पापम्-अघम्, तत्परिणामरूपं दुःखं वा, नादत्ते—नाङ्गीकरोति। सुकृतं च—शुभं कर्मापि, तत्परिणारूपं सुखं वा, नादत्ते—न स्वीकरोति, तेषु स्वकीयताबुद्धिरहितत्त्वात्तत्कृते शुभाशुभे, यद्वा-तत्प्राप्ते सुखदुःखे स्वकीये न जानातीत्यर्थः।

ननु-तर्हि सर्वे जनास्त्रिगुणरहितसुखरूपात्मस्वरूपज्ञानवन्तः कथं? न भवन्तीत्याशङ्क्याह-अज्ञानेन ज्ञानमावृतम्-आच्छादितम्, तेन हेतुना प्राकृतवस्तुन्यहंममत्वेन शुभाशुभं कर्म कुर्वन्तो जन्तवो-जननशीलाः संसारिणो मुह्यन्ति—विपरीतज्ञाना भवन्ति ॥ १५ ॥

"सर्वं ज्ञानप्लवेनैव वृजिनं सन्तरिष्यसि" "ज्ञानाग्निः सर्वकर्माणि भस्मसात्कुरुते तथा" "न हि ज्ञानेन सदृशं पवित्रमिह विद्यते" इति पूर्वोक्तं द्रढयन्नाह—ज्ञानेनेति।

ज्ञानेन तु तदज्ञानं येषां नाशितमात्मनः।
तेषामादित्यवज्ज्ञानं प्रकाशयति तत्परम् ॥ १६ ॥

आत्मनः ज्ञानेन—ब्रह्मात्मकस्वात्मस्वरूपज्ञानेन, येषाम्, तत्-आवरकमनादिकालप्रवृत्तम्, अज्ञानम्, नाशितम्-क्षयं गमितम्,

શ્લોકાર્થ-

અને આત્મા તો વિભુ છે, માટે દેવ-મનુષ્યાદિક કોઈ પણ શરીરકૃત પાપ કે પુણ્યને ગ્રહણ કરતોજ નથી. અને પરમાત્મ—સ્વરૂપને નહિ જાણવું એ રૂપ અજ્ઞાનથી આત્માનું ધર્મભૂત જ્ઞાન આવરાઇ ગયેલું હોવાથીજ પ્રાણીઓ આ સંસૃતિમાં મોહથી ફસાયા કરે છે. ॥ ૧૫ ॥

જ્યારે એ પરમાત્મસ્વરૂપના જ્ઞાને કરીને જેમનું તે અનાદિ અજ્ઞાન નાશ કરી નાખ્યું છે, તેમનેજ તે આત્મસ્વરૂપનું જ્ઞાન અને પરમાત્મસ્વરૂપનું પરમ જ્ઞાન સૂર્યની માફક પ્રકાશે છે. ॥ ૧૬ ॥

ભાવાર્થ-

વિભુ—પ્રાકૃત વસ્તુઓમાં મમત્વે રહિત વર્તતો હોવાથી આત્માનન્દના લાભ-થીજ પરિપૂર્ણપણે વર્તનારો પુરૂષ પોતાના પુત્રાદિકનું કે પોતાની જ્ઞાતિનું કે ઇન્દ્રિ-યોએ સહિત પોતાના દેહનું, એ કોઇનું પણ પાપ, કે પાપના પરિણામરૂપ દુઃખને તે નથી અંગીકાર કરતો, તેમજ-એ ઉપર કહ્યા એમાંના કોઇનું પણ શુભ કર્મ, કે તે તે શુભ કર્મના પરિણામરૂપ સુખને પણ નથી સ્વીકાર કરતો. કેમકે-તે દેહાદિકમાં સ્વકીય-બુદ્ધિ નિવૃત્તિ પામેલી હોવાથી તે દેહાદિકનું શુભાશુભ કર્મ, અથવા તેથી પ્રાપ્ત થતાં સુખ-દુઃખ તેને પોતાનાં નથી જાણતો એ ભાવાર્થ છે.

નનુ—શંકા, ત્યારે સર્વે મનુષ્યો ત્રણ ગુણોના સમ્બન્ધથી રહિત સુખરૂપ આત્મસ્વરૂપના વાસ્તવિક જ્ઞાનવાળા કેમ નથી થતા ? એમ આશંકા ઉઠાવીને કહે છે-

અજ્ઞાનને લીધે જીવાત્માનું જ્ઞાન આવરણ પામેલું છે. અર્થાત્-ઢંકાઇ ગયેલું છે. તે હેતુથી પાકૃત વસ્તુઓમાં અહં-મમતાને લીધે શુભાશુભ કર્મ કરનારા જન્મ-મૃત્યુની પરમ્પરારૂપ સંસૃતિમાં પડેલા સંસારી જનો વિપરીત જ્ઞાન પામવા રૂપ મોહમાં ફસાયેલા છે. ॥ ૧૫ ॥

"તારૂં સઘળું પાપ જ્ઞાનરૂપ નાવથીજ તું તરી જઇશ." "તેજ પ્રમાણે જ્ઞાનરૂપ અગ્નિ સઘળાં કર્મને બાળીને ભસ્મ રૂપ કરી દે છે." "આ લોકમાં જ્ઞાનને તુલ્ય બીજું કોઇ પવિત્ર છેજ નહિ." એ પ્રમાણે પ્રથમ કહી ગયેલાને દૃઢ કરતા થકા કહે છે-

બ્રહ્મ—પરબ્રહ્મ, આત્મા—અન્તર્યામી જેમાં અખંડ વિરાજમાન રહેલા છે, એવા પોતાના આત્મસ્વરૂપના વાસ્તવિક જ્ઞાનથી જે કર્મયોગીઓના આત્મસ્વરૂપના ધર્મભૂત જ્ઞાનને આવરણ કરનારૂં અનાદિ કાળથી પ્રવર્તેલું અજ્ઞાન સમૂળ ક્ષય પમાડેલું છે, તેવા સિદ્ધ કર્મયોગીઓને, તે આત્મા-પરમાત્મા એ બન્ને પર-પ્રધાન શ્રેષ્ઠ પ્રાપ્ય જેમાં છે, એવું સર્વોત્કૃષ્ટ જ્ઞાન આદિત્યની માફક પ્રકાશે છે. એટલે કે-સૂર્ય જેમ અન્ધકારનો નાશ કરીને સર્વ પદાર્થોને પ્રકાશ કરી આપે છે, તેની પેઠેજ આ પરમ જ્ઞાન પણ અજ્ઞાનને નાશ કરીને આત્મવસ્તુના યથાર્થ-વાસ્તવિક સ્વરૂપનો પ્રકાશ—સાક્ષાત્કાર કરી આપે છે. ॥ ૧૬ ॥

भाष्यम्-

तेषां तु तत्परम्—तावेव परौ-श्रेष्ठौ प्राप्यौ यस्मिन्, तथाभूतं ज्ञानम्, आदित्यवत् प्रकाशयति—यथा आदित्यः तिमिरं निरस्य सर्वपदार्थान् प्रकाशयति, तद्वत् ज्ञानमज्ञानं नाशयित्वा वस्तुयाथात्म्यं प्रकाशयतीत्यर्थः ॥ १६ ॥

तज्ज्ञानस्य फलं निगदति-तद्बुद्धय इति ।

तद्बुद्धयस्तदात्मानस्तन्निष्ठास्तत्परायणाः ।
गच्छन्त्यपुनरावृत्तिं ज्ञाननिर्धूतकल्मषाः ॥ १७ ॥

तस्मिन् बुद्धिर्व्यवसायात्मिका येषामिति तद्बुद्धयः, तदात्मानः-तन्मानसाः, तन्निष्ठाः-तदभ्यासे सावधानाः, तत्परायणाः-तत् ज्ञानमेव परमयनं प्रयोजनं येषां ते। ज्ञाननिर्धूतकल्मषाः-ज्ञानेन -तत्त्वदर्शिज्ञान्युपदिष्टेन एवमभ्यस्यमानेन वेदनेन, निर्धूतम्-समूलमुन्मूलितम्, कल्मषम्-स्थूलसूक्ष्मवासनात्मकमनादिकालप्रवृत्तं जन्ममरणादिविकारपरम्पराजनकमशुभं कर्म येषाम्, तथाभूता बहवो मुक्ताः,अपुनरावृत्तिम्-न पुनरावृत्तिरागमनं यस्मात् "यत्प्राप्य न निवर्तन्ते" तत् साक्षादक्षरं ब्रह्म, गच्छन्ति—प्राप्नुवन्ति ॥१७॥

उक्तानामेतेषां ज्ञानिनां समदर्शनप्रकारमाह-विद्येति ।

विद्याविनयसम्पन्ने ब्राह्मणे गवि हस्तिनि ।
शुनि चैव श्वपाके च पण्डिताः समदर्शिनः ॥ १८ ॥

विद्याविनयसम्पन्ने-विद्याविनयाभ्यां सम्पन्ने-युक्ते, ब्राह्मणे, श्वपाके-चाण्डाले, गवि, हस्तिनि, शुनि च, पण्डिताः-क्षेत्रज्ञस्वरूपयथार्थज्ञाः, प्राचीनशुभाशुभकर्मणात्युत्कृष्टनिकृष्टत्वेन दृश्यमानेष्वप्येतेषु क्षेत्रज्ञेषु, समदर्शिनः-समानि-शुद्धस्वरूपे ज्ञानैकाकारेण, अच्छेद्यादिस्वभावैश्च, परस्परतुल्यानि पश्यन्तीति तथोक्ताः, उत्कृष्टनिकृष्टभावस्तु देहानामेव, न तु क्षेत्रज्ञानाम् । देहत उत्कृष्टनिकृष्टभावेन स्थितानां तेषां सत्कारस्तु धर्मशास्त्रप्रणीतविधिना कर्तव्य इत्यभिप्रायः । तथा च स्मृतिः—

શ્લોકાર્થ-

તે પરમાત્મસ્વરૂપમાં જેમની બુદ્ધિ અને મન સ્થિર થયેલાં છે, તેમાંજ જે દૃઢ નિષ્ઠાવાળા છે અને તત્પરાયણ-તદેકપર વર્તનારા છે. તો તેવા ઉપાસનરૂપ જ્ઞાનથી જેમનાં કલ્મષ સમૂળ નાશ પામી ગયાં છે તે પુરૂષોજ પુનરાવૃત્તિવર્જીત પરમ ધામને પામે છે. ॥ ૧૭ ॥

અને તેવા પંડિતો-જ્ઞાની ભક્તો વિદ્યા અને વિનયાદિકથી સમ્પન્ન, બ્રાહ્મણ, ગાય, હાથી, શ્વાન અને શ્વપાક જાતિના માણસમાં પણ સમદૃષ્ટિવાળાજ હોય છે. ॥૧૮॥

ભાવાર્થ-

હવે—તે જ્ઞાનનું ફળ કહી બતાવે છે—

આવા તે જ્ઞાનમા જેમની વ્યવસાયાત્મક—નિશ્ચયાત્મક એક અવિચળ બુદ્ધિ રહેલી છે, તે જ્ઞાન સમ્પાદન કરવામાંજ જેમનું મન અવિરત લાગેલું છે, તે જ્ઞાનનો દૃઢ અધ્યાસરૂપ અભ્યાસ કરવામાં સદાય સાવધાન વર્તનારા અને તે જ્ઞાન સિદ્ધ કરવું એજ જેમને મોટામાં મોટું સર્વશ્રેષ્ઠ પ્રયોજન મનાયેલું છે. અને તત્ત્વદર્શી જ્ઞાની—ગુરૂએ ઉપદેશેલા આવા અખંડ અભ્યાસ કરેલા જ્ઞાનથી, સ્થૂળ અને સૂક્ષ્મ શરીરનું વાસનાત્મક, અનાદિ કાળથી પરમ્પરાએ પ્રવર્તેલું અને જન્મ-મરણાદિક વિકારપરમ્પરાને ઉત્પન્ન કરનારૂં, એવું અશુભ કર્મરૂપ કલ્મષમાત્ર જેમનું સમૂળપણે નાશ પામી ગયું છે, એવા અનેક મુક્તાત્માઓ પુનરાવૃત્તિવર્જીત "જે ધામને પામીને પાછા નથી ફરતા " એ વિગેરે વાક્યોથી કહેલા તે સાક્ષાત્ અક્ષર બ્રહ્મ ધામને પામે છે. ॥ ૧૭ ॥

આ કહ્યા એવા એ જ્ઞાનીજનોનો સમદર્શન પ્રકાર કહી બતાવે છે—

વિદ્યા અને વિનયાદિક ગુણોથી સમ્પન્ન પુરૂષને વિષે, બ્રાહ્મણ જાતિના પુરૂષને વિષે, શ્વપાક જાતિના ચંડાળ પુરૂષમાં, ગાયમાં. હાથીમાં અને કુતરામાં પણ, ક્ષેત્રજ્ઞ-જીવાત્માના સ્વરૂપને યથાર્થ જાણનારા પંડિતો-જ્ઞાનીજનો, પ્રાચીન શુભાશુભ કર્મના વિભાગ પ્રમાણે અતિ ઉત્કૃષ્ટ નિકૃષ્ટપણે જોવામાં આવતા એવા આ સઘળા ક્ષેત્રજ્ઞ-જીવાત્માઓમાં સમદર્શી વર્તે છે. એટલે કે—જીવાત્માઓના સ્વરૂપમાં જ્ઞાનૈકાકારથી તેમજ-અચ્છેદ્યાદિક સ્વભાવથી પણ પરસ્પર વિષમ ભાવથી રહિત સર્વથા તુલ્યપણે જોનારા છે. અને ઉત્કૃષ્ટ-નિકૃષ્ટ ભાવ તો શરીરોને વિષે છે, પણ ક્ષેત્રજ્ઞ—જીવાત્મા-ઓના સ્વરૂપમાં તો ઉચ્ચ-નીચ ભાવરૂપ વિષમતા છેજ નહિ. અને દેહથી ઉચ્ચ-નીચ ભાવે રહેલા તે તે જાતિના મનુષ્યોનો સત્કાર વિગેરે તો ધર્મશાસ્ત્રમાં કહેલા વિધિ વચનથી કરવોજ એમ અભિપ્રાય છે.

જુઓ ! સ્મૃતિવચન આ પ્રમાણે છે.—" અપૂજ્ય માણસની પૂજા કરવાથી તેમજ પૂજ્ય પુરૂષોની પૂજા નહિ કરવાથી માણસ નિશ્ચેજ મનુષ્યઘાત કર્યા જેટલું પાપ-દોષ પામેછે. " ॥ ૧૮ ॥

भाष्यम्-

"अपूज्यपूजनाच्चैव पूज्यानामप्यपूजनात् ।
नृघातकसमं पापं शश्वत् प्राप्नोति मानवः" इति ॥ १८ ॥

इहैव तैर्जितः सर्गो येषां साम्ये स्थितं मनः ।
निर्दोषं हि समं ब्रह्म तस्माद्ब्रह्मणि ते स्थिताः ॥ १९ ॥

इहेति । येषां मनः, साम्ये-उक्तप्रकारेण क्षेत्रज्ञानां समभावे, स्थितम् । तैः, इहैव—साधनावस्थायामेव, सर्गः—सृज्यते इति सर्गः—संसारः, जितः—अतिक्रान्तः । हि—यस्मात्, निर्दोषम्—त्रिगुणरूपदोषवर्जितम्, समम्—परस्परतुल्यभावेन स्थितम्, क्षेत्रज्ञस्वरूपम्, तद् ब्रह्म—ब्रह्मसंज्ञकम्, तस्मात् ये क्षेत्रज्ञसाम्ये स्थिताः, ते ब्रह्मणि स्थिता बोध्याः । प्राकृतभावविलक्षणेषु शुद्धक्षेत्रज्ञेष्वाकृत्या, अच्छेद्यादिगुणैश्च समभावं कुर्वाणाः संसारबन्धहीना इत्यभिप्रायः ॥ १९ ॥

उक्तप्रकारेण स्थितस्य कालेन पक्वदशां प्राप्तस्य ज्ञाननिष्ठस्य प्रियाप्रिययोर्वस्तुनोः साम्यं भवतीत्याह—नेति ।

न प्रहृष्येत्प्रियं प्राप्य नोद्विजेत्प्राप्य चाप्रियम् ।
स्थिरबुद्धिरसम्मूढो ब्रह्मविद्ब्रह्मणि स्थितः ॥ २० ॥

पूर्वोक्तो ब्रह्मवित्, प्रियम्—स्वप्रारब्धकर्मणा लब्धं स्वमनोऽनुकूलमीप्सितं वस्तु, प्राप्य न प्रहृष्येत्-हृष्टो न भवेत् । अप्रियम्—स्वमनसः प्रतिकूलं च, प्राप्य नोद्विजेत्—उद्वेगी न भवेत् । एवं कस्मात्! तत्राह—ब्रह्मणि स्थित इति—ब्रह्मस्वरूपे अभ्यासयुक्त इति । एवं कस्मात्? तत्राह—स्थिरबुद्धिः—शुद्धक्षेत्रज्ञस्वरूपे स्थिरा बुद्धिर्यस्य सः । एवं कस्मात्? इति चेत्तत्राह—असम्मूढः-नश्वरेण देहेनाविनाशिनं शुद्धक्षेत्रज्ञमेकीकृत्य सम्मोहं न गतः । एतादृशो ब्रह्मवित् हर्षोद्वेगौ न कुर्यादित्यर्थः ॥ २० ॥

पुनस्तमेव निरूपयति—बाह्येति ।

बाह्यस्पर्शेष्वसक्तात्मा विन्दत्यात्मनि यत्सुखम् ।
स ब्रह्मयोगयुक्तात्मा सुखमक्षयमश्नुते ॥ २१ ॥

શ્લોકાર્થ-

જેમનું મન આવા સમ-ભાવમાં સ્થિત થયેલું છે તેઓએ તો આ જન્મમાંજ માયાનો સર્ગ જીતી લીધો છે. કારણ કે—બ્રહ્મ-પરબ્રહ્મ નિર્દોષ અને સમ છે. તેથી તે સમદૃષ્ટિવાળા બ્રહ્મમાંજ સ્થિત વર્તે છે. ॥ ૧૯ ॥

મનગમતી પ્રિય વસ્તુ પામીને નથી હર્ષ પામતો, કે—અપ્રિય-અણગમતી વસ્તુ પામીને નથી ઉદ્વેગ પામતો, આવો સ્થિર બુદ્ધિવાળો અસમ્મૂઢ બ્રહ્મવિદ પુરૂષ પરબ્રહ્મમાં સ્થિત છે. એમ જાણવું. ॥ ૨૦ ॥

બાહ્ય વિષયોના સ્પર્શમાં-સુખાસ્વાદમાં આસક્તિએ રહિત મનવાળો જે પુરૂષ આત્મસ્વરૂપમાં રહેલા પરમાત્મસ્વરૂપના સુખનો અનુભવ કરે છે, તે પુરૂષજ બ્રહ્મસ્વરૂપમાં યોગયુક્ત-સ્થિર મન કરવાથી અક્ષય સુખને પામે છે. ॥ ૨૧ ॥

ભાવાર્થ—

જે મનુષ્યોનું મન ઉપર કહેવા પ્રમાણે ક્ષેત્રજ્ઞોના સમ-ભાવમાં રહેલું છે, તો તેમણે તો અહીંઆં-સાધન દશામાંજ સઘળો સંસાર જીત્યો છે. અર્થાત્-તેઓ સંસારને સર્વથા તરી ગયા છે. કારણ કે-ત્રણ ગુણના કાર્યરૂપ સર્વદોષથી રહિત અને વસ્તુતાએ પરસ્પર તુલ્ય ભાવથીજ રહેલું, એવું જે શુદ્ધ ક્ષેત્રજ્ઞનું સ્વરૂપ છે, તેજ બ્રહ્મ નામે કહેવાય છે. માટે જે પુરૂષો ક્ષેત્રજ્ઞોમાં સમદર્શનરૂપ સામ્ય સ્થિતિમાં રહેલા છે, તે પુરૂષો બ્રહ્મસ્વરૂપમાંજ રહેલા છે એમ જાણવું. પ્રકૃતિજન્ય સર્વ પદાર્થોથી વિલક્ષણ એવા શુદ્ધ ક્ષેત્રજ્ઞોમાં આકૃતિથી—અમુક વિલક્ષણ આકારવિશેષથી, તેમજ અચ્છેદ્ય-અભેદ્યાદિક ગુણોથી સમ ભાવ કરનારા-રાખનારા જ્ઞાનીજનો સંસારના બન્ધનથી રહિત થઇ જાય છે. એમ અભિપ્રાય છે. ॥૧૯॥

હવે—આ કહ્યું એ પ્રકારે વર્તતા અને કાળે કરીને પકવ દશાને પામેલા એવા જ્ઞાનનિષ્ઠ પુરૂષને પ્રિય—અપ્રિય વસ્તુમાં સમ ભાવ થઇ જાયછે એમ કહેછે-

પૂર્વે કહેલો બ્રહ્મવિત્ પુરૂષ પોતાના પ્રારબ્ધ કર્મથી પ્રાપ્ત થયેલી પોતાના મનને અનુકૂળ ઇચ્છિત વસ્તુને પામીને હર્ષાતુર ન બની જાય, તેમજ-પોતાના મનને પ્રતિકૂળ વસ્તુને પામીને ઉદ્વેગવાળો પણ ન થાય. આવું શાથી થાય ? તેના ઉત્તરમાં કહે છે-બ્રહ્મમાં રહેલો માટે, એટલે કે-બ્રહ્મસ્વરૂપમાં સતત અભ્યાસે યુક્ત વર્તે છે માટે. એવું કેમ વર્તાય ? તેના ઉત્તરમાં કહે છે-શુદ્ધ ક્ષેત્રજ્ઞ-સ્વરૂપમાં જેની બુદ્ધિ સ્થિર થયેલી છે એવા સ્થિતપ્રજ્ઞને એમ વર્તાય ? એમ કેમ થાય ? એમ જો કહેતા હો, તો તેના ઉત્તરમાં કહે છે-નાશવંત દેહની સાથે અવિનાશી એવા શુદ્ધ ક્ષેત્રજ્ઞ-જીવાત્માને એકરૂપ કરીને-માનીને સર્વથા મોહ નહિ પામેલો માટે. કહેવાનું એ છે કે-આવો બ્રહ્મવિત્ પુરૂષ પ્રિય-અપ્રિયના સંયોગસમયમાં હર્ષ અને ઉદ્વેગ નજ કરે. ॥ ૨૦ ॥

भाष्यम्—

यत्-यो जनः, बाह्यस्पर्शेषु—क्षेत्रज्ञभिन्नेषु बाह्येन्द्रियविषयानुभवेषु, असक्तात्मा—असक्तमानसः सन्, आत्मन्येव सुखं विन्दति—लभते । स ब्रह्मयोगयुक्तात्मा—ब्रह्मसमाधिप्राप्तचित्तः सन्, अक्षयं सुखमश्नुते—प्राकृतसुखास्वादं त्यक्त्वा, ब्रह्मानुभवजन्यमानन्दमनुभवतीत्यर्थः ॥ २१ ॥

प्राकृतसुखे उद्वेगहेतुमाह—ये हीति ।

ये हि संस्पर्शजा भोगा दुःखयोनय एव ते ।
आद्यन्तवन्तः कौन्तेय ! न तेषु रमते बुधः ॥ २२ ॥

संस्पर्शजाः-विषयेन्द्रियसंयोगजाः, ये भोगाः, ते-रागद्वेषादिव्याप्तत्वेन दुःखयोनय एव-दुःखस्यैव योनयः-कारणभूताः, इहामुत्र स्पर्धासूयादिदोषयुक्तत्वाद्दुःखहेतुरूपा इति यावत्। एतादृशा अपि न स्थिराः, किन्तु-आद्यन्तवन्तश्च-उत्पत्तिविनाशयुक्तत्वात् क्षणिकस्वभावाश्च, क्षणिकत्वेनासत्प्राया इत्यर्थः। हि-अतः, हे कौन्तेय ! बुधः-सारासारविवेकवान् ज्ञानिजनः, तेषु न रमते ॥२२॥

ब्रह्मसुखार्हमधिकारिणं वदति-शक्नोतीति ।

शक्नोतीहैव यः सोढुं प्राक् शरीरविमोक्षणात् ।
कामक्रोधोद्भवं वेगं स युक्तः स सुखी नरः ॥ २३ ॥

शरीरविमोक्षणात् प्राग्-देहपतनात्पूर्वम्, यावच्छरीरपातमित्यर्थः । यः, इहैव—साधनदशायामेव, मोक्षेच्छया कामक्रोधोद्भवं वेगम्-दुर्वाररंहः, सोढुम्-वशीकर्तुम्, शक्नोति-समर्थो भवति। स युक्तः—स एव मोक्षोपायकरणे योग्यः । स एव नरः सुखी भवति। स देहपतनात्पूर्वं ब्रह्मानुभवं करोतीत्यभिप्रायः ॥ २३ ॥

योऽन्तःसुखोऽन्तरारामस्तथान्तर्ज्योतिरेव यः ।
स योगी ब्रह्मनिर्वाणं ब्रह्मभूतोऽधिगच्छति ॥ २४ ॥

य इति । योऽन्तःसुखः—अन्तः-आत्मन्येव सुखं यस्य, न प्राकृतशब्दादिषु। अन्तरारामश्च-अन्तः ध्येयध्यान एव आरामः-

શ્લોકાર્થ-

વિષયોના સંસર્ગજન્ય જે ભોગવિલાસ છે, તે ખરેખર દુઃખનાજ કારણભૂત છે. અને તે પણ આદિ-અન્તવાળા હોવાથી હે કૌન્તેય ! ડાહ્યા—બુદ્ધિમાન મનુષ્યો તેમાં રમતા નથી. ॥ ૨૨ ॥

જે પુરૂષ આ જન્મમાંજ શરીર છૂટતા પહેલાં કામ-ક્રોધાદિકના વેગને સહન કરવા શક્તિમાન થાય છે, તે પુરૂષજ મોક્ષને લાયક છે અને એજ પરમ સુખી છે.॥૨૩॥

જે અન્તરાત્મામાંજ સુખી છે, અન્તરાત્મામાંજ આરામ કરનારો છે, તથા જેને અન્તરમાં સ્વ-પરસ્વરૂપનો પ્રકાશ થયેલો છે, તે બ્રહ્મરૂપ થયેલો યોગી બ્રહ્મ-નિર્વાણને પામે છે. ॥ ૨૪ ॥

ભાવાર્થ-

ફરીથી પણ એજ જ્ઞાનીને નિરૂપણ કરે છે-

જે જ્ઞાની પુરૂષ ક્ષેત્રજ્ઞ સિવાયના બાહ્ય ઇન્દ્રિયોના વિષયાનુભવમાં આસક્તિએ રહિત મન જેનું છે એવો સતો આત્મામાંજ-સ્વસ્વરૂપમાંજ સુખને પામે છે-અનુભવે છે, તે બ્રહ્મસ્વરૂપમાં થતી સમાધિમાં સંલગ્ન થયું છે ચિત્ત જેનું એવો સતો પ્રાકૃત—માયિક તુચ્છ સુખાસ્વાદને તજી દઇને બ્રહ્માનુભવથી પ્રાપ્ત થતા-અનુભવાતા આનન્દને અનુભવે છે એ અભિપ્રાયાર્થ છે. ॥ ૨૧ ॥

હવે-પ્રાકૃત સુખમાં ઉદ્વેગનો હેતુ કહી બતાવે છે-

વિષયો અને ઇન્દ્રિયોના સંયોગ-સમ્બન્ધથી થયેલા જે ભોગ-વિલાસ, તે રાગ—દ્વેષાદિકથી ભરેલા હોવાથી સવ પ્રકારે દુઃખનાજ કારણભૂત છે. આ લોકમાં અને પર લોકમાં પણ પરસ્પર સ્પર્ધા અને અસૂયાદિક દોષોથી વ્યાપ્ત-ભરેલા હોવાથી કેવળ દુઃખનાજ કારણભૂત છે. એજ ખરી વાત છે. વળી- આવા દુઃખરૂપ છે તે પણ સ્થિર-ચિરસ્થાયી નથી. પણ આદિ-અન્તવાળા છે, એટલે કે-ઉત્પત્તિ અને વિનાશે યુક્ત હોવાથી ક્ષણિક-સ્વભાવના છે. અર્થાત્—ક્ષણિકપણાને લીધે અસત્પ્રાય -અતિ તુચ્છ છે. માટેજ હે કૌન્તેય ! સાર-અસારને સમઝનારો વિવેકી જ્ઞાની જન તે વિષયોમાં નથી રમતો—નથી ફસાતો. ॥ ૨૨ ॥

હવે-બ્રહ્મસુખને પામનારા અધિકારીને વર્ણન કરી બતાવે છે—

શરીરથી વિખૂટો પડતા પહેલાં અર્થાત્-શરીરપાત થતા સુધીમાં જે પુરૂષ અહીંઆં-સાધનદશામાંજ મોક્ષની ઇચ્છાથી કામ-ક્રોધાદિકના દુર્વાર વેગને સહન કરવાપૂર્વક તેને વશ કરીને જીતવાને સમર્થ થાય છે. તે પુરૂષજ યુકત-મોક્ષનો ઉપાય કરવામાં યોગ્ય છે. અને એ પુરૂષજ સુખી છે. એટલે કે-તે પુરૂષજ દેહ પડવા પહેલાંજ બ્રહ્માનુભવ કરે છે. એ અભિપ્રાય છે. ॥ ૨૩ ॥

भाष्यम्–

क्रीडा यस्य, न बहिः—शरीरसुखसाधनेषु। तथा अन्तर्ज्योतिरेव च—तथा अन्तः—अन्तःकरणे ध्येयध्यानेन ज्योतिः—प्रकाशो यस्य, तथाभूतो यो योगी, सः, ब्रह्मभूतः शुद्धात्मभूतः सन्, ब्रह्मनिर्वाणम्—ब्रह्मानुभवसुखम्, अधिगच्छति प्राप्नोति ॥२४॥

लभन्ते ब्रह्मनिर्वाणमृषयः क्षीणकल्मषाः।
छिन्नद्वैधा यतात्मानः सर्वभूतहिते रताः ॥ २५ ॥

किञ्च—लभन्त इति। छिन्नद्वैधाः—छिन्नं द्वैधम् शीतोष्णादि द्वन्द्वं यैस्ते, अत एव—यतात्मानः—सन्नियमितचित्ताः, अत एव च सर्वभूतहिते रताः—सर्वेषां भूतानां हिते—हिताधाने रताः—दयापूर्वकं तत्परतया वर्तमानाः, अत एव च—क्षीणकल्मषाः—क्षीणं नष्टं स्वप्राप्यविरोधि कल्मषं येषाम्, एवम्भूता ये ऋषयः—द्रष्टारः आत्मदर्शिनः, ते ब्रह्मनिर्वाणम् लभन्ते ॥ २५ ॥

एवम्भूतानां योगिनां ब्रह्मानुभवः सुलभ इत्याह–कामेति।

कामक्रोधवियुक्तानां यतीनां यतचेतसाम्।
अभितो ब्रह्मनिर्वाणं वर्तते विदितात्मनाम् ॥ २६ ॥

कामक्रोधवियुक्तानाम्–कामक्रोधविरहितानाम्, यतचेतसाम्–यतं वशीकृतं चेतो यैस्तेषाम्, विदितात्मनाम्–ज्ञातात्मतत्त्वानाम्, यतीनाम्–यतनशीलानाम्, ब्रह्मनिर्वाणम्–ब्रह्मानुभवसुखम्, अभितः—सर्वतः, वर्तते—एतादृशानां सर्वकालेषु करगतं ब्रह्मनिर्वाणं भवतीत्यभिप्रायः ॥ २६ ॥

अथ योगिनां ध्यानप्रकारमाह—स्पर्शानिति द्वाभ्याम्।

स्पर्शान्कृत्वा बहिर्बाह्यांश्चक्षुश्चैवान्तरे भ्रुवोः।
प्राणापानौ समौ कृत्वा नासाभ्यन्तरचारिणौ ॥
यतेन्द्रियमनोबुद्धिर्मुनिर्मोक्षपरायणः।
विगतेच्छाभयक्रोधो यः सदा मुक्त एव सः ॥२७–२८॥

શ્લોકાર્થ-

જેઓનાં પાપ સર્વથા ક્ષીણ-નષ્ટપ્રાય થઇ ગયાં છે. શોક-મોહાદિક તથા સ્વ-પરનો ભેદભાવ જેમને છેદાઇ ગયો છે, જેમનું મન સર્વથા નિયમમાં રહેલું છે. અને જેઓ સર્વ ભૂત—પ્રાણીમાત્રના હિતમાંજ તત્પર થઇને જોડાયેલા છે, તેવા આત્મદર્શી પુરૂષોજ બ્રહ્મનિર્વાણ-બ્રહ્મસાક્ષાત્કારજન્ય પરમ શાન્તિને પામે છે. ॥૨૫॥

તેમજ-કામ ક્રોધાદિકથી રહિત થયેલા, જેમનું ચિત્ત પણ સુસંયત છે અને આત્મતત્ત્વ પણ જેમણે જાણી લીધું છે. એવા પ્રયત્નશીલ પુરૂષોનેજ બ્રહ્મનિર્વાણ સર્વ પ્રકારે સદાય સમીપમાંજ વર્તે છે. ॥ ૨૬ ॥

બહારના વિષયોને બહાર—દૂર કરીને, દૃષ્ટિ ભ્રકુટિના મધ્ય-ભાગમાંજ રાખીને, નાસિકામાર્ગે ગમન કરતા પ્રાણ-અપાન વાયુને સમાન ગતિવાળા કરીને, ઇન્દ્રિયો, મન અને બુદ્ધિને નિયમમાં રાખીને જે ઇચ્છા, ભય અને ક્રોધાદિક વિકારથી રહિત થઈને મોક્ષપરાયણ વર્તનારો મુનિ છે, તે સદાય—દેહદશામાં પણ મુક્તજ -મુક્તપ્રાયજ છે. ॥ ૨૭-૨૮ ॥

ભાવાર્થ—

વળી-જે ઉપાસક યોગી પુરૂષ અન્તઃ-આત્મસ્વરૂપમાંજ જેને સુખ વર્તે છે, પણ નહિ કે બહારના-પ્રાકૃત શબ્દાદિક વિષયોમાં. તેમજ-જે અન્તઃ-ધ્યેયમૂર્તિ પ્રભુ શ્રીહરિના ધ્યાનમાંજ અખંડ આરામ કરનારો છે, પણ નહિ કે-બહારનાં શરીરનાં સુખસાધનોમાં. અને વળી-જે અન્તઃ-અન્તકરણમાં ધ્યેયમૂર્તિ ભગવાનના ધ્યાનથીજ જેને અખંડ પ્રકાશ વર્તે છે, તેવી રીતનો જે ઉપાસક યોગી પુરૂષ તે શુદ્ધ આત્મસ્વરૂપના સાક્ષાત્કારને પામેલો-બ્રહ્મભૂત થઇને બ્રહ્મનિર્વાણ-બ્રહ્મસ્વરૂપના અનુભવાત્મક સુખને સર્વ પ્રકારે પામે છે. ॥ ૨૪ ॥

વળી-શીતોષ્ણાદિક તેમજ-માન-અપમાન વિગેરે દ્વન્દ્વો જેમણે સર્વ પ્રકારે છેદી નાખ્યાં છે, અને એથીજ સમ્યક્ પ્રકારે નિયમમાં કર્યું છે ચિત્ત જેમણે, અને તેથીજ સર્વ ભૂત-પ્રાણિમાત્રનું હિત કરવામાં સર્વથા દયાપૂર્વક તત્પરપણે વર્તનારા, અને તેથીજ સર્વથા નાશ પામી ગયું છે પોતાને પ્રાપ્યસ્વરૂપ પરમાત્મપ્રાપ્તિમાં વિરોધી એવું કલ્મષમાત્ર જેમનું. આવા પ્રકારના જે તત્ત્વદ્રષ્ટા-આત્મદર્શી પુરૂષો છે, તેજ બ્રહ્મનિર્વાણ પામે છે-બ્રહ્માનુભવજન્ય આનંદમાં સતત નિમગ્ન રહે છે. ॥ ૨૫॥

આવા યોગી પુરૂષોનેજ બ્રહ્માનુભવ સુલભ છે એમ કહે છે—

કામ-ક્રોધાદિક વિકારોથી સર્વથા રહિત થયેલા, જેમણે પોતાનું ચિત્ત વશમાં કરેલું છે, આત્મતત્ત્વ જેમણે યથાર્થ જાણી લીધેલું છે અને જે સદા સર્વથા પ્રયત્નશીલ છે. એવા પુરૂષોને બ્રહ્માનુભવજન્ય સુખ-આનન્દ સર્વ કાળમાં વર્તે છે. આવા પુરૂષોનેજ સર્વ સમયમાં હસ્તામલકવત્ બ્રહ્મનિર્વાણ સાક્ષાત્ વર્તે છે, એ અભિપ્રાય છે. ॥ ૨૬ ॥

भाष्यम्-

बाह्यान्—बहिर्भवान्, स्पर्शान्—शब्दादिविषयान्, बहिः कृत्वा—समग्रं बाह्यकरणोद्यमं समाहृत्य ध्यानार्हासने स्थित्वा, चक्षुश्च भ्रुवोरन्तर एव—नासिकाप्रान्तभाग एव कृत्वा, नासाभ्यन्तरचारिणौ नासाभ्यन्तरे—नासिकयोरभ्यन्तरे, नाभ्यधोभागे च, चरतस्तौ प्राणापानौ, समौ—योगशास्त्रोक्तरीत्या समानगतिकौ कृत्वा॥

यतेति। यतेन्द्रियमनोबुद्धिः—अनेन साधनेन यताः—संयता इन्द्रियमनोबुद्धयो येन सः। मोक्षपरायणः—मोक्ष एव परम्—उत्कृष्टम् अयनम्—प्राप्यस्थानं यस्य सः, अत एव विगतेच्छाभयक्रोधः—विगता इच्छाभयक्रोधा यस्य सः, इच्छा-आत्मपरमात्मानुभवव्यतिरिक्तविषयेच्छा, भयम्—भाव्यनिष्टशङ्कया भीतिः, क्रोधश्च-स्वेप्सितविषयभोगप्रतिरोधके रोषश्च, एतादृशो यो मुनिः, स सदा मुक्त एवास्ति-साधनावस्थायां स्थितोऽपि मुक्त एव ज्ञातव्य इत्यर्थः ॥२७-२८॥

साङ्ख्यस्थः, योगस्थः, शुद्धक्षेत्रज्ञस्वरूपं प्राप्तः, अक्षरं ब्रह्म प्राप्तश्चेति चतुर्विधोऽपि जनः परमेश्वरोपासनेनैव आत्यन्तिकं सुखं प्राप्नोतीत्याह—भोक्तारमिति।

भोक्तारं यज्ञतपसां सर्वलोकमहेश्वरम्।
सुहृदं सर्वभूतानां ज्ञात्वा मां शान्तिमृच्छति ॥ २९ ॥

इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे सन्न्यासयोगो नाम पञ्चमोऽध्यायः ॥ ५ ॥

यज्ञतपसाम्—यज्ञानां तपसां च, भोक्तारम्। सर्वलोकमहेश्वरम्-सर्वेषां लोकानां लोकस्थानामीश्वराणां च महान्तम् ईश्वरम्। तथा च श्रुतिः-" तमीश्वराणां परमं महेश्वरम्" इति। सर्वभूतानां सुहृदम्—मित्रवत्सुखकरम्। एवम्भूतं मां ज्ञात्वा, साङ्ख्यस्थो योगस्थः सर्व एव। शान्तिम्-विषयानुभवसुखाद्दह्वधिकं शुद्धक्षेत्रज्ञानुभवसुखं, तस्मादधिकतरं यदक्षरब्रह्मानुभवसुखं, तस्मादप्यधिकतमं मदात्यन्तिकसुखम्, ऋच्छति-प्रयाति।

શ્લોકાર્થ-

યજ્ઞ અને તપ વિગેરેનાં ફળને ભોગવનાર, સર્વ લોકનો મહેશ્વર—પરમ નિયામક અને સર્વભૂત—પ્રાણીમાત્રનો પરમ સુહૃદ્ એવો જે હું તે મને જાણીને-ઉપાસીને પરમ શાશ્વત શાન્તિને પામે છે. ।।૨૯।।

ઇતિ શ્રીમદ્ભગવદ્ગીતાસૂપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે શ્રીકૃષ્ણાર્જુન-સંવાદે સંન્યાસયોગો નામ પંચમોઽધ્યાયઃ ॥ ૫ ॥

ભાવાર્થ-

હવે-ઉપાસક યોગીઓએ કરવા યોગ્ય ધ્યાનનો પ્રકાર કહે છે—

બહારના શબ્દાદિક સર્વ વિષયોને બહાર કરીને, એટલે કે-બાહ્યેન્દ્રિયોનો સમગ્ર ઉદ્યમ સંકેલીને, ધ્યાન કરવા યોગ્ય સુસ્થિર આસનથી બેસીને અને નેત્રવૃત્તિને નાસિકાના અગ્ર ભાગ ઉપરજ સ્થિર રાખીને નાસિકાદ્વારા અન્દર નાભિના અધોભાગ સુધી શરીરમાં ફરતા એવા પ્રાણ અને અપાન વાયુને યોગશાસ્ત્રમાં કહેલી રીતિએ સમાન ગતિવાળા કરીને.

આ પ્રાણાયામ વિગેરે સાધનોથી જેણે પોતાનાં ઇન્દ્રિયો, મન અને બુદ્ધિ સમ્યક્ પ્રકારે નિયમમાં કરેલાં છે, અને મોક્ષ એજ પરમ ઉત્કૃષ્ટ પ્રાપ્ય સ્થાન જેને છે, અને એથીજ વિશેષપણે કરીને જેની ઇચ્છા, ભય અને ક્રોધ પણ નિવૃત્તિ પામી ગયેલા છે. ઇચ્છા એટલે-આત્મા-પરમાત્માના અનુભવ સિવાયના બાકીના વિષયોમાં ઇચ્છા, ભય એટલે-ભવિષ્ય કાળમાં થનારા અનિષ્ટની શંકાથી થતો ભય, અને ક્રોધ એટલે-પોતાના ઇચ્છિત વિષયભોગમાં આડે આવનાર ઉપર થઇ આવતો રોષ. આવા પ્રકારનો જે મનનશીલ મુનિ પુરૂષ છે, તે સદાય મુકતજ છે-તે સાધન દશામાં રહેલો હોય તો પણ તેને મુકત છે એમજ જાણવો. એ અર્થ છે. ॥ ૨૭-૨૮ ॥

સાંખ્યમાં-જ્ઞાનમાં વર્તનારો, યોગમાર્ગમાં વર્તનારો, શુદ્ધ ક્ષેત્રજ્ઞ સ્વરૂપને પામેલો અને અક્ષર-બ્રહ્મને પામેલો. એમ એ ચારેય પ્રકારના પુરૂષ પરમેશ્વરની ઉપાસના કરવાથીજ આત્યન્તિક સુખને પામે છે, એમ કહી સમઝાવે છે—

યજ્ઞો અને તપનો અગ્રભોક્તા, સર્વ લોક અને સર્વ લોકમાં રહેલા તેના તેના ઇશ્વરો તે સર્વનો મહેશ્વર-સર્વોપરિ નિયન્તા, તે વાત શ્રુતિ પણ કહે છે-" ઇશ્વરો-ના પણ તે પરમ મહેશ્વરને અમે જાણીએ છીએ. " અને સર્વ ભૂત-પ્રાણીમાત્રનો સુહૃદ્-મિત્રની પેઠે હિત-સુખને કરનારો, આવો મને જાણીને સાંખ્ય-માર્ગમાં રહેલો હોય કે યોગ-માર્ગમાં રહેલો હોય તે સઘળાય શાન્તિને પામે છે, એટલે કે-વિષયાનુભવ થકી થતા આનન્દ કરતાં પણ બહુ અધિક એવું શુદ્ધ ક્ષેત્રજ્ઞ સ્વરૂપના અનુભવથી થતું સુખ પામે છે, વળી-તેથી અધિક જે અક્ષર બ્રહ્મના અનુભવનું સુખ, તેમજ-તેથી

भाष्यम्-

तस्मात् कर्मयोगेन, ज्ञानयोगेन, भक्तियोगेन च, सर्वजनैरहमेवोपास्यो नान्य इत्यभिप्रायः ॥२९॥

इति श्री परविद्यैकगोचर-परमभक्तिसमाराध्य-भगवत्सहजानन्द-स्वामिशिष्याग्रगण्य—सद्गुरुवर्य—श्री गोपालानन्दमुनिविरचिते-

श्रीमद्भगवद्गीताभाष्ये पञ्चमोऽध्यायः ॥ ५ ॥

षष्ठोऽध्यायः-

भाष्यम्-

पञ्चमेऽध्यायेऽनादिवासनायुक्तस्य मुमुक्षोः स्वप्रकृत्यनुकूलकर्मयोगाख्य एव मोक्षसाधनभूतो धर्म उक्तः, अन्तर्गतज्ञानसहितेन कर्मयोगेन मृदितकषायस्य ज्ञानयोगाख्यो धर्मश्चोक्तः, तौ द्वावपि शुद्धक्षेत्रज्ञाक्षरब्रह्मप्रापकौ चोक्तौ। क्षेत्रज्ञस्वरूपं प्राप्तानां, ब्रह्मभावं प्राप्तानां च, परमेश्वरयाथात्म्यज्ञानेनैव सम्यक्शान्तिर्भवतीत्यप्युक्तम् ।

इदानीं षष्ठेऽध्याये कर्मयोगज्ञानयोगयोरैक्यं, ज्ञानयोगेन सिद्धस्य शुद्धात्मस्वरूपलक्षणब्रह्मध्यानं, तदनन्तरं परमात्मध्यानस्य ततः प्राशस्त्यं चोच्यते

ज्ञानयोगकर्मयोगयोरैक्यं निरूपयन् भगवानुवाच-अनाश्रित इति द्वाभ्याम् ।

श्री भगवानुवाच-

अनाश्रितः कर्मफलं कार्यं कर्म करोति यः ।
स सन्न्यासी च योगी च न निरग्निर्न चाक्रियः ॥
यं सन्न्यासमिति प्राहुर्योगं तं विद्धि ! पाण्डव ! ।
न ह्यसन्न्यस्तसङ्कल्पो योगी भवति कश्चन ॥ १-२ ॥

यः-त्यागी गृहस्थो वा, कर्मफलम्-स्वस्वाश्रमकर्मप्राप्यं स्वर्ग-सत्यलोकादिकं फलम्, तत्र प्रमाणम्-"वर्णी यतिश्च धर्मस्थो ब्रह्मलोकमुपैति वै। ऋषिलोकं वनस्थश्च गृहस्थः स्वर्गमाप्नुयात्" इति

ભાવાર્થ-

પણ અતિ અધિક એવું મારા સ્વરૂપના અનુભવથી-સાક્ષાત્કારથી પ્રાપ્ત થતું સુખ, તેને પામે છે-અનુભવે છે. માટે હે અર્જુન ! કર્મયોગથી, જ્ઞાનયોગથી, તેમજ ભક્તિયોગથી,એમ સર્વ ઉપાયથી સર્વ જનોએ સર્વ પ્રકારે હુંજ ઉપાસના કરવા યોગ્ય છું. પણ મારા સિવાય સર્વોપાસ્ય બીજો કોઈ નથી. એ અભિપ્રાય છે. ॥ ૨૯ ॥

ઇતિ શ્રી પરવિદ્યૈકગોચર - પરભક્તિસમારાધ્ય - ભગવત્સહજાનન્દસ્વામિશિષ્યાગ્રગણ્ય-સદ્ગુરૂવર્ય શ્રી ગોપાળાનન્દમુનિવિરચિતે શ્રીમદ્ભગવદ્ગીતાભાષ્યે પંચમોઽધ્યાયઃ ॥ ૫ ॥

ષષ્ઠોઽધ્યાયઃ-

ભાવાર્થ—

પાંચમા અધ્યાયમાં અનાદિ વાસનાએ યુક્ત મુમુક્ષુ પુરૂષને પોતાની પ્રકૃતિ—સહજસિદ્ધ સ્વભાવને અનુકૂળ એવો કર્મયોગ નામે પ્રસિદ્ધજ, મોક્ષના સાધનભૂત ધર્મ કહી બતાવ્યો.

અંદર ગર્ભિત રહેલા જ્ઞાને સહિત કર્મયોગ કરવાથી જેના મનના કામક્રોધાદિક કષાયો નષ્ટપ્રાય થઈ ગયેલા છે, એવા પુરૂષને જ્ઞાનયોગ નામે પ્રસિદ્ધ ધર્મ કહી બતાવ્યો.

વળી—આ બન્નેય ધર્મભૂત માર્ગ શુદ્ધ ક્ષેત્રજ્ઞ સ્વરૂપના અને અક્ષર બ્રહ્મના પ્રાપક છે એમ પણ કહી બતાવ્યું.

અને વળી—શુદ્ધ ક્ષેત્રજ્ઞ સ્વરૂપના સાક્ષાત્કારને પામેલા, અને અક્ષર બ્રહ્મના સાધર્મ્યને પામેલા, એવા એ બન્ને પ્રકારના પુરૂષોને પરમેશ્વરના સ્વરૂપના યથાર્થ વાસ્તવિક જ્ઞાનથીજ પરમ શાન્તિ થાય છે. એમ પણ કહી બતાવ્યું.

હવે—આ છઠ્ઠા અધ્યાયમાં કર્મયોગ અને જ્ઞાનયોગની એકતા, જ્ઞાનયોગના અનુષ્ઠાનથી સિદ્ધ થયેલા યોગીને શુદ્ધ આત્મસ્વરૂપભૂત બ્રહ્મનું ધ્યાન, અને તે પછી પરમાત્મસ્વરૂપના ધ્યાનનું તેથી પણ અતિ શ્રેષ્ઠપણું કહેવામાં આવે છે—

હવે-જ્ઞાનયોગ અને કર્મયોગનું ઐક્ય નિરૂપણ કરતા થકા શ્રી ભગવાન કહે છે-

જે કોઈ—ત્યાગી અથવા તો ગૃહસ્થાશ્રમી પુરૂષ, પોત—પોતાના આશ્રમમાં રહીને આચરેલા કર્મથી પામવા યોગ્ય સ્વર્ગ અને સત્યલોકાદિકની પ્રાપ્તિરૂપ ફળને, તે બાબતમાં પ્રમાણભૂત—"વર્ણી અને સન્ન્યાસી સ્વધર્મમાં વર્તતો થકો નિશ્ચેજ બ્રહ્માના લોકને પામે છે. વાનપ્રસ્થ ઋષિઓના લોકને પામે છે. અને ગૃહસ્થાશ્રમી સ્વર્ગલોકને પામે છે." આવું સ્કન્દ પુરાણનું વચન છે.

भाष्यम्-

स्कान्दवचनम्। अनाश्रितः-अनाकाङ्क्षमाणः सन्, कार्यम्-स्वाश्रमेऽवश्यकरणीयतया प्रोक्तं कर्म करोति, सः, सन्न्यासी, योगी च-योगयुक्तश्च। यस्तु निरग्निः-अग्निरहितः, त्यक्ताग्निरगृहीताग्निर्वा, यश्चाक्रियः-परित्यक्तवैधकर्मा, स वस्तुतो न सन्न्यासी, किन्तु केवलाश्रमी सः।

अत्रैके एवं व्याचक्षते-स न निरग्निः-सोऽग्निहोत्रादिकर्मरहितो न भवति। न चाक्रियः-केवलज्ञाननिष्ठश्च न भवति। किन्तूभयसाधनयुक्तो भवतीत्यर्थ इति॥

ज्ञानांशमुख्यस्य कर्मयोगस्य ज्ञानयोगत्वं निरूपयन्नाह-यमिति।

यम्—ज्ञानयोगम्, संन्यासम्—त्यागिधर्म इति प्राहुः-कर्मयोगज्ञानयोगयाथार्थ्यविदः प्रवदन्ति। तम्-ज्ञानयोगम्, योगम्-कर्मयोगमेव, विद्धि!—जानीहि!। स ज्ञानयोगः कर्मयोग एव भवतीति त्वं जानीहीत्यर्थः। तदेव निरूपयति-हे पाण्डव! असंन्यस्तसङ्कल्पः—न संन्यस्तो न त्यक्तः सङ्कल्पो येन सः, सङ्कल्पः-आत्मनो देहेन सत्त्वादिगुणैश्च सहैकीभावेन प्रवर्तनम्। आत्मविचारेणात्यक्तदेहाभिमानः, देहाभिमानयुक्त इति यावत्। एवम्भूतः कश्चन—कोऽपि योगी, कर्मयोगी न भवति। हि-निश्चितम्। तस्मादात्मयाथात्म्यज्ञानेन सन्त्यक्तसकलसङ्कल्पस्य कर्मयोगिनो ज्ञानयोगित्वं ज्ञातव्यमिति भावः॥ १-२॥

यर्हि गृहस्थसाधारणकर्मयोग एव मोक्षसाधनम्, तर्हि ज्ञानयोगमुख्यसाधनतया शमादेः प्रव्रज्याधर्मस्य शास्त्रेषूपदेशो किं प्रयोजनम्? इत्याशङ्कायामाह-आरुरुक्षोरिति।

आरुरुक्षोर्मुनेर्योगं कर्म कारणमुच्यते।
योगारूढस्य तस्यैव शमः कारणमुच्यते॥३॥

योगम्—ब्रह्मसमाधिम्, आरुरुक्षोः—आरोढुमिच्छोः, मुनेः। तत्प्राप्तौ कारणम्-मुख्यं साधनम्। आदौ कर्म-कर्मानुष्ठानम्, उच्यते-कथ्यते। योगारूढस्य—असङ्गकर्मणा, सत्सङ्गेन च चित्ते शुद्धे सति,

શ્લોકાર્થ-

શ્રી ભગવાન કહે છે-કર્મફળનો આશ્રય-ઉદ્દેશ નહિ રાખતાં શાસ્ત્રવિહિત કરવા યોગ્ય કર્મને જે કર્યા કરે છે. તેજ ખરો સંન્યાસી અને તેજ ખરો યોગી છે. પણ અગ્નિહોત્રાદિક કર્મ છોડી દેનાર, અગર ક્રિયામાત્ર છોડી દેનાર, સંન્યાસી કે યોગી કહેવાતોજ નથી ॥ ૧ ॥

હે પાંડવ ! જેને સંન્યાસ કહે છે,તેનેજ યોગ એમ જાણ! અને સંકલ્પમાત્રનો સમૂળગો ત્યાગ કર્યા સિવાય કોઇ પણ યોગી એટલે-કર્મયોગી થઈ શકતો નથી. ॥૨॥

ભાવાર્થ-

નહિ ઈચ્છતો થકો પોતાના આશ્રમમાં અવશ્ય કર્તવ્ય તરીકે કહેલું કર્મ કર્યા કરે છે,તો એજ સન્ન્યાસી એટલે જ્ઞાનયોગે યુકત છે.અને એજ યોગી એટલે કર્મયોગે યુકત પણ એજ છે. અને જે નિરગ્નિ છે, એટલે કે—અગ્નિના ઉપાસને રહિત છે, અથવા અગ્નિનો ત્યાગ કરનારો, અથવા અગ્નિનો સંગ્રહજ નહિ કરનારો એવો છે અને જે અક્રિય છે, એટલે કે-વિધિપ્રાપ્ત કર્મનો પણ પરિત્યાગ કરનારો છે. તે વસ્તુતાએ ખરો સંન્યાસી નથી. પણ તે કેવળ આશ્રમથીજ સંન્યાસી છે. ।

અહીંઆં કેટલાક આ પ્રમાણે વ્યાખ્યાન કરે છે—તે પુરૂષ નિરગ્નિ નથી, એટલે કે—તે અગ્નિહોત્રાદિક કર્મથી રહિત પણ નથી, તેમજ-અક્રિય એટલે કેવળ જ્ઞાનનિષ્ઠ પણ નથી. પણ તે તો બન્ને પ્રકારના સાધનથી યુકત છે. એ અર્થ છે. ।

હવે-જ્ઞાનાંશ જેમાં મુખ્યત્વે રહેલો છે એવા કર્મયોગનું જ્ઞાનયોગપણું[૧] નિરૂપણ કરતાં કહે છે—

જે જ્ઞાનયોગને સંન્યાસ એટલે ત્યાગિધર્મ એમ કહે છે, એટલે કે-કર્મયોગ અને જ્ઞાનયોગના યથાર્થ સ્વરૂપને જાણનારા-સમઝનારા કહે છે, તે જ્ઞાનયોગને યોગ એટલે કર્મયોગજ જાણ-સમઝ! અર્થાત્ તે જ્ઞાનયોગ એ કર્મયોગજ છે. એમ તું જાણ ! હવે-તે વાતનેજ નિરૂપણ કરી બતાવે છે-હે પાણ્ડુપુત્ર-અર્જુન ! નથી સર્વથા ત્યાગ કર્યો સંકલ્પ જેણે, અહીંઆં સંકલ્પ એટલે-આત્માનું દેહની સાથે અને સત્ત્વાદિક ગુણનાં કાર્યભૂત ઇન્દ્રિયો આદિકની સાથે એકીભાવથી પ્રવર્તવું એ જાણવું. એટલે કે—આત્મવિચારથી નથી ત્યાગ કર્યું દેહાભિમાન જેણે, અર્થાત્—દેહાભિમાને યુક્તજ વર્તનારો, એજ એનો ખરો અર્થ છે. તો આવા પ્રકારનો કોઇ પણ યોગી, કર્મયોગી નજ થાય એ નિશ્ચિત વાત છે. માટે આત્મસ્વરૂપના યથાર્થ જ્ઞાનથી સર્વ પ્રકારે ત્યાગ કર્યા છે સઘળા સંકલ્પ જેણે એવા કર્મયોગીનેજ જ્ઞાનયોગી જાણવો. એમ અભિપ્રાય છે. ॥ ૧-૨ ॥

૧—જ્ઞાનાંશપ્રધાન કર્મયોગ એજ જ્ઞાનયોગ છે એમ. ।

भाष्यम्—

योगम्—ब्रह्मावलोकनफलकज्ञानयोगम्, आरूढस्य मुनेः। शमः-ब्रह्मसमाधिविक्षेपकरकर्मत्याग एव ब्रह्मसमाध्यधिकप्रवृत्तौ कारणम् हेतुः, उच्यते। अत्र प्रमाणवचनम्—"भिक्षोर्धर्मः शमोऽहिंसा तप ईक्षा वनौकसः। गृहिणो भूतरक्षेज्या द्विजस्याचार्यसेवनम्" इति।

अनादिवासनायुक्तस्य मुमुक्षोरादौ कर्मयोगः, तेन च चित्तशुद्धौ सत्यां कर्मनिवृत्तिरूपो ज्ञानयोगः, तेन ब्रह्मसमाधिरिति भावः ॥३॥

तमेव योगारूढं वदति—यदेति।

यदा हि नेन्द्रियार्थेषु न कर्मस्वनुषज्जते।
सर्वसङ्कल्पसन्न्यासी योगारूढस्तदोच्यते ॥ ४ ॥

यो मुनिः, यदा इन्द्रियार्थेषु शब्दादिषु नानुषज्जते, कर्मसु च-शब्दादिसाधनभूतक्रियासु च,नानुषज्जते-आसक्तिं न करोति। तदा हि-तदैव,सर्वसङ्कल्पसन्न्यासी-सर्वान् शब्दादीनां, तत्सम्पादककर्मणां च, समग्रान् सङ्कल्पान् सन्न्यस्यतीति तथाभूतः। स योगारूढः-समाध्यारूढ इत्युच्यते ॥ ४ ॥

योगोद्यमे मनसः शत्रुत्वमित्रत्वे दर्शयति—उद्धरेदिति।

उद्धरेदात्मनात्मानं नात्मानमवसादयेत्।
आत्मैव ह्यात्मनो बन्धुरात्मैव रिपुरात्मनः ॥ ५ ॥

आत्मना—विषयासक्तिहीनेन, सारासारविवेकवता वा, मनसा। आत्मानम्—स्वक्षेत्रज्ञम्, संसारार्णवे निमग्नम्, संसरणादुद्धरेत्। नरो विपरीतेन मनसा आत्मानं नावसादयेत्—संसाराम्भोधौ न निमज्जयेत्। हि—यस्मात्, आत्मनः-स्वस्य, आत्मैव-वशीकृतं मन एव, बन्धुः—बन्धुवदुपकारकः,। आत्मनः—स्वस्य, आत्मैव-अजितं मन एव, रिपुः—नरकपातनहेतुरस्ति ॥ ५ ॥

पुनस्तदेव विवृणोति—बन्धुरिति।

बन्धुरात्मात्मनस्तस्य येनात्मैवात्मना जितः।
अनात्मनस्तु शत्रुत्वे वर्तेतात्मैव शत्रुवत् ॥ ६ ॥

શ્લોકાર્થ—

યોગમાર્ગમાં વધવાને માટે ઇચ્છતા મુનિને કર્મયોગ એજ કારણ છે. અને યોગારૂઢ-યોગસિદ્ધ થયેલા તેજ યોગીને તેમાં શમ એ કારણ છે. ॥ ૩ ॥

જ્યારે ઇન્દ્રિયોના અર્થોમાં-વિષયોમાં તેમજ તે વિષયોનાં સાધનભૂત કર્મોમાં, નથી જોડાતો, અને સર્વ સંકલ્પોનો સમૂળગો ત્યાગ કરી દેછે. ત્યારે તે યોગારૂઢ એમ કહેવાય છે. ॥ ૪ ॥

મનુષ્ય વિવેકે યુક્ત જીતેલા મનથી આત્માનો ઉદ્ધાર કરે, પણ આત્માનો અધઃપાત ન થવા દે. કારણ કે—જીતેલું મનજ આત્માનો બન્ધુ-હિતકારક છે, અને નહિ વશ કરેલું મનજ આત્માનો-પોતાનો શત્રુ છે. ॥ ૫ ॥

ભાવાર્થ-

જ્યારે ગૃહસ્થાશ્રમને તુલ્યપણે પ્રાપ્ત થતો કર્મયોગ એજ મોક્ષનું સાધન હોય, તો જ્ઞાનયોગની મુખ્ય સાધનતા માનીને શમદમાદિક પ્રવ્રજ્યાધર્મનો શાસ્ત્રમાં ઉપદેશ કરવામાં શું પ્રયોજન છે ? એ આશંકાના સમાધાનમાં કહે છે—

યોગ એટલે—બ્રહ્મસમાધિ પ્રાપ્ત કરવાને ઇચ્છતા મુનિને, તેની પ્રાપ્તિમાં કારણભૂત મુખ્ય સાધન પ્રથમ કર્મ એટલે અસંગપણે કર્માનુષ્ઠાન કરવું એજ કહેવામાં આવે છે. અને અસંગપણે કર્માનુષ્ઠાનથી, તેમજ એકાન્તિક સંતોનો સમાગમ કરવાથી, ચિત્ત શુદ્ધ થયા પછી બ્રહ્મસાક્ષાત્કાર એજ ફળ જેનું છે, એવા જ્ઞાનયોગને આશરેલા મુનિને, શમ એટલે—બ્રહ્મસમાધિમાં વિક્ષેપ કરનારાં કર્મનો ત્યાગ, એજ બ્રહ્મસમાધિમાં અધિક-સર્વથા પ્રવૃત્તિ થવામાં કારણ-મુખ્ય હેતુ કહેવામાં આવે છે. આ બાબતમાં પ્રમાણભૂત આ વાક્ય છે—“ શમ અને અહિંસા એ ભિક્ષુનો ધર્મ છે, તપ અને ઇક્ષા એ વનમાં રહેનારા વાનપ્રસ્થનો ધર્મ છે, ભૂતરક્ષા અને યજ્ઞ કરવા એ ગૃહસ્થાશ્રમીનો ધર્મ છે. અને આચાર્યસેવન એ દ્વિજાતિનો ધર્મ છે. ” ।

ભાવાર્થ એ છે કે—અનાદિ વાસનાએ યુક્ત મુમુક્ષુ જનને પ્રથમ કર્મયોગ કરવો જોઇએ. અને તેનાથી ચિત્તશુદ્ધિ થયા પછીજ કર્મનિવૃત્તિ રૂપ જ્ઞાનયોગ સિદ્ધ થાય છે. અને તેનાથી બ્રહ્મસમાધિ સિદ્ધ થાય છે. ॥ ૩ ॥

તે યોગારૂઢનેજ વર્ણન કરી કહે છે.—

જે મુનિજન જ્યારે ઇન્દ્રિયોના અર્થરૂપ શબ્દાદિક વિષયોમાં નથી જોડાતો, તેમજ-શબ્દાદિક વિષયોના સાધનભૂત ક્રિયાઓમાં પણ નથી જોડાતો, એટલે કે-તેમાં આસક્તિ નથી કરતો, ત્યારેજ સર્વ-શબ્દાદિકના અને તેને તેને સમ્પાદન કરવાના સમગ્ર સંકલ્પોને સર્વથા ત્યાગ કરે છે, તેવો જે હોય, તે યોગારૂઢ એટલે કે-સમાધિમાં આરૂઢ થયેલો એમ કહેવાય છે. ॥ ૪ ॥

भाष्यम्-

येन, आत्मना-विवेकवत्या बुद्ध्या, आत्मा-मनः, जितः-प्राकृतशब्दादिभ्यो वशीकृतः। तस्यैव, आत्मा-मनः, आत्मनः-स्वस्य, बन्धुः—इहामुत्र सुखदायकः। अनात्मनः—अजितमनसः पुंसस्तु, आत्मैव—मन एव, स्वस्य शत्रुवत्—अरिवत्, शत्रुत्वे-स्वरिपुभावे वर्तेत। तत्र प्रमाणं पराशरवचनम्—"मन एव मनुष्याणां कारणं बन्धमोक्षयोः। बन्धस्य विषयासङ्गि मुक्तेर्निर्विषयं तथा" इति ॥ ६ ॥

जितात्मनः प्रशान्तस्य परमात्मा समाहितः।
शीतोष्णसुखदुःखेषु तथा मानापमानयोः ॥ ७ ॥

जितात्मन इति। शीतोष्णसुखदुःखेषु—चित्तहर्षविक्षेपकरेषु तेषु, तथा मानापमानयोः-पूजापरिभवयोश्चित्तहर्षविक्षेपहेत्वोस्तयोः, जितात्मनः—जितमनसः, हर्षोद्वेगादिरहितमानसस्येति यावत्। अत एव प्रशान्तस्य-प्राकृतविषयरागरहितस्य पुंसः, आत्मा-मनः, परं प्रति—अक्षरम्ब्रह्म प्रति, समाहितः-सम्यक् स्थितोऽस्ति।

यद्वा-तस्य हृदीति शेषः। परमात्मा-ब्रह्म, समाहितः—सम्यक् स्थितोऽस्ति, ध्यानेन स शीघ्रं प्राप्योऽस्तीति भावः।

यद्वा-प्रशान्तस्य शुद्धक्षेत्रज्ञस्य मनसि परमात्मा-परमेश्वरः, समाहितोऽस्ति—उक्तसाधनसम्पन्नेन तेन परमात्मा तूर्णं प्राप्यत इति भावः ॥ ७ ॥

पुनर्योगारूढं वदति—ज्ञानेति।

ज्ञानविज्ञानतृप्तात्मा कूटस्थो विजितेन्द्रियः।
युक्त इत्युच्यते योगी समलोष्टाश्मकाञ्चनः ॥ ८ ॥

ज्ञानविज्ञानतृप्तात्मा-ज्ञानम्-शास्त्रजन्यं, वस्तुयाथार्थ्यवेदनं च, विज्ञानम्—अपरोक्षानुभवश्च, ताभ्यां तृप्तो-विनाशिवस्तुषु निरपेक्ष आत्मा मनो यस्य सः। अत एव कूटस्थः-विकारशून्यः। अत एव समलोष्टाश्मकाञ्चनः—समानि लोष्टाश्मादीनि यस्य सः। प्रकृतिविलक्षणब्रह्मनिष्ठत्वेन प्रकृतिजन्यनानाविधविचित्रवस्तुषु

શ્લોકાર્થ-

જેણે પોતાની વિવેકવાળી બુદ્ધિથી પોતાનું મન જીત્યું છે તે આત્માનો બન્ધુ તે જીતેલું મનજ છે. અને જેને પોતાનું મન વશમાં નથી તેને તો તે મનજ અધઃપાત કરનારૂં શત્રુની માફક વર્તે છે. ॥ ૬ ॥

જેણે પોતાનું મન જીત્યું છે અને જે સર્વથા શાન્ત થયેલો છે. તે પુરૂષને શીત–ઉષ્ણ, સુખ–દુઃખ, તથા માન–અપમાન, એ સર્વ સમયમાં પોતાનો શ્રેષ્ઠ–શુદ્ધ આત્મા સમાધાન પામેલો સ્થિરભાવે વર્તે છે. ॥ ૭ ॥

ભાવાર્થ-

હવે–યોગ સાધવાના ઉદ્યમમાં મનનીજ શત્રુતા અને મિત્રતા છે એમ દર્શાવે છે-

વિષયાસક્તિએ રહિત, અથવા સારાસારના વિવેકવાળા મનથી, પોતાના ક્ષેત્રજ્ઞ—જીવાત્માને સંસાર સાગરમાં ડૂબેલાને સંસૃતિ થકી ઉદ્ધારજ કરે, પણ વિપરીત મનથી પોતાના આત્માને સંસાર સાગરમાં ન ડૂબાડી દે. કારણ કે—આ સંસારમાં પોતાનું જીતેલું મનજ બન્ધુની પેઠે ઉપકાર કરીને સન્માર્ગે લઇ જનારૂં છે. અને નહિ જીતેલું એજ મન શત્રુની પેઠે નરકમાં પાડવામાં હેતુભૂત થાય છે. ॥ ૫ ॥

ફરીથી એજ વાત વિસ્તાર કરીને કહે છે—

જે સાધક પુરૂષે સારાસારના વિવેકવાળી બુદ્ધિથી પોતાના મનને પ્રાકૃત શબ્દાદિક વિષયો થકી પાછું વાળીને વશ કરેલું છે, તે પુરૂષનેજ પોતાનું મન પોતાને બન્ધુની પેઠે આ લોક પરલોકમાં સુખ આપનારૂં થાય છે. અને જેણે પોતાનું મન નથી જીત્યું એવા પુરૂષને તો એ મનજ પોતાને શત્રુની પેઠે-નિરન્તર શત્રુભાવ-થીજ વર્તે છે. તેમાં પ્રમાણભૂત પરાશર મુનિનું વચન આ પ્રમાણે છે—"પોતાનું મનજ મનુષ્યોને બન્ધ અને મોક્ષમાં કારણભૂત છે. જો વિષયમાં જોડાય તો બન્ધનનું કારણ થાય છે. અને જો નિર્વિષય થાય છે તો મુક્તિનું કારણ થાય છે." ॥ ૬ ॥

શીત—ઉષ્ણ એવાં અને સુખ—દુઃખ આપનારાં પદાર્થો કે જે ચિત્તમાં હર્ષ અને ઉદ્વેગ કરનારાં છે તેમાં, તથા ચિત્તમાં હર્ષ અને ઉદ્વેગ થવામાં હેતુભૂત એવાં પૂજા અને પરાભવ, એ રૂપ માન—અપમાનમાં પણ જીત્યું છે મન જેણે, એટલે કે-ઉદ્વેગાદિકથી રહિત સ્થિર શાન્ત મનવાળો અને એથીજ પ્રશાન્ત—પ્રાકૃત વિષયમાં રાગે રહિત એવા પુરૂષને પોતાનું મન સર્વથી પર અક્ષર બ્રહ્મના પ્રત્યે સમ્યક્ પ્રકારે સર્વથા સ્થિત થયેલું છે.

અથવા—તે પુરૂષના હૃદયને વિષે પરમાત્મા સ્વયં બ્રહ્મ સમ્યક્ પ્રકારે રહેલા છે. અર્થાત્—ધ્યાનથી તે પરમાત્મા શીઘ્ર પામી શકાય એવા સુલભ થાયછે. એ અભિ-પ્રાય છે.

टीका—

यथावदनुसन्दधन्, केवलं कर्म करोति, सोऽयमाश्रमतो यः कोऽपि ज्ञाननिष्ठ एवेति योगमपि ज्ञानमेव मन्यन्ते। प्राहुश्च—योगं सन्न्यासमिति। ज्ञानयोगसधर्मतया ज्ञानयोगमिति। तत् " यं सन्न्यासमिति प्राहुर्योगं तं विद्धि " इति। तदिदमुत्तरार्धेन स्पष्टं निरूपयतीत्याह—तदेवेति। मुख्यः सन्न्यासस्तु सङ्कल्पत्यागादेव, तत्त्यागोऽपि न ज्ञानमन्तरा। कर्मयोगनिष्ठस्य सङ्कल्पत्यागावश्यम्भावेन ज्ञानस्यात्यन्तापेक्षिततया कर्मयोगस्य ज्ञानयोगसधर्मतास्त्येवेति भावः॥ १—२॥

" शान्तो दान्त उपरतस्तितिक्षुः समाहितो भूत्वा आत्मन्येवात्मानं पश्येत् " " एतमेव प्रव्राजिनो लोकमिच्छन्ति। एतद्ध स्म वै तत् पूर्वे विद्वांसः प्रजां न कामयन्ते, किं प्रजया करिष्यामो? येषां नोऽयमात्मा अयं लोक इति, ते ह स्म पुत्रैषणायाश्च वित्तैषणायाश्च लोकैषणायाश्च व्युत्थायाथ भिक्षाचर्यं चरन्ति " इति प्रव्रज्या श्रूयते इत्याशयेनाह—शमादेः प्रव्रज्याधर्मस्येति। ब्रह्मसमाधिमिति। ब्रह्मशब्देन अपहतपाप्मत्वादिलक्षणलक्षितं ब्रह्मात्मकं शुद्धात्मस्वरूपमिहोच्यते। समाधिः—धारणाध्यानपरिपाकलक्षणः समाधिः। आरुरुक्षोरिति। अनेन निर्देशेन गिरिशिखरमारुरुक्षोरुपत्यकास्थस्येवारूढादस्य महदन्तरमिति गम्यते। मुनेः—मननशीलस्य, अनिष्पन्नज्ञाननिष्ठाधिकारस्याप्यारुरुक्षोः, यमारुरुक्षुस्तस्य मननमनुवर्ततैव साधनानुष्ठानदशायामपि। तत्प्राप्तौ-ज्ञाननिष्ठाद्वारा आत्मसमाधिप्राप्तौ। मुख्यसाधनम्—प्रथमापेक्षितं साधनम्। ज्ञानयोगारूढस्य—ज्ञानयोगाधिकारं प्राप्तस्येति यावत्। धारणाध्यानसमर्थस्येति भावः। शमः—उपरतिः कर्मभ्यः। यद्यप्यादेहपातमनुवर्ततैव कर्म तस्य, अथापि देहयात्राशेषभूतेभ्यो वैधेभ्यः कर्मभ्योऽन्यस्मात्कर्मकलापादुपशमो विवक्षित इत्यभिप्रायेण व्याचष्टे-ब्रह्मसमाधीति। ज्ञाननिष्ठेन ध्याननिरतेन हि भाव्यम्, कर्मसु व्यापृतिर्ध्यानादेनं प्रत्यावर्तयेत्। तत् अस्य शमो मुख्यं साधनमिति भावः। यश्च शमः श्रूयते—" शान्तो दान्त " इति, सोऽपि धारणाधिकारस्य प्रणिधाने प्रधानसाधनम्, न त्वारुरुक्षोः। यच्च श्रूयते—"एतमेवे" त्यादि, तदपि प्राप्तज्ञाननिष्ठमधिकृत्यैव, विद्वांस इति हि पदं तत्र श्रूयते, तच्च अपगतवासनाकलङ्कान् लब्धज्ञाननिष्ठाधिकारान् विदुषः परामृशति। श्रूयते च तत्रैव कहोलकप्रश्ने—"एतं वै तमात्मानं विदित्वा...भिक्षाचर्यं चरन्ती"ति। विदित्वेत्यनेन प्राप्तज्ञाननिष्ठो गम्यते। एवमधिकारिभेदादविरोध इति भावः।

सारतो भूयो व्याचक्ष्महे—आरुरुक्षुर्योगम्, आरूढो योगम्, निष्पन्नयोगश्चेति त्रयः। तत्र निष्पन्नयोगो लब्धात्मसाक्षात्कारः प्राप्तफलः, आत्मस्वरूपसाक्षात्काराय यतमानो ध्यानयोग्यां स्थितिं प्राप्तो योगारूढः, तां स्थितिमधिगन्तुं चित्तनैर्मल्यमाकाङ्क्षमाण आरुरुक्षुः, तत्र-आरुरुक्षोः कर्म कारणम्, आरूढस्य शमः कारणमिति॥३॥

वदतीति। लक्षणेन ज्ञापयतीत्यर्थः। यो मुनिः—मननशीलो यो ज्ञाननिष्ठः। यदा नानुषज्जते, कदा? आत्मनि निध्यायमाने ध्यायमानरसास्वादात्, बलाद्विक्षोभकैर्नीयमानमप्यस्य मनः स्वत एव विमुखं भवतीति यावत्। समग्रान् सङ्कल्पानिति। वासनात्मनानुवर्तमानानपीति यावत्। समाध्यारूढ इति। समाधावर्हः, लब्धप्रणि-

टीका—

धानाधिकार इति भावः ॥४॥

उपकारकः-बन्धविमोचकतयोपकारकः,नरकेति। संसारपतनहेतुरिति यावत् ॥५॥

तदेवेति। मनस एव बन्धुत्वं शत्रुत्वं चेत्यर्थः। येन कर्त्रा, आत्मनेत्येतद्व्याचष्टे-विवेकवत्येति। बुद्ध्या—करणभूतया, मनःपरतां बुद्धिपरतां च व्यावर्तयन्व्याचष्टे-स्वस्येति। अनात्मन इति। वाच्यार्थानुपपत्तेराशयमाह—अजितमनस इति।

अनेनौपनिषदः कोऽप्यर्थः प्रत्यभिज्ञायते—तद्यथा—"येन रथिना पुरुषेण शरीरं हि रथम्, आत्मा च रथी, "आत्मानं रथिनं विद्धि शरीरं रथमेव च" आत्मना बुद्ध्या सारथिना "बुद्धिं तु सारथिं विद्धि" आत्मा—मनः-प्रग्रहः "मनः प्रग्रहमेव च" जितः—निगृहीतः, निगृहीते प्रग्रहे निगृहीता भवन्त्यश्वाः, ते च श्रोत्रादयः, "इन्द्रियाणि हयानाहुः" तस्यास्य रथिनः आत्मा बुद्धिः सारथिस्थानीयः, मनश्च प्रग्रहस्थानीयम्, बन्धुः—अनुकूलप्रापकतया बन्धुवत्। 'यस्तु विज्ञानवान् भवति युक्तेन मनसा सदा। तस्येन्द्रियाणि वश्यानि सदश्वा इव सारथेः॥ स तु तत्पदमाप्नोति यस्माद्भूयो न जायते"। अनात्मनस्तु—अबुद्धेः अवशीकृतसारथेः, आत्मैव-बुद्धिरेव, शत्रुवत्—अनर्थप्रापकत्त्वात्। "यस्त्वविज्ञानवान् भवत्यमनस्कः सदाशुचिः। न स तत्पदमाप्नोति संसारं चाधिगच्छति" इति ॥ ६ ॥

शीतोष्णसुखदुःखेषु सन्निहितेष्वपि, मानापमानयोः सन्निहितयोरपि, जितात्मन इत्यन्वयमभिप्रेत्य व्याचष्टे—शीतोष्णेत्यादिना। परमात्मेत्येतत् पृथक् पदमित्यभिप्रेत्य व्याचष्टे—परं प्रतीति। प्रतीति शेषपूरणम्। पदच्छेदेऽस्वारस्यमित्यभिप्रेत्य व्याचष्टे-यद्वेति ॥ ७ ॥

वदतीति। लक्षणेन निरूपयतीत्यर्थः। अपरोक्षानुभव इति। आपरोक्ष्यापादकः स्वानुभव इत्यर्थः। ध्यानमिति यावत्। विनाशिवस्तुष्विति। आत्मव्यतिरिक्तवस्तुष्विति यावत्। अत एवेति। अतृप्त एव हि भवति सुखदुःखादिविकारपदम्। यस्तु तृप्तः, स कूटवद्विकारानास्पदो भवति। अत एव विजितेन्द्रिय इति। ज्ञानविज्ञानतृप्ततयैव विजितेन्द्रियः। यस्त्वतृप्तः, न तेनेन्द्रियाणि जितानि स्युः। अत एव समलोष्टाश्मेति। तृप्तत्वादेवेत्यर्थः। तृप्त एव तु समलोष्टाश्मकाञ्चनः। अतृप्तस्य भवेदेव रागः काञ्चने ॥८॥

स्वभावेनैवेति। प्रयोजननिरपेक्षमित्यर्थः। सुहृन्मित्रयोर्भेदं गमयन् व्याचष्टे-समवय इति। निमित्तमालम्ब्येति द्वेष्याद्भेदः। उदासीनाद्भेदमाह-न्यायान्यायेति आत्मनिष्ठान् साधून् व्यावर्तयन्व्याचष्टे-धर्मशीलेष्विति, पुण्यशीलेष्वित्यर्थः। ब्रह्म-ध्यानेति। सत्यां हि प्रयोजनाकाङ्क्षायामनेनेदं प्रयोजनमनेनेदमिति बुद्धिर्विषमा भवति, सा यस्य न, स तु समबुद्धिरेव सुहृदादिष्विति भावः। ध्यानकर्तृष्विति। ध्यानाय प्रयतमानेष्विति यावत्। आरुरुक्षोरारूढोऽयं विशिष्यते, अधिकृतयोगेष्वेव वा इति भावः ॥ ९ ॥

रहसि—एकान्तप्रदेशे, निःशब्दे इति यावत्। अन्यथा तु चित्तविक्षेपः स्यात्, तदिदमाभिप्रेत्य व्याचष्टे—ध्यानविक्षेपशून्य इति। ध्येय इति। आत्मनीति शेषः। एका-

भाष्यम्-

भोग्यबुद्धिहीनत्वाल्लोष्टपाषाणकनकेषु समबुद्धिरित्यर्थः । एवम्भूतो यो योगी स युक्तः—योगारूढ इत्युच्यते ॥ ८ ॥

सुहृन्मित्रार्युदासीनमध्यस्थद्वेष्यबन्धुषु ।
साधुष्वपि च पापेषु समबुद्धिर्विशिष्यते ॥ ९ ॥

सुहृदिति । सुहृद्-स्वभावेनैव हितकारकशीलश्च । मित्रम्-समवयोहितैषी च । अरिः-किमपि निमित्तमालम्ब्यानर्थेच्छुश्च । उदासीनः-उपेक्षकश्च । मध्यस्थः-न्यायान्याययोर्याथार्थ्यवक्ता च । द्वेष्यः—जन्मत एवानिष्टेच्छुश्च । बन्धुः-जन्मत एव हितैषी च । तेषु सुहृदादिषु, साधुषु-धर्मशीलेष्वपि, पापेषु च-पापशीलेषु च । समबुद्धिः-ब्रह्मध्यानैकप्रयोजनत्वेन तैः सह प्रयोजनाभावाद्वैराभावाच्च समानधीः । विशिष्यते—ध्यानकर्तृषु स श्रेष्ठो भवतीत्यर्थः ॥ ९ ॥

योगयोग्यं, योगारूढं चोक्त्वा, इदानीं योगमारुरुक्षोर्ध्यानप्रकारमाह—योगीति ।

योगी युञ्जीत सततमात्मानं रहसि स्थितः ।
एकाकी यतचित्तात्मा निराशीरपरिग्रहः ॥ १० ॥

योगीति । योगी-योगाकाङ्क्षी, रहसि-ध्यानविक्षेपशून्ये देशे । स्थितः सन्, सततम्-निरन्तरम्, आत्मानम्-मनः, ध्येये युञ्जीत-समाहितं कुर्यात् । कथम्भूतः ? एकाकी—ध्यानविक्षेपकजनरहितः सन्, यतचित्तात्मा—संयतचित्तदेहः । निराशीः-ध्येयभिन्ने समग्रपदार्थे निराकाङ्क्षी । अपरिग्रहः-तदन्यत्र ममताशून्यः । एतैर्ध्यातुर्लक्षणैर्युक्तो भूत्वा आत्मानं युञ्जीतेति सम्बन्धः ॥ १० ॥

अथ योगोपकरणान्यासनादीन्याह—शुचावित्यादिना ।

शुचौ देशे प्रतिष्ठाप्य स्थिरमासनमात्मनः ।
नात्युच्छ्रितं नातिनीचं चैलाजिनकुशोत्तरम् ॥ ११ ॥

शुचौ-दुष्टजनानधिष्ठिते,अशुद्धपदार्थैरस्पृष्टे च । यद्वा-शुचौ-स्वभावतः शुद्धे, संस्कारतश्च शुद्धे, देशे-स्थाने । आत्मनः—स्वस्य ।

શ્લોકાર્થ -

જ્ઞાન-વિજ્ઞાનથી સદાય તૃપ્ત-સંતુષ્ટ આત્મા જેનો છે. અને તેથીજ કૂટસ્થ-નિર્વિકાર. અને સર્વથા જીત્યાં છે ઇન્દ્રિયો જેણે અને તેથીજ કચરો, પાષાણુ અને કનકમાં પણ જેને સમભાવ વર્તે છે, તેજ ખરો યોગ્યતાવાળો યોગી કહેવાય છે. ॥ ૮ ॥

સુહૃદ્, મિત્ર, શત્રુ, ઉદાસીન, મધ્યસ્થ, દ્વેષ કરવા યોગ્ય જનોમાં, બન્ધુ જનોમાં, અને સાધુ જનોમાં, તેમજ પાપી જનોમાં પણ, સમાન બુદ્ધિ રાખનારોજ વિશેષ-શ્રેષ્ઠ મનાય છે. ॥ ૯ ॥

ભાવાર્થ-

અથવા તો-પ્રશાન્ત એવા શુદ્ધ ક્ષેત્રજ્ઞ—જીવાત્માના મનને વિષે પરમાત્મા-પરમેશ્વર સમ્યક્ પ્રકારે રહેલા છે, એટલે કે—કહેલાં એ સાધનોથી સમ્પન્ન એવા પુરૂષે પરમાત્મા તુરતજ પ્રાપ્ત કરાય છે. એ અભિપ્રાય છે. ॥ ૭ ॥

ફરીથી યોગારૂઢનુંજ વર્ણન કરે છે—

શાસ્ત્રજન્ય જ્ઞાન અને વસ્તુના યથાર્થ સ્વરૂપને જણાવનારૂં એવું પરોક્ષ જ્ઞાન, તથા અપરોક્ષાનુભવાત્મક જે વિજ્ઞાન, તે બન્નેથી તૃપ્ત એટલે વિનાશી વસ્તુઓમાં નિરપેક્ષ આત્મા—મન જેનું છે. અને તેથીજ કૂટસ્થ—એટલે સર્વ વિકારશૂન્ય. અને વિકારશૂન્ય હોવાથીજ સમ્યક્-રીતે વશમાં કર્યાં છે ઇન્દ્રિયો જેણે એવો. અને એમ થવાથીજ લોષ્ટ-કચરો, પાષાણુ અને કાંચનમાં પણ જેને સમાન બુદ્ધિ વર્તે છે. એટલે કે—પ્રકૃતિવિલક્ષણ બ્રહ્મરૂપ આત્મસ્વરૂપમાં દઢ સ્થિતિ થવાથી પ્રકૃતિજન્ય નાનાવિધ અનેક વિચિત્ર મોહક વસ્તુઓમાં ભોગ્ય બુદ્ધિજ નિવૃત્તિ પામવાથી લોષ્ટ, પાષાણુ અને કનક વિગેરેમાં સમ બુદ્ધિવાળો. એ અર્થ છે. આવા પ્રકારનો જે યોગી તે યુક્ત એટલે યોગારૂઢ-યોગમાં પૂરેપૂરો પ્રવર્તેલો એમ કહેવાય છે. ॥ ૮ ॥

સુહૃદ્-સ્વભાવથીજ સદાય હિત કરવાના સ્વભાવવાળો, મિત્ર-સમાન અવસ્થાનો હોઇને નિરન્તર હિત ઇચ્છનારો, અરિ-કંઇક પણ નિમિત્ત-બ્હાનું અવલંબીને અનર્થ કરવા ઇચ્છનારો, ઉદાસીન-ઉપેક્ષાવાળો, મધ્યસ્થ-ન્યાય-અન્યાયના પ્રસંગે તુલના કરીને ખરી વાત કહી દેનારો, દ્વેષ્ય-જન્મથીજ અનિષ્ટ-અહિત કરવા ઇચ્છનારો. અને બન્ધુ-જન્મથીજ હિત કરવા ઇચ્છનારો. આ કહ્યા એવા તે સુહૃદાદિકોમાં, તેમજ-ધર્મપરાયણ વર્તનારા સાધુ જનોમાં પણ અને પાપ કરવાના સ્વભાવવાળા પાપી જનોમાં પણ. જે સમબુદ્ધિ છે, એટલે કે—પોતાને બ્રહ્મરૂપ આત્મસ્વરૂપનું ધ્યાન કરવું એજ એક પ્રયોજન હોવાથી તેઓની સાથે પ્રયોજન કે વૈર એમાંનું એકેય નહિ હોવાથી સર્વત્ર સમાન બુદ્ધિવાળો છે, તે પુરૂષ ધ્યાન કરનારાઓમાં સર્વથી શ્રેષ્ઠ થાય છે. એ અર્થ જાણવો. ॥ ૯ ॥

શ્લોકાર્થ –

યોગ સાધનાર યોગીજન એકાન્ત સ્થાનમાં એકલા રહીને, ચિત્ત અને આત્મા–અન્તઃકરણને નિયમમાં રાખીને, સઘળી ઇચ્છાઓ છોડી દઇને અપરિગ્રહ રહીને આત્માને પરમાત્મસ્વરૂપમાં અખંડ જોડે–સંલગ્ન કરે. ॥ ૧૦ ॥

બહુ ઉંચું નહિ તેમ બહુ નીચું પણ નહિ એવું દર્ભ, મૃગચર્મ અને વસ્ત્ર, તે એક બીજાની ઉપર રાખીને, તેવું પોતાનું સ્થિર આસન પવિત્ર જગ્યામાં સ્થાપન કરીને. ।

તે આસન ઉપર બેસીને મનને પરમાત્મસ્વરૂપમાં એકાગ્ર કરીને ચિત્ત અને ઇન્દ્રિયોના વ્યાપારને કાબુમાં કરીને આત્મસ્વરૂપની વિશુદ્ધિ માટે યોગાભ્યાસ કરે.॥૧૧–૧૨॥

ભાવાર્થ—

આ પ્રમાણે યોગમાં યોગ્ય અને યોગમાં આરૂઢ–પૂરો પ્રવર્તેલો, એવા બન્ને પ્રકારના યોગીનું લક્ષણ કહીને, હવે–યોગમાર્ગમાં પ્રવર્તવાને ઇચ્છતા યોગીનો ધ્યાનપ્રકાર કહી બતાવે છે—

યોગ સાધવાને ઇચ્છતો યોગી ધ્યાનમાં વિક્ષેપ ન થાય એવા નિરૂપાધિક સ્થાનમાં રહીને નિરન્તર પોતાના મનને ધ્યેય વસ્તુમાં સર્વથા એકાગ્ર કરે. કેવો થકો કરે ? તે કહે છે—ધ્યાનમાં વિક્ષેપ કરે એવા જનસમૂહથી અલગ રહ્યો થકો નિયમમાં છે ચિત્ત અને શરીર જેનું અને ધ્યેય વસ્તુ સિવાયનાં સઘળાં પદાર્થોમાં આકાંક્ષાએ રહિત અને તે ધ્યેય વસ્તુ સિવાય બીજામાં મમતાએ રહિત. આવાં ધ્યાન કરનારા ધ્યાનીના લક્ષણોએ યુકત થઇને મનને આત્મસ્વરૂપમાં જોડી દે. એમ અર્થનો અન્વય—સંબંધ જાણવો. ॥ ૧૦ ॥

હવે—યોગનાં ઉપકરણો આસન વિગેરે કેવાં રાખવાં એ કહી બતાવે છે—

દુષ્ટ જનોના ઉપદ્રવ સિવાયનું, તેમજ અપવિત્ર પદાર્થના સંસર્ગ—સંસ્પર્શથી રહિત એવા સ્થાનમાં, અથવા સ્વભાવથીજ શુદ્ધ અને સંસ્કારથી પણ જે શુદ્ધ-પવિત્ર સ્થાન હોય તેવા સ્થાનમાં પોતાનું આસન સ્થાપન કરીને. હવે તે આસન કેવું રાખવું ? તે કહે છે—સ્થિર નિશ્ચળ, અતિ ઉંચુ નહિ તેમ અતિ નીચુ પણ નહિ. અને વસ્ત્રનું આસન, મૃગચર્મનું આસન અને દર્ભનું આસન, એ આસનો ઉત્તરોત્તર—એક બીજાના કરતાં શ્રેષ્ઠ જાણવાં, એટલે કે—વસ્ત્રના આસન કરતાં મૃગચર્મ શ્રેષ્ઠ અને તેના કરતાં દર્ભ શ્રેષ્ઠ એમ જાણવું. આવાં લક્ષણોથી યુકત યોગ્ય આસન સ્થાપન કરીને તેના ઉપર બેસવું. ॥ ૧૧ ॥

ઉપર કહ્યું તેવા આસન ઉપર બેસીને સર્વ વિક્ષેપથી રહિત મનને સ્થિર કરીને, ચિત્ત—અન્તઃકરણ અને ઇન્દ્રિયોની ક્રિયાઓ જેણે સર્વથા ઉપરત કરેલી છે.

भाष्यम्-

आसनं प्रतिष्ठाप्य-स्थापयित्वा। किं लक्षणम्? स्थिरम्-निश्चलम्, नात्युच्छ्रितम्—नात्युच्चम्, नाप्यतिनीचम्। चैलाजिनकुशोत्तरम्-चैलम्-वस्त्रं च, अजिनम्-मृगचर्म च, कुशाश्च, ते उत्तरे-उत्तरोत्तरं श्रेष्ठा यस्मिंस्तत्। चैलादजिनं श्रेष्ठम्, ततः कुशाः श्रेष्ठा इत्यर्थः। एतैर्लक्षणैर्लक्षितमासनं प्रतिष्ठाप्येति सम्बन्धः॥ ११॥

तत्रैकाग्रं मनः कृत्वा यतचित्तेन्द्रियक्रियः।
उपविश्यासने युञ्ज्याद्योगमात्मविशुद्धये॥ १२॥

तत्रेति। तत्रासने उपविश्य, एकाग्रम्—विक्षेपशून्यम्, मनः कृत्वा। यतचित्तेन्द्रियक्रियः—यताः-उपरताः चित्तस्येन्द्रियाणां च क्रियाः—वृत्तयो येन तथाभूतः सन्। आत्मविशुद्धये-आत्मनः-स्वस्वरूपस्य। विशुद्धये-परमेश्वरपरभक्तावधिकारप्राप्तये। योगं युञ्ज्यात्-अभ्यसेत्॥ १२॥

अथ योगिनो ध्यानोपयोगिनीमङ्गस्थितिं निरूपयन्नाह-सममिति।

समं कायशिरोग्रीवं धारयन्नचलं स्थिरः।
सम्प्रेक्ष्य नासिकाग्रं स्वं दिशश्चानवलोकयन्॥ १३॥

योगी। कायशिरोग्रीवम्—कायशब्देन शरीरमध्यभागो ज्ञातव्यः, कायश्च शिरश्च ग्रीवा च एतेषां समाहारः, तथाभूतं मूलाधारादारभ्य मस्तकान्तमङ्गम्, समम्-अवक्रम्, अचलम्-निश्चलम्, धारयन्। स्थिरः—एवं स्थिरो भूत्वा, स्वम्—स्वकीयम्, नासाग्रम्, सम्प्रेक्ष्य-अर्धनिमीलितनयन इत्यर्थः। दिशश्चानवलोकयन्-इतस्ततो दिग्भागानपश्यन्। आसीतेत्युत्तरेणान्वयः, योगं युञ्ज्यादिति पूर्वेण वा॥ १३॥

अथ प्रधानमुपकारकमाह—प्रशान्तात्मेति।

प्रशान्तात्मा विगतभीर्ब्रह्मचारिव्रते स्थितः।
मनः संयम्य मच्चित्तो युक्त आसीत मत्परः॥ १४॥

ब्रह्मचारिव्रते—ब्रह्मचर्ये स्थितः, मत्परः—अहमेव परः—

શ્લોકાર્થ-

શરીરનો મધ્ય ભાગ, મસ્તક અને ગ્રીવા એ અંગોને સીધાં, સરખાં અને નિશ્ચળ રાખીને, પોતે સ્થિર થઇને, આસ-પાસ દિશાઓ પણ નહિ જોતાં પોતાની નાસિકાના અગ્ર સામુંજ જોઇ રહીને. ।

અને પોતાના મનને સર્વથા શાન્ત રાખીને, ટળી ગયો છે ભય જેને, બ્રહ્મચારી-ધર્મમાં દઢ રહીને, મનનો સંયમ કરીને, મારામાંજ ચિત્ત રાખીને, મત્પરાયણ થઇને, સાવધાન થકો યોગાભ્યાસ કરવા બેસે-વર્તે. ॥ ૧૩-૧૪ ॥

ભાવાર્થ-

એવો થકો સ્વસ્વરૂપની સર્વથા વિશુદ્ધિને માટે, એટલે કે-પરમેશ્વરમાં પરા ભક્તિનો અધિકાર પ્રાપ્ત થવા માટે યોગાભ્યાસ કરે. ॥ ૧૨ ॥

હવે – ધ્યાન કરનાર યોગીને ધ્યાનમાં ઉપયોગી અનુકૂળ શરીરસ્થિતિનું નિરૂપણ કરતાં કહે છે—

કાયશબ્દથી શરીરનો મધ્ય ભાગ જાણવો. એટલે કે-શરીરનો મધ્ય ભાગ, મસ્તક અને ગ્રીવા-ડોકી, એ સર્વ અંગો સરખાં--સીધાં રાખીને, અર્થાત્-મૂળાધાર ચક્રથી આરંભીને મસ્તક સુધીનાં સર્વ અંગો સીધાં અને નિશ્ચળ-અતિ સ્થિર રાખીને, એ પ્રમાણે પોતે સ્થિર થઇને પોતાની નાસિકાના અગ્ર ભાગને જોઇને, એટલે કે-અર્ધાં મીંચેલાં છે નેત્ર જેણે, એવો થકો અને આમ-તેમ આજુ-બાજુમાં પણ નહિ જોતાં સ્થિરતાથી બેસીને યોગ સિદ્ધ કરે. ॥ ૧૩ ॥

હવે યોગસિદ્ધિમાં પ્રધાન ઉપકારક કહી બતાવે છે—

બ્રહ્મચર્ય વ્રતમાં દઢ રહેલો, મત્પર-સાંખ્ય-યોગાદિક સાધનોથી સર્વોત્કૃષ્ટ પ્રાપ્યભૂત જેને હુંજ છું. અને તેથીજ—કર્મયોગથી, સાંખ્યયોગથી અને શ્રવણાદિક સાધન ભક્તિથી નિર્દોષ અને બ્રહ્મરૂપ થઇને "હું પરાત્પર પુરૂષોત્તમ ભગવાનને પામીશ" એમ આવા અનન્ય ભાવથી મારા સ્વરૂપમાંજ જેનું ચિત્ત સ્થિર રહેલું છે. અને તેથીજ કાળભયથી પણ રહિત થઇ ગયેલો. અને તેથીજ સર્વથા શાન્ત—અવ્યાકુળ મન જેનું છે, એવો થકો પોતાનું મન સર્વથા નિયમમાં રાખીને, એટલે કે પુરૂષોત્તમ એવો જે હું તે મારામાં સ્થિર કરીને, યુક્ત—મુક્તિદશા અનુભવવાને યોગ્ય થઇને વર્તે. ॥ ૧૪ ॥

હવે—આવો યોગ સાધનારને તે યોગનું ફળ કહી બતાવે છે—

યોગસિદ્ધિની આકાંક્ષાવાળો સાધક—યોગી, આ કહ્યું એ પ્રમાણે અખંડિતપણે પરાત્પર પુરૂષોત્તમ એવા મારે વિષે પોતાના મનને સ્થિર કરતાં કરતાં, મારૂં અખંડ ધ્યાન કરવાથી વશ કર્યું છે મન જેણે એવો થકો, પરમ-સર્વોત્કૃષ્ટ નિર્વાણ

भाष्यम्-

साङ्ख्ययोगादिसाधनैरुत्कृष्टः प्राप्यभूतो यस्य सः। अत एव मच्चित्तः- कर्मयोगेन, साङ्ख्ययोगेन, साधनभक्त्या च, निर्दोषो, ब्रह्मस्वरूपश्च, भूत्वाहं पुरुषोत्तमं गमिष्यामीति ईदृशेन भावेन मय्येव चित्तं यस्य सः। अत एव विगतभीः—कालभयवर्जितः। अत एव प्रशान्तात्मा—अव्याकुलमनाः। मनः संयम्य—पुरुषोत्तमे मय्यवस्थाप्य, युक्त आसीत ॥ १४ ॥

अथ योगफलमाह—युञ्जन्निति।

युञ्जन्नेवं सदात्मानं योगी नियतमानसः।
शान्तिं निर्वाणपरमां मत्संस्थामधिगच्छति ॥ १५ ॥

योगी—योगाकाङ्क्षी, एवम्—उक्तप्रकारेण, सदा-सततम्, पुरुषोत्तमे मयि, आत्मानं मनः, युञ्जन्-स्थिरं कुर्वन्, नियतमानसः-मद्ध्यानेन वशीकृतमनस्कः सन्। निर्वाणपरमाम्—परममुत्कृष्टं निर्वाणं सुखं यस्यां ताम् "राजदन्तादित्वात्परमशब्दस्य परनिपातः"। मत्संस्थाम्—मयि स्थितां, शान्तिम्—चित्तैकाग्र्यरूपां सम्प्रज्ञातसमाधिम्, अधिगच्छति—प्राप्नोति ॥ १५ ॥

अथ-आहारनियमं योगोपकारकमाह-नेति।

नात्यश्नतस्तु योगोऽस्ति न चैकान्तमनश्नतः।
न चातिस्वप्नशीलस्य जाग्रतो नैव चार्जुन ! ॥ १६ ॥

अत्यश्नतः-अतिशयेन भुञ्जानस्य,एकान्तम्-अत्यन्तम्,अनश्नतः। अतिस्वप्नशीलस्य च—अतिनिद्रालोरपि, अत्यन्तं जाग्रतश्च। योगो नैवास्ति—चित्तैकाग्र्यं नैव सिद्ध्यति ॥ १६ ॥

तर्हि कस्य योगसिद्धिर्भवति ? तत्राह—युक्तेति।

युक्ताहारविहारस्य युक्तचेष्टस्य कर्मसु।
युक्तस्वप्नावबोधस्य योगो भवति दुःखहा ॥ १७ ॥

युक्ताहारविहारस्य-युक्तौ योगशास्त्रोक्तप्रकारेण परिमितौ, आहारविहारौ—अशनगमने यस्य, कर्मसु युक्तचेष्टस्य—युक्ता परि-

टीका-

कीति। नानेन द्वितीयमात्रनिषेधोऽभिप्रेतः। परिचरणैकनिरतस्यानुकूलस्य शिष्यस्य सान्निध्यं न विरोधीत्यभिप्रेत्य व्याचष्टे-ध्यानविक्षेपकजनरहितः सन्निति।

यद्वा-रहसीत्यनेन विहगानामपि न यत्र कूजितावसरः, स देशो रहसीत्यनेन विवक्षितः। एकाकीत्यनेन परिचरणपरपरिजनसान्निध्यमपि निषिध्यत इत्याशयेनाह-ध्यानविक्षेपकेति। जनसान्निध्यं ध्यानविक्षेपकमिति भावः।

यतचित्तात्मेति। मनस इव देहस्यापि निश्चलतावश्यापेक्षिता हि ध्यानकर्तुरिति भावः। योगे प्रवृत्तस्यापि योगोपकरणीभूता आसनादिपरिग्रहा ह्यवर्जनीया अतो व्याचष्टे—अन्यत्र ममताशून्य इति॥ १०॥

आसनादीनीति। आदिशब्दादैकाग्र्यादेः परिग्रहः। शुचाविवत्यनेन विवक्षितमशुचित्वराहित्यं, शुचित्वं च द्विविधमभिप्रेत्य व्याचष्टे-दुष्टेत्यादिना। अधिष्ठानं च स्वस्वामिभावोऽपि, स्वामिदोषेणापि स्थानं दूष्यत इति यावत्। अशुचिवस्तूनि केशास्थिप्रभृतीनि। स्वभावतः शुद्धिः तीर्थक्षेत्रादिलक्षणा, संस्कारतः शुद्धिः सम्मार्जनोपलेपनप्रोक्षणादिना, आसनस्य स्थैर्यं योकुरप्रकम्पतायै समुपयुज्यते। तथा नात्युच्छ्रितं नातिनीचामित्यपि। उत्तरशब्दस्योत्तमवाचितामभिप्रेत्य व्याचष्टे-उत्तरोत्तरं श्रेष्ठा इति। एते यस्मिन्निति व्याख्यानादेतेषां समुच्चयो गम्यते, न तु विकल्पः। कुशेभ्योऽजिनमजिनात् चैलमिति उत्तरोत्तरमास्तरणक्रमो बोध्यः। उपवेशने सौख्याधायकोऽयमासनसन्निवेशः। मनोऽवधाने चोपकारकमासनम्॥ ११॥

तत्रासन उपविश्य यतचित्तेन्द्रियक्रियः सन् मन एकाग्रं कृत्वेत्यन्वयः। एकाग्रमिति। ध्येये आत्मस्वरूपे एकस्मिन्नेव प्रवृत्तमिति यावत्। तदिदमाह—विक्षेपशून्यमिति। उपरता इति। विषयेभ्य इति यावत्। आत्मनो विशुद्धये इति। विशुद्धिश्च स्वस्वरूपाविर्भावः। आत्मस्वरूपसाक्षात्कारायेति भावः। असाक्षात्कृते तस्मिन् देहात्मवासनाकलङ्को हि नापैति। आत्मस्वरूपसाक्षात्कारोऽपि न स्वतः परमं प्रयोजनमस्य ज्ञानयोगस्य, किन्तु भक्तियोगेऽधिकारापादकतैवेति ज्ञापयन्नाह-परमेश्वरेति। योगं युञ्ज्यादिति। पाकं पचेदितिवत्। धातोर्न स्वार्थे विवक्षेत्यभिप्रेत्य तात्पर्यार्थमाह-अभ्यसेदिति॥ १२॥

अथेति। आसननिरूपणानन्तरमित्यर्थः। अङ्गस्थितिम्-अङ्गानामवयवानां स्थितिम्—धारणलक्षणाम्। उक्तमासनम्, अथ कायधारणमुच्यते इति भावः। ननु—शिरःप्रभृतिपादान्तः समुदितः पिण्डः कायः, न ततः शिरो ग्रीवा वा पृथग्भूता, तत्राह-कायशब्द इति। ज्ञातव्य इति। लक्षणयेति यावत्। एवं स्थिरो भूत्वेति। कायतः स्थिरो भूत्वेति यावत्।

स्थिरे आसने समुपविश्य स्वयं च स्थिरो भूत्वा योगं युञ्ज्यात्। स्वस्य स्थैर्यं च कायधारणलक्षणमुक्तप्रकारमिति भावः। नासिकाग्रस्य प्रेक्षणं नात्र योगोपकारकतया विधीयते। न हि तत् ध्यानोपकारकम्, अतो भावमाह-अर्धेति। सर्वथा निमीलिते नयने निद्रा प्रसजेत्। उन्मीलिते च बाह्यवस्तुसंस्पर्शेन चित्तविक्षेपः प्रसजेत्,

टीका-

तन्माभूदित्यर्धनिर्मीलितनयनेन भाव्यमिति भावः । दिशश्चानवलोकयन्—उन्मीलिते नयने अस्मन्निहितेऽपि नीलपीतादौ अन्ततः शून्यानां दिशामवलोकनं प्रसजेत्, तन्माभूदिति दिशामनवलोकनं विधीयते । सर्वथा निमीलिते नयने निद्रा प्रसजेदिति "सम्प्रेक्ष्य नासिकाग्रं स्वम्" इत्युक्तम् । आभ्यां पर्यवसितम्-अर्धनिमीलितनयन इति ॥१३॥

अथेति । बाह्यं योगोपकारकमुक्तम् दिशश्चानवलोकयन्नित्यन्तेन । अथ प्रधानमाभ्यन्तरमुपकारकमुच्यते इति भावः । प्रशान्तात्मा युक्त आसीत । "नाशान्तो नासमाहितः । नाशान्तमानसो वापि प्रज्ञानेनैनमाप्नुयात्" आत्मनो मनसः प्रकृष्टा शान्तिर्ब्रह्मचर्यव्रतनिष्ठया सम्पाद्या, तदुच्यते—"ब्रह्मचारिव्रते स्थितः प्रशान्तात्मे"ति । ब्रह्मचर्यव्रतनिष्ठा मनसः प्रशान्तौ साधनं नाम, असति परमेश्वरप्रसादे न तेन व्रतमात्रेण तत्सिद्धिः, तदुच्यते—मच्चित्त इति । मय्येव चित्तं यस्य, मामेव सर्वेश्वरं पुनः पुनः संशीलयन्नित्येतत् । मय्येव यस्य चित्तं तस्य चित्तं मत्प्रसादात् प्रशान्तं भवतीति भावः । कस्य चित्तं मय्येव स्यात् ? यो मत्परः, अहमेव यस्य परः प्राप्यः । तमिममेवाशयं मनसि निधाय व्याचष्टे—ब्रह्मचारिव्रत इत्यादिना । ब्रह्मचारिव्रते स्थितः, मत्पर, मच्चित्तः, प्रशान्तात्मा, इत्यन्वयः । साङ्ख्ययोगादीत्यर्थः । आदिशब्दाद्भक्तियोगस्य परिग्रहः । अत एवेति । मत्परतयैवेत्यर्थः ।

प्रधानमुपकारकमिति । योगाभ्यासेऽवश्यापेक्षितं मुख्यमुपकारकमिति भावः । मत्परतयैवेत्येतदुपपादयति—कर्मयोगेनेत्यादिना, ईदृशेन भावेनेत्यन्तेन । साङ्ख्ययोगेनेति । ज्ञानयोगेनेत्यर्थः । साधनभक्त्येति । भक्तियोगेनेत्यर्थः । फलान्तरकामा अपि यावत्फलोदयमीश्वराराधनतत्परा भवन्ति, न ते तदेकचित्ताः । ये तु परमेश्वरमेव परमप्राप्यं मन्यन्ते, ते तदेकचित्ता भवन्ति । अत इदमुक्तम्-" अत एव मच्चित" इति । इति भावः । ब्रह्मस्वरूपश्चेति । अपहतपाप्मत्वादिगुणाष्टकविशिष्टो विशुद्धस्वरूपो भूत्वेत्यर्थः । अत एवेति । परमेश्वरैकप्रवणमनस्कतयेत्यर्थः । कालभयवर्जित इति । कालोऽयं विषमः, देशोऽयं विषमः, कथं मम घटेत कठिनोऽयं योगः ? इति कालतो देशतश्च या भीतिः, सा परमपुरुषैकाश्रयस्य न भवतीत्यर्थः । अव्याकुलमना इति । अनुस्मर्यमाणपरमेश्वरानुग्रहेण मनोवासनाकलङ्कोपरमान्न विक्षोभप्रसङ्ग इति भावः । मय्यवस्थाप्येति । मदनुस्मरणशीलो भूत्वेति यावत् । युक्त आसीत । आत्मप्रणिधानपरो भवेदिति यावत् ।

एतेन-ज्ञानयोगे प्रवृत्तेनापि मदनुस्मरणपूर्वकं मदात्मकतयैव स्वात्मनो ध्यानं कार्यमिति भावः ॥ १४ ॥

योगाकाङ्क्षीति । योगाभ्यासे प्रवृत्त इति यावत् । उक्तप्रकारेणेति । अव्यवहितश्लोकोक्तप्रकारेणेत्यर्थः । सदा—योगकालादन्यस्मिन्नपि समये । मयि स्थिरं कुर्वन्निति । मामेव संशीलयन्निति यावत् । यद्वा—सदा आदेहपातं योगाभ्याससमये । अनुदिनमित्येतत् । स्थिरं कुर्वन्निति । अविच्छिन्नं स्मरन्निति यावत् । उत्कृष्टं सुखमिति । आत्मानुभवानन्दात् परमात्मानुभवानन्दः समुत्कृष्टः, सोऽयमानन्दो यस्यां शान्तौ,

શ્લોકાર્થ--

આ પ્રમાણે પોતાનો યોગાભ્યાસ સદાય કર્યા કરનારો યોગી પોતાના મનને વશમાં કરીને નિર્વાણપ્રધાન એવી મારા સ્વરૂપમાં રહેલી પરમ શાન્તિ પામે છે.॥૧૫॥

આ યોગ બહુ ખાનારને સિદ્ધ થતો નથી, તેમજ મુદ્દલ નહિ ખાનારને પણ નથી થતો. હે અર્જુન ! અતિ ઉંઘવાના સ્વભાવવાળાને પણ નહિ, તેમ સર્વથા જાગનારને પણ નહિજ. ।

પણ આહાર-વિહાર યોગ્ય—પ્રમાણસર કરનારને, તથા ક્રિયાઓ પણ યોગ્ય પ્રમાણમાંજ કરનારને, તેમજ ઉંઘવું અને જાગવું તે પણ જેનું યોગ્ય નિયમસરજ છે, તેવા નિયમિત સંયમી પુરૂષનેજ આ દુઃખને હણનારો યોગ સિદ્ધ થાય છે.॥૧૬-૧૭॥

વિશેષપણે નિયમમાં કરેલું મન જ્યારે આત્મસ્વરૂપમાંજ સ્થિર થઇને રહે છે. અને સર્વ કામનાઓથી રહિત થઈ જાય છે, ત્યારેજ તે યોગી પરમાત્મોપાસનમાં યુક્ત-યોગ્યતાવાળો કહેવાય છે. ॥ ૧૮ ॥

ભાવાર્થ-

સુખ જેમાં અખંડ રહેલું છે એવી મારા સ્વરૂપમાં તૈલધારાવત્ અવિચ્છિન્ન ચિત્તની એકાગ્રતારૂપ સમ્પ્રજ્ઞાત સમાધિને સર્વથા પામી જાય છે. ॥ ૧૫ ॥

હવે-આહારનો નિયમ કે જે યોગમાં પરમ ઉપકારક છે.તેને કહી બતાવે છે-

અતિશય ખાનારને, તેમજ તદ્દન આહાર નહિ કરનારને પણ, તથા અતિ-ઉંઘનારને પણ, તેમજ સર્વથા નિદ્રા નહિ કરનાર જાગરૂકને પણ, યોગ—ચિત્તની એકાગ્રતારૂપ યોગ સિદ્ધ થતોજ નથી. ॥ ૧૬ ॥

ત્યારે યોગની સિદ્ધિ કોને થાય છે ? તેનો ખૂલાસો કરે છે—

યોગશાસ્ત્રમાં કહેવા પ્રમાણે આહાર-વિહાર જેના પરિમિત-અતિશય નિયમિત છે. અને હરકોઈ કામ-કાજ કરવામાં યુક્ત-નિયમિત ચેષ્ટા--પ્રવૃત્તિ જેની છે. અને ઉંઘવું અને જાગવું તે પણ જેનું નિયમિતજ છે. આવા નિયમોથી નિયમિત વર્તનાર પુરૂષનેજ જન્મ-મરણાદિક સઘળાં દુઃખને સમૂળ નાશ કરનારો યોગ સિદ્ધ થાય છે.

હવે-યુક્ત આહાર કરવામાં પ્રમાણભૂત-"ઉદરના બે ભાગ અન્નથી પૂરવા અને એક ભાગ જળથી પૂરવો અને એક ભાગ બાકી-ખાલી વાયુસંચાર માટે રાખવો. આ પ્રમાણે યોગ સાધનારો મિતાહાર કરનારો થાય-વર્તે." આવા આવા યોગ-શાસ્ત્રમાં કહેલા આહાર-વિહારમાં નિયમો જોવા-જાણવા. ॥ ૧૭ ॥

આમ કરતાં સિદ્ધ યોગવાળો કયારે થાય ? તે કહે છે—

સમ્યક્-પ્રકારે નિયમમાં કરેલું ચિત્ત આત્મસ્વરૂપમાંજ જ્યારે સુસ્થિરપણે વર્તે છે. અને આત્મસુખના અનુભવથી તે સિવાયના પ્રાકૃત વિષયોમાં દોષનું સતત દર્શન-જ્ઞાન થવાથી સમૂળ ટળી ગઇ છે તૃષ્ણા જેને, તેવો પુરૂષ યુક્ત--યોગમાં આરૂઢ-પૂરેપૂરો પ્રવર્તેલો એમ કહેવાય છે. ॥ ૧૮ ॥

भाष्यम्-

मिता चेष्टा यस्य, युक्तस्वप्नावबोधस्य- परिमितनिद्राजागरणस्य, एतादृशनियमनियतस्य पुरुषस्य, दुःखहा—जन्ममरणादिदुःखविनाशको, योगो भवति। युक्ताहारे प्रमाणम्—"तुन्दस्य पूरयेद्भागौ द्वावन्नेनैकमम्बुना। शेषयेदेकमेवं हि मितभुग्योगकृद्भवेत्" इत्यादि-योगशास्त्रोक्ता आहारादिषु नियमा द्रष्टव्याः ॥ १७ ॥

कदा सम्पन्नयोगो भवतीत्येतदाह-यदेति।

यदा विनियतं चित्तमात्मन्येवावतिष्ठते।
निःस्पृहः सर्वकामेभ्यो युक्त इत्युच्यते तदा ॥ १८ ॥

विनियतम्—संयतं चित्तम्, आत्मन्येव यदा सुस्थिरमवतिष्ठते, सर्वकामेभ्यो निःस्पृहः—आत्मसुखानुभवेन, तदतिरिक्तप्राकृतविषयदोषानुदर्शनेन च, निर्गता स्पृहा तृष्णा यस्य, तथाभूतोऽयं युक्तः—योगारूढ इत्युच्यते ॥ १८ ॥

योगारूढस्य मनसः स्थिरत्वे दृष्टान्तमाह—यथेति।

यथा दीपो निवातस्थो नेङ्गते सोपमा स्मृता।
योगिनो यतचित्तस्य युञ्जतो योगमात्मनः ॥ १९ ॥

निवातस्थः—वातरहिते स्थाने स्थितो, दीपो यथा नेङ्गते—न चेष्टते, यतचित्तस्य-वशीकृतचेतसः, योगम्-आत्मयोगम्, युञ्जतः-अभ्यसतः, योगिनः। आत्मनो—मनसः, सा उपमा-दीपस्योपमानम्। निवातस्थदीपवत् योगिनो मनो निश्चलं भवतीत्यर्थः ॥

यद्वा—योगिनः-आत्मनः क्षेत्रज्ञस्य, सोपमा—दीपः उपमा स्मृता। वासनाविक्षोभरहितः क्षेत्रज्ञो निवातस्थदीपवत् सुस्थिरस्तिष्ठतीत्यर्थः ॥ १९ ॥

योगं लक्षयति चतुर्भिः—

यत्रोपरमते चित्तं निरुद्धं योगसेवया।
यत्र चैवात्मनात्मानं पश्यन्नात्मनि तुष्यति ॥ २० ॥

यत्रेति। योगसेवया—योगस्य चित्तवृत्तिनिरोधस्य, सेवया-

શ્લોકાર્થ-

વાયુ વિનાના પ્રદેશમાં રહેલો દીપક જેમ નહિ કંપતાં સ્થિર રહેછે, તે દીપની ઉપમા, ચિત્તને નિયમમાં કરીને યોગાભ્યાસ કરનાર યોગીના મનને કહેલી છે. ॥૧૯॥

યોગાભ્યાસથી રોકાયેલું ચિત્ત જે યોગાભ્યાસમાં રમમાણ રહે છે. અને વળી જે યોગમાં વશ કરેલા શુદ્ધ મનથી આત્મસ્વરૂપમાંજ પરમાત્મસ્વરૂપને જોતાં સન્તુષ્ટ વર્તે છે. ।

અને જ્યાં કેવળ બુદ્ધિગ્રાહ્ય અને ઇન્દ્રિયોથી અગોચર એવું જે આત્યન્તિક સુખ તેને જાણે છે—અનુભવે છે. અને જેમાં સ્થિર થયેલો યોગી તત્ત્વ-પરમાત્મ-સ્વરૂપથી ચળાયમાન થતો નથી. ।

ભાવાર્થ--

હવે-યોગારૂઢ થયેલા યોગી પુરૂષના મનની સ્થિરતામાં દૃષ્ટાન્ત-ઉપમા આપીને વર્ણન કરે છે —

વાયુએ રહિત સ્થાનમાં રહેલો દીવો જેમ હાલતો-ચાલતો નથી તેમ વશ કર્યું છે ચિત્ત જેણે અને આત્મયોગનો અભ્યાસ કરનારો,એવા યોગીના મનને તે ઉપર કહેલા દીવાની ઉપમા જાણવી. એટલે કે-વાયુ વિનાના સ્થાનમાં રહેલા દીપાની પેઠે તે યોગીનું મન નિશ્ચળ-સુસ્થિર વર્તે છે એ અર્થ છે. અથવા—યોગાભ્યાસ કરનારા યોગીના આત્માને, એટલે કે-ક્ષેત્રજ્ઞ જીવાત્માને તે દીવાની ઉપમા કહેલી છે. અર્થાત્-વિવિધ વાસનાઓના વિવિધ ક્ષોભથી રહિત શુદ્ધ ક્ષેત્રજ્ઞ-જીવાત્મા વાયુ સિવાયના સ્થાનમાં રહેલા દીવાની પેઠે અતિશય સુસ્થિર વર્તે છે એમ અર્થ જાણવો. ॥ ૧૯ ॥

હવે-ચાર શ્લોકથી યોગનું લક્ષણ કહી સમજાવે છે —ચિત્તવૃત્તિના નિરોધ-રૂપ યોગનું સતત અભ્યાસ રૂપ સેવન કરવાથી, " યોગ એટલે ચિત્તવૃત્તિનો નિરોધ" એમ પતંજલિ મુનિએ કહેલું છે.જે યોગી સ્વવશમાં કરેલું ચિત્ત જે યોગમાં ઉપરામ પામે છે. અર્થાત્-આજ પરમ આત્યન્તિક-છેલ્લી કોટિનું સુખ છે, એમ માનીને તેમાંજ નિમગ્ન રહે છે. વળી-જે યોગમાં એટલે સમાધિમાં યોગાભ્યાસ કરવાથી શુદ્ધ થયેલા મનથી શુદ્ધ ક્ષેત્રજ્ઞરૂપ સ્વસ્વરૂપમાં અખંડ વિરાજમાન રહેલા અન્તર્યામી પરમાત્માનેજ જોતો સતો સર્વથા સન્તુષ્ટ-પ્રસન્ન રહે છે. પણ નહિ કે તે સિવાયનાં બીજાં દેવતા આદિકનાં સુખોમાં. તે વાર્તા શ્રુતિ પોતેજ " જે એક પરમાત્મા અનેકનાં કર્મફળને રચી આપે છે. તેજ સર્વનિયન્તા પરમાત્માને જે ધીર જ્ઞાનીજનો પોતાના આત્મામાં અખંડ વિરાજમાન રહેલા છે એમ નિરન્તર દેખે છે—સાક્ષાત્કાર કરે છે, તો તેવા ઉપાસકોનેજ અખંડ-સદાને માટે શાન્તિ મળે છે. પણ આવી શુદ્ધ ઉપાસના સિવાયના બીજાઓને નથી મળતી. " આ પ્રમાણે કહે છે. ॥ ૨૦ ॥

વળી જે ઇન્દ્રિયોથી પણ અગોચર-પરોક્ષ દૂર છે. અને તે હેતુથીજ જે કેવળ બુદ્ધિગ્રાહ્ય-બુદ્ધિથીજ ગ્રહણ કરી શકાય-જાણી શકાય એવું છે. આવું જે આત્યન્તિક-

भाष्यम्—

अभ्यासेन। तथा चोक्तं पतञ्जलिना-" योगश्चित्तवृत्तिनिरोधः " इति। निरुद्धम्-वशीकृतम्, चित्तम्, यत्र-योगे उपरमते। इदमेवात्यन्तिकं सुखमिति रमते। यत्र च योगे समाधौ, आत्मना-योगशुद्धेन मनसा, आत्मनि-शुद्धक्षेत्रज्ञे, स्थितम्, आत्मानम्-परमात्मानमेव, पश्यन् सन्, तुष्यति-सन्तुष्टो भवति, न त्वन्यत्र देवादिसुखेषु। तथा च श्रुतिः-"एको बहूनां यो विदधाति कामान्। तमात्मस्थं येऽनुपश्यन्ति धीरास्तेषां शान्तिः शाश्वती नेतरेषाम् " इति। तं योगसंज्ञितं विद्यादिति चतुर्थश्लोकेनान्वयः॥ २०॥

सुखमात्यन्तिकं यत्तद्बुद्धिग्राह्यमतीन्द्रियम्।
वेत्ति यत्र न चैवायं स्थितश्चलति तत्त्वतः॥ २१॥

किञ्च—सुखमिति। अतीन्द्रियम्—इन्द्रियागोचरम्, अत एव बुद्धिग्राह्यम्—बुद्ध्यैव गृहीतुं योग्यम्। यदात्यन्तिकम्—निरवधिकातिशयम्, सुखम्-आत्मानन्दः परमात्मानन्दश्च अस्ति। तत्सुखं यत्र योगे एव योगी वेत्ति-प्रत्यक्षमनुभवति। यत्र च योगे स्थितोऽयं योगी तत्त्वतो न चलति—आत्यन्तिकसुखात्परमात्मस्वरूपादन्यत्र न गच्छतीत्यर्थः। तत्त्वं चात्र परमात्मस्वरूपम्। तं योगसंज्ञितं विद्यात्॥ २१॥

यं लब्ध्वा चापरं लाभं मन्यते नाधिकं ततः।
यस्मिन्स्थितो न दुःखेन गुरुणापि विचाल्यते॥ २२॥

यमिति। यं योगं च लब्ध्वा—प्राप्य, योगी ततो योगात्, अपरम्—अन्यं लाभम्, अधिकम्—श्रेष्ठम्, न मन्यते। यस्मिन् योगे च स्थितो योगी गुरुणापि-शीतोष्णक्षुत्पिपासादिना महतापि, दुःखेन—कष्टेन, न विचाल्यते-योगनिष्ठं पुरुषं महदपि दुःखापादकं न विचालयति योगादिति यावत्॥ २२॥

तं विद्याद्दुःखसंयोगवियोगं योगसंज्ञितम्।
स निश्चयेन योक्तव्यो योगो निर्विण्णचेतसा॥ २३॥

भाष्यम्-

तमिति। दुःखसंयोगवियोगम्-दुःखानाम् नानाविधसांसारिकक्लेशानाम्, संयोगः—सम्यक्सम्बन्धः, तस्य वियोगः-वियोगकर इत्यर्थः। तथाभूतं तं पूर्वोलक्षणं योगसंज्ञितम्—योगशब्दवाच्यम्, विद्यात्—बुध्येत। सः—पूर्वोक्तलक्षणैर्लक्षितो योगः तदारम्भकाले निश्चयेन—गुरूपदेशलब्धेनाध्यवसायेन, योक्तव्यः-अभ्यसनीयः। यदि तूर्णं न सिद्धयेत्तर्ह्यपि अनिर्विण्णचेतसा—अनिर्विण्णेन—निर्वेदहीनेन चित्तेन, योक्तव्यः। तत्र क्लेशधिया मनसः शिथिलत्वं निर्वेदः॥ २३॥

योगविक्षेपकरवासनात्यागपूर्वकं पुनर्योगाभ्यासप्रकारमुपदिशति—सङ्कल्पेति।

सङ्कल्पप्रभवान् कामांस्त्यक्त्वा सर्वानशेषतः।
मनसैवेन्द्रियग्रामं विनियम्य समन्ततः॥ २४॥

सङ्कल्पप्रभवान्-सङ्कल्पात् प्रभव-उद्भवो येषां तान्, सर्वान् कामान्, अशेषतः—वैराग्येण समूलं यथा तथा त्यक्त्वा, मनसा—विवेकयुक्तेन हृदा। इन्द्रियग्रामम्—यत्र कुत्रापि स्वेच्छया गच्छन्तमिन्द्रियसमूहम्, समन्ततः—सर्वतः, विनियम्य—विशेषेण प्रत्याहृत्य—संयम्य, योक्तव्य इति पूर्वेणान्वयः॥ २४॥

यदा प्राचीनसंस्कारेण ततश्चित्तं प्रचलेत् तदा पुनर्धैर्यसुसंस्कृतबुद्धिबलेन वशीकुर्यादित्याह—शनैरिति।

शनैः शनैरुपरमेद्बुद्ध्या धृतिगृहीतया।
आत्मसंस्थं मनः कृत्वा न किञ्चिदपि चिन्तयेत्॥ २५॥

धृतिगृहीतया-धृतिर्धैर्यम्, तेन गृहीतया-वशीकृतया, बुद्ध्या। शनैः शनैः ध्येयेतरसर्ववस्तुचिन्तनात्, उपरमेत्—विरमेत्। आत्मसंस्थम्-आत्मन्यवस्थितम्, मनः कृत्वा, किञ्चिदपि-ततोऽन्यत् किमपि वस्तु, न चिन्तयेत्॥ २५॥

मनसश्चञ्चलतानिवारणप्रकारमाह-यत इति।

શ્લોકાર્થ-

અને જે પરમાત્મલાભને પામીને તે સિવાયના બીજા લાભને તેથી અધિક નથી માનતો. અને જેમાં સ્થિત થઇને ગમે તેવા મોટા દુઃખથી પણ તેને ચળાયમાન કરી શકતો નથી. ।

તેને સાંસારિક કલેશમાત્રના સંયોગને દૂર કરનાર યોગ નામે જાણે. અને તે યોગને કંટાળા સિવાયના સતત ઉચ્છાહી ચિત્તથી અભ્યાસ કરવો જોઇએ. ॥ ૨૦-૨૩ ॥

સંકલ્પથી ઉપજતા સર્વ કામ-વાસનાઓનો સર્વ પ્રકારે ત્યાગ કરીને અને ઇન્દ્રિયોના સમૂહને મનથી ચોતરફથી વિશેષપણે નિયમમાં કરીને. ।

ભાવાર્થ-

નિરવધિક અતિશયવાળું સુખ—આત્મસ્વરૂપનો આનન્દ અને પરમાત્મસ્વરૂપનો આનન્દ છે, તે સુખને જે યોગમાં વર્તતો આ યોગી જાણે છે-પ્રત્યક્ષ અનુભવે છે. અને વળી-જે યોગમાં વર્તતો આ યોગી પુરૂષ તત્ત્વથી ચળાયમાન થતો નથી. એટલે કે-નિરવધિકાતિશય સુખમય પરમાત્મસ્વરૂપને મુકીને બીજે કયાંઇ ઠરતોજ નથી એ અભિપ્રાય છે. અહીંઆં તત્ત્વ એટલે પરમાત્મસ્વરૂપજ જાણવું. આ સ્થિતિનેજ યોગ-શબ્દથી કહેવાય છે એમ જાણવું. ॥ ૨૧ ॥

જે યોગને પામીને યોગી પુરૂષ તેથી બીજો કોઇ અધિક લાભ માનતો નથી. અને વળી જે યોગમાં રહેલો-યોગી પુરૂષ ટાઢ-તડકો અને ભૂખ-તરસ વિગેરે મહા-દુઃખથી પણ ચળાયમાન થતો નથી. અર્થાત્-યોગનિષ્ઠ પુરૂષને મહાદુઃખને આપનારાં પદાર્થો પણ યોગથી ચળાયમાન કરી શકતાં નથીજ. ॥ ૨૨ ॥

નાના પ્રકારના સાંસારિક કલેશોનો સંયોગ જે અનિવાર્ય સમ્બન્ધ, તેનો વિયોગ કરનારો, તેવા પ્રકારનો તે પૂર્વે કહેલાં લક્ષણવાળો યોગ યોગ-શબ્દથી કહેવાય એમ જાણવું. આવો તે પ્રથમ કહેલાં લક્ષણોવાળો યોગ આરંભકાળમાં યોગોપદેશ કરનારા ગુરૂએ ઉપદેશ કરવાથી પ્રાપ્ત થયેલા નિશ્ચયથી—નિશ્ચયપૂર્વક અભ્યાસ કરવો. એમ કરતાં જો એ યોગ ઝડપથી સિદ્ધ ન થાય તો પણ કંટાળા સિવાયના સતત ઉચ્છાહી ચિત્તથી અભ્યાસ કરવોજ. તેમાં "બહુજ કલેશ પડશે એવી બુદ્ધિથી મનની શિથિલતા" એજ નિર્વેદ જાણવો. એવો નિર્વેદ ન રાખવો એ અર્થ જાણવો. ॥ ૨૩ ॥

યોગાભ્યાસમાં વિક્ષેપ કરનારી વાસનાઓનો ત્યાગ કરવાપૂર્વક ફરીથી પણ યોગાભ્યાસ કરવાનો પ્રકાર ઉપદેશ કરી સમઝાવે છે-

સંકલ્પથીજ જેનો ઉદય છે એવા સઘળા કામ-ઇચ્છાઓનો વૈરાગ્ય ભાવથી સમૂળગો જેમ હોય તેમ ત્યાગ કરી દઇને, વિવેકવાળા મનથી અહીં-તહીં સ્વેચ્છાથી દોડા-દોડ કરતા ઇન્દ્રિયસમૂહને તે તે વિષયો થકી પાછો વાળીને સર્વથા નિયમમાં કરીને યોગાભ્યાસ કરવો. એમ પૂર્વશ્લોકની સાથે અર્થનો સમ્બંધ જાણવો. ॥ ૨૪ ॥

टीका–

सेयं निर्वाणपरमेत्यर्थः। मत्संस्थाम्—मय्यनुभूयमाने या शान्तिः, सेयं मत्संस्था शान्तिः। "शान्तो दान्त" इत्यत्र विवक्षिता साधनभूता शान्तिश्चित्तावधानमात्रलक्षणा, इयं तु शान्तिः फलभूता रसविशेषात्मिका, सा चात्मैकवेद्या, परमात्मन्यानन्दमयेऽनुभूयमाने या शान्तिः, सा मत्संस्था शान्तिरुच्यते। यथा यथा परमात्मन्यनुभूयमाने शान्तिरसः प्रवर्धते, तथा तथा परमात्मसाक्षात्कारो जायते। परमात्मसमाधिरयम्। सोऽयं सम्प्रज्ञातसमाधिरुच्यते। ऐकाग्र्यरूपामिति। अत्र रूपशब्दः साधनपरः, ऐकाग्र्यसाध्यामिति यावत् ॥ १५ ॥

अतिशयेनेति। स्वोदरपरिमितादन्नात्, शास्त्रनिदर्शितात्परिमाणाद्वा, अधिकमित्यर्थः। तथा च शास्त्रम्—" उदरस्यार्धमन्नेन तृतीयमुदकेन हि। वायोः सञ्चरणार्थं तु चतुर्थमवशेषयेत् " इति ॥ १६ ॥

गमने नियमः—" योजनान्न परं गच्छेत् " इत्यादिः। कर्मसु चेष्टा—व्यापृतिः कर्मेन्द्रियाणां वागादीनां बोध्या, तत्र नियमः परिमितभाषित्वादिलक्षणः। निद्राजागरणयोर्नियमः—निशायाः प्रथमचरमयामयोर्जागरणं मध्ययामयोर्निद्रेति ॥ १७ ॥

सम्पन्नयोग इति। योगारूढ इति यावत्। विनियतम्–विशेषेण निगृहीतम्, उपहतवासनाविक्षोभं निगृहीतमिति यावत्। आत्मन्येवेति। ध्येये आत्मन्येवेत्यर्थः। सुस्थिरमवतिष्ठते इति। अवतिष्ठते स्वयम्, न त्ववस्थाप्यते बलात्। सर्वकामेभ्यो निःस्पृहो ह्ययम्। विषयदोषदर्शनात् ध्येयरसास्वादाच्च। तदिदमभिप्रेत्याह–आत्मसुखानुभवेनेत्यादिना ॥ १८ ॥

योगिन इत्यस्य आत्मन इत्यनेन सामानाधिकरण्यम्, योगिनो य आत्मा मन इति वैयधिकरण्येनान्वय इत्यभिप्रेत्य व्याचष्टे–मनस इति। यथा–येन प्रकारेण नेङ्गते, स प्रकारः निष्कम्पत्वलक्षणो योगिनो मनस उपमा–उपमीयतेऽनयेत्युपमा सादृश्यप्रयोजको धर्म इत्यन्वयार्थो बोध्यः। भावमाह–निवातस्थेति। दीपात्मनोरुपमानोपमेयभावे स्वारस्यमभिप्रेत्याह—यद्वेति। प्रभामयो दीपः, ज्ञानप्रभामयश्चात्मा। योगिन इति। योगिनः पुंसो योऽयमात्मा क्षेत्रज्ञः, तस्येत्यर्थः। सुस्थिर इति। आत्मा ज्ञानमयः स्वरूपत अप्रकम्पो हृद्यवस्थितोऽपि इतस्ततः प्रचलति ज्ञानप्रभया। वासनावातेन प्रचाल्यते सा प्रभा, यदा चोपसंहृतवासनः स्वात्मन्येवावतिष्ठते, तदायं निवातस्थदीप इवाप्रकम्पो भवतीति भावः ॥ १९ ॥

चित्तवृत्तिनिरोधस्येति। इतस्ततः प्रसर्पन्तीनां चित्तवृत्तीनां नितरां रोधः–आत्मन्येवैकस्मिन् ध्येयेऽवस्थापनेन, सोऽयं योगः। सेवयेत्यस्य भावमाह–अभ्यासेनेति। उपरमते–अत्यन्तं रमते। इदमेवात्यन्तिकसुखमिति। ध्येयस्य सुखमयत्वेनेदमेव ध्यानमात्यन्तिकसुखमित्यर्थः। ध्यानं च योगादनन्यत्। ध्येयेऽवस्थापनमेव हि निरोधः। समाधिश्च तदेकध्यानम्।

आत्मनात्मानं पश्यन् दृश्यमाने तस्मिन्नेव तुष्यतीत्यपि केचित् व्याचक्षते ॥२०॥

इन्द्रियागोचरमिति। चक्षुराद्यगोचरमिति यावत्। ननु–सुखमात्रमगोचरमेव

टीका-

चक्षुरादेः, स ह्यान्तरो धर्मः। सत्यम्, अथापि शब्दादिबाह्यानुभवकृतं श्रोत्रादीन्द्रियसापेक्षम्, आत्मसुखं तु न तथेति। अत एवेति। इन्द्रियागोचरत्वादेवेत्यर्थः। बुद्ध्यैवेति। अब्भक्षो, वायुभक्ष, इत्यादाविव बुद्ध्यैव ग्राह्यम् बुद्धिग्राह्यम् इति सावधारणः समासो बोध्यः। योगसुसंस्कृतेन मनसैवेत्येतत्। आत्यन्तिकं सुखमिति। आत्मानन्दः परमात्मानन्दश्चेति। आत्मानन्दस्यात्यन्तिकत्वं प्राकृतापेक्षया, परमात्मनस्तु सर्वतः।

यद्वा-आत्मा विशुद्धो हि परमात्मनः सधर्मा-"अपहतपाप्मा विजरो+++++सत्यकामः सत्यसङ्कल्पः" इति। तन्नास्य सुखस्यान्तः, अल्पता वा। आनन्दमयस्य तु विशेषतः। योगश्चायमिह प्रकृतो नात्मानमतिलङ्घ्य परमात्मानमेव गोचरीकरोति। भक्तियोगस्याङ्गं हि ज्ञानयोगः, ज्ञानयोगे चात्मा विषयीभवति। तत् योगलक्षणे प्रकृतेऽस्मिन् आत्मसाधारणो योगो हि लक्षणीयः। आत्यन्तिकसुखादिति। आत्यन्तिकं सुखं यस्य तस्मादित्यर्थः। तत्त्वं चात्रेति। अत्र तत्त्वशब्देन परमात्मस्वरूपं विवक्षितमित्यर्थः। अयोगी, योगाद्व्युत्थितो वा, बाह्यं देहं दैहिकं चात्मनोऽन्यत्र पश्यन् तत्त्वतश्चलति नाम। सर्वान्तरादात्मनोऽपृथग्भूतमेव तु तत्त्वम्। यदा चायं योगी आत्मानं निध्यायति तदा ब्रह्मात्मकमेव स्वात्मानं निध्यायतीति परमात्मनोऽन्यत्र न गच्छति, परमात्मन्येव तिष्ठति। यदा च परमात्मानं साक्षान्निध्यायति तदा सकलचेतनाचेतनशरीरके स्वेतरसमस्तप्रकारकेऽद्वितीये परमात्मन्येव तिष्ठतीति भावः॥ २१॥

यं योगं चेति। चस्त्वर्थे। यं तु योगं लब्ध्वा, ध्येयस्य परमात्मस्वरूपस्य निःसमाभ्यधिकतया, निरतिशयानन्दतया; स्वेतरसमस्तवस्तुविलक्षणतया च, योगस्यास्य वैलक्षण्यं तुशब्दाभिप्रेतम्। लाभमिति। लौकिकं लाभम्, लोकदृष्ट्या लाभम्। न मन्यते- न गणयति। यद्यपि योगसमये आत्मानुभवे विलीनस्य योगिनो न सुखदुःखयोः प्रसङ्गः, तदानीं वृत्त्यन्तरविलयात्। अथापि योगकालादन्यत्र योगतो व्युत्थितोऽयं लौकिकं किमप्यावैरिञ्चं सुखं तृणायैव मन्येत। एवं दुःखोपनिपातैरपि महद्भिर्नैव क्षोभमाप्नोतीति भावः॥ २२॥

वियुज्यतेऽनेनेति वियोगः—वियोजकः, इत्यभिप्रेत्य व्याचष्टे—वियोगकर इत्यर्थ इति। "साधने साध्योपचारात् वियोग उच्यते" इति परे।

"अभावस्य भावरूपतया दुःखवियोगो योग एव। यथा—पटस्य शुक्लता कार्ष्ण्याभावलक्षणा। एवमानन्दमये आत्मनि निमग्नस्य समाधिलक्षणो यश्चित्तस्य वृत्तिविशेषः, स दुःखवियोगादनन्य एव" इति केचित्।

अध्यवसायेनेति। "गुरुमुखादधिगतोऽयं योगो नियतं मम श्रेयसे भविष्यती"ति दृढाध्यवसायेनेत्यर्थः। आरम्भेऽध्यवसाय इव अनिर्वेदश्चानिष्पत्त्यपेक्षते इति व्याचष्टे-तत्रेति। क्लेशेति। कालदैर्घ्यस्याप्युपलक्षकम्।

भूयो व्याख्यायते—योगोऽयं समाधिलक्षणः स्वरूपतो योगसंज्ञां लभते। चित्तस्य उपरतसकलेतरवृत्तिकस्यात्मन्येव नियोजनं हि योगः। फलतस्तु वियोगो दुःखानाम्। तस्यास्याध्यवसायोऽनिर्वेदश्चात्यन्तमावश्यकः। "अनेन श्रेय" इति यावन्नाध्यवसायः,

भाष्यम्-

यतो यतो निश्चरति मनश्चञ्चलमस्थिरम् ।
ततस्ततो नियम्यैतदात्मन्येव वशं नयेत् ॥ २६ ॥

चञ्चलम्-चञ्चलस्वभावतया अस्थिरं मनः, यतो यतो-ध्येयस्वरूपं परित्यज्य यत्र यत्र ध्येयेतरवस्तुषु, निश्चरति-धावति। ततस्ततः-तस्मात्तस्मात् तत्र दोषदृष्ट्या, एतन्मनो, नियम्य-प्रत्याहृत्य, आत्मन्येव-स्वक्षेत्रज्ञ एव, परमात्मन्येव वा। वशं नयेत्-निश्चलं कुर्यात् ॥ २६ ॥

एवमभ्यसन् योगी उत्तमं योगसुखं प्राप्नोतीत्याह-प्रशान्तेति ।

प्रशान्तमनसं ह्येनं योगिनं सुखमुत्तमम् ।
उपैति शान्तरजसं ब्रह्मभूतमकल्मषम् ॥ २७ ॥

शान्तरजसम्—एवमभ्यासेन निवृत्तरजोगुणम्, अत एव पशान्तमनसम्—ध्येये निश्चलमानसम्, अकल्मषम्—दग्धसमग्रकल्मषम्, ब्रह्मभूतम्-ध्यानाभ्यासेनाक्षरब्रह्मसाधर्म्यं गतम्, एनं योगिनम्, उत्तमम्-योगप्राप्यं ब्रह्मानुभवरूपं, सुखम् कर्तृ, उपैति। उक्तलक्षणैर्विशिष्टो योगी सुखरूपं ब्रह्मानुभवं प्राप्नोतीत्यर्थः ॥२७॥

पुनस्तदेवाह—युञ्जन्निति ।

युञ्जन्नेवं सदात्मानं योगी विगतकल्मषः ।
सुखेन ब्रह्मसंस्पर्शमत्यन्तं सुखमश्नुते ॥ २८ ॥

एवम्-उक्तरीत्या, आत्मानम्-मनः, युञ्जन्-ध्येये स्थिरीकुर्वन्, तेन विगतकल्मषः-विगतप्राक्तनाधुनिकाशेषदोषो योगी, ब्रह्मसंस्पर्शम्-ब्रह्मसाक्षात्काररूपम्, अत्यन्तम्-अत्यधिकम्, सुखम्-आनन्दम्, सुखेन—अनायासेन, सदा अश्नुते-प्राप्नोतीत्यर्थः ॥२८॥

अथ पक्वयोगिनां स्थितिभेदान् वदति-सर्वेति ।

सर्वभूतस्थमात्मानं सर्वभूतानि चात्मनि ।
ईक्षते योगयुक्तात्मा सर्वत्र समदर्शनः ॥ २९ ॥

योगयुक्तात्मा-योगेन समाधिना, युक्तः, आत्मा-मनो यस्य सः।

શ્લોકાર્થ-

અને ધૈર્યથી સ્થિર કરેલી બુદ્ધિથી ધીરે ધીરે વિષયોથી ઉપરામ પામે.અને મનને આત્મસ્વરૂપમાં સમ્યક્ પ્રકારે સ્થિર કરીને તે સિવાય બીજુ કાંઇ પણ ન સંભારે.

આમ કરવા છતાં પણ અસ્થિર અને અતિ ચંચળ મન જે જે ઇન્દ્રિયદ્વારા બહાર પ્રસરે, ત્યાંથી ત્યાંથી તેને નિયમમાં કરીને આત્મસ્વરૂપમાં અથવા પરમાત્મસ્વરૂપમાં વશ–સ્થિર કરે. ॥ ૨૪–૨૬ ॥

આવા પ્રશાન્ત મનવાળા, મલીન ભાવથી રહિત થયેલા, કામાદિક વિકારરૂપ કલ્મષથી રહિત અને બ્રહ્મરૂપ થયેલા એ યોગીને સર્વોત્તમ સુખ પ્રાપ્ત થાય છે. ॥ ૨૭ ॥

ભાવાર્થ—

હવે–આમ અભ્યાસ કરતાં જ્યારે પ્રાચીન સંસ્કારને લીધે તે યોગાભ્યાસથી ચિત્ત ચળાયમાન થાય ત્યારે ફરીથી વારંવાર ધૈર્યથી સુસંસ્કારવાળા બુદ્ધિબળથી તે ચિત્તને વશ કરે એમ તેનો ઉપાય કહી બતાવે છે —

ધૈર્યથી વશ કરેલી બુદ્ધિને ધીરે ધીરે ધ્યેય વસ્તુ સિવાયની બીજી સર્વ વસ્તુઓના ચિન્તવનથી ઉપરામ પમાડે. અને પોતાના મનને આત્મસ્વરૂપમાંજ સ્થિર કરીને તે ધ્યેય–આત્મતત્ત્વ સિવાયની બીજી કોઇ પણ વસ્તુને ન સંભારે. ॥ ૨૫ ॥

એમ કરતાંય મન સ્થિર ન થાય તો તે મનની ચંચળતા નિવારણ કરવાનો ઉપાય કહી બતાવે છે —

ચંચળ સ્વભાવને લીધે અતિ અસ્થિરતાવાળું મન ધ્યેયસ્વરૂપ આત્મતત્ત્વનો પરિત્યાગ કરીને જ્યાં જ્યાં ધ્યેય વસ્તુ સિવાયની બીજી વસ્તુઓમાં દોડયા કરે છે, તે વસ્તુઓ થકી તેમાં દોષદૃષ્ટિ કરાવીને, એ મનને નિયમમાં કરી પાછું વાળીને, પોતાના ક્ષેત્રજ્ઞ–આત્મસ્વરૂપમાંજ, અથવા પરમાત્મસ્વરૂપમાંજ સ્થિર કરીને વર્તાવે. ॥ ૨૬ ॥

આ પ્રમાણે અભ્યાસ કરતાં કરતાં એ યોગી ઉત્તમ યોગ સુખને પામે છે એમ કહી બતાવે છે —

આ પ્રમાણે અભ્યાસ કરવાથી નિવૃત્તિ પામ્યો છે રજોગુણ જેનો અને તેથીજ ધ્યેયસ્વરૂપ પરમાત્મામાં જેનું મન અતિ સ્થિર થયેલું છે. દગ્ધ–નષ્ટપ્રાય થઇ ગયાં છે સમગ્ર કલ્મષ–પાપ જેનાં અને આત્મસ્વરૂપનો ધ્યાનાભ્યાસ કરવાથી અક્ષર બ્રહ્મના સાધર્મ્યને પામેલો. એવા એ યોગીને યોગસાધના કરવાથી પ્રાપ્ત થતું બ્રહ્માનુભવરૂપ સર્વોત્કૃષ્ટ સુખ પ્રાપ્ત થાય છે. અભિપ્રાય એ છે કે–ઉપર કહેલાં લક્ષણોએ સમ્પન્ન યોગી પુરૂષ સર્વોત્કૃષ્ટ સુખરૂપ બ્રહ્મસ્વરૂપના અનુભવ–આનંદને પામે છે. ॥ ૨૭ ॥

ફરીથી–બીજે પ્રકારે એજ વાત કહી બતાવે છે —

ઉપર કહી બતાવ્યું એ પ્રકારે પોતાના મનને ધ્યેય સ્વરૂપમાં સ્થિર કરતો થકો અને તેમ કરવાથીજ નાશ પામી ગયા છે પ્રાકતન અને આધુનિક સમગ્ર દોષ-

भाष्यम्–

ब्रह्मरूपस्वात्मसमाधिनिष्ठ इति भावः। एवम्भूतो योगी सर्वत्र–सर्वेषु शुभाशुभकर्मसमधिगतोत्कृष्टनिकृष्टदेहेषु जीवेषु। समदर्शनः–समम् प्रकृत्युत्पन्नविषमदेहतो विलक्षणानामपि जीवानां स्वरूपतः स्वभावतश्च तुल्यं दर्शनं यस्य तथाभूतः सन्, आत्मानम्–स्वस्वरूपम्, सर्वभूतस्थम्-सर्वेषु भूतेषु समतया स्थितम्, ईक्षते-पश्यति। आत्मनि–स्वात्मनि च, सर्वभूतानि समभावेन ईक्षते। तथा च श्रुतिः–"यस्तु सर्वाणि भूतान्यात्मन्येवानुपश्यति। सर्वभूतेषु चात्मानं न ततो विजुगुप्सते" इति ॥ २९ ॥

ब्रह्मभावं प्राप्तस्य योगिनः स्थितिमुक्त्वा इदानीमक्षरात्परे परमात्मनि सर्वेश्वरे स्थितिं प्राप्तस्य रीतिमाह—य इति।

यो मां पश्यति सर्वत्र सर्वं च मयि पश्यति।
तस्याहं न प्रणश्यामि स च मे न प्रणश्यति ॥ ३० ॥

यः–पुरुषोत्तमस्वरूपे प्राप्तसमाधिर्योगी, सर्वत्र–सर्वेषु सर्वज्ञाल्पज्ञसकलक्षेत्रज्ञप्रकृतितत्कार्येषु, नियन्तृतया स्थितं मां वासुदेवम्, पश्यति—मत्तोऽनन्यमन्तर्दृष्ट्या मामेव प्रत्यक्षमीक्षते। तथा च प्रमाणानि–"मया ततमिदं सर्वं जगदव्यक्तमूर्तिना" इति स्मृतिः। "योऽक्षरे तिष्ठन्नक्षरमन्तरो यमक्षरं न वेद यस्याक्षरः शरीरम् योऽक्षरमन्तरो यमयति" इति। "य आत्मनि तिष्ठन् आत्मनोऽन्तरो यमात्मा न वेद यस्यात्मा शरीरम् य आत्मानमन्तरो यमयति स त आत्मान्तर्याम्यमृतः" इति। यः सर्वेषु भूतेषु तिष्ठन् सर्वेभ्यो भूतेभ्योऽन्तरो यं सर्वाणि भूतानि न विदुर्यस्य सर्वाणि भूतानि शरीरम् यः सर्वाणि भूतान्यन्तरो यमयति एष त आत्मा अन्तर्याम्यमृतः" इत्याद्याः श्रुतयश्च। मयि पुरुषोत्तमे च सर्वं चिदचिद्वस्तु स्थितं पश्यति, मम योगैश्वर्ये सर्वं स्थितमीक्षते इत्यर्थः। तथा च प्रमाणम्–"न च मत्स्थानि भूतानि पश्य मे योगमैश्वरम्" इति वक्ष्यमाणवचनम्। तस्य—एवं मां पश्यतो योगिनः सर्वकमनीयमनोहरमूर्तिः पुरुषोत्तमोऽहं न प्रणश्यामि—दृष्टयगोचरो न भवामि, सदा प्रत्यक्षो भवा-

શ્લોકાર્થ-

આ પ્રમાણે સદાય પરમાત્મસ્વરૂપમાં જોડાનાર યોગી સઘળાં કલ્મષથી રહિત શુદ્ધ બનીને પરમાત્મસાક્ષાત્કારથી પ્રાપ્ત થતા આત્યન્તિક–નિરવધિક સુખનો અનુભવ સુખેથી–અનાયાસે કરે છે. ॥ ૨૮ ॥

યોગયુક્ત આત્મા જેનો થયેલો છે એવો સિદ્ધ યોગી સર્વત્ર સમદર્શનવાળો થઇને સર્વ ભૂત પ્રાણીમાત્રમાં સમ ભાવે રહેલા પોતાના આત્માને જુએ છે. અને સર્વ ભૂતોને પોતાના આત્મામાં સમ ભાવે જુએ છે. ।

અને જે મને સર્વમાં જુએ છે. અને સર્વ મારામાં છે એમ જુએ છે. તો તેવા સમ્યક્ દર્શનવાળા પરમ જ્ઞાની ભક્તને હું કયારેય અગોચર રહેતો નથી. અને તે જ્ઞાની ભક્ત કયારેય મને અગોચર રહેતો નથી. ॥ ૨૯–૩૦ ॥

ભાવાર્થ-

માત્ર જેના, એવો યોગી પરબ્રહ્મના સાક્ષાત્કારરૂપ નિરવધિક સુખ–આનંદને, સુખેથી–અનાયાસેજ સદાય પામે છે–અનુભવ્યા કરે છે. ॥ ૨૮ ॥

હવે—પકવ-સિદ્ધ થયેલા યોગીપુરૂષોની સ્થિતિના ભેદ કહી બતાવે છે —

યોગ એટલે ચિત્તની એકાગ્રતારૂપ સમાધિએ કરીને દેહાદિકથી પર એવા આત્મસ્વરૂપને વિષે સર્વથા જોડાયેલો છે આત્મા–મન જેનું, એટલે કે–બ્રહ્મરૂપ સ્વાત્મસ્વરૂપમાં સમાધિનિષ્ઠ થઇને વર્તતો એ અભિપ્રાય છે. આવા પ્રકારનો યોગી, શુભ–અશુભ કર્મથી પ્રાપ્ત થયેલા સારા–નરસા દેહવાળા સર્વ જીવાત્માઓમાં સમદર્શનવાળો થયેલો, અર્થાત્–પ્રકૃતિના ગુણોથી કર્માનુસારે ઉત્પન્ન થયેલા વિષમ શરીરોને લીધે વિલક્ષણ જણાતા એવાય પણ જીવાત્માઓનું સ્વરૂપથી અને સ્વભાવથી પણ તુલ્ય દર્શન જેને થયેલું છે, એવો થકો પોતાના આત્માને સર્વ ભૂતોમાં સમાનપણે રહેલો જુએ છે. અને વળી તે યોગી પોતાના આત્મામાં સર્વ ભૂતોને સમાનપણે જુએ છે. તે પ્રમાણે શ્રુતિવચન પણ છે–" જે તો ઉપાસક સર્વ ભૂતોને આત્મામાંજ સમભાવે જુએ છે. અને આત્માને સર્વ ભૂતોમાં સમાન ભાવે જુએ છે. તેથી તે કોઇના તરફ તિરસ્કારદષ્ટિ નથી કરતો." ॥ ૨૯ ॥

આ પ્રમાણે બ્રહ્મભાવને પામેલા યોગીની સ્થિતિ કહીને, હવે–અક્ષરથી પર પરમાત્મા સર્વેશ્વર પરબ્રહ્મ પુરૂષોત્તમના સ્વરૂપમાં સ્થિતિ પામેલા યોગીની રીતિ કહી બતાવે છે —

પુરૂષોત્તમ ભગવાનના સ્વરૂપમાં સમાધિ પામેલો જે યોગી સર્વત્ર–સર્વજ્ઞ અલ્પજ્ઞ એવા સર્વ ક્ષેત્રજ્ઞો, તથા પ્રકૃતિ અને તેનાં કાર્યભૂત સમગ્ર બ્રહ્માણ્ડોમાં સર્વના નિયન્તાપણે રહેલા મને વાસુદેવને જુએ છે, એટલે કે—મારાથી અનન્યપણે અન્તર્દષ્ટિથી મનેજ પ્રત્યક્ષ જુએ છે, જુઓ ! તેવાં પ્રમાણ–વચનો પણ છે–" અવ્યક્તમૂર્તિ એવા મેંજ આ સઘળું જગત્ વિસ્તારેલું અને વ્યાપેલું છે." આવું સ્મૃતિવચન છે. ।

मीत्यर्थः। स च योगी मे न प्रणश्यति—ममाप्रत्यक्षो न भवति, तस्याहं प्रत्यक्षो भूत्वा सदा कृपाकटाक्षेण प्रेक्षे इत्यर्थः॥ ३०॥

ततोऽपि पक्वदशां प्राप्तं भगवद्भक्तं वदति-सर्वभूतेति।

सर्वभूतस्थितं यो मां भजत्येकत्वमास्थितः।
सर्वथा वर्तमानोऽपि स योगी मयि वर्तते॥ ३१॥

एकत्वम्—यो मया प्रत्यक्षतया प्राप्तः स एक एव सर्वेषां स्वावताराणां कारणमस्तीत्येकभावम्, आस्थितः—आश्रितः, यः सर्वभूतस्थितं सर्वान्तर्यामिणं मां वसुदेवनन्दनमेव, सर्वथा—सर्वप्रकारैः पुत्रत्वमित्रत्वपतित्वेष्टत्वाभीष्टत्वमातृत्वपितृत्वादिभावैः। भजति—सेवते, स योगी हर्षशोकादिव्याकुलेऽस्मिन् लोके वर्तमानोऽपि, प्रकृतिपराक्षरधामस्थिते मय्येव वर्तते॥ ३१॥

उक्तयोर्द्विविधभक्तयोर्मध्ये यः सर्वप्राण्यनुकम्पी, स श्रेष्ठ इत्याह—आत्मौपम्येनेति।

आत्मौपम्येन सर्वत्र समं पश्यति योऽर्जुन!।
सुखं वा यदि वा दुःखं स योगी परमो मतः॥ ३२॥

यो मद्भक्त आत्मौपम्येन-स्वतुल्यतया, सुखं यदि वा दुःखम्, सर्वत्र-सर्वेषु जन्तुषु समं पश्यति, यथा मम सुखं प्रियं दुःखमप्रियम्, तथा अन्येषामपि भवतीति ज्ञात्वा सर्वेषां सुखं यथा स्यात्तथा वर्तते, न तु कस्यापि दुःखोत्पादको भवतीत्यर्थः। स दयालुर्योगी परमः-उत्कृष्टो मतः-ममाभिमत इत्यर्थः॥ ३२॥

उक्तलक्षणं योगं दुष्करं मन्वानोऽर्जुनः पृच्छति-योऽयमिति।

अर्जुन उवाच-

योऽयं योगस्त्वया प्रोक्तः साम्येन मधुसूदन!।
एतस्याहं न पश्यामि चञ्चलत्वात्स्थितिं स्थिराम्॥३३॥

हे मधुसूदन! साम्येन-सिद्ध्यसिद्ध्योर्मानापमानयोराजन्यरङ्कजीवयोः, कमनीयाकमनीयविषयेषु च तुल्यत्वेन। योऽयं योगः-ध्येये चित्तवृत्तिनिरोधलक्षणः समाधिः, त्वया प्रोक्तः। एतस्य

શ્લોકાર્થ—

અને આવું એકત્વ-સમદર્શન પામેલો જે જ્ઞાની ભક્ત સર્વ ભૂતમાં વાસ કરી રહેલા મને સર્વ પ્રકારે ભજે છે, તો તે યોગી આ લોકમાં વર્તતો હોવા છતાં સદાય મારામાંજ વર્તે છે. ॥ ૩૧ ॥

માટે હે અર્જુન ! સર્વ પ્રાણીમાત્રમાં જે પોતાની ઉપમાથીજ સુખ અથવા તો દુઃખને સમાનપણે જુએછે-માને છે. તો તેજ પરમ-સર્વોત્કૃષ્ટ યોગી માનેલો છે. ॥૩૨॥

ભાવાર્થ—

“ જે અક્ષરમાં રહે છે અને અક્ષરની અંદર પણ છે, જેને અક્ષર નથી જાણતું, જેનું અક્ષર શરીર છે, જે અક્ષરને અંદર રહ્યા થકા નિયમન કરે છે. ” “ જે આત્મામાં રહે છે અને આત્માથી જુદા-વ્યતિરેક પણ છે, જેને આત્મા નથી જાણતો, જેનું આત્મા શરીર છે, જે આત્માને અંદર રહ્યા થકા નિયમન કરે છે. તે તારા આત્મા અન્તર્યામી અમૃતસ્વરૂપ પરમાત્મા છે. ” જે સર્વ ભૂતોમાં રહે છે છતાં સર્વ ભૂતોથી ન્યારો છે, જેને સર્વ ભૂત જાણતાં નથી, જેનું સર્વ ભૂત શરીર છે, જે સર્વ ભૂતોને અન્દર રહીને નિયમન કરે છે, એ તારા આત્મા અન્તર્યામી અમૃતસ્વરૂપ પરમાત્મા છે. ” એ આદિક શ્રુતિઓ પણ છે. ।

અને મારે પુરૂષોત્તમને વિષે સઘળું ચિત્-અચિત્ વસ્તુમાત્ર રહેલું છે એમ જુએ છે, અર્થાત્-મારા યોગૈશ્વર્યમાં સઘળું વિશ્વ રહેલું છે એમ જુએ છે. તેમાં પ્રમાણભૂત -“ સર્વ ભૂતો મારામાં રહેલાં છે છતાં મારામાં નથી, એવું મારૂં ઐશ્વર્ય—ઇશ્વરપણાને સૂચવનારૂં યોગસામર્થ્ય છે, તેને તું જો ! ” એવું આગળ કહેવામાં આવનારૂં વચન છે.

તે આ પ્રમાણે મને જોનારા-અનુભવનારા યોગીને સર્વને અતિ કમનીય મહામનોહરમૂર્તિ એવો હું પુરૂષોત્તમ ક્યારેય દૃષ્ટિને અગોચર નથી વર્તતો,અર્થાત્-તેને હું સદાય પ્રત્યક્ષજ વર્તું છું. અને તે યોગી પણ ક્યારેય મને અગોચર નથી થતો, એટલે કે-તે યોગીને હું પ્રત્યક્ષ વર્તીને સદાય કૃપાકટાક્ષથી જોયા કરૂં છું. એ અભિપ્રાય છે. ॥ ૩૦ ॥

હવે-તેથી પણ પકવ દશાને પામેલા ભગવદ્ભક્તનું વર્ણન કરી બતાવે છે—લક્ષણોથી ઓળખાવે છે—

જે મેં પ્રત્યક્ષપણે પામેલા છે એજ એક પોતાના સર્વ અવતારોના કારણ છે, એવું એકત્વ ૧ આશરેલો જે ઉપાસક યોગી, સર્વ ભૂતમાં વાસ કરી રહેલા સર્વાન્ત-

---

૧-ભૂતકાળમાં અને ભવિષ્યકાળમાં થયેલા અને થનારા ભગવાનના સર્વ અવતારો મારા ઇષ્ટદેવ પ્રત્યક્ષ પ્રભુ **શ્રીહરિનાજ** છે. પણ એ સિવાય બીજો કોઇ એ અવતારનો ધરનાર નથી. એવી ચોકખી સમઝણ પામેલો.

टीका—

तावन्नैव प्रवृत्तिः सुखाय, अनेककालसाध्यतया फलविलम्बेन निर्वेदश्च विरोधी पुनः पुनः समुद्भवेत्, तदनिर्विण्णेन भाव्यम्। तदिदं प्राधान्येनोपदिश्यते श्लोकेऽस्मिन् ॥२३॥

सङ्कल्पात् प्रभवो येषामिति। वासनया भवति सङ्कल्पो—मयेदं भोक्तव्यमिति। ततः कामभोगाय प्रवर्तते। तत् योगे प्रवर्तमानेन सङ्कल्पप्रभवाः कामा अशेषतः समूलम्—सवासनं त्याज्याः। ते हि परिपन्थिनो योगस्येति भावः। त्यागश्च तेषां दृढवैराग्येणैव सम्पाद्य इत्याह—वैराग्येणेति। दुर्घटः स्वरूपतस्त्यक्तोऽपि मनःपथान्नापेयादसति वैराग्ये अशेषत इत्यनेन विवक्षितमाह—समूलमिति। मूलं च वासना। अनेन—"शान्तो दान्त उपरत" इत्यत्र श्रूयमाणोपरतिरुक्ता। अथ शान्तो दान्त इत्येतदाह-मनसैवेति। तत्तादिन्द्रियद्वारोपरोधमात्रेण नेन्द्रियाणि विनिगृहीतानि स्युः, निमील्य नयने, समुपरुद्ध्य कर्णपुटे, प्रवृत्तो योगाय मनसा स्मरन् अर्थान् मिथ्याचारः स उच्यते। तत् विवेकयुक्तेन मनसा परितः प्रसर्पदिन्द्रियग्रामं संयम्य स योगो योक्तव्य इति भावः। मनसैवेति। यन्मनोऽनुधावदिन्द्रियाणि बन्धाय भवति। तदेव मनो विवेकसुसंस्कृतं तानीन्द्रियाणि विनिगृहीतुमीष्टे इति भावः ॥ २४ ॥

यदेति। उपरतेन शान्तेन दान्तेन योगो योक्तव्य इत्युक्तं पूर्वश्लोके, उपरमश्च न सहसा सिद्ध्येत्। वासनावात्या बुद्धिमितस्ततश्चालयति, ततश्च भवति विषयोपरागोऽस्याः, कथं स्यादुपरतिः? तत् वशीकृतया बुद्ध्या शनैः शनैरुपरमेदित्याहेति भावः। धृतिः—धैर्यम्, तेन गृहीतयेति। ध्रियतेऽनयेति धृतिः, सा च विरक्तिरभ्यासश्च, "अभ्यासेन तु कौन्तेय! वैराग्येण च गृह्यते" यथा यथा वैराग्यमभ्यासश्च वर्धेत, तथा तथोपरतिरपि सुदृढा स्यात्, तत् धृतिगृहीतया बुद्ध्या शनैः शनैरुपरमेत्। विवेकसम्पन्नापि बुद्धिर्वासनाधूसरा सति विषयसन्निधाने सपदि तमनुरज्येत। पुनः पुनर्विषयदोषसंशीलनेन दृढीभूतेन वैराग्येण, ततः प्रतिनिवर्तनाभ्यासेन च, अप्रकम्पस्वभावतालक्षणं धैर्यं बुद्धेरापाद्योपरमेत् क्रमात् सर्वत इति भावः। आत्मन्यवस्थितं मनः कृत्वा अन्यन्न किञ्चिच्चिन्तयेदित्यनेन "योगश्चित्तवृत्तिनिरोधः" इति पातञ्जलसूत्रमपि व्याख्यातम्। वृत्तिमात्रोन्मूलनं योगः, चित्तवृत्तिनिरोधो ह्ययमेवेति मन्यन्ते केचित्, तदा योग इति पदं स्वार्थविधुरमापतेत्। निरोध इत्यप्यर्थविधुरं वचः, रोधो ह्यन्यतः, न तु स्वस्थानादपि नियामितात्। गोष्ठे रुणद्धि गाम्, यथायथं धावन्तीं गां प्रतिरुणद्धि गोष्ठेऽवस्थाप्य। तद्वत् इतस्ततो धावन्मनः आत्मन्येवावस्थाप्य न किञ्चिदपि चिन्तयेत्। तत् इतरेभ्यः प्रतिनिवर्त्य आत्मन्येवावस्थापनं योग इति ॥ २५ ॥

मनसश्चञ्चलतानिवारणप्रकारमाहेति। उक्तमात्मसंस्थं मनः कृत्वेति। मनसश्चञ्चलस्वभावतया आत्मैकनिष्ठतापादनं केन प्रकारेण स्यादित्यत्राहेति भावः। चञ्चलमित्यस्थिरत्वे हेतुगर्भं विशेषणमित्यभिप्रेत्य व्याचष्टे—चलस्वभावतयेति। अस्थिरम्—स्थैर्यरहितम्। यतो यत इति। सप्तम्यर्थे तसिप्रत्ययमभिप्रेत्य व्याचष्टे—यत्र यत्रेति। भावार्थो वायम्—यतः शब्दादेर्निमित्तान्निश्चरति ध्येयाद्बहिरित्यर्थः। दोषदृष्ट्येति। यमर्थमनुधावति मनः, तत्र दोषं बुद्ध्या परिशील्य वशं नयेदिति भावः। शनैः शनैरुपरमेदित्येतदेव पूर्वोक्तमनेन व्याख्यातं भवति ॥ २६ ॥

टीका—

एवमभ्यासेनेति। विषयदोषानुचिन्तनपूर्वकवशीकरणाभ्यासेन शान्तरजसम्। अत एवेति। रजसि शान्ते प्रशाम्यति मनः, अकल्मषम्-व्यपेतवासनाकल्मषम्। ब्रह्मसाधर्म्यं गतमिति। विशुद्धेन स्वेन रूपेणावस्थितमित्यर्थः। यद्यपि परञ्ज्योतिरुपसम्पद्य स्वेन रूपेणाभिनिष्पद्यते, अथाप्यत्रैव ध्यानाभ्यासबलेनापरोक्षानुभवलक्षणोऽयं ब्रह्मभावः। इदमेवाभिप्रेत्याह-ध्यानाभ्यासेनेति। उपैति-प्रशान्ते मनसि स्वयमेवोपैति॥ २७॥

आहेति। विविच्येति शेषः, विवेचयतीति यावत्। संस्पर्शः-सम्यक् स्पर्शः, कोऽयममूर्तस्य स्पर्शः? मनसैव। स चापरोक्षानुभव एव। तदिदमभिप्रेत्य व्याचष्टे— ब्रह्मसाक्षात्काररूपमिति। अत्यधिकमिति। अनवधिकमिति यावत्॥ २८॥

स्थितिभेदानिति। परिपाकतरतमभावेन दशाभेदानित्यर्थः। युक्त इति। भावमाह-ब्रह्मरूपेति। शुभाशुभेति। देवादिवैषम्यं प्रारब्धोपलब्धदेहनिष्ठम्, अविकृते ज्ञानैकघने आत्मनि तु न तत्। सर्वेष्वपि देहेषु ते समाः—अविषमाः, देहादिभेदेनात्मन उपचयमपचयं च पश्यतां स्वरूपतः स्वभावतोऽपि वैषम्यदृष्टिर्वर्जनीया, नैसर्गिकेनाकारेणायमणुर्विज्ञानमयः, अप्रकम्पविज्ञानप्रभावश्च, अच्छेद्योऽदाह्योऽक्लेद्यश्च। एवं परस्परमात्मनां वैषम्याभावात्साम्यदृष्टिरियं भवति योगिनामिति भावः॥२९॥

ब्रह्मभावमिति। ब्रह्मणो भावः स्वभावः, अपहतपाप्मत्वादिलक्षणं साधर्म्यमिति यावत्। प्राप्तस्येति। प्राप्तिश्चेयं समाधावनुभवलक्षणा। अक्षरात्परे इति। परत्वमिह प्रकृष्टता, प्रकृष्टता च विप्रकृष्टाप्राकृतदेशविशेषस्थितिलक्षणा नित्यमुक्तसूरिवृन्दसेव्यत्वलक्षणा मुक्तोपसम्पद्यत्वलक्षणा। मत्तोऽनन्यामिति। "यः सर्वेश्वरो वासुदेवः स तु सगुणं ब्रह्म, अतिपातितसकलैश्वर्यं निर्विशेषमेव तु सर्वान्तरं तत्त्वम्" इति यो निर्विशेषपरब्रह्मवादः स चानेन निरस्तः। अन्तर्दृष्ट्येति। समाधिसमयसमुन्मिषितया मानसदृष्ट्येत्यर्थः। अन्तर्यामित्वे प्रमाणान्युदाहरति—"योऽक्षरे तिष्ठन्" इत्यादिना। तिष्ठन्निति बहिर्व्याप्तिरुक्ता, अन्तर इत्यनेनान्तर्व्याप्तिरुक्ता। "अन्तर्बहिश्च तत् सर्वं व्याप्य नारायणः स्थितः" इति। "अन्तरो यमयती"त्यनेन शरीरलक्षणं निर्व्यूढं भवति। यस्य चेतनस्य यद् द्रव्यं सर्वात्मना नियन्तुं शक्यं तत्तस्य शरीरमिति हि तल्लक्षणम्। सर्वस्य चिदचित्प्रपञ्चस्य परमात्मनि स्थितिः केयम्? किं कलशे बदरस्येवाधाराधेयभाव? इत्यत्राह—ममेति। शरीरं हि शरीरिणा विधृतं तिष्ठति, शरीरी हि शरीरस्य सत्ताधायकः। तत् आत्मतयावस्थितेन मया विधृतम्। तस्मात्सर्वाणि मदाधारकानि पश्यतीत्यर्थः। प्रणाशश्चात्र अदर्शनमात्रमित्यभिप्रेत्य व्याचष्टे--दृष्ट्यगोचरो नेति। सर्वज्ञस्य सर्वेश्वरस्य न किमप्यस्त्यप्रत्यक्षम्, कोऽयं विशेषः स च मे न प्रणश्यतीति, तत्राह— तस्याहमित्यादिना॥ ३०॥

ततोऽपि पक्वेति। सर्वावतारमूलतया तदपरोक्षानुभवोऽत्र प्रकर्षोऽभिप्रेतः। एकत्वमित्यनेन विवक्षितमेकत्वं व्याचष्टे—सर्वेषां स्वावताराणामित्यादिना। सर्वथेत्यस्य भजतीत्यनेनान्वयमभिप्रेत्य व्याचष्टे--सर्वप्रकारैरित्यादिना। शेषपूरणेन वर्तमान इति पदं व्याचष्टे—हर्षशोकादिव्याकुले इत्यादिना। प्रकृतीति। प्रकृतेर्यत्परमक्षरं धाम, तत्र स्थित इत्यर्थः॥ ३१॥

भाष्यम्-

योगस्य मयि स्थिरां दीर्घकालिकां स्थितिमहं न पश्यामि। कुतः? मनसश्चञ्चलत्वात्॥ ३३॥

मनसश्चञ्चलत्वं निरूपयति—चञ्चलमिति।

चञ्चलं हि मनः कृष्ण! प्रमाथि बलवद् दृढम्।
तस्याहं निग्रहं मन्ये वायोरिव सुदुष्करम्॥ ३४॥

हे कृष्ण! चञ्चलम्-प्रकृत्यैव चपलम्, प्रमाथि च-देहेन्द्रियप्रमथनशीलम्, तेषां क्षोभकमित्यर्थः। बलवच्च-शास्त्रज्ञैरपि विचारेण वशीकर्तुमशक्यम्, दृढं च-विषयासक्तत्त्वाज्ज्ञैर्दुर्भेदम्, एतादृशं मनो भवति ततस्तस्योक्तलक्षणैर्युक्तस्य मनसो निग्रहम्-ध्येये निरोधम्, वायोरेकत्र प्रदेशे निग्रहमिव। सुदुष्करम्-सर्वथा वशीकर्तुमशक्यम्, मन्ये। हि—निश्चितम्। मनोनिग्रहस्य दुष्करत्वात्तन्निग्रहोपायं मे वदेत्यभिप्रायः॥ ३४॥

एतादृशस्य मनसो निग्रहोपायं वर्णयञ्छ्रीभगवानुवाच—असंशयमिति।

श्रीभगवानुवाच-

असंशयं महाबाहो! मनो दुर्निग्रहं चलम्।
अभ्यासेन तु कौन्तेय! वैराग्येण च गृह्यते॥ ३५॥

हे महाबाहो! मनः चलम्—चञ्चलम्, चलस्वभावाद्दुर्निग्रहम्-दुःखेन गृहीतुं वशीकर्तुमशक्यमिति यत्त्वयोक्तं तदसंशयम्—निःसंशयमेवास्ति, तथापि हे कौन्तेय! अभ्यासेन-पूर्वोक्तयोगरीतिसत्समागमसद्धर्मभगवन्माहात्म्यज्ञानादिगुणानां पुनः पुनरनुशीलनेन, वैराग्येण च-प्राकृतवस्तुषु दोषदृष्टया च, योगिजनैरेवम्भूतं मनो गृह्यते-वशीक्रियते। अभ्यासवैराग्याभ्यां लयविक्षेपशून्यत्वान्मनः ध्येये भगवत्स्वरूपे तिष्ठतीति भावः। तथा प्रमाणम्-"लये सम्बोधयेच्चित्तं विक्षिप्तं शमयेत्पुनः। सकषायं विजानीयात् समप्राप्तं न चालयेत्"॥ इति योगशास्त्रवचनम्॥ ३५॥

શ્લોકાર્થ-

અર્જુન પૂછે છે-હે મધુસૂદન ! જે આ સમ ભાવથી રાખવાનો સામ્ય યોગ તમે મને કહ્યો, એ સામ્ય યોગની સ્થિર સ્થિતિ હું મનની ચંચળતાને લીધે જોઇ શકતો નથી. ।

કારણ કે-હે કૃષ્ણ ! મન ખરેખર ચંચળ, તોફાની, અતિ બળવાન અને અતિ દૃઢ છે, માટે તે મનનો નિગ્રહ કરવો તેતો સર્વતોગામી વાયુનો નિગ્રહ કરવા જેવું અતિ દુષ્કર કાર્ય છે એમ હું માનું છું. ॥ ૩૩-૩૪ ॥

ભાવાર્થ-

ર્યામી મને વસુદેવનન્દનનેજ સર્વ પ્રકારથી, એટલે કે-પુત્ર ભાવથી,મિત્ર ભાવથી, પતિ ભાવથી, ઇષ્ટ ભાવથી, અભીષ્ટ ભાવથી, માતૃ ભાવથી અને પિતૃ ભાવથી, એ આદિક હર કોઇ ભાવથી, ભજે છે-સેવે છે. તે યોગી હર્ષ-શોકાદિક અનેક વિકારોથી આકુળ-વ્યાકુળ વર્તતા આ લોકમાં વર્તે છે રહેલો છે, તો પણ તે માયાથી પર અક્ષર ધામમાં અખંડ વિરાજમાન એવા મારામાંજ વર્તે છે. ॥ ૩૧ ॥

ઉપર કહેલા બન્ને પ્રકારના ભક્તો મધ્યે જે ભક્ત સર્વ ભૂત પ્રાણીમાત્ર ઉપર અનુકમ્પા—કૃપાપૂર્ણ સ્નેહ રાખનારો છે, તે શ્રેષ્ઠ છે એમ કહી સમઝાવે છે —

જે મારો ભક્ત પોતાની ઉપમાથીજ પોતાની તુલ્યતાએજ સુખ અથવા તો દુઃખ સર્વ જન્તુમાત્રમાં સમપણે જુએ છે, અર્થાત્-જેમ મને સુખ સારૂં લાગેછે. અને દુઃખ અપ્રિય લાગે છે. તેજ પ્રમાણે બીજાઓને પણ થાય છે એમ જાણી—સમઝીને સર્વ પ્રાણીમાત્રને જેમ સુખ થાય તે પ્રમાણેજ વર્તે છે, પણ કોઇ પણ પ્રાણીને દુઃખ ઉત્પન્ન કરનારો થતો નથી એ અભિપ્રાય છે. તે દયાળુ યોગી સર્વથી શ્રેષ્ઠ મેં માનેલો છે—મને બહુજ પ્રિય અભિમત છે. ॥ ૩૨ ॥

ઉપર કહેલાં લક્ષણવાળા યોગને અતિ દુષ્કર માનીને અર્જુન પૂછે છે —

અર્જુન પૂછે છે-હે મધુસૂદન ! સિદ્ધિ-અસિદ્ધિમાં, માન-અપમાનમાં, તેમજ-રાજા અને રંકમાં, તથા સારા-નરસા વિષયોમાં પણ, સમપણે વર્તવાથી સિદ્ધ થતો જે આ યોગ-ધ્યેય આત્મતત્ત્વમાં ચિત્તવૃત્તિના નિરોધરૂપ સમાધિ, તમોએ કહી બતાવ્યો, એ સમાધિયોગની મારામાં ઘણો વખત સ્થિર સ્થિતિ હું નથી જોતો. કારણ કે-મનની અતિ ચંચળતા છે માટે. ॥ ૩૩ ॥

હવે મનની ચંચળતા નિરૂપણ કરી બતાવે છે —

હે કૃષ્ણ ! સ્વભાવથીજ અતિ ચપળ, તેમજ દેહ અને ઇન્દ્રિયોને અતિ મથન કરવાના સ્વભાવવાળું. અર્થાત્-દેહ ઇન્દ્રિયોને અતિ ક્ષોભ કરનારૂં. અને શાસ્ત્રજ્ઞ પુરૂષોએ પણ વિચાર-આત્મવિચાર વિગેરે સાધનોથી પણ વશ કરવામાં બહુજ અશકય. અને વળી—વિષયોમાં અતિ આસક્ત—આતુર હોવાથી મનુષ્યોએ પાછું વાળીને

भाष्यम्-

तदेव स्फुटं दर्शयति-असंयतेति ।

असंयतात्मना योगो दुष्प्राप इति मे मतिः ।
वश्यात्मना तु यतता शक्योऽवाप्तुमुपायतः ॥ ३६ ॥

असंयतात्मना-अभ्यासवैराग्याभ्यामसंयतोऽवशीभूत आत्मा मनो यस्य तेन जनेन, योगः दुष्प्रापः-दुःखेन प्राप्तुमशक्यः, इत्येवंरूपा मे मतिः—मम निश्चयः। उपायतः, अभ्यासवैराग्याभ्यां साधनाभ्यां यतता-यत्नं कुर्वता, वश्यात्मना—जितमनसा योगिना तु योगोऽवाप्तुं शक्यः ॥ ३६ ॥

एतादृशस्य योगस्य माहात्म्यं ज्ञातुकामः पार्थः पृच्छति—अयतिरिति ।

अर्जुन उवाच—

अयतिः श्रद्धयोपेतो योगाच्चलितमानसः ।
अप्राप्य योगसंसिद्धिं कां गतिं? कृष्ण ! गच्छति ॥३७॥

श्रद्धया—योगेनैव मे मोक्षो भविष्यतीति विश्वासेन प्रथममुपेतः-युक्तः,योगे प्रवृत्त इत्यर्थः। अयतिः-योगसाधनेषु शिथिलयत्नः, योगाच्चलितमानसः—अभ्यासशिथिलत्वात् प्राकृतविषयासक्त्या च योगात् योगाभ्यासात् चलितं भ्रष्टं मानसं यस्य सः । योगसंसिद्धिम्—योगनिष्पत्तिं फलपर्यन्ताम्, अप्राप्य हे कृष्ण! काम् ?—कीदृशीं ? गतिं प्राप्नोति ॥ ३७ ॥

तदेव पुनर्विस्तारेण वदति-कच्चिदिति ।

कच्चिन्नोभयविभ्रष्टश्छिन्नाभ्रमिव नश्यति ।
अप्रतिष्ठो महाबाहो ! विमूढो ब्रह्मणः पथि ॥३८॥

उभयविभ्रष्टः-उभाभ्यां स्वर्गमोक्षाभ्यां साधनवैपरीत्येन भ्रष्टः-चलितः, फलानुसन्धानरहितानां शुभकर्मणां स्वर्गपुत्रादिफलाप्रापकत्वान्मोक्षसाधनाभ्यासशैथिल्याच्च स्वर्गान्मोक्षाच्च भ्रष्ट इत्यर्थः। छिन्नाभ्रमिव कच्चित् न नश्यति? कच्चिदिति संशये,वायुना विच्छिन्न-

શ્લોકાર્થ-

શ્રી ભગવાન કહે છે-હે મહાબાહો !-અર્જુન ! મનનો નિગ્રહ કરવો તે અતિ દુષ્કર છે. અને તે અતિ ચંચળ છે.એ વાત નિઃસંશય એમજ છે. તો પણ હે કૌન્તેય ! અભ્યાસ અને વૈરાગ્યથી તે વશ કરી શકાય છે. ॥ ૩૫ ॥

જેનું મન વશમાં નથી એવા પુરૂષે તો એ પરમાત્મયોગ દુષ્પ્રાપ છે, એમ મારો મત—નિશ્ચય છે. પણ વશ્ય મનવાળાએ તો અભ્યાસ અને વૈરાગ્યરૂપ ઉપાયથી પ્રયત્ન કરતાં પામવાને શકયજ છે. ॥ ૩૬ ॥

ભાવાર્થ-

પોતાના વશમાં રાખવામાં અતિ કઠિન એવું મન છે. માટે ઉપર કહેલાં લક્ષણ—સ્વભાવે યુકત મનનો નિગ્રહ જે ધ્યેય વસ્તુમાં નિરોધ કરવો, તે તો જેમ સર્વતોગામી વાયુનો એક સ્થળમાં નિગ્રહ કરવો અતિ દુષ્કર છે,તેજ પ્રમાણે અતિ દુષ્કર છે, એટલે કે—એ મનને સર્વથા વશ કરવું એ કાર્ય અતિ અશકય છે. એમ હું નિશ્ચેજ માનું છું. માટે મનોનિગ્રહની અતિ દુષ્કરતા હોવાથી તેના નિગ્રહનો ઉપાય મને કહો એ અભિપ્રાય છે. ॥ ૩૪ ॥

આવા અજેય મનના નિગ્રહનો ઉપાય વર્ણન કરતાં ભગવાન શ્રીકૃષ્ણ કહેછે—

હે મહાબાહો ! મન ચંચળજ છે. અને ચંચળ સ્વભાવનું હોવાથીજ ઘણા કષ્ટથી પણ વશ કરવાને માટે અશકયજ છે, એમ જે તેં કહ્યું તે ખરેખર નિઃસંશય એમજ છે. તો પણ હે કુન્તીપુત્ર અર્જુન ! અભ્યાસથી એટલે કે—પૂર્વે કહેલી યોગાભ્યાસ કરવાની રીતિ, સત્પુરૂષોનો સમાગમ, સદ્ધર્મનું આચરણ અને ઉપાસ્ય ઇષ્ટદેવ ભગવત્સ્વરૂપના માહાત્મ્યનું સમ્પૂર્ણ જ્ઞાન, એ આદિક ગુણોનું વારંવાર અનુશીલન—સતત સદભ્યાસ કરવાથી.અને પ્રાકૃત ગુણમય વસ્તુઓમાં નાશવંતપણા વિગેરેની દોષદૃષ્ટિરૂપ વૈરાગ્ય ભાવનાની દૃઢતાએ કરીને, યોગીજનોએ આવી રીતનું મન વશ કરાય છે.

અભિપ્રાય એ છે કે—અભ્યાસ અને વૈરાગ્યને લીધે લય અને વિક્ષેપથી રહિતપણું હોવાથી મન ધ્યેયાકાર ભગવત્સ્વરૂપમાં સ્થિર થઇને રહે છે. તે પ્રમાણે કહેનારૂં પ્રમાણ—"ચિત્ત શૂન્યભાવને પામે ત્યારે તેને જાગૃત કરે અને વિક્ષેપ પામે ત્યારે વળી શાન્ત કરે. અને અંદર રહેલા કષાય—વિકારોએ સહિત એ મનને યથાર્થ જાણે. અને સમાન સ્થિતિને પામે ત્યારે ધ્યેયાકાર તત્ત્વ થકી એને ચલાયમાન ન કરે." એમ યોગશાસ્ત્રનું વચન છે. ॥ ૩૫ ॥

તે વાતનેજ સ્પષ્ટપણે કહી બતાવે છે—

પૂર્વે કહેલો અભ્યાસ અને વૈરાગ્ય એ બન્ને સાધનોથી જેણે પોતાનું મન સ્વવશમાં નથી કર્યું તેવા જનોએ યોગ ઘણા કષ્ટથી પણ નથી પામી શકાતો.એવા પ્રકારનો મારો દૃઢ નિશ્ચય છે. અને અભ્યાસ અને વૈરાગ્યરૂપ સાધનોથી પ્રયત્ન કરનારા અને

भाष्यम्-

मभ्रशकलं महदभ्रमप्राप्यैव किं नश्यति ? किं वा न नश्यतीत्यर्थः । तामेवोभयभ्रष्टतां दर्शयति-हे महाबाहो ! अप्रतिष्ठः-स्वर्गादिप्राकृत-फलेषु नास्ति प्रतिष्ठा स्थितिर्यस्य सः । ब्रह्मणो-हरेः प्राप्तिसाधन-भूते पथि-मार्गे, मूढः-वैचित्त्यं गत इति यावत् ॥ ३८ ॥

अथ स्वसंशयस्य छेदनोपायं पृच्छति-एतदिति ।

एतन्मे संशयं कृष्ण ! छेत्तुमर्हस्यशेषतः ।
त्वदन्यः संशयस्यास्य छेत्ता न ह्युपपद्यते ॥ ३९ ॥

हे कृष्ण ! मे मम, एतत्-एनं, संशयम्-सन्देहम्, अशेषतः-समग्रतया, छेत्तुम्-अपनेतुम्, त्वमर्हसि । त्वत्-सर्वज्ञाद्भवतः, अन्यः-अपरः, अस्य संशयस्य छेत्ता-निवर्तको, नोपपद्यते, हि-निश्चितम् ॥ ३९ ॥

पार्थसन्देहं निवारयञ्छ्रीभगवानुवाच-पार्थेति ।

श्रीभगवानुवाच-

पार्थ ! नैवेह नामुत्र विनाशस्तस्य विद्यते ।
न हि कल्याणकृत् कश्चिद्दुर्गतिं तात ! गच्छति ॥४०॥

हे पार्थ ! तस्य-योगभ्रष्टस्य, इह लोके विनाशो नैव विद्यते,अमुत्र-परलोकेऽपि विनाशो निरयपातो न विद्यते। हि-यस्मात्,कल्याण-कृत्-मोक्षसाधनभूतसत्कर्मकर्ता कश्चिदपि पुरुषः, दुर्गतिं न गच्छति-असद्गतिं न प्राप्नोति। हे तातेति लोकोक्तिप्रकारेणोपलालनाय सम्बोधनम् ॥ ४० ॥

ननु-तर्हि स कुत्र गच्छतीत्याशङ्कायामाह-प्राप्येति ।

प्राप्य पुण्यकृतां लोकानुषित्वा शाश्वतीः समाः ।
शुचीनां श्रीमतां गेहे योगभ्रष्टोऽभिजायते ॥ ४१ ॥

पुण्यकृद्भिः-सोमयागादिशुभकर्मकारिभिः, प्राप्यान् लोकान् प्राप्य,तत्र शाश्वतीः समाः-बहुकालम्,उषित्वा-स्थित्वा,यादृशभोगे-च्छया योगात्पतितस्तादृशान् भोगान् भुक्त्वेति यावत् । शुचीनाम्-

શ્લોકાર્થ-

અર્જુન પૂછે છે—હે કૃષ્ણ ! શ્રદ્ધાએ યુક્ત થકો યોગમાં પ્રવર્તે, પણ પ્રયત્ન નહિ કરતાં અધવચ યોગથી મન ચળી જાય, તો તે યોગની પૂર્ણ સિદ્ધિને નહિ પામતાં શી ગતિને પામે છે. ? ॥

હે મહાબાહો ! –શ્રી કૃષ્ણ ! યોગમાં પ્રતિષ્ઠા નહિ પામેલો અને બ્રહ્મપ્રાપ્તિના માર્ગમાં વિમૂઢ બનીને પડેલો એમ બન્ને તરફથી ભ્રષ્ટ થયેલો તે સાધક શું છૂટા પડેલા વાદળના ટુકડાની પેઠે નાશ પામી જાય છે ? ॥

હે કૃષ્ણ ! આ મારો સંશય તમે સમગ્રપણે છેદવાને યોગ્ય છો. કારણ કે–તમારા સિવાય બીજો કોઇ આ મારા સંશયનો છેદનાર મને જણાતો નથી. ॥૩૭–૩૯॥

ભાવાર્થ-

એમ કરવાથી પોતાના મનને જીતનારા યોગીજનોએ તો એ યોગ પ્રાપ્ત કરવાને શકય થાય છે. ॥ ૩૬ ॥

હવે–આવા યોગનો મહિમા જાણવાની ઇચ્છાવાળો પૃથાપુત્ર અર્જુન ભગવાનને પૂછેછે—

"યોગ સાધવાથીજ મારો મોક્ષ થશે." એવા વિશ્વાસથી પ્રથમ તો યોગમાર્ગમાં જોડાયેલો,એટલે કે–યોગમાર્ગમાં પ્રવર્તેલો. પણ યોગનાં સાધનો-યમનિયમાદિક સાધવામાં શિથિલ પ્રયત્નવાળો અને અભ્યાસની શિથિલતાને લીધે, તેમજ પ્રાકૃત વિષયોમાં આસક્તિને લીધે યોગાભ્યાસ કરવામાંથી જેનું મન ચળાયમાન થઇને ભ્રષ્ટ થયેલું છે.તો એવો પુરૂષ યોગસિદ્ધિને નહિ પામતાં હે કૃષ્ણ ! તે શી–કેવા પ્રકારની દશાને પામે છે ? ॥૩૭॥

એ પ્રશ્નનેજ ફરીથી વિસ્તારથી પૂછે છે —

સાધનની વિપરીતતાને લીધે સ્વર્ગ અને મોક્ષ એ બન્નેથી ચળાયમાન થઇને ભ્રષ્ટ થયેલો. એટલે કે–ફળાનુસન્ધાન વિનાનાં શુભ કર્મ સ્વર્ગપુત્રાદિક ફળ પમાડનારાં થતાં નથી માટે, અને મોક્ષના સાધનોમાં અભ્યાસની શિથિલતાને લીધે સ્વર્ગથી અને મોક્ષથી પણ ભ્રષ્ટ થયેલો એ પુરૂષ છિન્ન ભિન્ન થયેલા વાદળની પેઠે નાશ પામી જાય છે શું ? અર્થાત્–મહામેઘમાંથી વાયુએ જુદો પાડી દીધેલો વાદળનો કટકો પછી મોટા મેઘસમૂહને નહિ પામીનેજ જેમ એમ શું નાશ પામી જાય છે ? કે નથી નાશ પામતો ? હવે તે ઉભય-ભ્રષ્ટતાને કહી બતાવે છે–હે મહાબાહો ! સ્વર્ગાદિક પ્રાકૃત ફળોમાં પ્રતિષ્ઠા--સ્થિતિ નહિ પામેલો.અને ભગવત્પ્રાપ્તિના સાધનભૂત મોક્ષમાર્ગમાં પણ મૂઢ–વિચિત્ત બની ગયેલો એ અભિપ્રાય છે ॥ ૩૮ ॥

હવે–પોતાના સંશયના છેદનનો ઉપાય પૂછે છે–

હે કૃષ્ણ ! મારો આ સંશય સમગ્રપણે છેદન કરવા માટે આપજ યોગ્ય છો. સર્વજ્ઞ આપ સિવાય બીજો કોઇ આ સંશયનો છેદનાર–નિવૃત્તિ કરનારો નથીજ મળતો. એ નિશ્ચિત છે. ॥ ૩૯ ॥

टीका-

द्विविधयोरिति। यः सर्वान्तरात्मत्वेन भजति, यश्च सर्वावतारमूलत्वेन भजति, तयोर्मध्य इत्यर्थः। सर्वेषां सुखमेव करोतीति। सुखायैव यतते इति यावत्। यथाय-मात्मन आध्यात्मिकादित्रिविधसन्तापदुःखमसह्यं मत्वा तन्निवारणाय यतते, तथा यः परेषामपि दुःखनिवारणाय यतेत, स एव परमो योगी मत इति निगूढाशयः॥ ३२॥

उक्तलक्षणं योगमिति। विषमदेहयोगेऽपि आत्मनामवैषम्यदर्शनलक्षणं, सर्वा-न्तर्यामिणः परमात्मनः सर्वत्र दर्शनलक्षणं चेत्यर्थः। सिद्ध्यसिद्ध्योरिति। यद्यप्यत्र योगप्रकरणे विहितं समदर्शनं विषमदेहयोगतो विविधं दृश्यमानानामपि स्वरूपतः स्वभावतश्चावैषम्यदर्शनरूपमेव। न तु सिद्ध्यसिद्ध्योर्दृष्टिसाम्यम्। तद्धि कर्मयोगाङ्गम्, व्याख्यातं च समदर्शनपदमत्र प्राक्। अथापि तदप्यात्मस्वरूपसाम्यानुसन्धानं विना नैव सिद्ध्यतीत्यभिप्रायेण तस्याप्यत्र क्रोडीकरणं बोध्यम्। राजन्यरङ्कजीवयोरिति। इदं विषमदेहयोगमात्रोपलक्षकम्। चञ्चलत्वादिति। प्रकृत्या चञ्चलत्वादित्यर्थः।

भूयो व्याख्यायते—योऽयं ज्ञानयोगो विसजातीयप्रत्ययानन्तरितः स्वात्मैक-प्रत्ययप्रवाहलक्षणस्त्वया प्रोक्तस्तस्य स्थिरां स्थितिं नैवाहं सम्भावयामि। प्रकृत्या मनो हि चञ्चलम्, कथं स प्रत्ययप्रवाहो घटेत? स च साम्येन प्रोक्तः, सर्वेषामेवात्मनां साम्यभावनागर्भः प्रोक्तः, वैषम्यमेव तु संसृतिचक्रे प्रत्यात्मं बहिर्दृश्यमानं वासनापथे दृढीभूतम्, तदिदमतिलङ्घ्य ज्ञानैकाकारं स्वरूपतः स्वभावतश्चाविषमं कः शक्नुया-न्निध्यातुम्?। साधनं मनो दुर्निग्रहम्, विषयश्चात्यन्तविलक्षणः, कथमस्य योगस्य स्थिरा स्थितिर्घटेतेति॥ ३३॥

तदेव मनश्चाञ्चल्यं निरूपयति—न केवलं प्रकृत्या चञ्चलम्, प्रमाथि च, प्रति-रुद्धान्यपि नयनादिद्वाराणि बलात्प्रमथ्य निःसरति यथायथम्। बलवच्च-न केवलं प्रमथनशीलम्, बलवच्च। ननु-प्रत्यक्षतः शास्त्रतश्च विषयदोषान्विभाव्य मनो निवर्त-यामस्तत इत्यत्राह-बलवच्चेति। विचारदृष्टिमप्यभिभूय मनो यथेच्छं धावेत्, तद्धि ततो बलवत्। ननु-बुद्ध्या विचारशीलया पुनः पुनर्विचार्य मनः प्रत्यावर्तयितुं शक्येत, तत्राह-दृढं चेति। विषयासक्तत्वादिति। अनादिकालानुस्यूतविषयवासनारूषिततया दृढमित्यर्थः। वायोरिति। सदागतिर्हि वायुः, स हि दुर्निग्रहः, तद्वदिति भावः॥३४॥

एतादृशस्य मनस इति। चञ्चलस्य प्रमाथिनो बलवतो दृढस्य मनस इत्यर्थः। अर्जुनस्याशङ्काबीजमप्रतिक्षिपन् मनोनिरोधे उपायमाहेति भावः। तथापीति। यदि दुर्निग्रहमिति निर्विण्णस्तन्निरोधे तूष्णीं भवेत्, संसरतोऽस्य नैव श्रेयसः प्रसङ्गो जात्व-पि। तत् तन्निरोधे यत्नो विधेय एव। स्यादपि पुनः पुनस्ततः प्रस्खलनम्, समुत्थाय पुनर्यत्नो विधेयः। क्रमादभ्यासेन वैराग्येण च परिपक्वेण स्थिरा स्थितिः कालेन घटेतेति भावः। अभ्यासशब्देन विवक्षितमर्थमाह-पूर्वोक्तेति। ध्येय इति। परिशुद्धात्मस्वरूपस्या-प्युपलक्षकमेतत्। उक्तार्थे प्रमाणं दर्शयति—"लये" इति॥ ३५॥

तदेव स्फुटमिति। स्वोक्तस्याभ्यासवैराग्योभयात्मकस्योपायतामन्वयव्यतिरेकाभ्यां दृढयतीति भावः। मम निश्चय इति। योगो दुष्प्राप इति मे मतिः, असंयतात्मन एव दुष्प्रापः, उपायेन यततस्तु शक्यमाप्तुमिति ममैव निश्चय इति भावः॥३६॥

टीका-

योगस्य माहात्म्यं ज्ञातुकाम इति । ननु-प्रश्नस्तु "कां गतिं कृष्ण ! गच्छति ?" "कच्चिन्नोभयविभ्रष्टो नश्यति ?" इति सामान्यतः प्रवर्तते, प्रश्नोऽयं निष्फलत्वसफलत्वान्यतमजिज्ञासामेव गमयति, तत् कथमुच्यते योगस्य माहात्म्यं जिज्ञासमानः पृच्छतीति । सत्यम्, पूर्वं कर्मयोगनिरूपणावसरे " नेहाभिक्रमनाशोऽस्ति प्रत्यवायो न विद्यते । स्वल्पमप्यस्य धर्मस्य त्रायते महतो भयात् " ॥ इति कर्मयोगात् प्रस्खलितस्यापि महाभयनिवर्तकत्वं माहात्म्यं भगवता प्रोक्तम् । एवं सति योगस्यास्य कैमुतिकन्यायेन सफलत्वं सम्भावयन्नयं भगवन्मुखतस्तन्माहात्म्यं विशेषतः श्रोतुकामः पृच्छति— " कां गति " मिति । तद्युक्तमवतरणं " माहात्म्यं जिज्ञासमान " इति । अत एव " छिन्नाभ्रमिव किं नश्यति ? " इति न प्रश्नः, किन्तु— " कच्चिन्न नश्यति ? " इति प्रश्नः साफल्यजिज्ञासां गमयन् प्रवर्तते । फलपर्यन्तामिति । आत्मसाक्षात्कारलक्षणसमाधिपर्यन्तामित्यर्थः ॥ ३७ ॥

पुनर्विस्तारेणेति । कां गतिमिति सामान्यतः प्रदर्शितां जिज्ञासां विशेषेण प्रदर्शयतीति यावत् । साधनवैपरीत्येनेति । स्वर्गादौ साधनं कामनाप्राप्तं कर्तृत्वभोक्तृत्वाद्यभिमानरूषितं कर्म, मुमुक्षायां तद्विहाय तद्विपरीते मोक्षसाधने प्रवृत्तः, प्रवृत्तश्च चित्तवृत्तिनिरोधे, तद्विपरीतविषयवासनाकृष्टः प्राप्नोति पुनस्ततोऽपि वैपरीत्यम्, तेनानेन साधनवैपरीत्येनेत्यर्थः । तदिदं वैपरीत्यमुपपादयति-फलानुसन्धानरहितानामित्यादिना। स्वर्गान्मोक्षाच्चेति । स्वर्गमार्गान्मोक्षमार्गाच्च भ्रष्ट इति यावत् । एतेन तदप्राप्तस्य कस्ततो भ्रंश इति शङ्का निरस्ता । नश्यतीत्यत्र छिन्नाभ्रमिवेत्येतत् व्यतिरेकनिदर्शनम्, नश्यतीत्यत्र तु अन्वयनिदर्शनम् । नाशश्चात्र सत्ताहानिः, सत्ता च मनुष्यस्य शास्त्रवश्यतया, शास्त्रं तु शास्ति हिताय द्वावेव पन्थानावपथाद्वारयत्, एकं श्रेयःपथमपरं निःश्रेयसपथम् । कर्मपथाज्ज्ञानपथाच्च तस्मात्प्रच्युतो ह्यपथे प्रसर्पन् जातु पश्वादिवत् यथायथं चेष्टमानेऽनर्थमप्याप्नुयात् । सेयमस्य सत्ताहानिरेव । ईदृशी दुर्दशा तस्य काच्चिन्न स्यादिति निगूढः—प्रश्नाशयः । इममेव निगूढमाशयमस्य विज्ञाय भगवान् प्रवदति— " नैवेह नामुत्र विनाशस्तस्य विद्यते " इति । वैचित्त्यमिति । वासनासमपहृतचेता इति यावत् ॥३८॥

नोपपद्यते इति । सर्वज्ञाद्भवतोऽन्यस्मिन् मदीयसंशयनिवारणशक्तिर्न घटते इति भावः ॥३९॥

सन्देहं निवारयन्निति । सन्देहश्चास्य न केवलमर्थहानौ, किन्त्वनर्थागमे च । उभयविभ्रष्ट इति अर्थहानिराशङ्किता, कच्चिन्नश्यतीत्यनेनानर्थश्च ह्याशङ्कितः । तत्र प्रथममनर्थाशङ्कां निवारयति "पार्थ नैवेहे"ति । विनाशः-अनर्थान्वयः । मोक्षसाधनेति । लोके यः कल्याणं करोति न तस्य दुर्गतिरिति तु प्रथितम्, कल्याणतमस्यास्य निःश्रेयससाधनस्य कर्ता नैव दुर्गतिमत्र च न प्राप्नोतीत्यत्र किमु वक्तव्यमिति भावः । "प्रत्यवायो न विद्यते" इति प्रागुक्तः कर्मयोगस्य महिमा इह-" नैवेह नामुत्र विनाशस्तस्य विद्यते" इति ज्ञानयोगे स महिमा प्रोक्तः । ४० ॥

भाष्यम्-

शुद्धाचारवतां, श्रीमताम्—योगानुष्ठानयोग्यानां लक्ष्मीवताम्, गेहे योगभ्रष्टोऽभिजायते ॥ ४१ ॥

स्वल्पकालाभ्यस्तयोगात्प्रच्युतस्य योगिनो गतिमुक्त्वा, इदानीं बहुकालाभ्यस्तयोगात्प्रच्युतस्य गत्यन्तरमाह—अथवेति ।

अथवा योगिनामेव कुले भवति धीमताम् ।
एतद्धि दुर्लभतरं लोके जन्म यदीदृशम् ॥ ४२ ॥

अथवा-पक्षान्तरे, योगस्य पक्वदशां प्राप्य जनः पतितश्चेत्तर्हि, योगिनाम्-योगं साधयताम्, धीमताम्-योगं शिक्षयताम्, कुले एव। भवति—जन्म प्राप्नोतीत्यर्थः । योगार्हाणां शुद्धजनानां योगारूढानां योगिनां च कुले ईदृशं द्विविधं यज्जन्म, तदेतत् लोके-अस्मिन् मर्त्यलोके, दुर्लभतरम् हि—अतिशयदुष्प्रापमेव ॥ ४२ ॥

तदनन्तरं किमित्यत्राह—तत्रेति ।

तत्र तं बुद्धिसंयोगं लभते पौर्वदेहिकम् ।
यतते च ततो भूयः संसिद्धौ कुरुनन्दन ! ॥ ४३ ॥

तत्र—द्विविधजन्मनि, तम्—पौर्वदेहिकम्, प्राग्देहाभ्यस्तम्। बुद्धिसंयोगम्—आत्मपरमात्मप्रापकविवेकयुक्तधीसम्बन्धम्, योगभ्रष्टो लभते-प्राप्नोति। हे कुरुनन्दन ! ततः-एतादृशजन्मप्राप्त्यनन्तरम्, सुप्तजागरितन्यायेन भूयः-पुनः,संसिद्धौ-योगफलनिमित्तम्,यतते च-स पुनरन्तरायैर्यथा न हन्यते तथैव प्रयत्नं करोतीति भावः ॥ ४३ ॥

तत्र हेतुमाह—पूर्वेति ।

पूर्वाभ्यासेन तेनैव ह्रियते ह्यवशोऽपि सः ।
जिज्ञासुरपि योगस्य शब्दब्रह्मातिवर्तते ॥ ४४ ॥

तेन पूर्वाभ्यासेन-पूर्वकृतयोगाभ्यासेन, सः-योगभ्रष्टः, अवशोऽपि—देहदैहिकाधीनत्वात् परवशोऽपि, योगसाधने एव ह्रियते-नीयते । पूर्वदेहकृतयोगाभ्यासो मोक्षसाधनं प्रति तं बलेन नयतीति योगमाहात्म्यमित्यर्थः । योगं जिज्ञासुरपि—योगसाधनेष्वप्रवृत्तस्त-

શ્લોકાર્થ-

શ્રી ભગવાન કહેછે-તેનો આ લોકમાં અને પરલોકમાં પણ વિનાશ-માર્ગથી ભ્રષ્ટ થતોજ નથી.કારણકે-હે તાત! કલ્યાણના સાધનમાં પ્રવર્તેલો કોઈ દુર્ગતિને પામતોજ નથી. ॥ ૪૦ ॥

પણ તે તો પુણ્યશાળીના લોકોને પામીને ત્યાં ઘણા કાળ વસીને અને પછી એ યોગભ્રષ્ટ પુરૂષ શ્રીમન્તને ઘેર અવતરે છે.

અથવા તો મહાબુદ્ધિમન્ત યોગીજનોના કુળમાંજ પ્રગટ થાય છે. અને આવું જે જન્મ મળવું તે આ લોકમાં અતિ દુર્લભમાં દુર્લભ મનાય છે. ॥ ૪૧-૪૨ ॥

ભાવાર્થ—

હવે-પૃથાપુત્ર અર્જુનનો સન્દેહ નિવારણ કરતા થકા ભગવાન શ્રીકૃષ્ણ કહે છે—

શ્રી ભગવાન કહે છે-હે પાર્થ ! તે યોગભ્રષ્ટનો આ લોકમાં વિનાશ નથી થતો. તેમ પર લોકમાં પણ વિનાશ એટલે નરકપાત નથી થતો. કારણ કે—મોક્ષના સાધન-ભૂત સત્કર્મ કરનારો કોઈ પણ પુરૂષ દુર્ગતિ એટલે અસદ્ગતિને નથીજ પામતો. હે તાત ! આવું વ્હાલભર્યું સંબોધન લોકમાં બોલાતા પ્રકારથી ઉપલાલન માટે છે. ॥૪૦॥

નનુ-શંકા, ત્યારે તે કયાં-કયા લોકમાં જાય છે? એ શંકાના સમાધાનમાં કહે છે-

સોમયાગાદિક શુભ કર્મ કરનારા જનોએ પામવા યોગ્ય લોકને પામીને ત્યાં ઘણાં વરસો—બહુ કાળ વાસ કરીને, જેવા ભોગની ઇચ્છાથી યોગથી પડી ગયેલો હોય તેવા પ્રકારના ભોગ ભોગવીને એમ સમજવું.શુદ્ધ આચાર વિચારવાળા અને યોગાનુષ્ઠાન કરવાને યોગ્ય એવા વૈભવશાળી સમ્પત્તિમાન પુરૂષોને ઘેર યોગભ્રષ્ટ પુરૂષ ઉત્પન્ન થાય છે. ॥ ૪૧ ॥

આ પ્રમાણે સ્વલ્પ કાળ અભ્યાસ કરેલા યોગાનુષ્ઠાનથી ભ્રષ્ટ થયેલા યોગીની ગતિ કહીને, હવે--બહુ કાળ અભ્યાસ કરેલા યોગથી ભ્રષ્ટ થયેલા યોગીની બીજી ઉત્તમ ગતિ કહી બતાવે છે—

અથવા--યોગાભ્યાસની પકવ દશાને પામીને મનુષ્ય જો પડી ગયેલો હોય, તો-યોગસાધના કરનારા અને યોગાનુષ્ઠાન શીખવાડનારા બુદ્ધિમાન પુરૂષોના જનોના કુળમાં, તેમજ—યોગમાં પૂરેપૂરા પ્રવર્તી ગયેલા યોગીજનોના કુળમાંજ જન્મ પામે છે. યોગાભ્યાસમાં યોગ્ય એવા શુદ્ધ જનોના, તેમજ-યોગારૂઢ યોગી પુરૂષોના કુળમાં આવું બન્ને પ્રકારનું જે જન્મ તે આ મર્ત્યલોકમાં અતિશય દુર્લભજ છે, એમ જાણવું. ॥ ૪૨ ॥

આવો જન્મ પામ્યા પછી શું ? એમ શંકા ઉઠાવીને કહે છે —

તે બન્ને પ્રકારના જન્મમાં તે પૂર્વદેહે અભ્યાસ કરેલા બુદ્ધિસંયોગને, એટલે કે – આત્મા પરમાત્માના સ્વરૂપનો સાક્ષાત્કાર કરાવનારા વિવેકવાળી બુદ્ધિના સંબંધને યોગભ્રષ્ટ પુરૂષ પામે છે.:હે કુરૂનન્દન! એવો દુર્લભ જન્મ પ્રાપ્ત થયા પછી

भाष्यम्—

ज्ज्ञातुकामोऽपि, शब्दब्रह्म-वेदम्, अतिवर्तते-वेदोक्तकर्मफलान्यतिक्रम्य वर्तते। तेभ्योऽधिकफलप्रापकं कर्मयोगादिकं साधनं कृत्वा योगारूढो भूत्वा परमात्मैकान्तिकीं भक्तिं प्राप्नोतीत्यर्थः। यर्हि जिज्ञासोरेवं तर्हि योगसाधने प्रवृत्तस्य किमु? वक्तव्यमिति भावः॥४४॥

पुनस्तदेव दर्शयति—प्रयत्नादिति।

प्रयत्नाद्यतमानस्तु योगी संशुद्धकिल्बिषः।
अनेकजन्मसंसिद्धस्ततो याति परां गतिम्॥ ४५॥

प्रयत्नात्-प्रयत्नम्, योगाभ्यासायासम्, आलम्ब्य यतमानः-यत्नं कुर्वाणः, अत एव संशुद्धकिल्बिषः-विधूतयोगविरोधिपापः, अत एव अनेकजन्मसंसिद्धः—योगाभ्यासयुक्तैरनेकजन्मभिः संसिद्धः—निष्पन्नयोगः, योगी, ततः-योगप्राप्त्यनन्तरम्, पराम्-सर्वोत्कृष्टाम्, भगवदेकान्तिकभक्तिरूपां गतिं याति—प्राप्नोतीत्यर्थः॥ ४५॥

सर्वशुभसाधनकृद्भ्य उक्तस्य योगिनः श्रेष्ठत्वं दर्शयन्नाह—तपस्विभ्य इति।

तपस्विभ्योऽधिको योगी ज्ञानिभ्योऽपि मतोऽधिकः।
कर्मिभ्यश्चाधिको योगी तस्माद्योगी भवार्जुन!॥४६॥

तपस्विभ्यः-चान्द्रायणादिव्रतकृद्भ्यः, उक्तो योगी, अधिकः-श्रेष्ठो मतः। ज्ञानिभ्योऽपि—शास्त्रज्ञानवद्भ्योऽपि, सोऽधिको मतः। कर्मिभ्यश्च-वर्णाश्रमोचिताश्वमेधादिकर्मकृद्भ्यः, स योगी अधिकः। तस्मात् हे अर्जुन! त्वं योगी भव!॥ ४६॥

ननु—बहुविधा योगिन उक्ताः, तेषु कं योगिनं भवान् वक्ति? इत्याशङ्कायामाह—योगिनामिति।

योगिनामपि सर्वेषां मद्गतेनान्तरात्मना।
श्रद्धावान् भजते यो मां स मे युक्ततमो मतः॥ ४७॥

इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे अभ्यासयोगो नाम षष्ठोऽध्यायः॥ ६॥

શ્લોકાર્થ-

અને તે પ્રાપ્ત થયેલા જન્મમાં પૂર્વ દેહના સંસ્કારસિદ્ધ તે બુદ્ધિસંયોગને પામે છે. હે કુરૂનન્દન ! આવો જન્મ પામીને પછી યોગસિદ્ધિ મેળવવા માટે ફરીથી પ્રયત્ન કરે છે. ॥ ૪૩ ॥

અને પૂર્વ જન્મના અભ્યાસબળથીજ તેને ઇચ્છા ન હોય તો પણ પરવશપણેજ તે તરફ આકર્ષણ થાય છે. આમ પરમાત્મયોગનો જીજ્ઞાસુ જન પણ શબ્દ બ્રહ્મને અતિક્રમણ કરી જાય છે. (એવો યોગનો મહિમા છે.) ॥ ૪૪ ॥

આ રીતે પ્રયત્નપૂર્વક નિરંતર મંડયો રહેનાર યોગી પાપથી સર્વથા શુદ્ધ થઇને અનેક જન્મે સંસિદ્ધ થઇને આખરે પરમ ગતિનેજ પામે છે. ॥ ૪૫ ॥

ભાવાર્થ—

ઉંઘીને જાગેલોજ જેમ એમ એ ન્યાયથી—પ્રકારથી, ફરીથી પાછો યોગફળની સિદ્ધિ નિમિત્તે કોઇ પ્રકારનાં વિઘ્નોથી ફરીથી જેમ પરાભવ ન પામે તે પ્રમાણેજ પૂરેપૂરો પ્રયત્ન કરે છે. એમ અભિપ્રાય છે. ॥ ૪૩ ॥

એમ થવામાં કારણ કહી બતાવે છે —

પૂર્વ જન્મમાં કરેલા યોગાભ્યાસથી, તે યોગભ્રષ્ટ પુરૂષ જો કે–દેહ અને દૈહિક વસ્તુઓને આધીન હોવાથી પોતે પરવશ છે તો પણ, યોગસાધના કરવામાંજ તે આપો–આપ આકર્ષાય છે. એટલે કે–પૂર્વ દેહે કરેલો યોગાભ્યાસજ મોક્ષસાધનના પ્રત્યે તેને બળાત્કારે ખેંચી જાય છે. એવું યોગાભ્યાસનું માહાત્મ્ય–સામર્થ્ય છે. એમ અર્થ જાણવો. વળી–યોગનો જીજ્ઞાસુ એટલે પોતે યોગ સાધવામાં પ્રવર્ત્યો ન હોય અને કેવળ તેને જાણવાનીજ ઇચ્છાવાળો હોય તો પણ, શબ્દ બ્રહ્મ જે વેદ તેને અતિક્રમણ કરી જાયછે. અર્થાત્–વેદમાં કહેલાં કર્મફળને અતિક્રમણ કરીને વર્તેછે.

અભિપ્રાય એ છે કે – વેદોક્ત કર્મફળ કરતાં અધિક ફળને પમાડનારાં કર્મ યોગાદિક સાધનો કરીને યોગમાં આરૂઢ–પૂરેપૂરો પ્રવૃત્ત થઇને પરમાત્માની એકાન્તિકી ભક્તિને પામે છે. જ્યારે યોગના જીજ્ઞાસુને આવું ફળ મળે છે, તો યોગસાધનમાં પ્રવર્તેલાને આવું મહાફળ મળે એમાં તો કહેવુંજ શું ? એ તો મળેજ. ॥ ૪૪ ॥

ફરીથી એજ વાતને કહી બતાવે છે —

યોગાભ્યાસ કરવામાં એને અવલંબીનેજ નિરન્તર પ્રયત્ન કર્યા કરતો અને તેથીજ સમ્યક્ પ્રકારે ટળી ગયાં છે યોગ સાધવામાં વિરોધી પાપ જેનાં અને તેથીજ યોગાભ્યાસવાળાં અનેક જન્મે કરીને સિદ્ધ થયો છે યોગ જેને એવો એ સિદ્ધયોગી તે યોગસિદ્ધિ પ્રાપ્ત થયા પછી સર્વોત્કૃષ્ટ એવી ભગવાન શ્રીહરિની એકાન્તિકી ભક્તિરૂપ ગતિને પામે છે. એ અર્થ છે. ॥ ૪૫ ॥

સર્વ પ્રકારનાં શુભ સાધન કરનારાઓ કરતાં આ કહ્યા એવા પ્રકારના યોગીનું

भाष्यम्-

यो योगी, मद्गतेन—माम् क्षरादक्षराच्चोत्तमं वासुदेवम्, गतेन—प्राप्तेन, मत्स्मृतिं विना क्षणमात्रमपि स्थातुमशक्येनेत्यर्थः। अन्तरात्मना-सकलबाह्याभ्यन्तरवृत्त्याधारभूतेन मनसा। श्रद्धावान्-मयि अत्यधिकया प्रीत्या क्षणमात्रवियोगासहनत्वान्मत्संयोगोद्यमेऽतित्वरावान् सन्, माम्—सर्वावतारावतारिणमक्षरब्रह्माधिपं पुरुषोत्तमं वसुदेवगृहेऽवतीर्णमखिलजननयनविषयतां प्राप्तमत्यक्तस्वस्वभावं शरणागतवात्सल्यैकपयोनिधिमाश्रितार्तिनिवर्तकं देवकीनन्दनम्। भजते—सेवते, उपास्त इति यावत्। योगिनामित्यत्र पञ्चम्यर्थे षष्ठी। सामान्यविशेषधर्ममाश्रित्य निर्धारणषष्ठीविधानात्। केवलत्यागिधर्मनिष्ठेभ्यः,प्राप्तशुद्धक्षेत्रज्ञस्वरूपेभ्यश्च,अक्षरब्रह्मनिष्ठेभ्यश्च योगिभ्योऽत्यन्तविसजातीयोऽयम्। स मे-स्वतः सर्वज्ञेन मया, युक्ततमः-अतिशयेन श्रेष्ठतमो मतः। अत्यल्पत्वेन परस्परन्यूनाधिकेभ्यः सर्षपेभ्यो महागिरिवत् स सर्वेभ्योऽत्युत्कृष्टो ज्ञातव्य इत्यर्थः ॥४७॥

इति श्री परविद्यैकगोचर-परमभक्तिसमाराध्य-भगवत्सहजानन्दस्वामिशिष्याग्रगण्य—सद्गुरुवर्य—श्रीगोपालानन्दमुनिविरचिते-

श्रीमद्भगवद्गीताभाष्ये षष्ठोऽध्यायः ॥ ६ ॥

सप्तमोऽध्यायः—

यावन्तो विषया भवन्ति सकलब्रह्माण्डगोले तथा
भायेशस्य पुरे विरक्तिसहितास्तेष्वात्मनिष्ठाश्च ये।
येषां प्रीतिकरं सदैव भगवच्छ्रीमत्कृपावीक्षणम्
युक्तं तैर्निजधाम्नि तं वृषसुतं नारायणं चिन्तये ॥

षष्ठेऽध्याये प्रोक्तसाधनैः प्राप्तेन योगरूपसम्प्रज्ञातसमाधिना शुद्धक्षेत्रज्ञस्वरूपम्, अक्षरब्रह्मैक्यं वा प्राप्य, पुरुषोत्तमस्योपासनं कर्तव्यमित्युक्तम्। ततो योगभ्रष्टस्य गतिश्चोक्ता। सर्वेभ्यो भगवदेकान्तिकभक्तो योगी श्रेष्ठ इति चोक्तम्।

पूर्वाध्यायषट्केऽन्तर्गतज्ञानेन कर्मयोगेन,ज्ञानयोगप्रधानेन साङ्ख्ययोगेन च, साधनभक्त्या च शुद्धस्य क्षेत्रज्ञस्याक्षरब्रह्मणैक्यं

શ્લોકાર્થ—

માટે તપસ્વીઓ કરતાંય યોગી અધિક છે, જ્ઞાનીઓ કરતાં પણ અધિકજ માનેલો છે. તો પછી કેવળ કર્મ કરનારાઓ કરતાં તો અધિક છેજ. માટે હે અર્જુન ! તું પણ કર્મયોગી–પરમાત્મોપાસકજ થા. ॥ ૪૬ ॥

કારણ કે—બધા પ્રકારના યોગીઓના મધ્યે જે મારામાં અન્તઃકરણ પરોવીને શ્રદ્ધાવાન્ થઇને મનેજ ભજે છે, તેજ યુક્તતમ—સર્વશ્રેષ્ઠ યોગી મેં માનેલો છે. ॥ ૪૭ ॥

ઇતિ શ્રીમદ્ભગવદ્ગીતાસૂપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે શ્રીકૃષ્ણાર્જુનસંવાદે અભ્યાસયોગો નામ ષષ્ઠોઽધ્યાયઃ ॥ ૬ ॥

ભાવાર્થ—

શ્રેષ્ઠત્વ બતાવતાં કહે છે — ચાન્દ્રાયણાદિક વ્રત કરનારાઓ કરતાં આ કહ્યો એ યોગી અધિક–શ્રેષ્ઠ માનેલો છે. તેમજ–વર્ણાશ્રમને સમુચિત અશ્વમેધાદિક યજ્ઞ – કર્મ કરનારાઓ કરતાંય તે યોગી અધિક – શ્રેષ્ઠ છે. માટે હે અર્જુન ! તું પણ યોગી — સર્વ કર્મ ભગવાન શ્રીહરિને અર્પણ કરનારો કર્મયોગી થા ! ॥ ૪૬ ॥

નનુ – શંકા, યોગીઓ તો બહુ પ્રકારના કહેલા છે. તેમાં આપ હાલમાં કયા યોગીનું વર્ણન કરી રહ્યા છો ? એ આશંકાના સમાધાનમાં ભગવાન કહે છે–

જે યોગી ક્ષર અને અક્ષર થકી પણ અતિ ઉત્કૃષ્ટસ્વરૂપ એવા મને વાસુદેવને પામેલા, એટલે કે–મારા સ્મરણ સિવાય એક ક્ષણમાત્ર પણ રહેવાને અશકય એવા અન્તરાત્માથી–સર્વ બાહ્ય અને આભ્યન્તર વૃત્તિઓના આધારભૂત એવા મનથી, શ્રદ્ધાવાન્ એટલે કે–મારે વિષે અતિ અધિક પ્રીતિને લીધે મારો એક ક્ષણમાત્ર પણ વિયોગ સહન નહિ થવાથી મારો સંબંધ થવાના ઉદ્યમમાં અતિ ત્વરાવાન્ એવો થકો, સર્વ અવતારનો અવતારી, અક્ષર બ્રહ્મ – ધામનો અધિપતિ, વસુદેવને ઘેર અવતરેલો, સર્વ મનુષ્યોની નયન ગોચરતાને પામેલો, પોતાના અસાધારણ સ્વભાવને નહિ તજનારો, શરણે આવેલા પ્રાણીઓ ઉપર ઉભરાતા વાત્સલ્યનો તો એક મહાસાગરસમો, આશ્રિતોની પીડાને નિવૃત્ત કરનારો, એવો દેવકીનન્દન જે હું તે મને **પુરૂષોત્તમને** ભજે છે – અખંડ ઉપાસે છે. આવો કેવળ ત્યાગિધર્મમાં નિષ્ઠાવાળા કરતાં, શુદ્ધ ક્ષેત્રજ્ઞ સ્વરૂપના સાક્ષાત્કારને પામેલાઓ કરતાં, તેમજ અક્ષર–બ્રહ્મસ્વરૂપમાં નિષ્ઠાવાળા યોગીઓ કરતાં પણ, અત્યન્ત વિસજાતીય – વિલક્ષણ, તે ઉપાસક ભક્ત યોગી સ્વતઃ સર્વજ્ઞ એવા મેં અતિશયપણે સર્વશ્રેષ્ઠ માનેલો છે.

અભિપ્રાય એ છે કે––અતિ અલ્પપણાને લીધે પરસ્પર ન્યૂનાધિક ભાવવાળા સર્ષપો કરતાં મોટા પર્વતની પેઠે તેયોગી સર્વ યોગીઓ કરતાં અતિ ઉત્કૃષ્ટ જાણવો. ॥૪૭॥

ઇતિ શ્રી પરવિવેકગોચર – પરભક્તિસમારાધ્ય – ભગવત્સહજાનન્દસ્વામિશિષ્યાગ્રગણ્ય–સદ્ગુરૂવર્ય શ્રી ગોપાળાનન્દમુનિવિરચિતે શ્રીમદ્ભગવદ્ગીતાભાષ્યે ષષ્ઠોઽધ્યાયઃ ॥ ૬ ॥

टीका—

ननु-तर्हीति । अनर्थाशङ्कां निवार्य अथ अर्थहान्याशङ्कां निवारयति । अर्थश्चास्य योगे प्रवृत्तस्य नैःश्रेयसम्, अपरं च यदर्थवासनासमुन्मेषेणायमवशो योगात्प्रचालितः, स च विषयात्मकोऽर्थः । द्वयोरपि तयोर्न हानिरित्याहेति भावः । शुचीनामित्यनेन विवक्षितमर्थमाह—योगानुष्ठानयोग्यानामिति । एतेन नायमुभयविभ्रष्टो भवति, उभयमप्यस्य सिद्ध्यति, योगस्यैष महिमेत्यनेन नेहाभिक्रमनाशोऽस्तीत्येतदपि ज्ञापितं भवति ॥ ४१ ॥

बहुकालाभ्यस्तेति । अथवेति । व्यवस्थितविकल्पोऽयमिति भाव । विकल्पे व्यवस्थां निरूपयति-योगस्येति । साधयतामिति । अभ्यस्यतामित्यर्थः । धीमतामित्यत्र विवक्षिता धीः योगक्रमोपदेशसमर्थधीविशेष इत्यभिप्रेत्य व्याचष्टे-योगं शिक्षयतामिति ।

परानिति शेषः । अव्यवहितसमनन्तरोक्तजन्मविशेषोऽप्येतच्छब्देन सङ्ग्राह्य इत्यभिप्रेत्य व्याचष्टे—योगार्हाणामित्यादिना ॥ ४२ ॥

तं बुद्धिसंयोगमिति । येन श्रद्धा वैराग्यम् आत्मनि रतिश्च, तमित्यर्थः । इममेवार्थं मनसि निधाय व्याचष्टे-विवेकयुक्तेति ॥ ४३ ॥

तत्रेति । बुद्धिसंयोगलाभे इत्यर्थः । दैहिकाः—देहानुबन्धिनः, सत्स्वपि वैराग्योपरोधिषु गुणमयेषु भावेषु स्वरसतः कामनापथमुपनयत्सु पूर्वजन्मकृतयोगाभ्यासमहिम्ना बलाद्योग एवैनं नयतीति भावः । योगमाहात्म्यमिति । योगाभ्यासजन्यसंस्कारमहिमेत्यर्थः । कैमुतिकन्यायेनेममर्थं दृढयति-जिज्ञासुरिति । तज्ज्ञातुकामोऽपि, न युञ्जानः, नापि युक्तः, किन्तु—योगस्वरूपं नैःश्रेयससाधायकं विज्ञातुं गुरुमुपसन्नोऽपि, ततश्चलितो मृतः पुनर्जन्मनि तेनैव जिज्ञासासंस्कारेण शब्दब्रह्मातिवर्तते, किमु वक्तव्यं योगभ्रष्टो योगसंस्कारमहिम्ना पुनर्योग एव प्रवर्तते इत्यत्रेति भावः । वेदस्य किमतिवर्तनम्, तद्व्याचष्टे—वेदोक्तेति । शब्दब्रह्म—वेदः, फलवादमयो वेद इति यावत्, तमतिवर्तते । वेदवादरतो न भवतीति यावत् । इममाशयमभिप्रेत्याह—वेदोक्तेति ॥ ४४ ॥

पुनस्तदेवेति । कैमुतिकन्यायेन समर्थितं योगभ्रष्टस्य पुनर्योगे नैःश्रेयसपथे समन्वयमित्यर्थः । यतमानस्तु—तुशब्दो जिज्ञासोरस्य वैलक्षण्यं गमयति । निष्पन्नयोग इति । प्रयत्नाद्यतमानोऽपि योगी नैकस्मिन्नेव जन्मनि सिद्धिमाप्नोति । किन्तु—अन्वहमनुतिष्ठन् आयुषोऽन्तश्चलितोऽचलितो वा मृतः पुनः पूर्वसंस्कारेण तथैव यतमानो योगाभ्यासमाचरन् एवं पुनः पुनर्यावदात्मदर्शनविरोधिकिल्बिषोपशममनेकजन्मसु योगनिष्ठो भूत्वा ततोऽयं निष्पन्नयोगो भवतीति भावः । एकान्तिकभक्तिरूपां गतिमिति । गम्यतेऽनयेति गतिः, इयमेव गतिः परा, परमात्मप्रापकत्वात् । एकान्तिकभक्तिः-अनन्या भक्तिः, "भक्त्या त्वनन्यया शक्यः" । आत्मसाक्षात्कारलक्षणयोगनिष्पत्तेरिदमेव फलमिति भावः ॥ ४५ ॥

योगनिष्ठेष्वपि तपस्विशब्दप्रयोगदर्शनाद्व्याचष्टे—चान्द्रायणादीति । ज्ञानशब्दस्यात्मापारोक्ष्यरूपज्ञानपरतां व्यावर्तयन्नाह-शास्त्रेति । परोक्षज्ञाननिष्ठेभ्य इति यावत् । कर्मकृद्भ्य इति । कर्मनिष्ठेभ्य इति यावत् ॥४६॥

टीका-

बहुविधा इति । सूर्येन्द्रादिविविधदेवताप्रणिधानपराः, केवलस्वात्मप्रणिधानपराश्च बहवो हि सन्ति, तेषु कतमो भवेयम्, यमभिप्रेत्य योगी भवेत्यादिशसि मामिति भावः। मद्गतेन—मामेव गत इत्यवधारणगर्भः समासः । गतः स्वतः, न तु गमितः, इममाशयं मनसि निधाय व्याचष्टे-मत्स्मृतिं विनेति । मनस आभ्यन्तरत्वं किंरूपम् ? तद्व्याचष्टे-सकलेति । श्रद्धायां हेतुं निरूपयन् व्याचष्टे—अत्यधिकेति । मामित्यनेन विवक्षितमर्थ-माह—सर्वावतारेत्यादिना । ध्येयं परमात्मानं स्तुवन् व्याचष्टे—योगिनामित्यत्रेति । सामान्यविशेषमिति । गोषु कपिला श्रेष्ठा इत्यत्र गोत्वं सामान्यम्, कपिलात्वं विशेषः । अत्यन्तविसजातीयोऽयमिति । ध्येयस्यात्यन्तविसजातीयत्वात् निदर्शनमुखेन विसजाती-यतां निरूपयति—परस्परन्यूनाधिकेभ्यः सर्वेभ्य इति ।

भूयो व्याख्यायते—आर्तो जिज्ञासुरर्थार्थी च मां भजते नाम, तस्य तु त्वरा आर्त्युपशमनादावाकाङ्क्षिते, न तु मयि, तस्य तस्य फलमन्यदेव हि। केवलं साधनतया मां भजते। यस्तु मामेवानवधिकानन्दं प्राप्यमवधारयति, स एव श्रद्धया मां भजते। मय्येव हि परमप्राप्ये तस्य त्वरा । ये चार्ता अर्थार्थिनो जिज्ञासवः, तेषां मनः फले स्वतो गतम् । गमितं तु मयि साधनभावेन, नावमारूढस्य तीर एव हि दृष्टिः । यस्तु मामेव परमप्राप्यं मन्यते, तस्य त्वन्तरात्मा मय्येवानन्दमये रसघने स्वत एव गतः, तदेवं मद्गतेनान्तरात्मना श्रद्धावान् यो मां भजते स युक्ततमः । आर्त अर्थार्थी च युक्तो नाम, जिज्ञासुर्युक्ततरः, अयन्तु युक्ततमः, इतरेभ्यो योगिभ्यः सूर्येन्द्राद्युपासकेभ्यो युक्ततम-श्चायमिति भावः ॥ ४७ ॥

इति श्रीमद्भगवद्गीताभाष्यटीकायां षष्ठोऽध्यायः ॥ ६ ॥

सप्तमोऽध्यायः—

वृत्तवर्तिष्यमाणयोरध्याययोः सङ्गतिमाह षष्ठेऽध्याय इत्यादिना । पूर्वापरषट्क-सङ्गतिमाह—पूर्वेत्यादिना । "अनाश्रितः कर्मफल" मित्यादिनोक्तमभिप्रेत्याह-अन्तर्गत-ज्ञानेन कर्मयोगेनेति । प्राप्येति । विभाव्येत्यर्थः । "तत्रैकाग्रं मनः कृत्वा यतचित्तेन्द्रिय-क्रियः" इत्यादिनोक्तमभिप्रेत्याह—ज्ञानयोगप्रधानेनेति । " मनः संयम्य मच्चित्तो युक्त आसीत मत्परः" इत्यादिनोक्तमभिप्रेत्याह-साधनभक्त्या चेति । शुद्धस्येति । शुद्धिरत्र प्राकृतदेहसंसर्गोपाधिकदेवमनुष्याद्यभिमानकलङ्कापगमपूर्वकज्ञानैकघनत्वभावनम् । "उपैति शान्तरजसं ब्रह्मभूतमकल्मषम्" इत्यनेनोक्तमभिप्रेत्याह—अक्षरेति । "यो मां पश्यति सर्वत्र" त्यनेन, "योगिनामपि सर्वेषाम्" इत्यनेन चोक्तमभिप्रेत्याह—सर्वनि-यन्तुरिति । "कश्चिन्मां वेत्ति तत्त्वत" इत्यनेनाभिप्रेतमर्थमाह—तज्ज्ञानवतः पुंसो दुर्लभ त्वमिति । तद्विभूतिश्चेति "भूमिरापोऽनल" इत्यादेरर्थः । मायाबद्धस्य ततो निवृत्तिप्रकार इति "दैवी ह्येषे" त्यस्यार्थः । भगवदनुकूलास्तत्प्रतिकूला इति 'न मां दुष्कृतिनो मूढाः" इत्यादेरर्थः । ज्ञानिनः श्रेष्ठत्वमिति "तेषां ज्ञानी नित्ययुक्तः" इत्यस्यार्थः ।

भाष्यम्—

विभाव्य, सर्वनियन्तुः पुरुषोत्तमस्य परा भक्तिः कर्तव्येत्युक्तम् ।

इदानीं सप्तमेऽध्याये भगवतो माहात्म्यज्ञानम्, तज्ज्ञानवतः पुंसो दुर्लभत्वम्, तद्विभूतिः, मायाबद्धस्य चेतनस्य ततो निवृत्तिप्रकारः, भगवदनुकूलास्तत्प्रतिकूलाश्च जनाः, ज्ञानिभक्तस्य श्रेष्ठत्वम्, भगवद्भक्तेरविनाशिफलत्वम्, तदन्यदेवानां भक्तेर्विनाशिफलत्वम्, भगवद्भक्तानां भगवत्प्राप्तिः, तदितरदेवोपासकानां तत्तदुपास्यदेवलोकप्राप्तिः, मनुष्यभावेन प्रकटीभूतस्य भगवतो भगवद्भक्तेतरजनागोचरत्वं चोच्यते ।

तत्रादौ स्वज्ञानं निरूपयिष्यन् भगवान् श्रीकृष्ण उवाच—मयीति ।

श्रीभगवानुवाच—

मय्यासक्तमनाः पार्थ ! योगं युञ्जन्मदाश्रयः ।
असंशयं समग्रं मां यथा ज्ञास्यासि तच्छृणु ! ॥ १ ॥

मय्यासक्तमनाः—मयि सर्वेश्वरे, आसक्तम्—निरवधिकातिशयप्रेमातुरं मनो यस्य । अत एव मदाश्रयः—अहमेव आश्रय आधारो यस्य । मय्यासक्तमानसत्त्वान्मम जन्मकर्मगुणश्रवणकीर्तनाभ्यां स्मरणेन दर्शनेन च विना इह लोके स्थातुमशक्त इत्यर्थः । एतादृशस्त्वम्, योगं युञ्जन्—मद्योगं कुर्वन्, समग्रम्—विभूत्यादिसहितं सकलकल्याणगुणगणसहितं च, माम्, असंशयम्-निःसन्देहम्, तथा ज्ञास्यसि—मदुक्तेन येनावबोधेन अशेषतया वेदिष्यसि, तत् ज्ञानं हे पार्थ ! समाहितमानसस्त्वं श्रृणु ॥ १ ॥

तदेवाह—ज्ञानमिति ।

ज्ञानं तेऽहं सविज्ञानमिदं वक्ष्याम्यशेषतः ।
यज्ज्ञात्वा नेह भूयोऽन्यज्ज्ञातव्यमवशिष्यते ॥ २ ॥

इदम्—वक्ष्यमाणम्, सविज्ञानम्—विज्ञानेन सहितम्, ते—तुभ्यम्, ज्ञानम्-मत्स्वरूपज्ञानम्, अशेषतः-समग्रतया अहं वक्ष्यामि-मद्व्यतिरिक्तसकलचेतनाचेतनवस्तुवर्गात् सकलदोषहीनत्वेन, निरवधिकातिशयासंख्यशुभगुणगणैश्चागणितमहासमृद्धित्वेन, चात्युत्कृ-

શ્લોકાર્થ-

સપ્તમોઽધ્યાયઃ—

શ્રી ભગવાન કહે છે—હે પૃથાના પુત્ર અર્જુન ! મારામાં પૂરે પૂરૂં મન રાખીને અને મારોજ દૃઢ આશ્રય કરીને મારો યોગ સાધતાં મને સમગ્રપણે નિઃસંશય જેમ તું જાણું તેમ હું કહું છું તે સાંભળ ! ॥ ૧ ॥

ભાવાર્થ —

સપ્તમોઽધ્યાયઃ--

ભગવાને સ્વસંકલ્પથી રચેલાં આ અનન્ત કોટિ બ્રહ્માણ્ડોમાં રહેલા જેટલા વિષયો—વિષયજન્ય સુખો છે, તથા માયાપતિ પ્રકૃતિપુરૂષના લોકમાં પણ જે સુખ છે, તે સર્વ સુખોમાં વૈરાગ્યભાવે સહિત વર્તતા. અને જેઓ અખંડ સ્વસ્વરૂપમાં વર્તનારા આત્મારામ અને પૂર્ણકામ છે.અને જેઓને ભગવાન શ્રીહરિનું સકળ શોભાપૂર્ણ કૃપાકટાક્ષથી જોવું એજ નિરન્તર પ્રીતિ–આનન્દ ઉપજાવનારૂં છે. આવા તે બ્રહ્મભાવને પામેલા મુક્ત પુરૂષોએ યુક્ત–અખંડ સેવ્યા થકા પોતાના બ્રહ્મ–ધામમાં અખંડ વિરાજમાન રહેલા. અને એજ ભગવાન આ લોકમાં ધર્મદેવના પુત્ર રૂપે આવિર્ભાવ પામીને **શ્રી નારાયણ** એવા નામે પ્રસિદ્ધ વર્તતા મારા ઇષ્ટદેવ શ્રીહરિને હું મારા હૃદયમાં અખંડ ચિન્તવું છું. ॥૧॥

છઠ્ઠા અધ્યાયમાં બતાવેલાં સાધનોથી સિદ્ધ કરેલા યોગરૂપ સમ્પ્રજ્ઞાત સમાધિથી શુદ્ધ ક્ષેત્રજ્ઞ સ્વરૂપના સાક્ષાત્કારને પામીને, અથવા અક્ષર બ્રહ્મની સાથે એકતા–સમભાવ પામીને, પરાત્પર પુરૂષોત્તમ ભગવાનની ઉપાસના કરવી એમ કહ્યું. તે પછી યોગભ્રષ્ટની જન્માન્તરમાં થતી ગતિ કહી બતાવી. અને તપસ્વી આદિક સર્વ કરતાં ભગવાનનો એકાન્તિક ભક્ત એવો યોગી સર્વશ્રેષ્ઠ છે. એમ પણ પ્રતિપાદન કર્યું.

(આ ગીતામાં અઢાર અધ્યાયના છ છ અધ્યાયના અવાન્તર વિભાગને **ષટ્ક** એવા નામથી કહેવામાં આવે છે.)

તેમાં પ્રથમના છ અધ્યાયમાં અન્તર્ગત—ગર્ભિત જ્ઞાન જેમાં રહેલું છે, એવા કર્મયોગથી અને જ્ઞાનયોગ પ્રધાન જેમાં છે એવા સાંખ્યયોગથી, અને શ્રવણાદિક સાધન ભક્તિથી, પરિશુદ્ધ થયેલા ક્ષેત્રજ્ઞ–જીવાત્માનું અક્ષર–બ્રહ્મની સાથે ઐક્ય–સમાનતાની ભાવના કરીને, સર્વનિયન્તા પુરૂષોત્તમ શ્રીહરિની પરા–પ્રેમલક્ષણા ભક્તિ કરવી એમ પ્રતિપાદન કર્યું.

હવે–આ બીજા **ષટ્ક**નો પહેલો જે સાતમો અધ્યાય તેમાં ભગવાનના સ્વરૂપનું માહાત્મ્યજ્ઞાન, તેવા માહાત્મ્યજ્ઞાનવાળા ભક્તજનની દુર્લભતા, તે ભગવાનની વિભૂતિઓ, માયામાં બન્ધન પામેલા ચેતનને તે માયાથી નિવૃત્તિ પામવાનો પ્રકાર–ઉપાય, ભગવાનને અનુકૂળ વર્તનારા જનો અને ભગવાનથી પ્રતિકૂળ વર્તનારા જનો, સર્વ કરતાં જ્ઞાની ભક્તનું શ્રેષ્ઠપણું, ભગવાનની ભક્તિનું અવિનાશી મહાફળ આપવાપણું, અને ભગવાન

भाष्यम्-

ष्टोऽहमिति विशेषज्ञानेन सहितं मत्स्वरूपज्ञानं वक्ष्यामीत्यर्थः। किम्बहूक्त्या? यज्ज्ञानं ज्ञात्वा, इह-मत्स्वरूपस्वभावविषये, भूयः-पुनरन्यज्ज्ञातव्यं नावशिष्यते-अवशिष्टं न भवतीत्यर्थः ॥२॥

एतादृशस्वज्ञानस्य दुर्लभत्वमाह-मनुष्याणामिति।

मनुष्याणां सहस्रेषु कश्चिद्यतति सिद्धये।
यततामपि सिद्धानां कश्चिन्मां वेत्ति तत्त्वतः ॥ ३ ॥

मनुष्यजातौ जातमात्रमनुष्याणां सहस्रेषु सम्पन्नशास्त्राधिकारो मनुष्यः कश्चिद्भवतीत्युपरिष्टाज्ज्ञेयम्। एतादृशानां मनुष्याणां सहस्रेषु कश्चिद्विरलः, सिद्धये-मोक्षाय, यतति-यतते। यततामपि-मोक्षाय प्रयासं कुर्वतामपि मध्ये कश्चिदेव सिद्धो भवतीत्युपरिष्टादुन्नेयम्। सिद्धानामपि कश्चिदेव मां वेत्ति। मद्विदां सिद्धानां सहस्रेषु, तत्त्वतः-स्वरूपस्वभावगुणविभूतिभिर्यथावस्थितं माम्, कश्चिद्वेत्ति-कश्चिदेव जानाति। अतो मत्स्वरूपयथार्थज्ञानमपि दुर्लभम्, मत्स्वरूपयथार्थवेत्ता ज्ञानिभक्तोऽपि दुर्लभ इत्यर्थः ॥ ३ ॥

अथ स्वमाहात्म्यं वक्तुं प्रथमं द्विविधां प्रकृतिं वदति द्वाभ्याम्—भूमिरिति।

भूमिरापोऽनलो वायुः खं मनो बुद्धिरेव च।
अहङ्कार इतीयं मे भिन्ना प्रकृतिरष्टधा ॥
अपरेयमितस्त्वन्यां प्रकृतिं विद्धि! मे पराम्।
जीवभूतां महाबाहो! ययेदं धार्यते जगत् ॥४–५॥

क्षित्यादिभूतपञ्चकं मनःप्रभृतीन्द्रियजातं महदहङ्कारौ चेत्येवम्प्रकारेण अष्टधा—अष्टभिः प्रकारैः, इयम्-जीवानां भोग्यभोगोपकरणरूपेण परिणता प्रकृतिस्त्रिगुणात्मिका माया, भिन्ना-भेदं प्राप्य विभागेनावस्थिता, सा मे-मम, मदीयेति विद्धि!। अपरेति। इयम्-उक्ता या प्रकृतिः सा, अपरा—जडत्वेन कनिष्ठा। इतस्तु—एतस्या उक्ताया बद्धजीवनिवासभूतायास्त्रिगुणात्मिकाया जडायाः प्रकृतेस्तु।

શ્લોકાર્થ-

હું તને વિજ્ઞાને સહિત આ જ્ઞાન બાકી ન રહે એમ સમ્પૂર્ણ ખૂલાસાવાર કહેવાનો છું. કે જે જાણ્યા—સમઝયા પછી ફરીથી આ લોકમાં બીજું કાંઇ જાણવા જેવું બાકી રહેતુંજ નથી. ॥ ૨ ॥

હજારો—હજાર મનુષ્યોમાં સિદ્ધિને માટે કોઇકજ પ્રયત્ન કરે છે. અને પ્રયત્ન કરનારા સિદ્ધોમાંથી પણ મને ખરી રીતે તો કોઇકજ જાણે છે. ॥ ૩ ॥

ભાવાર્થ—

સિવાય બીજા દેવોની ભક્તિનું નાશવંત તુચ્છ ફળ આપવાપણું, ભગવાનના ભક્તોને ભગવાનની પ્રાપ્તિ, અને તેથી બીજા દેવોના ઉપાસકોને તેમના તેમના ઉપાસ્ય દેવોના લોકોની પ્રાપ્તિ. અને મનુષ્યરૂપે પ્રગટ-ભાવને પામેલા ભગવાનનું ભગવાનના ઉપાસક જ્ઞાની ભકતો સિવાય બીજાઓને અગોચરપણું. એ વિગેરે કહેવામાં આવે છે—

તેમાં પ્રથમ પોતાના સ્વરૂપનું જ્ઞાન નિરૂપણ કરતાં ભગવાન શ્રીકૃષ્ણ કહેવા લાગ્યા—

શ્રી ભગવાન કહે છે—

સર્વનિયન્તા એવા મારામાં નિરવધિકાતિશય પ્રેમપૂર્વક અતિ આતુર મન જેનું છે.અને એથીજ મદાશ્રય-આશ્રય આધાર એ સર્વ હુંજ જેને છું.એટલે કે-મારામાંજ આસક્ત મન હોવાથી મારાં જન્મ, કર્મ અને ગુણ, એ વિગેરેનું શ્રવણ, કીર્તન, સ્મરણ અને મારૂં દર્શન, એ સિવાય આ લોકમાં રહેવાને-જીવવાને માટે પણ અશક્ત વર્તતો. એ અર્થ છે. આવા પ્રકારનો તું થઇને મારા યોગને સાધતો થકો, વિભૂતિઓ અને ઐશ્વર્યોએ સહિત અને સકળ કલ્યાણ ગુણગણોએ પણ સહિતજ એવો મને તું નિઃસન્દેહપણે મેં ઉપદેશેલા જે જ્ઞાન વડે કરીને સ્વરૂપ, સ્વભાવ, વિભૂતિ અને ઐશ્વર્ય, એ આદિક સમગ્ર પ્રકારથી જાણીશ, તે મારૂં જ્ઞાન હે પૃથાપુત્ર-અર્જુન ! સાવધાન મન રાખીને તું સાંભળ ? ॥ ૧ ॥

એ વાત કહે છે—

આ કહેવાશે એવું વિજ્ઞાને સહિત મારા સ્વરૂપનું જ્ઞાન તને સમગ્રપણે વિસ્તારથી કહીશ-કહું છું,એટલે કે-સકળ દોષથી રહિતપણાને લીધે અને નિરવધિકાતિશય એવા અસંખ્યાત કલ્યાણ-ગુણગણોથી અગણિત અને અતિ અપાર મહાસમૃદ્ધિથી સમ્પન્ન હોવાને લીધે, મારા સિવાયના સકળ ચેતન અચેતન વસ્તુઓના સમુદાયથી અતિ ઉત્કૃષ્ટ એવો હું છું,એવા વિશેષ જ્ઞાને સહિત મારા સ્વરૂપનું જ્ઞાન હું તને કહીશ-કહેવાનો છું. હે અર્જુન ! બહુ કહેવાથી શું ? પણ એટલુંજ કે-જે જ્ઞાન પ્રાપ્ત થયા પછી આ લોકમાં મારા સ્વરૂપ સ્વભાવ સંબંધમાં ફરીથી બીજું કાંઇ જાણવા જેવું બાકી રહેતુંજ નથી. એ અભિપ્રાય છે. ॥ ૨ ॥

भाष्यम्-

अन्याम्—स्वरूपेण स्वभावेन च तद्विलक्षणाम्, जीवभूताम्-पुरुषरूपाम्। पराम्-उत्कृष्टाम्, मे-मम मदीयां प्रकृतिं विद्धि!। हे महाबाहो! यया—पुरुषरूपया मम प्रकृत्या, इदं जगत्-देवमनुष्यतिर्यक्स्थावरात्मना परिणतं भूतजातं धार्यते ॥ ४-५ ॥

प्रकृतिपुरुषयोर्जगत्कारणत्वं तस्यास्य जगतश्चाहमेव परमं कारणमित्याह—एतदिति।

एतद्योनीनि भूतानि सर्वाणीत्युपधारय!।
अहं कृत्स्नस्य जगतः प्रभवः प्रलयस्तथा ॥ ६ ॥

एतद्योनीनि-एतौ प्रकृतिपुरुषौ, योनी-कारणभूतौ येषां तानि, ब्रह्मादिस्थावरान्तानि महदल्पभावेन स्थितानि चेतनाचेतनयुक्तानि सर्वाणि भूतानि भवन्तीति त्वमुपधारय! बुध्यस्व। प्रलयकाले सूक्ष्मभावेनावस्थितयोः, उत्पत्तिकाले स्थूलभावेनावस्थितयोः, प्रकृतिपुरुषयोर्मदीयत्वात्तानि मदीयानीति त्वं जानीहीति भावः। अत एव कृत्स्नस्य—प्रकृतिद्वयसमुद्भवस्य समग्रस्य, जगतः—ब्रह्मादिस्थावरान्तस्य विश्वस्य, अहं प्रभवः—परमं कारणमित्यर्थः। प्रकर्षेण भवति प्रादुर्भवत्यस्मादिति व्युत्पत्तेः। तथा अहं प्रलयः, प्रलीयतेऽनेनेति व्युत्पत्तेः, अहमेव सर्वसंहर्तास्मीत्यर्थः। तत्र प्रमाणम्—"प्रकृतिर्या मयाख्याता व्यक्ताव्यक्तस्वरूपिणी। पुरुषश्चाप्युभावेतौ लीयेते परमात्मनि। परमात्मा च सर्वेषामाधारः परमेश्वरः" इति विष्णुपुराणवचनम् ॥ ६ ॥

अहमेव परतर इत्याह-मत्त इति।

मत्तः परतरं नान्यत्किञ्चिदस्ति धनञ्जय!।
मयि सर्वमिदं प्रोतं सूत्रे मणिगणा इव ॥ ७ ॥

हे धनञ्जय! मत्तः-जगत्कारणयोः प्रकृतिपुरुषयोः प्रवर्तकात् मत्सकाशात्, परतरम्—श्रेष्ठम्, अन्यत्किञ्चित्किमपि नास्ति। सर्वेभ्यः सर्वज्ञत्वसत्यसङ्कल्पत्वादिगुणगणयोगेन, तथा सर्वकारणकारणत्वेन चाहमेव परतमोऽस्मि, न कोपि मत्तोऽन्य इत्यर्थः। इदम्

શ્લોકાર્થ-

ભૂમિ, જળ, અગ્નિ, વાયુ અને આકાશ, મન, બુદ્ધિ અને અહંકાર, એમ આઠ પ્રકારે વહેંચાયેલી આ મારી પ્રકૃતિ-માયા છે.

આ મારી અપરા-બીજા વર્ગની પ્રકૃતિ છે અને આનાથી ચઢીયાતી શ્રેષ્ઠ જીવરૂપ મારી બીજી પ્રકૃતિ છે તેને તું જાણ ! કે જેનાથી આ જગત્ ધારણ કરાય છે. ॥ ૪-૫ ॥

સર્વ ભૂત—પ્રાણીમાત્ર આ બેમાંથીજ ઉત્પન્ન થાય છે એમ તું ધ્યાનમાં રાખ ! અને તે બન્ને પ્રકૃતિ મારી હોવાથી હુંજ સમગ્ર જગત્‌નો કારણ છું અને પ્રલય-નાશ કરનાર પણ હુંજ છું. ॥ ૬ ॥

ભાવાર્થ—

હવે—એવા પોતાના જ્ઞાનનું દુર્લભપણું કહે છે—

મનુષ્ય જાતિમાં જન્મ પામેલા હજારો હજાર મનુષ્યોમાં શાસ્ત્રમાં કહેલા અધિકાર-સમ્પન્ન તો કોઇકજ હોય છે એમ ઉપરથી સમજવું. અને આવા-શાસ્ત્રાધિકારસમ્પન્ન હજારો હજાર મનુષ્યોમાંથી કોઇકજ મોક્ષને માટે પ્રયત્ન કરનારો હોય છે. અને એવા મોક્ષને માટે પ્રયાસ કરનારા હજારો હજાર સિદ્ધ પુરૂષોમાંથી મને તો કોઇકજ જાણેછે. અને વળી-મને જાણનારા હજારો હજાર સિદ્ધોમાંથી તત્ત્વે કરીને એટલે કે—સ્વરૂપ, સ્વભાવ, ગુણ અને વિભૂતિ, એ સર્વથી સમ્પન્ન જેવો હું છું તેવો તો મને કોઇકજ જાણે છે. માટે મારા સ્વરૂપનું યથાર્થ જ્ઞાન પણ દુર્લભ છે. અને મારા સ્વરૂપને યથાર્થ સમજનાર મારો વ્હાલો જ્ઞાની ભક્ત પણ દુર્લભજ છે. એ અભિપ્રાય છે. ॥ ૩ ॥

હવે-ભગવાન પોતાનો મહિમા કહેવાને માટે પ્રથમ જડ-ચેતન વિભાગથી રહેલી બે પ્રકારની પોતાની પ્રકૃતિને કહી સમજાવે છે—

પૃથ્વી આદિક પાંચ મહાભૂત, મન વિગેરે ઇન્દ્રિયોનો સમૂહ, મહત્તત્ત્વ અને અહંકાર, એ પ્રમાણે આઠ પ્રકારથી જીવાત્માઓને માટે ભોગ્ય અને ભોગનાં ઉપકરણ રૂપે પરિણામ પામેલી પ્રકૃતિ જે ત્રિગુણાત્મક માયા ભેદ પામીને વિભાગથી રહેલી છે, તે માયા મારી-મારા વશમાં વર્તનારી છે. અને આ કહી એવી જે પ્રકૃતિ-માયા તે **અપરા** જડ હોવાથી કનિષ્ઠ પ્રકારની-બીજા નંબરની છે. અને આ કહી એવી જે બદ્ધજીવોના નિવાસભૂત ત્રિગુણાત્મક જડ પ્રકૃતિ-માયા તેનાથી તો બીજી-સ્વરૂપ સ્વભાવ વિગેરેથી તેથી વિલક્ષણ એવી **જીવભૂત**-ચેતન, એટલે કે-પુરૂષરૂપ, **પરા**-અતિ ઉત્કૃષ્ટ મારી પ્રકૃતિ-માયા છે, એમ તેને તું જાણ ! હે મહાબાહો-અર્જુન ! કે-જે પુરૂષરૂપ મારી પ્રકૃતિથી, આ-દેવ, મનુષ્ય, પશુ-પક્ષ્યાદિકરૂપે, તથા સ્થાવરરૂપે પરિણામ પામેલું ભૂત-પ્રાણીમાત્રના સમુદાયરૂપ જગત્ ધારેલું છે. ॥ ૪-૫ ॥

આ પ્રમાણે પ્રકૃતિ-પુરૂષનું જગત્‌નું કારણપણું અને તે સઘળા વિશ્વનું હુંજ પરમ-મુખ્ય કારણ છું એમ કહે છે—

આ કહ્યાં એ પ્રકૃતિ અને પુરૂષ એ બન્ને કારણભૂત જેનાં છે, એવાં તે બ્રહ્માથી

टीका—

भगवद्भक्तेरित्यादि "अन्तवत्तु फलं तेषाम्" इत्यस्यार्थः। मनुष्यभावेनेति "नाहं प्रकाशः सर्वस्य" इत्यस्यार्थः।

प्रथमश्लोकमवतारयति–स्वज्ञानं निरूपयिष्यन्निति। अत एव–निरवधिकप्रेमानुपक्तमनस्कतया। आश्रयशब्देन विवक्षितमर्थमाह—मय्यासक्तमानसत्वादित्यादिना। अन्तर्यामितया येयमाधारता, सा हि सर्ववस्त्वपेक्षया साधारणी, सा ह्यप्रकृता। योगशब्दं विशेषपरतया व्याचष्टे—मद्योगमिति। स्वात्मयोगेन तु न भगवद्विज्ञानलाभः। समग्रम्–विभूत्यादिसहितम्। ये हि देशतः कालतो वस्तुतश्चापरिच्छिन्नं परम्ब्रह्म सत्यं ज्ञानं केवलमित्येव जानन्ति, न ते समग्रं जानन्ति। येन येन प्रकारेणाहमस्मि तेन तेन प्रकारेण जानीयुश्चेत् त एव समग्रं मां जानन्तीत्यभिप्रायः॥ १॥

विज्ञानेन सहितमिति। विशेषतो ज्ञानम्–विज्ञानम्, इदमेव व्याचष्टे—मद्व्यतिरिक्तेति। दोषहीनत्वेनेति। दोषप्रत्यनीकतयेत्यर्थः। न केवलं हेयप्रत्यनीकता, किन्तु–कल्याणगुणाकरता चेत्याह–निरवधिकेति॥ २॥

एतादृशस्वज्ञानस्येति। यथावस्थितमत्स्वरूपज्ञानस्येति यावत्। जातमात्रमनुष्याणामिति। यद्यपि शास्त्रं प्रवर्तते मनुष्यमधिकृत्य, न प्राणिमात्रम्, तथापि न सर्वो मनुष्यो जातमात्रः शास्त्राभ्यासाय प्रभवति। बहवस्त्रयीवाह्याः, बहवो मन्दबुद्धयः, तत् मनुष्याणां सहस्रेषु कश्चिदेव निष्पन्नशास्त्राभ्याससामर्थ्यः, अभ्यस्य शास्त्रं शास्त्रार्थवित् भवतीति भावः। उपरिष्टादिति। मूलेऽनुक्तमप्यौचित्यादुन्नेयमिति यावत्। तत्त्वतो विचारे कृते त्रिवर्गतो न सिद्धिः, इतस्ततो गतागतमेव तु ततः। परिभ्रमन् पुरुषो न सिद्ध उच्यते। तत् सिद्ध इति पदं व्याचष्टे–मोक्षायेति। मुच्यतेऽनेनात्मदर्शनेनेति मोक्षः। आत्मसाक्षात्कारायेति यावत्। कश्चिदेव सिद्धो भवतीत्युपरिष्टाद्बोध्यमिति। यततामपि सहस्रेषु कश्चिदेव आत्मसाक्षात्कारसमर्थो भवतीत्यौचित्यादुन्नेयमिति भावः। यततां सिद्धानां सहस्रेषु कश्चिन्मां वेत्ति, मद्विदां सहस्रेषु कश्चिन्मां तत्त्वतो वेत्तीत्यन्वयमभिप्रेत्य व्याचष्टे–सिद्धानामपीति। अयम्भावः-यद्यपि शास्त्रं मनुष्यानधिकृत्य प्रवृत्तम्, अथापि न सर्वो मनुष्यः शास्त्रे प्रवर्तते। वहवो हि पशव इवान्नपानमात्रपरा भवन्ति। असच्छास्त्रेषु वा प्रवर्तन्ते। मनुष्याणां सहस्रेषु कश्चिदेव सच्छास्त्रे प्रवर्तते। प्रवृत्तः सर्वोऽपि न सिद्धये यतते। अधिगतेन परोक्षेण शास्त्रजन्यविज्ञानेन तृप्तो भूत्वा तद्विज्ञानं धनयशःप्रभृतिलौकिकप्रयोजनैकशेषं करोति। कश्चिदेव तु आत्मस्वरूपसिद्धये यतते, अपरोक्षानुभवाय यतते। यतमानः सर्वोऽपि न सिद्धिमधिगच्छति। बहवो ह्यन्तरायोपहताः प्रच्यवन्ति सिद्धिपथात्। न चात्मसाक्षात्कारे सम्पन्नमात्रे सर्वस्य परमात्मवेदनं सिद्ध्यति। बहवो हि कैवल्ये निरताः सर्वेश्वरं वेत्तुं नैव प्रवर्तन्ते, प्रवृत्ता अपि न सर्वे तत्त्वतस्तं साक्षात्कुर्वन्ति, विरलः सः, स महात्मा सुदुर्लभ इति॥ ३॥

स्वमाहात्म्यमिति। सकलजगत्कारणत्वेन स्वेतरसमस्तवस्तुवैलक्षण्यरूपं माहात्म्यम्, चिदचिन्मिश्रस्यास्य प्रपञ्चस्य प्रकृतिद्वयं, जडतत्त्वमजडतत्त्वं चेत्युभयम्, तदुभयमपि न स्वतन्त्रम्, अपि तु ममैव सर्वेश्वरस्य सर्वतनोः शेषभूतम्, तत् अस्य सर्व-

टीका-

स्याहमेव परमकारणभूत इत्येतन्माहात्म्यं ज्ञापयन् द्वयोः प्रकृत्योः स्वशेषतां प्रदर्शयति-श्लोकद्वयेन। तत्र जडप्रकृतेः स्वशेषभूततां प्रथमेन, अजडभूतायाः प्रकृतेः स्वशेषतां द्वितीयेन च प्रतिपाद्यते। भूतपञ्चकमिति। इदं तन्मात्राणामुपलक्षकम्। सूक्ष्मस्थूलावस्थाभेदमात्रान्न पृथक्त्वेन निर्देशः। मन इत्येतदिन्द्रियसामान्योपलक्षकमित्यभिप्रेत्य व्याचष्टे—मनःप्रभृतीति। एवमष्टधा भिन्ना या त्रिगुणात्मिका माया जगतोऽस्य प्रकृतिभूता, सा न स्वतन्त्रा, किन्तु मदीया-ममैव शेषभूतेत्याशयः।

पुरुषरूपयेति। जीवसमष्टितत्त्वभूतेनेत्यर्थः। श्रूयते च-"अनेन जीवेनात्मनानुप्रविश्य नामरूपे व्याकरवाणी'ति। "यस्यात्मा शरीरम्" इति सर्वेषामेवात्मनां परमात्मशरीरत्वेन तदेकशेषत्वं श्रूयते-अन्तर्यामिश्रुतौ॥ ४-५॥

प्रकृतीति। प्रकृतिपुरुषयोर्जगत्कारणत्वमाह-जगतश्चाहमेव परमं कारणमित्याहेति वाक्यभेदेनान्वयो बोध्यः। एताविति। ममैव शेषभूतावेतौ इत्यर्थः। भूतशब्दस्य चिदचिन्मिश्रप्रपञ्चपरतामभिप्रेत्य व्याचष्टे—ब्रह्मादीति। यान्येतद्योनीनि भूतानि तान्यपि सर्वाणि मे इत्युपधारयेति निर्गलितं भावमाह-प्रलये इति। कारणावस्थायामिव कार्यावस्थायामपि प्रकृतिपुरुषौ ममैव शेषभूताविति यावत्। नामरूपविभागार्हत्वतदनर्हत्वलक्षणे स्थौल्यसौक्ष्म्ये तयोर्बोध्ये। अत एवेति। उक्तं प्रकृतिपुरुषलक्षणं प्रकृतिद्वयमपि यस्मान्मदीयम्, तस्मादेवेत्यर्थः। इदमेव व्यञ्जयन्नाह-प्रकृतिद्वयसमुद्भवस्येति। परमकारणमिति। कारणयोः प्रकृतिपुरुषयोरपि मदेकाधीनतया परमकारणमहमेवेति भावः। प्रभवप्रलयशब्दयोर्भावार्थकताभ्रमं व्युदस्यन् व्याचष्टे—प्रकर्षेणेत्यादिना। प्रकृतियेति। व्यक्ताव्यक्तेति। व्यक्तं महदहङ्कारादिलक्षणम्। अव्यक्तं गुणत्रयसाम्यावस्थालक्षणम्॥६॥

प्रकृतिपुरुषाभ्यां यथा भवान् परः, तथा भवतोऽन्यत् परं किं स्यादिति शङ्कां व्यावर्तयन्नाहेति भावः। प्रवर्तकादिति। कार्यावस्थायां कारणावस्थायां च समाधायकोऽहमेवेति यावत्। प्रकृतेः पुरुषः परः, ततः परतरोऽहम्, न मत्तोऽन्यत् परतरम्। "अक्षरात्परतः परः" इति हि श्रुतिः। "न तत्समश्चाभ्यधिकश्च दृश्यते" इति च। सूत्रे मणिगणा इवेति दृष्टान्तस्वारस्यसिद्धमभिप्रेत्याह-मच्छरीरभूतं सर्वात्मके मयीति। सूत्रं ह्यन्तः प्रविश्य मणिगणं धत्ते, आत्मा च शरीरमन्तः प्रविश्य धत्ते। शरीरशरीरिभावे प्रमाणमुदाहरति-"यस्ये" त्यादिना॥ ७॥

सर्वेषामिति। अव्यवहितश्लोकसिद्धोऽयमर्थः। स्वस्य वाच्यत्वमिति। रसोऽहमित्यादिसामानाधिकरण्यनिर्देशादिति यावत्। विभूतिरिति। यो यः प्रकृष्टो भावः, स सर्वोऽपि सर्वान्तर्यामिणस्सर्वेश्वरस्य हि विभूतिः, नियाम्यत्वात्, प्रकृष्टत्वाच्च।

अयमाशयः-"समग्रं मां यथा ज्ञास्यसि तच्छृणु" इति स्वस्य समग्रतया निरूपणमारम्भे प्रतिज्ञातम्, तदैश्वर्यं विशेषतो निरूपणीयम्। तत्र सकलप्रपञ्चप्रलयस्थानतया परमकारणत्वं प्रथममुक्तम्। समाभ्यधिकराहित्यं "मत्तः परतरं नास्ती" त्यनेनोक्तम्। अन्तर्यामितया सर्वधारकत्वं "मयि सर्वमिदं प्रोतं सूत्रे मणिगणा इव" इत्यनेनोक्तम्। अथ ये ये प्रकृष्टा भावास्ते सर्व एव सर्वान्तर्यामिणो ममैव विभूतय इत्याह-"रसोऽह" मित्यादिना। अप्सु यो रसः सोऽहमस्मि, सकलचेतनाचेतनशरीरकतयावस्थितस्य

શ્લોકાર્થ-

હે ધનંજય ! મારાથી પર તત્ત્વ બીજું કોઇ છેજ નહિ. અને આ સઘળું વિશ્વ મારામાં દોરામાં મણિકાઓની પેઠે પરોવેલું છે. (પણ મારાથી પૃથક્ નથી.) ॥ ૭ ॥

ભાવાર્થ-

આરંભીને સ્થાવર સુધીનાં મહત્—અલ્પ ભાવથી રહેલાં ચેતનાચેતનયુક્ત સર્વ ભૂત—પ્રાણીમાત્ર છે. એમ તું ધાર—સમજ ! એટલે કે—પ્રલય કાળમાં સૂક્ષ્મભાવથી રહેલાં અને ઉત્પત્તિ સમયમાં સ્થૂળભાવથી રહેલાં પ્રકૃતિ અને પુરૂષ એ બન્નેયને મારે આધીનપણું હોવાથી તેમનાથી થયેલાં સર્વ ભૂત-પ્રાણીમાત્ર મારે આધીન-મારાંજ છે. એમ તું જાણ ! એમ અભિપ્રાય છે. અને તેથીજ એ બન્ને મારી પ્રકૃતિમાંથી થયેલા સમગ્ર બ્રહ્માથી લઇને સ્થાવર સુધીના સકળ વિશ્વનો હુંજ પ્રભવ-પરમ મુખ્ય કારણ છું. કેમ કે-**પ્રભવ** શબ્દનો અર્થજ પ્રકર્ષથી—મુખ્યત્વે પ્રાદુર્ભાવ થાય છે જેનાથી તે **પ્રભવ** કહેવાય. એમ વ્યુત્પત્તિ કરીને **મુખ્ય કારણરૂપ** એમ કરેલો છે. તેમજ-સકળ વિશ્વનો હુંજ પ્રલયનો કારણભૂત એટલે કે-હુંજ સકળ વિશ્વનો સંહાર કરનારો છું. તેમાં પ્રમાણભૂત-“ વ્યક્ત-અવ્યક્ત, કાર્ય-કારણરૂપ જે આ પ્રકૃતિ—માયા મેં કહી બતાવી તે અને પુરૂષ એ બન્નેય પરમાત્મામાં લીન થાય છે. અને પરમાત્મા સર્વના આધાર અને સર્વના નિયન્તા **પરમેશ્વર** છે. ” “ જ્યારે-પ્રલય સમયે માયા અને માયાપતિ પુરૂષ એ બન્ને અને સર્વસંહારક કાળ પણ અક્ષરના તેજમાં તે ભગવાનની ઇચ્છાથી તિરોભાવને પામી જાય છે, ત્યારે તે સર્વનિયન્તા પ્રભુ શ્રીહરિ પોતે એકજ વિરાજમાન રહે છે. ” એમ વિષ્ણુપુરાણનું વચન છે. ॥ ૬ ॥

“ હુંજ સર્વથી શ્રેષ્ઠ છું ” એમ ભગવાન સ્વમુખે કહે છે--

હે ધનંજય ! જગતનાં કારણભૂત એવાં પ્રકૃતિ અને પુરૂષ એ બન્નેનો પ્રવર્તક—પ્રેરક એવા મારા કરતાં શ્રેષ્ઠ-ઉત્તમ બીજું કોઇ પણ વસ્તુ છેજ નહિ.સર્વજ્ઞતા અને સત્યસંકલ્પતા, એ આદિક ગુણોના યોગથી, તથા સર્વ કારણના પણ કારણપણાને લીધે, હુંજ સર્વથી અતિ શ્રેષ્ઠ-સર્વોપરિ છું, પણ મારાથી બીજો કોઇ પર નથીજ એ અર્થ છે. અને આ નજરે દેખાતું ચેતન અચેતનના સમુદાયરૂપ સઘળું જગત્ મારા શરીરભૂત મારે આધીન હોવાથી સર્વાત્માપણે ધારી રહેલા મારે વિષે સૂત્રમાં-દોરામાં મણિકાઓજ જેમ એમ પરોવાયેલું અનુસ્યૂત પણે આશરીને રહેલું છે.“જેનું સર્વ ભૂત—પ્રાણીમાત્ર શરીર છે. ” “ જેનું પ્રકૃતિ-માયા શરીર છે.” “ જેનું પૃથ્વી શરીર છે. ” “ જેનું આત્મા શરીર છે. ” “ જેનું અક્ષર બ્રહ્મ શરીર છે. ” “ એ પરમાત્મા સર્વ ભૂતના અન્તરાત્મા—અન્તર્યામી નિયામક છે. સર્વ પાપના વિરોધી-નિર્દોષમૂર્તિ છે. દિવ્યસ્વરૂપ દેવ-તેજોમય એક-અદ્વિતીય નારાયણ છે. ” એ પ્રમાણે અન્તર્યામિભાવ પ્રતિપાદન કરનારી શ્રુતિઓમાં પરમાત્માનું સર્વાત્મકપણું. અને સર્વ ભૂત-પ્રાણીમાત્રનું પરમાત્માના શરીરપણું સ્પષ્ટ શબ્દોથી કહેવામાં આવ્યું છે. ॥૭॥

भाष्यम्-

दृश्यमानं चेतनाचेतनवृन्दं जगत्, मच्छरीरभूतं सर्वात्मकतया स्थिते मयि सूत्रे मणिगणा इव प्रोतमनुस्यूतमाश्रितम्. । "यस्य सर्वाणि भूतानि शरीरम्" "यस्य प्रकृतिः शरीरम्" "यस्य पृथिवी शरीरम्" "यस्यात्मा शरीरम्" "यस्याक्षरं शरीरम्" "एष सर्वभूतान्तन्तरात्मा अपहतपाप्मा दिव्यो देव एको नारायणः" इत्यन्तर्यामिश्रुतिषु परमात्मनः सर्वात्मकत्वम्, सर्वेषां परमात्मशरीरत्वं चोक्तम् ॥ ७ ॥

सर्वेषां चिदचिद्वृन्दानां परमात्मशरीरत्वात्, परमात्मनः सर्वात्मकत्वाच्च, सर्वशब्दैः स्वस्य वाच्यत्वं दर्शयन्विभूतिमाह-चतुर्भिः ।

रसोऽहमप्सु कौन्तेय ! प्रभास्मि शशिसूर्ययोः ।
प्रणवः सर्ववेदेषु शब्दः खे पौरुषं नृषु ॥ ८ ॥

रसोऽहमिति । हे कौन्तेय ! । अप्सु रसः-मधुररसस्तद्रूपोऽहम्, मम विभूतिरित्यर्थः । शशिसूर्ययोः प्रभा-कान्तिः, अहमस्मि-सा मद्विभूतिरित्यर्थः । सर्ववेदेषु-सर्वेषु वेदेषु, प्रणवः ॐकारोऽहमस्मि-मद्विभूतिः, खे-आकाशे, शब्दः-शब्दरूपोऽहमस्मि—मद्विभूतिः । नृषु—नरेषु, पौरुषम्-उद्यमोऽहमस्मि—मद्विभूतिः । उत्तरत्राप्येवं बोध्यम् ॥८॥

पुण्यो गन्धः पृथिव्यां च तेजश्चास्मि विभावसौ ।
जीवनं सर्वभूतेषु तपश्चास्मि तपस्विषु ॥
बीजं मां सर्वभूतानां विद्धि ! पार्थ ! सनातनम् ।
बुद्धिर्बुद्धिमतामस्मि तेजस्तेजस्विनामहम् ॥९-१०॥

किञ्च-पुण्य इति । पृथिव्यां पुण्यः-पवित्रो गन्धोऽहमस्मि । विभावसौ-अग्नौ, तेजो-या स्वाभाविका दीप्तिस्तदहमस्मि । सर्वभूतेषु जीवनम्—प्राणधारणरूपमायुरित्यर्थः, तदहमस्मि । तपस्विषु—नित्यं तपोयुक्तेषु, यत्तपः-शास्त्रीयस्वधर्मपालने सामर्थ्यं च तदहमस्मि ।

किञ्च-बीजमिति । सर्वभूतानां सनातनमनादिसिद्धमविनाशीति यावत् । बीजम्-कारणम्, विद्धि-जानीहि, नात्र विभूतिः । हे पार्थ !

શ્લોકાર્થ-

હે કૌન્તેય ! જળમાં રસ તે હું છું. શશીમાં અને સૂર્યમાં પ્રભા તે હું છું. સર્વ વેદોમાં પ્રણવ-ૐકાર હું છું. આકાશમાં શબ્દ હું છું. અને પુરૂષોમાં પુરૂષાર્થ તે હું છું. ॥ ૮ ॥

પૃથ્વીમાં પવિત્ર ગન્ધ તે હું છું. અને અગ્નિમાં તેજ-પ્રભા તે હું છું. સર્વ ભૂતોમાં જીવન-શક્તિ તે હું છું. અને તપસ્વીઓમાં તપ તે હું છું. ॥ ૯ ॥

હે પાર્થ ! સર્વ ભૂતોનું સનાતન બીજ-કારણ તે હું છું, એમ તું સમઝ ! બુદ્ધિમાન પુરૂષોની બુદ્ધિ તે હું છું. અને તેજસ્વીઓનું તેજ-પરાક્રમ તે હું છું. ॥૧૦॥

ભાવાર્થ-

સર્વ ચિત્ અચિત્‌ના સમૂહને પરમાત્માનું શરીરપણું હોવાથી, અને પરમાત્માનું સર્વાત્મકપણું હોવાથી, સર્વ શબ્દોથી પોતાનેજ કહેવાપણું છે. એમ બતાવતાં ચાર શ્લોકથી વિભૂતિઓ કહી બતાવે છે--

હે કૌન્તેય ! જળમાં જે મધુર રસ તે રૂપે હુંજ છું, અર્થાત્ એ મારી વિભૂતિ છે. ચન્દ્રમાં અને સૂર્યમાં પ્રભા જે કાન્તિ છે તે હું છું—તે મારી વિભૂતિ છે. સર્વ વેદોમાં પ્રણવ જે ૐકાર તે હું છું—તે મારી વિભૂતિ છે. આકાશમાં શબ્દ—શબ્દરૂપ મુખ્ય ગુણ હું છું--મારી વિભૂતિ છે. આગળના શ્લોકોમાં પણ એમજ જાણવું. ॥ ૮ ॥

વળી-પૃથ્વીમાં પવિત્ર-સારો ગન્ધ તે હું છું.અગ્નિમાં જે સ્વાભાવિક તેજસ્વિતા અને કાન્તિ તે હું છું.સર્વ ભૂતોમાં જીવન-પ્રાણધારણરૂપ આયુષ્ય તે હું છું,નિરન્તર તપમાં જોડાયેલા તપસ્વીઓમાં તપ શાસ્ત્રીય સ્વધર્મ પાળવામાં જે સામર્થ્ય-સહનશક્તિ તે હું છું.

વળી-સર્વ ભૂત—પ્રાણીમાત્રનું સનાતન અનાદિ સિદ્ધ અવિનાશી એવું બીજ જે કારણ તે મને જાણ ! અહીંઆં વિભૂતિ ન જાણવી, પણ પોતેજ સાક્ષાત્ છે એમ જાણવું. હે પાર્થ ! બુદ્ધિમાન પુરૂષોની બુદ્ધિ જે તત્ત્વ અતત્ત્વ-સારાસારના વિવેક સામર્થ્યવાળી પ્રજ્ઞા તે હું છું. તેજસ્વી—પ્રગલ્ભ પુરૂષોનું તેજ—પ્રાગલ્ભ્ય બીજાઓને દબાવાનું સામર્થ્ય અને પોતે બીજાઓથી ન દબાવું એ રૂપ જે શક્તિ તે હું છું ॥૯-૧૦॥

વળી-બળવાન પુરૂષોનું બળ, કે જે શબ્દાદિક વિષયોમાં પ્રીતિરૂપ જે રાગ તેનાથી રહિત, અથવા કામ અને રાગ તેનાથી રહિત,એવું જે બળ એટલે મનુષ્યોનું મનોબળ અથવા શારીર બળ તે હું છું.વળી હે ભરતર્ષભ ! ભૂતોમાં એટલે મનુષ્યમાત્રમાં ધર્મશાસ્ત્રમાં કહેલા વર્ણાશ્રમોચિત એવા સદાચારથી અવિરૂદ્ધ અર્થાત્ અધર્મે રહિત એવો કામ જે અન્નપાનાદિક વિષયોની અભિલાષા, અથવા મારી પ્રાપ્તિની અભિલાષા,તે હું છું.

વળી-સાત્ત્વિકાહંકારથી ઉત્પન્ન થયેલા જે ઇન્દ્રિયોના અધિષ્ઠાતા દેવતાઓ, તથા રાજસાહંકારથી ઉત્પન્ન થયેલા જે ઇન્દ્રિયો આદિક પદાર્થો,તથા તામસાહંકારથી ઉત્પન્ન થયેલા જે શબ્દાદિક તન્માત્રા વિગેરે પદાર્થો, જગત્‌માં રહેલા છે. અથવા સાત્ત્વિકાદિક એવા જે દેવમનુષ્યો વિગેરે પદાર્થો છે. તે સઘળાઓ મારા થકીજ ઉત્પન્ન થયેલા છે,

भाष्यम्-

बुद्धिमताम्, बुद्धिः-तत्त्वातत्त्वविवेकसामर्थ्यवती प्रज्ञा, अहमस्मि। तेजस्विनाम्-प्रागल्भ्यवताम्, तेजः-प्रागल्भ्यं पराभिभवसामर्थ्यम्, परैरनभिभाव्यत्वं च, अहमस्मि ॥ ९-१० ॥

बलं बलवतां चाहं कामरागविवर्जितम्।
धर्माविरुद्धो भूतेषु कामोऽस्मि भरतर्षभ ! ॥
ये चैव सात्त्विका भावा राजसास्तामसाश्च ये।
मत्त एवेति तान्विद्धि ! न त्वहं तेषु ते मयि ॥११-१२॥

किञ्च-बलमिति। बलवतां कामरागविवर्जितम्-काम्यन्त इति कामाः शब्दादिविषयास्तेषु रागः-प्रीतिस्तेन, कामो रागश्च ताभ्यां वा, विवर्जितम्-रहितम्, बलम्-मानसं शारीरं चाहमस्मि। हे भरतर्षभ ! भूतेषु-जनेषु, धर्माविरुद्धः-धर्मेण शास्त्रविहितेन वर्णाश्रमोचितेन सदाचारेण अविरुद्धः, अधर्मवर्जितः कामः-अन्नपानादिविषयाभिलाषः, मत्प्राप्त्यभिलाषो वा, अहमस्मि ॥

किञ्च-ये चैवेति। सात्त्विकाः-वैकारिकाहङ्कारादुत्पन्ना ये इन्द्रियाधिष्ठातृदेवादयः, राजसाः-तैजसाहङ्कारादुत्पन्ना ये इन्द्रियादयश्च, तामसाः-तामसाहङ्कारादुत्पन्ना ये तन्मात्रादयश्च, जगति भावाः।

यद्वा—सात्त्विकादयो ये देवमनुष्यादिभावाः सन्ति, तान् सकलान् मत्त एव जातान् विद्धि!। ते भावा मयि-मच्छरीरत्त्वात् ते सात्त्विकादयः समग्रा भावा मदधीनतया स्थिता इत्यर्थः। अहं तु तेषु न-कदाचिदपि तदधीनस्थितिरहं न भवामि। यथा मद्व्यतिरिक्तानां सर्वेषां जीवानां तत्तदधीनैः शरीरैरुपकारो विद्यते, तथा मदधीनैर्मच्छरीरभूतैश्चिदचिद्वर्गैर्मम न कोऽप्युपकारः, परन्तु-मच्छरीरभूतानां तेषां धारणे केवलं स्वेच्छैव प्रयोजनमित्यर्थः ॥ ११-१२ ॥

एवं चेत्तर्हि एतादृशं त्वां परमेश्वरं सर्वे जनाः कथं न जानन्ति? इत्यत्राह—त्रिभिरिति।

त्रिभिर्गुणमयैर्भावैरेभिः सर्वमिदं जगत्।
मोहितं नाभिजानाति मामेभ्यः परमव्ययम् ॥ १३ ॥

શ્લોકાર્થ-

બળવાન મનુષ્યોનું કામ અને રાગ વર્જીત એવું શુદ્ધ બળ તે હું છું. અને હે ભરતર્ષભ ! ભૂત–પ્રાણીમાત્રમાં ધર્મથી અવિરૂદ્ધ એવો જે કામ તે હું છું. ॥ ૧૧ ॥

અને વળી––જે કોઇ સાત્ત્વિક ભાવ––પદાર્થો છે. તેમજ રાજસ અને તામસ પદાર્થો છે,તે સઘળા મારામાંથીજ ઉપજેલા છે,એમ જાણ ! પરન્તુ–તે સઘળા–ભાવોમાં હું નથી, પણ તેઓ મારામાં—મારે આધારે છે. (એમ સમઝ !) ॥ ૧૨ ॥

આ કહ્યા એવા સાત્ત્વિક, રાજસ અને તામસ એ ત્રણ ગુણમય ભાવોથી–પદાર્થોથી મોહ પામેલું આ સઘળું જગત્,એ માયાના કાર્યથી પર રહેલા અવિનાશીસ્વરૂપ એવા મને જાણતું—ઓળખતું નથી. ॥ ૧૩ ॥

ભાવાર્થ-

એમ તું જાણ ? અને તે સઘળા પદાર્થો મારામાં છે, એટલે કે—મારા શરીરરૂપે રહેલા હોવાથી તે સાત્ત્વિકાદિક સઘળા પદાર્થો મારે આધીનપણેજ રહેલા છે, એ અભિપ્રાય છે. અને હું તો તેમાં નથી એટલે કે-કયારેય પણ તેઓને આધીન સ્થિતિવાળો હું નથી. અભિપ્રાય એ છે કે-જેમ મારા સિવાયના બીજા સર્વ જીવોને તેમને તેમને આધીન એવાં તેમનાં શરીરોથી ઉપકાર હોય છે,તેમ મારે આધીન વર્તનારા અને મારા શરીરભૂત એવા જડ–ચેતનના સમૂહોથી મારે કોઇ પણ ઉપકાર નથી. પરન્તુ–મારા શરીરભૂત તે સર્વને ધારણ કરવામાં કેવળ—નિષ્કારણ મારી ઇચ્છાજ પ્રયોજન છે. એમ સમઝવું. ॥૧૧–૧૨॥

જો એમજ હોય તો,આવા પરમ ઉપકારી તમને પરમેશ્વરને સર્વે જનો કેમ જાણતા–ઓળખતા નથી ? અથવા ઓળખીને તમને કેમ ભજતા નથી ? એના સમાધાનમાં કહે છે—

આ પૂર્વે કહી બતાવ્યા એવા સત્ત્વાદિક ગુણોના વિકારભૂત—પરિણામભૂત સાત્ત્વિકાદિક ત્રણ પ્રકારના પદાર્થોથી મોહ પામી ગયેલું એવું દેવમનુષ્યાદિક વિવિધ ભાવે રહેલું આ સઘળું જગત્ ,એ સાત્ત્વિકાદિક ત્રિવિધ પદાર્થોથી પર, એટલે કે–મારા અસાધારણ અપ્રાકૃત આકારવિશેષથી, તથા દિવ્ય અમાયિક અલૌકિક સ્થાન–ધામથી, તથા દિવ્ય આકારવાળા અપ્રાકૃત પાર્ષદોથી-અક્ષરમુકતોથી,તથા સર્વ પ્રકારથી પણ અતિ ઉત્કૃષ્ટપણે વિરાજમાન રહેલો અને અવિનાશી તેમજ પ્રાકૃત ગુણોનો લેશ પણ જેમાં ન મળે એવા સાક્ષાત્ પરાત્પર મને પુરૂષોત્તમને નથી જાણતું-ઓળખી શકતું નથી. ॥૧૩॥

અત્યન્ત હલકી કોટિનાં તદ્દન અસ્થિર એવાં પ્રાકૃત ગુણમય પદાર્થોથી મોહ પામી ગયેલા જનને એ મોહ ઉપજાવનારી માયા કેમ કરવાથી નિવૃત્તિ પામે ? એ આશંકાના સમાધાનમાં કહે છે—

આ—અંસૃતિને પમાડનારી, સત્ત્વ, રજ અને તમ, એ ત્રણ ગુણના કાર્યના સમૂહરૂપ અને વિવિધ વિચિત્ર અચિન્ત્ય શકિતમાન અને લીલામાત્રથી આ સર્વ જગતને

भाष्यम्-

एभिः पूर्वोक्तैर्गुणमयैः-सत्त्वादिगुणविकारैः, त्रिभिः-त्रिविधैः, भावैः-पदार्थैः, मोहितम्-मोहं प्राप्तम्, सर्वमिदं जगत्-देवमनुष्यादिभावेन स्थितः सर्वोऽपि जनः। एभ्यः—सात्त्विकादिभावेभ्यः, परम्-ममासाधारणैरप्राकृतैर्गुणैः, दिव्याप्राकृतविग्रहविशेषेण, दिव्याप्राकृतस्थानविशेषेण, दिव्याकाराप्राकृतैः पार्षदैश्च, तथा सर्वप्रकारैश्चात्युत्कृष्टम्, अव्ययम्-अविनाशिनं प्राकृतगुणवर्जितम्, मां पुरुषोत्तमम्, नाभिजानाति-न वेत्ति ॥ १३ ॥

अत्यन्तनिकृष्टास्थिरप्राकृतगुणात्मकभावमोहितस्य जनस्य मोहिनी माया कथं निवर्तेत ? इत्याशङ्कायामाह-दैवीति।

दैवी ह्येषा गुणमयी मम माया दुरत्यया।
मामेव ये प्रपद्यन्ते मायामेतां तरन्ति ते ॥ १४ ॥

एषा—संसरणकारिणी, गुणमयी—सत्त्वरजस्तमोगुणत्रयात्मिका, दैवी-देवेन-विविधविचित्राचिन्त्यशक्तिमता, लीलया सर्वस्रष्ट्रा मया, जनानां धर्मादिसकलपुरुषार्थसिद्धिप्राप्त्यर्थं भोगभोगस्थानदेहादिरूपेण निर्मिता। अत एव मम—परमेश्वरस्य, सर्वजगत्कारणस्य, सर्वज्ञस्य, सर्वशक्तेः, पुरुषोत्तमस्य, शक्तिरूपा माया जगत्सृष्ट्यादिकार्यनिर्वाहिका, अत एव दुरत्यया—सर्वजनैर्मम शरणागतिं विनेतरसाधनैरत्येतुं तरितुमशक्या, दुरतिक्रमणीयेत्यर्थः। ततो ये माम्-सकलहेयप्रत्यनीकमपरिमितानन्दमयं सकलशुभगुणसागरं नित्यं सर्वनियन्तारं सदैकरूपं सर्वजननयनगोचरीभूतं भक्तजनवात्सल्यविवशं सर्वजनशरण्यं शरणागतपालकं परमदयालुं पुरुषोत्तममेव प्रपद्यन्ते शरणमुपयान्तीत्यर्थः। ते-मदेकशरणा एव, गुणमयीं मायां तरन्ति-तेषां मदुपासनेनैव माया निवर्तते इति भावः॥१४॥

एवं चेत्तर्हि सर्वे जनास्तव शरणागतिं कुतो न कुर्वन्ति ? तत्राह-न मामिति।

न मां दुष्कृतिनो मूढाः प्रपद्यन्ते नराधमाः।
माययापहृतज्ञाना आसुरं भावमाश्रिताः ॥ १५ ॥

શ્લોકાર્થ--

કારણ કે--દેવ--સર્વસ્રષ્ટા એવો જે હું તે મારી આ ગુણમયી માયા તે દુરત્યય છે. માટે જેઓ મનેજ અનન્ય ભાવથી આશરે છે. તેજ એ માયાને તરી શકે છે. ॥૧૪॥

માયાના બળથી જેઓનું જ્ઞાન હરાઇ ગયેલું છે અને તેથીજ આસુર ભાવને આશરેલા એવા દુષ્કર્મી મૂઢ નરાધમો મારો આશ્રય-શરણ લઇ શકતાજ નથી. ॥૧૫॥

ભાવાર્થ-

સર્જનારા મેં સર્વ જનોના ધર્માદિક સકળ પુરૂષાર્થની સિદ્ધિ પમાડવા માટે ભોગ,ભોગસ્થાન અને દેહાદિકરૂપે નિર્માણ કરેલી. અને તેથીજ સર્વ જગત્‌નો પરમ નિયન્તા,સર્વ જગત્‌નો કારણ, સર્વજ્ઞ, સર્વ શકિતમાન, એવો જે હું તે મારી પુરૂષોત્તમ ભગવાનની શકિતરૂપ માયા છે,અને તે માયા આ જગત્‌ને સર્જવા આદિક કાર્યમાં પરમ ઉપકારક અને ઉપયોગી છે. અને તેથીજ સર્વ મનુષ્યોએ મારી એક-અનન્ય શરણાગતિ-પ્રપત્તિ સિવાય બીજાં સાધનોથી તરવાને સર્વથા અશકયજ છે. માટેજ જે મનુષ્યો મને એટલે કે—સકળ હેયનો પ્રત્યનીક-વિરોધી, અપરિમિત આનન્દમય સ્વરૂપ જેનું છે, સકળ કલ્યાણ ગુણગણોનો મહાસાગરસમો,અખંડ અબાધિતસ્વરૂપ, સર્વનો નિયન્તા, સદાય એક—અદ્વિતીય સ્વરૂપ, આ લોકમાં સર્વજનને નયન ગોચર—પ્રત્યક્ષ મનુષ્યસ્વરૂપે વર્તતો, ભકત જનોના ઉપર વાત્સલ્ય-અપરિમિત પ્રેમને લીધે સર્વથા વશ વર્તનારો,સર્વ જનોને શરણ કરવા યોગ્ય અને શરણાગતનો પરમ પાળક પરમ દયાળુ. એવા મને **પુરૂષોત્તમનેજ** સર્વથા શરણે આવેછે—અનન્ય ભાવથી આશરે છે. તે મારાજ એક શરણવાળા જનો એ ગુણમયી માયાને તરે છે--અર્થાત્-તેમને મારી ઉપાસના કરવાથીજ માયા નિવૃત્તિ પામી જાય છે. એ અભિપ્રાય છે. ॥ ૧૪ ॥

આમજ જો હોય, તો સર્વ મનુષ્યો તમારી શરણાગતિ કેમ નથી કરતા ? એના ઉત્તરમાં કહે છે—

દુષ્કર્મીઓ કે જે પાપની તારતમ્યતાને લીધે ચાર પ્રકારના છે તે મને નથી પામતા, એટલે કે-મારી શરણાગતિ નથી કરતા એ અર્થ છે.હવે-તે ચાર પ્રકારના દુષ્કર્મીઓનો ભેદ કહે છે—તેમાં પ્રથમ મૂઢ એટલે જ્ઞાનની વિપરીતતા પામેલા, અર્થાત્ જ્ઞાનમાં વિપરીત ભાવ હોવાથી કેવળ કષ્ટમય સંસારમાં સુખબુદ્ધિથી તેમાંજ આસકત વર્તનારા.

બીજા—નરાધમ, એટલે કે—સર્વ ગુણમય કાર્યની હેયતા જાણતાં છતાં પણ અસચ્છાસ્ત્ર અને અસત્પુરૂષોના સહવાસથી જગન્નિયન્તા પરમેશ્વરની પણ અવગણના કરીને કેવળ આત્મકૈવલ્ય સમ્પાદન કરવામાં પ્રવર્તેલા, અને તેથીજ ભગવાનની ઉપાસના પણ નહિ કરનારા,માટે ભગવાનની ઉપાસનાએ રહિત હોવાથીજ નરોમાં એટલે મનુષ્યમાત્રમાં અધમ-ભગવાનના પરમ ઉપાસક સત્પુરૂષોએ અતિ તિરસ્કાર કરેલા-અતિ નિન્દાપાત્ર બની ગયેલા,હવે-ત્રીજા-માયા એટલે કૂટયુકિતવાળાં વચનોથી મારા

टीका-

માટે તું પણ સર્વ કાળમાં મારૂંજ સ્મરણ કરતો રહે અને સ્વધર્મરૂપ યુદ્ધ પણ કર ! અને મારામાંજ મન અને બુદ્ધિને સર્વથા અર્પણ કરવાથી મનેજ પામીશ.આમાં કાંઇ સંશય નથી. ॥ ૭ ॥

હે પાર્થ ! અભ્યાસ-યોગયુક્ત અને અનન્યગામિ એવા ચિત્તથી દિવ્યાકાર પરમ પુરૂષનું ચિન્તવન કરતાં કરતાં તેનેજ પામે છે. ॥ ૮ ॥

ભાવાર્થ-

સ્મરણ કરતો કરતો દિવ્ય ભોગે યુકત સગુણ પુરૂષને પામે છે. અને જે કૈવલ્યાર્થી છે,તે પ્રાકૃત ગુણોથી પર નિરવયવ એવા તેજના પુંજરૂપ જે બ્રહ્મ તે રૂપે મને જાણેછે. તો તે પુરૂષ તેવા પ્રકારનો મને માનીને મારૂં સ્મરણ કરતો કરતો તેવા પ્રકારનો આકાર પામે છે. અને જે જ્ઞાની ભકત છે,તે તો એ સગુણ-નિર્ગુણ બ્રહ્મનો પણ નિયન્તા અને અક્ષર બ્રહ્મ ધામમાં અખંડ વિરાજમાન રહેલા બ્રહ્મભાવને પામેલા એવા અપરિમિત ભકત-મુકતજનોએ પરમ પ્રેમપૂર્વક સેવેલા એવા પુરૂષોત્તમરૂપે મને જાણે છે. અને તે તેવા પ્રકારનોજ મને જાણીને મારૂં સ્મરણ કરતો કરતો મનેજ પામે છે. ॥ ૫ ॥

હવે-હરકોઇ મનુષ્ય સતત સ્મરણના અભ્યાસ પ્રમાણેજ ગતિ પામેછે, એમ કહેછે-

હે કૌન્તેય ! જે કોઇ મનુષ્ય, મરણ સમયમાં દેવ-મનુષ્યાદિક જે જે ભાવનું-પદાર્થનું સ્મરણ કરતાં કરતાં શરીરનો ત્યાગ કરી જાય છે. તે મનુષ્ય સદાય-મરણ પહેલાં પણ નિરન્તર તે તે પદાર્થની ભાવના-અખંડ ધ્યાન કરવું તેનાથી ભાવિત-એટલે વાસનાએ યુકત મનવાળો થઇને, પૂર્વે ભરતજી જેમ મૃગનું ધ્યાન થવાથી મૃગ ભાવનેજ પામ્યા હતા,તેમ નિરન્તર તે તે ભાવથી ભાવિત થયેલા હોવાથી તે તે ભાવનેજ પામે છે.મરણ પહેલાંના સમયમાં નિરન્તર સ્મરણ કરેલા વિષયનુંજ અન્તકાળે સ્મરણ થઇ આવે છેજ એ અભિપ્રાય છે. ॥ ૬ ॥

જેથી આમ છે,તે હેતુથીજ.સર્વ સમયમાં,મને-સગુણ નિર્ગુણ બ્રહ્મના પણ નિયન્તા-પ્રેરક, એવા મને પરાત્પર પુરૂષોત્તમને, અવિરત સંભાર્યા કર, અને મારામાં મન રાખીને યુદ્ધ પણ કર, એ અર્થ છે.। કેમ કે-મારે પુરૂષોત્તમને વિષે અર્પણ કર્યાં છે મન અને બુદ્ધિ જેણે એટલે કે-મનથી મારૂં ચિન્તવન કરવું અને બુદ્ધિથી સર્વોત્કૃષ્ટ-સર્વોપરિ મારા સ્વરૂપનો નિશ્ચય કરવો. આ બે કરવાથી મન અને બુદ્ધિનું મારામાં સમર્પણ કર ! અને એમ કરવાથી તું મનેજ પામીશ. એ વાતમાં કશોજ સન્દેહ નથી.એ અભિપ્રાય છે. ॥૭॥

આ પ્રમાણે ઐશ્વર્યનિષ્ઠ આદિક ત્રણેયને સદાય સ્વપ્રાપ્યના અખંડ સ્મરણથી તે પ્રમાણે સ્વપ્રાપ્યનું સ્મરણ રહે છે એમ કહીને,અને વળી-તેવા અન્તકાળિક સ્મરણથી તેની પ્રાપ્તિ પણ કહીને, હવે-પોતાના પ્રાપ્યની પ્રાપ્તિ માટે ઉપાસના રીતિના ભેદ કહી બતાવે છે-

भाष्यम्—

कविं पुराणमनुशासितारम्
अणोरणीयांसमनुस्मरेद्यः ।
सर्वस्य धातारमचिन्त्यरूपम्
आदित्यवर्णं तमसः परस्तात् ॥
प्रयाणकाले मनसाचलेन
भक्त्या युक्तो योगबलेन चैव ।
भ्रुवोर्मध्ये प्राणमावेश्य सम्यक्
स तं परं पुरुषमुपैति दिव्यम् ॥ ९—१० ॥

कविम्—सर्वविदम्, पुराणम्—बहुकालिकम्, अनुशासितारम्—ब्रह्माण्डस्य प्रशासकम्, अणोर्जीवात्, अणीयांसमतिसूक्ष्मम्, सर्वस्य—ब्रह्मादिस्थावरान्तस्य, धातारम्—पोषकम्, अचिन्त्यरूपम्—सर्वजनैश्चिन्तितुमनर्हरूपम्, आदित्यवर्णम्—सूर्यसङ्काशरूपम्, तमसः—प्रधानाख्यप्रकृतेः, परस्तात्—परं प्रधानाधिष्ठातारम् ।

यद्वा—तमसः—अविद्यायाः सकाशात्, परस्तात्—परं विद्याशक्तिप्रधानमीश्वरसंज्ञं वैराजपुरुषम्, भक्त्या युक्तोऽचलेन मनसा योऽनुस्मरेदनुचिन्तयेदित्युत्तरश्लोकेनान्वयः ।

प्रयाणेति । प्रयाणकाले—प्राणोत्क्रमणसमये, योगबलेन—पूर्वकृतभगवद्ध्यानाभ्याससामर्थ्येन च, भ्रुवोः—भृकुट्योर्मध्ये सम्यक् प्राणं प्राणाख्यवायुमावेश्य गमयित्वा, स ऐश्वर्यार्थी दिव्यं द्योतमानं परम्—ब्रह्मादिभ्यः श्रेष्ठं तं पुरुषमुपैति—प्राप्नोति, तत्सदृशभोगादिकं च प्राप्नोतीति ज्ञेयम् ॥९—१०॥

अथ कैवल्यार्थिनां प्राप्यमक्षरं प्रशंसन् तेषां स्मरणप्रकारमाह—यदित्यादिना ।

यदक्षरं वेदविदो वदन्ति
विशन्ति यद्यतयो वीतरागाः ।

શ્લોકાર્થ-

તે પરમ પુરૂષ, કવિ–ત્રિકાળદર્શી, પુરાતન, સર્વનું નિયમન કરનારા, સૂક્ષ્મથી પણ અતિ સૂક્ષ્મ, સર્વને રચનારા, મન-વાણીને પણ અગોચર એવું અચિન્ત્ય-અલૌકિક રૂપ-આકૃતિ જેની છે, આદિત્યના જેવો સમુજ્જવળ વર્ણ જેનો છે. અને માયાના તમથી પર રહેલા, એવા એ પરમ પુરૂષને જે સતત સંભાર્યા કરે છે. ।

અને મરણ સમયમાં પણ નિશ્ચળ મન રાખીને, ભક્તિયુક્ત થઇને, અને યોગસામર્થ્યથી પ્રાણને ભૃકુટિના મધ્યમાં બરોબર સ્થિર રાખીને જે સ્મરણ કરે, તે પુરૂષજ તે દિવ્યાકાર પરમ પુરૂષને પામે છે. ॥

જેને વેદવિત્ પુરૂષો અક્ષર એમ કહે છે, દુનીયાંના રાગ સિવાયના વશેન્દ્રિય ઉપાસક પુરૂષો જેમાં પ્રવેશ કરે છે. જેને ઇચ્છનારા બ્રહ્મચર્ય વ્રત પાળે છે. તે પદ હું તને સંક્ષેપથી કહીશ–કહેવાનો છું. ॥ ૯–૧૧ ॥

ભાવાર્થ—

તેમાં ઐશ્વર્યાર્થીઓને ઉપાસના પ્રમાણે અન્તકાળે સ્મૃતિ ઉત્પન્ન કરનારી ઉપાસનાની રીતિ કહી બતાવે છે—

હે પાર્થ ! અભ્યાસ એટલે દરરોજ આપ્યભૂત પરમાત્મસ્વરૂપનું શ્રવણ કીર્તનાદિક કરવું. અને યોગ એટલે ધ્યાન. એ બન્નેયે યુક્ત, અને તેથીજ બીજા વિષયો તરફ નહિ જવાનો સ્વભાવ જેનો છે. એવા ચિત્તથી બ્રહ્મા અને ઇન્દ્રાદિક દેવો કરતાંય પરમ શ્રેષ્ઠ, બહુજ દેદીપ્યમાન, એવા પુરૂષાકાર જે સગુણ બ્રહ્મ તે રૂપ મને અનુચિન્તવન કરતાં કરતાં ઐશ્વર્યાર્થી પુરૂષ તે સગુણ બ્રહ્મરૂપ મને પામે છે. ॥ ૮ ॥

ફરીથી પણ તેનેજ વિવરણ કરીને બે શ્લોકથી કહી સમઝાવે છે-

કવિ—સર્વને જાણનાર, પુરાણ–બહુ કાળ સુધી રહેનાર, અનુશાસિતા–સમગ્ર બ્રહ્માણ્ડના પ્રશાસક, અણુસ્વરૂપ જીવાત્મા કરતાંય અતિ સૂક્ષ્મસ્વરૂપ, બ્રહ્માથી લઇને સ્થાવર સુધીના સર્વ પ્રાણીમાત્રના પોષક, સર્વજનોએ ચિન્તવન ન કરી શકાય એવું રૂપ–આકૃતિ જેની છે, આદિત્યના જેવું સમ્યક્ પ્રકાશમાન રૂપ-વર્ણ જેનો છે, પ્રધાન નામે પ્રકૃતિ તે થકી પર, પ્રધાનના પણ અધિષ્ઠાતા, અથવા અવિદ્યા નામે તમ તે થકી પર, એટલે કે—વિદ્યાશક્તિપ્રધાન એવા ઇશ્વર નામે વૈરાજ પુરૂષને, ભક્તિએ યુક્ત થઇને અચળ મનથી જે અનુસ્મરણ કરે છે.–સતત સંભાર્યા કરે છે.

આ પ્રમાણે પ્રાણના ઉત્ક્રમણરૂપ પ્રયાણ સમયમાં, પ્રથમ કરેલા ભગવદ્ધયાનના અભ્યાસબળથી પોતાના પ્રાણ–વાયુને સમ્યક્ પ્રકારે સ્થાપન–સ્થિર કરીને, તે ઐશ્વર્યાર્થી ઉપાસક પુરૂષ દિવ્ય—મહાકાન્તિમાન્ અને બ્રહ્માદિક દેવો કરતાંય પણ શ્રેષ્ઠ એવા તે વૈરાજ પુરૂષને પામે છે.એટલે કે–તે વૈરાજ પુરૂષને તુલ્ય ભોગાદિકને પણ પામે છે.એમ જાણવું. ॥ ૯–૧૦ ॥

भाष्यम्—

यदिच्छन्तो ब्रह्मचर्यं चरन्ति
तत्ते पदं सङ्ग्रहेण प्रवक्ष्ये ॥ ११ ॥

यदिति। वेदविदः, यन्निरवयवं तेजःपुञ्जं ब्रह्म, अक्षरम्—अक्षरसंज्ञं वदन्ति। वीतरागाः—वीतो गतो रागो विषयप्रीतिर्येभ्यस्ते, यतयः—यत्नशीला मुनयः, यदक्षरं विशन्ति प्रविशन्ति। यदिच्छन्तः-यत्प्राप्तुमिच्छन्तः ऋषयः, ब्रह्मचर्यम्—अष्टविधं नैष्ठिकव्रतं चरन्ति—आचरन्ति, तदक्षरं पदं मम स्थानभूतं ब्रह्म कैवल्यार्थिप्राप्यम्, सङ्ग्रहेण—सङ्क्षेपेण, प्रवक्ष्ये—सङ्क्षेपेण तत्प्राप्तिप्रकारं वदिष्यामीति भावः ॥११॥

साङ्गं तत्प्राप्तिप्रकारं वदति—द्वाभ्यां सर्वेति, ओमिति च।

सर्वद्वाराणि संयम्य मनो हृदि निरुद्ध्य च।
मूर्ध्न्याधायात्मनः प्राणमास्थितो योगधारणाम् ॥
ओमित्येकाक्षरं ब्रह्म व्याहरन् मामनुस्मरन्।
यः प्रयाति त्यजन् देहं स याति परमां गतिम् ॥१२-१३॥

सर्वद्वाराणि—सर्वाणि यानि श्रोत्रेन्द्रियादीनि द्वाराणि। संयम्य—स्वोद्यमेभ्यः प्रत्याहृत्य, हृदि—हृत्पद्मस्थितेऽक्षरब्रह्मत्वेन ज्ञाते मयि। मनो निरुद्ध्य, योगधारणाम्—योगाभिधां धारणाम्, आस्थितः—आश्रितः, मत्स्वरूप एव अचलां स्थितिं प्राप्त इत्यर्थः ॥

ओमित्येकाक्षरं एकवर्णं ब्रह्म—परब्रह्मणो मम वाचकं प्रणवम्। व्याहरन्—उच्चारयन्, तेन प्रणवेन वक्तव्यं माम्, अनुस्मरन्—चिन्तयन् सन्, आत्मनः स्वस्य प्राणम्, मूर्ध्नि भ्रुवोर्मध्ये, आधाय—स्थिरीकृत्य, देहम्—शरीरम्, त्यजन्—मुञ्चन् सन्, यः प्रयाति—गच्छति, सः-कैवल्यार्थी, परमाम्—पुरुषरूपात्सगुणब्रह्मणः सकाशादुत्कृष्टाम्, गतिम्-प्राप्तिरूपं निरवयवं निर्गुणमक्षरं ब्रह्म, याति—प्राप्नोति।

यद्वा—स कैवल्यार्थी परमाम्—उत्कृष्टां गतिं प्राप्तिरूपं प्राकृतगुणविनिर्मुक्तमक्षरब्रह्मसमानाकारमपुनरावृत्तिशुद्धजीवात्मस्वरूपं याति। "यः स सर्वेषु भूतेषु नश्यत्सु न विनश्यति। अव्यक्तोऽक्षर इत्युक्तस्तमाहुः परमां गतिम्" इत्युत्तरत्रैव कथयिष्यते ॥ १२-१३ ॥

શ્લોકાર્થ-

સર્વ ઇન્દ્રિયદ્વારને સ્વવશમાં કરીને, મનને હૃદયમાં એકાગ્ર કરીને, પોતાના પ્રાણુને મસ્તકમાં સ્થિર કરીને, યોગથી પરમાત્મસ્વરૂપમાં ધારણા પામેલો.

અને પરબ્રહ્મના વાચક ઓંકારરૂપ એકાક્ષરને જપતો અને મને અખંડ સંભારતો થકો દેહનો ત્યાગ કરીને જે જાયછે, તે પુરૂષ પરમ ગતિ પામે છે. ॥ ૧૨-૧૩ ॥

ભાવાર્થ-

હવે-કૈવલ્યાર્થીઓને પ્રાપ્ય એવા અક્ષર-બ્રહ્મની પ્રશંસા કરતા થકા તે કૈવલ્યાર્થીઓનો સ્મરણપ્રકાર કહે છે—

વેદના રહસ્યને જાણનારા જ્ઞાનીજનો,જે નિરવયવ તેજના સમૂહરૂપ બ્રહ્મને **અક્ષર** એવા નામે કહે છે. વળી-વિષયભોગથી જેમને પ્રીતિ ટળી ગઇ છે એવા વીતરાગ અને રાત્રિદિવસ પ્રયત્નશીલ રહેનારા મુનિઓ દેહને અન્તે જે અક્ષર પ્રત્યે પ્રવેશ કરે છે.જે અક્ષરને પામવા ઇચ્છતા ઋષિ-મુનિઓ અષ્ટ પ્રકારે નૈષ્ઠિક બ્રહ્મચર્ય પાળે છે. તે અક્ષર નામે પ્રસિદ્ધ મારા સ્થાનભૂત બ્રહ્મ-ધામ કૈવલ્યાર્થીઓએ પામવા યોગ્ય છે. તે સંક્ષેપથી કહીશ. અર્થાત્-તે અક્ષરપ્રાપ્તિનો પ્રકાર તને હું હવે કહી બતાવીશ. એ અભિપ્રાય છે. ॥૧૧॥

હવે-તે અક્ષરપ્રાપ્તિનો પ્રકાર તેનાં અંગે સહિત બે શ્લોકથી કહી બતાવે છે-

શ્રોત્રેન્દ્રિયાદિક શરીરનાં સર્વ દ્વારોને પોત-પોતાના વિષયો પ્રાપ્ત કરવાના ઉદ્યમા થકી પાછાં વાળીને પોતાના હૃદય કમળમાં રહેલા એવા અક્ષર બ્રહ્મપણે જાણેલા મારા સ્વરૂપમાં, મનને સ્થિરપણે રાખીને યોગધારણાને આશર્યો થકો, અર્થાત્-મારા સ્વરૂપમાંજ અચળ સ્થિતિ પામેલો.

અને ૐ એવા એક અક્ષરથી ઉચ્ચારણ કરાતા બ્રહ્મને, એટલે કે-પરબ્રહ્મ એવો જે હું તે મારો વાચક પ્રણવ તેનું વારંવાર-અખંડ ઉચ્ચારણ કરતાં કરતાં, અને તે પ્રણવથી ઉચ્ચારણ કરાતા મને અખંડ સંભારતાં પોતાના પ્રાણ-વાયુને મસ્તકમાં ભ્રૂકુટિના મધ્ય ભાગમાં સ્થિર-સ્થાપન કરીને, શરીરનો ત્યાગ કરીને જે જાય છે, તે કૈવલ્યાર્થી અક્ષરનો ઉપાસક પુરૂષ, પુરૂષરૂપ સગુણ બ્રહ્મ થકી અતિ ઉત્કૃષ્ટ-શ્રેષ્ઠ ગતિને પામે છે. એટલે કે-નિરવયવ નિર્ગુણ નિરાકાર એવા અક્ષર બ્રહ્મને પામે છે.

અથવા તો-તે કૈવલ્યાર્થી પુરૂષ ઉત્કૃષ્ટ ગતિ-પ્રાપ્તિરૂપ પ્રાકૃત માયિક ગુણોથી વિનિર્મુક્ત, અક્ષર બ્રહ્મને સમાન આકારવાળું અને પુનરાવૃત્તિએ રહિત, એવા શુદ્ધ જીવાત્માના સ્વરૂપને પામે છે. અર્થાત્-કેવળ સ્વસ્વરૂપના સાક્ષાત્ અનુભવને પામે છે. "જે સર્વ ભૂતો નાશ પામવા છતાં પણ પોતે નાશ નથી પામતો, જેને અક્ષર-ક્ષર ભાવથી રહિત અને અવ્યક્ત-બાહ્ય ઇન્દ્રિયોથી નહિ અનુભવાતો, એવો કહેલો છે, તે પરિશુદ્ધ આત્મસ્વરૂપને પરમ સર્વોત્કૃષ્ટ ગતિ—પ્રાપ્તિ કહે છે." એમ આ ગીતામાંજ આગળ કહેવાના છે. ॥ ૧૨-૧૩ ॥

टीका-

जिघित्सोऽपिपासः" इत्यादिनावबोध्यमानो विज्ञानघनैकलक्षणः। विज्ञानैकघनस्य जरामरणशोकादिविधुरस्यास्य तदन्वयस्तु न नैसर्गिकः, किन्तु क्षेत्रात्मना परिणतत्रिगुणसंसर्गो ह्यनादेः कालादनुवर्तते। तदस्य देवमनुष्यादिभूतभावोऽयमौपाधिकः। तत्र च मूलं पूर्वपूर्वं कर्म, कर्म च देवतोद्देशेनाग्नौ हविषो विसर्गः-विसर्जनम्, पात्रपाणितले वा द्रविणस्य विसर्जनम्, यदिष्टं यच्च दानं, तत् कर्मेत्येतत्। सोऽयं भूतभावोद्भवकरो विसर्गः। श्रूयते-"अथ य इमे ग्रामे इष्टापूर्ते दत्तमित्युपासते ते धूममभिसम्भवन्ति धूमाद्रात्रिं रात्रेरपरपक्षमपरपक्षाद्यान् दक्षिणैति मासांस्तान् मासेभ्यः पितृलोकं पितृलोकादाकाशमाकाशाच्चन्द्रमसमेष सोमो राजा +++ तस्मिन् यावत्सम्पातमुषित्वा अथैतमेवाध्वानं पुनरावर्तन्ते यथैतमेवाकाशमाकाशाद्वायुं +++ तद्य इहरमणीयचरणा अभ्याशो ह यत्ते रमणीयां योनिमापद्येरन् ब्राह्मणयोनिं वा क्षत्रिययोनिं वा वैश्ययोनिं वा, य इह कपूयचरणाः कपूयां योनिमापद्येरन् श्वयोनिं वा सूकरयोनिं वा चण्डालयोनिं वा" इति। भूतभावोद्भवकरं विसर्गविशेषलक्षणं कर्म ते विदुः, कर्मोपाधिकोऽयं भूतभावस्तत्कृतश्च जरामरणशोकाद्यन्वयोऽस्य क्षेत्रज्ञस्य न स्वाभाविक इति च विदुः। त एते जरामरणभयाद्विमुक्तिकामयमानाः प्रयाणकालेऽपि देहवियोगसमयेऽपि स्वतो जन्मजरामरणशोकादिशून्येऽच्छेद्यत्वादिनैसर्गिकस्वभावयुक्ते ज्ञानैकघनेऽक्षरब्रह्मात्मके, तत्सरूपे स्वात्मस्वरूपे युक्तचेतसः नियमितमनसो मां सर्वेश्वरं स्वेष्टफलसाधनतया विदुः-उपासते। ये चापरेऽर्थार्थिनः साधिभूतं साधिदैवं साधियज्ञं च मां विदुः। अर्थार्थिनः सन्ति बहवः, न ते सर्वे मां विदुः। बहवो हि लौकिकेष्वेव साधनेषु रमन्ते, नालौकिकेषु। कतिचन-अलौकिकेषु प्रवृत्ता अपि, इन्द्रादिदेवानविगणयन्तोऽपूर्वं किमप्यलौकिकं शरणमाश्रयन्ते। अपरे च कतिचनेन्द्रादीनेव देवान् स्वतन्त्रान्मन्यमानास्तानेव शरणमुपयान्ति। केचिदेव तु अर्थार्थिनः आब्रह्मभुवनाद्यानीमानि भोग्यभोगोपकरणतया वस्थितानिभूतानि-क्षरा भावाः, न तानि प्रकृतिगत्या केवलं समुद्भूतानि, तेषां सर्वेषामेष सर्वेश्वरः कारणभूतः, तदायत्तान्येतानीति साधिभूतं मां विदुः। यश्च पुरुषः सर्वेषामिन्द्रादीनां देवानामधिष्ठातृतया वर्तमानो हिरण्यगर्भः, सोऽपि न स्वतन्त्रः, अधिदैवं वर्तमानस्यास्याप्यधिष्ठाता स हि सर्वेश्वरः परमात्मेति साधिदैवं मां विदुः, यज्ञसमाराध्यतया सर्वयज्ञानामधिष्ठाता सर्वान्तरात्मा परमात्मैवेति साधियज्ञं च मां विदुः, तेऽपि प्रयाणकाले स्वाभिलषिते हैरण्यगर्भान्ते पदे युक्तचेतसो भूत्वा मामुपासते मदात्मकं तं देवताविशेषमुपासत इति यावत्। अन्तकाले स्वस्वप्राप्यानुगुणं मामनुस्मरन्नक्षरब्रह्मात्मतय, हिरण्यगर्भात्मतया वा, (तच्छरीरकत्वेन) मामनुस्मरन्-मद्भावमेवेति-यथोद्देशं मम यो भावः-अक्षरसारूप्यलक्षणः, यश्च हिरण्यगर्भसारूप्यलक्षणः, तं तमेति। स सर्वोऽपि भावः, तत्तदात्मनावस्थितस्य ममैव हीति ॥५॥

जन इति। अन्तिमस्मरणमात्रस्यायं स्वभाव इत्याशयः। अन्तिमस्मरणे निमित्तमाह-सदेति। मदनुस्मरणपूर्वकं युद्धमाचरतो मत्साधर्म्यलाभो, न पापप्रसङ्ग इति ज्ञापयन्नाह-तस्मादिति। मनोबुद्ध्योरिति। मदेकमननस्य मदेकाध्यवसायस्य च त स्वधर्मभूतधर्माचरणं न बन्धाय भवेत्। मननाध्यवसायबलान्मामेवैष्यसीति भावः॥ ६-७॥

टीका–

ऐश्वर्यनिष्ठादीनामिति। ऐश्वर्यार्थी, कैवल्यार्थी, भगवत्प्राप्तिकामो ज्ञानी, चेति त्रयः, एतेषां त्रयाणामित्यर्थः। उपासनारीतिभेदम्-उपासनाप्रकारभेदमित्यर्थः। यथोपास्ति–यथोपासनम्। उपासनारीतिम्—उपासनाप्रकारम्। अभ्यासश्च योगश्चेति द्वन्द्वमभिप्रेत्य व्याचष्टे—प्रतिदिनमिति। ध्यानमिति। विजातीयप्रत्ययानन्तरितः सजातीयप्रत्ययप्रवाहः। योऽयं योगो–विजातीयप्रत्ययानन्तरितसजातीयप्रत्ययप्रवाहलक्षणः, स हि सपदि न घटेत। प्रथमं चेतसो ध्येये निरोधाभ्यासः कार्यः, तेन चाभ्यासबलेन योगः सिद्ध्येत। सोऽयं निरोधाभ्यासो वा इहाभ्यासशब्देन विवक्षितः। सगुणं ब्रह्मेति। कार्यं ब्रह्मेत्यर्थः। हिरण्यगर्भमिति यावत्। ऐश्वर्यार्थीति। ऐश्वर्यार्थिनां प्राप्यकाष्ठा ह्ययः॥८॥

पुनस्तमेवेति। उपास्यगुणविशेषं निरूपयतीति यावत्। पूर्वश्लोके परमं पुरुषं दिव्यमिति उपास्यस्वरूपमुक्तम्। इह तु गुणो विधीयते इति भावः। प्रयाणकाल इति चान्तिमस्मरणे प्रकारः। सर्वविदिति। कविः–क्रान्तदर्शी, त्रिकालज्ञ इति यावत्। पुराणशब्दश्चिरन्तनपरः, न त्वनादित्वपर इत्यभिप्रेत्य व्याचष्टे-बहुकालिकमिति। अनुशासितृत्वमापेक्षिकमिह विवक्षितमित्यभिप्रायेण व्याचष्टे–ब्रह्माण्डस्येति। यद्यपि परमात्मनः अनाद्यन्तता सर्वप्रशासितृत्वं च वर्तते, अथापि ऐश्वर्यार्थिन उपास्यांशस्तु आपेक्षिकमैश्वर्यमिति स हि हिरण्यगर्भशरीरकतया तमुपास्ते इति भावः। यद्वा ब्रह्माण्डस्येत्युपलक्षकं सर्वस्य, ऐश्वर्यकामनया इन्द्रादिसकलदेवाधिष्ठातृपुरुषविशेषशरीरकतया परमात्मानमैश्वर्यकामनया य उपास्ते, स तमैश्वर्यगुणयोगेनोपासीतेत्येव तु नियतम्। नाक्षरप्राप्तिकाम इवापहतपाप्मत्वादिनापि। अयमेव विशेषः कैवल्यार्थिन उपास्यप्रकारात्। लोकेऽपि कश्चित् धनार्थी कमपि महान्तं धनिकमुपसर्पन् "त्वमसि महान् धनिकः, अहमकिञ्चनः" इत्युपस्तुवन्नुपास्ते, लभते च ततो धनम्, न च तदीयं सर्वस्वम्, । तथायमैश्वर्यार्थी हैरण्यगर्भान्तमैश्वर्यं कामयमानः परमात्मानं तदसाधारणैश्वर्यादिगुणयोगेनोपासमानोऽपि लभेत तु स्वापेक्षितमैश्वर्यम्। अतिसूक्ष्ममिति। अतिसूक्ष्मता चाप्रतिहतप्रवेशता च। अणिमाद्यैश्वर्यकामो ह्ययम्, अत उपास्ते—" अणोरणीयांस्त्वमसि " इति। सर्वजनैरिति। जनैः प्राकृतैरतत्त्वदर्शिभिश्चिन्तयितुमशक्यं रूपं यस्येत्यर्थः। सूर्यसङ्काशमिति। आदित्यस्येव प्रकाशमयो वर्णो यस्येति यावत्। तमःशब्दस्य त्रिगुणप्रधानपरतया व्याचष्टे— प्रधानाख्येति। प्रधानस्याप्यधिष्ठातारम्। तमःशब्दस्याविद्यापरतामभिप्रेत्य व्याचष्टे–अविद्याया इति। परमिति। अविद्ययानवलिप्तमित्यर्थः। तात्पर्यसिद्धमर्थमाह–विद्याशक्तिप्रधानमिति। प्राणानां स्थापने योगबलस्य साधनत्वं समुचितं नाम, भक्तेस्तत्र नात्यन्तमुपयोगः, अनुस्मरणे तु समुचिता भक्तेरत्यन्तोपकारकता। तत् प्रयाणकाले इत्यनेन व्यवहितस्याप्यनुस्मरेदित्यनेनान्वयः समुचित इत्यभिप्रायेणाह–" भक्त्या युक्तो मनसाचलेनानुस्मरेदित्यन्वय" इति। एतेन-समनन्तरश्लोकस्थस्य पूर्वश्लोकेनान्वयो न समुचित इत्याशङ्का परास्ता। अर्थौचित्यं हि गरीयः। गमयित्वेति। तत्र तं पुरुषं ध्यायन्निति शेषः। प्राप्तिश्चात्र सायुज्यलक्षणेति व्याचष्टे—तादृशभोगादिकमिति॥ ९–१०॥

भाष्यम्–

एवमैश्वर्यार्थिकैवल्यार्थिनोः स्वस्वप्राप्यानुगुणं भगवदुपासनप्रकारमुक्त्वा, इदानीं ज्ञानिभक्तस्योपासनप्रकारं प्राप्तिविशेषं च वदति—अनन्येति ॥

अनन्यचेताः सततं यो मां स्मरति नित्यशः ।
तस्याहं सुलभः पार्थ ! नित्ययुक्तस्य योगिनः ॥ १४ ॥

सततं सर्वदा, अनन्यचेताः–नास्ति मत्तोऽन्यस्मिन् सगुणे ब्रह्मणि, निर्गुणे निरवयवे ब्रह्मरूपे तेजःपुञ्जे च चेतो यस्य तथाभूतः सन्, यो माम्–सगुणनिर्गुणब्रह्मणोर्नियन्तारम्, दिव्येऽक्षरे धाम्नि सदा विराजमानम्, स्वाभिमतानुरूपैकरूपाचिन्त्यनित्याद्भुतनिरवद्यनिरतिशयौज्ज्वल्यसौन्दर्यसौगन्ध्यसौकुमार्यलावण्ययौवनाद्यनन्तगुणनिधिम्, दिव्यावयवम्, ब्रह्मभूतैर्भक्तमुक्तसमूहैः सदोपास्यमानम्, नैकजनसमुद्धारणार्थं सर्वजननयनविषयतां गतं पुरुषोत्तमम्, नित्यशः–प्रतिदिनम्, स्मरति। मय्यत्यन्तप्रीतियुक्तत्वान्मत्स्मृतिदर्शनाभ्यां विना क्षणमपि स्थातुमशक्त इत्यर्थः । हे पार्थ ! नित्ययुक्तस्य–सर्वदा मय्यासक्तस्य, तस्य योगिनो ज्ञानिभक्तस्याहं सुलभः—अहं तस्य सुखेन लभ्यः । तेन विना च स्थातुमशक्तोऽहमेव तं वृणोमि–मल्लब्धियोग्यभक्तिविपाकं तद्विरोधिराहिततां चात्यन्तं मत्प्रीत्यादिकं चाप्यहमेव समर्पयामीत्यभिप्रायः । तथा च श्रुतिस्मृतयः—“ यमेवैष वृणुते तेन लभ्यः” इति। “तेषां सततयुक्तानां भजतां प्रीतिपूर्वकम्, ददामि बुद्धियोगं तं येन मामुपयान्ति ते। तेषामेवानुकम्पार्थमहमज्ञानजं तमः। नाशयाम्यात्मभावस्थो ज्ञानदीपेन भास्वता ” इत्याद्याः ॥ १४ ॥

सर्वनियन्तुर्भगवतः श्रीपुरुषोत्तमस्यैकान्तिकभक्तानां प्राप्तिमाह–मामिति ।

मामुपेत्य पुनर्जन्म दुःखालयमशाश्वतम् ।
नाप्नुवन्ति महात्मानः संसिद्धिं परमां गताः ॥१५॥

माम्–सगुणनिर्गुणयोर्ब्रह्मणोर्नियन्तारं पुरुषोत्तमम्, उपेत्य–ममैकान्तभावं प्राप्य । परमाम्–अक्षरधाम्नि स्थितस्य दिव्यावयवस्य मम

શ્લોકાર્થ-

હે પાર્થ ! અખંડ અનન્યચિત્ત થઇને જે મને નિરન્તર અવિચ્છિન્ન સંભારે છે, તો તેવા અખંડ મારામાં જોડાયેલા યોગીને હું સર્વથા સુલભજ છું. ॥ ૧૪ ॥

ભાવાર્થ-

આ પ્રમાણે ઐશ્વર્યાર્થી અને કૈવલ્યાર્થી, એ બન્નેનો પોત-પોતાના પ્રાપ્ય પ્રમાણે ભગવાનની ઉપાસનાનો પ્રકાર કહીને, હવે-જ્ઞાની ભકતનો ઉપાસનાપ્રકાર અને તેને પ્રાપ્ય એવી સર્વોત્કૃષ્ટ પ્રાપ્તિ પણ કહી બતાવે છે—

સર્વ સમયમાં અખંડિતપણે, મારા સ્વરૂપ સિવાય બીજા કોઇમાં-સગુણ બ્રહ્મમાં, કે નિર્ગુણ નિરવયવ બ્રહ્મરૂપ તેજઃપુંજમાં પણ જેનું ચિત્ત ચોંટતુંજ નથી, એવા અનન્ય ચિત્તવાળો થઇને જે પુરૂષ, સગુણ બ્રહ્મ અને નિર્ગુણ બ્રહ્મ એ બન્નેનો પણ નિયન્તા, દિવ્ય અક્ષર ધામમાં અખંડ વિરાજમાન, પોતાને અભિમત-સર્વથા પ્રિય, અનુરૂપ-સ્વરૂપ પ્રમાણેજ સર્વથા યોગ્ય, અને એકરૂપ—સદાય અપરિણામી, અચિન્ત્ય, નિત્ય, અદ્‌ભુત, નિર્દોષ અને નિરતિશય, એવા-ઔજજ્વલ્ય, સૌન્દર્ય, સૌકુમાર્ય, લાવણ્ય અને યૌવન, એ આદિક અનંત નિરવધિક મહાગુણોના નિધિરૂપ-પૂર્ણ ભરેલા, જેની મૂર્તિના સર્વ અવયવો દિવ્ય-અપ્રાકૃત અવિકારીજ છે. બ્રહ્મભાવને પામેલા એવા પૂર્ણ પ્રેમાળ મુક્તસમૂહોએ સદાય ઉપાસના કરેલા અને આ લોકમાં અનેક જનોનો સંસાર સાગરથી સમુદ્ધાર કરવા માટેજ સર્વ જનોની નયનવિષયતાને-મનુષ્યાકાર થઇને પ્રત્યક્ષતાને, પામેલા એવા મને-પુરૂષોત્તમને, દરરોજ અખંડ સંભારે છે, એટલે કે-મારે વિષે અત્યન્ત પ્રીતિએ યુકત હોવાથી મારૂં સ્મરણ અને મારા દર્શન સિવાય એક ક્ષણ પણ રહી શકવાને અસમર્થ. એ અભિપ્રાય છે. હે પાર્થ ! આ પ્રમાણે સર્વદા એક મારામાંજ આસકત એવા તે યોગી-જ્ઞાની ભકતને હું સુલભ છું. અર્થાત્-હું તેવાને સુખેથી પ્રાપ્ત થાઉં છું.

અભિપ્રાય એ છે કે-એવા મારા જ્ઞાની ભક્ત વિના રહી શકવાને અસમર્થ એવો હુંજ તેને વરૂં છું-ઇચ્છું છું. એટલે કે-મારી પ્રાપ્તિમાં યોગ્ય ભકિતનો પરિપાક-પ્રેમરૂપતા, તે ભક્તિમાં વિરોધી આવરણોથી રહિતતા અને મારામાં અત્યન્ત પ્રીતિ-પ્રેમ, વિગેરે મહાગુણોને પણ હુંજ સમર્પણ કરૂં છું-સિદ્ધ કરી આપું છું. આ બાબતમાં શ્રુતિ અને સ્મૃતિઓ પ્રમાણભૂત-"એ પ્રેમવશ પરમાત્મા જે પ્રેમી ભકતનેજ વરે છે-ઇચ્છે છે, તેનાથીજ તે પામી શકાય છે." "તેવા મારામાં સતત જોડાઇ રહેનારા અને અખંડ પ્રેમપૂર્વક ભજનારાઓને હું તેવો બુદ્ધિયોગ આપું છું, કે-જેનાથી તેઓ મનેજ પામે છે. અને તેઓના ઉપરજ અનુગ્રહ કરવા સારૂ તેઓના આત્મભાવે રહ્યો થકો પ્રકાશમાન જ્ઞાનદીપથી તેનું અજ્ઞાનથી થયેલું તમ અન્ધકારરૂપ આવરણને નાશ કરી નાખું છું." એ આદિક છે. ॥૧૪॥

વળી- સર્વનિયન્તા ભગવાન શ્રીપુરૂષોત્તમના એકાન્તિક ભકતોને થનારી પ્રાપ્તિ કહી બતાવે છે—

भाष्यम्-

सेवालक्षणां सर्वोत्कृष्टाम्, संसिद्धिम्-सम्यक् सिद्धिम्, गताः-प्राप्ताः, ये महात्मानः—महामनसो यथावस्थितमत्स्वरूपज्ञानवन्त इत्यर्थः। ते पुनर्भूयः, दुःखालयम्-समग्रक्लेशभवनम्, अशाश्वतम्-नश्वरं जन्म, न आप्नुवन्ति।

कैवल्यार्थिनामक्षरतेजसि लीनत्वात्तेऽपि पुनर्जन्म न प्राप्नुवन्तीति प्रसङ्गाज्ज्ञातव्यम्।

भगवन्तं प्राप्तानां भगवता सहाक्षरधाम्नि स्थितौ प्रमाणानि-"अक्षरे परमे व्योमन् यस्मिन् देवा अधिविश्वे निषेदुः" इति। स्कान्दे च स्कन्दवचनम्-"तत्त्वेककालसम्भूतकोटिकोट्यर्कसन्निभम्। स व्यचष्ट महत्तेजो दिव्यं सिततरं मुने!॥ दिशश्च विदिशः सर्वा ऊर्ध्वाधो व्याप्नुवच्च यत्। अक्षरं ब्रह्म कथितं सच्चिदानन्दलक्षणम्॥ यद् ब्रह्म-पुरमित्याहुर्भगवद्धाम सात्त्वताः। तत्राथ कृष्णं भगवन्तमैक्षन्नारायणं निर्गुणमास्थितं सः। यं केचिदाहुः परमात्मसंज्ञं केचित्परम्ब्रह्म परात्परं च॥ ब्रह्मेति केचिद्भगवन्तमेके विष्णुं च भक्ताः परमेश्वरं च। जयासुशीलाललितामुखानां वृन्दैः सखीनां सह राधया च॥ समर्च्यमानं रमया च भामाकलिन्दजाजाम्बवतीमुखानाम्। ससारमाणिक्यसुवर्णवर्णैः सितैश्च कैश्चिन्निजपार्षदाग्र्यैः॥ उपाश्रितं चक्रगदाब्जशङ्खलसद्भुजैर्नन्दसुनन्दमुख्यैः। श्रीदाममुख्यैरथ गोपवेषैर्भक्त्यावनम्रैर्द्विभुजैरनेकैः॥ उपास्यमानम्" इत्यादीनि।

कैवल्यार्थिनां भगवत्स्वरूपादर्शने, अक्षरतेजोमात्रदर्शने च, प्रमाणम्-"कृष्णस्यानुग्रहो यस्मिन् स तेजसि तमीक्षते। केवलं तेज एवान्ये पश्यन्ति न तु तं मुने!"॥ इति स्कान्दे।

तथा श्रीहरेरक्षरतेजसि स्थितौ प्रमाणम्-ब्रह्मवैवर्तपुराणवचनम्-"ध्यात्वा स्तुत्वा च तिष्ठन्तो देवास्ते तेजसः पुरः। ददृशुस्तेजसो मध्ये शरीरं कमनीयकम्॥ जलदाम्भोजवर्णाभं सस्मितं सुमनोहरम्। परमाह्लादकं रूपं त्रैलोक्यचित्तमोहनम्॥ गण्डस्थलकपोलाभ्यां ज्वलन्मकरकुण्डलम्। सद्रत्ननूपुराभ्यां च चरणाम्भोजराजितम्॥ तत्र तेजस्विचार्वङ्गीं ददृशू राधिकाभिधाम्"॥ इत्यादि॥ १५॥

શ્લોકાર્થ-

મારી પ્રાપ્તિરૂપ પરમ સમ્યક્ સિદ્ધિને પામેલા મહાત્માઓ મારા ધામમાં મને પામીને ફરીને દુઃખની પરમ્પરાથી ભરેલું અશાશ્વત જન્મ(વિગેરે વિકારોને) નથી પામતા.॥૧૫॥

ભાવાર્થ-

મને—સગુણ નિર્ગુણ બ્રહ્મનો પણ નિયન્તા એવા મને પુરૂષોત્તમને, મારામાં એકાન્ત ભાવને પામીને, અક્ષર ધામમાં અખંડ રહેલા દિવ્ય અવયવોએ સમ્પન્ન એવા મારી સેવારૂપ પરમ–સર્વોત્કૃષ્ટ સમ્યક્ પ્રકારે સિદ્ધિને પામેલા જે મહાત્માઓ—મહા ઉદાર મનવાળા, અર્થાત્—સર્વોત્કૃષ્ટ ભાવે યુકત મારા સ્વરૂપના યથાર્થ જ્ઞાનવાળા, તે મુક્તાત્માઓ ફરીને સકળ કલેશના સ્થાનરૂપ અને તેય પાછું નશ્વર—નાશ પામવાના પરિણામવાળું **જન્મ** નથી પામતા.

અહીંઆં પ્રસંગાત્ કૈવલ્યાર્થીઓને અક્ષરના તેજમાં લીન થવાપણું હોવાથી તે પણ પુનર્જન્મ નથી પામતા એ પણ જાણી લેવું.

ભગવાનને પામેલાઓ ભગવાનની સાથે અક્ષર ધામમાં રહે છે એ બાબતમાં પ્રમાણો આ પ્રમાણે—" સર્વશ્રેષ્ઠ ચિદાકાશરૂપ અક્ષર ધામમાં દિવ્ય દેહવાળા અને સંસારને તરી ગયેલા મુકતાત્માઓ વસે છે. " વળી–સ્કન્દ પુરાણમાં કાર્તિક સ્વામીનું વચન છે–" તે સમયમાં નારદમુનિએ તે એક કાળમાં સાથે ઉદય પામેલા કરોડો–કરોડ સૂર્યના પ્રકાશ તુલ્ય પ્રકાશમય, અત્યન્ત શ્વેત એવું દિવ્ય–અપ્રાકૃત મહાતેજ દીઠું. કે જે તેજ સર્વ દિશાઓમાં અને વિદિશાઓમાં, તેમજ ઉંચે અને નીચે પણ, એમ સર્વત્ર વ્યાપેલું હતું. અને હે મુને! જેને સત્ ચિત્ અને આનન્દ લક્ષણવાળું અક્ષર અને બ્રહ્મ એવા નામે કહેલું છે. અને વળી ભગવાનના એકાન્તિક ઉપાસક સત્પુરૂષો જેને બ્રહ્મપુર નામે ભગવાનનું ધામ એમ કહે છે. હવે–તે પછી તે ધામમાં વિરાજમાન એવા નિર્ગુણમૂર્તિ ભગવાન શ્રીકૃષ્ણ નારાયણને જોતા હવા. કે જે ભગવાન શ્રીકૃષ્ણને કેટલાક પરમાત્મા એવા નામે કહે છે, કેટલાક બ્રહ્મ કહે છે, કેટલાક ભગવાન કહે છે, કેટલાક ભકતો વિષ્ણુ નામે કહે છે,અને કેટલાક ભકતો પરમેશ્વર એવા નામે કહે છે.અને જે જયા, સુશીલા અને લલિતા આદિક સખીઓના સમુદાયે સહિત એવી રાધિકાએ સમ્યક્ પ્રકારે પ્રેમ ભાવથી પૂજેલા, તેમજ–સત્યભામા, કાલિન્દી અને જામ્બવતી આદિક સખીઓએ સહિત શ્રીરમાદેવીએ પરમ પ્રેમભાવથી પૂજેલા. વળી–મહાબળિષ્ઠ અને માણિક્ય અને સુવર્ણના જેવા મહામનોહર વર્ણવાળા, તથા કેટલાક મહાતેજોમય શ્વેત કાન્તિવાળા પોતાના પાર્ષદાગ્રેસરોએ ચોતરફથી સેવેલા અને ચક્ર, ગદા, કમળ અને શંખ, એ આયુધોથી શોભાયમાન ભુજવાળા નન્દ–સુનન્દાદિક ચતુર્ભુજ અગ્રેસર પાર્ષદોએ, તેમજ—ગોપ વેષ ધારનારા શ્રીદામા મુખ્ય જેમાં છે. અને ભક્તિથી અતિ નમ્ર એવા અનેક દ્વિભુજ પાર્ષદોએ સર્વ પ્રકારે સમ્યક્ ઉપાસના કરેલા છે, તેમને જોયા. " એ આદિક વચનો છે.

भाष्यम्-

ऐश्वर्यार्थिनां पुनरावृत्तिम्, एकान्तिकभक्तानामपुनरावृत्तिं च सहेतुकं वदति—आब्रह्मेति ।

आब्रह्मभुवनाल्लोकाः पुनरावर्तिनोऽर्जुन ! ।
मामुपेत्य तु कौन्तेय ! पुनर्जन्म न विद्यते ॥१६॥

हे अर्जुन ! भवन्ति भूतान्यत्रेति भुवनम्–लोकः, अभिविधावाकारः । आब्रह्मभुवनात्–ब्रह्मणो भुवनं लोको निवासस्थानम्, तदभिव्याप्य । लोकाः–सर्वाणि स्थानानि, पुनरावर्तिनः–पुनरावर्तनशीला भवन्ति । ऐश्वर्यार्थिप्राप्यः साधिपो वैराजलोकः प्रधानपुरुषलोकश्च नश्वरो भवतीति भावः। तत्र प्रमाणानि भागवतस्कान्दवचनानि "द्विपरार्धावसाने यः प्रलयो ब्रह्मणस्तु ते । तावदध्यासते लोकं परस्य परचिन्तकाः ॥

एवं परेत्य भगवन्तमनुप्रविष्टा
ये योगिनो जितमरुन्मनसो विरागाः ।
तेनैव साकममृतं पुरुषं पुराणम्
ब्रह्मप्रधानमुपयान्त्यगताभिमानाः ॥

आद्यः स्थिरचराणां यो वेदगर्भः सहर्षिभिः । भेददृष्ट्याभिमानेन निःसङ्गेनापि कर्मणा । कर्तृत्वात्सगुणं ब्रह्म पुरुषं पुरुषर्षभम् । स संसृत्य पुनः काले कालेनेश्वरमूर्तिना ॥ जाते गुणव्यतिकरे यथापूर्वं प्रजायते । संहाररुद्ररूपेण संहृत्य स्वं विराड्वपुः ॥स्वपरं निर्गुणं रूपं वैराजो यातुमिच्छति । अहङ्कारो महत्तत्त्वे त्रिविधोऽपि प्रलीयते ॥ तत्प्रधाने च तत्पुंसि स मूलप्रकृतौ ततः" इत्यादीनि । हे कौन्तेय ! माम्–परमेश्वरम्, उपेत्य–गत्वा, पुनर्भूयः जन्म–जनिर्जनानां न विद्यते—नास्ति ॥१६॥

तामेव पुनरावर्तितां विस्तरतो वदति सहस्रेत्यादित्रिभिः-

सहस्रयुगपर्यन्तमहर्यद्ब्रह्मणो विदुः ।
रात्रिं युगसहस्रां तां तेऽहोरात्रविदो जनाः ॥१७॥

ब्रह्मणो–वैराजपुरुषस्य, सहस्रयुगपर्यन्तम् सहस्रं युगानि–सहस्रं चत्वारि युगानि पर्यन्तोऽवसानं यस्य तत्, यदहः–दिनम् । युगसहस्रान्ताम्–युगानां सहस्रमन्तोऽवसानं यस्यास्तां रात्रिम्—निशां च

શ્લોકાર્થ—

હે અર્જુન ! બ્રહ્માના ભુવન સુધીના લોકો બધાય પુનરાવૃત્તિવાળા છે, પણ હે કૌન્તેય ! મને પામ્યા પછી તો ફરીને જન્મ પામવાનું રહેતુંજ નથી. ॥ ૧૬ ॥

ભાવાર્થ—

હવે—કૈવલ્યાર્થીઓને ભગવાનનું સ્વરૂપ નથી દેખાતું અને કેવળ અક્ષરના તેજમાત્રનુંજ દર્શન થાય છે. તેમાં પ્રમાણો કહે છે—"જે ઉપાસક ઉપર કૃષ્ણ–ભગવાનનો અનુગ્રહ થયેલો હોય છે, તે પુરૂષજ તેજના સમૂહમાં તે ભગવાન શ્રીકૃષ્ણને દેખે છે.અને બીજાઓ તો કેવળ તેજમાત્રજ દેખે છે. પણ હે મુને! તે સદા દિવ્ય સાકાર મૂર્તિ ભગવાનને તો નથીજ દેખતા." એમ સ્કન્દપુરાણમાં વચન છે.

તથા—શ્રીહરિ ભગવાનને મહાતેજોમય અક્ષર ધામમાં રહેવામાં પ્રમાણ બ્રહ્મ વૈવર્તપુરાણનું વચન છે—"તે સર્વ દેવો ભગવાનનું ધ્યાન કરી સ્તુતિ કરીને તે પ્રત્યક્ષ થયેલા તેજના સમૂહ આગળ ઉભા રહ્યા. તે વખતે તે તેજના સમૂહના મધ્ય ભાગમાં અતિ કમનીય–મહામનોહર એક શરીર–આકાર દેખતા હવા,નવા મેઘના જેવો અને કમળના જેવો વર્ણ જેનો છે.અને સુન્દર કાન્તિમાન્ મન્દ મન્દ હાસ કરી રહેલું,અત્યન્ત મનોહર, પરમ આહ્લાદને ઉપજાવનારૂં અને ત્રિલોકીના લોકનાં ચિત્તને પણ મોહ પમાડનારૂં એવું તો એ શરીરનું રૂપ દેખવામાં આવ્યું. અને વળી–તે ગણ્ડસ્થળ અને બન્ને કપોળની શોભાથી દેદીપ્યમાન મકરાકાર કુંડળથી શોભતું અને સુંન્દર સરસ રત્ન જડીત નૂપુરને લીધે અતિ શોભતા ચરણ કમળ જેના છે. એવું એ રૂપ દેખવામાં આવ્યું. વળી–તે તેજના સમૂહમાંજ તેજસ્વી સુન્દર અંગવાળી રાધિકા નામે મૂર્તિમતી દેવીને પણ દેખતા હવા." એ આદિક છે. ॥ ૧૫ ॥

હવે–ઐશ્વર્યાર્થીઓને પુનરાવૃત્તિ થાય છે. અને એકાન્તિક ભક્તોને પુનરાવૃત્તિ થતી નથી, તે કારણે સહિત કહી બતાવે છે—

હે અર્જુન ! જેમાં ભૂતો રહે છે તેને ભુવન એટલે લોક શબ્દથી કહેવામાં આવે છે, હવે–બ્રહ્માનું ભુવન જે લોક એટલે બ્રહ્માને રહેવાનું સ્થાન, તે લોકને અભિવ્યાપીને સર્વ લોકો અર્થાત્–બ્રહ્માથી લઇને આ તરફનાં સર્વ લોકોનાં સ્થાનો પુનરાવર્તન પામવાના સ્વભાવવાળાં છે, એટલે કે-ઐશ્વર્યાર્થીઓએ પ્રાપ્ય–પામવા યોગ્ય એવો વૈરાજ લોક, તેના અધિપતિ–સ્વામી વૈરાજ પુરૂષે સહિત. અને પ્રધાન–પુરૂષનો લોક, એ સઘળાય નાશ પામવાનાજ સ્વભાવવાળા છે. એ અભિપ્રાય છે. તેમાં પ્રમાણ ભાગવત અને સ્કન્દ પુરાણનાં વચનો છે-" પર એવા વૈરાજપુરૂષનું ચિન્તવન કરનારા છે તે તો બ્રહ્માની દ્વિપરાર્ધ આવરદા પૂરી થતાં જે આ એક બ્રહ્માણ્ડનો પ્રલય થાય છે, ત્યાં સૂધી એ પર–વૈરાજ પુરૂષના લોકમાં રહે છે." "આ પ્રમાણે મરણ પામીને ભગવાન વૈરાજ પુરૂષ પ્રત્યે અનુપ્રવેશ પામેલા, પ્રાણ–વાયુને અને મનને જીતનારા અને વૈરાગ્યવાળા જે યોગી

टीका—

वेदविदः—वेदार्थविदः। निरवयवमिति। इदमुपलक्षणमदृश्यत्वादेः, अदृश्यत्वादिगुणविशिष्टमित्येतत्। तेजःपुञ्जमिति। प्रकाशैकरसमित्यर्थः। यतय इत्यस्याश्रमविशेषपरतां व्युदस्यन् व्याचष्टे—यत्नशीला इति। योगाभ्यासशीला इति यावत्। योगाभ्यासे च विषयवैतृष्ण्यं मुख्यं साधनम्। तदुच्यते—वीतरागा इति। विषयवैतृष्ण्यपूर्वकमक्षरध्यानलक्षणयोगाभ्यासनिष्ठा यदक्षरं विशन्तीत्याशयः। नैष्ठिकं व्रतमिति। श्रूयते च ब्रह्मचर्यस्यात्मप्राप्तौ साधनता—"तद्य एवैतं ब्रह्मलोकं ब्रह्मचर्येणानुविदन्ति" इति। स्तूयते च तत्—"अथ यज्ञ इत्याचक्षते ब्रह्मचर्यमेव तत्" इत्यादिना। मम स्थानभूतमिति। दिव्याकृतेर्नित्यमुक्तोपसेव्यस्य मम स्थानभूतमिति यावत्। अक्षरब्रह्मणा नाहं व्यवहितः, न मत्तस्तदक्षरं व्यवहितमिति भावः। ननु—"तत्ते पदं सङ्ग्रहेण प्रवक्ष्ये" इति प्रतिश्रुतम्, उच्यते चान्यत् "मूर्ध्न्याधाये" ति, इति शङ्कां व्यावर्तयन् भावमाह—तत्प्राप्तिप्रकारं वदिष्यामीति। वेदस्य तात्पर्यमविजानन्तो वदन्ति हैरण्यगर्भान्तं क्षरं भावम्, ये तु हार्दं वेदस्य जानन्ति ते वेदान्तविद अक्षरमविनाशि ब्रह्माक्षरसंज्ञं प्राप्यं वदन्ति। ये त्वनपेतरागाः, विशन्ति तत् क्षरम्। व्यपेतरागाः—द्वन्द्वातीता मुनयस्तु विशन्त्यक्षरम्। क्षरमिच्छन्तश्चरन्ति यज्ञादिगृहमेधिधर्मम्। अक्षरमिच्छन्तस्तु ब्रह्मचर्यम्। एवं प्रकृष्टमक्षरम्, अस्य प्राप्तिप्रकारं च सङ्ग्रहेण वक्ष्यामीति यावत्॥ ११॥

साङ्गमिति। सर्वद्वारसंरोधादिकमङ्गम्, मामनुस्मरन्नित्यङ्गी। परमां गतिं यातीति फलम्। स्वोद्यमेभ्य इति। विषयव्यापृतेरित्यर्थः। विषयेभ्यो विनिवर्त्येति यावत्। हृदीत्यस्य लाक्षणिकमर्थमाह—हृत्पद्मस्थिते इति। अक्षरब्रह्मशरीरकतयेति यावत्। प्रणवो ब्रह्मेति कथं निर्दिश्यते? तत्राह—मम वाचकमिति। मामिति। अक्षरब्रह्मशरीरकं मामित्यर्थः। इह परमत्वमापेक्षिकमित्याह—पुरुषरूपादिति। कार्यब्रह्मण इत्यर्थः। उत्तरश्लोकानुसारेण यद्वेति॥ १२-१३॥

अनन्यचेता इत्यनेन ऐश्वर्यार्थिभ्यः कैवल्यार्थिभ्यश्च वैलक्षण्यं विवक्षितमित्यभिप्रेत्य व्याचष्टे—नास्ति मत्तोऽन्यस्मिन्नित्यादिना। सगुणे ब्रह्मणि—कार्यब्रह्मणि, निर्गुणे—प्रकाशैकरसे ज्ञानस्वरूपेऽक्षरब्रह्मणि। ऐश्वर्ये कैवल्ये चेति यावत्। मामित्यनेन विवक्षितान् विशेषानाह—सगुणेत्यादिना। नित्यशः स्मरतीत्यनेन गम्यमानमर्थमाह—मय्यत्यन्नेति। सुलभत्वे हेतुमाह—तेन विनेति। मत्प्राप्तौ यद्यत्साधनं तदहमेव सर्वेश्वरः सर्वशक्तः प्रीत्या तस्य सम्पादयामि। साधनानां दुर्घटतया ह्यहं दुर्लभो भवामीतरस्येति भावः। तत्र प्रमाणमाह—तथा चेत्यादिना। फले वा साधने वा यस्य न चित्तम्, इदं फलम्, अस्येदं साधनम्, इति फलसाधनभावबुद्धिरपि यस्य मयि नास्ति, नित्यशः स्मरति केवलम्। सततं स्मरति—मत्स्मरणं विना क्षणमपि नेतुमसमर्थः सन् मामेवात्यर्थप्रियतया स्मरति, सोऽयं योगी नेतरवत्, किन्तु नित्ययुक्तः। इतरस्तु यावत्फलोदयम्। यावत्साधननिष्पत्ति, जरामरणमोक्षाय यो मां श्रयते, सोऽपि जरामरणदुःखतो भीतभीतः केवलम्, न तु मय्यानन्दमये परमात्मनि प्ररूढपरानुरागः, अत एव तस्याहं न सुगमः, अक्षरसलक्षणस्वात्मानन्दसुखे निमग्नो मामानन्दमयं विस्मरतीव। चिरेण प्रबुद्धः क्रमशो मामेष्यति। तदहं तस्य दुर्गमः।

टीका—

अयन्तु परानुरागपरवशो नित्ययुक्तः, तस्याहं सुलभ इति किं वक्तव्यम्? । अहमपि तदीयप्रणयातिरेकपरवशो हीति भावः ॥ १४ ॥

प्राप्तिमाहेति । प्राप्तिविशेषमाहेत्यर्थः । इतरेषामैश्वर्यार्थिनां सिद्धिः, जरामरणमोक्षार्थिनां संसिद्धिः, अविनाशिस्वात्मलाभात् । एतेषां तु महात्मनां परमा संसिद्धिः, परमानन्दमयपरमपुरुषसेवालक्षणदिव्यानन्दलाभात् । अत इतरेभ्यः फलप्राप्तौ विशेषोऽस्य । नियन्तारमिति । अनेन निरतिशयमैश्वर्यमुक्तं भवति । निरवधिकानन्दस्याप्युपलक्षकमेतत् । ममैकान्तभावमिति । आनन्दमयस्य ममैकान्तभावम्–मदानन्दैकानुभवलक्षणमेकान्तभावमित्यर्थः । परमां संसिद्धिमित्येतद्व्याचष्टे—अक्षरधाम्नीत्यादिना । सर्वशेषित्वेन, सर्वैश्वरत्वेन, निरवधिकातिशयानन्दत्वेन, उपायत्वेनोपेयत्वेन च, मां यथावस्थितं जानन्त इति यावत् । अक्षरतेजसीति । प्रकाशैकरसेऽक्षरे इति यावत् । विलीनत्वादिति । विलयश्चात्र तत्सारूप्यसम्पत्तिः । कैवल्यार्थिनो, भगवदेकान्तभक्तस्य च, फलवैलक्षण्ये प्रमाणं निरूपयति–भगवन्तमित्यादिना ।

अपरे त्वेवं योजयन्ति–ननु जरामरणमोक्षाय ये यतन्ते, तेषां तत्सिद्ध्या न पुनर्जन्मप्रसङ्गः । ये त्वनन्यचेतसो भवन्तं स्मरन्ति, तेषां भवतु भवान् सुलभः, अथापि यदा कदाचिदिह जन्मापि प्रसजेदित्याशङ्कां वारयन्नाह—मामुपेत्येति । हन्त भ्रान्तोऽसि, मत्प्राप्तिर्हि परमा संसिद्धिः । अनपेतजरामरणा त्रैवर्गिकसिद्धिस्तु सिद्धिमात्रम्, जरामरणमोक्षस्तु संसिद्धिः—समीचीना सिद्धिः,भयापगमात् । अथापि न परमा सा, अपगतेपि भये निरवधिकानन्दालाभात् । तल्लाभस्तु मामानन्दमयं प्राप्तस्यैव । आनन्दमयं मां प्राप्तस्य क्व दुःखालयजन्मप्रसङ्गः । शाश्वतं मां प्राप्तस्य क्व अशाश्वतभवप्रसङ्ग इति ॥ १५ ॥

सहेतुकमिति । ऐश्वर्यार्थिप्राप्यस्य सर्वस्यैव पुनरावर्तिता ऐश्वर्यार्थिनां पुनरावृत्तौ हेतुः, अतथात्वं भगवतो भगवदेकान्तभक्तानामपुनरावर्तित्वे हेतुः । एतदेवाह–"आब्रह्मभुवना" दिति । आङो मर्यादार्थकत्वं व्यावर्तयन् व्याचष्टे-अभिविधाविति । ब्रह्मण इति । हिरण्यगर्भस्येत्यर्थः । पुनरावर्तनशीला इति । यथा मनुष्याः पुनरावर्तनशीला इति व्यक्तम्, यथा चैषां लोकोऽयम्, यथा देवास्तेषां लोकाश्च, तथा सर्वेषां देवानामधिपो यो हिरण्यगर्भः, यश्च तस्य लोकः, स सर्वोऽपि पुनरावर्तनशील इति भावः । मामुपेत्य तु-मां तूपेत्य, स्वस्य वैलक्षण्यं तुशब्देन गम्यते । अहं तु नेतरवत् कालतः परिच्छिन्न इति भावः ॥ १६ ॥

विस्तरत इति । कालतः परिच्छिन्नत्वोपपादनेनेति भावः । त्रिभिरिति । "सहस्रयुगे"त्यादिना, "भूतग्रामः स एवाय"मित्यन्तेन श्लोकत्रयेणेत्यर्थः । आयुषा परिच्छिद्यते पुरुषः, आयुश्चाब्दशतम्, अब्दं च द्वादशमासाः, मासश्च त्रिंशद्दिनानि, दिनं चाहोरात्रम्, तदायुरहोरात्रैः परिच्छिद्यते । सोऽयमहोरात्रविभागो हिरण्यगर्भस्याप्यवर्जनीयः । यदाहुरहोरात्रविभागज्ञा अहोरात्रविभागं सहस्रयुगैर्हिरण्यगर्भस्य, तदयं चिरायुरपि कालपरिच्छिन्न एवेति भावः ॥ १७ ॥

एवं हिरण्यगर्भस्याहोरात्रविभाग उक्तः, अथास्य भूतग्रामस्य पुनः पुनः प्रभवलयचक्रपरिवर्तनमवर्जनीयमित्याह--"अव्यक्तादि" त्यनेन । अहरागम इति । मानुषं दिनं

भाष्यम्—

विदुः—जानन्ति, ते जनाः, अहोरात्रविदः-सगुणब्रह्मणो रात्रिदिवसज्ञाः। ईदृशैस्त्रिंशद्दिनैर्मासः, तादृशैर्द्वादशमासैर्वत्सरः, तादृशशतवत्सरैर्द्वौ परार्धौ, तयोरवसाने वैराजलयः, तस्य दिवारात्रिवर्णनेन तदायुःप्रमाणं ज्ञापितमिति भावः ॥१७॥

अव्यक्ताद्व्यक्तयः सर्वाः प्रभवन्त्यहरागमे ।
रात्र्यागमे प्रलीयन्ते तत्रैवाव्यक्तसंज्ञके ॥
भूतग्रामः स एवायं भूत्वा भूत्वा प्रलीयते ।
रात्र्यागमेऽवशः पार्थ ! प्रभवत्यहरागमे ॥१८-१९॥

अव्यक्तादिति। अहरागमे-वैराजपुरुषस्य दिनारम्भे, अव्यक्तात्-तस्य सूत्रात्मशरीरात्,सर्वाः-लोकत्रयान्तर्वर्तिन्यः सकलाः,व्यक्तयः-स्थानभोग्यसहितानि स्थावरजङ्गमानि भूतानि, प्रभवन्ति-आविर्भवन्ति। रात्र्यागमे च-तस्य निशारम्भे सति,अव्यक्तसंज्ञके-अव्यक्तनाम्नि, तत्रैव-तत्सूत्रात्मशरीरे एव। प्रलीयन्ते क्षीयन्ते ॥

भूतग्राम इति। हे पार्थ! यो भूतसमुदायः स्थावरजङ्गमलक्षणः पूर्वकाले स्थितः स एवायं भूतग्रामः, ब्रह्मणः प्रतिदिनं भूत्वा भूत्वा रात्र्यागमे रजनीप्रारम्भे प्रलीयते क्षीयते। पुनरपि अहरागमे-वासरागमने, अवशः-स्वकर्मफलप्रदेश्वराधीनः सन्, प्रभवति-उद्भवति।

एवं दिनक्रमेण वर्षशतावसाने मल्लोकव्यतिरिक्ताः साधिपाला लोका नश्यन्तीति भावः। अत ऐश्वर्यार्थिनामपि तैः सहोत्पत्तिर्लयश्चोक्तः ॥ १८-१९ ॥

अथ कैवल्यार्थिनामप्यपुनरावृत्तिं वदति-पर इति।

परस्तस्मात्तु भावोऽन्योऽव्यक्तोऽव्यक्तात्सनातनः ।
यः स सर्वेषु भूतेषु नश्यत्सु न विनश्यति ॥ २० ॥

तस्मात्-त्रिगुणमयादव्यक्तात्प्रकृतेरन्यो भिन्नः, परः-सगुणभावेभ्य उत्कृष्टः, अव्यक्तोऽतिसूक्ष्मः सनातनो नित्यो यो भावो वस्तु, स सर्वेषु ब्रह्मादिस्थावरान्तेषु भूतेषु नश्यत्सु सत्सु न विनश्यति ॥ २० ॥

શ્લોકાર્થ--

(હવે-પ્રસંગાત્ બ્રહ્માના આયુષ્યનું પ્રમાણ કહે છે-) ચાર યુગ મળીને એક મહાયુગ કહેવાય છે,અને એવા એક હજાર મહાયુગ સૂધીના મહાકાળને બ્રહ્માનો એક દિવસ, અને એક હજાર મહાયુગની એક રાત્રિ,એમ બ્રહ્માના અહોરાત્રને જાણનારા કહેછે.॥૧૭॥

બ્રહ્માના દિવસની શરૂઆત થતાં અવ્યકતમાંથી સર્વ વ્યકિતઓ ઉત્પન્ન થઈઆવે છે. અને પાછી રાત્રિ આવતાં તેજ અવ્યકતમાં સર્વથા લીન થઇ જાય છે. ॥ ૧૮ ॥

ભાવાર્થ--

પુરૂષો છે, તે અભિમાન નહિ ગયેલું હોવાથી તે વૈરાજ પુરૂષની સાથેજ અમૃતસ્વરૂપ પુરાણ પુરૂષ એવા પ્રધાન-પુરૂષને પામે છે. " " સર્વ સ્થાવર જંગમના આદિ કારણભૂત અને વેદ જેમના ગર્ભમાં રહેલા છે, એવા જે હિરણ્યગર્ભ ચતુર્મુખ બ્રહ્મા સર્વ ઋષિઓએ સહિત, ભેદદષ્ટિને લીધે અને અભિમાનને લીધે સર્વ પુરૂષોમાં શ્રેષ્ઠ એવા સગુણ બ્રહ્મરૂપ પુરૂષને પામે છે. તેજ બ્રહ્મા ફરીથી સર્ગ સમયમાં ઇશ્વરમૂર્તિ કાળ શક્તિથી ગુણવ્યતિકરરૂપ સૃષ્ટિ થવાના સમયમાં પ્રથમની પેઠેજ ઉત્પન્ન થાય છે. અને પાછા પ્રલય સમયમાં સંહાર કરનારા રૂદ્રરૂપથી પોતાના વિરાટ્ શરીરનો સંહાર કરીને તે વૈરાજ પુરૂષ પોતાથી પર રહેલા નિર્ગુણ બ્રહ્મરૂપ પરમ પુરૂષને પામવાને ઇચ્છે છે. ત્યારે ત્રણેય પ્રકારનો અહંકાર મહત્તત્ત્વમાં સર્વથા લય પામી જાય છે. અને તે મહત્તત્ત્વ પ્રધાનમાં અને તે પ્રધાન પુરૂષમાં. અને તે પુરૂષ તે પછીથી અનુક્રમે મૂળ પ્રકૃતિમાં લય પામે છે." ઇત્યાદિક છે.અને હે કૌન્તેય! મને પરમેશ્વરને પામીને તો ફરીથી જન્મ મારા આશ્રિત જનોને રહેતોજ નથી. ॥ ૧૬ ॥

તેજ પુનરાવર્તનના પ્રકારને વિસ્તારથી કહી બતાવે છે—

બ્રહ્માનો એટલે વૈરાજ પુરૂષનો, એક હજાર યુગ એટલે ચાર યુગ મળીને એક યુગ, એવા એક હજાર યુગનો એક દિવસ થાય છે, અને એજ પ્રમાણે એક હજાર યુગની એક રાત્રિ થાય છે. આ પ્રમાણે જે બ્રહ્માના દિવસ-રાત્રિના સમયને જાણે છે, તે સગુણ બ્રહ્મ જે વૈરાજ પુરૂષ તેમની રાત્રિ અને દિવસને જાણનારા છે. આવા ત્રિશ દિવસોથી એક માસ થાય, તેવા બાર માસોથી એક વર્ષ થાય. તેવાં સો વર્ષોથી બે પરાર્ધ કાળ કહેવાય, આવાં બે પરાર્ધ જ્યારે પૂરાં થાય ત્યારે વૈરાજ પુરૂષનો લય થાય છે. આ પ્રમાણે તે વૈરાજની દિવસ-રાત્રિના વર્ણનથી તેમના આયુષ્યનું પ્રમાણ જણાવવામાં આવ્યું છે. એ ભાવાર્થ છે. ॥ ૧૭ ॥

હવે-જ્યારે વૈરાજ પુરૂષના દિવસનો આરંભ થાય છે, ત્યારે તેમના સૂત્રાત્મા નામે અવ્યક્ત શરીરથી સ્વર્ગ,મૃત્યુ અને પાતાળ, એ ત્રણેય લોકમાં વર્તનારી સર્વ વ્યક્તિઓ, એટલે કે--સ્થાન અને ભોગ તેમજ ભોગનાં સ્થાન એ સઘળાંએ સહિત સમગ્ર સ્થાવર જંગમ એવાં ભૂત-પ્રાણીમાત્ર, તે પ્રગટ થઇ આવે છે. અને પાછો જ્યારે રાત્રિનો આરંભ થાય છે, અર્થાત્ રાત્રિ પડે છે ત્યારે,તેજ અવ્યક્ત નામના સૂત્રાત્મા શરીરમાંજ,લય પામી જાય છે.

भाष्यम्--

पुनस्तमेव वदति–अव्यक्त इति ।

अव्यक्तोऽक्षर इत्युक्तस्तमाहुः परमां गतिम् ।
यं प्राप्य न निवर्तन्ते तद्धाम परमं मम ॥ २१ ॥

अव्यक्तः—प्राकृतकरणैः प्रत्यक्षतया यो न व्यज्यते-साक्षात्कर्तुं न शक्यते, सोऽव्यक्तः, अक्षरः–कालत्रयेऽपि सर्वथा विकारशून्यत्त्वात् योऽक्षरः–अक्षराख्य इत्युक्तः–कथितः । वेदविदः- वेदादिसच्छास्त्ररहस्यविदः, तं परमां गतिमाहुः–सर्वोत्कृष्टां गतिं वदन्ति । मुमुक्षुजना यमक्षरं प्राप्य न निवर्तन्ते–न पुनरावर्तन्ते, तदक्षरं ब्रह्म, ब्रह्मभूतैर्भक्तजनैः सदा सेव्यमूर्तेर्मम परमं श्रेष्ठं धाम-निवासस्थानम् ॥ २१ ॥

ज्ञानिभक्तैकलभ्योऽक्षरशब्दवाच्याद्ब्रह्मणोऽतिविलक्षणः श्रुतिस्मृतिषु य उक्तस्तमाह—पुरुष इति ।

पुरुषः स परः पार्थ ! भक्त्या लभ्यस्त्वनन्यया ।
यस्यान्तःस्थानि भूतानि येन सर्वमिदं ततम् ॥ २२ ॥

यस्य-"अक्षरात्परतः परः" "मत्तः परतरं नान्यत्" "यस्मात्क्षरमतीतोऽहमक्षरादपि चोत्तमः" इत्यादिश्रुतिस्मृतिभिर्निर्दिष्टस्य मम, अन्तःस्थानि भूतानि भवन्ति, यदाधारकाणीत्येतत् । येन-पुरुषोत्तमेन मया, सर्वं ततम्–अन्तर्यामिशक्त्या व्याप्तम् । हे पार्थ ! सः परः–सर्वोत्कृष्टः, पुरुषः–पुरुषाकृतिः परमेश्वरोऽहम् । अनन्यया–न विद्यतेऽन्यो विषयो यस्यां तया प्रेमलक्षणया भक्त्या, लभ्यः-प्राप्यः । ज्ञानिकैवल्यार्थिनोरक्षरप्राप्तिस्तु तुल्या, तत्राप्येतावान् भेदः–ज्ञानिभक्तस्य तेजःपुञ्जेऽक्षरब्रह्मणि स्थितस्य पार्षदैः सततं सेव्यमानस्य दिव्यावयवस्य किशोरमूर्तेः परब्रह्मणः प्राप्तिः । कैवल्यार्थिनस्तु निरवयवे तेजःपुञ्जेऽक्षरब्रह्मण्यैक्येन लीनत्वम् ॥ २२ ॥

भगवन्निष्ठाक्षरनिष्ठयोरैश्वर्यनिष्ठस्य चानावृत्त्यावृत्तिकरौ गमनमार्गौ प्रदर्शयति–यत्रेत्यादिचतुर्भिः ।

यत्र काले त्वनावृत्तिमावृतिं चैव योगिनः ।
प्रयाता यान्ति तं कालं वक्ष्यामि भरतर्षभ ! ॥ २३ ॥

શ્લોકાર્થ-

તેજ આ ભૂત પ્રાણીમાત્રનો સમૂહ પરવશ થકો વારંવાર ઉત્પન્ન થઇને હે પાર્થ! રાત્રિ આવતાં લય પામે છે. અને પાછો દિવસ આવતાં ઉત્પન્ન થઇ આવે છે. ॥ ૧૯ ॥

પણ આ અવ્યકત થકી પર બીજો સનાતન અવ્યકત ભાવ-પદાર્થ છે. કે જે-સર્વ ભૂતો નાશ પામતાં પણ એ પોતે નાશ નથી પામતો.

જે અવ્યકત ભાવને અક્ષર એમ કહે છે. અને તેને પરમ ગતિ-પ્રાપ્ય સ્થાન કહે છે. કે જેને પામીને પાછા નથી ફરતા તે મારૂં પરમ સર્વોત્કૃષ્ટ ધામ છે. ॥૨૦-૨૧॥

હે પાર્થ! જેની અન્દર આ ભૂત-પ્રાણીમાત્ર રહેલાં છે. અને જેણે આ સઘળું વિશ્વ સંકલ્પ માત્રથી વિસ્તાર્યું છે. અથવા જેનાથી વ્યાપ્ત છે. તે પર પુરૂષ પરમાત્મા અનન્ય ભકિતથીજ મળે છે. (બીજો માર્ગજ નથી.) ॥ ૨૨ ॥

ભાવાર્થ-

હે પાર્થ! જે ભૂત—પ્રાણીમાત્રનો સ્થાવર-જંગમરૂપ સમુદાય પૂર્વ કાળમાં રહેલો હોય છે, તેજ આ ભૂત-પ્રાણીમાત્રનો સમૂહ બ્રહ્માના દિવસ-દિવસ પ્રત્યે ઉત્પન્ન થઇ-થઇને પાછો રાત્રિ-સમયે અર્થાત્-રાત્રિના આરંભમાંજ લય પામી જાય છે. અને પાછો ફરીને પણ બ્રહ્માના દિવસના આરંભમાંજ અવશ—પોત પોતાનાં કર્મ પ્રમાણે ફળપ્રદાતા ઈશ્વરને આધીન થકોજ ઉદય પામેછે-ઉપજે છે.

આવી રીતે દિવસોના અનુક્રમથી બ્રહ્માનાં સો વર્ષ પૂરાં થતાં મારા લોક સિવાયના લોકપાળોએ સહિત સઘળા લોકો નાશ પામી જાય છે, એ અભિપ્રાય છે. માટે ઐશ્વર્યાર્થીઓનો પણ તેમની સાથેજ ઉત્પત્તિ અને લય થાય છે, એમ કહેલું છે. ॥૧૮-૧૯॥

હવે-કૈવલ્યાર્થીઓને પણ પુનરાવૃત્તિ નથી એમ કહે છે—

ત્રણ ગુણના વિસ્તારરૂપ અવ્યક્તસ્વરૂપ પ્રકૃતિ થકી ભિન્ન અને સગુણ ભાવો-પદાર્થો તે થકી ઉત્કૃષ્ટ, અને અવ્યક્ત અતિસૂક્ષ્મ સનાતન એવો જે નિત્ય ભાવ-પદાર્થ, તે નિત્ય વસ્તુ બ્રહ્માથી લઇને સ્થાવર સૂધીનાં સઘળાં ભૂતો નાશ પામી જાય તો પણ તે નથી નાશ પામતો. ॥ ૨૦ ॥

ફરીથી તે વાતનેજ કહે છે—

અવ્યક્ત-પ્રાકૃત ઇન્દ્રિયો અન્તઃકરણથી પ્રત્યક્ષપણે જે વ્યક્ત થતો નથી, એટલે કે-સાક્ષાત્ કરી શકાતો નથી, તે અવ્યકત કહેવાય, અને અક્ષર-સર્વ કાળમાં પણ સર્વથા વિકારશૂન્ય હોવાથી જે અક્ષર નામે કહેવાય છે, તે અક્ષરને વેદાદિક સકળ સચ્છાસ્ત્રના રહસ્યને જાણનારા જ્ઞાની જનો સર્વોત્કૃષ્ટ ગતિ-પ્રાપ્યસ્વરૂપ કહે છે. અને મુમુક્ષુ જનો જે અક્ષરને પામીને પાછા આ સંસાર-ચક્રમાં આવતા નથી. તે અક્ષર બ્રહ્મ, બ્રહ્મરૂપ થયેલા એવા મુકતાત્મા ભકતજનોએ સદા સેવ્યમૂર્તિ એવો જે હું તે મારૂં પરમ-સર્વશ્રેષ્ઠ ધામ-નિવાસસ્થાન છે. ॥ ૨૧ ॥

શ્લોકાર્થ-

હવે કર્મયોગીઓ જે કાળમાં મરણ પામતાં અનાવૃત્તિ અને આવૃત્તિ પામે છે, તે કાળને હે ભરતવર્ષભ ! હું તને કહું છું. ॥ ૨૩ ॥

ભાવાર્થ-

હવે-જ્ઞાની ભક્તોએજ એક લભ્ય અને અક્ષર શબ્દવાચ્ય એવા બ્રહ્મથી અતિ વિલક્ષણ એવા શ્રુતિ-સ્મૃતિઓમાં જે પરમાત્મા કહ્યા છે, તેને કહી સમઝાવે છે—

" સર્વથી પર એવા અક્ષરથી પણ જે પર છે. " " મારાથી પરતર-શ્રેષ્ઠ બીજું કાંઇ છેજ નહિ " " કારણ-કે ક્ષરને પણ અતિક્રમણ કરીને અને અક્ષરથી પણ અતિ ઉત્તમ એવો હું છું " । ઇત્યાદિક શ્રુતિ-સ્મૃતિઓએ પ્રતિપાદન કરેલા એવા મારામાં, અન્દર રહેલાં ભૂતો વર્તે છે, એટલે કે-મારે આધારે રહેલાં છે. અને વળી જે પુરૂષોત્તમ એવા મેં આ સઘળું વિશ્વ અન્તર્યામિભાવે વર્તવારૂપ શક્તિથી વ્યાપેલું છે. હે પાર્થ ! તે પર-સર્વોત્કૃષ્ટ પુરૂષાકાર એવો પરમેશ્વર જે હું તે, મારા સિવાય બીજો વિષય જેમાં રહેતોજ નથી એવી અનન્ય પ્રેમલક્ષણા ભકિતથીજ લભ્ય-પ્રાપ્ય છું.

જ્ઞાની ભક્ત અને કૈવલ્યાર્થી એ બન્નેને અક્ષરપ્રાપ્તિ તો સરખીજ છે, પણ તેમાં એટલો ભેદ છે કે-ઉપાસક જ્ઞાની ભકતને મહાતેજોમય અક્ષર બ્રહ્મ ધામમાં અખંડ વિરાજમાન, દિવ્યાકાર પાર્ષદોએ અખંડ સેવેલા, દિવ્ય અવયવસમ્પન્ન અને કીશોર અવસ્થાએ યુક્ત એવા સક્ષાત્ પરબ્રહ્મ પરમાત્માની પ્રાપ્તિ થાય છે. અને કૈવલ્યાર્થીને તો નિરવયવ નિરાકાર તેજના સમૂહરૂપ અક્ષર બ્રહ્મમાં એક ભાવથી લીનપણું થાય છે, એવો મોટો પ્રાપ્તિમાં ભેદ રહે છે. ॥ ૨૨ ॥

હવે-ભગવાનમાં અને અક્ષરમાં નિષ્ઠાવાળાને, અને ઐશ્વર્યમાં નિષ્ઠાવાળાને, અનાવૃત્તિ-અપુનરાવૃત્તિ, અને આવૃત્તિ-પુનરાવૃત્તિ કરનારા, એમ બન્નેના ગમનમાર્ગને કહી બતાવે છે —

અહીંઆં-કાળ શબ્દ કાળના અભિમાની દેવતાઓના નિવાસસ્થાનભૂત માર્ગનો ઉપલક્ષક-જણાવનારો છે. જે કાળમાં-કાળાભિમાની દેવતાઓથી ઉપલક્ષિત—જણાતા માર્ગમાં, ગતિ પામેલા યોગીઓ-જે ભગવાનમાં નિષ્ઠાવાળા અને અક્ષરમાં નિષ્ઠાવાળા છે, તેઓ અનાવૃત્તિ-અપુનરાવૃત્તિને પામે છે. અને જે માર્ગમાં તો ગયેલા યોગીઓ-જે ઐશ્વર્યાર્થીઓ છે, ઉપાસકો છે અને બીજાપણ શુભ કર્મ કરનારા છે. તેઓ તો આવૃત્તિ પુનરાગમનને પામે છે. હે ભરતર્ષભ ! તે કાળને, એટલે કે-તે કાળના અભિમાની દેવતાઓથી ઉપલક્ષિત-જણાતા માર્ગને કહી બતાવીશ. ॥ ૨૩ ॥

તેમાં પ્રથમ અનાવૃત્તિ-અપુનરાવૃત્તિ કરનારો માર્ગ કહે છે-અગ્નિ અને જ્યોતિ એ બે શબ્દોથી-" તેઓ અર્ચિષ્‌ના પ્રત્યે જાય છે. " એ શ્રુતિમાં કહેલી અર્ચિષ્ માર્ગની અભિમાની દેવતા જાણવી. અહર્ એ શબ્દથી દિવસાભિમાની દેવતા જાણવી. શુકલ

भाष्यम्-

अत्र कालशब्दः कालाभिमानिदेवतानिवासस्थानभूतमार्गोपलक्षकः, यत्र यस्मिन् काले-कालाभिमानिदेवतोपलक्षिते मार्गे । प्रयाताः—गताः, योगिनः-भगवन्निष्ठा अक्षरनिष्ठाश्च, अनावृत्तिम्-अपुनरागमनं यान्ति । यत्र काले च-यस्मिन्मार्गे च, प्रयाता योगिनः-ऐश्वर्यार्थिनः, उपासकाः, शुभकर्माणश्च, आवृत्तिमेव पुनरागमनं यान्ति । हे भरतर्षभ ! तं कालम्-कालाभिमानिदेवतोपलक्षितं मार्गम् । वक्ष्यामि-वदिष्यामि ॥ २३ ॥

तत्र—अनावृत्तिकरं मार्गमाह—अग्निरिति ।

अग्निर्ज्योतिरहः शुक्लः षण्मासा उत्तरायणम् ।
तत्र प्रयाता गच्छन्ति ब्रह्म ब्रह्मविदो जनाः ॥ २४ ॥

अग्निर्ज्योतिः एताभ्यां शब्दाभ्यां "तेऽर्चिषमभिसम्भवन्ति" इति श्रुत्युक्तार्चिरभिमानिनी देवता बोध्या । अहरितिशब्देन वासराभिमानिनी देवता, शुक्ल इतिशब्देन शुक्लपक्षाभिमानिनी देवता, उत्तरायणम्-उत्तरायणरूपाः षण्मासास्तदभिमानिनी देवता, श्रुत्युक्ता अन्या देवता बोध्याः । यत्र मार्गे निवसन्ति तत्र अर्चिरादिमार्गे प्रयाता ब्रह्मविदः-ब्रह्मपरब्रह्मणोर्ज्ञातारो जनाः, ब्रह्म-अक्षरं ब्रह्म, परम्ब्रह्म च, गच्छन्ति-प्राप्नुवन्ति । ते उभये अपि न पुनरावर्तन्ते इत्यर्थः ॥२४॥

अथ पुनरावृत्तिकरं मार्गं वदति—धूम इति ।

धूमो रात्रिस्तथा कृष्णः षण्मासा दक्षिणायनम् ।
तत्र चान्द्रमसं ज्योतिर्योगी प्राप्य निवर्तते ॥ २५ ॥

धूम इतिशब्देन "ते धूममभिसम्भवन्ति" इति श्रुत्युक्तधूमाभिमानिनी देवतोपलक्ष्यते । रात्रिः—तदभिमानिनी देवता, कृष्णः-तत्पक्षाभिमानिनी देवता, दक्षिणायनम्—दक्षिणायनरूपाः षण्मासास्तदभिमानिनी देवता, यत्र मार्गे निवसन्ति तत्र धूममार्गे प्रयातो योगी सवासनिकः, चान्द्रमसं ज्योतिः—चन्द्रमसः प्रकाशतुल्यं स्वर्गलोकम्, चान्द्रमसेन ज्योतिषोपलक्षितमिति वा, प्राप्य निवर्तते-पुनरावर्तते ॥ २५ ॥

શ્લોકાર્થ-

અગ્નિ, જ્યોતિઃ, દિવસ, શુકલ પક્ષ, ઉત્તરાયનના છ માસ, આ કાળમાં જનારા બ્રહ્મવિત્ પુરૂષો બ્રહ્મને પામે છે. ॥ ૨૪ ॥

ધૂમ, રાત્રિ, તથા કૃષ્ણ પક્ષ અને દક્ષિણાયનના છ માસ, તે કાળમાં જનારો યોગી ચંદ્રના લોકને પામીને પુણ્ય ખૂટતાં પાછો ફરે છે. ॥ ૨૫ ॥

ભાવાર્થ—

શબ્દથી શુકલ પક્ષની અભિમાની દેવતા જાણવી. ઉત્તરાયણ શબ્દથી ઉત્તરાયણરૂપ છ માસો તેની અભિમાની દેવતાઓ જાણવી. અને શ્રુતિઓએ કહેલી બીજી દેવતાઓ પણ જાણવી. આ બધી દેવતાઓ જે માર્ગમાં વસે છે, તે અર્ચિરાદિ માર્ગે ગયેલા બ્રહ્મવિત્ પુરૂષો, કે જેઓ બ્રહ્મ અને પરબ્રહ્મ એ બન્નેને યથાર્થ જાણનારા છે. તે જનો અક્ષર બ્રહ્મને અને પરબ્રહ્મને પણ પામે છેજ. તે બન્નેય પણ પાછા આ સંસૃતિ-મંડળમાં પુનરાવર્તન પામતા નથી. એ રહસ્યાર્થ છે. ॥ ૨૪ ॥

હવે-પુનરાવૃત્તિ કરનારો માર્ગ કહી બતાવે છે—

ધૂમ એવા શબ્દથી-"તેઓ ધૂમ-માર્ગે જાય છે." એ શ્રુતિએ કહેલી ધૂમાભિમાની દેવતા સમઝાય છે. રાત્રિ એટલે તેની અભિમાની દેવતા, કૃષ્ણ પક્ષ એટલે તે પક્ષની અભિમાની દેવતા,દક્ષિણ અયન એટલે દક્ષિણ અયનરૂપ જે છ માસો તેની અભિમાની દેવતા, આ બધી દેવતાઓ જે માર્ગે વસે છે. તે ધૂમ માર્ગે ગયેલો યોગી સવાસનિક હોય તે ચન્દ્રમાના પ્રકાશને તુલ્ય પ્રકાશિત સ્વર્ગ લોકને, અથવા તો ચન્દ્રમાના પ્રકાશથી પ્રકાશતો લોક તેને પામીને આ સંસાર-મંડળમાં પુતરાવર્તન પામે છે. ॥ ૨૫ ॥

આ કહ્યા એ બન્ને માર્ગનો ઉપસંહાર કરતાં કહે છે—

શુકલ ગતિ એટલે પ્રકાશના અધિકપણાને લીધે આર્ચિરાદિ ગતિ-માર્ગ, અને કૃષ્ણા ગતિ એટલે પ્રકાશના અલ્પપણાને લીધે ધૂમાદિ ગતિ-માર્ગ, તેવી રીતના આ બન્ને માર્ગો, ભગવાનમાં નિષ્ઠાવાળાઓ અને અક્ષરમાં નિષ્ઠાવાળાઓનો, તેમજ પુણ્ય કર્મ કરનારાઓનો પણ, તથા ઐશ્વર્યાર્થીઓ,ઉપાસકો અને પુણ્ય કર્મવાળાઓનો પણ, જવાના માર્ગરૂપ છે. અને આ બન્ને માર્ગો જગત્‌ના અનાદિ અખંડિત અવિચ્છિન્ન માનેલા છે, નિશ્ચેજ. કારણ કે-જગત્‌નું અનાદિપણું હોવાથી એ બેમાંથી એક એટલે શુકલ ગતિથી અપુનરાવૃત્તિને મનુષ્ય કર્મ પ્રમાણે પામે છે. અને બીજી કૃષ્ણ ગતિથી જન પોતે કર્મ પ્રમાણે પુનરાવર્તનને પામે છે. આ શુકલ-કૃષ્ણ માર્ગને શ્રુતિઓજ પોતે કહે છે—" તેથી જે કોઇ મનુષ્યો આ પ્રમાણે જાણે છે-સમજે છે. અને જેઓ વગડામાં જઇને શ્રદ્ધાથી અને તપ કરવાપૂર્વક આ પ્રમાણે ભગવાનની ઉપાસના કરે છે.તે અર્ચિષ્-માર્ગે જાય છે. એક અમાનવ પુરૂષ—અક્ષર મુકત સામો આવે છે, તે એમને બ્રહ્મ ધામમાં ભગવાનની પાસે લઇ જાય છે. એજ દેવપથ અને એજ બ્રહ્મપથ છે. આ દેવમાર્ગથી જનારા

टीका-

व्यावर्तयन् व्याचष्टे-वैराजपुरुषस्येति । अव्यक्तशब्दस्य महदादिमूलभूतप्रधानपरताभ्रमं व्यावर्तयन् व्याचष्टे—तस्य सूत्रात्मशरीरादिति । सूत्रात्मसंज्ञकाच्छरीरादित्यर्थः । भूतग्रामप्रभवलयस्थानतया कारणावस्थामभिप्रेत्याव्यक्तादिति निर्देशः । व्यक्तयः-व्यज्यन्त इति व्यक्तयः, कार्यावस्था व्यक्तिशब्देनोच्यते । यद्यपि महदादीनि व्यक्तानि, अव्यक्तं तु तेषामपि मूलभूतं प्रधानम् । अथापि हिरण्यगर्भस्याहोरात्रयोः प्रभवलयनिरूपणप्रकरणे न तयोः प्रसङ्गः । अतो व्याचष्टे—त्रिलोकान्तरिति ॥ १८ ॥

तदेवं हिरण्यगर्भस्यायुषि प्रतिदिनमहोरात्रयोः प्रभवलययोः सम्भवात् पुनः पुनः प्रभवो लयश्चास्य भूतग्रामस्य भवतीत्याह-भूतग्राम इति । स एवायमित्येतद्व्याचष्टे-पूर्वस्मिन् काले इति । अवशः-पूर्वपूर्वकर्मपरवशः । कर्मणो जडस्य न स्वातन्त्र्यमित्येतदभिप्रेत्याह—कर्मफलप्रदेश्वराधीन इति । अनेनैव न्यायेनायुषोऽवसाने हिरण्यगर्भोऽपि विलीयते । पुनश्चोद्भवतीत्येतदभिप्रेत्याह-एवमिति ॥ १९ ॥

तस्मात् त्रिगुणमयादव्यक्तात्प्रकृतेरन्य इति । सर्वस्यास्याण्डोदरवर्तिनो भूतग्रामस्य यद्बीजभूतम्, यच्चास्य महदहङ्कारादिक्रमेण समुद्भूतस्याण्डस्यापि बीजभूतं गुणमयमव्यक्तं, तस्मादत्यन्तं विलक्षण इत्यर्थः । अन्यः पर इति पुनरुक्तिरिति शङ्कां व्यावर्तयन् व्याचष्टे-सगुणभावेभ्य उत्कृष्ट इति । सगुणभावेभ्यः--गुणमयेभ्यो भावेभ्यः ।

एवं वा योजना—यस्याहोरात्रयोर्भूतग्रामस्यास्य प्रभवाप्ययौ, ऐश्वर्यार्थिनां यः परमः प्राप्यो हिरण्यगर्भः, तस्मात्प्रकृष्टोऽयं भावः, यं भावं प्राप्तस्य न कुतोऽपि भयम् स हि प्रकृष्टः । ननु-केनायं गम्यते ? । चक्षुरादिभिरिन्द्रियैरेष न व्यज्यते, तदयमव्यक्तश्चक्षुरादेः, किन्तु—मनसैव श्रवणमननसुसंस्कृतेन द्रष्टुं योग्यः । तर्ह्यव्यक्तगुणमयसलक्षणः कश्चिदव्यक्तः, नेत्याह—तस्मादव्यक्तादन्योऽयमव्यक्तः, नायं गुणसंसृष्टः । इति ।

अतिसूक्ष्म इति । यः स्थूलः स व्यक्तः, यः सूक्ष्मः सोऽव्यक्तः, अयञ्चातिसूक्ष्मः, सूक्ष्मेष्वपि प्रवेशसामर्थ्यादिति यावत् । सनातनः-अनादिरनन्तश्च । इदमेवाभिप्रेत्याह—नित्य इति । नित्यतामुपपादयति-यः स सर्वेष्विति । इमानि-यानि चराचरात्मकानि दृश्यन्ते, तान्येतानि सर्गादौ भूतानि पुनः पुनः प्रलीयमानानि पुनः पुनरुद्भवन्ति च, तेष्वेतेषु प्रलये विनश्यत्स्वपि योऽयं न विनश्यति, भवत्येव केवलम्, सोऽयमत्यन्तविलक्षणो भावः । सोऽयमव्यक्त अक्षर इत्यप्यर्थगत्योच्यते इत्याह-अव्यक्तोऽक्षर इत्युक्त इति । गतिमिति । गम्यते इति गतिः, प्राप्यमिति यावत् । उत्कृष्टता चास्य जननमरणभयवर्जितत्वात् । मां प्राप्तस्येवाक्षरं प्राप्तस्यापि न पुनरावृत्तिप्रसङ्गः, ममैव हि धाम तत्, इति भावः ॥ २०-२१ ॥

ज्ञानिभक्तस्येति । "प्रियो हि ज्ञानिनोऽत्यर्थमहं स च मम प्रियः" । "वासुदेवः सर्वमिति स महात्मा सुदुर्लभः" । इति यो ज्ञानी परमो भक्त उक्तः, तस्येत्यर्थः । यस्येत्यनेन विवक्षितमर्थमाह-अक्षरादित्यादिना । अन्तःस्थानीति । अन्तःस्थितिर्न बदराणामिव कुण्डे, किन्तु धार्यधारकभावमात्रं विवक्षितमित्यभिप्रेत्य व्याचष्टे-मदाधारकाणीत्येतदिति । मत्सत्ताधीनसत्ताकानीत्येतत् । व्याप्तिर्देशविशेषे (अक्षरे धाम्नि) दिव्या-

भाष्यम्-

उक्तं मार्गद्वयमुपसंहरन्नाह—शुक्लकृष्ण इति ।

शुक्लकृष्णे गती ह्येते जगतः शाश्वते मते ।
एकया यात्यनावृत्तिमन्ययावर्तते पुनः ॥ २६ ॥

शुक्ला च कृष्णा च ते शुक्लकृष्णे, अत्र पुंवद्भाव आर्षः । शुक्ला—प्रकाशबहुलत्वादार्चिरादिगतिः, कृष्णा-प्रकाशस्याल्पत्वात् धूमादिगतिः, तथाभूते एते गती-भगवन्निष्ठाक्षरनिष्ठानां पुण्यकर्मणां, ऐश्वर्यार्थिनामुपासकानां पुण्यकर्मणां च गमनमार्गौ । जगतः शाश्वते अनादी, मते-सम्मते, हि-निश्चितम् । जगतोऽनादित्वादेकया-तयोर्मध्ये अन्यतरया शुक्लया गत्या, अनावृत्तिम्-अपुनरागमनम्, याति-जनः प्राप्नोति । अन्यया-कृष्णया गत्या, पुनरावर्तते-पुनरागमनं प्राप्नोति । शुक्लकृष्णमार्गौ श्रुतयो वदन्ति-"तद्य इत्थं विदुर्ये चेमेऽरण्ये श्रद्धा तप इत्युपासते तेऽर्चिषमभिसम्भवन्ति++पुरुषोऽमानवः स एतान् ब्रह्म गमयति एष देवपथो ब्रह्मपथ एतेन प्रतिपद्यमाना इमं मानवमावर्तं नावर्तन्ते" इति । "अथ य इमे ग्रामे इष्टापूर्ते दत्तमित्युपासते ते धूममभिसम्भवन्ति" इत्याद्याः ॥ २६ ॥

मार्गद्वयवेदनफलं दर्शयन्नाह—नैते इति ।

नैते सृती पार्थ ! जानन् योगी मुह्यति कश्चन ।
तस्मात्सर्वेषु कालेषु योगयुक्तो भवार्जुन ! ॥ २७ ॥

हे पार्थ ! एते सृती-पुनरावृत्त्यपुनरावृत्तिप्रापकौ मार्गौ, जानन्-विदन् सन् । कश्चन-कश्चित् योगी योगनिष्ठो ब्रह्मोपासकः, न मुह्यति-साधनमार्गे न मुह्यति-मोहं न प्राप्नोति । तस्मात् हे अर्जुन ! सर्वेषु कालेषु योगयुक्तो योगेन, भक्तियोगेन वा, युक्तः-सहितः, त्वं भव!॥२७॥

अथाध्यायद्वयोदित भगवन्माहात्म्यज्ञाननिष्ठं भगवद्भक्तं प्रशंसन् वदति—वेदेष्विति ।

वेदेषु यज्ञेषु तपस्सु चैव
दानेषु यत् पुण्यफलं प्रदिष्टम् ।

શ્લોકાર્થ-

આ શુકલ અને કૃષ્ણ એ બન્ને માર્ગો જગત્‌ના અનાદિજ માનેલા છે. તેમાંથી એકથી જનાર અનાવૃત્તિ–મુક્તિ પામે છે. અને બીજાથી જનાર પાછો આવે છે. ॥૨૬॥

હે પાર્થ ! આ બન્ને માર્ગ સમઝનારો કોઇ પણ યોગી ક્યારેય મોહ પામતો નથી. માટે હે અર્જુન ! તું સર્વ કાળમાં યોગયુકત થા ! ॥ ૨૭ ॥

વેદોમાં, યજ્ઞોમાં, તપમાં અને સર્વ દાનોમાં જે પુણ્યફળ કહેલું છે. તે સર્વ ફળ ઉલ્લંઘી જઇને આ બન્ને માર્ગના તત્ત્વને જાણનારો યોગી આદ્ય સનાતન પરમ સ્થાનને પામે છે. ॥ ૨૮ ॥

ઇતિ શ્રીમદ્‌ભગવદ્ગીતાસૂપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે શ્રીકૃષ્ણાર્જુન-સંવાદે અક્ષર પર-બ્રહ્મયોગો નામ અષ્ટમોઽધ્યાયઃ ॥ ૮ ॥

ભાવાર્થ-

મુકતાત્માઓ આ માનવ લોકમાં ફરીથી પાછા આવતા નથી.” “અને જેઓ ગામમાં રહીને ઇષ્ટા–પૂર્ત વિગેરે અને દાન વિગેરે સત્કર્મ એજ ખરૂં કર્મ છે એમ સમઝીને તે તે દેવોની ઉપાસના કરે છે,તેઓ ધૂમ–માર્ગે થઇને જાય છે.” ઇત્યાદિક શ્રુતિઓ કહે છે. ॥૨૬॥

આ બન્ને માર્ગ જાણવાનું ફળ કહી બતાવતાં કહે છે––

હે પાર્થ! આ બન્ને-પુનરાવૃત્તિ અને અપુનરાવૃત્તિને પમાડનારા માર્ગોને જાણતો થકો-જાણનાર કોઇ પણ યોગી, એટલે કે–કેવળ યોગનિષ્ઠ હોય કે પરબ્રહ્મનો ઉપાસક હોય, પણ તે મોક્ષના સાધનભૂત માર્ગમાં મોહ નથી પામતો. માટે હે અર્જુન ! સર્વ સમયમાં તું યોગયુકત થા ! એટલે કે–કેવળ અષ્ટાંગ યોગ, કે મારા ધ્યાનરૂપ યોગ, કે મારી ભકિતરૂપ યોગ, તેણે યુકત તું થા. ॥ ૨૭ ॥

હવે આ બન્ને અધ્યાયમાં કહેલા ભગવાનના માહાત્મ્યજ્ઞાનમાં નિષ્ઠાવાળા ભગવદ્‌-ભકતને વખાણતા થકા કહે છે––

વેદોમાં–ભણેલા અને ભણાવેલા ઋગ્વેદ, યજુર્વેદ, સામ વેદ અને અથર્વ વેદ, એ સર્વ વેદોમાં,અશ્વમેધાદિક યજ્ઞોમાં, કૃચ્છ્ર-ચાંદ્રાયણાદિક વ્રતરૂપ તપમાં, આઠ પ્રકારના મહાદાનાદિકમાં, આ દરેકમાં જે પુણ્યફળ બતાવવામાં આવ્યું છે, તે સઘળું ફળ આ બે અધ્યાયમાં કહેલું મારા પ્રત્યક્ષ સ્વરૂપનું માહત્મ્ય જાણીને યોગી જે મારો જ્ઞાની ભકત, તે ઉલ્લંઘી જાય છે, અર્થાત્–મારા સ્વરૂપનું સુખ અતિ અધિક છે એમ જાણીને મારા સિવાયના બીજા સુખમાત્રને તૃણવત્ અતિ તુચ્છ જાણે છે.અને એમ જાણીને પછી અનાદિ સિદ્ધજ–સનાતન સર્વોત્કૃષ્ટ સ્થાનને પામે છે, એટલે કે–મારા પરમ એકાન્તિક ભકત–મુકતોએ સહિત મારા નિવાસસ્થાનરૂપ બ્રહ્મપુર ધામને પામે છે. ॥ ૨૮ ॥

ઇતિ શ્રી પરવિદ્યૈકગોચર-પરભક્તિસમારાધ્ય—ભગવત્સહજાનન્દસ્વામિ-શિષ્યાગ્રગણ્ય--સદ્ગુરૂવર્ય શ્રીગોપાળાનન્દમુનિવિરચિતે શ્રીમદ્‌ભગવદ્ગીતા-ભાષ્યે અષ્ટમોઽધ્યાયઃ ॥ ૮ ॥

भाष्यम्-

अत्येति तत्सर्वमिदं विदित्वा
योगी परं स्थानमुपैति चाद्यम् ॥ २८ ॥

इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे अक्षर-परब्रह्मयोगो नामाष्टमोऽध्यायः ॥ ८ ॥

તે ઋષિઓ કયા ? તો કે-દેવર્ષિ-નારદમુનિ, અસિત, દેવળ અને વ્યાસજી, એ વિગેરે મહર્ષિઓ અને આપ પોતે પણ મને કહો છોજ. હવે-તે નારદાદિક ઋષિઓનાં વચનો કહે છે-" આ શ્રીમાન્ નારાયણ ભગવાન પોતે ક્ષીર સાગરમાં વાસ કરનારા, તે નાગશય્યાનો પરિત્યાગ કરીને અહીંઆં મથુરા પુરી પ્રત્યે આવેલા છે. તે ભૂમંડળમાં દ્વારવતી પુરી મહા પવિત્ર છે. કે જ્યાં પુરાણ પુરૂષ મધુસૂદન ભગવાન સાક્ષાત્ નિવાસ કરીને રહે છે. અને એજ સનાતન ધર્મરૂપ છે. જે વેદવેત્તાઓ બ્રાહ્મણો છે. અને જે અધ્યાત્મ તત્વ જાણનારા જ્ઞાની જનો છે. તે સર્વ જનો મહાત્મા શ્રીકૃષ્ણનેજ સનાતન ધર્મરૂપ કહે છે. ગોવિન્દ ભગવાન એજ સર્વ પવિત્ર પદાર્થોમાં પરમ પવિત્ર છે. સર્વ પુણ્યોના મધ્યે એજ પુણ્યરૂપ છે. અને સર્વ મંગળ પદાર્થોમાં પણ એજ મંગળસ્વરૂપ છે. અને પુંડરીક—કમળના સરખાં નેત્રવાળા સર્વ દેવોના પણ દેવ -અગ્રપૂજ્ય, સનાતન-નિત્યસિદ્ધ,અચિન્ત્ય સ્વરૂપ, એવા મધુસૂદન શ્રીહરિ ભગવાન,આ ત્રિલોકીમાં ત્યાંજ રહે છે. અને જ્યાં શ્રીનારાયણ દેવ પરમાત્મા રહેલા છે, ત્યાંજ હે પાર્થ ! સઘળું જગત્ રહેલું છે. અને સર્વ તીર્થો તેમજ પુણ્યક્ષેત્રો પણ ત્યાંજ રહેલાં છે. તેજ પવિત્ર છે, તેજ પરં બ્રહ્મ છે, તેજ તીર્થ અને એજ તપોવન છે. સર્વ દેવર્ષિઓ, સર્વ સિદ્ધ દેવો, સર્વ તપસ્વિગણો, પણ ત્યાંજ વસે છે કે જ્યાં આદિ દેવ મહાયોગી મધુસૂદન ભગવાન રહેછે. અને તેજ સર્વ પવિત્ર પદાર્થોમાં પણ પવિત્ર છે. આ વાતમાં તને સંશય થવોજ ન જોઇએ. કારણ કે કૃષ્ણ એજ સર્વ લોકોની ઉત્પત્તિનું મૂળ-કારણ છે.

टीका-

इदमिह व्याचक्ष्महे-अबुधा रूपादीन् भावपूर्वकं भजन्त, आनन्दभ्रमात्। आनन्दश्च नानन्दमयादन्यत्र। आनन्दमयश्च यतो जगदिदं प्रभवति स एव, श्रावयति श्रुतिरेवम्- "सत्यं ज्ञानमनन्तं ब्रह्म" इति सत्यादिलक्षणं परब्रह्म प्रस्तुत्य "तस्माद्वा एतस्मादात्मन आकाशः सम्भूतः" इति तस्य परब्रह्मणः सर्वान्तरात्मनः सकलजगत्कारणत्वमुपपाद्य तस्यान्तरात्मतामन्नमयप्राणमयमनोमयविज्ञानमयेभ्योऽन्यत्वावबोधनपूर्वकमानन्दमय- ताम्। बुधास्तु तमेनमानन्दमयं सर्वस्य प्रभवं सर्वान्तरात्मतया सर्वस्थितिप्रवृत्ति- कारणं मां लोकानुग्रहाय वसुदेवगृहे प्रादुर्भूतं विज्ञाय भावपूर्वकं मां भजन्ते इति ॥ ८ ॥

आनन्दमये सर्वेश्वरे एवेति। आनन्दमय इत्यनेनोपेयत्वं ज्ञाप्यते, सर्वेश्वर इत्यनेनो- पायत्वं गम्यते। ईश्वर एव हि फलायेष्टे नानीश्वरः। अन्यत्रेति। फले साधने चेत्यर्थः। उदासीना इति। विमुखा इत्यर्थः। अहमेव जीवितं येषां ते इति। मदेकजीविता इत्यर्थः। मामेव प्राणधारकं मन्यमाना इति। देहे स्थातुमशक्ता इति। देहधारणमलभमाना इति यावत्। ज्ञानशक्तीति। परत्वसूचका गुणविशेषाः। वात्सल्यादीति। सौलभ्यसूचका गुणविशेषाः। "अहो! अनवधिकातिशयज्ञानशक्त्यादिसम्पन्नः सर्वेश्वर एवास्माननुग्रहीतुमिहावतीर्णः, हन्तास्य वात्सल्यं निरवधीति" मदीयदिव्यगुणान् मिथोऽवबोधयन्त इति भावः। जन्म- कर्माणीति। जन्म-अजायमानस्यापि लोकानुग्रहाय स्वेनैव दिव्येन रूपेण तत्र तत्र तत्तत्सजातीयसंस्थानतया प्रादुर्भावलक्षणम्। कर्म—अतिमानुषं दावानलप्राशनादि। मानुषलीलात्मकं च नवनीतहरणादि। अतिमानुषमानुषोभयमिश्रं च मृत्स्नाभक्षणादि। बोधयन्तस्तुष्यन्ति कथयन्तस्तुष्यन्तीत्यनेन भगवद्गुणकर्मावबोधनकथने एवैषां तोषा- येति गम्यते। तुष्यन्तीत्यनेन रमन्तीत्यनेन च विवक्षितमर्थविशेषमाह-ममेत्यादिना॥९॥

आशंसायां क्तप्रत्ययमभिप्रेत्य व्याचष्टे-काङ्क्षमाणानामिति। सततयोगो ह्यपुन- रावृत्तिलक्षणः प्रारब्धकर्मक्षयानन्तरभावी, अतोऽयमर्थ आदृतः। बुद्धियोगमिति। साक्षा- त्कारलक्षणं परिपाकदशापन्नं बुद्धियोगमित्यर्थः। येन साक्षात्कारलक्षणेन बुद्धियोगेन मामुपयान्ति। न विलम्बस्ततः। "क्षीयन्ते चास्य कर्माणि तस्मिन् दृष्टे परावरे"॥१०॥

अनन्तरश्लोकमवतारयति-अज्ञानजमिति। ददामि बुद्धियोगमित्युक्तं प्राक्, इदानीं बुद्धियोगदानप्रकारमाहेत्येतत्, बुद्धियोगविरोधितमोनिरसनमेव बुद्धियोगदानमिति श्लोकाशयः। अज्ञानजमिति। अज्ञानम्-ज्ञानविरोधिनी अनाद्यविद्या, तच्च प्राचीनं कर्म दोषनिकरमिति। वासनारूपेण स्थितमिति यावत्। कथमिति। केन प्रकारेणेत्यर्थः। ज्ञान- रूपेणेति। अनुदिनमनुवर्धमानेन परिपाकदशामुपगच्छतेत्यर्थः। प्रेमपूर्वकं भजतां हृदि सन्निहितस्य मम प्रभावात् विपरीतवासनादिदोषोपशमनेन प्रज्वलति ज्ञानदीपः, तेना- पहृते मोहतमसि परिपाकदशां प्राप्य ज्ञानमपरोक्षलक्षणं भवति। तेन सर्वकर्मप्रक्षय इति भावः॥ ११॥

विभूतियोगाविति। या विभूतिः, यश्च कल्याणगुणयोगस्तावित्यर्थः। धामशब्दस्या- श्रयपरतामभिप्रेत्य व्याचष्टे-सर्वाधाररूपमिति। आधारता च प्रशासनलक्षणा। "एतस्य वा अक्षरस्य प्रशासने गार्गि! सूर्याचन्द्रमसौ विधृतौ तिष्ठतः" इत्यादिश्रुतिप्रसिद्धं

टीका-

पदमाधारत्वम्। धामशब्दं ज्योतिःपरतया चाचार्याः परे व्याचक्षते। श्रुतिश्च-“अथ यदतः परो दिवो ज्योतिर्दीप्यते” इत्यादिः। परमं पवित्रमिति। सर्वपापप्रणाशकत्वात् परमपवित्रता। तथा च श्रुतिः—“तद्यथैषीकातूलमग्नौ प्रोतं प्रदूयेत एवं हास्य सर्वे पाप्मानः प्रदूयन्ते” इति ॥ १२ ॥

स्वयं चैवेति। सन्तु नामैते सर्वे महर्षय एकपदे, स्वयं च त्वं ब्रवीषि, यस्य स्वरूपं यथावस्थितं जानन्तो महर्षय आप्ततमा भवन्ति, यस्य स्वरूपावबोधने नः श्रुतयः स्मृतयश्च प्रमाणानि, स भवानेवाह, इतः परं किं प्रमाणस्य प्रमातुर्वान्वेषणेनेति भावः ॥ १३ ॥

सम्बन्धित्वेति। त्वमसि मे आप्ततमो बन्धुः, परमं मित्रं च, गुरुश्च, शरण्यश्च। तथाभूतस्त्वं प्रियबन्धवे मित्राय शिष्याय प्रपन्नाय मे वदसि। सर्वमेतदृतमेव। कथमिहान्यथाशङ्कावकाश इति भावः। देवमनुष्यत्वेनेति। देवलोके देवसजातीयतया, मनुष्यलोके मनुष्यसजातीयतयेत्यर्थः ॥ १४ ॥

पुरुषोत्तमः—क्षराद‍क्षराच्च पुरुषादुत्तमस्त्वम्। स्वेनैवेति। अकरणाधीनेन नैसर्गिकेनेति यावत्। आदरात्, भक्तिपारवश्याच्च बहुधा सम्बोधनम् ॥ १५ ॥

प्राकृतानां दिव्यत्वं किम्? अत आह—लोके प्रकाशमाना इति। इतरेभ्योऽतिशययोगमभिप्रेत्य दिव्या इति निर्देश इति यावत्। भगवद्विभूतित्वदृष्ट्या वा दिव्यत्वम्। गुणमया भावाः सर्वे एव हि हेयाः। सर्वेश्वरस्य सर्वनियन्तुस्ते नियमनलक्षणैश्वर्यप्रतिसम्बन्धिषु प्रकृष्टा भावा विभूतय उच्यन्ते। ता वक्तुमर्हसीति भावः। व्याप्य तिष्ठसीति। तत्तदन्तर्यामितया तत्तदात्मको भूत्वा लोकानिमान् व्याप्य तिष्ठसि, लोकेषु परितस्तिष्ठसीत्येतत् ॥

योगिन्! इत्येतद्व्याचष्टे—योगो योगमाया शक्तिरिति। योगमायाख्या शक्तिरित्यर्थः। परिचिन्तयन्निति। परिचिन्तयितुं प्रवृत्त इत्यर्थः। केन केन कल्याणगुणयोगेन विद्यामितियावत्। विभूतिभेदेष्विति। “अहो! सर्वेश्वरस्य विभूतिविशेषोऽयम्?” इति केन केन विभूतिविशेषयोगेन त्वां चिन्तयेयमिति भावः। लोके प्रभुमुपासीना अपि विभूतिमुखेन ह्युपासते। “अहो! महान् प्रभुरयम्, पश्यास्य विभूतीः? कीदृशोऽयं महान् गजः? कीदृशश्चायमश्व?” इति।

अथ सर्वेश्वरस्य सर्वान्तर्यामिणो ये भक्तास्तैस्तु तद्विभूतिविशेषा अवश्यं ज्ञातव्या एव॥

भूय इति। अहिंसेत्यादिना पूर्वं समासेनोक्तम्, भूयो विस्तरेण कथयेत्यर्थः। अमृतं पिबत इव मम तृप्तिर्नास्ति। भवद्वचनामृतमेव ह्यमृतमिति भावः ॥ १६-१८ ॥

हन्तेत्यनुग्रहे इति। हन्तेति हर्षोक्त्यानुग्रहो व्यज्यते इति भावः। ऐश्वर्ययुक्ता इति। ऐश्वर्यविशेषसमधिष्ठिता इति यावत्। विभूतिभिर्विस्तारं प्राप्तस्य मे इति। मम विभूतिविस्तरस्यावधिर्नास्तीत्यर्थः ॥ १९ ॥

प्रथममिति। इदमत्र बोध्यम्—न राज्ञो रथगजतुरगादिरिव सर्वेश्वरस्येयं विभूतिः। न तेषामादिरन्तो मध्यं वा राजा, केवलं लेशतस्तदधीनतामात्रेण। इह तु या विभूतयो

भाष्यम्-

ते के ? देवर्षिर्नारदः, तथा असितः, देवलः, व्यासश्चेत्याद्या महर्षयः, स्वयमेव च त्वं मे मह्यं ब्रवीषि । तथा च वचनानि-"एष नारायणः श्रीमान् क्षीरार्णवनिकेतनः । नागपर्यङ्कमुत्सृज्येहागतो मथुरां पुरीम् ॥ पुण्या द्वारवती तत्र यत्रास्ते मधुसूदनः । साक्षाद्देवः पुराणोऽसौ स हि धर्मः सनातनः ॥ ये च वेदविदो विप्रा ये चाध्यात्मविदो जनाः । ते वदन्ति महात्मानं कृष्णं धर्मं सनातनम् ॥ पवित्राणां हि गोविन्दः पवित्रं परमुच्यते । पुण्यानामपि पुण्योऽसौ मङ्गलानां च मङ्गलम् ॥ त्रैलोक्ये पुण्डरीकाक्षो देवदेवः सनातनः । आस्ते हरिरचिन्त्यात्मा तत्रैव मधुसूदनः ॥ यत्र नारायणो देवः परमात्मा समाहितः । तत्र कृत्स्नं जगत् पार्थ ! तीर्थान्यायतनानि च ॥ तत् पुण्यं तत् परं ब्रह्म तत्तीर्थं तत्तोपवनम् । तत्र देवर्षयः सिद्धाः सर्वे चैव तपोधनाः ॥ आदिदेवो महायोगी यत्रास्ते मधुसूदनः । पुण्यानामपि तत्पुण्यं मामूत्ते संशयोऽत्र वै ॥ कृष्ण एव हि लोकानामुत्पत्तिरपि चाव्ययः । कृष्णस्य हि कृते भूतमिदं विश्वं चराचरम्" ॥ इत्यादीन्यृषिवाक्यानि । "मत्तः परतरं नान्यत् किञ्चिदस्ति धनञ्जय ! । अहं सर्वस्य प्रभवो मत्तः सर्वं प्रवर्तते" ॥ इत्यादीनि श्रीकृष्णवाक्यानि च ॥ १२-१३ ॥

सर्वमेतदृतं मन्ये यन्मां वदसि केशव ! ।
न हि ते भगवन् ! व्यक्तिं विदुर्देवा न दानवाः ॥ १४ ॥

सर्वमिति । हे केशव ! मां प्रति यद्वाक्यं त्वं वदसि, तदेतत्सर्वं ऋतं मन्ये । सम्बन्धित्वमित्रत्वगुरुत्वशरण्यत्वादिविशेषणयुक्तत्वादहं तत् सत्यं जानामीत्यर्थः । हे भगवन् ! ते सर्वेश्वरस्य तव व्यक्तिम्-देवमनुष्यत्वेन प्रादुर्भावम्, देवाः-परिमितज्ञाना विबुधाः, न विदुर्हि निश्चितम् । "अस्मदनुग्रहाय भगवतोऽयं प्रादुर्भाव" इति न जानन्तीत्यर्थः । दानवाश्च ते व्यक्तिं न विदुः-"अस्मत्संयमनार्थमियं व्यक्तिरिति" न विदन्तीत्यर्थः ॥ १४ ॥

स्वयमेवात्मनात्मानं वेत्थ त्वं पुरुषोत्तम ! ।
भूतभावन ! भूतेश ! देवदेव ! जगत्पते ! ॥ १५ ॥

શ્લોકાર્થ-

હે કેશવ ! આપ મને જે કહો છો, તે સઘળું હું સત્યજ માનું છું. ખરે-ખર-હે ભગવન્ ! આપના વ્યકિત-ભાવને તો નથી દેવો જાણતા, કે નથી દૈત્યો જાણતા. ॥૧૪॥

હે ભૂતભાવન !--ભૂત-પ્રાણીમાત્રને વૃદ્ધિ પમાડનાર ! હે ભૂતેશ ! ભૂતમાત્રના નિયંતા, હે દેવદેવ ! હે જગત્પતે ! અને હે પુરૂષોત્તમ ! તમેજ એક તમારા સ્વરૂપને તથા મહિમા સામર્થ્યને તમારી મેળેજ સ્વયં પોતેજ જાણો છો. ॥ ૧૫ ॥

ભાવાર્થ

અને આ ચરાચર સઘળું વિશ્વ કૃષ્ણને માટેજ રચાયેલું છે. " આ વિગેરે નારદાદિક મુનિઓનાં વાકયો છે. અને " હે ધનંજય ! મારાથી પર કે મારાથી મોટું બીજું કોઇ છેજ નહિ, હુંજ સર્વનો કારણભૂત છું. અને મારા થકીજ આ સઘળું વિશ્વ પ્રવર્તે છે." આ વિગેરે શ્રીકૃષ્ણનાં પોતાનાં વચન છે. ॥ ૧૩ ॥

હે કેશવ ! મારા પ્રત્યે જે વાકય આપ કહો છો, તે સઘળું હું સાચુંજ માનું છું. એટલે કે-મારી સાથે દેહના સમ્બન્ધીપણું, મિત્રતા, ગુરૂતા અને શરણ્યતા આદિક અનેક ગુણોએ આપ યુક્ત હોવાથી હું તે આપનું કહેવું સઘળુંય સત્યજ માનું છું. હે સમર્થ પ્રભો ! સકળ ઐશ્વર્યે સમ્પન્ન અને સર્વેશ્વર એવા આપનો વ્યકિત-ભાવ, એટલે કે-દેવ મનુષ્યાદિરૂપે પ્રાદુર્ભાવ થવો, તેને દેવો કે જેઓ પરિમિત જ્ઞાનવાળા છે, તેથી તેઓ નથી જાણતા નિશ્ચેજ, અર્થાત્-"અમારા અનુગ્રહને માટે ભગવાનનો આ પ્રાદુર્ભાવ થાયછે," એમ તેઓ નથી સમઝતા, તેમજ-દાનવો પણ આપના વ્યક્તિભાવને નથી જાણતા, એટલે કે-"અમારા સંયમનને માટે આ પ્રાદુર્ભાવ થાય છે," એમ નથી સમઝતા એ અર્થ છે. ॥૧૪॥

હવે-યથાવસ્થિત આપના સ્વરૂપને આપ પોતેજ જાણોછો. એમ કહે છે-સર્વ પુરૂષોમાં ઉત્કૃષ્ટસ્વરૂપ એવા હે પુરૂષોત્તમ ! યથાવસ્થિત જેમ છે તેમ તમારા પોતાના સ્વરૂપને તમે પોતેજ તમારાજ જ્ઞાનથી તમેજ જાણો છો. સર્વ ભૂતનો ઉદ્ભવ કરનારા, સર્વ ભૂતના નિયામક, સર્વ દેવોના પણ પરમ દૈવત. અને સર્વ જગતના પતિ-રક્ષક, એવા હે પ્રભો ! દેવતાઓ જેમ મનુષ્યો કરતાં સ્વરૂપ, સ્વભાવ અને ગુણોથી પણ ઉત્કૃષ્ટ છે, તેમ તે દેવોના કરતાંય સર્વ પ્રકારથી આપ અતિ ઉત્કૃષ્ટ-સર્વશ્રેષ્ઠ છો. એ અર્થ છે. ॥૧૫॥

લોકમાં પ્રકાશમાન-સર્વથા પ્રસિદ્ધ વર્તતી જે આપની વિભૂતિઓ-સર્વ પ્રાણીમાત્રના ધારણ-પોષણને માટે અને નિયમન-રક્ષણાદિકને માટે ઐશ્વર્યવિશિષ્ટ ભાવો રહેલા છે. તે સર્વ પદાર્થો સમગ્રપણે વિસ્તારથી મને કહેવાને યોગ્ય છો. કે-જે વિભૂતિઓથી આ સઘળા લોકને વ્યાપીને આપ રહેલા છો.

મધ્યે અર્જુનની શંકા ઉઠાવીને કહે છે-મારી વિભૂતિઓ જાણવાથી તારે શું પ્રયોજન છે ? તો કહે છે—

भाष्यम्-

हे पुरुषोत्तम !-हे सर्वपुरुषोत्कृष्ट ! आत्मानम्-यथावस्थितस्वस्वरूपम्, स्वयमेवात्मना—स्वेनैव ज्ञानेन, त्वं वेत्थ—जानासि । हे भूतभावन !-भूतोद्भवकर ! हे भूतेश !-सर्वभूतनियामक ! हे देवदेव !-सर्वदेवतानामपि परमदैवत ! यथा देवाः मनुष्यादिभ्यः स्वरूपस्वभावगुणैरुत्कृष्टास्तथा तेभ्यः सर्वप्रकारैस्त्वमुत्कृष्टतमोऽसीत्यर्थः । हे जगत्पते !-जगद्रक्षक ! ॥ १५ ॥

वक्तुमर्हस्यशेषेण दिव्या ह्यात्मविभूतयः ।
याभिर्विभूतिभिर्लोकानिमांस्त्वं व्याप्य तिष्ठसि ॥
कथं विद्यामहं योगिंस्त्वां सदा परिचिन्तयन् ।
केषु केषु च भावेषु चिन्त्योऽसि भगवन्मया ॥
विस्तरेणात्मनो योगं विभूतिं च जनार्दन ! ।
भूयः कथय ! तृप्तिर्हि श्रृण्वतो नास्ति मेऽमृतम् ॥१६—१८॥

दिव्याः-लोके प्रकाशमानाः, विख्याता इति यावत् । आत्मनो भवतो विभूतयः—सर्वेषां धारणपोषणनियमनरक्षणाद्यर्थमैश्वर्यविशिष्टा भावाः सन्ति, ता अशेषेण समग्रतया वक्तुमर्हसि, याभिर्विभूतिभिरिमांल्लोकान् व्याप्य त्वं तिष्ठसि—स्थितोऽसि ॥

विभूत्यवगमेन ते किं प्रयोजनम् ? तत्राह—कथमिति ।

हे योगिन् ! योगो योगमाया शक्तिर्विद्यतेऽस्य तत्सम्बुद्धौ । कथम् ?-कैः प्रकारैः, सदा-सततम्, अहं त्वां परिचिन्तयन्, विद्याम्-बुद्ध्येय । हे भगवन् ! भगोऽस्यास्तीति भगवांस्तत्सम्बुद्धौ । वायुपुराणे-"भासनाद्गमनाच्चैव भग इत्यभिधीयते । ऐश्वर्यस्य समग्रस्य धर्मस्य यशसः श्रियः । ज्ञानवैराग्ययोश्चैव षण्णां भग इतीङ्गना" इति भगशब्दनिरुक्तिः । भगवता पराशरेण चोक्तम्-"ज्ञानशक्तिबलैश्वर्यवीर्यतेजांस्यशेषतः । भगवच्छब्दवाच्यानि विना हेयैर्गुणादिभिः ॥ एवमेष महाशब्दो मैत्रेय ! भगवानिति" इति । केषु केषु च भावेषु-वस्तुषु विभूतिभेदेषु, मया त्वं नित्यं चिन्तितुमर्होऽसि ॥

શ્લોકાર્થ-

માટે આપની દિવ્ય-સર્વશ્રેષ્ઠ વિભૂતિઓ મને સમગ્રપણે કહેવાને યોગ્ય છો. કે-જે વિભૂતિઓથી આ સર્વ લોકમાં આપ વ્યાપીને રહેલા છો. ॥ ૧૬ ॥

હે યોગેશ્વર ! તમારૂં સદાય પરિચિન્તવન કરતાં તમને હું કેવી રીતે જાણી શકું ? હે ભગવન્ ! કયા કયા પદાર્થોમાં મારે આપનું ચિન્તવન કરવું ? ॥ ૧૭ ॥

હે જનાર્દન ! આપનો મહિમા અને આપની વિભૂતિઓ ફરીથી વિસ્તારપૂર્વક મને કહો ? આપનો મહિમા સમજાવનારૂં અમૃત તુલ્ય આપનું ભાષણ સાંભળતાં મને તૃપ્તિજ થતી નથી. ॥ ૧૮ ॥

ભાવાર્થ—

યોગમાયા-રૂપ શક્તિએ સમ્પન્ન એવા હે યોગેશ્વર પ્રભો ! સદાય હું તમારૂં પરિચિન્તવન કરતાં આપને કેવી રીતે કયા પદાર્થોથી જાણું-ઓળખું.

હે ભગવન્ ! સકળ ઐશ્વર્યે સમ્પન્ન ! વાયુ-પુરાણમાં અને ભગવાન પરાશર-મુનિએ પણ ભગવત્ શબ્દની વ્યાખ્યા આ પ્રમાણે કરી છે-" જે સર્વત્ર ભાસે છે. અને સર્વત્ર ગતિ કરે છે. માટે એને ભગ શબ્દથી કહેવાય છે. અને તે સમગ્ર-સમ્પૂર્ણ ઐશ્વર્ય, ધર્મ, યશ-કીર્તિ, શ્રી-શોભા, અથવા લક્ષ્મી-સમ્પત્તિ, અને જ્ઞાન અને વૈરાગ્ય, આ છ ઐશ્વર્યની ભગ એવી સંજ્ઞા છે." આ પ્રમાણે ભગ શબ્દની નિરૂક્તિ કરેલી છે. વળી-" જ્ઞાન, શક્તિ, બળ, ઐશ્વર્ય, વીર્ય અને તેજ, આ સમ્પૂર્ણ છ ઐશ્વર્યો, ભગ શબ્દથી કહેવાય છે. અને તે છ ઐશ્વર્યરૂપ ભગ જેના સ્વરૂપમાં અખંડ રહે છે. અને તે પણ હેય-પ્રાકૃત ગુણો સિવાયજ હોય છે, તે ભગવત્ શબ્દથી કહેવાય છે. હે મૈત્રેય ! આ પ્રમાણે આ ભગવત્ એવો મહાશબ્દ અન્વર્થ જાણવો." માટે કયા કયા પદાર્થોમાં-જુદી જુદી વિભૂતિઓમાં મારે તમો નિરન્તર ચિન્તવન કરવા યોગ્ય છો-તમારૂં ચિન્તવન કરવું.

જે સર્વ જનોમાં-ક્ષેત્રજ્ઞોમાં અન્તર્યામિપણે વ્યાપીને રહે છે. અથવા સર્વ જનો પોતાના ઇચ્છિત ફળની પ્રાપ્તિ માટે જેની પ્રાર્થના કરે છે, તે જનાર્દન કહેવાય. એવા હે પ્રભો ! આપનો પોતાનો યોગ-સર્વજ્ઞત્વ, સત્યસંકલ્પત્વ, સર્વશક્તિસમ્પન્નત્વ, અને સર્વકર્તૃત્વ, એ આદિક સમગ્ર યોગૈશ્વર્ય અને આપની વિભૂતિ પણ,વિસ્તારથી ફરીથી કહી બતાવો ? શાથી ? તો કે-આપનાં વાક્યામૃત સાંભળતાં મને અમૃતનું પાન કરનારની પેઠે તૃપ્તિ-અલંબુદ્ધિ થતીજ નથી. ॥ ૧૬-૧૮ ॥

આ પ્રમાણે અર્જુને પૂછેલા શ્રીભગવાન કહે છે—હન્ત એ શબ્દ અનુગ્રહ સૂચવનારો છે. હે કુરૂશ્રેષ્ઠ ! લોકમાં તેજસ્વી જણાતી પ્રસિદ્ધ એવી જે મારી વિભૂતિઓ-મારા ઐશ્વર્યે યુક્ત પદાર્થો છે, તે વિભૂતિઓ પ્રધાનપણે જે જે છે તે હું તને કહી બતાવીશ. પ્રધાનપણે એમ કેમ ? તો કહે છે કે-અનેક વિભૂતિઓથી વિસ્તાર પામેલા મારી વિભૂતિઓના અન્ત-સંખ્યાનો નિર્ણયજ નથી નિશ્ચેજ. ॥ ૧૯ ॥

भाष्यम्-

विस्तरेणेति। हे जनार्दन!-जनेषु क्षेत्रज्ञेषु अर्दति गच्छत्यन्तर्यामितया व्याप्नोति। जना अर्दयन्ति-स्वेप्सितफलाय प्रार्थयन्ते यं स जनार्दनस्तत्सम्बुद्धिरिति वा। आत्मनः स्वस्य योगम्-सर्वज्ञत्वसत्यसङ्कल्पत्वसर्वशक्तित्वसर्वकर्तृत्वादिलक्षणयोगैश्वर्यं विभूतिं च। विस्तरेण भूयः पुन कथय! कुत इति चेत्तत्राह-हि यस्मात्, त्वद्वाक्यं शृण्वतो मे मम अमृतं पिबतो यथा तृप्तिरलंबुद्धिर्नास्ति॥ १६-१८॥

एवमर्जुनेन पृष्टः सन् श्रीभगवानुवाच—हन्तेति।

श्रीभगवानुवाच-

हन्त! ते कथयिष्यामि दिव्या ह्यात्मविभूतयः।
प्राधान्यतः कुरुश्रेष्ठ! नास्त्यन्तो विस्तरस्य मे॥१९॥

हन्तेत्यनुग्रहे। हे कुरुश्रेष्ठ! दिव्याः-द्योतमानाः, लोके प्रसिद्धा इति यावत्। या आत्मविभूतयो ममैश्वर्ययुक्ता भावा भवन्ति, ताः प्राधान्यतो मुख्यत्वेन ते तुभ्यं कथयिष्यामि। प्राधान्यतः कथमिति चेत्तत्राह-विस्तरस्य-विभूतिभिर्विस्तारं प्राप्तस्य मे मम विभूतीनाम्। अन्तः-सङ्ख्यानिर्णयो नास्ति। हि-निश्चितम्॥ १९॥

अध्यायशेषेण विभूतिविस्तारं निरूपयन् प्रथमं स्वस्य सर्वात्मत्वसर्वप्रभवत्वादिलक्षणमैश्वर्यमाह—अहमिति।

अहमात्मा गुडाकेश! सर्वभूताशयस्थितः।
अहमादिश्च मध्यं च भूतानामन्त एव च॥ २०॥

हे गुडाकेश!-निद्रानियन्तः! सर्वभूताशयस्थितः-सर्वेषां भूतानामाशये हृत्प्रदेशे स्थितः-अन्तर्यामितया स्थितः, आत्मा-शरीरी, तच्छरीरितया तेषां धारणनियमनकर्ता अहमित्यर्थः। तथा च श्रुतिः-"यः सर्वेषु भूतेषु तिष्ठन् सर्वेभ्यो भूतेभ्योऽन्तरः" इति। भूतानाम् आदिश्चोत्पत्तिस्तत्कर्ता अनिरुद्धो ब्रह्मा चाहमस्मि। मध्यं च स्थितिः, तत्कर्ता चाहमस्मि: अन्तश्च प्रलयस्तत्कर्ता चाहमस्मि॥ २०॥

आदित्यानामहं विष्णुर्ज्योतिषां रविरंशुमान्।
मरीचिर्मरुतामस्मि नक्षत्राणामहं शशी॥

શ્લોકાર્થ-

શ્રી ભગવાન કહે છે—ભલે ત્યારે હે કુરૂશ્રેષ્ઠ ! તને મારી દિવ્ય વિભૂતિઓમાંથી મુખ્યપણે રહેલી કેટલીક વિભૂતિઓ કહીશ. કારણ કે–મારી વિભૂતિઓના વિસ્તારનો અન્ત તો નથીજ. ॥ ૧૯ ॥

હે ગુડાકેશ ! સર્વ ભૂત–પ્રાણીમાત્રના હૃદયમાં રહેલો આત્મા–જીવાત્મા તે હું છું–મારી વિભૂતિ છે. અને સર્વ ભૂતોનો આદિ–કારણ, મધ્ય–સ્થિતિ–રક્ષણ કરનારો, અને અન્ત–સંહાર કરનારો પણ હુંજ છું. ॥ ૨૦ ॥

બાર આદિત્યોમાં વિષ્ણુનામે આદિત્ય હું છું. પ્રકાશવાળા પદાર્થોમાં અંશુમાન્–સૂર્યદેવ હું છું. ઓગણપચાશ વાયુઓમાં મરીચિનામે વાયુ હું છું. અને નક્ષત્રોમાં ચન્દ્રમા તે હું છું. ॥ ૨૧ ॥

વેદોમાં સામ વેદ હું છું. દેવોમાં ઇન્દ્ર દેવ હું છું. ઇન્દ્રિયોમાં મન હું છું. અને ભૂતોમાં ચેતના—બુદ્ધિતત્ત્વ હું છું. ॥ ૨૨ ॥

ભાવાર્થ-

હવે–આ બાકીના અધ્યાયથી પોતાની વિભૂતિઓનો વિસ્તાર નિરૂપણ કરતાં પ્રથમ પોતાનું સર્વાત્મપણું અને સર્વકારણપણું એ આદિક લક્ષણરૂપ ઐશ્વર્ય કહે છે-

નિદ્રાને જીતનાર હે ગુડાકેશ ! સર્વ ભૂત પ્રાણીમાત્રના હૃદય–પ્રદેશમાં અન્તર્યામિપણે રહેલો, આત્મા–શરીરી, તે પ્રાણીઓના શરીરિપણે તેમનું ધારણ નિયમન કરનારો તે હું છું, જુઓ ? શ્રુતિ પણ એમજ કહે છે–" જે સર્વ ભૂતોમાં રહેલો છે અને સર્વ ભૂતો થકી ન્યારો છે." એમ. અને સર્વ ભૂતોનો આદિ–ઉત્પત્તિ કર્તા અનિરૂદ્ધ અને બ્રહ્મા હું છું, મધ્ય-સ્થિતિકર્તા પણ હુંજ છું, અને અન્ત–પ્રલયકર્તા પણ હુંજ છું. ॥૨૦॥

બાર આદિત્યોમાં વિષ્ણુ નામે આદિત્ય હું છું. પ્રકાશ કરનારાઓના મધ્યે અંશુમાન્–રવિ હું છું. ઓગણપચાશ વાયુઓના મધ્યે મરીચિ નામે વાયુ હું છું. તારાગણોનો અધિપતિ અને ઔષધિઓનો પોષક ચન્દ્રમા હું છું. શરીર–શરીરિ ભાવના સમ્બન્ધવાળો આ સામાનાધિકરણ્યથી નિર્દેશ છે. એટલે કે આ સઘળી મારી વિભૂતિ છે.

ઋગ્વેદ વિગેરે ચાર વેદોના મધ્યે ગીતિના પ્રધાનપણાને લીધે સર્વશ્રેષ્ઠ સામનામે વેદ હું છું. દેવોના મધ્યે વાસવ–ઇન્દ્ર હું છું. સર્વ ઇન્દ્રિયોના મધ્યે મન હું છું. અને સર્વ ભૂતોની જે ચેતના–બુદ્ધિ તે હું છું.

આ વિભૂતિવર્ણનમાં આદિત્યાદિક ચેતનવાચક શબ્દોમાં ષષ્ઠી વિભક્તિ નિર્ધારણ અર્થમાં સમજવી. અને "ભૂતોની ચેતના હું છું." ઇત્યાદિક કોઇક કોઇક વાક્યોમાં ષષ્ઠી વિભક્તિ સમ્બન્ધરૂપ અર્થમાં જાણવી. ॥ ૨૧–૨૨ ॥

વળી–અગીયારની સંખ્યાથી રહેલા રૂદ્રોના મધ્યે શંકર નામે રૂદ્ર હું છું. યક્ષો અને રાક્ષસોના મધ્યે ધનાધિપતિ વિશ્રવણનો પુત્ર કુબેર હું છું. આઠની સંખ્યાથી રહેલા

भाष्यम्-

वेदानां सामवेदोऽस्मि देवानामस्मि वासवः ।
इन्द्रियाणां मनश्चास्मि भूतानामस्मि चेतना ॥२१-२२॥

आदित्यानामिति । आदित्यानां द्वादशानां मध्ये, विष्णुः—विष्णुनामा आदित्योऽहमस्मि । ज्योतिषाम्--प्रकाशकानां मध्ये, अंशुमान् रविरहमस्मि । मरुताम्-अनिलानां मध्ये, मरीचिस्तन्नामा वातोऽहमस्मि । नक्षत्राणाम्-तारागणानां योऽधिपः शशी औषधिपोषकश्चन्द्रमाः सोऽहमस्मि । शरीरशरीरिभावनिबन्धनोऽयं सामानाधिकरण्येन निर्देशः । विभूतिरिति भावः ।

किञ्च—वेदानामिति । वेदानां ऋगादिचतुर्णां मध्ये गीतिप्राधान्येन प्रकृष्टः सामाख्यवेदोऽहमस्मि । देवानां मध्ये वासवोऽहमस्मि । इन्द्रियाणाम्—सर्वेन्द्रियाणां मध्ये मनोऽहमस्मि । भूतानाम्-सर्वभूतानां या चेतना सा अहमस्मि । आदित्यादिपदेषु निर्धारणे षष्ठी, "भूतानामस्मि चेतने"त्यादिषु कचिद्वाक्येषु सम्बन्धे षष्ठी ॥ २१-२२ ॥

रुद्राणां शङ्करश्चास्मि वित्तेशो यक्षरक्षसाम् ।
वसूनां पावकश्चास्मि मेरुः शिखरिणामहम् ॥
पुरोधसां च मुख्यं मां विद्धि ! पार्थ ! बृहस्पतिम् ।
सेनानीनामहं स्कन्दः सरसामस्मि सागरः ॥ २३-२४ ॥

किञ्च—रुद्राणामिति । रुद्राणाम्-एकादशसङ्ख्याकानां मध्ये, शङ्करः-एतन्नामा रुद्रोऽहमस्मि । यक्षरक्षसाम्-यक्षाणां रक्षसां च मध्ये, वित्तेशो धनाधिपो वैश्रवणोऽहमस्मि । वसूनाम्-अष्टसंख्याकानां मध्ये, पावकस्तन्नामा वसुश्चाहमस्मि । शिखरिणाम्-शिखरशोभासम्पन्नानां महाचलानां मध्ये, मेरुः—मेरुनामा पर्वतोऽहमस्मि ॥

किञ्च-पुरोधसामिति । हे पार्थ ! पुरोधसाम्--सर्वेषां पुरोहितानां मध्ये, बृहस्पतिममरपुरोहितत्वान्मुख्यमाङ्गीरसम्, माम्-मम विभूतिं विद्धि। सेनानीनाम् सेनाधिपानां मध्ये, अमरसेनाधिपःस्कन्दोऽहमस्मि । सरसाम्-महाजलाशयानां मध्ये सागरः समुद्रोऽहमस्मि ॥२३-२४॥

શ્લોકાર્થ-

અગીયાર રૂદ્રોમાં શંકર હું છું. યક્ષોમાં અને રાક્ષસોમાં કુબેર હું છું. આઠ વસુ દેવોમાં પાવક નામે વસુ હું છું. શિખરોવાળા પર્વતોમાં મેરૂ નામે પર્વત હું છું. ॥

હે પાર્થ ! પુરોહિતોમાં મુખ્ય જે દેવગુરૂ બૃહસ્પતિ તે મને જાણ ! સેનાપતિઓમાં કાર્તિકસ્વામી હું છું. અને જળાશયોમાં સાગર હું છું. ॥ ૨૩-૨૪ ॥

મહર્ષિઓમાં ભૃગુઋષિ હું છું. સર્વ વાણીમાં એકાક્ષર-ઓંકાર હું છું. યજ્ઞોમાં જપયજ્ઞ હું છું. અને સ્થાવર એટલે સ્થિર પદાર્થોમાં હિમાચળ હું છું. ॥ ૨૫ ॥

સર્વ વૃક્ષોમાં અશ્વત્થ-પીપળો હું છું. દેવર્ષિઓમાં નારદમુનિ હું છું. સર્વ ગન્ધર્વોમાં ચિત્રરથ હું છું. અને સર્વ સિદ્ધ પુરૂષોમાં કપિલમુનિ હું છું. ॥ ૨૬ ॥

ભાવાર્થ-

વસુ દેવોના મધ્યે પાવક નામે વસુ હું છું. અને સુન્દર શિખરોની શોભાએ સમ્પન્ન મહાપર્વતોના મધ્યે મેરૂનામે પર્વત હું છું.

વળી—હે પાર્થ ! સર્વ પુરોહિતોના મધ્યે બૃહસ્પતિ, કે જે દેવોના પુરોહિત હોવાથી સર્વ પુરોહિતોમાં મુખ્ય અંગીરા મુનિના પુત્ર છે, તેને મને જાણ-એ મારી વિભૂતિ છે. એમ જાણ ! સર્વ સેનાપતિઓના મધ્યે દેવતાઓના સેનાધિપતિ કાર્તિકસ્વામી હું છું. સર્વ મહાજળાશયોના મધ્યે સાગર-સમુદ્ર હું છું. ॥ ૨૩-૨૪ ॥

વળી-મરીચ્યાદિક મહર્ષિઓના મધ્યે ભૃગુ ઋષિ હું છું. સર્વ વાણીના મધ્યે એક ઓંકાર નામનો અક્ષર હું છું. એટલે કે-મારૂં વાચક સનાતન નામ ઓંકાર છે. સર્વ યજ્ઞો મધ્યે મારા મંત્રોનો જપયજ્ઞ કરવો તે હું છું. સર્વ સ્થાવર વસ્તુઓના મધ્યે હિમાલય પર્વત હું છું.

પ્રથમ શિખરશોભાવાળા પર્વતોમાં મેરૂ હું છું. અને અહીં તો સ્થાવર-પર્વતોમાં હિમાલય હું છું. એમ કહ્યું છે. માટે સ્થાવરપણે અને શિખરશોભાવાળાપણે કરીને અર્થમાં ભેદ હોવાથી પુનરૂક્તિરૂપ દોષ નથી.

સર્વ વૃક્ષોના મધ્યે અશ્વત્થ-પીપળાનો વૃક્ષ હું છું. જે જે દેવો મન્ત્રદર્શિપણાને લીધે ઋષિપણાને પામેલા છે, તે સર્વ દેવર્ષિઓ કહેવાયછે, તે દેવર્ષિઓના મધ્યે મારા પરમ એકાન્તિક ભકત નારદમુનિ તે હું છું. ગન્ધર્વોના મધ્યે ચિત્રરથ નામે ગન્ધર્વ હું છું. અને યોગસિદ્ધિ પામેલા સિદ્ધ મહાત્માઓના મધ્યે કપિલ મુનિ હું છું-તે મારોજ અવતાર છે. ॥ ૨૫-૨૬ ॥

સર્વ અશ્વ જાતિના પશુઓ મધ્યે ક્ષીર સાગરના મથન સમયમાં અમૃતની સાથે ઉત્પન્ન થયેલા ઉચ્ચૈઃશ્રવા નામે અશ્વને મારી વિભૂતિ જાણ ! ગજેન્દ્રોના મધ્યે અમૃતની સાથે ઉત્પન્ન થયેલા ઐરાવત હાથીને, મારી વિભૂતિ જાણ ! અને સર્વ મનુષ્યે ના મધ્યે નરાધિપ-પ્રજારક્ષક રાજાને મનેજ જાણ !-મારીજ વિભૂતિ છે.

સર્વ આયુધો-શસ્ત્રસમુદાયના મધ્યે ઇન્દ્રનું આયુધ વજ્ર હું છું. સર્વ ગાયોના મધ્યે સમુદ્રમથન સમયે ઉદ્ભવ પામેલી દિવ્ય કામધેનુ ગાય હું છું. પ્રજાઓને ઉત્પન્ન

भाष्यम्-

महर्षीणां भृगुरहं गिरामस्म्येकमक्षरम् ।
यज्ञानां जपयज्ञोऽस्मि स्थावराणां हिमालयः ॥
अश्वत्थः सर्ववृक्षाणां देवर्षीणां च नारदः ।
गन्धर्वाणां चित्ररथः सिद्धानां कपिलो मुनिः ॥ २५-२६ ॥

किञ्च—महर्षीणामिति । महर्षीणां मरीच्यादीनां मध्ये भृगुरहमस्मि । गिराम्—वाचां मध्ये एकम् ओंकाराभिधम्, अक्षरमहमस्मि, मम वाचकं सनातनं नामास्ति । यज्ञानाम्—सर्वेषां यज्ञानां मध्ये, जपयज्ञः—मदीयमन्त्राणां जपयज्ञोऽहमस्मि । स्थावराणाम्—स्थाणुमात्राणां मध्ये हिमालयोऽहमस्मि । पूर्वं शिखरिणां मेरुरहम्, अत्र तु स्थावराणां हिमालयोऽहमित्युक्तमतः स्थावरत्वेन शिखरवत्त्वेन चार्थभेदाददोषः ॥

किञ्च—अश्वत्थ इति । सर्ववृक्षाणां मध्ये अश्वत्थोऽहमस्मि । देवर्षीणाम्—ये ये देवाः-मन्त्रदर्शित्वेन ऋषित्वं प्राप्तास्ते देवर्षयः, तेषां मध्ये नारदो मदेकान्तिकभक्तोऽहमस्मि । गन्धर्वाणां मध्ये चित्ररथः, तन्नामा गन्धर्वोऽहमस्मि । सिद्धानाम्—योगसिद्धिं प्राप्तानां मध्ये कपिलो मुनिरहमस्मि—स हि ममावतारः ॥ २५-२६ ॥

उच्चैःश्रवसमश्वानां विद्धि माममृतोद्भवम् ।
ऐरावतं गजेन्द्राणां नराणां च नराधिपम् ॥
आयुधानामहं वज्रं धेनूनामस्मि कामधुक् ।
प्रजनश्चास्मि कन्दर्पः सर्पाणामस्मि वासुकिः ॥२७-२८॥

किञ्च—उच्चैःश्रवसमिति । अश्वानाम्—सर्वेषां वाजिनां मध्ये, अमृतोद्भवम्—क्षीरार्णवमथनसमयेऽमृतेन सहोद्भव उत्पत्तिर्यस्य तमुच्चैःश्रवसम्, तन्नामकमश्वम्, माम्—मम विभूतिं विद्धि ! । गजेन्द्राणां मध्ये, अमृतोद्भवमैरावतम्, माम्—मम विभूतिं विद्धि ! । नराणां मध्ये नराधिपम्—प्रजारक्षकं राजानं मां विद्धि ! ॥

किञ्च—आयुधानाम्—शस्त्राणां मध्ये वज्रमिन्द्रायुधमहमस्मि ॥ धेनूनाम्—गवां मध्ये, कामधुक्—समुद्रमथनोद्भवा दिव्या गौरहमस्मि ।

શ્લોકાર્થ-

ઘોડાઓમાં અમૃતની સાથે સમુદ્રમાંથી નીકળેલો ઉચ્ચૈઃશ્રવા નામે ઘોડો મને જાણ ! ગજેન્દ્રોમાં ઐરાવત મને જાણ ! અને મનુષ્યોમાં રાજા મને જાણ ! ॥ ૨૭ ॥

આયુધોમાં વજ્ર આયુધ હું છું. ધેનુઓમાં કામદુઘા ધેનુ હું છું. પ્રજા પેદા કરનાર કંદર્પ–કામ તે પણ હું છું. અને સર્પોમાં વાસુકિ સર્પ હું છું. ॥ ૨૮ ॥

નાગોમાં અનન્ત નામે નાગ હું છું. જળવાસીઓમાં વરૂણ દેવ હું છું. પિતૃઓમાં અર્યમા હું છું. અને નિયમન કરનારાઓમાં યમરાજા હું છું. ॥ ૨૯ ॥

દૈત્યોમાં ભક્તરાજ પ્રહ્લાદ હું છું. પરિણામ પમાડનારાઓમાં અથવા ગણના કરનારાઓમાં સમર્થ કાળ હું છું. પશુઓમાં મૃગરાજ–સિંહ હુંજ છું. અને પક્ષીઓમાં પક્ષિરાજ ગરૂડ હુંજ છું. ॥ ૩૦ ॥

વહેતા વેગવાળા પદાર્થોમાં પવન હુંજ છું.શસ્ત્રધારીઓમાં દશરથપુત્ર શ્રીરામ હું છું. માછલાંઓમાં મઘર હું છું. અને વહેતા પ્રવાહ–નદીઓમાં જહ્નુકન્યા ગંગા હું છું. ॥૩૧॥

ભાવાર્થ--

કરનારો–પ્રજાની ઉત્પત્તિમાં કારણભૂત કન્દર્પ–કામ હું છું. પણ કેવળ રતિપ્રધાન કન્દર્પ–કામ, મારી વિભૂતિ નથી. અને એક મસ્તકવાળા સર્પોના મધ્યે વાસુકિ સર્પ હું છું.॥૨૭ ૨૮॥

અનેક મસ્તકવાળા સર્પોના મધ્યે શેષ નામે સર્પરાજ હું છું. જળચર પ્રાણીઓનો સ્વામી વરૂણ–દેવ હું છું. પિતૃદેવોનો અધિપતિ- સ્વામી અર્યમા દેવ હું છું. બીજાઓનું નિયમન કરનારાઓના મધ્યે યમ–રાજા હું છું.

દિતિ-વંશમાં જન્મેલા દૈત્યોના મધ્યે પોતાના ગુણ–સ્વભાવથી સર્વને આનન્દ આપનારા મારા પરમ ભકત પ્રહ્લાદજી હું છું. પ્રાણીમાત્રની ગણના કરનારા અગર વશ કરનારાઓના મધ્યે સમર્થ કાળ હું છું. મૃગ વિગેરે પશુઓના મધ્યે મૃગેન્દ્ર સિંહ હું છું. અને સર્વ પક્ષીઓના મધ્યે વિનતાપુત્ર ગરૂડ હું છું. ॥ ૨૯–૩૦ ॥

વળી–પાવન કરનારા પદાર્થોમાં પવન–વાયુ હું છું. શસ્ત્રધારીઓના મધ્યે દશરથપુત્ર રામ હું છું–આ મારો મોટો અવતાર છે. પણ બીજી વિભૂતિઓની માફક આ કેવળ વિભૂતિ નથી. મત્સ્ય જાતિના પ્રાણીઓમાં મઘર હું છું. વહેતા પ્રવાહવાળી નદીઓના મધ્યે ભાગીરથી–ગંગા નદી હું છું.

હે અર્જુન ! સૃષ્ટિના આરંભમાં દરેક સર્ગનો આદિ–કારણ હું છું. જ્યાં જ્યાં સદાય ઉત્પન્ન થતા સર્વે જન્તુઓ–પ્રાણીઓ, તેમના તેમાં તેમાં જે ઉત્પાદન કરનારા છે તે, અને તે ઉત્પન્ન થએલાઓનો અન્ત, એટલે કે સદાય જે તેમનો સંહાર કરનારા છે. અને મધ્ય-પાલન, એટલે કે-પાલન કરવામાં આવતા પ્રાણીઓના જેપાળક-પાલન કરનારા છે.તે સઘળાય હુંજ છું.અર્થાત્– તે સર્વનો પ્રવર્તક અને પ્રેરક હુંજછું.અભ્યુદયના સાધનભૂત વિદ્યા-

भाष्यम्–

प्रजनः–प्रजाः जनयति उत्पादयतीति प्रजनः, प्रजोद्भवहेतुः, कन्दर्पः–मनोजोऽहमस्मि। न केवलं रतिपरः कन्दर्पो मद्विभूतिः। सर्पाणाम्–एकशिरसामाशीविषाणां मध्ये वासुकिश्चाहमस्मि ॥२७-२८॥

अनन्तश्चास्मि नागानां वरुणो यादसामहम्।
पितॄणामर्यमा चास्मि यमः संयमतामहम् ॥
प्रह्लादश्चास्मि दैत्यानां कालः कलयतामहम्।
मृगाणां च मृगेन्द्रोऽहं वैनतेयश्च पक्षिणाम् ॥ २९-३० ॥

किञ्च–अनन्त इति। नागानामनेकमस्तकानां सर्पाणां मध्ये शेषश्चाहमस्मि। यादसाम्–जलचराणां स्वामी वरुणोऽहमस्मि। पितॄणाम्–पित्राख्यदेवानामधिपोऽर्यमा चाहमस्मि। संयमताम्–संयमनं कुर्वतां मध्ये यमोऽहमस्मि ॥

प्रह्लाद इति। दैत्यानाम्—दितिवंशोद्भवानां मध्ये, प्रह्लादः–प्रकर्षेण ह्लादयति आनन्दयतीति प्रह्लादो मद्भक्तश्चाहमस्मि। कलयताम्—सङ्ख्यां कुर्वतां वशीकुर्वतां वा मध्ये कालोऽहम्। मृगाणां मध्ये मृगेन्द्रः सिंहश्चाहमस्मि। पक्षिणां मध्ये वैनतेयो विनतापुत्रो गरुडश्चाहमस्मि ॥ २९-३० ॥

पवनः पवतामस्मि रामः शस्त्रभृतामहम्।
झषाणां मकरश्चास्मि स्रोतसामस्मि जाह्नवी ॥
सर्गाणामादिरन्तश्च मध्यं चैवाहमर्जुन !।
अध्यात्मविद्या विद्यानां वादः प्रवदतामहम् ॥३१--३२॥

किञ्च--पवन इति। पवताम्—पवित्रीकुर्वतां पवनो वातोऽहमस्मि। शस्त्रभृताम्–शस्त्रधारिणां मध्ये रामो दाशरथिश्चाहमस्मि। मम महावतारो नायं विभूतिः। झषाणाम्–मत्स्यानां मध्ये मकरोऽहमस्मि। स्रोतसाम्–प्रवाहवतीनां नदीनां मध्ये इति यावत्। जाह्नवी–भागीरथी अहमस्मि ॥

किञ्च—सर्गाणामिति। हे अर्जुन! सर्गाणाम्–सृज्यन्ते इति सर्गास्तेषामादिः कारणमहम्। यत्र यत्र सदोत्पद्यमानाः सर्वे जन्त-

શ્લોકાર્થ-

હે અર્જુન ! દરેક સર્ગોનો આદિ અન્ત અને મધ્ય પણ હુંજ છું. વિદ્યાઓમાં આધ્યાત્મવિદ્યા હું છું. અને વાદ કરનારાઓના વાદનો વિષય હું છું. ॥ ૩૨ ॥

અક્ષરોમાં અ અક્ષર હું છું. સમાસોમાં ઉભયપદપ્રધાન દ્વન્દ્વ સમાસ હું છું. સર્વ કાળના વિભાગોમાં અક્ષય કાળ હું છું. અને ચોતરફ મુખવાળો ધાતા-બ્રહ્મા તે પણ હુંજ છું. ॥ ૩૩ ॥

સર્વને હરનારો મૃત્યુ-કાળ હું છું. અને ઉત્પન્ન થનારાઓનો ઉદ્ભવ-ઉત્પત્તિનું સ્થાન હું છું. અને સ્ત્રીઓમાં કીર્તિ, શ્રી, વાણી, સ્મૃતિ, મેધા, ધૃતિ અને ક્ષમા, એ સર્વ હુંજ છું. ॥ ૩૪ ॥

તેમજ-સામવેદના મંત્રોમાં બૃહત્સામ તે હું છું. અને સર્વ છંદોમાં ગાયત્રી છન્દ હું છું. બાર મહિનાઓમાં માર્ગશીર્ષ માસ તે હું છું.અને છ ઋતુઓમાં વસન્ત ઋતુ હું છું.॥૩૫॥

ભાવાર્થ-

ઓના મધ્યે અધ્યાત્મવિદ્યા-બ્રહ્મવિદ્યા હું છું. અને સામ સામા પ્રવાદ કરનારાઓનો વાદ જે છે, તે હું છું.કારણ કે-વાદ એ જલ્પ અને વિતણ્ડા વિગેરે કરતાં અતિશ્રેષ્ઠછે માટે.॥૩૧-૩૨॥

સર્વ વર્ણો-અક્ષરોના મધ્યે શ્રેષ્ઠ અને મુખ્ય હોવાથી અકાર હું છું. જુઓ ! શ્રુતિ પણ એમજ કહે છે-"અકાર એજ સર્વ વાણી છે." છ પ્રકારના સમાસના સમૂહ મધ્યે દ્વન્દ્વ નામનો સમાસ હું છું. એનું કારણ કહે છે-દ્વન્દ્વ સમાસમાં બન્ને પદનું સરખું પ્રધાનપણું હોવાથી એ શ્રેષ્ઠ છે. માટે અને પૂર્વ પદાર્થના પ્રધાનપણાને લીધે, ઉત્તર પદાર્થના પ્રધાનપણાને લીધે, અને અન્ય પદાર્થના પ્રધાનપણાને લીધે, અવ્યયીભાવ, તત્પુરૂષ અને બહુવ્રીહિ, એ ત્રણેય સમાસમાં બન્ને પદાર્થના સમાનપણાના અભાવને લીધે અપકૃષ્ટપણું છે, માટે. ક્ષય ભાવે રહિત કાળાભિમાની દેવ તે હુંજ છું. "ગણના કરનારાઓના મધ્યે કાળ હું છું." એ ઠેકાણે તો સંવત્સર આદિક આયુષ્યની ગણના રૂપ કાળ કહેલો છે. અને અહિંઆં તેનો અભિમાની દેવ કહેલો છે. એમ ભેદ સમજવો. અને સર્વદ્રષ્ટા-સર્વસાક્ષી, શુભ-અશુભ કર્મના ફળનો વિધાતા-પમાડનાર હું છું. સર્વનો સંહારકર્તા મૃત્યુદેવ હું છું. ઉદ્ભવ-અભ્યુદય-વૃદ્ધિ પામનારાઓનો અભ્યુદય હું છુ. સર્વ સ્ત્રીઓના મધ્યે કીર્તિ આદિક સાત દેવીઓ અને ચકાર છે માટે મૂર્તિ આદિક દેવીઓ પણ હુંજ છું. કે-જેઓના સમ્બન્ધથી-આશ્રયથી મનુષ્યો અતિ વખાણને પાત્ર બની જાય છે. તે કીર્તિ વિગેરે મારી વિભૂતિરૂપ છે. એ અભિપ્રાય છે. ॥૩૩-૩૪॥

સામ વેદના મન્ત્રોમાં બૃહત્સામ નામે વિભાગ હું છું. ગાયત્રી વિગેરે છન્દોએ યુક્ત ઋચાઓના મધ્યે ગાયત્રી નામે ઋચા હું છું. બાર મહિનાઓના મધ્યે નવાં નવાં

भाष्यम्—

वस्तेषां तत्र तत्र ये उत्पादयितारः, तेषामुत्पन्नानामन्तश्च ये संहार-कर्तारः, मध्यं पालनं च सदा पाल्यमानानां ये पालकाः, ते सर्वे अह-मेव। तेषां प्रवर्तकोऽहमेवेति भावः। विद्यानाम्—अभ्युदयसाधनभूतानां मध्ये, अध्यात्मविद्या ब्रह्मविद्या अहम्। प्रवदताम्—प्रवादान् कुर्वतां वादो यः सोऽहमस्मि। जल्पवितण्डातः प्रकर्षात् ॥३१-३२॥

अक्षराणामकारोऽस्मि द्वन्द्वः सामासिकस्य च।
अहमेवाक्षयः कालो धाताहं विश्वतोमुखः॥
मृत्युः सर्वहरश्चाहमुद्भवश्च भविष्यताम्।
कीर्तिः श्रीर्वाक्च नारीणां स्मृतिर्मेधा धृतिः क्षमा ॥३३-३४॥

अक्षराणामिति। अक्षराणाम्—सर्वेषां वर्णानां मध्ये श्रेष्ठत्वात्, अकारोऽहमस्मि। तथा च श्रुतिः—"अकारो वै सर्वा वाक्" इति। सामासिकस्य—समाससमूहस्य मध्ये, द्वन्द्वः—द्वन्द्वाख्यसमासश्चा-हमस्मि। द्वन्द्वसमासस्योभयपदप्रधानत्वेन श्रेष्ठत्वात्, पूर्वपदार्थप्र-धानत्वेनोत्तरपदार्थप्रधानत्वेन चान्यपदार्थप्रधानत्वेन चाव्ययीभाव-तत्पुरुषबहुव्रीहीणामुभयपदार्थसाम्याभावेनापकृष्टत्वात्। अक्षयः—क्षयरहितः, कालः—कालाभिमानी देवः, अहमेवास्मि। "कालः कलयता-मि"त्यत्र तु संवत्सराद्यायुर्गणनात्मकः काल उक्तः। विश्वतोमुखः—सर्वद्रष्टा, धाता—शुभाशुभकर्मफलविधाता, अहमस्मि॥

मृत्युरिति। सर्वहरः—सर्वेषां संहारकर्ता मृत्युश्चाहमस्मि। भविष्य-ताम्—उद्भाविनामुद्भव अभ्युदयश्चाहमस्मि। नारीणाम्—योषितां मध्ये, कीर्त्याद्याः सप्त देव्यश्चकारान्मूर्त्यादयोऽप्यहमस्मि। यासां सम्बन्धेन जनाः श्लाघ्यतरा भवन्ति, ताः कीर्तिमुख्या मद्विभूतिभूता इत्यर्थः॥३३-३४॥

बृहत्साम तथा साम्नां गायत्री छन्दसामहम्।
मासानां मार्गशीर्षोऽहमृतूनां कुसुमाकरः॥
द्यूतं छलयतामस्मि तेजस्तेजस्विनामहम्।
जयोऽस्मि व्यवसायोऽस्मि सत्त्वं सत्त्ववतामहम् ॥३५-३६॥

શ્લોકાર્થ-

છેતરનારાઓનું દ્યૂત-છળસામર્થ્ય હું છું.તેજસ્વીઓનું તેજ-પ્રભાવ હું છું.વિજય અને વ્યવસાય તે પણ હું છું. અને સાત્ત્વિક-સમર્થ પુરૂષોનું સામર્થ્ય હું છું. ॥૩૬॥

સર્વ યાદવોમાં વાસુદેવ તે હું છું. અને પાંડવોમાં ધનંજય-અર્જુન તે હું છું. મુનિઓના મધ્યે પણ વ્યાસમુનિ તે હું છું. અને કવિઓમાં-જ્ઞાનિજનોમાં ઉશના-શુક્રાચાર્ય કવિ હું છું. ॥ ૩૭ ॥

નિયમન કરનારાઓનો દંડ હું છું.અને જયની અભિલાષા સેવ...રાઓની નીતિ-ગુહ્ય વિચારણા હું છું.રહસ્યોમાં મૌન અને જ્ઞાનવાળાઓનું પરમ જ્ઞાન તેપણ હુંજ છું. ॥૩૮॥

અને વળી-હે અર્જુન ! સર્વ ભૂત-પ્રાણીમાત્રનું જે સનાતન બીજ-કારણ તે પણ હુંજ છું. કારણ કે એવું એક પણ ચરાચર-ભૂત પ્રાણી નથી, કે જે મારા સિવાય થયું હોય, કે રહેતું હોય. ॥ ૩૯ ॥

ભાવાર્થ-

સારાં શાકાદિક ઔષધિઓએ સમ્પન્ન હોવાથી, તેમજ ટાઢ અને તડકો પણ બહુ નહિ, તેથી સર્વને સુખનો કારણભૂત એવો માર્ગશીર્ષ નામે માસ હું છું. અને છ ઋતુઓના મધ્યે કુસુમાકર-સઘળાં સુગન્ધવાળાં પુષ્પોના સમૂહોથી ભરપૂર અતિ રમણીય મુખ્ય વસન્ત ઋતુ હું છું.

પરસ્પર છેતરવાનું કામ કરનારાઓનું દ્યૂત નામે કર્મ હું છું-મારી વિભૂતિ છે. તેજસ્વીઓનું તેજ-કોઇથી નહિ દબાવારૂપ પ્રભાવ હું છું. વિજય કરનારાઓનો પરાજય પામેલાની અપેક્ષાએ ઉત્કર્ષરૂપ જય હું છું. ઉદ્યમ કરનારાઓનો વ્યવસાય--નિશ્ચિતપણે ફળ આપનારોજ સફળ ઉદ્યમ હું છું. અથવા તો કોઈ વસ્તુનો નિશ્ચય કરનારાઓનો વ્યવસાય નિશ્ચય હું છું. અને સાત્ત્વિક જનોનું સત્ત્વ-ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ઐશ્વર્ય વિગેરેરૂપ સત્ત્વ ગુણનું કાર્ય તે હું છું. ॥ ૩૫-૩૬ ॥

વૃષ્ણિઓ-યાદવોના મધ્યે વસુદેવના પુત્ર રૂપે પ્રગટ થયેલો હું પુરૂષોત્તમ છું. "જે અસમ્મૂઢ સમ્યક્ જ્ઞાની મને પુરૂષોત્તમને જાણે છે" એમ પોતેજ કહ્યું છે માટે. પાણ્ડવો-પાણ્ડુપુત્રોના મધ્યે ધનંજય- નરના અવતારરૂપે પ્રસિદ્ધ વર્તતો અર્જુન જે તું તે હું છું.મુનીઓ-આત્મા-પરમાત્મારૂપ તત્ત્વનું મનન કરવાના સ્વભાવવાળા ઋષિઓના મધ્યે વ્યાસ-પુરાણકર્તા અને વેદના વિભાગ કરનારા પરાશરના પુત્ર વ્યાસમુનિ હું છું. અને બુદ્ધિમાન કવિજનોના મધ્યે કવિ-બુદ્ધિશાળી ઉશના-શુક્રાચાર્ય હું છું.

ધર્મનો વ્યતિક્રમ કરનારને દંડ કરનારાઓનો દંડ-નિગ્રહ હું છું. જય ઇચ્છનારાઓની નીતિ-જયનું સાધન હું છું. ગુહ્ય-ગોપનીય વસ્તુને છાની રાખવાનું સાધન જે મૌન તે હું છું. તત્ત્વજ્ઞાન સમ્પન્ન-જીવ, ઇશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મ, એમના સ્વરૂપને યથાર્થ જાણનારા જ્ઞાની જનોનું જ્ઞાન-યથાર્થ સમજવું તે હું છું. ॥૩૭-૩૮॥

હે અર્જુન! શું બહુ કહેવાથી ? બ્રહ્માથી આરંભીને સ્થાવર સુધીનાં ભૂત-પ્રાણી

टीका-

निर्दिश्यन्ते सर्वासां तासामादिरन्तो मध्यं चायमेवेश्वरः परब्रह्मभूतो वासुदेवः। श्रुतिरप्येवमेव लक्षयत्येनम्-" यतो वा इमानि भूतानि जायन्ते येन जातानि जीवन्ति यत्प्रयन्त्यभिसंविशन्ति " इति। सूत्रकारोऽपि-" जन्माद्यस्य यतः " इति। अन्तरात्मतया चैतत्सर्वं प्रशास्ति। तत्--विभूतिविभूतिमद्भावे लोकदृष्टाद्विशेषः प्रथमं निरूपणीयः। येन वस्तुपरिच्छेदराहित्यं सूपपादं स्यात्। विभूतिनिरूपणावसरे-"आदित्यानामहं विष्णु"रित्यादिः सामानाधिकरण्यनिर्देशोऽपि सूपपादः स्यात्। अतो भगवान् विभूतिनिरूपणात् प्राक् तमिमं विशेषं व्यञ्जयन्, असाधारणमैश्वर्यं प्रथमं निरूपयतीति ॥ २० ॥

शरीरशरीरिभावेति। अयमहं विष्णुरस्मि, अहं रविरस्मि, अहं चन्द्रमा अस्मि, इत्यादिः समानाधिकरण्येन निर्देशः शरीरशरीरिभावनिबन्धन इति यावत्। अत एव प्रथमम्-" अहमात्मा गुडाकेश ! सर्वभूताशयस्थितः "। इति शरीरात्मभावं प्रस्तुत्यैवं निर्देशः क्रियमाणः स्वरसतः समन्वेति। नक्षत्राणामित्यत्र षष्ठी न निर्धारणे, किन्तु शेषे। इह च सम्बन्धोऽधिपत्वलक्षण इत्यभिप्रेत्य व्याचष्टे-योऽधिप इति। भूतानामित्यपि न निर्धारणे षष्ठी, सम्बन्धसामान्ये षष्ठी। सम्बन्धे षष्ठीति। वैजात्येन निर्धारणसम्भवादिति भावः। "स्थावराणां हिमालय" इत्यतो विशेषमभिप्रेत्य व्याचष्टे-शृङ्गवतामिति। शृङ्गशोभावतामिति यावत्। सनातनं नामेति। सनातनत्वं चानादित्वम्। गिरां मध्ये अपौरुषेयः, सा च त्रयी, त्रयीसारश्च प्रणवः, इत्यप्यस्य विशेषः। यज्ञानां जपयज्ञोऽस्मीति। इदं च जपस्य श्रेष्ठ्यमितरेभ्यो यज्ञेभ्यः। भूतानुपघातकत्वात्। अवर्जनीयो हि भूतोपघातोऽन्ततो बीजाद्युपघातलक्षणः। न केवलं रतिपर इति। धर्मप्रजाशेषभूत एव कामो धर्म्य इति यावत्। वक्ष्यमाणान्नागादर्थभेदमभिप्रेत्य व्याचष्टे-एकशिरसामिति। जलचराणां स्वामीति। नेयं षष्ठी निर्धारणे इति भावः। पूर्वोक्तात् सरसो विभेदमभिप्रेत्य व्याचष्टे-प्रवहतामिति। जल्पवितण्डात इति। तत्त्वबुभुत्सुकथा हि वादः, भवति च तेन तत्त्वनिर्णयः। सोऽयं प्रकर्षो वादे। शुभाशुभफलविधाताहमस्मि। नेह विभूतिरुच्यते। स्वयमेव हि सः। मृत्युरिति। यमः पूर्वमुक्तो दण्डधरत्वेन। इह तु मृत्युरित्युच्यते संहारकर्तृत्वेन ॥ २१-३४ ॥

बृहत्सामेति। श्रैष्ठ्यं चास्येन्द्रस्तुतिरूपत्वात्। इन्द्रो हि अनेन साम्ना सर्वेश्वरत्वेन स्तूयते। द्विजत्वापादकत्वलक्षणं श्रैष्ठ्यमस्याः। शाकादीति। धान्यपरिपाकसम्पत्तेरुपलक्षकम्। छलयतामिति। परान् वञ्चयतामिति यावत्। नात्र निर्धारणे षष्ठी, किन्तु शेषे। द्यूतमहमस्मीति। वञ्चनासाधनेषु द्यूतं हि श्रेष्ठम्, अनायासेन परधनापहरणे प्रथमं साधनं हीदम् ॥ ३५-३६ ॥

वासुदेवोऽस्मीति। नायं विभूतिः, स्वयमेव हि भगवान् वासुदेवः। नरावतारत्वेनेति। श्रैष्ठ्यज्ञापकमेतत्। वेदविभागेति। इयमस्य श्रैष्ठ्योक्तिः। बुद्धिमतामिति। सूक्ष्मदर्शिनामिति यावत्। बुद्धिशालीति। नयकोविद इति यावत्। दमयतामिति। दमयतां सम्बन्धी यो दण्ड इत्यर्थः। जयसाधनमिति। जयसाधनं नीतिरहमित्यर्थः। मौनमिति। अवचनमित्यर्थः। ज्ञानवतां ज्ञानमहमस्मीति। सर्वमेव यथार्थवेदनमिह सामान्यतो गृहीतुं शक्यते, विभूतिप्रकरणात्। यथार्थावबोधेन प्रवृत्तिः सफला हि भवति। अतः प्रकर्षो यथार्थवेदनस्य ॥ ३७-३८ ॥

टीका-

बीजं यदस्तीति। दृष्टमदृष्टं वा तस्य तस्य यद्बीजं सर्वं तदहमेव कथमेतत्? तत्राह- "न तदस्ति विना यत् स्यात्" इति सर्वावस्थावस्थितस्य चराचरस्यास्य भूतजातस्य यद्यद्बीजमदृष्टं दृष्टं वा सर्वमेव मयान्तरात्मनाधिष्ठितम्, तस्मात् बीजजातमहमेवेति भावः।

उपक्रमे उक्तम्-- "अहमात्मा गुडाकेश! सर्वभूताशयास्थितः" इति। उपसंहारे च- "न तदस्ति विना यत्स्यात्" इति तत्। मध्ये समुदाहृतः सर्वोऽयं सामानाधिकरण्यनिर्देशः शरीरात्मभावनिबन्धन इति स्पष्टम्। अथ विभूतीनामसङ्ख्याततया कृतोऽप्येष विस्तरः सङ्क्षेप एवेत्युक्त्वा, अनुक्ता विभूतीरेकयोक्त्या सङ्गृह्णाति--यद्यदिति। अथोपसंहरति- अथवेति ॥ ३९-४१ ॥

इति श्रीमद्भगवद्गीताभाष्यटीकायां गीतागूढार्थदीपिकायां दशमोऽध्यायः ॥ १० ॥

एकादशोऽध्यायः—

टीका—

अध्यायसङ्गतिं दर्शयति- पूर्वमिति। इदानीमित्यनेनावसरसङ्गतिः सूच्यते। महती ह्यस्य पार्थस्य पारमैश्वर्यव्यञ्जकदिव्यरूपदिदृक्षा, ऐश्वर्यश्रवणेन समुत्पन्नाद्य। अतश्च दिव्यं रूपं प्रदर्श्यते भगवता। अध्यायसारार्थमाह-एकादशे इति। मदनुग्रहायेत्यनेन व्यज्यमानगुणयोगमाह-भक्तवत्सलेति। वात्सल्यादेव हि समरसमारम्भे सकलविमोहविनिवारकतत्त्वज्ञानोपदेशः। परमगुह्यतमो ह्यर्थः शुश्रूषया परीक्षितगुणायावसरे बोधनीयः। अस्मिन् समरारम्भे केवलं शोकमोहसमाविष्टं मामपीममर्थं बोधयति भवानिति मय्यनुग्रह एव भवतः केवलं वात्सल्यतः समुद्भूत इति यावत्। अध्यात्मसंज्ञितमित्यस्य भावमाह—देहात्मविवेकविषयं वच इति। बुद्धिस्थ इति। वासनारूपेण चिरादनुवृत्तोऽयं मोह इति यावत्। अयं मोहः--येन धर्म्येऽपि युद्धेऽधर्मधीः, अस्थाने येन च विषादः, सोऽयं मोह इति चार्थः ॥ १ ॥

सकलविभूतिसाम्राज्यप्रकाशकमैश्वरं रूपं द्रष्टुं स्वस्यौत्सुक्यं महदस्तीति ज्ञापयंस्तत्र कारणं प्रस्तौति—भवाप्ययाविति। अङ्गीकुर्वन्निति। तत्र महाविश्वासं प्रकाशयन्निति भावः। विस्तरेण मया श्रुताविति। "अहं कृत्स्नस्य जगतः प्रभवः प्रलयस्तथे" त्यादिवचनेष्विति भावः। त्वत्त इति हेतौ पञ्चमी भवाप्ययावित्यनेनान्वेति। त्वद्धेतुकौ भवाप्ययाविति यावत्। त्वत्त इत्यस्यावृत्त्या श्रुतावित्यनेनान्वयः। पञ्चमी अपादाने, त्वन्मुखाच्छ्रुताविति यावत्। हीति प्रसिद्धौ, प्रसिद्धिश्च श्रुतिस्मृतिशतेषु। तदेतदागमात्त्वत्तः श्रुतमिति च विशेषः ॥ २ ॥

उक्तार्थे महाविश्वासमात्मनः प्रदर्शयन् प्रार्थयते- एवमेतदिति। त्वमात्मानं यथा येन प्रकारेणात्थ, एवमेतत् इत्यन्वयमभिप्रेत्य व्याचष्टे-- सर्वस्य शासकमित्यादिना। यथेत्यनेन विवक्षितोऽयमर्थः ॥ ३ ॥

भाष्यम्-

बृहत्सामेति । साम्नां बृहत् सामाहमस्मि । तथा छन्दसाम्-गायत्रीप्रमुखछन्दःसंयुक्तानामृचां मध्ये गायत्र्याख्या ऋगहमस्मि । मासानाम्-द्वादशमासानां मध्ये, अभिनवशाकादिसम्पन्नत्वेन शीतातपशून्यत्वेन च सर्वेषां सुखहेतुर्मार्गशीर्षाख्यमासोऽहमस्मि । ऋतूनां षण्णां मध्ये,कुसुमाकरः-सकलसुगन्धिकुसुमानामाकरोऽति रमणीयो मुख्यो वसन्तोऽहमस्मि ॥

द्यूतमिति । छलयताम्-परस्परं छलं कुर्वताम्, द्यूतम्-द्यूतसंज्ञं कर्माहमस्मि, मम विभूतिः । तेजस्विनाम्, तेजः—अप्रतिधृष्यत्वलक्षणमहमस्मि । जयकर्तृणां पराजितापेक्षयोत्कर्षलक्षणो जयोऽहमस्मि । उद्यमकर्तृणां व्यवसायः—फलाव्यभिचार्युद्यमोऽहमस्मि । यद्वा-वस्तुनिश्चयकर्तृणां व्यवसायो निश्चयोऽहमस्मि । सत्त्ववताम्-सात्त्विकजनानाम्, सत्त्वम्—धर्मज्ञानवैराग्यैश्वर्यादिलक्षणं सत्त्वगुणकार्यमहमस्मि ॥ ३५-३६ ॥

वृष्णीनां वासुदेवोऽस्मि पाण्डवानां धनञ्जयः ।
मुनीनामप्यहं व्यासः कवीनामुशनाः कविः ॥
दण्डो दमयतामस्मि नीतिरस्मि जिगीषताम् ।
मौनं चैवास्मि गुह्यानां ज्ञानं ज्ञानवतामहम् ॥३७-३८॥

वृष्णीनामिति । वृष्णीनाम्-यादवानां मध्ये, वासुदेवः-वसुदेवपुत्रत्वेन प्रकटीभूतोऽहं पुरुषोत्तमोऽस्मि "यो मामेवमसम्मूढो जानाति पुरुषोत्तमम्" इत्युक्तेः । पाण्डवानाम्-पाण्डुपुत्राणां मध्ये, धनञ्जयः-नरावतारत्वेन विख्यातोऽर्जुनस्त्वम्, अहमस्मि । मुनीनाम्-आत्मपरमात्मतत्त्वमननशीलानां ऋषीणां मध्ये, व्यासः-पुराणकर्ता वेदविभागकर्ता च पाराशर्योऽहमस्मि । कवीनाम्-बुद्धिमतां जनानां मध्ये, कविः—बुद्धिशाली, उशनाः—शुक्राचार्योऽहमस्मि ॥

किञ्च—दण्ड इति । दमयताम्-धर्मव्यतिक्रमे दण्डकर्तृणाम्, दण्डो निग्रहोऽहमस्मि । जिगीषताम्—जयमिच्छताम्, नीतिः-जयसाधनमहमस्मि । गुह्यानाम्-गोपनीयानां गोपनसाधनं मौनमहमस्मि ।

શ્લોકાર્થ—

હે પરન્તપ ! મારી દિવ્ય-અલૌકિક આશ્ચર્યમય વિભૂતિઓનો પારજ નથી. અને આ તો મેં તને અમુક અમુકજ વિભૂતિનો વિસ્તાર દિગ્દર્શન જેવો કહ્યો છે. ॥૪૦॥

આ જગત્માં જે જે વિભૂતિવાળું પ્રાણી-શોભાયમાન કે પ્રભાવશાળી હોય તે તે બધુંય મારા તેજ-સામર્થ્યના એક અંશમાંથીજ થયેલું છે, એમ તું જાણ ! ॥ ૪૧ ॥

અથવા તો હે અર્જુન ! તારે આ બહુ જાણવાથી શો વિશેષ છે ? આ સઘળા જગત્ને હું મારા ઐશ્વર્યના એક અંશથી-ઐશ્વર્યલેશથી ધારી રહ્યો છું. ॥ ૪૨ ॥

ઇતિ શ્રીમદ્ભગવદ્ગીતાસૂપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે શ્રીકૃષ્ણાર્જુન-સંવાદે વિભૂતિયોગો નામ દશમોऽધ્યાયઃ ॥ ૧૦ ॥

ભાવાર્થ-

માત્રનું બીજ જે કારણ છે, તે પણ હુંજ છું. અને વળી-સ્થાવર કે જંગમ હરકોઇ વસ્તુ-માત્ર મારા વિનાનું જે હોય એવું છેજ નહિ. જુઓ ! શ્રુતિઓ એજ પ્રમાણે કહે છે-"જે સર્વ ભૂતોમાં રહે છે, છતાં સર્વ ભૂતો થકી ન્યારો છે, જેને સર્વ ભૂતો નથી જાણતાં, જેનું સર્વ ભૂતો શરીર છે, જે સર્વ ભૂતોની અંદર રહીને તેનું નિયમન કરે છે,એ તારા અન્તર્યામી અમૃતસ્વરૂપ પરમાત્મા છે." ઇતિ ॥ ૩૯ ॥

વિભૂતિઓનું નિરૂપણ સમાપ્ત કરતાં કહે છે—

હે પરન્તપ ! મારી દિવ્ય વિભૂતિઓનો અન્ત-માપજ નથી. અને આ વિભૂતિઓનો વિસ્તાર તો મેં તને સંક્ષેપથી-અમુક અમુકજ કહી બતાવ્યો છે. ॥ ૪૦ ॥

માટે હે અર્જુન ! રક્ષણ અને નિયમનાદિક કરવાના સામર્થ્યવાળું, તેમજ-શોભાયુકત-સુંદરતાવાળું, અથવા ધન-ધાન્યાદિકની સમૃદ્ધિયુકત, અને વળી પ્રભાવ અને બળ વિગેરે ગુણોવાળું,એવું લોકમાં ઉત્કૃષ્ટ જે જે પ્રાણી કે પદાર્થ દેખાય છે, તે તે સર્વ ગુણ અને ઐશ્વર્ય-સામર્થ્યસમ્પન્ન એવા મારા તેજના અંશમાંથી થયેલું છે, એટલે કે-ગુણ ઐશ્વર્યાદિકથી પરનો અભિભવ કરવાનું સામર્થ્ય, તેના અંશે યુકત સમ્ભવ-ઉત્પત્તિ જેની છે. તેવું-મારી વિભૂતિરૂપ તું જાણ-સમજ ! ॥ ૪૧ ॥

હે અર્જુન ! આ બહુ વિભૂતિઓના જાણવાથી—જાણીને તારે શું કરવું છે ? આ સ્થાવર જંગમરૂપ દશ્યમાન સઘળું જગત્ અને અદશ્ય બ્રહ્માદિક દેવવર્ગો સહિત આ સઘળું જગત્, એટલે કે-સ્થૂળ એટલે કાર્યભાવે રહેલું અને સૂક્ષ્મ એટલે કારણભાવે રહેલું. એવા સઘળા વિશ્વ પ્રત્યે, એક અંશથી-મારા ગુણ અને ઐશ્વર્યના હજારો-હજારમા અંશથી ધારીને હું રહેલો છું. એટલે કે—અક્ષરરૂપે ધારીને રહેલો છું. કારણ કે-અક્ષર સર્વાધાર છે. આ બાબતમાં પ્રમાણો કહે છે—પરાશર મુનિનું વચન છે કે-"જે પરમાત્માના હજારો-હજારમા અંશાંશરૂપ અતિ અલ્પ શકિતમાં આ વિશ્વશક્તિ રહેલી છે." તેમજ ભાગવતમાં પણ વચનો છે કે-" પોત-પોતાના કર્માનુસારે પ્રાપ્ત

भाष्यम्-

ज्ञानवताम्—तत्त्वज्ञानसम्पन्नानां जीवेश्वरमायाब्रह्मपरब्रह्मविदाम्, ज्ञानम्-यथार्थबोधनमहमस्मि ॥ ३७ ३८ ॥

यच्चापि सर्वभूतानां बीजं तदहमर्जुन ! ।
न तदस्ति विना यत्स्यान्मया भूतं चराचरम् ॥३९॥

यच्चेति । हे अर्जुन ! किं बहुनोक्तेन? सर्वभूतानाम्-ब्रह्मादि-स्थावरान्तानाम्, बीजं यदस्ति तदप्यहमस्मि । चराचरं भूतम्-स्थावर-जङ्गमं भूतम्, मया विना यत्स्यात् तन्नैव । तथा च श्रुतयः-"यः सर्वेषु भूतेषु तिष्ठन् सर्वेभ्यो भूतेभ्योऽन्तरो यं सर्वाणि भूतानि न विदुर्यस्य सर्वाणि भूतानि शरीरं यः सर्वाणि भूतान्यन्तरो यमयति एष ते आत्मा अन्तर्याम्यमृतः" इति ॥ ३९ ॥

विभूतिनिरूपणमुपसंहरन्नाह—त्रिभिः ।

नान्तोऽस्ति मम दिव्यानां विभूतीनां परन्तप ! ।
एष तूद्देशतः प्रोक्तो विभूतेर्विस्तरो मया ॥ ४० ॥
यद्यद्विभूतिमत् सत्त्वं श्रीमदूर्जितमेव वा ।
तत्तदेवावगच्छ त्वं मम तेजोंऽशसम्भवम् ॥ ४१ ॥
अथवा बहुनैतेन किं ज्ञातेन ? तवार्जुन ! ।
विष्टभ्याहमिदं कृत्स्नमेकांशेन स्थितो जगत् ॥ ४२ ॥

इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे विभूतियोगो नाम दशमोऽध्यायः ॥१०॥

नान्त इति । हे परन्तप ! मम दिव्यानां विभूतीनाम्, अन्तः-इयत्ता नास्ति । एष विभूतेर्विस्तरस्तु मया, उद्देशतः-सङ्क्षेपेण प्रोक्तः ॥४०॥

यद्यदिति । विभूतिमत्-रक्षणसंयमनादिसामर्थ्यवत्, श्रीमत्-शोभायुक्तम्, धनधान्यादिसमृद्धियुक्तं वा । ऊर्जितम्-प्रभावबलादि-शालि लोकेषूत्कृष्टं सत्त्वं प्राणिजातं यद्यदेवास्ति, तत्तदेव । मम-सर्व-गुणैश्वर्यसम्पन्नस्य, तेजोंऽशसम्भवम्-तेजः-गुणैश्वर्यादिभिः पराभि-भवसामर्थ्यम्, तस्यांशेन संयुक्तः सम्भवो यस्य तथाभूतम् । अवगच्छ-त्वं जानीहि ! ॥ ४१ ॥

એકાદશોऽધ્યાયઃ-

શ્લોકાર્થ-

અર્જુન કહે છે—મારા ઉપર અનુગ્રહ કરવા માટે આપે જે પરમ રહસ્યરૂપ અધ્યાત્મ-જ્ઞાનસમ્બન્ધી વચન કહ્યું, તેનાથી મારો આ મોહ ટળી ગયો. ॥ ૧ ॥

કેમકે-હે કમળનયન પ્રભો ! મેં આપના થકી ભૂત-પ્રાણીમાત્રની ઉત્પત્તિ અને પ્રલય વિસ્તારથી સાંભળ્યા છે,તથા આપનો અખંડ અવિનાશી મહિમા પણ સાંભળ્યો છે. ॥૨॥

ભાવાર્થ-

થયેલાં આ મનુષ્ય શરીર વિગેરે શરીરોમાં રહેલા પુરૂષ-જીવાત્માને, સમગ્ર શકિતઓના ધારક એવા આપના ઐશ્વર્યના અંશે યુક્ત કહેવામાં આવે છે,કારણ કે-એ પણ વસ્તુતાએ કાર્ય—કારણ રૂપ બહારનાં અને અંદરનાં આવરણોથી રહિત છે." "અનાદિ, સર્વના આત્મા, માયાના ગુણોથી રહિત, પ્રકૃતિથી પર-નિયન્તા અથવા શ્રેષ્ઠ, પ્રત્યક્સ્વરૂપ અને સ્વયંપ્રકાશ એવા પુરૂષ છે, કે જેનાથી આ વિશ્વ સમન્વિત-ધારેલું છે."ઇત્યાદિક પ્રમાણો છે. ॥ ૪૨ ॥

ઇતિ શ્રીમદ્ભગવદ્ગીતાભાષ્યે-વિભૂતિયોગવર્ણનનામા દશમોऽધ્યાયઃ ॥૧૦॥

એકાદશોऽધ્યાયઃ—

ભાવાર્થ—

પૂર્વે દશમા અધ્યાયમા સર્વના કારણપણું અને નિયન્તાપણું, એ આદિક સકળ ઐશ્વર્યસમ્પન્ન પરમાત્માની વિભૂતિઓ નિરૂપણ કરી બતાવી.

હવે-આ અગીયારમા અધ્યાયમાં વિશ્વરૂપનાં દર્શન કરવાને ઇચ્છતા અર્જુનને ભગવાને તે વિશ્વરૂપ બતાવ્યું એમ કહે છે—

ભગવાને કહેલા અતકર્ય ઐશ્વર્ય—મહિમાને સાંભળીને તેને સાક્ષાત્ જોવાને ઇચ્છતો અર્જુન પૂછે છે—

અર્જુન પૂછે છે-હે ભકતવત્સલ ! દેહાભિમાનરૂપ અજ્ઞાનથી મોહ પામેલા એવા મારા ઉપર અનુગ્રહ કરવા સારૂ તે મોહની નિવૃત્તિ કરવા માટે, સર્વોત્કૃષ્ટ, પરમ રહસ્યરૂપ અને અધ્યાત્મ એવી સંજ્ઞા જેની છે, એવું દેહ અને આત્માનો વિવેક કરી આપનારૂં વચન—" શોક નહિ કરવા યોગ્યનો તું અનુશોક કરે છે. " એમ આરંભ કરીને છઠ્ઠા અધ્યાય સુધીનું જે તમોએ કહ્યું. તે આપના વચનથી મારો આ બુદ્ધિમાં રહેલો મોહ, અર્થાત્-દેહાત્મબુદ્ધિરૂપ વિપરીત જ્ઞાન, તે સમગ્રપણે નાશ પામી ગયો છે. ॥ ૧ ॥

સાતમા અધ્યાયથી આરંભીને દશમા અધ્યાય સુધીનું જે વચન કહેવામાં આવ્યું છે, તે વચનને અંગીકાર કરીને કહે છે-ભૂત-પ્રાણીમાત્રનો ઉદ્ભવ અને વિનાશ તે આપ પરમેશ્વર થકીજ થાયછે, એમ તે વિસ્તારપૂર્વક મેં નિશ્ચેજ સાંભળ્યો. કમળના પત્ર સરખાં

भाष्यम्-

अथवेति। हे अर्जुन! एतेन बहुना ज्ञातेन-विभूतिवेदनेन तव किं करणीयम्?। इदम्-स्थावरजङ्गमात्मकं दृश्यं कृत्स्नमदृश्यं ब्रह्मादिसहितं जगत्, स्थूले कार्यभावे सूक्ष्मे कारणभावे च स्थितं विश्वं प्रति। एकांशेन—मम गुणैश्वर्याणामयुतायुतांशेन, अवष्टभ्याहमवस्थितः-अक्षरात्मना विष्टभ्य स्थितः। तथा पराशरवचनम्-"यस्यायुतायुतांशांशे विश्वशक्तिरियं स्थिते"ति। तथा भागवतवचनानि च—"स्वकृतपुरेष्वमीष्वबाहिरन्तरसंवरणं तव पुरुषं वदन्त्यखिलशक्तिधृतोंऽशकृतम्"। "अनादिरात्मा पुरुषो निर्गुणः प्रकृतेः परः। प्रत्यग्धामा स्वयञ्ज्योतिर्विश्वं येन समन्वितम्" इत्यादीनि ॥ ४२ ॥

इति श्री++++सद्गुरुवर्य-श्रीगोपालानन्दमुनिविरचिते श्रीमद्भगवद्गीताभाष्ये विभूतियोगवर्णननामा दशमोऽध्यायः ॥१०॥

एकादशोऽध्यायः—

भाष्यम्-

पूर्वं दशमाध्याये सर्वकारणत्वसर्वनियन्तृत्वादिसकलैश्वर्यसम्पन्नस्य परमेश्वरस्य विभूतयो निरूपिताः।

इदानीमेकादशाध्याये विश्वरूपं दिदृक्षतेऽर्जुनाय भगवता तद्दर्शितमित्युच्यते।

भगवतोक्तमप्रतर्क्यैश्वर्यं श्रुत्वा तद्द्रष्टुकामोऽर्जुनः पृच्छति-चतुर्भिः।

अर्जुन उवाच—

मदनुग्रहाय परमं गुह्यमध्यात्मसंज्ञितम्।
यत्त्वयोक्तं वचस्तेन मोहोऽयं विगतो मम ॥ १ ॥

हे भक्तवत्सल! मदनुग्रहाय-मम देहाभिमानेन मोहं प्राप्तस्य अनुग्रहाय, तन्निवृत्तये परमम्-उत्कृष्टं, गुह्यं गोप्यम्, अध्यात्मसंज्ञितम्—अध्यात्ममिति संज्ञा यस्य तत्। देहात्मविवेकविषयं वचः-"अशोच्यानन्वशोचस्त्व"मित्यारभ्य षष्ठाध्यायान्तं यत्त्वयोक्तम्, तेन वचसा ममायं बुद्धिस्थो मोहः-देहात्मबुद्धिरूपं विपरीतज्ञानम्, विगतो नष्टः, अशेषतो नष्ट इत्यर्थः ॥ १ ॥

શ્લોકાર્થ-

હે પરમેશ્વર ! આપ પોતાને જેવા કહોછો,એ બરોબર એમજ છે.પરન્તુ-હે પુરૂષોત્તમ ! આપનું એ સકળ ઐશ્વર્યે સમ્પન્ન ઐશ્વર રૂપ હું સાક્ષાત્ નેત્રોથી જોવા ઇચ્છું છું. ॥૩॥

હે પ્રભો ! જો મારાથી તે આપનું રૂપ દેખવાને શકય છે, એમ આપ માનતા હો, તો હે યોગેશ્વર ! મને આપ આપના એ અવિનાશી સ્વરૂપનાં દર્શન કરાવો ! ॥ ૪ ॥

શ્રીભગવાન કહે છે-હે પાર્થ ! મારાં સોએ-સો, અને હજારો-હજાર નાના પ્રકારનાં, અનેક વર્ણવાળાં અને અનેક આકૃતિઓવાળાં દિવ્ય અલૌકિક રૂપોને તું જો ! ॥ ૫ ॥

ભાવાર્થ-

દીર્ઘ લાલ ખૂણાવાળાં પરમ મનોહર અતિ સુન્દર નેત્રો જેમનાં છે,એવા હે પ્રભો ! અને વળી આપનો અવ્યય-અખંડ મહિમા, કે જે-" મારાથી પર કે શ્રેષ્ઠ બીજું કોઇ છેજ નહિ. " " મારો પર ભાવ-મોટો મહિમા નહિ જાણનારાજ મૂર્ખ જનો સર્વ ભૂતનો મહેશ્વર-નિયન્તા એવો હું તે મારી અવજ્ઞા કરે છે." "જે જનો મને અજ-કર્માધીન જન્મે રહિત, અનાદિ-સનાતન અને સર્વ લોકનો મહેશ્વર-એકજ નિયન્તા એવો જાણે છે." "હું જ સર્વનો આદિકારણ છું. અને મારાથીજ સઘળું પ્રવર્તે છે." ઇત્યાદિક વચનોથી આપે કહી બતાવ્યો એ આપનો મહિમા પણ મેં સાંભળ્યો. ॥ ૨ ॥

હે પરમેશ્વર ! તમે પોતાને સર્વના શાસ્તા, સર્વના સ્રષ્ટા, સર્વના પાલક, સંહારક અને સર્વના નિયન્તા, સકળ હેયના પ્રત્યનીક-વિરોધી, અને સકળ કલ્યાણ ગુણગણોના સાગરસમા, એવા સર્વોત્કૃષ્ટ આપને પોતાને, જેમ આપ કહો છો. એ વાત એમજ છે. એટલે કે-આપના વાકયમાં મને દૃઢ વિશ્વાસ છે. હે પુરૂષોત્તમ ! આપનું અનેક ઐશ્વર્યે સમ્પન્ન એવું અદ્ભુત રૂપ-પરમ આશ્ચર્યકારી સ્વરૂપ જોવા ઇચ્છું છું. ।

જો એ રૂપ મેં જોવાને શકય હોય, તો તે રૂપ મને બતાવો ! એમ કહે છે-

હે પ્રભો ! સકળ યોગૈશ્વર્યે સમ્પન્ન એવા સર્વ યોગીઓના સ્વામી એવા હે યોગેશ્વર-પ્રભો ! તે સર્વ ઐશ્વર્યે સમ્પન્ન એવું તમારૂં રૂપ મેં જોવાને માટે શકય-યોગ્ય છે. એમ આપ માનતા હો, તો અવ્યય, અવિનાશી, સર્વનું આત્મભૂત, સર્વનું શાસન કરનારૂં, સર્વનું સર્જનારૂં, સર્વનું સંહારક અને સર્વનું આધારભૂત,એવું આપનું રૂપ મને આપ બતાવો-દર્શન કરાવો ! ॥ ૩-૪ ॥

આ પ્રમાણે અર્જુને પ્રાર્થના કરેલા ભગવાન તે વિશ્વરૂપનાં દર્શન કરાવતાં કહેવા લાગ્યા-

આ પ્રમાણે પ્રશ્ન પૂછયા પછી ભગવાન કહેવા લાગ્યા—હે પાર્થ ! સોએ સો અને હજારો-હજાર અને અનેક પ્રકારે વિવિધ-વિચિત્રપણે રહેલાં, શ્વેત, રાતો, પીળો અને કાળો વિગેરે વર્ણ-રંગ જેમનો છે, તથા નાની મોટી જાડી પાતળી વિગેરે અનેક પ્રકારની આકૃતિવાળાં, એવાં દિવ્ય-અપ્રાકૃત મારાં રૂપ તોને તું જો ! ॥ ૫ ॥

भाष्यम्-

सप्तमाध्यायमारभ्य दशमाध्यायपर्यन्तमुक्तं यद्वचस्तदङ्गीकुर्वन्नाह-भवाप्ययाविति ।

भवाप्ययौ हि भूतानां श्रुतौ विस्तरशो मया ।
त्वत्तः कमलपत्राक्ष ! माहात्म्यमपि चाव्ययम् ॥ २ ॥

भूतानाम्, त्वत्तो भवतः परमेश्वरात्, भवाप्ययौ-उद्भवविनाशौ, विस्तरशः—विस्तरेण, मया श्रुतौ, हि निश्चितम् । हे कमलपत्राक्ष ! कमलस्य पत्रे इव दीर्घे रक्तान्ते परममनोरमे अक्षिणी यस्य तत्सम्बुद्धौ। तवेति शेषः, अव्ययं स्थिरं माहात्म्यम् "मत्तः परतरं नान्यत्" ॥ "परं भावमजानन्तो मम भूतमहेश्वरम्" "यो मामजमनादिं च वेत्ति लोकमहेश्वरम्" "अहं सर्वस्य प्रभवो मत्तः सर्वं प्रवर्तते" इत्यादिवचोभिरुक्तं महत्त्वमपि श्रुतं च ॥ २ ॥

एवमेतद्यथात्थ त्वमात्मानं परमेश्वर ! ।
द्रष्टुमिच्छामि ते रूपमैश्वरं पुरुषोत्तम ! ॥
मन्यसे यदि तच्छक्यं मया द्रष्टुमिति प्रभो ! ।
योगेश्वर ! ततो मे त्वं दर्शयात्मानमव्ययम् ॥३-४॥

एवमिति । हे परमेश्वर ! आत्मानं सर्वस्य शासकं स्रष्टारं पालकं संहारकं नियन्तारं सकलहेयप्रत्यनीकं सकलकल्याणगुणगणसागरं सर्वोत्कृष्टं स्वम्, यथा त्वमात्थ-वदसि, एतत्, एवम्-तथैव, भवद्वाक्ये मे विश्वासोऽस्तीत्यर्थः । हे पुरुषोत्तम ! ते तव ऐश्वरम्-अनेकैश्वर्यसम्पन्नमद्भुतं रूपम्-परमाश्चर्यकरं स्वरूपम्, द्रष्टुमिच्छामि॥

मया द्रष्टुं शक्यं चेत्तर्हि तद्दर्श्यताम् ! इत्याह-मन्यसे इति ।

हे प्रभो ! हे योगेश्वर !-योगो योगैश्वर्यं विद्यते येषां ते योगाः, योगानाम्-योगिनामीश्वरस्तत्सम्बुद्धौ । तत्-सर्वैश्वर्यसम्पन्नं भवद्रूपं मया द्रष्टुं शक्यमिति मन्यसे, ततस्तर्हि, अव्ययमविनाशिनमात्मानं सर्वस्य शासकं स्रष्टारं संहारकमाधारभूतं स्वं रूपं मे त्वं दर्शय ! ॥३-४॥

एवं प्रार्थितो भगवांस्तद्रूपं दर्शयन्नुवाच—चतुर्भिः ।

શ્લોકાર્થ

હે ભરતકુળોત્પન્ન-અર્જુન ! મારામાં રહેલા બાર આદિત્યો, આઠ વસુઓ, અગીયાર રૂદ્રો, બે અશ્વિનીકુમારો, તથા ઓગણપચાશ મરૂતોને જો ! તેમજ પૂર્વે કદી નહિ જોયેલાં એવાં ઘણાંક આશ્ચર્યકારી રૂપોને પણ જો ! ॥ ૬ ॥

હે ગુડાકેશ ! હમણાં આ મારા શરીરમાં એક ભાગમાં રહેલું સચરાચર સઘળું વિશ્વ જો ! તેમજ-તું જે કાંઇ બીજું જોવા ઇચ્છતો હોય તે પણ જો ! ॥ ૭ ॥

પણ મને તું આ તારા પ્રાકૃત—માયિક ચક્ષુથી તો જોવા સમર્થ નહિજ થાઉં. માટે હું તને દિવ્ય ચક્ષુ-આપું છું. એનાથી તું મારૂં ઇશ્વરભાવને જણાવનારૂં યોગ-સામર્થ્ય જો ! ॥ ૮ ॥

સંજય કહે છે-હે રાજન્ ! મહાયોગેશ્વર અને સ્મરણમાત્રથી પાપને હરનારા ભગવાન શ્રીહરિએ આ પ્રમાણે કહીને તુરતજ પૃથાપુત્ર-અર્જુનને પરમ ઐશ્વર્યયુક્ત પોતાનું રૂપ બતાવ્યું. ॥ ૯ ॥

ભાવાર્થ-

મારા આ એકજ દેહમાં બાર આદિત્યોને, આઠ વસુ નામે દેવોને, અગીયાર રૂદ્રોને, બે અશ્વિનીકુમારોને,તેમજ-ઓગણપચાશની સંખ્યાથી રહેલા મરૂત્ નામે દેવોને જો! હે ભારત ! વળી તેં પૂર્વે ક્યારેય નહિ જોયેલાં એવાં ઘણાંક અલૌકિક આશ્ચર્યને પણ જો !

હે ગુડાકેશ ! આ મારા દેહમાં તેમાંય પણ એકજ ભાગમાં રહેલું સ્થાવર-જંગમે સહિત,સઘળું વિશ્વ તેને તું હમણાંજ જો ! અને વળી-બીજું જે કંઇ આ યુદ્ધમાં થનારા જય-પરાજય આદિક પણ તારે જોવાની ઇચ્છા હોય, તો તે પણ જોઈ લે ! ॥ ૬-૭ ॥

“ આપનું અદ્ભુત રૂપ મેં જોઇ શકાય એવું છે, એમ જો આપ માનતા હો. ” એમ પૃથાપુત્ર અર્જુને જે કહ્યું હતું, તેના ઉત્તરમાં કહે છે—

આ પ્રાકૃત-માયિકજ એવા તારા પોતાના નેત્રથી તો, મને-અપ્રાકૃત દિવ્ય રૂપ-વાળાને, જોવાને સમર્થ નહિ થાઉં. માટે તને દિવ્ય--અપ્રાકૃત ચક્ષુ હું આપું [illegible]ને દિવ્ય ચક્ષુથી મારા અસંખ્ય કલ્યાણ ગુણગણોનો મારામાં નિત્યસંયોગ અને અસંખ્ય મહા-વિભૂતિરૂપ મારૂં ઐશ્વર્ય તેને પણ તું જો ! ॥ ૮ ॥

આ બધું વૃત્તાન્ત ધૃતરાષ્ટ્ર રાજાને સંજય કહી બતાવે છે—

હે ધૃતરાષ્ટ્ર રાજન્ ! આ પ્રમાણે કહીને પછી મહાયોગેશ્વર-મહાયોગૈશ્વર્યે સમ્પન્ન એવા મહાયોગીઓના પણ ઇશ્વર-સ્વામી નિયન્તા, ચર્માચક્ષુને હરનારા શ્રીહરિ શ્રીકૃષ્ણ પરમાત્મા, પૃથાપુત્ર અર્જુનને સર્વોત્કૃષ્ટ એવું અસંખ્ય મહાવિભૂતિ-ઐશ્વર્ય-યુકત રૂપ બતાવતા હવા. ॥ ૯ ॥

તે રૂપ કેવું હતું ? એ કહી બતાવે છે—

જેમાં અનેક મુખ અને અનેક નેત્રો હતાં, અનેક અદ્ભુતતા ભરેલાં આશ્ચર્યો જેમાં જોવામાં આવતાં હતાં. અનેક દિવ્ય-અલૌકિક આભરણો ધારણ કરેલાં જેમાં હતાં. અને દિવ્ય-અલૌકિક અનેક ઉગામેલાં આયુધો જેમાં જોવામાં આવતાં હતાં.એવું એરૂપ હતું. ॥૧૦॥

भाष्यम्-

श्री भगवानुवाच—

पश्य मे पार्थ! रूपाणि शतशोऽथ सहस्रशः ।
नानाविधानि दिव्यानि नानावर्णाकृतीनि च ॥ ५ ॥

वस्तुतः-चतुर्भुजेनेत्यस्य तृतीयान्ततया व्याख्यानं रमणीयम्। चतुर्भुजमेव तु रूपमर्जुनेनानुभूतपूर्वम् । श्रीहरिणा वचनामृते स्पष्टमुक्तम्—(लोयाप्रकरणे १८ अष्टादशे वचनामृते) सुधासिन्धौ च-१२६-तरङ्गे ॥ ४६ ॥

શ્લોકાર્થ-

હે દેવ ! પિતા જેમ પુત્રનો, સખા જેમ સખાનો અને પ્રિય-પતિ જેમ પ્રિયા-પત્નીનો અપરાધ સહન કરે છે. એજ પ્રમાણે આપ મારો અપરાધ સહન કરવા યોગ્ય છો.॥૪૪॥

મેં પહેલાં નહિ દેખેલું આપનું આવું આશ્ચર્યમય રૂપ જોઇને હર્ષિત થયો છું. તેમજ વળી મારૂં મન ભયથી પણ વ્યાકુળ બની ગયું છે, માટે હે દેવ ! મને તેજ-પ્રથમ હતું તેજ રૂપ બતાવો! અને હે દેવેશ! હે જગન્નિવાસ ! આપ પ્રસન્ન થાઓ ! ॥૪૫॥

હું આપને મુકુટધારી, ગદાધારી અને ચક્ર હસ્તમાં જેમને છે, એવા દેખવા ઇચ્છું છું,માટે હે વિશ્વસ્વરૂપ ! હે સહસ્રબાહો ! આપ તે પ્રમાણેજ-તે ચતુર્ભુજરૂપેજ થાઓ !-દર્શન આપો ! ॥૪૬॥

ભાવાર્થ-

કરવા યોગ્ય છો, જેમ કે--અવિનય કરનાર પુત્રના અપરાધને પિતાજ જેમ સહન કરે છે, તેમજ મિત્રના અપરાધને મિત્રજ જેમ સહન કરે છે. અને વળી-પતિવ્રતા સ્ત્રીએ કરેલા અપરાધને તે પતિવ્રતા સ્ત્રીનો સ્વામીજ જેમ સહન કરે છે. તેજ પ્રમાણે હે દેવ! આપ મારા અપરાધને સહન કરીને મને ક્ષમા કરવાને યોગ્ય છો. ॥ ૪૪ ॥

એમ પોતાના અપરાધની ક્ષમા કરાવીને ફરીથી પ્રાર્થના કરે છે—

હે દેવ ! પૂર્વે કોઈવખત નહિ જોયેલું એવું અદ્ભુત અને ભયાનક આપનું રૂપ જોઇને હું બહુજ હર્ષ પામેલો છું. અને ભયને લીધે મારૂં મન ઘણીજ વ્યથાને પણ પામેલું છે. માટે હે જગન્નિવાસ ! મારા મિત્રરૂપે જે મેં જોયેલું તે રૂપજ મને આપ બતાવો ! અને પ્રસન્ન થાઓ ! એટલે કે-મારા મિત્રરૂપ જે આપનું સ્વરૂપ છે, તેને બતાવવારૂપ મારા ઉપર પ્રસન્નતા કરો ! હે દેવેશ ! આપ તો પ્રાકૃત ગુણવિશિષ્ટ ઇન્દ્રાદિક દેવતાઓ અને અપ્રાકૃત ગુણવિશિષ્ટ વૈરાજાદિક દેવતાઓના એકજ નિયન્તા-સ્વામી છો. ॥ ૪૫ ॥

હવે-તેજ રૂપનું વર્ણન કરી બતાવે છે-

મસ્તક ઉપર મુકુટ ધારી રહેલા, એક હસ્તમાં ગદા ધારી રહેલા અને બીજા હસ્તમાં ચક્ર ધારી રહેલા, એવા આપને પૂર્વે જેવા જોયા હતા તેવાજ જોવા હું ઇચ્છું છું. હે સહસ્રબાહો! હે વિશ્વમૂર્તે ! આપ તો ચતુર્ભુજ એવા નન્દ-સુનન્દાદિક અનન્ત પાર્ષદોના પણ સ્વામી છો. માટે તે પૂર્વે જોયેલા દ્વિભુજ રૂપથીજ આપ સમ્પન્ન થાઓ ! આ શ્લોકમાં ગદાવાળા અને હસ્તમાં ચક્ર ધારી રહેલા એવાં બે વિશેષણોથી ભગવાનનું સ્વરૂપ દ્વિભુજ હતું એમ સૂચવેલું જણાય છે.

વસ્તુતાએ તો-ચતુર્ભુજ રૂપથીજ સમ્પન્ન થાઓ એમ **चतुर्भुजेन** એ તૃતીયા વિભક્તિવાળુંજ પદ રાખીને વ્યાખ્યાન કરવું એજ રમણીય છે. અને શરૂઆતમાં ચતુર્ભુજ રૂપજ અર્જુને અનુભવેલું-જોયેલું હતું.આ બાબત શ્રીહરિએ લોયાના ૧૮અઢારમા વચનામૃતમાં સ્પષ્ટ કહેલું છે. ॥ ૪૬ ॥

આ પ્રમાણે વિનયે સહિત અર્જુને પ્રસન્ન કરેલા શ્રી ભગવાન ત્રણ શ્લોકથી કહે છે-

भाष्यम्-

एवं सविनयमर्जुनेन प्रसादितः श्रीभगवानुवाच त्रिभिः-

श्रीभगवानुवाच-

मया प्रसन्नेन तवार्जुनेदं
रूपं परं दर्शितमात्मयोगात् ।
तेजोमयं विश्वमनन्तमाद्यं
यन्मे त्वदन्येन न दृष्टपूर्वम् ॥ ४७ ॥

मयेति । हे अर्जुन ! तेजोमयम्-तेजःप्रचुरम्, विश्वम्-विश्वात्मभूतम्, अनन्तम्-अन्तवर्जितम्, इदं च विशेषणमादिमध्ययोरुपलक्षकम्, आदिमध्यान्तहीनमित्यर्थः । आद्यम्—सर्वस्यादिभूतम् । त्वदन्येन-त्वत् त्वादृशात् मित्रादन्येनेतरजनेन, न दृष्टपूर्वम्-पूर्वं न दृष्टम्, यन्मे मम रूपम्, तदिदं परं श्रेष्ठं रूपं प्रसन्नेन मया, आत्मयोगात्-आत्मनो मम योगात्-सत्यसङ्कल्पत्वादियोगसामर्थ्यात् । तव दर्शितम् ॥ ४७ ॥

ममैतद्रूपदर्शनं त्वदन्येषां दुर्लभमित्याह—नेति ।

न वेदयज्ञाध्ययनैर्न दानै-
र्न च क्रियाभिर्न तपोभिरुग्रैः ।
एवंरूपः शक्य अहं नृलोके
द्रष्टुं त्वदन्येन कुरुप्रवीर ! ॥ ४८ ॥

भोः कुरुप्रवीर ! नृलोके त्वदन्येन-त्वत् त्वादृशादन्येन भक्तिरहितेन पुरुषेण । वेदयज्ञाध्ययनैः-यज्ञशब्देन कल्पसूत्रादिरूपा यज्ञविद्या ज्ञातव्या, वेदानां यज्ञानां यज्ञविद्यानां चाध्ययनैः—अक्षरग्रहणरूपैरर्थविचाररूपैश्च, एवंरूपोऽहं द्रष्टुं न शक्यः । तथा दानैः सुवर्णादीनां विश्राणनैरेवंरूपोऽहं द्रष्टुं न शक्यः । किन्तु-ममानुग्रहात्तवैवेदृशं दर्शनं जातमिति भावः । शक्य अहमित्यत्र सन्ध्यभाव आर्षः । एकेन नकारेण निषेधे सिद्धे प्रतिपदं नकारन्यासो निषेधदार्ढ्याय । न च क्रियाभिरिति चकारेणानुदितसाधनान्तराणि समुच्चीयन्ते ॥ ४८ ॥

भाष्यम्—

विश्वरूपदर्शनेन त्वं व्यथितो भवसि चेत्तर्हि मम पूर्वरूपमेव पश्येत्याह—मा ते इति।

मा ते व्यथा मा च विमूढभावो
दृष्ट्वा रूपं घोरमीदृङ्ममेदम्।
व्यपेतभीः प्रीतमनाः पुनस्त्वं
तदेव मे रूपमिदं प्रपश्य ! ॥ ४९ ॥

ईदृग्घोरम्—अनेकबाह्वादियुक्तत्वेन भयानकम्, ममेदं रूपं दृष्ट्वा ते तव व्यथा पीडा मा भवतु। ते विमूढभावश्च—व्याकुलचित्तत्वं च मास्तु। व्यपेतभीः—विगतभयः सन्, प्रीतमनाः—प्रसन्नात्मा च सन्, पुनस्त्वं तदेव मे—मम, इदम्-पूर्वरूपं प्रपश्य ! ॥ ४९ ॥

एवमुक्त्वा श्रीकृष्णस्तदेव पूर्वरूपमीक्षयामासेति धृतराष्ट्रं प्रति सञ्जय उवाच—इतीति।

सञ्जय उवाच—

इत्यर्जुनं वासुदेवस्तथोक्त्वा
स्वकं रूपं दर्शयामास भूयः।
आश्वासयामास च भीतमेनं
भूत्वा पुनः सौम्यवपुर्महात्मा ॥ ५० ॥

वासुदेवः, अर्जुनं प्रति, इति-एवमुक्त्वा तथैव स्वकं स्वकीयं रूपम् मुकुटकटककुण्डलगदाचक्रप्रभृतिविशिष्टं श्रीवत्सकौस्तुभवनमाला-पीताम्बरादिशोभितं स्वरूपम्, भूयः पुनर्दर्शयामास। महात्मा—सत्य-व्रतत्वपरमदयालुत्वसर्वज्ञत्वसर्वेश्वरत्वप्रभृतिसकलकल्याणगुणाकरः। पुनः सौम्यवपुः—शान्तविग्रहो भूत्वा, भयानकरूपदर्शनेन भीतम्—भयं प्राप्तमेनमर्जुनमाश्वासयामास ॥ ५० ॥

आश्वासनादनन्तरं शान्तः सन् श्रीकृष्णं प्रति अर्जुन उवाच—दृष्ट्वेति।

अर्जुन उवाच—

दृष्ट्वेदं मानुषं रूपं तव सौम्यं जनार्दन !।
इदानीमस्मि संवृत्तः सचेताः प्रकृतिं गतः ॥ ५१ ॥

શ્લોકાર્થ-

શ્રીભગવાન કહેછે-હે અર્જુન ! અનુગ્રહપૂર્વક પ્રસન્ન થયેલા મેં મારી યોગ શક્તિના પ્રભાવથી આ મારૂં પરમ તેજોમય સર્વનું આદિભૂત અને સીમાએ રહિત વિરાટરૂપ તને બતાવ્યું છે. કે જે તારા સિવાય બીજા કોઇએ આથી પૂર્વે દેખ્યું નહોતું. ॥૪૭॥

કુરૂકુળમાં શ્રેષ્ઠ હે અર્જુન ! મનુષ્ય લોકમાં આવા પ્રકારે વિશ્વરૂપે હું નહિ તો વેદોથી, કે નહિ યજ્ઞોથી, કે નહિ અધ્યયનો કરવાથી, તેમજ—નહિ દાનોથી, કે નહિ ક્રિયાઓથી, અગર તો નહિ ઉગ્ર તપોથી પણ, તારા સિવાય બીજા કોઇએ દેખવામાં આવી શકતો હોઉં. ॥ ૪૮ ॥

મારૂં આ આવું ઘોર-ભયાનક રૂપ જોઇને તને વ્યથા માં થાઓ ! અને વિમૂઢ ભાવ પણ માં થાઓ! તું ભયરહિત અને પ્રસન્ન મનવાળો થઈને ફરીથી મારૂં શંખ, ચક્ર, ગદા અને પદ્મ. તેણે યુકત ચતુર્ભુજ રૂપ સારી રીતે જો ! ॥ ૪૯ ॥

ભાવાર્થ-

હે અર્જુન ! મહાતેજોમય, સકળ વિશ્વનું આત્મભૂત, અનન્ત-આદિ મધ્ય અને અન્ત તેણે વર્જીત, સર્વનું આદિભૂત-કારણ, અને તારા જેવા મિત્ર સિવાય બીજા કોઇએ પૂર્વે કયારેય નહિ જોયેલું, એવું જે મારૂં આ રૂપ, તે આ સર્વશ્રેષ્ઠ રૂપ મેં પ્રસન્ન થઇને મારા સત્યસંકલ્પત્વાદિક યોગસામર્થ્યથી તને બતાવ્યું છે. ॥ ૪૭ ॥

હવે-મારા આ રૂપનું દર્શન તારા સિવાય બીજાઓને દુર્લભ છે એમ કહે છે—

હે કુરૂપ્રવીર ! આ નર લોકમાં તારા સિવાયના બીજા ભકિતએ રહિત પુરૂષે તો, અક્ષરગ્રહણરૂપ વેદવિદ્યાઓના અધ્યયનથી અને અર્થવિચારરૂપ યજ્ઞવિદ્યાઓના અધ્યયનથી પણ આવા રૂપે હું દેખવાને શકય નથી. તેમજ—સુવર્ણ અને પૃથ્વી આદિકનાં મોટાં મોટાં દાન કરવાથી પણ આવા રૂપે હું દેખાઇ શકાતોજ નથી. તેમજ શાસ્ત્રવિહિત સન્ધ્યાવન્દનાદિક સત્કર્મોથી પણ આવા રૂપે હું દેખાઇ શકાતોજ નથી. તેમજ ઉગ્ર તપોથી પણ નહિ. અર્થાત્ મારા અનુગ્રહથી તનેજ આવું દર્શન થયું છે. એમ જાણજે. આ શ્લોકમાં એકજ નકારથી કહેવા ધારેલો નિષેધ કહેવાય છે. પરન્તુ-દરેક પદમાં નકાર મુકવામાં આવ્યો છે. તેતો નિષેધની દૃઢતા માટે છે એમ જાણવું. વળી-"न च क्रियाभिः" એમ ચકાર હોવાથી નહિ કહેવામાં આવેલાં બીજાં સાધનો પણ કહેવાઇ જાય છે. માટે એક ભગવાનના અનુગ્રહ સિવાય બીજા કોઇ સાધનથી આવું દર્શન થતું નથી. ॥૪૮॥

હવે-આ વિશ્વરૂપ જોઇને તું વ્યથા પામતો હોય તો મારૂં પ્રથમનું અસલ મૂળ રૂપજ તું જો ! એમ ભગવાન કહે છે—

આવું અનેક બાહુ વિગેરે અવયવોના વિભાગે યુકત હોવાથી ભયાનક લાગતું, એવું મારૂં આ વિશ્વરૂપ જોઇને તને વ્યથા માં થાઓ ! તેમજ વ્યાકુળ ચિત્તવાળાપણું પણ માં થાઓ ! પણ સર્વ ભયથી રહિત થઇને પ્રસન્ન ચિત્તવાળો થઇને ફરીથી તું તેજ મારૂં આ પ્રથમનું સૌમ્ય રૂપ જો ! ॥ ૪૯ ॥

भाष्यम्—

हे जनार्दन ! सौम्यम्-सर्वथा निजजनानां दर्शनमात्रेण शान्तिकरम्, मानुषम्-अनेकजनकल्याणाय मानुषसजातीयसंस्थानसंस्थितम्, तवेदं रूपं दृष्ट्वा, इदानीं सचेताः—अव्याकुलचित्तः, संवृत्तः-जातोऽस्मि । प्रकृतिं गतः-स्वसंस्थां प्राप्तोऽस्मि ॥ ५१ ॥

अर्जुनवचनानन्तरं श्रीभगवानुवाच-सुदुर्दर्शमिति ।

श्रीभगवानुवाच—

सुदुर्दर्शमिदं रूपं दृष्टवानसि यन्मम ।
देवा अप्यस्य रूपस्य नित्यं दर्शनकाङ्क्षिणः ॥ ५२ ॥

ममेदं सर्वप्रशासितृ सर्वोत्पादकं सर्वसंहर्तृ यद्रूपं त्वं दृष्टवानसि, तत् सुदुर्दर्शम्-त्वादृगन्येन केनापि द्रष्टुमशक्यम् । अतो देवा अपि अस्य रूपस्य विश्वरूपस्य नित्यं सततं दर्शनकाङ्क्षिणः--दर्शने आकाङ्क्षावन्तः, तथापि तेषां भक्तिरहितत्त्वान्ममेदृशं दर्शनं कदापि न जायते इत्यर्थः ॥ ५२ ॥

कथमेवम् ? अत आह-नाहमिति ।

नाहं वेदैर्न तपसा न दानेन न चेज्यया ।
शक्य एवंविधो द्रष्टुं दृष्टवानसि मां यथा ॥ ५३ ॥

यथा त्वं मां दृष्टवानसि, एवंविधोऽहं वेदैर्द्रष्टुं न शक्यः, तपसा न, दानेन-दानसमूहेन च न, इज्यया च नाहं द्रष्टुं शक्यः । "न वेदयज्ञाध्ययनै" रित्यनेन गतार्थोऽयं श्लोकस्तथापि स्वदर्शनस्यात्यन्तदुर्लभत्वकथनाय पुनरुक्तः ॥ ५३ ॥

तर्हि-अन्येषामस्य त्वद्रूपस्य कया रीत्या दर्शनं स्यादित्याशङ्कायामाह-भक्त्येति ।

भक्त्या त्वनन्यया शक्य अहमेवंविधोऽर्जुन ! ।
ज्ञातुं द्रष्टुं च तत्त्वेन प्रवेष्टुं च परन्तप ! ॥ ५४ ॥

हे अर्जुन ! हे परन्तप !-परान् कामक्रोधलोभमानादीन् परिपन्थिनस्तापयति नाशयतीति तथोक्तस्तत्सम्बुद्धौ । अनन्यया-मदे-

શ્લોકાર્થ-

સંજય કહે છે—વાસુદેવ ભગવાને અર્જુનને આ પ્રમાણે કહીને ફરીથી પોતાનું ચતુર્ભુજ રૂપ બતાવ્યું. અને ફરીથી મહાત્મા શ્રીકૃષ્ણ ભગવાને સૌમ્ય-અક્રોધ સુન્દર-મૂર્તિ થઇને ભય પામેલા અર્જુનને આશ્વાસન કરીને ધીરજ આપી. ॥ ૫૦ ॥

અર્જુન કહે છે-હે જનાર્દન ! આપનું આ અતિ સૌમ્ય-શાન્તિકર માનુષ રૂપ જોઇને હમણાં હું સ્થિરચિત્ત થયો છું. અને હું મારા અસલ સ્વભાવને પામ્યો છું. ॥૫૧॥

શ્રી ભગવાન કહે છે-આ મારું જે વિશ્વ-વિરાટ્ રૂપ તેં દીઠું, તે રૂપનું દર્શન તો અતિશય દુર્લભ છે. બ્રહ્માદિક દેવો પણ આ રૂપનાં દર્શન નિરન્તર ઇચ્છયાજ કરે છે.॥૫૨॥

જેવા પ્રકારથી તેં મને દેખ્યો, તેવી રીતે તો હું વેદોથી પણ નથી દેખવામાં આવતો. કે નથી તપથી દેખાતો, કે નથી દાનથી, કે નથી યજ્ઞથી પણ દેખવામાં શકય થતો.॥૫૩॥

ભાવાર્થ-

આ પ્રમાણે કહીને શ્રીકૃષ્ણ પરમાત્માએ તેજ પોતાનું પૂર્વ રૂપ બતાવ્યું. એમ ધૃતરાષ્ટ્રના પ્રત્યે સંજય કહી બતાવે છે—

વસુદેવના પુત્ર ભગવાન વાસુદેવે અર્જુનના પ્રત્યે આ પ્રમાણે કહીને તેજ પ્રમાણે પોતાનું રૂપ, કે જે—મુકુટ, કટક કુંડળ, ગદા અને ચક્ર, એ આદિક આભૂષણો અને આયુધો વિગેરેથી વિશિષ્ટ હતું, તેમજ શ્રીવત્સ, કૌસ્તુભ મણિ, વનમાળા અને પીતાંબર એ આદિકથી શોભાયમાન હતું, તે પોતાનું રૂપ ફરીથી અર્જુનને બતાવ્યું. અને મહાત્મા-સત્યવ્રતત્વ, પરમ દયાળુત્વ, સર્વજ્ઞત્વ અને સર્વેશ્વરત્વ, એ આદિક સકળ કલ્યાણ ગુણોના ભંડારરૂપ ભગવાન, ફરીથી શાન્ત-વિગ્રહવાળા થઇને ભયાનક રૂપ જોવાથી ભય પામેલા એ અર્જુનને આશ્વાસન આપવા લાગ્યા. ॥૫૦॥

ભગવાને આશ્વાસન આપ્યા પછી શાન્ત થઇને શ્રીકૃષ્ણના પ્રત્યે અર્જુન કહેવાલાગ્યો-

હે જનાર્દન ! પોતાના આશ્રિત જનોને દર્શનમાત્રથીજ સર્વથા શાન્તિ કરનારૂં અને અનેક જનોના કલ્યાણને માટેજ મનુષ્યને સજાતીય સંસ્થાનથી—આકારવિશેષથી રહેલું,એવું તમારૂં આ રૂપ જોઇને,હમણાંજ હું શાન્ત-ચિત્તવાળો થયો છું.અને હું મારા અસલ-મૂળ સ્વભાવને પામ્યો છું. ॥૫૧॥

આવાં અર્જુનનાં વચન સાંભળીને ભગવાન શ્રીકૃષ્ણ કહેવા લાગ્યા—

મારૂં આ-સર્વનું નિયામક, સર્વનું ઉત્પાદક, અને સર્વનું સંહારક, જે રૂપ તેં જોયું છે. તે રૂપ તારા સિવાય બીજા કોઇએ પણ દેખવાને શકય નથી. માટે મોટા મોટા દેવો પણ આ વિશ્વ રૂપનું નિરન્તર દર્શન કરવામાં બહુજ આકાંક્ષાવાળા છે. તો પણ તેમનામાં મારી ભકિતના રહિતપણાને લીધેજ મારૂં આવું દર્શન કયારેય પણ તેમને થતુંજ નથી. એ અર્થ છે. ॥૫૨॥

અર્જુન પૂછે છે—કેમ એમ ? તેથી ભગવાન કહે છે—

હે અર્જુન ! જેવો તેં મને જોયો, એવો તો હું વેદાદિકના અભ્યાસથી પણ નથી જોઇ શકાતો, તપ કરવાથી પણ નહિ, દાનના સમૂહોથી પણ નહિ, તેમજ-યજ્ઞાદિકથી

भाष्यम्-

कनिष्ठया, भक्त्या तु-अतिप्रेम्णा तु, एवंविधोऽहम्। तत्त्वेन-यथार्थतः, ज्ञातुं द्रष्टुं प्रवेष्टुं च शक्यः, नान्यैरुपायैः। तथा श्रुतिरप्याह "नायमात्मा प्रवचनेन लभ्यो न मेधया न बहुना श्रुतेन। यमेवैष वृणुते तेन लभ्यस्तस्यैष आत्मा विवृणुते तनुं स्वाम्" इति। स्वां तनुम्-स्वस्वरूपम्, विवृणुते-दर्शयति, शक्य अहमित्यत्रापि सन्ध्यभाव आर्षः॥ ५४॥

ततः सकलवेदान्तसारभूतं रहस्यं त्वं शृण्वित्याह-मत्कर्मकृदिति।

मत्कर्मकृन्मत्परमो मद्भक्तः सङ्गवर्जितः।
निर्वैरः सर्वभूतेषु यः स मामेति पाण्डव !॥ ५५॥

इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे विश्वरूपदर्शननामैकादशोऽध्यायः॥ ११॥

मत्कर्मकृत्—मम कर्माणि करोतीति तथोक्तः, मदर्थमेव सर्वाणि शास्त्राध्ययनादीनि कर्माणि करोतीत्यर्थः। मत्परमः-अहमेव परमः प्राप्योऽर्थो यस्य सः। सङ्गवर्जितः-मद्व्यतिरिक्तेषु मदेकान्तिकभक्तव्यतिरिक्तेषु च सर्वेषु आसक्तिरहितः। सर्वभूतेषु निर्वैरः-द्वेषशून्यः। एवम्भूतो यो मद्भक्तः, सः। हे पाण्डव ! मामेति मामेव प्राप्नोति॥५५॥

इति श्रीमद्भगवद्गीताभाष्ये एकादशोऽध्यायः॥ ११॥

द्वादशोऽध्यायः—

भाष्यम्-

पूर्वमेकादशाध्यायेऽर्जुनाय विश्वरूपम्, निर्गुणेऽक्षरब्रह्मरूपे तेजःपुञ्जे धृतगदाचक्रं द्विभुजरूपं च श्रीहरिणा दर्शितम्।

इदानीं द्वादशाध्याये अक्षरब्रह्मोपासकानां परब्रह्मोपासकानां स्वरूपम्, परब्रह्मोपासकानां श्रेष्ठत्वमेकान्तभक्तिसाधनं चाख्यायते-

द्विविधोपासकानां मध्ये केषां श्रेष्ठत्वं केषां कनिष्ठत्वमिति भगवन्तं पृच्छन्नर्जुन उवाच-एवमिति।

अर्जुन उवाच—

एवं सततयुक्ता ये भक्तास्त्वां पर्युपासते।
ये चाप्यक्षरमव्यक्तं तेषां के योगवित्तमाः ?॥ १॥

શ્લોકાર્થ-

પરન્તુ—હે પરન્તપ અર્જુન ! મારામાં અનન્ય ભક્તિથી તો આવા પ્રકારે જાણવાને, દેખવાને—સાક્ષાત્ કરવાને અને તત્ત્વે કરીને પ્રવેશ કરવા-મારી સાથે પરમ સામ્ય પામવા માટે પણ હું શકય થાઉં છું. ॥૫૪॥

હે પાણ્ડવ ! જે પુરૂષ કેવળ મારે માટેજ સઘળાં કર્મ કરનારો થાય છે. મારા પરાયણ વર્તે છે. મારામાં ભક્તિવાળો હોય છે. સંગ-આસક્તિ વિનાનો હોય છે. અને સર્વભૂત-પ્રાણીમાં વૈર ભાવે રહિત હોય છે. તે પુરૂષ મને પામે છે. ॥૫૫॥

ઇતિ શ્રીમદ્‌ભગવદ્ગીતાસૂપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે શ્રીકૃષ્ણાર્જુન-સંવાદે વિશ્વરૂપદર્શનયોગો નામૈકાદશોઽધ્યાયઃ ॥ ૧૧ ॥

ભાવાર્થ-

પણ હું એવો દેખી શકાતો નથી. જો કે--આ શ્લોક **"न वेदयज्ञाध्ययनैर्न दानैः"** એ શ્લોકથી કહેવાઇ ગયેલા અર્થવાળોજ છે, તો પણ પોતાના આવા દર્શનનું અતિ દુર્લભત્વ કહેવાને માટે ફરીથી કહેવામાં આવ્યો છે. ॥૫૩॥

ત્યારે બીજાઓને આ તમારા રૂપનું દર્શન કઇ રીતે થાય ? એ શંકાના સમાધાનમાં કહેછે-

કામ, ક્રોધ, લોભ અને માન વિગેરે શત્રુઓને પરિતાપ પમાડનારા હે અર્જુન ! મારામાંજ એક નિષ્ઠાવાળી અનન્ય અતિપ્રેમરૂપ ભક્તિથી તો આવા પ્રકારનો હું તત્ત્વથી યથાર્થપણે જાણવાને,દેખવાને અને પ્રવેશ કરવાને પણ શકય થાઉં છુંજ,બીજા ઉપાયોથી નહિ. તેજ પ્રમાણે શ્રુતિ પણ કહે છે-" આ આત્મા--પરમાત્મા કેવળ શાસ્ત્રપ્રવચનથી નથી મળતા, તેમ કેવળ બુદ્ધિથી કે બહુ શાસ્ત્રાભ્યાસ કે શાસ્ત્રશ્રવણથી પણ નથી મળતા, પરન્તુ એ પરમાત્માજ જેને વરે છે-ઇચ્છે છે. તે કૃપાપાત્ર પુરૂષેજ એ મેળવી શકાય છે. અને તેનેજ એ પરમાત્મા પોતાની તનુ-મૂર્તિ બતાવે છે." પોતાની તનુ એટલે પોતાનું સ્વરૂપ બતાવે છે. એ અર્થ છે. ॥૫૪॥

માટે હવે-સકળ વેદાન્તનો સારભૂત પરમ રહસ્યરૂપ અર્થ તું સાંભળ ! એમ કહેછે-

મત્કર્મકૃત્-મારાં કર્મકરનારો, એટલે કે-મારે માટેજ-મને પ્રસન્ન કરવા માટેજ શાસ્ત્રાધ્યયનાદિક સર્વ કર્મને કરનારો જે થાય છે. હુંજ પરમ પ્રાપ્ય-સાધ્ય અર્થ જેને છું. હું અને મારા એકાન્તિક ભકત સત્પુરૂષો સિવાય બાકીના સર્વ મનુષ્યોમાં કે પદાર્થોમાં પણ જે આસક્તિએ રહિત છે. અને સર્વ પ્રાણીમાત્રમાં વૈર-દ્વેષે રહિત જે છે. આવા પ્રકારનો જે મારો ભકત છે, તે હે પાંડુપુત્ર અર્જુન ! મનેજ પામે છે. ॥૫૫॥

ઇતિ પરવિદ્યૈકગોચર-પરભક્તિસમારાધ્ય-ભગવત્સહજાનન્દસ્વામિશિષ્યા-ગ્રગણ્ય-સદ્ગુરૂવર્ય શ્રીગોપાળાનન્દમુનિવિરચિતે શ્રીમદ્ભગવદ્ગીતાભાષ્યે-એકાદશોઽધ્યાયઃ ॥૧૧॥

टीका—

को भवसीति। विशेषजिज्ञासयायं प्रश्नः। सामान्यतो जानात्येव सर्वेश्वरम्, विश्वरूपप्रदर्शनाच्च विराड्रूपम्। ऐश्वर्यप्रकाशकादिदमति भयानकं रूपं पश्यतः को भवानिति भवति विशेषप्रश्नावसरः। किमर्थं चेदमिति। मया तु तव पारमैश्वर्यप्रकाशकं रूपं दिदृक्षितम्। संहाररूपप्रदर्शने किं प्रयोजनमिति प्रयोजनजिज्ञासा ॥ ३१ ॥

लोकक्षयकृदिति। अत्र लोकशब्दो न सर्वलोकपरः। अप्रकृतो ह्ययमंशः। तत्—प्रकृतानुगुणमर्थमाह—अधर्मिण इति। प्रत्यनीकशब्दस्य शत्रुसैन्यपरताभ्रमं व्यावर्तयन् व्याचष्टे—अनीकान्यनीकानि प्रतीति। न केवलं प्रतिपक्षसैन्ये, किन्तु—तवापि सैन्ये इति भावः ॥ ३२ ॥

ननु—चेत्त्वया निहताः, कथमिमे जीवन्ति? तत्राह—हतप्रायाः, मरणोन्मुखा इति यावत् ॥ ३३–३४ ॥

वेपमानः–भयानकदिव्यरूपदर्शनजनितभयेन कम्पमानः सन्। प्रणम्येत्यस्य नमस्कृत्येत्यनेन गतार्थतां व्यावर्तयन् व्याचष्टे—नम्रो भूत्वेति ॥ ३५–३६ ॥

स्वभावतः स्वरूपतश्चानन्त्यं विवक्षितमित्यभिप्रेत्य व्याचष्टे—गुणैश्वर्यादीनामित्यादिना। व्यापनशक्त्येत्येतत् स्वरूपत आनन्त्यपरम्। यत् सत्, यच्च सत्, ताभ्यां यत् परम्, अक्षरम्, तत्त्वमसीत्यन्वयमभिप्रेत्य व्याचष्टे—सदसदित्यादिना।

अयम्भावः–अवरो वरं नमस्यतीति नैसर्गिकमेतत्। त्वमसि ब्रह्मणोऽपि गरीयान्, कस्माद्ब्रह्मादयो न नमेरन्?। त्वमसि ब्रह्मणोऽप्यादिकर्ता, त्वया सृज्यमानाः स्रष्टारं त्वां कस्माच्च नमेरन्?। त्वमस्यनन्तः, एते तु सान्ताः, कुत एते न नमेरन्?। त्वमसि देवानामपीशः, ईशं त्वामीशितव्याः कुतो न नमेरन्?। त्वमसि जगतां निवासः, स्वनिवासं त्वां कुतो न नमेरन्?। त्वमक्षरम्, एते तु क्षराः, कुतो न नमेरन्?। त्वमसि सदसद्भ्यां परः, एते तु सदसदन्तर्गताः कुतो न नमेरन्निति ॥ ३७ ॥

परमित्यस्य लिङ्गविपरिणामेन वेत्तेत्यनेनाप्यन्वयो बोध्यः, परो वेत्ता, परं वेद्यम्, परं च धाम त्वमसि। त्वमसि परो वेत्ता–सर्वं सर्वदा युगपत् साक्षात्करोषि हि त्वम्। सर्वस्यान्तरात्मतया स्थित्वा सर्वं शुभाशुभं कर्मजातं वेत्ति भवान्, अतः परो वेत्ता त्वमेव। परं वेद्यं त्वमेव, यस्मिन् विदिते सर्वमिदं विदितं भवति। परं च धाम, मुक्तप्राप्यतया च परं प्राप्यं त्वमसि ॥ ३८–४० ॥

अनादरेण वचनमिति। सर्वेश्वरस्य सन्निधौ हि सर्वतो विनम्रेणावसरप्रतीक्षेण च स्थेयम्। मया तु हे कृष्णेति नामग्रहणपूर्वकमभिमुखीकरणाय हे इति अनादरगर्भः सम्बोधननिर्देशः कृतः, तथा हे यादवेति कुलतो निर्देशः, हे सखे! इति सवयस्यभावज्ञापको निर्देशः, सर्वोऽयमनादरपूर्वकः, तत् क्षन्तव्यमिति यावत्।

तत्समक्षमिति। रहसि सदसि वेत्येतत् ॥ ४१–४२ ॥

लोकत्रयशब्दस्य येयं त्रिलोकी—मनुष्यलोकतदूर्ध्वाधोलोकलक्षणा सृज्यभूता, तत्परत्वे नातीवोत्कर्षः प्रतिपादितः स्यादतो व्याचष्टे–अपरिमितानामित्यादिना ॥ ४३ ॥

प्रकर्षेण नमनं कृत्वेति। दण्डवत् प्रणम्येत्येतत्। नमनेष्वयमेव प्रकारः प्रकृष्टः, तदुच्यते प्रणम्येति ॥ ४४–४५ ॥

टीका-

स्वारस्यमभिप्रेत्य व्याचष्टे--वस्तुत इति ॥ ४६ ॥

ननु-त्वदन्येन न दृष्टपूर्वमित्यनुपपन्नम्, बहुभिर्भक्तैः दृष्टपूर्वमेव हि भवेदित्याशङ्कामपनुदन् व्याचष्टे-त्वत्-त्वादृशादिति ॥ ४७ ॥

न यज्ञानां क्रियास्वरूपाणामध्ययनं घटेत, तत् यज्ञावबोधकानामध्ययनैरिति वक्तव्यम्। वेद एव तु यज्ञावबोधक इति किं वेदाध्ययनादन्यद्यज्ञावबोधकाध्ययनम्? अतो व्याचष्टे-कल्पसूत्रादिरूपेति ॥ ४८ ॥

पूर्वरूपमेवेति। अनुभूतपूर्वमेवेत्यर्थः ॥ ४९-५० ॥

शान्तिकरमिति। दर्शनमात्रेण सर्वसन्तापहरं सकलेन्द्रियाह्लादकमिति यावत्। मानुषसजातीयसंस्थानसंस्थितमिति। संस्थानमात्रेण मानुषसजातीयमिति यावत्। पूर्वं नायं विचेता अभूत्, न चेदानीं सचेता भवति। यावत् प्राणास्तावत् चेतोऽनुवर्तत एव, अतो लाक्षणिकमर्थमाह-अव्याकुलेति ॥ ५१-५३ ॥

बाह्यशत्रव इवाभ्यन्तरशत्रवोऽप्यत्र परशब्देन विवक्षिता इत्यभिप्रायेण व्याचष्टे-परानित्यनेन। मदेकनिष्ठयेति। मय्येकस्मिन् निष्ठा यस्या भक्तेः, निष्कामया भक्त्येति यावत्। सकामानां भक्तिर्हि फले प्रतितिष्ठति। व्यवहितस्यापि तत्त्वेनेत्यस्य ज्ञातुमित्यनेनान्वयमभिप्रेत्य व्याचष्टे-तत्त्वतो ज्ञातुमिति। तत्त्वतो ज्ञानं विना दर्शनस्यानुपपत्तेः। ज्ञानं चेदं केवलपरोक्षात् शास्त्राभ्यासजन्याद्विलक्षणं ततः प्रकृष्टं बोध्यम्। सदुपदेशात् शास्त्रतो मां सर्वेश्वरं सर्वकल्याणनिलयमवगत्य यः परां प्रीतिं मयि कुरुते, तस्याहं स्वस्वरूपं सविभूतिकं यथा त्वं द्रष्टवानसि, तथा स्मृतिपथे प्रकाशयामि, तदा मां तत्त्वतो विजानाति। अनेन विशदावभासलक्षणेन विज्ञानेन भवति तस्य मदीयदिव्यरूपसाक्षात्कारः। अयमेव दर्शनसमानाकारो विशदावभासः, ततश्च मत्प्राप्तिः। तदहमनन्यया भक्त्या तत्त्वतो ज्ञातुं द्रष्टुं प्रवेष्टुं च शक्य इति भावः। भक्त्यैव तत्त्वतो विज्ञानमित्यत्र श्रुतिं प्रमाणं दर्शयति-तथा श्रुतिरप्याहेति। केवलेन-प्रीतिरहितेन श्रवणेन मननेन ध्यानेन च नायं परमात्मा लभ्यः। यं वृणुते तस्यैव स्वस्वरूपं प्रकाशयति। कं वृणुयात्? प्रीतिपात्रं यः, कः प्रीतिपात्रम्? यः प्रीतिं स्वस्मिन् कुर्यात्। तत् सिद्धं परया प्रीत्या यः स्मरति, तस्य परमात्मा स्वस्वरूपं प्रकाशयतीति ॥ ५४ ॥

शास्त्राध्ययनादीनीति। आदिशब्देन शास्त्रविहितानां कर्मणां सङ्ग्रहः। यद्यपि भजते मामार्तो जिज्ञासुरर्थार्थी च, स न मदर्थं कर्माणि करोति। किन्तु-कामाय कस्मैचित्। तथा न स मत्परमः—फलपरः, स्वात्मलाभपरश्च। मदर्थमेव सर्वाणि कर्माणि यः करोति, मदेकपरमश्च, सोऽयमेकान्तिकभक्तः। स हि सर्वं मदात्मकमेव पश्यन् भवति निःसङ्गो निर्वैरश्च। मत्तः पृथग्भूतं स्वतन्त्रं वस्तु पश्यतो हि भवति क्वचित् सङ्गः, क्वचिद्वैरं च। स मामवश्यमेत्येवेति भावः ॥ ५५ ॥

इति श्रीमद्भगवद्गीताभाष्यटीकायां गीतागूढार्थदीपिकायामेकादशोऽध्यायः ॥ ११ ॥

भाष्यम्-

एवम्—"मत्कर्मकृन्मत्परमः" इत्याद्युक्तरीत्या, सततयुक्ताः-निरन्तरं त्वत्स्वरूपसंलग्नाः, ये भक्ताः। त्वाम्—सौन्दर्यसौशील्यवात्सल्यसत्यसङ्कल्पत्वादिगुणगणार्णवं भवन्तम्, पर्युपासते-सम्यग्भजन्ते। ये च, अव्यक्तम्-चक्षुरादिप्राकृतकरणैर्न व्यज्यते न प्रकाश्यते न दृश्यते इत्यव्यक्तम्, अक्षरम् निरवयवं ब्रह्म, पर्युपासते भजन्ते। अपि—एव। तेषां मध्ये के योगवित्तमाः? अतिशयेन योगविदो योगवित्तमाः, अतिश्रेष्ठाः के? इत्यर्थः॥ १॥

एवमर्जुनेन पृष्टो भगवानाह—मयीति।

श्री भगवानुवाच—

मय्यावेश्य मनो ये मां नित्ययुक्ता उपासते।
श्रद्धया परयोपेतास्ते मे युक्ततमा मताः॥ २॥

मयि—प्रत्यक्षपुरुषोत्तमे। अतिप्रेम्णा मनः आवेश्य-सम्यक्प्रवेश्य, परया श्रेष्ठया श्रद्धया, उपेताः—संयुक्ताः, नित्ययुक्ताः—सततमत्संयोगापेक्षासहिताः सन्तः, ये माम्—निरवधिकातिशयानन्दम्, उपासते। ते युक्ततमाः-अतिशयेन योग्या मे मया-मताः॥२॥

इदानीमक्षरनिष्ठानां तत्प्राप्त्युपाये क्लेशाधिक्यं तत्स्वरूपं चाह त्रिभिः-

ये त्वक्षरमनिर्देश्यमव्यक्तं पर्युपासते।
सर्वत्रगमचिन्त्यं च कूटस्थमचलं ध्रुवम्॥
सन्नियम्येन्द्रियग्रामं सर्वत्र समबुद्धयः।
ते प्राप्नुवन्ति मामेव सर्वभूतहिते रताः॥
क्लेशोऽधिकतरस्तेषामव्यक्तासक्तचेतसाम्
अव्यक्ता हि गतिर्दुःखं देहवद्भिरवाप्यते॥ ३–५॥

ये इति। ये तु जनाः, अक्षरं पर्युपासते। तदक्षरं कथम्भूतम्? तदाह-अव्यक्तम्-प्राकृतकरणैरनभिव्यक्तस्वरूपम्। अत एव अनिर्देश्यम्-प्राकृतपदार्थैः समतया निर्देष्टुं व्यपदेष्टुं न शक्यम्। अत एव अचिन्त्यम्—प्राकृतकरणैः चिन्तितुमनर्हम्। सर्वत्रगम्—सर्वत्र

દ્વાદશોઽધ્યાયઃ-
શ્લોકાર્થ—

અર્જુન કહે છે-જે અનન્ય ભકતજન આ પૂર્વે કહ્યું એ પ્રકારે નિરન્તર આપના ભજન-ધ્યાનમાં સંલગ્ન રહીને આપની ઉપાસના કરે છે. અને જે બીજાઓ અવ્યકત અક્ષરની ઉપાસના કરે છે. આ બે પ્રકારના ઉપાસકોમાં અતિ ઉત્તમ યોગવેત્તા કોણ છે? ॥૧॥

શ્રી ભગવાન કહે છે-મારામાંજ મનને એકાગ્ર કરીને જે ભકતજનો મારામાંજ નિત્યયુકત થઇને મારી ઉપાસના કરેછે.અને મારામાંજ જેઓ પરમ દૃઢ શ્રદ્ધાએ યુક્તછે. તેજ મારા ભકતોમાં અતિ યુકત-યોગ્યતાવાળા શ્રેષ્ઠ માનેલા છે. ॥૨॥

દ્વાદશોઽધ્યાયઃ—
ભાવાર્થ—

પૂર્વે અગીઆરમા અધ્યાયમાં અર્જુનને વિશ્વરૂપ અને નિર્ગુણ અક્ષર-બ્રહ્માત્મક તેજના સમૂહમાં ગદા અને ચક્ર ધારી રહેલું એવું દ્વિભુજ રૂપ ભગવાન શ્રીહરિએ બતાવ્યું.

હવે—બારમા અધ્યાયમાં અક્ષર-બ્રહ્મના ઉપાસકોનું સ્વરૂપ અને પર-બ્રહ્મના-પોતાના ઉપાસકોનું સ્વરૂપ અને તેમાં પર-બ્રહ્મના ઉપાસકોનું શ્રેષ્ઠત્વ અને એકાન્ત-ભકિતરૂપ સાધન, તે કહેવામાં આવે છે—

ઉપર કહ્યા એમ એ બન્ને પ્રકારના ઉપાસકોના મધ્યે કોનું શ્રેષ્ઠપણું છે. અને કોનું કનિષ્ઠપણું છે. એમ ભગવાનના પ્રત્યે પૂછતાં અર્જુન કહેવા લાગ્યો—

અર્જુન પૂછે છે-આ પ્રમાણે એટલે કે-"મારૂંજ કામ કરનારો અને મનેજ પ્રધાન રાખનારો" ઇત્યાદિક વચનોથી કહેવા પ્રમાણે નિન્તર તમારા સ્વરૂપમાંજ સંલગ્ન રહેનારા એવા જે તમારા ભકતો, સૌન્દર્ય, સૌશીલ્ય, વાત્સલ્ય, અને સત્યસંકલ્પત્વાદિક ગુણ-ગણોના મહાસાગર-સમા આપને સારી રીતે યથાર્થ સમઝીને ભજે છે.

અને જે તો ચક્ષુ આદિક માયિક પ્રાકૃત કરણોથી જે જોવા વિગેરેરૂપ પ્રકાશમાં આવતું નથી એવું અવ્યકત અક્ષર-નિરવયવ બ્રહ્મને ઉપાસેછે-ભજેછે. તો આ બે પ્રકારના ભકતોમાં યથાર્થ યોગ જાણનારાઓ અતિ શ્રેષ્ઠ યોગવિત્ કોણ છે ? ॥૧॥

આ પ્રમાણે અર્જુને પૂછેલા ભગવાન કહે છે--

પ્રત્યક્ષ પુરૂષોત્તમ એવા મારે વિષે અતિ પ્રેમથી મનને સમ્યક્-પ્રકારે પ્રવેશ કરાવીને, પરમ શ્રેષ્ઠ શ્રદ્ધાએ યુકત થઇને, અખંડ મારા સમ્બન્ધની અપેક્ષાએ સહિત થકા, જે જનો નિરવધિકાતિશય-આનન્દમય એવા મને ઉપાસે છે. તે ભકતજનોજ અતિશયપણે યોગ્ય છે. એમ મેં માનેલા છે. અર્થાત્ એજ સર્વશ્રેષ્ઠ છે. ॥૨॥

હવે-અક્ષરમાં નિષ્ઠાવાળાઓને તે અક્ષરને પ્રાપ્ત કરવાના ઉપાયમાં કલેશની અધિકતા અને તે અક્ષરના ભકતનું સ્વરૂપ તેને પણ ત્રણ શ્લોકથી કહે છે--

જે જનો તો અક્ષરનુંજ પૂરે-પૂરી રીતે ઉપાસન કરે છે, તે અક્ષર કેવું છે ? તે કહી બતાવે છે-**અવ્યકત**-પ્રાકૃત માયિક ઇન્દ્રિયો અન્તઃકરણથી જેનું સ્વરૂપ

भाष्यम्—

व्याप्य स्थितम्। कूटस्थम्–विकारशून्यम्। अचलम्–निश्चलम्, स्थिरमिति यावत्। ध्रुवम्—नित्यम्। एवम्भूतमक्षरं पर्युपासत इति॥

सन्नियम्येति। ते—अक्षरब्रह्मोपासकाः, माम्—मद्धामभूतमक्षरं ब्रह्मैव प्राप्नुवन्ति। ते कथम्भूताः? इन्द्रियग्रामम्–इन्द्रियकलापम्, सन्नियम्य–प्रत्याहृत्य स्थिताः। अत एव सर्वत्र समबुद्धयः–सर्वेषु देवादिभूतभेदेषु ज्ञानैकघनात्मसाम्यदृष्टयः बुद्धयो येषां ते। सर्वभूतहिते रताः—समग्रजन्तूनां हिते उपकारे रताः सक्ताः, एवम्भूता अक्षरनिष्ठा मामेव यान्ति। अक्षरं हि ममैव धाम, तदुच्यते-मामिति। तेषां क्लेशवत्त्वं दर्शयति–क्लेश इति। अव्यक्तासक्तचेतसाम्–इन्द्रियागोचराक्षरासक्तिसंयुक्तचित्तानाम्। तेषाम्—अक्षरोपासकानाम्, अधिकतरः—अतिशयाधिकः, क्लेशः—अक्षरप्राप्तिसाधने कष्टमस्ति। कुत इति चेत्तत्राह—हि यतः। अव्यक्ता—इन्द्रियागोचरा, गतिः–बुद्धिमनसोरक्षरस्वरूपे ज्ञानस्थितिः। देहवद्भिः–शरीरसंयुक्तैः, दुःखं यथा भवति तथा अवाप्यते—दुःखेनैव प्राप्यते इत्यर्थः॥३–५॥

मदुपासकानां मद्भक्तानां तु सुखेन मत्प्राप्तिरित्याह द्वाभ्याम्—

ये तु सर्वाणि कर्माणि मयि सन्न्यस्य मत्पराः।
अनन्येनैव योगेन मां ध्यायन्त उपासते॥
तेषामहं समुद्धर्ता मृत्युसंसारसागरात्।
भवामि न चिरात् पार्थ! मय्यावेशितचेतसाम्॥६–७॥

ये त्विति। तुशब्द उक्ताद्वैलक्षण्यं द्योतयति। ये पुरुषाः, मयि–"यस्मात्क्षरमतीतोऽहमक्षरादपि चोत्तमः" इत्युक्ते प्रत्यक्षपुरुषोत्तमे। सर्वाणि कर्माणि, सन्न्यस्य–समर्प्य, मत्पराः–अहं सर्वनियन्ता सर्वेश्वरो भगवान् पुरुषोत्तम एव परः—अत्यन्तप्रीतिविषयो येषां ते। मय्येवासक्ता इत्यर्थः। ध्यायन्तः—मम जन्मकर्मगुणान् चिन्तयन्तः सन्तः। अनन्येन–नास्ति मां विना अन्यदालम्बनं यस्मिंस्तेन, तथाभूतेन योगेन–भक्तियोगेन। माम्–भगवन्तं सर्वसौन्दर्यसारनिधानमानन्दघनमूर्तिं द्विभुजं पुरुषोत्तममुपासते॥

શ્લોકાર્થ-

અને જે જનો તો ઇન્દ્રિયોના સમૂહને રૂડે પ્રકારે વશમાં કરીને, નિર્દેશ ન કરી શકાય એવું અને તેથીજ અવ્યકત, એવા કૂટસ્થ, અચળ, અવિનાશી, અક્ષર-બ્રહ્મને ઉપાસેછે. અને સર્વત્ર સમ બુદ્ધિ રાખનારા છે. અને સર્વ ભૂત-પ્રાણીમાત્રનું હિત કરવામાંજ રાચનારા છે.તો તેઓ પણ મનેજ પામે છે. ॥૩-૪॥

પરન્તુ-અવ્યકત અક્ષર-બ્રહ્મમાં આસકત ચિત્તવાળા તે અક્ષરના ઉપાસકોને અતિ અધિક કલેશ સહેવો પડે છે. અને દેહધારીઓએ આખરે દુઃખપૂર્વકજ તે અવ્યકત ગતિ પ્રાપ્ત કરાય છે. ॥ ૫ ॥

પણ જે જનો તો મત્પરાયણ થઇને સર્વ કર્મ મારામાંજ સમર્પણ કરીને અનન્ય-એકાન્તિક ભકિતયોગથી મારૂંજ ધ્યાન કરતાં મારીજ ઉપાસના કરેછે.

તો હે પાર્થ ! એ મારામાંજ ચિત્ત પરોવનારા મારા પ્રેમી એકાન્તિક ભકતોનો હું થોડાજ સમયમાં મૃત્યુરૂપ સંસાર-સાગરથી ઉદ્ધાર કરનારો થાઉં છું. ॥૬-૭॥

ભાવાર્થ-

અભિવ્યકત થતું નથી અને તેથીજ એ **અનિર્દેશ્ય**-"એ આવુંજ છે" એમ પ્રાકૃત પદાર્થોની સાથે સરખામણી કરીને બતાવી કે કહી શકાય એવું નથી. અને તેથીજ એ **અચિન્ત્ય**-માયિક અન્તઃકરણથી ચિન્તવન કરી શકાય એવું નથી. અને એ સર્વત્ર વ્યાપીને રહેલું છે. **કૂટસ્થ**-વિકારે રહિત સર્વથા નિર્વિકાર છે. અને **અચળ** સદાય એક સ્થિતિમાં સ્થિર છે. **ધ્રુવ**-નિત્ય અવિનાશી છે. આવા અક્ષરને ઉપાસેછે. એ અર્થછે.

તે અક્ષર-બ્રહ્મની ઉપાસના કરનારાઓ, મને, એટલે કે-મારા ધામભૂત અક્ષર-બ્રહ્મનેજ પામે છે. તે અક્ષરના ઉપાસકો કેવા છે ? તો-પોતાનાં ઇન્દ્રિયોના સમૂહને વિષયો થકી પાછાં વાળીને નિયમમાં કરીને રહેલા અને એથીજ સર્વત્ર સમ બુદ્ધિવાળા, એટલે કે-સર્વ દેવાદિક ભિન્ન ભિન્ન રૂપે રહેલાં ભૂતોમાં જ્ઞાનૈકઘન આત્માઓમાં સમ-દૃષ્ટિએ યુકત બુદ્ધિઓ જેમની છે એવા અને સમગ્ર પ્રાણીમાત્રના હિત કરવારૂપ પરોપકારમાં પ્રીતિવાળા, આવા પ્રકારના અક્ષરમાં નિષ્ઠાવાળા ભકતો મનેજ પામે છે. અને અક્ષર એ મારૂંજ ધામ છે. તેથીજ કહે છે કે-મનેજ પામે છે. પણ તેઓને કલેશ પડે છે. તે કહી બતાવે છે-ઇન્દ્રિયોને અગોચર એવા અક્ષર-બ્રહ્મમાં આસકિતએ યુકત ચિત્તવાળા તે અક્ષરોપાસકોને તે અક્ષરપ્રાપ્તિના સાધનમાં અતિશય મોટો કલેશ પડે છે. શાથી ? તો કે-અવ્યકત એટલે ઇન્દ્રિયોને અગોચર એવી ગતિ જે-બુદ્ધિ અને મનની અક્ષર સ્વરૂપમાં જ્ઞાને કરીને સ્થિતિ, તે દેહધારીઓએ ઘણા કષ્ટથીજ પ્રાપ્ત કરાય છે. એ અભિપ્રાય છે ॥૩-૫॥

અને મારી ઉપાસના કરનારા મારા ભકતોને તો સુખે કરીને મારી પ્રાપ્તિ થાય છે. એમ બે શ્લોકથી કહે છે--

તુ-શબ્દ પ્રથમ કહેલાથી વિલક્ષણતાને જણાવે છે. જે પુરૂષો તો મારામાં-"જે કારણથી હું ક્ષરને અતિક્રમણ કરીને રહેલો છું અને અક્ષરથી પણ ઉત્તમ છું." એ

भाष्यम्–

अक्षरभक्तेभ्यः स्वभक्तानां युक्ततमत्वं दर्शयन्नाह–तेषामिति। भोः पार्थ! मयि–यथोदिते पुरुषोत्तमे, आवेशितचेतसाम्–आवेशितं सम्यक्तया प्रवेशितं चेतो यैस्तेषाम्। मृत्युसंसारसागरात्–मृत्युभूतश्चासौ संसारसागरश्च तस्मात्, अहं न चिरात्–स्वल्पकालेनैव, समुद्धर्ता—सम्यगुद्धारकर्ता भवामि॥ ६–७॥

मदेकनिष्ठानां यस्मादहमचिरात् समुद्धर्ता, तस्मात्त्वं मदेकनिष्ठो भवेत्याह–मय्येवेति।

मय्येव मन आधत्स्व मयि बुद्धिं निवेशय!।
निवसिष्यसि मय्येव अत ऊर्ध्वं न संशयः॥ ८॥

मनः–अन्यत्र रममाणं मानसम्, मय्येव आधत्स्व–निश्चलत्वेन स्थापय। बुद्धिं मयि निवेशय—श्रीकृष्ण एव मम गुरुरिष्टोऽभीष्टश्च परमप्राप्यश्च, स एव मम सर्वस्वमिति बुद्ध्या निश्चयं कुर्वित्यर्थः। अतः–मयि बुद्धिमनःप्रवेशादूर्ध्वम्, मय्येव निवसिष्यसि–निवासं प्राप्स्यसि। न संशयः–अत्र सन्देहो नास्ति॥ ८॥

चित्तचाञ्चल्यनिवारणे सुकरं साधनं वदति—अथेति।

अथ चित्तं समाधातुं न शक्नोषि मयि स्थिरम्।
अभ्यासयोगेन ततो मामिच्छाप्तुं धनञ्जय!॥ ९॥

हे धनञ्जय! अथ–अथवा, चित्तं मयि स्थिरं यथा स्यात्तथा समाधातुं सम्यक्स्थापयितुं त्वं न शक्नोषि न समर्थोऽसि चेत्ततस्तर्हि, अभ्यासयोगेन–अभ्यासो मदीयजन्मकर्मगुणानां पुनः पुनः श्रवणकीर्तनस्मरणकरणं स एव योगस्तेन। माम्, आप्तुं प्राप्तुमिच्छ!–यतस्व! अनेनोपायेन मयि बुद्धिमनसोः स्थिरत्वं प्राप्य निवत्स्यसीत्यभिप्रायः॥

एतत्करणे तवासामर्थ्यं चेत्तर्ह्युपायान्तरं वदामीत्याह–अभ्यासे इति।

अभ्यासेऽप्यसमर्थोऽसि मत्कर्मपरमो भव!।
मदर्थमपि कर्माणि कुर्वन् सिद्धिमवाप्स्यसि॥ १०॥

अभ्यासे–उक्तविधेऽभ्यासयोगेऽपि, त्वमसमर्थोऽसि चेत्तर्हि। मत्कर्मपरमो भव!—मम मन्दिरनिर्माणारामनिर्माणकुसुमानयन-

શ્લોકાર્થ-

માટે તું મારામાંજ મન લગાવી દે ! મારામાંજ બુદ્ધિ પરોવી દે ! હવે પછી તું મારામાંજ નિવાસ પામીશ. આ વાતમાં કાંઇ સંશય ન કરીશ. ॥૮॥

અને જો તું મારામાં સ્થિર ચિત્ત રાખીને ઘણો સમય ધ્યાન કરવા સમર્થ ન થતો હોય, તો હે ધનંજય ! અભ્યાસ-યોગથી તું મને પામવાને ઇચ્છા રાખ ! ॥ ૯ ॥

એવો અભ્યાસ કરવામાં પણ તું અસમર્થ હોય તો કેવળ મારે માટેજ કર્મ કરવામાં પરાયણ થઇ જા! મારે માટેજ કર્મ કરતાં કરતાં પણ મારી પ્રાપ્તિરૂપ સિદ્ધિને પામીશ.॥૧૦॥

ભાવાર્થ-

વાકયથી કહેલા પ્રત્યક્ષ પુરૂષોત્તમને વિષે સર્વ કર્મ સમર્પણ કરીને, હું સર્વનિયન્તા સર્વેશ્વર ભગવાન પુરૂષોત્તમજ જેમને અત્યન્ત પ્રધાનપણે પ્રીતિનો વિષય છું, અર્થાત્-સર્વથા મારામાંજ આસકત રહેનારા. અને મારાં જન્મ, કર્મ અને મારા ગુણોનુંજ અખંડ ચિન્તવન કરતાં કરતાં મારા સિવાય બીજું આલમ્બનજ જેમાં નથી એવા અનન્ય યોગ એટલે ભકિતયોગથી મને-સર્વ સૌન્દર્યના સારના નિધાનરૂપ અને આનન્દઘનમૂર્તિ એવા દ્વિભુજમૂર્તિ ભગવાન પુરૂષોત્તમને ઉપાસે છે.

વળી-અક્ષરના ભકતો કરતાં પોતાના ભકતોનું અતિ યોગ્યપણું કહી બતાવે છે-

હે પાર્થ ! ઉપર કહ્યા એવા મારે પુરૂષોત્તમને વિષે સમ્યકૃપણે જેમણે પોતાનું ચિત્ત પ્રવેશ કરાવ્યું છે. એવા તે મારા ભકતોનો મૃત્યુની પરમ્પરારૂપ સંસાર-સાગર થકી હું સ્વલ્પ સમયે કરીનેજ સર્વ પ્રકારે ઉદ્ધાર કરનારો થાઉં છું. ॥૬-૭॥

આ પ્રમાણે મારામાંજ એક-અનન્ય નિષ્ઠાવાળા મારા ભકતોનો હું સ્વલ્પ સમયમાં ઉદ્ધાર કરનારો છું. તેથી તું પણ મારામાંજ એક-અનન્ય નિષ્ઠાવાળો મારોજ ભકત થા ! એમ કહી સમઝાવે છે-

બીજે વિષયાદિકમાં રમતું-ભમતું મન એક મારામાંજ નિશ્ચળપણે સ્થાપન કર ! બુદ્ધિને પણ મારામાંજ જોડી દે ! એટલે કે-શ્રીકૃષ્ણ પરમાત્મા એજ મારા ગુરૂ, ઇષ્ટ, અભીષ્ટ અને પરમ પ્રાપ્ય પણ એજછે, એમ તે શ્રીકૃષ્ણજ મારૂં સર્વસ્વ છે. એવી બુદ્ધિથી મારો નિશ્ચય કર! એ અર્થ છે. અને આ પ્રમાણે મારામાંજ બુદ્ધિનો અને મનનો પ્રવેશ થયા પછી તું મારા સ્વરૂપમાંજ સર્વથા નિવાસ પામીશ. આ વાતમાં સન્દેહજ નથી.॥૮॥

હવે-ચિત્તની ચંચળતા નિવારણ કરવામાં સહેલો ઉપાય કહી બતાવે છે-

હે ધનંજય ! અને જો તારૂં ચિત્ત મારામાં સ્થિર રાખીને સમ્યક્ પ્રકારે સ્થાપન કરવાને તું સમર્થ ન થતો હોય, અર્થાત્ એ પ્રમાણે જો ન બની શકે તો, અભ્યાસ-યોગથી, એટલે કે—મારાં જન્મ, કર્મ અને ગુણોનું વારંવાર શ્રવણ, કીર્તન અને સ્મરણ કર્યા કરવું તે રૂપ અભ્યાસયોગથી, મને પામવાનો પ્રયત્ન કર ! અને આવો ઉપાય કરવાથી મારા સ્વરૂપમાં બુદ્ધિ અને મનની સ્થિરતા પ્રાપ્ત કરીને તું મારામાંજ નિવાસ પામીશ. એ અભિપ્રાય છે. ॥૯॥

द्वादशोऽध्यायः—

टीका-

पूर्वमक्षरब्रह्मोपासनाप्युक्ता, भक्तिनिष्ठाप्युक्ता, जरामरणविमोक्षः फलमविशिष्टमुभयत्र। अथैवमक्षरनिष्ठस्य, भक्तिनिष्ठस्य च किं तौल्यम्? अथास्ति विशेषः? विशेषश्चेत् स कः? इति जिज्ञासयार्जुनः पृच्छति-एवमित्यादिना। तदिदमभिप्रेत्यावतारयति-इदानीमित्यादिना। अनेनाध्यायार्थः संक्षिप्योक्तो भवति।

स्वरूपमिति। "ये त्वक्षरम्" इत्यादिनाक्षरोपासनाप्रकारः, "ये तु सर्वाणि कर्माणी" त्यादिना परब्रह्मोपासनालक्षणभक्तिप्रकारश्चोच्यते। भक्तानां श्रैष्ठ्यम्—"मय्यावेश्ये" त्यनेनोच्यते। इत्यध्यायार्थसंग्रहः ॥ १ ॥

मयि मनस आवेशनं न बलात्, अपि तु प्रेमातिशयेनेत्याह-अतिप्रेम्णेति। नित्ययोगस्य साधनपर्वण्यसिद्धेर्व्याचष्टे-सततमत्संयोगेति। अक्षरोपासकात् साक्षान्मदुपापासका युक्ततमा इति मे मतम् ॥ २ ॥

सर्वथा अगोचरत्वे प्रमाणानामप्यभूमित्वापातेन तुच्छता स्यादिति व्याचष्टे-प्राकृतेति। प्राकृतपदार्थैरिति। सर्वत्र व्याप्येति। चिदचिन्मिश्रं समग्रं जगत् व्याप्य वर्तते इति यावत्। विकारशून्यमिति। व्याप्यवस्तुगतविकारादिदोषासंस्पृष्टमिति।

अयम्भावः—यद्धि चक्षुरादिभिर्व्यज्यते, तदेव हि निर्दिश्यते इदमित्थमिति रूपवर्णाकृत्यादिभिः। इदन्तु अक्षरम्, यस्मान्न व्यज्यते चक्षुरादिभिरत एवानिर्देश्यम्। नापि लिङ्गेन केनापि कार्येण कारणमिव, रथगत्येव सारथिरिव, चिन्तयितुं शक्यते। यदिदं क्षेत्रज्ञादपि परम्, तदचिन्त्यम्,। न च सर्वतोऽस्मादत्यन्तं व्यवहितम्, किन्तु सर्वगम्। सर्वगमपि व्याप्यवस्तुगतविकारक्रियानाशादिक्षरभावशून्यम्, तदेतदक्षरं ये उपासते, ते मामेवाप्नुवन्तीति ॥

उपासनं चास्य व्यापृतेन्द्रियाणां नैव घटेत, तदाह-सन्नियम्येति। प्रत्याहृत्येति। विषयेभ्यः प्रत्याहृत्येत्यर्थः। सर्वेष्विति। विषमेष्वपि देवादिपिण्डभेदेषु तेषामन्तरवस्थितमात्मानमस्पृष्टदेवादिभेदं ज्ञानैकघनमविषमं पश्यन्त इति यावत्। तदुच्यते--मामेव यान्तीति। यद्यपि—येऽक्षरमुपासते, तेऽक्षरं प्राप्नुवन्ति। अथापि न तदत्यन्तं मत्तो भिन्नम्—मत्तो व्यवहितम्। ममैव हि धाम, तन्मामेव यान्तीत्युक्तं युक्तमिति भावः ॥

मम धाम प्राप्यापि न मां पुरुषोत्तमं साक्षात् प्राप्नुवन्तीति यद्यप्यस्ति फलांशेऽपि न्यूनता। तथा साधनवेलायामप्यस्ति क्लेश इत्याह-क्लेशोऽधिकतर इति। देहवद्भिरिति।

अयम्भावः— अनादिकालानुस्यूतदेहात्मवासनावद्भिः पुरुषैः परमात्मप्रसादमन्तरा प्रकृतिविलक्षणगुणत्रयातीताव्यक्तब्रह्मस्वरूपचिन्तनं क्लेशैकसम्पाद्यम्। मम तु पुरुषोत्तमस्य दिव्याकृतेः सकलकल्याणगुणनिकरस्य सर्वेश्वरस्य लोकानुग्रहाय तदा तदा प्रादुर्भवतः प्रणवगर्भं स्मरणं सुशकं देहवतामपीति भावः। इदमेव सौकर्यमनुपदं वक्ष्यति-ये त्विति। इति ॥ ३-५ ॥

मय्यासक्ता इत्यर्थ इति। आसक्तिः फल एव स्वरसतः समुदेति। तेन-अहमेव प्राप्यो येषां ते मत्परा इति गम्यते। "मां ध्यायन्त उपासते" इत्यत्र मामित्यस्य ध्यानक्रियायामुपासनक्रियायां चान्वयेऽनर्थान्तरता स्यादित्यतो व्याचष्टे-ध्यायन्त इत्यादिना चिन्तयन्त इत्यन्तेन।

टीका-

अयम्भावः— बहवः कर्माणि विविधानि कुर्वन्ति तत्तत्फलपराः, ये तु नित्यं वा नैमित्तिकं वा अन्यद्वा लौकिकं सर्वाण्येतानि मय्येव सन्न्यस्य मदेकप्रीणनाय कुर्वन्ति। कुतः ? मत्परा हि ते, न ह्यन्यपराः। योगोऽपि येषामनन्य एव मदेकावलम्बनः। यस्मादहमेव फलम्, तस्मादनन्येन भक्तियोगेन मामुपासते। अन्ये तु स्वर्गादिफलं मनसा चिन्तयन्तो मामुपासते। एते तु मामेव निरवधिकानन्दं फलतया चिन्तयन्तो मामेवोपायतयाप्युपासते इति॥

मृत्युभूतश्चासाविति। संसारोऽयमगाधोऽतिदुस्तरः कोऽपि सागरः,स चायं मृत्युभूतः, अनर्थैकाधायकः, तमिमं सागरं बाहुभ्यामिव स्वबलेन तितीर्षन्त्यक्षराचिन्तकाः, तेषामितस्तरणं दुःसाध्यम्। ये तु मत्परा मामुपासते, तानहं समुद्धराम्यत्र निमग्नानिति भावः। मदेकनिष्ठानां संसारसागरसन्तरणं नान्तरालीकं मयैव सम्पाद्यत इति यावत्॥६-७॥

मनोऽन्यत्र गच्छदिति। मनो हि संकल्पविविधतरङ्गमितस्ततो धावति, तेन भवत्येकनिष्ठोपघातः। त्वं प्रशान्तसङ्कल्पादितरङ्गं यथा तथा मनो मय्येवाधत्स्व। बुद्धिमिति। अध्यवसायो यश्चायं मनसोऽपि प्रबलः, तं मय्येव निवेशय!। गुरुरयम्, सखा त्वयम्, फलं चेदमिति विविधानध्यवसायान् विहाय हितोपदेष्टा गुरुरयमेव, प्रियाहितावबोधकः सखा चायमेव, फलं च स्वर्गादिरयमेव। यच्च परमप्राप्यं सोऽप्ययमेव। किम्बहुना ? मम सर्वस्वमयमेवेति अध्यवसायं मय्येव निवेशय ?। तेन त्वं मय्येव निवासिष्यसि-मन्निष्ठा तव सेत्स्यतीति भावः॥ ८॥

इच्छाया अविधेयत्वाद्व्याचष्टे-यतस्वेति। आप्तुं यतस्वेत्यत्राप्तिशब्देन विवक्षितं प्रकरणानुगुणमर्थमाह-अनेनोपायेनेत्यादिना। अनेनोपायेन परमप्रीतिपूर्वकं क्रियमाणेन मदीयदिव्यरूपदिव्यगुणकर्मणां स्मरणाभ्यासेन। निवसिष्यसीति। मन्निष्ठां प्राप्स्यसीत्यर्थः॥९॥

मत्स्वरूपे स्थितिमिति। मदेकनिष्ठामित्यर्थः॥ १०॥

पक्षान्तरे इति। व्यवस्थितं चैतत्-"अथैतदप्यशक्तोऽसी"ति। तदेतद्व्याचष्टे-ममेत्यादिना। भक्तियोगमाश्रित इति। साध्यतयाश्रित इत्यर्थः। भक्तियोगसिद्ध्यै इत्येतत्॥११॥

अभ्यासादिभ्यः कर्मफलत्यागस्य श्रैष्ठ्यं नाभ्यासादिनिर्वर्त्यफलनिर्वर्तकत्वांशे, किन्तु-अभ्यासादावसमर्थस्याधिकारिणस्तदनुगुणत्वरूपमेव तु तत्। श्रैष्ठ्यमिदं न मुख्यमित्यभिप्रेत्य व्याचष्टे-स्तुवन्नाहेति। अभ्यासशब्दं व्याचष्टे- मत्स्मृत्यभ्यासादिति। दर्शनहीनादिति। अपरोक्षभावमनापन्नादित्यर्थः।

अयम्भावः-मदेकनिष्ठायां यत् साक्षात् साधनं मनोबुद्ध्योर्मय्येव समाधानं तत्रासमर्थस्य, अभ्यासः—मत्स्मरणाभ्यासः, मत्कर्मपरमता च साधनपर्वक्रमादुक्ता। तेन चाभ्यासेन मयि परमप्रेमपूर्वकेण भाव्यम्। प्रेमरहितस्तु स्मरणाभ्यासो न मम प्रसादाय, येन मदेकनिष्ठा घटेत। तत् केवलादभ्यासात् ज्ञानमेव तु विशिष्यते। ज्ञानं चात्मनः। परिशुद्धस्य देहाद्विलक्षणस्य ज्ञानैकघनस्याक्षरसधर्मणः। इदं च ज्ञानमक्षराचिन्तनकोटावेव त्वन्तर्भवति। परन्तु तदपि यावन्न दर्शनसमानाकारं भवति तावन्न तत् केवलपरोक्षभूतं ज्ञानं फलाय प्रभवति। तदापरोक्ष्याधायकं ध्यानमेव तु विशिष्यते। ध्यानं चाशान्तस्य नैव सिद्धयति। तत् शान्तये कर्मफलत्यागस्तु प्रथममवश्यं विधेयः। तेन

भाष्यम्-

पूजनमन्दिरमार्जनोपलेपनादीनि कर्माणि परमाणि प्रधानानि यस्य तथाभूतो भव ! । मदर्थम्-मम प्रसन्नतार्थमुक्तानि कर्माणि कुर्वन् सन्, अभ्यासयोगं प्राप्य तदनन्तरं बुद्धिमनसोर्मयि स्थैर्यं लब्ध्वा । सिद्धिमपि-मत्स्वरूपे सुस्थिरां स्थितिमपि, अवाप्स्यसि-यास्यसि । तथा चोक्तं भागवते-"एवं नृणां क्रियायोगाः सर्वे संसृतिहेतवः । त एवात्मविमोक्षाय कल्पन्ते कल्पिताः परे" इति ॥ १० ॥

भगवदर्थं कर्म कर्तुमशक्तस्योपायान्तरमाह—अथेति ।

अथैतदप्यशक्तोऽसि कर्तुं मद्योगमाश्रितः ।
सर्वकर्मफलत्यागं ततः कुरु ! यतात्मवान् ॥ ११ ॥

अथ-पक्षान्तरे, मद्योगम्-मम भक्तियोगमाश्रितः सन्, एतदपि-मत्कर्मापि कर्तुं न समर्थश्चेत्ततस्तर्हि, यतात्मवान्—वशीकृतमानसयुक्तः सन्, सर्वकर्मफलत्यागम्—"कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन" इत्याद्युक्तप्रकारेण सर्वेषां वर्णाश्रमोचितानां कर्मणां फलत्यागं भगवदर्पणं कुरु ! । एवमसङ्गकर्मानुष्ठानेन स्थितप्रज्ञतां प्राप्य । ततः शुद्धक्षेत्रज्ञरूपं ब्रह्मभावं लब्ध्वा मयि परां भक्तिं प्राप्स्यसीत्यभिप्रायः । तथात्रैवाष्टादशाध्याये-"स्वकर्मणा तमभ्यर्च्य सिद्धिं विन्दति मानवः" इतीमं श्लोकमारभ्य "ब्रह्मभूतः+++मद्भक्तिं लभते पराम्" इत्यन्तैः श्लोकैर्गदिष्यते ॥ ११ ॥

फलासक्तिवर्जितकर्मकर्तव्यतां स्तुवन्नाह-श्रेय इति ।

श्रेयो हि ज्ञानमभ्यासाज्ज्ञानाद्ध्यानं विशिष्यते ।
ध्यानात्कर्मफलत्यागस्त्यागाच्छान्तिरनन्तरम् ॥ १२ ॥

अभ्यासात्-मत्स्मरणाभ्यासात्, मन्मन्दिरनिर्माणादिमत्कर्माभ्यासाच्च । ज्ञानम्-यथार्थात्मवेदनम्, श्रेयो हि-श्रेयस्करमेव । ज्ञानात्-दर्शनहीनादात्मबोधनात्, ध्यानम्-तत्प्राप्तिसाधनभूतमात्मचिन्तनम्, विशिष्यते-श्रेष्ठं भवति । ध्यानात्-सम्यगनिष्पन्नादात्मचिन्तनात्, कर्मफलत्यागः-कर्मणां वर्णाश्रमोदितानां क्रियाणां फलत्यागः, विशिष्यते । त्यागात्-आत्मज्ञानानुसन्धानेन कर्मफलत्यागादनन्तरम्,

શ્લોકાર્થ-

હવે-મારી પ્રાપ્તિ માટે એ પણ કરવા તું અસમર્થ હોય તો મારા ભકિત-યોગને આશરીને મન-બુદ્ધિને કાબુમાં રાખીને પછી સર્વ કર્મના ફળનો ત્યાગ કર ! ।।૧૧।।

અભ્યાસ કરતાં જ્ઞાન ઘણું સારૂં છે.જ્ઞાન કરતાં ધ્યાન વિશેષ સારૂં છે. ધ્યાન કરતાંય કર્મના ફળનો ત્યાગ શ્રેષ્ઠ છે.કેમકે-ત્યાગથી તુરતજ પછી શાન્તિ પ્રાપ્ત થાયછે. ।।૧૨।।

ભાવાર્થ—

અને આ પ્રમાણે કરવામાંય જો તારે સામર્થ્ય ન હોય, તો તને બીજો ઉપાય કહી બતાવું છું—તે સાંભળ !

ઉપર કહ્યો એવો અભ્યાસ-યોગ કરવામાં પણ તું જો અસમર્થ હોય તો મારાં કર્મ પ્રધાનપણે કરનારો થા ! એટલે કે-મારાં મંદિરો કરાવવાં, મારે માટે ફુલબાગ-બગીચા કરાવવા, મારી પૂજા માટે પુષ્પ લાવવાં, મારી પૂજા કરવી, મારા મન્દિરમાં વાળવું અને લીંપવું એ વિગેરે મારા સમ્બન્ધવાળાંજ કર્મ જેને પ્રધાનપણે કરવાનાં છે, એવા પ્રકારનો તું થા ! અને મારી પ્રસન્નતા માટેજ ઉપર કહ્યાં એવાં કર્મ કરતાં કરતાં અભ્યાસ-યોગ પામીને તે પછી બુદ્ધિ અને મનની મારામાં સ્થિરતા પામીને મારા સ્વરૂપમાં અખંડ-સુસ્થિર સ્થિતિને પણ જરૂર પામીશજ. તે વાત શ્રીમદ્ભાગવતમાં નારદમુનિએ કહેલી છે-"એજ પ્રમાણે મનુષ્યોને સર્વ ક્રિયાના યોગો તો સંસૃતિનાજ કારણરૂપ છે. પરન્તુ—એના એજ ક્રિયાયોગો જો પર—પરમાત્મામાં અર્પણ બુદ્ધિથી કરવામાં આવે તો તે પોતાના મોક્ષને માટેજ કલ્પાય છે. " એમ વચન છે. ।।૧૦।।

હવે-ભગવાનને માટેજ કર્મ કરવામાં અશકત પુરૂષને બીજો ઉપાય કહી બતાવે છે-

હવે-જો એમ ન બને તો, એટલે કે-મારા ભકિત-યોગને આશર્યો થકો મારાં કર્મ પણ કરવાને તું શકિતમાન ન થાય, તો પછી વશ કરેલા મને યુકત થઇને "તારે કર્મ કરવામાંજ અધિકાર છે. પણ ફળમાં તો કયારેય અધિકાર છેજ નહિ." ઇત્યાદિક વચનોથી કહેવા પ્રમાણે વર્ણાશ્રમને સમુચિત સર્વ કર્મનો ફળત્યાગ-ભગવદર્પણ કરીદે !। આ પ્રમાણે અસંગપણે કર્માનુષ્ઠાન કરવાથી સ્થિતપ્રજ્ઞતા પામીને, અને તે પછી શુદ્ધ ક્ષેત્રજ્ઞના જ્ઞાનરૂપ બ્રહ્મ-ભાવને પામીને મારે વિષે પરા-પ્રેમલક્ષણા ભકિત પામીશ. એ અભિપ્રાય છે. તેજ પ્રમાણે આ ગીતામાંજ આગળ અઢારમા અધ્યાયમાં-"પોતાના સહજ કર્મથીજ તે પરમાત્માની પૂજા-આરાધના કરીને માણુસ સિદ્ધિને પામી જાય છે." આ શ્લોકથી આરંભીને,"બ્રહ્મરૂપ થયેલો+++મારી પરા-પ્રેમલક્ષણા ભક્તિને પામેછે." એ સુધીના શ્લોકોથી કહેશે. ।।૧૧।।

હવે-ફળાસકિતએ રહિત કર્મ કરવાં તેને વખાણુતા થકા કહે છે-

અભ્યાસ-મારા સ્મરણનો અભ્યાસ, તેમજ મારાં મન્દિરો નિર્માણ કરવાં એ વિગેરે મારાં કર્મનો અભ્યાસ, તે કરતાં યથાર્થ આત્મસ્વરૂપનું જ્ઞાન તે સર્વથા શ્રેયનેજ કરનારૂં છે. અને સાક્ષાત્ દર્શન સિવાયના કેવળ આત્મજ્ઞાન કરતાં, તે આત્મસાક્ષાત્કારની પ્રાપ્તિના સાધનભૂત એવું આત્મસ્વરૂપનું ચિન્તવન શ્રેષ્ઠ થાય છે. અને સમ્ય

भाष्यम्–

शान्तिर्भवति। तया शान्त्या आत्मध्यानं स्यात्, तद्ध्यानादात्मावलोकनं भवति। ततः परा भक्तिर्भवति। तत् असमर्थस्य कर्मफलत्यागः श्रेष्ठ इति भावः॥१२॥

इदानीं ज्ञानिभक्तस्य लक्षणान्याह–अष्टभिः।

अद्वेष्टा सर्वभूतानां मैत्रः करुण एव च।
निर्ममो निरहङ्कारः समदुःखसुखः क्षमी॥
सन्तुष्टः सततं योगी यतात्मा दृढनिश्चयः।
मय्यर्पितमनोबुद्धिर्यो मद्भक्तः स मे प्रियः॥१३-१४॥

अद्वेष्टेति। सर्वभूतानामद्वेष्टा द्वेषहीनः, मैत्रश्च मित्रतायुक्तः, करुणो दयालुश्च। उत्कृष्टेषु द्वेषहीनस्तुल्येषु मित्रतायुक्तः कनिष्ठेषु दयालुरिति यावत्। निर्ममः–देहदैहिकेषु ममतारहितः, निरहङ्कारो–देहेऽहम्भावहीनः। समदुःखसुखः–आगतेषु सुखदुःखेषु हर्षोद्वेगशून्यः। क्षमी–परकृतस्वापराधे क्षमावान् सहनशीलः॥

सन्तुष्ट इति। सन्तुष्टः–ईश्वरेच्छाप्राप्तेन शरीरधारणोपयोगिपदार्थेनैव सन्तोषं प्राप्तः, सततं सदा। योगी–देहत्रयभिन्नशुद्धक्षेत्रज्ञस्वरूपानुसन्धानयुक्तः। यतात्मा–जितमनाः। दृढनिश्चयः–भागवतधर्मेषु दृढनिश्चयवान्। अत एव मय्यर्पितमनोबुद्धिः–"मय्येव मन आधत्स्व" "मयि बुद्धिं निवेशय" इत्यत्रोक्तरीत्या मयि अर्पिते मनोबुद्धी येन सः। एवम्भूतो यो मद्भक्तः, स मे प्रियः॥१३-१४॥

यस्मान्नोद्विजते लोको लोकान्नोद्विजते च यः।
हर्षामर्षभयोद्वेगैर्मुक्तो यः स च मे प्रियः॥
अनपेक्षः शुचिर्दक्ष उदासीनो गतव्यथः।
सर्वारम्भपरित्यागी यो मद्भक्तः स मे प्रियः॥१५-१६॥

यस्मादिति। यस्मात् लोको जनसमूहः नोद्विजते–न सन्तप्यते, कुतः? तस्य जनोद्वेगजनिकायाः क्रियाया अभावात्। किञ्च–यश्च लोकान्नोद्विजते–भयेनोद्वेगं न गच्छति। हर्षामर्षभयोद्वेगैः–हर्षः-स्वस्य प्रियपदार्थप्राप्तावानन्दः, अमर्षः–अन्यस्य प्रियपदार्थप्राप्तावसहनम्,

શ્લોકાર્થ–

સર્વ ભૂત–પ્રાણીમાત્રનો દ્વેષ નહિ કરનારો, નિઃસ્વાર્થપણે સર્વની મૈત્રી રાખનારો, અકારણ સર્વના ઉપર કરૂણા રાખનારો, મમતાએ રહિત અને અહંકારે પણ રહિત, સુખ–દુઃખમાં સમ રહેનારો અને અપરાધીને પણ અભય આપવારૂપ ક્ષમા રાખનારો, અને જે ભક્ત–યોગી સદાય સન્તોષી રહેતો હોય, મન ઇન્દ્રિયોને કાબુમાં રાખનારો અને મારા સ્વરૂપના દૃઢ નિશ્ચયવાળો હોય, મારામાં મન આદિક ઇન્દ્રિયો અને બુદ્ધિને અર્પણ કરીને મારીજ ભક્તિ કરનારો જે મારો ભક્ત તેજ મને પ્રિય છે. ॥૧૩-૧૪॥

જેનાથી કોઈ પણ પ્રાણી ઉદ્વેગ ન પામે અને જે પોતે કોઇ પણ પ્રાણીથી ઉદ્વેગ ન પામે અને જે હર્ષ,અમર્ષ,ભય અને ઉદ્વેગાદિક વિકારોથી રહિત થઇને વર્તે તે ભક્ત મને પ્રિયછે.

ભાવાર્થ--

પ્રકારે અનિષ્પન્ન થયેલા આત્મચિન્તવન કરતાં, વર્ણાશ્રમને ઉચિત એવાં સર્વ કર્મનો ફળત્યાગ કરવો તે વિશેષ–શ્રેષ્ઠ થાય છે. અને આત્મજ્ઞાનના અનુસન્ધાને સહિત સર્વ કર્મનો ફળત્યાગ કર્યા પછીજ એને શાન્તિ પ્રાપ્ત થાય છે. અને તે શાન્તિને લીધે આત્મ-સ્વરૂપનું ધ્યાન કરાય છે. તે ધ્યાનથી આત્મસ્વરૂપનું અવલોકન–દર્શનસમાનાકાર સ્થિતિ વર્તે છે. અને તે પછી એને પરમાત્મામાં પરા ભક્તિ થાય છે. માટે અસમર્થ પુરૂષને તો કર્મ કર્યા કરવું. અને તેના ફળનો ત્યાગ કરવો એજ શ્રેષ્ઠ છે. એ અભિપ્રાય છે. ॥૧૨॥

હવે- જ્ઞાની ભક્તનાં લક્ષણ કહી બતાવે છે–

સર્વભૂત–પ્રાણીમાત્રનો દ્વેષ નહિ કરનારો, દરેક પ્રાણીની સાથે મિત્રભાવથી વર્તનારો, દુઃખી કે ગરીબ માણસ પ્રત્યે દયા રાખવાના સ્વભાવવાળો, અર્થાત્–પોતાથી ઉત્કૃષ્ટ મનુષ્યો તરફ દ્વેષ નહિ કરનારો, સમાનમાં મિત્રતા રાખનારો અને કનિષ્ઠોને વિષે દયા રાખનારો, એ કહેવાનું છે. દેહ અને દેહના સમ્બન્ધવાળાં પદાર્થોમાં મમતાએ રહિત, દેહને વિષે અહંભાવ નહિ રાખનારો, પ્રારબ્ધાનુસારે આવી પડતાં સુખ–દુઃખોમાં હર્ષ અને ઉદ્વેગ નહિ કરનારો અને બીજાઓ પોતાનો અપરાધ કરે તો પણ તેને સહન કરીને તેમના પ્રત્યે ક્ષમા રાખનારો.

ઇશ્વરેચ્છાથી પ્રાપ્ત થયેલા શરીરધારણમાં ઉપયોગીમાત્ર પદાર્થોથીજ સન્તોષ રાખનારો, સદાય ત્રણ દેહથી જુદો શુદ્ધ ક્ષેત્રજ્ઞ એવા આત્મસ્વરૂપના અનુસન્ધાને યુક્ત, મનને જીતીને વર્તનારો, ભગવાને કહેલા ધર્મોમાં દૃઢ નિશ્ચયથી વર્તનારો, અને તેથીજ મન અને બુદ્ધિને મારામાંજ રાખનારો, “ મારામાંજ મન સ્થાપન કર ” “ મારામાંજ બુદ્ધિને જોડી દે” ઇત્યાદિક વચનોથી કહેવા પ્રમાણે મારામાં અર્પણ કર્યાં છે મન અને બુદ્ધિ તે જેણે, આવા પ્રકારનો જે મારો ભક્ત છે, તે મને બહુજ પ્રિયછે. ॥૧૩–૧૪॥

વળી–જેનાથી લોક એટલે જનસમૂહ ઉદ્વેગ–સન્તાપ નથી પામતો, કેમકે–તેને લોકને ઉદ્વેગ થાય એવી ક્રિયાજ કરવાનો અભાવ હોય છે માટે. તેમજ વળી–જે પોતે લોક થકી ભય પામીને ઉદ્વેગ નથી પામતો. અને વળી હર્ષ એટલે પોતાને પ્રિય પદાર્થની

भाष्यम्-

भयम्-भीतिश्च, उद्वेगो—मनःक्षोभश्च, तैर्मुक्तो रहितो यो भवति, स च मे प्रियः ॥

अनपेक्ष इति। अनपेक्षः-यदृच्छया प्राप्तेऽप्यर्थे अपेक्षारहितः। शुचिः-बाह्याभ्यन्तरद्विविधशौचसहितः। दक्षः-आत्महिते पटुः। उदासीनः-प्राकृतविषयेष्वौदासीन्यं प्राप्तः। गतव्यथः-विनष्टमानसव्यथः। सर्वारम्भपरित्यागी-मद्भक्तिवर्जितसकलक्रियाप्रारम्भपरित्यजनशीलः। एतल्लक्षणैः सम्पन्नो यो मद्भक्तः, स मे प्रियः ॥१५-१६॥

यो न हृष्यति न द्वेष्टि न शोचति न काङ्क्षति।
शुभाशुभपरित्यागी भक्तिमान् यः स मे प्रियः ॥ १७ ॥

किञ्च-य इति। यो न हृष्यति-पुत्रवित्तादि प्राकृतं प्रियं वस्तु प्राप्य न हर्षं प्राप्नोति। न द्वेष्टि-असमीचीनवस्त्रादि प्राप्य न द्वेषं करोति। न शोचति-प्रियपुत्रवित्तादिनाशे सति न शोकं करोति। न काङ्क्षति-सत्सङ्गभगवत्स्वरूपाभ्यां विना अन्यद्वस्तु नाभिवाञ्छति। शुभाशुभपरित्यागी-बन्धहेतुभूते पुण्यपापे परित्यक्तुं शीलं यस्य। एवम्भूतो यो भक्तिमान्, स मे प्रियः ॥ १७ ॥

समः शत्रौ च मित्रे च तथा मानापमानयोः।
शीतोष्णसुखदुःखेषु समः सङ्गविवर्जितः ॥
तुल्यनिन्दास्तुतिर्मौनी सन्तुष्टो येन केनचित्।
अनिकेतः स्थिरमतिर्भक्तिमान् मे प्रियो नरः ॥१८-१९॥

सम इति। शत्रौ मित्रे च समः-तुल्यभावसंयुक्तः। तथा मानापमानयोः समः—आनन्दखेदरहित इत्यर्थः। शीतोष्णसुखदुःखेषु समः-तुल्यभावसंयुक्तः। सङ्गविवर्जितः-मन्मदीयभक्तजनव्यतिरिक्तवस्तुष्वासक्तिहीनः ॥

पुनः कथम्भूतः? तुल्यनिन्दास्तुतिः-तुल्ये समे निन्दास्तुती-कुत्साश्लाघे यस्य। मौनी-यतवाणिः। येन केनचित्-यदृच्छालब्धेन समीचीनासमीचीनान्नवस्त्रादिना। सन्तुष्टः-सन्तोषं प्राप्तः। अनिकेतः-नियतनिवासस्थानरहितः। स्थिरमतिः-स्वधर्मात्मज्ञानवैराग्यभग-

શ્લોકાર્થ-

જે કોઇની અપેક્ષા નથી રાખતો, અંદર-બહાર શુદ્ધ રહે છે. ચતુર, પક્ષપાતે રહિત વર્તનારો અને દુઃખાદિકની વ્યથા નહિ પામનારો, તેમજ સર્વ આરંભમાત્રનો પરિત્યાગ કરનારો જે મારો ભકત તેજ મને પ્રિય-વ્હાલો છે. ॥૧૫-૧૬॥

જે કયારેય હર્ખાઇ જતો નથી અને કોઇનો દ્વેષ પણ કરતો નથી, જે કયારેય શોક નથી કરતો તેમ કશાની આકાંક્ષા નથી રાખતો, અને સારા-નરસાનો સર્વનો પરિત્યાગ કરીને મારામાં ભકિતવાળો જે ભકતજન તે મને બહુજ પ્રિય-વ્હાલો છે. ॥૧૭॥

જે શત્રુમાં અને મિત્રમાં તથા માન-અપમાનમાં પણ સમ વર્તે છે. શીત-ઉષ્ણાદિક તથા સુખ-દુઃખમાં પણ જે સમ વર્તે છે. તેમજ સર્વમાં સંગ-આસકિતએ રહિત છે.॥

જે નિન્દા અને સ્તુતિને સમાન સમજેછે. મનન કરવાના સ્વભાવવાળોછે, શરીરના નિર્વાહમાં જે-કોઇ પદાર્થ મળી આવે તેનાથી જે સદાય સન્તોષી રહેનાર છે. એકજ સ્થાનમાં નિયત વાસ નહિ રાખનારો અને મારામાં સદાય સ્થિર બુદ્ધિ રાખનારો મારામાં ભકિતમાન પુરૂષ મને બહુજ વ્હાલો છે. ॥ ૧૮-૧૯ ॥

ભાવાર્થ-

પ્રાપ્તિ થાય ત્યારે થઇ આવતો આનન્દ, અમર્ષ—બીજાને કોઇ મનગમતું પ્રિય પદાર્થ પ્રાપ્ત થાય ત્યારે તેને દેખીને સહન ન કરી શકવું, ભય—ભીતિ અને ઉદ્વેગ—મનનો ક્ષોભ, આ બધાથી જે રહિત થયેલો મારો ભકત હોય તે મને પ્રિય છે.

વળી-જે દૈવ ઇચ્છાથી પ્રાપ્ત થતા પદાર્થોમાં પણ અપેક્ષાએ રહિત છે, બાહ્ય અને આભ્યન્તર એવા બન્ને પ્રકારના શૌચને પાળનારો છે. પોતાનું ખરૂં હિત સાધવામાં જે કુશળ છે. પ્રાકૃત-માયિક વિષયોમાં ઉદાસીનતા પામેલો, મનમાં કોઇ પ્રકારની વ્યથા નહિ પામનારો અને મારી ભકિત સિવાયના સર્વ કર્મના પ્રારંભોને છોડી દેવાના સ્વભાવવાળો, આવાં લક્ષણોથી સમ્પન્ન એવો જે મારો ભકત તે મને બહુજ પ્રિય છે. ॥ ૧૫-૧૬ ॥

વળી—જે પુત્ર-દ્રવ્યાદિક પ્રાકૃત પ્રિય પદાર્થને પામીને નથી હર્ષને પામતો, કે-ખરાબ વસ્ત્રાદિક તુચ્છ પદાર્થને પામીને નથી દ્વેષ કરતો, તેમજ-પ્રિય એવાં પુત્ર-વિત્તાદિક પદાર્થ નાશ પામ્યે સતે નથી શોક કરતો, તેમજ-સત્સંગ અને ભગવાનની મૂર્તિ સિવાય બીજી કોઇ વસ્તુનેજ નથી ઇચ્છતો. અને ભવબન્ધનમાં હેતુભૂત એવાં પુણ્ય અને પાપ તે બન્નેનો ત્યાગ કરી દેવાના સ્વભાવવાળો છે, આવો જે મારામાં ભકિતવાળો જન તે મને વ્હાલો છે. ॥ ૧૭ ॥

વળી—જે શત્રુ અને મિત્ર તેમાં પણ સમ-તુલ્ય ભાવે યુકત હોય, તેમજ-માન-અપમાનમાં પણ સમ-આનન્દ અને ખેદરૂપ વિકારથી રહિત હોય, તથા શીત-ઉષ્ણ અને સુખ--દુઃખમાં પણ જે તુલ્ય ભાવે યુકત છે. અને હું અને મારા ભકતજનો તે સિવાયના બીજા પદાર્થમાત્રમાં આસકિતએ રહિત-અસંગપણે વર્તનારો હોય છે.

વળી-કેવો હોય ? તો કે-નિન્દા અને સ્તુતિ એ પણ જેને સમાન લાગતાં હોય, જે

भाष्यम्-

वन्माहात्म्यपूर्वकभक्तिषु निश्चलबुद्धिः। एवम्भूतो यो भक्तिमान् नरः, स मे प्रियः ॥ १८-१९ ॥

उक्तान् भागवतधर्मानुपसंहरन्नाह-ये त्विति।

ये तु धर्म्यामृतमिदं यथोक्तं पर्युपासते।
श्रद्दधाना मत्परमा भक्तास्तेऽतीव मे प्रियाः ॥ २० ॥

इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे भक्तियोगो नाम द्वादशोऽध्यायः ॥ १२ ॥

ये तु। इदं धर्म्यामृतम्-धर्मादनपेतममृतं, यथोक्तम्-उक्तप्रकारम्, पर्युपासते-अनुतिष्ठन्ति। श्रद्दधानाः-तस्मिन् श्रद्धां कुर्वाणाः, ते मत्परमाः-मम परमा उत्कृष्टा भक्ताः, ते मे मम अतीव अत्यन्तम्, प्रियाः-मत्प्रसन्नताभाजः ॥ २० ॥

इति श्री++++सद्गुरुवर्य-श्रीगोपालानन्दमुनिविरचिते श्रीमद्भगवद्गीताभाष्ये द्वादशोऽध्यायः ॥ १२ ॥

त्रयोदशोऽध्यायः-

भाष्यम्-

यत्पादवारि जगदाश्वपचं पुनाति
यद्दर्शनं भवमहाम्बुधिपारदायि।
यन्नामकीर्तनमघौघविनाशकारि
कृष्णं हरिं तमहमीश्वरमाश्रयामि ॥

अस्मिन् मध्यमषट्के एकान्तिकभक्तैरुपास्यमानस्य भगवतो माहात्म्यज्ञानम्, एकान्तिकभक्तिश्चोक्ता। ऐश्वर्यनिष्ठानां कैवल्यनिष्ठानां भगवन्निष्ठानां च पृथक् पृथक् प्राप्यमुपासनाप्रकारश्चोक्तः।

पूर्वं द्वादशाध्याये अक्षरोपासकादक्षरभक्तात् पुरुषोत्तमभक्तस्य श्रेष्ठत्वं, स्वप्राप्ये हरौ आशुगामित्वं, एकान्तिकभक्तिसाधनं, अक्षरभक्तस्य कनिष्ठत्वं सक्लेशत्वं, तत्प्राप्याक्षरस्वरूपं, भगवत्प्रसन्नताजनकं भागवतधर्मव्रातं चोक्तम्।

इदानीमन्तिमेन षट्केन षट्कद्वयोक्त एवार्थो वितन्यते विशेषा-

શ્લોકાર્થ-

હે અર્જુન ! જે પુરૂષો આ મારા ભક્તિ-યોગરૂપ ધર્મમય અમૃતનું મારા કહેવા પ્રમાણે વર્તીને પર્યુપાસન કરે છે. અને તેમાં શ્રદ્ધાયુક્ત થઇને મત્પરાયણજ વર્તે છે. તે મારા ભકતો મને અતિશયજ પ્રિય-વ્હાલામાં વ્હાલા છે. ॥ ૨૦ ॥

ઇતિ શ્રીમદ્ભગવદ્ગીતાસૂપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે શ્રી કૃષ્ણાર્જુન-સંવાદે ભક્તિયોગો નામ દ્વાદશોઽધ્યાય : ॥ ૧૨ ॥

ત્રયોદશોઽધ્યાયઃ—

શ્લોકાર્થ-

શ્રી ભગવાન કહે છે-હે અર્જુન! આ શરીરને **ક્ષેત્ર** એવા નામે કહેવામાં આવે છે. અને તે ક્ષેત્ર-શરીરને જે **જાણે** છે. તે-જીવાત્માને **ક્ષેત્રજ્ઞ** એવા નામે તે ક્ષેત્ર-ક્ષેત્રજ્ઞના સ્વરૂપને યથાર્થ જાણનારા જ્ઞાની જનો કહે છે. ॥ ૧ ॥

ભાવાર્થ—

વાણીને નિયમમાં રાખનારો હોય, વળી-દૈવ ઇચ્છાથી પ્રાપ્ત થયેલાં સારાં-નરસાં અન્ન વસ્ત્રાદિક પદાર્થોથીજ સદાય સંતોષ રાખનારો,એક નિયત વાસમાંજ નહિ વસનારો,તેમજ-સ્વધર્મ, આત્મજ્ઞાન, વૈરાગ્ય અને ભગવાનના માહાત્મ્યજ્ઞાને યુકત એવી એકાન્તિકી ભક્તિ, એ આદિક સદ્ગુણોમાં સદાય નિશ્ચળ બુદ્ધિ રાખનારો. આવાં લક્ષણોવાળો જે મારામાં ભક્તિમાન્ પુરૂષ છે, તે મને બહુજ પ્રિય-વ્હાલો છે. ॥ ૧૮-૧૯ ॥

આ પ્રમાણે કહેલા ભાગવત ધર્મોનો ઉપસંહાર કરતાં કહે છે--

જે જનો તો આ ધર્મથી અવિરૂદ્ધ એવું અમૃત--ઉપદેશામૃત, તેને આ કહ્યું એ પ્રમાણે યથાર્થ રીતે ઉપાસે છે. સેવે છે. અને તેમાં જે શ્રદ્ધા રાખે છે. તે મારા પરમ-સર્વોત્કૃષ્ટ ભકતો મને અત્યંત પ્રિય છે. એટલે કે મારી પ્રસન્નતાના પાત્રભૂત છે. ॥૨૦॥

ઇતિ શ્રી++++શ્રીમદ્ભગવદ્ગીતાભાષ્યે દ્વાદશોઽધ્યાયઃ ॥ ૧૨ ॥

ત્રયોદશોઽધ્યાયઃ—

ભાવાર્થ-

જે ભગવાનનું ચરણોદક શ્વપચ સુધીના સઘળા વિશ્વને પણ પાવન કરે છે. જે ભગવાનનું દર્શન સંસારરૂપ મહાસાગરના પારને પમાડનારૂં છે. જે ભગવાનનું નામ-કીર્તન પાપના સમૂહોને પણ સર્વથા નાથ કરનારૂં છે. એવા તે શ્રીહરિ-કૃષ્ણ ભગવાન સમર્થ પ્રભુને હું આશરૂં છું. ”

પૂર્વે બારમા અધ્યાયમાં અક્ષરની ઉપાસના કરનાર અક્ષરના ભકતોથી પુરૂષો-ત્તમના ભકતનું શ્રેષ્ઠપણું કહ્યું. સ્વપ્રાપ્યભૂત શ્રીહરિમાં આશુગામિપણું કહ્યું. એકા-ન્તિકી ભક્તિનું સાધન કહ્યું. અક્ષરના ભકતનું કનિષ્ઠપણું અને કલેશે યુકતપણું કહ્યું. તે અક્ષરના ભકતોએ પામવા યોગ્ય અક્ષરનું સ્વરૂપ અને ભગવાનની પ્રસન્નતા કરનારો ભાગવત ધર્મનો સમૂહ પણ કહી બતાવ્યો.

भाष्यम्—

वबोधनाय। तत्र त्रयोदशे-क्षेत्रक्षेत्रज्ञयोर्ज्ञानज्ञेययोः प्रकृतिपुरुषयोश्च लक्षणानि प्रोच्यन्ते—

तत्र क्षेत्रक्षेत्रज्ञयोः स्वरूपं विवेचयन्नाह—इदमिति।

श्रीभगवानुवाच—

इदं शरीरं कौन्तेय ! क्षेत्रमित्यभिधीयते।
एतद्यो वेत्ति तं प्राहुः क्षेत्रज्ञ इति तद्विदः ॥ १ ॥

हे कौन्तेय ! इदम्—देवमनुष्यप्रभृत्याकारेणावस्थितं जीवात्मना देवोऽहं मनुष्योऽहमित्यैकीभावेन ज्ञातं जीवात् पृथग्भूतम् शरीरम्, क्षेत्रमित्यभिधीयते। यः-क्षेत्रादन्यो जीवात्मा, एतत्-सावयवं शरीरं वेत्ति-मम करे दुःखं मम शिरसि च सुखमित्यभिमानेन देहं जानाति, तम्-वेद्यभूतात्तस्माज्ज्ञातृत्वेनान्यं जीवात्मानम्, तद्विदः-क्षेत्रक्षेत्रज्ञयाथात्म्यविदः, क्षेत्रज्ञ इति प्राहुः।

यथा-वृक्षपुष्पादि वस्तु "इदमहं वेद्मि" इति वेदितुः स्वस्माद्विभिन्नं, वेदितारं च स्वात्मानं वेद्यात् वृक्षपुष्पादेर्भिन्नं च जानाति। तथा "इदं मम शरीरं कृशम्" इति शरीरं वेदितुः स्वस्माद्विभिन्नम्, स्वात्मानं च वेद्यात् शरीराद्विभिन्नं जानाति। तत् वेद्यात् शरीरात् वेदिता जीवात्मा अत्यन्त भिन्न इति क्षेत्रक्षेत्रज्ञयोर्विवेकं तज्ज्ञानकुशला निगदन्तीत्यभिप्रायः ॥ १ ॥

देहं क्षेत्रतया जीवात्मानं क्षेत्रज्ञतया चोक्त्वा, इदानीं सकलचेतनाचेतनवर्गं क्षेत्रतया, परमात्मानं स्वं तदपेक्षया क्षेत्रज्ञतया चाह-क्षेत्रज्ञमिति।

क्षेत्रज्ञं चापि मां विद्धि ! सर्वक्षेत्रेषु भारत !।
क्षेत्रक्षेत्रज्ञयोर्ज्ञानं यत्तज्ज्ञानं मतं मम ॥ २ ॥

सर्वेषामेव चेतनाचेतनानां मदपेक्षया शरीरत्वेन क्षेत्रतया, तेषु सर्वेष्वेव क्षेत्रेषु क्षेत्रज्ञतया-अन्तरात्मतयावस्थितोऽहमेव, तन्मां सर्वेषु क्षेत्रेषु क्षेत्रज्ञं विद्धि !। तथा चान्तर्यामिब्राह्मणे सर्वशरीरित्वं श्रूयते-"यः पृथिव्याम्" इत्यादिना।

यद्वा-सर्वेषु देहेषु क्षेत्रेषु, अनुगतमेकं क्षेत्रज्ञं मां विद्धि !। यद्वा-सर्वेषु क्षेत्रेषु-प्रतिक्षेत्रम्, क्षेत्रज्ञं, मां च विद्धि !।

શ્લોકાર્થ-

હે ભારત ! સર્વ ક્ષેત્ર-શરીરોમાં રહેલા ક્ષેત્રજ્ઞ-જીવાત્માને પણ[૧] ક્ષેત્રની પેઠેજ મનેજ-મદાત્મકજ જાણ ! અને આ ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞ, એ બન્નેના સ્વરૂપનું જે યથાર્થ જ્ઞાન તેજ જ્ઞાન છે. એમ મેં માનેલું છે. ॥ ૨ ॥

૧ આ શ્લોકમાં રહેલા અપિ શબ્દથીજ આ અર્થ ખૂલ્લો સમઝાય છે. રામાનુજ-ગીતાભાષ્યમાં અને શ્રીભાષ્યમાં આ અર્થ બહુજ વિસ્તારપૂર્વક સુન્દર રીતે સમઝાવ્યો છે. અને આખો વિશિષ્ટાદ્વૈત-વાદજ આમાં પૂરે-પૂરો સમાઇ જાય છે.

ભાવાર્થ-

હવે-ષટ્કના વિભાગથી વિષયની વિભાગવ્યવસ્થા બતાવે છે-

આ મધ્યમ ષટ્કમાં એકાન્તિક ભક્તજનોએ ઉપાસના કરવા યોગ્ય પરમાત્મા શ્રીહરિનું માહાત્મ્યજ્ઞાન કહ્યું. અને એકાન્તિકી ભકિતનું સ્વરૂપ કહી બતાવ્યું. કેવળ ઐશ્વર્યમાંજ નિષ્ઠા રાખનારાઓને, કૈવલ્ય મુકિતમાં નિષ્ઠાવાળાઓને અને ભગવાનમાં નિષ્ઠાવાળાઓને પણ જુદું જુદું પ્રાપ્ય અને એ સર્વનો ઉપાસનાપ્રકાર પણ કહી બતાવ્યો.

હવે-હાલમાં આ છેલ્લા ષટ્કથી પ્રથમના બે ષટ્કોથી કહેલો અર્થજ વિશેષ-પણે વિસ્તારથી સમઝાવવા માટે કહે છે—

તેમાં પ્રથમ તેરમા અધ્યાયમાં—ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞનાં, જ્ઞાન અને જ્ઞેય-જાણવા યોગ્ય તત્ત્વનાં, તથા પ્રકૃતિ અને પુરૂષનાં લક્ષણો કહે છે-

તેમાં ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞનું સ્વરૂપ વિવેચન કરીને સમઝાવતાં કહે છે—

હે કૌન્તેય ! આ દેવ-મનુષ્યાદિક આકારે રહેલું અને જીવાત્માએ "હું દેવ છું." "હું મનુષ્ય છું." એમ જીવાત્માની સાથે એકભાવે અપૃથક્પણે જાણેલું પણ વસ્તુતાએ પૃથગ્ભૂત એવું શરીર તેને **ક્ષેત્ર** એ પ્રમાણે અગર એ નામથી કહેવામાં આવે છે. અને જે ક્ષેત્રથી અન્ય-જુદો જીવાત્મા, આ અવયવના સંનિવેશવાળું શરીર તેને જાણે છે. એટલે કે-" મારા હાથમાં દુઃખ થાય છે." "મારા મસ્તકમાં સુખ જણાય છે." એમ પોતાપણાના અભિમાનથી જાણે છે-અનુભવે છે, તેને-જાણવા યોગ્ય તે શરીર તેના થકી જ્ઞાતારૂપે રહેલા અન્ય જીવાત્માને, તે ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞના યથાર્થ સ્વરૂપને જાણનારા જ્ઞાનીજનો, **ક્ષેત્રજ્ઞ** એ પ્રમાણે કહે છે.

અભિપ્રાય એ છે કે-જેમ વૃક્ષ-પુષ્પાદિક પદાર્થોને " આ વસ્તુને હું જાણું છું " એમ જાણનાર પોતા થકી ભિન્ન જાણે છે. તેમજ-જાણનારા પોતાના આત્માને જાણવા યોગ્ય વૃક્ષ-પુષ્પાદિક પદાર્થો થકી ભિન્ન જાણે છે. તેમજ-" આ મારૂં શરીર કૃશ છે. " એમ શરીરને, જાણનારો પોતા થકી ભિન્ન જાણે છે. અને પોતાના આત્માને, જાણવા યોગ્ય શરીર થકી સર્વથા જુદો જાણે છે. માટે જાણવા યોગ્ય શરીર થકી જાણનારો જીવાત્મા અત્યન્ત ભિન્ન છે. એમ ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞનો જે વિવેક તેને તે બન્નેના જ્ઞાનમાં કુશળ એવા જ્ઞાની પુરૂષો કહે છે. ॥૧॥

भाष्यम्—

वस्तुतस्तु-य उक्तः क्षेत्रज्ञः, स न स्वतन्त्रः, अपि तु मदात्मकः। तत्, तं क्षेत्रज्ञं माम्-मदात्मकं विद्धि!। यदुक्तं क्षेत्रक्षेत्रज्ञयोर्ज्ञानम्, तदेव ज्ञानमिति मे मतम्। अतो विपरीतमज्ञानमित्याशयः ॥ २ ॥

अथ जीवात्मनः शरीररूपं क्षेत्रम्, स च जीवात्मा, तयोः स्वरूपनिरूपणं प्रतिजानीते-तदिति।

तत् क्षेत्रं यच्च यादृक् च यद्विकारि यतश्च यत्।
स च यो यत्प्रभावश्च तत्समासेन मे शृणु!॥ ३ ॥

तत्-"इदं शरीरम्" इति प्रागुक्तं क्षेत्रम्, यच्च-यत्स्वरूपं भवति, यादृक् च—यादृशधर्मवदस्ति, यद्विकारि—यैर्विकारैर्युक्तम्, यतश्च-यस्माद्धेतोरिदं जातम्, यत्-यैः स्थावरजङ्गमादिभेदैर्भिन्नम्, स च-"यो वेत्ति" इत्युक्तः क्षेत्रज्ञः, यः-यत्स्वरूपः, यत्प्रभावः-यैः प्रभावैः संयुक्तः, तत् सर्वं समासेन-सङ्क्षेपेण, मे-मत्सकाशात् शृणु!॥ ३ ॥

क्षेत्रक्षेत्रज्ञयोः स्वरूपं कैः कैः विस्तरेण गदितम्? यस्यात्र सङ्क्षेप इत्याशङ्कायां वदति-ऋषिभिरिति।

ऋषिभिर्बहुधा गीतं छन्दोभिर्विविधैः पृथक्।
ब्रह्मसूत्रपदैश्चैव हेतुमद्भिर्विनिश्चितैः॥ ४ ॥

ऋषिभिः-पराशरादिभिः, बहुधा गीतम्-तत् क्षेत्रक्षेत्रज्ञस्वरूपं बहुभिः प्रकारैः निरूपितम्। तथा च वचनानि-"अहं त्वं च तथान्ये च भूतैरुह्याम पार्थिव!। गुणप्रवाहपतितो भूतवर्गोऽपि यात्ययम्॥ कर्मवश्या गुणा ह्येते सत्त्वाद्याः पृथिवीपते!। अविद्यासञ्चितं कर्म तच्चाशेषेषु जन्तुषु॥ आत्मा शुद्धोऽक्षरः शान्तो निर्गुणः प्रकृतेः परः"। तथा-"पिण्डः पृथग्यतः पुंसः शिरःपाण्यादिलक्षणः। ततोऽहमिति कुत्रैतां संज्ञां राजन्! करोम्यहम्"॥ तथा च—"किं त्वमेतच्छिरः? किन्तु शिरस्तव तथोदरम्। किन्तु पादादिकं त्वं वै तवैतत् किं महीपते!॥ समस्तावयवेभ्यस्त्वं पृथग्भूतो व्यवस्थितः। कोऽहमित्यत्र निपुणो भूत्वा पार्थिव! चिन्तय!" इति। एवं पृथक्पृथगुक्तयोः क्षेत्रक्षेत्रज्ञयोस्तयोरात्मा वासुदेवोऽस्तीति च महर्षयः प्राहुः-"इन्द्रियाणि

શ્લોકાર્થ-

તે ક્ષેત્ર-શરીર, જે છે. જેવું છે. જેવા વિકારવાળું છે. તથા જેના થકી જે થયેલું છે. તથા ક્ષેત્રજ્ઞ-જીવાત્મા જે છે.અને જેવા પ્રભાવવાળો છે.તે સઘળું સંક્ષેપથી મારા થકી સાંભળ! ॥૩॥

આ ક્ષેત્ર-ક્ષેત્રજ્ઞનું સ્વરૂપ સ્વભાવ વિગેરે ઋષિઓએ બહુ પ્રકારે નાના પ્રકારના વેદમંત્રોથી જુદું જુદું કહેવામાં આવ્યું છે. તેમજ-હેતુવાદપૂર્વકનાં નિશ્ચિત અર્થવાળાં બ્રહ્મસૂત્રોનાં વાકયોથી પણ કહેવામાં આવ્યું છે. ॥ ૪ ॥

ભાવાર્થ—

આ પ્રમાણે દેહને ક્ષેત્રપણે અને જીવાત્માને ક્ષેત્રજ્ઞપણે કહીને, હવે-હમણાં સકળ ચેતન-અચેતનના સમૂહને ક્ષેત્રપણે, અને પોતાને પરમાત્માને તે સર્વની અપેક્ષાએ ક્ષેત્રજ્ઞપણે કહે છે--

સર્વ એવાય ચેતન-અચેતન પદાર્થોને મારી અપેક્ષાએ શરીરપણાને લીધે ક્ષેત્રપણે, જાણ! અને તે સર્વ એવાંય ક્ષેત્રોમાં ક્ષેત્રજ્ઞપણે અન્તર્યામિભાવે રહેલો હુંજ છું.માટે મનેજ સર્વ ક્ષેત્રોમાં ક્ષેત્રજ્ઞ એ પ્રમાણે જાણ! અને તેજ પ્રમાણે-અન્તર્યામિ બ્રાહ્મણમાં સર્વનું શરીરપણું સાંભળવામાં આવે છે-" જે પૃથ્વીમાં રહે છે " ઇત્યાદિક શ્રુતિવચનોથી।

અથવા-સર્વ શરીરોરૂપ ક્ષેત્રોમાં અનુસ્યૂત રહેલો એકજ ક્ષેત્રજ્ઞ એવો મને જાણ!' અથવા તો-સર્વ ક્ષેત્રોમાં-દરેક ક્ષેત્રમાં રહેલા ક્ષેત્રજ્ઞ-જીવાત્માને જાણ! અને મને પણ જાણ!

વસ્તુતાએ તો-જે ક્ષેત્રજ્ઞ કહ્યો, તે પોતે સ્વતંત્ર નથી, પરન્તુ-મદાત્મક-મારા આધીનમાં વર્તનારો છે. માટે તે ક્ષેત્રજ્ઞને પણ મનેજ-મદાત્મકજ છે, એમ જાણ!' આ જે ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞનું જ્ઞાન કહી બતાવ્યું, તેજ ખરૂં જ્ઞાન છે. એમ મારો મત-અભિપ્રાય છે. અને એથી વિપરીત બધુંય અજ્ઞાન છે. એમ અભિપ્રાય છે. ॥ ૨ ॥

હવે-જીવાત્માનું શરીરરૂપ ક્ષેત્ર અને તે જીવાત્મા, એ બન્નેના સ્વરૂપના નિરૂપણની પ્રતિજ્ઞા કરે છે—

તે-"**इदं शरीरम्** " એ શ્લોકથી પહેલાં કહેલું ક્ષેત્ર, તે જે સ્વરૂપે છે, જેવા ધર્મ-સ્વભાવવાળું છે, જે જે વિકારોએ યુકત છે. જે હેતુથી એ ઉત્પન્ન થાય છે. જે-જે જે સ્થાવર-જંગમાદિક ભેદોથી ભિન્ન ભિન્ન આકારે, અથવા ભિન્ન ભિન્ન પ્રકારે રહેલું છે. તેમજ-તે "**यो वेत्ति**" એ શ્લોકથી કહેલો ક્ષેત્રજ્ઞ, જે સ્વરૂપે રહેલો છે. જે જે પ્રભાવ-સામર્થ્યે યુકત છે, તે સઘળુંય સંક્ષેપે કરીને મારા થકી તું શ્રવણ કર! ॥૩॥

આ ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞનું સ્વરૂપ કોણે કોણે પ્રથમ વિસ્તારથી કહેલું છે? કે જેને તમે અહીંઆં સંક્ષેપથી કહોછો, એ આશંકાના સમાધાનમાં કહે છે--

પૂર્વે થયેલા પરાશરાદિક ઋષિઓએ તે ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞનું સ્વરૂપ બહુ પ્રકારે નિરૂપણ કર્યું છે. જુઓ? તે પ્રમાણેનાં તેમનાં વચનો-" હે પાર્થિવ! હું અને તું તથા બીજા સઘળાઓ પણ પૃથિવ્યાદિક ભૂતોની સાથે તણાઇએ છીએ. અને એજ પ્રમાણે ગુણના પ્રવાહમાં પડેલો આ ભૂતવર્ગ પણ તણાયા કરે છે. હે પૃથિવીપતે! આ સત્ત્વાદિક

भाष्यम्-

मनो बुद्धिः सत्त्वं तेजो बलं धृतिः । वासुदेवात्मकान्याहुः क्षेत्रं क्षेत्रज्ञमेव च"॥ इति । विविधैः-ऋग्यजुःसामाथर्वभिः, छन्दोभिः-वेदैः, क्षेत्रक्षेत्रज्ञयोः स्वरूपं पृथग्गीतम् । तत्र यजुर्वेदे-"तस्माद्वा एतस्मादात्मन आकाशः सम्भूतः, आकाशाद्वायुः, वायोरग्निः, अग्नेरापः, अद्भ्यः पृथिवी, पृथिव्या ओषधयः, औषधिभ्योऽन्नम्, अन्नात् पुरुषः, स वा एष पुरुषोऽन्नरसमयः,तस्माद्वा एतस्मादन्नमयादन्योऽन्तर आत्मा प्राणमयः, तस्माद्वा एतस्मात्प्राणमयादन्योऽन्तर आत्मा मनोमयः" इति क्षेत्रस्वरूपमभिधाय, "तस्माद्वा एतस्मान्मनोमयादन्योऽन्तर आत्मा विज्ञानमयः" इति क्षेत्रज्ञ-जीवात्मस्वरूपमभिधाय,"तस्माद्वा एतस्माद्विज्ञानमयादन्योऽन्तर आत्मा आनन्दमयः" इति क्षेत्रज्ञस्यान्तरात्मतया आनन्दमयः परमात्मा कथितः । एवम्-ऋक्सामाथर्वसु च शरीरजीवात्मनोः पृथक्त्वम्, तयोश्चान्तरात्मा परब्रह्मेति सुस्पष्टमुक्तम् । हेतुमद्भिः-हेत्वर्थपञ्चमीसंयुक्तैः, न्यायरूपैरिति यावत् । विनिश्चितैः—विशेषेण निश्चितं निर्णीतं तत्त्वत्रयादि यैस्तानि तथाभूतैः । ब्रह्मसूत्रपदैः— ब्रह्म-चिदचिद्विशिष्टस्य परब्रह्मणः प्रतिपादकं श्रुतिनिकरम्, सूच्यते-ग्रथ्यते येषु तानि ब्रह्मसूत्राणि,तानि च तानि पदानि वाक्यानि च तैश्च । क्षेत्रक्षेत्रज्ञयोः स्वरूपं तयोश्च परब्रह्मात्मकत्वं बहुधा गीतमेव । "न वियदश्रुते" रित्यारभ्य "चराचरव्यपाश्रयस्तु स्याद्व्यपदेशो भाक्तस्तद्भावभावित्वा" दित्यन्तैः क्षेत्रस्वरूपं निश्चितम्, "नात्मा श्रुतेर्नित्यत्त्वाच्च ताभ्यः" "ज्ञोऽत एवे" त्यादिसूत्रैः क्षेत्रज्ञस्वरूपं निश्चितम् । "परात्तु तच्छ्रुते" रिति भगवत्प्रवर्त्यत्वेन तयोर्भगवदात्मकत्वं निश्चितम् । एवं बहुभिः प्रकारैः कथितं क्षेत्रक्षेत्रज्ञस्वरूपयाथार्थ्यं मया सङ्क्षेपेण स्पष्टमुच्यमानं शृण्वित्यर्थः ॥ ४ ॥

तत्र क्षेत्रनिर्णयं वदति-द्वाभ्याम् ।

महाभूतान्यहङ्कारो बुद्धिरव्यक्तमेव च ।
इन्द्रियाणि दशैकं च पञ्च चेन्द्रियगोचराः ॥
इच्छा द्वेषः सुखं दुःखं सङ्घातश्चेतनाधृतिः ।
एतत् क्षेत्रं समासेन सविकारमुदाहृतम् ॥५-६॥

ભાવાર્થ-

ગુણો બધાય પ્રાણીઓનાં કર્મનેજ વશ વર્તનારા છે. અને તે કર્મ પણ સર્વ જન્તુઓમાં અનાદિ અજ્ઞાનરૂપ અવિદ્યાથી સંચિત રહે છે. અને આત્મા તો શુદ્ધ, ક્ષર ભાવથી રહિત-અક્ષરસ્વરૂપ, શાન્ત સુખમય, નિર્ગુણ અને પ્રકૃતિ-માયાથી પર-જુદો અથવા શ્રેષ્ઠ છે." તેમજ-" મસ્તક, તથા હસ્ત-પાદાદિક અવયવરૂપ લક્ષણવાળો આ પિંડ-શરીર, પુરૂષ-જીવાત્મા થકી જુદોજ છે, તો પછી "अहम् હું એવી સંજ્ઞા હે રાજન્ ! એમાંથી કોને વિષે હું કરૂં ?" તેમજ વળી-"આ શિર જે મસ્તક તે તું છે ? કે એ મસ્તક **તારૂં** છે ? તેમજ ઉદર પણ તું છે ? કે **તારૂં** છે ? વળી હે રાજન્ ! શું આ પગ વિગેરે અવયવો તે **તું** છે ? કે એ બધા અવયવો **તારા** છે ? જો સમસ્ત અવયવો થકી તું જુદોજ નિશ્ચે રહેલો છે, તો પછી હું **કોણ** ? એ બાબતમાં તું નિપુણ-ડાહ્યો થઇને વિચાર કર ?" આ પ્રમાણે જુદાં જુદાં કહેલાં ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞ, તે બન્નેના આત્મા-ધારક વાસુદેવ ભગવાન છે, એમ પણ મહર્ષિઓજ કહે છે-"ઇન્દ્રિયો, મન, બુદ્ધિ, સત્ત્વ, તેજ, બળ, ધૃતિ-ધીરજ, આ બધાંય તત્ત્વો વાસુદેવાત્મકજ છે. અને ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞ તે પણ વાસુદેવ જેના આત્મા છે એવાં છે. એમ પૂર્વના મહર્ષિઓ કહે છે." અને તે મહર્ષિઓએ ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ, એવા જુદા જુદા વેદોથી-વેદોદ્વારા ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞનું સ્વરૂપ પૃથક્ પૃથક્-જુદું જુદું કહેલું છે. તેમાં યજુર્વેદમાં-"તે આ આત્મા-પરમાત્મા થકી આકાશ ઉત્પન્ન થયો, આકાશ થકી વાયુ થયો, વાયુ થકી અગ્નિ, અગ્નિ થકી જળ, જળ થકી પૃથ્વી, પૃથ્વી થકી ઔષધિઓ, ઔષધિઓ થકી અન્ન અને અન્ન થકી પુરૂષ-પુરૂષાકાર શરીર થયું. માટે તે આ પુરૂષ--શરીર અન્નરસમય છે. તે આ અન્નરસમય શરીર થકી અન્ય-જુદો અન્દર પ્રાણમય આત્મા છે. અને તે આ પ્રાણમય આત્માથી જુદો અન્દર મનોમય આત્મા છે." આ પ્રમાણે અહીં સૂધી ક્ષેત્રનું સ્વરૂપ કહીને, આગળના-"તે આ મનોમય આત્મા થકી જુદો અન્દર વિજ્ઞાનમય આત્મા છે." આ વાકયથી ક્ષેત્રજ્ઞ એવા જીવાત્માનું સ્વરૂપ કહીને, પછી "તે આ વિજ્ઞાનમય આત્મા થકી જુદો અન્દર આનન્દમય આત્મા-પરમાત્મા છે." એમ ક્ષેત્રજ્ઞના અન્તરાત્માપણે આનન્દમય પરમાત્મા કહેલા છે. એજ પ્રમાણે ઋગ્વેદ, સામ વેદ અને અથર્વ વેદમાં પણ શરીર અને જીવાત્માનું પૃથક્ત્વ અને તે બન્નેના અન્તરાત્મા પરબ્રહ્મ છે, એમ અતિ સ્પષ્ટતાથી કહેલું છે. અને હેતુરૂપ અર્થવાળી પંચમી વિભકિતએ સંયુકત એવાં ન્યાયરૂપ અને વિશેષપણે નિશ્ચયપૂર્વક નિર્ણય-નકકી કર્યાં છે તત્ત્વત્રયાદિક પદાર્થો જેમણે એવાં બ્રહ્મસૂત્રપદોથી, એટલે કે-બ્રહ્મ જે ચિત્ અચિત્થી વિશિષ્ટ એવા પરબ્રહ્મ પરમાત્મસ્વરૂપને પ્રતિપાદન કરનારો શ્રુતિગણ તે સૂત્રરૂપે જેમાં ગુંથવામાં—રચવામાં આવ્યો છે. એવાં તે તે બ્રહ્મસૂત્રરૂપ વ્યાસમુનિનાં પદ—વાકયોથી, ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞનું સ્વરૂપ અને તે બન્નેનું પરબ્રહ્માત્મકપણું બહુ પ્રકારે ગાયેલું-વર્ણવેલું છેજ. બ્રહ્મસૂત્રમાં કારણવાદનું નિરૂપણ કરતાં વ્યાસમુનિ કહે છે કે-"આકાશ જગતનું કારણ ન હોઇ શકે,

टीका-

भवेत् शान्तिः। भक्तियोगे प्रविशतु ज्ञानयोगे वा अक्षरसधर्मस्वात्मचिन्तने वा प्रविशतु! प्रथमं कर्मफलत्यागस्त्ववश्यं विधेयः। तत् श्रेयःपथे समन्ततरतः कर्मफलत्यागो विशिष्यते इति।

आभ्यां श्लोकाभ्यां भक्तियोगनिष्पत्तिर्न ज्ञानयोगमन्तरा। ज्ञानयोगनिष्पत्तिश्च न कर्मयोगमन्तरा। तत् कर्मयोगपूर्वक एव भक्तियोगोऽपीत्युक्तं भवति ॥ १२ ॥

अनन्तरश्लोकानवतारयति—इदानीमित्यादिना। ज्ञानिभक्तस्येति। यो निष्पन्नयोगो भक्तियोगे प्रवृत्तस्तस्येत्यर्थः। लक्षणमिति। असाधारणान् धर्मानित्येतत्। सर्वेष्वेषु धर्मेष्वद्वेषः प्रथमः, द्वेषो हि सर्वानर्थमूलम्, अत अद्वेषोपक्रमकोऽयं गुणानुवादः। अद्वेषादित्रयस्य पात्रमाह—उत्कृष्टेष्वित्यादिना। सर्वभूतानामित्यस्य अद्वेष्टा मैत्रः करुण इत्येतेषु त्रिषु वाप्यन्वयः। सर्वेषामेव भूतानामद्वेष्टा—धनतो विद्यातोऽन्यतः कुतोऽपि ये स्वाधिकाः, यानि च भूतानि स्वानर्थाधायकानि तेषामप्यद्वेष्टा—सर्वेषु भूतेषु अनुकूलेषु प्रतिकूलेषु वा सर्वेष्वेव मैत्रीयुक्तः—श्रेयःकाङ्क्षीत्येतत्। सर्वेषु करुणः—स्वानर्थाधायकेष्वप्यतिदयावानिति यावत्। आगतेषु सुखदुःखेष्विति। सुखसाधनेषु दुःखसाधनेषु चागतेष्वित्यर्थः। तस्येति। तस्मिन्निति यावत्। भयेनोद्वेगं न गच्छतीति। प्रतिकूलाद्धि भयम्, नास्य दृष्टौ प्रतिकूलं किमपि भूतम्, सर्वमेष भगवदात्मकं पश्यति। भक्तिवर्धकवस्तुमात्रारम्भस्यावर्जनीयत्वादाह—मद्भक्तीति। अस्याधिकारिणः भगवदाराधनं शुभं तदनाराधनमशुभम्, तत् अविशेषेण शुभाशुभपरित्यागीति कथमत आह—बन्धहेतुभूतेति। शीतोष्णसुखदुःखेषु सम इति। सहनशील इत्येतत्। सत्सङ्गस्यावश्यं विधेयत्वात् व्याचष्टे—मन्मदीयेति ॥ १३–१९ ॥

धर्मादनपेतमिति। योऽयं भक्तियोगो "मय्येव मन आधत्स्व" इत्यादिनोक्तः, स हि भगवत्प्राप्तिफलसाधनत्वात् धर्मादनपेतः—साधनभावादनपेतः, स्वयं स्वादुतमत्वात् फलाविशिष्ट इत्यमृतं चेति यावत् ॥ २० ॥

इति श्री परभक्तिसमाराध्यभगवत्सहजानन्दस्वामिपरमोपासकसद्गुरुवर्य श्रीशुकानन्दमुनिविरचितायां श्रीमद्भगवद्गीताभाष्यटीकायां गीतागूढार्थदीपिकायां द्वादशोऽध्यायः ॥ १२ ॥

त्रयोदशोऽध्यायः—

टीका-

वृत्तवर्तिष्यमाणार्थनिरूपणपूर्वकमनन्तरषट्कमवतारयति—मध्यमषट्के इत्यादिना। उक्तमित्यन्तेन मध्यमषट्कसङ्ग्रहः। तत्र सप्तमाध्याये—" भूमिरापोऽनलो वायु " रित्यादिना भगवतो महिमा, अष्टमे–ऐश्वर्यनिष्ठानां, कैवल्यार्थिनां, भगवत्प्राप्तिकामानां चोपासनाप्रकारस्तत्तदभिलषितप्राप्यस्वरूपम्, नवमादिषु—भक्तियोगस्य विस्तरशो निरूपणं च कृतम्। अन्तिमेनेत्यादिना वर्तिष्यमाणषट्कार्थसङ्ग्रहः।

अथ त्रयोदशाध्यायमवतारयति— तत्रेत्यादिना। " इदं शरीरं " इत्यादिना क्षेत्रक्षेत्रज्ञयोः स्वरूपनिरूपणम्, "अमानित्व" मित्यादिना ज्ञाननिरूपणम्, "अनादि मत्परम्"

टीका-

इत्यादिना प्रकृतिपुरुषनिरूपणं च क्रियते। इदमित्यनेन प्रत्यक्षगोचरता गम्यते। देवोऽहं मनुष्योऽहमित्यैकीभावेन ज्ञातमिति।

अयम्भावः-देवोऽहं मनुष्योऽहं कृशोऽहं स्थूलोऽहमिति भवति पामराणां व्यवहारः, अनुभवश्च। न तावता तत्त्वस्थितिरवधार्या। अधिष्ठानाध्यस्तयोरपि हि लोके भवति— "इदं रजत" मिति समानाधिकरणप्रत्ययः। न ततस्तत्त्वावगतिः। अत्र तत्त्वविदः प्राहुः—इदं शरीरं क्षेत्रम्, यस्त्वेतत् वेत्ति, स तु क्षेत्रज्ञः। यथा लोके-क्षेत्रं कृष्यादिना स्वाभिमानिने फलमावहति, अन्यदेव च स्वामिनः। तथा शरीरं स्वाभिमानिनः अशनशयनासनादिषु व्यापार्यमाणं भोगाय भवति। तदेवं क्षेत्रधर्मतया क्षेत्राभिमानिनोऽत्यन्तभिन्नमेव तु शरीरम्। यदिदं लोके प्रसिद्धं क्षेत्रं तत्तु क्षेत्राभिमानिनः पुरुषादत्यन्तभिन्नतया प्रत्यक्षत एव गृह्यते, उभयोः प्रत्यक्षत्वात्। इह तु शरीरमेकं प्रत्यक्षम्, तदभिमानी तु अप्रत्यक्षः। अयःपिण्ड इवाग्निरविभक्तः शरीरेऽन्तः संश्लिष्टश्च। अतो भवत्यहमर्थेदमर्थयोर्भेदाग्रहः। तेन भवति देवोऽहं मनुष्योऽहमिति समानाधिकरणः प्रत्ययो व्यवहारश्च। अयो दहतीतिवत्। तदिह विचार्यम्—वेदिता कः, वेद्यं च किमिति। अहमिदं वेद्मीति योऽयं प्रत्ययो लोकानाम्, स चांशत्रयमवगाहते, तत्र—इदमंशः सन्निकृष्टोऽक्षाणाम्, अहमंशस्तु असन्निकृष्टश्चक्षुरादेस्तत्तन्मनोमात्रगोचरः स्वस्मै भासमानो वेदितृप्रत्ययांशः, विद्यंशो वेदितुर्धर्मो विज्ञानम्। घटपटादिरिव सङ्घातात्मा शरीरमपीदमर्थः पराक्कोटावन्तर्भूतः। स चाहंग्रहेण पामराणाम् इदंग्रहेण च विदुषां भासमानः। अहमर्थस्त्वनध्यक्षोऽसङ्घातात्मा स्वस्मै स्वयं भासमानतया प्रत्यक्। सोऽयं चेतनः क्षेत्रमभिमन्यते-ममेदमिति। सोऽयं क्षेत्राभिमानी जीव उच्यते। तदेवं क्षेत्रक्षेत्रज्ञयोर्विभागं तद्विभागविदः प्राहुरिति ॥ १ ॥

अनन्तरश्लोकमवतारयति—देहमिति। देहम्—तत्तद्देहम्, क्षेत्रतया—तत्तत्क्षेत्रतया। जीवात्मानम्—तत्तज्जीवात्मानम्। क्षेत्रज्ञतया-तत्तत्क्षेत्रज्ञतया। सकलचेतनाचेतनवर्गस्य क्षेत्रत्वमप्रक्रान्तम्, पूर्वश्लोके हि-"इदं शरीरं कौन्तेय! क्षेत्रमित्यभिधीयते" इति प्रसिद्धस्यास्य शिरःपाण्यादिलक्षणस्य पिण्डविशेषस्यैव क्षेत्रत्वमुक्तम्। समस्तस्य चेतनाचेतनवर्गस्य क्षेत्रतया परिग्रहणमनुचितम्, तथा उत्तरत्र "महाभूतान्यहङ्कारो बुद्धिरव्यक्तमेव च" इत्यादिना क्षेत्रस्वरूपमुपपाद्यते। यदीह क्षेत्रशब्देन चेतनवर्गोऽपि सङ्गृहीतः स्यात्, विरुद्ध्येत तदुपपादनम्। अतोऽस्वरसादाह—यद्वेति। अनुगतमेकमिति। प्रतिक्षेत्रम् भिन्नभिन्ना जीवाः क्षेत्रज्ञाः, अहं तु सर्वेष्वपि क्षेत्रेषु अनुगत एकः, तत्त्वतः क्षेत्रं जानन् क्षेत्रज्ञोऽहमास्मि। अन्यो जीवस्तु क्षेत्रमापाततो वेत्ति, अहमिदमिति वा, न तु यथावत्। अहं तु सर्वज्ञो यथावज्जानामि। "द्वा सुपर्णा सयुजा सखायौ" "द्वावजावीशनीशौ" "समाने वृक्षे पुरुषो निमग्नोऽनीशया शोचति मुह्यमानः" "गुहां प्रविष्टौ परमे परार्ध्ये छायातपौ" इति च श्रूयते। मामपि क्षेत्रज्ञं विद्धीत्यन्वयः। चस्त्वर्थे। अस्मिन् पक्षे मामित्यस्योद्देश्यत्वं क्षेत्रज्ञमित्यस्य विधेयत्वमभिप्रेतं भवति। तच्च पाठक्रमतो नोपपद्यते। प्रथमतो निर्देशात् क्षेत्रज्ञस्य ह्युद्देश्यता गम्यते। अतो व्याचष्टे-यद्वेति। नात्रोद्देश्यविधेयविभागः, किन्तु-क्षेत्रज्ञस्य स्वस्य च साहित्यमात्रं गम्यते इति भावः।

भाष्यम्-

महाभूतानीति। महाभूतानि-भूम्यादिपञ्चद्रव्याणि, अहङ्कारः-तेषामाविर्भावकारणम्, । बुद्धिः-अहङ्कारकारणं महत्तत्त्वम्, अव्यक्तम्-प्रधानाभिधा प्रकृतिश्च, तान्येतान्यारम्भकद्रव्याणि । इन्द्रियाणि-बाह्यकरणानि दश, एकं च मनः, इन्द्रियगोचराः-इन्द्रियसाक्षात्कार-योग्याः शब्दादयो विषयाः पञ्च च, तान्येतानि क्षेत्रसंयुक्तानि। एवकारः पादपूरणे ॥

इच्छेति। इच्छा-चतुर्वर्गेच्छा, द्वेषः, सुखम्, दुःखमेषां स्पष्टोऽर्थः। इच्छादिचतुर्णां शरीरोत्पन्नत्त्वाच्छरीराविकाराः कथिताः । यद्यपि-इच्छाद्वेषादयश्चत्वारः क्षेत्रज्ञधर्मा भवन्ति, तथापि क्षेत्रज्ञस्य देहसं-योगप्राप्तत्त्वाच्छरीरकार्यत्वेन शरीराश्रिताः कथ्यन्ते, तेषां पुरुषधर्म-त्वमप्यत्रैव भगवता वक्ष्यते-"पुरुषः सुखदुःखानां भोक्तृत्वे हेतुरुच्यते" इति। सङ्घातो-भूतसमुदायः। चेतनाधृतिः-चेतनस्य जीवात्मनः आधृ-तिराधार आश्रयः, सुखदुःखे भुञ्जानस्य चतुर्वर्गं साधयतो जीवात्मन आधारत्वेन भूतसङ्घातो जातः। अव्यक्तादिभूम्यन्तद्रव्यारब्धमिन्द्रिय-सहितमिच्छाद्वेषसुखदुःखरूपविकारजनकं क्षेत्रज्ञस्य सुखदुःखादि-भोगसाधनभूतं सङ्घातात्मकं शरीरमित्यर्थः। सविकारम्-विकारैःसहि-तमेतत्सर्वं क्षेत्रम्, समासेन-सङ्क्षेपतया, उदाहृतम्-कथितम् ॥५-६॥

क्षेत्रस्वरूपमुक्त्वा इदानीं शुद्धक्षेत्रज्ञाक्षरब्रह्मपुरुषोत्तमानां प्राप्ति-साधनत्वेन ग्राह्यान् गुणान् वदति पञ्चभिः-

अमानित्वमदम्भित्वमहिंसा क्षान्तिरार्जवम् ।
आचार्योपासनं शौचं स्थैर्यमात्मविनिग्रहः ॥
इन्द्रियार्थेषु वैराग्यमनहङ्कार एव च
जन्ममृत्युजराव्याधिदुःखदोषानुदर्शनम् ॥
असक्तिरनभिष्वङ्गः पुत्रदारगृहादिषु ।
नित्यं च समचित्तत्वमिष्टानिष्टोपपत्तिषु ॥७-९॥

अमानित्वम्-श्रेष्ठपुरुषेषु मानरहितत्वम्, अदम्भित्वम्-कीर्त्यर्थं धर्मपालनं भक्तिकरणं च दम्भः, तद्रहितत्त्वम्, मोक्षार्थमेव धर्माचरणं

શ્લોકાર્થ-

પંચ મહાભૂત, અહંકાર, અને અવ્યક્ત-પ્રકૃતિ, મહત્તત્ત્વ, તથા દશ ઇન્દ્રિયો, એક મન અને શબ્દાદિક પાંચ ઇન્દ્રિયોના પાંચ વિષયો.

તેમજ ઇચ્છા, દ્વેષ, સુખ, દુઃખ, પંચભૂતના સમૂહરૂપ સ્થૂળ પિંડ, ચેતન-જીવાત્માને ધારણ કરવું, અથવા ચેતના-બુદ્ધિ અને ધૃતિ-ધારણ અથવા ધૈર્ય, આ સંક્ષેપથી વિકારોએ યુક્ત ક્ષેત્રનું સ્વરૂપ કહેલું છે. ॥ ૫-૬ ॥

ભાવાર્થ-

કેમ કે તેવું શ્રુતિ વચન નથી માટે." આમ આરંભ કરીને, "ચરાચરનો વ્યપાશ્રય તો થાય." એ સુધીના સૂત્રોથી ક્ષેત્રનું સ્વરૂપ નિશ્ચિત કર્યું છે. અને "**नात्मा श्रुतेर्नित्यत्त्वाच्च ताभ्यः**" "**ज्ञोऽत एव**" ઇત્યાદિ સૂત્રોથી ક્ષેત્રજ્ઞનું સ્વરૂપ નિશ્ચિત કર્યું છે. અને "**परात्तु तच्छ्रुतेः**" એ સૂત્રથી સર્વ જગતને ભગવાનથીજ પ્રવર્તવાપણું હોવાથી તે ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞ એ બન્નેનું ભગવદાત્મકપણું નિશ્ચિત કર્યું છે. આ પ્રમાણે બહુ પ્રકારોથી કહેવામાં આવેલું ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન હું સંક્ષેપથી સ્પષ્ટ સમજાય તેમ કહું છું તે તું સાંભળ! એ અર્થ છે. ॥ ૪ ॥

તેમાં પ્રથમ ક્ષેત્રનો નિર્ણય બે શ્લોકથી કહે છે—

ભૂમિ આદિક પાંચ મહાભૂત નામે પદાર્થ, તે દ્રવ્યોના આવિર્ભાવનો કારણભૂત અહંકાર, અહંકારનું કારણ મહત્તત્ત્વરૂપ બુદ્ધિ, પ્રધાન નામે પ્રકૃતિરૂપ અવ્યક્ત, આ બધાં આરંભક દ્રવ્યો છે. બાહ્ય કરણરૂપ દશ ઇન્દ્રિયો અને એક અગીયારમું મન, તથા ઇન્દ્રિયોને સાક્ષાત્ થવામાં યોગ્ય એવા શબ્દાદિક પંચ વિષયો, તે આ સઘળાં ક્ષેત્રમાં-શરીરમાં મળેલાં છે.

હવે--ઇચ્છા જે ધર્માદિક ચતુર્વર્ગની ઇચ્છા, દ્વેષ, સુખ અને દુઃખ, અહીંઆં ઇચ્છાદિક ચારેય વિકારનું શરીર થકી ઉત્પન્ન થવાપણું છે માટે શરીરના વિકારરૂપે કહેલા છે. જો કે-ઇચ્છા અને દ્વેષાદિક એ ચારેય વિકારો ક્ષેત્રજ્ઞ--જીવાત્માના ધર્મો છે, તો પણ એ વિકારો ક્ષેત્રજ્ઞને દેહના સંયોગથી પ્રાપ્ત થાય છે, માટે શરીરના કાર્યપણે શરીરને આશરીને રહેલા એમ કહેવાયછે. અને તે વિકારો પણ પુરૂષ-જીવાત્માના ધર્મ છે. એમ તો આ ગીતામાંજ ભગવાન કહેવાના છે-" સુખ-દુઃખાદિકના ભોકતાપણામાં હેતુ પુરૂષજ કહેવાય છે." એમ. સંઘાત--ભૂતસમુદાય, ચેતનાધૃતિ--ચેતન—જીવાત્માનો આધાર-આશ્રયભૂત, સુખ દુઃખને ભોગવનારો અને તેમાં કારણભૂત એવા ધર્માદિક ચતુર્વર્ગને સમ્પાદન કરનારા જીવાત્માના આધારપણે ભૂતસમુદાય ઉત્પન્ન થયેલો છે.

ભાવાર્થ એ છે કે—અવ્યક્તથી આરંભીને ભૂમિ સુધીનાં દ્રવ્યોથી રચાયેલું, ઇન્દ્રિયો અને મને યુક્ત, ઇચ્છા, દ્વેષ, અને સુખ—દુઃખરૂપ વિકારોને ઉત્પન્ન કરનારૂં-ઉત્પત્તિનું સ્થાન અને ક્ષેત્રજ્ઞ-જીવાત્માને સુખ-દુઃખાદિક ભોગવવાના સાધનભૂત, એવું આ સ્થૂળ તત્ત્વોના સમુદાયરૂપ શરીર છે. આ પ્રમાણે તેના વિકારોએ સહિત આ સઘળું-આખુંયે ક્ષેત્ર-શરીર સંક્ષેપથી કહી બતાવ્યું. ॥ ૫-૬ ॥

भाष्यम्-

भक्तिकरणं चेत्यर्थः। अहिंसा-मनोवाग्देहैर्भूतपीडाराहित्यम्, क्षान्तिः-परापराधसहिष्णुत्वम्, आर्जवम्-वक्रतारहितत्त्वम्, आचार्योपासनम्-आचार्यस्य ज्ञानप्रदातुर्गुरोरुपासनम्-प्रणिपातेन परिप्रश्नेन सेवया च प्रसन्नताकरणम्, शौचम्-उभयविधं बाह्यमाभ्यन्तरं च, तथा हि-"मृज्जलाभ्यां स्मृतं बाह्यं भावशुद्धिस्तथान्तरम्" इति। स्थैर्यम् मोक्षसाधनेषु निश्चलत्वम्, आत्मविनिग्रहः-आत्मनो मनसो विनिग्रहः-शास्त्रनिषिद्धविषयेभ्यः संयमनम्, एतज्ज्ञानमिति प्रोक्तमिति पञ्चमेनान्वयः॥

इन्द्रियेति। इन्द्रियार्थेषु प्राकृतेष्विन्द्रियभोगेषु। वैराग्यम्-दोषदृष्ट्या रागरहितत्त्वम्, अनहङ्कारः-पाञ्चभौतिके देहे आत्माभिमानहीनत्वम्, जन्ममृत्युजराव्याधिदुःखदोषानुदर्शनम्-प्राकृते देहे जन्ममृत्युजराव्याधिदुःखादयो ये देहदोषास्तेषामनुदर्शनम्-भूयोभूय आलोचनम्॥

असक्तिरिति। असक्तिः-कृतेषु शास्त्रीयेषु कर्मसु स्वर्गादिफलानुसन्धानरहितत्त्वम्, पुत्रदारगृहादिषु अनभिष्वङ्गः-स्वस्य यथा बन्धो न स्यात्तथौदासीन्येन वर्तनम्, इष्टानिष्टोपपत्तिषु—इष्टानिष्टयोरुपपत्तिषु प्राप्तिषु, नित्यम्-सततम्, समचित्तत्त्वम्—हर्षशोकरहितसमभावेन स्थितिः॥ ७-९॥

मयि चानन्ययोगेन भक्तिरव्यभिचारिणी।
विविक्तदेशसेवित्वमरतिर्जनसंसदि॥
अध्यात्मज्ञाननित्यत्वं तत्त्वज्ञानार्थदर्शनम्।
एतज्ज्ञानमिति प्रोक्तमज्ञानं यदतोऽन्यथा॥१०-११॥

मयीति। मयि-सकलकल्याणगुणगणविशिष्टे सकलैश्वर्यसम्पन्ने प्रत्यक्षपुरुषोत्तमे च, अनन्ययोगेन-एकान्तयोगेन, अव्यभिचारिणी-अनपायिनी दृढा भक्तिः, विविक्तदेशसेवित्वम्-निर्जनस्थानवासशीलत्वम्, जनसंसदि-हर्यैकान्तिकभक्तव्यतिरिक्तप्राकृतजनानां संसदि-सभायाम्, अरतिः-अप्रीतिः॥

अध्यात्मेति। अध्यात्मज्ञाननित्यत्वम्-आत्मनीत्यध्यात्मम्-आत्मानमधिकृत्य वर्तमानमित्यर्थः। तच्च तज्ज्ञानं चेत्यध्यात्मज्ञानम्, तस्मिन्नित्यत्वम्-तदेकनिष्ठत्वम्। तत्त्वज्ञानार्थदर्शनम्-तत्त्वज्ञानस्य

શ્લોકાર્થ-

હવે-પાંચ શ્લોકથી જ્ઞાનનું લક્ષણ કહે છે--નિર્માન ભાવે વર્તવું, દંભે રહિત વર્તન રાખવું,અહિંસા,ક્ષમા રાખવી,મન-અને વાણીથી સરલ વર્તવું,શ્રદ્ધાપૂર્વક ગુરૂની સેવા કરવી,અંદર અને બહારની શુદ્ધિ રાખવી, સ્વધર્માદિક આચરવામાં મનની સ્થિરતા રાખવી. અને મન-ઇન્દ્રિયોનો વિશેષપણે નિગ્રહ કરવો. ॥

ઇન્દ્રિયોથી ભોગવાતા શબ્દાદિક વિષયોમાં રાગે રહિત વર્તવું, કોઇ પ્રકારનો અહંકાર ન રાખવો, આ સંસારમાં અનુભવાતા જન્મ,મૃત્યુ,જરા, વ્યાધિ,વિગેરે વિકારોમાં રહેલાં દુઃખ અને દોષોનું વારંવાર આલોચન રાખવું. ॥

પુત્ર, દારા અને દેહ-ગેહાદિક વસ્તુઓમાં આસકિત ન રાખવી, તેમજ તેમાં અતિ મમતાથી બંધાઇ જવું નહિ, સારા-નરસા સંજોગો પ્રાપ્ત થાય ત્યારે તેમાં સદાય સમચિત્તપણું રાખવું ॥ ૭-૯ ॥

મારામાં અનન્ય યોગથી અવ્યભિચારિણી-નિશ્ચળ ભક્તિ રાખવી. તથા એકાન્ત અને શુદ્ધ શાન્ત પ્રદેશમાં રહેવાની રૂચિ અને વિષયી જનસમુદાયમાં પ્રીતિ ન રાખવી. ॥

ભાવાર્થ-

આ પ્રમાણે ક્ષેત્રનું સ્વરૂપ કહીને હવે-શુદ્ધ ક્ષેત્રજ્ઞ-જીવાત્મા, અક્ષર-બ્રહ્મ અને પરાત્પર પુરૂષોત્તમ ભગવાનની પ્રાપ્તિના સાધનપણે ગ્રહણ-સમ્પાદન કરવા યોગ્ય ગુણોને પાંચ શ્લોકથી કહે છે—

અમાનિત્વ—પોતાનાથી શ્રેષ્ઠ એવા મહાપુરૂષોની આગળ માને રહિત વર્તવું, **અદંભિત્વ**-લોકમાં કીર્તિ થવા માટે ધર્મ પાળવો અને ભકિત આદિક કરવું તે બધો દંભ કહેવાય, તેવા દંભે રહિતપણું, એટલે કે-કેવળ પોતાના મોક્ષને માટેજ ધર્મનું આચરણ કરવું અને ભકિત કરવી.**અહિંસા**-મન,વાણી અને દેહે કરીને ભૂત-પ્રાણીમાત્રને પીડા થાય તેવું આચરણ ન કરવું, **ક્ષાન્તિ**-પરના અપરાધોને સહન કરવાનો સ્વભાવ રાખવો, **આર્જવ**-વક્રતાએ રહિત વર્તવું, **આચાર્યોપાસન**-આચાર્ય જે જ્ઞાનપ્રદાતા ગુરૂ તેમનું ઉપાસન-સેવન કરવું અને પ્રણિપાતથી, પરિપ્રશ્નથી અને સેવાથી, તેમને પ્રસન્ન કરવા, **શૌચ**—બાહ્ય અને આભ્યન્તર એમ બન્ને પ્રકારનું પવિત્રપણું, જુઓ ! તે પ્રમાણે વચન છે-" મૃતિકા અને જળ એ બેથી બાહ્ય શૌચ અને હૃદયની શુદ્ધિ રાખવી એ આભ્યન્તર શૌચ છે." એમ. **સ્થૈર્ય**-મોક્ષના સાધનભૂત ધર્મ-નિયમોમાં નિશ્ચળપણું, **આત્મવિનિગ્રહ**-આત્માનું-મનનું શાસ્ત્રમાં નિષેધ કરેલા વિષયો થકી સંયમન કરવું, એ જ્ઞાન છે એમ કહેલું છે. એમ પાંચમા શ્લોકની સાથે અન્વય છે.

વૈરાગ્ય-પ્રાકૃત માયિક ઇન્દ્રિયોના ભોગોમાં દોષદૃષ્ટિ થવાથી રાગે રહિત વર્તવું, **અનહંકાર**-પંચ ભૂતના વિકારરૂપ દેહને વિષે આત્માના અભિમાને રહિતપણે વર્તવું, **દોષાનુદર્શન**-પ્રાકૃત દેહને વિષે જન્મ, મૃત્યુ, જરા, વ્યાધિ, એવાં એવાં અનેક દેહનાં દુઃખ વિગેરે દેહના દોષોનું અનુદર્શન-વારંવાર આલોચન કરવું.

અસકિત-આચરવામાં આવતાં શાસ્ત્રીય કર્મોમાં સ્વર્ગાદિક ફળના અનુસન્ધાને

भाष्यम्-

यथार्थवेदनस्य अर्थः प्रयोजनं क्षेत्रज्ञशुद्धिः,तस्य दर्शनम्-आलोचनम्। एतत्-अमानित्वादि साधनवृन्दम्, ज्ञानम्-ज्ञायते आत्माक्षरब्रह्मणोः परमात्मनो मम च तत्त्वमनेनेति ज्ञानम्, तेषां त्रयाणां ज्ञानस्य साधनमिति प्रोक्तम्। अतः-अमानित्वादिगुणनिकरात्, अन्यथा-विपरीतं यत् मानदम्भादि क्षेत्रकार्यम्,तत् अज्ञानमिति प्रोक्तम्-महर्षिभिः कथितम्, ज्ञानविरोधित्वात् सर्वथा त्याज्यमिति भावः ॥ १०-११ ॥

अक्षरोपासकेन भवबन्धमुक्तये मद्भक्तेन च शुद्धात्मस्वरूपप्राप्तिपूर्वकमक्षरसाधर्म्यं प्राप्य मत्पराभक्त्येऽक्षरस्वरूपं ज्ञातव्यम्, यद्विज्ञानेन क्षेत्रज्ञस्य स्वरूपं विज्ञातं स्यादित्यभिप्रेत्याह-ज्ञेयमिति।

ज्ञेयं यत्तत्प्रवक्ष्यामि यज्ज्ञात्वामृतमश्नुते ।
अनादि मत्परं ब्रह्म न सत्तन्नासदुच्यते ॥ १२ ॥

ज्ञेयम्—अमानित्वादिसाधनैर्ज्ञातुं योग्यम्, यत्—अक्षरपुरुषाख्यं जीवेश्वरनियामकं ब्रह्म, तत्—प्रवक्ष्यामि। यत् ज्ञात्वा—साक्षात् बुध्वा, अमृतम्-जरामरणादिविकारजन्यक्लेशरहितत्त्वरूपम् तत्साधर्म्यमश्नुते—प्राप्नोति। तत् कथम्भूतम् ? अनादि-न विद्यते आदिरुत्पत्तिर्यस्य तत्,आदिशब्दोऽत्र निधनस्याप्युपलक्षकः,तेनास्याक्षरस्य निधनमपि न भवतीत्यर्थः। तथा च श्रुतिः—" न जायते म्रियते वा विपश्चित्" इति। भागवते च-"अनादिरात्मा पुरुषो निर्गुणः प्रकृतेः परः' इति। मत्परम्-अहं पर उत्तमो यस्मात्तन्मत्परम्, तथा च श्रुतिस्मृतयः-" अक्षरात् परतः परः " इति। " अक्षरादपि चोत्तमः " इत्याद्याः। ब्रह्म—बृहत्त्वगुणयुक्तं तदक्षरम्, सत्—कार्यरूपस्थूलभूतपञ्चकरूपं नोच्यते, असत्—भूतकारणमहङ्कारमहत्तत्त्वप्रकृतिरूपं च नोच्यते॥१२॥

सर्वतः पाणिपादं तत् सर्वतोऽक्षिशिरोमुखम् ।
सर्वतः श्रुतिमल्लोके सर्वमावृत्य तिष्ठति ॥ १३ ॥

पुनः कथम्भूतम् ? सर्वत इति। सर्वतःपाणिपादम्-सर्वतः पाणयः पादाश्च यस्य तत्। एकत्र स्थितं सत् सर्वत्र पाणिपादकार्यं करोतीत्यर्थः। सर्वतोऽक्षिशिरोमुखम्—सर्वत्र अक्षीणि शिरांसि मुखानि च यस्य, एकत्र स्थितं सत् सर्वत्र पश्यति, तथा शिरोमुखाद्यवयवसम्पन्नं

શ્લોકાર્થ-

આત્મસ્વરૂપના અનુસન્ધાનપૂર્વક પરમાત્મસ્વરૂપમાં નિત્ય--નિરન્તર સ્થિતિ રાખવી અને તત્ત્વજ્ઞાનરૂપ અર્થનું દર્શન-સાક્ષાત્કાર કરવો. આ સઘળું જ્ઞાન એમ કહેલું છે. અને આનાથી જે વિપરીત તે અજ્ઞાન જાણવું. ॥ ૧૦-૧૧ ॥

જે જાણવા યોગ્ય છે. અને જેને જાણીને અમૃતરૂપ-મુક્તિને પામેછે. તે હું તને સારી રીતે કહીશ-કહું છું. તે અનાદિ-આદિરહિત છે. હુંજ જેને પર-પ્રધાન છું એવું બ્રહ્મ છે. અને તે બ્રહ્મ સત્ એમ પણ નથી કહેવાતું,તેમ અસત્ એમ પણ નથી કહેવાતું. ॥૧૨॥

ભાવાર્થ—

રહિતપણું, **અનભિષ્વંગ**-પુત્ર, સ્ત્રી અને ગૃહાદિકમાં પોતાને જેમ બન્ધન ન થાય તેમ ઉદાસીનપણે વર્તવું, **સમચિત્તત્વ**-ઇષ્ટ-અનિષ્ટના સંયોગો પ્રાપ્ત થાય તેવા પ્રસંગોમાં પણ નિરન્તર હર્ષ-શોક નહિ પામતાં સદાય સમચિત્તપણે વર્તવું. ॥ ૭-૯ ॥

અપાર સૌશીલ્ય-વાત્સલ્યાદિક સકળ કલ્યાણકારી ગુણગણોથી વિશિષ્ટ-ભરપૂર અને સકળ ઐશ્વર્યસમ્પન્ન, એવા પ્રત્યક્ષ પુરૂષોત્તમ મારામાં અનન્ય ઐકાન્તિક યોગથી-સમ્બન્ધથી, અવ્યભિચારિણી-અસ્ખલિતપણે કરવામાં આવતી દૃઢ—અવિચળ ભક્તિ, નિર્જન એકાન્ત વાસમાં રહેવાનો સ્વભાવ અને ભગવાનના ઐકાન્તિક સન્ત—ભકતો સિવાયના બીજા પ્રાકૃત—સામાન્ય જનસમુદાયમાં સદાય અરૂચિ.

આત્મસ્વરૂપના દૃઢ અધ્યવસાયને કરાવનારા આત્મજ્ઞાનમાં એક-અનન્યનિષ્ઠપણું, તત્ત્વજ્ઞાનરૂપ અર્થનું દર્શન, એટલે કે-આત્મસ્વરૂપના યથાર્થ જ્ઞાનરૂપ તત્ત્વજ્ઞાનનું પ્રયોજન જે ક્ષેત્રજ્ઞ-જીવાત્મસ્વરૂપની વિશુદ્ધિ તેનું દર્શન-અખંડ આલોચન, આ અમાનિત્વાદિક સાધનવૃંદ તે જ્ઞાન છે. એમ જાણવું એટલે કે-આત્મસ્વરૂપ, અક્ષરબ્રહ્મ અને મારૂં પરમાત્માનું સ્વરૂપ, આ ત્રણેયને યથાર્થ જાણવાનું સાધન એનુંજ નામ જ્ઞાન એમ કહેલું છે. અને આ અમાનિત્વાદિક ગુણસમુદાય થકી જે વિપરીત માન-દંભાદિક શરીર-કાર્ય તે સઘળું અજ્ઞાન છે, એમ પૂર્વે થયેલા મહર્ષિઓએ કહેલું છે. માટે જ્ઞાનનું વિરોધિ હોવાથી એ અજ્ઞાન સર્વથા ત્યાજ્ય છે. એ અભિપ્રાય છે. ॥ ૧૦-૧૧ ॥

હવે-અક્ષરની ઉપાસના કરનારાએ સંસાર બન્ધનથી મુકાવાને માટે અને મારા ભકતોએ પણ શુદ્ધ આત્મસ્વરૂપની પ્રાપ્તિ-સાક્ષાત્કારપૂર્વક અક્ષરના સાધર્મ્યને પામીને મારી પરા-પ્રેમલક્ષણા ભકિતની સિદ્ધિ માટે અક્ષરનું સ્વરૂપ જાણવું જોઇએ. કે જેના વિજ્ઞાનથી ક્ષેત્રજ્ઞ-જીવાત્માનું સ્વરૂપ જાણવામાં આવે એમ અભિપ્રાયથી કહે છે—

હવે-અમાનિત્વાદિક સાધનોથી જાણવા યોગ્ય એવું જે અક્ષર-પુરૂષ નામે જીવ ઇશ્વરાદિક સર્વનું નિયામક બ્રહ્મ, તે હું તને કહીશ. કે જેને જાણીને-સાક્ષાત્ સમઝીને જન્મ--મરણાદિક વિકાર પામવાથી થતા કલેશોથી રહિતપણારૂપ તેના સાધર્મ્યને પામે છે. તે અક્ષર બ્રહ્મ કેવું છે ? તે કહે છે--**અનાદિ**-આદિ એટલે જેની ઉત્પત્તિજ નથી, આદિ શબ્દથી અહીંઆં નિધન-નાશ પણ સમઝી લેવો, તેથી આ અક્ષરનો નિધન-નાશ પણ નથીજ થતો, એ અર્થ જાણવો. અર્થાત્-આદિ-અન્તે રહિત એવું એ અક્ષર બ્રહ્મ છે.

टीका-

अस्मिन् पक्षेऽनपेक्षितार्थकथनमपेक्षितार्थत्यागश्चेत्यतो व्याचष्टे—वस्तुत इति। तथा च श्रीमद्रामानुजाचार्यैरपि व्याख्यातम्। विशेषस्ततो बोध्यः ॥ २ ॥

स्वरूपनिरूपणमिति। स्वरूपमित्येतत् स्वभावादेरप्युपलक्षकम्। स्वरूपस्वभावादिनिरूपणमिति यावत् ॥ ३ ॥

आत्मा वासुदेवोऽस्तीति । आत्मा—अन्तरात्मा, अन्तर्यामिब्राह्मणोक्तप्रकारेणान्तर्यामितया स्थितः। क्षेत्रक्षेत्रज्ञजातं सर्वमेव परब्रह्मात्मकम्, नैकं वा वस्तु स्वतन्त्रमिति यावत्। क्षेत्रक्षेत्रज्ञयोरत्यन्तवैलक्षण्यज्ञानमात्रेण न वस्तुयाथात्म्यनिष्कर्षः, किन्तु—वासुदेवात्मकत्वज्ञानेनैवेति भावः। "क्षेत्रज्ञं चापि मां विद्धी" त्युक्तस्यैवार्थस्य विवेचनमेतत्। पूर्वं प्रथमषट्के तत्र तत्र देहात्मनोः स्वरूपस्वभावभेदः प्रपञ्चितः। अयमेव विशेषोऽस्मिन्नध्याये यत्तयोर्वासुदेवात्मकत्वमुच्यते—" क्षेत्रज्ञं चापि मां विद्धी " ति।

न्यायरूपैरिति यावदिति। सर्वाण्येव सूत्राणि न्यायप्रयोगरूपतया औपनिषदार्थे संशयविप्रतिपत्तिनिरसनपराणि, अत एव निर्णयान्तानीति भावः। सूत्र्यते-ग्रथ्यते इति। विषयतया ग्रथ्यन्ते-गृह्यन्त इति यावत् ॥ ४ ॥

अहङ्कारशब्दस्य गर्वपरताभ्रमं व्यावर्तयन् व्याचष्टे-तेषामिति। तेषाम्-महाभूतानाम्। बुद्धिशब्दस्य ज्ञानपरताभ्रमं व्यावर्तयन् व्याचष्टे—अहङ्कारकारणं महत्तत्त्वमिति। अव्यक्तशब्दस्याक्षरब्रह्मपरतां व्यावर्तयन् व्याचष्टे-प्रधानाभिधा प्रकृतिरिति। तान्येतानीति। आरम्भककथनेन यत्स्वरूपमित्येतद्विवृतम्। चतुर्विंशतितत्त्वरूपमिदं क्षेत्रमित्युक्तं भवति। तान्येतानि क्षेत्रसंयुक्तानीति। अनेन- यैर्विशेषैः संयुक्तमित्येतद्विवृतं भवति। शरीरविकाराः कथिता इति। यद्विकारीत्येतदनेन विवृतम्। यत्प्रकार इत्येतत् एवम्प्रकार इत्यनेन हि विवेचितं भवति। यथा मृत्स्वरूपो घटः कम्बुग्रीवादिसंस्थानलक्षणेन निरूप्यते—कम्बुग्रीवादिमान् घट इति। तथा महाभूतादिमयमिदं क्षेत्रं संश्लेषविशेषलक्षणेन प्रकारेण सङ्घातोऽयमिति। चतुर्वर्गं साधयत इति। भोगापवर्गसम्पादनमस्य प्रयोजनमित्येतत्। भावमाह—अव्यक्तादीति ॥ ५-६ ॥

अनन्तरश्लोकमवतारयति—क्षेत्रस्वरूपमुक्त्वेति। अयम्भावः-यद्यपि क्षेत्रनिरूपणसमनन्तरं क्षेत्रज्ञो निरूपणीयः प्रतिज्ञानुरोधात् " तत् क्षेत्रं यत्, स च क्षेत्रज्ञो यः, तच्छृणु " इति हि प्रतिज्ञातम्। अथापि प्रकृतिपुरुषविवेचनमात्रेण श्रुतावगतेन स क्षेत्रज्ञो न विज्ञातो भवेत्। स ह्यवश्यं विशेषतो ज्ञेयः—अपरोक्षगोचरीकर्तव्यः। स ह्युपादेयः, तद्विज्ञाने यानि साधनानि तानि प्रथमतो विज्ञाय तैः साधनैः स विज्ञेयः। तत् प्रथमतः तद्विज्ञानसाधनानि निरूप्यन्ते इति। श्रेष्ठपुरुषसन्निधौ गर्वराहित्यम्। नम्रीभाव इत्येतत्। भक्तिकरणं चेति। श्रवणकीर्तनादिलक्षणबाह्यभक्त्यनुष्ठानमिति। करणत्रयेणाप्यकौटिल्यमेकरूपतेत्येतत्। ज्ञानदातुरिति। यमुपसन्नो विज्ञानाय, तस्योपासनं सेवाप्रणिपातादिलक्षणमिति यावत्। अस्थाने स्थैर्यं व्यावर्तयति—मोक्षसाधनेष्विति। संयमनं न सर्वथा मनसो योग्यम्। विहितविषयेष्ववश्यं प्रवर्तनीयत्वादतो व्याचष्टे-शास्त्रनिषिद्धविषयेभ्य इति। पाञ्चभौतिके इति। अनहमर्थे देहादावहम्बुद्धिराहित्यमित्यर्थमभिप्रेत्य व्याचष्टे-देहादाविति। जन्मेति। जन्ममृत्युजराव्याधयो ये दोषाः, ये चान्ये गर्भवासादिदुःखरूपा

टीका-

दोषास्तेषामित्यर्थः। जन्ममृत्युजराव्याधिभिर्यद्दुःखं तस्य दोषस्येति वा। असक्तिरनभिष्वङ्ग इत्यनयोरर्थभेदमाह-कृतेष्वित्यादिना। असङ्गकर्मानुष्ठानमिति यावत्। जनशब्दः प्राकृतजनपर इत्याह-एकान्तिकेत्यादिना। तदेकनिष्ठत्वमिति। अक्षरब्रह्मसजातीयपरब्रह्मात्मकस्वात्मज्ञानैकनिष्ठतेत्येतत्। आलोचनमिति। तत्त्वज्ञानस्येदं फलमिति प्रयोजनस्वरूपपर्यालोचनम्। फलस्य दुःखप्रत्यनीकत्वानन्तत्वस्थिरत्वदर्शनमिति यावत् ॥७-११॥

अथ ज्ञानसाधनान्युक्त्वा तैरेतैः साधनैर्यज्ज्ञातव्यं तदाहेत्यवतारयति-समनन्तरश्लोकम्। ननु-उक्तैः साधनैर्ज्ञेयं हि परम्ब्रह्म, तत् कथमक्षरस्वरूपं ज्ञेयमित्युच्यते? तत्राह—अक्षरेति। अयम्भावः—मुमुक्षुभिर्ज्ञातव्यं यत्तु ज्ञेयम्, तत्र जरामरणमोक्षार्थिभिरक्षरं ब्रह्म विज्ञेयम्, यस्मिन् विज्ञाते विशुद्धस्वात्मस्वरूपं विज्ञातं स्यात्। तेन च कैवल्यलक्षणो मोक्षः, ये च भगवत्प्राप्तिलक्षणमोक्षकामास्तैरप्यक्षरं ज्ञातव्यम्। देहत्रयविलक्षणाक्षरसधर्मस्वात्मस्वरूपावलोकनपूर्वकैव हि परा भक्तिः, तयैव च परमात्मप्राप्तिः, अतोऽक्षरं तैरपि ज्ञेयम्। अतोऽक्षरं निरूप्यते ज्ञेयमिति। ननु—" स च यो यत्प्रभावश्च तत् समासेन मे शृणु " इति पूर्वमुक्तम्, तत् क्षेत्रज्ञस्य स्वरूपं हि वक्तव्यम्, कथमुच्यते ? अक्षरमित्याह-यद्विज्ञानेनेति। सत्यम्, क्षेत्रज्ञः प्रकृतः, अक्षरेऽवश्यं ज्ञातव्ये निरूपिते क्षेत्रज्ञस्य स्वरूपमुक्तमेव भवतीति न पृथक् तन्निरूपणापेक्षा भवतीत्यभिप्रायः। जीवेश्वरनियामकमिति। जीवाः-देवमनुष्यादयः, ईश्वराः-ब्रह्मादय आधिकारिकाः पुरुषाः, सर्व एवैते बद्धाः, तेषां नियामकम्—तदुपरि वर्तमानमिति यावत्। "न सत्तन्नासदि" त्यनेन यदिदं गुणमयं कार्यकारणात्मकं वस्तु, ततो वैलक्षण्यमुच्यते इत्यभिप्रेत्य व्याचष्टे-सदित्यादिना। पाणिपादादिशब्दानां तत्तत्कार्यपरतामभिप्रेत्य भावमाह-एकत्रेति॥१२-१३॥

इन्द्रियशब्दस्य प्रकृतेन्द्रियपरतया व्याख्यानेन फलितमाह-अप्राकृतविग्रहेति। असक्तम्-ध्रियमाणैः स्वयमलिप्तं सदेव सर्वं बिभर्तीति वा। इह भाष्ये न तिरोहितार्थं किञ्चित् ॥

स्वरूपस्वभावाभ्यामिति। प्रकृतेः स्वरूपं जडमचेतनम्, स्वभावश्च विकारैकशीलता, पुरुषस्य स्वरूपं तु चैतन्यघनम्, स्वभावश्चाच्छेद्यत्वादिलक्षणमविकृतत्वम्। कार्यभेदामिति। "कार्यकारणकर्तृत्वे हेतु" रित्यनेन वक्ष्यमाणः कार्यभेदः। सम्बन्धहेतुरिति। " कारणं गुणसङ्गोऽस्य " इत्यादिना वक्ष्यमाणः सम्बन्धहेतुः। प्रकृतिं पुरुषं चेत्येतत्तत्संसर्गस्याप्युपलक्षकमित्यभिप्रेत्य व्याचष्टे—अनादिकालसंसृष्टाविति। तत्र प्रमाणमाह-प्रकृतिरित्यादिना। अनाद्यविद्येति। अत्राविद्याशब्दः प्रकृतिपरः, विद्याविरोधित्वात् बन्धकत्वात्। विकारांश्च गुणांश्चैवेत्यत्र गुणशब्दसाहचर्यात् विकारशब्दो दोषपरः, स च बन्धकत्वादिच्छाद्वेषादिः। गुणशब्दस्तु विमोक्षका ये अमानित्वादयस्तत्पर इत्यभिप्रेत्य व्याचष्टे-बन्धनेत्यादिना। मनसैव प्रकृतिपरिणतिलक्षणेन बन्धका भवन्तीच्छादयोऽपि। अमानित्वादयो ज्ञानसाधका गुणा अपि तेनैव भवन्ति, तदुच्यते-प्रकृतिसम्भवान् विद्धीति। भावमाह-अनादीति। परे तु-विकारान् देहेन्द्रियात्मना परिणतान् गुणान् इच्छाद्वेषसुखदुःखमोहादीन् गुणत्रयकार्यानिति व्याचक्षते।

पक्षान्तरेण व्याचष्टे-यद्वेति। पूर्वं पुरुषशब्दः क्षेत्रज्ञपरतया व्याख्यातः, इदानीमीश्वरपरतया व्याख्यायते। प्रकृत्युत्पन्नानिति। प्रकृतिनिष्ठानिति यावत्। सत्त्वादयो हि गुणा अनादेः प्रकृतेर्धर्माः, अनादय एव ते। यद्वा—उद्भवाभिभवलक्षणवैषम्यावस्थां प्राप्ताः सत्त्वादयः, साम्यावस्थगुणमयप्रकृतिकार्यत्वात् प्रकृत्युत्पन्ना इत्यर्थः ॥१४-१९॥

भाष्यम्-

स्वरूपं स्वभक्तेभ्यो दर्शयतीत्यर्थः। सर्वतःश्रुतिमत्-सर्वत्र श्रुतयः-श्रवणेन्द्रियाणि सन्ति अस्येति, एकत्र स्थितं सत् सर्वैरुक्तं शब्दव्रातं सर्वत्र शृणोतीत्यर्थः। तदक्षरं ब्रह्म स्वान्तःस्थेन पुरुषोत्तमेन मया प्रेरितं सत् प्रकृत्युत्पन्ने लोके वर्तमानं सर्वं चेतनाचेतनवस्तुजातमावृत्य-चिच्छक्त्या व्याप्य तिष्ठति-वर्तते। तथा च श्रुतिस्मृतयः-"हन्ताहमिमास्तिस्रो देवता अनेन जीवेनात्मनानुप्रविश्य नामरूपे व्याकरवाणी"ति। "अक्षरमन्तरो यमयति" इति च। अत्र च-"इतस्त्वन्यां प्रकृतिं विद्धि मे पराम्। जीवभूतां महाबाहो! ययेदं धार्यते जगत्"॥ इति। तृतीयस्कन्धे च-"पुरुषेणात्मभूतेन वीर्यमाधत्त वीर्यवान्"इति। स्कान्दे च-"तां कालशक्तिमादाय वासुदेवोऽक्षरात्मना। सिसृक्षयैक्षत यदा सा चुक्षोभ तदैव हि॥" इत्याद्याः ॥१३॥

सर्वेन्द्रियगुणाभासं सर्वेन्द्रियविवर्जितम्।
असक्तं सर्वभृच्चैव निर्गुणं गुणभोक्तृ च ॥ १४ ॥

सर्वेति। सर्वेन्द्रियगुणाभासम्-सर्वान् जीवान् तेषामिन्द्रियाणि गुणांश्च आभासयति प्रकाशयति तथाभूतम्, सर्वेन्द्रियविवर्जितम्-सर्वेन्द्रियैः समग्रप्राकृतकरणैः विवर्जितं रहितम्,अप्राकृतविग्रहवत्त्वे तु न विरोधः। असक्तम्-पुरुषोत्तमस्य मम स्वरूपं विना अन्यत्र प्रीतिशून्यम्। तथापि सर्वभृत्-सर्वेषां स्थावरजङ्गमानां पोषणकृच्च, निर्गुणम्-सत्त्वादिगुणशून्यमेव। गुणभोक्तृ-गुणाभिमानिदेवानां रक्षकं च ॥१४॥

पुनः कथम्भूतम्?

बहिरन्तश्च भूतानामचरं चरमेव च।
सूक्ष्मत्वात्तदविज्ञेयं दूरस्थं चान्तिके च तत् ॥१५॥

बहिरिति। भूतानाम्-स्थावरजङ्गमानाम्,अन्तःस्थितं बहिःस्थितं च, आवरणशून्यमित्यर्थः। तथा च श्रुतिः-"स्वकृतपुरेष्वमीष्वबहिरन्तरसंवरणं तव पुरुषं वदन्त्यखिलशक्तिधृतोंऽशकृतम्" इति। अचरम्-मत्स्थानरूपेण निरवयवं सर्वत्र पूर्णतया स्थितम्। चरम्-पुरुषाकृत्या मत्सेवायां स्थितं च। दूरस्थम्-अमानित्वादिसाधनशून्यानां दूरे

શ્લોકાર્થ-

તે બ્રહ્મ સર્વ બાજુએ હાથ-પગવાળું છે. સર્વ બાજુએ નેત્ર, મસ્તક અને મુખવાળું છે. સર્વ બાજુએ કાનવાળું છે. કેમકે-લોકમાં સર્વને આવરીને-વ્યાપીને રહેછે. ॥૧૩॥

સર્વની ઇન્દ્રિયોના વિષયોનો પ્રકાશ કરનારૂં છે. અને પોતે સર્વ ઇન્દ્રિયોથી રહિત છે. પોતે અસકત-નિર્લેપ છે. અને સર્વનું ધારણ-પોષણ કરનારૂં છે. પોતે માયિક ગુણોથી રહિત માટે નિર્ગુણ છે. અને નિયન્તાપણે ગુણનું ભોગવનારૂં પણ છે. ॥૧૪॥

ભાવાર્થ-

તેજ પ્રમાણે શ્રુતિ કહે છે-"વિપશ્ચિત્-જ્ઞાનસ્વરૂપ એ બ્રહ્મ-આત્મા ઉત્પન્ન થતું નથી અને મરતું પણ નથી." ભાગવતમાં પણ કહ્યું છે-"આત્મા-બ્રહ્મ અનાદિ છે. માયાના ગુણોથી રહિત અને પ્રકૃતિથી પર પુરૂષ છે." મત્પર-હું પર-ઉત્તમ અથવા પ્રધાન જેના થકી છું એવું છે. તે પ્રમાણેજ શ્રુતિ અને સ્મૃતિઓ કહે છે-"સર્વથી પર જે અક્ષર તે થકી પણ પર એ પરમાત્મા છે." "અક્ષર થકી પણ એ પરમાત્મા ઉત્તમ છે." ઇત્યાદિક છે. આવું બૃહત્ત્વગુણે યુકત તે અક્ષર બ્રહ્મ, સત્-કાર્યભૂત સ્થૂળ પૃથિવ્યાદિક ભૂતપંચકરૂપ નથી કહેવામાં આવતું. તેમ અસત્-ભૂતનાં કારણરૂપ અહંકાર, મહત્તત્ત્વ અને પ્રકૃતિરૂપ પણ નથી કહેવાતું. ॥ ૧૨ ॥

વળી તે કેવું છે ? સર્વ બાજુએ હાથ-પગવાળું તે છે. અર્થાત્-એક સ્થાનમાં રહેવા છતાં પણ સર્વત્ર હાથ-પગનું કાર્ય કરે છે. સર્વ બાજુએ નેત્ર, મસ્તક અને મુખવાળું છે. એટલે કે-એક સ્થળમાં રહેવા છતાં પણ સર્વત્ર જુએ છે. તેમજ મસ્તક અને મુખ વિગેરે અવયવોએ સમ્પન્ન પોતાનું સ્વરૂપ પોતાના ભકતોને પોતાની ઇચ્છાથી બતાવે છે. સર્વ બાજુએ શ્રુતિ-શ્રવણેન્દ્રિયે સમ્પન્ન છે, એટલે કે-એક સ્થાનમાં રહેવા છતાં પણ સર્વ પ્રાણીઓએ ઉચ્ચારેલા શબ્દજાળને સર્વત્ર સાંભળેછે. આવું તે અક્ષર બ્રહ્મ પોતાની અંદર અન્તર્યામિપણે અને નિયામકપણે રહેલા મેં પુરૂષોત્તમ ભગવાને પ્રેર્યું સતું પ્રકૃતિથી ઉપજેલા સર્વત્ર લોકમાં વર્તતા ચેતન-અચેતન સર્વ પદાર્થને પોતાની ચિત્—શકિતથી વ્યાપીને રહે છે. જુઓ ! તેવાજ અર્થને કહેનારી શ્રુતિ-સ્મૃતિઓ છે-"ખરેજ હું આ ત્રણેય દેવતાઓ પ્રત્યે આ સર્વાધાર અક્ષરરૂપે કરીને અનુપ્રવેશ કરીને નામ-રૂપને કરૂંછું-સંકેતરૂપે કલ્પુંછું." "અક્ષરને અંદર રહ્યા થકા નિયમમાં કરે છે." એ પ્રમાણે કહ્યું છે. અને આ ગીતામાં પણ કહ્યું છે-" હે મહાબાહો ! આ અપરા પ્રકૃતિ થકી તો જુદી એવી જીવ—સમષ્ટિરૂપ મારી બીજી પરા પ્રકૃતિ જાણ ! કે જેનાથી આ સઘળું જગત્ ધારણ કરાયેલું છે. " વળી સ્કન્દ પુરાણમાં પણ કહે છે-" તે કાળ શકિતને ગ્રહણ કરીને વાસુદેવ ભગવાને અક્ષરરૂપે કરીને જ્યારે સૃષ્ટિ કરવાની ઇચ્છાથી માયા સામું જોયું, કે તેજ વખતે તે માયા ક્ષોભ-વિકાર પામી." એ આદિક વચનો છે. ॥૧૩॥

સર્વ જીવાત્માઓને તેમનાં તેમનાં ઇન્દ્રિયો અને વિષયોને યથાર્થપણે પ્રકાશ કરી આપે છે. અને પોતે તો સમગ્ર પ્રાકૃત કરણ-કલેવરથી રહિત છે. અને તે અક્ષર બ્રહ્મને અપ્રાકૃત-દિવ્ય વિગ્રહ હોવામાં તો વિરોધ નથી. અને પરાત્પર પુરૂષોત્તમ એવા

भाष्यम्-

वर्तमानम्, तदन्तिके च—अमानित्वादिसाधनसम्पन्नानां तदक्षरं समीपे प्रतीयमानं च, सूक्ष्मत्त्वाद्धेतोस्तदक्षरं शास्त्रज्ञैरपि, अविज्ञेयम्-ज्ञातुमशक्यम् ॥ १५ ॥

अविभक्तं च भूतेषु विभक्तमिव च स्थितम्
भूतभर्तृ च तज्ज्ञेयं ग्रसिष्णु प्रभविष्णु च ॥ १६ ॥

अविभक्तमिति । अविभक्तम्—विभागशून्यं च । भूतेषु-स्थावरजङ्गमेषु, विभक्तमिव-तेषां यथाकर्म फलप्रदानार्थं न्यूनाधिकभावेन विभागं प्राप्तमिव स्थितं च। भूतभर्तृ-स्थावरजङ्गमधारकं च। तत्-अक्षरम्, भूतेभ्यः पृथग्ज्ञेयम्। प्रभविष्णु च-सृष्टिसमये स्थावरजङ्गमानां प्रभवहेतुः,उत्पत्तिकर्त्रित्यर्थः। ग्रसिष्णु-प्रलयसमये स्थावरजङ्गमानां ग्रसनशीलम्, संहारकर्त्रित्यर्थः ॥ १६ ॥

पुनः कथम्भूतम् ? तत्राह—ज्योतिषामिति ।

ज्योतिषामपि तज्ज्योतिस्तमसः परमुच्यते ।
ज्ञानं ज्ञेयं ज्ञानगम्यं हृदि सर्वस्य धिष्ठितम् ॥१७॥

ज्योतिषाम्-सूर्यचन्द्राग्निमण्यादीनामपि, तत्-ज्योतिः-प्रकाशकम्। तमसः-अनेककोटिब्रह्माण्डोत्पत्तिक्षेत्रभूतायाः प्रकृतेः,परम्-प्रकृतिस्वामीत्युच्यते। ज्ञानम्—ज्ञानमयम्, ज्ञेयम्—ज्ञातुं योग्यम्, ज्ञानगम्यम्-ज्ञानेन-अमानित्वादिसाधनवृन्देन गम्यं प्राप्यम्। सर्वस्य हृदि अधिष्ठितम्—नियन्तृतया स्थितम् ॥ १७ ॥

क्षेत्रक्षेत्रज्ञज्ञानज्ञेयानां निरूपणमुपसंहरन्नाह—इति क्षेत्रमिति ।

इति क्षेत्रं तथा ज्ञानं ज्ञेयं चोक्तं समासतः ।
मद्भक्त एतद्विज्ञाय मद्भावायोपपद्यते ॥ १८ ॥

इति—"महाभूतान्यहङ्कार" इत्युक्तप्रकारेण। क्षेत्रम्-तत्स्वरूपम्, तथा ज्ञानम्-अमानित्वादम्भित्वादिसाधनवृन्दं च, ज्ञेयम्-जीवात्मभिः प्रकृतिविमुक्तये परमेश्वरे परभक्तये च ज्ञातुं योग्यमक्षरं ब्रह्म च, मया समासतः-सङ्क्षेपेण, उक्तम्—गदितम्। मद्भक्तः-मम पुरुषोत्तमस्य भक्त एकान्तिकोपासकः, एतत्-क्षेत्रं क्षेत्रज्ञं ज्ञानं ज्ञेयं

શ્લોકાર્થ-

ભૂત-પ્રાણીમાત્રની બહાર અને અંદર પણ પૂર્ણરૂપે છે. ચર-અચરરૂપે પણ એજ છે. અતિ સૂક્ષ્મ હોવાથી તે દુર્વિજ્ઞેય છે. અને દૂર રહેલું પણ એ છે. અને સમીપમાં પણ એજ છે. ॥ ૧૫ ॥

સ્વયં અવિભકત-વિભાગશૂન્ય હોવા છતાં પણ સર્વ ભૂતોમાં વિભકત જેવુંજ રહેલુંછે. પ્રાણીઓનું ભરણ-પોષણ કરનારૂં, ઉત્પન્ન કરીને વૃદ્ધિ પમાડનારૂં અને વળી પ્રલય વખતે સર્વને ગળી લેનારૂં છે. અર્થાત્ સંહાર કરનારૂં છે. એવું તે જાણવું. ॥૧૬॥

સર્વ પ્રકાશ કરનારાં તેજોને પણ તે પ્રકાશ આપનારૂં છે. માયાના તમ-અંધકારથી પર કહેલું છે. જ્ઞાનરૂપ છે. જાણવા યોગ્ય છે. જ્ઞાનથીજ ગમ્ય-પ્રાપ્ય છે. અને સર્વના હૃદયમાં વસી રહ્યું છે. ॥૧૭॥

ભાવાર્થ-

મારા સ્વરૂપ સિવાય બીજે તો સર્વથા અસકત-પ્રીતિએ શૂન્ય છે. અને તો પણ સર્વ સ્થાવર-જંગમ પ્રાણીમાત્રનું પોષણ કરનાર છે. અને સત્ત્વાદિક ત્રણ માયિક ગુણોથી રહિત છે. અને સત્ત્વાદિક ગુણોના અભિમાની દેવોનું રક્ષક છે. ॥૧૪॥

વળી-તે કેવું છે ? સ્થાવર-જંગમ એવા પ્રાણીમાત્રની અંદર પણ રહેલું છે. અને બહાર પણ રહેલું છે. અર્થાત્-આવરણશૂન્ય છે. જુઓ ! શ્રુતિ પણ તેમજ કહે છે-"પોતે રચેલાં આ પુરોમાં-શરીરોમાં બહાર અને અન્દર આવરણશૂન્ય એવા અક્ષર-પુરૂષને અખિલ શકિતઓને ધારણ કરનારા આપના અંશ-ઐશ્વર્યલેશથી રચેલા છે એ પ્રમાણે મોટા મુનિઓ આપની ઉપાસના કરનારા જ્ઞાની જનો કહે છે." એમ. અચરમ્-મારા સ્થાનરૂપે નિરવયવ અને સર્વત્ર પૂર્ણસ્વરૂપે રહેલું છે. અને વળી પુરૂષાકારે મારી સેવામાં પણ રહેલું છે. મેં કહેલાં અમાનિત્વાદિક સાધનોએ શૂન્ય અજ્ઞ જનોને દૂર વર્તે છે. અને અમાનિત્વાદિક સાધનોએ સમ્પન્ન જ્ઞાની જનોને તે અક્ષર-બ્રહ્મ સમીપમાંજ જણાય છે.આવું સર્વથા સૂક્ષ્મ ભાવે યુકત હોવાથી તે અક્ષર-બ્રહ્મ શાસ્ત્રજ્ઞ જનોએ પણ જાણવા માટે અશકય-અતિ દુર્વિજ્ઞેય છે. ॥ ૧૫ ॥

વળી-તે અક્ષર-બ્રહ્મ અવિભકત-વિભાગશૂન્ય અપરિચ્છિન્ન છે. અને વળી-સ્થાવર-જંગમ પદાર્થોમાં વિભકત જેવું, એટલે કે-તેમનાં તેમનાં કર્મ પ્રમાણે ફળ પમાડવાને ન્યૂનાધિક ભાવે વિભાગ પામેલા જેવું હોયને શું ? એમ રહેલું છે. અને સ્થાવર-જંગમ પ્રાણીઓનું ધારક છે. તે અક્ષરને ભૂત-પ્રાણીમાત્ર થકી પૃથક્ જાણવું. અને તે અક્ષર સૃષ્ટિ-સમયમાં સ્થાવર-જંગમાત્મક સઘળા વિશ્વની ઉત્પત્તિનું કારણ છે.અર્થાત્-ઉત્પત્તિનું કરનારજ એ છે. અને પ્રલય—સમયમાં સ્થાવર—જંગમને ગળી લેવાના સ્વભાવવાળું છે. અર્થાત્ સંહાર કરનાર પણ એજ છે. ॥ ૧૬ ॥

વળી-તે અક્ષર બ્રહ્મ કેવું છે ? તે કહે છે—

સૂર્ય, ચન્દ્ર, અગ્નિ અને મણિ આદિક સઘળાં તેજસ્વી પદાર્થોનું પણ પ્રકાશક છે. અને અનેક કોટિ બ્રહ્માંડોની ઉત્પત્તિના ક્ષેત્રભૂત પ્રકૃતિરૂપ જે તમ તે થકી પર-એ તમોરૂપ

भाष्यम्-

च। विज्ञाय-क्षेत्रं हेयतया ज्ञात्वा, ज्ञेयं चाक्षरस्वरूपं ज्ञात्वा, मद्भावाय-मम भावः-स्वभावः, स्वभावतः साधर्म्यं तस्मै। उपपद्यते-मम सेवारसयोग्यो भवतीति यावत्।

पूर्वाचार्यास्तु-"ज्ञेयं यत्त" दित्यादिश्लोकान् शुद्धात्मस्वरूपपरतया व्याचक्षते ॥ १८ ॥

स्वरूपस्वभावाभ्यामत्यन्तविलक्षणयोः प्रकृतिपुरुषयोरनादिसम्बन्धयोः कार्यभेदं सम्बन्धहेतुं च वदति-प्रकृतिमिति।

प्रकृतिं पुरुषं चैव विद्ध्यनादी उभावपि।
विकारांश्च गुणांश्चैव विद्धि प्रकृतिसम्भवान् ॥ १९ ॥

प्रकृतिम्-अविद्याम्, पुरुषम्-जीवं च, उभावपि, अनादी-अनादिकालसंसृष्टौ एव विद्धि। तथा च प्रमाणानि-तृतीयस्कन्धे-"प्रकृतिः पुरुषं ब्रह्मन्न विमुञ्चति कर्हिचित्। अन्योऽन्यापाश्रयत्वाच्च नित्यत्वादनयोः प्रभो! ॥" इति। अष्टमे च-"अनाद्यविद्योपहतात्मसंविदस्तन्मूलसंसारपरिश्रमातुराः॥" इति। एकादशे च-"बन्धोऽस्याविद्ययानादिर्विद्यया च तथेतरः ॥" इत्यादीनि। विकारांश्च-बन्धनकारणभूतानिच्छाद्वेषादींश्च, गुणांश्च-अमानित्वादीन्मुक्तिसाधनभूतांश्च, उभयान् प्रकृतिसम्भवान्-देहाकारपरिणतप्रकृत्युत्पन्नानेव, विद्धि-जानीहि। अनादिकालप्रकृतिसंसृष्टो जीवोऽमानित्वादिगुणैः प्रकृतिबन्धान्मुक्तो भवति, सा प्रकृतिरिच्छाद्वेषादिभिर्जीवस्य बन्धनं करोतीति भावः।

यद्वा-प्रकृतिम्-मायाम्, पुरुषम्-प्रधानाधिपमीश्वरं च, उभावपि। अनादी-नास्ति आदिरुत्पत्तिर्ययोस्तथाभूतौ विद्धि!। तथा च प्रमाणानि-"न घटत उद्भवः प्रकृतिपूरुषयोरजयो"रिति। "मायां तु प्रकृतिं विद्यान्मायिनं तु महेश्वरम्" इत्यादीनि। विकारांश्च मनआदिषोडशविकारान्, गुणान् सत्त्वादींश्च। प्रकृतिसम्भवान्-प्रकृत्युत्पन्नानेव विद्धि! इति ॥१९॥

प्रकृतितद्बद्धक्षेत्रज्ञयोर्द्वयोर्भिन्नं भिन्नं कार्यं वदति-कार्येति।

कार्यकारणकर्तृत्वे हेतुः प्रकृतिरुच्यते
पुरुषः सुखदुःखानां भोक्तृत्वे हेतुरुच्यते ॥ २० ॥

શ્લોકાર્થ-

આ પ્રમાણે ક્ષેત્ર, તથા જ્ઞાન અને જ્ઞેય–શુદ્ધ આત્મતત્ત્વરૂપ સંક્ષેપથી કહી બતાવ્યું, મારો ભકત આ બરોબર સમઝીને મારા ભાવને--સાધર્મ્યરૂપ પરમ પદને પામે છે. ॥૧૮॥

પ્રકૃતિ–માયા અને પુરૂષ–જીવાત્મા એ બન્નેયને અનાદિ જાણ—સમઝ ! અને સર્વ વિકારો અને ગુણો તે પ્રકૃતિમાંથી થયેલા જાણ ! ॥ ૧૯ ॥

ભાવાર્થ—

પ્રકૃતિનો સ્વામી એમ કહેવાય છે. જ્ઞાનમય છે. જાણવા યોગ્ય પણ એજ છે. અને અમાનિત્વાદિક સાધનસમુદાયથી પામવા યોગ્ય છે. અને સર્વના હૃદયમાં નિયન્તાપણેરહેલું છે.॥૧૭॥

હવે–ક્ષેત્ર, ક્ષેત્રજ્ઞ, જ્ઞાન અને જ્ઞેય, એ સર્વના નિરૂપણનો ઉપસંહાર કરતાં કહેછે—

" મહાભૂતો અને અહંકાર " એ વચનથી કહેવા પ્રમાણે ક્ષેત્રનું સ્વરૂપ કહ્યું, તથા અમાનિત્વાદિક સાધનસમુદાયરૂપ જ્ઞાનનું સ્વરૂપ કહ્યું. અને **જ્ઞેય**–જીવાત્માઓએ પ્રકૃતિના સંબંધથી છૂટવા માટે અને પરાત્પર પરમેશ્વરમાં પરા ભક્તિ થવા માટે જાણવા યોગ્ય અક્ષર–બ્રહ્મનું સ્વરૂપ–સ્વભાવ વિગેરે મેં સંક્ષેપથી કહી સમઝાવ્યું. મારો પરાત્પર પુરૂષોત્તમનો ભકત–એકાન્તિક ઉપાસક જન, આ–ક્ષેત્ર, ક્ષેત્રજ્ઞ, જ્ઞાન અને જ્ઞેય, એ સઘળું જાણીને, એટલે કે–ક્ષેત્રને ત્યાજ્યપણે જાણીને, ક્ષેત્રજ્ઞ–જીવાત્માને યથાવસ્થિત સ્વરૂપથી ઓળખીને, જ્ઞાનને મારી પ્રાપ્તિમાં સાધનપણે જાણીને અને જ્ઞેય–અક્ષર–બ્રહ્મસ્વરૂપને જાણીને,મારો ભાવ જે સ્વભાવ,અર્થાત્ સ્વભાવથી સાધર્મ્ય તેને પામે છે. એટલે કે–મારા પરમ સામ્ય ભાવને પામીને મારી સેવારૂપ રસને અનુભવવામાં યોગ્ય–પાત્ર બને છે.

પૂર્વના શ્રીમદ્રામાનુજાચાર્ય વિગેરે તો આ–" **ज्ञेयं यत्तत्** " ઇત્યાદિક શ્લોકોને શુદ્ધ આત્મસ્વરૂપના નિરૂપણપરત્વે વ્યાખ્યાન કરે છે. ॥ ૧૮ ॥

સ્વરૂપ અને સ્વભાવથી પણ અત્યન્ત વિલક્ષણ અને અનાદિ કાળથી સમ્બન્ધ પામેલા એવા પ્રકૃતિ–પુરૂષના કાર્યના ભેદને અને પરસ્પરના સમ્બન્ધમાં હેતુને પણ કહે છે—

પ્રકૃતિ—અવિદ્યારૂપ માયા અને પુરૂષ–જીવાત્મા, એ બન્નેને અનાદિ જાણ! અને અનાદિ કાળથીજ જોડાયેલાં છે એમ જાણ ! તેમાં પ્રમાણો પણ છે. જુઓ ! ભાગવત–તૃતીય સ્કંધમાં–" હે બ્રહ્મન્ ! પ્રકૃતિ–માયા પુરૂષ–જીવાત્માને કયારેય છોડતીજ નથી, કેમ કે–હે પ્રભો ! એક–બીજાને આશરીને રહેવાપણું હોવાથી અને એ બન્નેનું નિત્યપણું હોવાથી." અષ્ટમ સ્કન્ધમાં પણ કહ્યું છે–" અનાદિ અવિદ્યા–અજ્ઞાનથી જેઓનું આત્મજ્ઞાન ઢંકાઇ ગયું છે. અને તે અવિદ્યા મૂળ જેમાં છે એવા સંસારમાં ભમવાના પરિશ્રમથી અતિ આતુર–દુઃખી થયેલા. " વળી–એકાદશ સ્કન્ધમાં પણ કહ્યું છે–" આ જીવાત્માને અનાદિ અવિદ્યાથીજ અનાદિ બન્ધ છે.અને વિદ્યા-જ્ઞાન થવાથી મોક્ષ થાયછે." ઇત્યાદિક છે. હવે–સંસારબન્ધનમાં કારણભૂત એવા ઇચ્છા–દ્વેષાદિક વિકારો અને મુકિતના સાધનભૂત અમાનિત્વાદિક ગુણો,એ બન્નેને દેહાકારે પરિણામ પામેલી પ્રકૃતિમાંથીજ ઉપજેલા જાણ!

અભિપ્રાય એ છે કે–અનાદિ કાળથી પ્રકૃતિની સાથે જોડાયેલો જીવાત્મા અમા-

भाष्यम्-

कार्यकारणकर्तृत्वे-कार्यं वपुः, कारणानि-विषयभोगसाधनानि मनःसहितानीन्द्रियाणि च तेषां कर्तृत्वे। प्रकृतिः-अनादिवासनारूपा जीवाविद्या। हेतुरुच्यते-कथ्यते। पुरुषाश्रिता प्रकृतिः स्वपरिणामरूपैः करणकलेवरैः सदसद्देशकालक्रियासङ्गाद्यदृष्टानुसारीणि कर्माणि कारयतीत्यर्थः। पुरुषोऽल्पज्ञो जीवः, सुखदुःखानामानन्दव्यथानां भोक्तृत्वे हेतुरुच्यते। इन्द्रियशरीरकृतकर्मोत्पन्नानां सुखदुःखानां भोक्ता जीव एव भवतीत्यर्थः ॥२०॥

पुरुषः प्रकृतिस्थो हि भुङ्क्ते प्रकृतिजान् गुणान्।
कारणं गुणसङ्गोऽस्य सदसद्योनिजन्मसु ॥२१॥

पुरुष इति। पुरुषः-क्षेत्रज्ञः, प्रकृतिस्थः-प्रकृतिसंयुक्तः सन्। प्रकृतिजान्-प्रकृत्युत्पन्नसत्त्वादिगुणकार्यभूतान्, गुणान्-सुखदुःखादीन्, भुंक्ते हि। गुणशब्दोऽत्र प्रकृतिकार्येष्वौपचारिकः, जीवस्य प्रकृतिसम्बन्धहेतुं वदति-अस्य-क्षेत्रज्ञस्य, गुणसङ्गः-गुणेषु-इन्द्रियविषयेषु शब्दादिषु सङ्ग आसक्तिः, सदसद्योनिजन्मसु कारणम्-सतीषु-समीचीनासु देवमनुष्यादिषु, असतीषु-असमीचीनासु तिर्यगादिषु योनिषु,यानि जन्मानि तेषु हेतुर्भवति।जीवो यत्र देहे स्थितः सन्नत्यासक्तिपूर्वकं विषयान् प्राप्तुमिच्छया यानि शुभाशुभानि कर्माणि करोति, तदनुसारेण जन्मानि लभते इत्यर्थः ॥ २१ ॥

अविद्यासंयुक्तमल्पज्ञं पुरुषमुक्त्वा पुनः प्रधानाधिपमीश्वरसंज्ञं पुरुषं वदति-उपद्रष्टेति।

उपद्रष्टानुमन्ता च भर्ता भोक्ता महेश्वरः।
परमात्मेति चाप्युक्तो देहेऽस्मिन् पुरुषः परः ॥२२॥

उपद्रष्टा-सर्वेषां ब्रह्मादिस्तम्बपर्यन्तानां जीवानां कर्मसाक्षी। अनुमन्ता च-तेषां ज्ञाता सर्वज्ञ इत्यर्थः। भर्ता-स्थावरजङ्गमानां पोषणकर्ता। भोक्ता-ब्रह्मेन्द्रादिभोग्यशब्दादिभ्यः श्रेष्ठशब्दादिविविषयाणामुपभोक्ता। महेश्वरः-ब्रह्मादीश्वराणां महांश्चासावीश्वरश्च। अस्मिन् देहे विराट् शरीरे, वैराजपुरुषात्मना स्थितः परः पुरुषः पूर्वोक्ताद्बद्धपुरुषाच्छ्रेष्ठः पुमान् प्रकृत्याधिष्ठाता य ईश्वरः सोऽपि पर-

શ્લોકાર્થ--

કાર્ય અને કારણના કર્તાપણામાં હેતુ પ્રકૃતિ કહેવાય છે. અને સુખ-દુઃખના ભોકતાપણામાં હેતુ પુરૂષ-જીવાત્મા કહેવાય છે. ॥ ૨૦ ॥

પુરૂષ-જીવાત્મા પ્રકૃતિમાં રહીનેજ પ્રકૃતિના ગુણો-વિષયોને ભોગવે છે.અને આજીવાત્માને સારી-નરસી યોનિઓમાં જન્મ પ્રાપ્ત થવામાં પ્રકૃતિના ગુણનો સંગજ કારણ છે.॥૨૧॥

ભાવાર્થ—

નિત્વાદિક ગુણોથી પ્રકૃતિના બન્ધનથી મુકત થઇ જાય છે.અને એ પ્રકૃતિજ ઇચ્છા-દ્વેષાદિક વિકારોને લીધે જીવને સંસૃતિના બન્ધનમાં નાખે છે.

અથવા-પ્રકૃતિ એટલે માયા અને પુરૂષ એટલે પ્રધાનનો અધિપતિ ઇશ્વર, એ બન્નેને અનાદિ-ઉત્પત્તિશૂન્ય નિત્ય સનાતન છે એમ તું જાણ ! શાસ્ત્રપ્રમાણો પણ તેમજ કહે છે-" અજ-અનાદિ એવા પ્રકૃતિ-પુરૂષનો ઉદ્ભવ-ઉત્પત્તિ ઘટતીજ નથી. " વળી- "માયા તો પ્રકૃતિનેજ જાણવી. અને માયી-માયાપતિ તો ઇશ્વરનેજ જાણવા." ઇત્યાદિક ઘણાંક છે. હવે-વિકાર જે મન વિગેરે સોળ વિકાર કહેલા છે તે અને સત્ત્વાદિક ત્રણ ગુણો, એ સર્વને પ્રકૃતિથીજ ઉત્પન્ન થયેલા છે. એમજ જાણ ! ॥ ૧૯ ॥

હવે-પ્રકૃતિ અને પ્રકૃતિથી બન્ધાયેલો ક્ષેત્રજ્ઞ-જીવાત્મા, એ બન્નેનું ભિન્ન-ભિન્ન કાર્ય કહી બતાવે છે—

કાર્ય-શરીર અને કારણો-વિષયભોગનાં સાધનભૂત મને સહિત ઇન્દ્રિયો, એ સર્વના કર્તાપણામાં હેતુરૂપ તો અનાદિ વાસનારૂપ જીવની અવિદ્યા-અજ્ઞાનજ કહેવાય છે. અર્થાત્-પુરૂષ-જીવાત્માએ આશરેલી પ્રકૃતિ પોતાના પરિણામરૂપ કરણ-કલેવરોથી સારા -નરસા દેશ, કાળ, ક્રિયા અને સંગાદિક, એ આઠને અનુસારે શુભ-અશુભ કર્મો કરાવે છે, એ અભિપ્રાય છે. અને પુરૂષ-અલ્પજ્ઞ જીવાત્મા, સુખ-દુઃખ વિગેરે આનન્દ અને વ્યથાઓના ભોકતાપણામાં હેતુ કહેવાય છે. એટલે કે-ઇન્દ્રિયો અને શરીરે કરીને કરેલાં કર્મોથી ઉત્પન્ન-પ્રાપ્ત થયેલાં સુખ-દુઃખાદિકનો ભોકતા જીવાત્માજ થાય છે. એ અર્થ છે.॥૨૦॥

પુરૂષ-ક્ષેત્રજ્ઞ જીવાત્મા, પ્રકૃતિમાં રહીને એટલે કે-પ્રકૃતિની સાથે સંયોગ પામ્યોથકો, પ્રકૃતિમાંથી ઉત્પન્ન થયેલા સત્ત્વાદિક ગુણોના કાર્યભૂત ગુણો જે સુખ-દુઃખાદિક તેને ભોગવે છે. ગુણ શબ્દ અહીંઆં પ્રકૃતિના ગુણોના કાર્યરૂપ વિષયોમાં ઔપચારિક જાણવો. હવે-જીવને પ્રકૃતિના સમ્બન્ધનો હેતુ કહે છે-આ ક્ષેત્રજ્ઞ-જીવાત્માને ગુણ જે ઇન્દ્રિયોના વિષયો શબ્દાદિક તેમાં સંગ જે આસકિત એજ દેવ-મનુષ્યાદિક સારી યોનિઓમાં અને પશુ-પક્ષી આદિક નરસી યોનિઓમાં જન્મ પામવામાં હેતુરૂપ થાય છે. એટલે કે-આ જીવાત્મા જે દેહમાં રહ્યો થકો અતિ આસકિત પૂર્વક વિષયો પામવાની ઇચ્છાથી જે જે સારાં-નરસાં કર્મો કરેછે, તેને અનુસારે સારાં-નરસાં જન્મ પામે છે. એ અભિપ્રાયછે. ॥૨૧॥

અવિદ્યાસંયુકત અલ્પજ્ઞ પુરૂષ—જીવાત્માને કહીને હવે ફરીથી પ્રધાનાધિપતિ ઇશ્વર નામે પુરૂષને કહે છે—વર્ણન કરે છે. **ઉપદ્રષ્ટા**—બ્રહ્માથી લઇને સ્તમ્બપર્યન્તના

भाष्यम्–

मात्मा चेत्युक्तः–परमात्मनोऽवतारत्वेन निगदितः। तथा प्रमाणम्–
"जगृहे पौरुषं रूपं भगवान् महदादिभिः" इति ॥ २२ ॥

उक्तयोर्द्विविधप्रकृतिपुरुषयोर्यथावत्स्वरूपस्वभावज्ञातारं पुरुषं स्तुवन्नाह–य इति।

य एवं वेत्ति पुरुषं प्रकृतिं च गुणैः सह।
सर्वथा वर्तमानोऽपि न स भूयोऽभिजायते ॥ २३ ॥

सत्त्वात्सञ्जायते ज्ञानं रजसो लोभ एव च ।
प्रमादमोहौ तमसो भवतोऽज्ञानमेव च ॥ १७ ॥

सत्त्वात्–वृद्धिं प्राप्तात्सत्त्वगुणात्, ज्ञानम्–आत्मपरमात्मयथार्थवेदनम्, सञ्जायते । रजसः–वृद्धिं प्राप्ताद्रजोगुणात्, लोभश्च–स्वर्गादिफलेऽत्यासक्तिर्जायत एव । तमसः–वृद्धिं प्राप्तात्तमोगुणात्, प्रमादमोहौ भवतः, अज्ञानं च भवत्येव । प्रमादोऽसावधानता, तस्मात्पापकर्मणि प्रवृत्तिः, तस्माच्च मोहो ज्ञानवैपरीत्यम्, तस्माच्च बहुलं तमोऽज्ञानमेवेत्यभिप्रायः ॥ १७ ॥

શ્લોકાર્થ-

હે કુરૂનન્દન ! તમોગુણ જ્યારે વૃદ્ધિ પામે છે ત્યારે અન્તઃકરણમાં અને ઇન્દ્રિયોમાં અપ્રકાશ, કરવા યોગ્ય કર્મોમાં પણ અપ્રવૃત્તિ, તેમજ પ્રમાદ-અસાવધાનતા અને મોહ-નિદ્રા વિગેરે મોહિની વૃત્તિઓ, આ સઘળું ઉત્પન્ન થઇ આવે છે. ॥૧૩॥

જ્યારે સત્ત્વગુણ વૃદ્ધિ પામેલો હોય અને જો તે સમયમાં દેહધારી-પ્રાણી પ્રલય-મૃત્યુ પામેછે. ત્યારે તો ઉત્તમ કર્મ કરનારા પુણ્યશાળી લોકોને પ્રાપ્યભૂત એવા નિર્મળ સ્વર્ગાદિક લોકોને પામે છે. ॥૧૪॥

રજોગુણ વૃદ્ધિ પામેલા સમયમાં મરણ પામીને મનુષ્ય કર્મમાં આસક્તિવાળા મનુષ્યોમાં જન્મ પામે છે. અને તમોગુણ વધેલા વખતમાં મરણ પામીને પશુપક્ષી આદિક મૂઢ યોનિમાં જન્મે છે. ॥૧૫॥

સુકૃત-સાત્વિક કર્મનું ફળ તો જ્ઞાન-સુખ આદિક સાત્ત્વિકજ નિર્મળ ફળ કહેલુંછે. રાજસ કર્મનુ ફળ દુઃખ-દુઃખમય છે. અને તામસ કર્મનું ફળ અજ્ઞાન-મોહ વિગેરે છે.॥

ભાવાર્થ-

હવે-મૃત્યુસમયમાં સત્ત્વાદિક ગુણોની વૃદ્ધિના ભેદથી થતો ફળભેદ કહી બતાવેછે-

દેહધારી જીવાત્મા સત્ત્વગુણ વૃદ્ધિ પામ્યે સતે જ્યારે પ્રલય-મરણ પામેછે જો, ત્યારે તો આત્મા—પરમાત્માના જ્ઞાનવાળા ઉત્તમ તત્ત્વ જાણનારા પુરૂષોને પ્રાપ્યભૂત અને રજોગુણ-તમોગુણના કાર્યરૂપ મળે રહિત નિર્મળ એવા સત્યલોકાદિક જ્ઞાની પુરૂષોના નિવાસસ્થાનરૂપ લોકોને પામે છે. અભિપ્રાય એ છે કે-સત્ત્વગુણની વૃદ્ધિના સમયમાં જો મરણ પામે છે. તો આત્મા-પરમાત્માના સ્વરૂપના જ્ઞાનવાળા ઉત્તમ પુરૂષોના નિવાસસ્થાનને પામીને આત્મા-પરમાત્માની પ્રાપ્તિનાં સાધનો કરે છે. ॥ ૧૪ ॥

રજોગુણ વૃદ્ધિ પામ્યે સતે દેહધારી જીવાત્મા મૃત્યુને પામીને પ્રાકૃત ફળમાં આસક્તિને લીધે યજ્ઞાદિક કર્મમાં આસક્ત એવા દેવ-મનુષ્યાદિકમાં ઉત્પન્ન થાયછે. તેમજ-તમોગુણ વૃદ્ધિ પામ્યે સતે જો મરણ પામે છે, તો મૂઢ યોનિમાં-મ્લેચ્છ, ચંડાળ, સર્પ અને ભૂત-પ્રેતાદિકમાં ઉત્પન્ન થાયછે. અર્થાત્ સઘળા પુરૂષાર્થ થકી ભ્રષ્ટ હીન-હીન થઇ જાયછે.॥૧૫॥

હવે—એ ત્રણ ગુણ થકી થયેલાં કર્મનો ફળભેદ કહેછે-

ફળમાં આસક્તિએ રહિતપણે કરેલાં યજ્ઞ, તપ અને દાનાદિક સાત્ત્વિક કર્મોનું ફળ, સાત્વિક-સત્ત્વગુણથી સિદ્ધ થતું સત્ત્વપ્રધાન અને નિર્મળ--અધિક જ્ઞાન-પ્રકાશાદિક ગુણોને લીધે સ્વચ્છ એવું થાયછે. એમ ગુણનાં કાર્યને જાણનારા તત્ત્વવેત્તા ઋષિઓ કહે છે. અને ફળમાં આસક્તિએ કરીને કરેલા રાજસ કર્મનું તો ફળ દુઃખ, ઇર્ષ્યા, માન, સ્પર્ધા, અસૂયા અને જન્મ-મરણાદિક અનેક ક્લેશોથી ભરેલું એવું થાયછે. એમ કહેછે. અને પ્રમાદ અને મોહે કરીને કરેલા તામસ કર્મનું ફળ અજ્ઞાન-અતિ અધિક તમને ઉત્પન્ન કરનારૂં અતિ અધમ એવું થાયછે. એમ કહેછે. ॥ ૧૬ ॥

ફરીથી પણ સત્ત્વાદિક ગુણોનું કાર્ય કહી બતાવે છે—

भाष्यम्–

ऊर्ध्वं गच्छन्ति सत्त्वस्था मध्ये तिष्ठन्ति राजसाः ।
जघन्यगुणवृत्तिस्था अधो गच्छन्ति तामसाः ॥ १८ ॥

ऊर्ध्वमिति । सत्त्वस्था जनाः, ऊर्ध्वम्–उच्चगतिम्, गच्छन्ति–लभन्ते । इतरवर्णेषु स्थिता अल्पसत्त्वस्थाश्च जना असङ्गकर्मणा ज्ञानासक्त्या च शुद्धं ब्राह्मणत्वं प्राप्नुवन्ति, तत्र सत्त्वसेवया च ऋषित्वं गच्छन्ति । तत्राप्यधिकतरसत्त्वसेवया पारमहंस्यं लभन्ते, ततो मोक्षं प्रयान्तीति भावः । राजसा जना मध्ये तिष्ठन्ति—रजोगुणवृत्तिस्थाः फलासक्त्या कर्माणि कृत्वा स्वर्गं प्राप्नुवन्ति, तत्र च भोगान् भुक्त्वा कर्मफलावसाने पुनर्मर्त्यलोकं विशन्ति, पुनरपि फलासक्त्या कर्माणि कृत्वा स्वर्गं गच्छन्ति, पुनर्मर्त्यलोकं विशन्ति । एवं पुनः पुनरावर्तनेन मध्ये तिष्ठन्तीत्यभिप्रायः । जघन्यगुणवृत्तिस्थाः–जघन्यस्य सत्त्वरजोऽपेक्षया पश्चाद्भाविनो निकृष्टस्य गुणस्य तमोगुणस्य, वृत्तयः–प्रमादमोहादयः, तत्रस्थास्तामसा जना अधो गच्छन्ति । तमोगुणवृत्तिस्था ब्राह्मणादयोऽधिकाधिकतमोगुणवृत्तिसेवनादनुक्रमेण शूद्रत्वान्त्यजत्वचाण्डालत्वपशुत्ववृक्षत्वपाषाणत्वादिकं गच्छन्तीत्यभिप्रायः॥१८॥

गुणेभ्यः परज्ञानेन मोक्षो भवतीत्याह–द्वाभ्यां नान्यमिति ।

नान्यं गुणेभ्यः कर्तारं यदा द्रष्टानुपश्यति ।
गुणेभ्यश्च परं वेत्ति मद्भावं सोऽधिगच्छति ॥ १९ ॥

द्रष्टा–शुद्धसत्त्वगुणवृत्तिसेवनेन गुणद्रष्टा क्षेत्रज्ञः, गुणेभ्यः–सत्त्वादिभ्यः, अन्यं कर्तारं गुणवृत्त्युद्भवविधायकं यदा नानुपश्यति, किन्तु–सत्त्वादयो गुणा एव स्वकीयानि स्वकीयानि कर्माणि स्वकीयं प्रकाशलोभप्रमादादिवृत्त्युद्भवं च कुर्वन्तीति गुणकर्तृत्वमुत्तरोत्तराधिकसत्त्वसेवया शुद्धो जीवात्मा पश्यतीत्यर्थः । गुणेभ्यः—स्वस्वकर्मप्रकाशादिवृत्तिकर्तृभ्यः सत्त्वादिभ्यश्च परमन्यमकर्तारं शुद्धमात्मानं वेत्ति जानाति तदा सः, मद्भावम्—ममाक्षरस्वभावमधिगच्छति–ब्रह्मभावं प्राप्नोतीत्यर्थः ॥ १९ ॥

गुणानेतानतीत्य त्रीन् देही देहसमुद्भवान् ।
जन्ममृत्युजरादुःखैर्विमुक्तोऽमृतमश्नुते ॥ २० ॥

શ્લોકાર્થ-

સત્ત્વગુણ થકી જ્ઞાન ઉત્પન્ન થાયછે. અને રજોગુણ થકી તો નિશ્ચે લોભજ ઉત્પન્ન થાયછે. અને તમોગુણ થકી પ્રમાદ અને મોહ ઉપજેછે. તેમજ અજ્ઞાન પણ ઉપજે છેજ.॥

સત્ત્વગુણમાં રહેનારા પુરૂષો સ્વર્ગાદિક ઉંચા લોકોમાં જાય છે. રજોગુણમાં રહેનારા રાજસ પુરૂષો મધ્ય-માનવ લોકમાં રહે છે. અને તમોગુણના કાર્યરૂપ નિદ્રા પ્રમાદ અને આલસ્યાદિક હલકા દોષોમાં રહેનારા તામસ પુરૂષોપશુ આદિક નીચ યોનિઓમાં જાયછે.॥

જ્યારે દ્રષ્ટા-જીવાત્મા ત્રણ ગુણો સિવાય બીજા કોઇને કર્તા નથી દેખતો-સમજતો. અને એ ત્રણેય ગુણોથી પર રહેલા પોતાના સ્વરૂપને તેમજ પરમાત્મસ્વરૂપને યથાર્થ સમજે છે. ત્યારે તે પુરૂષ મારા સ્વરૂપને પામે છે. ॥૧૮-૧૯॥

ભાવાર્થ—

વૃદ્ધિ પામેલા સત્ત્વગુણ થકી આત્મા—પરમાત્માનું યથાર્થ જ્ઞાન સમ્યક્ પ્રકારે થાય છે. વૃદ્ધિ પામેલા રજોગુણ થકી લોભ-સ્વર્ગાદિક ફળમાં અતિ આસકિત થાય છેજ. અને વૃદ્ધિ પામેલા તમોગુણ થકી પ્રમાદ અને મોહ થાય છે. અને અજ્ઞાન પણ થાય છેજ. અભિપ્રાય એ છે કે-પ્રમાદ જે અસાવધાનતા-ગાફલતા, તેનાથી પાપમય કર્મમાં પ્રવૃત્તિ થાયછે. અને પાપ કર્મમાં પ્રવૃત્તિ થવાથી વિપરીત જ્ઞાનરૂપ મોહ થાય છે. અને તેનાથી પાછું ઘણુંજ તમરૂપ અજ્ઞાનજ વધેછે. ॥ ૧૭ ॥

સત્ત્વગુણમાં વર્તનારા જનો ઉચ્ચ ગતિને પામેછે. એટલે કે-ઇતર વર્ણમાં રહેલા અલ્પ સત્ત્વગુણમાં વર્તનારા જનો અસંગપણે કરેલા કર્મથી અને જ્ઞાનમાં આસકિતથી શુદ્ધ બ્રાહ્મણપણાને પામેછે. તે બ્રાહ્મણપણામાં રહીને સત્ત્વગુણનું સેવન કરવાથી ઋષિપણાને પામેછે. તેમાંય પણ અતિ અધિકપણે સત્ત્વગુણનું સેવન કરવાથી પરમહંસ દશાને પામેછે. અને ત્યાંથી મોક્ષને પામેછે. એ અભિપ્રાય છે.

હવે-રજોગુણમાં વર્તનારા જનો મધ્ય લોકમાં રહે છે. એટલે કે-રજોગુણ પ્રધાન વૃત્તિમાં રહ્યા થકા ફળાસકિતપૂર્વક કર્મ કરીને સ્વર્ગને પામેછે. ત્યાં રહીને ત્યાંના ભોગ ભોગવીને કર્મનું ફળ ભોગવાઇ રહ્યા પછી ફરીથી પાછા મર્ત્ય લોકમાં પ્રવેશેછે. ફરી પાછા ફળાસકિતથી કર્મ કરીને સ્વર્ગ પ્રત્યે જાય છે. અને ફરીથી પાછા ત્યાંથી મર્ત્ય લોકમાં આવે છે. એમ વારંવાર આવર્તન પામવાથી મધ્ય લોકમાંજ રહે છે. એ અભિપ્રાય જાણવો.

હવે-સત્ત્વગુણ અને રજોગુણની અપેક્ષાએ ઘણોજ હલકો અને વળી એ બેની પછીથી થયેલો માટે ઉતરતો એવા તમોગુણની વૃત્તિ જે પ્રમાદ-મોહાદિક તેમાં વર્તનારા તામસ જનો અધોગતિને પામેછે. એટલે કે-તમોગુણની વૃત્તિમાં રહેલા બ્રાહ્મણાદિક હોય તો પણ અધિકાધિક તમોગુણની વૃત્તિરૂપ પ્રમાદાદિકનું સેવન કરવાથી અનુક્રમે ઉતરતાં ઉતરતાં શૂદ્રત્વ, અન્ત્યજત્વ, ચાંડાળત્વ, પશુત્વ, વૃક્ષત્વ, અને પાષાણત્વ વિગેરે ભાવોને પામી જાયછે. એ અભિપ્રાય છે. ॥ ૧૮ ॥

હવે-આ ત્રણેય ગુણોથી પર રહેલા આત્માના જ્ઞાનથી મોક્ષ થાય છે. એમ કહે છે—

भाष्यम्-

गुणानिति। देहसमुद्भवान्-देहे-इन्द्रियान्तःकरणरूपे समुद्भवः-परिणामो येषां तानेतान्मायात्मकांस्त्रीन् सत्त्वरजस्तमोऽभिधान् गुणान्। देही-मदुपासको जीवः, अतीत्य-उल्लङ्घ्य, स्वस्य शुद्धं स्वरूपमीक्षमाणस्सन्, गुणकृतैर्जन्ममरणजरादिदुःखैर्विमुक्तस्सन्, अमृतम्-मोक्षमश्नुते-प्राप्नोति ॥ २० ॥

इदानीं गुणातीतस्य लक्षणमाचरणं गुणात्यये कारणं च श्रीकृष्णं पृच्छन्नर्जुन उवाच-कैरिति।

अर्जुन उवाच—

कैर्लिङ्गैस्त्रीन् गुणानेतानतीतो भवति प्रभो!।
किमाचारः? कथं चैतांस्त्रीन् गुणानतिवर्तते ॥ २१ ॥

हे प्रभो! एतान् सत्त्वादीन् त्रीन् गुणानतीतः-अतिक्रम्य स्थितः, कैर्लिङ्गैर्लक्षणैश्चिह्नितो भवति? कीदृशं स्वरूपमस्येत्यर्थः। अस्य किमाचारः?-किमाचरणं को देहाचार इत्यर्थः। एतान् त्रीन् गुणांश्च कथमतिवर्तते? केन साधनेन गुणातीतो भवतीत्यर्थः ॥ २१ ॥

अर्जुनकृतप्रश्नोत्तरं कुर्वन्सन् श्रीभगवानुवाच—

प्रकाशं च प्रवृत्तिं च मोहमेव च पाण्डव!।
न द्वेष्टि सम्प्रवृत्तानि न निवृत्तानि काङ्क्षति ॥ २२ ॥

प्रकाशमिति। हे पाण्डव! आत्मपरमात्मव्यतिरिक्तेषु प्राकृतेष्वप्रियपदार्थेषु। सम्प्रवृत्तानि—प्रकाशं च प्रवृत्तिं च मोहं च एतच्चोपलक्षणमात्रम्, सर्वाण्यपि सत्त्वादीनां कार्याणि यो न द्वेष्टि। तथा आत्मपरमात्मेतरेषु प्रियेषु प्राकृतपदार्थेषु निवृत्तानि प्रकाशादीनि सत्त्वादीनां कार्याणि, न काङ्क्षत्येव। गुणातीतः स उच्यत इत्युत्तरेणान्वयः ॥ २२ ॥

तर्हि कथं करोतीत्यत्राह-उदासीनवदिति।

उदासीनवदासीनो गुणैर्यो न विचाल्यते।
गुणा वर्तन्त इत्येव योऽवतिष्ठति नेङ्गते ॥ २३ ॥

उदासीनवत्-लोकेषु उदासीनः पुरुषो यथा तथा गुणकार्येषु उदासीनः, आसीनः-गुणकार्यदृष्टृस्वस्वरूपदर्शनेन तृप्तः सन् स्थितो

શ્લોકાર્થ-

દેહી-જીવાત્મા દેહના કારણભૂત એ ત્રણેય ગુણોને ઉલ્લંઘન કરીને-ગુણાતીત થઇને જન્મ, મૃત્યુ, જરા એ આદિક દુઃખોથી વિમુકત થઇને અમૃતને-મોક્ષને પામે છે. ॥૨૦॥

અર્જુન પૂછે છે--આ ત્રણ ગુણોને અતિક્રમણ કરીને રહેલો પુરૂષ કયાં કયાં લક્ષણોથી ઓળખાય છે? અને તે કેવા આચારવાળો હોય છે? તેમજ હે પ્રભો! એ ત્રણ ગુણને એ કેવી રીતે અતિક્રમણ કરીને વર્તે છે? ॥૨૧॥

શ્રી ભગવાન કહે છે-હે પાણ્ડવ! પ્રકાશ, પ્રવૃત્તિ અને મોહ એ સઘળાં ત્રણ ગુણનાં કર્મો પ્રવર્તેલાંને નથી દ્વેષ કરતો, કે નિવૃત્તિ પામેલાંને નથી આકાંક્ષા કરતો. ॥૨૨॥

ભાવાર્થ-

શુદ્ધ સત્ત્વગુણની વૃત્તિનું સેવન કરવાથી ગુણનો દ્રષ્ટા ક્ષેત્રજ્ઞ-જીવાત્મા, ગુણ જે સત્ત્વાદિક તેના થકી બીજો કર્તા, એટલે કે-ગુણની વૃત્તિનો ઉદ્ભવ કરનાર છે. એમ જ્યારે નથી જોતો-નથી માનતો, પણ સત્ત્વાદિક ગુણોજ પોત—પોતાનાં કર્મ અને પોતાનો-પ્રકાશ, લોભ અને પ્રમાદાદિક વૃત્તિનો ઉદ્ભવ તેને કરે છે. એમ ગુણોને વિષેજ કર્તૃત્વ ઉત્તરોત્તર અધિક અધિક સત્ત્વગુણનું સેવન કરવાથી શુદ્ધ થએલો જીવાત્મા જુએ છે. એ અર્થ છે. અને સત્ત્વાદિક ગુણો થકી પોત-પોતાનાં કર્મ અને પ્રકાશાદિક વૃત્તિઓને કરનારા સત્ત્વાદિક ગુણો થકી પર, જુદો અને અકર્તા, એવા શુદ્ધ આત્માને-સ્વસ્વરૂપને જાણે છે-સમજેછે, ત્યારે તે પ્રમાણે જોનારો પુરૂષ, મદ્ભાવને-મારા અક્ષર સ્વભાવને પામેછે, અર્થાત્-શુદ્ધ બ્રહ્મભાવને પામેછે. ॥ ૧૯ ॥

આ પ્રમાણે ઇન્દ્રિયો અન્તઃકરણના સમુદાયરૂપ શરીરમાંજ જેનો સમુદ્ભવ-પરિણામ છે. એવા તે માયામય ત્રણ સત્ત્વ, રજ અને તમ-નામે રહેલા ગુણોને દેહી-મારો ઉપાસક શુદ્ધ જીવાત્મા, ઉલ્લંઘન કરીને-તેથી પર વર્તીને, પોતાના શુદ્ધ સ્વરૂપને જોતો-સાક્ષાત્ અનુભવતો થકો ગુણોથી પ્રવર્તતાં-જન્મ, જરા અને મરણાદિક દુઃખોથી મુકત થઇને અમૃતરૂપ મોક્ષને પામે છે. ॥ ૨૦ ॥

હવે-હમણાં ગુણાતીત પુરૂષનું લક્ષણ, આચરણ-વર્તનપ્રકાર અને ગુણથી પર વર્તવામાં કારણ તેને શ્રીકૃષ્ણના પ્રત્યે પૂછતાં અર્જુન કહેછે—

અર્જુન પૂછેછે-હે પ્રભો! આ સત્ત્વાદિક ત્રણ ગુણોને અતિક્રમણ કરીને-દબાવીને વર્તતો ગુણાતીત પુરૂષ, કયાં અને કેવાં લક્ષણોથી ઓળખાય એવો હોયછે? અર્થાત્-એનું કેવું સ્વરૂપ હોયછે? એ ગુણાતીત પુરૂષનો દેહનો આચાર-શરીરથી વર્તન કેવું હોયછે? અને એ ત્રણ ગુણોને કેવી રીતે તે અતિક્રમણ કરે છે? એટલે કે-કયા અને કેવા સાધનથી એ ગુણાતીત થાયછે? ॥ ૨૧ ॥

અર્જુને કરેલા પ્રશ્નનો ઉત્તર કરતાં શ્રીભગવાન કહેછે—

હે પાંડવ! આત્મા-પરમાત્મા સિવાયનાં બીજાં પ્રાકૃત-માયામય અપ્રિય પદાર્થોમાં, પ્રવર્તેલાં-પ્રકાશ, પ્રવૃત્તિ અને મોહ એ આદિક સઘળાંય સત્ત્વાદિક ગુણોનાં કાર્યોને જે

टीका—

त्यादिना। देहोत्पत्तिक्षेत्रमिति। नित्याश्चेतना निपातिता अस्मिन् क्षेत्रे देहयोगेनोद्भवन्तीति भावः। ब्रह्मशब्दस्य प्रधानवाचकत्वे श्रुतिं प्रमाणयति—श्रुतावपीति। नामरूपमन्नमिति। नामरूपविशिष्टं सदन्नात्मना परिणमतीत्यर्थः।

ननु—स्वतश्चेत् शुद्धाश्चेतना नित्याश्च तेषां कथमयं देहयोगस्तत्राह कारणाव्याकृतेति। सत्यमेतेषां स्वरूपं ज्ञानैकघनं स्वतो विशुद्धं च, अथाप्येषां पूर्वपूर्ववासनालक्षणानाद्यव्याकृतसूक्ष्मत्रिगुणयोगो वर्तते एवेति भवति पुनः स्थूलदेहयोग इति भावः। किंलक्षणो गर्भस्तमाह—पुरुषदृष्टिरूपमिति। पुरुषशरीरकस्वसङ्कल्पविशेष एव स इति भावः ॥३॥

अक्षरपुरुषरूपोऽहमिति। अक्षरपुरुषशरीरकोऽहमेवेति भावः ॥ ४ ॥

जनिहेतुमिति। जनिहेतुप्रकारमित्यर्थः। गुणानां बन्धकत्वप्रकारं वदतीति यावत्। प्रकृत्युत्पन्ना इति। साम्यावस्थात्रिगुणात्प्रधानात् उद्भवाभिभवात्मकवैषम्यावस्थायोगेनाभिव्यक्तेति भावः। एकात्मतयेति। अविभागेनेत्यर्थः। स्वकीयैः कार्यैरिति। सुखदुःखमोहादिभिरिति यावत् ॥ ५ ॥

बन्धनरीतिमिति। बन्धनप्रकारमित्यर्थः। वस्तु यथावत्प्रकाशयतीति। पुनः सन्निकृष्टमपि वस्तु कदाचिद्यथावद्वेत्ति, कदाचिदन्यथा, तत्र निमित्तं सत्वादिगुणोन्मेषानुन्मेषौ। सत्त्वं यदा समुद्भूतं तदा यथावद्वेत्ति, तत् सत्त्वं यथावद्वस्तुनः प्रकाशकम्। तेन यथावद्रूपाद्यवगतिः, तदनुभवेन सुखम्। ततश्चासावनुषज्जते—अहो ज्ञानमहो सुखमिति। इदं दुरधिगममपि मया विज्ञातमपरं च ज्ञास्यामि। सुखमिदमन्वभूवमपरं चानुभविष्यामीति तत्तत्साधनेषु यतते, लभते च ततः ज्ञानसुखादि, पुनश्च यतते लभते च। एवं वासनान्वितः तत्तदनुभवार्हासु योनिषु संसरति। एवं सत्त्वं बध्नात्येनमिति भावः ॥६॥

रज्यतेऽनेनेति। अनुरागाधायकत्वं रजसः स्वभाव इति यावत्। प्रणयविशेषाधायकत्वमिति यावत्। शब्दादिविषयेच्छेति। अलब्धेषु विषयेषु या लिप्सा सेयं तृष्णेति यावत्। स्वसम्बन्धीति। सन्निकृष्टेषु तत्संश्लेषे समधिका रुचिरिति यावत्। कर्मानुष्ठानासक्त्या चेति। सत्त्वं प्रकाशयति—पुरतः स्थितं विषयति, रजो रञ्जयति तत्र—प्रवर्तयति तत्साधनेषु कर्मसु, ततो भवत्यस्य बन्ध इति भावः ॥ ७ ॥

ज्ञानाभाव इति। अत्र ज्ञानमिति सत्त्वोन्मेष उच्यते, अज्ञानमित्यनेन तदभिभवः, तेन तमसो भवति समुद्भवः, तदिदमभिप्रेत्याज्ञानजमित्युक्तिरिति केचिद्व्याचक्षते।

तमसा भवति सन्निहितस्यापि वस्तुन आवरणम्, अन्यथा प्रतिपत्तिः, अनर्थावहा च प्रवृत्तिः, अप्रवृत्तिरेव वानुकूलेष्वपि, निद्रैकपरता च, तेन पुरुषः पशुयोन्यादिष्वधोऽधः पततीति भावः ॥ ८ ॥

सारतस्त्रयाणां बन्धकत्वप्रकारमाह—सत्त्वमिति। असङ्गस्तु पुरुषः श्रेयसे प्रकल्पते, सङ्गेन तु बध्यते—सुखे सङ्गः, ततश्च तत्साधनेषु कर्मसु सङ्गः, प्रमादावहेष्वेव च सङ्गः, इत्येते त्रयः सत्त्वादिकार्यभूताः, तैरेतैः स्वकार्यैः पुरुषं बध्नन्ति गुणा इति भावः ॥९॥

ननु—त्रिष्वपि गुणेषु कारणेषु सत्सु जातु सुखं जातु दुःखं जातु मोहः, इति कालभेदेन कार्याणि कथं भवन्ति? इत्याशङ्कां परिहरन्नाह—रजस्तमश्चेति। सत्यं त्रयोऽपि गुणाः सदा सन्त्येव, परं तेष्वेकमितरेऽभिभूय स्वयं स्वकार्याय प्रभवतीति भावः। अभि-

टीका-

भवप्रकारमाह-सत्त्वमित्यादिना। सत्त्वोन्मेषे कारणमाह-सात्त्विकाहारेत्यादिना। सत्त्ववृद्धिर्भवतीति। सत्त्वस्य समुन्मेषो भवतीति यावत्॥ १०॥

अनन्तरश्लोकमवतारयति—सत्त्ववृद्धिमिति। गुणानामुद्भवाभिभवौ न प्रत्यक्षौ, अथापि कार्यवैचित्र्यात्लिङ्गादनुमेयाविति भावः। अनुमाय सत्त्वसमुन्मेषे विशेषतो यत्न आधेय इति बोध्यम्। सर्वद्वारेषु-शब्दादिविषयोपलम्भद्वारेषु श्रोत्रादिषु। यथार्थज्ञानमिति। यद्यपि ज्ञानमात्मधर्मः, इन्द्रियाधीनतामात्रेणेन्द्रियेष्विति निर्देशः। ज्ञानशब्दस्यात्मज्ञानपरतामभिप्रेत्य व्याचष्टे—क्षेत्रेति। प्रकाशो ज्ञानमिति विशेष्यविशेषणभावेन वान्वयः। प्रकाश इति विशेषणात् भ्रमव्यावृत्तिः, यथार्थज्ञानमुपजायते इति यावत्॥ ११-१३॥

श्रेयःकामानामन्तिमस्मृतेरत्यावश्यकतया तदर्थमन्तिमसमये सत्त्वोन्मेषे यतितव्यमिति ज्ञापनायान्तिमसमये सत्त्वादीनां वृद्धौ फलभेदं प्रदर्शयति-यदेत्यादिना॥१४-१५॥

सुकृतस्येति। अयं सुकृतशब्दो न पुण्यपरः सात्त्विकं फलमिति हि फलं निर्दिश्यते, तत् सात्त्विककर्मपरतैव समुचिता। सात्त्विकं च कर्म फलानभिसन्धिकं क्रियमाणं कर्मेत्यभिप्रेत्य व्याचष्टे—फलसङ्गेत्यादिना। स्वच्छं फलमिति। अन्तःकरणनैर्मल्यमिति यावत्। दुःखमिति। स्वर्गादि फलमपि परिणामे विषोपमम्, तत्त्वतो दुःखमेव तु तदिति भावः। ईर्ष्यादिदोषाश्च तत्र समधिका एव॥ १६॥

पुनरपि सत्त्वादीनामिति। उक्तमेव सत्त्वादिफलं पुनरुपपादयतीति यावत्। यस्मात्सत्त्वस्य कार्यं ज्ञानम्, तस्मान्निर्मलमेव फलम्। यस्माद्रजसः कार्यं लोभस्तस्माद्दुःखं तस्य फलम्। यस्मात्तमसः प्रमादो मोहश्च कार्यं तस्मादज्ञानमेव तस्य फलमिति भावः॥१७॥

ऊर्ध्वं गच्छन्तीत्येतद्विवृणोति-इतरेत्यादिना। मध्ये तिष्ठन्तीत्येतद्विवृणोति-रजोगुणवृत्तिस्था इत्यादिना। अधो गच्छन्तीत्येतदुपपादयति-तमोगुणवृत्तिस्था इत्यादिना॥ १८॥

गुणेभ्यः परज्ञानेनेति। गुणेभ्यः परस्यात्मनो यथावस्थितविज्ञानेनेत्यर्थः। कर्तारमित्यस्यार्थमाह-गुणवृत्त्युद्भवविधायकमिति। गुणकार्यसुखदुःखमोहोत्पादकमित्यर्थः। यद्यपि सुखदुःखाद्याश्रय आत्मा, अथापि तेषामुत्पादकस्तु नायम्, किन्तु-गुणा एवेति भावः। परशब्दं व्याचष्टे-स्वस्वेति। मद्भावम्-मम यो भावः-स्वभावः तम्, स्वभावतः साम्यमित्यर्थः। तच्चाक्षरब्रह्मसाधर्म्यमित्यभिप्रेत्याह—अक्षरस्वभावमिति॥ १९॥

इन्द्रियान्तःकरणरूपे इति। भूतेन्द्रियान्तःकरणसङ्घातरूपे इति यावत्। ज्ञानप्रसरणद्वारतया प्राधान्येनेन्द्रियान्तःकरणयोर्ग्रहणम्। मायात्मकानिति। बन्धकानिति यावत्।

अयमस्य भावः—एष देही, न तु देह एव, अथापि अभिमन्यते-अहमस्मि बालो युवा वृद्ध इति। अनेन च देहात्माभिमानेन गुणकार्येषु कारणमात्मानमेव मन्यते, अभिभूयते च सुखदुःखमोहैः। यावदेष देहसमुद्भवान्—गुणमये देहे समुद्भवः समुन्मेषो येषां तान् प्रकृतिसहजान्। नात्येति-नातिलङ्घते, किन्तु तद्वशग एव भवति, तावदसौ दुःखैर्न विमुच्यते। यदा तु गुणानत्येति-इमे गुणकार्यभूताः, नाहमेषां कर्ता, ज्ञानैकघनः स्वतो विशुद्ध एवाहमित्यात्मानं जानाति, तदा जन्मजरामरणादिदुःखैर्विमुच्यते। अमृतमयमात्मानमश्नुते चेति॥ २०॥

अनन्तरश्लोकमवतारयति-इदानीमिति। यद्यपि पूर्वं पृष्टमेव "स्थितप्रज्ञस्य का भाषा?

भाष्यम्—

यः पुरुषः, गुणैः-सत्त्वादिभिः, न चाल्यते-न प्रच्याव्यते, गुणाः स्वकार्यैस्तं न चालयन्तीत्यर्थः। गुणाः—सत्त्वादयः स्वकीयेषु प्रकाशादिषु कार्येषु वर्तन्त एव, इत्येवं ज्ञात्वा स्वस्वरूपमवलोकयन्नवतिष्ठति, नेङ्गते—गुणकार्यानुसारेण न चेष्टते इत्यर्थः। गुणातीतः स उच्यते ॥ २३ ॥

गुणातीतपुरुषस्य स्वरूपमुक्त्वा तस्याचरणं वदति—द्वाभ्याम्।

समदुःखसुखः स्वस्थः समलोष्टाश्मकाञ्चनः।
तुल्यप्रियाप्रियो धीरस्तुल्यनिन्दात्मसंस्तुतिः ॥
मानापमानयोस्तुल्यस्तुल्यो मित्रारिपक्षयोः।
सर्वारम्भपरित्यागी गुणातीतः स उच्यते ॥२४—२५॥

समेति। समदुःखसुखः—समे दुःखसुखे यस्य। स्वस्थः—स्वस्वरूपस्थः, तत्र स्थितया देहाभिमानराहित्त्वाद्देहसम्बन्धिपदार्थलाभालाभयोः समचित्त इत्यर्थः। अत एव समलोष्टाश्मकाञ्चनः—समानि लोष्टाश्मकाञ्चनानि यस्य सः। लोष्टः—पांसुपिण्डः। अत एव तुल्यप्रियाप्रियः—तुल्ये समे प्रियाप्रिये सुखदुःखकारणभूते प्राकृतवस्तुनी यस्य सः। धीरः—आत्मानात्मविवेकपटुः। अत एव तुल्यनिन्दात्मसंस्तुतिः—तुल्या समा निन्दा कुत्सा, आत्मनः संस्तुतिः-श्लाघा च यस्य तथाभूतः॥

मानापमानयोरिति। मानापमानयोस्तुल्यः—समचित्तः, मित्रारिपक्षयोः—मित्रपक्षे, अरिपक्षे च तुल्यः। सर्वारम्भपरित्यागी—प्राकृतवस्तुप्राप्तये सर्वानारम्भान् उद्यमान् परित्यक्तुं शीलमस्य। इत्थम्भूताचरणसहितो यो भवति, स गुणातीत उच्यते ॥ २४—२५ ॥

गुणातीतस्थितिप्राप्तौ मुख्यं हेतुं ब्रवीति—मामिति।

मां च योऽव्यभिचारेण भक्तियोगेन सेवते।
स गुणान् समतीत्यैतान् ब्रह्मभूयाय कल्पते ॥ २६ ॥

यः, अव्यभिचारेण—अनपायेन निश्चलेनेति यावत्। भक्तियोगेन, मां च—निर्गुणं नारायणमेव सेवते—भजते। चोऽवधारणे। तथा च श्रुतिस्मृतयः—साक्षी चेताः केवलो निर्गुणश्चे" ति। एकादशे च—"मां भजन्ति गुणाः सर्वे निर्गुणं निरपेक्षकम्" इति। विष्णुपुराणे

શ્લોકાર્થ-

જે ઉદાસીનની માફક વર્તતો રહીને ગુણો જેને ચળાયમાન કરી શકતા નથી અને સઘળું ગુણોજ કરી રહ્યા છે એમ માનીને જે સ્વસ્વરૂપાનુસન્ધાન રાખીને પરમાત્મસ્વરૂપ-માં સ્થિર વર્તે છે. તો તે પોતાની બ્રહ્મસ્થિતિ થકી કયારેય ચળાયમાન થતો નથી. ॥૨૩॥

જે સુખ–દુઃખમાં સમ વર્તે છે. અખંડ સ્વસ્વરૂપમાંજ રહેછે. કચરો, પત્થર અને કાંચન એ સઘળું જેને સરખુંજ છે. પ્રિય-અપ્રિયનો સંયોગ પણ જેને તુલ્યજ ભાસે છે. સદાય ધીરજ રાખનારો છે. અને પોતાની નિન્દા અને શ્લાઘા પણ જેને સરખીજ લાગેછે.

જે માન–અપમાનમાં પણ સમાન રહે છે. મિત્રપક્ષમાં અને શત્રુપક્ષમાં પણ જે સમાન વર્તેછે અને સર્વ આરંભમાત્રનો પરિત્યાગ કરનારો જે છે. તે પુરૂષ **ગુણાતીત** એવા નામે કહેવાય છે. ॥ ૨૪–૨૫ ॥

હવે–ગુણાતીત થવાનો ઉપાય–પ્રકાર કહે છે—

ભાવાર્થ-

દ્વેષ નથી કરતો. તેમજ–આત્મા–પરમાત્મા વિનાનાં બીજાં પ્રિય પ્રાકૃત પદાર્થોમાં નિવૃત્તિ પામેલાં પ્રકાશાદિક સત્ત્વાદિક ગુણોનાં કાર્યને ઇચ્છતોય નથી, તે પુરૂષ ગુણાતીત કહેવાય એમ આગલા શ્લોકની સાથે અન્વય છે. ॥ ૨૨ ॥

ત્યારે તે કેવી રીતે કરેછે ?–વર્તેછે ? તે કહેછે—

લોકમાં ઉદાસીન પુરૂષ જેમ વર્તે તેમ ગુણનાં કાર્યમાં જે ઉદાસીન વર્તેછે. અને ગુણનાં કાર્યને જોનારા સ્વસ્વરૂપના દર્શનથી–અનુભવાત્મક સાક્ષાત્કારથી તૃપ્ત–પૂર્ણ વર્તતો એવો જે પુરૂષ સત્ત્વાદિક ગુણોથી ચળાયમાન થતો નથી, એટલે કે–સત્ત્વાદિક ગુણો પોતાના કાર્યથી તેને ચળાયમાન કરી શકતા નથી. અને સત્ત્વાદિક ગુણો પોત–પોતાના પ્રકાશાદિક કાર્યોમાં વર્તેછેજ, એમ જાણી–સમઝીને સ્વસ્વરૂપને અનુભવતો થકો વર્તેછે. પણ ગુણ-કાર્યને અનુસારે પોતે નથી ચેષ્ટા કરતો, આવો હોય તે ગુણાતીત કહેવાય છે. ॥૨૩॥

આ પ્રમાણે ગુણાતીત પુરૂષનું સ્વરૂપ કહીને હવે તેનું આચરણ બે શ્લોકથી કહે છે—

સુખ–દુઃખ જેને સમાન લાગેછે, કેમકે–તે સ્વસ્વરૂપમાં સ્થિર વર્તેછે માટે. એટલે કે–આત્મસ્વરૂપમાં સ્થિર રહેવાથી દેહાભિમાને રહિતપણાને લીધેજ દેહ–દૈહિક સમ્બન્ધી પદાર્થોના લાભ–અલાભમાં સદાય સમચિત્તજ વર્તેછે. અને તેથીજ કચરો, પત્થર અને કાંચન પણ જેને સરખાંજ લાગે છે. અને તેથીજ સુખ–દુઃખમાં કારણભૂત પ્રિય–અપ્રિય વસ્તુઓ પણ જેને સરખીજ લાગે છે. અને આત્મા–અનાત્મા એ બન્ને વસ્તુના વિવેકમાં નિપુણ અને તેથીજ પોતાની કોઇ નિન્દા–તિરસ્કારભરી ભાષા બોલે, કે પોતાનાં વખાણવાળાં સારાં સ્તુતિવચનો બોલે એ બન્ને જેને સરખુંજ લાગેછે.

વળી–જે માન–અપમાનમાં પણ સમચિત્ત વર્તેછે. મિત્રના પક્ષમાં અને શત્રુ-પક્ષમાં પણ જે સમાન વર્તેછે. માયિક તુચ્છ વસ્તુઓની પ્રાપ્તિ માટે આરંભમાત્રનો પરિત્યાગ કરી દેવાના સ્વભાવવાળો જે છે. આવાં આવાં આચરણે યુક્ત જે વર્તેછે. તે ગુણાતીત કહેવાયછે. ॥ ૨૪–૨૫ ॥

હવે–આવી ગુણાતીત સ્થિતિ પ્રાપ્ત થવામાં મુખ્ય હેતુ કહી બતાવે છે—

भाष्यम्—

च-"सत्त्वादयो न सन्तीशो यत्र च प्राकृता गुणाः" इत्याद्याः। सः, एतान् सत्त्वादीन् दुरत्ययान् गुणान्। समतीत्य-सम्यक् तिरस्कृत्य, ब्रह्मभूयाय-ब्रह्मभावाय कल्पते, अक्षरब्रह्मतुल्यो भवतीत्यर्थः। तथात्र चोक्तम्-"दैवी ह्येषा गुणमयी मम माया दुरत्यया। मामेव ये प्रपद्यन्ते मायामेतां तरन्ति ते" इति। नारायणस्यैकान्तिकीं भक्तिं विना गुणात्ययः कदापि न स्यादिति श्रीकृष्णचन्द्रचरणाभिप्रायः ॥२६॥

ननु-तवैकान्तिकभक्त्या गुणात्ययः, साधनान्तरैर्नेति कथम्? तत्राह-ब्रह्मण इति।

ब्रह्मणो हि प्रतिष्ठाहममृतस्याव्ययस्य च।
शाश्वतस्य च धर्मस्य सुखस्यैकान्तिकस्य च ॥ २७ ॥

इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे गुणातीतयोगो नाम चतुर्दशोऽध्यायः ॥ १४ ॥

प्रतिष्ठीयतेऽस्यामिति प्रतिष्ठा-आश्रय आधार इति यावत्। हि-यस्मात्, अव्ययस्य ब्रह्मणः—अक्षरस्य, प्रतिष्ठा-आश्रयोऽहम्। अमृतस्य-मोक्षस्य च प्रतिष्ठा-आश्रयोऽहम्। मत्त एव मोक्षप्राप्तिर्भवतीत्यर्थः। शाश्वतस्य-सनातनस्य धर्मस्य-एकान्तधर्मस्य, प्रतिष्ठा-आश्रयोऽहम्, मत्त एव तस्य प्रवृत्तिः, स मय्येव स्थित इत्यर्थः। एकान्तिकस्य सुखस्य-एकान्तधर्मप्राप्यानन्दविशेषस्य, प्रतिष्ठा-आश्रयोऽहम्। तस्य दाताहमेवास्मीत्यर्थः। अत एव ममैकान्तिकभक्त्यैव, गुणात्ययः, आत्मप्राप्तिः, ब्रह्मप्राप्तिः, ममात्यन्तिकसुखप्राप्तिश्च भवति, न तु साधनान्तरैरिति भावः ॥ २७ ॥

इति श्रीमद्भगवद्गीताभाष्ये चतुर्दशोऽध्यायः ॥ १४ ॥

पञ्चदशोऽध्यायः—

एवं चतुर्दशाध्याये सत्त्वरजस्तमसां सवृत्तिभेदं स्वरूपं तन्निरसनसाधनं च प्रोक्तम्।

अस्मिन् पञ्चदशाध्यायेऽक्षरस्थानाधिपस्य, क्षराक्षरभावयुक्तात्-द्विविधपुरुषात् स्वरूपस्वभावादिभिरत्युत्तमस्य, सर्वोपास्यस्य, अनवधिकातिशयानन्दस्य, परमेश्वरस्य सर्वोत्कृष्टत्वं निरूप्यते—

श्लोकार्थ-

વળી-જે મને અવ્યભિચારી-નિશ્ચળ ભકિતયોગથી નિરન્તર સેવેછે-ભજેછે. તે પુરૂષ આ ત્રણેય ગુણોને ઉલ્લંઘન કરીને બ્રહ્મરૂપ થવાને માટે ચોગ્ય બનેછે. ॥૨૬॥

કારણ કે--અવિકારી અને અવિનાશી અમૃતસ્વરૂપ બ્રહ્મની પ્રતિષ્ઠા આશ્રય-આધાર હુંજ છું. તેમજ શાશ્વત-સનાતન એકાન્તિક ધર્મનો અને એકાન્તિક-આત્યન્તિક સુખ-આનન્દનો આશ્રય પણ હુંજ છું. ॥૨૭॥

ઇતિ શ્રીમદ્ભગવદ્ગીતાસૂપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં ચોગશાસ્ત્રે શ્રીકૃષ્ણાર્જુન-સંવાદે ગુણત્રયવિભાગયોગો નામ ચતુર્દશોઽધ્યાય : ॥ ૧૪ ॥

ભાવાર્થ—

જે પુરૂષ બુદ્ધિના ડગ-મગાટે રહિત અતિ દૃઢ નિશ્ચળ એવા ભકિતયોગથી મને-નિર્ગુણમૂર્તિ શ્રીનારાયણનેજ સેવેછે-ભજેછે. તે વાતમાં શ્રુતિ-સ્મૃતિઓનું પ્રમાણ કહે છે-"જે ભગવાન્ સર્વના સાક્ષી છે, જ્ઞાનમય છે, કેવળ-અદ્વિતીય અને નિર્ગુણ છે." એકાદશ સ્કન્ધમાં—" હું નિર્ગુણ અને નિરપેક્ષ છું, તો પણ મને સર્વ ગુણો ભજેછે-સેવેછે. " આવું વચન છે. વિષ્ણુપુરાણમાં પણ-" સર્વનિયન્તા જે પરમેશ્વરમાં સત્ત્વાદિક પ્રાકૃત-માયાના ગુણો છેજ નહિ." આવું વચન છે. ઇત્યાદિક ઘણીક શ્રુતિ-સ્મૃતિઓ છે. આવો તે પુરૂષ આ સત્ત્વાદિક જે દુરત્યય ગુણો છે તેને સમ્યક્પ્રકારે તિરસ્કાર કરીને-જીતીને બ્રહ્મભાવને માટે કલ્પાયછે-સમર્થ થાયછે. અર્થાત્-અક્ષર-બ્રહ્મને તુલ્ય થાયછે. જુઓ તે પ્રમાણે આ ગીતામાંજ કહ્યું છે-"દેવ એવો જે હું તે મારી માયા દુરત્યયા-ન તરી શકાય એવી છે, પણ મનેજ જે શરણ પામેછે. તો તે પુરૂષો તો એ માયાને તરી જાયછે." સર્વના સ્વામી શ્રીનારાયણ ભગવાનની એકાન્તિકી ભકિત વિના ગુણનો અત્યય કયારેય થતોજ નથી. એમ ભગવાનનો પોતાનોજ અભિપ્રાય છે. ॥ ૨૬ ॥

નનુ—શંકા, તમારી એકાન્તિકી ભકિતથીજ ગુણનો અત્યય-નાશ થાય અથવા ઉલ્લંઘન થાય-પાર પમાય અને બીજાં સાધનોથી નજ થાય એમ કેમ ? એ આક્ષેપ-પૂર્વક પ્રશ્નના સમાધાનમાં કહેછે—

એનું કારણ એ છે કે-અવ્યય-વિકારશૂન્ય એવા બ્રહ્મની-અક્ષરની પ્રતિષ્ઠા-આશ્રય આધાર હુંજ છું. અમૃતરૂપ મોક્ષની પ્રતિષ્ઠા-આશ્રય પણ હુંજ છું. એટલે કે-મારા થકીજ મોક્ષની પ્રાપ્તિ થાય છે. શાશ્વત--સનાતન નિત્યસિદ્ધ એવા એકાન્તિક ધર્મની પ્રતિષ્ઠા-આધાર હુંજ છું. એટલે કે-મારા થકીજ એની પ્રવૃત્તિ થાયછે. અર્થાત્—તે મારામાંજ સદાય રહેલો છે. અને તે એકાન્તિક ધર્મથી પામવા ચોગ્ય નિરવધિક આનન્દ-વિશેષની પ્રતિષ્ઠા-આશ્રય હુંજ છું. અર્થાત્ નિરવધિકાતિશય આનન્દનો દાતા હુંજ છું. આ હેતુથીજ મારી એકાન્તિકી ભકિતથીજ ગુણાતીત અવસ્થા પ્રાપ્ત થાયછે. આત્મસ્વરૂપની પ્રાપ્તિ-સાક્ષાત્કાર, બ્રહ્મધામની પ્રાપ્તિ અને મારા સ્વરૂપ સંબંધી આત્યન્તિક-નિરવધિક સુખની પ્રાપ્તિ પણ થાય છે. પણ એકાન્તિકી ભકિત સિવાય બીજાં કોઇ સાધનોથી બનતુંજ નથી. એ અભિપ્રાય છે. ॥ ૨૭ ॥

ઇતિ શ્રી++++શ્રીમદ્ભગવદ્ગીતાભાષ્યે ચતુર્દશોઽધ્યાયઃ ॥ ૧૪ ॥

भाष्यम्-

तत्रादौ जीवानां बन्धकं प्रकृतिपरिणामभूतं विश्वं तरुरूपकेण निरूपयन् सन्नर्जुनं श्रीभगवानुवाच—

श्रीभगवानुवाच—

ऊर्ध्वमूलमधःशाखमश्वत्थं प्राहुरव्ययम् ।
छन्दांसि यस्य पर्णानि यस्तं वेद स वेदवित् ॥ १ ॥

ऊर्ध्वमूलमिति। ऊर्ध्वमूलम्-ऊर्ध्वं ब्रह्मलोकस्थं त्रिगुणप्रकृतिसंसृष्टवैराजब्रह्मरूपं मूलं यस्य तम्। अधःशाखम्-अधः-ततोऽर्वाचीनाः-पद्मभूर्ब्रह्मा, तदपत्यमरीचिकर्दमाद्याः, पृथिव्यादिपञ्चमहाभूतानि च शाखा इव यस्य तम्। अव्ययम्-सृष्टिप्रवाहरूपेण नित्यम्। अश्वत्थम्—विश्ववृक्षं प्राहुः। "ऊर्ध्वमूलोऽवाक्शाख एषोऽश्वत्थः सनातनः।" इत्यादीनि वेदवचनानि। "अव्यक्तमूलप्रभवस्तस्यैवानुग्रहोत्थितः। बुद्धिस्कन्धमयश्चैव इन्द्रियान्तरकोटरः॥ महाभूतविशाखश्च विषयैः पत्रवांस्तथा। धर्माधर्मसुपुष्पश्च सुखदुःखफलोदयः॥ आजीव्यः सर्वभूतानां विश्ववृक्षः सनातनः। एतच्छित्त्वा च भित्त्वा च ज्ञानेन परमासिना॥ ततश्चात्मगतिं प्राप्य तस्मान्नावर्तते पुनः"॥ इत्यादीनि स्मृतिवचनानि च वदन्ति। यस्य विश्ववृक्षस्य छन्दांसि-वेदाः, पर्णानि-धर्मार्थकामप्रतिपादकतया जीवानां छायावत्सुखकराणि पत्राणि सन्ति। यस्तं वृक्षं जानाति स वेदवित्-वेदज्ञः॥ १॥

पुनरपि तमेव निरूपयति-अधश्चेति।

अधश्चोर्ध्वं प्रसृतास्तस्य शाखा
गुणप्रवृद्धा विषयप्रवालाः।
अधश्च मूलान्यनुसन्ततानि
कर्मानुबन्धीनि मनुष्यलोके ॥ २ ॥

तस्य विश्ववृक्षस्य अधो मनुष्यपश्वादिरूपाः, ऊर्ध्वं देवगन्धर्वादिरूपाश्च, शाखाः प्रसृताः-विस्तारं गताः सन्ति। ताः कथम्भूताः? गुणप्रवृद्धाः--जलसेचनैर्वृक्षशाखा यथा, तथा गुणैः--सत्त्वादिगुणवृत्तिभिः, प्रवृद्धाः-वृद्धिं प्राप्ताः। विषयप्रवालाः-विषयाः-विषयभोगाः

પંચદશોઽધ્યાયઃ—
શ્લોકાર્થ-

શ્રી ભગવાન કહેછે–આદિ–પુરૂષ પરમાત્મારૂપ ઉંચે મૂળ જેનું છે. નીચે બ્રહ્માદિક શાખાઓ જેની પ્રસરેલી છે. એવા સંસારરૂપ પીપળાના વૃક્ષને અવ્યય–અવિનાશી–નિત્ય કહેછે. અને વેદો જેનાં પાંદડાં છે. આવા સમૂળ સંસાર વૃક્ષને જે યથાર્થ સમજેછે. તેજ વેદના તાત્પર્યને જાણનારો છે. ॥૧॥

પંચદશોઽધ્યાયઃ—
ભાવાર્થ-

આ પ્રમાણે ચૌદમા અધ્યાયમાં સત્ત્વગુણ, રજોગુણ અને તમોગુણની વૃત્તિઓના ભેદે સહિત તેમનું સ્વરૂપ અને તે ત્રણેય ગુણોનો સમ્બન્ધ ટાળવાનું સાધન પણ કહી બતાવ્યું.

હવે–આ પંદરમા અધ્યાયમાં અક્ષર–ધામના અધિપતિ, ક્ષર અને અક્ષર ભાવે યુકત એવા બન્ને પ્રકારના પુરૂષ થકી સ્વરૂપ–સ્વભાવ વિગેરેથી અતિ ઉત્તમ, સર્વને ઉપાસના કરવા યોગ્ય—સર્વોપરિ વિરાજમાન, અનવધિકાતિશય આનન્દમય અને સર્વના પરમ ઇશ્વર–નિયામક, એવા પરાત્પર પુરૂષોત્તમ ભગવાનનું સર્વોત્કૃષ્ટપણું નિરૂપણ કરાય છે–

તેમાં પ્રથમ જીવાત્માઓને બન્ધન કરનારૂં અને પ્રકૃતિના પરિણામરૂપ એવું આ વિશ્વ તેને વૃક્ષનું રૂપક આપીને નિરૂપણ કરતા થકા અર્જુનના પ્રત્યે ભગવાન શ્રીકૃષ્ણ કહેછે–

શ્રી ભગવાન કહે છે–ઉર્ધ્વમૂળ–ઉંચે બ્રહ્મ લોકમાં રહેલું છે ત્રિગુણ પ્રકૃતિથી બનેલું એવું વૈરાજ–બ્રહ્મરૂપ મૂળ જેનું અને અધઃશાખ–નીચે તે વૈરાજ—પુરૂષથી ઓરા પદ્મભૂ–બ્રહ્મા અને તેના પુત્ર મરીચિ-કર્દમાદિક, તેમજ-પૃથિવ્યાદિક પંચ મહાભૂત એ વિગેરે શાખાઓ જેની પ્રસરેલી છે. અને અવ્યય—સૃષ્ટિના પ્રવાહરૂપે સતત ચાલેછે માટે નિત્ય, આવો અશ્વત્થરૂપ–વિશ્વ વૃક્ષ છે, એમ કહે છે. “ઉંચે મૂળવાળો અને નીચે શાખાવાળો આ વિશ્વરૂપ સનાતન અશ્વત્થ–વૃક્ષ છે.” ઇત્યાદિક વેદવચનો પણ છે. વળી–“અવ્યકતરૂપ મૂળમાંથી ઉત્પન્ન થયેલો અને તે અવ્યકતમૂર્તિ ભગવાનના અનુગ્રહથીજ ઉપજેલો, બુદ્ધિ આદિક ચાર અન્તઃકરણરૂપ સ્કન્ધ–મુખ્ય ડાળાંવાળો, ઇન્દ્રિયોનાં અન્તર—છિદ્રરૂપ કોતરોવાળો, પૃથિવ્યાદિક પંચ મહાભૂતરૂપ અવાન્તર શાખાના વિભાગવાળો, શબ્દાદિક વિષયોરૂપ પત્રવાળો, ધર્મ–અધર્મરૂપ સુંદર પુષ્પવાળો, સુખ–દુઃખરૂપ ફળના ઉદયવાળો, સર્વ ભૂત—પ્રાણીમાત્રને સર્વ પ્રકારે જીવાડનારો–આશ્રયરૂપ, એવો આ સનાતન–અનાદિ વિશ્વરૂપ વૃક્ષ છે. એ વૃક્ષને જ્ઞાનરૂપ તીક્ષ્ણ તરવાર વડે છેદી–ભેદી નાખીને, તે પછી આત્મગતિ–રૂપ મોક્ષને પામીને પછી ત્યાંથી ફરી પાછો આવતો નથી.” ઇત્યાદિક સ્મૃતિવચનો પણ કહે છે. અને જે વિશ્વ–વૃક્ષનાં વેદો તો પાંદડાં છે, એટલે કે–ધર્મ, અર્થ અને કામ એવા પુરૂષાર્થને પ્રતિપાદન કરનારા હોવાથી જીવાત્માઓને છાયાની પેઠે સુખને કરનારાં પાંદડાં છે. જે આ વૃક્ષને જાણે છે, **તે પુરૂષ વેદને જાણનારો છે.** ॥ ૧ ॥

भाष्यम्-

प्रवालाः पल्लवा इव यासां ताः, एवम्भूताः शाखाः प्रसृता इति योज्यम्। अधो—मनुष्यलोके च, अनुसन्ततानि विरूढानि। कर्मानुबन्धीनि-कर्म-धर्माधर्मलक्षणमनुबद्धं पश्चाज्जनयितुं शीलं येषां तानि, कर्मावलम्बीनीत्यर्थः। मूलानि-विश्ववृक्षावान्तरमूलान्यपि सन्ति। मनुष्यदेहेषु कृतैः कर्मभिरधो मनुष्यपश्वादयः, ऊर्ध्वं देवगन्धर्वादयश्च भावा भवन्तीति भावः ॥ २ ॥

ऊर्ध्वमूलस्याधःशाखस्य मनुष्यदेहकृतकर्मावान्तरमूलस्य संसारतरोरेवम्भूतं स्वरूपं संसारिणो न जानन्तीत्याहार्धश्लोकेन-न रूपमिति।

न रूपमस्येह तथोपलभ्यते
नान्तो न चादिर्न च सम्प्रतिष्ठा।
अश्वत्थमेनं सुविरूढमूल-
मसङ्गशस्त्रेण दृढेन छित्त्वा॥
ततः पदं तत् परिमार्गितव्यम्
यस्मिन् गता न निवर्तन्ति भूयः।
तमेव चाद्यं पुरुषं प्रपद्ये
यतः प्रवृत्तिः प्रसृता पुराणी ॥ ३-४ ॥

अस्य-संसारतरोः, रूपम्-वृक्षवदाकारः, इह-संसारे स्थितैर्जनैः, नोपलभ्यते-न प्राप्यते। तथा-अस्य आदिश्च, नोपलभ्यते-अनाद्यविद्यासम्बन्धेन जात इति न जानन्तीत्यर्थः। तथा अस्य सम्प्रतिष्ठा-सम्यक्प्रतितिष्ठत्यस्यामिति सम्प्रतिष्ठा-देहात्मभ्रम इत्यर्थः। सा च नोपलभ्यते। सुविरूढमूलम्-अत्यन्तबद्धमूलमेनमश्वत्थम्-संसारतरुम्। दृढेन-असद्देशकालादिभिरपराभूतेन। असङ्गशस्त्रेण-असङ्गो वैराग्यं तद्रूपेण शस्त्रेण-निशितायुधेन, छित्त्वा-समूलमुत्पाट्य॥

तत इति। ततः-संसारतरुछेदनानन्तरम्, तत्-प्रसिद्धम्, पदम्-स्वप्राप्यस्थानम्, परिमार्गितव्यम्-अन्वेष्टव्यम्। तत्पदमाह-यस्मिन् गताः—यत्पदं याताः, भूयो न निवर्तन्ति-न पुनरावर्तन्त इत्यर्थः। तत्परिमार्गणरीतिमाह-यतो यस्मात्, पुराणी-चिरन्तनी, प्रवृत्तिः-

શ્લોકાર્થ-

સત્ત્વાદિક ત્રણ ગુણોથી વૃદ્ધિ પામેલી અને વિષયોરૂપ સુન્દર પલ્લવ-કુંપળોવાળી એવી તે વૃક્ષની શાખાઓ નીચે અને ઉપર સર્વત્ર ફેલાઇ રહેલી છે. અને વળી મનુષ્ય લોકમાં કર્માનુસારે બન્ધાયેલાં અનેક વાસનાઓરૂપ મૂળો નીચે-ઉપર બધેય ફેલાઇ રહેલાં છે. ॥૨॥

આ સંસાર-વૃક્ષનું વર્ણન કર્યું તેવું રૂપ આ લોકમાં તો ઉપલબ્ધ થતુંજ નથી. તેમજ આનો અન્ત અને આદિ પણ ઉપલબ્ધ થતો નથી અને એની સમ્પ્રતિષ્ઠા-ખરે ખરી રીતે એ શેમાં રહ્યો છે. એ પણ સમઝાતું નથી. આવા અતિ જામી ગયેલાં ઉંડાં મૂળવાળા આ સંસાર-વૃક્ષને અનાસક્તિરૂપ દ્દઢ શસ્ત્રથી છેદી નાખીને. તે પછી તે પદ-અવિચળ સ્થાન ખોળી કાઢવું જોઇએ. કે જે સ્થાનમાં ગયેલા મુકતાત્માઓ ફરીથી સંસાર-મંડળમાં પાછા ફરતા નથી. અને તે સર્વના આદિ પુરૂષ પરમાત્માનેજ હું શરણ પામું છું. કે જે પુરૂષ-પરમાત્મા થકી આ પુરાતન સંસારપ્રવૃત્તિ ચાલેલી છે. ॥૩-૪॥

ભાવાર્થ-

ફરીથી પણ તે વૃક્ષનુંજ નિરૂપણ કરે છે—

ઉપર કહ્યા તે વિશ્વવૃક્ષની નીચેના ભાગમાં મનુષ્ય-પશ્વાદિકરૂપ અને ઉપરના ભાગમાં દેવ-ગન્ધર્વાદિકરૂપ શાખાઓ વિસ્તાર પામેલી છે. તે કેવી છે ? જળના સીંચવાથી વૃક્ષની શાખાઓ જેમ વૃદ્ધિ પામેછે. તેજ પ્રમાણે સત્ત્વાદિક ગુણની વૃત્તિઓથી વૃદ્ધિ પામેલી અને અનેક પ્રકારના વિષયભોગરૂપ પલ્લવો જેમના ખીલેલા છે. આવા પ્રકારની શાખાઓ વિસ્તરેલી છે. એમ સમઝવું. વળી-નીચે મનુષ્ય લોકમાં વૃદ્ધિ પામેલાં અને ધર્મ-અધર્મરૂપ કર્મને પાછળ-પરંપરાએ ઉત્પન્ન કરવાનો શીલ-સ્વભાવ જેમનો છે. અર્થાત્-કર્મના અવલંબને રહેલાં એવાં વિશ્વ-વૃક્ષનાં અવાન્તર મૂળ પણ ઘણાં છે.

ભાવાર્થ એ છે કે-મનુષ્ય દેહોમાં કરેલાં કર્મોથી નીચે મનુષ્ય-પશુ આદિકરૂપે જન્મ પામેછે. અને ઉંચે દેવ-ગન્ધર્વાદિકરૂપે જન્મ પામેછે. માટે સંસારનું મૂળ કર્મજ છે. ॥૨॥

ઊર્ધ્વમૂળવાળો અને નીચે શાખાઓવાળો અને મનુષ્ય દેહથી કરેલાં કર્મરૂપ અવાન્તર મૂળવાળો આ સંસારવૃક્ષ તેનું આવા પ્રકારનું સ્વરૂપ સંસારી મનુષ્યો નથી જાણતા. એમ અર્ધા શ્લોકથી કહે છે—

આ સંસાર વૃક્ષનું રૂપ-વૃક્ષના જેવો આકાર, આ સંસારમાં વર્તનારા જનોએ નથી પમાતો અર્થાત્-જેવો છે તેવો યથાર્થ જાણવામાં આવતો નથી. તેમજ આ સંસાર વૃક્ષનો અન્ત-નાશ વૈરાગ્ય અને મારી પ્રપત્તિ—શરણાગતિ, એ બેનાથીજ થાયછે, એમ પણ જાણતા નથી. તથા આ સંસાર વૃક્ષનો આદિ-આરંભ અનાદિ અવિદ્યાના સમ્બન્ધથી થયેલો છે. એમ પણ નથી જાણતા. તેમજ-આ સંસાર-વૃક્ષની ખરી પ્રતિષ્ઠા-ખરી રીતે શેમાં રહેલો છે. અર્થાત્-દેહાત્મભ્રમમાંજ આ સંસાર વસ્યો છે. તે પ્રતિષ્ઠા પણ જાણવામાં આવતી નથી. આવા અતિ દ્દઢ ખૂંતેલા મૂળોથી બન્ધાયેલા આ સંસાર વૃક્ષને, અસત્ દેશ-કાળાદિકથી પણ ભરાભવ ન પામે એવા વૈરાગ્યરૂપ તીક્ષ્ણ આયુધથી મૂળે સહિત ઉપાડી નાખીને-ટાળીને,

भाष्यम्-

जगत्प्रवृत्तिः, मोक्षसाधनप्रवृत्तिर्वा, प्रसृता-विस्तृता। तमेव आद्यं पुरुषम्, प्रपद्ये-अहं शरणमुपयामि। एवमनन्यभक्त्यान्वेषणीयमित्यर्थः ॥३-४॥

यया मोक्षः स्यात्तां साधनप्रवृत्तिमाह-निर्मानेति।

निर्मानमोहा जितसङ्गदोषा
अध्यात्मनित्या विनिवृत्तकामाः।
द्वन्द्वैर्विमुक्ताः सुखदुःखसंज्ञै-
र्गच्छन्त्यमूढाः पदमव्ययं तत् ॥ ५ ॥

निर्मानमोहाः-मानः-गर्वः, मोहः-विपरीतज्ञानम्, मानमोहाभ्यां निष्क्रान्ताः, यद्वा—निर्गतौ मानमोहौ येभ्यस्ते। जितसङ्गदोषाः—जितः सङ्गो विषयासक्तिरूप एव दोषो यैस्ते। अध्यात्मनित्याः-आत्मस्वरूपवेदनसततनिरताः। विनिवृत्तकामाः-विशेषेण निवृत्तः कामो विषयभोगवाञ्छा येषां ते। द्वन्द्वैः-शीतोष्णादिभिः, सुखदुःखसंज्ञैः-सुखदुःखहेतुत्वात्सुखदुःखाभिधैः, विमुक्ताः-रहिताः। अत एव अमूढाः-नित्यविवेककुशला ये सन्ति, ते तत्-तस्य आद्यपुरुषस्य ममाव्ययमक्षरं ब्रह्मपुरसंज्ञम्, पदम्-निवासस्थानम्, गच्छन्ति। तथा च श्रुतयः-"तद्विष्णोः परमं पदं सदा पश्यन्ति सूरयः""यः सर्वज्ञः सर्वविद्यस्यैष महिमा भुवि। दिव्ये ब्रह्मपुरे ह्येष स व्योम्न्यात्मा प्रतिष्ठितः" "एतत् सत्यं ब्रह्मपुरम्"। इत्याद्याः ॥५॥

तदेव धाम प्रशंसन्नाह-नेति।

न तद्भासयते सूर्यो न शशाङ्को न पावकः।
यद्गत्वा न निवर्तन्ते तद्धाम परमं मम ॥ ६ ॥

सूर्यः, तत्पदं न भासयते-न प्रकाशयति। न शशाङ्को न पावकश्च, भासयते इत्युभयत्राप्यनुषज्यते। यद्गत्वा-यत्पदं प्राप्य, न निवर्तन्ते-न पुनरावर्तन्ते, तत् परमम्-सर्वेभ्यो लोकेभ्य उत्कृष्टं मम धाम-एकान्तिकभक्तैः सह वर्तमानस्य मम निवासस्थानं भवति। तथा चोक्तं श्रुतिस्मृतिभिः—" न तत्र चन्द्रार्कवपुः प्रकाशते न वान्ति वाता न च यान्ति देवताः। यत्र देवः क्रतुभिर्भूतभावनः स्वयं विभूत्या विरजः

શ્લોકાર્થ—

તે અવિચળ પદ પામનારાઓનાં લક્ષણ કહે છે—

જેમના માન—મોહાદિક નષ્ટ થઇ ગયા હોય છે. જેમણે આસકિતરૂપ દોષને સર્વથા જીતી લીધેલો હોયછે. આત્મજ્ઞાનમાં જે નિરન્તર દૃઢ સ્થિતિ પામેલા હોયછે. જેમની કામનાઓ સર્વાંશે નિવૃત્ત થયેલી હોયછે. અને સુખ—દુઃખાદિક નામનાં દ્વન્દ્વો થકી સર્વથા રહિત થયેલા હોયછે. આવા અમૂઢ—જ્ઞાની જનોજ તે અવ્યય—અક્ષર પદને પામે છે. ॥૫॥

તે ધામને સૂર્ય પ્રકાશ કરી શકતો નથી, તેમજ ચન્દ્રમા કે અગ્નિ પણ પ્રકાશ કરી શકતો નથી. અને જે સ્વયંપ્રકાશ ધામને પામીને પામનારા મુકતાત્માઓ પાછા ફરતા નથી તે મારૂં પરમ—સર્વોત્કૃષ્ટ ધામ છે. ॥૬॥

ભાવાર્થ—

તે પછી—સંસાર—વૃક્ષને છેદી નાખ્યા પછી, તે પ્રસિદ્ધ પોતાનું પ્રાપ્ય—સ્થાન સર્વ પ્રકારે શોધી કાઢવું. કે જે પદમાં જઇને-પામ્યા પછીથી, ફરીથી પાછા આ સંસૃતિ મંડળમાં આવતા નથી. હવે તે પદ શોધવાની રીતિ કહી બતાવે છે—જેના થકી પુરાતની—અનાદિ આ જગત્‌ની પ્રવૃત્તિ, અથવા મોક્ષસાધનની પ્રવૃત્તિ, તે પ્રસરેલી—વિસ્તરેલી છે. તે આદિ—સનાતન પુરૂષ—પરમાત્માને હું શરણ પામું છું. એમ ભગવાનમાં અનન્ય ભકિતથી તે પદ શોધવા યોગ્ય છે.—શોધાય છે. ॥૩—૪॥

હવે—જે સાધન—પ્રવૃત્તિથી મોક્ષ થાય છે, તે સાધન—પદ્ધતિ કહી બતાવે છે —

મિથ્યા ગર્વરૂપ માન—અભિમાન અને વિપરીત જ્ઞાનરૂપ મોહ—અજ્ઞાન, આવા માન અને મોહથી રહિત થયેલા, અથવા—માન-મોહ જેમનામાંથી મુદ્દલ નીકળી ગયા છે. જીત્યો છે સંગ—વિષયાસકિતરૂપ દોષ તે જેમણે, આત્મા—પરમાત્માના સ્વરૂપનું જ્ઞાન સમ્પાદન કરવામાં નિરન્તર તત્પર વર્તતા, વિશેષતાએ—સમૂળ નિવૃત્તિ પામ્યો છે કામ—વિષયભોગની વાંછા જેમને અને દ્વન્દ્વ જે શીત-ઉષ્ણાદિક જોડલાં કે જે—સુખદુઃખમાં કારણભૂત હોવાથી પોતે સુખ-દુઃખ એવા નામેજ કહેવાય છે તેનાથી રહિત થયેલા. અને આવી સ્થિતિમાં વર્તતા માટેજ અમૂઢ-નિરન્તર સાર—અસારનો વિવેક કરવામાં કુશળ, એવા જે જ્ઞાની પુરૂષો છે. તેજ આદ્ય—સનાતન પુરૂષ એવા મારૂં અવ્યય-અક્ષર બ્રહ્મપુર નામે પ્રસિદ્ધ પદ—નિવાસસ્થાન—ધામ તેને પામે છે. જુઓ ? શ્રુતિઓ કહે છે— “ વિષ્ણુ ભગવાનના તે અક્ષર બ્રહ્મ નામે પરમ પદને સૂરિ—જ્ઞાની પુરૂષો નિરન્તર દેખે છે. ” “ જે સર્વજ્ઞ અને સર્વવિત્ છે. જેનો આ મહામહિમા પૃથ્વી ઉપર વિસ્તરેલો છે. એ આત્મા—સર્વાત્મા ભગવાન દિવ્ય બ્રહ્મપુર ધામમાં-ચિદાકાશમાં સદાય વિરાજમાન છે. ” “ એ સત્ય—અવિનાશી બ્રહ્મપુર ધામ છે. ” ઇત્યાદિક ઘણીક છે. ॥૫॥

એજ ધામને વખાણતા થકા કહે છે—

આ પ્રસિદ્ધ સૂર્ય તે ધામને નથી પ્રકાશ કરી શકતો, તેમ નથી શશાંક-ચન્દ્રમા પણ પ્રકાશ કરી શકતો, કે નથી પાવક—અગ્નિ પણ પ્રકાશ કરી શકતો. અને જે ધામને પામીને ફરીને આ સંસાર—ચક્રમાં પાછા આવતા નથી. તે પરમ—સર્વ લોક કરતાં

भाष्यम्-

प्रकाशते" इति। "ऋचोऽक्षरे परमे व्योमन् यस्मिन् देवा अधि-विश्वे निषेदुः" इति। "तमाहापो वै खलु मीयन्ते लोकोऽसौ" इति। अस्या अर्थः-"आपो वै खलु अमृतमय्यो मया मीयन्ते भुज्यन्ते, तवाप्यसावमृतोदकलक्षणो लोको भोग्य इत्यर्थः"। मोक्षधर्मे भीष्मश्च- "धर्मस्यांशप्रसूतोऽसि धर्मिष्ठोऽसि स्वभावतः। धर्ममूलाश्रयं वाक्यं शृणुष्वावहितोऽनघ!॥ अमूनि यानि स्थानानि देवानां परमात्मनाम्। नानासंस्थानवर्णानि नानारूपफलानि च॥ दिव्यानि कामचारीणि विमानानि सभास्तथा। आक्रीडा विविधा राजन्! पद्मिन्यश्चैव काञ्चनाः॥ चतुर्णां लोकपालानां शुक्रस्याथ बृहस्पतेः। मरुतां विश्वदेवानां साध्यानामश्विनोरपि॥ रुद्रादित्यवसूनां च तथान्येषां दिवौकसाम्। एते वै निरयास्तात! स्थानस्य परमात्मनः॥ अभयं चानिमित्तं च न तत् क्लेशसमावृतम्। द्वाभ्यां मुक्तं त्रिभिर्मुक्तमष्टाभिस्त्रिभिरेव च॥ कालस्सम्पच्यते तत्र कालस्तत्र न वै प्रभुः। स कालस्य प्रभूराजन्! स्वर्गस्यापि तथेश्वरः॥ आत्मा केवलतां प्राप्तस्तत्र गत्वा न शोचति। ईदृशं परमं स्थानं निरयास्ते च तादृशाः॥ एते ते निरयाः प्रोक्ताः सर्व एव यथातथम्॥ तस्य स्थानवरस्येह सर्वे निरयसंज्ञिताः"॥

तथा चोक्तं श्रीभागवते-"इति सञ्चिन्त्य भगवान् महाकारुणिको हरिः। दर्शयामास लोकं स्वं गोपानां तमसः परम्॥ सत्यं ज्ञानमनन्तं यद् ब्रह्म ज्योतिः सनातनम्। यद्धि पश्यन्ति मुनयो गुणापाये समाहिताः॥ नन्दादयस्तु तं दृष्ट्वा परमानन्दनिर्वृताः। कृष्णं च तत्र छन्दोभिः स्तूयमानं सुविस्मिताः"॥ "माया परैत्यभिमुखे च विलज्जमाना तद्वै पदं भगवतः परमस्य पुंसः। ब्रह्मेति यद्विदुः"। "तदाहुरक्षरं ब्रह्म सर्वकारणकारणम्। विष्णोर्धाम परं साक्षात् पुरुषस्य महात्मनः"॥ "मद्भक्तः प्रतिबुद्धार्थो मत्प्रसादेन भूयसा। निःश्रेयसं स्वसंस्थानं कैवल्याख्यं मदाश्रयम्॥ प्राप्नोतीहाञ्जसा धीरः स्वदृशा छिन्नसंशयः। यद्गत्वा न निवर्तेत योगी लिङ्गाद्विनिर्गमे"॥ इत्यादिभिः॥ ६॥

एवं पुरुषोत्तमस्य स्वस्याक्षरं धाम गदित्वेदानीमविद्यामुक्तमनाद्यविद्याबद्धं च द्विविधं क्षेत्रज्ञं वदति-पञ्चभिः।

ભાવાર્થ-

અતિ ઉત્કૃષ્ટ મારૂં ધામ છે. અર્થાત્-મારા એકાન્તિક ભકત-ઉપાસકોએ સહિત વર્તતો એવો હું તે મારૂં નિવાસસ્થાન છે. તે વાત શ્રુતિસ્મૃતિઓએ પણ કહી છે-"તે સ્થાનમાં ચન્દ્ર—સૂર્યનાં મંડળ નથી પ્રકાશ કરતાં, આ વાયુઓ ત્યાં નથી વાતા અને ઇન્દ્રાદિક દેવો પણ ત્યાં નથી જઇ શકતા, કે જે સ્થાનમાં કર્મનાં ફળદ્વારા ભૂતોની વૃદ્ધિ કરનાર સ્વયં પરમાત્મા માયાના ગુણ-કાર્યથી રહિત થકા અને વિભૂતિઓથી વિભૂષિત થકા વિરાજમાન રહે છે." "કર્મસાધ્ય લોકથી પર રહેલા પરમ-સર્વશ્રેષ્ઠ ચિદાકાશમાં રહેલા અક્ષર ધામમાં કે જ્યાં સંસારથી પાર થયેલા દિવ્યાકારવાળા દેવો-મુકતાત્માઓ રહે છે." "અમૃતમય એવા આપ—અનેક રસો અમોએ આ ધામમાં ભોગવાય છે. અને તારે પણ આ અમૃત રસરૂપ જળપાન વિગેરે ભોગ જેમાં છે એવો લોક ભોગ્ય છે." મોક્ષ ધર્મમાં ભીષ્મપિતા પણ કહે છે—"હે નિર્દોષ રાજન્! તું ધર્મના અંશથી પ્રગટ થયેલો છું અને સ્વભાવથીજ ધર્મિષ્ઠ છું. માટે ધર્મના મૂળના આશ્રયરૂપ વાકય કહું છું તેને તું સાવધાન થઇને સાંભળ ? ઉદાર મનવાળા સર્વદેવોનાં જે સ્થાનો છે. નાના પ્રકારનાં સુન્દર બેસવાનાં સ્થાનની રચનાવાળાં, નાના પ્રકારનાં રૂપ અને ફળો જેમાં રહેલાં છે. ઇચ્છા પ્રમાણે ગતિ કરનારાં દવ્ય વિમાનો, તથા સભાસ્થાનો, તથા હે રાજન્! નાના પ્રકારનાં સુન્દર ક્રીડાસ્થાનો સુવર્ણરૂપવાળી સુન્દર કમલિનીઓ, જેમાં રહેલી છે. એવાં ચાર લોકપાળોનાં સ્થાનો, શુક્રાચાર્ય અને બૃહસ્પતિનું સ્થાન, મરૂત્ દેવો, વિશ્વદેવો, સાધ્યદેવો, અશ્વિનિકુમારો, તેમજ રૂદ્રો, આદિત્યો અને વસુઓ, તથા બીજા દેવોનાં પણ જે જે સ્થાન છે. હે તાત! એ સઘળાંય સ્થાનો પરમાત્માના સ્થાનની અપેક્ષાએ નિરય-નરક જેવાં છે. અને પરમાત્માનું જે સ્થાન-ધામ છે. તે તો કાળ-માયાના ભયે રહિત છે. અને કર્મરૂપ નિમિત્તવાળું નથી, અર્થાત્ નિરવધિક ફળરૂપ છે. અને તે કલેશવાળું પણ નથી. અને તે ધામ સુખ-દુઃખ, અથવા શોક-મોહ, આદિક દ્વન્દ્વથી રહિત છે. તેમજ ત્રણ ગુણથી પણ મુકત--રહિત છે. આઠ આવરણથી પણ રહિત-પર છે. અને કાળ, કર્મ અને માયા એ ત્રણથી પણ મુકત-રહિત છે. તે ધામમાં તો કાળ પણ અસમર્થજ બની જાય છે. પણ ત્યાં કાળનું બળ ચાલતુંજ નથી. હે રાજન્! તે ભગવાન તો કાળના પણ નિયંતા--પ્રેરક છે. અને સ્વર્ગાદિક લોકના પણ સ્વામી છે. ભગવદુપાસનાથી શુદ્ધસ્વરૂપ થયેલો આત્મા ત્યાં જઇને શોક નથી પામતો. આવું તે પરમાત્માનું સ્થાન પરમ-સર્વોત્કૃષ્ટ છે. અને તે સ્થાનના નિરયો પણ આ કહ્યા તેવાજ છે. હે રાજન્! આ સઘળા નરકો તને યથાર્થ પણે કહી બતાવ્યા. તે પરમાત્માના શ્રેષ્ઠ સ્થાનની અપેક્ષાએ આ સઘળા નરક નામે કહેવામાં આવે છે." તથા ભાગવતમાં પણ કહ્યું છે-"આ પ્રમાણે મહાકારૂણિક શ્રીહરિ ભગવાને વિચારીને સર્વ ગોપોને માયાના તમથી પર રહેલો પોતાનો લોક-ધામ બતાવ્યો. તે ધામ કેવું છે ? સત્યસ્વરૂપ, જ્ઞાનરૂપ અને અનન્ત-અપાર છે. જે બ્રહ્મ નામે કહેવાય છે. જે પ્રકાશમય અને સનાતન છે. જે ધામને પરમાત્મસ્વરૂપમાં મનની એકાગ્રતા પામેલા મુનિ-ઉપાસક પુરૂષો માયિક

भाष्यम्—

ममैवांशो जीवलोके जीवभूतः सनातनः ।
मनःषष्ठानीन्द्रियाणि प्रकृतिस्थानि कर्षति ॥ ७ ॥

ममेति । जीवलोके—जीवानां क्षेत्रज्ञानां लोकः—स्थानं ब्रह्माण्डं तस्मिन् स्थितः । सनातनः—पुरातनः । जीवभूतः—जीवसंज्ञो यः क्षेत्रज्ञः । मनःषष्ठानि—मनः षष्ठं येषां तानि । प्रकृतिस्थानि—प्रकृतौ—अनादिविषयवासनासंयुक्ते स्वभावे तिष्ठन्तीति तथोक्तानि । इन्द्रियाणि—चक्षुरादीनि करणानि, कर्षति—विषयग्रहणरूपस्वस्वभावेभ्यः प्रत्याहरति । स ममैव—परमात्मनोऽंशः । मदुपासनया विषयजयरूपं मदैश्वर्यांशं प्राप्तो मुक्तप्रायो जीव इत्यर्थः । अच्युतस्याक्षरस्य परमेश्वरस्य विभागानर्हत्वात् ।

अच्छेद्यत्वादिस्वभावस्य जीवस्यापि विभागो न सम्भवति, तर्ह्यच्युतत्वाक्षरत्वादिविशेषणविशिष्टस्य परमेश्वरस्य तु कुतस्तराम् ? । अतोंऽशशब्दोऽत्र युक्त एव विवृतः ॥ ७ ॥

एवं मुक्तप्रायक्षेत्रज्ञमुक्त्वेदानीं बद्धक्षेत्रज्ञं वदति—शरीरमिति ।

शरीरं यदवाप्नोति यच्चाप्युत्क्रामतीश्वरः ।
गृहीत्वैतानि संयाति वायुर्गन्धानिवाशयात् ॥ ८ ॥

ईश्वरः—धर्मार्थकामसम्पादने समर्थो बद्धक्षेत्रज्ञः, यच्छरीरम्—देवमनुष्यादिवपुः, अवाप्नोति—कर्मसाक्षीश्वरप्रेरणया याति । यच्च—यस्माच्छरीराच्च, उत्क्रामति—मृत्युकाले गच्छति । शरीरस्य ग्रहणे त्यागे च एतानि सूक्ष्मभूतैः सहेन्द्रियाणि गृहीत्वा संयाति—आगच्छति व्रजति च । तत्र दृष्टान्तः—आशयात् पुष्पादिरूपात्स्थानाद्गन्धान् गृहीत्वा वायुरिव तद्वत् । अपिशब्दः पूर्वोक्ताद्भिन्नत्वं द्योतयति ॥८॥

श्रोत्रं चक्षुः स्पर्शनं च रसनं घ्राणमेव च ।
अधिष्ठाय मनश्चायं विषयानुपसेवते ॥ ९ ॥

श्रोत्रमिति । श्रोत्रम्—श्रोत्रेन्द्रियम्, चक्षुः—चक्षुरिन्द्रियम्, स्पर्शनम्—त्वगिन्द्रियम्, रसनम्—रसनेन्द्रियम्, घ्राणमेव च—घ्राणेन्द्रियं च, मनश्च—मनःशब्देनान्तःकरणं ग्राह्यम् । घ्राणमेव चेति चकारेण

શ્લોકાર્થ-

આ જીવલોકમાં મારો અંશભૂત સનાતન જીવાત્મા પ્રકૃતિમાં રહેલાં અને મન જેમાં છઠ્ઠું છે. એવાં પાંચેય ઇન્દ્રિયોને પોતા તરફ ખેંચે છે-વશમાં રાખે છે. ॥૭॥

આ દેહનો સ્વામી જીવાત્મા–જે શરીરમાંથી નીકળે છે. તેમાંથી વાયુ પુષ્પાદિક સ્થાનમાંથી ગન્ધનેજ જેમ એમ આ મને સહિત ઇન્દ્રિયોને ગ્રહણ કરીને જે શરીરને પામે છે તેમાં તે મન–ઇન્દ્રિયોએ સહિત જાય છે. ॥૮॥

ભાવાર્થ-

ગુણોનો સમ્બન્ધ છૂટી ગયા પછી દેખે છે. નન્દાદિક ગોપો તો તે લોકને જોઇને પરમ આનન્દથી પરમ શાન્તિ પામ્યા. અને તે ધામમાં વેદોએ સ્તુતિ કરાતા કૃષ્ણને જોઇને અતિશય વિસ્મય પામી ગયા.” “જે ધામમાં ભગવાનની સામે ઉભી રહેવામાં અતિ લજ્જા પામતી માયા દૂર ભાગી જાય છે. તે પરમ પુરૂષ પરમાત્મા ભગવાન પરબ્રહ્મના ધામને **બ્રહ્મ** એવા નામે જ્ઞાની પુરૂષો જાણે છે.” “ તે ધામને અક્ષર બ્રહ્મ એવા નામે કહે છે. અને એ સર્વ કારણનું પણ કારણ છે. અને મહાત્મા પરમ પુરૂષ પરમાત્મા શ્રીવિષ્ણુ ભગવાનનું સાક્ષાત્ પરમ ધામ છે.” “ મારા અનુગ્રહરૂપ મહાપ્રસાદથી જેને સર્વ અર્થ સમજવામાં આવ્યો છે. એવો મારો જ્ઞાની ભકત પરમ કલ્યાણરૂપ, માયાના લેશ–સમ્બન્ધથી પણ રહિત અને મારા આશ્રયવાળું મારૂં સુન્દર સ્થાનરૂપ ધામ તેને પામે છે. અને તે ભકત આ લોકમાંજ સ્વસ્વરૂપના પરમ જ્ઞાનથી જેના સંશયો છેદાઇ ગયા છે. એવો ધીર હોય છે. તે મારા ધામને પામે છે. કે જે ધામને કારણ શરીરથી છૂટા થયા પછી યોગી પુરૂષ પામીને ફરીથી પાછા આવતા નથી.” ઇત્યાદિક ઘણાં વચનોથી કહેવામાં આવ્યું છે. ॥ ૬ ॥

આ પ્રમાણે પુરૂષોત્તમનું પોતાનું અક્ષર ધામ કહીને–વર્ણન કરીને, હવે અવિદ્યાથી મુકાયેલો અને અવિદ્યાથી બન્ધાયેલો એમ એ બન્ને પ્રકારના ક્ષેત્રજ્ઞને કહી બતાવેછે—

જીવલોકમાં—જીવો ક્ષેત્રજ્ઞોનો લોક જે બ્રહ્માણ્ડરૂપ સ્થાન તેમાં રહેલો અને સનાતન અનાદિસિદ્ધ પુરાતન, એવો જીવ નામે પ્રસિદ્ધ એવો જે ક્ષેત્રજ્ઞ, તે મન છઠ્ઠું જેમાં છે, એવાં અનાદિ વિષયવાસનાએ યુકત એવા સ્વભાવરૂપ પ્રકૃતિમાં રહેલાં ચક્ષુ આદિક ઇન્દ્રિયો તેને ખેંચે છે–વિષય ગ્રહણ કરવા રૂપ સ્વસ્વભાવ થકી પાછાં ખેંચીને પોતાના વશમાં કરે છે તે મારો પરમાત્માનોજ અંશ છે. એટલે કે–એને મારી ઉપાસના કરવાથી વિષયોને જીતવારૂપ મારા ઐશ્વર્યના અંશને પામેલો એવો લગભગ મુકતપ્રાય જીવ જાણવો.

ચ્યુતભાવથી અને ક્ષરભાવથી રહિત અવિનાશી સ્વરૂપ પરમેશ્વરનો વિભાગ થવો યોગ્યજ નથી માટે. કેમકે–અચ્છેદ્યત્વાદિક સ્વભાવે યુકત જીવનો પણ વિભાગ નથી સંભવતો, તો પછી અચ્યુત અને અક્ષર એવાં એવાં વિશેષણોથી વિશિષ્ટ પરમેશ્વરનો વિભાગ તો સંભવેજ કેમ ? માટે અંશ શબ્દનો અહીંઆં જે આવો અર્થ કર્યો છે તે સર્વથા યુકતજ કર્યો છે. ॥૭॥

આ પ્રમાણે મુકતપ્રાય ક્ષેત્રજ્ઞનું લક્ષણ કહીને, હવે–બદ્ધક્ષેત્રજ્ઞનો સ્વભાવ વિગેરે કહેછે–

टीका-

इत्यादिना, उत्तरितं च भगवता। अथापि "गुणानेतानतीत्य त्रीन्" इति भगवतो वचनं श्रुतवतोऽर्जुनस्य समुद्भूता नाम पुनर्विशेषजिज्ञासा, अतोऽयं प्रश्नः-को देहाचार इति। केन दैहिकेनाचारेणायं गुणातीत इति विज्ञेय इतरैरिति भावः ॥ २१ ॥

आत्मपरमात्मव्यतिरिक्तेष्विति। अयमाशयः-गुणमयेऽस्मिन् शरीरे वर्तमानस्य प्रकाशप्रवृत्तिमोहादीनि सत्त्वादिगुणकार्याण्यपरिहार्याणि, पथि प्रसर्पतः सन्निकृष्टा रूप-शब्दादयः चक्षुःश्रोत्रादीन्द्रियपथमुपगताः प्रकाशेरन्नेव। तत्र-तेषु प्रतिकूलबुद्ध्या भवेत्प्रद्वेषः, अनुकूलबुद्ध्या तु तिरोहिते मयि तेषु पुनस्तत्प्रकाशाकाङ्क्षापि भवेदेव। यस्य त्वात्मनिष्ठस्य गुणकार्येषु प्रकाशादिषु जातेषु " गुणा गुणेषु वर्तन्ते " इति दृष्ट्या द्वेषो वा रुचिर्वा न भवति, सोऽयं गुणातीतो विज्ञेय इति ॥ २२ ॥

उदासीनः पुरुषो यथेति। लोके एकस्मिन्नेव प्रदेशे निवसतोऽपि परस्य सुखदुःख-मोहेषु परो ह्युदासीनो भवति। अयमन्यः, किं ममास्य सुखेन वा दुःखेन वेति। विवेकिना त्वेवमेव गुणानां स्वस्य चात्यन्तमन्यत्वं सम्यगध्यवस्य गुणकार्येषु तेषु उदासीनेनैव भाव्यम्, सेयं स्थितिरात्मदर्शननिष्ठस्यैव स्यात्। तत् य उदासीनवदासीनो गुणकार्यैर्न क्षोभमाप्नोति, सोऽयं गुणातीत इति भावः ॥ २३ ॥

स्वरूपमुक्त्वेति। लक्षणमुक्त्वेति भावः। समदुःखसुख इति। दुःखमपि सुखमिव मन्यते इत्यर्थः। समापतिते पुत्रमरणादिदुःखे स्वयं न क्षुभ्यतीति यावत्। स्वस्वरूपस्थ इति। स्वात्मानुभवनिष्ठ इति यावत्। अत एव समलोष्टाश्मकाञ्चन इति व्याचष्टे-तत्र स्थित्येति। सुखदुःखाभ्यां प्रियाप्रिययोर्भेदं ज्ञापयन् व्याचष्टे-सुखदुःखकारणभूते इति॥२४॥

परमात्मप्राप्तिसाधनारम्भस्य त्ववर्जनीयतया व्याचष्टे—प्राकृतवस्त्विवति ॥ २५ ॥

निर्गुणमिति। गुणत्रयातीतमित्यर्थः। न तु गुणसामान्यप्रतिषेधः। कल्याणगुणाकरो ह्येषः। प्रसङ्गश्चेह सत्त्वादीनामेव ॥ २६ ॥

अक्षरस्येति। यस्याक्षरस्य साधर्म्यमपहतपाप्मत्वादिभिर्गुणातीतः प्राप्नोति, तस्याप्यहमेवाश्रय इत्यर्थः। मोक्षस्येति। परब्रह्मप्राप्तिलक्षणमोक्षस्येत्यर्थः। इदमेव ह्यव्ययममृतम्। योऽयं मोक्षानन्दस्तस्याप्यहमेव प्रतिष्ठा। आनन्दमयो ह्यहमेवेति भावः ॥ २७ ॥

इति श्रीमद्भगवद्गीताभाष्यटीकायां गीतागूढार्थदीपिकायां चतुर्दशोऽध्यायः ॥ १४ ॥

पञ्चदशोऽध्यायः—

टीका-

पूर्वाध्यायसङ्गतिं दर्शयति—एवमिति।

पूर्वाध्यायान्ते-"मां च योऽव्यभिचारेण भक्तियोगेन सेवते" इति स्वस्य भजनीयतोक्ता।

अस्मिन्नध्याये भजनीयस्य स्वस्य क्षराक्षराभ्यां विलक्षणत्वमुच्यते। तत्र स्वस्य भजनं विना वैराग्यं न भवतीति प्रपञ्चस्वरूपं शुद्धात्मस्वरूपं च विविच्य कथयति। तत्र प्रथमं वृक्षविशेषरूपेण प्रपञ्चं निरूपयति। तदिदमाह-- अस्मिन्निति।

ऊर्ध्वमूलमित्यत्र ऊर्ध्वपदं ऊर्ध्वलोकपरतया व्याचष्टे—ब्रह्मलोकस्थमिति।

टीका-

ननु-जननताशनशालिनोऽस्य कथमव्ययता? तत्राह-सृष्टिप्रवाहरूपेणेति। अत्र प्रमाणानि दर्शयति-"ऊर्ध्व"मित्यादिना। छायावत् सुखकराणीति। अयम्भावः-प्रपञ्चोऽयं जननजरामरणादिदुःखभाजनमपि धर्मार्थकामलक्षणत्रिवर्गतत्साधनावबोधकैः वेदैस्तत्तद्धर्मानुष्ठानद्वारा सुखप्रापकः, भवमहारण्ये परिभ्रमतः विश्रान्त्यापादकछायासम्पादकपर्णप्रचुरवृक्षसलक्षणोऽयं भवतीति। "यस्तं वेद स वेदवित्" इति। अयमाशयः-त्रिगुणपरिणतिलक्षणः हैरण्यगर्भान्तः सर्वो लोकोऽयं विततानेकशाखाबहुलः पर्णमात्रप्रचुरः कोऽप्यश्वत्थः। सन्ति चात्र पशुपक्षिमानुषादिलक्षणानि नानानीडानि, तेषु च जीवपक्षिणो बहवो निवसन्ति। नीडान्नीडं शाखातः शाखां परिपतन्तो वेदनोदितधर्मरूपपर्णप्राचुर्येण परिभ्रमणश्रमं कथमप्यपनोदन्तोऽतिफल्गुनीरसफलचर्वणेन क्लेशमयजीवितं नयन्तो वर्तन्ते। एवं वृक्षरूपेण प्रपञ्चं हेयतया जानाति स एव वेदवित्-वेदज्ञातेति॥ १॥

विषयप्रवालाः—शब्दादयो ये विषयास्त एते आपातरमणीयाः प्रवालवत्, अतो विषयप्रवाला इति रूप्यते। न तु विषयफला इति। अधश्च मूलान्यनुसन्ततानीति। शाखाभ्यः प्रनिःसृताभिर्जटाभिः क्षितितलं प्रविष्टाभिर्वृक्षो हि दृढमूलभूतो भवति, तथायमश्वत्थः कर्मभिर्धर्माधर्मलक्षणैर्दृढमूलो भवतीत्येतत्॥ २॥

एवम्भूतमिति। ऊर्ध्वमूलत्वाधःशाखत्वविषयप्रवालत्वादिविशिष्टस्वरूपमित्यर्थः। यस्मादयं भवोऽनादिरनन्तश्च, प्रवाहतः सततमेवानुवृत्तेः। सर्गलयावपि चक्रवत् परिवर्तेते, तदा आद्यन्तयोरभावान्नोपलभ्यतेऽस्यादिरन्तश्चेत्यपरे व्याचक्षते। ततोऽप्यादिरन्तश्चास्ति, परं नोपलभ्यते इति व्याख्यानमेवोचितमित्यभिप्रायेण व्याचष्ट-तथेत्यादिना। एवमनन्यभक्त्येति। अनन्याध्यवसायेनेति यावत्। स एव मेऽज्ञस्याशक्तस्य मोक्षसाधनोपायं सर्वं सम्प्रयच्छत्विति तं शरणमुपगम्य मोक्षसाधनेषु यतेत, अन्यथा न तत्सिद्धिरिति भावः। उक्तं पूर्वम्-"मामेव ये प्रपद्यन्ते मायामेतां तरन्ति ते"इति॥३-४॥

निर्मानमोहा इति। अत्र मानमोहयोरर्थभेदमाह-गर्व इति, विपरीतज्ञानमिति च। मोहस्तेन गर्व इति यावत्। यद्वा-मानोऽनहमर्थेऽहमिति विपरीताभिमानः, अनात्मीयेषु वस्तुषु ममेदमित्यभिनिवेशो मोहः। दिव्ये धाम्नि प्रमाणमाह-तथा चेत्यादिना॥५॥

प्रशंसन्निति। प्रशंसा च सता गुणेन-न तद्भासयते इति। सूर्यादि तेजोमण्डलं हि भौतिकम्, नास्य तत्प्रकाशनसामर्थ्यम्, स्वयम्प्रकाशस्वरूपं तद्धामेति यावत्। विशेषतः प्रमाणान्यत्र प्रदर्शयति-तथा चोक्तमित्यादिना॥ ६॥

"जीव एव लोक" इति सामानाधिकरण्यभ्रमं वारयन् व्याचष्टे-जीवानां लोके इति। करणानि तत्तत्स्थानेभ्यः शब्दादीन् विषयान् प्रति भोगाय कर्षतीति भ्रमं वारयन् व्याचष्टे-विषयग्रहणरूपेभ्य इति। विषयेभ्यः प्रत्याहरतीति यावत्। तस्यास्य ज्ञाननिष्ठस्य क्षेत्रज्ञस्येतरेभ्यो विशेष उच्यते-सोऽयं ममांश इतीत्यभिप्रायेण व्याचष्टे-मदुपासनयेत्यनेन। अवयवावयविभावनिबन्धनस्त्वंशांशिभावो नात्र युज्येतेत्याह—अच्युतस्येत्यादिना। जीवस्वरूपपर्यालोचनायामस्यांशत्वमनुपपन्नम्। परमात्मस्वरूपपर्यालोचनायामप्यंशत्वमनुपपन्नम्। उभयोरच्छेद्यत्वादिति भावः।

परे त्वेवं व्याचक्षते—ननु-मुक्तिः परमात्मसाधर्म्यापत्तिरिति तत्र तत्रोक्तम्,

भाष्यम्-

कर्मेन्द्रियाणां प्राणस्य च ग्रहणम्। एतानि अधिष्ठाय-आश्रित्य, अयम्-जीवात्मा, विषयान्-शब्दस्पर्शरूपरसगन्धादीन्, उपसेवते-भुनक्ति॥९॥

एवम्भूतमात्मानं के पश्यन्ति ? के न पश्यन्तीति चेत्तत्राह-उत्क्रामन्तमिति।

उत्क्रामन्तं स्थितं वापि भुञ्जानं वा गुणान्वितम्।
विमूढा नानुपश्यन्ति पश्यन्ति ज्ञानचक्षुषः॥ १० ॥

उत्क्रामन्तम्-मरणसमये शरीराद्व्रजन्तम्। स्थितम्-स्थितिकाले तस्मिञ्छरीरेऽवस्थितम्। वा भुञ्जानम्-विषयभोगं कुर्वाणम्। वापि गुणान्वितम्--सत्त्वादिगुणैः संयुतम्। अथवा--अगुणान्वितमिति पदच्छेदः, अगुणान्वितम्-सत्त्वादिगुणरहितत्त्वेन मुक्तावस्थायामवस्थितम्। एनम्-बद्धं मुक्तं च द्विविधं क्षेत्रज्ञम्। विमूढाः-देहात्मैकभावज्ञानेन ये मोहं प्राप्ताः, ते नानुपश्यन्ति-नेक्षन्ते, देहाकारमेव पश्यन्तीत्यर्थः। ये ज्ञानचक्षुषः-ज्ञानमेव चक्षुर्येषां ते देहात्मनोर्विवेककुशलाः, ते एनं यथावस्थितं पश्यन्ति। एनमित्युरश्लोकादाकृष्यते॥१०॥

यतन्तो योगिनश्चैनं पश्यन्त्यात्मन्यवस्थितम्।
यतन्तोऽप्यकृतात्मानो नैनं पश्यन्त्यचेतसः॥ ११ ॥

यतन्त इति। यतन्तः—अमानित्वादिसाधनैर्यत्नं कुर्वन्तः, योगिन एव। आत्मनि-देहे, अवस्थितं देहाद्विलक्षणस्वभावं स्वस्वरूपेण स्थितमेनं जीवात्मानम्, पश्यन्ति—ईक्षन्ते। चोऽवधारणे। यतन्तोऽपि-यतमाना अपि—अध्यात्मशास्त्रश्रवणमननादिभिर्यत्नं कुर्वाणा अपि। अकृतात्मानः-अमानित्वादिसाधनैरकृतः-न शुद्धीकृतः, आत्मा-मनो यैस्ते। अत एव अचेतसः-यथावस्थितात्मज्ञानरहिता नराः, एनमात्मानं न पश्यन्ति॥ ११॥

एवं द्विविधं क्षेत्रज्ञमुक्त्वा, अधुना यत्र कुत्रचित् यत्किञ्चिदैश्वर्यमस्ति तत सर्वं मदीयमेवास्तीत्याह चतुर्भिः-

यदादित्यगतं तेजो जगद्भासयतेऽखिलम्।
यच्चन्द्रमसि यच्चाग्नौ तत्तेजो विद्धि मामकम्॥ १२ ॥

શ્લોકાર્થ-

અને તે શરીરમાં આ જીવાત્મા શ્રોત્ર, ચક્ષુ અને ત્વચા તથા રસના અને ઘ્રાણ, તેમજ મન, આટલાંનો આશ્રય લઇને શબ્દાદિક વિષયોનું સેવન-ઉપભોગ કરે છે. ॥૯॥

આ પ્રમાણે શરીરમાંથી નીકળતો, શરીરમાં રહેતો, વિષયોને ભોગવતો અને સત્વાદિક ગુણોએ યુકત જણાતો આ જીવાત્મા તેને સર્વથા મૂઢ-અજ્ઞાની જનો નથી દેખતા, પણ જ્ઞાનરૂપ ચક્ષુ જેમનાં ખૂલી ગયેલાં છે તેવા જ્ઞાની[૧] જનો તો દેખે છે-અનુભવે છે. ॥૧૦॥

યત્ન કરનારા યોગી-જનોજ આ શરીરમાં રહેલા આત્માને જોઇ શકેછે, પણ જેમનાં અન્તઃકરણ અશુદ્ધ-મલીન છે તેવા અજ્ઞાની જનો તો યત્ન કરવા છતાં પણ એ આત્માને નથી દેખતા. ॥ ૧૧ ॥

ભાવાર્થ-

ચિન્તાના વિષયો અનન્ત-અપાર હોવાથી જેનું માપ પણ નજ થઇ શકે એવી અપરિમેય ચિન્તા અને તે પણ ઠેઠ મરણ સૂધીજ જેનો અવધિ પહોંચે છે. અર્થાત્-જીવન પર્યન્તજ પોતાના યોગ-ક્ષેમના ઉપાયોના વિચારમાંજ તલ્લીનતાવાળી ચિન્તાને અવલંબીનેજ વર્તનારા, એકન્દરે કહેવાનો અર્થ એ છે કે—કેવળ અપવિત્ર વ્રતાદિક કરતા થકાજ પ્રવર્તે છે એટલુંજ નહિ, પણ આવી અપાર ચિન્તાને પણ આશરેલા-પામેલા હોય છે. અને વળી-સાંસારિક કામ-વિષયોનો ઉપભોગ કરવો એજ મોટામાં મોટો પુરૂષાર્થ જેમને છે. અને તે કામોપભોગ કરવો એ સિવાય બીજું અધિક સુખજ નથી એમ દૃઢ નિશ્ચય કરીને બેઠેલા. ॥૧૧॥

વળી-તે અસુરો કેવા પ્રકારના હોય છે ? તે કહે છે-સો એ સો આશારૂપ પાશો, એટલે કે-જેના ઉપાયો અશક્ય હોય એવા અશક્ય અર્થો સંબન્ધી,અથવા-જેના ઉપાયો પણ જડે નહિ કે જાણવામાં પણ નજ આવે એવા અગમ્ય અર્થ સમ્બન્ધી પ્રાર્થનારૂપી આશાઓ તે રૂપ મોટા મોટા પાશોના સમૂહોથી બન્ધાયેલા, અર્થાત્-એવા આશાપાશથી બંધાઇને અહીં-તહીં ભટકયાજ કરતા. અને રાત્રિ-દિવસ કામ-ક્રોધાદિક વિકારોમાંજ અટવાયા કરતા અને કામ-વિષયોના ભોગ માટે અન્યાયથી-ચોરી આદિક હીન કર્મ કરીને પણ દ્રવ્યના સમૂહોને ભેગા કરવા રાત્રિ-દિવસ પ્રવૃત્તિ કરનારા. એવા હોય છે.॥૧૨॥

હવે-તે આસુરી સમ્પત્તિવાળા અસુરોના મનોરથો-મનસૂબાઓ કહી બતાવેછે-

આ પુત્રાદિક વસ્તુઓ મેં હમણાં-હાલમાંજ આવાં આવાં સાધનોથી પ્રાપ્ત કરી છે. વળી-આ એક મનોરથ છે તે પણ હવે ઝટ પૂરો થઇજ જશે. આ વસ્તુ તો મારા ઘરમાં છે. અને આ ઘણુંક ધન પણ મને ફરીથી પ્રાપ્ત થશે.

આ પ્રમાણે તેઓના લોભનો વિસ્તાર કહીને તેમનો આશય કહેવાથીજ તેમના ક્રોધનો વિસ્તાર વર્ણન કરે છે-

આ મારો શત્રુ મેં સમર્થ હોવાથી મારી નાખ્યો. વળી હું શૂરવીર મારા બીજા શત્રુઓને પણ મારી નાખીશ. હું સર્વનો ઇશ્વર-નિયન્તા છું અને સ્વતંત્ર છું. હું મારા

भाष्यम्-

शूरोऽहं हनिष्ये-हनिष्यामि। ईश्वरः-सर्वेषां नियामकः स्वतन्त्रश्चाहमस्मि। अहं भोगी-स्वसामर्थ्येनैव भोगशीलोऽहमस्मि, न तु मूर्खकल्पितेनादृष्टादिना। सिद्धोऽहम्-स्वसामर्थ्येनैव सिद्धसङ्कल्पोऽहमस्मि। बलवान्-स्वत एव सामर्थ्यवानहमस्मि। सुखी-स्वत एव सुखवानहमस्मि॥

आढ्य इति। आढ्यः-स्वसामर्थ्येनैव धनवानहमस्मि। अभिजनवान्-उत्तमकुलप्रसूतोऽहमनेकजनसहायवानस्मि। मया-ईश्वरेण, सदृशः-तुल्यः, अस्मिन् संसारेऽन्यः स्वसामर्थ्येनैव प्राप्तसमग्रसमृद्धिः पुरुषः कोऽस्ति? न कोऽपीत्यर्थः। अहं यक्ष्ये-यजनं करिष्ये, अहं दानं दास्यामि-अहं दानं करिष्ये। मोदिष्ये-स्वसामर्थ्येनैव हर्षं यास्यामि। इत्यज्ञानविमोहिताः-इत्युक्तप्रकारेण अज्ञानेन-अविवेकेन विमोहिताः, विविधं मोहं प्राप्ताः प्रवर्तन्ते। ईश्वरसहायेन विना सर्वं कर्तुं वयं समर्थाः स्म इत्यासुरा मन्यन्ते इति भावः॥ १३-१५॥

एवमनेकमनोरथैर्भ्रान्ता आसुरजना नरके पतन्तीत्याह-अनेकेति।

अनेकचित्तविभ्रान्ता मोहजालसमावृताः।
प्रसक्ताः कामभोगेषु पतन्ति नरकेऽशुचौ॥ १६॥

अनेकचित्तविभ्रान्ताः-अनेकेषु मनोरथेषु प्रवृत्तं चित्तमनेकचित्तम्, अत्र शाकपार्थिवादित्वादुत्तरपदलोपः। तेन विभ्रान्ताः-विक्षिप्ताः। मोहजालसमावृताः-उक्तेन मोहरूपेण जालेन समावृताः, जालयन्त्रितमत्स्यवद्बद्धाः। कामभोगेषु प्रसक्ताः-अत्यासक्ताः सन्तः, अशुचौ-पूयविण्मूत्रादिपरिपूर्णेऽत्यन्तमलिने नरके-वैतरण्यादिनिरये पतन्ति॥१६॥

ते आसुरा यज्ञदानादिकं सर्वं सत्कर्म जनेषु विख्यातये कुर्वन्ति, न तु कल्याणायेत्याह-द्वाभ्याम्।

आत्मसम्भाविताः स्तब्धा धनमानमदान्विताः।
यजन्ते नामयज्ञैस्ते दम्भेनाविधिपूर्वकम्॥ १७॥

आत्मेति। आत्मसम्भाविताः-आत्मना स्वेनैव सम्भाविताः-महत्त्वं प्रापिताः, न तु महापुरुषैः। अत एव स्तब्धाः-महत्स्वपि विन-

શ્લોકાર્થ-

મારે ધનસમ્પત્તિ પણ ખૂબ છે. અને ઘણા મોટા કુટુમ્બવાળો હું છું. મારા જેવો બીજો કોણ છે. ? હું યજ્ઞ કરીશ. દાન કરીશ. અને ખૂબ આનન્દ-મઝા કરીશ. આવા અજ્ઞાનથી મોહ પામી ગયેલા.

ચિત્તમાં રહેલી અનેક ભ્રમણાઓથી ભ્રમિત થઇ ગયેલા. મોહજાળથી સમાવૃત-પૂર્ણ બન્ધન પામી ગયેલા. અને વિષય-ભોગમાં અત્યન્ત આસકત એવા આસુર જનો અતિ અપવિત્ર નરકમાં પડે છે. ॥ ૧૫-૧૬ ॥

તે પોતે પોતાનેજ શ્રેષ્ઠ માનનારા ઘમંડી લોક ધન, માન અને મદથી યુકત થઇને કેવળ નામ-માત્રના યજ્ઞોથી પાખંડ કરીને શાસ્ત્રવિધિ વિનાનું યજન-પૂજન કરેછે. ॥૧૭॥

ભાવાર્થ-

સામર્થ્યથીજ અનેક ભોગ ભોગવનારો છું. પણ નહિ કે મૂર્ખાઓએ કલ્પેલા અદૃષ્ટ કે બીજા કોઇ ઇશ્વર વિગેરેને લીધે. હું મારા સામર્થ્યથીજ સિદ્ધ સંકલ્પવાળો છું. હું મારા પોતાનાથીજ સામર્થ્યવાળો છું. હું મારી મેળેજ સુખીઓ છું.

હું મારા સામર્થ્યથીજ ધનવાન છું. ઉત્તમ કુળમાં જન્મેલો હું અનેક મનુષ્યોની સહાયવાળો છું. મારા જેવા સમર્થને તુલ્ય આ સંસારમાં બીજો પોતાના સામર્થ્યથીજ સમગ્ર સમૃદ્ધિ પામેલો ધનાઢય સમર્થ પુરૂષ છેજ કોણ ? કોઈ નથીજ. એ અર્થ છે.

હું યજ્ઞ કરીશ, હું દાન આપીશ, હું મારા સામર્થ્યથીજ હવે-આનંદ પામીશ. આ કહ્યા એવા પ્રકારના અજ્ઞાનરૂપ અવિવેકથી અનેક પ્રકારે મોહ પામેલા હોઇને આ સંસારમાં પ્રવર્તે છે. ઇશ્વરની સહાય સિવાયજ સઘળું કરવાને આપણે સમર્થજ છીએ. એમ આસુરી સમ્પદ્‌ના મનુષ્યો માને છે. એ અભિપ્રાય છે. ॥ ૧૩-૧૫ ॥

આમ અનેક મનોરથોથી વિભ્રાન્ત થઇને આસુર જનો અન્તે નરકમાં પડેછે એમ કહેછે-

અનેક વિવિધ મનોરથોમાં પ્રવર્તેલા ચિત્તથી વિભ્રાન્ત થઇ ગયેલા અને આ કહ્યા એવા મોહરૂપ જાળથી સમાવૃત થયેલા, એટલે કે-જાળમાં ફસાઇ ગયેલા મત્સ્યની પેઠે ચોતરફથી બંધાઇ ગયેલા અને કામભોગમાં અતિ આસકત થયેલા તે જનો પાચ-પરૂ, વિષ્ટા અને મૂત્રાદિકથી પૂર્ણ ભરેલા અત્યન્ત મલિન વૈતરણી આદિક નરકોમાં પડે છે.॥૧૬॥

આવા અસુર જનો યજ્ઞ-દાનાદિક સઘળાં સત્કર્મ પણ મનુષ્યોમાં વિખ્યાતિને માટેજ કરે છે. પણ નહિ કે પોતાના કલ્યાણને માટે. એમ કહી બતાવે છે—

પોતાની મેળેજ સંભાવિત-મિથ્યા મોટયપવાળા થઇ પડેલા, પણ નહિ કે બીજા મહાપુરૂષોએ મોટા માનેલા અને તેથીજ મોટા પુરૂષોની આગળ પણ વિનયે રહિત-ઉદ્ધત વર્તનારા અને શ્રદ્ધા સિવાય કેવળ દંભથીજ અને તે પણ શાસ્ત્રવિહિત વિધિપૂર્વક નહિ એવા કેવળ નામમાત્રનાજ કહેવાતા યજ્ઞોથી, અથવા “ અમે તો સોમયાજી-દીક્ષિત છીએ. ” એવા પોતાના નામની વિખ્યાતિને માટે અનેક પ્રકારના યજ્ઞોથી પોતાના જેવાજ સ્વભાવવાળા અને પોતાને અનુકૂળ એવા દેવોને પૂજે છે. ॥ ૧૭ ॥

भाष्यम्-

यवर्जिताः। धनमानमदान्विताः-धनमानाभ्यां यो मदस्तेनान्विता युक्तास्ते। दम्भेनैव न तु श्रद्धया, अविधिपूर्वकं यथा भवति तथा। नामयज्ञैः-नाममात्रैर्यज्ञैः। यद्वा-सोमयाजी दीक्षित इत्येवं स्वनामविख्यातये यज्ञैः स्वसमानस्वभावान् स्वानुकूलान् देवान् यजन्ते ॥१७॥

अहङ्कारं बलं दर्पं कामं क्रोधं च संश्रिताः।
मामात्मपरदेहेषु प्रद्विषन्तोऽभ्यसूयकाः ॥ १८ ॥

अहङ्कारमिति। अहङ्कारम्—अनन्यसहायोऽहमेव समग्रं करोमीत्येवंरूपमहङ्कारम्। तथा बलम्—समग्रक्रियाकृतौ मम परिपूर्णं सामर्थ्यं भवतीत्येवंरूपं बलम्। तथा दर्पम्-ममेदृशबलवत्त्वादस्मिंल्लोके मादृशः कोऽन्योऽस्ति? न कोऽपीत्येवंरूपं दर्पम्। तथा कामम्। तथा क्रोधम्—मम ये शत्रवस्तानहं हनिष्यामीत्येवंरूपं क्रोधम्। चकारात् परगुणासहिष्णुत्वरूपं मात्सर्यम्, एवमपरानपि महतो दोषान् संश्रिताः। आत्मपरदेहेषु-आत्मनां स्वेषां देहेषु परेषामन्येषां देहेषु चान्तर्यामितया स्थितं मां प्रद्विषन्तः—स्वदेहे श्रद्धारहिततया फलाभावात् केवलक्रियायासेन परदेहेषु यज्ञपशुहिंसया च मां द्रुह्यन्त इत्यर्थः। अभ्यसूयकाः-कल्याणरूपायां मम क्रियायां दोषमारोपयन्तः सन्तो, नामयज्ञैर्यजन्त इति पूर्वेणान्वयः ॥ १८ ॥

तेषामासुरस्वभावनाशनः कदाचिदपि न भवामीत्याह-द्वाभ्याम्।

तानहं द्विषतः क्रूरान् संसारेषु नराधमान्।
क्षिपाम्यजस्रमशुभानासुरीष्वेव योनिषु ॥
आसुरीं योनिमापन्ना मूढा जन्मनि जन्मनि।
मामप्राप्यैव कौन्तेय! ततो यान्त्यधमां गतिम्॥१९-२०॥

तानिति। द्विषतः-मां प्राणिजातं च द्रुह्यतः, अत एव क्रूरान्-हिंसापरान्। अशुभान्-अशुभकर्मकारिणः, अतो नराधमान्-अतिनिन्दितांस्तान्—मन्मार्गप्रतिपक्षभूतानासुरान्। संसारेषु-जनिमृतिपरम्परारूपसंसृतिचक्रेषु, तत्राप्यासुरीष्वेव—अत्युग्रासु यमकिङ्करब्रह्मराक्षसकूष्माण्डभैरवभूतप्रेतसिंहसर्पादिष्वेव योनिषु। अजस्रम्-पुनःपुनः, अहम्-सर्वकर्मफलदातेश्वर एव, क्षिपामि-संयोजयामीत्यर्थः।

શ્લોકાર્થ-

તે મનુષ્યો અહંકાર, બળ, ગર્વ, કામ અને ક્રોધાદિક વિકારોને વશ થઇને બીજા-ઓની નિન્દા કરનારા અને પોતાના અને બીજાઓના દેહમાં રહેલા અન્તર્યામી મને-મારોજ દ્વેષ કરનારા થાય છે. ॥ ૧૮ ॥

આ પ્રમાણે દ્વેષ કરનારા પાપી નઠારા નિર્દય નરાધમોને આ સંસારમાં આસુરી યોનિઓમાંજ વારંવાર હું નાખું છું. ॥ ૧૯ ॥

હે કૌન્તેય ! જન્મો-જન્મ આસુરી યોનિને પામેલા તે મૂઢ માણસો મને નહિ પામીનેજ પછી અધમ-અતિ નીચ ગતિને પામે છે. અર્થાત્ ઘોર નરકમાંજ પડે છે.॥ ૨૦ ॥

ભાવાર્થ--

બીજાઓની સહાય સિવાય પણ હુંજ મારા બળથી સઘળું કરૂં છું આવા અહંકારને આશરેલા, તથા સઘળી ક્રિયાઓ કરવામાં મારૂં પૂરે—પૂરૂં સામર્થ્ય છેજ એવા બળને તથા મારા આવા બળવાનપણાને લીધે આ લોકમાં મારા જેવો કોણ બીજો છેજ ? કોઇ પણ છેજ નહિ આવા ગર્વને, તથા કામ, તેમજ-મારા જે શત્રુઓ છે તે સઘળાઓને હું નાશ કરી નાખીશ આવા ઉગ્ર ક્રોધને, તેમજ આ ઉપરાંત પારકા ગુણોને સહન ન કરી શકવારૂપ મત્સરભાવને અને તે સિવાયના બીજા પણ મોટા મોટા દોષોને આશરીને, પોતાના શરીરોમાં અને બીજાઓના શરીરોમાં પણ અન્તર્યામીપણે રહેલા મારો અતિ દ્વેષ કરતા, એટલે કે-પોતાના દેહમાં-શ્રદ્ધારહિત હોવાથી ફળના અભાવને લીધે કેવળ ક્રિયા કરવાના પ્રયાસથી અને બીજાઓના દેહમાં-યજ્ઞાદિક નિમિત્તે પશુઓની હિંસા કરવાથી પણ મારોજ દ્રોહ કરતા અને સર્વને કલ્યાણ આપનારી મારી અલૌકિક ક્રિયા-ઓમાં પણ દોષારોપણ કરીને દ્રોહ કરતા થકા, નામ માત્રના-યજ્ઞોથીજ પૂજન કરે છે. એમ પૂર્વ શ્લોકની સાથે અન્વય છે. ॥ ૧૮ ॥

તે અસુરોના આસુર સ્વભાવને નાશ કરનારો હું ક્યારેય થતોજ નથી, અર્થાત્-એ આસુરભાવને હુ ક્યારેય નાશ નથીજ કરતો. એમ બે શ્લોકથી કહેછે—

ઉપર કહેવા પ્રમાણે મને અને પ્રાણીઓના સમૂહને પણ દ્રોહ કરનારા અને તેથીજ હિંસાપરાયણ અતિ ક્રૂર સ્વભાવના, અશુભ કર્મ કરનારા, લોકમાં અને શાસ્ત્રમાં પણ અતિ નિન્દાપાત્ર ગણાતા, એવા તે મારા મોક્ષમાર્ગના પ્રતિપક્ષીભૂત આસુર જનોને, જન્મ-મરણની પરમ્પરારૂપ સંસૃતિ-ચક્રમાં, તેમાંય પણ અતિ ઉગ્ર યમકિંકર, બ્રહ્મરાક્ષસ, કૂષ્માંડ, ભૈરવ, ભૂત, પ્રેત અને સિંહ સર્પાદિક તામસ અને ક્રોધપૂર્ણ યોનિઓમાંજ, વારંવાર સર્વ કર્મના ફળને આપનારો સમર્થ ઇશ્વર એવો હુંજ નાખું છું-જોડી આપું છુ. એ ભાવાર્થ છે. ॥

આસુરી યોનિને પામેલા અને-જન્મો જન્મ તમોગુણના અધિકપણાને લીધે જ્ઞાને રહિત મૂઢ એવા તે આસુર જનો હે કૌન્તેય ! મારા જ્ઞાને રહિત હોવાથી મને નહિ પામીને પછી તે અધિક આસુર ભાવે યુક્ત જન્મ કરતાંય પણ કૃમિ-કીટાદિકમાં જન્મ પામવારૂપ અતિ અધમ ગતિનેજ પામે છે. ॥ ૧૯-૨૦ ॥

भाष्यम्-

आसुरीमिति। आसुरीं योनिम्-जन्म, आपन्नाः। जन्मनि जन्मनि-प्रतिजन्म, मूढाः-तमोऽधिकत्वाज्ज्ञानरहितास्ते। हे कौन्तेय! मज्ज्ञान-हीनत्वान्मामप्राप्य। ततः-अधिकासुरभावयुक्तजन्मनः सकाशात्। अधमाम्-कृमिकीटादिजन्मरूपां गतिमेव। यान्ति-प्राप्नुवन्ति॥१९-२०॥

आसुरभावस्य मूलभूतं दोषत्रयं त्याज्यतया वदति-त्रिविधमिति।

त्रिविधं नरकस्येदं द्वारं नाशनमात्मनः।
कामः क्रोधस्तथा लोभस्तस्मादेतत् त्रयं त्यजेत् ॥२१॥

यस्मात् कामः, क्रोधः, अत्र क्रोधो मानेन सहितो ज्ञातव्यः, मानस्यासुरभावे मुख्यहेतुत्त्वात्। तथा लोभः, इत्येतत् त्रिविधम्-त्रिधा भिन्नम्, इदं नरकस्य-आसुरभावरूपस्य निरयस्य, द्वारम्-प्राप्ति-हेतुभूतम्, आत्मनो नाशनम्-अधमजन्मप्रापकं भवति। तस्मादेतत् त्रयं त्यजेत्। जन इति शेषः। आसुरभावस्य हेत्वन्तराण्यपि हेयत-योक्तानि ग्रन्थान्तरे-"कामं लोभं क्रुधं मानं ग्राम्यस्नेहं रसैषणाम्। द्वाराण्येव षडेतानि निरयस्येति सन्त्यजेत्" इति॥ २१॥

आसुरभावहेतुत्यागे फलाधिक्यमाह-एतैरिति।

एतैर्विमुक्तः कौन्तेय! तमोद्वारैस्त्रिभिर्नरः।
आचरत्यात्मनः श्रेयस्ततो याति परां गतिम् ॥ २२ ॥

हे कौन्तेय! एतैः-त्रिभिः, कामादिभिस्तमोद्वारैः-तमसः-आसुरभावरूपस्याज्ञानस्य, द्वारैरुपायभूतैः। विमुक्तः-तेभ्यो वियुक्तो नरः, आत्मनः-स्वस्य, श्रेयः-मोक्षसाधनम्, आचरति। ततः-मोक्ष-साधनादनन्तरम्, परां गतिम्-श्रेष्ठगतिरूपं मां याति॥ २२॥

शास्त्रोक्तधर्माद्याचरणं विना जनस्य कल्याणं न भवतीत्याह-य इति।

यः शास्त्रविधिमुत्सृज्य वर्तते कामकारतः।
न स सिद्धिमवाप्नोति न सुखं न परां गतिम् ॥२३॥

यः शास्त्रविधिम्-शास्ति धर्मज्ञानवैराग्यभक्तीर्बोधयतीति शास्त्रम्, तस्य विधिम्—तदुदितनियमाचरणम्, उत्सृज्य—त्यक्त्वा। काम-कारतः-स्वेच्छाचारेण वर्तते सः, सिद्धिम्-धर्मज्ञानवैराग्यादिसाधन-

શ્લોકાર્થ-

કામ, ક્રોધ અને લોભ, એ આત્માનો વિનાશ-અધોગતિ કરનારા ત્રણ પ્રકારના નરકના દ્વારભૂત છે. માટેજ એ ત્રણેયનો ત્યાગ કરવો જોઇએ. ॥ ૨૧ ॥

હે કૌન્તેય ! નરકના દ્વારરૂપ એ કામાદિક ત્રણેય વિકારોથી રહિત થયેલો પુરૂષ પોતાના કલ્યાણનો ઉપાય કરે છે. અને તે પછી પરમ-સર્વોત્કૃષ્ટ ગતિરૂપ મનેજ પામે છે. ॥૨૨॥

જે મનુષ્ય શાસ્ત્રપ્રતિપાદિત વિધિનો ત્યાગ કરીને પોતાની ઇચ્છા મુજબ આચરણ કરેછે તે નથી સિદ્ધિને પામી શકતો, કે નથી સુખને પામતો કે નથીજ પર ગતિને પણ પામતો.

તે માટે તારે કાર્ય-અકાર્યની વ્યવસ્થાના નિર્ણયમાં શાસ્ત્રજ પ્રમાણ રૂપ છે. એમ જાણી-સમજીને આ લોકમાં શાસ્ત્રવિધાનથી કહેલું કર્મજ કરવાને તું યોગ્ય છે.॥૨૩-૨૪॥

ઇતિ શ્રીમદ્ભગવદ્ગીતાસૂપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે શ્રીકૃષ્ણાર્જુન-સંવાદે દૈવાસુરસમ્પદ્વિભાગયોગો નામ ષોડશોऽધ્યાય : ॥ ૧૬ ॥

ભાવાર્થ-

હવે—આસુર ભાવના મૂળભૂત ત્રણ દોષને ત્યાજ્યપણે કહી સમજાવે છે—

જે કારણથી કામ, ક્રોધ, અહીંઆં ક્રોધ માને સહિત જાણવો. કેમકે-માનનું આસુર ભાવમાં મુખ્ય હેતુપણું છે માટે. તથા લોભ, આ પ્રમાણે આ ત્રણ પ્રકારનું-ત્રણ વિભાગથી રહેલું આસુર ભાવરૂપ નરકનું દ્વાર-નરકપ્રાપ્તિમાં કારણભૂત છે. અને આત્માનો નાશ કરનારૂં-અધમ જન્મ પમાડનારૂં છે. એ ત્રણનો મનુષ્યોએ ત્યાગ કરવો. આવા આસુર ભાવમાં હેતુભૂત બીજાં કારણો પણ ત્યાજ્યપણે બીજા ગ્રન્થોમાં કહેવામાં આવ્યાં છે- "કામ, લોભ, ક્રોધ, માન, ગ્રામ્ય વસ્તુઓમાં સ્નેહ અને રસાસ્વાદની તીવ્ર ઇષણા, આ છ વાનાં નરકનાંજ દ્વાર છે, માટે એનો સર્વથા ત્યાગ કરવો" એમ. ॥ ૨૧ ॥

આસુર ભાવમાં હેતુભૂત કામાદિક દોષોનો ત્યાગ કરવામાં ફળની અધિકતા કહેછે-

હે કૌન્તેય ! આ કામાદિક ત્રણ આસુર ભાવરૂપ અજ્ઞાનના દ્વારભૂત—કારણભૂત છે, તેનાથી સર્વથા મુકાયેલો પુરૂષ પોતાના શ્રેયનું સાધન કરી શકે છે. અને તે મોક્ષનું સાધન સમ્પાદન કર્યા પછીજ સર્વોત્કૃષ્ટ ગતિરૂપ મને પામે છે. ॥ ૨૨ ॥

હવે-શાસ્ત્રમાં કહેલાં ધર્માદિક સાધનોનું આચરણ કર્યા વિના તો મનુષ્યોનું કલ્યાણ નજ થાય એમ કહે છે—

જે મનુષ્ય ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભકિત આદિક મોક્ષનાં સાધનોનો બોધ કરનારા શાસ્ત્રમાં કહેલા ધર્માદિક નિયમોનું આચરણ છોડી દઇને સ્વેચ્છાચારથી વર્તે છે. તે પુરૂષ ધર્મ, જ્ઞાન અને વૈરાગ્યાદિક સાધનોની સિદ્ધિને નથી પામતો. આ લોક-પરલોકનાં સુખને પણ નથી પામતો. તેમજ-સર્વોત્કૃષ્ટ મારા સ્વરૂપની પ્રાપ્તિરૂપ ઉત્તમ ગતિને પણ નથીજ પામતો. ॥ ૨૩ ॥

હવે-કર્મની કર્તવ્યતામાં પ્રમાણ-મુખ્ય આધાર કહી બતાવે છે—

"આ કરવા યોગ્ય છે અને આ કરવા યોગ્ય નથી." એવી વ્યવસ્થામાં તારે માટે સચ્છાસ્ત્ર એજ પ્રમાણભૂત છે. માટે સચ્છાસ્ત્રમાં વિધાનરૂપે કહેલા કર્મને જાણીને-સમજીને આ ક્ષાત્ર-ધર્મમાં રહેલા તારે પોતાને સમુચિત કર્મ કરવું જોઇએ. ॥૨૪॥

टीका–

जन्तूनां दुःखाकरणमिति। यद्यपि परेषां दुःखाधानं परपीडनेऽन्तर्भवतीति अहिंसातः पार्थक्येन ग्रहणमप्रयोजनम्, तथापि पक्ष्यादीनां स्वच्छन्दं सञ्चरतामुपरोधादिदुःखानापादनमिह विवक्षितम्। यद्वा–अद्रोहः–अवञ्चनमिति यावत् ॥ ३–४ ॥

भीतिं प्राप्तायेति। भीतिमिङ्गितेनालक्ष्येति यावत्। पार्थायेति। वदतीत्यनेनान्वयः। पार्थं प्रति वदतीति यावत् ॥ ५ ॥

तेष्विति। नेयं निर्धारणे सप्तमी, किन्त्वाधारे, मद्गतमित्यर्थः। तेषामिति यावत्। यद्वा–अवधारणे सप्तम्येव, दैवः सर्गः, आसुरः सर्गः, अनुभयरूपोऽपरः सर्गश्चेति त्रिविधेषूपादेयत्वेन हेयत्वेन च ज्ञातव्यतयावश्योपपादनीयौ द्वौ सर्गाविति भावः। शुभाशुभकर्मभिरिति। उत्कटशुभाशुभकर्मभिरित्यर्थः ॥ ६ ॥

प्रवृत्तिः–प्रवृत्तिधर्मः, निवृत्तिः–निवृत्तिधर्मः, त्रैवर्गिको मार्गः, मोक्षमार्गः, तदिदं द्वयमपि न जानन्तीत्यभिप्रायेण व्याचष्टे—त्रिवर्गसाधनकर्तव्यतामित्यादिना। कस्मिन् प्रवर्तितव्यम्, कस्मान्निवर्तितव्यम्, इत्येतन्न जानन्ति, अनुकूलप्रतिकूलविवेकशून्या इति वा। न केवलं प्रवृत्तिनिवृत्तिविवेकादिराहित्यमात्रम्, अपि तु–विपरीताभिनिवेशोऽपीत्याह—असत्यमित्यादिना ॥ ७ ॥

ईश्वरकृतमिति। ईश्वरेण निर्मितम्। उत्पादविनाशशालि, सूक्ष्मरूपेण सर्वदैव वर्तमानम्। तदेतन्मन्यन्ते केवलं सांवृतमन्ततो विचारे खपुष्पवदसदेवेति। त एते सौगतप्रवराः। असतः का प्रतिष्ठा, वस्तुतः प्रतिष्ठारहितम्, अत एवेश्वरप्रशासनलक्षणधर्मव्यवस्थया प्रतिष्ठितमित्यपि न। न चेश्वरः कश्चिदस्येति च वदन्ति। यद्यप्येतद्व्यवहारपथे परिदृश्यमानं स्त्रीपुंससंसर्गमात्रसमुद्भवमिति च वदन्ति, त एते—आसुरा इति भावः।

अपरे चैवमस्य भावं वर्णयन्ति—सत्यम्, कालत्रयपरिच्छेदरहितम्, जगति न किमपि कालत्रयपरिच्छेदराहितम्, सर्वमेव कालतः परिच्छिन्नम्, किञ्चिद्भूतम्, किञ्चिद्भविष्यत्, किञ्चिद्वर्तमानम्। दृश्यमानेभ्यो भौतिकेभ्यः कोऽप्यन्य आत्मा नित्यो नास्ति। तत्—जगदिदमखिलमसत्यमेवेत्याहुः।

अप्रतिष्ठं चाहुः–यस्मिन् प्रतितिष्ठति सा प्रतिष्ठा, नास्ति प्रतिष्ठा काचिदेका विचित्रस्यास्य जगतः, नैकस्मिञ्जगदिदमखिलं प्रतिष्ठितम्, स्वनिष्ठमेव तु सर्वम्। नैकस्मादुद्भवति, नैकस्मिन्वर्तते, नैकस्मिन्विलीयते इति यावत्। "सन्मूलाः सौम्येमाः सर्वाः प्रजाः सदायतनाः सत्प्रतिष्ठाः" इत्येतन्नेति भावः। नाप्यधिष्ठाता कश्चिदीश्वरोऽस्य, तर्हि कथमिदं जगद्भवति?। परस्परसंसर्गसम्भूतमेव सर्वम्, इतोऽन्यत् किमस्ति। प्रजासर्गः सर्वोऽप्येष कामकारितः। पृथिवीबीजसलिलसंश्लेषविशेषात् तरुलतादि, स्त्रीपुरुषसंश्लेषविशेषात् पशुपक्ष्यादि। इति ॥ ८ ॥

स्वसिद्धान्तमिति। अनादृत्य शब्दप्रमाणं स्वोत्प्रेक्षितकुबुद्धिनिष्ठा इत्यर्थ। नष्टात्मान इति। मनसो नाशश्च श्रेयःपथात्परिभ्रंश एवेत्यभिप्रायेण व्याचष्टे–सत्पथादिति ॥९–१५॥

अनेकैश्चित्तैरित्यनुपपन्नमतो व्याचष्टे–अनेकेषु व्यापृतं चित्तमिति। व्यापृतपदस्य लोपे निमित्तमाह–अत्रेति। चित्तपदस्य चित्तवृत्तिपरताश्रयणेनानेकैश्चित्तैरित्यपि व्याख्यातुं शक्यते। जालपदस्य समूहपरत्वाश्रयणेन मोहानां समूहेन समावृता इति व्याख्यानतो

टीका-

मोहस्य जालत्वेन रूपणमाश्रित्य व्याख्यानमतीव स्वरसमित्यभिप्रेत्य व्याचष्टे-मोहरूपेणेति। रूपकाश्रयणतो लब्धमभिप्रायमाह-जालयन्त्रितेति।

स्वानुकूलानिति। स्वीयतमःप्रकृत्यनुकूलानित्यर्थः॥ १६-१७॥

अनन्यसहायोऽहमेवेति। न ममान्तरः कश्चिदन्य ईश्वरो मम सहायः। अहमेवेश्वरः, स्वतन्त्रश्चिकीर्षितस्य करणे इत्ययमहङ्कारः। अहङ्कारममकारौ द्वावनर्थहेतू। तत्र-अहङ्कारः स्वातन्त्र्याभिमानमूलकः, बलं ममकारमूलकम्-ममेदं प्रभूतं धनम्, ममेयती विद्या, ममायं भ्रूभङ्गशासनवशगो दासवर्गः, इत्यभिमानमूलकं बलम्।

तदिदं व्याचष्टे-ममेति। प्रद्विषन्त इत्येतदुपपादयति-स्वदेहे इत्यादिना। स्वदेहे इत्यस्य मां द्विषन्त इत्युत्तरेणान्वयः। क्रियमाणे कर्मणि श्रद्धारहिततया नामख्यापनायैव करणात् शास्त्रोदितफलाभावेन केवलायासमात्रफलकतया मम स्वदेहे स्थितस्य द्रोहः, अनिष्टाचरणम्, परदेहेषु पशुहिंसयेति। अविधिनाचरणात् पशुदेहे वसतो मम प्रतिकूलाचरणमिति यावत्।

अपरे तु व्याचक्षते—स्वदेहपरदेहेषु प्रद्विषन्त इति। यश्चात्मदेहः, यश्च परदेहः, सर्वं ममैव। तेष्वेते प्रद्विषन्ति—"अहमस्मि स्वतन्त्रो यजमानः, इज्यते च या देवता सापि स्वतन्त्रा, अन्यः कोऽयमावयोरान्तर आत्मा, यः कारयति, यो वा फलं देवतात्मा भूत्वा ददाति" इति आसुर्या बुद्ध्या सर्वस्यास्य मदीयत्वे द्वेषभूयिष्ठा असूयाभूयिष्ठाश्च यजन्ते इति॥ १८॥

तानहमजस्रमासुरीष्वेव योनिषु क्षिपामीत्युक्त्या आसुरप्रकृतिष्वधोनिनीषा प्रशासितुः सर्वेश्वरस्य मम भवतीत्युक्तं भवति। येषां दैवी सम्पत् पूर्वोक्ता, तेषु उन्निनीषा च गम्यते—"माशुचः सम्पदं दैवीमभिजातोऽसि पाण्डव!" इत्यनेन। सेयमुन्निनीषा, अधोनिनीषा च श्रूयेते श्रुतौ-"एष ह्येव तं साधु कर्म कारयति यमेभ्यो लोकेभ्य उन्निनीषति। एष ह्येवासाधु कर्म कारयति तं यमधोनिनीषति" इति॥१९-२०॥

क्रोधो मानेन सहितो ज्ञातव्य इति। क्रोधो मानस्योपलक्षकइति यावत्। दुर्मानिनो हि भवत्यनपराधिष्वप्यस्थाने क्रोधः। क्रोधोक्त्या मानोऽपि सङ्ग्रहितप्राय इति भावः। नित्यस्यात्मनो नाशकत्वं कथम्? तत्राह-अधमजन्मप्रापकमिति॥ २१-२२॥

शास्त्रोक्तेति। आत्मनः श्रेयो यत्, यच्च तत्साधनं शास्त्रेणैव ज्ञेयम्, आत्मा हि न लौकिकप्रमाणगम्यः, तत् स्वोत्प्रेक्षामात्रेण यो यतेत, सोऽनर्थमेव प्राप्नुयादिति भावः। सिद्धिरत्र श्रेयःसाधनसिद्धिरभिप्रेता, तदेतदाह—धर्मेत्यादिना। यदा न साधनसिद्धिः, तदा फलसिद्धिरपि नेत्याह- ऐहिकमित्यादिना॥ २३॥

सच्छास्त्रमिति। वेदस्तन्मूलकानि स्मृत्यादीनीत्यर्थः। सामान्यशब्दो विशेषे पर्यवस्यतीत्येतत्। कार्याकार्येति। कार्यम्-अनर्थानावहम्, अकार्यम्-अनर्थावहम्। तद्व्यवस्थिताविति यावत्॥ २४॥

इति श्रीमद्भगवद्गीताभाष्यटीकायां गीतागूढार्थदीपिकायां षोडशोऽध्यायः॥ १६॥

भाष्यम्-

सिद्धिम् । न अवाप्नोति । सुखम्-ऐहिकं पारलौकिकं च न प्राप्नोति । परां गतिम्-उत्कृष्टां मद्गतिं च न प्राप्नोति ॥ २३ ॥

इदानीं कर्मकर्तव्यतायां प्रमाणमाह—तस्मादिति ।

तस्माच्छास्त्रं प्रमाणं ते कार्याकार्यव्यवस्थितौ ।
ज्ञात्वा शास्त्रविधानोक्तं कर्म कर्तुमिहार्हसि ॥२४॥

इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुन-संवादे दैवासुरसम्पद्विभागो नाम षोडशोऽध्यायः ॥ १६ ॥

कार्याकार्यव्यवस्थितौ—इदं कर्तव्यमिदं न कर्तव्यमित्येतस्यां व्यवस्थायाम् । ते तव यस्मात् शास्त्रम्-सच्छास्त्रम्, प्रमाणमस्ति । तस्मात् शास्त्रविधानोक्तम्-शास्त्रविधिनोदितम्, कर्म ज्ञात्वा, इह-क्षात्रधर्मे स्थितस्त्वं स्वोचितं कर्म कर्तुमर्हसि-योग्योऽसीत्यर्थः ॥२४॥

इति श्री++++सद्गुरुवर्य-श्रीगोपालानन्दमुनिविरचिते श्रीमद्भगवद्गीता-भाष्ये षोडशोऽध्यायः ॥ १६ ॥

सप्तदशोऽध्यायः—

पूर्वं षोडशाध्याये दैव्यासुरीसम्पद्विभाग उक्तः, आसुरस्वभावमनोरथौ चोक्तौ, जनानामासुरभावे हेतुस्तद्युक्तानां गतिश्चोक्ता, शास्त्रोक्तधर्मानुवर्तिनां सुखोत्कृष्टगती चोक्ते ।

इदानीं सप्तदशाध्याये त्रिगुणसम्बन्धेन श्रद्धायज्ञतपोदानादीनां त्रिविधतोच्यते—

शास्त्रविधिं विना ये श्रद्धया यजनं कुर्वन्ति तेषां निष्ठां पृच्छन्नर्जुन उवाच-ये इति ।

अर्जुन उवाच—

ये शास्त्रविधिमुत्सृज्य यजन्ते श्रद्धयान्विताः ।
तेषां निष्ठा तु का ? कृष्ण ! सत्त्वमाहो रजस्तमः ॥१॥

हे कृष्ण !-परब्रह्मन् ! कृष्णशब्दस्य परब्रह्मवाचकत्वं श्रुतिर्वदति-"कृषिर्भूवाचकः शब्दो णश्च निर्वृतिवाचकः । तयोरैक्यं परम्ब्रह्म कृष्ण इत्यभिधीयते" इति । निर्वृतिशब्दवाच्यपरमसुखभूमित्वात्

સપ્તદશોઽધ્યાયઃ-

શ્લોકાર્થ-

અર્જુન પૂછે છે—હે કૃષ્ણ ! જે શ્રદ્ધાયુકત મનુષ્યો શાસ્ત્રવિધિનો ત્યાગ કરીને યજન-પૂજન કરે છે. તેમની નિષ્ઠા-સ્થિતિ, તે કેવી-કેવા પ્રકારની છે? સાત્ત્વિકી છે ? કે રાજસી છે ? કિંવા તામસી છે ? ॥ ૧ ॥

શ્રીભગવાન કહે છે-દેહધારીઓને સાત્ત્વિકી, રાજસી અને તામસી એવી ત્રણ પ્રકારની શ્રદ્ધા સ્વાભાવિકીજ હોય છે. તે ત્રણ પ્રકારની શ્રદ્ધાને તું મારા થકી સાંભળ! ॥૨॥

સપ્તદશોઽધ્યાયઃ—

ભાવાર્થ—

પૂર્વે સોળમા અધ્યાયમાં દૈવી અને આસુરી સમ્પદ્નો વિભાગ કહ્યો. આસુર જનોનો સ્વભાવ અને મનોરથ પણ કહી બતાવ્યા. મનુષ્યોને આસુર ભાવ પ્રાપ્ત થવામાં હેતુ કહ્યો. અને તે આસુર ભાવે યુકત મનુષ્યોની ગતિ-પ્રાપ્તિ પણ કહી. તેમજ-શાસ્ત્રમાં કહેલા ધર્મને અનુસરનારાને પ્રાપ્ત થતું સુખ અને ઉત્કૃષ્ટ ગતિ-પ્રાપ્તિ તે પણ કહ્યાં.

હવે-આ સત્તરમા અધ્યાયમાં સત્ત્વાદિક ત્રણ ગુણોના સમ્બન્ધથી શ્રદ્ધા, યજ્ઞ, તપ અને દાનાદિક સત્કર્મની ત્રિવિધતા કહે છે—

શાસ્ત્રોકત વિધિ વિના જે જનો શ્રદ્ધાપૂર્વક યજન-પૂજન વિગેરે કરેછે. તેમની નિષ્ઠા-સ્થિતિ અથવા ગતિને પૂછતાં અર્જુન કહે છે-

હે કૃષ્ણ !-પરબ્રહ્મન્ ! કૃષ્ણ-શબ્દને પરબ્રહ્મનો વાચક હોવાનું શ્રુતિજ પોતે કહે છે- " કૃષિ ધાતુ भू એટલે ઉત્પત્તિના સ્થાનભૂત—આધારરૂપ અર્થને કહેનારો છે. અને ण એ નિર્વૃતિ-પરમ આનન્દનો વાચક છે. આ બન્નેનું ઐકય એ પરમ્બ્રહ્મ કૃષ્ણ એવા નામે કહેવાય છે. " નિર્વૃતિ શબ્દથી કહેવામાં આવતા પરમ સુખની ભૂમિ ઉત્પત્તિસ્થાન હોવાથી પરબ્રહ્મને કૃષ્ણ એવા સમ્બોધનથી પરમાનન્દને આપવાપણું કહેલું છે. શાસ્ત્ર-વિધિનો ત્યાગ કરીને જે પુરૂષો શ્રદ્ધાએ યુકત થકા દેવતાઓનાં પૂજન વિગેરે યજ્ઞને કરે છે. તેમની નિષ્ઠા શી ?-કેવી જાણવી ? એટલે શું સાત્ત્વિકી નિષ્ઠા જાણવી ? કે રાજસી નિષ્ઠા જાણવી ? કે તામસી નિષ્ઠા જાણવી ? એટલે કે તેમની શું સત્ત્વગુણમાં સ્થિતિ છે ? કે શું રજોગુણમાં સ્થિતિ છે ? કે શું પછી તમોગુણમાં સ્થિતિ છે ? આ પ્રશ્નનો ઉત્તર આપે કહેવો જોઇએ. આ શ્લોકમાં-"જેઓ શાસ્ત્રવિધિને ત્યાગ કરીને દેવતાઓની પૂજા આદિક કરે છે." આવું વચન છે તેથી શાસ્ત્રમાં કહેલા અર્થને જાણીને અને તેનું ઉલ્લંઘન કરીને વર્તનારા જનો ન ગ્રહણ કરવા. કારણકે તેમને શ્રદ્ધાપૂર્વક યજન કરવાનું ઘટેજ નહિ માટે. પણ જેઓ-શાસ્ત્રજ્ઞાન સમ્પાદન કરવામાં બહુજ પ્રયાસ છે તેથી અથવા બુદ્ધિની મંદતાને લીધે શાસ્ત્રવિધિ જાણવામાં પ્રયત્ન નહિ કરીને કેવળ લૌકિક આચારની પરમ્પરાના વશપણાને લીધે અને શ્રદ્ધાથી-વિશ્વાસથી કેટલાક દેવોના આરાધનાદિકમાં પ્રવર્તનારા પુરૂષો હોય તે ગ્રહણ કરવા. ॥ ૧ ॥

અર્જુને કરેલા પ્રશ્નનો ઉત્તર કરતાં શ્રીભગવાન કહે છે—

भाष्यम्-

परब्रह्मणः कृष्ण ! इति सम्बोधनेन परमानन्ददायकत्वमुक्तम्। शास्त्रविधिमुत्सृज्य, ये श्रद्धयान्विताः-श्रद्धायुक्ताः सन्तः, यजन्ते-देवार्हणादिकं कुर्वन्ति । तेषां निष्ठा का ?-कीदृशी ? आहो-उत, सत्त्वम्-सात्त्विकी निष्ठा ? रजः-राजसी निष्ठा ? तमः-तामसी निष्ठा ? वा ? निष्ठा-स्थितिः, तेषां किं सत्त्वे स्थितिः ? किं वा रजसि स्थितिः ? किं वा तमसि ? स्थितिरित्यर्थः । एतस्य प्रश्नस्योत्तरं वक्तव्यम् ।

अस्मिन् श्लोके-"ये शास्त्रविधिमुत्सृज्य यजन्ते" इत्यनेन वचनेन शास्त्रार्थं ज्ञात्वा, तमुल्लङ्घ्य च वर्तमाना जना न ग्राह्याः, तेषां श्रद्धापूर्वकयजनानुपपत्तेः। ये तु-शास्त्रज्ञाने बहुलायासाद्बुद्धिमान्द्याद्वा शास्त्रविधिज्ञाने प्रयत्नमकृत्वा केवलाचारपरम्परावशेन श्रद्धया च केचिद्देवताराधनादौ प्रवर्तमानाः पुरुषास्ते ग्राह्याः ॥ १ ॥

अर्जुनकृतप्रश्नस्योत्तरं कुर्वन् सन् श्रीभगवानुवाच-त्रिविधेति।

श्रीभगवानुवाच—

त्रिविधा भवति श्रद्धा देहिनां सा स्वभावजा ।
सात्त्विकी राजसी चैव तामसी चेति तां शृणु ! ॥ २ ॥

देहिनाम्-देहभृताम्, स्वभावजा-स्वभावात्-पूर्ववासनाजनित-भावात् संस्कारात् जाता-उत्पन्ना, या श्रद्धा-विश्वासपूर्वकत्वरा, सा त्रिविधा भवति । तस्यास्त्रिविधतामाह-सात्त्विकी राजसी तामसी चेति । तां त्रिविधां श्रद्धां मत्तः शृणु ! । श्रद्धास्वरूपमुक्तमेकादशे-"सात्त्विक्याध्यात्मिकी श्रद्धा कर्मश्रद्धा तु राजसी । तामस्यधर्मे या श्रद्धा मत्सेवायां तु निर्गुणा " इति ॥ २ ॥

त्रिविधश्रद्धानुसारेण पुरुषोऽपि त्रिविधः, श्रद्धाप्यन्तःकरणानुरूपा च भवतीत्याह-सत्त्वेति ।

सत्त्वानुरूपा सर्वस्य श्रद्धा भवति भारत ! ।
श्रद्धामयोऽयं पुरुषः यो यच्छ्रद्धः स एव सः ॥ ३ ॥

हे भारत ! सर्वस्य-समग्रस्य जनस्य, सत्त्वानुरूपा-सत्त्वस्य-सत्त्वरजस्तमोयुक्तस्यान्तःकरणस्य, अनुरूपा-तद्गुणानुसारिणी, श्रद्धा भवति। अतोऽयं पुरुषोऽपि श्रद्धामयः-श्रद्धाप्रधानो भवति। अतो यः

શ્લોકાર્થ—

હે ભારત ! સર્વ મનુષ્યોને પોત-પોતાના અન્તઃકરણને અનુરૂપજ શ્રદ્ધા હોય છે. અને આ પુરૂષ–જીવાત્મા શ્રદ્ધામય–શ્રદ્ધાપ્રધાન છે. માટે જે પુરૂષ જેમાં–જેવી શ્રદ્ધાવાળો હોય છે. તો તે પોતે પણ તે રૂપજ છે. ॥ ૩ ॥

સાત્ત્વિક મનુષ્યો ઇન્દ્રાદિક દેવોને પૂજે છે. રાજસ મનુષ્યો યક્ષ અને રાક્ષસોને પૂજે છે. અને બીજા તામસી જનો તો પ્રેત અને ભૂતગણોને પૂજે છે. ॥ ૪ ॥

જે મનુષ્ય શાસ્ત્રવિધિએ રહિત એવું મનઃકલ્પિત ઘોર તપ તપેછે. અને દંભ તથા અહંકારે યુકત તેમજ કામનાઓ, રાગ-આસકિત અને શારીર બળના પણ અભિમાનવાળા હોઇને.

ભાવાર્થ-

શ્રીભગવાન કહે છે—દેહધારીઓને પૂર્વવાસનાથી ઉત્પન્ન થયેલા સંસ્કારરૂપ સ્વભાવથી ઉત્પન્ન થયેલી જે શ્રદ્ધા–વિશ્વાસપૂર્વકની ત્વરા,તે ત્રણ પ્રકારની હોય છે.સાત્ત્વિકી રાજસી અને તામસી, તે ત્રણેય પ્રકારની શ્રદ્ધાને તું મારા થકી સાંભળ ! શ્રદ્ધાનું સ્વરૂપ એકાદશ સ્કંધમાં કહ્યું છે–" આધ્યાત્મિકી શ્રદ્ધા સાત્ત્વિકી શ્રદ્ધા છે. કર્મમાં શ્રદ્ધા એ તો રાજસી શ્રદ્ધા છે અને અધર્મમાં જે શ્રદ્ધા તે તામસી શ્રદ્ધા છે. અને મારી સેવામાં જે શ્રદ્ધા તે તો નિર્ગુણ–નિર્ગુણ સ્થિતિને પમાડનારી શ્રદ્ધા છે. " એમ ॥ ૨ ॥

ત્રણ પ્રકારની શ્રદ્ધાને અનુસારે પુરૂષ પણ ત્રણ પ્રકારના છે અને તે શ્રદ્ધા પણ અન્તઃકરણને અનુરૂપજ–સદૃશજ થાય છે. એમ કહે છે—

હે ભારત ! સઘળા મનુષ્યોને સત્ત્વ, રજ અને તમ એ ત્રણ ગુણોએ યુકત એવા અન્તકરણને અનુરૂપ–અન્તઃકરણના ગુણોને અનુસરનારી શ્રદ્ધા હોય છે. માટે આ પુરૂષ જીવાત્મા પણ શ્રદ્ધામય–શ્રદ્ધાપ્રધાન થાય છે. અને તેથીજ જે પુરૂષ સાત્ત્વિકી, રાજસી કે તામસી, જેવી જેવી શ્રદ્ધાવાળો હોય છે. તો તે પુરૂષ પોત—પોતાની શ્રદ્ધાને અનુસરનારોજ થાય છે. ॥ ૩ ॥

તેજ હકીકત સ્પષ્ટતાથી નિરૂપણ કરી બતાવે છે—

સાત્ત્વિક–સત્ત્વગુણપ્રધાન, અને સાત્ત્વિકી શ્રદ્ધાએ યુકત એવા પુરૂષો સાત્ત્વિક સુખ આપનારા સાત્ત્વિક દેવોને પૂજેછે–આરાધેછે. રાજસ–રજોગુણપ્રધાન,અને રાજસી શ્રદ્ધાએ યુકત જનો કુબેર વિગેરે યક્ષોને તથા નિર્ઋતિ વિગેરે રાક્ષસોને પૂજે છે–આરાધે છે. અને તેથી અન્ય-બાકીના તામસ–તમોગુણપ્રધાન, અને તામસી શ્રદ્ધાએ યુકત મનુષ્યો અમુક પ્રકારના પિશાચરૂપ પ્રેતોને તથા સપ્ત માતૃકાદિક ભૂતગણોને આરાધે છે. ॥ ૪ ॥

ઉપર કહ્યા તેમાં પણ અધિક રજોગુણ તમોગુણવાળા મનુષ્યોને વર્ણન કરી બતાવે છે-

પૂર્વે દંભ અને અહંકારનું વ્યાખ્યાન કરેલું છે. એવા દંભ અને અહંકારે સંયુકત–ભરેલા, અનેક ફળની અભિલાષાઓરૂપ કામ અને સ્ત્રી–પુરૂષને એક બીજામાં આસકિતરૂપ રાગ તેમજ દુરાગ્રહરૂપ બળ, આ સર્વ દોષોએ યુકત એવા જે એ અધિક તમોગુણે યુક્ત જનો તે શાસ્ત્રવિધિએ રહિત અને મનુષ્યોને ભય ઉપજાવનારૂં ઘોર–ઉગ્ર તપ કરે છે.

વળી-તે કેવા ? વિવેક વિનાના અજ્ઞાની જનો, શરીરના આરંભકપણે દેહમાં રહેલા ભૂમિ આદિક ભૂતના સમુદાયને, શાસ્ત્ર વિધિએ રહિત હોવાથી વૃથા–નિષ્ફળ તપ કરવાથી

भाष्यम्-

पुरुषः, यच्छ्रद्धः-सात्त्विकी राजसी तामसी वा यादृशी श्रद्धा यस्य तथाभूतः। सः, स एव-स्वस्वश्रद्धानुसारी एव भवति ॥ ३ ॥

तदेव स्पष्टतया निरूपयति-यजन्त इति।

यजन्ते सात्त्विका देवान् यक्षरक्षांसि राजसाः।
प्रेतान् भूतगणांश्चान्ये यजन्ते तामसा जनाः ॥ ४ ॥

सात्त्विकाः-सत्त्वगुणप्रधानाः सात्त्विकीश्रद्धायुक्ताः पुरुषाः, देवान्-सात्त्विकसुखप्रदातॄन्सात्त्विकदेवान्, यजन्ते-पूजयन्ति। राजसाः-रजोगुणप्रधाना राजसीश्रद्धायुक्ता जनाः। यक्षरक्षांसि-यक्षान्कुबेरादीन्, रक्षांसि च-राक्षसान् निर्ऋतिप्रभृतींश्च यजन्ते। अन्ये-तेभ्य इतरे तामसाः-तमोगुणयुक्ताः तामसीश्रद्धायुक्ता जनाः। प्रेतान्-पिशाचविशेषान्, भूतगणांश्च-सप्तमातृकादींश्च, यजन्ते-आराधयन्ति ॥४॥

तेष्वप्यधिकरजस्तमोयुक्तानाह द्वाभ्याम् -

अशास्त्रविहितं घोरं तप्यन्ते ये तपो जनाः।
दम्भाहङ्कारसंयुक्ताः कामरागबलान्विताः ॥
कर्षयन्तः शरीरस्थं भूतग्राममचेतसः।
मां चैवान्तःशरीरस्थं तान् विद्ध्यासुरनिश्चयान् ॥५-६॥

अशास्त्रेति। दम्भाहङ्कारसंयुक्ताः-दम्भाहङ्काराभ्यां प्राग्व्याख्याताभ्यां संयुक्ताः-अन्विताः। कामरागबलान्विताः-कामः फलाभिलाषः, रागः-योषित्पुरुषयोरन्योऽन्यासक्तिः, बलम्—दुराग्रहः, तैरन्विताः। एवम्भूता येऽधिकतमोयुक्तजनास्ते। अशास्त्रविहितम्-शास्त्रविधिहीनम्, घोरम्-जनभयङ्करम्, तपः, तप्यन्ते-कुर्वन्ति।

कर्षयन्त इति। पुनः कथम्भूतास्ते। अचेतसः-विवेकहीनाः। शरीरस्थम्—देहारम्भकत्वेन वपुषि स्थितम्। भूतग्रामम्—भूतानां भूम्यादीनां ग्रामं समूहम्। कर्षयन्तः-शास्त्रविधिरहितत्वाद्वृथा तपोभिः कृशं कुर्वन्तः। अन्तःशरीरस्थम् -शरीरस्य स्वशरीरभूतस्य जीवस्यान्तस्तिष्ठतीति तथोक्तम्। क्षेत्रज्ञान्तर्यामितया स्थितम्। एवम्भूतं मां चैव मदाज्ञोल्लङ्घनेन कर्षयन्तः—पीडयन्तः। एवम्भूता ये तान्।

શ્લોકાર્થ-

શરીરમાં—શરીરરૂપે રહેલા ભૂમિ આદિક ભૂતસમુદાયને કૃશ કરતા-દમન કરતા. અને મારા શરીરભૂત જીવાત્મામાં અન્તર્યામીરૂપે રહેલા એવા મને પણ દુભવતા થકા વર્તે છે. તેવા અજ્ઞાનીઓને તું આસુર નિશ્ચયવાળા જાણ ! ॥ ૫-૬ ॥

આહાર પણ સર્વને પોત-પોતાની રૂચિ પ્રમાણે ત્રણ પ્રકારનો પ્રિય હોયછે. તેમજ- યજ્ઞ, તપ અને દાન, તેના પણ ત્રણ-ત્રણ પ્રકાર છે. તેના ભેદ તું મારા થકી સાંભળ ! ॥૭॥

આયુષ્ય, બુદ્ધિ, બળ, આરોગ્ય, સુખ અને પ્રીતિ, એ સર્વને વધારનારા, રસવાળા, ઘી વિગેરે ચીકાશવાળા, બગડે નહિ એવા અને ખાતાં પણ પ્રિય લાગે એવા આહાર- ભોજનના પદાર્થો સાત્વિક પુરૂષોને પ્રિય હોય છે. ॥ ૮ ॥

કડવા, ખાટા, ખારા, બહુજ ગરમા-ગરમ, તીખા, લૂખા, દાહ કરનારા તેમજ દુઃખ, શોક અને રોગને ઉત્પન્ન કરનારા આવા આહાર-ખાવાના પદાર્થો રાજસ માણસોને પ્રિય હોય છે. ॥ ૯ ॥

ભાવાર્થ-

બાળીને દુર્બળ કરતા થકા, અન્તઃશરીરસ્થ-પોતાના શરીરભૂત જીવાત્મામાં અંદર રહેનારા અર્થાત્ ક્ષેત્રજ્ઞના અન્તર્યામીપણે રહેલા, આવા અન્તર્યામી મને પણ મારી શાસ્ત્રવિધિરૂપ આજ્ઞા ઉલ્લંઘન કરવાથી ક્લેશ પમાડતા થકા વર્તે છે. આવા પ્રકારના જે મનુષ્યો તેઓને તો જનસમુદાયને દુઃખ-ઉદ્વેગ કરે એવા ઉગ્ર નિશ્ચયરૂપ આસુર નિશ્ચયવાળા જાણ ! ॥૫-૬॥

હવે-સોળ શ્લોકોથી આહારાદિકના ત્રણ પ્રકારના ભેદો કહે છે—

સઘળા મનુષ્યોને પણ આહાર-ભોજન તે પણ સત્ત્વાદિ જુદા જુદા ગુણવાળા પણું હોવાથી ત્રણ પ્રકારનો પ્રિય થાય છે. તથા યજ્ઞ પણ ત્રણ પ્રકારનો, તપ અને દાન પણ ત્રણ પ્રકારનું પ્રિય થાય છે. તે આહારાદિક સર્વના આ હું કહીશ એવા ભેદને જુદો જુદો વિગતવાર મારા થકી તું સાંભળ ! ॥ ૭ ॥

તેમાં પ્રથમ ત્રણ શ્લોકથી ત્રણ પ્રકારનો આહાર કહે છે—

આયુષ્ય-જીવન, **સત્ત્વ**-અન્તઃકરણ અને તેના કાર્યભૂત જ્ઞાન પણ અહીંઆં સત્ત્વ શબ્દથી કહ્યું છે. **બળ**-દેહનું સામર્થ્ય, **આરોગ્ય**—રોગે રહિતપણું, **સુખ**- અન્તઃકરણની પ્રસન્નતા, **પ્રીતિ**—ભોજન ઉપર પણ અભિરૂચિ, આ સર્વ ગુણોને વૃદ્ધિ કરનારા, મધુર રસવાળા, અંદર પણ જેમાં ઘી વિગેરે સ્નેહ-સ્નિગ્ધ રસોથી પૂર્ણ ભરેલા, ઘણા વખત સૂધી રહી શકે-બગડે નહિ એવા, રમણીય સુન્દર રૂપ-સુગન્ધાદિક ગુણોથી હૃદયને ગમે એવા, આવા પ્રકારના આહારો-ભોજનો, સત્ત્વગુણ યુકત સાત્વિક જનોને પ્રિય થાય છે. ॥ ૮ ॥

હવે-રજોગુણપ્રધાન રાજસ મનુષ્યોને પ્રિય આહારો કહે છે—

અતિ કટુ-લીંબડો વિગેરે, અતિ અમ્લ-આંબલી વિગેરે, અતિ લવણ-ખારો, અતિ ઉષ્ણ-ઉનો ઉનો, અતિ તીક્ષ્ણ-મરચાં વિગેરે, અતિ રૂક્ષ-ચીકાશ વિનાનો કાંગ અને કોદરા વિગેરે, દાહ ઉત્પન્ન કરનારો રાઇ-સરસવ વિગેરે, આવા આવા કટુ આદિક દુઃખ, શોક અને રોગને આપનારા, એટલે કે-દુઃખ-તાત્કાલિક હૃદયને સન્તાપ કરનારી પીડા,

भाष्यम्-

आसुरनिश्चयान्-आसुरो जनदुःखदोऽत्युग्रो निश्चयो येषां तथाभूतान्। विद्धि-जानीहि ॥ ५-६ ॥

आहारादीनां त्रिविधभेदानाह षोडशैः-

आहारस्त्वपि सर्वस्य त्रिविधो भवति प्रियः ।
यज्ञस्तपस्तथा दानं तेषां भेदमिमं शृणु ! ॥ ७ ॥

आहार इति । सर्वस्यापि-समग्रस्य जनस्यापि, आहारः-भोजनं तु। सत्त्वादित्रिगुणयुक्तत्वात्त्रिविधः प्रियो भवति । तथा यज्ञः त्रिविधः, तपश्च दानं च त्रिविधमस्ति । तेषामाहरादीनामिमं मया वक्ष्यमाणं भेदम्-पृथक्पृथग्विशेषम्। मत्तः शृणु ! ॥ ७ ॥

तत्रादौ त्रिविधमाहारमाह त्रिभिः-

आयुःसत्त्वबलारोग्यसुखप्रीतिविवर्धनाः ।
रस्याः स्निग्धाः स्थिरा हृद्या आहारास्सात्त्विकप्रियाः ॥८॥

आयुरिति । आयुःसत्त्वबलारोग्यसुखप्रीतिविवर्धनाः-आयुर्जीवनं च, सत्त्वमन्तःकरणं च, तत्कार्यं ज्ञानमत्र सत्त्वशब्देनोक्तम्, बलम्-देहसामर्थ्यं च, आरोग्यम्-रोगरहितत्त्वं च, सुखम्-अन्तःकरणप्रसन्नत्वं च, प्रीतिः-भोजनाभिरुचिश्च, एतेषां विवर्धनाः-वृद्धिकराः । रस्याः-मधुररससंयुक्ताः, स्निग्धाः-आभ्यन्तरस्नेहरसोपेताः, स्थिराः-चिरसमयस्थायिनः, हृद्याः-रमणीयरूपसुगन्धादिभिर्हृदयङ्गमाः। एवंविधा आहाराः-भोजनानि, सात्त्विकप्रियाः-सत्त्वगुणयुक्तस्य नरस्य प्रियाः, भवन्ति ॥ ८ ॥

राजसप्रियानाहारानाह-कट्विति ।

कट्वम्ललवणात्युष्णतीक्ष्णरुक्षविदाहिनः ।
आहारा राजसस्येष्टा दुःखशोकामयप्रदाः ॥ ९ ॥

कट्वम्ललवणात्युष्णतीक्ष्णरुक्षविदाहिनः-अतिशब्दः कट्वादिषु सप्तस्वपि योज्यः, अतिकटुः-पिचुमन्दादिः, अत्यम्लश्च, अतिलवणश्च, अत्युष्णश्च विख्यातः, अतितीक्ष्णो मरीचादिश्च, अतिरुक्षः-स्नेहवर्जितः कङ्गुकोद्रवादिश्च, अतिविदाही—दाहजनको राजिकासर्षपादिश्च, एते

भाष्यम्-

कट्वादयः, दुःखशोकामयप्रदाः-दुःखम्-तात्कालिकीहृदयसन्तापकरी पीडा, शोकः-आहारादनन्तरभावी मनसि जायमानः क्षोभः, आमयः-गदः, एतान् प्रददति—धातुवैषम्यद्वारेण प्रयच्छन्तीति । तथाभूता आहाराः-भोजनानि । राजसस्य-रजोगुणयुस्य नरस्य, इष्टाः-प्रियाः, अधिकरजोगुणवर्धनाश्च भवन्तीति शेषः ॥ ९ ॥

तामसमाहारं वदति-यातयाममिति ।

यातयामं गतरसं पूति पर्युषितं च यत् ।
उच्छिष्टमपि चामेध्यं भोजनं तामसप्रियम् ॥ १० ॥

पाकादनन्तरं यातौ यामौ प्रहरौ यस्य तत्—ओदनसूपादि । गतरसम्-विरसतां प्राप्तम् । पूति-दुर्गन्धं । बहुकालगमनेन दुर्गन्धयुक्तम् । पर्युषितम्-पाकादनन्तरं रात्र्यन्तरितम्, चकारात्-गञ्जाभङ्गाहिफेन-तमालकनकबीजादि गृह्यते । उच्छिष्टम्-सात्त्विकदेवगुर्वादिभ्योऽन्येषां भुक्तावशिष्टम्, अपिशब्देनायुर्वेदोक्तं कुपथ्यं ग्राह्यम् । अमेध्यम्-अपवित्रं यज्ञानर्हम् । एतादृशं यद्भोजनं तत् तामसप्रियम्-तामसस्य तमोगुणयुक्तस्य नरस्य प्रियमिष्टम् ॥ १० ॥

अथ त्रिविधान् यज्ञानाह-

अफलाकाङ्क्षिभिर्यज्ञो विधिदृष्टो य इज्यते ।
यष्टव्यमेवेति मनः समाधाय स सात्त्विकः ॥ ११ ॥

अफलेति । अफलाकाङ्क्षिभिः-फलमनाकाङ्क्षमाणैर्निष्कामैर्जनैः । विधिदृष्टः-विधिना दृष्टः, शास्त्रदृष्टमन्त्रद्रव्यादियुक्त इत्यर्थः । यष्टव्य-मेवेति । मयेश्वराराधनायैव यज्ञः कर्तव्यो न तु फलप्राप्त्यर्थमित्यमुना प्रकारेण मनः समाधाय स्थिरीकृत्य यो यज्ञ इज्यते क्रियते स सात्त्विकः सत्त्वगुणयुक्त इत्यर्थः ॥ ११ ॥

सात्त्विकयज्ञमुक्त्वा राजसमाह-अभिसन्धायेति ।

अभिसन्धाय तु फलं दम्भार्थमपि चैव यत्
इज्यते भरतश्रेष्ठ ! तं यज्ञं विद्धि ! राजसम् ॥ १२ ॥

तुशब्द उक्ताद्वैलक्षण्यं द्योतयति । फलमभिसन्धाय-फलोद्देशं

શ્લોકાર્થ-

રાંધ્યા પછી જેના ઉપર ઘણો વખત વીતી ગયો હોય, રસ વિનાનું, દુર્ગન્ધવાળું, વાસી અને ઉચ્છિષ્ટ તથા અપવિત્ર એવું જે ભોજન તે તામસ જનોને પ્રિય હોય છે. ॥૧૦॥

શાસ્ત્રવિધિ પ્રમાણે કરવામાં આવતો અને કરવોજ જોઇએ એ આપણી ફરજ–કર્તવ્ય છે, એમ મનમાં સમાધાન–નિશ્ચય કરીને ફળાનુસન્ધાન નહિ રાખનારા નિષ્કામ માણસોએ કરેલો યજ્ઞ તે સાત્ત્વિક યજ્ઞ છે. ॥ ૧૧ ॥

હે ભરતશ્રેષ્ઠ ! ફળનું અનુસન્ધાન રાખીને તો, તેમજ દંભને–ખાલી મોટાઇને પોષવાને માટેજ જે યજ્ઞ કરવામાં આવે છે. તેને તું રાજસ યજ્ઞ જાણ ! ॥ ૧૨ ॥

શાસ્ત્રવિધિ સિવાયનો, અન્નનું પણ દાન જેમાં ન હોય, મન્ત્રનું ઉચ્ચારણ કર્યા સિવાયનો, દક્ષિણાઓ પણ જેમાં ન અપાય અને જેમાં શ્રદ્ધા પણ ન હોય એવા યજ્ઞને તામસ યજ્ઞ કહેવામાં આવે છે. ॥ ૧૩ ॥

ભાવાર્થ-

શોક–આહાર કર્યા પછી મનમાં થનારો ક્ષોભ અને રોગ, આ સર્વ વિકારોને વાત–અને પિત્ત કફાદિક ધાતુઓના વૈષમ્યદ્વારા આપે છે–ઉત્પન્ન કરે છે, આવા પ્રકારના આહારો–ભોજનો,રજોગુણ યુક્ત રાજસ મનુષ્યોને પ્રિય–અધિક રજોગુણને વધારનારા થાયછે. ॥૯॥

હવે–તામસ આહાર કરી બતાવે છે—

રાંધ્યા પછી બે પ્રહર જેના ઉપર વીતી ગયા હોય એવાં ભાત–દાળ વિગેરે ભોજનો, જેમાંથી રસ સુકાઇ ગયો હોય એવું નિરસ ભોજન, બહુ વખત જેના ઉપર વીતવાથી જેમાં દુર્ગન્ધ ઉત્પન્ન થયો હોય, રાંધ્યા પછી જેના ઉપર રાત્રિ વીતિ ગઇ હોય, શ્લોકમાં ચકાર છે માટે ગાંજો, ભાંગ, અફીણ, તમાકુ અને ધન્તુરાનાં બીજ વિગેરે જાવાં, તેમજ ઉચ્છિષ્ટ–સાત્ત્વિક દેવ અને ગુરૂ આદિક પૂજ્ય પુરૂષો સિવાયના બીજાઓનું જમતાં અવશેષ રહેલું હોય તે, શ્લોકમાં અપિ શબ્દ છે તેથી આયુર્વેદમાં કહેલું કુપથ્ય પણ જાણી લેવું. તેમજ–**અમેધ્ય** યજ્ઞમાં અનુપયોગી અપવિત્ર પદાર્થ, આવા પ્રકારનું જે ભોજન તે તમોગુણપ્રધાન તામસ જનોને પ્રિય-ઇષ્ટ હોય છે. ॥ ૧૦ ॥

હવે–ત્રણ પ્રકારના યજ્ઞો કહે છે—

કોઇપણ પ્રકારના ફળની આકાંક્ષા નહિ રાખનારા નિષ્કામ જનોએ, વિધિદૃષ્ટ–શાસ્ત્રમાં જોયેલા–કહેલા મંત્રો અને દ્રવ્યાદિક તેણે સુકત અને મારે ઇશ્વરની આરાધના કરવા માટેજ યજ્ઞ કરવો છે. પણ નહિ કે કોઇ ફળની પ્રાપ્તિ માટે, આવા પ્રકારથી મનનું સમાધાન-સ્થિરતા કરીને જે યજ્ઞ કરાયછે.તે સાત્ત્વિક-સત્ત્વગુણયુકત યજ્ઞ કહેવાયછે. ॥૧૧॥

સાત્ત્વિક યજ્ઞ કહીને હવે રાજસ યજ્ઞ કહી બતાવે છે–

અને જે તો ફળાનુસન્ધાન રાખીને–અમુક ફળનો ઉદ્દેશ કલ્પીનેજ અને વળી પોતાની શ્રેષ્ઠતા પ્રસિદ્ધ કરવા માટે પણ યજ્ઞ કરનારાએ જે યજ્ઞ કરાય છે. હે ભરતશ્રેષ્ઠ ! તે યજ્ઞને રજોગુણપ્રધાન રાજસ યજ્ઞ જાણ ! ॥૧૨॥

હવે—તામસ યજ્ઞ કહે છે-

भाष्यम्-

कृत्वा। दम्भार्थमपि-स्वश्रेष्ठत्वख्यापनायापि। याजकेन यत्-यो यज्ञः, इज्यते-क्रियते। हे भरतश्रेष्ठ! तं यज्ञं राजसं विद्धि!-जानीहि!॥१२॥

तामसं यज्ञं वदति-विधिहीनमिति।

विधिहीनमसृष्टान्नं मन्त्रहीनमदक्षिणम्।
श्रद्धाविरहितं यज्ञं तामसं परिचक्षते॥ १३ ॥

विधिहीनम्-सच्छास्त्रोक्तविधिशून्यम्, सच्छास्त्रनिष्ठपरमदयालुशिष्टपुरुषप्रणीतविधिरहितमित्यर्थः। असृष्टान्नम्—सत्पात्रेभ्योऽदत्तान्नम्। मन्त्रहीनम्-मन्त्रैः शून्यम्। अदक्षिणम्-यथाशास्त्रदक्षिणावर्जितम्। श्रद्धाविरहितम्-श्रद्धाशून्यम्। एतादृशं यज्ञम्, तामसम्-तमोगुणयुक्तम्। परिचक्षते-यज्ञविधिज्ञा वदन्ति॥ १३ ॥

तपसि सात्त्विकादिभेदं ज्ञापयितुमादौ तस्य शारीरादिभेदेन त्रिविधतां वदति-त्रिभिः।

देवद्विजगुरुप्राज्ञपूजनं शौचमार्जवम्।
ब्रह्मचर्यमहिंसा च शारीरं तप उच्यते॥ १४ ॥

देवेति। देवाः-विष्णवादयः। द्विजाः-ब्राह्मणाश्च, गुरुः-सद्धर्मोपदेष्टा प्राज्ञाः-भगवत्स्वरूपज्ञाः साधुपुरुषाश्च, तेषां पूजनम्। शौचं च बाह्याभ्यन्तरं द्विविधम्। आर्जवम्-स्वभावऋजुत्वम्। ब्रह्मचर्यम्-शास्त्रनिषिद्धमैथुननिवृत्तिः। अहिंसा च यज्ञादिष्वपि देहभृत्पीडाकरणत्वम्। एतल्लक्षणयुक्तं शारीरम्-शरीरसम्बन्धि शरीरसाध्यं तप उच्यते॥१४॥

एवं शारीरं तप उक्त्वेदानीं वाङ्मयं तपो वदति—

अनुद्वेगकरं वाक्यं सत्यं प्रियहितं च यत्।
स्वाध्यायाभ्यसनं चैव वाङ्मयं तप उच्यते॥ १५ ॥

अनुद्वेगेति। अनुद्वेगकरम्-यच्छ्रवणेनान्येषामुद्वेगो न स्यात्तथाभूतम्, सत्यम्-स्वपरद्रोहरहितं यथार्थम्, प्रियहितं च-प्रियम्-श्रोतॄणां प्रीतिजनकम्, हितम्-हितकारि च, वाक्यम्। यत् स्वाध्यायाभ्यसनं च-सच्छास्त्राभ्यासश्च। तत् वाङ्मयम्-वाचिकं तप उच्यते एव। वाचा निष्पन्नं तपः कथ्यते इत्यर्थः॥ १५ ॥

मानसं तपो वदति-मन इति।

શ્લોકાર્થ-

દેવતા, બ્રાહ્મણ, ગુરૂ અને પ્રાજ્ઞ–સાધુજનો વિગેરેનું પૂજન કરવું, પવિત્રતા રાખવી, સરલતા, બ્રહ્મચર્ય અને અહિંસા, આ શરીર સંબંધી–શરીરસાધ્ય તપ કહેવાય છે.॥૧૪॥

કોઈને પણ ઉદ્વેગ નહિ કરનારૂં, સાંભળતાં પ્રિય લાગે અને હિત કરે, એવું જે સત્ય–યથાર્થ ભાષણ, સચ્છાસ્ત્રનું પઠન–પાઠન, તેમજ ભગવન્નામ–મંત્રાદિકના જપનો અભ્યાસ કરવો, એ વાઙ્મય–વાણીથી સિદ્ધ થતું તપ કહેવાય છે. ॥ ૧૫ ॥

મનની પ્રસન્નતા, સૌમ્યતા–શાન્તસ્વભાવતા, મૌન–ભગવત્સ્વરૂપમાં એકાગ્રતા, મનનો સર્વથા નિગ્રહ અને અન્તઃકરણની સમ્યક્શુદ્ધિ, આ સઘળું માનસ–મનઃસાધ્ય તપ કહેવામાં આવે છે. ॥ ૧૬ ॥

ભાવાર્થ—

સચ્છાસ્ત્રમાં કહેલા વિધિએ રહિત, **એટલે** કે–સચ્છાસ્ત્રમાં દૃઢ નિષ્ઠાવાળા પરમ દયાળુ શિષ્ટ–મહાપુરૂષોએ બતાવેલા વિધિએ રહિત, જેમાં સત્પાત્રોને અન્ન આપવામાં નથી આવતું, મંત્રોચ્ચારણપૂર્વક જેમાં કર્મ કરવામાં નથી આવતું, શાસ્ત્રમાં કહેવા પ્રમાણે જેમાં દક્ષિણાઓ આપવામાં નથી આવતી. યજ્ઞ કરે પણ તેમાં શ્રદ્ધા–વિશ્વાસ તો હોયજ નહિ. આવા યજ્ઞને યજ્ઞવિધિને જાણનારા સુજ્ઞ જનો તમોગુણયુકત તામસ યજ્ઞ કહે છે. ॥૧૩॥

તપમાં સાત્ત્વિકાદિક ભેદ કહી જણાવવા માટે તેની શારીરાદિક ભેદથી ત્રિવિધતા કહી બતાવે છે—

વિષ્ણુ આદિક દેવો, બ્રાહ્મણો, સદ્ધર્મના સમુપદેષ્ટા ગુરૂ, **પ્રાજ્ઞ**—ભગવાનના સ્વરૂપને જાણનારા સાધુપુરૂષો, આ સર્વનું પૂજન કરવું, બાહ્ય–આભ્યન્તર બે પ્રકારનું શૌચ, સ્વભાવથી સરળતા રાખવી, શાસ્ત્રનિષિદ્ધ મૈથુનથી નિવૃત્ત થવું અને અહિંસા–યજ્ઞાદિકમાં પણ દેહધારીઓને પીડા ન કરાય એમ વર્તવું. આવાં લક્ષણે યુકત જે તપ તે શારીર–શરીરસાધ્ય શરીર સમ્બન્ધી તપ કહેવાય છે. ॥૧૪॥

આ પ્રમાણે શારીર તપ કહીને હવે–વાઙ્મય તપ કહે છે–

જેનું શ્રવણ થવાથી બીજાઓને ઉદ્વેગ ન થાય તેવું, **સત્ય**–પોતાના અને પારકા દ્રોહે રહિત જેવું હોય તેવું યથાર્થ બોલવું, પ્રિય–સાંભળનારાઓને પ્રીતિ ઉત્પન્ન કરનારૂં અને હિત કરનારૂં, આવું જે વાકય બોલવું, તથા સચ્છાસ્ત્રનો–અભ્યાસ કરવારૂપ સ્વાધ્યાયનો અભ્યાસ–પરિશીલન કરવું, તે વાઙ્મય–વાચિક તપ કહેવાય છે. એટલે કે–વાણીથી નિષ્પન્ન થતું તપ કહેવાય છે. એ અર્થ જાણવો. ॥ ૧૫ ॥

હવે–માનસ તપ કહે છે—

મનઃપ્રસાદ-કામ,ક્રોધ અને લોભાદિક માનસિક મળની નિવૃત્તિપૂર્વક મનની વિશુદ્ધતા–નિર્મળતા, સૌમ્યત્વ– ક્રૂરતાએ રહિત વર્તવું, "અક્રૂર–ક્રૂરતાએ રહિત દયાવાનને સૌમ્ય કહેલો છે." એવું શાસ્ત્રવચન છે. મૌન–મનનશીલતા, આત્મવિનિગ્રહ–મનને અસત્–તુચ્છ વિષયો થકી પાછું વાળવું,ભાવસંશુદ્ધિ–ભાવ જે હૃદ્ગત ચિત્તવૃત્તિ તેની શુદ્ધિ બીજા

भाष्यम्-

मनःप्रसादः सौम्यत्वं मौनमात्मविनिग्रहः ।
भावसंशुद्धिरित्येतत्तपो मानसमुच्यते ॥ १६ ॥

मनःप्रसादः-मनसः शुद्धत्वं कामक्रोधलोभादिमलनिवृत्तिः । सौम्यत्वम्-अक्रूरत्वम्। "अक्रूरः सौम्य उच्यते" इति हि वचनम् । मौनम्-मुनेरिदं मौनं मननम् । आत्मविनिग्रहः-आत्मनो मनसो विनिग्रहः-असद्विषयेभ्यः प्रत्याहरणम् । भावसंशुद्धिः-भावस्य हृद्गतस्य संशुद्धिः-अक्षोभो विषयान्तरैः, आत्मपरमात्मभिन्नविषयध्यानशून्यत्वमिति भावः । इत्येतत्—इत्युक्तप्रकारम् । मानसम्—मनःसंसाध्यम्, तप उच्यते । "तपो यज्ञादपि श्रेष्ठमित्येषा परमा श्रुतिः" "मनसश्चेन्द्रियाणां च ह्यैकाग्र्यं परमं तपः" इत्यादिष्वपि तपोलक्षणमुक्तम् ॥१६॥

प्रकारान्तरेण तपसो भेदान् वदति त्रिभिः-

श्रद्धया परया तप्तं तपस्तत् त्रिविधं नरैः ।
अफलाकाङ्क्षिभिर्युक्तैः सात्त्विकं परिचक्षते ॥ १७ ॥

श्रद्धयेति । अफलाकाङ्क्षिभिः—फलेच्छारहितैः । युक्तैः-मदाराधनसम्पन्नैः, नरैः—पुरुषैः । परया श्रद्धया-उत्कृष्टश्रद्धया, तप्तम्-कृतं यत्, त्रिविधम्-शारीरादिभेदेन त्रिप्रकारम्, तपः । तत्-सात्त्विकं परिचक्षते-तपःप्रकारज्ञा वदन्ति ॥ १७ ॥

राजसं तपो वदति-सत्कारेति ।

सत्कारमानपूजार्थं तपो दम्भेन चैव यत् ।
क्रियते तदिह प्रोक्तं राजसं चलमध्रुवम् ॥ १८ ॥

सत्कारमानपूजार्थम्-सत्कार अन्तःकरणादरः, मानश्च-मनोज्ञवाक्यैरादरः, पूजा च-अर्थलाभादिसत्कारश्च, एतदर्थं दम्भेनैव च यत्तपः क्रियते, अत एव चलम्—अस्थिरफलम्, अध्रुवं च—क्षणिकं तत्तपः, इह-अस्मिंल्लोके राजसं प्रोक्तम् ॥ १८ ॥

तामसं तपो वदति-मूढेति ।

मूढग्राहेणात्मनो यत् पीडया क्रियते तपः
परस्योत्सादनार्थं वा तत्तामसमुदाहृतम् ॥ १९ ॥

શ્લોકાર્થ-

ફળની આકાંક્ષા નહિ રાખનારા અને ભગવત્સ્વરૂપમાં જોડાયેલા મનુષ્યોએ પરમ શ્રદ્ધાથી કરવામાં આવતું ઉપર બતાવેલું એ ત્રણેય પ્રકારનું તપ સાત્ત્વિક તપ કહેવાય છે.॥

સત્કાર માટે, માન–મરતબા માટે અને લોકમાં પૂજા થાય તે માટે અને તે પણ દંભથીજ કરવામાં આવતું આવું જે તપ આ લોકમાં કરવામાં આવે છે તે રાજસ તપ કહેવાય છે. અને તે ચળ–ક્ષણિક અને અસ્થિર–બહુ લાંબો સમય ન નભે એવું હોય છે. ॥૧૮॥

મૂઢપણે દુરાગ્રહથી અને શરીરને તેમજ મનને પણ કલેશ પડે તેવું જે તપ કરાયછે તથા પરનો વિનાશ–ભુંડુ કરવા માટે કરવામાં આવતું તપ તે તામસ તપ કહેવાયછે. ॥

દાન આપવુંજ જોઇએ એમ ધારીને જે દાન દેશ, કાળ અને પાત્ર–સુપાત્ર જોઇને તેમાં જેના તરફથી ઉપકારરૂપ બદલાની આશા પણ ન હોય એવાને આપવામાં આવતું જે દાન તે સાત્ત્વિક દાન કહેવાય છે. ॥ ૨૦ ॥

ભાવાર્થ-

વિષયો થકી ક્ષોભ ન પામવો તે, અર્થાત્–આત્મા–પરમાત્મા સિવાયના વિષયોના ધ્યાનથી રહિતપણું એ અભિપ્રાય છે. આ કહ્યું એવા પ્રકારનું તપ તે માનસ–મનથી સાધવા યોગ્ય તપ કહેલું છે.“તપ યજ્ઞ કરતાંય શ્રેષ્ઠ છે.એ પ્રમાણે કહેનારી આ પરમ–શ્રેષ્ઠ પ્રસિદ્ધ શ્રુતિ છે ” “ મન અને ઇન્દ્રિયોની પરમાત્મસ્વરૂપમાં પરમ એકાગ્રતા કરવી એજ મોટામાં મોટું તપ છે. ” ઇત્યાદિક વચનોમાં પણ આવુંજ તપનું લક્ષણ કહ્યું છે. ॥૧૬॥

બીજા પ્રકારે તપના ભેદોને ત્રણ શ્લોકથી કહે છે–

ફળની આકાંક્ષા–ઇચ્છાજ નહિ રાખનારા અને મારી આરાધનાએ સમ્પન્ન મનુષ્યોએ પરમ ઉત્કૃષ્ટ શ્રદ્ધાથી તપેલું–કરેલું જે શારીરાદિક ભેદથી ત્રણ પ્રકારનું તપ તે સાત્ત્વિક તપ છે. એમ તપના પ્રકારને જાણનારા જ્ઞાની તપસ્વી જનો કહે છે. ॥૧૭॥

રાજસ તપ કહી બતાવે છે–

સત્કાર–અન્તઃકરણનો આદર,**માન**–મનને પ્રિય લાગે એવાં સુન્દર વાકયોથી કરાતો આદર, પૂજા–અર્થના લાભવાળો સત્કાર વિગેરે, આ બધાને માટે દંભથીજ જે તપ કરવામાં આવે છે. અને તેથીજ તે અસ્થિર ફળવાળું હોય છે.આવું જે તપ ક્ષણિક–લાભપૂરતુંજ કરવામાં આવે છે. તે આ લોકમાં રાજસ તપ કહેલું છે. ॥૧૮॥

તામસ તપ કહે છે–

મૂઢ—શાસ્ત્રોકત વિવેકે રહિત પુરૂષોએ દુરાગ્રહથી કરવામાં આવતું અને પોતાને સ્વસામર્થ્ય જાણ્યા સિવાય કરવામાં આવે તેથી તેમાં બહુજ કલેશ પડતો હોય આવું જે તપ કરાય છે. અથવા બીજા–શત્રુ આદિકના ઉત્સાદન–હિંસનને માટે જે તપ કરવામાં આવે છે. તે તામસ તપ કહેલું છે. ॥૧૯॥

હવે—ત્રણ શ્લોકથી દાનની ત્રિવિધતા કહે છે–

પવિત્ર–કુરૂક્ષેત્ર કે દ્વારિકા આદિક તીર્થરૂપ પવિત્ર દેશમાં, સૂર્ય–ચન્દ્રના ગ્રહણાદિક

भाष्यम्-

मूढग्राहेण—मूढाः शास्त्रोक्तविवेकरहितास्तेषां ग्राहो दुराग्रहस्तेन। आत्मनः—स्वस्य, पीडया स्वसामर्थ्यमविज्ञाय क्लेशबहुलत्वेनेत्यर्थः। यत्तपः क्रियते, वा परस्यान्यस्य, उत्सादनार्थं हिंसनार्थं यत्तपः क्रियते, तत् तामसमुदाहृतं गदितम्॥ १९॥

अथ दानस्य त्रिविधतां वदति-त्रिभिः।

दातव्यमिति यद्दानं दीयतेऽनुपकारिणे।
देशे काले च पात्रे च तद्दानं सात्त्विकं स्मृतम्॥२०॥

दातव्यमिति। देशे-पुण्ये कुरुक्षेत्रद्वारिकादौ तीर्थे, काले च-पुण्ये रविचन्द्रग्रहणादिसमये, पात्रे च—सच्छास्त्रोक्तलक्षणसम्पन्ने सत्पुरुषे, मया दातव्यम्-ईश्वरप्रसन्नतायै दातुं योग्यमिति विवेकेन। अनुपकारिणे—प्रत्युपकाररहिताय, पात्राय, वस्त्रान्नधनादीनां यथायोग्यं यद्दानं दीयते, तत् सात्त्विकं दानं स्मृतं गदितम्। पात्रे चेत्यत्र सम्प्रदानस्याधारत्वविवक्षायां सप्तमी॥ २०॥

राजसं दानं वदति-यदिति।

यत्तु प्रत्युपकारार्थं फलमुद्दिश्य वा पुनः।
दीयते च परिक्लिष्टं तद्राजसमुदाहृतम्॥ २१॥

प्रत्युपकारार्थम्-अयं पुरुषो ममोपकारं करिष्यतीत्येवमर्थमुद्दिश्य-अनुसन्धाय। अथवा फलम्—स्वर्गपुत्रपश्वादिकं दानफलमुद्दिश्य। परिक्लिष्टम्-अन्तःकरणक्लेशसहितं यथा भवति तथा। धनादीनां यत्पुनर्दानं दीयते, तद्दानं तु राजसमुदाहृतम्-कथितम्॥ २२॥

तामसं दानं वदति-अदेशेति।

अदेशकाले यद्दानमपात्रेभ्यश्च दीयते।
असत्कृतमवज्ञातं तत्तामसमुदाहृतम्॥ २२॥

अदेशकाले-अदेशे अपवित्रस्थाने, अकाले सूतकादिसमये। अपात्रेभ्यः-असत्पुरुषेभ्यश्च, यद्दानं दीयते, असत्कृतम्-देशकालपात्रादिषु सत्स्वपि चन्दनपुष्पादिसत्काररहितम्, यद्वा-प्रेमशून्यम्। अवज्ञातम्-तिरस्कारसहितं च, यद्दानं दीयते। तद्दानं तामसमुदाहृतं कथितम॥ २२॥

શ્લોકાર્થ-

જે દાન તો પ્રત્યુપકાર થવાને માટે અથવા ફળનો ઉદ્દેશ કલ્પીને ક્લેશપૂર્વક આપવામાં આવે છે. તે રાજસ દાન કહેવાય છે. ॥૨૧॥

સારા-નરસા દેશ-કાળનો વિચાર કર્યા વિનાજ, અપાત્રોને, સત્કાર સિવાય, અથવા તિરસ્કાર કરીને જે દાન આપવામાં આવે છે. તે તામસ દાન કહેવાય છે. ॥૨૨॥

" ૐ તત્ અને સત્ " એમ ત્રણ પ્રકારે બ્રહ્મનો નિર્દેશ કહેલો છે. અને તેનાથીજ પૂર્વે-સૃષ્ટિના આરંભમાં બ્રાહ્મણો, વેદો અને યજ્ઞો રચેલા છે. ॥ ૨૩ ॥

ભાવાર્થ-

પવિત્ર કાળમાં, સચ્છાસ્ત્રમાં કહેલાં લક્ષણોએ સમ્પન્ન સત્પુરૂષમાં, મારે ઇશ્વર પ્રસન્નતાર્થે દેવાને યોગ્ય છેજ અને આપવુંજ જોઇએ એવા વિવેકથી,જેના તરફથી ઉપકારના બદલાની ઇચ્છા પણ ન હોય, એવા પાત્રભૂત સત્પુરૂષને વસ્ત્ર, અન્ન, ધન, આદિક વસ્તુઓનું યથાયોગ્ય જે દાન દેવાય છે. તે સાત્ત્વિક દાન કહેવામાં આવે છે. મૂળશ્લોકમાં-"પાત્રે" એમ સપ્તમી વિભકિત છે, ત્યાં સમ્પ્રદાનને આધારપણે કહેવાની ઇચ્છાથી એ સપ્તમી છે. એમ જાણવું. ॥૨૦॥

હવે-રાજસ દાનનું લક્ષણ કહે છે—

"આ પુરૂષ મારો સામો ઉપકાર કરશેજ" એવા અર્થનું-પ્રયોજનનું અનુસન્ધાન રાખીને, અથવા સ્વર્ગ, પુત્ર કે પશુ આદિક દાનના બદલાનું ફળ ઉદ્દેશીને, અન્તઃકરણમાં ક્લેશ પામવાપૂર્વક જેમ હોય તેમ દ્રવ્યાદિકનું જે દાન દેવાય છે. તે રાજસ દાન કહેવામાં આવે છે. ॥૨૧॥

અપવિત્ર સ્થાનમાં, સૂતકાદિક અપવિત્ર કાળમાં, તેમાંય અસત્પુરૂષોને જે દાન દેવાય છે. વળી-દેશ, કાળ, પાત્રાદિક સારાં પ્રાપ્ત થયાં હોય તો પણ ચંદન-પુષ્પાદિકથી સત્કારે રહિત, અથવા તો એ બધુંય કરે પણ પ્રેમ ન હોય અને વળી જે કાંઇ આપે તે જો તિરસ્કારપૂર્વક આપે, આવું જે દાન અપાય છે. તે તામસ દાન કહેવાય છે. ॥૨૨॥

હવે—ૐ તત્ સત્ આવા ત્રણ જે ભગવદ્વાચક શબ્દો તેમના વૈદિક યજ્ઞ-દાનાદિક સત્કાર્યોમાં અન્વય-ઉચ્ચારણ રૂપ સમ્બન્ધથી તેમનું શ્રેષ્ઠત્વ કહી સમજાવે છે—

ૐ તત્ સત્ આવો ત્રણ પ્રકારનો પરબ્રહ્મ એવા મારા સ્વરૂપભૂત વેદનો,નિર્દેશ-મારા સ્વરૂપને પ્રતિપાદન કરનારો સાક્ષાત્ શબ્દ વેદવિત્ પુરૂષોએ કહેલો છે.

અભિપ્રાય એ છે કે—વેદમાં કહેલાં યજ્ઞાદિક સત્કર્મો ૐ તત્ સત્ આવા આ ત્રણ શબ્દોથી—શબ્દોનું ઉચ્ચારણ કરવાથી સર્વશ્રેષ્ઠ થાય છે. અને તે ૐ તત્ સત્ એવા ત્રણ પ્રકારના શબ્દથી, બ્રાહ્મણો-બ્રાહ્મણો એ શબ્દથી બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય, એ ત્રણેય વર્ણના મનુષ્યો સમજવા. તેથી વેદોકત કર્મનું અનુષ્ઠાન કરનારા બ્રાહ્મણાદિક ત્રણ વર્ણના મનુષ્યો, વેદો-વેદમાં કહેલાં યજ્ઞ-દાનાદિક કર્મનું સ્વરૂપ-વિધાન વિગેરે સમજાવનારા ઋગ્વેદાદિક ચાર વેદો અને યજ્ઞો એટલે વેદમાં કહેલાં યજ્ઞ, તપ અને દાન વિગેરે કર્મો, પૂર્વે સૃષ્ટિ સમયે મેં કરેલાં છે-ઉત્પન્ન કરેલાં છે. ॥૨૩॥

भाष्यम्-

इदानीं ॐ तत् सत् इति त्रयाणां भगवद्वाचकानां शब्दाना वैदिकेषु यज्ञदानादिष्वन्वयेन तेषां प्राशस्त्यं वदन्नाह-ओमिति।

ॐ तत्सदिति निर्देशो ब्रह्मणस्त्रिविधः स्मृतः ।
ब्राह्मणास्तेन वेदाश्च यज्ञाश्च विहिताः पुरा ॥२३॥

ॐ तत् सत् इत्येवंरूपः, त्रिविधः-त्रिप्रकारः, ब्रह्मणः-परब्रह्मणो मम स्वरूपभूतस्य वेदस्य, निर्देशः-निर्दिश्यतेऽनेनेति निर्देशः-प्रतिपादकः शब्दः, स्मृतः-वेदविद्भिः कथितः। वेदोदितं यज्ञप्रभृति कर्म ॐ तत् सत् इत्येतच्छब्दैः प्रशस्तं भवतीत्यभिप्रायः। तेन त्रिविध शब्देन, ब्राह्मणा इति त्रैवर्णिकोपलक्षणम्। तेन वेदोक्तकर्मानुष्ठातारो ब्राह्मणाद्यास्त्रैवर्णिकाः, वेदाश्च-यज्ञदानादिकर्मबोधका ऋगादय श्चत्वारः, यज्ञाः-वेदोक्तयज्ञतपोदानप्रभृतिकर्माणि। पुरा-आदौ सृष्टिकाले, मया विहिताः-उत्पादिताः॥ २३ ॥

तस्मादावोंशब्द स्तौति तस्मादिति।

तस्मादोमित्युदाहृत्य यज्ञदानतपःक्रियाः ।
प्रवर्तन्ते विधानोक्ताः सततं ब्रह्मवादिनाम् ॥२४॥

यस्मादेवं तस्माद्धेतोः, ओमित्युदाहृत्य-उच्चार्य, ब्रह्मवादिनाम्-वेदवादनशीलानां जनानाम्। विधानोक्ताः-विधिना कथिताः, यज्ञदानतपःक्रियाः—यज्ञप्रभृतिकर्माणि, सततं सदा प्रवर्तन्ते ॥ २४ ॥

तच्छब्दं स्तौति—तदिति।

तदित्यनभिसन्धाय फलं यज्ञतपःक्रियाः ।
दानक्रियाश्च विविधाः क्रियन्ते मोक्षकाङ्क्षिभिः ॥२५॥

उदाहृत्येति पद पूर्वश्लोकादनुकृष्यते। तदित्युदाहृत्य, फलमनभिसन्धाय—अनुद्दिश्य, विविधाः—नानाविधाः, यज्ञतपःक्रियाः, दानक्रियाश्च। मोक्षकाङ्क्षिभिः— मोक्षेच्छुभिर्ब्राह्मणादित्रैवर्णिकैर्जनैः, क्रियन्ते-ताः क्रियाः परब्रह्मप्राप्त्यर्थं परब्रह्मवाचिना तच्छब्देनान्विता मुमुक्षुभिः क्रियन्ते इत्यर्थः॥ २५ ॥

भाष्यम्-

अथ सच्छब्द स्तौति-द्वाभ्याम् ।

सद्भावे साधुभावे च सदित्येतत्प्रयुज्यते ।
प्रशस्ते कर्मणि तथा सच्छब्दः पार्थ ! युज्यते ॥ २६ ॥

सद्भावे इति । सद्भावे-अस्तित्वलक्षणे । साधुभावे च-साधुपुरुषे, साधुकार्ये च, सदित्येतच्छब्दरूपं प्रयुज्यते । हे पार्थ ! तथा प्रशस्ते कर्मणि-लोके माङ्गलिके कर्मणि,इद सत्कर्मेति सच्छब्दो युज्यतेशास्त्रज्ञैः प्रयुज्यते ॥ २६ ॥

यज्ञे तपसि दाने च स्थितिः सदिति चोच्यते ।
कर्म चैव तदर्थीयं सदित्येवाभिधीयते ॥ २७ ॥

यज्ञ इति । यज्ञे तपसि दाने च ब्राह्मणादीनां त्रयाणां या स्थितिः-तत्परतयावस्थानम् , माङ्गलिकत्वात्सापि सदित्येवोच्यते । चकाराद्यज्ञादिशब्दवाच्यं यत् कर्मत्रयं तदपि सदित्युच्यते । तदर्थीयम्—तेषु यज्ञतपोदानरूपष्टार्थेषु भव तदर्थीयम्, यज्ञतपोदानादिसम्पादनाय यत्कृतं कर्म च, तदपि सदित्येवाभिधीयते-कथ्यते । अतो यज्ञादि सर्वमेतन्निर्देशपूर्वकं सच्छब्दवाच्यं कार्यमिति भावः ॥२७॥

इदानीमश्रद्धया यत् कृत कर्म तन्निन्दन्नाह-अश्रद्धयेति ।

अश्रद्धया हुतं दत्तं तपस्तप्तं कृतं च यत् ।
असदित्युच्यते पार्थ ! न च तत्प्रेत्य नो इह ॥ २८ ॥

इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे गुणकर्मविभागयोगो नाम सप्तदशोऽध्यायः ॥१७॥

अश्रद्धया-श्रद्धारहिततया, यद्धुतमग्नावर्पितं हविः, अश्रद्धया यद्दतम्-ब्राह्मणादिभ्यो यद्वस्त्रान्नादि समर्पितम्, अश्रद्धया यत्तपस्तप्तम्, अश्रद्धया यच्चान्यत् कर्म कृतम् । हे पार्थ ! तत् सर्वमसदित्युच्यते । तच्चेह-अस्मिल्लोके नो फलदं भवति । प्रेत्य—मरणं प्राप्य लोकान्तरे च फलदं न भवति ॥ २८ ॥

इति श्री++++सद्गुरुवर्य श्रीगोपालानन्दमुनिविरचिते श्रीमद्भगवद्गीताभाष्ये सप्तदशोऽध्यायः ॥ १७ ॥

શ્લોકાર્થ-

માટેજ બ્રહ્મવાદી સત્પુરૂષોની વેદના વિધાનથી કહેલી યજ્ઞ, દાન અને તપ વિગેરે ક્રિયાઓ " ૐ " એવા ઉચ્ચારણ પૂર્વકજ પ્રવર્તે છે. ॥ ૨૪ ॥

" **तत्** " તે પરમેશ્વરજ આ સઘળું છે. એમ ધારીને ફળનું અનુસન્ધાન નહિ રાખતાં મોક્ષાર્થી જનોએ યજ્ઞ અને તપ વિગેરે ક્રિયાઓ તથા વિવિધ પ્રકારની દાન-ક્રિયાઓ કરવામાં આવે છે. ॥ ૨૫ ॥

" **सत्** " એ શબ્દનો સારા સત્યભાવમાં તેમજ સાધુ--શ્રેષ્ઠભાવમાં પ્રયોગ કરાય છે. તેમજ હે પાર્થ ! પ્રશસ્ત-શ્રેષ્ઠ કર્મમાં પણ " **सत्** " શબ્દનો પ્રયોગ કરાય છે. ॥ ૨૬ ॥

તથા યજ્ઞમાં, તપમાં અને દાનમાં જે સ્થિતિ-સ્થિરતાપૂર્વક વર્તવું તે " **सत्** " એવા શબ્દથી કહેવાય છે. તેમજ તે યજ્ઞાદિક માટે કરવામાં આવતું કર્મ તે પણ " **सत्** " એવા શબ્દથીજ કહેવાય છે. ॥ ૨૭ ॥

ભાવાર્થ—

તેમાં પ્રથમ ૐ એ શબ્દનો મહિમા કહે છે-

ઉપર કહ્યું એ પ્રમાણે હોવાથી ૐ એવું પ્રથમ ઉચ્ચારણ કરીને, વેદવાદને અનુસરનારા બ્રહ્મવાદી જનોની વેદવિધાનથી કહેવામાં આવેલી-યજ્ઞ, દાન, તપ, વિગેરે ક્રિયાઓ-સત્કર્મો સદાય પ્રવર્તે છે-આરંભ કરાય છે. ॥૨૪॥

હવે-**तत्** એ શબ્દનો મહિમા કહે છે-

तत् એ પ્રમાણે ઉચ્ચારણ કરીને, કોઇ ફળનું અનુસન્ધાન નહિ રાખીને, નાના પ્રકારની યજ્ઞ—તપ વિગેરે ક્રિયાઓ અને દાનરૂપ ક્રિયાઓ, મોક્ષની ઇચ્છાવાળા બ્રાહ્મણાદિક ત્રણ વર્ણના જનોએ કરાય છે. અર્થાત્-યજ્ઞાદિક સઘળી ક્રિયાઓ પરબ્રહ્મની પ્રાપ્તિને માટે પરબ્રહ્મનો વાચક એવા **तत्** શબ્દના ઉચ્ચારણ પૂર્વક મુમુક્ષુ જનોએ કરાયછે. ॥૨૫॥

હવે-**सत्** શબ્દનો મહિમા કહે છે—

સદ્ભાવમાં-કોઇ વસ્તુ છે. એમ કહેવારૂપ અસ્તિત્વ લક્ષણવાળા અર્થમાં અને સાધુ-સત્પુરૂષમાં તેમજ સારા કાર્યમાં **सत्** એ શબ્દનું રૂપ પ્રયોગ કરાય છે. અને હે પાર્થ ! તેજ પ્રમાણે લોકમાં વખાણવા લાયક કોઇક માંગળિક કાર્ય કરાતું હોય તેમાં આ **સત્કર્મ**-સારૂં કાર્ય છે. એમ **सत्** શબ્દનો પ્રયોગ શાસ્ત્રજ્ઞ પુરૂષોએ કરાય છે. ॥૨૬॥

અને યજ્ઞમાં તપમાં તથા દાનમાં બ્રહ્મણાદિક ત્રણ વર્ણના મનુષ્યોને જે તત્પરપણે વર્તવારૂપ સ્થિતિ તે મંગળને આપનારી હોવાથી તેને **सत्**-સારી એમજ કહેવાય છે. શ્લોકમાં ચકાર છે માટે યજ્ઞાદિક ત્રણ શબ્દથી કહેવામાં આવેલું જે ત્રણ પ્રકારનું કર્મ તે પણ **सत्कर्म** એમજ કહેવાય છે. અને તે યજ્ઞ, તપ અને દાનરૂપ અર્થ નિમિત્તે, એટલે કે તેને સમ્પાદન કરવા માટે જે કરેલું કર્મ તે પણ સત્કર્મ એમજ કહેવાય છે. માટે યજ્ઞાદિક સર્વકર્મ આ પૂર્વે કહ્યા પ્રમાણે ૐ **तत् सत्** એવા નિર્દેશપૂર્વક સત્ શબ્દથી કહેવાતું સત્કર્મ છે માટે એ પ્રમાણે શ્રદ્ધાથી કરવું. ॥ ૨૭ ॥

सप्तदशोऽध्यायः—

टीका—

अध्यायसङ्गतिं दर्शयति—पूर्वमिति । अनन्तराध्यायप्रतिपाद्यमर्थं संक्षिप्य दर्शयति—इदानीमिति ।

पूर्वाध्यायान्ते—ये शास्त्रविधिमुत्सृज्य कामकारतो यजन्ते, तेषामिहामुत्र च हानिरेवेत्युक्तम् । तत्प्रसङ्गेन श्रद्धारहितस्यानर्थत्वं निरूपयन् श्रद्धायास्त्रैविध्यमाहेति यावत् ।

"तस्माच्छास्त्रं प्रमाणं ते कार्याकार्यव्यवस्थितौ" इति भगवद्वचनमुपश्रुत्य पृच्छति—अज्ञातशास्त्रप्रमाणः केवलमाचारप्राप्तमित्येव यः श्रद्धया करोति, तस्य का निष्ठेति । श्रद्धात्रैविध्यनिरूपणे बीजमत्रोपक्षिप्तं भवति । शास्त्रविधिं विनेति । शास्त्रविधिमपरिज्ञायैव अविचार्य चेत्यर्थः । इममाशयं स्वयमेव वदति—अस्मिन् श्लोकेत्यादिना । किं सत्त्वमित्यस्यार्थमाह—किं सात्त्विकीति । निष्ठाशब्दस्यार्थमाह—स्थितिरिति ॥ १ ॥

पूर्ववासनेति । पूर्वस्मिन् जन्मनि या वासना मरणसमये समुन्मिषति, सोऽयं स्वो भाव उच्यते । सैव वासना पुनर्भवे समुन्मिषति । तया च रुचिविशेषो भावः समुद्भवति । ततश्च तत्साधने श्रद्धा समुद्भवतीत्यर्थः । श्रद्धाशब्दं व्याचष्टे—विश्वासपूर्व त्वरेति ॥२॥

सत्त्वरजस्तमोयुक्तस्येति । सत्त्वरजस्तमःप्रचुरस्येत्यर्थः । अन्यतमप्रचुरस्येति यावत् । अन्तःकरणं त्रिगुणात्मकं नियमेन केनचिद्गुणेन सत्त्वेन रजसा तमसा वा प्रचुरं भवेदेव । तथा चान्तःकरणानुरूपैव श्रद्धा भवतीत्याशयः । श्रद्धायास्त्रैविध्यात् पुरुषस्यापि त्रैविध्यमाह—अतोऽयमिति ॥ ३ ॥

तदेवेति । त्रैविध्यमेवेत्यर्थः । स्पष्टतयेति । श्रद्धाकार्यनिरूपणमुखेनेत्यर्थः । सत्त्वगुणप्राधान्यं प्रकरणात् सात्त्विकीश्रद्धाप्राधान्यरूपमेवेत्यभिप्रेत्य व्याचष्टे—सात्त्विकीनि । उत्तरत्राप्येवमेव बोध्यम् । सात्त्विकश्रद्धाकार्यं देवयजनम्, राजसश्रद्धाकार्यं यक्षरक्षःपूजनम्, तामसश्रद्धाकार्यं भूतगणपूजनमिति कार्यभेदेन श्रद्धाभेदो विज्ञेय इति भावः ॥४॥

तेष्वपीति । तामसेष्वपीत्यर्थः । कामरागशब्दयोः पर्यायताशङ्कां वारयन् व्याचष्टे—कामः फलाभिलाषः, रागो योषित्पुरुषयोरन्योऽन्यासक्तिरिति । बलमत्र न शारीरम्, किन्तु मानसम्, तच्च न सात्त्विकम्, किन्तु तामसम्, स च दुराग्रह एव । तदेतदाह—बलं दुराग्रह इति । जनभयङ्करमिति । जनानामनर्थावहमिति यावत् ॥ ५ ॥

भूम्यादीनामिति । देहात्मना परिणतं भूतवर्गमिति भावः । उपलक्षकं चैतत्करणानाम् । कर्षयन्त इत्यस्य तात्पर्यार्थमाह—कृशमित्यादि । मदाज्ञोल्लङ्घनेनेति । मदाज्ञोल्लङ्घनमेव मम कर्षणमिति यावत् ॥ ६ ॥

आहारादीनामिति । आहारविवेकस्य विविक्ताहारसेवनद्वारा गुणवर्धकत्वेनाहारत्रैविध्यमाहेत्यर्थः । सर्वस्य जातमात्रस्य प्रियो य आहारः, सोऽपि त्रिविधो भवतीत्यन्वयः॥

सत्त्वशब्देन विवक्षितमर्थमाह—तत्कार्यं ज्ञानमत्रेति । चिरकालस्थायिन इति । भुक्ताः स्थिरपरिपाका भवन्तीत्यर्थः । शरीरं चिरकालं पुष्णन्तीति यावत् । एते सात्त्विकानां प्रियाः, सत्त्वोन्मेषहेतुतया सात्त्विकाश्च ॥ ८ ॥

सप्तस्वपि योज्य इति । समुचितषड्रससेवनं हि आयुरारोग्यावहम् । दुःखशोकौ भेदेन व्याचष्टे—दुखमित्यादिना ॥ ९ ॥

टीका-

यामाविति। एकयाममात्रातिक्रमे न दुष्यतीति भावः। देवगुरूच्छिष्टभोजनस्य शास्त्रविहितत्वादाह-देवगुर्वादिभ्योऽन्यदिति। अमेध्यशब्दार्थमाह-अपवित्रमिति। भावमाह-यज्ञानर्हमिति। तच्च सुरादि ॥ १० ॥

न केवलं विधितो दृष्टः, किन्तु विधितः कृतश्चेत्यभिप्रायेण व्याचष्टे-शास्त्रदृष्टेति। ननु फलमनभिसन्धाय प्रवृत्तिरेव नोपपद्यते, इत्यत्राह-ईश्वराराधनमेव फलमध्यवस्येति यावत् ॥ ११ ॥

फलमभिसन्धाय यत् क्रियते, यदपि दम्भार्थं क्रियते, इत्यन्वयः। यद्वा-फलमभिसन्धाय, दम्भं चानुषङ्गिकमभिसन्धाय यत् क्रियत इत्यन्वयः ॥ १२ ॥

विधिहीनमित्येतत् धर्मज्ञसमयतोऽप्यसिद्धमित्यस्योपलक्षकमित्यभिप्रायेण व्याचष्टे-सच्छास्त्रनिष्टेति। प्रमाणं हि धर्मज्ञसमयो वेदाश्च। येन प्रकारेण यज्ञः शास्त्रे विहितः, धर्मज्ञैर्वा विरचितः,तत्प्रकाररहितमिति यावत्। यथाशास्त्रदक्षिणाशून्यम्-विहितदक्षिणाशून्यम् ॥ १३ ॥

गुणभेदात्तपसस्त्रैविध्यमनुपदं वक्ष्यति, प्रथमं शारीरादिभेदेन त्रैविध्यमाह-देवेत्यादिना। सद्धर्मोपदेष्टेति। नित्यफलस्य धर्मस्य आत्मज्ञानादेरुपदेष्टेत्यर्थः। शास्त्रनिषिद्धेति। एतेन धर्मप्रजार्थमृतौ गमनमभ्यनुज्ञातं भवति। ब्रह्मचर्यम्-ब्रह्मचर्यव्रतं वा। यावत्तपःसमयं स्वदारतोऽपि वैमुख्यम्। अहिंसापदं व्याचष्टे—यज्ञादिष्वपीति। अहिंसाव्रतमिति यावत् ॥ १४ ॥

-अभयङ्करमिति। भयानावहमित्यर्थः। प्रियमप्यहितं वचनं हितमप्यप्रियं वचनं न वाच्यमत उच्यते-प्रियहितं च यत्। स्वाध्यायो वेदः, तन्मूलकानि शास्त्राणि च। तान्येतान्यभिप्रेत्याह-सच्छास्त्रेति ॥ १५ ॥

मनःप्रसादः-मनसः शुद्धत्वमिति। मनसः शुद्धिं विवृणोति-कामक्रोधेति। मुनेरिदं मौनम्, मननमिति। वाग्व्यापारोपरत्यापादकमननैकपरतालक्षणो मानसो व्यापार इति यावत्। अक्षोभो विषयान्तरैरिति। पूर्वं मनःशुद्धिरित्यनेन कामादिकलङ्कराहित्यमुक्तम्। भावशुद्धिरित्यनेन-भावस्य चित्तवृत्तेरात्मनि प्रवृत्तायाः संशुद्धिर्वृत्त्यन्तरासङ्कीर्णतालक्षणोच्यते इति भावः। इदमेवाह-आत्मेति ॥ १६ ॥

प्रकारान्तरेणेति। सत्त्वादिगुणभेदेनेत्यर्थः। युक्तैरिति। मय्येव युक्तचित्तैरित्यर्थः। इदमेवाह-मदाराधनसम्पन्नैरिति। उत्कृष्टया श्रद्धयेति। श्रद्धाया उत्कर्षश्च फलनिरपेक्षत्वेन। त्रिविधमिति। अफलाकाङ्क्षिभिर्यत् कायिकं वाचिकं मानसिकं वा कृतम्, तत् त्रिविधमपि तपः सात्त्विकमिति भावः ॥ १७ ॥

अन्तःकरणादर इति। "अयं महान् तपस्वी" इति परेषां स्वस्मिन् मानसमादरं सम्पादयितुमिति यावत्। मनोज्ञवाक्यैरादर इति। "अनुग्राह्या भवता वयम्, इदं भवनं पवित्रीक्रियताम्, इदमासनमलंक्रियताम्" इत्यादिप्रियमधुरवचनैः क्रियमाण आदर इति यावत्। अर्थलाभ इति। प्रणामप्रदक्षिणादक्षिणादिलाभ इति यावत्। तपसोऽस्थिरत्वं च फलत इत्याह-अस्थिरफलमिति। क्षणिकमिति। राजसेन तपसा यद्भवति फलम्, तत् दुःखप्रायमल्पसुखं क्षणविनाशि चेति भावः ॥ १८-१९ ॥

શ્લોકાર્થ-

હે પાર્થ ! શ્રદ્ધા વિનાનું હોમેલું, દાન આપેલું, તપ તપેલું અને બાકીનું પણ જે કાંઇ કરેલું કર્મ તે અસત્ એમ કહેવાય છે. અને તે કર્મનું ફળ મર્યા પછી તેમજ મર્યા પહેલાં આ લોકમાં પણ નથીજ મળતું. ॥ ૨૮ ॥

ઇતિ શ્રીમદ્ભગવદ્ગીતાસૂપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે શ્રીકૃષ્ણાર્જુન-સંવાદે શ્રદ્ધાત્રયવિભાગયોગો નામ સપ્તદશોઽધ્યાય : ॥ ૧૭ ॥

અષ્ટાદશોઽધ્યાયઃ—

શ્લોકાર્થ—

અર્જુન પૂછેછે-હે મહાબાહો ! હું સંન્યાસનું તત્ત્વ-યથાર્થ સ્વરૂપ જાણવા ઇચ્છું છું. અને હે હૃષીકેશ ! હે કેશિનિસૂદન ! ત્યાગનું તત્ત્વ પણ સંન્યાસથી ભિન્નપણે જાણવા ઇચ્છું છું ॥ ૧ ॥

ભાવાર્થ-

હવે-શ્રદ્ધા વિનાનું જે કરેલું કર્મ તેને નિન્દતાં કહે છે-

અશ્રદ્ધાથી--શ્રદ્ધા સિવાય અગ્નિમાં હોમેલું જે હવિ, શ્રદ્ધા વિનાનું જે બ્રાહ્મણાદિકને આપેલું વસ્ત્ર-અન્નાદિક વસ્તુ, શ્રદ્ધા સિવાય જે કરેલું તપ, તેમજ શ્રદ્ધા સિવાય જે કાંઇ બીજું કર્મ કરવામાં આવતું હોય, હે પાર્થ ! તે સઘળુંય અસત્ એ પ્રમાણે કહેવાય છે. અને તે આ લોકમાંય ફળ આપનારૂં થતું નથી. તેમ મરણ પામ્યા પછી લોકાન્તરમાં પણ ફળ આપનારૂં નથી થતું. ॥૨૮॥

ઇતિ શ્રી++++સદ્ગુરૂવર્ય શ્રીગોપાળાનન્દમુનિવિરચિતે શ્રીમદ્ભગવદ્ગીતા-ભાષ્યે સપ્તદશોઽધ્યાયઃ ॥૧૭॥

અષ્ટાદશોઽધ્યાયઃ—

ભાવાર્થ-

પૂર્વે સત્તરમા અધ્યાયમાં સાત્ત્વિકી, રાજસી અને તામસી એવી ત્રણ પ્રકારની શ્રદ્ધાએ યુકત પુરૂષનું સ્વરૂપ, એજ પ્રમાણે ત્રણ પ્રકારના આહારનું સ્વરૂપ અને ત્રણ પ્રકારના યજ્ઞ, તપ અને દાનનું સ્વરૂપ પણ કહી બતાવ્યું.

હવે—આ અઢારમા અધ્યાયમાં ત્યાગ અને સન્ન્યાસની એકાર્થતા, સત્ત્વાદિક ગુણભેદથી ત્યાગની ત્રિવિધતા, જ્ઞાન, કર્મ, બુદ્ધિ, ધૃતિ અને સુખ, એ સર્વની સત્ત્વાદિક ગુણોના ભેદને લીધે થયેલી ત્રિવિધતા, બ્રાહ્મણાદિક ચારેય વર્ણોના કર્મનો ભેદ, જ્ઞાનાદિક સાધનોએ સહિત ભગવાનમાં પરા ભકિત, તથા પરમેશ્વર પરબ્રહ્મને સર્વથા શરણે થવું તે રૂપ શરણાગતિ-પ્રપત્તિ પણ કહેવામાં આવે છે—

તેમાં પ્રથમ ત્યાગ અને સન્ન્યાસના સ્વરૂપને જાણવાની ઇચ્છાવાળો અર્જુન પૂછેછે—

अष्टादशोऽध्यायः-

भाष्यम्-

पूर्वं सप्तदशाध्याये त्रिविधश्रद्धायुक्तपुरुषस्वरूपम्, त्रिविधाहारस्वरूपम्, त्रिविधयज्ञतपोदानस्वरूपं चोक्तम्।

इदानीमस्मिन्नष्टादशाध्याये त्यागसन्न्यासयोरेकार्थता, सत्त्वादिगुणभेदैस्त्यागस्य त्रिविधता, ज्ञानकर्मबुद्धिधृतिसुखानां सत्त्वादिगुणभेदैस्त्रिविधता, ब्राह्मणादीनां चतुर्वर्णानां कर्मभिदा, ससाधना भगवत्पराभक्तिः, परमेश्वरशरणागतिश्चोच्यते।

त्यागसन्न्यासयोः स्वरूपं ज्ञातुकामोऽर्जुनः पृच्छति-सन्न्यासस्येति।

अर्जुन उवाच—

सन्न्यासस्य महाबाहो ! तत्त्वमिच्छामि वेदितुम्।
त्यागस्य च हृषीकेश ! पृथक्केशिनिषूदन ! ॥ १ ॥

हे महाबाहो ! महान्तौ बाहू यस्य, तत्सम्बुद्धौ। भक्तमनोरथदाने दीर्घभुजेत्यर्थः। हे हृषीकेश !-सर्वक्षेत्रज्ञेन्द्रियाणां नियामक ! हे केशिनिषूदन ! सन्न्यासस्य तत्त्वम्-यथार्थस्वरूपम्, वेदितुम्-ज्ञातुमिच्छाम्यहं कामये। त्यागस्य च पृथक्—सन्न्यासात् पृथक्त्वेन तत्त्वं वेदितुमिच्छामि ॥ १ ॥

श्रीभगवानुवाच—

काम्यानां कर्मणां न्यासं सन्न्यासं कवयो विदुः।
सर्वकर्मफलत्यागं प्राहुस्त्यागं विचक्षणाः ॥ २ ॥

काम्यानामिति। कवयः-केचित् पण्डिताः, काम्यानाम्-स्वर्गपुत्रादिकामनया कृतानाम्-"पुत्रकामो यजेत" "स्वर्गकामो यजेत" इत्यादिश्रुत्युक्तानां कर्मणाम्, न्यासम्-स्वरूपतस्त्यागम्, सन्न्यासं विदुर्जानन्ति। विचक्षणाः-केचन विशालबुद्धयः, सर्वकर्मफलत्यागम्-सर्वेषां नित्यनैमित्तिककाम्यानां कर्मणां फलत्यागं फलेच्छात्यागम्, त्यागं प्राहुर्वदन्ति। न तु स्वरूपतस्त्यागम् ॥ २ ॥

त्यागे पुनर्मतभेदं दर्शयन्नाह-त्याज्यमिति।

त्याज्यं दोषवदित्येके कर्म प्राहुर्मनीषिणः।
यज्ञदानतपःकर्म न त्याज्यमिति चापरे ॥ ३ ॥

શ્લોકાર્થ-

શ્રીભગવાન કહેછે-કેટલાક કવિ-પંડિતો કામ્ય કર્મના ત્યાગનેજ **સંન્યાસ** જાણેછે. અને કેટલાક વિચક્ષણ જ્ઞાની જનો સર્વ કર્મના ફળત્યાગને **ત્યાગ** એ પ્રમાણે કહેછે. ॥૨॥

કેટલાક સૂક્ષ્મ બુદ્ધિવાળા ડાહ્યા માણસો દોષવાળાં કર્મ ત્યાગ કરવાં એમ કહેછે. ત્યારે બીજાઓ કેટલાક એમ કહેછે કે-યજ્ઞ, દાન અને તપ એવાં એવાં કર્મ તો નજ તજવાં. ॥૩॥

હે ભરતસત્તમ ! તે ત્યાગના સમ્બન્ધમાં મારો નિશ્ચય સાંભળ ! હે પુરૂષવ્યાઘ્ર ! તે ત્યાગ તો ત્રણ પ્રકારનો વિગતવાર કહેલો છે. ॥ ૪ ॥

યજ્ઞ, દાન અને તપ, એવાં કર્મ તો તજવા લાયક નથી, માટે એ તો કરવાંજ. કેમકે-યજ્ઞ, દાન અને તપ, એ તો બધાં સૂક્ષ્મ બુદ્ધિવાળા મનુષ્યોને પણ પાવન કરનારાંજછે.॥

ભાવાર્થ-

અર્જુન કહે છે—નિજ ભકતોના મનોરથ પૂરા કરવામાં મોટા લાંબા ભુજવાળા હે પ્રભો ! અને વળી સર્વ ક્ષેત્રજ્ઞોનાં ઇન્દ્રિયોના અન્તરાત્માપણે નિયામકરૂપે રહેલા હે હૃષીકેશ ! અને હે કેશિનિષૂદન ! સન્ન્યાસનું તત્ત્વ-યથાર્થ સ્વરૂપ જાણવાને હું ઇચ્છું છું. અને ત્યાગનું પણ સન્ન્યાસથી પૃથક્પણે યથાર્થ સ્વરૂપ જાણવાને ઇચ્છું છું. ॥૧॥

શ્રી ભગવાન કહે છે-કવિઓ-કેટલાક પંડિતો, કામ્ય-સ્વર્ગ-પુત્રાદિક ફળની કામનાથી કરેલાં. અને જે—"પુત્રની કામનાવાળો યજ્ઞ કરે." "સ્વર્ગની કામનાવાળો યજ્ઞ કરે." ઇત્યાદિક શ્રુતિઓએ કહેલાં કર્મનો, ન્યાસ—સ્વરૂપથીજ ત્યાગ કરવો, અર્થાત્—એ સઘળાં કર્મ મૂળગાં છોડી દેવાં, તેને સન્ન્યાસ એ પ્રમાણે જાણે છે. અને કેટલાક વિચક્ષણ—વિશાળ બુદ્ધિવાળા જ્ઞાની જનો છે, તે તો સર્વ-નિત્ય, નૈમિત્તિક અને કામ્ય, એ સઘળાં કર્મના ફળની ઇચ્છાનોજ ત્યાગ કરવો, એજ ત્યાગ છે એમ કહે છે. પરન્તુ-નહિ કે સ્વરૂપથીજ સમૂળગો ત્યાગ કરવો. ॥ ૨ ॥

હવે-ત્યાગની બાબતમાં મતભેદ કહી બતાવતાં કહે છે—

કેટલાક ઝીણી બુદ્ધિવાળા ડાહ્યા મનુષ્યો હિંસા આદિક દોષે યુકત યજ્ઞાદિક કર્મ ત્યાગ કરવા યોગ્ય છે. એમ કહે છે. અથવા કર્મજ દોષની માફક તજી દેવા જેવાં છે એમ અર્થ કરવો. ત્યારે બીજા કેટલાક ડાહ્યા માણસો યજ્ઞ, દાન કે તપ, એવાં સત્કર્મ તો કરવાં, પણ તજી દેવા જેવાં નથી એમ કહે છે. ॥ ૩ ॥

હવે-ત્યાગની બાબતમાં પોતાનો નિશ્ચય કહી જણાવે છે—

ભરત કુળમાં જન્મેલાઓમાં સર્વશ્રેષ્ઠ હે અર્જુન ! તે પૂર્વે કહેલા ત્યાગમાં મેં કહેલો મારો પોતાનો નિશ્ચય સાંભળ ! પુરૂષોમાં વાઘ જેવા શૂરવીર હે અર્જુન ! કર્મનો ત્યાગ ત્રણ પ્રકારનો વિગતવાર રૂડે પ્રકારે કહેલો છે, નિશ્ચેજ. ॥ ૪ ॥

તેમાં પ્રથમ ત્યાગનો પ્રકાર કહે છે—

યજ્ઞ, દાન અને તપ, એ વિગેરે સઘળાં સત્કર્મ તો કરવાંજ-કરવા યોગ્યજ છે. તે યજ્ઞાદિક કર્મ ત્યાગ કરવા યોગ્ય નથી, કારણ કે-યજ્ઞ, દાન કે તપ, એ વિગેરે સઘળાં

भाष्यम्-

एके मनीषिणः। दोषवत्—हिंसादिदोषयुक्तं यज्ञादिकम्, कर्म त्याज्यमिति प्राहुर्वदन्ति। दोषवत्-दोष इवेति वा। अपरे मनीषिणश्च। यज्ञदानतपः कर्म कर्तव्यम्, न त्याज्यमिति प्राहुः॥ ३॥

त्यागे निश्चयं वदति-निश्चयमिति।

निश्चयं शृणु मे तत्र त्यागे भरतसत्तम!।
त्यागो हि पुरुषव्याघ्र! त्रिविधः सम्प्रकीर्तितः॥ ४॥

हे भरतसत्तम!-भरतकुलोत्पन्नेषु श्रेष्ठ!। तत्र-पूर्वोक्ते त्यागे, मे मयोच्यमानं निश्चयं शृणु?। हे पुरुषव्याघ्र! त्यागः-कर्मणां त्यजनम्, त्रिविधः-त्रिप्रकारः, सम्प्रकीर्तितः-सम्यक् कथितः। हि निश्चितम्॥४॥

तत्रादौ त्यागप्रकारं वदति-द्वाभ्याम्।

यज्ञदानतपः कर्म न त्याज्यं कार्यमेव तत्।
यज्ञो दानं तपश्चैव पावनानि मनीषिणाम्॥
एतान्यपि तु कर्माणि सङ्गं त्यक्त्वा फलानि च।
कर्तव्यानीति मे पार्थ! निश्चितं मतमुत्तमम्॥ ५-६॥

यज्ञेति। यज्ञः, दानं तपश्च, एतत्प्रभृति सत्कर्म, कार्यमेव-कर्तुं योग्यमेवास्ति। तत्-यज्ञादि कर्म न त्याज्यम्। चो हेतौ, यस्मात् यज्ञदानतपःप्रभृतीनि सत्कर्माणि, मनीषिणाम्-मनोनियामकबुद्धियुक्तानां नराणाम्। पावनान्येव-अन्तःकरणशुद्धिकराण्येव सन्ति॥

एतानीति। तु शब्दस्तानि यज्ञादीनि कर्माणि कर्तव्यानि वा न कर्तव्यानीति शङ्कानिरासार्थः। एतान्यपि—यज्ञादीन्यपि कर्माणि तु। सङ्गम्-कर्मणि ममत्वम्, फलानि-स्वर्गपुत्रादीनि च, त्यक्त्वा-परित्यज्य। भगवत्प्रसन्नतार्थं प्रतिदिनं यावज्जीवं च मोक्षेच्छुभिः कर्तव्यानि। हे पार्थ! इत्यमुना प्रकारेण मे मया निश्चितम्-निश्चित्योक्तम्। मतं सिद्धान्तम्, उत्तमं श्रेष्ठं भवति। तथा च श्रुतिः—"कुर्वन्नेवेह कर्माणि जिजीविषेच्छतं समाः" इति॥ ५-६॥

अथ त्यागस्य त्रैविध्यं वदति-त्रिभिः।

नियतस्य तु सन्न्यासः कर्मणो नोपपद्यते।
मोहात्तस्य परित्यागस्तामसः परिकीर्तितः॥ ७॥

શ્લોકાર્થ-

અને આ સઘળાંય કર્મ પણ હે પાર્થ ! સંગ--આસકિત અને ફળની આશા પણ છોડી દઇનેજ કરવાં. એમ મારો ઉત્તમ નિશ્ચિત મત-અભિપ્રાય છે. ॥ ૫-૬ ॥

નિયત-અવશ્ય પ્રાપ્ત કર્મનો તો ત્યાગ કરવો ઘટતોજ નથી.અને જો મોહથી-વિપરીત સમઝણથી તેનો પરિત્યાગ કરેછે.તો તે તામસ-અધોગતિ આપનારો ત્યાગ કહેલો છે.॥૭॥

કર્મ તો દુ:ખરૂપજ છે. એમ જાણીને શરીરકલેશના ભયથી જે કર્મનો ત્યાગ કરેછે. તે પુરૂષ એવો રાજસ ત્યાગ કરીને ત્યાગના ફળને નથી પામતો.એ ત્યાગનો કાંઇ અર્થજ નથી. ॥ ૮ ॥

ભાવાર્થ-

સત્કર્મ મનને કાબુમાં રાખનારી સૂક્ષ્મ બુદ્ધિવાળા મનુષ્યોને પાવન કરનારાં છે. એટલે કે-અન્તઃકરણની શુદ્ધિ કરનારાંજ છે. ।

આ શ્લોકમાં રહેલો "તુ" શબ્દ તે યજ્ઞાદિક સઘળાં કર્મ કરવા યોગ્ય છે કે નહિ, એવી શંકાના નિરાસને માટેજછે. અર્થાત્ કરવા યોગ્યજછે. હવે-એ કરવા યોગ્ય યજ્ઞાદિક કર્મ પણ સંગ એટલે કર્મ કરવામાં મમત્વ અને સ્વર્ગ-પુત્રાદિક ફળની ઇચ્છાઓ, એ સઘળાનો પરિત્યાગ કરીને ભગવાનની પ્રસન્નતા માટે દરરોજ-જીવિત પર્યન્ત મોક્ષની ઇચ્છાવાળા મુમુક્ષુઓએ કરવાંજ. હે પાર્થ ! આ કહ્યું એ પ્રકારે મેં નિશ્ચય કરીને કહેલો મારો મત-સિદ્ધાન્ત સર્વોત્તમ છે. તેજ પ્રમાણે શ્રુતિ પણ કહેછે-"આ લોકમાં કર્મ કરતા રહેતાંજ સો વરસ જીવવાની ઇચ્છા રાખે-રાખવી." ॥ ૫-૬ ॥

હવે-ત્રણ શ્લોકથી ત્યાગના ત્રણ પ્રકાર કહી બતાવે છે-

નિયત કર્મનો એટલે કે-અવશ્ય કર્તવ્યપણે કહેલા મારી આરધનારૂપ નિત્ય-નૈમિત્તિક સઘળા કર્મનો સન્ન્યાસ જે ત્યાગ તે "કર્મ છોડી દેનાર તારે શરીરનો નિર્વાહ પણ સિદ્ધ ન થાય." "યજ્ઞનું શેષ પ્રસાદીભૂત અન્નાદિક જમનારા સત્પુરૂષોજ સર્વ પાપ થકી મુકાય છે. અને જે પોતાને માટેજ અન્ન પકાવીને ખાય છે તે પાપી જનો તો કેવળ પાપજ ખાય છે." આમ પહેલાં કહી આવ્યા છીએજ. માટે નથી ઘટતો-યોગ્ય નથી. અને વિપરીત જ્ઞાનરૂપ મોહથી તે વર્ણાશ્રમસમુચિત કર્મનો જે પરિત્યાગ કરવો, તે તામસ ત્યાગ કહેલો છે. તમોગુણમાં રહીને એ ત્યાગ કરેલો હોવાથી અધોગતિ પમાડનારો છે. એમ અભિપ્રાય છે. ॥ ૭ ॥

હવે-રાજસ ત્યાગ કહે છે-

દ્રવ્ય સમ્પાદન કરવાના પ્રયાસથી અને નિયમોનું પાલન કરવાથી પોતાને દુઃખ કરનારૂં છે, એમ જાણીને શરીરકલેશના ભયથી જે શાસ્ત્રવિહિત વર્ણાશ્રમોચિત યજ્ઞ, તપ અને દાનાદિક સત્કર્મનો જે પુરૂષ ત્યાગ કરેછે. તેનો ત્યાગ રાજસ ત્યાગ છે. અને તે ત્યાગ કરનારો પુરૂષ તે રાજસ ત્યાગ કરીને તે ત્યાગનું જ્ઞાનનિષ્ઠારૂપ ફળને નજ પામે. ॥૮॥

હવે-સાત્વિક ત્યાગ કહે છે--

હે અર્જુન ! "નિયત-અવશ્ય કર્તવ્યપણે કહેલું છે. માટે કરવુંજ જોઇએ" એમ

भाष्यम्-

नियतस्येति। नियतस्य-अवश्यं कर्तव्यतयोक्तस्य मदाराधनरूपस्य नित्यनैमित्तिकस्य, कर्मणस्तु। सन्न्यासः-त्यागः, "शरीरयात्रापि च ते न प्रसिद्धयेदकर्मणः" इति। "यज्ञशिष्टाशिनः सन्तो मुच्यन्ते सर्वकिल्बिषैः। भुञ्जते ते त्वघं पापा ये पचन्त्यात्मकारणात्" इति चोक्तमेव प्राक्। नोपपद्यते-न घटते। मोहात्-विपरीतज्ञानात्, तस्य वर्णाश्रमोचितस्य कर्मणः, यः परित्यागः, स तामसः—तामससंज्ञः, त्यागः, परिकीर्तितः-कथितः, तमोगुणनिष्ठत्वादधोगतिप्रद इत्यभिप्रायः ॥ ७ ॥

अथ राजसं त्यागं वदति-दुःखमिति।

दुःखमित्येव यत्कर्म कायक्लेशभयात्त्यजेत्।
स कृत्वा राजसं त्यागं नैव त्यागफलं लभेत् ॥ ८ ॥

दुःखम्-द्रव्यार्जनायासेन नियमपालनेन च स्वस्य दुःखकरमिति ज्ञात्वा। कायक्लेशभयात्-देहदुःखभीतिमालम्ब्य, यत्-शास्त्रविहितं वर्णाश्रमोचितं यज्ञतपोदानादिकं सत्कर्म, यो नरस्त्यजेत्। तस्य त्यागो राजसोऽस्तीति शेषः। स पुरुषस्तं राजसं त्यागं कृत्वा। त्यागफलम्-त्यागस्य ज्ञाननिष्ठारूपं फलं नैव लभेत् ॥ ८ ॥

अथो सात्त्विकं त्यागं वदति-कार्यमिति।

कार्यमित्येव यत्कर्म नियतं क्रियतेऽर्जुन!।
सङ्गं त्यक्त्वा फलं चैव स त्यागः सात्त्विको मतः ॥९॥

हे अर्जुन! नियतम्-अवश्यं कार्यं कर्तव्यतया विहितमिति ज्ञात्वा, सङ्गम्-कर्मसु ममत्वम्, फलं च स्वर्गपुत्रादिकं त्यक्त्वैव परित्यज्यैव, जनैर्यत्कर्म क्रियते, स त्यागः सात्त्विको मतः, सत्त्वगुणमूलत्वान्मोक्षप्रद इत्यभिप्रायः ॥ ९ ॥

सत्त्वगुणयुक्तस्य त्यागिनः स्वभावं वदति-नेति।

न द्वेष्ट्यकुशलं कर्म कुशले नानुषज्जते।
त्यागी सत्त्वसमाविष्टो मेधावी छिन्नसंशयः ॥ १० ॥

सत्त्वसमाविष्टः-एवं सत्त्वगुणसम्पन्नः, अत एव मेधावी-यथा-

શ્લોકાર્થ–

કર્મ કરવુંજ જોઇએ એમ સમઝીને હે અર્જુન ! જે નિયત કર્મ કર્યા કરેછે. અને તેમાં સંગ–આસક્તિ અને ફળ પણ છોડી દઇને કરેછે. તો તે સાત્ત્વિક ત્યાગ માનેલો છે. ॥૯॥

સત્ત્વગુણે સમ્પન્ન, યથાર્થ સમઝણવાળો અને સન્દેહ વિનાનો–નિઃસંશય, કર્મફળ ત્યાગ કરનારો પુરૂષ અકુશળ કર્મનો દ્વેષ નથી કરતો તેમ કુશળ કર્મમાં આસકત પણ થતો નથી. ॥ ૧૦ ॥

કારણ કે–દેહધારીઓએ સર્વથા તો કર્મ છોડી શકાતાંજ નથી. માટે જે કર્મના ફળનો ત્યાગ કરેછે. એજ ખરો ત્યાગી એમ કહેવાય છે. ॥ ૧૧ ॥

કર્મફળનો ત્યાગ નહિ કરનારાઓને અપ્રિય, પ્રિય, અને પ્રિય–અપ્રિય–મિશ્ર, એવાં ત્રણ પ્રકારનાં ફળ મરીને ભોગવવાં પડે છે. પરન્તુ—જે કર્મફળનો ત્યાગ કરનારા છે. તેમને તો કયારેય એવું ફળ ભોગવવાનું હોતુંજ નથી. ॥ ૧૨ ॥

ભાવાર્થ—

જાણીને કર્મમાં મમત્વરૂપ સંગ અને સ્વર્ગ–પુત્રાદિક ફળેચ્છાનો પણ પરિત્યાગ કરીનેજ મનુષ્યોએ જે કર્મ કરાય છે. તે ત્યાગ સાત્ત્વિક ત્યાગ માનેલો છે. સત્ત્વગુણમૂળક હોવાથી મોક્ષ આપનારો એ ત્યાગ છે. એમ અભિપ્રાય છે. ॥ ૯ ॥

સત્ત્વગુણયુકત ફળત્યાગીનો સ્વભાવ કહે છે—

આ પ્રમાણે સત્ત્વ-ગુણે સમ્પન્ન અને એથીજ યથાવસ્થિત વસ્તુજ્ઞાનથી સમ્પન્ન ઝીંણી બુદ્ધિવાળો અને એથીજ સંશય વિનાનો યજ્ઞાદિક સત્કર્મના ફળનો ત્યાગ કરનારો મુમુક્ષુ જન પુત્ર–દ્રવ્યાદિક વસ્તુઓની હાનિ કરનારા દુઃખોત્પાદક કર્મનો નથી દ્વેષ કરતો, તેમજ પુત્ર–ધનાદિક વસ્તુઓ દ્વારા સુખ કરનારા કર્મમાં નથી આસકત થતો. આવા સ્વભાવથી સાત્ત્વિક ત્યાગીને જાણવો—ઓળખવો. ॥ ૧૦ ॥

હવે–વર્ણાશ્રમને સમુચિત કર્મની અવશ્ય-કર્તવ્યતા કહે છે–

કરણ–કલેવર ધારનારા જનોએ સમગ્રપણે તો કર્મનો ત્યાગ કરવાને, એટલે કે–“કોઇ પણ પ્રાણી કયારેય પણ કર્મ કર્યા સિવાય એક ક્ષણ પણ રહી શકતોજ નથી.” ઇત્યાદિક વચનોથી કહેવા પ્રમાણે દેહધારણમાં ઉપયોગી અશન–પાનાદિક કર્મ ત્યાગ કરવાને જે કારણથી અશકય છે–બની શકે તેવુંજ નથી. માટે જે જન તો યજ્ઞ, તપ કે દાન વિગેરે સઘળાં સત્કર્મના ફળનો ત્યાગી હોય, અર્થાત્–સઘળાં સત્કર્મ મારી પ્રસન્નતા માટેજ કરવામાં આવતાં હોવાથી તે સિવાયના બીજા ફળમાત્રની ઇચ્છાનો ત્યાગ કરવાના સ્વાભાવવાળો હોય, તેજ ખરો ત્યાગી એમ કહેવાય છે. ॥ ૧૧ ॥

હવે–કર્મના ફળમાં આસક્તિ છોડી દેવામાં ફળ કહે છે–

કર્મનું એટલે કે–શુભ, અશુભ, અને શુભ–અશુભ–મિશ્ર, એવા ત્રણ પ્રકારના કર્મનું, નરક પ્રાપ્તિ વિગેરે અપ્રિય ફળ, સ્વર્ગાદિક પમાડનારૂં પ્રિય ફળ અને મધ્યમ-માનવ લોકને પમાડનારૂં પ્રિય—અપ્રિય મિશ્ર ફળ, આ પ્રમાણેનું ત્રણ પ્રકારનું ફળ, કર્મના ફળમાં આસકિત રાખનારા અત્યાગી પુરૂષોનેજ મરણ થયા પછી પ્રાપ્ત થાય છે.

भाष्यम्-

वस्थितवस्तुज्ञानसम्पन्नः, अत एव छिन्नसंशयः-विगतसन्देहः, त्यागी-यज्ञादिसत्कर्मफलत्यागवान् मुमुक्षुजनः, अकुशलम्-दुःखजनकं पुत्रधनादिहानिकरं कर्म, न द्वेष्टि। कुशले--पुत्रधनादिसुखकरे कर्मणि, नानुषज्जते-आसक्तो न भवति। अनेन स्वभावेन सात्त्विकत्यागी ज्ञातव्यः ॥ १० ॥

वर्णाश्रमोचितकर्मणामवश्यकर्तव्यतां वदति-न हीति।

न हि देहभृता शक्यं त्यक्तुं कर्माण्यशेषत।
यस्तु कर्मफलत्यागी स त्यागीत्यभिधीयते ॥ ११ ॥

देहभृता-करणकलेवरसंयुक्तेन जनेन, अशेषतः-समग्रतया, कर्माणि त्यक्तुं "न हि कश्चित् क्षणमपि जातु तिष्ठत्यकर्मकृत्" इत्याद्युक्तप्रकारेण देहधारणसम्पादकान्यशनपानादीनि कर्माणि परिहातुम्, हि यस्मात्, न शक्यम्-न शक्यानि। तस्मात् यस्तु कर्मफलत्यागी-कर्मणां यज्ञतपोदानादीनां सत्कर्मणां फलत्यागी-मत्प्रसन्नतायै क्रियमाणत्वात्तदितरफलत्यागशीलः, स त्यागीत्यभिधीयते-कथ्यते ॥ ११ ॥

कर्मफलसङ्गत्यागे फलं वदति-अनिष्टमिति।

अनिष्टमिष्टं मिश्रं च त्रिविधं कर्मणः फलम्।
भवत्यत्यागिनां प्रेत्य न तु सन्न्यासिनां क्वचित् ॥१२॥

कर्मणः-शुभस्य, अशुभस्य च, शुभाशुभमिश्रस्य च, अनिष्टम्-अप्रियं नरकगमकम्, इष्टम्-प्रियं स्वर्गादिप्रापकं च, मिश्रम्-प्रियाप्रियमिश्रं मध्यमलोकगमकं च, एवम्भूतं त्रिविधं फलम्, अत्यागिनाम्-कर्मफलसङ्गिनां पुंसामेव। प्रेत्य-मरणानन्तरम्, भवति। सन्न्यासिनां तु-कर्मफलत्यागिनां तु, क्वचित्—कुत्रचिदिहामुत्र च, त्रिविधं कर्मफलं न भवति। अत्र त्यागिनामिति स्थाने सन्न्यासिनामिति निर्देशात् सन्न्यासत्यागयोरनन्यार्थतोक्ता। उक्तं च प्रागपि-"अनाश्रितः कर्मफलं कार्यं कर्म करोति यः। स सन्न्यासी च योगी चे"ति ॥१२॥

जीवात्मनः कर्माणि कर्तृत्वाभिमाननिवृत्तये कर्मणो हेतुपञ्चकमाह-त्रिभिः।

શ્લોકાર્થ-

હે મહાબાહો ! હવે સઘળા કર્મની સિદ્ધિને માટે આ પાંચ કારણો કર્મનો અન્ત લાવવાની યુક્તિ શીખવનાર સાંખ્ય શાસ્ત્રમાં કહેવામાં આવ્યાં છે, તેને મારા થકી તું સમજ.॥

અધિષ્ઠાન–શરીરરૂપ સ્થાન, કર્તા–જીવાત્મા, જુદા જુદા પ્રકારનાં કરણ–મન અને ઇન્દ્રિયો, અનેક પ્રકારની ચેષ્ટા–વ્યાપાર અને એમાં પાંચમું દૈવ–ફળદાતા ભગવાન.॥૧૪॥

માણસ શરીર, વાણી અને મનથી જે કઇ સારૂં કે ખોટું કર્મ આરંભે છે. તેમાં આ અધિષ્ઠાનાદિક પાંચ હેતુઓ–કારણો છે. ॥ ૧૫ ॥

ભાવાર્થ-

અને કર્મના ફળની ઇચ્છા નહિ રાખનારા સંન્યાસી જનોને તો કયારેય-આ લોકમાં કે પરલોકમાં ત્રણેય પ્રકારના કર્મનું ફળ નથી થતું. અહીંઆં ત્યાગી એ શબ્દને સ્થાને સન્યાસી એવો શબ્દ કહેલો છે. તેથી સન્યાસ અને ત્યાગ એ બન્નેની અનન્યાર્થતા–એકાર્થતાજ કહેલી છે. અને પ્રથમ પણ કહ્યું છે–"કર્મના ફળને નહિ આશરતાં કરવા યોગ્ય કર્મ જે કર્યા કરેછે તેજ સન્યાસી છે. અને યોગી–ત્યાગી પણ તેજ છે." એમ ॥

જીવાત્માને કર્મમાં કર્તાપણાના અભિમાનની નિવૃત્તિ માટે કર્મમાં પાંચ હેતુઓ કહી બતાવે છે—

હે મહાબાહો! કર્મમાત્રની સિદ્ધિને માટે, કર્મની સમાપ્તિ જ્ઞાનદ્વારા જેમાં થઇ જાય છે, એવું પરબ્રહ્મ પરમાત્માના સ્વરૂપને યથાર્થ બોધદ્વારા પ્રકાશ કરનારૂં જે સાંખ્યશાસ્ત્ર, તેમાં કહેલાં પાંચ કારણો મેં કહેવા માંડેલાં તેને મારા વાકયથી તું જાણ!–સમજ ! ॥૧૩॥

કયાં તે પાંચ ? તે કહે છે—

જેમાં જીવાત્મા એકરૂપ થઇને નિવાસ કરે છે એવું પૃથિવ્યાદિક પંચભૂતના સમુદાયરૂપ શરીર, તથા કર્મનો કર્તા ક્ષેત્રજ્ઞ જીવાત્મા, જીવાત્માનું કર્તાપણું અને જ્ઞાતાપણું વ્યાસસૂત્રમાં કહ્યું છે–" એથીજ એ જ્ઞાતા છે " " એ કર્તા છે. શાસ્ત્રમાં કહેલો અર્થ–પુરૂષાર્થ એને છે માટે" "કર્મ અને કર્તા એમ જુદો જુદો વ્યપદેશ છે માટે પણ" । જુદા જુદા પ્રકારનું કરણ–મને સહિત ઇન્દ્રિયોનો સમૂહ અને નાના પ્રકારની જુદી જુદી ચેષ્ટા એટલે કે–દેહ ઇન્દ્રિયો આદિકનો નિર્વાહક અને પ્રાણ–અપાનાદિક ભેદોએ યુકત એવા વાયુના જુદા જુદા વ્યાપારો અને આ કર્મના કારણસમૂહમાં દૈવ–પરમ્બ્રહ્મ સર્વાન્તર્યામી એવો હું પાંચમું કર્મની ઉત્પત્તિમાં–સિદ્ધિમાં કારણ છું.॥૧૪॥

હવે–સર્વ કર્મમાં તે પાંચેયનું સ્પષ્ટપણે કારણત્વ કહી બતાવે છે—

દેહધારી માણસ શરીર, વાણી વિગેરે ઇન્દ્રિયો અને મન આ બધાંની સાથે મળીને ન્યાયવાળું કે તેથી વિપરીત–અન્યાયવાળું જે જે કર્મ આરંભેછે–કરેછે. તે સઘળા કર્મનાં આ શરીર આદિક પાંચ કારણો છે. તેમાં શરીર જીવાત્માના અધિષ્ઠાન–આધારરૂપે કર્મમાં હેતુ થાય છે. જીવાત્મા પોતે કર્મના કર્તાપણે હેતુ થાય છે. મને સહિત ઇન્દ્રિયોનો સમૂહ કરણ-સાધનરૂપે કર્મમાં હેતુ થાય છે. વાયુ નાના પ્રકારના અનેક વ્યાપાર-હલન-ચલનાદિક ચેષ્ટાઓ ઉત્પન્ન કરવાદ્વારા કર્મમાં હેતુ થાયછે, અને પાંચમું દૈવ- સર્વના અન્તર્યામિપણે

भाष्यम्-

पञ्चैतानि महाबाहो! कारणानि निबोध मे।
सांख्ये कृतान्ते प्रोक्तानि सिद्धये सर्वकर्मणाम् ॥१३॥

पञ्चेति। हे महाबाहो! सर्वकर्मणां सिद्धये निष्पत्तये, कृतान्ते-कृतस्य कर्मणोऽन्तः समाप्तिर्यस्मिंस्तस्मिन्, सांख्ये-सम्यक्ख्यायते ज्ञायते परम्ब्रह्मानेनेति संख्यं, तदेव सांख्यं तस्मिन्, परमात्मबोधके शास्त्रे, प्रोक्तानि गदितानि। पञ्च कारणानि। मे मया वक्ष्यमाणान्येतानि। मम वाक्यान्निबोध!-त्वं जानीहि! ॥ १३ ॥

कानि तानि पञ्च?। आह—

अधिष्ठानं तथा कर्ता करणं च पृथग्विधम्।
विविधा च पृथक्चेष्टा दैवं चैवात्र पञ्चमम् ॥१४॥

अधिष्ठानमिति। अधिष्ठानम्-अधितिष्ठति निवसति जीवात्मा अस्मिंस्तत्, पृथिव्यादिभूतसमुदायरूपं शरीरम्। तथा कर्ता-क्षेत्रज्ञो जीवात्मा। जीवात्मनः कर्तृत्वं ज्ञातृत्वं चोक्तं व्याससूत्रे—"ज्ञोऽत एवे"ति। "कर्ता शास्त्रार्थवत्त्वात्" इति। "कर्मकर्तृव्यपदेशाच्चे"ति च। पृथग्विधम्-पृथक्प्रकारम्, करणं च—मनसा सहितमिन्द्रियवृन्दं च। विविधा च नानाविधा पृथक्चेष्टा च, देहेन्द्रियनिर्वाहकस्य प्राणापानादिभेदैः संयुक्तस्य वायोः पृथक्पृथग्व्यापाराः। अत्र कर्मकारणवृन्दे, दैवम्-परम्ब्रह्म सर्वान्तर्याम्यहं, पञ्चमं कर्मोत्पत्तौ कारणम् ॥१४॥

सर्वकर्मणि तेषां स्पष्टतया कारणत्वं दर्शयति-शरीरेति।

शरीरवाङ्मनोभिर्यत् कर्म प्रारभते नरः।
न्याय्यं वा विपरीतं वा पञ्चैते तस्य हेतवः ॥१५॥

नरो देही, शरीरवाङ्मनोभिः-शरीरं देहश्च, वाक्-वाणीप्रभृतीन्द्रियाणि च, मनश्च, तैः सह मीलित्वा। न्याय्यम्—न्यायादनपेतम्, विपरीतम्-न्यायवर्जितं वा, यत् कर्म प्रारभते करोति। द्वितीयो वा-शब्दश्चार्थे, तस्य कर्मणश्च, एते-शरीरादयः, पञ्च हेतवः-कारणानि। तत्र शरीरं जीवात्मनोऽधिष्ठानतया कर्महेतुः। जीवात्मा च स्वयं कर्तृतया कर्महेतुः, समनस्केन्द्रियनिकरश्च करणतया कर्महेतुः। वायुश्च

टीका-

ईश्वरप्रसन्नतायै इति। अनभिसन्धाय फलं दातव्यमित्येव दीयते, ईश्वरस्तु प्रसीदतीति विवेकेनेति यावत्। प्रत्युपकाररहितायेति। प्रत्युपकारनिरपेक्षमिति भावः।

अयमत्र भावः-दातव्यमित्येव यद्दीयते, न त्वामुष्मिकं फलमपेक्ष्य। तच्चानुपकारिणे-प्रत्युपकारलेशमपि कर्तुमसमर्थाय तन्निरपेक्षम्। तच्च देशे-दुर्भिक्षाद्युपहते। काले-आपत्काले, पात्रे-दरिद्राय। तद्दानं सात्त्विकमिति कथ्यते इति॥ २०-२२॥

भगवद्वाचकानामिति। ओमिति ब्रह्मणो नाम, तदितिशब्दैक्यसमधिगम्यत्वात्, सर्वत्र ततत्वाच्च ब्रह्मणो नाम। कालतो देशतो वस्तुतश्च परिच्छेदरहिततया सर्वप्रकारेणास्तित्वाववोधकः सच्छब्दोऽपि ब्रह्मणो नाम। ओं तत्सदिति मिलितमेतन्निर्दिश्यमानं तस्यासाधारणं नाम। तेषां प्राशस्त्यमिति। वैदिकानां यज्ञादीनां कर्मणां स्मार्तेभ्यः कर्मभ्यः प्रकर्षमित्यर्थः। ओं तत्सदितिनिर्देशपूर्वकमारभ्यमाणं परिसमाप्यमानं वा कर्म वैदिकं स्मार्तेभ्यः कर्मभ्यः प्रशस्तमिति भावः।

यद्वा-प्राशस्त्यम्-साद्गुण्यमित्यर्थः। ओं तत्सदितिनिर्देशान्वयात्कर्मणां साद्गुण्यमित्यर्थः। यद्वा-प्राशस्त्यम्-सात्त्विकत्वरूपं ओं तत्सदिति परस्य ब्रह्मणो नाम निर्दिश्य तदर्थभावनपूर्वकं क्रियमाणं कर्म राजसतामसाभ्यां प्राशस्त्यं सात्त्विकत्वरूपं प्राप्नोतीति भावः।

तदेतदक्षरत्रयलक्षणं निर्देशं स्तौति-ब्राह्मणास्तेन वेदाश्चेति। तेन त्रिविधशब्देनेति। ओं तत्सदितिनिर्देशेनेत्यर्थः। ओं तत्सदितिनिर्देशार्हा विहिता इत्यर्थः। अधीयमाना वेदाः, अध्येतारो ब्राह्मणाः, वेदैर्विधीयमानानि च यज्ञादीनि कर्माणि, मया सर्गादौ तेन निर्देशेनोपलक्षिताः-तेन लक्ष्यमाणप्रकर्षा विहिता इति भावः। अनेनायं निर्देशः स्तुतो भवति॥

तत्रादाविति। अथ प्रत्येकमक्षरं स्तुवन् प्रथमं प्रणवं स्तौतीत्यर्थः। यस्मादेवमिति। प्रणव उत्कृष्ट इत्यर्थः। विधिना कथिता इति। विहिता इत्यर्थः। प्रवर्तन्ते इति। प्रणवोच्चारणपूर्वकं प्रवर्तन्ते इत्यर्थः॥ २३-२४॥

तच्छब्देनान्विता इति। तच्छब्दस्य परब्रह्मवाचिता श्रुतिप्रसिद्धिः सर्वतस्ततत्वं च प्रवृत्तिनिमित्तमवलम्ब्य बोध्यम्। तच्छब्देनोच्चार्यमाणेन परब्रह्मानुस्मरद्भिरफलाकाङ्क्षिभिः कर्म क्रियते इति यावत्॥ २५॥

अस्तित्वलक्षणे इति। त्रिविधपरिच्छेदरहिते परब्रह्मणि प्राधान्येन प्रवर्तमानः सदित्येष श्रौतो निर्देशः, लोकतोऽपि सति वर्तमानोऽसद्भावं व्यावर्तयन् प्रवर्तते इत्ययमप्यस्य विशेष इत्यर्थः। लोके घटः पट इत्यादयः शब्दा अननुगता न सर्वान्वयिनः, अयं तु सदिति निर्देशो वस्तुमात्रमन्वेतीत्येष विशेष इति यावत्। अपरश्चायं विशेषः-साधुपुरुषे, साधुकार्ये च, प्रवर्तते इति। साधुषु सत्पुरुषोऽयमिति भवति निर्देशः, योग्यं चेत्, तदानेन कृतं साधु इति प्रयुज्यते। यच्च प्रशस्तं लौकिकं कर्म तत्रापि सत्कर्मेति भवति निर्देश इति भावः। यच्चामुष्मिकफलाधायकं यज्ञादि क्रियते, यच्च यज्ञाद्यर्थं कर्म क्रियते, तत्रापि सच्छब्दः प्रवर्तते-सत्कर्मेदमिति भावः। एवं सच्छब्दः स्तुतो भवति।

एवं ओं तत्सदितिनिर्देशस्य स्तुत्या एतन्निर्देशकं क्रियमाणं कर्मैव साद्गुण्यमाप्नोति सात्त्विकतां चेति मुमुक्षुणा पुरुषेणैतदर्थानुसन्धानपूर्वकमेतन्निर्देशपूर्वकं च कर्म कार्यमित्युक्तं भवति॥ २६-२७॥

टीका-

अश्रद्धया कृतमसदनर्थायेति तत् परिहार्यमेवेत्याह-अश्रद्धयेत्यादिना ॥ २८ ॥

इति श्रीपरभक्तिसमाराध्यभगवत्सहजानन्दस्वामिपरमोपासक-सद्गुरुवर्य श्रीशुकानन्दमुनिविरचितायां श्रीमद्भगवद्गीताभाष्यटीकायां गीतागूढार्थदीपिकायां सप्तदशोऽध्यायः ॥ १७॥

अष्टादशोऽध्यायः—

पूर्वाध्यायसङ्गतिं दर्शयति-पूर्वमिति।

चरमोऽयमध्यायः-अतीतानामध्यायानां सारसङ्ग्रहरूपः प्रवर्तते। तत्र प्रतिपाद्यानर्थान्निर्दिशति-इदानीमित्यादिना।

त्यागसन्न्यासयोरेकार्थता-"निश्चयं शृणु मे तत्र" इत्यादिना। त्यागस्य त्रैविध्यम्-"मोहात्तस्य" इत्यादिना। ज्ञानादीनां त्रैविध्यम्-"ज्ञानं कर्म च" इत्यादिना। चतुर्णां वर्णानां कर्मभेदः-"ब्राह्मणे" त्यादिना। ससाधना भगवति परा भक्तिः-"बुद्ध्या विशुद्धया" इत्यादिना, "मन्मना भव" इत्यन्तेन। शरणागतिः-"सर्वधर्मान्" इत्यनेन।

त्यागसन्न्यासयोः स्वरूपमिति। त्यागः सन्न्यासश्चेति। तत्र ज्ञानसाधनं श्रूयते, किं तयोः स्वरूपम् अन्यत् अनन्यद्वेति संशयात् जिज्ञासेति भावः। पृथक्त्वेनेति। तैस्तैः पार्थक्यं प्रोच्यमानं मनस्यवधार्य तत्तज्जिज्ञासया तथा प्रश्नः। भगवांस्तु पार्थक्यं परेषामभिमतमुक्त्वा, स्वमतेनानन्यतामेव वक्ष्यति ॥ १ ॥

केचित् पण्डिता इति। केचिदित्यनेन स्वस्यानभिमतिस्तत्र गम्यते। मूले-कवय इति विचक्षणा इत्याभ्यां च द्वितीयपक्षे एव स्वस्य रुचिर्विज्ञायते। सन्न्यासं विदुः, श्रेयःसाधनं विदुरित्यर्थः। नित्यनैमित्तिककाम्यानामिति। नित्यानामपि फलमस्त्येव। श्रूयते हि-"सर्व एते पुण्यलोका भवन्ती"ति। त्यागं प्राहुरिति। श्रेयःसाधनं प्राहुरित्यर्थः ॥२॥

अनन्तरश्लोकमवतारयति-त्याज्य इति। पुनरिति। प्रकारान्तरेणेत्यर्थः। पूर्वं काम्यानां कर्मणां स्वरूपतस्त्यागः सन्न्यास इत्येकः पक्षो निरूपितः, इह तु कर्ममात्रस्य स्वरूपतस्त्यागः सन्न्यास इति ततो भेदः। स्वरूपतः कर्मणां त्यागो नैव कार्य इति हि द्वितीयः पक्षः। अयमेव स्वाभिमतः। हिंसादिदोषयुक्तमिति। ज्योतिष्टोमादिषु क्रियमाणानां पश्वालम्भनादिकर्मणां क्रत्वर्थत्वेनापुरुषार्थतया न हिंस्यादिति निषेधशास्त्रान्वयेनानर्थकतया दोषयुक्तमेव यज्ञादि कर्म। सर्वमेव कर्म दोषगुणमिश्रम्। अन्ततो व्रीह्यादिबीजोपमर्दस्त्वपरिहार्यः। तत् नैकमप्यदोषम्। बन्धकत्वं चास्ति दोषः। तन्मुमुक्षुणा सर्वमेव कर्म त्याज्यमिति भावः। अयं च पथः कापिलानां केषांचिद्वैदिकानां चाभिमतः। दोष इव वेति। मुमुक्षुणा रागादिर्दोषो यथा त्याज्यस्तथा कर्मापीति भावः। अपरे इति। प्राणिपीडनं क्रत्वर्थमपि क्रतोः पुरुषार्थतया पुरुषार्थत्वमवर्जनीमेव। तद्भवत्युत्सर्गापवादनयावतर इति मीमांसकाः। केषांचिदन्ततो व्रीह्यादिबीजोपमर्दकत्वे सत्यप्येतानि फलमनभिसन्धाय क्रियमाणानि चित्तशुद्धिकराण्यवश्यमनुष्ठेयान्येव मुमुक्षुणेति भावः॥३॥

निश्चयं वदतीति। स्वाभिप्रायं वदतीत्यर्थः। अयमाशयः-कर्माणि स्वरूपतस्त्याज्यानि, तत्र काम्यानीति केचित्, सर्वाण्यपीत्यपरे। अयं स्वरूपतस्त्यागपक्षः सन्न्यास-

टीका-

शब्देन कैश्चिद्व्यवह्रियते। अपरे प्राहुः—काम्यानि नित्यानि वा सर्वाण्येव फलसङ्गत्यागपूर्वकं कार्याण्येव। तत् फलत्याग एव तु त्याग इति। अनयोर्द्वयोः पक्षयोर्द्वितीयः पक्ष एव मम मतः। उपपत्तिपूर्वकं मम निश्चयं कथयामि शृणु इति॥ ४-६॥

त्रैविध्यं वदतीति। त्रैविध्यमुपपादयतीत्यर्थः। अवश्यकर्तव्यतयोक्तस्येति। नित्यनैमित्तिकानामिति यावत्।

अयम्भावः—यदा मुमुक्षा तदा काम्यानां न प्रसङ्गः, कामनापगमात्। यानि तु अग्निहोत्रादीनि यावज्जीवं विहितानि, तेषां त्यागस्तु नोपपद्यते। न हि मुमुक्षामात्रेण चित्तमात्मप्रणिधानसमर्थं भवति। अन्तःकरणनैर्मल्यसापेक्षं हि तत्। नैर्मल्यं चेश्वराराधनबुद्ध्या तैः क्रियमाणैः। अन्यथा तु शरीरयात्रापि नैव सिद्ध्येत्। यस्त्वात्मनैव तृप्तस्तस्य तु न शरीरयात्रार्थं कर्म, स हि गुणातीतः। तत् गुणवशगस्य कर्म नियतमेव। तत् काम्यकर्मणां त्यागेऽप्यन्यत् कर्तव्यमेव। तत् तस्य त्यागो नोपपद्यते। यस्तु तदपि बन्धकमिति मत्वा त्यजेत्, स तु त्यागो मोहकृत इति तामस एवेति॥ ७॥

वदतीति। निरूपयतीत्यर्थः। द्रव्यार्जनायासेनेति। अहोऽयं प्रयासः कथं यागोपकरणादिद्रव्यार्जनम्। तत् स्थिर एव स्थाने स्थित्वा ज्ञानाभ्यासायैव यतामहे, इति यः प्रवर्तते स न त्यागफलं लभेतेति भावः॥ ८॥

यत् कर्म क्रियते इति। कर्म क्रियते इति यदित्यन्वयः। सः—सङ्गफलत्यागः, सात्त्विकस्त्यागो मत इत्यर्थः॥ ९॥

सत्त्वगुणयुक्तस्य त्यागिन इति। सात्त्विकस्त्यागनिष्ठस्येति यावत्। दुःखजनकमिति। लोकतो दुःखाधायकमित्यर्थः। पुत्रधनादीति। पुत्रादिहान्याधायकं परैः कृतं कर्म न द्वेष्टि, नापि लाभाधायके परैः कृतेऽनुषज्जति। असङ्गो ह्येष इति यावत्।

यद्वा—वर्णत आश्रमतो वा प्राप्तेषु कर्मस्वंशतः पुण्येष्वंशतः पापेषु, कुशलमिति नाभिषङ्गः, अकुशलमिति न द्वेषः। नियतं कर्म कार्यमित्येव ह्येव करोति, न तु फलसङ्गेन। सोऽयमुदासीनवदासीनः करोति। तथा चास्य सात्त्विकस्त्यागनिष्ठस्य क्षोभावहेष्वप्यविकृतस्वभावत्वं लक्षणमुक्तं भवति॥ १०॥

वर्णाश्रमोचितकर्मणामिति। कर्मणां स्वरूपतस्त्यागस्यासम्भवं वदतीति यावत्। त्याज्यं दोषवदिति ये प्राहुस्तन्मतं निरस्यतीति भावः। समग्रतयेति। निरवशेषतयेत्यर्थः। एतेनेदमुक्तं भवति-सन्न्यासशब्देन कैश्चित् परिभाष्यमाणः कर्ममात्रस्य स्वरूपतस्त्यागो नैव घटेतेति॥ ११॥

कर्मफलसङ्गत्यागे इति। कर्मणो यत् फलं स्वर्गादि, यच्च मयेदं क्रियते, तदनयोस्त्यागे-फलकामनायाः कर्तृत्वाभिमानस्य च त्यागे, यत् फलं पुण्यपापान्वयलक्षणं तदन्वयव्यतिरेकाभ्यां निरूपयतीति भावः। शुभस्येति। जपादिलक्षणस्येत्यर्थः। अशुभस्येति। अभिचारादेरित्यर्थः। मिश्रस्येति। ज्योतिष्टोमादेरित्यर्थः। त्यागसन्न्यासयोरनन्यार्थतेति। यः सन्न्यासः सर्वकर्मणां स्वरूपतस्त्यागलक्षणः, स पक्षोऽनुपपन्न इति यः सात्त्विकस्त्यागोऽस्माभिरुक्तः, स एव सन्न्यासः, स एव च त्याग इति भावः॥ १२॥

कर्तृत्वाभिमाननिवृत्तये इति। अहमेवास्मि स्वतन्त्रः कर्तेत्यभिमाननिवृत्तये इत्यर्थः।

भाष्यम्-

विविधव्यापारजनकतया कर्महेतुः। दैवम्-सर्वेषामन्तर्यामितया स्थितं परम्ब्रह्माहं च, अधिष्ठानादिचतुर्णां नियामकतया कर्महेतुः। तथा च श्रुतिः—"य आत्मनि तिष्ठन्" "यश्चक्षुषि तिष्ठन्" इति ॥१५॥

कर्मणि हेतुभूतानां पञ्चानामुपर्युक्तप्रकारेण हेतुत्वमजानन् केवलमात्मानमेव यो जानाति स तु अज्ञः, दुर्मतिश्चेत्याह-तत्रेति।

तत्रैवं सति कर्तारमात्मानं केवलन्तु यः।

पश्यत्यकृतबुद्धित्वान्न स पश्यति दुर्मतिः ॥१६॥

तत्र-समग्रे कर्मणि, अधिष्ठानादयः पञ्च हेतवः, इत्येवं सति केवलमेकमात्मानं जीवात्मानम्, कर्तारं यः पश्यति, स दुर्मतिः, अकृतबुद्धित्वात्-सच्छास्त्रोक्तलक्षणसम्पन्नसत्पुरुषेभ्योऽशिक्षितबुद्धित्वात् कर्महेतुपञ्चकं न पश्यति-यथावस्थितं न जानातीत्यर्थः ॥१६॥

एवं कर्मणि हेतुपञ्चकमुक्त्वा, इदानीं मुमुक्षोः कर्मणि निर्लेपत्वं ब्रूते-यस्येति।

यस्य नाहंकृतो भावो बुद्धिर्यस्य न लिप्यते।

हत्वापि स इमांल्लोकान्न हन्ति न निबध्यते ॥१७॥

यस्य-मुमुक्षोः, अहंकृतः-अहङ्कारेण युक्तः, कर्तृत्वाभिनिवेशरूपो भावो मनोवृत्तिर्नास्ति। यस्य च मुमुक्षोर्बुद्धिः, कर्मणि कर्तृत्वाभिमानाभावात् तत्फले तन्ममत्वे च न लिप्यते, स इमानग्रे स्थितांल्लोकान्भीष्मदुर्योधनादीन्राजलोकान्समरे हत्वापि, न हन्ति, तदनन्तरं सङ्ग्रामे राजलोकहननरूपेण कर्मणा न निबध्यते-तेन कर्मणा बन्धनं न प्राप्नोतीत्यर्थः। अर्जुनमुद्दिश्येयमुक्तिः ॥ १७ ॥

अथेदानीं सत्त्वस्योपादेयतां ज्ञापयिष्यन्, कर्मविधेः कर्माश्रयस्य च त्रैविध्यमाह-ज्ञानमिति।

ज्ञानं ज्ञेयं परिज्ञाता त्रिविधा कर्मनोदना।

करणं कर्म कर्तेति त्रिविधः कर्मसङ्ग्रहः ॥ १८ ॥

ज्ञानम्-करणीयकर्मकर्तव्यताप्रकारवेदनम्, ज्ञेयम्-करणीयं कर्म च, परिज्ञाता-तस्य कर्मणो वेदिता चेति। त्रिविधा-तिस्रो विधाः-प्रकारा

શ્લોકાર્થ-

તેમાં આમ સ્પષ્ટ હોવા છતાં જે અશિક્ષિત બુદ્ધિવાળો હોવાથી દુર્મતિ માણસ કેવળ એકલા જીવાત્માનેજ કર્તા જુએછે-માનેછે. તો તે ખરૂં જોતો-જાણતો નથી. ॥૧૬॥

જે પુરૂષને અહંકૃત ભાવ નથી. અને જેની બુદ્ધિ સારા-નરસાથી લેપાતી નથી. તે પુરૂષ આ સઘળા લોકને મારીને-મારેછે.તોપણ તે મારતોય નથી અને બંધાતોય નથી.॥૧૭॥

જ્ઞાન, જ્ઞેય અને પરિજ્ઞાતા-જાણનારો, એમ ત્રણ પ્રકારે કર્મની નોદના-વિધિ છે. અને કરણ-સાધન, કર્મ અને કર્તા, એમ ત્રણ પ્રકારનો કર્મનો સંગ્રહ-નિરૂપણ છે. ॥૧૮॥

ભાવાર્થ-

રહેલો પરમ્બ્રહ્મ હું અધિષ્ઠાનાદિક ચારેયના નિયામકપણે કર્મનો હેતુ થાઉંછું. શ્રુતિ પણ કહે છે-" જે આત્મામાં રહે છે. " " જે ચક્ષુમાં રહે છે." ઇત્યાદિક. ॥ ૧૫ ॥

કર્મમાં હેતુભૂત પાંચેયનું ઉપર કહેવા પ્રમાણે હેતુપણું નહિ જાણતાં, કેવળ-એકલા આત્માનેજ જે હેતુ જાણેછે, તે તો અજ્ઞાની છે અને દુર્મતિ છે. એમ કહેછે-

સમગ્ર કર્મમાં-ક્રિયામાત્રમાં અધિષ્ઠાનાદિક પાંચેય હેતુ છે. તો એમ છતાં પણ કેવળ-એકલા આત્માને--જીવાત્માને કર્તા તરીકે જે જુએ છે. તે દુર્મતિ માણસ સચ્છાસ્ત્રમાં કહેલાં લક્ષણોએ સમ્પન્ન સત્પુરૂષો થકી અશિક્ષિત બુદ્ધિવાળો હોવાથી કર્મમાં હેતુભૂત પાંચયને નથી જોતો.અર્થાત્-યથાવસ્થિત-ખરેખરી રીતે નથી જાણતો.એ અર્થ છે.॥૧૬॥

આ પ્રમાણે કર્મમાં હેતુભૂત પાંચ છે, એમ કહીને હવે મુમુક્ષુને કર્મમાં નિર્લેપપણું કહે છે—

જે મુમુક્ષુ જનને અહંકારે યુક્ત કર્તાપણાના અભિનિવેશરૂપ ભાવ-મનોવૃત્તિ નથી. અને વળી જે મુમુક્ષુ જનની બુદ્ધિ કર્મમાં કર્તાપણાના અભિમાનના અભાવને લીધે તે કર્મના ફળમાં અને તે કર્મના મમત્વમાં પણ લેપાતી નથી. તે પુરૂષ આ આગળ-સામે રહેલા લોકોને-ભીષ્મદુર્યોધનાદિક રાજલોકોને સમરાંગણમાં મારી નાખીને પણ તે મારતોય નથી અને તે પછી સંગ્રામમાં રાજલોકોના હનનરૂપ કર્મથી બન્ધાતોય નથી. અર્થાત્-તે કર્મથી બન્ધન નથી પામતો એ અર્થ છે, આ વચન અર્જુનને ઉદ્દેશીને કહેવામાં આવ્યું છે. ॥ ૧૭ ॥

હવે—હમણાં સત્વગુણની ઉપાદેયતા-ગ્રાહ્યતા જણાવતાં કર્મવિધિ અને કર્મના આશ્રયનું ત્રિવિધપણું કહે છે-

જ્ઞાન-કરવા યોગ્ય કર્મની કર્તવ્યતાના પ્રકારનું જ્ઞાન, જ્ઞેય-કરવા યોગ્ય કર્મ અને પરિજ્ઞાતા-તે કર્મનો જાણનારો, આમ ત્રણ પ્રકાર જેમાં છે. એવી—વેદન, વેદિતવ્ય અને વેદિતાપણે કરીને ત્રણ પ્રકારે કર્મનોદના-કર્મનો વિધિ રહેલો છે. અને કરણ-યજ્ઞનાં સાધનભૂત દ્રવ્યાદિક વસ્તુઓ, યજ્ઞાદિક કર્મ અને તે કર્મનો કર્તા પુરૂષ, એ પ્રકારે ત્રણ પ્રકારનો કર્મનો સંગ્રહ રહેલો છે. ॥૧૮॥

भाष्यम्-

यस्यां सा। वेदनवेदितव्यवेदितृतया त्रिप्रकारा कर्मनोदना-कर्मणो नोदना विधिः, भवतीत्यर्थः। करणम्-यज्ञसाधनभूत द्रव्यवृन्दम्, कर्म-यज्ञादिकम्, कर्ता च-तद्विधायकश्च। इत्यमुना प्रकारेण। त्रिविधः-त्रिप्रकार, कर्मसङ्ग्रहः ॥१८॥

ज्ञानादीनां-त्रयाणां सात्त्विकादिभेदैस्त्रैविध्यं दर्शयति ज्ञानमिति।

ज्ञानं कर्म च कर्ता च त्रिधैव गुणभेदतः।
प्रोच्यते गुणसंख्याने यथावच्छृणु तान्यपि ॥ १९ ॥

ज्ञानम्-करणीयकर्मसम्बन्धि वेदनम्। कर्म-क्रियमाणम्, कर्ता-यज्ञादेः। गुणसंख्याने-गुणाः सत्त्वरजस्तमांसि, सम्यक्-कार्यभेदैः, ख्यायन्ते गण्यन्ते प्रतिपाद्यन्तेऽस्मिन्निति गुणसंख्यानं, गुणकार्यप्रतिपादकं शास्त्र तस्मिन्। गुणभेदतः-सत्त्वादिगुणभेदैस्त्रिधैव प्रोच्यते। तान्यपि यथावत्-यथावन्मया कथ्यमानानि शृणु! ॥ १९ ॥

तत्र तावत् सात्त्विकादीन् ज्ञानभेदानाह-त्रिभिः।

सर्वभूतेषु येनैकं भावमव्ययमीक्षते।
अविभक्तं विभक्तेषु तज्ज्ञान विद्धि सात्त्विकम् ॥२०॥

सर्वभूतेष्विति। विभक्तेषु-भिन्नभिन्नशास्त्रीयकर्मविभागयुक्तेषु विप्रक्षत्रियवैश्यवर्णिगृहिवनस्थादिभेदवत्सु सर्वजनेषु। येन-ज्ञानेन, एकम्-अविषमं ज्ञानैकाकारम्, अविभक्तम्-ब्राह्मणादिजातिभेदैर्विभागहीनम्, अव्ययम्-व्ययस्वभावेष्वपि विप्रादिदेहेषु व्ययस्वभावरहितम्, विकारशून्यमविनाशीति यावत्। भावम्-आत्मरूपं वस्तु कर्मारम्भसमये ईक्षते-आलोचयति, तज्ज्ञानं सात्त्विकं विद्धि-जानीहि। तथा चोक्तमेकादशस्कन्धे-"कैवल्यं सात्त्विकं ज्ञान रजो वैकल्पिकं तु यत्। प्राकृतं तामसं ज्ञानं मन्निष्ठं निर्गुणं स्मृतम्" इति॥२०॥

अथ राजसं ज्ञानं वदति-पृथक्त्वेनेति।

पृथक्त्वेन तु यज्ज्ञानं नानाभावान् पृथग्विधान्।
वेत्ति सर्वेषु भूतेषु तज्ज्ञानं विद्धि राजसम् ॥२१॥

तुशब्दः प्रागुक्तसात्त्विकज्ञानाद्वैलक्षण्यं द्योतयति। सर्वेषु-

શ્લોકાર્થ–

હવે–સત્ત્વાદિક ગુણભેદને લીધે જ્ઞાન, કર્મ અને કર્તા તે પણ ત્રણ-ત્રણ પ્રકારનાં છે. એમ ગુણકાર્યના ભેદને નિરૂપણ કરનાર શાસ્ત્રોમાં કહેવામાં આવ્યું છે. તેને પણ મારા થકીજ તું યથાર્થપણે સાંભળ ! ॥ ૧૯ ॥

બ્રાહ્મણાદિક વિભાગથી રહેલાં સર્વ ભૂત–પ્રાણીમાત્રમાં, અવિભક્ત–બ્રાહ્મણાદિક વિભાગવ્યવસ્થા જેમાં નથી. એવા–એક અવિષમ અવ્યય–અવિનાશી આત્માને જે જ્ઞાને કરીને જુએ છે–જાણે છે. તે જ્ઞાનને સાત્ત્વિક જ્ઞાન જાણ ! ॥ ૨૦ ॥

બ્રાહ્મણાદિક સર્વ ભૂતોમાં ભિન્ન ભિન્ન પ્રકારના જુદા જુદા ભાવોને પૃથક્ પૃથકપણે જે જ્ઞાનથી જાણે છે. તે જ્ઞાનને રાજસ જ્ઞાન જાણ ! ॥ ૨૧ ॥

ભાવાર્થ—

ઉપર કહેલાં જ્ઞાનાદિક ત્રણનું સાત્ત્વિકાદિક ભેદોથી ત્રૈવિધ્ય બતાવેછે—

જ્ઞાન-કરવા યોગ્ય કર્મસમ્બન્ધિ જ્ઞાન, કરવામાં આવતું કર્મ અને યજ્ઞાદિક કર્મનો કર્તા, આ ત્રણેયને, સત્ત્વ, રજ અને તમ એ ત્રણેય ગુણોને તેના તેના કાર્યભેદથી જેમાં યથાર્થપણે પ્રતિપાદન કરવામાં આવે છે. એવા ગુણકાર્ય પ્રતિપાદક શાસ્ત્રમાં,સત્ત્વાદિક ગુણોના ભેદથી ત્રણ પ્રકારેજ કહેવામાં આવેછે. તે પણ યથાર્થ રીતે મેં કહેવા માંડેલાં તેને સાંભળ ? ॥૧૯॥

તેમાં પ્રથમ સાત્ત્વિકાદિક જ્ઞાનના ભેદો ત્રણ શ્લોકથી કહે છે—

ભિન્ન ભિન્ન શાસ્ત્રીય કર્મના વિભાગે યુક્ત રહેલા બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને વર્ણી, ગૃહી, વાનપ્રસ્થાદિક ભેદવાળા સર્વ મનુષ્યોમાં, જે જ્ઞાનથી, એક–જ્ઞાનરૂપ એક આકારને લીધે અવિષમ, અવિભક્ત–બ્રાહ્મણાદિક જાતિભેદોથી જણાતા વિભાગે રહિત, અવ્યય–વ્યય સ્વભાવવાળા બ્રાહ્મણાદિક દેહોમાં વ્યયસ્વભાવે રહિત, અર્થાત્ વિકારશૂન્ય અવિનાશી એવા ભાવને–આત્મરૂપ વસ્તુને કર્મના આરંભસમયમાં જુએછે-વિચારે છે. તે જ્ઞા.ને સાત્ત્વિક જ્ઞાન એમ જાણ ? તે એકાદશ સ્કન્ધમાં કહ્યું છે—" કેવળ આત્માનું જ્ઞાન સાત્ત્વિક જ્ઞાન છે. દેહ–આત્માનું વૈકલ્પિક જ્ઞાન રાજસ જ્ઞાન છે. પ્રાકૃત–માયિક પદાર્થનું જ્ઞાન તામસ છે. અને મારા સ્વરૂપનું જ્ઞાન નિર્ગુણ જ્ઞાન છે." ॥૨૦॥

હવે-રાજસ જ્ઞાન કહે છે—

તુ શબ્દ પ્રથમ કહેલા સાત્ત્વિક જ્ઞાનથી વિલક્ષણતા જણાવેછે. બ્રાહ્મણાદિક કર્માધિકારી સર્વ ભૂતોમાં રહેલા જીવાત્મારૂપ ભાવોને, જુદી જુદી જાતિરૂપે કરીને અને જુદા જુદા આશ્રમરૂપે કરીને નાના પ્રકારના કર્તૃત્વ, મમત્વ અને ફળના સંગમાં અર્હ એવાને કર્મના આરંભ સમયમાં જે જ્ઞાનથી જાણેછે–સમજેછે. તે જ્ઞાનને રાજસ જ્ઞાન જાણ ! ॥૨૧॥

હવે–તામસ જ્ઞાન કહે છે—

આ શ્લોકમાં પણ તુ શબ્દ રાજસ જ્ઞાનથી વૈલક્ષણ્ય જણાવે છે. એકજ કાર્ય જે કરવા માંડયું હોય એવા ભૈરવ, યક્ષ અને ભૂતના ગણો, એ આદિકના ઉપાસનરૂપ અતિ ઉતરતા તુચ્છ ફળ આપનારા કર્મમાં સઘળા–મોટા ફળને આપનારા કર્મમાંજ જેમ એમ-

भाष्यम्-

विप्रादिषु कर्माधिकारिषु भूतेषु। भावान्—जीवात्मसंज्ञान्, पृथग्विधान्, नानाप्रकारान् कर्तृत्वममत्वफलसङ्गाहीन्। कर्मारम्भकाले। यत् ज्ञानं वेत्ति-येन ज्ञानेन जानातीत्यर्थः। तत् ज्ञानं राजसं विद्धि!॥२१॥

अथ तामसं ज्ञानं वदति यदिति।

यत्तु कृत्स्नवदेकस्मिन् कार्ये सक्तमहैतुकम्।
अतत्त्वार्थवदल्पं च तत्तामसमुदाहृतम्॥२२॥

अत्रापि तुशब्दो राजसज्ञानाद्वैलक्षण्यं द्योतयति। एकस्मिन् कार्ये क्रियमाणे भैरवयक्षभूतगणाद्युपासनरूपेऽतिनिकृष्टफले कर्मणि, कृत्स्नवत् समग्रफलवत्सक्तम्। अहैतुकम्-स्वेप्सितफलानुसन्धानशून्यम्। अतत्त्वार्थवत्-मिथ्याभूतार्थसंयुक्तम्। अल्पम्-तामसदेवोपासनतयात्यल्पफलं च, यज्ज्ञानम्, तज्ज्ञानम्, तामसमुदाहृतं निगदितम्॥२२॥

अथ सात्त्विकादिभेदैः कर्मत्रैविध्यमाह-त्रिभिः।

नियतं सङ्गरहितमरागद्वेषतः कृतम्।
अफलप्रेप्सुना कर्म यत्तत्सात्त्विकमुच्यते॥२३॥

नियतम्-स्ववर्णाश्रमविहितत्वेन नित्यम्। सङ्गरहितम्-कर्तृत्वममत्वाद्यासक्तिहीनम्। अफलप्रेप्सुना-फलप्राप्तिकाङ्क्षारहितेन, निष्कामपुरुषेणेत्यर्थः। अरागद्वेषतः-रागः-कीर्तौ प्रीतिश्च, द्वेषः-अकीर्तावप्रीतिश्च, ताभ्यां रहिततया यत्कर्म कृतम्-अनुष्ठितम्, तत् सात्त्विकं कर्मोच्यते। तथा कर्मभेदाश्चोक्ता एकादशे-"मदर्पणं निष्फलं वा सात्त्विकं निजकर्म तत्। राजसं फलसङ्कल्पं हिंसाप्रायादि तामसम्" इति॥२३॥

राजसं कर्म वदति-यत्त्विति।

यत्तु कामेप्सुना कर्म साहङ्कारेण वा पुनः।
क्रियते बहुलायासं तद्राजसमुदाहृतम्॥२४॥

तुशब्दः सात्त्विकात्कर्मणो वैलक्षण्यं द्योतयति। कर्म यज्ञादिकम्, पुनरित्यनियतम्। कामेप्सुना-सकामेन, साहङ्कारेण-कर्तृत्वाभिनिवेशसहितेन च पुंसा, वा शब्दश्चार्थे। बहुलायासम्-बहुल आयासो यस्मिन्कर्मणि यथा भवति तथा क्रियते, तद्राजसं कर्म उदाहृतम्-निगदितम्॥

भाष्यम्-

तामसं कर्म वदति-अनुबन्धमिति ।

अनुबन्धं क्षयं हिंसामनवेक्ष्य च पौरुषम् ।
मोहादारभ्यते कर्म यत्तत्तामसमुच्यते ॥२५॥

अनुबन्धम्-अनु बध्यते इत्यनुबन्धम्-पश्चाद्भाविशुभाशुभफलम् । क्षयम्-अर्थविनाशम् । हिंसाम्-भूतपीडाम् । पौरुषम्-स्वसामर्थ्यं च। अनवेक्ष्य-अपरिचिन्त्य, मोहात्--ज्ञानवैपरीत्याज्जनेन यत्कर्म आरभ्यते-क्रियते । तत्तामसं कर्म, उदाहृतम्-प्रोक्तम् ॥२५॥

अथेदानीं गुणभेदैः कर्तृत्रैविध्यमाह-त्रिभिः ।

मुक्तसङ्गोऽनहंवादी धृत्युत्साहसमन्वितः ।
सिद्ध्यसिद्ध्योर्निर्विकारः कर्ता सात्त्विक उच्यते ॥२६॥

मुक्तसङ्ग इति। मुक्तसङ्गः-कर्मफलासक्तिशून्यः। अनहंवादी-गर्वयुक्तवचनरहितः, स्वगुणश्लाघारहितो वा । धृत्युत्साहसमन्वितः-क्रियमाणे कर्मणि धृतिश्च-किञ्चिदन्तरायप्राप्तावप्यारब्धस्यापरित्यागः, उत्साहश्च-इदमहं विधास्याम्येवेति निश्चयपूर्विका बुद्धिस्ताभ्यां समन्वितः-सहितः। सिद्ध्यसिद्ध्योर्निर्विकारः-संग्रामयज्ञादौ कर्मणि तत्साधनभूतद्रव्यसम्पादनादौ कर्मणि च सिद्ध्यसिद्ध्योर्हर्षशोकरूपविकारशून्यो यः, स सात्त्विकः कर्ता मयोच्यते । तथा कर्तृभेदाश्चोक्ता एकादशे-“सात्त्विकः कारकोऽसङ्गी रागान्धो राजसः स्मृतः । तामसः स्मृतिविभ्रष्टो निर्गुणो मदुपाश्रयः” इति ॥ २६ ॥

अथ राजसमाह-रागीति ।

रागी कर्मफलप्रेप्सुर्लुब्धो हिंसात्मकोऽशुचिः ।
हर्षशोकान्वितः कर्ता राजसः परिकीर्तितः ॥२७॥

रागी-स्त्रीपुत्रधनादिषु स्नेहयुक्तः, कर्मफलप्रेप्सुः-कर्मफलाभिलाषी, लुब्धः-आरब्धे कर्मणि तदुचितद्रव्यव्ययप्रकृतिहीनः, हिंसात्मकः-हिंसायां परेषां दुःखकरणे आत्मा मनो वा स्वभावो यस्य सः, अन्यान् पीडयित्वा यज्ञादिकर्मकर्तेत्यर्थः । अशुचिः—शास्त्रीयकर्मसु विहितशौचशून्यः। हर्षशोकान्वितः-आरब्धे युद्धयज्ञादौ कर्मणि सिद्ध्य-

શ્લોકાર્થ--

અને જે જ્ઞાન તો એકજ કાર્યમાં સમગ્ર ફળવાળામાંજ જેમ, એમ આસક્ત થાય, ઇચ્છિત ફળનું અનુસન્ધાન પણ જેમાં ન હોય, તત્ત્વાર્થ સિવાયનું અને જે તુચ્છ ફળ પમાડનારૂં હોય, તે તામસ જ્ઞાન કહેલું છે. ॥ ૨૨ ॥

નિયત–અવશ્ય પ્રાપ્ત, સંગ–આસક્તિએ રહિત અને ફળની ઇચ્છા નહિ રાખનારા નિષ્કામ પુરૂષે રાગ–દ્વેષ સિવાય કરેલું જે કર્મ તે સાત્ત્વિક કર્મ કહેવાય છે. ॥૨૩॥

જે કર્મ તો ફળની ઇચ્છાથી પ્રેરાઇને કરેલું હોય અને અહંકાર–અભિનિવેશ પણ જેમાં પૂરો હોય, તેમ બહુ પ્રયાસવાળું જે કર્મ હોય,આવું કર્મ તે રાજસ કર્મ કહેલું છે.॥૨૪॥

પરિણામે થનારૂં ફળ, અર્થાદિકનો થતો વિનાશ, પ્રાણીઓની થતી હિંસા, તેમજ પોતાનું સામર્થ્ય, આ સઘળાનો વિચાર–વિવેક કર્યા સિવાયજ કેવળ મોહ–મમતાથી જે કર્મ આરંભાય છે. તે તામસ કર્મ કહેવાય છે. ॥૨૫॥

ફળમાં આસક્તિ જેણે છોડી દીધી છે, અહંકાર ભર્યું વચન પણ નહિ બોલનારો,

---

ભાવાર્થ-

આસક્ત થયેલું, પોતાના ઇચ્છિત ફળનું અનુસન્ધાન પણ જેમાં ન હોય, મિથ્યાભૂત નકામા અર્થવાળું હોય અને તામસ દેવની ઉપાસનારૂપ હોવાથી અતિ અલ્પ ફળ આપનારૂં હોય, આવું જે જ્ઞાન તે તામસ જ્ઞાન કહેલું છે. ॥ ૨૨ ॥

હવે–સાત્ત્વિકાદિક ભેદોથી કર્મમાં રહેલા ત્રણ પ્રકારના ભેદો ત્રણ શ્લોકથી કહે છે—

નિયત––પોતાના વર્ણાશ્રમના કર્તવ્યપણે કહેલું હોવાથી નિત્યપ્રાપ્ત, કર્તૃત્વ–મમત્વાદિક આસક્તિએ રહિત, ફળપ્રાપ્તિની આકાંક્ષાએ રહિત નિષ્કામ પુરૂષે આચરેલું અને તે પણ સત્કીર્તિમાં પ્રીતિરૂપ રાગ અને અસત્કીર્તિમાં અપ્રીતિરૂપ દ્વેષ આ બન્નેથી રહિતપણે જે કર્મ અનુષ્ઠાન કરવામાં આવતું હોય, તે સાત્ત્વિક કર્મ કહેવાય છે. આવા કર્મના ભેદો એકાદશમાં કહ્યા છે–" ફળની ઇચ્છા નહિ રાખતાં મદર્પણ બુદ્ધિથી કરેલું પોતાનું કર્મ સાત્ત્વિક કર્મ છે. ફળની કલ્પના કરીને કરેલું કર્મ રાજસ કર્મ છે. અને હિંસા પ્રધાન જેમાં હોય એવાં કર્મ તામસ કર્મ છે." ॥ ૨૩ ॥

રાજસ કર્મનો ભેદ કહે છે—

તુ શબ્દ સાત્ત્વિક કર્મથી વૈલક્ષણ્યને જણાવનારોછે. જે યજ્ઞાદિક કર્મ અનિયતપણે ફળની ઇચ્છાવાળા અને કર્તૃત્વાદિકના અભિનિવેશે યુકત સકામ પુરૂષે કરેલું અને તે પણ ઘણોજ પ્રયાસ જેમાં વારંવાર પડતો હોય,એ પ્રમાણે કરેલું કર્મ તે રાજસ કર્મ કહેલુંછે. ॥૨૪॥

તામસ કર્મ કહી બતાવે છે–

પાછળથી થનારા સારા–નરસા ફળને, તેમાં થતા અર્થવિનાશને–દ્રવ્યની ખુવારીને, પ્રાણીઓને થતી પીડાને અને પોતાના સામર્થ્યને પણ કોઇ પ્રકારે નહિ વિચારતાં વિપરીત જ્ઞાનથી પ્રેરાઇને મનુષ્યોએ જે કાર્ય આરંભાય છે, તે તામસ કર્મ કહેલું છે. ॥ ૨૫ ॥

હવે–ગુણભેદથી કર્તાનું ત્રૈવિધ્ય કહે છે—

भाष्यम्-

सिद्ध्योर्हर्षशोकसहितो यः, स राजसः कर्ता, परिकीर्तितः-प्रोक्तः ॥२७॥

अथ तामसं वदति-अयुक्तेति ।

अयुक्तः प्राकृतः स्तब्धः शठो नैष्कृतिकोऽलसः ।
विषादी दीर्घसूत्री च कर्ता तामस उच्यते ॥२८॥

अयुक्तः-शास्त्रीयकर्माचरणाद्विरुद्धाचरणत्वेन तत्रासावधानः। प्राकृतः-सच्छास्त्रोदितविवेकशून्यत्वात्पामरः। स्तब्धः--गुरुदेवादिष्वप्यनम्रः। शठः-अभिचारादिकर्मरागी। नैष्कृतिकः-जनवञ्चनपरः। अलसः-कृतारम्भेष्वपि कर्मसु प्रवृत्तिरहितः। विषादी-सदाअसन्तुष्टस्वभावत्वेन दीर्घशोकशीलः। दीर्घसूत्री-यत् सद्यो वा श्वः कर्तव्यं कर्म तन्मासेन वा मासद्वयेनापि न करोतीत्येवंशीलः। एवम्भूतो यः स तामसः कर्ता, उच्यते-कथ्यते ॥ २८ ॥

अथ बुद्धिधृत्योर्गुणतस्त्रैविध्यमाह-सप्तभिः ।

बुद्धेर्भेदं धृतेश्चैव गुणतस्त्रिविधं शृणु ।
प्रोच्यमानमशेषेण पृथक्त्वेन धनञ्जय ! ॥२९॥

हे धनञ्जय ! बुद्धेः—विवेकसहितनिश्चयात्मकस्य ज्ञानस्य, धृतेः—कृतारम्भेषु कर्मसु विघ्ने प्राप्तेऽपि तेषां समापनसामर्थ्यरूपस्य धैर्यस्य च। पृथक्त्वेन भिन्नत्वेन मया प्रोच्यमानम्, गुणत एव—सत्त्वादिभ्य एव, त्रिविधम्-त्रिप्रकारम्, भेदम्। अशेषेण-समग्रतया, शृणु-श्रोतुं सावधानो भव ! ॥ २९ ॥

तत्रादौ सात्त्विकादिभेदैर्बुद्धेस्त्रैविध्यमाह-प्रवृत्तिमिति ।

प्रवृत्तिं च निवृत्तिं च कार्याकार्ये भयाभये ।
बन्धं मोक्षं च या वेत्ति बुद्धिः सा पार्थ ! सात्त्विकी ॥३०॥

हे पार्थ ! प्रवृत्तिम्-अर्थकामसाधनभूतं प्रवृत्तिधर्मम्। निवृत्तिम्-मोक्षोपायभूतं निवृत्तिधर्मं च, कार्याकार्ये-प्रवृत्तिनिवृत्तिधर्मनिष्ठानां वर्णाश्रमवतां जनानां देशकालावस्थाभेदेषु कार्यम्-कर्तुमर्हम्, अकार्यम्-कर्तुमनर्हं च ते। भयाभये च-भयम्-शास्त्राविहिताचरणत्वेन भयावहम्, अभयम्-शास्त्रविहिताचरणत्वेनाभयावहं च ते।

શ્લોકાર્થ-

ધૈર્ય અને સતત ઉત્સાહ રાખનારો, કાર્યની સિદ્ધિ-અસિદ્ધિમાં પણ શોક-મોહાદિક વિકાર નહિ પામનારો, આવો કર્તા સાત્ત્વિક કર્તા કહેવામાં આવે છે. ॥૨૬॥

આસક્તિવાળો, કર્મના ફળને ઇચ્છનારો, ઉચિત દ્રવ્ય પણ નહિ ખર્ચનારો, હિંસામાં રૂચિવાળો, અપવિત્રપણે વર્તનારો અને વારંવાર હર્ષ-શોક પામનારો, આવો કર્તા રાજસ કર્તા કહેલો છે. ॥૨૭॥

શાસ્ત્રીય કર્મ આચરવામાં ગાફલ વર્તનારો, પ્રાકૃત-વિવેકશૂન્ય પામર, ગુરૂ-દેવાદિકની આગળ પણ અનમ્ર વર્તનારો, શઠ, ઠગારો, આળસ્ય રાખનારો પ્રમાદી, સદાય અસંતુષ્ટ રહીને ખેદ પામનારો અને દીર્ઘસૂત્રી, આવો કર્તા તામસ કર્તા કહેવાયછે. ॥૨૮॥

ભાવાર્થ-

કર્મના ફળની આસકિતએ રહિત વર્તનારો, કોઇ પ્રકારના ગર્વ ભરેલું વચન પણ નહિ ઉચ્ચારનારો, અથવા પોતાના ગુણની શ્લાઘા પોતે નહિ કરનારો, પોતે આરંભેલા કાર્યનો પરિત્યાગ ન કરવારૂપ ધૃતિ-ધૈર્ય રાખનારો, આ કાર્ય મારે પાર પાડવું જ છે. એવા નિશ્ચયપૂર્વકની બુદ્ધિવાળો અને સિદ્ધિ-અસિદ્ધિમાં નિર્વિકાર, એટલે કે—સંગ્રામ યજ્ઞાદિક કર્મમાં અને તેના સાધનભૂત દ્રવ્યસમ્પાદનાદિક કર્મમાં, સિદ્ધિ—અસિદ્ધિમાં હર્ષ-શોકરૂપ વિકારે શૂન્ય એવો જે પુરૂષ તે સાત્ત્વિક કર્તા મેં કહેવાયછે-હું કહુંછું. તેજ પ્રમાણે કર્તાના ભેદો એકાદશ સ્કન્ધમાં કહ્યા છે-“આસક્તિ વિનાનો કર્તા સાત્ત્વિકછે. રાગે કરીને અંધ બની ગયેલો કર્તા રાજસ કહ્યોછે. સાર-અસારની સ્મૃતિથી ભ્રષ્ટ થયેલો તામસ કર્તા છે. અને મારો આશ્રય રાખીને કર્મ કરનારો નિર્ગુણ કર્તા છે.”॥૨૬॥

હવે-રાજસ કર્તા કહે છે—

સ્ત્રી; પુત્ર અને ધનાદિક પદાર્થોમાં સ્નેહે યુકત-રાગવાળો, કર્મફળની પ્રબળ અભિલાષાવાળો, આરંભેલા કાર્યમાં તેમાં ઉચિત દ્રવ્યનો વ્યય કરવાના સ્વભાવે રહિત, બીજાઓને દુ:ખ કરવારૂપ હિંસામાં આત્મા-મન અથવા સ્વભાવ જેનો છે. અર્થાત્ બીજાઓને પીડા કરીને યજ્ઞાદિક કર્મ કરનારો, શાસ્ત્રીય કર્મ કરવામાં કહેલી પવિત્રતા નહિ રાખનારો અને યુદ્ધ કે યજ્ઞાદિક આરંભેલા કાર્યની સિદ્ધિ-અસિદ્ધિમાં હર્ષ-શોક પામનારો, આવો જે કર્તા તે રાજસ કર્તા કહેલો છે. ॥ ૨૭ ॥

હવે-તામસ કર્તા કહે છે—

શાસ્ત્રીય કર્મના આચરણથી વિરૂદ્ધ આચરણવાળો હોવાથી તે કાર્ય--કરવામાં અસાવધાન વર્તનારો, સચ્છાસ્ત્રમાં કહેલા વિવેકે શૂન્ય હોવાથી પામર જેવા, સ્તબ્ધ-ગુરૂ અને દેવ આદિકની સમીપમાં પણ અનમ્ર-ઉદ્ધત, શઠ-અભિચાર વિગેરે કર્મ કરવામાં રાગવાળો, મનુષ્યોને ઠગવામાં તત્પર વર્તનારો, આરંભ કરી દીધેલા કાર્યોમાં પણ પ્રવૃત્તિ નહિં કરનારો-આળસુ, સદાય અસંતોષી સ્વભાવને લીધે દીર્ઘ કાળ સૂધી શોક કરવાના સ્વભાવવાળો અને દીર્ઘસૂત્રી-જે કાર્ય તત્કાળ કે એકાદ દિવસમાં કરવાનું હોય તેને એકમહિને કે બે મહિને પણ ન કરે, આવા સ્વભાવવાળો જે પુરૂષ હોય તે તામસ કર્તા કહેલોછે. ॥૨૮॥

भाष्यम्-

बन्धम्-बन्धनरूपं संसारम्, ततो मोक्षम्-मोक्षस्वरूपम्, या बुद्धि-र्वेत्ति, सा सात्त्विकी बुद्धिरस्ति। अत्र यया जनो वेत्तीति स्थाने या वेत्तीति निर्देशः करणत्वे कर्तृत्वोपचारो ज्ञेयः। इन्धनैः पचन्तीत्यत्र इन्धनानि पचन्तीतिवत्॥ ३०॥

अथ राजसीं बुद्धिं वदति-ययेति

यया धर्ममधर्मं च कार्यं चाकार्यमेव च।
अयथावत् प्रजानाति बुद्धिः सा पार्थ! राजसी॥३१॥

जनो यया बुद्ध्या, धर्मम्-पूर्वश्लोकोदितमुभयविधं धर्मम्। अधर्मम्-तद्विरुद्धाचरणं च। कार्यम्, अकार्यं च-वर्णाश्रमस्थानां जनानां देशकालबाल्याद्यवस्थासु कर्तुं योग्यम्, कर्तुमयोग्यं च। अयथावदेव प्रजानाति-यथावन्नैव वेत्ति। हे पार्थ! सा बुद्धिः, राजसी ज्ञेया। अत्र तृतीयानिर्देशादुत्तरत्रापि करणत्वे कर्तृत्वारोपो बोध्यः॥ ३१॥

अथ तामसीं बुद्धिं निगदति-अधर्ममिति।

अधर्मं धर्ममिति या मन्यते तमसावृता।
सर्वार्थान् विपरीतांश्च बुद्धिः सा पार्थ तामसी॥३२॥

तमसा-तमोगुणेनावृता सती या बुद्धिः, अधर्मम्, धर्ममिति। सर्वान्-सकलज्ञेयार्थान्, विपरीतानेव मन्यते। च शब्दोऽवधारणे। अधर्मं धर्मम्, धर्मं चाधर्मम्, सन्तं चासन्तम्, असन्तं च सन्तम्, इति सर्वं विपरीतं जानातीत्यर्थः। हे पार्थ! सा बुद्धिः, तामसी ज्ञेया॥३२॥

अथ गुणतस्त्रिविधां धृतिं वदति-धृत्येति।

धृत्या यया धारयते मनःप्राणेन्द्रियाक्रियाः।
योगेनाव्यभिचारिण्या धृतिः सा पार्थ! सात्त्विकी॥३३॥

अव्यभिचारिण्या-मदितरविषयेषु व्यभिचाररहितया, विषयान्तरमधारयन्त्येत्यर्थः। यया धृत्या जनो मनःप्राणेन्द्रियक्रियाः-मनसः प्राणस्येन्द्रियाणां चक्षुरादिकरणानां च, क्रियाः-कर्माणि, योगेन-मद्भक्तियोगेन निमित्तेन धारयते-मदुपासनप्रवृत्तौ वशीकरोति। हे पार्थ! त्वया सा सात्त्विकी धृतिर्ज्ञेया॥ ३३॥

શ્લોકાર્થ-

હવે-બુદ્ધિના અને ધૃતિના પણ ગુણે કરીને થતા ત્રણ પ્રકારના ભેદ હે ધનંજય ! હું જુદા-જુદા વિક્તિપૂર્વક કહીશ તેને સમગ્રપણે તું સાવધાન થઇને સાંભળ ! ॥૨૯॥

હે પાર્થ ! જે બુદ્ધિથી મનુષ્યો પ્રવૃત્તિ અને નિવૃત્તિને જાણે છે. તેમજ કાર્ય-અકાર્યને, ભય-અભયને, તથા બંધ-મોક્ષને પણ જાણેછે. તે સાત્ત્વિકી ઉત્તમ બુદ્ધિ છે. ॥૩૦॥

હે પાર્થ ! જે બુદ્ધિથી ધર્મ-અધર્મને, તથા કાર્ય-અકાર્યને પણ અયથાર્થપણે જાણે છે. અર્થાત્-ખરી રીતે વાસ્તવિકપણે નથી સમઝતો તે રાજસી મધ્યમ બુદ્ધિ છે. ॥૩૧॥

ભાવાર્થ—

હવે-બુદ્ધિ અને ધૃતિ એ બેની ગુણથી ત્રિવિધતા સાત શ્લોકથી કહી બતાવેછે-

હે ધનજંય ! વિવેકે સહિત નિશ્ચયાત્મક જ્ઞાનરૂપ બુદ્ધિનો, અને આરંભ કરી દીધેલાં કાર્યોમાં વિઘ્ન આવી પડે તો પણ તેને હરકોઇ પ્રકારે પાર પાડવાના સામર્થ્યરૂપ ધૈર્યનો, પૃથક્-પૃથક્પણે મેં કહેલો સત્ત્વાદિક ગુણોથી પડતો ત્રણ પ્રકારનો ભેદ સમગ્રપણે સાંભળ ! સાંભળવાને સાવધાન થઇ જા ! ॥ ૨૯ ॥

તેમાં પહેલાં સાત્ત્વિકાદિક ભેદોથી બુદ્ધિનું ત્રૈવિધ્ય કહે છે-

હે પાર્થ ! પ્રવૃત્તિને-અર્થ અને કામના સાધનભૂત પ્રવૃત્તિ-ધર્મને, નિવૃત્તિને-મોક્ષના ઉપાયભૂત નિવૃત્તિ-ધર્મને, તથા કાર્ય-અકાર્યને-પ્રવૃત્તિ ધર્મ અને નિવૃત્તિ ધર્મમાં નિષ્ઠાવાળા વર્ણાશ્રમમાં રહેલા મનુષ્યોને દેશ, કાળ અને અવસ્થાઓના ભેદને લીધે કરવા યોગ્ય અને ન કરવા યોગ્ય એવાં કર્મને, તથા ભય-અભયને-શાસ્ત્રમાં વિહિત નહિ એવા ધર્મનું આચરણ કરવાને લીધે ભય આપનારૂં અને શાસ્ત્રમાં વિહિત એવા ધર્મને આચરનારને અભય આપનારૂં, આવા બન્ને પ્રકારના કર્મને, તથા બન્ધનરૂપ સંસારને અને તેનાથી છૂટા થવા રૂપ મોક્ષના સ્વરૂપને જે બુદ્ધિ જાણે છે. તે સાત્ત્વિકી બુદ્ધિ છે. અહીંઆં-**यया** એમ તૃતીયાને બદલે **या** એમ પ્રથમા વિભકિતથી જે નિર્દેશ કર્યો છે. તે તો કરણરૂપ અર્થમાં કર્તાપણાનો ઉપચાર-વ્યવહાર કરેલો છે. એમ જાણવું. અને તેથી જે બુદ્ધિ જાણે છે એને સ્થાને જે બુદ્ધિથી જાણે છે. એમ અર્થ કરવો. આ પ્રયોગ ઇન્ધનોથી રાંધે છે એને સ્થાને ઇન્ધનો રાંધે છે. એના જેવો છે. ॥ ૩૦ ॥

હવે-રાજસી બુદ્ધિ કહે છે—

માણસ જે બુદ્ધિથી પૂર્વ શ્લોકમાં કહેલા બન્ને પ્રકારના ધર્મને તથા તેથી વિરૂદ્ધ આચરણરૂપ અધર્મને, તથા વર્ણાશ્રમ—મર્યાદામાં રહેલા મનુષ્યોને દેશ, કાળ અને બાલ્યાદિક અવસ્થાઓના પ્રમાણમાં કરવા યોગ્ય અને ન કરવા યોગ્ય, આ બધાને અ-યથાર્થપણે જાણે છે. અર્થાત્ યથાર્થ સમઝી શકતો નથી. હે પાર્થ ! તે બુદ્ધિ રાજસી બુદ્ધિ જાણવી. આ શ્લોકમાં **यया** એમ તૃતીયાનો નિર્દેશ છે. માટે આગળના શ્લોકમાં પણ કરણ અર્થમાંજ કર્તારૂપ અર્થનો આરોપ જાણવો. ॥ ૩૧ ॥

હવે-તામસી બુદ્ધિ કહે છે—

भाष्यम् –

सात्त्विकीं धृतिमुक्त्वा राजसीं धृतिं वदति–ययेति ।

यया तु धर्मकामार्थान् धृत्या धारयतेऽर्जुन ! ।
प्रसङ्गेन फलाकाङ्क्षी धृतिः सा पार्थ ! राजसी ॥३४॥

तुशब्दः सात्त्विकधृतेः राजस्या वैलक्षण्यं द्योतयति । हे अर्जुन ! यया तु धृत्या, फलाकाङ्क्षी—कर्मफलाभिलाषी नरः, धर्मार्थकामान्, प्रसङ्गेन-प्रकृष्टासक्त्या धारयते–मोक्षप्रापकधर्मज्ञाने सत्यपि न विमुञ्चति । हे पार्थ ! सा राजसी धृतिर्ज्ञेया ॥ ३४ ॥

अथ तामसीं धृतिं वदति–ययेति ।

यया स्वप्नं भयं शोकं विषादं मदमेव च ।
न विमुञ्चति दुर्मेधा धृतिः सा पार्थ ! तामसी ॥३५॥

दुर्मेधाः–दुष्टा अविवेकबहुला मेधा बुद्धिर्यस्य, तथाभूतो यो नरः, यया धृत्या स्वप्नम्—निद्राम्, भयम्—भयप्रापकं कर्म, शोकम्–धनपुत्रादिनाशोत्पन्नमनुशोचनम्, विषादम्–खेदम्, मदं च–विद्याधनकुलाभिमानजनितमौद्धत्यं च । नैव विमुञ्चति--सदा धारयति । हे पार्थ ! सा तामसी धृतिर्ज्ञेया ॥ ३५ ॥

अथ गुणतस्त्रिविधं सुखं ब्रूते–चतुर्भिः ।

सुखं त्विदानीं त्रिविधं शृणु मे भरतर्षभ ! ।
अभ्यासाद्रमते यत्र दुःखान्तं च निगच्छति ॥
यत्तदग्रे विषमिव परिणामेऽमृतोपमम् ।
तत्सुखं सात्त्विकं प्रोक्तमात्मबुद्धिप्रसादजम् ॥३६-३७॥

सुखमिति । हे भरतर्षभ ! इदानीं मे मयोच्यमानम्, त्रिविधं सुखं त्वंशृणु ! तत्र प्रथमं सात्त्विकं सुखं निरूपयति–अभ्यासादित्यादिना । यत्र–सुखे, अभ्यासात्–बहुकालपरिचयात् । यो रमते–रतिं प्राप्नोति । स दुःखान्तं च–दुःखस्य जन्ममरणादिसांसारिकक्लेशस्य । अन्तम्–पारम्, निगच्छति–नितरां प्राप्नोति ॥

यत्सुखम्, अग्रे–प्रथमं ध्यानाभ्याससमये, इन्द्रियमनसां विषयप्रावण्येन दुःसाध्यत्वात्, प्रत्यगात्मनोऽनुभवाभावाच्च विषमिव दुःख-

શ્લોકાર્થ-

અને હે પાર્થ ! તમોગુણથી આવરણ પામેલી જે બુદ્ધિથી અધર્મને ધર્મ એમ માને છે. તેમજ સઘળા અર્થોને-શાસ્ત્રમાં કહેલા સદર્થોને પણ વિપરીતજ માને છે. તે બુદ્ધિ તો તામસી અધમ બુદ્ધિ જાણવી. ॥૩૨॥

બીજા વિષયોમાં વ્યભિચાર નહિ પામનારી એવી જે ધૃતિથી મન, પ્રાણ અને ઇન્દ્રિયોની ક્રિયાઓને ભક્તિયોગની સિદ્ધિ માટે વશ કરાય છે. હે પાર્થ ! તે સાત્ત્વિકી ધૃતિ જાણવી. ॥ ૩૩ ॥

હે અર્જુન! જે ધૃતિથી તો ફળની આકાંક્ષાવાળો પુરૂષ ધર્મ, અર્થ અને કામ, તેને અતિ આસકિતપૂર્વક ધારે છે-મુકી શકતો નથી, હે પાર્થ! તે રાજસી ધૃતિ જાણવી.॥૩૪॥

કુબુદ્ધિવાળો મનુષ્ય જે ધૃતિથી સ્વપ્ન-નિદ્રા, ભય, શોક, વિષાદ--ખેદ અને મદ-ગર્વ, આ સર્વને છોડી શકતો નથી, હે પાર્થ ! તે તામસી ધૃતિ જાણવી. ॥૩૫॥

ભાવાર્થ-

તમોગુણથી આવરણ પામેલી જે બુદ્ધિ અધર્મને ધર્મ એમ માને છે. તેમજ સઘળા જાણવા યોગ્ય અર્થોને પણ વિપરીત-અવળાજ માનેછે. અર્થાત્-અધર્મને ધર્મ માનેછે. અને ધર્મને અધર્મ માને છે. સાધુ પુરૂષને અસાધુ માનેછે. અને અસાધુને સાધુ માનેછે. એમ સઘળું વિપરીતજ જાણેછે. હે પાર્થ ! તે બુદ્ધિ તામસી બુદ્ધિ જાણવી. ॥ ૩૨ ॥

હવે-ગુણના ભેદથી ત્રણ પ્રકારની ધૃતિ કહે છે—

અવ્યભિચારિણી—મારા સિવાય બીજા કોઇ વિષયોમાં વ્યભિચાર નહિ પામનારી, અર્થાત્ બીજા વિષયોને નહિજ ધારણ કરનારી, એવી જે ધૃતિથી-ધૈર્યથી, પુરૂષ મન, પ્રાણ અને ચક્ષુ આદિક ઇન્દ્રિયોની ક્રિયાઓરૂપ કર્મને, મારા ભકિતયોગ-નિમિત્તેજ ધારણ કરે છે. એટલે કે મારી ઉપાસના કરવાની પ્રવૃત્તિમાંજ વશ કરીને રોકેછે. હે પાર્થ ! તારે તેને સાત્ત્વિકી ધૃતિ જાણવી. ॥૩૩॥

સાત્ત્વિકી ધૃતિ કહીને હવે રાજસી ધૃતિ કહે છે—

શ્લોકમાં રહેલો તુ શબ્દ સાત્ત્વિકી ધૃતિથી રાજસી ધૃતિની વિલક્ષણતા જણાવે છે. હે અર્જુન! જે ધૃતિથી-ધૈર્યથી, કર્મફળની અભિલાષાવાળો પુરૂષ ધર્મ, અર્થ અને કામ, તેને બહુજ આસકિતથી ધારણ કરેછે. એટલે કે-મોક્ષ પમાડનારા ધર્મનું જ્ઞાન હોવા છતાં પણ એ ધર્મ, અર્થ અને કામને છોડતો નથી. હે પાર્થ ! તે રાજસી ધૃતિ જાણવી. ॥૩૪॥

હવે-તામસી ધૃતિ કહે છે—

દુષ્ટ-બહુજ અવિવેકવાળી બુદ્ધિ જેને છે. એવા પ્રકારનો જે પુરૂષ જે ધૃતિથી, સ્વપ્ન-ખૂબ નિદ્રા, ભય-ભય પમાડનારૂં ખરાબ કર્મ, શોક-ધન કે પુત્રાદિકનો નાશ થવાથી અતિશય ઘણો વખત શોક કર્યા કરવો, વિષાદ-ખેદ અને મદ-વિદ્યા, ધન અને કુળાભિમાનથી થયેલું ઉદ્ધતપણું, આવા દુર્ગુણોને છોડેજ નહિ, સદાય રાખ્યાજ કરે. હે પાર્થ! તે તામસી-તમોગુણપ્રધાન ધૃતિ જાણવી. ॥ ૩૫ ॥

હવે-ગુણને લીધે ત્રણ પ્રકારનું સુખ ચાર શ્લોકથી કહે છે—

भाष्यम्–

दमिव विभाति। परिणामे–इन्द्रियमनसां नियमनरूपेण दृढतराभ्यासबलेन ध्यानविपाके, यत् सुखम्, अमृतोपमम्–सुधातुल्यं विभाति। आत्मबुद्धिप्रसादजम्–आत्मनो निश्चयो यस्याः सा आत्मनिश्चया, सा चासौ बुद्धिश्च आत्मबुद्धिः। शाकपार्थिवादित्त्वादुत्तरपदलोपः। तस्याः प्रसादो रजस्तमोरूपमलनिवृत्तिस्ततो जातं तत्सुखं सात्त्विकं प्रोक्तम्। तथा सुखभेदाश्चोक्ता एकादशे–" सात्त्विकं सुखमात्मोत्थं विषयोत्थं तु राजसम्। तामसं मोहदैन्योत्थं निर्गुणं मदपाश्रय " मिति ॥ ३७॥

अथ राजसं सुखं वदति–विषयेति।

विषयेन्द्रियसंयोगाद्यत्तदग्रेऽमृतोपमम्।
परिणामे विषमिव तत्सुखं राजसं स्मृतम् ॥३८॥

विषयेन्द्रियसंयोगात्–विषयाणामिन्द्रियाणां च सम्बन्धात्। यत्सुखम्, तदग्रे-परिणामात्प्रथमं भोगकाले, अमृतोपमम्-सुधासदृशम्, भवति। परिणामे–परिपाके, पापाचरणयुक्ततया विषयसुखस्य नरकदुःखहेतुत्त्वात्, विषमिव गरलसदृशं भवति। तत्सुखम् आत्मसुखज्ञैः राजसं स्मृतं कथितम्॥ ३८॥

अथ तामसं सुखं वदति–यदिति।

यदग्रे चानुबन्धे च सुखं मोहनमात्मनः।
निद्रालस्यप्रमादोत्थं तत्तामसमुदाहृतम् ॥३९॥

अग्रे–अनुभवकाले, अनुबन्धे च–पश्चात् परिपाके च, आत्मनः–जीवात्मनः, मोहनम्–मोहकरं ज्ञानवैपरीत्यजनकमिति यावत्। निद्रालस्यप्रमादोत्थम्–निद्रा, आलस्यमिन्द्रियोद्यमशैथिल्यं च, प्रमादः–कर्तव्यानवधारणं च, तेभ्य उत्पन्नं यत्सुखम्, तत्। आत्मसुखविद्भिः तामसमुदाहृतम्।

यत उक्तप्रकारेण रजस्तमःकार्याणां दुःखजनकत्वमस्ति, तस्मान्मुमुक्षुभिः रजस्तमसी जित्वा ब्रह्मसुखप्रापकं शुद्धं सत्त्वमुपादेयमिति सर्वशास्त्रसिद्धान्तः। तथा च भागवते–"पार्थिवाद्दारुणो धूमस्तस्मादग्निस्त्रयीमयः। तमसस्तु रजस्तस्मात्सत्त्वं यद्ब्रह्मदर्शन"मिति ॥३९॥

गुणकार्यप्रकरणं निगमयन्नाह–नेति।

શ્લોકાર્થ-

હે ભરતર્ષભ ! હવે-હમણાં મારા થકી ત્રણ પ્રકારનું સુખ તું સાંભળ ! જે સુખમાં સહજ અભ્યાસથીજ રમે છે-સ્થિતિ પામેછે,અને સાંસારિક કલેશના અન્તને પણ પામેછે.

વળી-જે અભ્યાસ વખતે વિષ સમાન લાગે છે. અને પરિણામે અમૃતને તુલ્ય નીવડે છે. આવું પોતાની આત્મનિશ્ચયક બુદ્ધિની પ્રસન્નતાથી થયેલું સુખ તે સાત્ત્વિક સુખ કહેલું છે. ॥ ૩૬-૩૭ ॥

વિષય અને ઇન્દ્રિયોના સંયોગથી જે અનુભવ વખતે અમૃતને તુલ્ય મીઠું લાગેછે. પણ પરિણામે વિષની માફક દુઃખદાયી નીવડે છે. તે રાજસ સુખ કહેલું છે. ॥ ૩૮ ॥

જે સુખ ભોગવતી વખતે અને પરિણામે પણ જીવાત્માને કેવળ મોહનેજ કરનારૂં થાયછે. તેમજ નિદ્રા, આલસ્ય અને પ્રમાદ, તેનાથી પ્રાપ્ત થતું સુખ તે તામસ સુખ કહેલું છે. ॥ ૩૯ ॥

ભાવાર્થ—

હે ભરતર્ષભ ! હવે-હમણાં મેં કહેવા માંડેલું ત્રણ પ્રકારનું સુખ તું સાંભળ ! તેમાં પ્રથમ સાત્ત્વિક સુખ નિરૂપણ કરે છે. જે સુખમાં બહુ કાળના પરિચયરૂપ અભ્યાસથી જે પુરૂષ આનન્દ પામે છે. તે પુરૂષ દુઃખ જન્મ-મરણાદિક સાંસારિક કલેશના અન્તને-પારને સર્વથા પામે છે.

જે સુખ પ્રથમ-ધ્યાનનો અભ્યાસ કરવાના સમયમાં, ઇન્દ્રિયો અને મનની વિષયમાં પ્રવણુતાને લીધે એકાગ્રતા નહિ રહેવાથી દુઃસાધ્ય હોવાથી અને પ્રત્યગાત્માનો અનુભવ પણ પ્રાપ્ત થયો ન હોય, તેથી વિષ જેવુંજ—દુઃખજ આપનારૂં હોય એવું જણાય છે. અને પરિણામે-અન્તે તો ઇન્દ્રિયો અને મનના નિયમનરૂપ અતિ દૃઢ અભ્યાસના બળથી ધ્યાનનો પરિપાક—સિદ્ધ દશા પ્રાપ્ત થઇ ગયા પછી તો અમૃત જેવું લાગે છે. આવું આત્મનિશ્ચયક બુદ્ધિની રજોગુણ-તમોગુણરૂપ મળની નિવૃત્તિરૂપ પ્રસન્નતા—નિર્મળતા થકી થયેલું, જે સુખ તે સાત્ત્વિક સુખ કહેલું છે. તેજ પ્રમાણે સુખના ભેદો એકાદશમાં કહેલા છે—“ આત્મસ્વરૂપના અનુભવથી થયેલું સુખ સાત્ત્વિક સુખ છે. વિષયાનુભવથી થયેલું સુખ રાજસ છે. મોહ અને દીનતાથી પ્રાપ્ત કરેલું સુખ તામસ છે. અને મારા સમ્બન્ધવાળું સુખ નિર્ગુણ સુખ છે.॥ ૩૬-૩૭ ॥

હવે-રાજસ સુખ કહે છે—

શબ્દાદિક વિષયો અને ઇન્દ્રિયોના સમ્બન્ધથી થતું જે સુખ તે સુખ તેનો પરિણામ થતા પહેલાં ભોગ સમયમાં તો અમૃત જેવું મીઠું—સુસ્વાદુ લાગે છે. પણ પરિણામે ફળદશામાં તો પાપાચરણે યુકત હોવાથી વિષયસુખને નરકના દુઃખનું હેતુપણું છે માટે હાલાહલ વિષ જેવુંજ થાય છે. તે સુખ આત્મસુખને જાણનારા જ્ઞાની જનોએ રાજસ સુખ કહેલું છે. ॥ ૩૮ ॥

હવે-તામસ સુખ કહે છે—

અનુભવ વખતે અને પાછળથી પરિપાક-ફળદશા વખતે પણ જીવાત્માને જ્ઞાનના

भाष्यम्-

न तदस्ति पृथिव्यां वा दिवि देवेषु वा पुनः ।
सत्त्वं प्रकृतिजैर्मुक्तं यदेभिः स्यात्त्रिभिर्गुणैः ॥४०॥

पृथिव्याम्—पातालादिसप्तलोकयुक्तायां क्षित्याम्, स्थितेषु मनुष्यादिषु जन्तुषु । दिवि—ब्रह्मलोकान्ते स्वर्गे, स्थितेषु देवेषु वा—ब्रह्मेन्द्रादिदेवतासु च । एभिः-सत्त्वादिभिः, प्रकृतिजैः-प्रकृतिजातैः, त्रिभिर्गुणैर्मुक्तं रहितं यत्सत्त्वं जीवजातम्, तन्नैवास्ति । पुनःशब्दोऽवधारणे ॥ ४० ॥

सत्त्वादिगुणयुक्तानां ब्राह्मणादीनां चतुर्णां मोक्षप्राप्तये पूर्वाध्यायषट्के कर्तव्यतयोक्तानि स्वगुणानुसारीणि तेषां पृथक् पृथक् कर्माणि स्वोपासननिष्पत्तये भगवान् वदति-ब्राह्मणेति ।

ब्राह्मणक्षत्रियविशां शूद्राणां च परन्तप ! ।
कर्माणि प्रविभक्तानि स्वभावप्रभवैर्गुणैः ॥४१॥

हे परन्तप ! ब्राह्मणक्षत्रियविशाम्-कर्माधिकारिणाम्, तथा शूद्राणां च कर्माणि । स्वभावप्रभवैः-स्वस्य भावो ब्राह्मणादिजन्मकारणभूतं प्राक्तनं कर्म, तस्मात्प्रभवैः प्रादुर्भूतैः, गुणैः सत्त्वादिभिः, प्रविभक्तानि-तेषां गुणानुसारेण शास्त्रेषु प्रोक्तानीत्यर्थः । ब्राह्मणादीनां त्रयाणां समासकरणं तेषां द्विजत्वेन वेदाध्ययनादिसमानधर्मत्वज्ञापनार्थम् ॥ ४१ ॥

तत्रादौ ब्राह्मणस्य सत्त्वानुसारीणि कर्माणि वदति-शम इति ।

शमो दमस्तपः शौचं क्षान्तिरार्जवमेव च ।
ज्ञानं विज्ञानमास्तिक्यं ब्रह्मकर्म स्वभावजम् ॥४२॥

शमः—अन्तःकरणसंयमः, दमः-इन्द्रियसंयमः, तपः-पूर्वोक्तलक्षणम्, शौचम्-बाह्याभ्यन्तरत्वेन द्विविधम्, क्षान्तिः-क्षमा, आर्जवम्-अवक्रत्वम्, ज्ञानम्-शास्त्रजन्यम्, विज्ञानम्-साक्षादनुभवः, आस्तिक्यम्—यो भगवान् पुरुषोत्तमः सर्वकारणत्वेन सर्वेषु वेदेषु प्रतिपादितः, स एव अनाद्यविद्यया बद्धैर्जीवैः स्वमोक्षाय भजनीयः, तस्यैव भजनेन जनाश्चतुर्वर्गसिद्धिं प्राप्नुवन्तीति ध्रुवनिश्चयः ।

શ્લોકાર્થ-

હે અર્જુન ! પૃથ્વી ઉપર મનુષ્યોમાં અથવા તો સ્વર્ગમાં દેવતાઓમાં એવું કોઇ પ્રાણી નથી કે જે આ પ્રકૃતિથી ઉપજેલા ત્રણ ગુણોથી રહિત હોય. ॥૪૦॥

હે પરન્તપ ! બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યોનાં તેમજ શૂદ્રોનાં પણ કર્મ સ્વભાવથી થયેલા ગુણોને લીધે-ગુણો પ્રમાણેજ જુદાં જુદાં વિભાગથી કહેલાં છે. ॥ ૪૧ ॥

શમ, દમ, તપ, બે પ્રકારનું શૌચ, ક્ષમા, આર્જવ, જ્ઞાન, વિજ્ઞાન અને આસ્તિકતા, આ સઘળાં બ્રાહ્મણને સ્વભાવપ્રાપ્ત કર્મ કહેલાં છે. ॥ ૪૨ ॥

ભાવાર્થ—

વિપરીતપણારૂપ મોહનેજ ઉત્પન્ન કરનારૂં એવું નિદ્રા, ઇન્દ્રિયોના ઉદ્યમની શિથિલતારૂપ આલસ્ય અને કર્તવ્યને ભૂલવારૂપ પ્રમાદ, તેમાંથી ઉત્પન્નથયેલું જે સુખ તેને આત્મસુખને જાણનારા જ્ઞાનીજનોએ તામસ સુખ કહેલું છે. ।

આ કહ્યું એ પ્રમાણે રજોગુણ-તમોગુણનાં કાર્યોને દુઃખ ઉત્પન્ન કરવાપણું છે. તેથી મુમુક્ષુ જનોએ રજોગુણ-તમોગુણને જીતીને બ્રહ્મસુખને પમાડનારૂં શુદ્ધ સત્ત્વજ ગ્રહણ કરવા યોગ્ય છે. એમ સર્વસચ્છાસ્ત્રનો સિદ્ધાન્ત છે. જુઓ તે પ્રમાણે ભાગવતમાં કહે છે-" પૃથ્વીના વિકારભૂત કાષ્ટમાંથી ધૂમ ઉત્પન્ન થાય છે. તેમાંથી વેદત્રયીમાં કહેલાં યજ્ઞાદિક કર્મની સિદ્ધિ કરનારો અગ્નિ થાય છે. તેજ પ્રમાણે તમોગુણમાંથી રજોગુણ અને તેમાંથી સત્ત્વગુણ કે જે સત્ત્વગુણની સમ્પત્તિમાં બ્રહ્મ દર્શન પ્રાપ્ત કરાય છે." ॥૩૯॥

ગુણકાર્યના નિરૂપણનું પ્રકરણ સંકેલી લેતાં કહે છે—

પાતાળાદિક સાતેય લોકે યુક્ત પૃથ્વી લોકમાં રહેલા મનુષ્યાદિક જનોમાં અને બ્રહ્મ લોક સૂધીના સ્વર્ગમાં રહેલા બ્રહ્મા અને ઇન્દ્રાદિક દેવતાઓમાં પણ, આ સત્ત્વાદિક પ્રકૃતિમાંથી થયેલા ત્રણ ગુણોથી રહિત હોય એવો જે જીવ-પ્રાણીમાત્ર તે છેજ નહિ અર્થાત્ ત્રણ ગુણોથી બંધાયેલોજ છે. ॥ ૪૦ ॥

સત્ત્વાદિક ગુણોએ યુકત બ્રાહ્મણાદિક ચારેય વર્ણના મનુષ્યોનાં, મોક્ષની પ્રાપ્તિ માટે પ્રથમના છ અધ્યાયમાં કર્તવ્યપણે કહેલાં-પોત-પોતાના ગુણને અનુસારે રહેલાં તેમનાં જુદાં જુદાં કર્મ, પોતાની ઉપાસનાની સિદ્ધિને માટે ભગવાન શ્રીકૃષ્ણપરમાત્મા કહેછે-

હે પરન્તપ ! બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય, કે જેઓ વૈદિક કર્મમાં અધિકારવાળા છે તેમનાં, તથા શૂદ્ર જાતિના મનુષ્યોનાં પણ, કર્મો, સ્વભાવથી થયેલા ગુણોથી, એટલે કે-પોતાને બ્રાહ્મણાદિક જન્મ પ્રાપ્ત થવામાં કારણભૂત એવાં પ્રાચીન કર્મ તેનાથી પ્રગટ થયેલા સત્ત્વાદિક ગુણોને અનુસારે શાસ્ત્રમાં જુદાં જુદાં વિભાગપૂર્વક કહેલાં છે.

બ્રાહ્મણાદિક ત્રણેય વર્ણના વાચક શબ્દોનો સમાસ કરીને એક ભેગું પદ કહેવામાં આવ્યું છે. તે તો તેમને દ્વિજત્વ હોવાથી વેદાધ્યયનાદિક સમાન ધર્મવાળાપણું જણાવવા માટે છે. ॥ ૪૧ ॥

તેમાં પ્રથમ બ્રાહ્મણને સત્ત્વગુણને અનુસારે રહેલાં કર્મ કહે છે—

શમ-અન્તઃકરણનો સંયમ, દમ-ઇન્દ્રિયોનો સંયમ, તપ—પૂર્વે કહ્યું છે તેવું,

भाष्यम्-

एतत् स्वभावजम्-स्वसात्त्विकस्वभावानुसार्येव, ब्रह्मकर्म-ब्राह्मणस्य कर्म भवति। ब्राह्मणस्य धर्मजीविके चोक्ते स्कान्दे—"शमो दमः क्षमा शौचमास्तिक्यं भक्तिरीशितुः। तपो ज्ञानं च विज्ञानं विप्रधर्मः स्वभावजः॥ अध्यापनं याजनं च विशुद्धाच्च प्रतिग्रहः। विप्रस्य जीविका प्रोक्ता तत्रान्त्या त्वापदि स्मृता॥ याजनेऽध्यापने वापि दोषदर्शी द्विजोत्तमः। यस्तस्यान्यापि विहिता वृत्तिरस्ति चतुर्विधा॥ शिलोञ्छं नित्ययाञ्चा च शालीनं चोचिता कृषिः। श्रेयसी पूर्वपूर्वात्र ज्ञातव्या द्विजसत्तमैः"॥ इति॥ ४२॥

अथ क्षत्रियस्य स्वप्रकृत्यनुकूलानि कर्माणि ब्रवीति-शौर्यमिति।

शौर्यं तेजो धृतिर्दाक्ष्यं युद्धे चाप्यपलायनम्।
दानमीश्वरभावश्च क्षात्रं कर्म स्वभावजम्॥४३॥

शौर्यम्-समरे निर्भयत्वम्, तेजः-प्रागल्भ्यम्, परैरधृष्यत्वमिति यावत्। धृतिः-प्रारब्धे सत्कर्मणि विक्षेप आगतेऽपि तत्समाप्तिकरण-सामर्थ्यरूपं धैर्यम्, दाक्ष्यम्-समग्रक्रियानिष्पत्तिकौशल्यं च, युद्धेऽपि स्वमृतिजनके संग्रामेऽप्यपलायनम्-स्थैर्यम्, दानम्-स्वकीय द्रव्यस्य पात्रेषु प्रतिपादनरूपमौदार्यम्, ईश्वरभावश्च-जननियमन-शक्तिः, एतत् स्वभावजम्-स्वप्रकृत्यनुकूलम्, क्षात्रम्-क्षत्रजातेरिदं कर्मास्ति। क्षत्रियस्य धर्मजीविके प्रोक्ते स्कान्दे-"शूरत्वं धैर्यमौदार्यं बलं तेजः शरण्यता। गोविप्रसाधुरक्षेज्या धर्माः क्षत्रस्य कीर्तिताः॥ शस्त्रेण जीवेत् क्षत्रं तु सर्वतो धर्मरक्षया। करादानादि नृपतेरवि-प्राद्वृत्तिरीरिता॥ देशकालानुसारेण रञ्जयित्वाखिलाः प्रजाः" इति॥४३

अथ वैश्यशूद्रयोः स्वप्रकृत्यनुकूलानि कर्माणि वदति-कृषीति।

कृषिगोरक्ष्यवाणिज्यं वैश्यकर्म स्वभावजम्।
परिचर्यात्मकं कर्म शूद्रस्यापि स्वभावजम्॥४४॥

कृषिगोरक्ष्यवाणिज्यम्-कृषिरन्नोत्पत्तिहेतुः कर्षणम्, गोरक्ष्यम्-गवादिपशुपालनम्, वाणिज्यम्-धनोत्पादनकारणभूतं क्रयविक्रय-रूपं कर्म च, तेषां समाहारः। कुसीदमप्यत्राध्याहार्यम्। एतत् स्वभावजम्-स्वप्रकृत्यनुकूलं वैश्यस्य कर्मास्ति। परिचर्यात्मकम्-त्रैवर्णि

શ્લોકાર્થ—

શૌર્ય, તેજ, ધૈર્ય, દક્ષતા, યુદ્ધમાં પણ પલાયન નકરી જવું, દાન અને ઇશ્વરભાવ, આ બધાં ક્ષત્રિયોને સ્વભાવથીજ પ્રાપ્ત થયેલાં સહજ કર્મ છે. ॥ ૪૩ ॥

ભાવાર્થ-

શૌચ-બાહ્ય આભ્યન્તરપણે કરીને બે પ્રકારનું, ક્ષાન્તિ-ક્ષમા, આર્જવ-અવક્રતા-સરલતા, જ્ઞાન-શાસ્ત્રશ્રવણથી કે અધ્યયનથી થયેલું જ્ઞાન, વિજ્ઞાન—સાક્ષાત્ અનુભવાત્મક જ્ઞાન, અને આસ્તિક્ય-જે ભગવાન પુરૂષોત્તમ સર્વકારણપણે કરીને સર્વ વેદાદિક સચ્છાસ્ત્રોમાં પ્રતિપાદન કરવામાં આવ્યા છે. તે ભગવાન પુરૂષોત્તમજ અનાદિ અવિદ્યારૂપ અજ્ઞાનથી બન્ધાયેલા જીવાત્માઓએ ભજવા—સેવવા યોગ્ય છે. અને તેનાજ ભજન—ઉપાસનથી મનુષ્યો ધર્માદિક ચતુર્વર્ગની સિદ્ધિને પામે છે. આવો જે દૃઢ-અડગ નિશ્ચય, તે આ પોતાના સાત્વિક-સત્વગુણ પ્રધાન સ્વભાવને અનુસારેજ બ્રાહ્મણ જાતિના મનુષ્યનું કર્મ છે! બ્રાહ્મણના ધર્મો અને આજીવિકાના પ્રકાર સ્કન્દપુરાણમાં કહેવામા આવ્યા છે-"શમ, દમ, ક્ષમા, શૌચ, આસ્તિકતા, સર્વ નિયન્તા પ્રભુની ભકિત, તપ, જ્ઞાન અને વિજ્ઞાન, આ બધો બ્રાહ્મણનો સ્વાભાવિક ધર્મ છે. અધ્યાપન-ભણવું-ભણાવવું, યાજન—યજ્ઞ કરવા અને કરાવવા અને વિશુદ્ધ વર્તનવાળા ન્યાયથી દ્રવ્ય સમ્પાદન કરનારા પુરૂષ થકી પ્રતિગ્રહ કરવો. તે વિપ્ર જાતિના પુરૂષને આજીવિકા કહેલી છે. તેમાં છેલ્લી-પ્રતિગ્રહ વૃત્તિ તો આપત્કાળમાંજ માનેલી છે. વળી-જે દ્વિજોત્તમ યાજન અને અધ્યાપનમાં પણ દોષદર્શી હોય તો તેને બીજી પણ ચાર પ્રકારની વૃત્તિ-આજીવિકા મેળવવાનું સાધન કહેલી છે. શીલોઞ્છ—ક્ષેત્રમાંથી સલો કરવો, તેમજ દુકાનોમાંથી વેરાયેલા કણ વીંણી લાવવા, નિત્યયાઞ્ચા-દરરોજ યાવદપેક્ષિત અન્ન માગી લાવવું, શાલીન-માગ્યા સિવાય મળેલું અન્નાદિક, અને પોતાને ઉચિત કૃષિ-ખેડ કરવી. આ ચાર વૃત્તિઓમાં પૂર્વ-પૂર્વની એક-બીજા કરતાં શ્રેષ્ઠ છે. એમ દ્વિજાતિમાં શ્રેષ્ઠ પુરૂષોએ જાણવી." એમ. ॥ ૪૨ ॥

હવે-ક્ષત્રિયોને પોતાની પ્રકૃતિને અનુકૂળ કર્મ કહી બતાવે છે—

શૌર્ય-યુદ્ધમાં નિર્ભયતા રાખવી, તેજ-બીજાઓથી દબાવાય નહિ એવું પ્રાગલ્ભ્ય-ગંભીરતા, ધૃતિ—આરંભેલા સત્કર્મમાં વિક્ષેપ આવી પડે તો પણ તેને સમાપ્ત કરવાના સામર્થ્યરૂપ ધૈર્ય, દાક્ષ્ય-સઘળા કાર્યની સિદ્ધિ કરવાની કુશળતા, પોતાનું મૃત્યુ ઉપજાવે એવા સંગ્રામમાં પણ નાશી ન જવું એવું સ્થૈર્ય, દાન-પોતાના દ્રવ્યનું સત્પાત્રને અર્પણ કરવારૂપ ઔદાર્ય અને ઇશ્વરભાવ—મનુષ્યોનું નિયમન કરવાની શકિત, આ સ્વાભાવિકજ ક્ષત્ર જાતિના પુરૂષોનું કર્મ છે. ક્ષત્રિય જાતિના મનુષ્યોના ધર્મ અને જીવિકા સ્કન્દ પુરાણમાં કહ્યાં છે-" શૂરવીરતા, ધૈર્ય, ઔદાર્ય, બળ, તેજ, શરણે આવેલાની રક્ષા કરવાનો સ્વભાવ, ગાયો, વિપ્રો અને સાધુપુરૂષોની રક્ષા કરવી અને ઇજ્યા-યજ્ઞ કરવા, આ બધા ધર્મો ક્ષત્રિયના કહેલા છે. ક્ષત્રિય જાતિનો માણસ સર્વ પ્રકારે ધર્મનું રક્ષણ કરવાપૂર્વક શસ્ત્રથી પોતાની જીવિકા મેળવે અને તેમાં રાજા હોય તેને તો દેશ-કાળાદિકને

भाष्यम्-

कानां सेवनरूपम्, शूद्रस्यापि स्वभावजम्-स्वप्रकृत्यनुकूलं कर्मास्ति। वैश्यशूद्रयोर्धर्मजीविके प्रोक्ते स्कन्दपुराणे--"आस्तिक्यं दाननिष्ठा च साधुब्राह्मणसेवनम्। अतुष्टिरर्थोपचये धर्मो वैश्यस्य चोद्यमः॥ कृषि-वाणिज्यगोरक्षा तुरीया वृद्धिजीवनम्। वैश्यस्य जीविका प्रोक्ता शूद्र-वृत्तिस्तथापदि॥ द्विजातीनां च देवानां सेवा निष्कपटं गवाम्। विशेष-धर्मः कथितः शूद्रस्य मुनिसत्तम!॥ शूद्रो जीवेत् द्विजातीनां सेवा-लब्धधनेन च। आपत्काले तु कार्वादेर्जीविकावृत्तिमाश्रयेत्॥ चातुर्वर्ण्यं सतां सङ्गं कुर्यान्न त्वसतां क्वचित्। मुक्तिप्रदोऽस्ति सत्सङ्गः कुसङ्गो निरयप्रदः"॥ इति ॥ ४४ ॥

ननु—ब्राह्मणादीनां कर्तव्यतयोक्तैः कर्मभिः किं स्यादित्यत्राह-स्वे स्वे इति।

स्वे स्वे कर्मण्यभिरतः संसिद्धिं लभते नरः।
स्वकर्मनिरतः सिद्धिं यथा विन्दति तच्छृणु॥
यतः प्रवृत्तिर्भूतानां येन सर्वमिदं ततम्।
स्वकर्मणा तमभ्यर्च्य सिद्धिं विन्दति मानवः॥४५-४६॥

स्वे स्वे-स्वकीयस्वकीयवर्णोचिते, कर्मण्यभिरतः-प्रीतियुक्तो नरः, संसिद्धिम्-आत्मपरमात्मनोर्ज्ञाननिष्ठां लभते। तज्ज्ञाननिष्ठां कथं प्राप्नोतीत्यत्राह-स्वकर्मेति सार्धेन। स्वकर्मनिरतः-स्वस्य कर्मणि नितरां रतः प्रेमयुक्तः, चातुर्वर्ण्यो जनः, यथा येन प्रकारेण सिद्धिम्-ज्ञाननिष्ठाम्, विन्दति-लभते, तत्-तं प्रकारं शृणु?॥ यत इति। यतः परमेश्वरात् मत्तो भूतानां सकलजन्तूनां प्रवृत्तिः-उत्पत्तिः, प्रवर्तनं च। येन परमात्मना मया, अन्तर्यामितया सर्वमक्षरादिचे-तनवृन्दम्, इदम्-प्रत्यक्षं पृथिव्याद्यचेतनवृन्दं च, ततम्-व्याप्तम्। स्वकर्मणा-उक्तेन स्वकीयेन कर्मणा, तम्-परमेश्वरं माम्, अभ्यर्च्य-पूजयित्वा, उपास्येति यावत्। मानवः। सिद्धिम्-आत्मपरमात्मनोर्ज्ञा-ननिष्ठाम्, विन्दति-लभते॥ ४५-४६॥

यस्मादेवं तस्मात् कर्मयोग एव कर्तव्य इत्याह-श्रेयानिति।

શ્લોકાર્થ-

ખેડ કરવી, ગાયો વિગેરે પશુઓનું રક્ષણ કરવું અને વાણિજ્ય-વેપાર કરવો. આ વૈશ્યોનાં સ્વભાવપ્રાપ્ત કર્મ છે. અને ત્રણ વર્ણની પરિચર્યા કરવી એ રૂપ શૂદ્રોનું પણ સ્વભાવપ્રાપ્ત કર્મ છે. ॥ ૪૪ ॥

સર્વ મનુષ્યો પોત-પોતાના કર્મમાંજ આભરત-રચ્યા-પચ્યા રહીને સંસિદ્ધિને પામેછે. હવે તે પોતાનાજ કર્મમાં નિરત રહીને જેમ સિદ્ધિને પામેછે. તે તું સાંભળ! ॥૪૫॥

જેના થકી આ ભૂત-પ્રાણીમાત્રની પ્રવૃત્તિ-આરંભ થાય છે, અને જેણે આ સઘળું જગત્ વ્યાપેલું છે. તે પરમાત્માને પોતાના કર્મથી પૂજીને—પ્રસન્ન કરીને માણસો સિદ્ધિને પામે છે. ॥ ૪૬ ॥

ભાવાર્થ-

સમઝીને તે પ્રમાણે સઘળી પ્રજાઓને રક્ષા આદિક ગુણોથી રંજન કરીને બ્રાહ્મણ સિવાયના મનુષ્યો થકી કર લેવા એ આદિક વૃત્તિ-જીવિકા કહેલી છે." એમ. ॥ ૪૩ ॥

હવે-વૈશ્ય અને શૂદ્રનાં પોત-પોતાની પ્રકૃતિને અનુકૂળ કર્મ કહી બતાવે છે—

અનાજને ઉત્પન્ન કરવામાં કારણભૂત ખેતી કરવી, ગાય બળદ વિગેરે પશુઓનું પાલન કરવું અને ધન ઉત્પાદન કરવામાં કારણભૂત ક્રયવિક્રયરૂપ કર્મ, આ ઉપરાંત કુસીદ—વ્યાજ વટાવનો વ્યવહાર કરવો, આ બધું પોતાની પ્રકૃતિને અનુકૂળ એવું વૈશ્ય જાતિના મનુષ્યોનું કર્મ છે. અને બ્રાહ્મણાદિક ત્રણ વર્ણના મનુષ્યોની સેવા-ચાકરી કરવી એ શૂદ્રોને પણ સ્વભાવસિદ્ધ પોતાની પ્રકૃતિને અનુકૂળ કર્મ છે. વૈશ્ય અને શૂદ્રના ધર્મ અને જીવિકાઓ સ્કન્દ પુરાણમાં કહેલી છે-" આસ્તિકતા, દાન આપવાની સ્વાભાવિક વૃત્તિ, સાધુ-બ્રાહ્મણોની સેવા—પૂજા કરવી, અર્થ વધારવામાં અસન્તોષ અને ઉચિત ઉદ્યમ કરવો, એ વૈશ્ય જાતિના મનુષ્યોના ધર્મ કહ્યા છે. અને કૃષિ-ખેડ કરવી, વાણિજ્ય-વેપાર કરવો, ગોરક્ષા કરવી અને ચોથી વૃદ્ધ—વ્યાજ વટાવથી દ્રવ્ય લેવું, આ વૈશ્ય જાતિના મનુષ્યોની જીવિકા કહેલી છે. તથા આપત્કાળમાં શૂદ્રવૃત્તિથી જીવવું એમ પણ કહેલું છે. અને હે મુનિસત્તમ! દ્વિજાતિઓની તથા દેવતાઓની તથા ગાયોની નિષ્કપટ ભાવે સદાય સેવા કરવી, એ શૂદ્રનો વિશેષ ધર્મ કહેલો છે. માટે શૂદ્ર જાતિનો મનુષ્ય દ્વિજાતિઓની સેવા કરવામાંથી મળેલા દ્રવ્યથી જીવિકા કરે, અને આપત્કાળમાં તો કાર્વાદિકની જીવિકાવૃત્તિને આશરીને જીવન ચલાવે, અને ચારેય વર્ણના મનુષ્યો સત્પુરૂષોનો સંગ-સમાગમ કરે પણ અસત્પુરૂષોનો સંગ તો ક્યારેય પણ ન કરે, કારણ કે-સત્સંગ તો મુક્તિને આપનારોછે. અને કુસંગ નિશ્ચય-નરકને આપનારોછે." એમ.॥૪૪॥

શંકા-બ્રાહ્મણાદિકને કર્તવ્યપણે કહેલાં કર્મથી શું ફળ થાય? એ શંકાના સમાધાનમાં કહે છે—

પોત—પોતાના વર્ણને સમુચિત કર્મમાંજ પ્રીતિવાળો-મંડયો રહેનારો પુરૂષ, સંસિદ્ધિને-આત્મા-પરમાત્માના સ્વરૂપમાં જ્ઞાનનિષ્ઠાને પામે છે, તે જ્ઞાનનિષ્ઠાને કેવી

भाष्यम्–

श्रेयान् स्वधर्मो विगुणः परधर्मात्स्वनुष्ठितात् ।
स्वभावनियतं कर्म कुर्वन्नाप्नोति किल्विषम् ॥४७॥

प्राचीनकर्मवासनासहितस्य नरस्य दुष्करत्वेन, परधर्मात्–परस्य संयतेन्द्रियमानसस्य पुंसः, धर्मात्–धर्मभूताज्ज्ञानयोगाख्यधर्मात्, जातु स्वनुष्ठितादपि इन्द्रियव्यापृतिरहिततया सगुणादपि । विगुणः–इन्द्रियव्यापारविरतिरूपगुणरहितः, स्वधर्मः–स्वप्रकृत्यनुकूलत्वात्सुकरतया स्वधर्मभूतः कर्मयोगः, अन्तर्गतज्ञानतया श्रेयान्–प्रशस्यतरः।

यद्वा–स्वनुष्ठितात्–सुखेन कृतात्, परधर्मात्–परस्य ब्राह्मणस्य धर्मात् शमादिप्रधानात् । विगुणः–शमादिगुणवर्जितः, स्वधर्मः—क्षत्रियधर्मः, श्रेयानिति ।

अतः स्वभावनियतम्–स्वप्रकृत्यनुकूलं पूर्वोक्तं कर्म, मत्प्रसन्नतायै कुर्वन्नरो युद्धादिकर्मजनितं हिंसारूपं किल्विषं दोषं नाप्नोति–न लभते॥

अथेदानीमल्पदोषसहितमपि स्वधर्मभूतं कर्म न त्याज्यमित्याह–सहजमिति ।

सहजं कर्म कौन्तेय ! सदोषमपि न त्यजेत् ।
सर्वारम्भा हि दोषेण धूमेनाग्निरिवावृताः ॥ ४८ ॥

हे कौन्तेय ! सहजम्–ब्राह्मणादिवर्णभेदतः, ब्रह्मचारिप्रभृत्याश्रमभेदतश्च सहैव जातम्, कर्म सदोषमपि न त्यजेत् । हि–यतः, सर्वारम्भाः–सर्वे कर्मारम्भाः, दोषेणाल्पेन, धूमेनाग्निरिवावृताः–आच्छादिताः।

यद्वा–अथेदानीं ज्ञानयोगात् कर्मयोग एव श्रेयान् । तत् कर्मयोगो मुमुक्षुणा न त्याज्य इत्याह–सहजमिति । सहजम्–देहिनोऽस्य त्रिगुणदेहयोगेन सहजम्, अत एव सुकरं सदोषमपि सुदुःखमपि न त्यजेत् । सर्वारम्भाः–कर्मयोगस्य वा ज्ञानयोगस्य वा आरम्भाः, धूमेनाग्निरिव दोषेणावृताः। ज्ञानयोगारम्भेऽप्यस्त्येव महान् प्रयासः॥

निष्कामकर्मयोगस्य फलं वदति–असक्तेति ।

असक्तबुद्धिः सर्वत्र जितात्मा विगतस्पृहः ।
नैष्कर्म्यसिद्धिं परमां सन्न्यासेनाधिगच्छति ॥ ४९ ॥

શ્લોકાર્થ-

સારી રીતે અનુષ્ઠાન કરેલા પર ધર્મ કરતાં પણ ન્યૂન ગુણુવાળો હોય તોય પોતાનો ધર્મ સારો-શ્રેય આપનારો છે, કેમકે-સ્વભાવથીજ નિયત કરેલું કર્મ કરતાં માણસ કયારેય કિલ્વિષ-દુ:ખ અગર તો પાપ નથી પામતો. ॥ ૪૭ ॥

હે કૌન્તેય ! દોષવાળું-ન્યૂન ગુણુવાળું હોય તોય પોતાનું સહજ કર્મ માણસોએ તજવું જોઇએ નહિ, કેમકે-સર્વ કર્મના આરંભોજ ધૂમાડાથી અગ્નિજ જેમ એમ દોષથીજ આવરેલા-ભરેલા છે. ॥ ૪૮ ॥

ભાવાર્થ-

રીતે પામેછે ? તે દોઢ શ્લોકથી કહે છે-પોતાનાજ કર્મમાં અત્યન્ત પ્રેમ યુકત વર્તનારો ચારેય વર્ણનો મનુષ્ય જે પ્રકારે જ્ઞાનનિષ્ઠારૂપ સિદ્ધિને પામેછે. તે પ્રકાર હું કહી બતાવું છું તેને સાંભળ ! ।

જે પરમેશ્વર એવા મારા થકી સર્વ ભૂત—પ્રાણીમાત્રની ઉત્પત્તિ અને સ્થિતિ વિગેરે થાય છે. અને વળી જે પરમેશ્વર એવા મેં અન્તર્યામીપણે સર્વ-અક્ષરથી લઇને સઘળું ચેતનવૃન્દ અને આ-પ્રત્યક્ષ વર્તતું પૃથ્વી વિગેરે સઘળું અચેતનવૃન્દ—જડ-સમુદાય, તે વ્યાપેલું છે. આ ઉપર કહ્યા એવા પોતાના સહજ કર્મથી તે પરમેશ્વર એવા મને પૂજીને—ઉપાસના કરીનેજ મનુષ્ય આત્મા-પરમાત્માના સ્વરૂપની જ્ઞાનનિષ્ઠારૂપ સિદ્ધિને પામે છે. ॥ ૪૫-૪૬ ॥

આમ વસ્તુસ્થિતિ હોવાથી કર્મયોગજ કરવા યોગ્ય છે. એમ કહે છે—

પ્રાચીન કર્મની વાસનાવાળા મનુષ્યને દુષ્કર હોવાથી પરધર્મ કરતાં, અર્થાત્-ઇન્દ્રિયો અને મનને સંયમમાં રાખનાર જ્ઞાની પુરૂષના ધર્મભૂત જ્ઞાનયોગ નામે ધર્મ કરતાં, કયારેક સારી રીતે અનુષ્ઠાન કરેલા, એટલે કે-ઇન્દ્રિયોના વ્યાપારે રહિતપણાને લીધે સારા ગુણવાળા કરતાંય પણ, વિગુણ-ઇન્દ્રિયોના વ્યાપારની વિરતિરૂપ ગુણે રહિત એવોય પણ, સ્વધર્મ-પોતાની પ્રકૃતિને અનુકૂળ હોવાથી સુખેથી કરી શકાય એવો હોવાથી સ્વધર્મભૂત કર્મયોગ, અંદર જ્ઞાન રહેલું હોય છે માટે શ્રેયાન્-બહુજ વખાણવા યોગ્ય છે. અથવા—સુખેથી કરેલા-આચરેલા, પરધર્મ કરતાં-પર જે બ્રાહ્મણ તેનો ધર્મ-શમદમાદિક પ્રધાન જેમાં છે. તે કરતાં વિગુણ-શમાદિ ગુણવર્જીત એવો સ્વધર્મ-ક્ષત્રિયધર્મ તે શ્રેયાન્-ઘણોજ સારો છે. માટે સ્વભાવથીજ નિયત-પોતાની પ્રકૃતિને અનુકૂળ પૂર્વે કહેલું કર્મ મારી પસન્નતા માટે કરનારો પુરૂષ યુદ્ધાદિક કર્મથી થયેલા હિંસારૂપ કિલ્વિષને નથી પામતો.॥૪૭॥

હવે—હમણાં અલ્પ દોષવાળું હોય તો પણ પોતાનું સહજ ધર્મભૂત કર્મ ન તજવું જોઇએ. એમ કહે છે—

હે કૌન્તેય ! સહજ—બ્રાહ્મણાદિક વર્ણભેદોને લીધે તથા બ્રહ્મચારી આદિક આશ્રમભેદને અનુસરીને સાથેજ નિર્માણ થયેલું એવું કર્મ દોષવાળું હોય તો પણ ત્યાગ ન કરે. કારણ કે-સર્વ કર્મના આરંભોજ કાંઇક પણ અલ્પ દોષથી ધૂમાડાથી અગ્નિજ જેમ એમ આવરણવાળા-વ્યાપ્ત હોય છે.

भाष्यम्-

सर्वत्र-आत्मपरमात्मव्यतिरिक्तेषु पुत्रधनादिपदार्थेषु । असक्तबुद्धिः—असक्ता प्रीतिवर्जिता बुद्धिर्यस्य सः । अत एव जितात्मा-वशीकृतमनाः, सन्न्यासेन-त्यागशब्दपर्यायभूतेन, परमाम्-श्रेष्ठाम्, नैष्कर्म्यसिद्धिम्-नैष्कर्म्यस्य ज्ञाननिष्ठायाः सिद्धिम्, फलरूपं परमेश्वरस्य मम ध्यानमधिगच्छति ॥ ४८-४९ ॥

ध्यानरूपायाः स्मृतेः फलमाह-सिद्धिमिति ।

सिद्धिं प्राप्तो यथा ब्रह्म तथाप्नोति निबोध मे ।
समासेनैव कौन्तेय ! निष्ठा ज्ञानस्य या परा ॥ ५० ॥

सिद्धिं प्राप्तः—प्रतिदिनकृतस्य निष्कामयोगस्य फलरूपं ध्यानं प्राप्तः, यथा-येन प्रकारेण, ब्रह्म प्राप्नोति । तथा-तेन प्रकारेण, उच्यमानमुपायमिति शेषः । समासेन-सङ्क्षेपतः, मे-मम वचनान्निबोध-जानीहि । हे कौन्तेय ! तदेव ब्रह्म, ज्ञानस्य-स्मृतिरूपवेदनस्य, या परा निष्ठा-उत्कृष्टा स्थितिर्भवतीत्यर्थः ॥ ५० ॥

ब्रह्मप्राप्त्युपायं वदति-त्रिभिः ।

बुद्ध्या विशुद्धया युक्तो धृत्यात्मानं नियम्य च ।
शब्दादीन् विषयांस्त्यक्त्वा रागद्वेषौ व्युदस्य च ॥
विविक्तसेवी लघ्वाशी यतवाक्कायमानसः ।
ध्यानयोगपरो नित्यं वैराग्यं समुपाश्रितः ॥
अहङ्कारं बलं दर्पं कामं क्रोधं परिग्रहम् ।
विमुच्य निर्ममः शान्तो ब्रह्मभूयाय कल्पते ॥ ५१-५३ ॥

बुद्ध्येति । विशुद्धया आत्मानुभवयोग्यया बुद्ध्या-धीषणया । युक्तः-सततं तदन्वितः । धृत्या धैर्येण, आत्मानं मनः, नियम्य वशीकृत्य, शब्दादीन्-शब्दस्पर्शरूपरसगन्धान्, पञ्च विषयान्, त्यक्त्वा परित्यज्य च । प्राकृतेषु तेषु प्रियाप्रियेषु रागद्वेषौ व्युदस्य परिहाय । ब्रह्मभूयाय कल्पते इत्युत्तरेण सम्बन्धः ॥

विविक्तसेवीति । विविक्तसेवी-विविक्तं जनसंघर्षणवर्जितमेकान्तस्थानं सेवितुं शीलं यस्य सः । लघ्वाशी-लघुपरिमाणयुक्तं पवित्रं

શ્લોકાર્થ-

સર્વત્ર-વસ્તુમાત્રમાં આસકિતએ રહિત બુદ્ધિવાળો, મનને જીતનારો અને સ્વર્ગાદિકના સુખમાં પણ સ્પૃહા વિનાનો પુરૂષ કર્મફળના સન્ન્યાસથીજ સર્વોત્કૃષ્ટ નૈષ્કર્મ્યસિદ્ધિને પામે છે. ॥ ૪૯ ॥

નૈષ્કર્મ્યસિદ્ધિના ફળરૂપ ધ્યાનયોગને પામેલો પુરૂષ જેવી રીતે બ્રહ્મને-પરબ્રહ્મને પામે છે, તે સંક્ષેપથી કહેલો પ્રકાર મારા થકી તું જાણ !-સમઝ ! કે જે પરમાત્મપ્રાપ્તિરૂપ જ્ઞાનની પરા કાષ્ઠા-ઉત્કૃષ્ટ સ્થિતિ કહેલી છે. ॥ ૫૦ ॥

સર્વથા વિશુદ્ધ બુદ્ધિએ યુકત થઇને, ધૈર્યથી મનને નિયમમાં રાખીને, શબ્દાદિક વિષયોનો ત્યાગ કરીને અને રાગ-દ્વેષનો પણ સર્વથા પરિત્યાગ કરીને,

એકાન્ત સેવન કરવાના સ્વભાવવાળો થઇને, લઘુ આહાર કરીને, વાણી, શરીર અને મનને નિયમમાં રાખીને,પરમ વૈરાગ્યને સર્વથા આશર્યો થકો નિરન્તર ધ્યાનયોગપરાયણ વર્તતો.

ભાવાર્થ—

અથવા-હવે હમણાં જ્ઞાનયોગ કરતાં કર્મયોગજ ઘણો સારો છે. માટે કર્મયોગ મુમુક્ષુઓએ ત્યાગ ન કરવો એમ કહે છે—

આ દેહી-જીવાત્માને ત્રિગુણમય દેહયોગની સાથેજ ઉત્પન્ન થયેલું અને તેથીજ સુખેથી કરી શકાય એવું કર્મ દોષવાળું હોય અને તેમાં બહુ દુઃખ રહેલું હોય તો પણ ત્યાગ ન કરવું, કારણ કે-સર્વ આરંભો-કર્મયોગના કે જ્ઞાનયોગના આરંભોજ ધૂમાડાથી અગ્નિની માફક દોષોથી વીંટાયેલા છે. જ્ઞાનયોગના આરંભમાં પણ મહાન્ પ્રયાસ તો છેજ. ॥૪૮॥

હવે-નિષ્કામ કર્મયોગનું ફળ કહે છે—

સર્વત્ર-આત્મા-પરમાત્મા સિવાયનાં પુત્ર-ધનાદિક પદાર્થોમાં, અસકત-પ્રીતિએ રહિત બુદ્ધિ જેની છે. અને તેથીજ સ્વર્ગાદિક ફળમાં પણ જેને અભિલાષા નષ્ટ થઇ ગઇ છે. અને તેથીજ વશ કરેલા મનવાળો પુરૂષ, ત્યાગ શબ્દના પર્યાયભૂત-જેવાજ સન્ન્યાસથી-કર્મફળના ત્યાગથી, સર્વોત્કૃષ્ટ નૈષ્કર્મ્યસિદ્ધિ જે જ્ઞાનનિષ્ઠાની સિદ્ધિ—ફળરૂપ એવી પરમેશ્વર એવા મારા ધ્યાનની સિદ્ધિને પામે છે. ॥ ૪૯ ॥

હવે-ધ્યાનરૂપ સ્મૃતિનું ફળ કહે છે—

દરરોજ નિયમિતપણે કરેલા નિષ્કામયોગના ફળરૂપ ધ્યાનની સિદ્ધિને પામેલો પુરૂષ જે પ્રકારે બ્રહ્મને પામેછે તે પ્રકારે મેં કહેલા ઉપાયને સંક્ષેપથી મારા વચનથી તું જાણ-સમઝ! હે કૌન્તેય! તે બ્રહ્મપ્રાપ્તિજ સ્મૃતિરૂપ જ્ઞાનની પરા-સર્વોત્કૃષ્ટ નિષ્ઠા-સ્થિતિ છે. ॥ ૫૦ ॥

હવે-ત્રણ શ્લોકથી બ્રહ્મપ્રાપ્તિનો ઉપાય કહે છે—

આત્માનુભવમાં યોગ્ય વિશુદ્ધ બુદ્ધિએ નિરન્તર યુકત વર્તતા પુરૂષ, ધૈયથી મનને વશમાં કરીને શબ્દ સ્પર્શ, રૂપ, રસ અને ગન્ધ એ પાંચેય વિષયોનો પરિત્યાગ કરીને, પ્રાકૃત એવા તે પ્રિય-અપ્રિય સારા-નરસા વિષયોમાં રાગ-દ્વેષનો પણ પરિત્યાગ કરીને,

भाष्यम्-

चाशितुं भोक्तुं शीलं यस्य सः। बहुलाहारानाहाराभ्यां वर्जित इत्यर्थः। यतवाक्कायमानसः-वशीकृतवाणीशरीरमनस्कः। अत एव नित्यं ध्यानयोगपरः-यावज्जीवं ध्यानयोगपरायणः। वैराग्यम्-आत्मपरमात्मेतरवस्तुषु विरतिम्, समुपाश्रितः-सम्प्राप्तः, ब्रह्मभूयाय कल्पते इत्युत्तरेण सम्बन्धः॥

अहङ्कारमिति। अहङ्कारम्—देहाभिमानम्। बलम्—असति दुराग्रहम्। दर्पम्—गर्वम्। कामम्—विषयेच्छाम्। क्रोधम्—रोषम्। परिग्रहम्-शरीरोपयोगिबाह्योपकरणम्, विमुच्य त्यक्त्वा, निर्ममः-अस्मिँल्लोके ममतारहितः। शान्तः-स्वात्मनि शान्तिं प्राप्तः। एतैर्लक्षणैः सम्पन्नः पुरुषो ब्रह्मभूयाय ब्रह्मभावाय कल्पते-ब्रह्मभावं शुद्धक्षेत्रज्ञस्वरूपं प्राप्नोतीत्यर्थः॥ ५१-५३॥

एवं ब्रह्मभावप्राप्त्यनन्तरं ममैकान्तिकीं भक्तिं प्राप्नोतीत्याह-ब्रह्मभूत इति।

ब्रह्मभूतः प्रसन्नात्मा न शोचति न काङ्क्षति।
समः सर्वेषु भूतेषु मद्भक्तिं लभते पराम्॥५४॥

ब्रह्मभूतः—अक्षरभावं प्राप्तः। अतः प्रसन्नात्मा-देहदैहिकजनितक्लेशहीनत्वात्प्रफुल्लमनाः। मत्तो मदेकान्तिकभक्तेभ्यश्चान्यपदार्थं न शोचति न काङ्क्षति। अतः सर्वेषु भूतेषु समः-सकलेषु जन्तुषु स्वस्य निःस्पृहत्त्वादनादरत्त्वाच्च समतया वर्तमानः, मत्तो मद्भक्तेभ्यश्चान्यत्सर्वं पदार्थवृन्दमतिशयतुच्छं मन्वान इत्यर्थः। एवं ब्रह्मात्मतया वर्तमानो योगी, पराम्—सर्वेभ्यो मत्प्रसन्नतासाधनेभ्यः श्रेष्ठतमामेकान्तिकीम्, मद्भक्तिम्-मयि सर्वनियन्तरि सर्वकारणकारणे भक्तवात्सल्यवारिधौ समग्रदोषगन्धरहिते निरवधिकातिशयागणितकल्याणगुणसागरे लावण्यपीयूषसमुद्रे नवीनजीमूतसङ्काशरूपे नवीनकोकनदश्रीस्तेयकरनयने सर्वोपास्ये धर्मस्वरूपवसुदेवनन्दनेऽतिशयप्रेमपूर्वकानुध्यानं लभते॥ ५४॥

भक्त्या मामभिजानाति यावान् यश्चास्मि तत्त्वतः।
ततो मां तत्त्वतो ज्ञात्वा विशते तदनन्तरम्॥५५॥

શ્લોકાર્થ--

તેમજ-અહંકાર, બળ, દર્પ, કામ, ક્રોધ અને પરિગ્રહનો પરિત્યાગ કરીને નિર્મમત્વ થઇને શાન્ત થયેલો પુરુષ બ્રહ્મરૂપ થવાને યોગ્ય થાય છે. ॥૫૧-૫૩॥

આવો બ્રહ્મભૂત થયેલો, પ્રસન્ન ચિત્તવાળો પુરૂષ પ્રિય વસ્તુના નાશથી નથી શોક કરતો, કે નથી પ્રિય વસ્તુની આકાંક્ષા કરતો, સર્વ ભૂત-પ્રાણીમાત્રમાં સમ ભાવ પામેલો પુરૂષ મારી પરા-પ્રેમલક્ષણા ભકિતને પામે છે. ॥ ૫૪ ॥

ભાવાર્થ-

બ્રહ્મરૂપ થવાને કલ્પાય છે-સમર્થ થાયછે. એમ આગળના ત્રીજા શ્લોકની સાથે અર્થનો સમ્બન્ધ છે. ॥

વિવિકત-મનુષ્યોના વારંવારના ઘસારા સિવાયના એકાન્ત સ્થાનને સેવવાના સ્વભાવવાળો, અલ્પ પરિમાણવાળું પવિત્ર ભોજન કરવાના સ્વભાવવાળો, અર્થાત્-અતિ આહાર તેમજ નિરાહાર એ બન્નેથી રહિત-મિતાહાર કરનારો, વાણી, શરીર અને મનને વશ કરનારો, અને તેથીજ નિરન્તર જીવિતપર્યન્ત ધ્યાનયોગ-પરાયણ વર્તનારો અને આત્મા-પરમાત્મા સિવાયની વસ્તુઓમાં વિરામ-નિવૃત્તિ પામવારૂપ વૈરાગ્યને સમ્પૂર્ણ પામેલો.

દેહાભિમાનને, અસત્-તુચ્છ વસ્તુઓમાં દુરાગ્રહને, ગર્વને, વિષયોની ઇચ્છાને, ક્રોધને, શરીરોપયોગી સિવાયનાં વધારાનાં બાહ્ય ઉપકરણોને, આ સઘળાંને ત્યાગ કરી દઈને, નિર્મળ—આ લોકમાં મમતાએ રહિત થયેલો અને સ્વસ્વરૂપમાં શાન્તિપૂર્વક વર્તનારો, આ ત્રણ શ્લોકથી કહેલાં લક્ષણોએ સમ્પન્ન પુરૂષ બ્રહ્મ ભાવને માટે કલ્પાય છે.-શુદ્ધ ક્ષેત્રજ્ઞસ્વરૂપના સાક્ષાત્કાર માટે યોગ્ય થાય છે. ॥૫૧-૫૩॥

આવા બ્રહ્મભાવને પામ્યા પછીજ મારી એકાન્તિકી-પરા ભકિતને પામેછે, એમ કહેછે-

બ્રહ્મભૂત-અક્ષરભાવને-સ્થિતિને પામેલો, માટેજ **પ્રસન્નાત્મા**-દેહ-દૈહિક-સઘળાં પદાર્થોથી થતા કલેશે રહિત હોવાથી અતિ પ્રફુલ્લ આનન્દિત મનવાળો, મારા સિવાય અને મારા એકાન્તિક ભકત સન્તો સિવાય બીજા પદાર્થોનો શોકેય કરતો નથી, તેમ એની આકાંક્ષાય રાખતો નથી, અને તેથીજ **સર્વ ભૂતમાં સમ**-સઘળાં પ્રાણીઓમાં પોતાને નિઃસ્પૃહપણું હોવાથી, તેમજ આદરે રહિતપણું હોવાથી સમતા રાખીને વર્તનારો, એટલે કે-મારાથી અને મારા ભકત સન્તોથી બીજાં સઘળાં પદાર્થને અતિશય તુચ્છ માનતો. એ અર્થ છે. આ પ્રમાણે બ્રહ્માત્મભાવે વર્તતો યોગી પુરૂષ, **પરા**-સઘળાં મારી પ્રસન્નતાનાં સાધનો થકી અતિ શ્રેષ્ઠ એવી એકાન્તિકી, **મદ્ભકિતને**-મારામાં-સર્વનો નિયન્તા, સર્વ કારણનો પણ કારણભૂત, ભકતોના ઉપર વાત્સલ્યનો તો મહાસાગરસમો-પૂર્ણ ઉદાર, સમગ્ર દોષગન્ધથી-દોષના અતિ અલ્પ સમ્બન્ધથી પણ રહિત, નિરવધિકાતિશય અગણિત કલ્યાણ ગુણગણોનો તો મહાસાગરસમો—પૂર્ણ ભરેલો, લાવણ્યરૂપ અમૃતનો ભરેલો સમુદ્ર, નવીન મેઘને સમાન અતિ મનોહર શ્યામ સુન્દર રૂપ-વર્ણ જેનો છે. નવીન પ્રફુલ્લિત સુન્દર કમળની શોભાને હરી લે એવાં અતિ મનોહર

टीका-

कृतस्य कर्मणोऽन्तः समाप्तिरिति । कर्मणः पर्यवसानं यस्मिन्नित्यर्थः । "सर्वं कर्माखिलं पार्थ ! ज्ञाने परिसमाप्यते" इति चोक्तम् । तादृशात्मज्ञानावबोधकतया च शास्त्रस्य कृतान्तता । कृतान्तशब्दः सिद्धान्तपर्यायो वा । कृतो निष्पन्नो संशयस्यान्तः-निर्णय इत्येतत् । सांख्ये सिद्धान्ते सांख्यशब्दश्चात्र ज्ञानैकगम्यात्मावबोधकवेदान्तपरः, वेदान्तसिद्धान्ते इति निष्पन्नोऽर्थः ॥ १३ ॥

निवसतीति । जीवो यमधितिष्ठति भोगायतनं तदधिष्ठानमित्यर्थः । पृथक्प्रकारमिति । विविधव्यापारमित्यर्थः । वैविध्यं चेष्टायाः प्राणापानादिवृत्तिभेदात्प्राणवायोर्बोध्यम् । तत्रापि चक्षुरादिविविधेन्द्रियनिर्वाहकत्वं पृथक्त्वम् । दैवं चेत्येतावन्मात्रेणैव विवक्षितपञ्चकसिद्धौ, "दैवं चैवात्र पञ्चमम्" इति विशेषनिर्देशात् दैवस्य प्राधान्यं गम्यते ॥१४॥

एते शरीरादयः पञ्च हेतव इति । समुदिता हेतव इत्यर्थः । पञ्चानां कारणत्वप्रकारमुपपादयति-तत्रेत्यादिना ॥ १५ ॥

इत्येवं सतीति । कारणपञ्चके सतीत्यर्थः । केवलमिति । इतरनिरपेक्षं स्वतन्त्रकर्तारमित्यर्थः ॥ १६ ॥

अहङ्कारेणेति । यः सर्वान्तरात्मा परमात्मा अधिष्ठानस्य शरीरस्य, कर्तुर्जीवस्य, करणानामिन्द्रियाणां च विविधायाः प्राणवृत्तेश्च यो निर्वाहकः, स एव सर्वस्य प्रयोजकः सर्वं कारयति । "निमित्तमहम्" इति परमेश्वरे सर्वकर्मनिर्वाहकत्वमध्यवस्य नाहं करोमीति दृढं मन्यते, तस्य भावो ह्यहङ्कारशून्यः । अनया भावशुद्ध्या बुद्धिस्तस्य फलाभिषङ्गादिना न लिप्यते । कर्तुरेव तु फलम् । नाहं करोमि, न च मे फलम् । कर्तव्येषु व्यापारयति स एव करणानि करणाधिष्ठातारं च मामिति जानन् कर्म कुर्वन्नपि न करोत्येव । कर्मजन्यशुभाशुभफलभाग् न भवतीति भावः ॥१७॥

अनन्तरश्लोकमवतारयति—अथेत्यादिना । सात्त्विकत्यागनिरूपणानन्तरमिदानीं सात्त्विकत्यागनिष्पत्तये सत्त्वोन्मेषनिष्पत्तेरवश्योपादेयतया कर्मविधेः कर्मसम्बन्धिनश्च राजसस्य तामसस्य परिहर्तव्यतां ज्ञापयितुं तयोस्त्रैविध्यं प्रथममाहेति भावः । कर्माश्रयस्येति । कर्मसम्बन्धिन इत्यर्थः । त्रिप्रकारेति । ज्ञानं ज्ञेयं ज्ञाता चेत्येतत्त्रितयमभिसम्बध्य वर्तते विधिरिति त्रिप्रकार उच्यते । विधिः पुरुषमवबोधयति कर्मणः कर्तव्यताम् । बोद्धा अधिकारी पुरुषः, बोधः कर्मणः कर्तव्यत्वावगाही, बोध्यं च ज्योतिष्टोमादियागस्वरूपम्, इति विधिर्ज्ञानज्ञेयज्ञातृसम्बन्धात् त्रिप्रकारो भवतीति यावत् । अमुना प्रकारेणेति । विधिना कर्मकर्तव्यतामवबोधितो यत् कर्म करोति, तत् त्रिविधम्, त्रिभिर्निष्पद्यते । स्वयमनुष्ठीयमानं कर्म, करणम्-दधिपयःप्रभृति, कर्ता फलकामः, इति तदेकं कर्म त्रिप्रकारमिति भावः ॥१८-१९॥

भिन्नभिन्नेति । वर्णत आश्रमतो विभक्तानपि, अत एव भिन्नभिन्नकर्माधिकारानपि सर्वानधिकारिणो ये नामात्मस्वरूपयाथात्म्यज्ञानेन, वस्तुतो ब्राह्मणत्वादिविभागरहितान् ज्ञानैकाकारतया अविषमान् पश्यति, तज्ज्ञानं सात्त्विकमिति भावः ॥२०॥

पृथक्त्वेन-पृथग्विधानित्यन्वयविवक्षयार्थमाह-पृथग्जातितयेति । जातिपार्थक्येन आश्रमपार्थक्येन च पृथग्विधानित्यर्थः । जातित आश्रमतश्च पृथग्विधानिति यावत् ।

टीका-

नानाविधानित्यस्यार्थमाह—पृथगाश्रमतयेति, सुखित्वदुःखित्वादिनानाविधानिति वा तदर्थः। ज्ञानं वेत्तीत्यत्र करणस्य ज्ञानस्य कर्तृत्वविवक्षेति ज्ञापयन् भावमाह-येन ज्ञानेनेति।

सर्वभूतेष्वित्यनयोः श्लोकयोरयं वार्थः-कर्म कुर्वन् पुरुषः सर्वेषु भूतेषु यागकर्तरि स्वस्मिन्, यागोपकरणेषु स्रुक्स्रुवादिषु हविरग्न्यादिषु च, येन ज्ञानेन, एकमव्ययं भावं परब्रह्मैवेदमखिलमिति ब्रह्मात्मकोऽहं हविरादीदमखिलं ब्रह्मात्मकमिति वेत्ति। "ब्रह्मार्पणं ब्रह्म हविर्ब्रह्माग्नौ ब्रह्मणा हुतम्" इत्युक्तया ब्रह्मदृष्ट्या वेत्तीति यावत्। तज्ज्ञानं सात्त्विकमित्यर्थः। एवं ब्रह्मात्मकतामपश्यन्, आत्मानं केवलं ज्ञातारं कर्तारं भोक्तारं सुखदुःखादिविविधावस्थाश्रयं स्वकामनानिर्वृत्तये भिन्नभिन्नान् देवान्, भिन्नभिन्नैर्हविरादिभिरुपकरणैरिज्यमानान् पश्यन्, अहं यष्टा, इदं हविरयमग्निरिदं स्रुगादि, इयं देवतेति येन ज्ञानेन पृथक्त्वेन नानाभावान् वेत्ति तज्ज्ञानं राजसमिति ॥२१-२२॥

रागः-कीर्तौ प्रीतिः, अनेन-अफलप्रेप्सुनेत्यनेनैव रागव्युदासात्, अरागेति पुनरुक्तमिति शङ्का निरस्ता ॥ २३-२४ ॥

तत्तामसमिति। अभिचारादिकमिति यावत्। अभिचरणे प्रवृत्ते हि भावि स्वस्य नारकं दुःखं न गणयति, क्षयं च पशोः पुरुषस्य च न गणयति, पौरुषं चात्मनो न पर्यालोचयति, अहो साधुरयं न प्रभवत्यस्मिन्नस्माकं बलमित्यपि न विचारयति, केवलं मोहात् कर्मारभ्यते ॥ २५-२८ ॥

पृथक्त्वेन—भिन्नभिन्नत्वेनेति। विविच्येत्यर्थः ॥ २९ ॥

कार्याकार्ये इत्यग्रिमपदेन पौनरुक्त्यं परिहरन्नर्थमाह—अर्थकामसाधनभूतमिति। अभ्युदयसाधनमिति यावत्। निवृत्तिधर्ममिति। संसरणान्निवृत्त्यापादकं धर्ममिति यावत्। कार्याकार्यशब्दयोः केवललौकिककार्यपरत्वापेक्षया प्रक्रान्तधर्मैतिकर्तव्यतालक्षणकार्याकार्यपरत्वमेव सङ्गतमित्यभिप्रेत्य व्याचष्टे-प्रवृत्तिधर्मनिष्ठानामिति। भयशब्दस्य लोकतो दृष्टं यद्भयं पशुपक्ष्यादिसाधारणं तत्परत्वं प्रकृतेऽनुचितमित्यभिप्रेत्य व्याचष्टे-शास्त्राविहितेत्यादिना। बन्धमोक्षशब्दयोर्दृष्टपरत्वभ्रमं व्यावर्तयति-संसारमिति ॥३०॥

उभयविधमिति। प्रवृत्तिलक्षणं निवृत्तिलक्षणं चेत्यर्थः। वक्ष्यमाणायास्तामस्या बुद्धेराजस्यां बुद्धौ वैलक्षण्यं व्यक्तं बोधयन्व्याचष्टे-यथावन्नैव वेत्तीति। तामसी बुद्धिर्विपरीतग्राहिणी, राजसी तु यथावदग्राहिणीति भेदः।

अयम्भावः-कर्म न स्वतः फलाधायकम्, न वा अपूर्वद्वारा, अपि तु परमेश्वरप्रसादापादकमात्रम्। बन्धकता च न स्वतः, अपि तु कामनाकलङ्केनैव; तदिदं कर्मणः स्वरूपं यथावन्न जानाति। कर्मैव फलसाधनमिति मन्यते। एवमादिबुद्धिः राजसीति ॥३१-३२॥

व्यवहितस्याप्यव्यभिचारिण्येत्यस्यौचित्यात् धृत्येत्यनेनान्वयमभिप्रेत्य व्याचष्टे-अव्यभिचारिण्येति। योगस्य चित्तवृत्तिनिरोधलक्षणस्य समाधिपर्यायस्य मनःप्राणेन्द्रियक्रियाधारणानन्तरभावित्वेन तद्धारणे हेतुत्वानुपपत्तेराह-योगेन निमित्तेनेति। प्रयोजनस्य निमित्तत्वविवक्षया चैतत्। योगे-भक्तियोगे प्रवृत्तस्तन्निष्पत्तयेऽव्यभिचारिण्या यया धृत्या मनःप्राणेन्द्रियक्रिया धारयते, सा सात्त्विकी धृतिरिति भावः ॥ ३३ ॥

प्रकृष्टः सङ्गः प्रसङ्ग इत्यवयवार्थमभिप्रेत्य व्याचष्टे-प्रकृष्टासक्तयेति। मोक्षप्रापकधर्मज्ञाने सत्यपीति। अधीतमोक्षशास्त्रोऽपीति यावत् ॥ ३४-३५ ॥

भाष्यम्-

भक्त्येति । यावान्---स्वरूपस्वभावादिभिर्यत्परिमाणयुक्तः, यः-क्षराक्षरनियन्ता परिपूर्णसत्यज्ञानानन्दघनः पुरुषोत्तमोऽहमस्मि। तं मां भक्त्या-प्रेमपूर्वकानुध्यानेन। स योगी तत्त्वतो याथार्थ्यतोऽभिजानाति वेत्ति, तत्त्वतः-स्वरूपस्वभावगुणविभूतितो यथावन्मां ज्ञात्वा विदित्वा तदनन्तरम्, तत एव भक्त्या, मां विशते-अनवधिकातिशयानन्दं मामनुभवतीत्यर्थः । तथा चोक्तमत्र-"भक्त्या त्वनन्यया शक्य अहमेवंविधोऽर्जुन!। ज्ञातुं द्रष्टुं च तत्त्वेन प्रवेष्टुञ्च परन्तप"ति ॥५५॥

सर्वकर्माण्यपि सदा कुर्वाणो मद्व्यपाश्रयः ।
मत्प्रसादादवाप्नोति शाश्वतं पदमव्ययम् ॥५६॥

किञ्च-सर्वेति । सर्वकर्माणि-सर्वाणि स्वस्ववर्णाश्रमोचितानि कर्माणि। सदा निरन्तरं कुर्वाणः-निष्कामभावेनानुष्ठाता। मद्व्यपाश्रयः-अहं भगवान् पुरुषोत्तमो वासुदेव एव व्यपाश्रयः शरणं यस्य सः, मदेकशरण इत्यर्थः । मदाश्रितत्त्वान्मद्भक्तियुतानि सर्वाणि कर्माणि करोतीत्यर्थः। एवम्भूतो नरो मत्प्रसादात्-मम प्रसादमनुग्रहं प्राप्य। शाश्वतम्—सनातनमव्ययमक्षरसंज्ञम्, पदम्—मत्स्थानमवाप्नोति याति ॥ ५६ ॥

चेतसा सर्वकर्माणि मयि सन्न्यस्य मत्परः ।
बुद्धियोगमुपाश्रित्य मच्चित्तः सततं भव ! ॥५७॥

चेतसेति । यस्मादेवं भवति तस्मात्, चेतसा-मत्स्वरूपयथार्थज्ञानेन, सर्वाणि-स्ववर्णोचितानि समग्राणि, कर्माणि। मयि सन्न्यस्य-निष्कामभावेन समर्प्य ।

यद्वा-सर्वाणि कर्माणि सकलेन्द्रियव्यापारान्, मयि—भुवि सकलजनकृतपरिचर्यास्वीकारार्थं ब्रह्मपुरादाविर्भूते धर्ममूर्तिवसुदेवपुत्रे सन्न्यस्य । वचसा मद्गुणकीर्तनम्, चक्षुर्भ्यां मद्दर्शनम्, पादाभ्यां मद्दर्शनार्थं गमनम्, त्वचा मम स्पर्शनम्, इत्यादिप्रकारेण समर्प्य ।

मत्परः-अहमेव परः-परमफलतया प्राप्यो यस्य तथाभूतः सन्, बुद्धियोगम्-पूर्वोक्तं बुद्धिसंयोगमुपाश्रित्य-अवलम्ब्य। सततं सर्वदा,

શ્લોકાર્થ--

હું જેવડો છું અને જે છું તેવો તો મને તત્ત્વથી ભકતિથીજ જાણેછે. અને એમ તત્ત્વથી મને જાણી-સમઝીને તે પછી મારા પ્રત્યે પ્રવેશ કરે છે-મનેજ પામે છે. ॥૫૫॥

વર્ણાશ્રમને સમુચિત પોત-પોતાનાં કર્મ સદાય કરતો અને મારો દૃઢ આશ્રય રાખનારો પુરૂષ મારી પ્રસન્નતા મેળવીને તે દ્વારા અવિનાશી શાશ્વત પદને-બ્રહ્મધામને પામે છે. ॥ ૫૬ ॥

જ્ઞાને કરીને સર્વ કર્મો મારામાં સમપર્ણ કરીને મત્પરાયણ થઇને બુદ્ધિયોગનો સમાશ્રય કરીને અખંડ મારામાંજ ચિત્તવૃત્તિ રાખનારો થઇ જા ! ॥ ૫૭ ॥

ભાવાર્થ-

નેત્રો જેનાં છે. અક્ષરાદિક સર્વને સર્વથા ઉપાસના કરવા યોગ્ય-મહાસમર્થ, એવો ધર્મસ્વરૂપ--ધર્મદેવના અવતારભૂત વસુદેવના નન્દનરૂપે પ્રસિદ્ધ હું, તે મારે વિષે અતિશય પ્રેમપૂર્વક અખંડ ધ્યાનરૂપ પરા ભકિતને પામે છે. ॥૫૧-૫૪॥

યાવાન્-સ્વરૂપથી અને સ્વભાવાદિકથી પણ હું જેવા પરિમાણવાળો છું. અને ક્ષર અક્ષર એ સર્વનો નિયન્તા પરિપૂર્ણ જ્ઞાન આનન્દાદિક ગુણોથી પૂર્ણ ભરેલો પુરૂષોત્તમ એવો જે હું છું. તેવા મને પ્રેમપૂર્વકના અવિરત ધ્યાનરૂપ પરા ભકિતથી, તે યોગી યથાર્થપણે જાણે છે. અને તત્ત્વથી-સ્વરૂપ, સ્વભાવ, ગુણ અને વિભૂતિઓથી યથાર્થ-જેવો હું છું તેવો મને જાણી-સમઝીને, તે પ્રમાણે તત્ત્વથી જ્ઞાન થયા પછી, તે ભકિતથીજ, મને-અનવધિકાતિશય આનન્દમય એવા મને અનુભવે છે. તે પ્રમાણે આ ગીતામાંજ કહ્યું છે-હે પરન્તપ-અર્જુન ! હું આવા પ્રકારનો તત્ત્વથી જાણવાને, દેખવાને અને પ્રવેશ કરવાને તો અનન્ય ભકિતથીજ શકય થાઉં છું. " ॥૫૫॥

પોત-પોતાના વર્ણાશ્રમનાં સમુચિત કર્મને પણ નિરન્તર નિષ્કામપણે અનુષ્ઠાન કરનારો,હું ભગવાન પુરૂષોત્તમ વાસુદેવ એજ એક મુખ્ય આશ્રય-શરણ જેને છે.**मद्व्यपाश्रितः** એવો પાઠ હોય ત્યારે મારા અતિ દૃઢ આશ્રયને પામેલો એવો અર્થ કરવો. અર્થાત્- મારો આશ્રિત હોવાથી મારી ભકિતએ યુકતજ સર્વ કર્મો કરેછે. આવા પ્રકારનો પુરૂષ મારી પ્રસન્નતારૂપ અનુગ્રહને પામીને સનાતન અવ્યય અક્ષર નામે પ્રસિદ્ધ પદને-મારા ધામને પામે છે. ॥ ૫૬ ॥

આ પ્રમાણે છે માટે મારા સ્વરૂપના યથાર્થ જ્ઞાને યુક્ત ચિત્તથી પોતાના વર્ણને સમુચિત સમગ્ર કર્મને મારામાં નિષ્કામ ભાવે સમર્પણ કરીને,

અથવા—સઘળી ઇન્દ્રિયોના વ્યાપારરૂપ સઘળાં કર્મને, મારામાં-પૃથ્વી ઉપર સઘળા ભકતજનોએ કરેલી પરિચર્યાને સ્વીકારવા માટે બ્રહ્મપુર ધામ થકી આવિર્ભાવ પામેલો એવો ધર્મમૂર્તિ વસુદેવનો પુત્ર હું તે મારામાં, સમર્પણ કરીને, એટલે કે— વાણીથી મારા ગુણનું કીર્તન કરવું, નેત્રોથી મારૂં દર્શન કરવું, પગે કરીને મારા દર્શન માટે જવું, ત્વચા ઇન્દ્રિયથી મારો સ્પર્શ કરવો.ઈત્યાદિક પ્રકારથી સમર્પણ કરીને,

भाष्यम्-

मच्चित्तः—मयि वसुदेवनन्दने चित्तमन्तःकरणं यस्य। एवम्भूतस्त्वं भव!॥ ५७॥

त्वयि चित्तस्य समर्पणेन किं स्यादित्यत्राह-मच्चित्त इति।

मच्चित्तः सर्वदुर्गाणि मत्प्रसादात्तरिष्यसि।
अथ चेत्त्वमहङ्कारान्न श्रोष्यसि विनङ्क्ष्यसि॥५८॥

मच्चित्तः-मदन्तःकरणस्त्वम्। मत्प्रसादात्-मम ईश्वरस्य प्रसादादनुग्रहात्। मच्चित्तत्त्वान्मत्प्रसन्नतां प्राप्येत्यर्थः। सर्वदुर्गाणि-समग्रदुस्तराणि संसारजनितदुःखानि, तरिष्यसि। अथ-पक्षान्तरे, चेद्यदि, त्वमहङ्कारात्-कृत्याकृत्यवेदितृत्वाभिमानात्, मद्वचनं न श्रोष्यसि, तर्हि विनङ्क्ष्यसि-सर्वपुरुषार्थाद्विभ्रष्टो भविष्यसि॥ ५८॥

ननु-मम विनाशो भवतु, तथापि बन्धुहननं न करिष्यामीति चेत्तत्राहं वदामि-यदिति।

यदहङ्कारमाश्रित्य न योत्स्य इति मन्यसे।
मिथ्यैष व्यवसायस्ते प्रकृतिस्त्वां नियोक्ष्यति॥५९॥

अहङ्कारम्-कृत्याकृत्यविवेकज्ञातृत्वाभिमानमाश्रित्य-अवलम्ब्य, न योत्स्ये-अहं युद्धं न करिष्यामीति यत्त्वं मन्यसे-व्यवसायं करोषि, एष ते तव व्यवसायो निश्चयः, अस्वतन्त्रत्वान्मिथ्या एव। कुतः? प्रकृतिः-रजोगुणयुक्तः क्षात्रस्वभावः, त्वां नियोक्ष्यति-संग्रामे बलात्तव प्रवर्तनं कारयिष्यतीत्यर्थः॥ ५९॥

पुनरपि तदेव विवृणोति-स्वभावजेनेति।

स्वभावजेन कौन्तेय! निबद्धः स्वेन कर्मणा।
कर्तुं नेच्छसि यन्मोहात्करिष्यस्यवशोऽपि तत्॥६०॥

हे कौन्तेय! स्वभावजेन-स्वभावः पूर्वकर्मसंस्कारस्तस्माज्जातेन। स्वेन-स्वकीयेन क्षात्रेण शौर्यादिकर्मणा, निबद्धः-बन्धनं प्राप्तः, यन्त्रित इति यावत्। अत एव अवशः-शत्रुकृततिरस्कारमसहमानस्त्वमेव। तत्-सङ्ग्रामरूपं कर्म करिष्यसि, यत्कर्म इदानीं मोहाद्विपरीतज्ञानात्कर्तुं नेच्छसि। अनेन श्लोकद्वयेन जनानां स्वभावपरतन्त्रत्वमुक्तम्॥ ६०॥

શ્લોકાર્થ-

મારામાં ચિત્ત રાખવાથી સર્વ દુસ્તર દુ:ખોને પણ મારી પ્રસન્નતાથી તરી જઇશ. અને જો તું અહંકાર રાખીને મારૂં વચન નહિ સાંભળું તો તું વિનાશને માર્ગે જઇને ભ્રષ્ટ થઇ જઇશ. ॥ ૫૮ ॥

અંહકારને આશરીને "**હું યુદ્ધ નહિ કરૂં**" એમ જો તું માનતો હોય તો તે તારો મનનો ઠરાવ મિથ્યા-નકામો છે. તારી પ્રકૃતિજ-સ્વભાવજ તને યુદ્ધ કરવામાં પ્રેરશે.॥૫૯॥

હે કૌન્તેય ! પૂર્વ સંસ્કારરૂપ સ્વભાવથીજ પ્રાપ્ત સ્વકર્મથી બંધાયેલો તું મોહને વશ થઇને જે કાર્ય કરવા નથી ઇચ્છતો તેજ કાર્ય તું પરવશ થકો પણ જરૂર કરીશ. ॥૬૦॥

ભાવાર્થ-

મત્પર-હુંજ પર-પરમ અન્તિમ ફળપણે પ્રાપ્યભૂત જેને છું, તેવો થઇને પૂર્વે કહેલા બુદ્ધિ યોગને આશરીને સદાય વસુદેવનન્દન એવા મારામાં દૃઢ અન્તઃકરણ જેનું વળગેલું છે. એવો મારો અનન્ય ભકત તું થા ! ॥ ૫૭ ॥

અર્જુન પૂછે છે-તમારામાં ચિત્તનું સમર્પણ કરવાથી શું ફળ થાય ? એના ઉત્તરમાં ભગવાન કહેછે—

મારામાં અન્તઃકરણ અર્પણ કરનારો તું મારા—પરમેશ્વરના પ્રસાદરૂપ અનુગ્રહથી, એટલે કે-મારામાં ચિત્તવાળો હોવાથી મારી પ્રસન્નતા પામીને સઘળાં દુસ્તર સંસારથી થયેલાં દુઃખમાત્રને તું તરી જઇશ. અને જો તું અહંકારથી-કાર્ય-અકાર્યના જાણકાર તરીકેના અભિમાનથી, મારૂં વચન નહિ સાંભળું—સાંભળીને નહિ ધારૂં તો તું નાશ પામી જઇશ. અર્થાત્- સર્વ પુરૂષાર્થથી વિભ્રષ્ટ થઇ જઇશ. ॥ ૫૮ ॥

નનુ-શંકા, મારો વિનાશ થવાનો હોય તો ભલે થાય. પણ હું મારા બન્ધુઓનું હનન તો નહિજ કરૂં, એમ જો તું માનતો હોય તો હું કહું છું—

કાર્ય-અકાર્યના વિવેકપૂર્વકના જ્ઞાતાપણાના અભિમાનને આશરીને "હું યુદ્ધ નહિ કરૂં" એમ જે તું ઠરાવ કરે છે. એ તારો વ્યવસાય-ઠરાવ તું અસ્વતંત્ર હોવાથી મિથ્યા-નકામોજ છે. કારણ કે-પ્રકૃતિ-રજોગુણયુકત ક્ષત્રિયનો સ્વભાવજ, તને જોડશે-સંગ્રામમાં બળાત્કારે તને પ્રવર્તાવશે. એ અર્થ છે. ॥ ૫૯ ॥

ફરીથી એજ વાત વિવેચન કરીને કહે છે—

હે કૌન્તેય ! પૂર્વ કર્મના સંસ્કારરૂપ સ્વભાવથી ઉત્પન્ન થયેલા પોતાના ક્ષત્રિય જાતિના શૌર્યાદિક કર્મથી અતિશય બંધાયેલો અને એથીજ અવશ પરવશ થકો શત્રુઓએ કરેલા તિરસ્કારને સહન નહિ કરતો તુંજ, તે યુદ્ધ કરવારૂપ કર્મ કરવા મંડી પડીશ. કે જે કર્મને હમણાં તું તને મોહ પ્રાપ્ત થયેલો હોવાથી કરવાને ઇચ્છતો નથી અને ના પાડેછે. આ બે શ્લોકોથી મનુષ્યોને સ્વભાવથીજ પરતંત્રપણું છે. એમ કહ્યું. ॥ ૬૦ ॥

હવે-હમણાં પૂર્વ કર્માનુસારે પ્રાપ્ત થયેલો સ્વભાવજ શું સ્વતંત્રપણે કરીને સર્વના પ્રેરક થાય છે ? એવી આશંકા ઉઠાવીને તેનું સમાધાન કરતાં પૂર્વ કર્માનુસારે પ્રાપ્ત થતા સ્વભાવનો પ્રેરક તો સર્વાન્તર્યામી સર્વનો નિયન્તા ઇશ્વર હુંજ છું. એમ કહેછે-

भाष्यम्-

इदानीं पूर्वकर्मानुसारी स्वभाव एव किं स्वातन्त्र्येण सर्वेषां प्रेरको ? भवतीत्याशङ्कामुत्पाद्य तां परिहरन् पूर्वकर्मानुगुणस्वभावप्रेरकः सर्वान्तर्यामीश्वरोऽहमेवास्मीत्याह- ईश्वर इति।

ईश्वरः सर्वभूतानां हृद्देशेऽर्जुन ! तिष्ठति।
भ्रामयन् सर्वभूतानि यन्त्रारूढानि मायया ॥६१॥

हे अर्जुन ! ईश्वरः-सर्वनियन्ता नारायणः. सर्वभूतानाम्-ममप्रजनानाम्, हृद्देशे-धर्मार्थकाममोक्षसाधनभूतबुद्धिनिवासस्थाने हृदयरूपे प्रदेशे। तिष्ठति-सर्वान्तर्यामितया निवसतीत्यर्थः। किं कुर्वन्निति चेत्तत्राह-यन्त्रारूढानि-प्रारब्धकर्मानुसारेणेश्वरनिर्मिते दारुकृतयन्त्रसदृशे देहे आरूढानि स्थितानि। सर्वभूतानि-समग्रक्षेत्रज्ञवृन्दानि। मायया-पूर्वकर्मानुसारिण्या सत्त्वादिगुणमय्या प्रकृत्या। भ्रामयन्-तत्तत्कर्मानुगुणं प्रवर्तयन् तिष्ठतीति योज्यम्।

यद्वा यन्त्रारूढानीति दृष्टान्तः। यन्त्रारूढानि--यन्त्रं काष्ठनिर्मितसूत्रसञ्चारादि, तत्रारूढानि-कृत्रिममनुष्यादीनि भूतानि, सूत्रधारो यथा भ्रामयति, तथा सर्वभूतानीश्वरो मायया कर्मानुगुणं भ्रामयन् सर्वभूतानां हृद्देशे तिष्ठतीति। तथात्र चोक्तम्-" सर्वस्य चाहं हृदि सन्निविष्टो मत्तः स्मृतिर्ज्ञानमपोहनं च " इति। श्रुतयश्च-" यः सर्वेषु भूतेषु तिष्ठन् यः सर्वाणि भूतान्यन्तरो यमयति एष ते आत्मा अन्तर्याम्यमृतः" इति। "य आत्मनि तिष्ठन्नात्मनोऽन्तरो यमात्मा न वेद य आत्मानमन्तरो यमयति" इत्यादिकाः॥ ६१॥

ईश्वरस्य स्वस्यैव शरणं प्रकृतिनिवर्तनहेतुरिति वदति-तमिति।

तमेव शरणं गच्छ ! सर्वभावेन भारत !।
तत्प्रसादात्परां शान्तिं स्थानं प्राप्स्यसि शाश्वतम् ॥६२॥

हे भारत ! यस्मादेवं तस्मात्, सर्वभावेन-ईश्वर एव ममगुरुर्मित्रं च भ्राता च पिता च माता चेत्यादिसमग्रभावेन। तमेव-परमेश्वरं मामेव। शरणम्-सर्वविघ्नेभ्यो रक्षकम्, गच्छ-त्वं मामेवानुसृत्य वर्तस्वेत्यर्थः। ततस्तत्प्रसादात्--तस्य परमेश्वरस्य ममैवानुग्रहात्।

શ્લોકાર્થ-

હે અર્જુન ! સર્વના સ્વામી ભગવાન સર્વ ભૂતોના હૃદય—પ્રદેશમાં પોતાની માયા-શકિતથી સંસૃતિ-ચક્રરૂપ યંત્ર ઉપર આરૂઢ થયેલાં સર્વ ભૂત-પ્રાણીમાત્રને તેના તેના કર્મ પ્રમાણે સંસારમાં ભમાવતા થકા રહે છે. ॥૬૧॥

હે ભારત ! તેથી તું સમગ્ર ભાવથી-પ્રકારથી તે પરમેશ્વરનેજ શરણે જા-રહે, તે પરમાત્માની પ્રસન્નતાથીજ તું પરમ શાન્તિને અને અવિચળ પદને પામીશ. ॥૬૨॥

ભાવાર્થ—

હે અર્જુન ! સર્વના સ્વામી શ્રી નારાયણ જે ઇશ્વર તે સઘળા જનોના હૃદય પ્રદેશમાં-ધર્મ, અર્થ, કામ અને મોક્ષ, તેના સાધનભૂત બુદ્ધિ તત્ત્વને રહેવાના સ્થાનરૂપ હૃદયરૂપ પ્રદેશમાં, સર્વાન્તર્યામીપણે નિવાસ કરીને રહે છે. શું કરતા-કેમ કરતા રહેછે ? એના સમાધાનમાં કહેછે—પ્રારબ્ધ કર્માનુસારે ભગવાને નિર્માણ કરેલા લાકડાના બનાવેલા યન્ત્ર જેવા આ શરીરમાં આરૂઢ થયેલાં-વસી રહેલાં સમગ્ર ક્ષેત્રજ્ઞ-જીવાત્માઓનાં વૃન્દોને—સમુદાયોને, પૂર્વ કર્માનુસારે વર્તતી સત્ત્વાદિક ગુણમયી પોતાની માયારૂપી શકિતથી ભમાવતા-તેના તેના કર્માનુસારે સંસારમાં પ્રવર્તાવતા થકા રહેછે.

અથવા-યંત્રારૂઢ એ દૃષ્ટાન્ત સમજવું. અને અર્થ એમ કરવો કે-યંત્ર જે કાષ્ટનિર્મિત સૂત્રસંચાર વિગેરે સાધનવાળું પદાર્થ તેના ઉપર બેસારેલાં કૃત્રિમ મનુષ્યાદિકનાં પૂતળાં વિગેરે ભૂતોને સૂત્રધાર જેમ ભમાવે છે-નચાવે છે. તેજ પ્રમાણે સર્વ ભૂત-પ્રાણીમાત્રને સર્વેશ્વર ભગવાન પોતાની માયારૂપ શકિતથી પ્રાણીઓનાં કર્મ પ્રમાણે ભમાવતા થકા સર્વ ભૂતોના હૃદય પ્રદેશમાં રહે છે. એમ સમજવું. તે પ્રમાણે આ ગીતામાંજ કહેલું છે—" હું સર્વના હૃદય પ્રદેશમાં અન્તર્યામીરૂપે રહેલો છું. અને પ્રાણીઓને સ્મૃતિ, જ્ઞાન અને જ્ઞાનનો ભૂલાવો એ બધું મારા થકીજ થાય છે." એમ. વળી શ્રુતિઓ પણ કહે છે-" જે સર્વ ભૂતોમાં રહેતો થકો જે સર્વ ભૂતોનું અંદર રહીને નિયમન કરે છે. એ અમૃતસ્વરૂપ આત્મા—પરમાત્મા તારા અન્તર્યામી છે." " જે આત્મામાં રહેવા છતાં આત્માથી જુદો છે. જેને આત્મા જાણતો નથી, જે આત્માનું અંદર રહ્યા થકા નિયમન કરે છે. " ઇત્યાદિક ઘણી છે. ॥ ૬૧ ॥

સર્વેશ્વર એવા પોતાનુંજ શરણ પ્રકૃતિનું નિવર્તન થવામાં હેતુભૂતછે એમકહી બતાવેછે-

હે ભારત ! આ કહ્યું એમ છે, માટે સર્વ ભાવથી-સર્વેશ્વર ભગવાન એજ મારે ગુરૂ, મિત્ર, ભ્રાતા, પિતા અને માતા, જે કહો તે સઘળું છે, એવા સમગ્ર ભાવથી. તે પરમેશ્વર એવા મનેજ, શરણે-સર્વ વિઘ્નો થકી રક્ષા કરનારાને શરણે જા ! અર્થાત્ તું મનેજ અનુસરીને વર્તન કર ! અને તે પછી તે પરમેશ્વર એવા મારાજ અનુગ્રહ થકી, સર્વ પ્રકૃતિનાં બન્ધનોનો વિનાશ થવાપૂર્વકની પરા સર્વોત્કૃષ્ટ શાન્તિરૂપ-મારા સ્વરૂપના અનુભવસુખને પામીશ. તે શ્રુતિ-સ્મૃતિઓએ કહેલું છે-"એ સત્ય-અવિનાશી બ્રહ્મપુર ધામ છે. તે ઉપાસક એ સર્વોત્કૃષ્ટ બ્રહ્મ ધામને જાણે છે." "તે વિષ્ણુ ભગવાન ના પરમ

टीका-

शृण्विति। अवधारयेत्येतत्। चिरकालेति। चिरकालानुवृत्तात्ममननाभ्यासादित्यर्थः। गतिमिति। रुचिविशेषमित्यर्थः। विषयसुखेन भवति नाम कस्यचिद्दुःखस्यान्तः, न तु सर्वेषां दुःखानामात्यन्तिकोऽन्तः। दुःखानामात्यन्तिकोऽन्त एव तु इह दुःखान्तशब्देन विवक्षित इत्यभिप्रेत्य व्याचष्टे- सांसारिकेति। प्रथममित्यस्य भवमाह-ध्यानाभ्याससमये इति। न ह्यात्मेन्द्रियगोचरः, तदपरोक्षाय तु ध्यानाभ्यासः कार्यः, अभ्यस्यमानं ध्यानं परिपाकदशापन्नमपरोक्षात्मकं भवति। तदानीं तदात्मानुभवसुखममृतोपम्, ध्यानाभ्याससमये तु प्रयासैकभूयिष्ठतया विषमिव भवतीति भावः॥ ३६-३७॥

पापाचरणेति। निषिद्धविषयमभिप्रेत्येदमुक्तम्। विहितविषयभोगस्यापि बलवीर्यप्रज्ञादिक्षयहेतुतया परिणामे दुःखहेतुत्वं स्पष्टमेव॥ ३८-३९॥

गुणकार्यप्रकरणमिति। त्यागसन्न्यासयोरनन्यतानिरूपणमुखेन प्रक्रान्तं गुणतस्त्यागत्रैविध्यं, तत्प्रसङ्गेन च ज्ञानकर्मकर्त्रादीनां त्रैविध्यं, तदिदमखिलं गुणकार्यनिरूपणम्, तदेतदुपसंहरन्नाहेति यावत्। न तदस्तीति। यस्माद्गुणमयेऽस्मिन् ब्रह्माण्डे नैकोऽपि क्षेत्रज्ञो गुणैर्विमुक्तोऽस्ति, तस्मात् श्रेयःकामैः सर्वैरपि विज्ञायोक्तं गुणकार्यवैषम्यं सत्त्वोन्मेषाय यत्न आधेय इति भावः॥ ४०॥

विना सत्त्वोन्मेषं न निःश्रेयसद्वारोद्घाटनावसरो घटेत। सत्त्वोन्मेषे च त्यागः कारणम्, स च प्राङ्निरूपितः फलत्यागलक्षणः,तथा च प्राप्तं कर्म कर्तव्यं,न स्वरूपतस्त्याज्यमिति। तानि च कर्माणि वर्णभेदेन प्रविभक्तानीत्याह-ब्राह्मणेति। तदिदमभिप्रेत्यावतारयति-सत्त्वादिगुणेति। तेषां गुणानुसारेण शास्त्रे प्रोक्तानीति।

अयम्भावः—तत्र तत्र शास्त्रे ब्राह्मणादिवर्णभेदेन यानि कर्माणि प्रविभज्य निरूपितानि, तत्र निमित्तं तेषां सत्त्वादिगुणौत्कटयम्। तस्मिन्नौत्कटये च तेषां तेषां प्राक्तनं कर्म मूलम्। तदेवं कर्ममूलकसत्त्वाद्यौत्कटयलक्षणं कर्म प्रविभक्तमिति।

ब्राह्मणस्य रजस्तमोऽभिभवेन समुत्कटः सत्त्वगुणः, वैश्यस्य सत्त्वरजोऽभिभवेनोद्रिक्तस्तमोगुणः, शूद्रस्यात्यन्तोद्रिक्तस्तमोगुणः, इति गुणभेदो बोध्यः॥ ४१॥

अवक्रत्वमिति। करणत्रये एकरूपतेति यावत्॥ ४२-४४॥

किं स्यादिति। किं फलं स्यादित्यर्थः। फलमाहेति यावत्। प्रीतियुक्त इति। प्रीतिपूर्वकं कर्म कुर्वन्नित्यर्थः। प्रीतिश्च कर्मण्येव, न तु फले इति यावत्। व्यज्यते चैतत् कर्मण्यभिरत इति निर्देशात्। ज्ञाननिष्ठामिति। कर्मयोगस्य ज्ञाननिष्ठा फलमिति भावः॥ ४५॥

तं परमेश्वरं मामभ्यर्च्येति। कर्मणामीश्वराराधनरूपतया कर्तव्यतारूपो विशेषोऽनेन प्रोक्तो भवति। कामनाकर्तृत्वाभिमानकलङ्कशून्यं कर्म ईश्वराराधनबुद्ध्या तु सुसंस्कृतं भवति॥ ४६॥

कर्मयोग एव कर्तव्य इति। न तु ज्ञानयोग इत्यर्थः। कुतः? उच्यते-स्वधर्मः श्रेयान्, परधर्मो हि भयावहः। ज्ञानयोगस्तु परधर्मः, परत्वं चात्र प्रकृतिसंसृष्टमजितमनसमपेक्ष्य,प्रकृतिसंसृष्टस्येन्द्रियव्यापारणं हि सहजम्। तदिन्द्रियव्यापारणगर्भो यो धर्मः, स एव स्वो धर्मो भवति। करणनियमनं त्वनभ्यस्तमतो मनोनियमनैकसाध्यो ज्ञानयोगाख्यः परो धर्म इत्याभिप्रायेण व्याचष्टे-प्राचीनेत्यादिना।

टीका-

अस्मिन् व्याख्याने प्रकरणानानुगुण्यमभिप्रेत्य प्रकारान्तरेण व्याचष्टे--यद्वेति। पूर्वं हि प्रकृतं " स्वे स्वे कर्मण्यभिरतः " " स्वकर्मनिरतः सिद्धिं यथा विन्दति तच्छृणु " " स्वकर्मणा तमभ्यर्च्ये " ति ॥ ४७ ॥

सहैव जातमिति । देहयोगेन सहैव जातमित्यर्थः। तत्रापि वर्णभेदेन--वर्णभेद-नियतस्वभावानुगुणमिति यावत्। आश्रमभेदतः—आश्रमभेदनियतमित्यर्थ। सदोषम-पीति। क्षात्रे धर्मे युद्धे हि प्राण्युपघातलक्षणो दोषः स्यादेव, अथापि न त्यजेत्। सर्वे कर्मा-रम्भा इति। ब्राह्मधर्मरूपः, क्षात्रधर्मरूपो वा स्यात्, सर्वमेव कर्म दोषसहितमेवेत्यर्थः। सर्वमेव कर्म जपादन्यत्राल्पेन दोषेण युक्तमेव। " पञ्च सूना गृहस्थानाम् " इति हि स्मर्यते इति भावः।

प्रकारान्तरेण व्याचष्टे—यद्वेति। श्रेयान् स्वधर्म इति पूर्वश्लोकोक्तार्थः स्मार्यते। सहजमिति। इन्द्रियाणां तत्तदर्थमनुयोजनमेव तु पूर्वपूर्ववासनाप्राप्तदेहयोगेन सह प्रा-प्तम्, न तु सर्वथा तस्य निरोधनम्। विहिते कर्मणि विनियोजनात्सुकरमिति भावः। सुदुःख-मपीति। द्रव्यार्जनपञ्चमहायज्ञाद्यनुष्ठानादिव्यापृतिप्रचुरतया, प्रयाससाध्यतया सुदुःख-मपीत्यर्थः। ज्ञानयोगस्य वा आरम्भा इति। न हि मुमुक्षामात्रेण ज्ञाननिष्ठा सुगमा, ज्ञान-योगाभ्याससाध्या सा, तदभ्यासश्च-यमनियमप्राणायामाद्यनेकपरिकरसापेक्ष इति ततोऽपि प्रयासबहुलतया सोऽप्यारम्भः सुदुःख एवेति भावः ॥ ४८ ॥

त्यागशब्दपर्यायभूतेनेति। अयमेवासङ्गकर्माचरणलक्षणः सन्न्यासः, नातोऽन्यः कर्म-णामात्यन्तिकः स्वरूपतस्त्यागः सन्न्यास इति भावः। ज्ञाननिष्ठायाः सिद्धिमिति। अनेना-न्तर्गतज्ञानेन कर्मयोगेन परमेश्वराराधनलक्षणेन ज्ञाननिष्ठाफलभूतभक्तियोगाधिकारं प्राप्नोतीति भावः॥ ४९ ॥

ब्रह्म प्राप्नोतीति। ब्रह्म चात्राक्षरसधर्मप्रकृतिविलक्षणज्ञानैकघनं विशुद्धमात्मस्व-रूपम्। स्मृतिरूपवेदनस्येति। ध्यानस्येत्यर्थः। आत्मध्यानस्येति भावः ॥५०-५३॥

अक्षरभावमिति। अक्षरसारूप्यमित्यर्थः। ब्रह्मभूतस्येदं लक्षणम्-प्रसन्नात्मा न शोचति न काङ्क्षतीति। ब्रह्मभूतस्य फलम्-मद्भक्तिं लभते पराम्, इति। ज्ञाननिष्ठायाः फलं भक्तिरिति सिद्धम्।

एतेन-ज्ञाननिष्ठाया एव साक्षान्मोक्षहेतुत्वं न भगवतो मतमिति च व्यक्तम् ॥५४॥

यावानित्यस्य प्रतिपदार्थमाह-यत्परिमाणेति। अपरिमिततां विजानातीत्येतत्। भक्त्या प्रसन्नेन मया प्रकाशितं मां स्वरूपस्वभावविभूतिभिर्यथावस्थितं वेत्ति, तेन वेद-नेन प्रवृद्धया तयैवानन्यभक्त्या मां प्राप्य परमानन्दमयं मामनुभवतीत्यर्थः। तत इत्यस्य विशते इत्यनेनान्वयमभिप्रेत्य व्याचष्टे-तयैव भक्त्येति।

इदमत्र ब्रूमः-निर्विशेषब्रह्मवादिनो निःश्रेयससाधनपर्वसु ज्ञाननिष्ठाया एव सर्वतः परतरत्वं, भक्तेश्च तदुपकारकतामात्रेण ततोऽवरतां च मन्यमानाः, श्लोकमिममवलोक्य प्रहृष्यन्ति नाम-भक्त्या यथावत् परब्रह्मस्वरूपविज्ञानं ततश्च साक्षान्निःश्रेयससिद्धिरित्य-नेन व्यक्तं विज्ञायते इति।

परन्तु पूर्वश्लोकेष्वपि दीयतां दृष्टिः-" सिद्धिं प्राप्तो यथा ब्रह्म तथाप्नोति निबोध मे।

भाष्यम्-

परां सर्वोत्कृष्टां सर्वप्रकृतिबन्धनविनाशपूर्विकां शान्तिं मदनुभवसुखं प्राप्स्यसि। तथा चोक्तं श्रुतिस्मृतिभिः—"एतत्सत्यं ब्रह्मपुरं स वेदैतत् परमं ब्रह्म धाम" "तद्विष्णोः परमं पदं सदा पश्यन्ति सूरयः" "यद्गत्वा न निवर्तन्ते तद्धाम परमं मम" "विष्णोर्धाम परं साक्षात् पुरुषस्य महात्मनः"। इत्यादिभिः ॥ ६२ ॥

उक्तमर्थमुपसंहरन्नाह-इतीति।

इति ते ज्ञानमाख्यातं गुह्याद्गुह्यतरं मया।
विमृश्यैतदशेषेण यथेच्छसि तथा कुरु! ॥६३॥

इति-पूर्वोक्तप्रकारेण। ते-परमसखाय एकान्तिकभक्ताय मयि परमविश्रम्भवते तुभ्यम्। भक्तवत्सलेन सर्ववस्तुयाथार्थ्यविदा परमदयालुना मया। गुह्यात्-गोपनीयात् गोप्यमन्त्रजपदेवोपासनविधिज्ञानादपि गुह्यतरम्, एतज्ज्ञानम्-कर्मयोगज्ञानयोगज्ञानम्, मन्माहात्म्यसहितं भक्तियोगज्ञानं, जीवात्मयाथार्थ्यज्ञानं च। आख्यातमुपदिष्टम्। अशेषेण-समग्रतया, विमृश्य-पर्यालोच्य, यथाधिकारं विचार्येति यावत्। पश्चात् यथेच्छसि, तथा स्वाधिकारानुरूपेण कुरु! न तु स्वाधिकारविरोधेनेति भावः ॥ ६३ ॥

गुह्यतमं भूयो वदन्नाह-सर्वेति।

सर्वगुह्यतमं भूयः शृणु मे परमं वचः।
इष्टोऽसि मे दृढमतिस्ततो वक्ष्यामि ते हितम् ॥६४॥

सर्वगुह्यतमम्-सर्वेषु गुह्यतरेषु ज्ञानयोगकर्मयोगभक्तियोगेषु गुह्यतमं गोप्यतमम्, परमम्--सर्वोत्कृष्टैकान्तिकभक्तियोगनिष्ठम्। मे मम वचो वाक्यम्, भूयः-पुनर्वक्ष्यमाणम्। शृणु! यतस्त्वम्, दृढमतिः-मयि निश्चलबुद्धिः। अत एव मे-मम, इष्टः-प्रियोऽसि। ततस्तस्माद्धेतोः, ते तव हितम्-परमहितजनकं वचनम्, वक्ष्यामि।

दृढमितीति पाठे-त्वं मे मम इष्टः प्रियोसि, अतो दृढं सर्वप्रमाणयुक्तमिति निश्चित्य, ततः-तदनन्तरं ते हितं वक्ष्यामीति योज्यम् ॥६४॥

तदेव वदति मन्मना इति।

શ્લોકાર્થ-

આ પ્રમાણે મેં તને ગુહ્યમાં અતિ ગુહ્ય પરમ રહસ્યરૂપ જ્ઞાન કહી બતાવ્યું. માટે એ સઘળું સમગ્રપણે વિચારીને જેમ તારી ઇચ્છા હોય તેમ કર ! ॥૬૩॥

વળી-ફરીથી પણ સર્વ રહસ્યમાં પણ પરમ રહસ્યરૂપ મારૂં સર્વોત્કૃષ્ટ હિત કરનારૂં વચન સાંભળ ! તું મને અત્યંત વ્હાલો છું. અને અતિ દૃઢ મતિવાળો છું. માટે તારા હિતનું વચન હું તને કહીશ-કહું છું. ॥ ૬૪ ॥

મારામાંજ મન રાખનારો થા ! મારોજ ભકત થા ! મારૂંજ પૂજન કરનારો થા ! અને મનેજ નમસ્કાર કર ! આમ કરવાથી તું મનેજ પામીશ. તું મને અતિ પ્રિય છું. માટે તારી આગળ હું સત્ય પ્રતિજ્ઞા-વચન કહું છું. ॥ ૬૫ ॥

ભાવાર્થ—

પદને જ્ઞાનીભકતો સદાય જુએ છે-અનુભવે છે." "જે ધામને પામીને પાછા ફરતા નથી તે મારૂં સર્વોત્કૃષ્ટ ધામ છે." "સર્વાત્મા મહાત્મા પુરૂષ પરમાત્માનું એ સાક્ષાત્ પરમ ધામ છે."ઇત્યાદિક ઘણીક છે. ॥ ૬૨ ॥

કહેલા અર્થનો ઉપસંહાર કરતાં કહે છે—

આ પૂર્વે કહ્યું એ પ્રકારે મારો પરમ સખા, પરમ એકાન્તિક ભકતરાજ અને મારામાં પરમ વિશ્વાસ પામેલા તને, ભકતવત્સલ, સર્વ વસ્તુને યથાર્થ રીતે જાણનારા અને પરમ દયાવાન્ એવા મેં, ગુહ્ય-છાનાં રાખવા લાયક મંત્રજપ અને દેવોની ઉપાસનાઓના વિધિનું જ્ઞાન કરતાં પણ અતિ ગુહ્ય એવું આ જ્ઞાન-કર્મયોગ અને જ્ઞાનયોગનું જ્ઞાન, મારા માહાત્મ્યજ્ઞાને સહિત ભકિતયોગનું જ્ઞાન અને જીવાત્માનું યથાર્થ જ્ઞાન, એ સઘળું ઉપદેશ કરી કહ્યું. તેને સમગ્રપણે સારી રીતે પોતાના અધિકાર પ્રમાણે વિચારીને પછીથી જેમ ઇચ્છતો હોય તેમ પોતાના અધિકાર પ્રમાણે કર ! પણ અધિકારથી વિરૂદ્ધ તો નહિજ. એમ અભિપ્રાય છે. ॥ ૬૩ ॥

અતિશય ગુહ્ય-રહસ્યાર્થને ફરીથી કહી સમઝાવતાં કહે છે—

અતિ રહસ્યરૂપ એવા જ્ઞાનયોગ, કર્મયોગ અને ભકિતયોગ, એ સર્વમાં પણ અતિશય રહસ્યરૂપ એવું સર્વોત્કૃષ્ટ એકાન્તિક ભકિતયોગમાં નિષ્ઠાવાળું મારૂં વચન ફરીથી કહીશ તેને સાંભળ ! કારણ કે તું દૃઢ મારામાં નિશ્ચળ મતિવાળો છે. અને એથીજ મને તું અતિ પ્રિય-વ્હાલો છું. માટે તારા પરમ હિતને કરનારૂં વચન કહીશ. **दृढमिति** એવો પાઠ હોય ત્યારે-તું મને ઇષ્ટ પ્રિય છું. માટે દૃઢ અતિ પ્રમાણે યુકત એમ નિશ્ચય કરીને તે પછી તારૂં હિત થાય એમ કહું છું. એમ અર્થ કરવો. ॥ ૬૪ ॥

તે હિતવચનજ કહે છે—

મન્મનાઃ-ક્ષર અક્ષરનો નિયન્તા, અપાર જનોનો સમુદ્ધાર કરવા માટે મનુષ્યોનાં **નયનગોચર** વર્તતો, નવા મેઘ સરખો શ્યામ સુન્દરમૂર્તિ અને ધર્મસ્વરૂપ એવા વસુદેવના પુત્રરૂપે પ્રગટ થયેલો એવા મારામાં મન—અતિશય પ્રેમગર્ભિત સ્મૃતિસન્તાન—તૈલ

भाष्यम्-

मन्मना भव मद्भक्तो मद्याजी मां नमस्कुरु ! ।
मामेवैष्यसि सत्यं ते प्रतिजाने प्रियोऽसि मे ॥६५॥

मन्मनाः—मयि क्षराक्षरनियन्तरि, अपारजनसमुद्धारणाय मनुजनयनगोचरीभूते, नवीनजीमूतसङ्काशे, धर्मस्वरूपवसुदेवनन्दने, मनोऽतिशयप्रेमगर्भितस्मृतिसन्तानं यस्य तथाभूतो भव ! । मद्भक्तः- मम भक्तोऽनन्यसेवकस्त्वं भव ! । मद्याजी-मां यष्टुं पूजयितुं शीलं यस्य सः, नानाविधयज्ञैः सदा मद्यजनपरो भव ! । यद्वा-यथाप्राप्तो-पचारैर्निरन्तरं मत्पूजनपरो भव ! । मां नमस्कुरु !-कायवाङ्मनोभि-र्मयि नम्रभावं कुर्वित्यर्थः । इदं च पूजनं वन्दनं चान्येषामपि भागवत-धर्माणामुपलक्षणम् । तथा चोक्तं श्रीमद्भागवते-"श्रवणं कीर्तनं विष्णोः स्मरणं पादसेवनम् । अर्चनं वन्दनं दास्यं सख्यमात्मनिवेदनम् ॥ इति पुंसार्पिता विष्णौ भक्तिश्चेन्नवलक्षणा । क्रियते भगवत्यद्धा तन्म-न्येऽधीतमुत्तमम् "॥ इति । एवं सदार्चनवन्दनादिभागवतधर्मानुष्ठानेन मयि प्रीतिं कुर्वाणस्त्वम्, अनवधिकातिशयानन्दसागरं मामेवैष्यसि यास्यसि । ते तुभ्यं सत्यं यथार्थं यथा भवति तथा प्रतिजानेऽहं प्रतिज्ञां करोमि, न कथनमात्रम् । यस्मात्त्वं मे प्रियोऽसि । तथा इह चोक्तम्- " प्रियो हि ज्ञानिनोऽत्यर्थमहं स च मम प्रियः " इति ॥ ६५ ॥

सर्वधर्मान् परित्यज्य मामेकं शरणं व्रज ! ।
अहं त्वां सर्वपापेभ्यो मोक्षयिष्यामि माशुचः ॥६६॥

किञ्च-सर्वधर्मानिति । सर्वधर्मान्-श्रेयःसाधनतया शास्त्रेषू-क्तान् समग्रधर्मान्, परित्यज्य । मामेकं शरणं व्रज-प्राप्नुहि । अहं सर्वेश्वरः, सर्वपापेभ्यः-सर्वेभ्योऽनादिकालसमूहीकृतापरिमितकृत्या-करणाकृत्यकरणरूपेभ्यः समग्रेभ्यः पापेभ्यः त्वां मोक्षयिष्यामि, माशुचः-शोकं माकार्षीः ॥ ६६ ॥

अथेदानीमुक्तस्य ज्ञानस्याधिकारिणो ज्ञापयन्ननधिकारिणः पुरुषान् वदति-इदमिति ।

इदं ते नातपस्काय नाभक्ताय कदाचन ।
न चाशुश्रूषवे वाच्यं न च मां योऽभ्यसूयति ॥६७॥

શ્લોકાર્થ-

તું સર્વ ધર્મને-ધર્મના બળને છોડી દઇને મને એકનેજ શરણ પામ ! હું તને સર્વ પાપ થકી મુકાવીશ. તું કાંઇ શોક કરીશ મા. ॥ ૬૬ ॥

આ મેં તને કહેલું જ્ઞાન જે તપ કરવામાં રૂચિવાળો ન હોય, તેમજ જે મારો ભકત ન હોય તેને કયારેય કહેવું નહિ, તેમજ જે આ જ્ઞાન સાંભળવા ન ઇચ્છતો હોય, અગર સેવાવૃત્તિ સિવાયનો હોય તેને પણ ન કહેવું. અને જે મારા તરફ અભ્યસૂયા કરતો હોય તેને તો કયારેય નજ કહેવું. ॥ ૬૭ ॥

ભાવાર્થ-

ધારાવદવિચ્છિન્ન સ્મૃતિપરમ્પરા જેને છે. એવો તું થા ! મારો ભકત—અનન્ય સેવક તું થા ! નાના પ્રકારના યજ્ઞો વડે મારૂંજ યજન-પૂજન સદાય કરવાના સ્વભાવવાળો થા ! અથવા—સમય સમય પ્રમાણે મળી આવે એવા ઉપચારોથી નિરન્તર મારૂંજ પૂજન કરવામાં તત્પર થા ! શરીર, વાણી અને મનથી મનેજ નમસ્કાર કર ! અર્થાત્ મારામાંજ નમ્રભાવ-આદરભાવ કર ! આ પૂજન વન્દન વિગેરે કહ્યું તેથી બીજા પણ ભાગવત ધર્મો પાલન કરવાપણે સમજી લેવા. તે શ્રીમદ્ભાગવતમાં કહ્યું છે-"વિષ્ણુ ભગવાનની કથાઓનું શ્રવણ કરવું, ભગવાનનું નામ કીર્તન કરવું, સ્મરણ કરવું, પાદસેવન કરવું, ભગવાનનું પૂજન, વંદન, દાસત્વ, સખાપણું અને આત્મનિવેદન, આ પ્રમાણે ભગવદ્ભકત પુરૂષે નવ પ્રકારની ભકિત સાક્ષાત્ વિષ્ણુ ભગવાન શ્રીહરિને વિષે જો કરાય છે, તો તે અતિ ઉત્તમ ભણતર હું માનું છું." આ પ્રમાણે નિરન્તર મારૂં પૂજન-વન્દનાદિક કરવારૂપ ભાગવત ધર્મનું અનુષ્ઠાન કરવાથી મારામાં ગાઢ પ્રીતિ કરનારો તું નિરવધિકાતિશય આનન્દનાસાગરસમા એવા મનેજ તું પામીશ. હું આ તને સત્યભૂતજ વચન પ્રતિજ્ઞા કરીને કહું છું. પણ કેવળ કહેવામાત્ર તું ન સમઝીશ. કારણ કે-તું મને અતિશય પ્રિય-પ્રેમપાત્ર છું. તેજ પ્રમાણે આ ગીતામાંજ કહ્યું છે-" મારા જ્ઞાની ભકતને હું અત્યન્ત પ્રિય છું. અને તે મને અત્યન્ત પ્રિય છે." એમ. ॥ ૬૫ ॥

હવે-ભગવાન પોતાની શરણાગતિરૂપ મોક્ષનો સહેલો અને સર્વશ્રેષ્ઠ ઉપાય કહેછે-

કલ્યાણના સાધનપણે શાસ્ત્રમાં કહેલા સઘળા ધર્મોને પરિત્યાગ કરીને-તેનું બળ કે તેનો ભય છોડી દઇને, મને એકનેજ શરણે આવી જા ! હું સર્વેશ્વર ભગવાન, તને સર્વ પાપ-અનાદિ કાળથી ભેગાં કરેલાં અપરિમિત કરવાનાં નહિ કરેલાં અને નહિ કરવાનાં કરેલાં આવાં સઘળાં પાપ થકી મુકાવીશ. તું કોઇ પ્રકારે શોક નકરીશ. ॥૬૬॥

હવે-હમણાં ઉપર કહેલા જ્ઞાનના અધિકારીઓને કહી જણાવતાં તેમાં અનધિકારી પુરૂષોને કહી બતાવે છે-

આ—મેં કહેલું શાસ્ત્ર જેણે તપ કરવા પૂર્વક પોતાનાં ઇન્દ્રિયો વશ ન કર્યાં હોય એવા માણસને તારે કયારેય ન કહેવું. અભકત—ઉપદેશ કરનારો એવા તારામાં અને સર્વોપાસ્ય એવા મારામાં પણ ભકિતએ-મહિમાપૂર્વકના સ્નેહે રહિત હોય અને કદાચ

भाष्यम्-

इदं मदुक्तं शास्त्रम्, अतपस्काय-अवशीकृतेन्द्रियाय जनाय, ते त्वया कदाचन न वाच्यम्। अभक्ताय-उपदेष्टरि त्वयि उपास्ये मयि च भक्तिरहिताय तप्ततपसेऽपि कदाचन न वाच्यम्। अशुश्रूषवे-सेवामकुर्वाणाय। श्रवणेच्छारहिताय वा, कदाचन न वाच्यम्। यो मामभ्यसूयति-मन्मूर्तौ मद्वीर्येषु मद्गुणेषु च केनचिदुक्तेषु दोषमारोपयति, तस्मै कदाचन न वाच्यम् ॥ ६७ ॥

अस्य ज्ञानस्य पात्रेषु निक्षेपणे फलं वदति-य इति।

य इदं परमं गुह्यं मद्भक्तेष्वभिधास्यति।
भक्तिं मयि परां कृत्वा मामेवैष्यत्यसंशयः ॥६८॥

यः-मदुक्तज्ञानवान् पुरुषः, परमं श्रेष्ठतमं गुह्यं गोप्यम्, इदम्-मदुक्तज्ञानशास्त्रम्, मद्भक्तेषु-मयि भक्तियुक्तेषु जनेषु, अभिधास्यति-भक्तेभ्यो दास्यतीत्यर्थः। स मयि-परमेश्वरे पुरुषोत्तमे। पराम्-एकान्तिकीं भक्तिम्, कृत्वा। माम्-अनवधिकातिशयानन्दं भगवन्तमेवैष्यति। असंशयः-अत्र सन्देहो नास्तीत्यर्थः ॥ ६८ ॥

न च तस्मान्मनुष्येषु कश्चिन्मे प्रियकृत्तमः।
भविता न च मे तस्मादन्यः प्रियतरो भुवि ॥ ६९ ॥

किञ्च-न चेति। तस्मात्-मत्भक्तेभ्य एतत्परमगुह्यशास्त्रवक्तुर्मद्भक्तपुरुषात्। मनुष्येषु मध्ये कश्चिदन्यो मे मम प्रियकृत्तमः-अतिशयप्रसन्नकर्ता च नास्ति।

अयम्भावः-यो मद्भक्तः स मत्प्रियकृत्, ततो ममैकान्तिकभक्तो मम प्रियकृत्तरः, तस्मादपि मद्भक्तेभ्य एतच्छास्त्रव्याख्याता अधिकतमो भवतीति। तस्मात्-मदुक्तशास्त्रं मद्भक्तेभ्यो व्याख्यातुर्मद्भक्तपुरुषादन्यो मे मम प्रियतरः-अतिशयप्रियो मदेकान्तिकभक्तो भुवि धरण्यां न च भविता-न भविष्यति ॥ ६९ ॥

अस्य पाठे फलं वदति-अध्येष्यते इति।

अध्येष्यते च य इमं धर्म्यं संवादमावयोः।
ज्ञानयज्ञेन तेनाहमिष्टः स्यामिति मे मतिः ॥ ७० ॥

શ્લોકાર્થ-

જે પુરૂષ આ પરમ રહસ્યરૂપ જ્ઞાન મારા ભકતોમાં કહીને પ્રવર્તાવશે તો તે મારે વિષે પરા-પ્રેમલક્ષણા ભકિત કરીને મનેજ પામશે. એમા લવ-લેશ શંકાજ નથી. ।।૬૮।।

એવા મારૂં જ્ઞાન ફેલાવનારા ભકત પુરૂષ કરતાં મારૂં અત્યન્ત પ્રિય કરનાર મનુષ્યોમાં બીજો કોઇ છેજ નહિ. અને આ પૃથ્વી ઉપર તેના કરતાં બીજો કોઇ મને અતિશય વ્હાલો પણ થનાર નથીજ ।। ૬૯ ।।

આપણા બેના આ મોક્ષ આપનારા ધર્મ સંબંધી સંવાદનો જે પાઠ કરશે, તો તે પુરૂષે હું સર્વોત્કૃષ્ટ જ્ઞાનયજ્ઞથી પૂજેલો થઇશ એમ મારો નિશ્ચય છે. ।। ૭૦ ।।

આ જ્ઞાન-શાસ્ત્રમાં જે શ્રદ્ધાવાન્ થઇને સાંભળે, અને વળી જે આમાં અભ્યસૂયા ન કરે,તો તે પુરૂષ પણ પુણ્ય કર્મ કરનારા પવિત્ર ભકત પુરૂષોના લોકને પામેછે. ।।૭૧।।

ભાવાર્થ-

જો તે તપ તપનારો હોય તોય તેને પણ કયારેય ન કહેવું. સેવા-અનુવૃત્તિ નહિ સાચવનારો, અથવા તો સંભળવાની ઇચ્છાજ જેને ન હોય એવાને પણ કયારેય ન કહેવું. તેમજ જે મને અભ્યસૂયા કરતો હોય, એટલે કે--મારી દિવ્ય કલ્યાણકારી મૂર્તિમાં, મારાં કલ્યાણકારી પરાક્રમયુકત ચરિત્રોમાં, અને મારા કલ્યાણકારી ગુણોમાં પણ, કોઇક મહિમાપૂર્વક કહેવા લાગે ત્યારે તેમાં દોષનું આરોપણ જે કરતો હોય તેવા અભ્યસૂયા કરનારને કયારેય પણ ન કહેવું. ।। ૬૭ ।।

હવે-આ જ્ઞાનને પાત્રમાં નાખવામાં ફળ કહી બતાવે છે—

મેં કહેલા આ જ્ઞાનથી સમ્પન્ન એવો જે પુરૂષ, પરમ-સર્વશ્રેષ્ઠ અને ગુહ્ય-પરમ રહસ્યરૂપ, એવું આ મેં કહેલું જ્ઞાન-શાસ્ત્ર તેને મારામાં ભકિતયુકત એવા મારા ભકત જનોમાં સ્થાપન કરશે. એટલે કે-ભકત-જનોને આપશે. તે પુરૂષ મારામાં—પરાત્પર પરમેશ્વર પુરૂષોત્તમ એવા મારે વિષે પરા-પ્રેમલક્ષણા એકાન્તિકી ભકિત કરીને મને-અનવધિકાતિશય આનન્દમય ભગવાનનેજ પામશે. આ વાતમાં સન્દેહજ નથી. ॥૬૮॥

વળી-મારા સેવકોને આ પરમ રહસ્યરૂપ શાસ્ત્ર કહેનાર મારા ભકત પુરૂષ કરતાં આ લોકના મનુષ્યો મધ્યે કોઈ પણ બીજો મને અતિશયપણે પ્રસન્ન કરનારો છેજ નહિ.

અભિપ્રાય એ છે કે—જે મારો ભકત છે તે મારૂં પ્રિય કરનારો છે. તેથી મારો એકાન્તિક ભકત મારૂં અધિક પ્રિય કરનારો છે. અને તેના કરતાંય પણ મારા ભકતોને આ શાસ્ત્રનું વ્યાખ્યાન કરનારો અતિ અધિક પ્રિય કરનારો છે. માટે મેં કહેલું આ શાસ્ત્ર મારા ભકતોને વ્યાખ્યાન કરીને સમઝાવનાર ભકત પુરૂષ કરતાં બીજો કોઇ મારૂં પ્રિય કરનારો મને અતિશય વ્હાલો મારો એકાન્તિક ભકત પૃથ્વી ઉપર થનારો નથીજ.॥૬૯॥

ઉપાસ્ય-ઉપાસક અને સારથી-રથી એવા આપણા બેના આ ધર્મયુકત સંવાદને જે પુરૂષ કહેશે-સાંભળશે. તે પુરૂષે સઘળા યજ્ઞોમાં અતિ ઉત્કૃષ્ટ એવા જ્ઞાન-યજ્ઞથી, હું શ્રીનારાયણ ભગવાન પૂજેલો થાઉં-થાઉં છુંજ. એમ મારો દૃઢ મત-નિશ્ચય છે. ।।૭૦॥

આ જ્ઞાન-શાસ્ત્રના શ્રવણમાં પણ ફળ રહેલું છે તેને કહે છે—

भाष्यम्-

आवयोरुपास्योपासकयोः सारथिरथिनोर्द्वयोरिमं धर्म्यं धर्मोपेतं संवादम्। यो नरः, अध्येष्यते च पठिष्यत्येव। चोऽवधारणे। तेन नरेणाखिलयज्ञोत्कृष्टेन ज्ञानयज्ञेन, अहं नारायणः, इष्टः पूजितः, स्याम्-भवेयमिति मे मतिर्मम निश्चयः ॥ ७० ॥

अस्य श्रवणेऽपि फलमाह-श्रद्धावानिति।

श्रद्धावाननसूयश्च शृणुयादपि यो नरः।
सोऽपि मुक्तः शुभांल्लोकान् प्राप्नुयात्पुण्यकर्मणाम् ॥ ७१ ॥

यो नरः, श्रद्धावान्-श्रीकृष्णेन यदुक्तं तत्सत्यं तदेव कर्तव्यमिति विश्वासपूर्वकत्वरावान् सन्, इदं शास्त्रमिति शेषः, शृणुयात्। यश्च नरः, अनसूयः-असूयावर्जितः, अस्मिन् महागुणे शास्त्रे दोषारोपणरहितः सन्नपि। इदं शास्त्रं शृणुयात्, सोऽपि मदुपासकानां शुभान् प्रशस्तान् लोकान्-निवासस्थानानि प्राप्नुयात् ॥ ७१ ॥

अस्मिन् मदुक्ते शास्त्रेऽर्जुनस्य बोध उत्पन्नो न वेति विचारयन् पृच्छति-कच्चिदिति।

कच्चिदेतच्छ्रुतं पार्थ! त्वयैकाग्रेण चेतसा।
कच्चिदज्ञानसम्मोहः प्रणष्टस्ते धनञ्जय! ॥ ७२ ॥

कच्चिदिति प्रश्ने, हे पार्थ!-पृथासुत! त्वया, एकाग्रेण-व्यासङ्गरहितेन, निश्चलेनेति यावत्। चेतसा। एतत्-मयोदितमैकान्तिकधर्मबोधकं शास्त्रम्। कच्चिच्छ्रुतम्?। हे धनञ्जय! ते तव, अज्ञानसम्मोहः-अज्ञानेन-धर्माधर्माविवेकेन, यः सम्मोहः-अहं न योत्स्यामीति मूढत्वम्। कच्चित् प्रणष्टः? नाशं प्राप्तः?

एवं भगवता पृष्टोऽर्जुन उवाच-नष्ट इति।

अर्जुन उवाच-

नष्टो मोहः स्मृतिर्लब्धा त्वत्प्रसादान्मयाच्युत!।
स्थितोऽस्मि गतसन्देहः करिष्ये वचनं तव ॥ ७३ ॥

हे अच्युत!-स्वरूपतः स्वभावतश्च न च्यवतीत्यच्युतस्तत्सम्बुद्धौ। त्वत्प्रसादात्-तव समस्तविदो भगवतः प्रसादात्, एतच्छास्त्रबोधन-

શ્લોકાર્થ—

હે પાર્થ ! આ મેં કહ્યું તે તેં એકાગ્ર-સાવધાન ચિત્તથી સાંભળ્યું ? અને હે ધનંજય ! તારો અજ્ઞાનથી થયેલો મોહ સર્વથા નષ્ટ થયો ? ॥ ૭૨ ॥

અર્જુન કહે છે–હે અચ્યુત ! તમારી પ્રસન્નતાથી મારો મોહ નષ્ટ થઇ ગયો છે. અને હું પૂરે-પૂરી સ્મૃતિમાં-સાવધાનીમાં આવ્યો છું. હું સંદેહ વિનાનો થઇને ઉભો છું. અને તમારૂં વચન પાળીશ. ॥૭૩॥

ભાવાર્થ—

જે માણસ શ્રદ્ધાવાળો એટલે કે–ભગવાન શ્રીકૃષ્ણે જે કહ્યું છે તે સત્યજ છે. અને તેજ કર્તવ્ય છે. એમ વિશ્વાસપૂર્વક ત્વરાવાળો થઇને આ શાસ્ત્ર સાંભળે, અને જે પુરૂષ અસૂયાએ રહિત એટલે કે–આ મહાગુણવાળા જ્ઞાનશાસ્ત્રમાં દોષારોપણ નહિ કરતો એવો થકો આ શાસ્ત્રને સાંભળે, તો તે પુરૂષ પણ મારી ઉપાસનામાં વિરોધી એવા દોષમાત્રથી રહિત થઇને, પુણ્ય કર્મ કરનારા મારા ઉપાસક જનોએ પામવા યોગ્ય અતિ વખાણવા યોગ્ય શ્રેષ્ઠ લોકોને–નિવાસસ્થાનોને પામે છે. ॥ ૭૧ ॥

આ મેં કહેલા શાસ્ત્રથી અર્જુનને બોધ થયો કે નહિ વારૂ ? એમ વિચારતાં ભગવાન પૂછે છે—

હે પૃથાપુત્ર અર્જુન ! તેં એકાગ્ર–વ્યગ્રતાએ રહિત નિશ્ચળ ચિત્તથી આ મેં કહેલું એકાન્તિક ધર્મનું અવબોધન કરનારૂં શાસ્ત્ર. સાંભળ્યું વારૂ ? અને હે ધનંજય ! ધર્મ–અધર્મના અવિવેકરૂપ અજ્ઞાનથી થયેલો સમ્મોહ–"હું યુદ્ધ નહિ કરૂં" એવું મૂઢપણું, તે નાશ પામ્યું ? કે નહિ વારૂ ? ॥ ૭૨ ॥

આ પ્રમાણે ભગવાને પૂછેલો અર્જુન કહે છે—

અર્જુન કહે છે–સ્વરૂપથી અને સ્વભાવથી પણ અખંડ–સ્વરૂપ એવા હે અચ્યુત પ્રભો ! સઘળા તત્ત્વાર્થને યથાર્થ જાણનારા એવા આપ–ભગવાનના પ્રસાદથી—આ શાસ્ત્રનો બોધ કરવારૂપ અનુગ્રહ થવાથી, મારો વિપરીત જ્ઞાનરૂપ મોહ સર્વથા નાશ પામ્યો છે. એટલે કે–દેહને વિષે આત્માભિમાનરૂપ વિપરીત જ્ઞાન, સકળ ધર્મના સ્થાપન માટે આવિર્ભાવ પામેલા અને ધર્મ તો જેમને અત્યન્ત વ્હાલો છે, એવા તમારી પરમ ધર્મરૂપ આજ્ઞાને વિષે અધર્મની બુદ્ધિરૂપ વિપરીત જ્ઞાન, તેમજ—ચેતન–અચેતન સમુદાયના આત્માપણે રહીને તેના પ્રવર્તાવનારા એવા તમારે આધીનપણે રહેલાં હોવા છતાં સ્વતંત્ર કર્તવ્યતાની બુદ્ધિરૂપ વિપરીત જ્ઞાન, એ સઘળુંય નાશ પામી ગયું છે. અને ક્ષીણ થઇ ગયો છે મોહ જેનો એવા મેં યથાર્થ જ્ઞાનરૂપ સ્મૃતિ પામી છે. એટલે કે–આત્મસ્વરૂપનું યથાર્થ જ્ઞાન, આપની આજ્ઞા એજ પરમ ધર્મ રૂપ છે, એવું યથાર્થ જ્ઞાન સર્વાત્મા સર્વ-નિયન્તા, ક્ષર–અક્ષર થકી અતિ ઉત્કૃષ્ટસ્વરૂપ, દિવ્ય દેહ ધારી રહેલા અને બ્રહ્મ ભાવને પામેલા મુકતાત્મા ભકતજનોએ સહિત અક્ષર ધામમાં જે સદાય અખંડ વિરાજમાન છે. એજ આપ પોતે છો એવું યથાર્થ જ્ઞાન, તેમજ–કર્મયોગ, જ્ઞાનયોગ અને ભક્તિયોગ

भाष्यम्-

रूपानुग्रहाद्धेतोः। मम मोहो नष्टः-विपरीतज्ञानं प्रणष्टम्। देहे आत्माभिमानरूपं विपरीतज्ञानं, सर्वधर्मस्थापनायावतीर्णस्य धर्मप्रियस्य तव परमधर्मरूपायामाज्ञायामधर्मबुद्धिरूपं विपरीतज्ञानं, चेतनाचेतनवर्गात्मतया तत्प्रवर्तकस्य भवतोऽधीनतया स्वतन्त्रकर्तव्यताबुद्धिरूपं विपरीतज्ञानं च, क्षयं प्राप्तमित्यर्थः। क्षीणमोहेन मया स्मृतिर्लब्धा-यथार्थज्ञानं लब्धम्। आत्मस्वरूपयथार्थज्ञानं, त्वदाज्ञा परमधर्मरूपेति यथार्थज्ञानं, सर्वात्मा सर्वनियन्ता क्षराक्षरोत्कृष्टो दिव्यदेहैर्ब्रह्मभावं प्राप्तैश्च भक्तजनैः सहाक्षरधाम्नि सदा यो वर्तमानः स त्वमिति यथार्थं ज्ञानं, कर्मयोगज्ञानयोगभक्तियोगस्वरूपयथार्थज्ञानं च, प्राप्तमित्यर्थः। अतो गतसन्देहः-प्रणष्टसमस्तसंशयः सन्, स्थितोऽस्मि—समरायोद्यतोऽस्मि। तव वचनम्-परमधर्मरूपं त्वद्वाक्यमहं करिष्ये ॥ ७३ ॥

एवं श्रीकृष्णार्जुनसंवादमेतच्छास्त्रं गदित्वा पुनर्धृतराष्ट्रं प्रति सञ्जय उवाच-इतीति।

सञ्जय उवाच-

इत्यहं वासुदेवस्य पार्थस्य च महात्मनः।
संवादमिममश्रौषमद्भुतं रोमहर्षणम् ॥ ७४ ॥

वासुदेवस्य-वसुदेवनन्दनस्य, पार्थस्य च, महात्मन इति द्वयोर्विशेषणम्। अद्भुतम्-अत्याश्चर्यजनकम्। रोमहर्षणम्-रोमोद्गमकरम्। अहम्, इति-उक्तप्रकारेण, अश्रौषम्-श्रुतवानस्मि ॥ ७४ ॥

ननु-अतिदूरे स्थितो भवान्कथं श्रुतवानित्याशङ्कायां वदामि-व्यासेति।

व्यासप्रसादाच्छ्रुतवानेतद्गुह्यमहं परम्।
योगं योगेश्वरात्कृष्णात्साक्षात्कथयतः स्वयम् ॥ ७५ ॥

व्यासप्रसादात्-व्यासस्य द्वैपायनस्य, प्रसादात्-दिव्यचक्षुःश्रोत्रादिदानरूपानुग्रहात्, तं प्राप्येत्यर्थः। योगेश्वरात्-योगैश्वर्यपतेः। परम्-उत्कृष्टम्, गुह्यम्-गोपनीयम्, एतत्-एतं योगम्-कर्मयोगं

શ્લોકાર્થ-

સંજય કહે છે- આ પ્રમાણે મહાત્મા વાસુદેવ અને પાર્થ એ બન્નેનો રોમાંચ કરે એવો આ અદ્ભુત સંવાદ મેં સાંભળ્યો. ॥ ૭૪ ॥

સકળ યોગના સ્વામી સ્વયં શ્રીકૃષ્ણ ભગવાન પોતેજ અર્જુનને કહેતા હતા તેમના થકી આ પરમ રહસ્યરૂપ સંવાદ મેં વ્યાસમુનિની પ્રસન્નતાને લીધે સાંભળ્યો. ॥૭૫॥

હે રાજન્! કેશવ ભગવાન અને અર્જુનના આ અતિ પવિત્ર અદ્ભુત સંવાદને સંભારી સંભારીને હું વારંવાર અતિ હર્ષ પામું છું. ॥ ૭૬ ॥

હે રાજન્! શ્રીહરિ-કૃષ્ણનું તે અતિ અદ્ભુત રૂપ સંભારી સંભારીને મને બહુજ મોટો વિસ્મય થાય છે. અને હું વારંવાર અતિ હર્ષ પામું છું. ॥ ૭૭ ॥

ભાવાર્થ-

એમના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન, એ સઘળું પ્રાપ્ત થયું છે. માટે હવે સર્વથા નષ્ટ થઇ ગયા છે સંશય જેના એવો થકો હું યુદ્ધ કરવા તૈયાર ઉભો છું. પરમ ધર્મરૂપ આપનું વચન હું કરીશ-પાળીશ. ॥ ૭૩ ॥

આ પ્રમાણે ભગવાન શ્રીકૃષ્ણ અને અર્જુનના સંવાદરૂપ આ શાસ્ત્રને કહીને ફરીથી ધૃતરાષ્ટ્રના પ્રત્યે સંજય કહેવા લાગ્યો—સંજય કહે છે-

વસુદેવના પુત્ર મહાત્મા વાસુદેવ અને પૃથાના પુત્ર મહાત્મા અર્જુન આ બેનો સાંભળતાં અતિ આશ્ચર્ય ઉપજાવે એવો અને શરીરનાં રોમ ઉભાં કરે એવો આ તને મેં કહ્યું એ શાસ્ત્રનો સંવાદરૂપ વૃત્તાન્ત આ પ્રમાણે મેં સાંભળ્યો છે. ॥૭૪॥

નનું-શંકા, અતિ દૂર રહેલા તેં કેવી રીતે સાંભળ્યો? એમ જો તમને શંકા થતી હોય તો કહું છું—

વ્યાસ-દ્વૈપાયનમુનિના, દિવ્ય ચક્ષુ અને દિવ્ય શ્રોત્રાદિક સાધનો આપવારૂપ અનુગ્રહથી-અનુગ્રહ પામીને, પરમ-અતિ ઉત્કૃષ્ટ, પરમ ગોપનીય-રહસ્યરૂપ, એવા આ કર્મયોગ, જ્ઞાનયોગ અને ભકિતયોગરૂપ યોગ, સકળ યોગૈશ્વર્યના સ્વામી યોગેશ્વર ભગવાન શ્રીકૃષ્ણ વાસુદેવ જે સાક્ષાત્ પોતેજ કહેતા હતા તેમના થકી પ્રત્યક્ષપણે તે યોગ મેં સાંભળ્યો હતો. ॥ ૭૫ ॥

ભગવાને કહેલા આ યોગને સાંભળીને પોતાનામાં ઉભરાઇ આવેલા આનન્દભરને જણાવતાં કહે છે—

હે રાજન્! બ્રહ્માદિક સર્વ દેવોના પણ દેવ એવા સર્વનિયન્તા ભગવાન શ્રીકૃષ્ણ અને અર્જુનનો પરમ પવિત્ર અદ્ભુત-અતિ કમનીય મનોહર એવા આ વ્યાસમુનિએ આપેલા દિવ્ય શ્રવણથી મેં સાંભળેલો સંવાદ તેને વારંવાર અતિ આદરપૂર્વક સંભારી સંભારીને હું વારંવાર અતિશય હર્ષ પામું છું. ॥૭૬॥

ભગવાને આશ્ચર્યકારી જે વિશ્વરૂપ અર્જુનને બતાવ્યું હતું તે રૂપનું અનુસન્ધાન સ્મરણ કરીને કહે છે—

भाष्यम्-

ज्ञानयोगं भक्तियोगं च। स्वयं कथयतः कृष्णाद्भगवतो वासुदेवात्साक्षात्प्रत्यक्षमहं तं-योगं श्रुतवानस्मि ॥ ७५ ॥

एतच्छ्रवणेन स्वस्मिन्नानन्दभरं द्योतयन् ब्रूते-राजन्निति।

राजन्! संस्मृत्य संस्मृत्य संवादमिममद्भुतम्।
केशवार्जुनयोः पुण्यं हृष्यामि च मुहुर्मुहुः ॥ ७६ ॥

हे राजन्! केशवार्जुनयोः—ब्रह्मादिसर्वदेवदेवस्य सर्वनियन्तुर्भगवतः श्रीकृष्णस्य, अर्जुनस्य च। पुण्यम्-शुद्धम्, अद्भुतम्-अतिकमनीयम्, इमम्—व्यासदत्तादिव्यश्रवणेन मया श्रुतं संवादम्। संस्मृत्य संस्मृत्य-अतिशयेन स्मृत्वा स्मृत्वा, आदरे द्विरुक्तिः। मुहुर्मुहुः-पुनः पुनः, हृष्यामि च-हृष्याम्येव ॥ ७६ ॥

यद्विश्वरूपाभिधं रूपमर्जुनाय भगवान् दर्शयामास तदिदानीमनुसन्दधान आह-तच्चेति।

तच्च संस्मृत्य संस्मृत्य रूपमत्यद्भुतं हरेः।
विस्मयो मे महान्राजन् हृष्यामि च पुनः पुनः ॥ ७७ ॥

च पुनः, अत्यद्भुतम्-अत्याश्चर्यजनकम्, अर्जुनाय दर्शितं हरेर्यद्रूपम्, तत् संस्मृत्य संस्मृत्य-मया प्रत्यक्षतयानुभूतं तद्रूपमत्यन्ततया स्मृत्वा स्मृत्वा। मे-परमप्रसन्नस्य मम, महान् विस्मयः-आश्चर्यं भवति। च पुनः, हे राजन् पुनः पुनः हृष्यामि-आनन्दं प्राप्नोमि ॥७७॥

एवं च सति स्वपुत्राणां शोभाविजयभूतिनीतिमस्त्वे धृतराष्ट्रबुद्धिस्थं सन्देहं निरस्यन् सञ्जयो वदति-यत्रेतिः।

यत्र योगेश्वरः कृष्णो यत्र पार्थो धनुर्धरः।
तत्र श्रीर्विजयो भूतिर्ध्रुवा नीतिर्मतिर्मम ॥ ७८ ॥

इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे सन्यासयोगो नामाष्टादशोऽध्यायः ॥ १८ ॥

यत्र-यस्मिन् पक्षे, योगेश्वरः-योगानां श्रीविजयभूतिनीतिप्राप्त्युपायानामीश्वरो नियन्ता स्थितिप्रवृत्ति हेतुः। श्रीकृष्णः-धर्म-

શ્લોકાર્થ—

હે રાજન્! જ્યાં-જે પક્ષમાં સાક્ષાત્ યોગેશ્વર કૃષ્ણ છે. અને ધનુધારી પૃથાપુત્ર અર્જુન છે. ત્યાંજ શ્રી-લક્ષ્મી, વિજય અને ભૂતિ-ઐશ્વર્ય છે. અને અચળ નીતિ પણ ત્યાંજ છે. એમ મારી મતિ-નિશ્ચય છે. ॥ ૭૮ ॥

ઇતિ શ્રીમદ્ભગવદ્ગીતાસૂપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે શ્રીકૃષ્ણાર્જુનસંવાદે સંન્યાસયોગો નામાષ્ટાદશોઽધ્યાયઃ ॥ ૧૮ ॥

ભાવાર્થ—

અતિ આશ્ચર્ય ઉપજાવે એવું અર્જુનને બતાવેલું ભગવાનનું જે રૂપ તે મેં પ્રત્યક્ષ અનુભવેલું રૂપ અત્યન્તપણે વારંવાર સંભારી સંભારીને અતિ પ્રસન્ન થયેલા મને મહાન્ વિસ્મય—અતિ આશ્ચર્ય થાય છે. અને હે રાજન્! હું તો એને સંભારી સંભારીને વારંવાર આનન્દ પામું છું–હર્ષઘેલો થાઉં છું. ॥૭૭॥

હવે–આમ હોવા છતાં પોતાના પુત્રો એવા દુર્યોધનાદિકના શોભા, વિજય, ભૂતિ અને નિતિમાનપણામાં ધૃતરાષ્ટ્રની બુદ્ધિમાં રહેલા સન્દેહને ટાળતાં છેવટ સંજય કહી દેછે–

હે રાજન્! જે પક્ષમાં શ્રી–લક્ષ્મી, વિજય, ભૂતિ–ઐશ્વર્ય અને નીતિ, આ સર્વને પામવાના ઉપાયરૂપ સકળ યોગના સ્વામી—સ્થિતિ અને પ્રવૃત્તિના કારણભૂત યોગેશ્વર ભગવાન ધર્મમૂર્તિ વસુદેવના નન્દન શ્રીકૃષ્ણ રહેલા છે. અને વળી જે સૈન્યમાં ગાંડીવ ધનુષને ધારનારો કુન્તીપુત્ર અર્જુન રહેલો છે. તે પક્ષમાંજ વિજય–શત્રુપરાજય અથવા પોતાનો સમુત્કર્ષ,નિશ્ચયપણે અવશ્ય પ્રાપ્ત થનારી શ્રી–વિજયશોભા અથવા રાજ્યલક્ષ્મી, તથા અવિચળ ભૂતિ–સમૃદ્ધિ તથા અવિચળ સત્ય અને ન્યાય આ સઘળું રહેલું છે. એમ મારો દૃઢ નિશ્ચય છે.

માટે સ્વપુત્રોના વિજયની મિથ્યા, આશા છોડી દઇને ભગવાનના અનુગ્રહપાત્ર અને રાજ્યલક્ષ્મી અને વિજય આદિક સદ્ગુણોને સેવનારા પાંડવો સાથે સંધિજ કરો! એમ સંજય પોતાનો આશય–અભિપ્રાય જાહેર કરે છે. ॥૭૮॥

આ છેલ્લા છ અધ્યાયમાં-ક્ષેત્રજ્ઞ-જીવાત્મા આદિકના સ્વરૂપનો નિર્ણય, સત્ત્વાદિક ગુણોનો વિભાગ, પરાત્પર પુરૂષોત્તમનો મહિમા જાણવા માટે ક્ષર—અક્ષરના સ્વરૂપનો નિર્ણય, દૈવી અને આસુરી સંપદ્વાળા પુરૂષોના સ્વરૂપ અને સ્વભાવનો નિર્ણય, સાત્ત્વિક આહારાદિકનું સ્વરૂપ, ઓંકારાદિક શબ્દની પ્રવૃત્તિનો નિર્ણય અને ત્યાગ–સન્ન્યાસની એકાર્થતાનો નિશ્ચય, એ વિગેરે ઘણા અર્થોનો સમુદાય વર્ણન કરી બતાવ્યો છે.

હવે–આ આખા ગીતાશાસ્ત્ર થકી સારનો સમુદ્ધાર કરીને કહે છે—

આ અઢાર અધ્યાયના વિભાગવાળા ગીતાશાસ્ત્રમાં–બન્ધુઓ ઉપરનો સ્નેહ અને તેથીજ થઈ આવેલા કારૂણ્યને લીધે મોહ પામેલા અર્જુનને બોધ કરવા માટે કર્મયોગ, જ્ઞાનયોગ અને ભકિતયોગ તે નિરૂપણ કર્યો છે. અને તે ત્રણેયની સિદ્ધિને માટે પ્રથમ

भाष्यम्-

मूर्तिर्वसुदेवनन्दनोऽस्ति। यत्र च-यस्मिन् सैन्ये, धनुर्धरः-गाण्डीवधनुर्भृत्, पार्थः-कुन्तीपुत्रोऽर्जुनोऽस्ति। तत्र-तस्मिन् पक्षे, सैन्ये वा। विजयः--शत्रुपराजयः, स्वोत्कर्षो वा। ध्रुवा-निश्चलत्वेनावश्यम्भाविनी, श्रीः-शोभा, राज्यलक्ष्मीर्वा। ध्रुवा भूतिः-निश्चला समृद्धिः। ध्रुवा नीतिः-अचलो न्यायश्च, भवतीति मम मतिर्निश्चयोऽस्ति।

ततो मिथ्या स्वपुत्रविजयाशां परिहाय भगवदनुग्रहितैः श्रीविजयादीन् भजद्भिः पाण्डवैः सह सन्धिरेव विधीयतामित्याशयः॥

अस्मिन्नन्तिमाध्यायषट्के-क्षेत्रज्ञादिस्वरूपनिर्णयः, गुणविभागश्च, पुरुषोत्तममाहात्म्यज्ञानाय क्षराक्षरस्वरूपनिर्णयश्च, दैवासुरपुरुषस्वरूपस्वभावनिर्णयश्च, सात्त्विकाहारादिस्वरूपौंकारादिशब्दप्रवृत्तिनिर्णयश्च, त्यागसन्न्यासैकार्थतानिश्चयप्रभृत्यर्थसमुदायश्चोक्तः।

अस्माद्गीताशास्त्रात् सारं समाहृत्योच्यते-अस्मिन्नष्टादशाध्यायवति गीताशास्त्रे बन्धुस्नेहकारुण्यमोहितार्जुनबोधाय कर्मयोगो ज्ञानयोगो भक्तियोगश्चोक्तः। तेषां सिद्धये जीवस्वरूपनिरूपणं, प्रकृतिस्वरूपनिरूपणं, अक्षरधामरूपनिरूपणं, भगवत्स्वरूपनिरूपणं चोक्तम्। "सर्वभूतानि कौन्तेय! प्रकृतिं यान्ति मामिकाम्। कल्पक्षये पुनस्तानि कल्पादौ विसृजाम्यहम्" इत्यादिवचनैर्नित्यनैमित्तिकप्राकृतप्रलयेषु प्राकृतभोगसक्तानां क्षेत्रज्ञानां करणकलेवरभोगस्थानविनाशित्वम्, "न जायते म्रियते वा कदाचिन्नायं भूत्वा भविता वा न भूयः। अजो नित्यः" "अन्तवन्त इमे देहा नित्यस्योक्ताः शरीरिणः। अनाशिनः" इत्यादिभिस्तत्स्वरूपाणामजत्वं नित्यत्वमविनाशित्वं च, "ॐमित्येकाक्षरं ब्रह्म" इत्यादिवचनैः कैवल्यार्थिनामक्षरतेजसि निरवयत्वेन लीनत्वं च, "इदं ज्ञानमुपाश्रित्य मम साधर्म्यमागताः। सर्गेऽपि नोपजायन्ते प्रलये न व्यथन्ति च" "बहवो ज्ञानतपसा पूता मद्भावमागताः" "मद्भक्ता यान्ति मामपि" "गच्छन्त्यमूढाः पदमव्ययं तत्" "यद्गत्वा न निवर्तन्ते तद्धाम परमं मम" इत्यादिभिर्ज्ञानिभक्तक्षेत्रज्ञानां करणकलेवरस्थानभोगादीनामविनाशित्वम्, अक्षरधाम्नि भगवता सह निवासित्वं चोक्तम्।

ભાવાર્થ-

જીવાત્મસ્વરૂપનું નિરૂપણ કરેલું છે. પછી પ્રકૃતિના સ્વરૂપનું નિરૂપણ, અક્ષર ધામના સ્વરૂપનું નિરૂપણ, તથા ભગવાનના સ્વરૂપનું પણ નિરૂપણ કરેલું છે.

હવે તેમાં-" હે કૌન્તેય ! કલ્પને અંતે સર્વ ભૂત-પ્રાણીમાત્ર મારી પ્રકૃતિમાં લય પામી જાય છે. અને પાછો કલ્પના આદિ ભાગમાં તેમને હુંજ સર્જું છું-વિસ્તારૂં છું." આ વિગેરે વચનોથી નિત્ય, નૈમિત્તિક અને પ્રાકૃત પ્રલયોમાં, પ્રાકૃત-માયાજન્ય ભોગોમાં આસકત એવા ક્ષેત્રજ્ઞ—જીવાત્માઓનાં કરણ, કલેવર, ભોગ અને ભોગનાં સ્થાન એ સર્વનું નાશવંતપણું કહેલું છે.

" આ જીવાત્મા કયારેય ઉત્પન્ન થતો નથી, તેમ કયારેય મરતો પણ નથી, વળી-આ જીવાત્મા ભૂતકાળમાં ઉત્પન્ન થઇને-હોઇને ભવિષ્યમાં નહિ હોય એમ પણ નથી. એ અજ-અજન્મા જન્માદિક વિકારે રહિત અને તેથીજ નિત્ય-સનાતન અવિનાશી છે." " શરીરને ધારણ કરનાર અવિનાશી નિત્યસિદ્ધ જીવાત્માના આ જોવામાં આવતા દેહો અન્તવાળા-નાશવંત છે. " ઇત્યાદિક વાકયોથી જીવાત્માઓના સ્વરૂપનું અજત્વ, નિત્યત્વ અને અવિનાશીપણું વિગેરે પ્રતિપાદન કરેલું છે.

" ૐ એવા એક અક્ષરરૂપ બ્રહ્મને " ઇત્યાદિક વચનોથી કૈવલ્યાર્થીઓને અક્ષરના તેજમાં નિરવયવ-નિરાકારપણે લીન થવાપણું કહેલું છે.

" આ મેં કહેલા જ્ઞાનને આશરીને મારા સાધર્મ્યને પામેલા મુકત પુરૂષો સર્ગ વખતે ઉત્પન્નેય થતા નથી અને પ્રલય વખતે કોઇ વ્યથાનેય પામતા નથી." "ઘણાય આત્માઓ જ્ઞાનરૂપ તપ-ઉપાસનાથી પવિત્ર થઇને મારા ભાવને-સ્વરૂપને પામી ગયા છે." " મારા ભકતો મનેજ પામે છે. " " અમૂઢ—જ્ઞાની ભકતો તે અવિનાશી સનાતન પદને પામે છે." "જે સ્થાનને પામીને ત્યાંથી આ તરફ પાછા ફરતા નથી,તે મારૂં પરમ-સર્વોપરિ ધામ છે." ઇત્યાદિક વચનોથી જ્ઞાની ભકત-ઉપાસક ક્ષેત્રજ્ઞ-જીવાત્માઓનાં કરણ, કલેવર, સ્થાન અને ભોગ, એ આદિકનું અવિનાશીપણું અને અક્ષર ધામમાં ભગવાન પુરૂષોત્તમની સાથે નિવાસ પામવાપણું એ વિગેરે કહેલું છે.

"પ્રકૃતિ-માયા અને પુરૂષ-જીવાત્મા એ બન્નેયને અનાદિ જાણ !" "પુરૂષ-જીવાત્મા પ્રકૃતિમાં રહીને-બન્ધાઇને પ્રકૃતિના ગુણોને-વિષયોને ભોગવે છે. માટે આ જીવાત્માને સારી-નરસી યોનિઓમાં જન્મ પામવામાં કારણભૂત સત્ત્વાદિક ગુણનો સમ્બન્ધજ છે." " જેઓનું તે અજ્ઞાન તો આત્મા-પરમાત્માના સ્વરૂપના જ્ઞાનથી નાશ પમાડયું છે. " " જે મનેજ શરણ પામે છે. તે પુરૂષોજ એ મારી દુરત્યય માયાને તરી જાય છે. " " અને વળી મને જે વ્યભિચાર વિનાના-અવિચળ ભકિતયોગથી સેવે છે-ભજે છે. તે પુરૂષ એ માયાના ગુણોને ઉલ્લંઘીને " ઇત્યાદિક વચનોથી જીવસમૂહને અનાદિ અવિદ્યારૂપ અજ્ઞાનથી અનાદિ બદ્ધપણું છે. કર્મને આધીનપણું છે. અને પરમાત્માને પરતંત્ર-આધીન રહેવાપણું છે. એમ કહ્યું છે. અને પ્રકૃતિનું-માયાનું પણ અનાદિપણું અને સાન્તપણું કહ્યું છે.

भाष्यम्-

" प्रकृतिं पुरुषं चैव विद्ध्यनादी उभावपि "। "पुरुषः प्रकृतिस्थो हि भुङ्क्ते प्रकृतिजान् गुणान्। कारणं गुणसङ्गोऽस्य सदसद्योनिजन्मसु " " ज्ञानेन तु तदज्ञानं येषां नाशितमात्मनः " " मामेव ये प्रपद्यन्ते मायामेतां तरन्ति ते" "मां च योऽव्यभिचारेण भक्तियोगेन सेवते। स गुणान् समतीत्यैतान्" इत्यादिभिर्जीवसमूहस्यानाद्यविद्यया, अनादिबद्धत्वं, कर्माधीनत्वं, परतन्त्रत्वं च, प्रकृतेश्चानादित्वं सान्तत्वं चोक्तम्।

श्रीवृत्तालयपत्तने निवसता वेदान्तसिद्धान्तकृत्
यच्चाज्ञानिमतान्धकारनिकरे वर्वर्ति मार्तण्डवत्।
गीताभाष्यमिदं मया विरचितं नारायणप्रीतये
तत्तेनौद्धवसम्प्रदायनिरतास्तुष्यन्तु ते मे सदा ॥
वृत्तालये विरचितं भगवद्भावबोधकम्।
गोपालानन्दमुनिना भाष्यमज्ञानध्वन्ताहृत् ॥ ७८ ॥

इति श्रीपरविद्यैकगोचर-परभक्तिसमाराध्य-भगवत्सहजानन्दस्वामिशिष्याग्रगण्य-सद्गुरुवर्य-श्रीगोपालानन्दमुनिविरचिते श्रीमद्भगवद्गीताभाष्येऽष्टादशोऽध्यायः ॥ १८ ॥

समाप्तो भाष्यग्रन्थः

ભાવાર્થ-

ભગવાન શ્રીહરિનો અખંડ નિવાસ થવાથી સકળ શોભાએ સમ્પન્ન એવા વૃત્તાલય પુરમાં નિવાસ કરીને રહેલા મેં ગોપાળાનન્દમુનિએ મારા ઇષ્ટદેવ શ્રીનારાયણમુનિ ભગવાનની પ્રસન્નતા માટે આ ગીતાભાષ્ય રચ્યું છે. આ ભાષ્ય વેદાન્તના સમ્પૂર્ણ સિદ્ધાન્તને પ્રકાશ કરનારૂં છે. અને આ ભૂમંડળમાં પૂર્વે કેટલાક પૂર્ણ જ્ઞાની નહિ એવા સમ્પ્રદાયપ્રવર્તક મતવાદીઓએ પ્રવર્તાવેલા જુદા જુદા અદ્વૈત વિગેરે મત-મતાન્તરરૂપ અન્ધકારના સમૂહમાં સૂર્યની માફક પ્રકાશમાન સર્વશ્રેષ્ઠ વર્તે છે. માટે તે ભાષ્યથી શ્રીમદુદ્ધવ-સમ્પ્રદાયમાં અત્યન્ત પ્રીતિવાળા શ્રીહરિના અનુયાયીઓ સઘળા સન્તો અને ભક્તજનો મારા ઉપર સદાય પ્રસન્ન થાઓ !

મારા ઇષ્ટદેવ ભગવાન શ્રીહરિ અને શ્રીકૃષ્ણ એ બન્નેના અભિપ્રાયને પ્રકાશ કરનારૂં અને અજ્ઞાનરૂપ અન્ધકારને હરનારૂં એવું આ ભાષ્ય મેં ગોપાળાનન્દમુનિએ વડતાલમાં રહીને રચ્યુંછે. ॥૭૮॥

ઇતિશ્રી પરવિદ્યૈકગોચર-પરભક્તિસમારાધ્ય-ભગવત્સહજાનન્દસ્વામિશિષ્યા-
ગ્રગણ્ય-સદ્ગુરૂવર્ય-શ્રીગોપાળાનન્દમુનિવિરચિતે શ્રીમદ્ભગવદ્ગીતાભાષ્યે
અષ્ટાદશોઽધ્યાયઃ ॥ ૧૮ ॥

સમાપ્તો ગ્રન્થઃ

टीका-

समासेनैव कौन्तेय ! निष्ठा ज्ञानस्य या परा " इति ज्ञानस्य परा निष्ठा ब्रह्मेत्याह । " बुद्ध्या विशुद्धया युक्त " इत्यादिना, " ब्रह्मभूयाय कल्पते " इत्यन्तेन ज्ञाननिष्ठा ध्यानयोगलक्षणा ससाधना प्रपञ्चिता । "ब्रह्मभूतः प्रसन्नात्मा + + + + मद्भक्तिं लभते पराम्" इति ज्ञाननिष्ठाफलभूतब्रह्मभावं प्राप्तस्य फलं परभक्तिलाभ इति चोक्तम् । इदमप्युक्तं पूर्वम्–" भक्त्या त्वनन्यया शक्य अहमेवंविधोऽर्जुन ! । ज्ञातुं द्रष्टुं च तत्त्वेन प्रवेष्टुं च परन्तप ! " ॥ इति भक्तेरेव साक्षाद्भगवत्स्वरूपविज्ञानदर्शनप्राप्तौ हेतुतेति । विज्ञानं च ध्यानलक्षणम्, दर्शनं च तदेव ध्यानं दर्शनसमानाकारं विशदावभासलक्षणम्, तेन च परमात्मप्राप्तिः । श्रूयते च— " यमेवैष वृणुते तेन लभ्यस्तस्यैष आत्मा विवृणुते तनुं स्वाम् " । " भिद्यते हृदयग्रन्थिश्छिद्यन्ते सर्वसंशयाः । क्षीयन्ते चास्य कर्माणि तस्मिन् दृष्टे परावरे " इति । वक्ष्यति च -- " मन्मना भव ! मद्भक्तो मद्याजी मां नमस्कुरु ! । मामेवैष्यसि सत्यं ते प्रतिजाने प्रियोऽसि मे "॥ इति ध्यानयजननमस्कारादीन् परया भक्त्या कुर्वाणस्य भगवत्प्राप्तिरेव परमं निःश्रेयसमिति । तदेवं पूर्वापरपर्यालोचनया श्लोकस्यास्याप्ययमेवाशयो विज्ञायते–परानुरागलक्षणया भक्त्या मामेव सततमनुस्मरन्तो मत्प्रसादादेव मम यथावस्थितस्वरूपस्वभावस्य विशदतमावभासलक्षणमपरोक्षसमानं विज्ञानं प्रादुर्भवति । ततश्च मां प्राप्नोतीति । न चैतद्वेदनं परानुरागपरिपन्थि, न वा तदनात्मकं निर्विशेषब्रह्मापरोक्षलक्षणं वा, न हि तेन प्राप्यं किमप्यस्ति, अविद्यानिवृत्तिमात्रमेव तु तत इति पराभिमतम् । इह त्वाह—" मां विशते " इति । ईश्वरो ह्येष भगवान् स्वरूपतः स्वभावतो विभूतितश्चानवधिकातिशयः । तत् भक्तिरेव साक्षान्निःश्रेयससाधनम् । कर्मयोगप्रभृतिषु साधनपर्वसु सर्वेष्वपि सा अनुवर्तते एव क्रमशः परिपाकमापद्यमाना । अस्तु नामानया चर्चया । अतिपतितैश्वर्यस्वभावं निर्विशेषं किमपि वस्तु सम्भावयन्तो यथायथं व्याचक्षताम् । वयं तु—परमात्मानं सर्वेश्वरमेव पुरुषोत्तमं परब्रह्म भावयन्तो भक्तेरेव साक्षान्निःश्रेयसाधनतां पूर्वाचार्यमतानुसारेण मन्महे ॥ ५५ ॥

कर्मयोगस्यैवोक्तलक्षणस्य निःश्रेयसे प्रयोजकत्वं निगमयति -सर्वेति । स्वस्ववर्णाश्रमोचितानि कर्माणीति । काम्यानि नित्यानि वा सर्वाण्येव कर्माणीत्यर्थः । सदेति । ज्ञाननिष्ठाधिकारसम्पत्तावपीत्यर्थः । व्यपाश्रय इत्यस्यार्थमाह—शरणमिति । अनेनाकामता गम्यते ।

अयमर्थः—मद्व्यपाश्रयः—अहमेव फलतया साधनतया च व्यपाश्रयो यस्येति । मयि परमानुरागेण मामेवानुस्मरन् सर्वाणि कर्माणि मदाराधनबुद्ध्या कुर्वाणः शाश्वतं पदमवाप्नोति । तस्मिन् मम प्रसादो हि परमः, तस्य किं साधनान्तरान्वेषणेनेति भावः॥५६॥

चेतसेत्यस्य मद्विषयेण चेतसेत्यर्थमभिप्रेत्य भावमाह-- मत्स्वरूपयथार्थज्ञानेनेति । सर्वान्तर्यामी भगवान् सर्वेश्वर एवानेन कर्मणा समाराध्यते इति ज्ञानेनेति भावः । पूर्वोक्तं बुद्धियोगमिति । " प्रवृत्तिं च निवृत्तिं च " इत्यनेन या बुद्धिः सात्त्विकी प्रोक्ता तां बुद्धिमुपाश्रित्येत्यर्थः ।

अयम्भावः–सर्वाणि कर्माणि परित्यज्य साक्षात् ज्ञाननिष्ठामधिकर्तुं प्रवर्तन्ते कतिचनानभिज्ञाः, त्वं तु कर्माणि कुर्वन्नेव क्रियमाणानि मयि समर्पय । क्रियते स्वेन, समर्प्य-

टीका-

तेऽन्यस्मिन्नित्येतत् कथम् ? । चेतसा-अध्यात्मचेतसा, सन्न्यस्यताम् । सर्वस्यान्तर्यामी भगवान्, तत् कर्मणः कर्ता अहम्, आराध्यदेवतापि तदात्मिका, हविरादिकमपि तदात्मकम्, तत् स एव भगवान् सर्वमहमिदं चेति दृष्ट्या मयि सन्नयस्यताम्, येन न ते कर्मभिर्लेपप्रसङ्गः। मत्परो भव ! न फलपरः, फलपरस्य हि चेत इदं फलमिदं फलसाधनमहं भोक्ता अहं कर्तेति भवेद्बुद्धिभेदः, तत् बुद्धियोगमुपाश्रय। "दूरेण ह्यवरं कर्म बुद्धियोगाद्धनञ्जय !"। अनेन प्रकारेण सततं कर्मानुष्ठानसमये, ततोऽन्यत्र च समये मदेकचित्तो भव ! ॥५७-६२॥

उक्तमिति । एतावतानेन शास्त्रसन्दर्भेणोक्तमित्यर्थः । ते इत्यनेन विवक्षितं विशेषमाह-परमेत्यादिना। न हि गुह्यतमोऽर्थोऽस्थाने दीयते, त्वमसि प्रियतमः, तन्मयास्मिन् संग्राममुखेऽपि समुपदिष्टम्, मयेत्यनेन विवक्षितं विशेषमाह-भक्तेति । मया तु त्वद्धितकामेन समुपदिष्टम्, इतः परं त्वं यथेच्छसि तथा कुरु ! । परं मदुक्तमशेषेण विमृश्य कुर्वित्याह-"विमृश्यैतदशेषेणे"ति । अविमृशतः स्यादपथेऽपि रुचिः, विमृशतस्तु प्रेक्षावतो नापथे स्याद्रुचिः । विमर्शनीयाश्चार्था मया विस्तरेण समुपदिष्टाः । इतः परं विमर्शे तवाधिकार इति भावः ॥ ६३ ॥

गुह्यतमं भूयो वदन्निति । उक्तं प्राग्गुह्याद्गुह्यतरं ज्ञानमाख्यातमिति । निःश्रेयससाधनज्ञानं हि गुह्येभ्योऽन्येभ्यस्त्रिवर्गसाधनेभ्यो गुह्यतरम् । तच्च कर्मयोगादित्रयम् । तेषु त्रिषु भक्तियोगस्तु गुह्यतमः । उक्तं च प्रागपि-"इदं तु ते गुह्यतमं प्रवक्ष्याम्यनसूयवे" इति । भूय इत्यनेन-सारतमत्वात्, श्रोतुश्च पात्रतया पुनरादराद्वदन्नाहेति भावः। परमं वच इति । यद्यप्युक्त एवायमर्थः, अथापि तस्मिन्नेव प्रधानं वचः कथयामि शृणु । पात्रतायामसाधारणं गुणद्वयमाह-इष्टो दृढमतिरिति । संशयात्मा विनश्यति । त्वमसि दृढमतिः, तेनाप्यतिशयः प्रियस्त्वम् । प्रियाय तु हितं भूयो भूयो वक्तव्यमिति भावः॥६४॥

निरतिशयप्रेमगर्भितेति । तदेवेति । गुह्यतममेवेत्यर्थः । मन्मना भव-मय्येव मनो यस्य तथाभूतो भव । ये फलाय मामुपासते तेषां हि मनो न मय्येव, किन्तु फले एव । फलेऽनुरागात्तत्साधनाय केवलं मामुपासते । जरामरणमोक्षाय ये उपासते तेऽप्येवमेव । ये तु परमानन्दे मयि गाढानुरागास्तेषामेव मनो मय्येव लीयेत, सेयमनन्यमनस्कतेह विवक्षिता । तदिदमभिप्रेत्याह—मयीत्यादिना । ममैव भक्तो मद्भक्तः, भज सेवायाम्, मदेकभक्तः-मदेकसेवकः । तमिममर्थमाह-अनन्यसेवकस्त्वं भवेति । नानाविधयज्ञैरिति । ये नियताः पञ्चमहायज्ञाः, ये चान्ये, तान्सर्वान्मद्यजनबुद्ध्या कुर्वित्यर्थः । एकान्तिकधर्मपरतया व्याचष्टे-यद्वेति । सेवानुगुणां वृत्तिमाह-कायवाङ्मनोभिरिति । नवविधभक्त्यन्तर्गतानां श्रवणादीनामुपलक्षकमित्याह—इदं चेति । अनन्यभक्तेः फलमाह-मामेवैष्यसीति । विश्वासदार्ढ्यायाह-"सत्यं ते प्रतिजाने" इति ।

अयम्भावः—कर्मयोगो ज्ञानयोगो भक्तियोगश्चेति त्रयः क्रमान्निःश्रेयससाधनानि भवन्ति, तेषु यो भक्तियोगः स एव तु प्रधानः, स एव भक्तियोगो मया विस्तरेण प्रोक्तः, तत्रापि सारतोऽवगन्तव्यमेतत्-साधनबुद्ध्या क्रियमाणाद्भक्तियोगात्, आनन्दमये परानुरागलक्षणा भक्तिः स्वयममृतायमाना या प्रवहति, सा हि गरीयसी, यथा गोपीनामिव। सेयं स्वादुतमा भक्तिस्त्वया सेव्यताम् । जरामरणमोक्षः किमर्थमाकाङ्क्ष्यते ?।

टीका-

एवम्भूतस्त्वं मामेवैष्यसीत्यहं प्रतिजाने इत्याह। "श्रवणं कीर्तनं विष्णोः स्मरणं पादसेवनम्। अर्चनं वन्दनं दास्यं सख्यमात्मनिवेदनम्" इति सोऽयं नवप्रकारपरानुरागलक्षणाया निष्कामभक्तेः परिवाहः, परानुरागोह्यनुदिनमनुवर्धमानः प्रवहति श्रवणादिरूपेण। परमेश्वरे परानुरागवतो मनःप्रभृतीनीन्द्रियाणि सर्वाणि तन्मयानि स्युः। मन्मना भवेत्यनेन-पादसेवनदास्ययोः सङ्ग्रहः। मद्याजीत्यनेन-अर्चनस्य, नमस्कुर्वित्यनेन च वन्दनस्य, सख्यमपि मानसव्यापारतया मन्मना इत्यनेन गम्यते। नवविधभक्तिपरिवाहे प्रधानांश आत्मनिवेदनम्, शरणागतिः प्रपत्तिरिति च पर्यायः। स च प्रधानांशः स्पष्टं चरमश्लोके "सर्वधर्मान्" इत्यस्मिन् वक्ष्यते ॥ ६५ ॥

श्रेयःसाधनतयेति। ननु-कर्मयोगं निरूपयता भवता धर्माणामनुष्ठेयता प्रोक्ता कथमिह निषिध्यते ?। सत्यम्, श्रेयःसाधनत्वाकारेण प्राप्ता प्रतिषिध्यते, भक्तिकारितमदाज्ञानुवर्तनलक्षणः कर्मयोगस्तु न प्रतिषिध्यते,विनियोगपृथक्त्वेन च कर्मणां भेदः। मामेकं शरणम्-उपायम्। एकमित्यनेनोपायान्तरप्रतिषेधः। अनेनोपायान्तरप्रतिषेधेनोपायान्तरस्थानेऽहमेवास्म्युपाय इत्युक्तं भवति। अत्र पापशब्दः पुण्यस्याप्युपलक्षकः, पुण्यमपि भगवत्प्राप्तौ विरोधि। मामेवैष्यसीति च पूर्वमुक्तम्। परित्यक्तसकलोपायस्यानादिकालार्जितपुण्यापुण्यसञ्चयस्य मम किं भविष्यतीति माशुचः। अहं हि शरणागतपरित्राणपरः सर्वज्ञः सर्वशक्तो मोक्षयिष्यामि। विशेषार्थश्चात्र सम्प्रदायतो विज्ञेयः ॥

व्यरचि विवृतिरेषा भाष्यभावप्रबोधि-
न्यवहितमनसाद्य प्रीणनायेश्वरस्य।
परिमितमतिनास्मिन् व्याहृते वाक्यजाते
स्खलितमथ यदि स्यात्क्षन्तुमर्हन्ति सन्तः ॥
गोपालानन्दयोगीन्द्रकृतं भाष्यमिदं मया।
व्याख्यातं कथमप्यद्य सतामादेशगौरवात् ॥
भगवान् सहजानन्दः स्वीकरोतु कृतिं मम।
समर्प्यमाणां भक्त्येमां गीतागूढार्थदीपिकाम् ॥
जयतात् सहजानन्दो गीताभाष्यमिदं तथा।
टीका च सद्विदां हृद्या जयताज्जगतीतले ॥ ६६-७८ ॥

इति श्रीपरभक्तिसमाराध्यभगवत्सहजानन्दस्वामिपरमोपासक-सद्गुरुवर्य-श्रीशुकानन्दमुनिविरचितायां श्रीमद्भगवद्गीताभाष्य-टीकायां गीतागूढार्थदीपिकायामष्टादशोऽध्यायः ॥ १८ ॥

टीकाग्रन्थः समाप्तः